ॐ

परमात्मने नमः।

# સમયસાર વૈભવ

## શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૫મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

(ભાગ-૪)

(ગાથા-૩૨થી ૫૫, શ્લોક-૨૭થી ૩૬, પ્રવચન-૯૩થી ૧૨૩)

પ્રકાશક

સ્વ. શાહ વ્રજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર

(મૂળ રહેવાસી બરવાળા ઘેલાશા, હાલ સુરત)

હ : અશ્વિનભાઈ વ્રજલાલભાઈ શાહ

સુધીરભાઈ વ્રજલાલભાઈ શાહ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

| વિક્રમ સંવંત ૨૦૭૩ | વીર સંવંત ૨૫૪૩ | ઈ. સન ૨૦૧૭ |
|---|---|---|

**પ્રકાશન**

તા. ૨૩-૩-૨૦૧૭

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૮૫મી સમ્યક્જયંતિ


**પ્રાપ્તિ સ્થાન**

જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રી સુધીરભાઈ શાહનો સંપર્ક કરવા વિનંતી.

મો. ૦૯૩૭૪૭૧૯૨૦૨

ટાઈપ સેટિંગ :
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दुजो भावो।
एवं भणंत्ति सुद्धंणादो जो सो दु सो चेव।।६।।

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરનું જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્ભુત શાસ્ત્ર છે. તેમાં પોતાનો નિજ વૈભવ બતાવ્યો છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર વૈભવ**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

આ મહાન પરમાગમ ઉપર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ રચિત આત્મખ્યાતિ ટીકા ખરેખર અમૃતને રેલાવી ભવ્યજીવોને અજર-અમર પદની પ્રાપ્તિ કરાવે છે. આ દૈવી ટીકા છે. ૪૧૫ ગાથાની ટીકા કર્યા બાદ આચાર્ય ભગવાને પરિશિષ્ટની રચના કરીને સ્યાદ્વાદ અધિકાર લખ્યો તથા આત્મસ્વરૂપનો વૈભવ એવી ૪૭ શક્તિઓની રચના કરી. આથી સમયસાર પરમાગમ વૈભવથી ભરપૂર એક મહાન કૃતિ છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન વૈભવયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૫મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના સુધીરભાઈ શાહ, (ડેલીવાલા) પરિવાર, સુરતને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૫મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૫મી વખતના કુલ ૫૯૫ પ્રવચનો છે, જે લગભગ


૨૧ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

આ પ્રવચનોના પ્રથમ ચાર ભાગ પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૮૫મી સમ્યકૃત્વ જયંતિ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યાં છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી સુનીલભાઈ શાહ, મુંબઈ, શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરી આપવામાં આવેલ છે. તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. દરેક સમયે માર્ગદર્શન આપવા બદલ બ્ર. હેમંતભાઈ ગાંધીનો આભાર માનીએ છીએ. અને આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનો અક્ષરશઃ છાપવાનો મૂળ ઉદ્દેશ અંગ્રેજીમાં અભ્યાસ કરનારા આજના યુવાનો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સહેલાઈથી સમજી શકે અને સ્વયં વારંવાર અભ્યાસ કરીને ગુરુદેવશ્રીનાં વચનના મર્મને સમજી શકે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મુકવામાં આવેલ છે.

શ્રી શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર વતિ
અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ
સુરતના જય જિનેન્દ્ર



ઉપકાર તારા શું કથું, ગુણગાન તારા શું કરું?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.

# સ્મરણાંજલિ





અમારા પૂજ્ય માતા-પિતાના નિમિત્તે અમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના સમાગમનો યોગ પ્રાપ્ત થયો. નાનપણથી તેમની પ્રેરણાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક વાણી સાંભળી અને અખંડ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયત્નશીલ થવાનું બન્યું. આપે આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજી પ્રતિ સમર્પિત રહી અમોને પણ સતત તે જ પ્રેરણા આપી અમારા ઉપર ઉપકાર કર્યો છે. સમયસાર વૈભવ પ્રકાશન નિમિત્તે આપના ઉપકારને સ્મરણમાં લઈ આપને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.

કલ્પનાબેન અશ્વિનભાઈ વૃજલાલ શાહ, સુરત
પરીન્દાબેન સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત
કજરીબેન તેજસભાઈ અશ્વિનભાઈ શાહ, સુરત
સ્નેહાબેન પ્રજ્ઞેશકુમાર જયંતિભાઈ શાહ, સુરત
વિરલબેન (પ્રિયલ) રીતેશકુમાર જીતુભાઈ શાહ, દાદર
વિદેહીબેન જીગરકુમાર કમલેશભાઈ શાહ, અમદાવાદ
નિરજાબેન જીનેશકુમાર યોગેશભાઈ દેસાઈ, ભાવનગર

કુ. રુચિ, કુ. સપના, કુ. નિયતી. કુ. સુહાની, ચિ. શુભ, કુ. શ્રેયા



વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર,
જ્ઞાતાનું તળ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૯૩ | ૦૩-૧૧-૧૯૬૬ | ગાથા-૩૨ | ૦૦૧ |
| ૯૪ | ૦૪-૧૧-૧૯૬૬ | ગાથા-૩૨-૩૩ | ૦૧૭ |
| ૯૫ | ૦૬-૧૧-૧૯૬૬ | ગાથા-૩૩, શ્લોક-૨૭-૨૮ | ૦૩૪ |
| ૯૬ | ૦૭-૧૧-૧૯૬૬ | શ્લોક-૨૮, ગાથા-૩૪ | ૦૪૮ |
| ૯૭ | ૦૮-૧૧-૧૯૬૬ | ગાથા-૩૪-૩૫ | ૦૬૨ |
| ૯૮ | ૦૯-૧૧-૧૯૬૬ | ગાથા-૩૫-૩૬, શ્લોક-૨૯ | ૦૭૫ |
| ૯૯ | ૧૦-૧૧-૧૯૬૬ | ગાથા-૩૬, શ્લોક-૩૦ | ૦૮૯ |
| ૧૦૦ | ૧૨-૧૧-૧૯૬૬ | શ્લોક-૩૦, ગાથા-૩૭ | ૧૦૨ |
| ૧૦૧ | ૧૩-૧૧-૧૯૬૬ | ગાથા-૨૭-૨૮, શ્લોક-૩૧ | ૧૧૭ |
| ૧૦૨ | ૧૪-૧૧-૧૯૬૬ | ગાથા-૩૮ | ૧૩૧ |
| ૧૦૩ | ૧૫-૧૧-૧૯૬૬ | ગાથા-૩૮ | ૧૪૧ |
| ૧૦૪ | ૧૬-૧૧-૧૯૬૬ | ગાથા-૩૮, શ્લોક-૩૨ | ૧૫૫ |
| ૧૦૫ | ૧૭-૧૧-૧૯૬૬ | શ્લોક-૩૩ | ૧૬૮ |
| ૧૦૬ | ૧૮-૧૧-૧૯૬૬ | શ્લોક-૩૩, ગાથા-૩૯થી૪૩ | ૧૮૩ |
| ૧૦૭ | ૨૦-૧૧-૧૯૬૬ | ગાથા-૩૯ થી ૪૩ | ૧૯૭ |
| ૧૦૮ | ૨૧-૧૧-૧૯૬૬ | ગાથા-૩૯ થી ૪૩ | ૨૧૪ |
| ૧૦૯ | ૨૨-૧૧-૧૯૬૬ | ગાથા-૪૪ | ૨૨૮ |
| ૧૧૦ | ૨૩-૧૧-૧૯૬૬ | ગાથા-૪૪ | ૨૪૦ |
| ૧૧૧ | ૨૪-૧૧-૧૯૬૬ | ગાથા-૪૪ | ૨૫૪ |
| ૧૧૨ | ૨૫-૧૧-૧૯૬૬ | શ્લોક-૩૪, ગાથા-૪૫ | ૨૬૯ |

| | | | |
|---|---|---|---|
| ૧૧૩ | ૨૭–૧૧–૧૯૬૬ | ગાથા–૪૫–૪૬ | ૨૮૩ |
| ૧૧૪ | ૨૮–૧૧–૧૯૬૬ | ગાથા–૪૬ | ૨૯૬ |
| ૧૧૫ | ૨૯–૧૧–૧૯૬૬ | ગાથા–૪૬ થી ૪૯ | ૩૧૨ |
| ૧૧૬ | ૩૦–૧૧–૧૯૬૬ | ગાથા–૪૬ | ૩૨૮ |
| ૧૧૭ | ૦૧–૧૨–૧૯૬૬ | ગાથા–૪૯ | ૩૪૪ |
| ૧૧૮ | ૦૨–૧૨–૧૯૬૬ | ગાથા–૪૯, શ્લોક–૩૫ | ૩૫૭ |
| ૧૧૯ | ૦૩–૧૨–૧૯૬૬ | શ્લોક–૩૫–૩૬,<br>ગાથા–૫૦ થી ૫૫ | ૩૭૧ |
| ૧૨૦ | ૦૪–૧૨–૧૯૬૬ | ગાથા–૫૦ થી ૫૫ | ૩૮૬ |
| ૧૨૧ | ૦૬–૧૨–૧૯૬૬ | ગાથા–૫૦ થી ૫૫ | ૪૦૦ |
| ૧૨૨ | ૦૭–૧૨–૧૯૬૬ | ગાથા–૫૦ થી ૫૫ | ૪૧૬ |
| ૧૨૩ | ૦૮–૧૨–૧૯૬૬ | ગાથા–૫૦ થી ૫૫ | ૪૩૩ |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# સમયસાર વૈભવ

**(ભાગ-૪)**

**(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૫મી વખતના સળંગ પ્રવચનો)**

**આસો વદ ૫, ગુરુવાર, તા. ૩-૧૧-૧૯૬૬**
**ગાથા-૩૨, પ્રવચન નં. ૯૩**

કેવળજ્ઞાની આદિની સ્તુતિ કહો કે આ જીવ સ્વભાવની સ્તુતિ કહો. જીવ-અજીવ અધિકારમાં આ ભાવ કેમ લીધો છે? કે આત્મા અનંત ગુણ શુદ્ધ ચૈતન્યમૂર્તિ (છે). એની સ્તુતિનો અર્થ કે એના ગુણગ્રામ એટલે કે અનંત ગુણ છે તેમાં એકાગ્ર થવું. પરમાં જે એકાગ્ર છે ખંડ ખંડ ઈન્દ્રિય, જડ ઈન્દ્રિય અને વિષયો, એમાં જે એકાગ્ર છે એને આમ એકાગ્ર કરવું એનું નામ આત્માના અનંતા ગુણોની, અનંતા ગુણોની સ્તુતિ-ગુણગ્રામ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ પહેલા પ્રકારની સ્તુતિ (કહી). ખરેખર તો એમાં પણ સર્વ અન્ય દ્રવ્યોથી પરમાર્થે જુદો. ૩૧માં પણ (એમ કહ્યું). ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વભાવમાં અધિકપણે લક્ષ કરીને બાહ્ય ઈન્દ્રિય આદિ ખંડ કે રાગાદિ બધાથી ભિન્ન. પેલું જે એકત્વ હતું, જ્ઞેયજ્ઞાયક સંકરદોષ હતો. રાગ, ભાવઈન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને વિષયો, એમાં જ્ઞાયકનું એકપણે માનવું હતું એને જ્ઞાયક સ્વભાવમાં એકત્વ થવાથી સમસ્ત પરદ્રવ્યોથી તે ક્ષણે ભિન્ન પડવાથી આત્માનો અનુભવ થાય તેને જિતેન્દ્રિય જિન કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

હવે એથી ઊંચા નંબરની સ્તુતિ આ ૩૨માં છે. સ્તુતિનો અર્થ અનંતા શુદ્ધ સ્વભાવમાં એકાગ્રતાની વૃદ્ધિ. જે એકાગ્રતા પહેલાં ૩૧માં કહી હતી. બધા પદાર્થોથી ભિન્ન પડી, સ્વભાવથી એકત્વતા (થવી) એ પહેલા નંબરની શરૂઆતની સમ્યગ્દર્શનરૂપ, સમ્યગ્જ્ઞાનરૂપ, સ્વસંવેદનરૂપ આત્માની સ્તુતિ કહેવામાં આવી.

બીજામાં, હજી પરથી ભિન્ન પડ્યો. એકત્વ ન રહ્યું. સમજાણું કાંઈ? છતાં હજી મોહકર્મ આદિ. આદિ બધું. એના ઉદય કાળમાં એની પોતાની યોગ્યતાથી તે જોડાવાની લાયકાત

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રહી છે એટલો ત્યાં આગળ ભાવ્ય-કર્મના ઉદય તરફની પોતાની યોગ્યતાથી જોડાય છે એટલો એ દોષ છે. એટલી આત્માની સ્તુતિ નથી. સેઠી! સમજાણું કાંઈ? આ સ્તુતિમાં એ સમ્યગ્દર્શનપૂર્વક પરથી ભિન્ન ભાન (થયું) છે પણ હવે કર્મના ઉદયમાં આગળ વધતા... ઉપશમ શ્રેણીની વ્યાખ્યા છે. એ શું બતાવે છે? કે જીવની પોતાના શુદ્ધ ગુણની એકાગ્રતાની વૃદ્ધિ થઈ છે. સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં જે પરથી ભિન્ન પડીને શુદ્ધિની ઉત્પત્તિ થઈ એના કરતાં હવે આગળ ઊંચા દરજ્જાની સ્તુતિની વિધિની રીત કહે છે. બધાને આમ જ હોય એમ કાંઈ નથી. કે ભાઈ, પહેલું જિતેન્દ્રિય થયો પછી એને ઉપશમ શ્રેણી થાય જ અને પછી એને ક્ષપકશ્રેણી થાય. એવું કાંઈ નથી. પણ એની સ્તુતિના પ્રકારમાં આવો એક પ્રકાર વચલો કોઈને આવે છે. સમજાણું કાંઈ?

ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વરૂપ, એનામાં હજી રાગથી એકત્વ છૂટ્યું. ઈન્દ્રિયના ખંડ ખંડ ઈન્દ્રિય, ભાવ ઈન્દ્રિય, જડ ઈન્દ્રિયથી એકત્વ છૂટ્યું. પણ તેના હજી લક્ષમાં અસ્થિરતા છૂટી નથી. તો જેટલે દરજ્જે કર્મના ઉદયમાં આવતા કાળમાં ભાવ્ય નામ પોતાની તેને અનુસારે થવાની જે લાયકાત હતી એટલો ભાવ્યભાવક સંકરદોષ હતો. શું કીધું વળી આ?

મુમુક્ષુ :- આમાં લખ્યું છે ને.

ઉત્તર :- પણ લખ્યાનો અર્થ શું પણ? એનો અર્થ શો? કે એ કર્મના ઉદય તરફના વલણવાળી વૃત્તિ અને એનો સંબંધ એટલો ભાવ્યભાવક હતો. ભાવક એ અને ભાવ્ય લાયકાત એ. એવું જે બેનો અંદર અસ્થિરપણાનો સંબંધ, સંબંધ, સંયોગ હતો, સંબંધ સંયોગ જે હતો એનું છૂટવું તે ભાવ્યભાવક સંકરદોષનો પરિહાર કહેવામાં આવે છે. કેવી શૈલીથી વાત કરી છે જુઓ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. અનુસારે પ્રવૃત્તિ...

ઉત્તર :- એને અનુસારે.. હજી ક્યાં વાંચ્યું છે? પણ આવી ગયું છે ને કાલે. અને આવે છે હજી. જુઓ! શું છે ત્યાં? જુઓ! ઓલામાં કહે છે ને? રાજેન્દ્રજી! તમારે ત્યાં પ્રશ્ન ચાલ્યો હતો ને? ૪૫ ગાથા 'પ્રવચનસાર'ની અહીંથી મૂકી હતી. કે કર્મનો ઉદય હોય અને ન વિકાર થાય એવું ક્યાં છે? પછી અહીંથી કહ્યું હતું. ૪૫ ગાથા 'પ્રવચનસાર'ની. '**द्रव्यमोहोदयेऽपि सति**'. એને યાદ છે. એ ૪૫ ગાથા 'પ્રવચનસાર'. એ છે ને? 'પ્રવચનસાર' નથી? આ શું છે? આ તો 'પરમાત્મપ્રકાશ' છે. નહિ? સમજાણું? ત્યાં આગળ મૂક્યું હતું એ તમારે બાબુલાલનો પ્રશ્ન હતો. ૪૫ ગાથાનું 'જયસેનાચાર્ય'ની ટીકાનું. તો હવે ભાઈ! અહીંનો અને ત્યાંનો બેનો મેળ કરવો છે. એ કહે કે ત્યાં પ્રદેશ ઉદય છે, એમ કહે છે. સાંભળો! અહીં હવે શું કહે છે? ધ્યાન રાખજો અહીં શું કહે છે. ૪૫ ગાથા છે ને? પહેલાની છે ને? એ જ આવ્યું, લ્યો! જુઓ! એ જ ગાથા નીકળી છે.

'**द्रव्यमोहोदयेऽपि सति यदि शुद्धात्मभावनाबलेन भावमोहेन न परिणमति तदा**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**बंधो न भवति। यदि पुनः कर्मोदयमात्रेण बन्धो भवति तर्हि संसारिणां सर्वदैव कर्मोदयस्य विद्यमान त्वात् सर्वदैव बन्ध एव, न मोक्ष इत्यभिप्रायः॥४५॥**' પંડિતજી! આ વાત મૂકી હતી તે દિ' ત્યાં. કલકત્તા. બાબુલાલ કહે કે કર્મનો ઉદય અને ન વિકાર થાય એવો દાખલો આપો. એક. ત્યારે કહે, જુઓ આ. શું છે આ? '**द्रव्यमोहोदयेऽपि**' દ્રવ્યમોહનો ઉદય હોવા છતાં '**यदि शुद्धात्मभावनाबलेन**' ૪૫ ગાથા છે, હોં! '**पुण्णफला अरहंता**' ભાઈ! લ્યો, એ જ વાત. આ પેલા કહે છે ને વાંધા.

'**तेसिं किरिया पुणो हि ओदइया मोहादीहिं विरहिदा तम्हा सा खाइग त्ति मदा॥**' એ કહે છે, જડ કર્મનો ઉદય હોવા છતાં ભગવાન આત્મા શુદ્ધાત્મ ભાવના બળે અને આ બાજુ .. '**भावमोहेन न परिणमति तदा बंधो न भवति।**' બંધ નથી થતો. પરિણમન ન હોય તો બંધ થાય નહિ. '**यदि पुनः कर्मोदयमात्रेण बन्धो भवति तर्हि संसारिणां सर्वदैव कर्मोदयस्य विद्यमान त्वात् सर्वदैव बन्ध एव, न मोक्ष**' તો મોક્ષ થવાનો પ્રસંગ રહેતો નથી. છતાં એમાં કહ્યું હતું એણે કે આ દ્રવ્યમોહ એટલે પ્રદેશ ઉદય છે. હવે આપણે અહીં સાંભળો.

મુમુક્ષુ :- આપણી ..

ઉત્તર :- સાંભળો તો ખરા. એમ કરીને બચાવ કર્યો હતો એણે. એમકે પ્રદેશ ઉદય. વિપાક ઉદય નથી આમાં, એમ કહે. બે પ્રકારનો.

હવે અહીં આપણે લ્યો, જુઓ! ૩૨. શું ચાલે છે વાત? કે આત્મા પોતાના અનંત ગુણનો આદર કરે છે. સમજાય છે? જે અનાદિથી જ્ઞાન ખંડ ઇન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને વિષયોનો જે આદર કરતું જ્ઞાન તે જ્ઞેય અને જ્ઞાનની એકતાનો દોષ, મિથ્યાત્વનો દોષ હતો. તેમાં આત્મા અનંત ગુણનો શુદ્ધ ચૈતન્ય પિંડ પ્રભુ એનો આદર નહોતો. એનો આદર ખંડ ઇન્દ્રિય રાગ અને દ્રવ્યેન્દ્રિય અને સંયોગી ચીજનો આદર હતો. સેઠી! હવે જ્યારે ભગવાન આત્મા પોતાના અનંત-અનંત ચૈતન્યધામ અનંત ગુણ પ્રભુ, એમાં એકાગ્રતારૂપ એણે આદર કર્યો. એ ગુણનો આદર થયો-એકાગ્રતા (થઈ તે). આમ જે હતી એ પરની એકાગ્રતા, આમ અંતરમાં એકાગ્રતા (કરી). એ પોતાના અનંત-અનંત પરમાત્મસ્વભાવ જે અનંત ગુણ છે એનો આદર કર્યો. એટલે એને જ્ઞેય અને જ્ઞાયકની એકતા હતી એ તૂટી અને સ્વભાવમાં એકતા થઈ તેવા શુદ્ધતાના ગુણગ્રામ કર્યા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

હવે એ આત્માની સ્તુતિમાં આગળ વધે છે. પહેલી સ્તુતિ. હવે આગળ વધે છે જીવ. આગળ એટલે ઉપશમશ્રેણીમાં કર્મનો ઉદય હોવા છતાં... જુઓ! ત્યાં ઉદય હોવા છતાં. પોતાના આત્મબળે તેની કોર નહિ જોડાતાં આમ જોડાય છે. તેથી તેને કર્મના નિમિત્તના સંગે જે ભાવ્ય વિકારદશા થતી એ સ્વભાવના (બળે) ભાવ્યની દશાની ઉત્પત્તિ ન થઈ અને નિર્મળ દશાની શુદ્ધિની એકાગ્રતા થઈ એને બીજા પ્રકારની આત્માના ગુણગ્રામની સ્તુતિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહેવામાં આવે છે. આહાહા..! આમાં લાંબી વાત છે કંઈ? એય..! ભીખાભાઈ કેટલી લાંબી થઈ? લાંબી કેટલી થઈ? એને શું કહેવું? લાંબી થઈ કેટલી એનું શું કહેવું?

મુમુક્ષુ :- જવાબ દેવો કઠણ.

ઉત્તર :- જવાબ દેવો કઠણ.

જુઓ! ફરીને. પછી પાઠ લેશું. આ આત્મા અનંત-અનંત શાંતરસ સમસ્વભાવી આનંદરસ. સમસ્વભાવી એટલે વીતરાગી સ્વભાવ છે એનો. સમસ્વભાવી સમ્યગ્જ્ઞાનસૂર્ય પ્રભુ, પોતાના સ્વરૂપના સન્મુખની સાવધાનીથી એકાગ્ર થયો ત્યારે તેને રાગ, ઇન્દ્રિયો ખંડ આદિની એકતા તૂટી અને સ્વભાવની એકતા થઈ એ પહેલા નંબરની ઇન્દ્રિયો જીતી એવું જીતેન્દ્રિય જિનપણું એને કહેવામાં આવે છે. એણે ગુણોનો આદર કર્યો, આદર કર્યો. આ આદર ટળ્યો. હવે આગળ વધતાં, હજી કાંઈ પૂર્ણ શુદ્ધ થયો નથી અને પૂર્ણ શુદ્ધનું કારણરૂપ જે ઉત્કૃષ્ટ સ્તુતિ પણ હજી થઈ નથી. ઉત્કૃષ્ટ સ્તુતિ ક્ષીણમોહ કહેશે. એ પહેલા, અહીંથી પછી અને એના પહેલાં કર્મના ઉદયના કાળમાં આત્મા તે તરફનું ભાવ્ય થવાને લાયક હોવા છતાં પહેલે ક્ષણે થવાને લાયક હતો. એની કોર જોડાતો. સમજાય છે? બીજે ક્ષણે ઉદય હોવા છતાં આ બાજુના વલણમાં શુદ્ધતામાં વિશેષ એકાગ્રતા થાય છે તેને કર્મના ઉદયનું ભાવક અને વિકારી પર્યાય ભાવ્ય એ સંબંધ તૂટી જાય છે. એ સંબંધ તૂટી જાય છે તેને ભાવ્યભાવક સંકરદોષનો પરિહાર કહેવામાં આવે છે. રાજેન્દ્રજી! આહાહા..! કેટલી વાત છે! કહો, વિજયમૂર્તિજી!

હવે લ્યો '**ટીકા :- મોહકર્મ ફળ દેવાના સામર્થ્ય વડે...**' એમ છે. ફળદાન. આમાં હવે પ્રદેશ-બ્રદેશ ભાઈ કહી શકે એવું નથી. એય..! આહાહા..! '**મોહકર્મ ફળ દેવાના સામર્થ્ય...**' એટલે? ફળ દેવાનું સામર્થ્યનો અર્થ? કે સત્તામાં પડ્યું હતું ત્યાં સુધી ફળ દેવાના સામર્થ્યવાળું નહોતું. એટલી વાત. મોહકર્મ સત્તામાં પડ્યું હતું, ઉદય નહોતું ત્યારે સામર્થ્ય ફળ દેવાનું નહોતું. ફળ કોઈને દેવા-બેવાની વાત નથી. અહીં તો સત્તામાં જે હતું એ ફળ દેવાના સામર્થ્ય વડે પ્રગટ ઉદયરૂપ થયું. વિપાકમાં આવ્યો એ કર્મ ઉદય. કર્મનો ઉદય વિપાકરૂપે પ્રગટ રૂપે, જુઓ! '**ફળ દેવાના સામર્થ્ય વડે પ્રગટ ઉદયરૂપ થઈને...**' ઠીક! છે? રાજેન્દ્રજી! આમાં પ્રદેશ ઉદય અને ફલાણો ઉદય કાંઈ આમાં નથી રહેતું. કોણ જાણે કર્મના ઉદયને લઈને ડિગ્રી ટુ ડિગ્રી વળી કહે છે. જુઓ! આમાં ઘણા બોલ ઊડી જવાના છે. કર્મનો ઉદય હોય એટલો વિકાર કરવો પડે. ડિગ્રી ટુ ડિગ્રી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... ઉસસે છૂટને કા મોકા હી નહિ મિલે.

ઉત્તર :- એટલે ડિગ્રી ટુ ડિગ્રી નહિ. આમ શેઠિયાએ પણ પ્રશ્ન મૂક્યો હતો વચમાં. ખબર છે? કે જો તમારે કર્માના ઉદયથી ડિગ્રી ટુ ડિગ્રી થાય તો તમારું પ્રમાણજ્ઞાન પણ, જ્ઞાન પણ પ્રમાણમાં ન રહ્યું. કારણ કે જ્ઞાન પણ ડિગ્રી ટુ ડિગ્રી પરાધીન થયેલું. એટલે તમારું પ્રમાણજ્ઞાન યથાર્થ રહ્યું નહિ. પરને આધીન થયેલું એ જ્ઞાનને અમે કેમ તમારું કબુલ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરીએ?

જે જ્ઞાન ડિગ્રી ટુ ડિગ્રી પરાધીન થાય તો જ્ઞાનની પર્યાય પણ જ્ઞાનાવરણીયના ઉદયમાં ડિગ્રી ટુ ડિગ્રી પરાધીન થાય તો પ્રમાણજ્ઞાન રહ્યું નહિ. તારું સ્વતંત્ર પ્રમાણ, સત્ય પ્રમાણ કરનારું રહ્યું નહિ. પરને આધીન થયેલું. એ તો પરને આધીન થયેલું પરની વાત કરશે. સ્વાધીનતાનું યથાર્થ જ્ઞાનનું કામ કરશે નહિ. માટે તારું જ્ઞાન જ પ્રમાણ છે નહિ. વાત સમજાણી? સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! ભગવાન! પણ કોણ જાણે એને કેવી રીતે ગોઠવ્યું? ઓલો કર્મ મારે, વિકાર કરાવે. હા. એ વાત સાચી, હોં! એ ભગવાન કહે એ સાચું. એ ભગવાન કહે એ સાચું. અને શાસ્ત્ર એ કહે, ગુરુ એમ કહે. અને કર્મ વિકાર કરાવે એ કર્મ. વિકાર હું એને લઈને કરું એ હું. એટલે બધા ખોટા પડ્યા એકે એક. સેઠી! આહાહા..! ભાઈ!

અહીં તો ત્રણ બોલ ગાથા કરી ૩૧, ૩૨ અને ૩૩. આત્મા સ્વતંત્ર આમ હતો, આમ થાય છે એ સિદ્ધ કરે છે. '**जिणित्ता**' '**जिणित्ता**' '**जिणित्ता**' ત્રણેમાં '**जिणित्ता**' છે. '**जो इंदिये जिणित्ता**' '**जो मोहं तु जिणित्ता**' સમજાય છે? છે ને? અને પછી પણ '**जिदमोहस्स दु जइया खीणो मोहो**' ત્યાં પણ જીતવાનું (આવ્યું). ભાઈ! તારા પુરુષાર્થને આધીન છે, બાપુ! એ દૃષ્ટિ તું આમ કરને એટલે તારે આધીન તારો પુરુષાર્થ છે. અને તું આમ કર તોપણ તું તેને આધીન થા. તારા સ્વતંત્રપણે થા છો. એ આધીન કરે છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

'**મોહકર્મ...**' એટલી વાત. હવે અહીં પણ ભાઈ! મોહકર્મ મિથ્યાત્વ નથી લેવું હવે. પાછો એક પ્રશ્ન. કારણ કે અહીં ચારિત્રમોહ (લેવો છે). અહીં મોહ શબ્દ ચારિત્રમોહ છે. બીજે ઠેકાણે મોહ હોય તો મિથ્યાત્વ આવે અને રાગ-દ્વેષ એ ચારિત્રમોહમાં આવે. અહીંયાં મોહમાં મિથ્યાત્વ નથી આવતું. કારણ કે અહીં તો સમ્યગ્દર્શનની ભૂમિકા-દશા પ્રગટ થઈ ગઈ છે. હવે પછીની ભાવ્યભાવકના દોષનો પરિહાર કરવામાં આવે છે. એટલે આ મોહકર્મ મિથ્યાત્વ નથી. રાજેન્દ્રજી! ઉસમેં ચલા ગયા. આ મોહકર્મ ચારિત્રમોહનો ઉદય છે. ઉપશમ શ્રેણીના કાળની અંદરની વાત છે. એટલી સ્વતંત્રતા.. બુદ્ધિપૂર્વક ત્યાં નથી, ભાઈ! અહીં ખૂબી તો એ છે જરી.

ઉપશમ શ્રેણીમાં આમ બુદ્ધિપૂર્વક રાગ નથી. અબુદ્ધિપૂર્વક છે. છતાં તે એ વિષયની વાત કરે છે કે ત્યાં પણ જીવ આ બાજુ ઢળે છે ને એટલા ઉદયની સાથનો ભાવ એને ટળી જાય છે અને સ્વભાવની એકાગ્રતા થાય. એમ ત્યાં સુધીની વાત કરે છે, ભાઈ! સમજાણું? ઉપશમ શ્રેણી વખતના કાળમાં. આહાહા..! જ્યારે આત્મા પ્રથમ આત્માના પ્રત્યક્ષ વસ્તુ સ્વસંવેદનથી ઈન્દ્રિયોને જીતીને ભાન થયું. એ તો પોતાના પુરુષાર્થથી અનુભવ કરીને સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટ કર્યું. હવે આગળ વધતા... આ તો હજી અહીં સ્થિતિમાં તો ઉપશમ શ્રેણીમાં ઘણો જ રાગ મંદનો ઉદય છે અને ત્યાં તો બુદ્ધિપૂર્વક રાગમાં ખ્યાલ નથી, ધ્યાનમાં છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સેઠી! ધ્યાનમાં છે એને પણ એ સ્થિતિ વર્ણવે છે કે આ બાજુ વલણ છે. જેટલે અંશે આમ હતું ત્યાં જોડાતો એટલો જ પોતે આમ જોડાઈ ગયો ત્યાં આગળ. આમ સ્વભાવ તરફની એકાગ્રતા છે તો '**મોહકર્મ ફળ દેવાના સામર્થ્ય વડે પ્રગટ ઉદયરૂપ થઈને...**' આગળની ભૂમિકા ઉપશમ શ્રેણીમાં '**ભાવકપણે પ્રગટ થાય છે...**' આ હવે ઉપશમ શ્રેણીની કાળની વાત છે. અહીંયાં ભાવકપણે એટલે ભાવ કરાવવામાં નિમિત્ત થાય એ રીતે તે પ્રગટ થાય છે. છે ને?

'**प्रादुर्भूय भावकत्वेन भवन्तमपि**' પંડિતજી! હોવા છતાં પણ. '**તોપણ...**' ભાષા જુઓ! ભગવાન આત્મા એને કર્મનો ઉદય ત્યાં મોહનો હોવા છતાં પણ જેટલો આ બાજુના સ્વભાવ તરફ '**તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે...**' પહેલા સમયમાં. હજી ભાઈ! આગળ વધતાં સમયે સમયે પ્રવૃત્તિ ભાવ્યની છે કે નહિ? એ સમયે સમયે ભાવ્ય તૂટતું જાય છે એમ કહેવા માગે છે અહીં તો. આહાહા..! ભાવકપણે પ્રગટ ફળ દેવા સામર્થ્ય વડે ત્યાં ઉદય આવ્યું. બસ, ત્યાં એની ભૂમિકામાં. જડના અસ્તિત્વમાં.

આમ હોવા છતાં-હોને પર ભી '**તેના અનુસારે જેની...**' પહેલા સમયમાં. હજી આગળ વધ્યો પણ પહેલે સમયે હજી અસ્થિરતા હતી ને? તે જેની પ્રવૃત્તિ '**એવો જે પોતાનો આત્મા...**' એને અનુસારે આમ નિમિત્તને લક્ષે અસ્થિરતાનો ભાવ પહેલા હતો. પોતાને કારણે હોં! એને અનુસારે. તે '**આત્મા ભાવ્ય...**' એટલે તે વખતે તે વિકારી પર્યાય થવાને લાયકાત. પર્યાય થવાની લાયકાત. ભાવક કર્મ. '**તેને ભેદજ્ઞાનના બળ વડે...**' તેને. ભાવ્ય થયું છે અને પછી (ભેદજ્ઞાન કરે છે) એમ નથી, ભાઈ! અહીં તો એને જણાવ્યું. આમ ભાવક છે. ભગવાન આત્મા તો આમ ધ્યાનમાં છે. એટલે જેટલે દરજ્જે આમ એકાગ્ર છે એટલે દરજ્જે તો કર્મના ઉદયનું જોડાણ નથી. પણ આગળ સમયે જેટલો જેટલો ભાવક છે, ઉદયમાં આવ્યું. પણ તે આ બાજુ ઢળતાં, એ આમ ઢળતો હતો પહેલા સમયમાં હજી અસ્થિરતાનો ભાવ્ય તેને અનુસરીને આમ હતો, '**તેને ભેદજ્ઞાનના બળ વડે...**' ભાવ્યરૂપે ન થતાં '**દૂરથી જ પાછો વાળવાથી...**' દૂરથી એટલે કે જોડાવું નથી, પાધરો આમ વાળ્યો છે એમ કહે છે. આહાહા..! અંદરમાં વળેલો છે ને આમ. જ્ઞાયક ચૈતન્ય પ્રભુ એના અવલંબનમાં આશ્રયે વળેલું છે. એટલે કે પહેલે સમયે હજી ત્યાં ભલે ભાવકમાં ભાવ્ય હતી. એ જીવને ભાવ્ય યોગ્યતા જે હોય. એટલું જણાવ્યું હોં! હવે. એ ભાવ્ય થયું છે અને પાછો વળે છે એમ નથી. એ ભાવક, એના તરફ અનુસારે પોતાની યોગ્યતા ભાવ્ય જે લાયકાત યોગ્યતાથી વિકાર થતો અબુદ્ધિપૂર્વક એ પણ પુરુષાર્થથી તેને આ બાજુ વાળેલો છે, વાળેલો છે. તેથી તેને '**ભેદજ્ઞાનના બળ વડે દૂરથી...**' દૂરથી '**જ...**' એટલે કે તેના તરફના વલણનો ભાવ વલણ કર્યું નહિ. આ બાજુ વલણ કર્યું. સ્વભાવ તરફ વલણ કર્યું છે. વલણ સમજો છો ને? ઝુકાવ.

'**દૂરથી જ પાળો વાળવાથી...**' દૂરથીનો અર્થ કે ભાવક છે અને એ સમયે ભાવકને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


યોગ્ય અનુસારે ભાવ્ય છે અને એ ભાવ્યને પાછો વાળે છે, એમ નહિ. એ તો એક જણાવ્યું કે ભાવક કર્મનો ઉદય એને લાયક હતું, એને તે જ કાળે દૂરથી એટલે તે તરફ ન વાળતાં આત્મા તરફ વાળ્યો છે. '**એ રીતે બળપૂર્વક મોહનો તિરસ્કાર કરીને,...**' હજી અભાવ નથી કહ્યો. બીજા નંબરની સ્તુતિ છે ને. તિરસ્કાર કર્યો છે, ઉપશમ કર્યો છે. સમજાણું કાંઈ? ઓલા ત્રીજામાં નાશ આવશે, ક્ષય આવશે. આહા..! કેટલી વાત કરે છે આચાર્ય! જંગલમાં રહેતા, કેવી વાતને.. ઓહો..હો..! આમ દિવા જેવી દેખાય એમ. દિવા સૂર્ય જેવી દેખાય એમ વાત કરે છે.

કહે છે કે એ '**તેને ભેદજ્ઞાનના બળ વડે...**' ભેદજ્ઞાન એટલે? હું આ ભેદજ્ઞાન કરું, એમ છે ભાઈ ત્યાં? પણ એ ધારામાં એમ કહે છે કે આમ વળેલો છે ને? આમ વળેલો છે ને? એ વળેલો એના બળ વડે ત્યાં નિમિત્ત તરફનું વલણ એને ટળી ગયું છે. આહાહા..! સમજાણું કાંઈ? નિમિત્તાધીન દૃષ્ટિ તો ગઈ. હવે અસ્થિરતા જવાની વાત છે અત્યારે તો. ચારિત્રદોષને ટાળવાની વાત છે. આહાહા..! અને તેથી ટળે છે એની અહીં વ્યાખ્યા કરે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આમ આનંદ શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એમાં એકાગ્ર છે ધ્યાનમાં. તેને પણ હજી કહે છે કે સમયે સમયે મોહના ઉદય તરફના વલણવાળી દશા છે. એ દશા છે ત્યાં સુધી દશા રહી. હવે બીજે સમયે પણ ભાવકને યોગ્ય જે ભાવ્ય થવું જોઈએ તેમ ન થતાં આત્મા તરફ એકાગ્ર થઈને ભેદજ્ઞાન એટલે નિમિત્તનો સંબંધ તોડી નાખ્યો છે. નિમિત્તનો સંગ તોડી નાખ્યો છે. સમજાણું કાંઈ? અને ભગવાન આત્માના અસંગને જોડ્યો છે. આહાહા..! ગજબ વાત છે! આવી વાત ઓલાના ૪૫(સૂત્ર)માં, ૩૨(સૂત્ર)માં નથી. આ એક એક શું કહી રહ્યા છે! સમજાય છે?

સમય સમયની પુરુષાર્થની ગતિ ક્યાં વળેલી છે. સમજાણું કાંઈ? એ અંતર્મુહૂર્તમાં ભલે ત્યાં હોય ઉપશમ શ્રેણીમાં. અંતર્મુહૂર્ત. પણ પહેલે સમયે જેટલો ઉદય ભાવકમાં જોડાણરૂપ હતો એથી બીજે સમયે જે આમ થવું જોઈએ એને આમ વાળી લીધો છે. ત્રીજે સમયે પણ આમ વાળી લીધો છે, ચોથે સમયે પણ આમ વાળી લીધો છે. આમ વધતો જાય છે. આહાહા..! એનું નામ આત્માના શુદ્ધતામાં એકાગ્રતા નામ ભગવાન આત્માની સ્તુતિ કહેવામાં આવે છે. એ સ્તુતિના ફળ તરીકે આગળ કેવળજ્ઞાન લેશે. ૩૩માં ક્ષીણમોહ કહેશે, એનું ફળ કેવળજ્ઞાન છે એમ કહેશે. સમજાણું કાંઈ? એ સ્તુતિનો અર્થ દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. સમજાય છે? દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉત્પન્ન થયા ચોથે (પછી) આગળ વધે છે, ચારિત્રની સ્થિરતા વધે છે. એ વધે છે શુદ્ધિ એ આત્માની સ્તુતિ છે. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુની સ્થિતિ, એની હદ, એની મર્યાદા કઈ રીતે આમ અને કઈ રીતે આમ, સ્વતંત્રતાની પ્રસિદ્ધિના ઢંઢેરા પીટે છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'એવો જે પોતાનો આત્મા-'** પાછું એમ. એને અનુસારે પ્રવૃત્તિ છે એવો પોતાનો આત્મા. પહેલા તો નહોતી. પણ બીજે સમયે હોય એવો આત્મા, એમ કહે છે. **'તેને ભેદજ્ઞાનના બળ વડે દૂરથી જ પાછો વાળવાથી...'** એટલે સ્વભાવ સન્મુખ થઈને, એટલે કે ઉદય તરફના વલણને છોડીને. એમ કહેવાય છોડીને. પણ અહીં વળ્યો એટલે ઉદયને છોડ્યો છે વલણને એને દૂરથી પાછો વાળ્યો એમ કહેવામાં આવે છે. પાછો વાળ્યો એ પણ નાસ્તિથી કથન છે. આહાહા..! આમ કર્મના ઉદય તરફ ગયો હતો અને પાછો વાળે, એમ છે?

મુમુક્ષુ :- પોતા તરફ લાગેલો...

ઉત્તર :- અહીં લાગેલો. આની કોર લાગ્યો એટલે એનાથી પાછો વળ્યો છે એમ કહેવામાં આવે છે. કહો, પાટણીજી! કોની સાથે આ વાદવિવાદ કરવો હવે? વાદવિવાદ કરીને બાપા!..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની કોર જોડાતો જ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ઉદયમાં પણ પોતાના ભાવ એને અનુસારે ભાવ્ય કરતો હતો, પોતે કરતો હતો એમ ત્યાંય જોડે છે. કર્મને કારણે નહિ. ત્યાં એ ભાવકમાં ભાવ્ય થવાની લાયકાત અનુસાર કરતો હતો એમ સિદ્ધ કર્યું.

મુમુક્ષુ :- પોતે ભાવ્ય થાતો હતો.

ઉત્તર :- પોતે ભાવ્ય થાતો હતો. ભાવકને લઈને નહિ. સમજાણું? એમ કહ્યું પહેલું. સિદ્ધ એમ કર્યું. ભાવક ઉદય આવ્યો, તે પહેલે સમયે એને યોગ્ય પોતે અનુસરતો હતો ભાવ્ય. એ બીજે સમયે તે લાયકાત જાણે કર્મના ઉદયના ભાવકપણે અનુસારે હોવા છતાં ભવતમપિ, પાછો વાળે છે. એટલે કે એકાગ્ર અહીં થાય છે. એટલે ઉદયમાં જોડાતો નથી. ઉદયમાં એટલે? કે નિમિત્ત તરફનું વલણ છૂટી ગયું છે. સ્વભાવનું વલણ છે એને ભાવકનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! ઓલામાં એ કર્મનો ભાવક સ્વતંત્ર સિદ્ધ કર્યું. ભાવકપણે આવ્યો તો એને અનુસારે જે પ્રવૃત્તિ છે પોતાની, એવો જે પોતાનો આત્મા. પાછો એ કર્મને લઈને નહિ. પોતાની યોગ્યતાથી જે અનુસરવાની ભાવ્યતા હતી એને આમ વાળતા એ ભાવ્યતા છૂટી ગઈ. સમજાણું કાંઈ? એ ઉત્પન્ન થઈ નહિ એને પાછો વાળ્યો એમ કહેવામાં આવે છે, કહો વજુભાઈ! શું અહીં પડાવ નાખ્યો છે. જવાના છે? આ 'સમયસાર'નું .. શું છે આમાં? કહો, આમાં સમજાણું કાંઈ? આહાહા..!

કેટલી વાત કરે છે! પાછું પ્રગટ ઉદય ભાવકપણે પ્રગટ થાય **'भवन्तमपि'** **'તેના અનુસારે...'** અનુસારે એટલે પોતે પરના વલણવાળો જે ભાવ પોતાને થવાને લાયકાત પોતામાં. ભાવકને લઈને નહિ પણ ભાવક તરફ પોતાની યોગ્યતાને લઈને ભાવ્ય થવાને લાયક હતો તેને આમ વાળતા તે બળપૂર્વક પાછો આત્માને વાળ્યો એમ કહેવામાં આવે છે. અહીં તો

એ સિદ્ધ કરે છે કે જુઓ! કર્મનું ભાવકપણું આવ્યું એટલે ભાવ્ય થયું. એ વાત જ ખોટી છે. એમ છે જ નહિ. ભાવક છે માટે ભાવ્ય પહેલો થયો. એ ભાવક છે માટે થયો એમ નથી. ભાવકમાં વળ્યો છે અનુસારે માટે ભાવ્ય થયો છે. એ ભાવ્યને આમ વળતા ભાવ્ય તોડી નાખ્યું છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! કહો, સમજાય છે કે નહિ આમાં? સરાફજી! ઝીણી વાતું બહુ પણ. પણ અલૌકિક વાત, હોં! એ તો સત્યની વાત છે, સત્‌ની. સત્ જ એવું છે. આહાહા..!

ભગવાન જ્ઞાનસ્વરૂપી આનંદપ્રભુ, એની વર્તમાન પર્યાયમાં એકત્વ સંસારનું છૂટી ગયું. સમ્યગ્દર્શન થયું. પણ હજી કર્મના ઉદય તરફના વલણવાળી અસ્થિરતાનો ભાવ્યભાવ હજી છે. જો ભાવ્યભાવ ન હોય તો તો વીતરાગ થઈ જાય. એથી કહે છે કે ભાવ્ય જે છે, કર્મના વલણવાળી પોતાની યોગ્યતાનો ભાવ્ય થવા લાયક વિકાર છે એને આમ સ્વભાવ તરફ એકાગ્રતા થતાં, એની શુદ્ધિ વધતાં, ગુણગ્રામની બીજા નંબરની એટલે ઊંચા નંબરની સ્તુતિ થતાં તેને પરથી પાછો વાળ્યો એવી સ્તુતિ કહેવામાં આવે છે. આહાહા..! પરનો સંબંધ કરતો એ પોતે. ભાઈ! ભાવકનો સંબંધ કરતો ભાવ્ય એ પોતે. એ પોતે જ આમ સંબંધ કરતા ભાવ્ય સંબંધ એનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છૂટી ગયો અને સ્વભાવની એક્તાની શુદ્ધિ વધી એને અહીંયાં બીજા નંબરની સ્તુતિ કહેવામાં આવે છે. બીજા નંબરની નહિ પણ બીજા પ્રકારની. કારણ કે ઓલો બીજો નંબર એટલે ઊંચો. બીજા પ્રકારની. સમજાણું કાંઈ? આહાહા..! 'સમયસાર' તે 'સમયસાર' છે ને! જગતનો સૂર્ય છે!!

મુમુક્ષુ :- મૂળમાં છે ને, મોહને જીતીને.

ઉત્તર :- જીતીને. પાઠમાં છે ને પણ '**मोहं तु जिणित्ता**' એની તો વ્યાખ્યા કરે છે. '**जिणित्ता**'ની વ્યાખ્યા કરે છે. '**मोहं तु जिणित्ता**' '**मोहं**' ભાવ '**जिणित्ता**' આમ જોડાઈ ગયો. આમ જોડાતો એ આમ જોડાણો. એનો શબ્દ છે એની અંદર. સમજાણું કાંઈ? આવું સ્વરૂપ ચૈતન્યનું વાસ્તવિક ઉપશમ શ્રેણીમાં પણ સ્વભાવ સન્મુખની એકાગ્રતા સ્વાધીનપણે થાય તેને બીજા પ્રકારની આત્માના ગુણની સ્તુતિ કરી એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? સ્તુતિના પ્રકાર પાડ્યા લ્યો, ઠીક! સમજાણું? આહાહા..!

'**એ રીતે બળપૂર્વક મોહનો તિરસ્કાર કરીને,...**' બળપૂર્વક. કહે કે લ્યો, બળ જોર કેવું? બાપુ! એનો અર્થ એ છે કે ભગવાન આત્મા પોતાના સ્વભાવની સન્મુખમાં પડ્યો છે. તેથી સન્મુખની ધારામાં તે સમયનો જે કર્મનો ઉદય છે તે તે સમયનો, તે તરફનું ભાવ્ય ન થતાં સ્વભાવની લાયકાતની એકાગ્રતા થાય છે એણે મોહનો તિરસ્કાર કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ભાષા શું છે હવે? જુઓ! '**સમસ્ત ભાવ્યભાવક-સંકરદોષ દૂર થવાથી...**' નામ આપશે સોળ હજી. આટલો તો બધાથી છૂટી ગયો, ભાઈ! સમજાણું? ઓલામાં એમ આવ્યું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હતું કે એટલો છૂટ્યો ત્યારે સર્વ ઇન્દ્રિયોથી પરમાર્થથી જુદો, એમ આવ્યું હતું. એમાં પણ એક ક્ષણ માત્રથી જ્યાં રાગની એક્તા અને ખંડ ખંડ ઇન્દ્રિય છૂટીને આમ થયું (ત્યાં) સર્વ દ્રવ્યથી જુદો પડી ગયો. એમ ને એમ જુદો જ રહેશે હવે. અસ્થિરતાનો ભાવ ભલે હો. પણ જુદો જ છે. ઓલામાં એમ આવ્યું જુઓ! '**જ્ઞાનસ્વભાવ વડે સર્વ ઇન્દ્રિયોથી પરમાર્થે જુદો...**' એકલો ઇન્દ્રિય એમ નહિ, એક સ્વદ્રવ્યની એકાગ્રતામાં બધા દ્રવ્યથી જુદો તે ક્ષણે પડી જ ગયો છે. તે ક્ષણે પડી જ ગયો છે. એ કાયમ ચાલુ જ રહે છે. પણ વચમાં જે અસ્થિરતાનો ભાગ છે એ અસ્થિરતાની એકતા નથી. પણ અસ્થિરતા અને નિમિત્તને સંબંધ છે તેને તોડવું છે. એ પોતાના સ્વભાવમાં એકાગ્ર થાય છે એથી એ વિકારની પર્યાય ઉત્પન્ન થતી નથી. તેને આત્માની નિર્મળતા ઉત્પન્ન થઈ એને સ્તુતિ, ગુણગ્રામ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? એય..! કાંતિભાઈ! કાંતિભાઈ આવ્યા છે-વકીલ.

'**સમસ્ત ભાવ્યભાવક-**' અહીં શું કહેવું છે? જેટલે અંશે કર્મના ભાવક તરફથી પાછો વળી એકાગ્ર થયો એટલે અંશે સર્વ બધા પદાર્થથી ભિન્ન પડી ગયો અસ્થિરતાથી. ઓલામાં એકત્વથી ભિન્ન પડ્યો હતો. આમાં અસ્થિરતાથી બધા પદાર્થથી અસ્થિરતાથી ભિન્ન પડી ગયો. '**સમસ્ત ભાવ્ય...**' એટલે કે નિમિત્તના લક્ષે થવા લાયક વિકાર અને ઓલું નિમિત્તાદિ ભાવક. '**સંકરદોષ દૂર થવાથી એકત્વમાં ટંકોત્કીર્ણ...**' એકત્વ, પોતે સ્વરૂપમાં એકાગ્ર. '**ટંકોત્કીર્ણ (નિશ્ચલ)...**' જેવો છે તેવો '**અને જ્ઞાનસ્વભાવ વડે...**' પોતાના જ્ઞાનસ્વરૂપ વડે '**અન્ય દ્રવ્યોના સ્વભાવોથી...**' એ અન્ય દ્રવ્યનો સ્વભાવ એ '**થતા સર્વ અન્યભાવોથી...**' વિકારાદિ. '**પરમાર્થે જુદા...**' '**સર્વ અન્યભાવોથી પરમાર્થે જુદા એવા પોતાના આત્માને જે આત્મા (મુનિ) અનુભવે છે.**' અહીં તો મુનિ જ છે ને. ઉપશમ શ્રેણી છે એટલે મુનિ છે. ઓલામાં તો હજી સમ્યગ્દૃષ્ટિ હતા.

અહીં તો ખુબી તો એ ભગવાન આચાર્ય વર્ણવે છે કે, ભાઈ! ઉપશમ શ્રેણીમાં પણ પુરુષાર્થની જ એકાગ્રતા તે જ તેનું કાર્ય છે. સમજાણું કાંઈ? હજી જે પહેલે સમયે નિમિત્તને લક્ષે અસ્થિરતાનો પર્યાય હોય એટલી પરાધીનતા છે. પણ એ પણ પોતાને કારણે છે. સમજાણું કાંઈ? અને બીજે સમયે જેટલે અંશે સ્વભાવમાં એકાગ્ર થઈ એટલો ભાવ્યભાવકનો સંબંધ સંકર-સંયોગ સંબંધ છૂટી ગયો. એટલો સ્વભાવ સાથે સંબંધ થયો એટલા આત્માના ગુણની સ્તુતિ, ભગવાનના ગુણની સ્તુતિ કહેવામાં આવે છે.

હવે ઓલા કહે છે, કર્મનો આ થાય.. કર્મનો થાય.. અરે..! ભગવાન! કોની સાથે આ કરવી? અહીં તો ઉપશમ શ્રેણીમાં પણ આમ છે. પહેલેથી જ અહીં તો '**जिणित्ता**' કીધું ને? '**इंदिये जिणित्ता**' કીધું. એ ત્યાં કર્મ ખસી ગયું માટે '**जिणित्ता**' એમ છે? '**जो इंदिये जिणित्ता**' જિતેન્દ્રિય જિન કેમ કહેવાય? જિન શબ્દ એટલે? જીતવું. જીતવું એટલે? અંતરમાં વળવું. જિન એ નાસ્તિથી શબ્દ છે. એટલે અહીં પાછો વાળ્યો અને એમ જિન કહ્યું છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઈન્દ્રિયને '**जिणित्ता**' એમ કહ્યું. '**जिणित्ता**'. પણ ખરેખર તો અતીન્દ્રિય તરફમાં એકાગ્ર થયો છે એણે ઈન્દ્રિય જીતી છે એને જિતેન્દ્રિય જિન કહેવામાં આવે છે. આમ વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કોઈ એમ કહે કે પણ અમારે ક્યાં અત્યારે ઉપશમ શ્રેણી છે? પણ વસ્તુની સ્થિતિ શું છે એ તો એણે જાણવી પડશે કે નહિ? અમારે ઉપશમ શ્રેણીનું શું કામ છે? પણ સાંભળ તો ખરો. આ સમ્યગ્દર્શનની સ્તુતિ પછી આગળ જેમ વધે તેમ સ્વભાવમાં એક્તા થાય તેટલી શુદ્ધિ વધે તેને આત્માની સ્તુતિ કહેવામાં આવે છે. આ વિકલ્પ-બિકલ્પ ઉઠ્યો ભગવાનની સ્તુતિનો એને ખરેખર સ્તુતિ કહેવામાં આવતી નથી. આ એમ કહે છે મૂળ તો. આહાહા..! એય..! રાડ નાખે છે બધા. કાલે આવ્યું છે ને ઓલું. ઓલાએ લખ્યું હશે, પ્રકાશચંદજીએ લખ્યું હતું ને પહેલું? કે એક મુનિને તીર્થની વિકલ્પ-ઈચ્છા આવી. તીર્થ-જાત્રા કરવાની ઈચ્છા થઈ. એવું લખ્યું હતું. ક્યાંક લખ્યું હતું, ગમે તે (હોય). પણ વાત તો એ .. ઈચ્છા છે તે દુઃખ છે. ઈચ્છા છે તે દુઃખ છે. ચાહે તો તીર્થની ઈચ્છા થાય, ચાહે તો ભગવાનના ભેટાની થાય, ભગવાનની વાણી સાંભળવાની થાય. એ ઈચ્છા દુઃખરૂપ છે. 'ક્યા ઈચ્છત ખોવત સબે, હૈ ઈચ્છા દુઃખ મૂલ.' રાડ નાખી ગયા છે, હોં! સન્મતિ સંદેશમાં લખેલું નીચે. એક સાધુને ઈચ્છા થઈ તીર્થની. પછી એણે પ્રાયશ્ચિત લીધું. એક જંગલમાં રહેવું હવે જંગલમાં. એય..! ગામમાં જાવું નહિ. પણ આજ આ ઈચ્છા હતી, કાલે બીજી થાશે, પછી ત્રીજી અને ઈચ્છા થાય તે દુઃખરૂપ છે. પછી?

મુમુક્ષુ :- આહારનું શું કરવું?

ઉત્તર :- એ તો એમ કે મળવું હોય તો મળશે પણ ઈચ્છા અહીં ઓછી થાય. આહાર જંગલમાં પણ મળી રહે, એનું કાંઈ નહિ. પણ આહારની ઈચ્છા થાય એ દુઃખરૂપ છે. એને એમ કે પછી શિષ્યે પૂછયું, મહારાજ! આ જંગલમાં કેમ? ભાઈ! કઠોર આવું પ્રાયશ્ચિત? કે ભાઈ! આ તીર્થની ઈચ્છા થઈ જાત્રા કરવાની એ દુઃખરૂપ છે. કાલે વળી બીજી થાય, ત્રીજી થાય તો? આ તો સ્વરૂપમાંથી નીકળીને આવું બધું રખડપટ્ટી થાય. માટે મારે પ્રાયશ્ચિત કરવું. ત્યારે ઓલાએ ટીકા કરી કે પ્રાયશ્ચિત લીધું ને તો પ્રાયશ્ચિત પણ રાગ છે. અને એનું પાછું પ્રાયશ્ચિત... એનું પાછું પ્રાયશ્ચિત... એનું પાછું પ્રાયશ્ચિત... અરે..! ભાઈ! એ તો અપેક્ષાની વાત કીધી હતી કે રાગ છે એ દુઃખરૂપ છે. એટલી વાત સિદ્ધ કરવી છે. રાગ ગમે તે હોય તો દુઃખ, ગમે તે. જે ભાવે તીર્થંકર (ગોત્ર) બંધાય એ ભાવ દુઃખરૂપ છે. એ ભાવ જીવને લાભદાયક શું? કહો. વર્તમાન લાભદાયક શું? ભવિષ્યમાં લાભદાયી શું? સિદ્ધાંત નક્કી કરો.

મુમુક્ષુ :- એને તો નહિ, બીજાને બહુ લાભ થાય.

ઉત્તર :- બીજાને લાભ એના પોતાના પર્યાયને લઈને થાય છે. આને લઈને કાંઈ થાતું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- સ્વતંત્રપણું ઊડી જાય છે.

ઉત્તર :- સ્વતંત્રપણું જ એમાં રહે છે. વાણી સાંભળવાની જેટલી ઈચ્છા એ પણ દુઃખરૂપ છે. એનો આત્મા એ પણ જ્યારે વીતરાગની વાણીનું નિમિત્ત, અંદરથી વળશે અંતર એકાગ્રતા, આનંદ તરફ વળશે ત્યારે એને આ અનુભવ થાશે અને લાભ થશે. બાકી સાંભળવા તરફમાં પણ ઈચ્છા છે. એના તરફ પણ લાભ છે નહિ. બાપુ! વીતરાગ માર્ગ બાપા આકરો ભાઈ! અને આકરો નહિ પણ વસ્તુ જ એવી છે. એમાં બીજું શું કરવું? શું થાય ભાઈ? આહાહા..!

અરે..! પરમ શરણભૂત પ્રભુ, એને મૂકીને ચાહે તો વિકલ્પ આવો હો પણ પ્રભુ એ તો ઝેર ને દુઃખરૂપ છે, હોં! ત્યારે એ કહે છે કે એ ઝેર કહ્યું છે મોક્ષ અધ્યાયમાં એ તેરમા ગુણસ્થાનને માટે વાત છે. પણ હોય એને? રાગ હતો કે દિ' તે ઝેર કહે? અરે..! ભગવાન! આ શું કરે છે આ? ત્યાં તો ચારિત્રના વૈભવની વ્યાખ્યા છે કળશમાં. તેના પહેલા ગયા કાળનો ૪૯ ભંગ, વર્તમાનના, ભવિષ્યના ૪૯ ભંગ છોડે છે ને? ચારિત્રના વૈભવની વાત છે. એને આમાં એમ કહ્યું છે. સમજાણું? કે એને જેટલો રાગ પ્રતિક્રમણનો, પરિહારનો, પ્રાયશ્ચિતનો, દેવદર્શનનો જે થાય એ બધો એને ઝેર છે, દુઃખરૂપ છે. એ તો જેને રાગ થાય તેને દુઃખરૂપ કહ્યો છે. એ તો ઝેર કહ્યું છે તેરમા ગુણસ્થાનવાળા માટે. અરે..! પ્રભુ! શું કરે છે તું? આ તે કેટલું મરડાઈ જાય છે! કેટલું ખેંચાઈ જાય છે! એ તત્ત્વને બહુ આકરું પડશે, બાપા! આહાહા..! અત્યારે ચાલશે આ. લોકો બિચારા સાધરણ માણસ. સમાજ સાધારણ. અને એકદમ સાધારણમાં ધર્મ કરવા માગે. ભગવાનના દર્શન થઈ જાય, આ જાત્રા થઈ જાય, પૂજા થાય, દર્શન. ધર્મ થાય બાપા! ધર્મ થાય. એટલે લોકો બિચારા... અરે..રે..! ભાઈ! એ શરણ એમ નહિ મળે.

એ તો કાલે બધા આવ્યા હતા બેય જણા. લખ્યા લખ. એક અહીં જાવું છે, બે દિ' અહીં રહેવું છે. મેં કીધું, આપણે ક્યાંય જવાનો ભાવ નથી. આ તો એક બહુ તો આ સમ્મેદશિખરનું કહ્યું એટલે એટલું છે. એ પણ આપણે તો બહાર નીકળવાનો ભાવ નથી. પણ આ જયપુરનું થયું શું કરે? કે નવું બનાવવું. આપણે તો સમ્મેદશિખર પણ અહીં ને બધું અહીં છે. એય..! સેઠી! શેઠિયો એમ નહિ જવાબ આપે. એનો સ્વાદ દુભાય છે ત્યાં.

મુમુક્ષુ :- આપની પધરામણી કરાવવી છે ને કેમ જલ્દી હા પાડે?

ઉત્તર :- અરે..! અહીં તો કહે છે કે ભગવાન શાસ્ત્રનું વાંચન કરવામાં વિકલ્પ ઊઠે, બાપા! દુઃખરૂપ છે, ભાઈ! એ વિકલ્પ તને શું લાભ કરશે? કે જ્ઞાનનો ક્ષયોપશમ કરશે? એ વિકલ્પ તને શું લાભ કરશે? આહાહા..! ગજબ વાત છે, પ્રભુ! એ વીતરાગ માર્ગને રુચવવો. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાઈ! તારા ચૈતન્યસ્વભાવ, સમસ્વભાવી ચૈતન્યસૂર્ય આખો પડ્યો છે ને અમૃતનો સાગર. આહાહા..! અરે..! એના આશ્રય જેટલા લે તેટલું એને શરણ અને સુખ છે. બાકી ત્યાંથી ખસ્યો એ બધું દુઃખ છે. બાબુલાલજી! આવે, હો, એમ કહેવાય કે અશુભથી બચવા આવે. એ પણ વ્યવહાર છે. બાકી એ કાળે એને આવવાનો હોય તે આવે. પણ ખરેખર તો આનંદના વિરૂદ્ધનો ભાવ છે, ભાઈ! ધર્મીની દૃષ્ટિ એવા રાગના કાળમાં પણ દૃષ્ટિ તો આત્મા ઉપર હોય છે. આહાહા..! સમજાણું કાંઈ?

વિરહ પડ્યા ભગવાનના પંચમકાળમાં ભરતક્ષેત્રમાં. આ બધું વીંખી નાખ્યું. અરે.. નાથ! સમજાણું? અરે..! આ કોને ક્યાં કહેવી? આને દાદ કોણ આપશે? એક ફેરી લખ્યું છે ભાઈએ. 'શ્રીમદ્દે' લખ્યું છે. 'મારા આ વચનોને દાદ કોણ આપશે?' એમ લખ્યું છે, હોં! એણે પોકાર કર્યો. પણ બાયડી, છોકરા, ગૃહસ્થાશ્રમ, ધંધો ને એટલે લોકો એને ઓળખી શક્યા નહિ. ઓળખી શક્યા નહિ. લ્યો, એને છોકરા થાય. હવે સાંભળને! એ તો સંયોગી ચીજ (છે), (પોતે) અંદરમાં ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે,... શું પણ! 'કુંદકુંદાચાર્ય' 'અમૃતચંદ્રાચાર્ય' પંચમકાળમાં પ્રભુ અમૃત રેડ્યા છે. આહાહા..! કહે છે, ભગવાન! તું તો પ્રભુ તારી મહિમા તો વીતરાગભાવમાં હોય ને પ્રભુ! તારી મહિમા કાંઈ રાગભાવમાં હોય? અને તે રાગ પણ તારાથી થયેલો છે, હોં! કર્મ ભાવકથી થયેલો નથી. આહાહા..! અહીં તો અહીંયાં જ પહેલી માંડે કે ભાવક આવ્યો એટલે વિકાર થયો. ભાઈ! એમ નથી. તારા અસ્તિત્વમાં ચારિત્રગુણની વિપરીતતાનું અસ્તિત્વ એ ભાવકના અસ્તિત્વથી થાય? પ્રભુ! આ ન હોઈ શકે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, અહીં તો '**સમસ્ત ભાવ્યભાવક-**' એટલે દરજ્જે જેટલો ભાવ્ય અહીંથી છૂટ્યો, અહીં એકાગ્ર થયો એટલે દરજ્જે બધા દ્રવ્યના લક્ષથી છૂટેલો છે એમ અહીંયાં કહેવા માગે છે. સમજાણું કાંઈ? નોકર્મ સર્વજ્ઞ પરમેશ્વર ઉપર પણ લક્ષ દે તું. અહીં કર્મના લક્ષમાં જોડાતો તો એથી તેને નોકર્મના લક્ષમાં પણ હતું. અહીંથી આમ છૂટ્યો તે બધા કર્મના લક્ષનું અનુસરવું છૂટ્યું તો નોકર્મનું એટલું અનુસરવું છૂટી ગયું છે. સમજાણું કાંઈ? એ તો ધ્યાનમાં છે. છતાં એ કહેશે, બધા બોલો વર્ણવશે. ૧૬ બોલ વર્ણવશે પછી તો અસંખ્ય વિભાવભાવ જેટલા હોય તેટલાના પ્રકાર, તે તે ભગવાન આત્મા પોતાના શુદ્ધતાની રમણતાએ ચડેલો-રમમાણ પર ચડેલો એને કર્મના ઉદયના ભાવક તરફના વલણનો ભાવ પ્રગટ થતો નથી. એથી એને બધા પ્રકારના નિમિત્તોના સંબંધે ભાવ થતો નથી. એટલે અંશે જેટલો થતો એટલે અંશે બધા તરફથી છૂટી ગયેલો છે. આહાહા..! કર્મના સંબંધથી, નોકર્મના સંબંધથી, બાહ્ય સંબંધથી એટલો બધો છૂટી ગયો, એમ કહે છે, ભાઈ! સમજાણું કાંઈ?

જેમ ઓલામાં સર્વ દ્રવ્યોથી પરમાર્થે જુદો પડી ગયો છે. જુદો પડ્યો છે. અસ્થિરતા બાકી છે. અહીં અસ્થિરતાનો અંશ જેટલો આ બાજુથી એકાગ્ર થયો એટલો અસ્થિરતાનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અંશ બધા તરફથી સંબંધ છૂટી ગયો. સમજાણું કાંઈ? બોલ લેશે ૧૬. અહીં સામાન્ય વ્યાખ્યા કરી છે ને.

અહીં તો પાછું (એમ કહ્યું), '**જ્ઞાન સ્વભાવ વડે અન્ય સ્વભાવથી થતાં સર્વ અન્યભાવોથી...**' એમ. '**પરમાર્થે જુદા એવા પોતાના આત્માને જે (મુનિ) અનુભવે છે...**' એક આવી વસ્તુની સ્થિતિ છે એવું એને જ્ઞાન તો કરવું પડશે ને? ભગવાન એમ કહે છે કે બાપુ! એ આત્મા જેના શુદ્ધ શ્રેણીએ ચડીને ઠરે છે એનું નામ બીજા પ્રકારની સ્તુતિ કહેવામાં આવે છે. એ ઊંચી સ્તુતિ. આ સ્તુતિ કરતાં એ સ્તુતિ વળી ઊંચી. વિકલ્પની ભગવાનની સ્તુતિ કરવી એના કરતા એકાગ્ર થવું એ સ્તુતિ ઊંચી અને એના કરતા આગળ શુદ્ધતાની વૃદ્ધિ કરવી એ સ્તુતિ ઊંચી. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! ભાઈ! તને એની રુચિ પણ ગોઠે નહિ અને કંટાળો આવે એને. અર..ર..! આવું-આવું વસ્તુ! આવી વસ્તુ હશે? બાપુ! વસ્તુ જ એવી છે. ભગવાને વર્ણવી છે માટે નથી, વસ્તુ જ એવી છે. આમ વળે છે એ પણ તારા પુરુષાર્થની જાગૃતિથી છે. સમજાણું? એ જેટલો જાગૃત થઈને આમ વળ્યો એટલો બધા પદાર્થ તરફથી વળી ગયેલો અને સંબંધ અને સંયોગ છૂટી ગયો છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**તે નિશ્ચયથી જિતમોહ જિન (જેણે મોહને જીત્યો છે એવો જિન) છે.**' હજી નાશ કર્યો નથી. આહાહા..! '**કેવો છે તે જ્ઞાનસ્વભાવ?**' આ '**જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યોના...**' ભાવથી જુદો કર્યોને? એટલે પાછો ત્યાં ને ત્યાં શબ્દો જે હતા ૩૧માં એ ૩૨માં લીધા. કેવો છે ભગવાન જ્ઞાનસ્વભાવ? એ જ્ઞાનસ્વભાવ, પ્રભુ આત્મસ્વભાવ, પ્રભુ સ્વભાવ. '**આ સમસ્ત લોકના ઉપર તરતો,...**' દરેક વસ્તુ જેટલી છે એનાથી જુદો જાણતો... જાણતો... જાણતો... રહેતો. જાણપણામાં રહેતો. બધાને જાણતાં થકા જાણપણામાં રહેતો. '**પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી...**' પ્રત્યક્ષ ઉદ્યોતથી. જ્ઞાનનું પ્રત્યક્ષ પ્રગટપણું છે. પ્રત્યક્ષ પ્રકાશપણું છે. જ્ઞાનનું અંતરમાં એકાગ્ર થઈને જ્ઞાનનું પ્રત્યક્ષ પ્રકાશપણું છે. એ '**સદાય અંતરંગમાં પ્રકાશમાન,...**' છે. ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન છે. સદાય અંતરંગમાં પ્રકાશ-જ્યોતિ, ચૈતન્યસૂર્ય ઝળહળ જ્યોતિએ પોતે દિપ્યમાન શોભી રહ્યો છે.

'**અવિનાશી,...**' છે. સમજ્યાને? અવિનાશીનો અર્થ '**अनपायिना**' '**अनपायिना**' નાશ નથી. '**અવિનાશી,...**' છે. '**પોતાથી સિદ્ધ...**' છે. '**स्वतःसिद्धेन**' એ શબ્દ ફેરવ્યા છે, ઓલામાં બીજું છે. સમજાણું કાંઈ? સ્વતઃસિદ્ધ. ઓલામાં સ્વતઃસિદ્ધ એનો એ શબ્દ છે. અહીં પોતાથી સિદ્ધ. ભગવાન તો તે કાળે પોતાથી સિદ્ધ છે જ્ઞાનસ્વભાવ. '**અને પરમાર્થસત્ એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.**' આત્માનો જ્ઞાનસ્વભાવ, ભગવાન જ્ઞાનસ્વભાવ. જોયું! ભગવાન આત્મા અહીં તો જ્ઞાનસ્વભાવ ભગવાન મહિમાવંત છે. એવા જ્ઞાનસ્વભાવ બધાને જાણતો, પરથી તરતો નામ જુદો રહેતો એવો જ્ઞાનસ્વભાવ પોતે પ્રત્યક્ષ ઉદ્યોતમાન સદાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અંતરમાં પ્રકાશમાન છે. એને જીતમોહ કહેવામાં આવે છે.

**'આ રીતે ભાવ્યભાવક ભાવના...'** શું કીધું? ભાવ્ય, નામ નિમિત્ત કર્મના ભાવકથી જોડાવાની પોતાની યોગ્યતા તે ભાવ, કર્મ તે ભાવક, એવો જે ભાવ કે દોષ, એવો જે સંકરદોષ. સંકર એટલે સંબંધ દોષ. ઓલામાં સંકર એટલે એકત્વ દોષ હતો. આ સંબંધ દોષ છે. નિમિત્તનો સંબંધ. એવા **'સંકરદોષને દૂર કરી બીજી નિશ્ચય સ્તુતિ છે.'** સમજાણું? પછી આવી સ્તુતિ વળી સાંભળીને કેટલાક ઓલા એમ કહે છે, જુઓ! આમાં મંદિર અને દેરાસરની સ્તુતિ અને ભગવાનની સ્તુતિ જડની આવી ક્યાં આમાં? વળી એમ કહે પાછા. વળી વ્યવહાર ઉથાપે. આ જ્યાં. અરે..! ભગવાન! એ આ દાખલો આપે ૩૧નો. ૩૧નો દાખલો આપે. જુઓ! **'जो इंदिये जिणित्ता'**. એને સ્તુતિ (કહે છે), ઓલી સ્તુતિ. ભાઈ! એ સ્તુતિ છે એ વ્યવહાર છે. એ આગળમાં સ્વરૂપમાં સ્થિર ન હોય... પાંચ ગાથા આપણે મૂકી એમાં આવી ગઈ છે. સ્વરૂપમાં સ્થિર ન હોય, નિર્વિકલ્પ ઉપયોગ ન હોય ત્યારે એવો ભાવ આવે. એ વસ્તુ તો એને કારણે ત્યાં હોય છે. આવો ભાવ આવે. એને પુણ્યબંધની વ્યવહાર સ્તુતિ વચમાં નિશ્ચય પૂર્ણ ન હોય (ત્યારે) આવે, હોય. પણ એને લઈને અહીં કહ્યું માટે ઓલો વિકલ્પ જ આવે નહિ, વ્યવહાર હોય જ નહિ. એમ નથી. અને વ્યવહાર છે માટે સાચી સ્તુતિ છે એ સંવર, નિર્જરા છે એમ નથી. અરે..! ભગવાન! ક્યાં ખેંચાતાણ?

ઓલાને મૂર્તિ ઉથાપવી. મૂર્તિ અને મૂર્તિની પૂજા. ભાઈ! પૂજા એ તો શુભભાવ છે. અંદરમાં ઠરેલો ન હોય ત્યારે એની ભૂમિકાને યોગ્ય એવો ભાવ હોય છે. પણ એ પુણ્યબંધનું કારણ છે. એટલે એને ખરી સ્તુતિ ગણવામાં આવી નથી. નથી ગણવામાં આવી એથી આવા જ્ઞાનીને ચોથે, પાંચમે, છઠ્ઠે એવો શુભભાવ આવે જ નહિ, હોય જ નહિ. એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ખેંચાતાણ પણ... જેનો પક્ષ મૂકીને બોલું તે .. આહાહા! ઓલો કહે કે આ નહિ. હવે આમાંથી તો ધર્મ મનાવે. એ ખરું, હોં. સમજાણું? નામ સ્મરણ કરવું એ શુભરાગ છે. નમો અરિહંતાણં. એ શુભ વિકલ્પ છે. આવે નહિ? પણ એથી કરીને સાચી સ્તુતિ થઈ ગઈ એ? એ સંવર-નિર્જરા છે? અને સંવર નિર્જરા નથી માટે ન આવે એમ છે? પૂર્ણ સંવર નિર્જરા થયો ન હોય ત્યાં એવો ભાવ આવ્યા વિના રહે નહિ. આહાહા..! શું થાય? કોને ક્યાં દોકડા ખેંચાતાણ.. ખેંચાતાણ... સત્યને સત્યરૂપે રાખતો નથી અને પોતાની કલ્પનાએ માળો મરડી-કચરડીને. આ દાખલો આપે છે કેટલાક હોં! ૩૧માં. જુઓ! આમાં ના પાડી. અને આ મંદિર-બંદિર કરાવે છે અને આ કરાવે છે. કરાવે કોણ? બાપા! એ તો થાય છે, ભાઈ! તને ખબર નથી. એ તો પુદ્‌ગલના રજકણનો પ્રવાહ જ્યારે તે પ્રકારે પરિણમવાનો હોય ત્યારે પરિણમે છે. ત્યારે રાગી પ્રાણીને નિમિત્ત કહેવામાં આવે છે. અરે..! પ્રભુ! તને ખબર નથી, ભાઈ! ત્યારે કહે, એમ ન હોય. આવા સ્તુતિના માનનારાને આવું? પણ ન હોય ક્યારે? ભાઈ! પૂર્ણ વીતરાગ થાય ત્યારે ન હોય. પણ આવી વીતરાગ દૃષ્ટિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થઈ અને સ્થિરતા હોય છતાં શુદ્ધ ઉપયોગમાં ન હોય ત્યારે એને શુભભાવ હોય છે. એનો નિષેધ કરે તોપણ એ વ્યવહારનો નિષેધ કરતાં નિશ્ચય રહેતો નથી. અને વ્યવહારથી નિશ્ચયનો લાભ માને તો નિશ્ચય અને વ્યવહાર બે રહેતા નથી. ભારે વાત! કારણ કે વ્યવહારથી નિશ્ચય માને ત્યારે વ્યવહારે નિશ્ચયનું કામ કર્યું, નિશ્ચય તો રહ્યું નહિ સ્વઆશ્રય. એટલે વ્યવહાર પણ રહ્યો નહિ અને નિશ્ચય પણ રહ્યો નહિ. સંકર થઈ ગયું, સંકર-ખીચડો.

એક નયે બીજા નયનું કામ કર્યું તો બે નય જ રહી નહિ. સંકરદોષ થઈ ગયો. સમજાણું? ખીચડો થઈ ગયો. જેમ આ ખીચડો એમ એ સંકર થઈ ગયું. એ લીધું છે ભાઈ! હોં 'પંચાધ્યાયી'માં. 'પંચાધ્યાયી'માં લીધું છે. વ્યવહારનયને જો તમે નિશ્ચયનયની સાથે મેળવશો તો બે નય જુદી નહિ રહે. ખીચડો થઈ જાય. નયનો લોપ થઈ જશે. 'પંચાધ્યાયી'માં છે. સંકર શબ્દ વાપર્યો છે હોં! ત્યાં. વાત તો બહુ સારી કરી. પણ અત્યારના... પંડિતોએ કરી. એ પંડિતોએ શાસ્ત્ર પ્રમાણે કર્યું છે, બાપા! તને ખબર નથી. અરે..! ભગવાન! એ તો વચ્ચે પ્રતિનિધિ તરીકે કહે છે. લ્યો! એ ગાથામાં મોહનું નામ લીધું છે. એ બીજા કેટલાક કહેવામાં આવશે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો વદ ૬, શુક્રવાર, તા. ૪-૧૧-૧૯૬૬**
**ગાથા-૩૨, ૩૩ પ્રવચન નં. ૯૪**

સ્તુતિનું વર્ણન છે, હોં! બાકી તો શાસ્ત્રમાં ભાવ્યભાવક ઘણે ઠેકાણે આવે છે. પાંચ ઠેકાણે આવે છે ભાવ્યભાવક. પણ અહીંયાં તો સ્તુતિની અપેક્ષાએ વાત ચાલે છે. શું કહ્યું? કે આ આત્મા છે એ કેવળીના ગુણગ્રામ કર્યા ક્યારે કહેવાય? એમ પૂછે છે. સર્વજ્ઞ ભગવાન એવા કેવળી, એના અનંતા ગુણો, એનું ગુણગ્રામ કરવું ક્યારે કહેવાય? એના ઉત્તરમાં એ કહ્યું કે આત્મા રાગ અને ખંડ ઈન્દ્રિયથી એકત્વબુદ્ધિ છે એ છોડીને અંતર જ્ઞાયકભાવમાં એકત્વ થાય એ જ આત્માની પહેલા પ્રકારની સ્તુતિ ભગવાનના ગુણની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

બીજી સ્તુતિ અહીંયાં ઉત્કૃષ્ટ લીધી છે. મધ્યમની. મધ્યમની. વચમાં ઘણા ભેદ આવે એની આ વાત નથી. ૩૬માં ભાવ્યભાવક આવે છે ને? ભાવ્યભાવક આગળ પાંચ ઠેકાણે આવે છે. પાંચ ઠેકાણે. તે દિ' લખ્યું હતું ને? તે દિ' આ વાંચતાને, આ વાંચતાને ત્યારે તો. પહેલા. ૬૫ પાને. આ ચાલે છે એમાં હતું. ૧૩૮, ૧૫૪, ૧૫૭, ૪૬૭ એટલે ઠેકાણે છે. એ લખાવ્યું હતું તે દિ'. તે દિ' તો આ વંચાતું ને સંસ્કૃત. આ હિન્દી પહેલું. પહેલું હિન્દી 'શ્રીમદ્' તરફથી છપાયેલું એ વંચાતું હતું. એમાં પાંચ ઠેકાણે છે ભાવ્યભાવક. આપણે અત્યારે તો અહીંયાં સ્તુતિ સંબંધી ભાવ્યભાવકની વ્યાખ્યા ચાલે છે. આત્મા...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. આ તો ભાવ્યભાવક. પાંચ ઠેકાણે આવે છે. એ હવે પછી લઈશું. વ્યાખ્યાન પછી. પાંચ ઠેકાણે (આવે છે). અમે પાના લખ્યા છે બધા. કહ્યાને હમણાં? પાના કહ્યા. ૬૫, ૧૩૭, ૧૫૪, ૧૫૭ અને ચારસોને કાંઈક છે ૧૬-૧૭. એ પહેલા થઈ ગયેલી ચર્ચા ત્યારે થઈ ગયું.

અહીંયાં તો આ અપેક્ષા અત્યારે ચાલે છે. આ જીવ-અજીવ અધિકાર છે. એમાં જીવ જે અનંત ગુણનો પિંડ ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ, એમાં એકાગ્ર થવું અને રાગ ને ખંડ ઈન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય, વિષયોની એકાગ્રતાનો નાશ થવો એનું નામ પહેલા પ્રકારની આત્માની સ્તુતિ કે ભગવાનની સ્તુતિ કહેવામાં આવે છે. બીજા પ્રકારની ઊંચે ચડતા. બધાને આવું હોય એવું નહિ. આ તો એક ત્રણ પ્રકાર વર્ણવ્યા. આત્મા પોતાના પુરુષાર્થ દ્વારા અંતરમાં ઉપશમ શ્રેણીએ ચડે છે ત્યારે કર્મનો ઉદય જે ભાવક હોય છે તે તરફના વલણવાળી પોતાની ભાવ્ય જે દશા એને તે તરફ ન વાળતા આત્મા તરફ વાળે છે. એણે મોહનો તિરસ્કાર કર્યો અને ભાવક તરફની ભાવ્ય દશા એને ઉત્પન્ન થઈ નહિ અને તેણે સ્વભાવમાં એકાગ્રતા કરી. એને બીજા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રકારની સ્તુતિ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? ઓલું તો આવી ગયું છે ને કાલે. ભીખાભાઈ! હવે ક્યાં આવ્યું છે અત્યારે?

મુમુક્ષુ :- હવે ત્રીજું આવશે.

ઉત્તર :- શું ત્રીજું આવશે? ત્રીજું આવશે .. હજી તો બાકી છે.

**'આ ગાથાસૂત્રમાં એક મોહનું જ નામ લીધું છે;...'** એ મોહ પણ કોણ? ચારિત્રમોહ. દર્શનમોહ નહિ. આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપ તરફની એકત્વબુદ્ધિમાં રહેલો, એકત્વમાં રહેલો, એને આગળ વધતા કર્મનો જે ઉદય ચારિત્રમોહનો હોય તે તરફના વલણને છોડી, ઝુકાવ, સ્વભાવ તરફના ઝુકાવમાં એકાગ્ર થવું એણે ભાવક કર્મ, એના યોગ્ય જે ભાવ્ય થાય, તેનો તેણે પરિહાર કર્યો. પરિહાર કર્યો તેણે બીજા પ્રકારની આત્માની સ્તુતિ કરી એમ કહેવામાં આવે છે. કહો, બરાબર? જિનેન્દ્રજી! રાજેન્દ્રજી! જિનેન્દ્રજી થઈ ગયું. કહો, સમજાણું? કહો, જેઠાલાલભાઈ! આ સ્તુતિનું ચાલે છે. નિશ્ચય સ્તુતિ. ભગવાનની સ્તુતિ એ તો વિકલ્પ છે એ જુદી વાત છે. અહીં તો આત્મા પરમ શુદ્ધ ચૈતન્ય આનંદઘન, એના તરફમાં એકાગ્રતામાં સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયું છતાં, એ પહેલા નંબરના સ્તુતિનો ભાવ પ્રગટ કર્યો છતાં, બીજા નંબરમાં એ આગળ વધતા કર્મના પાકનો ઉદય આવવાથી. એ શબ્દ ઓલામાં પણ છે.

૩૬માં આ શબ્દ બધા. ૩૬ ગાથા છે ને. ત્યાં એ શબ્દ છે. ૩૬ છે ને ૩૬? ત્યાં એ છે, **'ફળ દેવાના સામર્થ્યથી પ્રગટ થઈને ભાવકરૂપ થતું જે પુદ્ગલદ્રવ્ય...'** ત્યાં ભાવકભાવ્ય આવ્યું છે ને. ૩૬-૩૬. નિશ્ચયથી આ મારા.. ત્યાં બીજી વાત છે જરી. ઓલું ભાવ્ય મારું સ્વરૂપ નથી એમ કહ્યું છે. પહેલી ટીકાનો પહેલો શબ્દ છે. '**(આ મારા અનુભવમાં) ફળ દેવાના સામર્થ્યથી પ્રગટ થઈને ભાવગરૂપ થતું જે પુદ્ગલદ્રવ્ય તેના વડે રચાયેલો જે મોહ તે મારો કાંઈ પણ લાગતોવળગતો નથી,...**' એ ત્યાં એમ છે. એ ૩૬ની વાત છે. અત્યારે આપણે અહીંની વાત છે. કહો, સમજાણું?

અહીં તો સ્તુતિનો-ગુણગ્રામનો સ્તુતિનો અર્થ એટલો જ લેવો છે કે આત્મા અખંડ આનંદમાં એકાગ્રતાની જેટલી શુદ્ધિ વધારે એનું નામ ત્યાં બીજા પ્રકારની આત્માના ગુણની સ્તુતિ કહેવામાં આવે છે. પણ અહીં ઉપશમરૂપે છે હજી. અભાવ કર્યો નથી. તેથી ભાવ્યભાવકના સંકર એટલે સંબંધ. કર્મનો ઉદય ભાવક, એને યોગ્ય જે ભાવ્ય, તેનો જે સંબંધ હતો એ તોડ્યો અને સ્વભાવ સાથે સંબંધ કર્યો. એટલે ભાવ્યભાવક સંકરદોષ એટલે સંબંધ દોષનો અભાવ કર્યો. નાશ કર્યો નથી. નાશ એ પછી ૩૩મી ગાથામાં કહેશે. સમજાણું કાંઈ?

**'મોહનું જ નામ લીધું છે; તેમાં મોહ પદને બદલીને તેની જગ્યાએ રાગ,...'** લેવો. ચારિત્રમોહનો રાગ ઉદય આવ્યો અંદર પાકમાં. કર્મના ઉદયમાં રાગનો પાક આવ્યો. એ કાળે જીવને તેના તરફની રાગ થવાની ભાવ્ય દશા તેને ન થવા દેતાં આમ પાછો વાળીને એટલે સ્વભાવ તરફની એકાગ્રતા કરીને એ રાગની ભાવ્ય દશા ઉત્પન્ન થઈ નહિ, એણે એટલો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાવ્ય અને ભાવકનો સંબંધ તોડ્યો એનું નામ ભાવ્યભાવક ભાવના સંકરના એકપણાનો અભાવ કર્યો. એનું નામ સ્તુતિ કહેવામાં આવે છે. કહો, પ્રવિણભાઈ! છે આવું ત્યાં? જુઓ તો કેવી સ્તુતિ! કેવું વર્ણન!

જીવની દશાનું વર્ણન છે અને એ દશામાં પણ ભિન્ન પડ્યો હોવા છતાં હજી અસ્થિરતા બાકી છે એ અસ્થિરતામાં જે નિમિત્ત ભાવક છે રાગ એના તરફનું ભાવ્ય જે થવાને લાયક, (તેને) અનુસરીને થતાં પોતાની લાયકાતથી, હોં! એને દૂરથી પાછો વાળ્યો. એટલે કે તેનો સંબંધ જ કર્યો નહિ. સ્વભાવ સંબંધ કરીને અરાગની પર્યાયનું પ્રગટપણું કર્યું એણે આત્માની બીજા પ્રકારની સ્તુતિ, શુદ્ધિની વૃદ્ધિ કરી માટે સ્તુતિ બીજા પ્રકારની કરી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એમ '**દ્વેષ,...**' લેવો. દ્વેષ ચારિત્રમોહનો અંદર ઉદય આવ્યો. એને પણ એ પ્રમાણે લઈ લેવું. ભાવ્ય થવાને લાયક પાછો વાળીને. એમ '**ક્રોધ,...**' લ્યો ઠીક! ઉદયમાં આવ્યો ક્રોધ ભાવક થઈને. આત્મા તેના તરફ વળવાની યોગ્યતાવાળો ભાવ-ભાવ્ય, એનો સંબંધ તોડીને સ્વભાવ સાથે સંબંધ કરે એણે આત્માની બીજા પ્રકારની સ્તુતિ કરી. એમ '**માન,...**' માનનો ઉદય આવ્યો તો માન કરવું જ પડે એમ ન આવ્યું. માનનો ભાવક આવ્યું, પણ છતાં એને અનુસરીને થતો જે ભાવ, એને ન થવા દેતા સ્વભાવ તરફનું જોડાણ કરે તો તેણે ભાવ્યભાવક સંકરદોષનો સંબંધનો પરિહાર કર્યો. સમજાણું આમાં કાંઈ? જેઠાલાલભાઈ! સમજાય છે કે નહિ આમાં? ઝીણું પડે.. ઝીણું પડે.

ભાવક એટલે મોહકર્મનો આ જે રાગાદિનો ઉદય જે લે છે તે. અહીં અત્યારે માન લીધું. માનનો ઉદય આવ્યો અંદર પાક. એ ભાવક. આત્માએ પરથી ભિન્ન છું એવું ભાન તો કરેલું છે પહેલું. પણ તે કાળે હજી માનને અનુસરીને એને અનુસરીને માન થવાને ભાવ્ય જે દશા છે તે ભાવ્ય થવા ન દેતાં, તેના સંબંધમાં ન આવતા, સ્વભાવ સંબંધમાં આવે એણે માન સંબંધીના ભાવ્યભાવકના સંકરનો સંબંધનો અભાવ કર્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે અહીં તો ટૂંકું કર્યું છે ને આચાર્યે. મોહનો .. દાખલા આપ્યા છે.

એમ '**માયા,...**' માયાનો ઉદય આવ્યો કર્મમાં. વસ્તુ છે કે નહિ ઉદયમાં? અને અહીં પણ હજી પૂર્ણ શુદ્ધતા થઈ નથી ને? સમ્યગ્દર્શન થયું, ઇન્દ્રિયો જીતી, અણિન્દ્રિયની એકતા કરી, પણ હજી અણિન્દ્રિય પર્યાય પૂર્ણ શુદ્ધ થઈ નથી. એથી ત્યાં આગળ વધતા એને માયાના પાકનો ભાવક આવ્યો ... કર્મ. એને યોગ્ય અનુસરીને જે માયા થવી જોઈએ ભાવ્ય, તે ન થતાં એ સંબંધને તોડીને સ્વભાવનો સંબંધ કર્યો. તેણે માયારૂપી ભાવ્ય અને ભાવક તેનો સંબંધ તેણે તોડ્યો, એનો પરિહાર કર્યો એવા બીજા નંબરની સ્તુતિ કહેવામાં આવે છે. વિજયમૂર્તિ! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ તો સમય સમયની પર્યાયની સંભાળ લીધી છે. એવી વાત બીજે સર્વજ્ઞ સિવાય ક્યાંય હોય નહિ એમ સિદ્ધ કરે છે. જીવનું સ્વરૂપ વર્ણવે છે અહીં. જીવનું સ્વરૂપ પરથી ભિન્ન પડીને શુદ્ધ ભાન થયું છતાં પર્યાયમાં અશુદ્ધતા છે એ અશુદ્ધતામાં નિમિત્તપણું સામે કર્મનું છે એવા સંબંધથી જે અશુદ્ધતા થાય તેણે સ્વભાવની એકતા દ્વારા, વિશેષ શુદ્ધિની એકતા દ્વારા તે તરફના વલણના ભાવ્યભાવકનો અભાવ કર્યો, સંકરદોષનો અભાવ કર્યો એવી એક સ્તુતિ (કહી). એ ગુણની વૃદ્ધિ થઈ એ જ આત્માની સ્તુતિ કહેવામાં આવે છે. સમજાણું આમાં?

એમ '**લોભ,...**' ઉદય આવ્યો ત્યાં. ... હજી અસ્થિરતા હતી એને યોગ્ય અનુસરીને ભાવ થવાને લાયક એની યોગ્યતા હતી, એ યોગ્યતા તોડી અને સ્વભાવ તરફનો સંબંધ કર્યો તો તેણે લોભનો ભાવ્યભાવકનો સંબંધ તોડ્યો. એમ આઠેય કર્મ લેવા, લ્યો! આઠેય કર્મના ઉદયનું ભાવક... સમજાણું કાંઈ? એણે આત્માના જ્ઞાયક સ્વભાવ તરફની એકાગ્રતા દ્વારા એ આઠેય કર્મના નિમિત્તને અનુસરીને જે યોગ્યતા થવાની તેને ન થવા દીધી, સ્વભાવનો સંબંધ કર્યો એણે કર્મના સંબંધીનો ભાવ્યભાવકનો પરિહાર કર્યો. કહો, સેઠી સમજાય છે? આ તો સંકેલી દે છે ને વાત. પહેલી કીધી છે એની સાથે આ લઈ લીધી.

એમ '**નોકર્મ,...**' શરીર, વાણી. સમજાણું? બહારના નિમિત્તો. એ બહારના નિમિત્તોનો એટલો સંબંધ તૂટ્યો એમ કહે છે. શું કહે છે? જેટલો અંતરના ભાવક કર્મના ઉદયમાં જોડાણ છોડી સ્વભાવ સાથે સંબંધ કર્યો એટલો બાહ્યના નિમિત્તોથી એ પ્રકારનો સંબંધ તોડ્યો. નોકર્મ એક ભાવક અને એને અનુસરીને અહીંયાં રાગાદિ થતો તે થવા ન દેતા સ્વભાવમાં એકત્વ થયું તે નોકર્મ સંબંધીનો ભાવ્યભાવકનો પરિહાર કર્યો. આ નિમિત્તોની વાત કરી, સેઠી! ઓલા અભ્યંતર નિમિત્તની વાત હતી. આહાહા..! કેટલું સમાડે છે આચાર્ય!

આ શરીર, વાણી, બાહ્ય ચીજો નિમિત્ત એને લક્ષે, નોકર્મને લક્ષે નોકર્મ ભાવક અને ભાવ્ય નામ વિકાર થવાની લાયકાત હતી તેના તરફનું અનુસરણ ન કરતાં સ્વભાવ તરફનું અનસુરણ કરીને શુદ્ધતામાં એકાગ્રતા કરી, એણે નોકર્મ સંબંધી ભાવ્યભાવક સંકરદોષ સંબંધનો અભાવ કર્યો. આહાહા..! સમજાણું કાંઈ? આ તો ઉપશમ શ્રેણીની વાત છે. ભાઈ! પણ જેમ મુનિને દ્રવ્ય દૃષ્ટિ અનુભવ સમ્યગ્દર્શન થયું. રાગથી ભિન્ન આદિ (થયા). હવે જ્યારે મુનિદશા થાય છે ત્યારે નોકર્મ, જે વસ્ત્રાદિ નોકર્મ, પાત્રાદિ નોકર્મ નિમિત્તો જે છે એ ભાવક ગણો અને એના તરફની લાયકાતવાળો જે ભાવ કે જે ચોથે પાંચમે હતો. એનો છઠ્ઠે-સાતમે અભાવ કર્યો. એ નોકર્મના સંબંધનો ભાવ જે થતો એ નાશ કર્યો. એથી એને નોકર્મ એ જાતના વસ્ત્ર-પાત્રનું નોકર્મ, એના નિમિત્તનું અહીં ભાવ્ય જે હતું, એ ભાવ્ય એને અનુસરીને થતો એ અહીં અનુસરીને કર્યો એ સંબંધ તોડ્યો. એને એ જાતનો રાગ છઠ્ઠે ગુણસ્થાને વસ્ત્ર-પાત્રનું નોકર્મ અને એના નિમિત્તે થતી ભાવ્યદશા એને હોતી નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- તીવ્ર કર્મનો ઉદય આવે તો?

ઉત્તર :- નહિ. નહિ. તીવ્ર કર્મ-ફર્મ અહીં છે નહિ. અહીં તો પુરુષાર્થ તરફ છે. તીવ્ર કર્મ એને ઘરે રહ્યા. અહીં તો જે પ્રકારનું કર્મ નિદ્ધત અને નિકાચિત કહો, ભાવક એના તરફના વલણવાળી યોગ્યતા હતી એ આમ કરી તોડી નાખી ભાવ્યભાવકનો સંબંધ તોડી નાખ્યો. એક જ વાત છે અહીં. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ કહે છે થવા ન દ્યે? કોણે કીધી? થવા ન દ્યે એ વાત જ ક્યાં આવી છે આમાં? કોણે કીધી? ક્યાંથી લાવ્યા? એ શબ્દ ક્યાંથી આવ્યો? થવા દીધી એમ કોણે કીધું? કર્મના ઉદય તરફનું વલણ હતું. એમ કહ્યું. તમે ભાષા ન પકડી શક્યા. કર્મનો ઉદય તેને ભાવક કહ્યો. ભાવ કરવામાં નિમિત્ત. એના તરફનું વલણ પોતાના ઊલટા પુરુષાર્થનું હતું તેનું નામ ભાવ્ય. એ ભાવ્યને જીવે ન કરવા દીધો. એ સંબંધ તોડીને સ્વભાવ સાથે એકત્વ કર્યું. એટલે ઓલા ભાવ્યમાં પણ કર્મે કર્યું એ તો પ્રશ્ન છે જ નહિ. કર્મના નિમિત્તમાં ભાવકપણામાં અનુસરવાની જે જીવની પર્યાયની પોતાની લાયકાત હતી, એને કારણે નહિ, પોતાને કારણે જે ભાવ્ય થવાની લાયકાત હતી એને સ્વભાવ તરફની એક્તા દ્વારા એ ભાવ્યભાવકના સંકરના સંબંધનો અભાવ કર્યો, બસ. હજી નાશ પછી કરશે. ૩૩માં. સમજાણું કાંઈ? એ શબ્દ આવ્યો જ નથી ક્યાંય. ક્યાંથી પ્રશ્ન ઉઠ્યો? સમજાણું કાંઈ?

અહીં તો કર્મ કેવું એ પ્રશ્ન નહિ. કર્મ ભાવકપણે આવ્યું, ચાહે તે આવ્યું. ગમે તે આવ્યું. એને અનુસરીને પોતાને થવાની લાયકાત હતી. એ આવ્યું માટે અનુસરવાનું (થયું) એમ નહિ. અહીં પોતાની પર્યાયમાં તેને અનુસરીને થવાની વિકારતા-યોગ્યતા હતી તેને ભાવ્ય કહે છે અને ઓલાને ભાવક કહે છે. એ ભાવ્યને દૂરથી. એટલે પોતે ત્યાંથી હટીને સ્વભાવ તરફની એકતા કરી, એટલે દૂરથી હટીને મોહનો તિરસ્કાર કર્યો. એટલે ઉદય તરફના જોડાણનો અભાવ કર્યો. અહીં તો પહેલું ઓલા કર્મનું.. હવે અહીં તો નોકર્મ. અહીં નોકર્મમાં આમ છે. હો. નોકર્મમાં પણ એટલા પ્રમાણમાં .. મુનિની દશાથી વાત કરીએ છીએ જેથી એને ખ્યાલ આવે.

મુનિની દશા એવી પોતાના સ્વભાવના સંબંધમાં છે કે એને પહેલાં પાંચમે કે ચોથે ગુણસ્થાનમાં, નોકર્મ એટલે વસ્ત્ર-પાત્ર આદિના નિમિત્તો એને યોગ્ય એને વલણવાળો જે ભાવ્ય વિકાર હતો એ ત્યાં હતો. ચોથે પાંચમે હતો. ચોથે-પાંચમે ગુણસ્થાને હતો. છતાં જ્યાં આગળ વધ્યો એટલે તેને અનુસરીને થવાની લાયકાત, સ્વભાવ તરફની એક્તા દ્વારા એ ભાવ્યને તોડી નાખ્યો. નિમિત્તના સંબંધમાં જે થતો ભાવ તેને ઉત્પન્ન થવા દીધો નહિ. એટલે સ્વભાવ તરફની એકાગ્રતા થઈ, એને ભાવ્યભાવક નોકર્મના ભાવ્યભાવકનો પરિહાર કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! ઘણું આમાં તો સમાડ્યું છે. નોકર્મમાં તો બધા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નિમિત્તો આખા સમાડી દીધા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કુટુંબ, પુત્ર, પુત્રી બધું આખી દુનિયા એમાં આવી ગઈ. સ્ત્રી, કુટુંબ, પરિવાર સ્ત્રી આદિ છે એ નોકર્મ છે. એને ભાવક કહીએ. અને આ બાજુ એને અનુસરીને થવાની વિષયની જે વાસના એને ભાવ્ય કહીએ. એ ભાવ્યને આમ સંબંધ ન કરતા સ્વભાવ સંબંધ કર્યો એટલે સંબંધ પરનો તોડ્યો એટલે નોકર્મનો ભાવ્યભાવકનો સંબંધ તોડી નાખ્યો. આહાહા..! સમજાણું કાંઈ? આમાં તો ઘણી વિસ્તારતા-વિશાળતા બતાવી છે. જેટલે અંશે કર્મના તરફની યોગ્યતાનો ભાવ ઉત્પન્ન ન થયો અને આમ થયો એટલે અંશે કહે છે કે બધા પર તરફના પદાર્થના નિમિત્ત તરફના વલણવાળો ભાવ એણે તોડી નાખ્યો. એટલે અંશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં આવી જ ગયો. છૂટી ગયો. એટલો સંબંધ એને છૂટી ગયો છે. પણ એને અહીં વિસ્તારથી સમજાવવા અંતરનું કર્મ અને બાહ્યનું નોકર્મ બેય વાત સમજાવી છે. સેઠી!

બાપુ! આ તો અધ્યાત્મ શાસ્ત્ર, એમાં પણ આ 'કુંદકુંદચાર્ય'ના અંદર રહસ્ય. 'સમયસાર' એટલે... આહાહા..! ભરતક્ષેત્રનું અજોડ... અજોડ... અજોડ.. તત્ત્વ છે 'સમયસાર'. એવો આત્માને આમ સીધો ઊભો ખડો કર્યો છે આમ. પર્યાયે પર્યાયે કેવો હોય એમ સિદ્ધ કરે છે. એ વાત સર્વજ્ઞ સિવાય (ક્યાંય છે નહિ). વેદાંત આદિ એક આત્મા (કહે છે) એ ન હોય આ માટે આ બધું વર્ણન અંદર વાસ્તવિક તત્ત્વના વર્ણનમાં આ વાત આવે છે. સેઠી! આહાહા..!

એક તો કર્મ સિદ્ધ કરે છે, નોકર્મ સિદ્ધ કરે છે અને એના તરફના વલણવાળો ભાવ પણ સિદ્ધ કરે છે અને એ વલણવાળો તોડે છે એ પણ સિદ્ધ કરે છે. આહાહા..! કેટલા તત્ત્વોને સિદ્ધ કરે છે! સમજાણું કાંઈ? ભગવાન આત્મા અનંત શુદ્ધ ચૈતન્યરત્ન, ચૈતન્ય રત્નાકર એમ સિદ્ધ કર્યો. એ જ્યારે કર્મ અને રાગની એકત્વતાથી ભિન્ન પડીને સ્વભાવની એક્તા કરી એણે તો ઇન્દ્રિયને જીતી અને પહેલો જીતેન્દ્રિય જિન થયો. જીતેન્દ્રિય જિન થયો. હવે ઓલો ઉપશમનનો જિન છે. જુઓ! એ કહેશે. છે ને એમાં? **'जितमोहो जिन'** **'जितमोहो जिन'** ઓલો જિતેન્દ્રિય જિન આ **'जितमोहो जिन'** જિન. ઓલો ક્ષીણમોહી જિન. આ જિન સ્વરૂપની વ્યાખ્યા કરે છે.

આત્મા... સમજાણું કાંઈ? પોતે આત્માનો સ્વભાવ તો ... સ્વભાવી ચૈતન્યસૂર્ય. .. સ્વભાવી એટલે અકષાય વીતરાગી સ્વરૂપ. એ આત્મા. હવે એ આત્માને પર્યાયમાં રાગની સાથે એકત્વ અને ખંડ ખંડ ઇન્દ્રિય સાથે એકત્વ છે એ આત્મા પરથી જીતાઈ ગયો. એ અજૈન છે, એ અજૈન છે. જૈન કોને કહેવો? એ રાગ અને ઇન્દ્રિય ખંડ ખંડની એકત્વતાને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તોડી, સ્વભાવની સાથે એકત્વતા જોડી, એકત્વતા જોડી એટલે ઓલી તોડી. આ એને જિતેન્દ્રિય જિન પહેલા શરૂઆતનો જિન કહેવામાં આવે છે. આહાહા..! શું વ્યાખ્યા! પર્યાય પર્યાયનું પરિણમન સિદ્ધ કરે છે, દ્રવ્ય કાયમ રહે છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સમય સમયનો થાય તેને તોડે છે. થાય છે. કેટલી વાત કરે છે! સમજાણું કાંઈ? એય..! સમજાય છે કે નહિ? રવિન્દ્ર! એ તો હોશિયાર છે. ન્યાયથી તો, લોજીકથી તો વાત ચાલે છે. આમાં કાંઈ કોઈ એવા શબ્દો આકરા નથી આવતા. એ કોલેજમાં છે, ભાઈ! રવિન્દ્ર એ બેઠો. હોશિયાર છે. સાહિત્યકાર થાય એવી એની...

કહે છે, ભગવાન! આહાહા..! સાહિત્યકાર તો આ છે, હોં! આહાહા..! એનું સાહિત્ય ભર્યું છે અનંત ગુણનો પિંડ આત્મા. અનંત ગુણનો પિંડ આખું સાહિત્ય ભર્યું છે એમાં. એમાં એકાગ્ર થાય તેને પહેલો જિતેન્દ્રિય જિન કહેવામાં આવે છે. એણે રાગનું એકત્વ તોડ્યું છે અને સ્વભાવનું એકત્વ કર્યું છે. હજી એને અસ્થિરતા બાકી છે એના પ્રકારનું વર્ણન એવી ઢબે જીવ-અજીવના વર્ણનમાં મૂક્યું છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જેટલે દરજ્જે જ્યાં જ્યાં આગળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ પામવા છતાં હજી તેને કર્મના મોહ આદિ, રાગાદિમાં ભાવકમાં જોડાવાની યોગ્યતા છે. યોગ્યતા ન હોય તો એને નીચલું ગુણસ્થાન હોય નહિ, તો તે વીતરાગ થઈ જાય. સમજાણું કાંઈ? એટલે યોગ્યતા સિદ્ધ કરે છે આસ્રવની અને ભાવબંધની અને નિમિત્ત દ્રવ્યબંધ સિદ્ધ કરે છે. દ્રવ્યબંધ કર્મ એનો પાક આવ્યો છે એને સિદ્ધ કર્યું. પાક આવ્યો, હોં! એકલું સત્તામાં પડ્યું ઈ નહિ. પાક આવ્યો. આ બાજુ એને જોડાવાની પોતાની લાયકાતથી જોડાતો એ ભાવઆસ્રવ અને ભાવબંધનો અંશ સિદ્ધ કર્યો. એટલે નિમિત્તના સંબંધમાં ન જોડાતા સ્વભાવ સંબંધમાં આવ્યો એટલી સંવર અને નિર્જરાની શુદ્ધિની ઉત્પત્તિ થઈ છે. આહાહા..! ભારે! એના તત્ત્વની શૈલી! વીતરાગોના કથનની પદ્ધતિ એક એકમાં કેટલા તત્ત્વો સિદ્ધ કરે છે! સમજાણું કાંઈ?

કહે છે, '**નોકર્મ,...**' નોકર્મમાં બહારના નિમિત્તો બધા લેવા. સ્ત્રી, પુત્ર, પૈસા, મકાન, દુકાન, આ શું કહેવાય? સમજાય છે? લુગડા. આ મુનિને તો નથી. પણ બહારમાં બીજાને લેતા આમ લેવું. અંદરમાં આને લેતા જેટલો કર્મના ઉદયના તરફના વલણવાળો ભાવ પોતાના ઊલટા પુરુષાર્થની દશાનું તત્ત્વ હતું એને આમ સંબંધ ન કરતા આમ કર્યું (તો) સંવર નિર્જરા ઉત્પન્ન થઈ એટલી અશુદ્ધતાનો નાશ થયો, એટલો ભાવ્યભાવકનો પરિહાર થયો. એને આત્માની બીજા પ્રકારની સ્તુતિ (કહેવામાં આવે છે). બીજા નંબરની નહિ પણ બીજા પ્રકારની. સમજાણું કાંઈ? જીવતત્ત્વ સિદ્ધ કર્યું, એક કોર કર્મ દ્રવ્ય સિદ્ધ કહ્યું, એના તરફના વલણવાળો આસ્રવ અને બંધ સિદ્ધ કર્યું, એને તોડીને આ બાજુ જોડ્યું ત્યાં સંવર અને નિર્જરા સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ?

નવ તત્ત્વની એને શ્રદ્ધા કરવી છે કે નહિ? કહે છે. નવ તત્ત્વની. ઉપશમ શ્રેણીએ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચડેલા જીવની પર્યાયની કેવી સ્થિતિ હોય? ભાઈ! નવ તત્ત્વની એને શ્રદ્ધા કરવી છે ને. **'तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनम्' 'तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनम्'**. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. હવે સમ્યગ્દર્શન છે ને. એનું આખું તત્ત્વનું શ્રદ્ધાન. તો હવે એને ઉપશમ શ્રેણીએ ચડેલા જીવની કેવી દશાવાળો જીવ એણે શ્રદ્ધવો? એને કેટલા પ્રકારનો આસ્રવ ટળ્યો અને નિમિત્તનો અભાવ થયો, નોકર્મનો પણ કેટલા પ્રકારનો ત્યાં અભાવ થઈને વિકારનો અભાવ થયો અને ત્યાં સંવર-નિર્જરાની શુદ્ધિ થઈ, એવા સંવર-નિર્જરાવાળો જીવ, અહીંયાં આટલો આસ્રવ બાકી થોડો રહ્યો એટલો ભાવ અને અહીં કર્મનો બાકી રહેલો ઉદય અજીવ, એને એ પ્રકારે માનવું તેને વાસ્તવિક જીવ અને અજીવ અને સાત તત્ત્વની માન્યતા કહેવામાં આવે છે. વિજયમૂર્તિ! સમજાણું કાંઈ? ન સમજાય એમ ન લેવું. આમાં કાંઈ એવી ઝીણી વાત નથી આવતી. પણ માણસને એમ થઈ જાય કે આ.. પણ બાપુ! તું કેવળજ્ઞાન લેવાની તૈયારીની શક્તિવાળો એક ક્ષણમાં કેવળ લે અને આ સમજવું એમાં એને શું છે? પણ એણે પામરતા વ્હોરી લીધી છે ને. સેઠી! પામરતા વ્હોરી લીધી છે. છે નહિ. પણ અમે પામર છીએ... અમે પામર છીએ. અરે..! પામર નથી પ્રભુ તું પ્રભુ છો, સાંભળને ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, જેટલો અંદર ભાવકર્મનો સંબંધ તૂટ્યો એટલો નોકર્મનો સંબંધ પણ એટલા પ્રમાણમાં તેને છૂટી ગયો છે. અહીં તો ઉપશમ શ્રેણીની વાત કરે છે પણ નીચેથી પણ જેટલે દરજ્જે ભાવક કર્મ તરફનો સમકિતી જીવનો ભાવ જેટલો ટળ્યો, ટળતો જાય છે સમયે સમયે એટલો બધા નિમિત્તો તરફનો સંબંધ પણ એટલો છૂટી જાય છે. સમજાણું કાંઈ? 'શ્રીમદ્'માં એક પત્ર છે એવો, હોં! .. છે. યાદ ક્યાંથી (હોય)? એવો જ છે. આનાથી છૂટયો તો બધાથી છૂટેલા એટલે અંશે. એમની શૈલીમાં બહુ ક્ષયોપશમ ભાવ હતો ને. ઘણી શૈલી કરી છે. પત્ર ગુજરાતીમાં છે. સમજાણું કાંઈ? આ તો સમજાય છે કે નહિ? આ શું કહેવાય છે એટલી વાત.

આચાર્યે કેટલી વાત મૂકી છે જુઓને! મહા સંતો.. આહાહા..! છઠ્ઠે સાતમે આનંદમાં ઝુલનારા, એને કોઈ આવો વિકલ્પ આવી ગયો અને આ શાસ્ત્ર પરમાણુની પર્યાયે રચાવાના તે રચાઈ ગયા. આહાહા..! એની એ વખતે દશા ચારિત્રદશા... આહાહા..! અતીન્દ્રિય આનંદની જ્યાં છોળ્યું ઉડે છે અંદરથી. પાણીની ભરતી આવે ને જેમ દરિયામાં? ભરતી કહે છે ને? શું કહે? બાઢ. એમ જેને આનંદની ભરતી આવે છે, હોં! એ પ્રચુર સ્વસંવેદનમાં (ઝુલે છે). આવ્યું છે ને પાંચમી ગાથામાં. એમાં વિકલ્પ આવ્યો છે એનો આદર નથી. બંધભાવ, આસ્રવભાવ મારા જીવ સ્વભાવમાં નથી. ભાવ્યભાવકમાં કહેશે આગળ. સમજાણું? ૩૬માં કહેશે. ઉદય આવ્યો એ મારામાં છે જ નહિ. જીવસ્વભાવ જ કેવો એ? અહીં તો સંબંધ તોડવાની સ્તુતિની વાત છે. એ પણ જીવના સ્વભાવના હદની-મર્યાદાની વાત કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જેટલું અંદરમાં એકત્વ ટળ્યું અથવા જેટલો પોતાના સ્વભાવના સંગમાં આવ્યો એટલો કર્મના ભાવક તરફથી ખસ્યો એટલા બધા સાધનો બહારના નિમિત્તોથી એટલો ખસી ગયો. સમજાય છે કાંઈ? વીતરાગતા થઈ ત્યારે બધા વિકલ્પથી છૂટી ગયો, બધા સંગથી છૂટી ગયો. એકલો આત્મા (રહી ગયો). અહીં નીચે સંબંધ રહે છે એની વાત કરી અને સંબંધ તોડે છે એની વાત કરે છે. આવું તત્ત્વથી.. તત્ત્વની વસ્તુ આવી રીતે છે. બીજી રીતે તત્ત્વ હોઈ શકે **નહિ.** સમજાણું કાંઈ? **નોકર્મ,** લ્યો.

'**મન,...**' મન-મન. અહીં મન છે ને, એ જેટલો અંતરમાં કર્મના ભાવકપણાના વલણવાળી દશા છોડીને સ્વભાવમાં એકાગ્ર થયો એટલો મનનો સંગ છૂટી ગયો છે. એટલો મનનો સંગ છૂટી ગયો છે. મનનું ભાવકપણું જે છે અને એને યોગ્ય જે ભાવ-ઈચ્છા અને વિકલ્પ છે એને તોડીને સ્વભાવ તરફમાં ગયો એટલો મનનો સંગ છૂટી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ '**વાણી,...**' એને ખાસ નજીકના હતા ને એટલે (કહ્યા). બાકી નોકર્મમાં બધા આવી જાય છે. ખાસ ખાસ અહીં નજીકના છે ને એટલે એનાથી ભિન્ન બતાવવા આ વાણી (કહ્યું). અહીં તો ઉપશમ શ્રેણીની વાત છે. ત્યાં પણ જરીક સંબંધ હતો એટલો નિમિત્ત સાથે સંબંધ અંદર અવ્યક્તપણે હતો એ અહીં સંબંધ તોડ્યો અને (સ્વસંબંધ) જોડ્યો (ત્યાં) બધા સાથે તૂટી ગયો સંબંધ. સમજાણું કાંઈ? એમ '**કાયા,...**' લ્યો! એવા '**મૂકીને અગિયાર સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં...**' એટલે આ રીતે થોડું થોડું કહ્યું.

'**શ્રોત્ર,...**' આ કાન. ઇન્દ્રિયનું તો આવી ગયું છે ત્યાં. પણ હજી ઇન્દ્રિયો તરફના વલણવાળી અસ્થિરતા છે ને. ઓલી ઇન્દ્રિયોને તોડી છે, એકત્વ સ્વભાવમાં કર્યું છે. એ તો જિતેન્દ્રિય જિન થયો. હવે અહીંયાં જિતમોહ. એ શ્રોત્ર તરફના આ કાન તરફનો અંદર જે કર્મના ઉદયમાં વલણવાળો ભાવ હતો એ આમ સ્વભાવમાં એકાગ્ર થયો એટલો શ્રોત્રેન્દ્રિય તરફનો ભાવ્યભાવકનો પરિહાર કર્યો. સમજાણું કાંઈ? ભારે ઝીણું, ભાઈ! ભારે ભગવાનને પણ... ભગવાનને આગળ મૂકીને વાત તે કરે છે ને પણ. કહે છે ને તે પાછી આ બધી વસ્તુ છે એમ સિદ્ધ કરતા જાય છે. મન છે. કોઈ કહે મન નથી, એમ નથી. અને મનના વલણવાળો ભાવ પણ સમ્યગ્દૃષ્ટિને પણ હજી રહે છે. જો ન રહે તો વીતરાગ થઈ જાય. તદ્દન વીતરાગ થઈ જાય. સમજાણું કાંઈ?

કહે છે કે મન, વચન અને કાયા... અહીં શ્રોત્ર. શ્રોત્ર ઇન્દ્રિય તરફના વલણવાળો જરી ભાવ. વલણ સમજ્યાને? ઝુકાવ. તદ્દન અતીન્દ્રિયમાં આમ સ્થિર થઈ ગયો હોય તો તો એ સંબંધ રહે નહિ. તેમ તદ્દન રાગ અને ઇન્દ્રિયથી એકત્વ હોય તો આ ભાવ હોઈ શકે નહિ. એકત્વ તો તૂટી ગયું છે પણ અસ્થિરતાનો ભાવ બાકી રહ્યો છે તેને તોડવાની આ શ્રેણીની ધારાની વાત ચાલે છે. સમજાણું કાંઈ? શ્રોત્ર.

એમ '**ચક્ષુ,...**' ચક્ષુ ઇન્દ્રિય તરફના જેટલું અંદર ભાવક કર્મ હતું, એના તરફથી છૂટીને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વભાવ શુદ્ધિમાં એકાગ્ર થયો એટલો રૂપ તરફનો પણ સંબંધ છૂટી ગયો છે. એટલા પ્રકારના રાગનું છૂટવું તે બધા પાંચેય ઇન્દ્રિયના વિષય તરફના રાગનું છૂટી જવું થયું છે. સમજાણું કાંઈ? આહાહા..! ચોથા ગુણસ્થાનવાળો ભગવાનને દેખે, પાંચમાવાળો દેખે, છઠ્ઠાવાળો દેખે, ભાઈ! આહાહા..! જેટલે દરજ્જે રાગ છૂટી ગયો એટલે દરજ્જે વીતરાગભાવે દેખે છે. બાકી રહી ગયો રાગ એ ભાવે આને સંબંધ છે. આહાહા..! સમજાણું કાંઈ? ચક્ષુ.

એમ '**ઘ્રાણ, રસન,...**' રસેન્દ્રિય. એના તરફનું વલણ. અતીન્દ્રિય ભગવાન આત્મા, એની એકતા તો થઈ છે પણ વિશેષ સ્થિરતામાં જોર થતાં, અંદર જોડાતા આને તોડ્યો. આને તોડ્યો. રસેન્દ્રિયના સંબંધનો રાગાદિ ભાવ તોડ્યો અને અહીં ભાવ થયો. એને રસેન્દ્રિયને જીતી આ રીતે કહેવાય. આ રસેન્દ્રિય એટલે દૂધ ઓછું કર્યું, છ રસ ઓછા ખાધા. એમ નહિ. એમ કહે છે. એય..! રાજેન્દ્રજી! આહાહા..! સંતોની કથની તે પણ ગંભીરનો પાર ન મળે. આમ લ્યો અમે ખાધું. પાંચ રસનો ત્યાગ કર્યો. પણ ક્યા રસનો? ઓલો આત્મરસમાં એકાગ્ર થઈ, આત્મરસમાં એકાગ્ર થઈ અને એ રસના સંબંધીની આસક્તિની વૃત્તિનો વ્યય, આ બાજુનો ઉત્પાદ થાય ત્યારે ઓલો વ્યય થાય ત્યારે એણે રસેન્દ્રિયને જીતી કહેવાય. આહાહા..!

મુમુક્ષુ :- ભાવ્યભાવકભાવે પરિહાર.

ઉત્તર :- ભાવ્યભાવકનો પરિહાર એ તો પહેલામાં ગયું. અહીં તો અસ્થિરતાની વાત છે. આ તો અત્યારે અસ્થિરતાની વાત છે. સમજાણું કાંઈ? હજી આગળ આવશે. જ્ઞેયજ્ઞાયક અને ભાવ્યભાવક બેય આવશે. ૩૬ અને ૩૭ આવશે. ભાવ્ય છે જ નહિ આમાં એમ કહે છે. જીવનો સ્વભાવ ત્યાં વર્ણવે છે. અહીં સ્તુતિ વર્ણવી છે. બીજી ઢબે ઢબે કરીને (કહે છે) પણ જીવના સ્વરૂપની શુદ્ધતાની પર્યાયની વૃદ્ધિ કેમ? અશુદ્ધતાનું ઘટવું કેમ? વલણ આમ કેમ? અને આમ વલણ. એ બધી વાતને સિદ્ધ કરતા જાય છે. સમજાણું કાંઈ?

'**સ્પર્શ,...**' લ્યો, આ સ્પર્શ. જેટલે અંશે અંદરમાં ભાવક થઈને સ્પર્શ બાહ્ય નોકર્મ છે એ તો બાહ્ય, પણ છતાં તેના તરફનું વલણ હતું એ આમ અતીન્દ્રિય આનંદમાં વલણ જેટલું થયું એટલી શુદ્ધતામાં આ ભાવ્યભાવકનો પરિહાર થઈ ગયો. લ્યો. એ સૂત્રો કરવા. '**એમ સોળ સૂત્રો જુદાં જુદાં વ્યાખ્યાનરૂપ કરવા અને આ ઉપદેશથી બીજા પણ વિચારવાં.**' 'જયસેનાચાર્ય'ની ટીકામાં તો છે. અસંખ્ય પ્રકારના વિભાવ, એવો પાઠ છે ત્યાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો સમજાવવું છે. આ તો ટૂંકા શબ્દોથી સામાન્યથી વ્યાખ્યા કરી છે.

અસંખ્ય પ્રકારની ભિન્ન-ભિન્નતા ભાવકમાં જોડાતાં જે વિકલ્પ ભિન્ન-ભિન્ન પ્રકારના અનેક પ્રકારના થાય એ બધાને સ્વભાવ તરફની એકાગ્રતા દ્વારા તે ભાવ ઉત્પન્ન થાય નહિ. તેણે મોહનો તિરસ્કાર કર્યો અને ભાવકમાં જોડાણો નહિ. તેને ભાવસ્તુતિ બીજા પ્રકારની કહેવામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવે છે. જેઠાલાલભાઈ! બધું ઝીણું છે, ભાઈ! આમાં તો બીજા વિચાર...

**'ભાવાર્થ :- ભાવક જે મોહ...'** કર્મ જડ-જડ. પાક. પાક લેવો. **'તેના અનુસાર પ્રવૃત્તિથી...'** તેને અનુસરે પોતાની જેવી લાયકાતથી, તેને અનુસરવાની જે ભાવ્ય દશાથી એને **'પોતાનો આત્મા ભાવ્યરૂપ થાય છે...'** એ આત્મા કર્મના નિમિત્તના વલણમાં પોતાના પુરુષાર્થની ઊંધાઈથી જેટલો ભાવ્ય નામ વિકાર થાય છે **'તેને ભેદજ્ઞાનના બળથી...'** અહીં તો વાત કરે છે પણ (ભાવ્ય) થયું છે અને ભેદજ્ઞાન (કરે છે) એમ નહિ. અહીં તો એમ કહે કે **'આત્મા ભાવ્યરૂપ થાય છે તેને ભેદજ્ઞાન...'** શબ્દ છે. પણ એનો અર્થ કે પહેલો થતો હતો પછી તેને ભેદજ્ઞાન એટલે થતો નથી એ કાળ અહીં લેવો. ભાવ્યરૂપ થયો છે અને ભેદજ્ઞાન કરે છે એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? સમજાવવું શી રીતે? આમ ભાવકકર્મ, એના તરફની અસ્થિરતાનું વલણ જે ભાવ્ય હતું, તેને ભેદજ્ઞાન એટલે કે તે થવા ન દીધું એનું નામ નિમિત્તનો અને ભાવનો ભેદ પાડ્યો અને સ્વભાવ તરફ એકાગ્ર થયો. અનુભવે, એ **'ભેદજ્ઞાનના બળથી જુદો અનુભવે તે જિતમોહ જિન છે.'** તે જિતમોહ જિન છે. કહો, આ તો જિનની વ્યાખ્યા. સમજાય છે? અપૂર્વકરણમાં પણ એક જિન શબ્દ વપરાય છે.

**'અહીં એવો આશય છે કે શ્રેણી ચડતાં મોહનો ઉદય જેને અનુભવમાં ન રહે....'** એને જેટલે અંશે કર્મના ઉદયનું વલણ ન રહે, અનુભવ ન રહે. **'અને જે પોતાના બળથી ઉપશમાદિ કરી...'** ઉપશમાદિ અને જેટલો ક્ષયોપશમ છે એને કરી **'આત્માને અનુભવે છે તેને જિતમોહ કહ્યો છે.'** તે આત્માની દશાને જિતમોહવાળો કહ્યો છે. **'અહીં મોહને જીત્યો છે; તેનો નાશ થયો નથી.'** એમ કહ્યું છે ને. હવે નાશ થવાની વાત ત્રીજામાં આવશે. ૩૩માં બે ત્રગડામાં આવશે. પૂરી કરશે ત્યાં.

**'હવે ભાવ્યભાવક ભાવના અભાવથી નિશ્ચયસ્તુતિ કહે છે :-'** લ્યો! ઓલો ભાવ્યભાવક સંકર, સંબંધનો અભાવ, સંબંધનો અભાવ (હતો), અહીં તો બિલકુલ અભાવ, નાશ નાશ કરી નાખે છે. સમજાણું? એ ૩૩. સંધિ કરે છે, હોં!.

**जिदमोहस्स दु जइया खीणो मोहो हवेज्ज साहुस्स।**
**तइया हु खीणमोहो भण्णदि सो णिच्छयविदूहिं।।३३।।**

એક સંધિ કરી છે અહીં, જુઓ! એમ નહિ કે જિતમોહ સાધુ હોય પહેલો એ જ પછી ક્ષીણમોહ થાય. પણ આવી સ્તુતિની ઢબ વર્ણવીને એને **'जइया'** એમ કહ્યું છે ને? **'जिदमोहस्स दु जइया'** એટલે એનો અર્થ કે બધા જીવને જિતમોહ થાય અને પછી ક્ષીણમોહ થાય એવી વાત નથી. અહીં તો આવી સ્તુતિના વર્ણનમાં એક મધ્યમ સ્તુતિનું વર્ણન કરીને જેણે આવો જિતમોહ કહ્યો છે તે **'तइया हु खीणमोहो भण्णदि सो णिच्छयविदूहिं'** **'परमट्ठवियाणया'** ત્યાં એમ કહ્યું હતું. ઓલામાં **'णिच्छिदा साहू'** કહ્યું હતું. **'भणंति जे णिच्छिदा साहू'**. પેલામાં કહ્યું, **'परमट्ठवियाणया बेंति'** અહીં કહ્યું **'भण्णदि सो**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**णिच्छयविदूहिं**' ભિન્ન ભિન્ન શબ્દ કરીને જ્ઞાનીઓ વજન આપે છે. નીચે.

**જિતમોહ સાધુ તણો વળી ક્ષય મોહ જ્યારે થાય છે,**
**નિશ્ચય વિદો થકી તેહને ક્ષીણમોહ નામ કથાય છે. ૩૩.**

આહાહા..! કહે છે કે અસ્થિરતાની મીઠાશ છૂટી જાય છે. મીઠાશની એક્તા તો રહી નથી પણ અસ્થિરતાનો ભાવ છે એ છૂટે છે અને અહીં તો અસ્થિરતાના ભાવનો નાશ કરે છે.

'**ટીકા :- આ નિશ્ચયસ્તુતિમાં,...**' એટલે સાચી સ્તુતિમાં '**પૂર્વોક્ત...**' એટલે પૂર્વે જે ૩૨માં વિધાન વિધિ કીધી. પૂર્વ-ઉક્ત. પૂર્વે કહેલી રીતીથી '**આત્મામાંથી મોહનો તિરસ્કાર કરી,...**' હજી નાશ થયો નથી. મોહનો તિરસ્કાર કરી. એ તો એક નિમિત્તથી કથન છે. અહીં આમ જોડાણો એટલે તિરસ્કાર થયો, એમ તિરસ્કાર. આ મોહ (થયો) એટલે તિરસ્કાર (કરું) એમ છે ત્યાં? પાઠના શબ્દોની શૈલી શું છે એ સમજે નહિ અને (તકરાર કરે) એ આ પાઠ લખ્યો. બધા લખ્યા છે, સાંભળને! આ લખાણ આમ છે. ફલાણું આમ છે. બધું પણ લખાણ કઈ નયનું કથન છે, કઈ અપેક્ષાનું કથન છે એનું હાર્દ સમજ્યા વિના એમ ને એમ શબ્દાર્થ કર્યે જાય તો એનું તાત્પર્ય સમજે નહિ. કહો, સમજાણું આમાં? એ આત્મા ગુરુ, આત્મા દેવ, આત્મા શિષ્ય. એમ 'પૂજ્યપાદસ્વામી'એ કહ્યું છે. તારો ગુરુ તું. તું તને સમજાવ ત્યારે તું ગુરુ થાય. ત્યારે બીજો ગુરુ નિમિત્ત તરીકે થાય. આહાહા..! એમ 'પૂજ્યપાદ સ્વામી'એ કહ્યું છે એમાં-'ઈષ્ટોપદેશ'માં. 'ઈષ્ટોપદેશ'.

મુમુક્ષુ :- આત્મા હી ગુરુ.

ઉત્તર :- હા. આત્મા હી ગુરુ. સમજણ કરીને શીખવે છે કોણ પોતાને? પોતે. ભાઈ! તું .. છો ને, ભાઈ! વીતરાગ શુદ્ધ છો. આ અશુદ્ધતા તારે ક્યાંથી આવી? એમ કરીને શુદ્ધતામાં એકાગ્ર થાય એ એનો ગુરુ. આહાહા..! સમજાણું કાંઈ? ત્યારે વ્યવહારે ગુરુ કહેવાય છે. એનો અર્થ થયો કે નિશ્ચય હોય તો વ્યવહાર કહેવાય. એ જ વાત સિદ્ધ થાય છે. બધે સિદ્ધ થાય. એકધારું ઊભું થાય છે, આખું જૈન શાસન.

'**જેવો (પૂર્વે) કહ્યો તેવા જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક આત્માનો અનુભવ કરવાથી જે જિતમોહ થયો,...**' એ તો પૂર્વની વ્યાખ્યા કરી. હવે '**તેને જ્યારે...**' હવે '**તેને જ્યારે...**' આ શબ્દ છે હવે. સ્વભાવ તરફના શુદ્ધતાની એક્તા કરીને અને સમ્યગ્દર્શન કર્યું. પછી સ્વભાવ તરફની શુદ્ધતાની એક્તા સ્થિરતા દ્વારા પ્રગટી, પણ મોહનો ઉપશમ કર્યો. અહીંયાં હવે તેને જ્યારે, એ જીવને જ્યારે એમ સંધિ કરે છે, હોં! એટલે બધા જીવને માટે એમ સિદ્ધાંત લેવા જાય, કે જુઓ આવો હોય એને આમ થાય... આવો હોય એને આમ થાય-મોહ ક્ષીણ થાય. તો તો સિદ્ધાંત એવો થાય કે ઉપશમ પહેલું થવું જોઈએ ઉપશમ શ્રેણીમાં પછી ક્ષપક થાય. અહીં એક વાત લીધી છે. સમજાણું કાંઈ? પહેલું ઉપશમ ન પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

થાય અને એકદમ ક્ષપક પણ થઈ જાય, એકદમ. પણ અહીં સ્તુતિના શુદ્ધિના વૃદ્ધિના પ્રકારના ભેદો વર્ણવવામાં આ એક કામનું છે આ જાતનું માટે એ જિતમોહની વ્યાખ્યા લીધી.

'**તેને જ્યારે...**' એવા જિતમોહી જીવને જ્યારે '**પોતાના સ્વભાવભાવની ભાવનાનું સારી રીતે અવલંબન કરવાથી...**' એ જ્યારે એટલે ત્યાં ઉપશમમાં ચડ્યો છે ત્યારે આ થાય છે એમ નહિ, ભાઈ! પાછું વળી ભાષા તો એમ થાય. '**તેને જ્યારે...**' એટલે? ઉપશમમાં ચડ્યો છે તેને જ્યારે. ત્યાં ક્યાં ઉપશમ કરવું છે હવે. પણ એ જીવની ધારા નીચેથી જ્યારે ક્ષપકમાં ઉપડ્યો છે, એમ કહેવા માગે છે. આહાહા..! થોડામાં ઘણું કહેવું હોય ને એટલે (આમ કહે).

એ '**જિતમોહ થયો, તેને જ્યારે...**' ત્યારે ઉપશમ શ્રેણી થયો તેને જ્યારે. ઉપશમ શ્રેણીમાં ક્ષપક શ્રેણી થાય જ નહિ. પણ એક ધારા એવી છે એવું વર્ણન કરીને એ જીવને જ્યારે એમ લેવું. એ જીવને જ્યારે '**પોતાના સ્વભાવભાવની ભાવના...**' જુઓ! ભાષા. '**સારી રીતે અવલંબન...**' આ શબ્દ નહોતો ત્યાં. ત્યાં એવું હતું... સમજાણું? '**એવો જે પોતાનો આત્મા-ભાવ્ય, તેને ભેદજ્ઞાનના બળ વડે દૂરથી જ પાછો વાળવાથી એ રીતે બળપૂર્વક મોહ...**' એટલું હતું. દૂરથી પાછો વાળવાથી. પાછો વાળવાથી હતું. અહીં તો તે પોતાના પહેલેથી. એક ઉપશમે ચડ્યો છે એમ નહિ. જ્યાં આત્માનું ભાન થયું સમ્યગ્દર્શન પહેલું (થયું) પછી ક્ષપકશ્રેણીએ ચડવાની ધારાએ ચડે છે. '**ત્યારે પોતાના સ્વભાવની ભાવનાનું...**' પોતાના સ્વભાવભાવની એકાગ્રતા. ભાવના શબ્દે એકાગ્રતા. કહો, ભાઈ! આ ભાવના એટલે ત્યાં વિકલ્પ છે? ઘણાં અત્યારે અર્થ કરે છે, ભાવના એટલે વિકલ્પ, ભાવના એટલે ચિંતા. અરે..! ભાઈ! એ આવે છે ને? ફૂલચંદજીએ નાખ્યું છે ને ઓલું. 'જયસેનાચાર્ય'નું. જુઓ અહીં ભાવના છે. શુદ્ધોપયોગની ભાવના સામાયિકમાં પણ શ્રાવકને કોઈ વખત હોય છે. એ ભાવના ... એને ક્ષમા કીધી. કેટલામાં એય..?

મુમુક્ષુ :- 'પ્રવચનસાર'.

ઉત્તર :- 'પ્રવચનસાર' ક્યાં છે અહીં? એ એમાં નાખેલું છે ફૂલચંદજીએ. એ વાત બરાબર છે ફુલચંદજીએ. ઓલાએ તોડી નાખ્યું. એ તો કહે કે શુદ્ધ ઉપયોગની ભાવના કરે શ્રાવક એટલે કે ચિંતવે છે કે શુદ્ધોપયોગ ક્યારે આવે. અરે..! ભગવાન! એમ નથી. અહીં જુઓ! આ ભાવના શબ્દે એકાગ્રતા. અહીં ચિંતા કેવી? ક્ષાયિક ક્ષપક શ્રેણી (માંડી છે). કેટલામું છે? ક્યાં છે? એટલું લખ્યું છે ક્યાંક. ૩૪૮ પાનું લખ્યું છે. ૩૪૮. શ્રાવકને શુદ્ધ ઉપયોગનો અવકાશ. થોડું લખ્યા વિના ક્યાં પાર આવે આમાં તો કાંઈ. શાસ્ત્રો ઘણા અને બુદ્ધિ થોડી. એય..! પંડિતજી!

મુમુક્ષુ :- અવકાશ નથી..

ઉત્તર :- શ્રાવકને શુદ્ધ ઉપયોગનો અવકાશ.. એ જુદું. શ્રાવક શુદ્ધઉપયોગ... ૩૪૨.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


૩૪૨. આ એ આવ્યું. આવ્યુ જુઓ! યથાસંભવ જિનેન્દ્ર પૂજા આદિ ધર્મોપદેશ કરવો. 'ननु शुद्धोपयोगनामपिक्कापिकाले शुभोपयोगभावना गच्छ्य्ते। शुद्धोपयोगनाममिपक्कापिकाले शुभोपयोगभावना गच्छय्ते। श्रावकानामपि सामायिकादिकाले शुद्धभावना गच्छय्ते।' પંડિતજી! આ શબ્દ પડ્યો છે. 'शुद्धभावना गच्छय्ते'. ઓલો કહે છે કે શુદ્ધભાવના એટલે વિકલ્પ. એવી ચિંતા કરે છે. એમ નથી. શુદ્ધભાવના એ શુદ્ધ ઉપયોગ છે. ભાઈ! તને આ (ખબર નથી). આ ભાવના શબ્દ છે એ ઈ છે. સામાયિક આદિ કાળે. આદિ કાળે. સામાયિકમાં જાણવા બેઠો ત્યાં અમસ્તો પણ શુદ્ધોપયોગ જામી જાય છે. 'श्रावकानामपि सामायिकादिकाले शुद्धभावना गच्छय्त्े। एषां कथमविशेषोभेदो...' સમજ્યા? કેમ કહેવું? ... છતાં શુભઉપયોગી કહેવાય. પાંચમા-છઠ્ઠાવાળાને પ્રધાનપણે શુભઉપયોગી કહેવાય. પણ ઓલો શુદ્ધઉપયોગ ગૌણપણે થાય છે. નથી થતો એમ નથી. એ અહીં જુઓ! છે ને? 'शुद्धउपयोगभावना कुर्वन्ति'. ભાવના શબ્દે એકાગ્રતા. કલ્પના એમ નહિ. સમજાણું આ? કઈ ગાથા છે? ૩૪૨ પાનું છે, લ્યોને. અરે..! ભગવાન! તને એમ ગોઠતું નથી. એ પાંચમે ગુણસ્થાને .. ભાઈ! નિર્વિકલ્પ ઉપયોગ થાય છે. કોઈ કાળે, થોડો પણ કોઈ કાળે થાય છે. એનો નિષેધ કરીશ તો ગુણસ્થાન નહિ રહે. આહાહા..! એ માટે ત્યાં 'જયસેનાચાર્ય મહારાજે' ખુલાસો કર્યો છે. સમજાય છે? એ અહીં જુઓ.

'**તેને જ્યારે પોતાના સ્વભાવભાવની ભાવના...**' સ્વભાવભાવની ક્યારે કહેવાય? વિકલ્પ છે ત્યાં? ઉપશમ શ્રેણીનો જે ભાવ છે એને અહીંયાં ક્ષપક શ્રેણીની યોગ્યતાને ભાવતા એકાગ્રતા પ્રગટ કરે છે. સમજાણું? '**ભાવનાનું સારી રીતે અવલંબન કરવાથી મોહની સંતતિનો અત્યંત વિનાશ એવો થાય...**' લ્યો કોને લઈને? '**ભાવનાનું સારી રીતે અવલંબન કરવાથી મોહની સંતતિનો અત્યંત વિનાશ એવો થાય...**' ભાવના શબ્દે જો કલ્પના હોય (તો) એનાથી મોહનો નાશ થાય? ભાઈ! એ ચૈતન્ય સ્વરૂપ પોતાની ધારાએ ચડે છે આમ જોરદાર આલંબન-સ્વભાવનું આલંબન (લ્યે છે), સમ્યગ્દર્શન-જ્ઞાન તો પહેલા (થયું) છે પણ સ્વભાવનું શુદ્ધતાનું આલંબન ઉગ્રપણે જ્યારે કરે છે, શુદ્ધ પોતાના સ્વભાવભાવની ભાવના શબ્દે એકાગ્રતા, એનું સારી રીતે અવલંબન કરવાથી. એકાગ્રતાનું બરાબર અવલંબન. '**મોહની સંતતિ...**' જે ઉદય હતો ને ઉદયભાવક. '**અત્યંત વિનાશ...**' ઓલામાં તિરસ્કાર હતો. '**અત્યંત વિનાશ એવો થાય કે ફરી તેનો ઉદય ન થાય-**' લ્યો! એવી આત્માની શુદ્ધતાની અંદર વૃદ્ધિ થાય. એને ત્રીજા પ્રકારની ભગવાન ગુણની આત્માની સ્તુતિ કહે છે. સમજાણું કાંઈ?

'**સારી રીતે અવલંબન કરવાથી...**' અહીં તો પુરુષાર્થનું (વજન છે). અહીં સ્વભાવ તરફ જોડાણો છે ને. એમાં ઉગ્રપણે પુરુષાર્થ કરે છે તેથી '**મોહની સંતતિનો અત્યંત વિનાશ...**' મૂળમાંથી નાશ. એને નાશ થવાને લાયક ત્યાં છે. આમ કર્યું છે (ત્યાં) નાશ થવાને લાયક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જે નાશ થાય **'કે ફરી તેનો ઉદય ન થાય–'** ઉપશમ છે તો ઉદય થાય. બીજા નંબરમાં. આમાં તો થાય જ નહિ. નાશ થઈ જાય. **'એવા ભાવકરૂપ મોહ...'** એવો ભાવકરૂપ મોહ-ઉદય, તેને **'ક્ષીણ થાય,...'** લ્યો! તેનો ક્ષીણ થાય. **'ત્યારે (ભાવક મોહનો ક્ષય થવાથી આત્માના વિભાવરૂપ ભાવ્યભાવનો પણ અભાવ થાય છે)...'** આત્માના ભાવકભાવ, ભાવક તરફના વિકારી જે ભાવ્ય, **'આત્માના વિભાવરૂપ ભાવ્યભાવ...'** એટલે વિકારી પર્યાય ભાવક કર્મના ઉદયમાં પોતે જ્યારે જોડાતો એવો જે વિભાવરૂપ, એ ભાવ્ય, એવો જે ભાવ, એનો પણ અભાવ થાય છે.

ફરીને. એક એક શબ્દ જુઓ! **'ભાવક મોહનો ક્ષય થવાથી...'** એના તરફનું વલણ જવાથી એ તો નાશ થયો. એથી **'આત્માના વિભાવભાવરૂપ...'** પોતાના ભાવમાં **'વિભાવરૂપ ભાવ્ય...'** એવો જે ભાવ, વિકારરૂપ ભાવ્ય એવો જે ભાવ એનો અભાવ. (ભાવ્ય) થયો છે ને અભાવ (કરે છે) એમ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન આત્મા પોતાની અતીન્દ્રિયની રમતે ચડ્યો. અતીન્દ્રિય આનંદની રમતે અંદર ચડ્યો પ્રભુ. કહે છે કે મોહનો નાશ થયો એથી વિભાવરૂપ ભાવ્ય, એવો જે ભાવ એનો અભાવ થયો. સમજાણું કાંઈ?

**'આત્માના...'** પાછી ભાષા એમ છે **'આત્માના વિભાવરૂપ...'** એમ. વિભાવ કાંઈ કર્મનો નહોતો. સમજાય છે? હતો ત્યારે કાંઈ કર્મનો નહોતો. ભાવક કર્મના અનુસારે જોડાતો એ ભાવ આત્માનો હતો. એ કાંઈ કર્મનો નહોતો. એના આત્માના અસ્તિત્વમાં હતો. આત્માના અસ્તિત્વમાં એ હતો. એવા વિભાવરૂપ ભાવ્ય, એ ભાવકને અનુસરેલો વિભાવ ભાવ્ય એવો જે ભાવ (તેનો) અભાવ થાય છે. કહો, સમજાણું આમાં? આ રીતે **'ભાવ્યભાવક ભાવનો અભાવ થવાને લીધે...'** આ પ્રકારે ભગવાન આત્મા... આવી એક ધારા હોય છે એમ એણે પ્રતીતમાં તો લેવી પડશે ને. અને ઉત્કૃષ્ટ ત્રીજા નંબરની સ્તુતિ કહેવામાં આવે છે. ત્રીજી પ્રકારની. નંબરની નહિ. સમજાણું કાંઈ?

**'એ રીતે ભાવ્ય...'** એવો જે વિકારી ભાવ, એવો જે ભાવક જે કર્મનું નિમિત્ત, એનો જે ભાવ, એનો અભાવ થવાને લીધે **'એકપણું થવાથી...'** વિભાવભાવ હતો ત્યાં સુધી અનેકપણું હતું. આમ છૂટી ગયો અને આ બાજુ સ્વભાવ વીતરાગતાની એક્તા થઈ. શુદ્ધતાની વીતરાગતાની એક્તા થઈ. **'ટંકોત્કીર્ણ...'** એ તો જે વિશેષણો (છે ઈ) છે. **'(નિશ્ચલ) પરમાત્માને પ્રાપ્ત થયેલો...'** દેખો! એ પરમાત્માને પ્રાપ્ત થયેલો બારમા ગુણસ્થાન. **'ક્ષીણમોહ...'** પરમ આત્મા એમ કહેવું છે. પરમ સ્વરૂપ. પરમ સ્વરૂપને પ્રાપ્ત થયેલો. આ તેરમા ગુણસ્થાનની વાત નથી. આ સ્તુતિ છે ને? સ્તુતિ કાંઈ તેરમે હોય? સ્તુતિ અહીં સુધી હોય છે. સ્તુતિ, એકાગ્રતા અહીં હોય છે. પૂરી થઈ ગઈ ત્યારે તો કેવળ થઈ ગયું. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'પરમાત્માને પ્રાપ્ત થયેલો...'** પરમસ્વરૂપ ભગવાન વીતરાગસ્વરૂપ જેવું હતું, સમસ્વભાવી યથાખ્યાત, યથાખ્યાત યથાપ્રસિદ્ધ, સમસ્વભાવી સૂર્ય ચૈતન્યપ્રભુ યથા પ્રસિદ્ધ જેવો હતો. યથાખ્યાત. જેમ છે તેવો આત્મખ્યાત પ્રસિદ્ધ વીતરાગભાવ પ્રગટ થયો. લ્યો, આ ટીકાનું નામ પણ આત્મખ્યાતિ છે. સમજાણું કાંઈ?

આવી દશા થાય છે, હોય છે એમ એણે નક્કી તો કરવું પડશે કે નહિ? કર્મને લઈને નહિ, પોતાના પુરુષાર્થની જાગૃતિને લઈને. સમજાણું કાંઈ? વિકાર પણ થતો એ પણ કર્મને લઈને નહિ. એ પોતે તેના તરફનું વલણ કરતો માટે (થતો હતો). આમ વલણ કરતો ત્યારે નથી થતું એમ બેય વાતને સિદ્ધ કરે છે. આહાહા..! ભાવ્ય થવા લાયક એને .. થવા દેતો. ચૈતન્યમાં જોડાય છે એવી આત્માની પુરુષાર્થની જાગૃતિની યોગ્યતા છે. સમજાણું કાંઈ? એ પરને લઈને નથી. અરે..! ભગવાન! શાસ્ત્રના જે ભાવ છે એને પણ બરાબર પકડવામાં ન આવે ત્યારે એને અંતરનો ભાવ પકડવામાં ક્યાંથી આવે? શાસ્ત્ર જે ભાવે કહેવા માગે છે એ ભાવ પણ ખ્યાલમાં એ રીતે ન આવે, તો આ તો ચૈતન્યમૂર્તિ રાગરહિત આખો ભગવાન એ કહેવા માગે છે. એ અંદરમાં પકડવામાં શી રીતે એને આવે? સમજાણું?

કહે છે, એવો મોહક્ષીણ થયેલો **'ક્ષીણમોહ જિન કહેવાય છે.'** લ્યો! એને ક્ષીણમોહ જિન કહેવાય. **'આ ત્રીજી નિશ્ચય સ્તુતિ છે.'** પછી ચોથી સ્તુતિ હોય નહિ. સ્તુતિ તો સ્તુતિ કરનારની દશા હિણી હોય એની. પૂરી થઈ ગઈ એટલે પછી સ્તુતિ હોય નહિ. નહિતર ચોથી સ્તુતિ લ્યોને કેવળીની. એ સ્તુતિ ન કહેવાય. સ્તુતિ તો કંઈક અપૂર્ણતા હોય અને પૂર્ણ પરમાત્મા વસ્તુ છે એની સ્તુતિ કરે એનું નામ સ્તુતિ કહેવાય. પૂર્ણ પર્યાયમાં થઈ ગયો પછી સ્તુતિ રહેતી નથી.

જુઓ! અહીંયાં જીવના સ્વભાવના પ્રકારનું જીવતત્ત્વના વર્ણનમાં જીવ અને અજીવ તત્ત્વ બે આમ (વર્ણવે છે). એમાં અજીવ જે કર્મનો ઉદય અજીવ, એના તરફનો વલણનો ભાવ પણ ખરેખરો જીવ નહિ પણ જીવની પર્યાયની યોગ્યતામાં થતો ભાવ, વાસ્તવિક જે સ્વભાવ નહિ પણ તે વિભાવભાવ થતો તેને સિદ્ધ કરીને, જીવસ્વભાવમાં એકાગ્ર થઈને એ ભાવ્યભાવકને ટાળ્યો છે એને ખરી ક્ષીણમોહ જિનસ્તુતિ કહેવામાં આવે છે. આહાહા..! વીતરાગી દિગંબર સંતો, વીતરાગી મુનિઓ. મુનિઓ વીતરાગ સાક્ષાત્ વીતરાગ. એ તો થોડો જરી રાગ છે ને. 'નિયમસાર'માં કહ્યું છે. 'પદ્મપ્રભમલધારી'એ. આપણે જડ છીએ કે વીતરાગ અને મુનિઓમાં ફેર માનીએ છીએ. એમ કહ્યું છે, ભાઈ! એક કળશમાં, હોં! એવું લખ્યું છે, 'નિયમસાર'માં લખ્યું છે. છે ને? 'નિયમસાર' ક્યાં છે? એટલું છે હોં! ક્યાંક. નામ-બામ લખ્યું નહિ હોય. એક ઠેકાણે છે એય..! આમાં લખ્યું હશે.

**'સર્વજ્ઞ વીતરાગમાં અને સ્વવશ યોગીમાં ક્યારેય કાંઈપણ ભેદ નથી. છતાં અરેરે! આપણે જડ છીએ કે તેમનામાં ભેદ ગણીએ છીએ.'** ૨૫૩ કળશ.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


सर्वज्ञवीतरागस्य स्ववश स्यास्या योगिनः।
न काममि भिदां क्वापि तां विद्यो हा जडा वयम्।।२५३।।

અને ઓલામાં કહે છે જરી ફેર છે. ૨૮૮માં. જરી ફેર છે એ. પહેલું કહ્યું છે, હોં! પહેલું કહ્યું છે. ૨૮૮. એમ કહ્યું. '**જે જીવ અન્યવશ છે એ ભલે મુનિવેશધારી હોય તોપણ સંસારી છે.**' રાગને વશ. '**હિત દુઃખનો ભોગનાર...**' જે જીવ સ્વવશ છે તે જીવનમુક્ત છે. જિનેશ્વરથી કિંચિત્ ન્યુન છે. સમજાણું? ... જરી-થોડો. પહેલામાં એમ કહ્યું. અહીં કાઢ્યું. '**સર્વજ્ઞ વીતરાગમાં (અને) આ સ્વવશ યોગીમાં...**' આ તો ચાલ્યું જાય છે. ક્યાંય પણ ભેદ (નથી). વીતરાગભાવમાં ક્યાંય લક્ષ રહેતા હશે ન્યાં ક્યાંય? આપણે જડ છીએ કે તેમના ભેદ ગણીએ છીએ. ભેદ ગણવો નહિ, એમ કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો વદ ૮, રવિવાર, તા. ૬-૧૧-૧૯૬૬**
**ગાથા-૩૩, શ્લોક-૨૭, ૨૮. પ્રવચન નં. ૯૫**

સમયસાર, ૩૩મી ગાથા ચાલે છે. ત્રીજી સ્તુતિ થઈ ગઈ, ટીકા પૂરી (થઈ ગઈ). શું અધિકાર ચાલે છે આ? જીવ-અજીવ અધિકાર. એમાં સ્તુતિનો અધિકાર. એટલે કે આ આત્મા શુદ્ધ આનંદ જ્ઞાયક સ્વરૂપ છે એની સ્તુતિ એટલે કે એમાં એકાગ્ર થવું એનું નામ આત્માની અથવા કેવળજ્ઞાનીની પહેલી સ્તુતિ કહેવામાં આવે છે. અનાદિથી રાગ, પુણ્ય, દયા, દાન, વિકલ્પ શરીર, વાણી, મનની સ્તુતિ કરતો આવે છે. એ અનાદિથી શુભ-અશુભ, દયા-દાન, વ્રત-ભક્તિ આદિ પુણ્ય-પાપના ભાવ, શરીર, વાણી, કર્મ એની સ્તુતિ કરતો આવે (છે) એટલે એ સારા છે, ઠીક છે એવી જે અજ્ઞાનીની અનાદિની સ્તુતિ છે એ સ્તુતિ આત્માની સ્તુતિ નથી. એને કર્મ અને શરીરની સ્તુતિ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એને પ્રશ્ન નથી. શુભ અને અશુભ બધું કર્મ પિંડમાં જાય છે. અંગયો.. અંગયો કહેશે હમણાં. કર્મ અને આત્માને અંગ. આત્માને અંગ. અંગ એટલે કર્મ પિંડ આદિ બધું. એક કોર ચૈતન્ય આનંદકંદ જ્ઞાયક આત્મરામ અને એક બાજુ પુણ્ય-પાપ, શુભ-અશુભ, કર્મ, શરીર, વાણી, મન. એ બધું. અનાદિ કાળથી પુણ્ય-પાપ, ફળ, કર્મ સંયોગ એ સારા છે, ઠીક છે, (એમ) અનાદિથી પ્રશંસતો આવે છે. એનું નામ મિથ્યાદૃષ્ટિ અને અજ્ઞાન દુઃખ દૃષ્ટિ કહેવામાં આવે છે. એ સ્તુતિ એણે વિકારની અને પરની કરી. એણે ભગવાનની સ્તુતિ કરી નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભગવાનની સ્તુતિ કરે એ જીવ અને બીજા બધા અજીવ?

ઉત્તર :- બધા અજીવ.

જીવ-અજીવ અધિકાર છે કે નહિ? આ શું છે? જીવની સ્તુતિ અને અજીવની સ્તુતિનું અહીં વર્ણન (કરે છે). સ્તુતિ નામ આ સારા છે અને આ સારા, એમ. જેની દૃષ્ટિમાં અનાદિથી પુણ્ય અને પાપ, શરીર, વાણી, મન એ બધું એક કોર કર્મ પિંડ છે બધું. સમજાણું કાંઈ? એ શુભ-અશુભ વિકલ્પ ઉઠે છે રાગ એ ખરેખર કર્મની સામગ્રી છે. એ અજીવ છે. બાબુલાલજી! બરાબર છે? આ જીવ-અજીવ અધિકારમાં એ ચાલે છે, દેખો!

મુમુક્ષુ :- પુણ્ય કરતાં કરતાં ધર્મ નહિ થાય?

ઉત્તર :- અજીવ કરતા કરતા જીવ થશે? અજીવ કરતા કરતા જીવ થાય તો પુણ્ય કરતા કરતા ધર્મ થશે. એક વાત છે. માટે આચાર્યે આ સ્તુતિ જીવ-અજીવમાં આ કારણે લીધી છે. સ્તુતિ એટલે કે જેના ગુણગ્રામ અને જેની પ્રશંસા કરવી એનું નામ સ્તુતિ. તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એણે આત્મા અખંડ આનંદકંદ શુદ્ધ ચૈતન્ય એને પુણ્ય-પાપના રાગથી ભિન્ન પાડીને સ્વભાવમાં એકાગ્રતા થવી એનું નામ આત્માની સ્તુતિ અને ભગવાનની સ્તુતિ કહેવામાં આવે છે. એનું નામ ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

કહે છે, પહેલી સ્તુતિ તો એ કે શુભ-અશુભ રાગ, કર્મ, શરીર એ બધું હું નહિ, એ મારામાં નહિ, એ મને ઠીક નહિ. મને ઠીક તો જ્ઞાયક સ્વરૂપ જે હિતકર આનંદસ્વરૂપ (છે) એ મને હિતકર ઠીક (છે) એમ જેની અંતર એકાગ્રતા (થઈ છે) એણે આત્માની સાચી સ્તુતિ અને પ્રશંસા ગુણની કરી. કહો, ભોગીભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ભોગીભાઈ આવ્યા અને ભક્તિનો અધિકાર આવ્યો.

ઉત્તર :- ભક્તિ આવે છે. બરાબર, એ ઠીક કહે છે. સમજાય છે કાંઈ?

જ્યાં સુધી ભગવાન આત્મા જ્ઞાન ગુણ અને આનંદથી રાગ અને પરદ્રવ્યથી અધિક નામ જુદો છે એવા જુદાંનું ભાન કરીને પરથી જુદાંમાં એકત્વ ન થાય ત્યાં સુધી તેને આત્માની સ્તુતિ, આત્માના ગુણગ્રામ, આત્મા છે એવું એને પ્રશંસામાં-જ્ઞાનમાં આવ્યું નથી. જ્યાં સુધી એ શુભ અને અશુભ રાગ ભગવાનની ભક્તિ પ્રત્યેનો શુભરાગ એ પણ સારો છે, સ્તુતિ કરવા પ્રશંસા લાયક એમ માને એણે જડની સ્તુતિ કરી છે, એણે આત્માની સ્તુતિ કરી નથી.

મુમુક્ષુ :- મૂંઝવણ થાય એવું છે.

ઉત્તર :- મૂંઝવણ નીકળી જાય એવું છે. વિજયમૂર્તિજી!

આ જીવ-અજીવ અધિકાર છે. જીવનો અધિકાર સ્વભાવ શુદ્ધ ચૈતન્યમાં એનો અધિકાર (છે). એ અધિકાર પુણ્ય-પાપ શરીરાદિમાં માને તો એ અજીવના અધિકારને જીવ અધિકાર માને છે. સમજાણું કાંઈ? એટલે પહેલું કહ્યું કે જ્ઞેયજ્ઞાયક સંકર. અર્થાત્ ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ અને જ્ઞેય ભાવઈન્દ્રિય જે ખંડખંડ, ખંડખંડપણે જ્ઞાનને જણાવે એ ખરેખર તે અજીવ છે, જીવ સ્વભાવ નહિ. એ જ્ઞેય છે. જડ ઈન્દ્રિયો જ્ઞેય છે, અજીવ છે, એના વિષયો પણ આ જીવ નહિ માટે તે અજીવ છે. ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા પણ આ જીવ સ્વભાવની અપેક્ષાએ આ જીવ નહિ માટે તે અજીવ છે. સમજાણું કાંઈ? મીઠાલાલભાઈ! ભારે વાત, ભાઈ!

પ્રથમ ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાયક અને આનંદથી ભરેલું તત્ત્વ છે એમ જેણે એની સામું જોયું એણે એના વખાણ કર્યા. અને જેણે પુણ્ય-પાપ આદિ સામું જોયું અને એમાં એકાગ્ર થયો એ એના વખાણ કર્યા. વખાણ સમજો છો ને? પ્રશંસા. કહો, સમજાય છે કાંઈ? ભારે અદ્ભુતથી વાત આચાર્યે સ્તુતિ કરીને એવું વર્ણન કર્યું છે... આહાહા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક ભગવાન પરમેશ્વરે જોયા. એમાં ભગવાને એમ જોયું કે આ આત્મા તો આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. એને જે પ્રશંસે, વખાણે, અનુમોદે, એકાગ્ર થાય તેણે આત્માની સ્તુતિ કરી અથવા અમારી સ્તુતિ એણે કરી. ખરી સ્તુતિ એણે આત્માની કરી, એણે ભગવાનની સ્તુતિ કરી. કહો, ભીખાભાઈ! આહાહા..! આચાર્યની 'કુંદકુંદાચાર્ય'ની કોઈ વિધિની રીત, ગંભીરપણે ભરેલા તત્ત્વો...!

કહે છે કે ભાઈ! એ પહેલા નંબરની સ્તુતિ. પહેલા એટલે પહેલા પ્રકારની. આગળ વધતા જેટલો આત્મા શુદ્ધતામાં એકાગ્ર થાય અને કર્મના નિમિત્તનો સંબંધ છૂટી જાય ઉપશમ તરીકે, એને બીજા પ્રકારની સ્તુતિ આત્મામાં ગુણની અધિકપણે પ્રશંસા કરી એમ બીજા પ્રકારની સ્તુતિ કહેવામાં આવે છે. સમજાય છે? પછી ત્રીજા પ્રકારની. ઓલામાં ઉપશમ હતો-જીતવું. ત્રીજા પ્રકારમાં શુદ્ધ ચૈતન્ય જ્ઞાન આનંદ સ્વરૂપ જે દૃષ્ટિમાં પ્રથમ પરથી ભેદ પાડીને લક્ષમાં લીધો હતો એમાં આત્માના અંતરના શુદ્ધ ભાવના-સારી રીતે અંતર બળ દ્વારા સ્થિર થઈને કર્મના ઉદય તરફના વલણનો નાશ જ કરે. સમજાય છે? અને સ્વભાવની શુદ્ધિની વૃદ્ધિ કરે એને ત્રીજા પ્રકારની ક્ષીણમોહ નામની સ્તુતિ અને એને જિન કહેવામાં આવે છે. કહો, આ જિનની સ્તુતિની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ? પર જિનની સ્તુતિ એ તો વિકલ્પ છે. એ ખરી જિનની સ્તુતિ નથી. શિષ્યે કહ્યું હતું, તીર્થંકરની સ્તુતિ કરીએ, અમે આમ કરીએ, આમ કરીએ. બાપુ! એ ખરી સ્તુતિ નથી. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે આત્મા એક સમયમાં અનંત અનંત અતીન્દ્રિય મહાન પદાર્થ સ્વભાવનો સાગર જોયો છે એના ઉપરની એકાગ્રતા થઈ અને શુદ્ધિની વૃદ્ધિ કરે એને ભગવાન સ્તુતિ ને ગુણ ને આત્માની પ્રશંસા કરી અને વિકારની પ્રશંસા છોડી દીધી, એણે એમ ભગવાનની સ્તુતિ એને પરમાત્મા કહે છે. વજુભાઈ! ભારે વાતુ ભાઈ! એય..! ધર્મચંદજી! અહીં સુધી આવ્યું છે આપણે.

**'અહીં પણ પૂર્વે કહ્યું હતું તેમ 'મોહ' પદને બદલી...'** મોહ તરફનું વલણ જે હતું, સ્વભાવનું ભાન કર્યું. શુદ્ધ ચૈતન્ય આનંદ છું એમ સંમત કર્યું દૃષ્ટિમાં. અને સ્થિરતા દ્વારા જરી જીત્યો પણ ખરો રાગને, પણ ક્ષય કર્યો નહોતો. એ સ્વરૂપમાં એટલી ઉગ્રતા થઈ, સારી રીતે ચૈતન્યનના અવલંબનને પકડી આત્મબળ વડે શુદ્ધમાં સ્થિર થયો તો કહે છે કે તેણે મોહનો નાશ કર્યો. એ ક્ષીણમોહ નામની ત્રીજા પ્રકારની આત્માના ગુણની સ્તુતિ કહેવામાં આવે છે. એ મોહ બદલીને રાગ લેવો. રાગ આવે એના ઉપરનું વલણ છોડીને સ્વરૂપમાં ક્ષય રૂપે પરિણમવું, રાગનો ક્ષય કરવો અને સ્વરૂપમાં સ્થિર થવું એ ભગવાન આત્માની સ્તુતિ છે.

**'એમ દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ,...'** લ્યો! આઠેય કર્મ તરફના વલણનો આત્માના જોર સ્વભાવ તરફના વલણથી શુદ્ધતામાં ઠરવું એને કર્મનો ઉદયભાવ સર્વથા ક્ષય થઈ જાય છે. એનું નામ ત્રીજા પ્રકારની સ્તુતિ કહેવામાં આવે છે. એમ નોકર્મ-આ નિમિત્તો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

બહારના નિમિત્તો છે ને? જેટલે અંશે સ્વભાવમાં શુદ્ધિમાં ઠરી ગયો ક્ષયપણે એટલે અંશે કર્મ તરફનો ક્ષય થયો, એટલે અંશે બધા નિમિત્તો તરફનો પણ ક્ષયભાવ થયો. સમજાણું કાંઈ? એમ '**મન, વચન, કાય,...**' મન-વચન અને કાયાનું જે વલણ છે ને એને શુદ્ધતાના અંતરમાં ઉગ્રપણે વલણ કરીને ઠરવું, એ મન-વચન-કાયાના ક્ષયરૂપી મોહક્ષીણનો અથવા એના ક્ષયનો સ્તુતિરૂપ ભાવ કહેવાય છે. એમ પાંચ ઇન્દ્રિય. '**એ પદો મૂકી સોળ સૂત્રો વ્યાખ્યાન કરવા અને આ પ્રકારના ઉપદેશથી બીજાં પણ વિચારવાં.**' અસંખ્ય પ્રકાર છે.

'**ભાવાર્થ :- સાધુ...**' એટલે આત્મા '**પહેલાં પોતાના બળથી ઉપશમ ભાવ વડે મોહને જીતી,...**' પહેલાં એટલે અહીંયાં આ ૩૨ની વાત છે. ૩૧ની જુદી પડી ગઈ. સાધુ એટલે ધર્મી જીવ, પહેલાં આત્માને અંદર આનંદમાં એકાગ્ર થઈને દુઃખદાયક વિકલ્પથી ભિન્ન પડી ગયો છે એને પ્રથમ જિન, જિતેન્દ્રિય જિન અને આત્માની સ્તુતિ પહેલા પ્રકારની કરી એમ કહેવાય છે. સમજાણું કાંઈ? પછી '**પોતાના બળથી ઉપશમભાવ વડે...**' જેમ પાણીમાં મેલ હોય અને મેલ હેઠે ઠરે અને પાણી ઉપર નીતરી જાય એમ કર્મનું ઉપશમપણું થાય. હજી પડ્યું છે. એટલો ઉપશમ રસ પ્રગટ થાય તે '**વડે મોહને જીતી, પછી જ્યારે પોતાના મહા સામર્થ્યથી મોહનો સત્તામાંથી નાશ કરી જ્ઞાનસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત થાય...**' લ્યો! ક્ષીણમોહ હતું ને? જ્ઞાનસ્વરૂપ સમ્યગ્દર્શનમાં તો પ્રાપ્ત હતો પણ એટલો નહોતો પ્રાપ્ત કે જેમાંથી ક્ષયપણું થઈને સ્થિરતા થાય. એટલો નહોતો. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપ, પરમસ્વરૂપ ભગવાન આત્મા એને પ્રાપ્ત થાય ત્યારે તે ક્ષીણમોહ જિન કહેવાય છે.

'**હવે અહીં આ નિશ્ચય-વ્યવહારરૂપ સ્તુતિના અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**'

**एकत्वं व्यवहारतो न तु पुनः कायात्मनोर्निश्चया-**
**न्नुः स्तोत्रं व्यवहारतोऽस्ति वपुषः स्तुत्या न तत्तत्त्वतः।**
**स्तोत्रं निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव सैवं भवे-**
**न्नातस्तीर्थकरस्तवोत्तरबलादेकत्वमात्माङ्गयोः।।२७।।**

શું છે સ્તુતિ પહેલા? જુઓ!

**શ્લોકાર્થ :- 'શરીરને અને આત્માને વ્યવહારનયથી એકપણું છે...'** એટલે? ભગવાન આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એને આત્મા કહીએ. એ સિવાય પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિનો વિકલ્પ અને કર્મ એ બધાને શરીર કહીએ. અજીવ કહ્યું ને અહીં? સમજાણું કાંઈ? એ બેને વ્યવહારનયથી એકપણું છે. કહેવામાત્ર એકપણું છે. વ્યવહારનયથી એટલે કહેવામાત્ર. 'જયસેનાચાર્ય'માં તો ભાઈ લખ્યું છે લૌકિક. એવો શબ્દ લખ્યો છે. કથનમાત્ર લખ્યું છે ને વ્યવહારનો અર્થ. અને લૌકિક એવું છે ત્યાં. ઓલા છે ને ૪૩ કે ૩૨. .. એ તો કથનમાત્ર કહો. શરીર અને આત્માનું એકપણું કથનમાત્ર લૌકિકથી છે. આ તો 'દ્રવ્યસંગ્રહ'માં આવ્યું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે ને. ... 'દ્રવ્યસંગ્રહ'માં આવ્યું છે કે વ્યવહારનય... લોકમાં કહેવા માટે કહે છે એનું નામ વ્યવહારનય.

અહીં કહે છે, શરીર અને આત્માને ભગવાન ચૈતન્યજ્યોત આનંદકંદ પ્રભુ, એને અને પુણ્ય-પાપના વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો શુભરાગ કે શરીર એ બધું શરીરમાં, અજીવમાં જાય છે. એક કોર ચૈતન્ય આતમરામ અને એક કોર આખું ગામ. સમજાણું કાંઈ? એને વ્યવહારથી એક છે એમ લૌકિકથી કહેવામાં આવે છે. '**પણ નિશ્ચયનયથી એકપણું નથી;...**' ખરેખરથી ચૈતન્ય ભગવાન... છે ને? જ્ઞાનજ્યોતિ ચૈતન્યસૂર્ય વીતરાગ સમસ્વભાવી બિંબ. આત્મા એટલે સમ વીતરાગ સ્વભાવી શુદ્ધ એવો આત્મા અને પુણ્ય-પાપના રાગ અને નિશ્ચયથી એકપણું નથી. તદ્દન ભિન્ન અનાદિની ચીજ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અનાદિની ભિન્ન?

ઉત્તર :- ભિન્ન જ છે. એણે માની છે કે એક છે. એક છે નહિ. એક હોય તો છૂટી પડે નહિ. કહો, સમજાય છે કાંઈ? એ નિશ્ચયનય નામ સત્યદૃષ્ટિથી સત્યપણે ચૈતન્યના શુદ્ધ સ્વભાવનું સત્યપણું જુઓ તો પુણ્ય-પાપ આદિ વિકલ્પનું અસત્યપણું સ્વરૂપમાં નથી એમ જુઓ તો તે શરીરના સંબંધથી તેનું એકપણું છે નહિ.

'**માટે શરીરના સ્તવનથી...**' એટલે કે પુણ્ય-પાપના વિકારના શુભભાવની પ્રશંસાથી, શુભભાવની પ્રશંસાથી એટલે કે શરીરના સ્તવનથી '**આત્મા-પુરુષનું સ્તવન વ્યવહારનયથી થયું કહેવાય છે,...**' કથનમાત્રથી લૌકિકથી માત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શરીર ને રાગ લઈ લેવો?

ઉત્તર :- બધું એક કોર આ શરીરાદિ. અહીં તો જીવ-અજીવ અધિકાર છે. શુભ-અશુભ રાગ, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ અજીવસ્વરૂપ છે, જીવસ્વરૂપ નહિ.

મુમુક્ષુ :- શરીરસ્વરૂપ કહેવું એને?

ઉત્તર :- એને શરીરસ્વરૂપ કહેવું, અજીવસ્વરૂપ કહેવું, પરજ્ઞેયસ્વરૂપ કહેવું, અચેતન સ્વરૂપ કહેવું, પરદ્રવ્ય સ્વરૂપ કહેવું. સમજાણું કાંઈ?

'**શરીરના સ્તવનથી...**' એટલે કે શુભાશુભ પરિણામ, શુભ આદિ પરિણામની પ્રશંસાથી '**આત્મા-પુરુષનું સ્તવન વ્યવહારનયથી થયું કહેવાય છે,...**' એટલે કથનમાત્રથી કહેવામાત્ર છે. નિશ્ચયનયથી નહિ. એ વસ્તુનું સ્તવન, એ રાગનું સ્તવન એ વસ્તુનું સ્તવન નહિ. પુણ્યભાવની પ્રશંસા કે ઠીક છે, પુણ્યભાવ ઠીક છે તો ભગવાન આત્મા અઠીક છે એમ થયું. એમાં એ લખ્યું છે. એય..! ધર્મચંદજી! ઓલાએ તો એ જ કહ્યું છે અર્થમાં તો આત્મનયો. આ કળશકાર. અંગ એટલે કર્મપિંડ. કેટલામાં છે એ? એકત્વ વ્યવહાર. જુઓ! '**अङ्गयोः**' શબ્દ છે ને? એનો સમસ્ત કર્મકી ઉપાધિકો, અર્થ જ એવો લીધો છે. એકત્વ વ્યવહાર છે ને? '**अङ्गयोः**' છે ને? '**अङ्गयोः**' છેલ્લું. '**आत्माङ्गयोः**' સમસ્ત કર્મની ઉપાધિ કો, એમ લીધું છે એણે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને '**दोनों को व्यवहार कथन मात्रसे...**' એમ લીધું જુઓ! છે ને પણ એ વસ્તુ જ એમ છે ને. એકપણું કહેવું જૂઠું છે. સમજ્યાને? ઓલામાં લૌકિક શબ્દ ક્યાંક છે ખરો. પણ હવે અત્યારે ખ્યાલ નહિ આવે. ઈ એમાં જ છે, હોં! આમાં 'જયસનાચાર્ય'માં છે. લૌકિક છે. આત્માને રાગ અને શરીરનું એક કહેવું લૌકિક કથન-લૌકિક કથન, લોક કથન, વ્યવહાર કથન, કથનમાત્ર કથન (છે). સમજાણું કાંઈ? આહાહા..!

એણે આત્માનું સ્તવન કોઈ દિ' યથાર્થપણે એક સમય કર્યું નથી. સ્તવન કહો કે ગુણગ્રામની પ્રશંસા કહો કે આત્મા છે તેવો માનવો કહો કે આત્મા છે તેવો અનુભવવો કહો. સમજાણું કાંઈ? નિશ્ચયથી તો ચૈતન્યના સ્તવનથી ચૈતન્યનું સ્તવન થાય. જુઓ! આમ આવી ગયું. આમાં આવી ગયું, જુઓ! ઓલો રાગાદિ શરીર બધું એમાં ગયું. નિશ્ચયથી તો... આમાં આવ્યું કે નહિ? એય.. પંડિતજી! '**નિશ્ચયથી તો ચૈતન્યના સ્તવનથી...**' ચૈતન્યના સ્તવનથી. ત્યાં આગળ ઓલો રાગાદિ ચૈતન્ય ન મળે. પુણ્ય આદિ પરિણામ એ ચૈતન્ય નથી. એ તો આંધળા છે. ભક્તિ, શુભ દયા, દાન, વ્રતના પરિણામ એ તો આંધળા-અચેતન છે. કારણ કે એ રાગ નથી જાણતો આત્માને અને નથી જાણતો એને. સમજાણું કાંઈ? ભારે કઠણ વાત. ભોગીભાઈ! આ બધા એકલા ભક્તિમાં માની બેઠા હોય ને ભગવાનની ભક્તિ કરતા કરતા થઈ જશે. ઈ કહે છે કે ભગવાનની ભક્તિનો રાગ છે તે અચેતન છે, આંધળો છે. આંધળો-આંધળો આ દેખવાનો લાભ કરતો હશે? આંધળો દેખવાનો લાભ કરતો હશે? આહાહા..! ભારે ભાઈ! વીતરાગ માર્ગ.. બાપુ! આ તો પરમેશ્વર સર્વજ્ઞ વીતરાગદેવ. એવું આત્માનું તત્ત્વ છે, હોં! એ ભગવાનનું કહેલું તત્ત્વ જ એ છે. એમ કહેશે આગળ, હોં! '**इति परिचित**' છે ને? આગળ (કળશ-૨૮માં) આવશે. કેવળજ્ઞાનીએ એવી વસ્તુનો પરિચય એવો જ કર્યો હતો અને પરિચય કરીને આ કથન કર્યું છે. આહાહા..! અરે..! એને આ ભગવાન આત્મા અતીન્દ્રિય મહાન પદાર્થ. એ જ મહાન (છે). આ રજકણો અને આ છે એની પ્રસિદ્ધિ કરનાર કોણ? રાગ છે, પુણ્ય છે, પાપ છે, શરીર છે એ બધાને પ્રસિદ્ધિ આપનાર કોણ? એ તો આત્મા છે. આ છે.. આ છે... પણ એમાં પ્રસિદ્ધિ આત્માની થાય છે કે હું છું તે આ નહિ અને આ છે તે હું નહિ. સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યના ધામમાં જેના ચૈતન્યના હોવાપણામાં આ રાગ છે, આ પુણ્ય છે એમ આ ચૈતન્યમાં આ નથી. પણ આ છે એમ પ્રસિદ્ધિ પોતાથી જ્ઞાનસ્વભાવથી, પુણ્ય-પાપના ભાવ શરીરની ક્રિયાઓ ભિન્ન છે તેમ એ જ્ઞાન પ્રસિદ્ધ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? એકપણું છે એમ પ્રસિદ્ધ નથી કરતું એમ કહે છે અહીં. '**નિશ્ચયથી તો ચૈતન્યના સ્તવનથી જ ચૈતન્યનું સ્તવન...**' એ તો વ્યવહાર થઈ ગયો. રાગ એ તો કથનમાત્ર થયું. રાગ અને પુણ્યનો વિકલ્પ એ આત્માનો (છે) અથવા આત્માને લાભદાયક (છે) એ તો કથનમાત્ર છે. વસ્તુ છે નહિ. લૌકિક વ્યવહાર .. સમજાણું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'નિશ્ચયથી તો ચૈતન્યના સ્તવનથી...'** ચૈતન્યનું સ્તવન એટલે જ્ઞાનમૂર્તિ ચૈતન્ય જ્યોત. એ ચૈતન્ય જ્યોતમાં એકાગ્ર થવાથી ચૈતન્યની સ્તુતિ (થાય) છે. આહાહા..! એણે આત્માનો ધર્મ જાણ્યો, એણે આત્મા જાણ્યો. એ ચૈતન્ય જ્ઞાનમૂર્તિ રાગને કરે નહિ, પરને કરે નહિ. કેમકે એનામાં એ નથી. પુણ્ય પરિણામ કે શરીરની ક્રિયા કે પરનું, આ દેશનું કરવું એ બધું આત્માના સ્વરૂપમાં નથી. નથી એને માને છે તે જડને આત્મા માને છે.

મુમુક્ષુ :- લોકોનું કલ્યાણ તો થાય.

ઉત્તર :- ધૂળમાંય કલ્યાણ થાતું નથી. કોનું ધૂળમાં થાય? અજ્ઞાની માને છે. કલ્યાણ કોને કહીએ? એને સુખ-દુઃખના સાધનો મળે એ પણ એના કર્મને કારણે મળે છે. એ કાંઈ બીજો એને આપી શકે છે, એમ નથી. સમજાણું કાંઈ? સામાને આહાર-પાણી અનુકૂળતા કે પ્રતિકૂળતા એ તો એની પાસે રહેલું કર્મ છે એની સાથે એને સંબંધ છે તો એના કારણે ત્યાં એને મળે છે. આની સાથે કાંઈ સંબંધ નથી કે આહાર એને આપી શકે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કર્મ નિમિત્ત છે એમ આ પણ નિમિત્ત છે.

ઉત્તર :- ના, એ નિમિત્ત છે એનો અર્થ કે એની સાથે બાહ્ય સંબંધ છે. આની સાથે તો બાહ્ય સંબંધ પણ નથી. કર્મનો, ભગવાન આત્મા સાથે કર્મ રજકણનો સંબંધ છે-બાહ્ય સંબંધ. અભ્યંતર સંબંધ સ્વભાવ સાથે. તો બાહ્ય સંબંધના ફળ તરીકે એને અનુકૂળતા-પ્રતિકૂળતાનું નિમિત્ત મળે બાહ્ય સંબંધ તરીકે, બાહ્ય તરીકે, પણ બીજો કહે કે હું એને અનુકૂળતા-પ્રતિકૂળતા દઈ દઉં એ વાત જ તદ્દન જૂઠી છે. એને બાહ્ય સંબંધ પણ એની સાથે ખરેખર નથી. આહાહા..! એય..! ધુલેલાલજી! આ બધા કર્યા છે ને, આ બધા માથા ફોડ્યા છે ને બધે? પણ હવે આવ્યા... ...એવ દૃષ્ટા, આવે છે ને. હે ભગવાન! મેં હરિહરને પહેલા જોઈ લીધા. આપ જેવા હવે કોઈ ચીજ છે નહિ. ભક્તામર સ્તુતિમાં આવે છે. ભક્તામર છે ને ભક્તામર? એમાં. હે પ્રભુ! આપને મેં જોયા પણ આપ પહેલા ઓલા બધા જોઈ લીધા કે કેવા છે. હવે મારું મન ક્યાંય જતું નથી. 'બીજો મનમંદિર આણું નહિ.' કો'ક ગાતું હતું ખરું. કોણ ગાતું હતું ત્યાં? સવારે કે સાંજે કો'ક ગાતું હતું. આ અહીં ગાતા હતા શ્રવણકુમાર સવારે. અમે દિશાએ નીકળ્યા. નહિ? બહાર હું દિશાએ નીકળ્યો ને. બીજો મનમંદિર આણું નહિ. આવે છે ને? બીજો મનમંદિર આણું નહિ એટલે રાગમાં મારા આત્માને ઠરાવું નહિ એમ કહે છે. એ બીજો મનમંદિર (આણું નહિ). મારા ચૈતન્યના મંદિરમાં રાગને હવે એકપણે કરું નહિ, એમ બીજો મનમંદિર આણું નહિ. ભગવાન ક્યાં હતો? સમજાણું કાંઈ?

એ 'આનંદઘનજી'માં આવે છે ને?

ધર્મ જિનેશ્વર ગાઉં રંગ સૂં, ભંગ મ પડજ્યો હો પ્રીત, જિનેશ્વર.
બીજો મનમંદિર આણું નહિ. એ અમ્હ કુલવટ રીત. જિનેશ્વર,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'એ અમ કુલવટ...' વટ-વટ સમજાય છે? અમારે કાઠિયાવાડીમાં (કહેવાય છે). તમારે શું કહેવાય? કુળની વટ રાખી આણે. હિન્દી ભાષા શું છે? આ બધા બફમ તમારી હિન્દી ભાષા શું છે વટની? કુળની રીત. વટ રાખી કહે. આણે વટ રાખી હોં આપણા કુળની. ટેક. 'અમ કુળ વટ રીત.' અમારા ચૈતન્યના કુળની ટેક-રીત છે કે રાગને આત્મામાં મેળવું નહિ હવે. વીતરાગ ત્રણ લોકના નાથે જેણે રાગને આત્મામાં મેળવ્યો નથી, એના કુળના અમે તીર્થંકરના કેડાયત છીએ. અમે તીર્થંકરના કેડાયત છીએ. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાને પોતાના ચૈતન્યના નિજ કુળમાં રાગને પોતે ખતવ્યો નથી-મેળવ્યો નથી. તો અમે તે કુળના છીએ, પ્રભુ! તારી નાતના, તારી જાતના અને તારી સાથે આવીએ એવા છીએ, એમ કહે છે. સમજાણું કાંઈ? એ પુણ્ય અને પાપના વિકલ્પો, પ્રભુ! અમારી ચૈતન્યની નાતની જાતની ભાતમાં ભળે એવા નથી. કહો, સમજાણું કાંઈ?

કહે છે, '**ચૈતન્યના સ્તવનથી જ ચૈતન્યનું સ્તવન થાય છે.**' એટલે? જે ચૈતન્ય અનંત ગુણનો પિંડ છે તેના સામું જોઈને તેમાં એકાગ્ર થાય તે તેનું સ્તવન છે, એ એની પ્રશંસા છે, એ એની પ્રશંસા છે. એ આત્માના ગુણગ્રામ કર્યા એમ કહેવામાં આવે છે. જેઠાલાલભાઈ! અરે..! વાહ! ભારે વાત ભાઈ! '**તે ચૈતન્યનું સ્તવન અહીં...**' જુઓ હવે. '**તે ચૈતન્યનું સ્તવન અહીં જિતેન્દ્રિય,...**' જુઓ! ત્રણ પ્રકારે કહ્યું. ચૈતન્યનું સ્તવન. ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ પૂર્ણાનંદ સહજાનંદ મૂર્તિ, એનું પહેલું સ્તવન જિતેન્દ્રિય કહ્યું. અંતરમાં દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ભગવાનના ત્રણ લોકના નાથ પણ ઈન્દ્રિયના વિષય, એમાંથી ખસીને એકાકાર આત્માના આનંદમાં થયો તેને નિશ્ચય જૈન આત્માની સ્તુતિનું સ્તવન જિતેન્દ્રિય તરીકે જિન કહેવામાં આવે છે. એ જિતેન્દ્રિય જિન થયો. આહાહા..! સમજાણું કાંઈ?

'**જિતમોહ,..**' ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ સમસ્વભાવી વીતરાગી સ્વરૂપ આત્મા છે. સમસ્વભાવ અકષાય સ્વભાવથી ભરેલો ભગવાન છે. એને સ્વરૂપની અંતરની સ્થિરતા દ્વારા મોહના ઉદયને ઉપશમ કરવો, જીતવો એને આત્મા તરફના ઉગ્ર પુરુષાર્થની શુદ્ધિની અપેક્ષાએ બીજા પ્રકારના ગુણની સ્તુતિ કરી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ત્રીજી. '**ક્ષીણમોહ...**' આમાં ક્યાં આવ્યું ત્રણેમાં? '**ચૈતન્યના સ્તવનથી ચૈતન્યનું સ્તવન થાય છે. તે ચૈતન્યનું સ્તવન...**' માં ત્રણ આ. એમાં રાગ અને પુણ્ય ક્યાંય આવ્યું ત્રણમાં? પણ પહેલેથી કહ્યું હતું કે શરીર અને આત્મા, એમ રાગ અને આત્મા બે વ્યવહારથી એક છે, પરમાર્થે છે નહિ.

મુમુક્ષુ :- વ્યવહારથી...

ઉત્તર :- વ્યવહાર એટલે? કહેવામાત્ર છે. વસ્તુમાં છે નહિ. રાગ અને આત્મા કહેવામાત્ર (એક છે). રાગ અને આત્મા ત્રણ કાળમાં (એક થયા નથી). સમસ્વભાવી અવિકારી સ્વભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પિંડ અને રાગ વિકાર આકુળતા, બે તે કે દિ' એક હોય ત્રણ કાળમાં? એકલો સમસ્વભાવી રસ પિંડ આત્મા છે. વીતરાગી સમસ્વભાવી રસ. અને આ વિકલ્પ તો રાગ વિકાર છે. ચાહે સો દયા, દાન, વ્રત, ભક્તિ કોઈપણ વિકલ્પ હો, વિકાર છે. બે કોઈ દિ' એક હોઈ શકે નહિ. પણ એક સમયની પર્યાયનો સંબંધ છે એમ જાણીને વ્યવહારનય કહે છે કે બે એક છે. ના, નિશ્ચયથી જૂઠું છે તારું. વ્યવહારનય કહે છે, છે. નિશ્ચય કહે છે, તું જૂઠો છો. જૂઠો છો તું. સમજાણું? લખ્યું છે હોં! વ્યવહારનયની સ્તુતિ એ જૂઠી છે. આણે બધે ઠેકાણે જૂઠું-જૂઠું બહું ઠરાવ્યું.

મુમુક્ષુ :- વ્યવહારમાત્ર જૂઠો.

ઉત્તર :- હા. કથનમાત્ર જૂઠો, કહેવામાત્ર. વ્યવહાર એટલે? 'પંચાધ્યાયી'માં તો એ લીધું છે. બોલવું વ્યવહાર એને વ્યવહાર કહ્યો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે કાઢ્યા. ભગવાનમાં ભૂલ હોય તો એમાં ભૂલ હોય. આહાહા..! એણે આત્માની સ્થિતિથી વર્ણન કર્યું છે. લોકોની ચાલતી પદ્ધતિથી કાંઈ વિરૂદ્ધ બીજી વાત હોય એથી કાંઈ ખોટી છે એમ કેમ કહેવું? ચાલતી પ્રણાલિકાથી બીજી વાત હોય સત્યની અને એના પોતાની પ્રણાલિકા સાથે મેળ ન ખાય એથી એ જૂઠી છે એમ કેમ કહેવાય?

મુમુક્ષુ :- એમ જ કહે છે.

ઉત્તર :- એમ જ કહે છે. એ તો ભાઈએ લખ્યું છે નહિ? 'તત્ત્વ મિમાંસા'માં નહિ? 'તત્ત્વ મિમાંસા' છે? શું છે આ? ભાઈએ લખ્યું છે, હોં! જગમોહનલાલજી. પ્રસ્તાવનામાં જગમોહનલાલે લખ્યું છે. સમજ્યા? એમ કે આ પુસ્તકો જે નીકળ્યા છે 'કુંદકુંદાચાર્ય'ના... એ ક્યાંક છે. જુઓ! 'યહ તો અતીત કાલ કી બાત હુઈ. વર્તમાન દૃષ્ટિ સે યદિ વિચાર કરતે હૈં તો ઈસ યુગમેં ભી ઐસે અગણિત સંત મહામુનિ હો ગયે. જો સ્વયં તીર્થંકરો કે માર્ગ પર ચલકર અપને ઉપદેશ દ્વારા ઉસકા દર્શન કરાતે આ રહે હૈ. ઉસમેં પરમ પૂજ્ય કુંદકુંદ આચાર્ય પ્રમુખ હૈ. ઉનકે દ્વારા પ્રણિત સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય આદિ સંસારકી ચાલુ પરીપાટી સે ભિન્ન આત્મસ્વરૂપકા દર્શન કરાતે હૈં.' જુઓ! 'ઉનકે દ્વારા કહે.. ગ્રંથ સંસાર કી ચાલુ પરીપાટી સે આત્મસ્વરૂપકા ભિન્ન દર્શન કરાતે હૈં. ઉનકે ઈન ઉપદેશોંસે લૌકિકજન હિચકતે હૈં. ઐસા માલૂમ પડતા હૈ કિ જિન આધારોં પર હમ અપના અસ્તિત્વ માનતે આ રહે હૈ વહ ખીદક રહે હૈં.' હાય.. હાય, નાશ થઈ જશે. 'ઉનકે ખંડિત હો જાને પર હમ નિરાધાર હો જાવેગેં. હમારે અસ્તિત્વ કા લોપ હો જાયેગા. ઉનકા યહ ભય વૃથા હૈ. વાસ્તવિક ખતરા તો પરકે આશ્રય સે હી હૈ.' વાસ્તવિક નુકસાન તો પરના આશ્રયે છે અને એમાંથી તને પરનો આશ્રય છોડાવે છે. હાય.. હાય, મારું બધું વયું જાય છે. પંડિતજી!

'પર કે આશ્રય સે ખતરા હૈ.' નુકસાન છે. તો પર કે આશ્રય સે ખીસકને કી બાત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરતે હૈં કિ તેરા આશ્રય કર. પર કા આશ્રય છોડ. હાય હાય તો આપણું કાંઈ નહિ રહે. પણ ખરેખર તો પરના આશ્રયમાં તને નુક્સાન છે. સમજાણું કાંઈ? એ લૌકિક શબ્દ છે સંસ્કૃતમાં ક્યાંક. જોજોને. ૩૨-૩૩માં કે ૩૧માં ક્યાંક છે. 'જયસેનાચાર્ય'માં. સમજાણું કાંઈ? ચિહ્ન નહિ કર્યું હોય. ખ્યાલ રહી ગયો હોય. આની સ્તુતિ એ સ્તુતિ. જુદા જુદા તીર્થંકરની સ્તુતિ એ બધો શુભભાવ-પુણ્ય. ધર્મ નહિ.

દુનિયાના પાપની પ્રશંસા કરે છે એના કરતાં ધર્મીની પ્રશંસા તે શુભભાવ છે. પણ એની પણ યથાર્થ પ્રશંસા કરવા જાય કે આ બરાબર છે તો મિથ્યાદષ્ટિ છે. આત્માના સ્તવનની અપેક્ષા રાખીને અંદર શુભભાવમાં જાય છે તેને વ્યવહાર કહેવાય છે. આત્માની પ્રશંસા ગુણના અનુમોદનની રાખીને. એકલી પ્રશંસા છોડી દે અને એકલી પ્રશંસા રાગમાં અને પરમાં જાય તો બહિર્મુખી પ્રશંસા થઈ ગઈ. અંતર્મુખી જતી રહી. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! વીતરાગ માર્ગ જગતને કાને પડતા એને એમ થઈ જાય કે હાય હાય અરે..! અમે છીએ ત્યાંથી ચાલ્યા જઈશું, હોં! કીધું ને. અમારો આધાર વયો જશે. પણ એ આધાર નથી, બાપા! ખરું નથી. ખરું નુક્સાન તો પરાશ્રય ભાવમાં છે. ખરું નુક્સાન તો પરાશ્રય ભાવમાં છે. પરાશ્રયથી છોડાવવામાં અમે ચાલ્યા જઈશું અને અમારો લોપ થઈ જશે એમ નથી પણ તારી જાગૃતિ થશે એમ કહે. આહાહા..! સમજાણું કાંઈ?

દિશા ફેરે માની લીધું છે ને એટલે આ વાત આવે હાય હાય આ બધું થઈ રહ્યું. જૈન ધર્મનો લોપ થશે. દેરાસરમાં તાળા પડશે, ઓલો કહે, અપાસરામાં તાળા પડશે. વળી એક જણો એમ કહેતો હતો. આ જો 'કાનજીસ્વામી'નું માનીએ તો અપાસરે તાળા દેવા પડે. વળી એક જણો એમ કહેતો હતો. ચુડામાં. એય..! તમારો ઓલો. વ્હોરા નહિ, વ્હોરો શું કેવો? રતિલાલ. રતિલાલ. રતિલાલ માસ્તર. તે દિ' (સંવત) ૧૯૯૯માં. ૯૯ની સાલ. માણસો બહુ આવતું હતું. પછી કહે આ તો.. આવ્યા હતા ખરા બે વાર વ્યાખ્યાનમાં સાંભળવા. પણ આમનું સાંભળવા જઈએ અને નક્કી કરીએ તો અપાસરે તાળા દેવા પડે. સામાયિક કરીએ, પોષા કરીએ, પડિકમણા કરીએ એમ માનીએ એ તો ધર્મ રહ્યો નહિ. એય..! જયંતિભાઈ!

આ તો વીતરાગ ત્રણલોકના નાથનો માર્ગ છે. ફલાણાનો વ્યક્તિનો અહીં ક્યાં છે? અહીં તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ સો ઈન્દ્રોની ઉપસ્થિતમાં સમવસરણમાં ભગવાનની દિવ્યધ્વનિમાં આ વાત આવી છે. ખસ પાછો, વ્યવહારથી ખસ પાછો અને જા અંદરમાં. એમાં તને વ્યવહારનો લોપ લાગતો હોય તોપણ લાગવા દે. અને યથાર્થ જીવનું જાગૃતપણું એમાં છે. આ.. ખોટું તૂટશે અને સાચું રહેશે. લે. જયંતિભાઈ! કહો, સમજાણું આમાં? આહાહા..! અરે..! એક એક વાત વીતરાગની, સંતોની કેટલી ગંભીરતાથી પૂર્ણ રૂપને બતાવવાની કાંઈ શૈલી એની! સમજાય છે? 'શ્રીમદ્દે' નથી કહ્યું? શી એની શૈલી! શી એની ગંભીરતા! એક પત્રમાં આવે છે. સંતોની શું શૈલી! શું એની ગંભીરતા! શું એની રીત કહેવાની! અહો..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહો..! 'શ્રીમદ્' તો ઘણું .. કહ્યું પણ લોકો એને પણ ઓળખી શક્યા નથી. એનેય વાડામાં કૂટ્યા.

મુમુક્ષુ :- એની ભક્તિ તો...

ઉત્તર :- ભક્તિ ક્યાં? યથાર્થ ભાન વિના ભક્તિ કેવી? સમજાણું કાંઈ? આ તો વીતરાગ માર્ગ છે, કોઈ વ્યક્તિનો માર્ગ નથી. સમજાણું કાંઈ? કહે છે..

મુમુક્ષુ :- સમજવું એને...

ઉત્તર :- હા. પછી હો. પણ વાસ્તવિક ચીજ વિના એ વ્યવહાર બધા થોથાં છે. સમજાણું કાંઈ?

ખરેખર તો... જુઓને! '**નિશ્ચયનયથી નહિ...**' એમ કહ્યું ને? ક્યાંક છે ખરું ગમે ત્યાં નાખ્યું. લૌકિક આમાં હશે ક્યાંક તો હોં! આમાં હશે, હોં! આમા હશે. શું કીધું એ શ્લોક શું છે? આમાં જ છે ભાઈ! મેં કીધું, મેં વાંચ્યું છે. '**मुकायात्मनोः देहदेहिनोः एकत्वं कथंचिदेकता व्यवहारतः व्यवहारनयमाश्रित्य लोकव्यवहारं वा**' અહીં ચિહ્ન કર્યું છે. લોક વ્યવહાર. 'પરમ અધ્યાત્મ તરંગિણી' છે ને? લોકવ્યવહાર. મેં કીધું હાથ કેમ ન આવ્યું? લોક વ્યવહારથી કહેવામાં આવે છે. વાસ્તવિક ભગવાનના માર્ગથી નહિ. 'પરમ અધ્યાત્મ તરંગિણી' છે ને? બરાબર આમાં આવી ગયું. પછી વળી યાદ આવ્યું ક્યાંક હશે. કહો, સમજાણું આમાં?

એ રાગ અને આત્મા એક તો લોક વ્યવહાર છે, સાચો વ્યવહાર નથી. કેમ ભાઈ? સાચો વ્યવહાર નહિ એમ કહેવું છે. સાચો વ્યવહાર તો રાગથી ભિન્ન પડી ચૈતન્યમાં અંતર એકાગ્ર થાય પછી ભગવાનની ભક્તિનો વ્યવહાર રાગ આવે એને વ્યવહાર કહેવામાં આવે છે. રાગને એકત્વ માનવું એ સાચો વ્યવહાર પણ ક્યાં છે? એ લોક વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તે ચૈતન્યનું સ્તવન...**' ભગવાન આત્મા શુદ્ધ નિર્મળાનંદ પ્રભુ, તેનું જિતેન્દ્રિય સ્તવન, જિતમોહ સ્તવન અને ક્ષીણમોહ '**એમ (ઉપર) કહ્યું તેમ છે. અજ્ઞાનીએ તીર્થંકરના સ્તવનનો જે પ્રશ્ન કર્યો હતો તેનો આમ નયવિભાગથી ઉત્તર દીધો;...**' ઓલા કહે છે ને ભગવાન આવા હતા, રૂપાળા હતા. એને વૈભવ હતો અને અષ્ટ પ્રાતિહાર્ય હતા. એ ભગવાનના ગુણ નહિ. બહારના નગરના વખાણ કરે અને ખાઈના વખાણ કરે, એ કાંઈ રાજાના વખાણ નથી. એમ આવો વૈભવ ભગવાનને હતો, આવા ઈન્દ્રો આવતા અને આવા કરતા, એ ભગવાનના વખાણ નહિ. સમજાણું કાંઈ? અજ્ઞાનીએ તીર્થંકરના સ્તવનનો જે પ્રશ્ન કર્યો હતો તેનો આ નય વિભાગ(થી ઉત્તર આપ્યો). બાપુ! એ વ્યવહારનય કહેવાય છે, વાસ્તવિક છે નહિ.

'**તે ઉત્તરના બળથી એમ સિદ્ધ થયું કે આત્માને અને શરીરને...**' '**अङ्गयो**' આત્માને અને આ ચૈતન્ય સ્વભાવ સિવાયનો જેટલો ભાગ તે બધા અંગમાં જાય છે. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ? એ પાઠમાં જ છે ને. જુઓને! સમજાણું? '**चित्स्तुत्यैव**' જ્ઞાનસ્તુતિ. જ્ઞાન આનંદસ્વરૂપ જ્ઞાન એનાથી વિરૂદ્ધનો જેટલો ભાવ એ બધો શરીરમાં, અંગમાં, કર્મ પિંડમાં બધું જાય છે. શશીભાઈ! ચાલતી પ્રણાલિકાને ઘા વાગે ને (એટલે) લોકો ખળભળી ઉઠ્યા છે, ખળભળી ઉઠ્યા છે. અરે..! ભગવાન! આ તો માર્ગ લોપ (થાય છે). પ્રભુ! પણ તું જે માને છો એનો લોપ કર્યા વિના સાચું થાય એવું નથી. લે કહે. જેઠાલાલભાઈ! આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવની દિવ્યધ્વનિનો પોકાર છે. વસ્તુના સ્વભાવનો એ પોકાર છે. વસ્તુ ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્મા છે, એની અંદર સામું જોઈને એકાગ્રતા થવું એ જ એની સ્તુતિ છે. પરની સામું જોઈને સારા છે એમ માનવું એ આત્માની સ્તુતિથી બહાર દુઃખની સ્તુતિ છે. દુઃખની સ્તુતિ છે. આહાહા..! એકલા શુભભાવ પણ દુઃખરૂપ છે. એકલો શુભભાવ ભક્તિનો, દયાનો, વ્રતનો, સ્તુતિનો, નામ સ્મરણનો એ બધો દુઃખરૂપ છે. કેમકે શુભરાગ આકુળ છે. આકુળતા તે દુઃખરૂપ છે. એને ઠીક માનવું અને અનાકુળ આનંદને અઠીક માનવું એ સ્તુતિ મિથ્યા સ્તુતિ છે. આહાહા..!

મુમુક્ષુ :- જૈનો ઘટી જશે.

ઉત્તર :- જૈન ક્યાં હતા પણ? કોણ ઘટે? અહીં તો જિન કહે છે. થાશે. આવું કરશે એ જિન થાશે. નહિતર જિન છે નહિ. આહાહા..!

બાપુ! આવો માર્ગ મળ્યો, ભાઈ! આવો કાળ મનુષ્યપણું મળ્યું. વીતરાગ માર્ગનું શરણ નહિ લે (તો) ક્યાંય આરા નથી. દુનિયા જુઓને સાંભળી શકે તો. આહાહા..! ઘડીમાં કહે ઓલો અહીં મરી ગયો, ઓલો કહે અહીં મરી ગયો. ૩૦ વર્ષનો જુવાન ક્યાંક મરી ગયો પાણી પીતો પીતો. ઓલો કહે, અહીં મરી ગયો. ઓલા છોકરાને મારી નાખ્યા, ચીરી નાખ્યા. જુઓને આ તે કાંઈ માણસપણામાં.. આહાહા..! મન્યતે ઈતિ માનવ. અંદર જ્ઞાયતે ઈતિ જ્ઞાન કરીને સ્વરૂપની દૃષ્ટિ કરવી એનું નામ માનવ. 'ગોમ્મટસાર'માં આવે છે. 'ગોમ્મટસાર' ચાર ગતિની વાત કરી છે ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ. ત્રિયંક-તિરછું. આ શરીર તિરછા આમ મળે ને? આડા. પાપ-પુણ્ય એવા માયા કપટ કરે ને તો આ આડાને હિન્દીમાં શું કહે? ટેઢા. આ શરીર આડા મળે. ગાય, ભેંસ, બકરા આમ આડા હોય છે. તો આડોડાઈ બહુ કરેલી પૂર્વે. આ માણસ. પણ બાપુ! માણસમાં તું મન્યતે.

'શ્રીમદ્દે' એક સોળ વર્ષે લખ્યું. સોળ વર્ષે લખ્યું છે. પાઠ. મોક્ષમાળાનો પાઠ સોળ વર્ષે. માણસ કોને કહેવો? કે સત્-અસત્‌નો વિવેક કરે એને માણસ કહેવો. ભોગીભાઈ! આવે છે? મોક્ષમાળામાં આવે છે. સત્ય-અસત્યનો વિવેક કરે તેને માણસ કહેવો. આ પાંચ ઈન્દ્રિય મળી એને માણસ કહે તો વાંદરાને પૂંછડું મળ્યું છે વધારે. તો મોટો માણસ એને કહેવો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એય..! સેઠી! સોળ વર્ષે મોક્ષમાળા બનાવી ૧૦૮ પાઠ. ૧૦૮ પાઠ હોં! ક્ષયોપશમ આ ક્યાંથી આવ્યા એની ગતિ દેખાય છે એમાં. ૧૦૮ પાઠ મોક્ષમાળામાં. ક્યાંથી આવ્યા એ ખબર નથી પડતી? આટલો ક્ષયોપશમ તે ક્યાં કોઈ મરી જાય તો કોઈને ત્યારે નહોતો. સમજાણું કાંઈ? એણે પાઠ બનાવતા કહ્યું કે માણસ કોને કહેવા? પાંચ ઈન્દ્રિય આ મળ્યું (તે માણસ). તો તો વાંદરાને પાંચ ઈન્દ્રિય મળી છે તારા જેવી અને એને પૂંછડું સાડા ત્રણ હાથનું વધારે છે. મોટો માણસ એને કહેવો. જેઠાલાલભાઈ! ટૂંકો શબ્દ. સોળ વર્ષે ટૂંકો શબ્દ. સત્ય-અસત્યનો વિવેક. સત્ સચ્ચિદાનંદ ભગવાન અને અસત્ પુણ્ય-પાપના વિકલ્પાદિ બધું અસત્. બેને ભિન્ન પાડવું એનું નામ માણસ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે? છે મોક્ષમાળામાં પાઠ. સમજાણું કાંઈ?

કહે છે, **'તે ઉત્તરના બળથી એમ સિદ્ધ થયું કે આત્મા અને શરીરને...'** એટલે કે ચૈતન્ય સ્વરૂપ એવો ભગવાન આત્મા અને એનાથી વિરૂદ્ધ બધું તે શરીર અને કર્મ પિંડમાં જાય છે. એને **'એકપણું નિશ્ચયથી નથી.'** એનું એકપણું ખરેખર નથી. કહો, સમજાણું આમાં.

**'હવે વળી આ અર્થને જાણવાથી ભેદજ્ઞાનની સિદ્ધિ થાય છે...'** જુઓ! એ ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા અને પુણ્ય-પાપના રાગાદિ બધું શરીર પરરૂપ એવું જાણવાથી રાગથી ભગવાન આત્માનું ભેદ જુદું પડે છે. જુદું પડતા તેને શાંતિ મળે અને આત્માનું જ્ઞાન થાય છે. **'એવા અર્થવાળું કાવ્ય કહે છે :-'**

**इति परिचिततत्त्वैरात्मकयैकतायां**
**नयविभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम्।**
**अवतरति न बोधो बोधमेवाद्य कस्य**
**स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव।।२८।।**

**શ્લોકાર્થ :-** અહો..! **'જેમણે વસ્તુના યથાર્થ સ્વરૂપને પરિચયરૂપ કર્યું છે એવા મુનિઓએ...'** સર્વજ્ઞો આદિ. **'જેમણે વસ્તુના યથાર્થ સ્વરૂપને...'** પરિચયનો અર્થ ત્યાં ઓલામાં સર્વજ્ઞ કર્યો છે. 'કળશટીકા'. પરિચય એટલે સમસ્ત પ્રકારે છે ને? બધા પ્રકારે જેણે સ્વરૂપને જાણ્યું છે. એક સમયમાં ભગવાન સર્વજ્ઞે વસ્તુના સ્વરૂપને પરિચયથી અનુભવમાં લીધું. એવા સંતોએ **'જ્યારે આત્મા અને શરીરના એકપણાને આમ નયના વિભાગથી યુક્તિ વડે જડમૂળથી ઉખેડી નાખ્યું છે-'** **'इच्छादितायाम्'** **'अत्यन्तमुच्छादितायाम्'** આત્મા અને શરીરનું એકપણું અથવા રાગાદિનું એકપણું પુણ્ય-પરિણામનું **'આમ નયના વિભાગની યુક્તિ વડે જડમૂળથી ઉખેડી નાખ્યું છે-'**

ભગવાન જ્યારે આમ કહે છે કે ભાઈ! ચૈતન્ય ભગવાન તો આનંદસ્વરૂપ છે. તને આ રાગાદિ, શરીરાદિમાં પ્રેમ લાગતો હોય... સમજાણું? કંઈપણ વિષયની સામગ્રીમાં પ્રેમ લાગતો હોય, કંઈ પણ પુણ્યના ભાવમાં પ્રેમ લાગતો હોય, એના ફળની આ સામગ્રી શરીર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સુંદર આદિમાં તને ઠીક લાગતું હોય તો તે તું જડની સ્તુતિ કરે છો. ભગવાને જડમાંથી ઉખેડી નાખ્યું. એ બધું તારી ચીજમાં નથી. સમજાણું કાંઈ? તારા પ્રેમમાં, તારો પ્રેમ જો ક્યાંય લૂંટાઈ ગયો હોય, તારા ચૈતન્યના જ્ઞાયક સ્વભાવ સિવાય કોઈપણ વિકલ્પ અને તેના ફળ તરીકે બાહ્ય સુંદરતા શરીરની, સામગ્રીની અનુકૂળતા એમાં ક્યાંય તને અધિકપણે હોંશ આવતી હોય તો તું શરીરને જ આત્મા માનનારો છો.

મુમુક્ષુ :- ક્યા ગુણસ્થાનની વાત...

ઉત્તર :- ચોથાની. એ મુનિથી વાત કહે છે. મુનિઓ કહે છે, એમ કહે છે. મુનિઓ કહે છે. છે ચોથાની. મુનિઓ આમ કહે છે કે શરીર અને આત્મા બે એક ત્રણ કાળમાં છે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો કેવળી કહે છે એમ લીધું. અહીં તો મુનિ લીધા છે. આમાં તો કેવળી. સર્વજ્ઞ પરિચય. સર્વજ્ઞ કહે છે. એમાં ગમે તે કહે, પણ કહે છે શું? સમજાણું? આત્માનું એકત્વ આવે છે ને? શું આવ્યું આ? પરિચય? '**परिचिततत्त्वै :- सर्वज्ञे विवरण-(परिचित) प्रत्यक्ष जाना है।**' પરિચિતનો અર્થ એમ લીધો છે. '**परिचिततत्त्वै :- सर्वज्ञे विवरण-(परिचित) प्रत्यक्ष जाना है। (तत्त्वै) जीवादि समस्त द्रव्योंके गुण-पर्यायोंको जिन्होंने ऐसा सर्वज्ञदेव के द्वारा...**' એ તો મુનિ છે ને. મહામુનિ છે ને. 'પંચાસ્તિકાય'માં આવે છે ને પહેલો શ્લોક. '**समणमुहुग्गदमट्ठं**' શ્રમણના મુખમાંથી નીકળેલું. એ શ્રમણ એટલે કેવળી, હોં! કેવળીની વાત છે ત્યાં. 'પંચાસ્તિકાય' છે ને. બીજી ગાથા. '**समणमुहुग्गदमट्ठं**' શ્રમણના મુખમાંથી. શ્રમણ એટલે મહામુનિ કેવળી. શ્રમણના મુખમાંથી-સર્વજ્ઞ મહામુનિના મુખમાંથી નીકળેલા એવા પદાર્થ.. ટીકામાં જ છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! ટીકા જ છે. '**श्रमणा हि महाश्रमणाः सर्वज्ञवीतरागाः**' 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા. આપણે આચાર્યનું હૃદય હોય એ કહેવું ઠીકને. આચાર્ય આમ કહે છે. અહીં તો સાક્ષી ચાર પુસ્તકમાં તો એટલું ભર્યું છે. ઓહોહો..! જુઓ અહીં '**श्रमणा हि महाश्रमणाः सर्वज्ञवीतरागाः**' મહાશ્રમણ શ્રી સર્વજ્ઞ વીતરાગ. વીતરાગના મુખમાંથી નીકળેલું છે કે ભાઈ! એ શરીર અને આત્મા એકપણે નથી. એ તો નયથી, લૌકિક વ્યવહારથી કહ્યું. વસ્તુ તદ્દન ચૈતન્ય ભગવાન અને રાગ ત્રિકાળ જુદા, ત્રિકાળ જુદા (છે). કાર્મણ શરીરનો .. વિકાર એ પણ અંગમાં, પરમાં જાય છે. આત્મામાંથી તો આનંદ અને શાંતિ આવે. એમાંથી તે વળી કર્મ અને વિકાર ફાટતા હશે? સમજાણું કાંઈ? એવો પરિચિત. એણે આ કહ્યું છે. '**અત્યંત નિષેધ્યું છે,...**' તો હવે કોણ ન પામે આત્માને? વિશેષ વાત કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો વદ ૯, સોમવાર, તા. ૭-૧૧-૧૯૬૬**
**શ્લોક-૨૮, ગાથા-૩૪ પ્રવચન નં. ૯૬**

આ જીવ-અજીવ અધિકાર, એનો કળશ ચાલે છે. ૨૮મો કળશ. જીવ અને અજીવની ભિન્નતા કહે છે. જીવ સ્વભાવ એ જ્ઞાનસ્વભાવ છે. એ જડથી, રાગથી, કર્મથી તદ્દન જુદો છે. એમ ભગવાને વસ્તુના યથાર્થ સ્વરૂપને પરિચયરૂપ કર્યું એવા મુનિઓએ, સર્વજ્ઞ પરમેશ્વરે પૂર્ણ સ્વરૂપને જેણે સર્વજ્ઞપણામાં જાણ્યું છે. એણે '**આત્મા અને શરીરના એકપણાને આમ નયના વિભાગથી યુક્તિ વડે જડમૂળથી ઉખેડી નાખ્યું છે-**' ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવી આત્મા અને પુણ્ય-પાપ રાગ અને શરીરાદિ જડસ્વભાવી વસ્તુ, બેના એકપણાનો નય વિભાગ. વ્યવહારથી કહેવામાત્ર લોકોક્તિમાં મનુષ્યો કહે એ અપેક્ષાએ ભલે કહો કે રાગ ને શરીર ને આત્મા એક (છે). પણ આત્મા એક છે નહિ. '**અત્યંત નિષેધ્યું છે,...**' ભગવાન જ્ઞાનસ્વભાવ આત્મા એ રાગથી, શરીરથી અત્યંત ભિન્ન (છે). બેના એકપણાનો અત્યંત નિષેધ કર્યો છે.

હવે આ જરી આચાર્ય કહે છે કે અરે..! '**ત્યારે ક્યા પુરુષને જ્ઞાન તત્કાળ યથાર્થપણાને ન પામે?**' સર્વજ્ઞ પરમેશ્વર એમ જ્યારે જાણે છે અને કહે છે કે આત્મા જ્ઞાનસ્વભાવી દળ અને વિકાર ને શરીરાદિ તદ્દન જુદા છે. નિશ્ચયથી બેનું સત્ એક નથી. બેનું સત્ એક નથી. ચૈતન્ય સત્ અને રાગનું સત્, શરીરનું સત્ બે એક નથી. સમજાણું કાંઈ? એમ જ્યારે સર્વજ્ઞ પરમેશ્વરે વ્યવહારના કથનથી કહ્યું કે નિમિત્તથી એક છે વ્યવહાર. કહેવા માત્ર. નિશ્ચયથી ભિન્ન છે એમ જ્યારે કહ્યું '**ત્યારે ક્યા પુરુષને જ્ઞાન...**' એટલે આત્માનું સ્વરૂપ '**તત્કાળ યથાર્થપણાને ન પામે?**' ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી આનંદ રૂપી છે અને રાગાદિ ભિન્ન છે એમ ક્યા પુરુષને આ પ્રમાણે આત્મબોધ ન થાય? એમ કહે છે. સમજાણું કાંઈ? '**અવશ્ય પામે જ.**' અહીં તો એક જ સિદ્ધાંત લીધો છે. ભગવાનના મુખમાંથી વાણીમાં એમ આવ્યું કે ભગવાન આત્મા એ ચૈતન્ય સ્વભાવી આનંદદળ છે. એમાં રાગનો સ્પર્શ નથી. સમજાણું? આ તો એ પ્રશ્ન થયો હતો ભાઈ હમણાં. ઓલું આવે છે ને ત્રીજી ગાથાનું? '**अचुम्बिनोऽपि**'. એક પદાર્થ બીજા પદાર્થને ચુંબતો નથી, સ્પર્શતો નથી, અડતો નથી, છુતો નથી. ભાઈ! શું?

મુમુક્ષુ :- એક પદાર્થ બીજા પદાર્થને અડતો નથી.

ઉત્તર :- અડતો નથી? અગ્નિ આ લૂગડાને અડતી નથી અને કપડામાં ભડકો થાય. કહો, બરાબર છે? શું બરાબર છે? છરી. એ છરી હોય છે ને છરી? એ શાકને અડતી નથી અને ટૂકડા થાય છે.

મુમુક્ષુ :- પત્થર પત્થર..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- પત્થર તો ક્યાંય રહ્યા. ઠીક છે. આહાહા..!

અહીં તો એક પ્રશ્ન કર્યો હતો. '**चुम्बिनोऽपि**' અને '**अनालीढ**' ફેર શું છે? પંડિતજી! ત્રીજી ગાથામાં '**अचुम्बिनोऽपि**' કહ્યું છે. એક દ્રવ્યને પ્રત્યેક દ્રવ્યના પ્રત્યેક અનંત ધર્મ પોતામાં ચુંબે છે. પણ પરદ્રવ્યની સાથે સ્પર્શ નથી. એક વાત. અને 'પ્રવચનસાર'ની ૧૭૨ ગાથા કે દ્રવ્ય, ગુણને અણાલિઢ છે. અને દ્રવ્ય પર્યાયને અણાલિઢ છે. એ બેમાં ફેર છે શું? કારણ કે આમાં પ્રદેશ એક છે. છતાં એક થતાં નથી. દ્રવ્ય તે પર્યાય થતી નથી અને પર્યાય તે દ્રવ્ય થતું નથી. અહીં તો અચુંબીતો કીધું. એક દ્રવ્ય બીજાની સાથે એક થતું નથી એમ નહિ.

મુમુક્ષુ :- સ્પર્શ નથી કરતું.

ઉત્તર :- સ્પર્શ નથી કરતું. આહાહા..! જગતને તો ભ્રમ પડે એવું છે ને. પ્રત્યેક આત્મા અને પ્રત્યેક રજકણ એક એક પોઈન્ટ રજકણ, પોતે બીજા રજકણ સાથે સ્પર્શતો નથી, અડતો નથી. કર્મનો ઉદય જીવને સ્પર્શતો નથી, અડતો નથી.

મુમુક્ષુ :- સ્પર્શગુણ ક્યાં ગયો?

ઉત્તર :- સ્પર્શ સ્પર્શમાં છે. સ્પર્શ એનામાં રહ્યો. સમજાય છે કાંઈ? એક થતું નથી એ જુદી વાત છે. અહીં તો સ્પર્શતો જ નથી. સ્પર્શે તો એક થઈ જાય છે. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા શરીરને સ્પર્શ્યોય નથી, રાગને અડ્યોય નથી એમ કહે છે. ભિન્ન કહ્યું ને ભગવાને? નિશ્ચયના સત્‌થી ચૈતન્ય શુદ્ધ જ્ઞાનાનંદ પ્રભુ આત્મા એ રાગને અડ્યો નથી. રાગ અને ચૈતન્ય સ્વભાવ વચ્ચે અત્યંત અભાવ છે.

મુમુક્ષુ :- પ્રદેશ ભેદ છે.

ઉત્તર :- પ્રદેશ ભેદ એ તો વળી... વસ્તુ જુદી. આહાહા..! ભારે તત્ત્વ, ભાઈ!

મુમુક્ષુ :- પુદ્‌ગલ..

ઉત્તર :- પુદ્‌ગલે પુદ્‌ગલ રજકણ રજકણને અડે નહિ. આ અડે નહિ. સવારમાં કહ્યું હતું ઉઠીને પહેલું. પેલો છોકરો આવ્યો હતો.. એલા..! આ ટાઢ શરીરને અડે નહિ તો કપડું ઓઢવું શું કરવા? સમજાણું? ઠંડી પડે ને ઠંડી? એ તો રજકણ છે ઠંડીના. શરીરને અડતા નથી એમ કહે છે ભગવાન. આહાહા..! કાલે કહ્યું હતું ને? વજુભાઈ! નહિ? 'શ્રીમદ્‌'નો ઓલો પત્ર એક. લોકસ્થિતિ જ એવી છે અસત્યનો આગ્રહ કરાવવાવાળી. અને સત્યનું ભાવન કરવું અતિ વિકટ છે. જગતની દૃષ્ટિમાં આમ ભિન્ન છે તે ભિન્ન તે એક કેમ સ્પર્શે? સ્પર્શે તો તો એકબીજા વચ્ચે તો અભાવ છે. અભાવપણું એકબીજામાં (હોય) એમાં ભાવપણું આમ કેમ થાય? આહાહા..! એમ ભગવાન આત્મામાં શરીરનો અત્યંત અભાવ અને એમ રાગરૂપી વિકારનો આત્મસ્વભાવમાં અત્યંત અભાવ.

સવારે કહ્યું હતું થોડું કે એ કપડું કોણ લે ઓઢે? એ તો એ પ્રસંગે વિકલ્પ હોય અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કપડું આવવાનું હોય તો આવે અને ત્યાં પડવાનું હોય તો પડે. એવી વાતું આકરી બાપુ, ભાઈ! એક એક રજકણમાં ષટ્કારક એક એક ગુણમાં થઈ રહ્યા છે. ભગવાન! એવી વાત છે, બાપુ! એક એક આ રજકણ છે ને પોઈન્ટ આ તો મોટો સ્કંધ છે. એનો એક રજકણ, એમાં અનંતા ગુણો (રહેલાં છે), એમાં એક એક ગુણનું ષટ્કારકપણે પરિણમન છે. એક એક રજકણ પોતાના કર્તાપણાનું કાર્ય કરે, પોતાનું કર્મ કરે, પોતાના કરણથી, પોતાથી કરે, પોતાના આધારે કરે, પોતાને કરીને પોતામાં રાખે. એક રજકણ ક્યાંક અહીં હોય અને માથે આ રજકણ છે એ આ રજકણને આધારે છે એમ નથી. આ શરીર પાટને આધારે રહ્યું છે એમ નથી, એમ કહે છે. એય..! બાબુલાલજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ અડે છે? અડે કોણ? આહાહા..! વીતરાગી દર્શન અલૌકિક છે! ભાઈ! એ વાત બીજે ક્યાંય હોય નહિ. એ ત્રીજી ગાથા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. ને? એ બધી ભક્તિ-ફક્તિ સમજ્યા વિનાની ભક્તિ. કરો ભક્તિ. અહીં તો કહે છે કે ત્રણ લોકના નાથ સમવસરણમાં બિરાજતા હોય તો ભક્તિ તે શુભરાગ છે લે. તે પણ શુભરાગ એના લક્ષે થયો છે એમ નથી. એના પોતાના ચારિત્રગુણનો તે સમયનો, તે પ્રકારનો કર્તાપણે થઈને રાગ થયો છે. અને તે ભગવાનને દેખ્યા નથી એ વખતે. એ સંબંધીનું અહીં જ્ઞાન પરિણમ્યું પોતાને પોતાને દેખ્યો છે ત્યાં. ભગવાનને નહિ. આહાહા..!

એક જ્ઞાનગુણની એક સમયની પર્યાય પોતે કર્તા થઈને ત્યાં પર્યાયનું કર્મ ત્યાં થયું છે. એ ભગવાન સામે છે તે કર્તા થઈને જ્ઞાનની પર્યાયનું કાર્ય-કર્મ થયું છે એમ નથી. આ તો બાપુ! માર્ગ છે, ભાઈ! આ તો વીતરાગનું તત્ત્વ છે. જેઠાલાલભાઈ! આ ઠંડી આને અડી નથી. અને આ કપડું એને આમ લઈને આમ ઊંચું કરીને આત્મા આમ કરી શકતો જ નથી.

મુમુક્ષુ :- મડદું ...

ઉત્તર :- પરને માટે.. શું કહેવાય? પાંગળો. પાકો પાંગળો. ઠીક! પરને માટે પાકો પાંગળો. પોતા માટે પૂરો પરમેશ્વર. આહાહા..! પરને માટે પાંગળો, પોતા માટે પરમેશ્વર પૂરો. ભાઈ! વસ્તુ એવી છે. ભોગીભાઈ!

જુઓને અહીં કહે છે, ભગવાને એમ કહ્યું કે એકપણાના નયનો નિષેધ કર્યો. એ રાગ, વિકલ્પ... ચૈતન્ય સ્વરૂપ એમ કહ્યું ને માથે? ચૈતન્ય સ્વભાવ ભગવાન ચૈતન્ય સ્વભાવ એ રાગને અડ્યો નથી. તારી માન્યતા એમ હતી કે હું રાગને સ્પર્શ્યો છું. એ તારી માન્યતા હતી. એથી તે માન્યતા પ્રમાણે જો વિષય હોય તો તો માન્યતા ખોટી કહેવાય નહિ. જો માન્યતા પ્રમાણે વિષય હોય તો માન્યતા ખોટી કહેવાય નહિ. એ માન્યતામાં વિષય જે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લીધો કે રાગ તે હું છું એવું વસ્તુમાં નથી. એણે ઊભી કરેલી માન્યતા એનો એ વિષય છે જ નહિ. એથી એ માન્યતાને વિપરીત કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્ય સ્વરૂપ કહે છે કે સર્વજ્ઞ પરમેશ્વરનું નામ આપ્યું ને અહીં તો જુઓ. પરિચિત જેણે કર્યું છે એણે કહ્યું. પ્રભુ! એ કહે છે અને તું પરિચય વળી રાગ મારો અને આ મારું એમ ક્યાંથી તું કરવા ગયો? સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ એ પોતે જ જ્ઞાન સ્વભાવરૂપ સ્વતંત્ર સ્વયંસિદ્ધ અનાદિઅનંત એવો જ રહ્યો છે. રાગથી ભિન્ન શરીરને અડ્યો જ નથી, સ્પર્શ્યો નથી. આહાહા..! ત્યારે નારકીમાં આ વેદના શેની? નારકીમાં ઠંડી અને ગરમીની વાતું આવે શાસ્ત્રમાં કે આવો મોટો ગોળો લોઢાનો (ઓગળી જાય). પછી આમ કરે તો આમ થાય. તપે ત્યાં ઓગળી જાય. અગ્નિ હોય ને અગ્નિ? એના ઉપર ઘી મૂકેને તો આમ ઓગળી જાય. ઓગળી સમજો છો? પીઘલ જાયે. એ અગ્નિને લઈને નહિ. વજુભાઈ! આહાહા..! કહે છે કે ક્ષણે અને પળે સંયોગથી જોનાર સ્વભાવને જોતો નથી. એમ કહે છે.

અહીં જોયું ને તમે હાથ આને અડતો નથી અને પલ્સ લ્યો છો ને? શું કહેવાય એને? નાડીના ધબકારા. એનું જ્ઞાન કામ કરે છે જાણવાનું એટલું. આને લઈને નહિ. એને હાથ અડતો પણ નથી હાથને. એય..! આ બધું .. ભારે ભાઈ! આ હાથ આમ અડતો જ નથી કહે છે આને. પકડીને બેસે છે ને આમ હાથ? અહીં કહે છે, ભાઈ! એ તો ભિન્ન છે. પણ તારા એક ક્ષેત્રમાં રહેલાં રજકણો છે તે એક એક રજકણ તે ભિન્ન ભિન્ન છે. અને ત્યાં આગળ થયેલો રાગ પરલક્ષે એ રાગનો વિકલ્પ છે, એ નિર્વિકલ્પ ચૈતન્યઘનથી આત્મતત્ત્વથી એ અણાત્મા ભિન્ન છે. એમ જ્યારે ભગવાન ફરમાવ્યું અને એણે સાંભળ્યું, જુઓ તો ખરા! કેવી શૈલી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત સાચી. આમ કરીને સાંભળ્યું છે. સાંભળ્યું ત્યારે આમ બેઠું એને, એમ કહે છે. આહાહા..! સમજ્યા?

**'ત્યારે ક્યા પુરુષને...'** એટલે આત્માને. પુરુષ એટલે આત્મા. **'જ્ઞાન તત્કાળ યથાર્થપણાને...'** જ્ઞાનનું વાસ્તવિકપણું રાગથી ભિન્ન છે. એને **'યથાર્થપણાને ન પામે?'** જરૂર પામે. આહા..! સમજાણું કાંઈ? અહીં તો એમ જ કહે છે કે ભગવાને જ્યારે આમ કહ્યું ત્યારે એણે સાંભળ્યું અને સાંભળ્યાનું પરિણામ ન આવે આમ કેમ બને? એમ કહે છે. એય..! આહાહા..!

મુમુક્ષુ :- એના લાભની વાત છે.

ઉત્તર :- એના લાભની ક્યાં આવી આમાં? સાંભળ્યું ત્યારે કહેવાય કે એણે ભિન્ન પાડ્યું ત્યારે સાંભળ્યું કહેવાય. કહો, ભીખાભાઈ! આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે, આમ પ્રભુ પોતાના સ્વભાવમાં સમેટે કેમ નહિ વાતને? એમ કહે છે. આમ જ્ઞાનને આમ કરી રાખ્યું છે. રાગમાં અને પરના લક્ષવાળું. ભગવાને જ્યારે ભિન્ન કહ્યું, ત્યારે એ લક્ષ છોડીને પોતામાં કેમ ન જ્ઞાન સમાય? સમાય જ. આહાહા..! સમજાણું કાંઈ? કહો, જેઠાલાલભાઈ! એ બધી વાતું આકરી ન લાગે, એને ઉતરી જાય અંદરમાં એમ કહે છે. આહાહા..! ક્યા આત્માને જ્ઞાન એટલે ચૈતન્ય પ્રભુ વસ્તુ સ્વરૂપે જીવ સ્વભાવ તત્કાળ યથાર્થપણાને એટલે કે રાગપણામાં જે બુદ્ધિ રાખીને જ્ઞાન કર્યું હતું, શરીરપણાના લક્ષમાં જ્ઞાન રાખીને લક્ષ કર્યું હતું એ જ્ઞાન અંતર લક્ષમાં કેમ ન આવે? એમ કહે છે. સમજાણું કાંઈ? એને આત્મધર્મ કેમ ન પ્રગટે? એને આત્મજ્ઞાન કેમ ન થાય? એને આત્મ અનુભવ આત્માના આનંદનો સ્વાદ કેમ ન આવે? એમ કહે છે. આહાહા..! પણ રાગ અને વિકલ્પ જે છે અને શરીર ઉપર જે લક્ષ હતું ત્યાં સુધી તેની દશામાં આકુળતા હતી. એ લક્ષ ફરીને ભગવાને કહ્યું કે આ રાગ અને આ નહિ. તું લક્ષ છોડી દે એનું. અહીં ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદ બિરાજમાન તારો પરમાત્મા છે ને તું. એ ભિન્ન જ રહ્યો છે ને ભગવાન. એમ ભગવાને ફરમાવ્યું ત્યારે કહે છે, પોતાના યથાર્થપણાને જ્ઞાન જે જ્ઞેયને-સ્વને જાણે એમ કેમ ન બને? જે પરને જાણતું જ્ઞાન એ જ્ઞાન ભિન્ન પાડીને ભગવાને કહ્યું એ સ્વને જાણવાનું જ્ઞાન તત્કાળ યથાર્થપણું કેમ ન કરે? આહાહા..! સમજાણું કાંઈ?

**'કેવું થઈને? પોતાના નિજરસના વેગથી ખેંચાઈ પ્રગટ થતું એકસ્વરૂપ થઈને.'** ભાષા જુઓ! એટલા શબ્દમાં કેટલું ભર્યું છે! ભગવાન આત્મા આમ જે ખેંચાતું હતું રાગ અને વિકલ્પ ને શરીરમાં, ભિન્ન પાડીને કહ્યું કે આ નહિ. એ પોતાની નિજ શક્તિથી, સત્ એટલે શક્તિ. પોતાના નિજબળથી, વેગથી ખેંચાઈ, એકદમ એવો વેગ ત્યાં હતો એકાકાર, એવો આ બાજુ એકાકારનો વેગથી ખેંચાઈ એટલે પરથી છૂટી, આ બાજુ થઈ પ્રગટ થતું એક સ્વરૂપ થઈ, જ્ઞાયકમાં એક સ્વરૂપ થઈ ભગવાન આત્માનું જ્ઞાન પ્રગટ થાય છે.

આ જીવ-અજીવ અધિકારમાં જીવ સ્વભાવ અને અજીવ રાગાદિ સ્વભાવની ભિન્નતા કહી અને જે સાંભળે છે એને ગુરુનો વિશ્વાસ છે, શાસ્ત્રનો વિશ્વાસ છે, દેવનો વિશ્વાસ છે ત્યાં સુધી એને વિકલ્પ છે. ત્યાં સુધી વિકલ્પ છે. ત્યાં સુધી આ યથાર્થપણાને પામ્યો નથી. અહીં તો કહે છે કે સાંભળ્યું ને આમ જે છે, ગુલાંટ ખાઈને પોતાના અંતર વેગમાં જ્ઞાયકપણે પ્રાપ્ત ન થાય એમ કેમ બને? વિકલ્પ નહિ હું. સાંભળ્યાથી જ્ઞાન નહિ, વિકલ્પથી જ્ઞાન નહિ. વિકલ્પને અને મારે સ્પર્શ નહિ. સમજાણું કાંઈ? એવા તત્ત્વનું ભાન તેને જીવની માન્યતા અને જીવતત્ત્વનું જ્ઞાન કહેવામાં આવે છે. હજી આ જીવ ત્યારે માન્યો, જાણ્યો કહેવામાં આવે. આમ આત્મા આત્મા બધા કરે પણ એમ આત્મા ચાલે નહિ. જેઠાલાલભાઈ! ઓલો કહે હાલે-ચાલે એ આત્મા. આ બધા શીખ્યા હતા. હાલે-ચાલે એ આત્મા, બોલે એ આત્મા, ચેષ્ટા શરીરમાં કરે એ આત્મા. અહીં તો કહે કે એ આત્મા તો નહિ. એ ચેષ્ટા-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બેષ્ટા તો આત્મા કરતો નથી. ક્રોધ થાય અને શરીરમાં આમ લાલપ આવે એ લાલપ આત્મા કરતો નથી. પણ એ ક્રોધ પણ આત્મામાં નથી. સમજાણું કાંઈ?

આચાર્ય તો એમ કહે છે. ઓલા ખાજા ખાઈ જા એમ હશે? રાજેન્દ્રજી! એમ નહિ, ભાઈ! તને બતાવ્યું કે આમ છે ને. આવો આત્મા ચૈતન્યમૂર્તિની સત્તાએ બિરાજમાન છે ને. એવી સત્તાની સત્તા તને આમ ભિન્ન તરીકે રાગના હોવાપણા શરીરના હોવાપણાથી ભિન્ન કહ્યું. હવે તને આસ્થા કરવી છે કે નહિ? વસ્તુ છે તેની સત્તાની સંભાળ કરવી છે કે નહિ? તો રાગ અને પરની સંભાળમાં અસ્તિપણું માનતો હતો. ફેરવને આમ. અને કેમ ન ફરે? એમ કહે છે અહીં તો. આહાહા..!

ઓલામાં આવે છે. નહિ? કેમ જુગલિયામાં કે શેમાં? ઓલા સાધુ ઉતરે છે ને. પંડિતજી! પેલી કથા છે ને? આ તમારે સમ્યક્નો કાળ છે, લબ્ધનો કાળ છે. ઋષભદેવ ભગવાનનું. ક્યાં પણ અહીં કે ત્યાં? ભોગભૂમિમાં. ભોગભૂમિમાં આવે છે ત્યાં ઓલા સાધુ. ઓલાને કહે છે કે ભાઈ! તમારે સમ્યગ્દર્શન પામવાનો કાળ છે અત્યારે. એ આવે છે, પંડિતજી! એ ઋષભદેવ ભગવાન (થયા) પહેલાં જન્મે છે ને જુગલિયામાં? એ અને ઓલા ચાર. વાંદરું ને કોણ પેલા? સુકર. પછી ત્યાં મુનિ જાય છે. મુનિ આમ કહે છે, હોં! ભાઈ! આ તારે સમ્યગ્દર્શનને ગ્રહણ કરવાનો કાળ છે. એમ કહે છે, હોં! એમ કહે છે. આમાં આવ્યું હતું. સમજાણું? આત્મધર્મમાં આવ્યું છે? આમાં પણ આવ્યું છે. આમાં આવ્યું છે. ભાઈએ નાખ્યું છે ક્યાંક સમજ્યાને? ક્યાંક હશે. ઓલા મોટા શબ્દથી હોં! ક્યાંક વચ્ચે નાખ્યું છે. એનો કાળ છે તારે, એમ કહે છે. એ આવે છે. નાખ્યું છે એમાં? અહીંયાં ભગવાનના શબ્દો આવ્યાને આ પ્રમાણે? એટલે કહે છે કે એની કાળલબ્ધિ ત્યાં પાકી ગઈ, એમ કહે છે, ભાઈ! ત્યાં એમ કીધું. હે, જીવો! તમે સમકિત ગ્રહણ કરો. તમારો કાળ છે અત્યારે કાળ છે.

અહીં ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે. 'અમૃતચંદ્રાચાર્ય'. ભાઈ! આવી વાત તને કાને પડે છે ને. કાને પડવાના કાળે તને આ સમ્યગ્દર્શન પામવાનો કાળ છે હોં! એમ કહે છે. જુઓ તો ખરા! આહાહા..! **'પોતાના નિજરસના વેગથી...'** જુઓ! પોતાના નિજરસના વેગથી. રાગનું અવલંબન નહિ, વિકલ્પનું નહિ, પરનો આશ્રય નહિ. એકલો ચૈતન્ય ભગવાન પોતાના અંતર આશ્રયે ખેંચાઈ પ્રગટ થતું એકરૂપ. જુઓ! જીવ થયો એ. જીવ થયો. ઓલો રાગ સાથે એકત્વ હતું તો જીવને મિશ્ર માનતો હતો. એકરૂપ થયું. ચૈતન્ય જ્ઞાયકમાં આમ જ્ઞાયકમાં અંતરમાં આવ્યો (તો) એકરૂપ થયું. એનું નામ જીવસ્વરૂપ થયું. એનું નામ આત્મજ્ઞાન, એનું નામ આત્મદર્શન, એનું નામ આત્મા જાણ્યો, એણે આત્મા માન્યો કહેવાય. સમજાણું કાંઈ? આહાહા..!

**'ભાવાર્થ :- નિશ્ચય-વ્યવહારનયના વિભાગ વડે...'** ભગવાને સાચી દૃષ્ટિનો અને કલ્પિત નયનો **'વિભાગ વડે આત્માનો અને પરનો અત્યંત ભેદ બતાવ્યો છે;...'**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જુઓ! એ રાગને પણ અત્યંત ભેદ બતાવ્યો છે. '**તેને જાણીને,...**' તેને જાણીને. આમ પાછું, હોં! '**બતાવ્યો છે; તેને જાણીને,...**' જેના જ્ઞાનમાં એ આવ્યું. અહો..! એ રાગ દયા, દાન, વ્રત આદિનો, હું સાંભળું છું એવો વિકલ્પ જે છે, એનાથી પણ ભગવાન ચૈતન્ય તો અત્યંત ભિન્ન જુદો છે. સમજાણું કાંઈ? ઓલા કહે છે ને ભગવાનના જિનબિંબથી નિદ્ધત અને નિકાચિત કર્મ છૂટે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લખ્યું છે. એનો અર્થ એ છે કે નહિ? નિદ્ધત અને નિકાચિત છૂટે ક્યારે? એ તો એનું લક્ષ હોય ત્યારે તૂટે? અને એનું લક્ષ-યોગ થાય ક્યારે? આ બાજુ અપૂર્વકરણનો ભાવ થાય છે ત્યારે તે રજકણોમાં અનિકાચિતની યોગ્યતા થાય છે. સમજાય છે કાંઈ? એટલે આમ શાસ્ત્રમાં આવ્યું કે આ દેખીને થાય છે. એનો અર્થ એ કે એનો નિર્ણય કરે છે કે આ વીતરાગી બિંબ છે, આ તો વીતરાગીબિંબ છે. એને કાંઈ હલવું ચલવું રાગની ક્રિયા નથી જેને. એવું સ્મરણ કરીને, એવું સ્મરણ કરી અને નિર્ણય કરીને એવો જ હું છું એમ નિર્ણય કરીને અંદરમાં ઉતરે છે. સમજાણું કાંઈ? ત્યારે અંદરમાં ઉતરે ત્યારે નિદ્ધત અને નિકાચિતના રજકણો તૂટે છે, એમ છે. આમ (પરલક્ષ) રાખીને તૂટે એ ત્રણ કાળમાં હોઈ શકે નહિ. લખાણની શૈલી ન સમજે તો શું થાય? ત્યાં ઓલા એ જ કહે, જુઓ! ભગવાને એમ કહ્યું. નિદ્ધત-નિકાચિત મિથ્યાત્વના (કર્મ છૂટે). ભગવાનના દર્શનથી.. પણ ક્યા ભગવાનના? સમજાણું કાંઈ? એ તો એક વિચારમાં આવ્યું.

એ તો જ્યાં જ્યાં ભગવાન મોક્ષ પધાર્યા. સંતો મોક્ષ પધાર્યા. લ્યો. સમજ્યા? ખરેખર તો તે ભૂમિકામાં નીચેથી ઉપર ગયા છે પ્રભુ. એટલે ત્યાં બેસીને એના સ્મરણમાં એમ આવે છે. ખરેખર તો એમ છે તીર્થયાત્રાનું. ભાઈ! અહીંથી નેમિનાથ મોક્ષ પધાર્યા, પાંચમી ટૂંકે. આત્મા કેવળજ્ઞાનમય પૂર્ણાનંદમય હતો. અહીંથી સમશ્રેણીએ બિરાજે છે. એ એ જ આકાશના પ્રદેશે આમ સીધો ત્યાં બિરાજે છે. એ સાદિઅનંત ત્યાં રહેશે. એમ ઓલા સ્મૃતિવાળા વિકલ્પથી પહેલું સ્મરણ કરે છે. ઓહો..! પછી અંતર ઉતરે તો એને લાભ થાય, એમ કહે છે. તો ખરી તીર્થની યાત્રાનો લાભ એને થાય, એમ કહે છે. એય..!

જેમ અહીં પાંડવો મોક્ષ ગયા, અહીં નેમિનાથ ભગવાન મોક્ષ ગયા, ત્યાં પાર્શ્વનાથ ભગવાન ગયા. જે સ્થાનથી ગયા છે તે જ સ્થાનમાં બિરાજમાન છે માથે. આનંદકંદની દશાનો અનુભવ ચૈતન્ય છેલ્લા શરીરના આકારે બિરાજમાન છે. ત્યાં નીચે ત્યાં જઈને એને સ્મરે છે. આહાહા..! ત્યાં સુધી તો વિકલ્પ છે. એ વિકલ્પની શુભભાવની જાત્રા છે. સમજાણું?

આ ભગવાન કેવળજ્ઞાન અને પૂર્ણાનંદે બિરાજમાન છે. એમ આત્મા અંતર્મુખ થઈને એ રાગથી છૂટીને સ્વભાવને સ્પર્શે, એકાકાર થાય ત્યારે સાચી તીર્થ જાત્રા કહેવાય. એય...! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં કહે છે કે **'એવો કોણ પુરુષ છે કે જેને ભેદજ્ઞાન ન થાય? થાય જ; કારણ કે...'** પોતાની વસ્તુ એ પોતે કેમ ન પ્રાપ્ત કરે? બીજાની હોય તો પ્રાપ્ત ન થઈ શકે. અનંત કાળથી શરીર ને રજકણને મારું કરવા મથ્યો પણ એક રજકણ (એનો) થયો નથી. એમ રાગને પણ પોતાનો કરવા મથ્યો પણ રાગ એક સમય રહે અને બીજે સમયે (વ્યય થઈ જાય). એટલે એ રાગ એનો થયો નથી કોઈ દિ'. થયો છે? તો જે થતું નથી, થતું નથી એને કરવા માગે તો ન થાય. પણ આ તો પોતે છે જ રાગરહિત જ્ઞાનસ્વરૂપે ભગવાન, એ સ્વરૂપે છે એને થવું એમ કેમ ન બને? એમ કહે છે. જેઠાલાલભાઈ! એમ કહે છે, ભાઈ! તું છે એવો તું થા. એમાં છે એવો થા એમાં શું છે? ઓલો તો નથી એવો થવા માગ તો પણ કોઈ દિ' થઈ શક્યો નથી. સમજાણું કાંઈ?

**'જ્યારે જ્ઞાન પોતાના સ્વરસથી...'** શક્તિ-શક્તિ. રસ એટલે શક્તિ. **'પોતે પોતાનું સ્વરૂપ જાણે...'** જોયું! **'જ્યારે જ્ઞાન પોતાના સ્વરસથી પોતે પોતાનું સ્વરૂપ જાણે ત્યારે અવશ્ય તે જ્ઞાન પોતાના...'** અવશ્ય તે જ્ઞાન. જ્ઞાનમાં એ મહત્તા આવી એટલે **'જ્ઞાન પોતાના આત્માને પરથી ભિન્ન જ જણાવે છે.'** એ જ્ઞાન પરથી ભિન્ન જ જણાવે છે. **'અહીં કોઈ દીર્ઘસંસારી જ હોય તો તેની કાંઈ વાત નથી.'** એ વાત અહીં લેતા નથી. લ્યો ઠીક! ગજબની વાત છે. પાંચમી ગાથામાં કહ્યું ને **'दाएज्ज पमाणं' 'एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण' 'दाएज्ज'** પછી જુદું પાડ્યું પાછું. **'दाएज्ज पमाणं'**. પ્રમાણ કરજે, હોં! અંતરના અનુભવથી પ્રમાણ કરજે, હોં! ઓહો..! એમ અહીં કહે છે **'આત્માને પરથી ભિન્ન જ જણાવે છે.'** જે જ્ઞાનમાં સ્વની મહત્તા આવી અને જે જ્ઞાનમાં પરની મહત્તા, તુચ્છતા થઈ ગઈ. મહત્તા ઊડી ગઈ. એ જ્ઞાન પોતાપણાને કેમ ન જણાવે? એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો! અહીં સુધી વાત કરી.

**'આ પ્રમાણે, અપ્રતિબુદ્ધે જે એમ કહ્યું હતું...'** જુઓ! અહીં તો હજી અપ્રતિબુદ્ધની વાત છે. ઓલા કહે કે 'સમયસાર'માં મોટા કેટલા ગુણસ્થાનની અને મુનિની, બારમા ગુણસ્થાન, સાતમા ગુણસ્થાનની વાત છે. **'અપ્રતિબુદ્ધે જે એમ કહ્યું કે અમારો તો એ નિશ્ચય છે કે દેહ છે તે જ આત્મા છે, તેનું નિરાકરણ કર્યું.'** તેનું નિરાકરણ કર્યું. હવે ટીકા છે પાછી, હોં! એ તો ઉપરના શબ્દો હતા. હવે ટીકા પાછી આવી 'અમૃતચંદ્રાચાર્ય'ની.

**'આ રીતે આ અજ્ઞાની જીવ...'** જુઓ! અનાદિનો અજ્ઞાની જીવ હતો એની વાત છે. **'અનાદિ મોહના સંતાનથી...'** અનાદિ પરમાં પોતાપણાના પ્રવાહના સંતાનથી **'નિરૂપણ કરવામાં આવેલું...'** કથન કરવામાં આવેલું **'જે આત્મા ને શરીરનું એકપણું તેના સંસ્કારપણાથી...'** આત્મા અને શરીરનું એકપણું તેના સંસ્કાર મિથ્યાત્વના. **'અત્યંત અપ્રતિબુદ્ધ** હતો...' લ્યો! અત્યંત અપ્રતિબુદ્ધ હતો. એવો પણ અહીં સમજી જાય છે એમ કહેવામાં આવે છે. સમજાણું? વાત ઈ કે 'સમયસાર'ના ભાવ ઊંચા છે ને એટલે એને કાંઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ગોઠતા નથી એટલે એમ કરીને (બોલે કે) આ વાત નીચલાની નથી. એ વાત તો ઉપલાની છે, ઊંચાની છે એમ કરીને કાઢી નાખે છે. આ જો વિચારે તો એની માનેલી એક એક વાત ખોટી પડે. એટલે પછી (એમ કહે), 'સમયસાર' મુનિને માટે છે. આઠમા ગુણસ્થાન માટે શુદ્ધોપયોગની વાત છે. નીચે શુદ્ધોપયોગ હોય નહિ. એટલે શુદ્ધતા પહેલી પ્રગટે જ નહિ. શુભભાવ જ હોય. શુભભાવ તો હવે અનાદિનો અભવિને થયો. સાંભળને! શુભરાગની ભિન્નતાના શુદ્ધતાના ભાન વિના આત્મબોધ કેવો? આત્મદર્શન કેવું? અને આત્મજ્ઞાન કેવું?

કહે છે, એવો અજ્ઞાની આવો હતો. કાંઈ ભાન નહોતું. એ પણ તેના સંસ્કારપણાથી, હોં! શું કહે છે? ભાષા શું છે? કર્મના જોરને લઈને આમ હતું એમ નથી લીધું. રાજેન્દ્રજી! શું લીધું છે? '**આત્મા ને શરીરનું એકપણું તેના સંસ્કારપણાથી...**' એમ કહ્યું છે. કર્મના જોરને કારણે એકપણું માનતો હતો એમ નહિ. સમજાણું કાંઈ? આત્મા અને શરીર. રાગાદિ કર્મ પિંડ બધું લેવું. એના એકપણાનો જે સંસ્કારપણાથી. અહીં વજન છે. '**સંસ્કારપણાથી અત્યંત અપ્રતિબુદ્ધ હતો...**' દર્શનમોહના તીવ્ર જોરને લઈને અપ્રતિબુદ્ધ હતો, એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ગુણસ્થાન નિમિત્તથી કહ્યું છે. એ તો નિમિત્તથી કહ્યું છે. અહીં કહે છે કે પોતાના અશુદ્ધ ઉપાદાનને જણાવે છે. નિમિત્ત ત્યાં એવું છે તો જણાવે છે કે ત્યાં અશુદ્ધ ઉપાદાન મિથ્યાત્વમાં પરિણમેલો જીવ છે એમ પ્રસિદ્ધ કરે છે. પણ અહીંયાં શું છે? અધ્યાત્મ .. ત્યાં બીજી વિપરીત વાત છે. ત્યાં કર્મ કરાવે અને અહીં કર્મ નહિ. એમ બે વાત હશે? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આનંદનો ગાંઠડો-ગાંઠડો, ગાંઠડી. અતીન્દ્રિય આનંદની ગાંઠડી અને શરીર ને રાગ આકુળતાનું ઘર. બેનું એકપણું તેના સંસ્કારપણાથી. મિથ્યાત્વથી લીધું જોયું ને? '**અત્યંત અપ્રતિબુદ્ધ હતો...**' લ્યો! પાછું સાધારણ નહિ. '**અત્યંત અપ્રતિબુદ્ધ હતો તે હવે તત્ત્વજ્ઞાનસ્વરૂપ જ્યોતિનો પ્રગટ ઉદય થવાથી...**' લ્યો! તે જ હવે, એમ. તત્ત્વજ્ઞાન. તત્વજ્ઞાન એટલે આત્મજ્ઞાન. એમાં જડનું જ્ઞાન, મારામાં રાગ નથી એ ... તત્ત્વજ્ઞાન સ્વરૂપ જ્યોતિ. ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ જ્યોતિ. ચૈતન્યના જ્ઞાનસ્વરૂપ જ્યોતિ. સ્વ અને પરને જાણનારી જ્યોતિ. તેનો પ્રગટ ઉદય થવાથી. શક્તિરૂપે તો હતી એમ કહે છે. શક્તિરૂપે તો હતી. પ્રગટ ઉદય થવાથી. શક્તિમાંથી વ્યક્તતા પ્રગટી.

ભગવાન આત્મા આ ચૈતન્યબિંબ છે એ જ્ઞાનમૂર્તિ છે એમ પર્યાયમાં પ્રગટ થયું. એ પર્યાયમાં અપ્રતિબુદ્ધપણું હતું તેનો વ્યય થઈને ચૈતન્ય જ્યોતિની પર્યાયમાં પ્રગટ દશા પ્રગટી. આહાહા..! અમૃત છે ને એકલા! શબ્દોની શૈલીમાં જ એટલી ગંભીરતા, ઊંડપ અને મહાન અનેક વૈભવો એમાં સમાડ્યા છે. '**નેત્રના વિકારીની માફક...**' જ્યાં આંખનું વિકારી હોય ને? પડળ આડું. '**(જેમ કોઈ પુરુષના નેત્રમાં વિકાર હતો ત્યારે વર્ણાદિક અન્યથા**

**દેખાતાં હતાં...**' રંગ અન્યથા દેખાય. જેમ હોય એમ દેખાય નહિ. '**જ્યારે વિકાર મટ્યો ત્યારે જેવાં હતાં તેવાં જ દેખવા લાગ્યો તેમ).**' લ્યો! અહીં તો જેવું હતું એવું દેખવા લાગ્યું. જેવું હતું એવું નહોતો દેખતો, જેવું હતું એવું દેખવા લાગ્યો.

એમ '**નેત્રના વિકારીની માફક પડળ સમાન...**' લ્યો. પડળ એ આવરણ. '**આવરણકર્મ સારી રીતે ઊઘડી જવાથી...**' ત્યારે શું થયું? કે તત્ત્વજ્ઞાન જ્યોતિનો પ્રગટ ઉદય થવાથી. સમજાણું? ત્યારે ઓલું ખસી ગયું. '**પડળ સમાન આવરણકર્મ સારી રીતે ઊઘડી જવાથી પ્રતિબુદ્ધ થયો...**' એ અપ્રતિબુદ્ધનો નાશ થઈને પ્રતિબુદ્ધ થયો. ઉત્પાદ થયો. દ્રવ્ય તો એવું ને એવું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉઘડી જવાથી. આવરણ ઉઘડી ગયું. પેલું ગયું એમ. ન રહ્યું. ઉઘડી જવાથી એટલે જ્ઞાન ઉઘડ્યું એટલે ઓલું ન રહ્યું એમ. આવરણ ... સમજાણું કાંઈ? સારી રીતે ગયું, એમ. આંખ ઉઘડી ગઈને. એમ બતાવવું છે એટલે એમ કે ઓલું ગયું એટલે આંખ ઉઘડી. આંખ ઉઘડી, પડળનો નાશ થઈ ગયો.

'**અને સાક્ષાત્ દૃષ્ટા એવા પોતાને પોતાથી જ જાણી,...**' સાક્ષાત્ દૃષ્ટા ભગવાન આત્મા એકલો જ્ઞાતા-દૃષ્ટા વસ્તુ છે. જગતને ચૌદ બ્રહ્માંડને જ્ઞાતા-દૃષ્ટા તરીકે જાણે એવી ચીજ છે આત્મા તો. '**એવો સાક્ષાત્ દૃષ્ટા એવા પોતાને...**' પ્રતિબદ્ધ થયો એટલે શું થયું? કે '**સાક્ષાત્ દૃષ્ટા એવા પોતાને પોતાથી જ જાણી,...**' દેખો! પોતાને, અપને કો અપને સે જાણી. અપને સે જ, એમ પાછુ. રાગથી નહિ, વિકલ્પથી નહિ, સાંભળ્યું માટે નહિ. '**પોતાને પોતાથી જ જાણી, શ્રદ્ધાન કરી,...**' આ ચૈતન્યમૂર્તિ જ્ઞાયકમૂર્તિ તે આત્મા. જાણ્યો ત્યારે શ્રદ્ધા થઈ. જાણ્યા વિના શેની શ્રદ્ધા? જે ચીજ જ્ઞાનમાં ન આવે એની શ્રદ્ધા કરો. શેની શ્રદ્ધા? જ્ઞાનમાં આ ચીજ શુદ્ધ ચૈતન્ય છે, સ્વાદમાં આવ્યો આનંદ તો આખો આનંદમૂર્તિ છે. થોડો શુદ્ધ થયો તો બધો શુદ્ધ છે એમ '**પોતાને પોતાથી જાણી, શ્રદ્ધાન કરી,...**' લ્યો! સમકિત કરી. હવે '**તેનું જ આચરણ કરવાનો...**' જુઓ! અહીં ખુબી છે. સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું પછી આચરણ કરવાનો અભિલાષી થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કોની વાત છે? આ ચોથા-પાંચમાની વાત છે. ચોથાનું આ થયું. હવે આચરણ કરવાનો કામી થાય. છઠ્ઠા સાતમાનું લેશે. આ વ્યવહાર છે? આ ક્યાં વ્યવહાર છે?

આત્મા જ્ઞાનમૂર્તિ શુદ્ધ ચૈતન્ય રાગથી ભિન્ન પોતાને પોતાથી જાણી અને શ્રદ્ધી. આ સમ્યગ્દર્શન નિશ્ચય થયું. કોને થયું આ? આ શુભભાવ છે? આ ચોથા ગુણસ્થાનની વાત છે? આઠમાની છે આ? પ્રત્યાખ્યાન તો હવે કરવાનો કામી છે.

મુમુક્ષુ :- ...

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- પણ છે ને આ. નિશ્ચય આ કોની માંડી છે આ? ઓલા કહે છે કે નીચે વ્યવહાર હોય. આઠમે નિશ્ચય હોય. પોતે પોતાને જાણે એ વ્યવહાર કે નિશ્ચય? સ્વને આશ્રયે થયેલો તે નિશ્ચય. પરાશ્રય શ્રદ્ધા તે વ્યવહાર. આ તો પહેલી સીધી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાધક પહેલા આ સાધે. એ તો વિકલ્પ છે. વ્યવહારથી સાધક કહેવાય. કામી છે. હજી તો આચરણ ધારણ કર્યું નથી. ચોથાવાળું લીધું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- હજી તો ચોથાની...

ઉત્તર :- ચોથાની જ વાત છે આ. પ્રતિબુદ્ધ થયો પછી શું પ્રશ્ન છે? પ્રતિબુદ્ધ થયો. એ તો કામી છે કહે છે. ઈચ્છક થયો. હજી તો કામી છે. ચોથા ગુણસ્થાનવાળો છે. તો આ ચોથું ગુણસ્થાન કોનું છે? આ વ્યવહાર સમકિત છે? શુભયોગનું આ સમકિત છે? કોણ જાણે શું કરે છે? આખા 'સમયસાર'ની શૈલીને ફેરવી નાખી.

મુમુક્ષુ :- ફરે નહિ. ...

ઉત્તર :- ત્રણ કાળમાં ફરે નહિ. સત્ય ફરતા હશે? એવા બધા ભેગા થઈને હા-હો કરે થોડીવાર.

અહીં તો શું કહે છે? અપ્રતિબુદ્ધ (હતો) એ ઉઘડીને પ્રતિબુદ્ધ થયો. તો શું આઠમાની વાત છે આ? અને સાક્ષાત્ દૃષ્ટા. '**તેનું જ આચરણ કરવાનો ઈચ્છક થયો...**' લ્યો! છે? '**चैवानुचरितुकामः**' '**च एव अनुचरि**'. '**च एव**'. એમ છે પાછું. '**च एव**'. એનું '**चैवानुचरितुकामः**' ભાષા પાછી શું છે? રાગનું આચરણ એમ નહિ. જે જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય રાગથી, શરીરથી ભિન્ન જાણ્યો, શ્રદ્ધયો એનું આચરણ, એનું જ આચરણ. એટલે નિર્વિકલ્પ આચરણની વાત છે હવે. વિકલ્પની અહીં વાત નથી. આહાહા..!

'**પોતાને પોતાથી જ જાણી, શ્રદ્ધાન કરી, તેનું જ...**' તેનું જ એટલે કે જ્ઞાનસ્વરૂપ આત્માનું જ. જ્ઞાન ભગવાન આત્મા '**તેનું જ આચરણ કરવાનો...**' ભાષા જુઓ! એ કામી એમ છે. રાગનું આચરણ કરવાનો કામી, એમ છે નહિ. સમજાણું કાંઈ? ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ એમ ભાન થયું. આ તો ચૈતન્યમૂર્તિ દેહથી ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન. ત્યારે '**તેનું જ...**' પાછી ભાષા (એમ છે). વ્યવહારનું, વિકલ્પનું એમ નહિ. '**આચરણ કરવાનો ઈચ્છક થયો...**' ઈચ્છા થઈ. પણ એ સ્વરૂપમાં ઠરવાની ઈચ્છા થઈ. સ્વરૂપનું આચરણ કરવાની ઈચ્છા થઈ. સમજાણું કાંઈ?

'**તેનું જ આચરણ કરવાનો ઈચ્છક થયો થકો...**' ઈચ્છક થયો થકો '**પૂછે છે...**' લ્યો! ભાષા કેવી છે જોયું! પૂછે છે કે પ્રભુ! આ આત્મા જે જાણ્યો-દેખ્યો એ તો જાણે છે હોં પછી ઠરાય એમ. પણ અહીં વિશેષ વિનય સહિત આચરણનો અભિલાષી થયો છે એટલે બતાવ્યું છે. સમ્યગ્દર્શનની ખબર નથી કે હવે આમાં ઠરવું એ તો આવી ગયું છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

૧૭-૧૮માં. ૧૭-૧૮માં નથી આવી ગયું? આમાં ઠરવાથી ચારિત્ર થશે. મારા કર્મ છૂટશે એમ પોતે નક્કી કરીને એમાં ઠરે છે.

મુમુક્ષુ :- ત્યારે શ્રદ્ધા થાય છે.

ઉત્તર :- ત્યારે શ્રદ્ધા થાય. પણ અહીં વિનયથી (પૂછે છે). આહાહા..! પ્રભુ! હવે મારા સ્વરૂપનું આચરણ કેમ થાય? મારા સ્વરૂપનું પ્રત્યાખ્યાન એટલે કે રાગનો ત્યાગ એવા સ્વરૂપના સ્વસંવેદનની સ્થિરતા કેમ થાય? મારા સ્વરૂપમાં સ્થિરતાનો, અનાકુળ શાંતિના આનંદનું આચરણ કેમ થાય? એનું નામ પચ્ચખાણ. સમજાણું કાંઈ?

'**આ સ્વાત્મરામને...**' લ્યો! હવે આત્મરામ થયો. ઓલો રાગરામ હતો. રાગમાં રતિ કરતો. રાગમાં, પુણ્યમાં, શરીરમાં રતિ કરતો એ સ્વ આત્મરામ થયો. એવો સ્વ ભગવાન ચૈતન્ય આનંદનું ધામ મહાન વિજ્ઞાનઘન આત્મા, આત્મારામ. 'નિજપદ રમે સો રામ કહીએ.' 'નિજપદ રમે સો રામ કહીએ.' એવા આત્મારામને પ્રભુ! '**અન્ય દ્રવ્યોનું પ્રત્યાખ્યાન તે શું છે?**' પૂછે છે જાણવા વિશેષ, હોં! એને ખબર નથી? નક્કી થઈ ગયું. આ જ આત્મામાં ઠરવાથી કર્મ ખરશે એવી તો શ્રદ્ધામાં પહેલું આવી ગયું છે. પણ અન્ય દ્રવ્યોનું પ્રત્યાખ્યાન તે શું છે? એ વસ્તુ શું? '**તેને આચાર્ય આ પ્રમાણે કહે છે :-**' એવા જીવોને માટે આ વિધિનું વર્ણન કરે છે. કહો, સમજાણું આમાં?

**सव्वे भावे जम्हा पच्चक्खाई परे त्ति णादूणं।**
**तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेदव्वं।।३४।।**

સર્વ શબ્દ ઉપાડ્યો છે પહેલો.

**સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,**
**તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪.**

એ જ્ઞાનના આનંદમાં રમવું એનું નામ પ્રત્યાખ્યાન છે.

મુમુક્ષુ :- અન્ય દ્રવ્યોનો ત્યાગ...

ઉત્તર :- એનો થઈ ગયો ત્યાગ. પોતામાં રમવું એનું નામ જ પચખાણ છે. રાગના ત્યાગનું કર્તાપણું નામમાત્ર હોવા છતાં રાગ પરમાર્થે અન્યનો ત્યાગનો કર્તા પણ એવો આત્માનો સ્વભાવ નથી. એમ કહેશે. રાગનો ત્યાગ કરવો એવું નામમાત્ર આત્મામાં છે. કેમ કે એ તો સ્વભાવ છે તે રાગરૂપ થયો નથી. એવા સ્વભાવને દૃષ્ટિમાં લીધો અને એમાં ઠર્યો છે. બસ, એનું નામ પચખાણ. આ પચખાણ. આ પચખાણની માંડે છે ને બધા. પચખાણ લાવો, પચખાણ કરાવો. પચખાણ બધી વિકલ્પની વાતું વ્યવહારની. આને પચખાણ કહીએ. જેવું સ્વરૂપ પરભાવથી, રાગથી ભિન્ન સ્વરૂપ છે એવું જાણીને શ્રદ્ધા કરી હતી એમાં સર્વ ભાવથી ભિન્ન જાણ્યો તે જ પોતામાં ઠરે છે. તે જ પોતામાં ઠરે છે. તે જ્ઞાનની વેદનાની સ્થિરતા દશા સ્વસંવેદન નિર્વિકલ્પ સમાધિની દશા, એનું નામ જ પ્રત્યાખ્યાન કહેવાય છે. કહો, સમજાણું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ? એની ટીકા.

'**ટીકા :- આ ભગવાન જ્ઞાતા-દ્રવ્ય...**' એ જીવ જીવરૂપે થયો હવે. દૃષ્ટિ અને જ્ઞાનમાં. રમણતા કરવાની વાત કરે છે. તેથી (કહે છે), '**આ ભગવાન જ્ઞાતા-દ્રવ્ય છે.**' આ ભગવાન. છે ને ટીકા? દેખો! આ ભગવાન. '**भगवज्ज्ञातृद्रव्यं**' આઠ વર્ષની બાલિકા હોય તોપણ આત્માનું ભાન થયું તો ભગવાન જ્ઞાતૃદવ્ય જ છે. એ શરીર અને કપડા એ કે દિ' આત્મા હતો? રાગ જ્યાં આત્મા નથી ત્યાં ઓઢેલા કપડા ક્યાં આત્મા હતો કે એ દ્વારા એને આત્માને ઓળખવો. પોતે ક્યાં એ દ્વારા જીવને ઓળખ્યો છે કે બીજાને પણ એ દ્વારા જોવે? સમજાણું કાંઈ? રાગ ને શરીર ને કપડા દ્વારા આત્માને ઓળખ્યો નથી અને આત્મા એવો છે નહિ એમ જાણ્યો છે. તો બીજાને પણ એ દ્વારા આ આત્મા છે એમ કેમ જાણે? સમજાણું કાંઈ?

'**ભગવાન જ્ઞાતા-દ્રવ્ય છે તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને,...**' વિકારો. લ્યો! અન્ય દ્રવ્યના સ્વભાવથી થતાં વિકારો, વિકલ્પો, પુણ્ય-પાપ આદિ ભાવ. અન્ય દ્રવ્યના સ્વભાવથી નિમિત્તથી થતાં. એ પોતાનો સ્વભાવ ક્યાં છે? '**અન્ય દ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને,...**' જીવ દ્રવ્યનો સ્વભાવ એ નથી વિકારીભાવ, એમ કહે છે. એ કર્મ દ્રવ્યના નિમિત્તે થતાં અન્ય સ્વભાવો એ આત્માનો સ્વભાવ ક્યાં છે? '**તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી...**' લ્યો! જે કર્મના નિમિત્તના દ્રવ્યે થતાં ભાવો એ પોતાના સ્વભાવ વડે નહિ વ્યાપ્ત થવું. ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવે વ્યાપ્ત એ પર નિમિત્તના થતાં જે વિભાવભાવ તેનાથી વ્યાપ્ત કેમ થાય? '**નહિ વ્યાપ્ત હોવાથી...**' એમ કહે છે ને? સમજાણું? અન્ય દ્રવ્યના સ્વભાવ છે એ પાછા. અન્ય દ્રવ્યથી થયા છે એમ અહીં નહિ. પણ ખરેખર એ અન્ય દ્રવ્યના સ્વભાવ છે પુણ્ય-પાપના ભાવ. આત્માનો સ્વભાવ નથી. આવું આવે ત્યાં નાખે ઓલાને. જુઓ! આ અન્ય દ્રવ્યના સ્વભાવથી થતાં.

મુમુક્ષુ :- કર્મથી થયા.

ઉત્તર :- એ કર્મથી શું.

આત્મા જ્ઞાયક દૃષ્ટા, એમ કીધું ને અહીં તો? દૃષ્ટા જ્ઞાતા સ્વભાવ એના સ્વભાવમાંથી આ ભાવ કેમ થાય? એટલે આવું જે દ્રવ્ય, એમ. '**તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને,...**' .. શબ્દ પડ્યો છે ને. '**તેઓ પોતાના સ્વભાવભાવ વડે...**' તેઓ એટલે વિકારી પરિણામો. શુભ વિકલ્પાદિ બધા. સાવદ્ય યોગના પચખાણ અને શુભરાગ રહ્યો એ પણ. '**પોતાના સ્વભાવભાવ વડે...**' પોતાના જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવભાવ વડે '**નહિ વ્યાપ્ત હોવાથી...**' એની પર્યાયમાં પરિણમવાનું નહિ હોવાથી '**પરને પરપણે જાણીને,...**' બસ, એટલી વાત છે લ્યો. રાગાદિને પોતાના સ્વભાવની પર્યાયપણે પરિણમે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એમ ન જાણતા પરપણે આ જાણીને **'ત્યાગે છે;...'** જાણતો અંદર ઠરે છે.

મુમુક્ષુ :- ત્યાગે છે તે ઠરે છે.

ઉત્તર :- હા. એ કહેશે, વ્યવહાર ત્યાગે છે વ્યવહારે.

**'તેથી જ પહેલાં જાણે છે તે જ પછી ત્યાગે છે,...'** લ્યો! એટલે? એ જાણે છે જ્ઞાનમાં કે આ રાગાદિ પરભાવ છે, સ્વભાવ નહિ. એ જ પોતાના સ્વભાવમાં ઠરીને એને ત્યાગે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. એ કહેશે. સમજાણું કાંઈ? **'બીજો તો કોઈ ત્યાગનાર નથી-'** એમ. જેણે જાણ્યું કે આ રાગ પર છે એ જાણનાર પોતે પરને છોડે છે. છોડે છે એ પણ નામમાત્ર કથનથી. એ કહેશે હમણાં.

હજી તો એમ કહે છે કે એવો નથી તે ત્યાગતા.. એમ આત્મામા નિશ્ચય કરીને એમ હજી તો વજન છે. હજી તો આમ છોડે એવો વિકલ્પથી નિશ્ચય કરે છે. આત્મામાં નિશ્ચય કરીને હજી તો. ઓલામાં આવે છે ને નિશ્ચય કરીને નહિ? ઓલા ભાવના... હવે પછી શું થાય છે એ કહેશે લ્યો વિશેષ વાત... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો વદ ૧૦, મંગળવાર, તા. ૮-૧૧-૧૯૬૬**
**ગાથા-૩૪, ૩૫. પ્રવચન નં. ૯૭**

જીવના સ્વરૂપને જાણીને.. કઈ દશાને પ્રત્યાખ્યાન કહેવું એ વાત અહીંયાં લીધી છે. શિષ્યે પૂછ્યું કે આત્મા પરભાવથી ભિન્ન એવું આત્માનું ભાન .. જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. જ્ઞાનસ્વભાવી વસ્તુ. એને રાગ ને વિકલ્પથી ભિન્ન જાણ્યો, હવે એને પ્રત્યાખ્યાન શું હશે? એવા સ્વરૂપમાં આચરણ કરવાનો કામી. ક્યુ સ્વરૂપ? કે આત્મા જ્ઞાનસ્વરૂપ સ્વતઃસિદ્ધ અનાદિઅનંત સ્વભાવ વસ્તુ છે એનું આચરણ કરવાનો કામી. આત્મામાં આચરણ કરવાનો કામી. એ ગુરુને પૂછે છે. આવા આત્માને પ્રત્યાખ્યાન કઈ રીતે હશે? એનો ઉત્તર આ ૩૪મી ગાથામાં લે છે. સમજાય છે? જુઓ! આ પ્રત્યાખ્યાન ને ત્યાગ ને પચખાણ ને વાતું કરે છે ને? જેઠાલાલભાઈ! પ્રતિજ્ઞા ને વ્રત ને નિમય ને... યથાર્થ કોને કહેવા એ આ જીવના વર્ણનની અંદર આ વર્ણન આવ્યું છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ કહે છે, એવું માને એ સાચો જીવ કહેવાય. નહિતર ખોટો જીવ કહેવાય, એમ અહીં વર્ણન છે. સમજાણું કાંઈ?

પહેલું, ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવ સંપન્ન વસ્તુ. એમાં પુણ્ય-પાપ આદિ ભાવો વ્યાપતા નથી, એના સ્વભાવમાં. એમ જેણે અંતરમાં આત્મ સ્વભાવ એટલે જીવદ્રવ્ય વિકારથી ભિન્ન જાણ્યો. એ જીવ સ્વરૂપમાં આચરણ કરવાના કામીને આ રીતે થાય ત્યારે પ્રત્યાખ્યાન કહેવાય છે. એમ વાત ચાલે છે. સમજાણું કાંઈ?

**'આ ભગવાન જ્ઞાતા-દ્રવ્ય...'** ફરીને લઈએ છીએ. એમ આત્મામાં નિશ્ચય કરીને છે મૂળ તો. પહેલેથી ઉપાડ્યું છે. **'આ ભગવાન જ્ઞાતા-દ્રવ્ય...'** જાણક સ્વભાવી આત્મદ્રવ્ય ભગવાન મહિમાવંત પદાર્થ, ચૈતન્ય ચમત્કાર સ્વભાવમય આત્મા. એથી એને અહીંયાં ભગવાન આત્મા કહે છે. **'તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા...'** એને અંતરમાં અન્ય કર્મના નિમિત્તના લક્ષે-આશ્રયે થતા. સ્વભાવથી થતા એ બધા. **'અન્ય સમસ્ત પરભાવો...'** શુભ-અશુભ રાગ વિકલ્પાદિ બધું. **'તેઓ પોતાના સ્વભાવભાવ વડે...'** આ જ્ઞાયક ચૈતન્ય સ્વભાવ, ચૈતન્યસ્વરૂપ પ્રભુ આત્મા, એ પરભાવ વડે **'નહિ વ્યાપ્ત હોવાથી...'** એ વિકારી પરિણામની દશા સ્વભાવમાં વ્યાપ્ત-એની પર્યાયરૂપ નથી એ. શું કહે છે?

આમ જ્ઞાનસ્વભાવ વસ્તુ એ કર્મના-પરદ્રવ્યના સ્વભાવથી, **'એવા જે સમસ્ત પરભાવોને, તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત...'** એનું એકપણું થતું નથી. સમજાણું કાંઈ? **'પરપણે જાણીને,...'** જ્ઞાનસ્વભાવ, જ્ઞાનસ્વભાવ. આ જ્ઞાન સ્વભાવ એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જાણ્યો અને રાગાદિ આમાં વ્યાપ્ત નથી, પ્રસરેલ નથી એ જ્ઞાનસ્વભાવનો વિસ્તાર નથી. સમજાણું કાંઈ? એ જ્ઞાનસ્વભાવ ચૈતન્ય વસ્તુ એ '**અન્ય દ્રવ્યના સ્વભાવથી...**' એટલે પુણ્ય-પાપ આદિ સર્વ. ભેદો પણ અંદરમાં વ્યાપ્ત નથી. એમ '**પરપણે જાણીને ત્યાગે છે;...**' હજી તો નિશ્ચય કરે છે, હોં! આ જ્ઞાનસ્વભાવ અને આ રાગાદિ તે સ્વભાવમાં વ્યાપેલા, રહેલા, એમાં ઠરેલા એ રૂપમાં એ નથી. સમજાણું કાંઈ? '**તેથી જે પહેલાં જાણે છે...**' ચૈતન્ય સ્વભાવ પોતે જ્ઞાન સ્વરૂપ એમ જાણતાં એ રાગાદિ મારામાં વ્યાપેલા, રહેલા, ઠરેલા નથી એમ જે જાણે છે, એમ જે જાણે છે '**તે જ પછી ત્યાગે છે,...**' એટલે કે એ જાણે છે એ જ ઠરે છે. એ જાણે છે એ જ રાગાદિને પકડતો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- રાગ થાય છે ક્યાંથી?

ઉત્તર :- નિમિત્તના લક્ષે થયેલા પરભાવ પરદ્રવ્ય સ્વભાવ છે. સ્વભાવ દ્રવ્ય સ્વભાવ નથી. સ્વદ્રવ્ય સ્વભાવ નથી. અહીં તો એ સિદ્ધ કરવું છે ને. જીવ સ્વભાવભાવ નથી. એ બધા અજીવ સ્વભાવભાવ છે. સમજાણું કાંઈ?

ચૈતન્ય સ્વભાવ પુંજ પ્રભુ, એ આ પરભાવથી વ્યાપ્ત પ્રસરેલ અથવા તેનામાં રહેવાપણું નથી. એમ પરપણે એને જાણીને, જ્ઞાયકસ્વરૂપ ભગવાન આમ પોતાને જાણે છે અને આમ જાણે છે કે આ રૂપે થવાને આ લાયક નથી. પરભાવરૂપ, પરદ્રવ્ય સ્વભાવરૂપ થવાને આ ચૈતન્ય સ્વભાવ લાયક નથી. એમ જાણીને તેને પકડતો નથી એટલે તેને ત્યાગે છે એમ કહેવામાં આવે છે. ભારે વાત, ભાઈ! પચખાણની વાત આ. પચખાણ લ્યો.. પચખાણ લ્યો.. રાડું પાડે છે ને?

ભાઈ! પચખાણ શું ચીજ છે? કહે છે કે ધર્મી જીવ પોતાના ચૈતન્ય સ્વભાવસ્વરૂપ ભગવાન આત્મા એને વિકારના પરિણામથી જુદો જાણતો, એ જુદો જાણતો તેને લક્ષ કરીને છોડી દે છે એને, એમ એનું નામ ત્યાગે છે એમ કહેવામાં આવે છે. '**તેથી જે પહેલાં જાણે છે...**' જેણે જાણ્યું કે રાગરૂપે થવાને આ સ્વભાવ લાયક નથી. એમ જેણે જાણ્યું, એણે એને ન પકડ્યો. એને ત્યાગે છે. એમ શૈલી લીધી છે ને?

'**બીજો તો કોઈ ત્યાગનાર નથી-**' જ્ઞાનસ્વભાવ જાણ્યો કે આ રાગાદિ પર છે એ જાણનાર જ પોતે તેમાં ઠરે છે પોતામાં. અહીં એમ લીધું છે કે એને ત્યાગે છે. કારણ કે એને જાણનાર જાણીને, જાણનાર ત્યાગે છે એમ લેવું છે ને પહેલું? એમ. જાણનાર ચૈતન્ય સ્વભાવ ભગવાન જેનો મહિમાવંત સ્વભાવ, એવો રાગને પર તરીકે, વિકલ્પને પર તરીકે, અરે..! ગુણસ્થાન, માર્ગણાસ્થાન બધા ભેદોને પર તરીકે (જાણે છે). સમજાણું કાંઈ? અભેદ જ્ઞાયક સ્વભાવમાં એના પણે વ્યાપવું એમ બનતું નથી. એમ જાણતો-જાણતો છોડે છે. એટલે કે જાણતો એમાં ઠરે છે, એને અહીં છોડે છે, ગ્રહણ નથી કરતો એમ પહેલું કહેવામાં આવે છે. પચખાણ શબ્દ છે ને? એટલે એનો ત્યાગ શબ્દ એમ લીધું. '**બીજો**

**તો કોઈ ત્યાગનાર નથી-**' એ જ્ઞાનસ્વરૂપ જ્ઞાનમાં રહ્યો એટલે રાગને પકડ્યો નહિ એ જ રાગનો ત્યાગ અને એ જાણનાર જ રાગનો ત્યાગ કરે છે. બીજો કોઈ ત્યાગ કરતો નથી.

મુમુક્ષુ :- બીજો કોઈ એટલે કોણ?

ઉત્તર :- આ વિકલ્પથી ત્યાગ થતો નથી એમ કહે છે. બીજો એટલે આ વિકલ્પ આવ્યો કે હું ત્યાગ કરું એ વિકલ્પથી ત્યાગ થતો નથી એમ કહે છે. બીજો ઈ. સમજાણું કાંઈ? કે જેણે જાણ્યું કે આ ચૈતન્ય સ્વરૂપ હું છું. આ રાગરૂપે થતો નથી, ભેદરૂપે પરિણમતો નથી એવી મારી ચીજ છે, એમ જાણનાર જ એને પકડતો નથી. એ જાણ્યું તેને છોડ્યું એમ કહેવામાં આવે છે. બીજો તો કોઈ છોડનાર નથી વચમાં.

'**એમ આત્મામાં નિશ્ચય કરીને,...**' લ્યો! નિશ્ચય કરીને. આ રીતે વસ્તુ છે એમ નિશ્ચય કરીને, એમ કહે છે. '**પ્રત્યાખ્યાનના સમયે...**' એટલે કે રાગના અભાવના અથવા રાગના ત્યાગને કાળે '**પ્રત્યાખ્યાન કરવાયોગ્ય જે પરભાવ...**' એટલે કે છૂટવા લાયક એવા જે પરભાવ, વિકલ્પો '**તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ...**' જોયું! એ રાગને ત્યાગું છું એ તો નામમાત્ર છે. કેમકે રાગ ઉપર લક્ષ હોય ત્યારે રાગને ત્યાગું એમ હોય છે. (પરંતુ) એમ છે નહિ. પ્રત્યાખ્યાનના સમયે પ્રત્યાખ્યાન કરવા લાયક જે પરભાવ-પુણ્ય-પાપ ભાવ. '**તેની...**' '**પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું...**' જાણે કે આ રાગ છોડું છું એવો જે પર્યાય લક્ષ હતો એવું ત્યાગનું કર્તાપણું એ તો નામમાત્ર છે. રાગ છોડું છું એ તો નામમાત્ર છે. એના સ્વરૂપમાં એ નથી. કેમકે રાગ ઉપર લક્ષ રાખીને રાગ છોડું એમ બનતું નથી. સમજાણું કાંઈ?

આત્મામાં કહેવા છતાં પણ '**ત્યાગના કર્તાપણાનું નામ હોવા છતાં પણ,...**' કહેવાય એમ કે આ રાગ જીવે છોડ્યો. એમ કહે છે. પણ એ તો નામમાત્ર (છે). કેમકે ઓલું છૂટે છે ને, છૂટે છે ને, આમ એકત્વ થતાં ઓલું છૂટે છે ને. આમ ઉત્પાદ થતાં ઓલો વ્યય થાય છે ને, વ્યય થાય છે, થતો નથી ને. એને છોડ્યું એમ નામમાત્ર કહેવામાં આવે છે. '**પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી,...**' ખરેખર પરમાર્થ સ્વરૂપથી જોવામાં આવે તો રાગનો ત્યાગ કરું છું એવું સ્વરૂપમાં નથી. રાગનો ત્યાગ કરું, હોં! પરના ત્યાગની તો વાત પણ ક્યાં (છે)? આ તો હજી પરનો ત્યાગ કર્યો મેં માટે અમને પચખાણ થયા (એમ માને). સમજાણું કાંઈ? એ તો પરના ત્યાગ ગ્રહણની બુદ્ધિ તો મિથ્યાદૃષ્ટિની છે. રાજેન્દ્રજી! ભારે ઝીણું! આહાહા..!

કહે છે કે ભાઈ! અહીં તો કહે છે કે રાગરૂપ થયો નથી તો પછી રાગને છોડવું ક્યાં રહ્યું? એમ કહેશે. તો પરરૂપ તો ક્યાંય રહી ગઈ ચીજો. આ તો કહે આ ગ્રહવું, મૂકવું, ગ્રહું, છોડું અને લઉં. એ તો મિથ્યાદૃષ્ટિનો પરના સ્વામીપણાનો ભાવ છે. પરને (હું) છોડું એનો અર્થ કે પરનો સ્વામી છું છોડવામાં. એટલે મેં સ્વામીપણે ગ્રહ્યું હતું. છોડું છું ત્યાગપણે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ તો સ્વામી થયો. એ તો મિથ્યાદષ્ટિ છે.

અહીં તો કહે છે કે રાગનો પણ સ્વામી નથી. રાગના ત્યાગનો સ્વામી નથી. આહાહા..! રાગ છૂટે છે એનું સ્વામીપણું એમાં નથી. કથનમાત્ર એમ કહેવામાં આવે કે આણે રાગ છોડ્યો. પણ સ્વભાવદષ્ટિથી જોઈએ તો રાગ છોડવું એ સ્વરૂપમાં નથી. સ્વરૂપ ક્યાં રાગરૂપે થયું હતું કે પરને લક્ષે રાગ છૂટે. એ તો સ્વરૂપ જ જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપમાં છે એવું ભાન થયું, એમાં ઠર્યો એનું નામ પ્રત્યાખ્યાન છે. નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનની નિર્મળ દશા થઈ એનું નામ પ્રત્યાખ્યાન છે. જેઠાલાલભાઈ! આ જુઓ, બધા વાંધા પ્રત્યાખ્યાનના આખા. એય..! છોકરાઓ પાંચ સામાયિક કરે, પંચરંગી કરે, સામાયિક કરે, આ કરે. ધૂળેય નથી, હવે સમજને હજી. આત્મા શું ચીજ છે? અહીં જીવ સ્વભાવનું વર્ણન છે. જીવ અધિકાર છે ને? જીવ, રાગના ત્યાગનું કર્તાપણું પણ જીવનું સ્વરૂપ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરે છે શું? કરવાનું તો છે નહિ પણ છોડવું એનું સ્વરૂપ નથી. છોડે ક્યાંથી? ઉત્પાદ કરવો સ્વભાવમાં છે ક્યાં? ઉત્પાદ છે તો વ્યય કરવાનો સ્વભાવ હોય ને. એમાં છે ક્યાં? ભારે વાત, ભાઈ!

ભગવાન ચૈતન્યસ્વરૂપ છે ને. આમ ચૈતન્યબિંબ જ્યાં ભાન થયું, આ ચૈતન્ય સ્વભાવ, સ્વભાવ છે ત્યાં આદિ નહિ, અંત નહિ. સત્‌થી ભરેલું તત્ત્વ (છે). એવા સ્વરૂપમાં આ રાગનો ત્યાગ જાણ્યો. જાણવાનો સ્વભાવ તો કીધો કે આ રાગ છે એ પરભાવ છે એમ જાણ્યું. સમજાય છે? પણ જાણ્યું અને પછી એને ત્યાગું છું, આ છોડું છું, એને ગ્રહ્યું નથી. એ છોડું છું ક્યાં ઉત્પન્ન થયું હતું ત્યાં? એમ કહે છે. આમ સ્વરૂપમાં ઠરે છે ત્યારે રાગ ઉત્પન્ન થતો નથી. એટલે એ રાગને છોડું છું એવું કર્તાપણાનું નામમાત્ર છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ, બાપા! વીતરાગનો માર્ગ... આહાહા..! શરણભૂત... શરણભૂત... શરણભૂત. ક્યાંય કોઈ શરણ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પરનો ત્યાગ જ છે અંદરમાં, ચીજ શું ઘૂસી ગઈ છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વ્રતી બને છે, એમ તો અવ્રતી બને છે મિથ્યાદષ્ટિ. હું પરનો ત્યાગ કરું તો તો પરનો અજીવનો સ્વામી થયો. જીવ પરનો સ્વામી છે નહિ.

આ રાગનો ત્યાગ કરું, ત્યાં પર્યાયબુદ્ધિ થાય છે એમ કહે છે અહીં તો. પણ એ રાગ હતો અને છૂટ્યો, ઉત્પન્ન ન થયો એટલા માત્રથી એમ કહેવું કે આણે છોડ્યું. એ નામમાત્ર છે. વસ્તુમાં એ છે નહિ. એ ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વભાવે વસ્તુ છે. એમ જાણ્યું કે આ રાગ છે એટલે આમાં ઠર્યો. ત્યાં ન ગયો અહીં ઠર્યો. એ ઠરવાની નિર્વિકલ્પ શાંતની દશા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તેને પ્રત્યાખ્યાન કહે છે. આહા..! ઝીણી વાતું છે, બાપુ! આને જીવ કહેવાય. આ જીવ અધિકારમાં લીધી છે વાત. ઓલી સ્તુતિને લીધી, અહીં પચખાણને લીધું. આહાહા..! આચાર્યની ગંભીર કથનીની પદ્ધતિ જીવ સ્વભાવના વર્ણનની! સમજાણું કાંઈ?

કહે છે કે, ભાઈ! જીવસ્વભાવ. જીવ એટલે શું? આત્મા એટલે શું? એ તો જ્ઞાનસ્વભાવ, જ્ઞ સ્વભાવ, ચૈતન્ય સ્વભાવ. એ સ્વભાવ છે એ કેમ બને? કોનાથી બને? એ તો છે જ એમ. એવો જ્ઞાનસ્વભાવ, એણે આમ રાગાદિ પર છે એમ જાણ્યું. જાણવાનું હતું તો જાણ્યું બસ એટલું. હવે એને છોડું છું, રાગનો ત્યાગ કરું છું એ નામમાત્ર કથન છે. વસ્તુમાં એ નથી. જુઓ! '**પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ...**' ઉપાધિમાત્ર. હતું કે દિ' એમાં? આહાહા..! ભગવાન આત્મા એનામાં ત્યાગ ઉપાદાનશૂન્યત્વ નામનો ગુણ છે એક. એક અનાદિઅનંત આત્મામાં ત્યાગઉપાદાનશૂન્યત્વ નામનો ગુણ છે, એક શક્તિ છે. સમજાય છે કાંઈ? ૧૬મી શક્તિ. ૧૭મી અગુરુલઘુ, ૧૮મી ઓલી ઉત્પાદવ્યય કર્તા, ક્રમરૂપ-અક્રમરૂપ, ૧૯મીમાં આલિંગીત. સદશ્ય-વિસદશ્ય એમાં આલિંગીત શબ્દ છે. ભારે વાતું છે. શાસ્ત્રને આગમ, પરમાગમ તે ગજબ છે ને! કેટલી ગંભીરતાથી વસ્તુને અનુભવી તો ઠીક પણ કથનની પદ્ધતિમાં કેટલો ક્ષયોપશમ એનો! જે વાતને થોડામાં બધું ભરી દે છે.

કહે છે કે, ભાઈ! તારી પચખાણસ્વરૂપ દશા, જીવના પચખાણસ્વરૂપ દશા કોને કહેવી? સમજાય છે કાંઈ? એ જીવ જ્ઞાયક સ્વ ચૈતન્ય સ્વભાવ, જેનું ભાન થયું અને એમાં જ્યાં અંદર આમ ન ગયો અને આમ ઠર્યો તો જ્ઞાનસ્વરૂપ રાગરૂપ તો થયું નહોતું કોઈ દિ'. એ જ્ઞાનરૂપ જ્ઞાન રહ્યું છે એમાં ઠર્યો. વીતરાગદશાપણે પરિણમ્યો. નિર્વિકલ્પ શાંતિમાં અંદર પરિણમ્યો. બસ, એને ભગવાન આત્માની પચખાણરૂપ દશા, જીવના સ્વભાવરૂપ ભાવ, એને પ્રત્યાખ્યાન કહે છે. આહાહા..! કહો, બાબુલાલજી! શું છે? પરના ત્યાગ-ગ્રહણ વિના વૃત્તિ થઈ જાય છે? આહાહા..!

કહે છે કે, ભાઈ! વાસ્તવિકપણે, યથાર્થપણે સત્યના સત્‌ના સ્વભાવપણે પચખાણરૂપ દશા કોને કહેવી? કે પરવસ્તુ તો અહીંયાં આવી જ નથી. એટલે એને છોડવી એ વસ્તુમાં છે જ નહિ. પણ રાગાદિ જે પર્યાયમાં વિકારી આસ્રવ તત્ત્વ હતું તે આસ્રવતત્ત્વ રૂપે ચૈતન્યસ્વભાવ તો થયો જ નથી ને. ભાઈ! એમ કહે છે. આહાહા..! એ અહીં કહેશે ને. '**પોતે તો એ નામથી રહિત છે કારણ કે જ્ઞાનસ્વભાવથી પોતે છૂટ્યો નથી,...**' એ આસ્રવના પરિણામરૂપ સ્વભાવ થયો જ નથી. આહાહા..! અજીવરૂપે તો થયો નથી કે જેથી અજીવને છોડવું રહેતું નથી પણ રાગરૂપે થયો નથી, એ આસ્રવપણે થયો છે કે દિ' કે આને છોડું એમ કહે છે? આહાહા..! વાહ રે વાહ! વસ્તુની સ્થિતિનું (વર્ણન)! સ્વરૂપ તો આમ છે પણ એને આ રીતે મૂકવાની પદ્ધતિની રીત જ કોઈ અલૌકિક છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાઈ! જીવ તો આવો છે ને ચૈતન્યસ્વભાવ. એ રાગને જાણે ખરો. જાણે તો જડને જાણે અને બધાને જાણે એટલે શું? સમજાણું? અને તે આસ્રવ તત્ત્વને જાણે અને આસ્રવ છોડે છે જીવ, રાગ છોડે એ તો **નામ માત્રના** કથન **માત્ર,** વ્યવહાર કથન**માત્ર** છે. વસ્તુ એમ છે નહિ. '**પરભાવના ત્યાગ કર્તા...**' ત્યાગ કર્તા, હોં! પરભાવના કરવાપણાનો ભાવ એમ તો નહિ પણ '**પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી,...**' સમજાણું કાંઈ? આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સ્વભાવ એવો જ છે.

ઉત્તર :- સ્વભાવ એવો છે. સ્વભાવનો ખ્યાલ તો લે. ખ્યાલ તો કર, ભાઈ! ખ્યાલ વિના ખબરું ક્યાંથી તને પડશે એ શું ચીજ છે? એમ બહારથી તું એમ માની લે કે આમ કર્યું ને તેમ કર્યું એ કાંઈ વસ્તુમાં છે નહિ. સમજાણું?

ભગવાન આત્મા... કહે છે કે રાગના ત્યાગકર્તાપણાનું **નામ માત્ર** હોવા છતાં એ ત્યાગ રાગના ત્યાગ કર્તાપણા, હોં! **નામ પોતાને પરમાર્થે નથી.** ઓહોહો..! કેમ કે ભગવાન આત્મા એ સ્વભાવમાંથી છૂટીને આસ્રવરૂપ કે દિ' થયો છે? એટલે એમ કહ્યું કે એ તો જ્ઞાનસ્વભાવરૂપ રહ્યો છે તો એને વળી છોડવું એ ક્યાં રહ્યું? એમ કહે છે. એ તો જ્ઞાનસ્વભાવરૂપ છે એમાં છે અસ્તિ, અસ્તિમાં ઠરે છે. સમજાય છે? એ જ્ઞાનના અસ્તિત્વની નિર્મળ, પવિત્રદશા એને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? હવે આ બધા વાંધેવાધા ઝઘડા જગત સાથે. અરે..! ભગવાન! આમાં વાંધા છે જ નહિ. એ ચૈતન્ય એવી ચીજ છે ને. એનું ખ્યાલ અને ભાન થતાં એ ચીજ જ એવી છે કે એમાં વાંધા વચકા છે જ નહિ. આહાહા..!

કહે છે, ભગવાન આત્મા... આહાહા..! ભગવાન ચૈતન્ય સ્વભાવ મહિમાવંત પ્રભુ, એવા સ્વભાવને આ રાગ છે એમ સ્વભાવમાં જાણ્યું એ જાણવાનું અસ્તિત્વ તો આનું છે. એમ જાણે. અને તેને રાગના ત્યાગના કર્તાપણાનું **નામમાત્ર** હોવા છતાં ભગવાન આત્મા... એ ઓલો વ્યવહાર કહ્યો. **નામમાત્ર** એ. **પરમાર્થથી** જોવે તે ભગવાન જ્ઞાનસ્વરૂપે છે એ આસ્રવ રાગરૂપે તો કોઈ દિ' થયો જ **નથી.** થયો **નથી** પછી છોડવું એવું સ્વરૂપમાં ક્યાં છે? એમ કહે છે. સમજાણું કાંઈ?

'**પોતે તો એ નામથી રહિત છે...**' ભગવાન આત્મા, જેનો જ્ઞાન મહિમા ચૈતન્ય ચમત્કાર વસ્તુથી ભરેલો પદાર્થ, જેનો ઉકેલ થતાં કેવળજ્ઞાન પાકે. જેનો ઉકેલ થતાં. ઉકેલ સમજ્યા? એકાગ્ર થતાં કેવળજ્ઞાન પાકે. કેવળજ્ઞાનના કોળા પાકે. કોળા સમજો છો? નથી સમજતા? તમારામાં શું કહે? અધ મણ. તરબુચ નહિ.

મુમુક્ષુ :- કદુ

ઉત્તર :- હા. એ. વેલો પાતળો છે. વેલો કેવડો હોય? વેલો-વેલો. કોળા નથી ખબર કોળા?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- પેઠા.

ઉત્તર :- પેઠા નહિ. પેઠા જેવી જાત થાય. તમારી પાસે થાય. આ બાજુ નથી થતાં. એ મારવાડમાં થાય છે ખબર છે. આવા કોળા થાય અધમણ અધમણના. કોળા... કદુ. એ. એના વેલા પાતળા હોય છે. પાકે એટલા. એને સાકરકોળા અમારે કહે છે એનું નામ. તમારે વળી એમ કહે. અમારે એને સાકરકોળા કહે છે. એય..! સાકરકોળા. બહુ મીઠા તો એવા નહિ પણ એનું નામ સાકરકોળા છે. કડવા નથી ને. સાકરકોળા.

એમ ભગવાન ચૈતન્યનો વેલો એવો છે કે એની વેલાની પર્યાયમાં સાકરકોળા એટલે કેવળજ્ઞાનનો કંદ પાકે એવું છે. એથી કહે છે રાગ પાકે એવો આત્મા છે? આહાહા..! સમજાણું કાંઈ? આટલું ક્ષેત્ર છે એમ ન જુઓ. સાડા ત્રણ હાથમાં ચૈતન્યકંદ પડ્યો છે એનું સત્ત્વ એટલું બધું છે, એનું સત્ત્વનું સામર્થ્ય એટલું છે કે કેવળજ્ઞાનનું કોળું, સાકરકોળું, અમૃતનો કંદ કેવળજ્ઞાનની પર્યાય પાકે. એને ઉત્પન્ન કરે એવી એનામાં તાકાત છે. એ રાગને ઉત્પન્ન કરે એવો એનો સ્વભાવ નથી, એમ કહેવું છે, ભાઈ! આસ્રવને ઉત્પન્ન કરે એવો સ્વભાવ નથી. આહાહા..! ભાઈ! તને ચૈતન્યના મહાત્મ્ય આવ્યા નથી. આહાહા..! સમજાણું?

'**પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી, પોતે તો એ નામથી રહિત છે...**' ભગવાન આત્મા સ્વયં તો, સ્વયં તો રાગના ત્યાગના નામમાત્ર જેનામાં છે જ નહિ કોઈ દિ'. એ તો પરના ત્યાગ રહિત જ છે એમ કહે છે. રાગનો ત્યાગ કરવું કે ગ્રહણ કરવું એ ત્યાગ ઉપાદાનથી શૂન્ય છે. રાગનો ત્યાગ-ગ્રહણ કરવો એનામાં ગુણ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? '**કારણ કે જ્ઞાનસ્વભાવથી પોતે છૂટ્યો નથી,...**' ભગવાન જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે. એ કાંઈ આસ્રવરૂપ થયો નથી. '**માટે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે.**' માટે જ્ઞાનસ્વરૂપમાં એ સ્થિરતા થઈ છે એ જ્ઞાનની જ દશા છે, એ જ્ઞાનનો જ ઉત્પાદ સ્વભાવ છે, એ જ્ઞાન જ્ઞાનમાંથી ઉત્પન્ન થઈને ઠર્યું છે. '**એમ અનુભવ કરવો.**' એમ આનંદનો અનુભવ કરવો. એ આનંદ ક્યાંય બહારથી આવતો નથી. આનંદસ્વરૂપ જ ભગવાન છે એમ કહે છે. એ આનંદને દુઃખનો ત્યાગ એ નામમાત્ર છે એમ કહે છે, લ્યો! આહાહા..! સમજાણું કાંઈ? એ આનંદને એ દુઃખનો ત્યાગમાત્ર નામમાત્ર છે. ભગવાન તો દુઃખના ત્યાગના પરમાર્થે તેના ત્યાગના અભાવસ્વભાવસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાન... અહીં જ્ઞાનની પ્રધાનતાથી વર્ણન છે. પણ એ જ્યારે સ્થિરતા થઈ ત્યારે આનંદ વધે છે એમ કહે છે. દુઃખ ટળે છે. ટાળે છે એ તો નામમાત્ર છે એમ કહે છે. આહાહા..! સમજાય છે? નામમાત્ર છે. પણ આનંદરૂપ થાય છે તે પ્રત્યાખ્યાન છે. કારણ કે એ સ્વભાવથી કોઈ દિ' છૂટ્યો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આ ચીજને જાણે નહિ અને પછી એમ કહે કે અમે આવા છીએ... આવા છીએ. એ પચખાણને માનતા નથી. વળી એમ કહે. ભાઈ! પચખાણ કોને કહેવા, બાપુ! મુનિને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માનતા નથી એમ કહે. બાપા! ભાઈ! મુનિ કોને કહેવા? ભાઈ! મુનિપણાની દશા કોઈ અલૌકિક છે! આહાહા..! આવી પચખાણ દશા એ મુનિની દશા એ જીવ સ્વભાવ જ એ રૂપે પરિણમી ગયો, કહે છે. એને પચખાણ અને એને જીવસ્વભાવ અને એને જીવ કહીએ. એને જીવનું પચખાણ કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? બહુ ઝીણું! એય..! કામદાર! કોઈ દિ' સાંભળ્યું ન હોય. આ બૈરા બધા સાંભળતા હોય બિચારા ઘણીવાર. આ બધા ધંધા-ધંધા આડે નવરા કે દિ' હોય? આહાહા..! અને આ સમજ્યા વિના કોઈ દિ' નિવેડો ક્યાંય નથી ધૂળમાંય તે. ક્યાં ગયા તમારા? વયા ગયા? મલૂકચંદભાઈ. લ્યો ત્યાં બેઠા? કોણ જાણે ભાઈ .. અમદાવાદ ને અહીં. શું કહેવાય ઈ? .. આહાહા..! અધવારું. અધવારું સમજો છો? ગામમાં શહેરમાં રહે અને ગામડામાં થોડો વેપાર કરવા જાય. અડધું અહીં રહે અને અડધું અહીં રહે. ગામડામાં વેપાર કરે દિવસે ત્યાં રહે. રાત્રે ઘરે જાય શહેરમાં. ઘણા હોય છે. આ મુંબઈના નોકરો સુરત આવે. મુંબઈના નોકર, હોં! સુરત રાતે આવે અને સવારે મુંબઈ વયા જાય. ત્યાં જગ્યા મળતી ન હોય. પાંચ-સાત ઘરના માણસો હોય. ભાડું મોટું દેવું પડતું હોય. સાંજે આવે ચાર કલાક-પાંચ કલાક. પાછા સવારે વહેલા નીકળી જાય. ઓહોહો..! મજૂરી કરે છે તો કેટલી કરે છે, જુઓને! કેટલો રસ અને કેટલો પ્રેમ! આહાહાહા..! કહો, ભીખાભાઈ! પણ એટલી જો અહીં આત્માને માટે કરેને... આહાહા..! ભાઈ! તને કાળ મળ્યો છે ને અત્યારે તો. આત્માને કરવાનો આ કાળ છે. સબ અવસર આ ગયા હૈ. ઓહો..!

કહે છે, શું પણ પચખાણની વ્યાખ્યા! જીવના સ્વભાવમાં.. **'એમ અનુભવ કરવો.'** એ જ્ઞાનનો, આનંદનો અનુભવ કરવો. એ અનુભૂતિ આત્માના આનંદનો સ્વાદ લેવો. એ સ્વાદ લેવાની દશાને જીવસ્વભાવને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- અત્યારે એને કષ્ટદાયક...

ઉત્તર :- કષ્ટ આવતું હશે એનું નામ પચખાણ હશે? કષ્ટ સહન કરવું, કષ્ટ લાગે એ તો દુઃખ છે, આર્તધ્યાન છે. કષ્ટ લાગે. 'છ ઢાળા'માં આવે છે ને? વૈરાગ્યને શું કહેવાય? કષ્ટદાયક માને. સંવરના અધિકારમાં આવે છે. આત્મહિત હેતુ વિરાગ જ્ઞાન, (તે લખે આપકું) કષ્ટદાન. એમાં બહુ સરસ વાત લીધી છે. બાપુ! ચારિત્ર સંવર-નિર્જરા એ દુઃખરૂપ નથી. એ તો આનંદરૂપ છે. તને એમ લાગે કે આ ચારિત્ર બાપા દુઃખદાયક છે. અરે..! તું ચારિત્રને ગાળ દે છો, ભાઈ! ચારિત્ર તો આનંદદાતા છે. એ તને કષ્ટદાયક નથી. એમ કહે કે આહા..! મુનિઓને ચારિત્ર પાળવા. ઉઘાડે પગે ચાલવા, ઉના પાણી પીવા, લોચ કરવા. આહાહા..! મહાકષ્ટ. શું તું કહે છો? ચારિત્રને દુઃખદાતા ઠરાવે છો એ ચારિત્ર તો આનંદદાતા છે. એને દુઃખદાતા ઠરાવે (છે તો) તારી શ્રદ્ધામાં મિથ્યાત્વભાવ પડ્યો છે. આહાહા..! ભાઈ! મુનિઓને કેટલા કષ્ટ! શું કહે છો પ્રભુ તું? કહે છે કે મુનિઓને કેટલો આનંદ! એમ કહે છે અહીં. આહાહા..! એને આમ જંગલમાં પડ્યા હોય, ડુંગરા ઉપર આમ પડ્યા હોય. અને વાઘ અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વરુ સિંહ આમ ત્રાડ મારતા હોય. આનંદમાં પડ્યા હોય. અતીન્દ્રિય આનંદની જેને બાઢ આવે છે પર્યાયમાં. જ્યાં એકાગ્રતા મારે છે ત્યાં પર્યાયમાં આનંદની છોળું ઉઠે. આનંદની છોળું ઠંડી ઉઠે. શીતળતા શાંતિ થઈ, બાપા! એને મુનિપણા અને એને પ્રત્યાખ્યાન કહીએ. અહો..! ધન્ય અવતાર છે ને! સમજાય છે? એ તો મોક્ષના મોતી. મોક્ષને માટે તરવરી રહ્યા. અલ્પકાળમાં જેને કેવળજ્ઞાન! આ એના પચખાણની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ?

કૃષ્ણની રાત્રે વાત કરી નહોતી મેં? જુઓને ક્યાં 'જન્મતા કોઈએ ન જાણ્યું, મરતા કોઈ ન રોનાર.' છે? કૃષ્ણને માટે. 'જન્મતા કોઈ ન જાણ્યું...' ક્યાં ભરવાડમાં.

જન્મતા કોઈ ન જાણ્યું, મરતા કોઈ ન રોનાર જી...
એમાં અટવીમાં એકલો પડ્યો કરે પોકાર જી,
એ ગરવ ન કરશો રે જાત્રનો.

એ છેલછબીલો નાગરવેલના પાને.. આમ ખમા-ખમા બાપા! એ જંગલમાં પડ્યો. આહાહા..! વચલી દશા થોડી આટલી રહી. જન્મતા જાણ્યા નહિ, મરતા રોનાર કોઈ નહિ. એ છેલછબીલો એકલો ત્યાં મહા અટવીમાં એકલો પડ્યો કરે પોકાર. અરે..! મને પાણી.. અરે..! મને પાણી.. અરે..! કંઈકના સાહસ કરીને .. આપ્યા હતા. મદદ .. આ ક્યાં ગયું? આહાહા..! વાસુદેવ જેવો પુરુષ. જ્યાં સંયોગો ફરે છે ને. સ્વભાવ ફરે છે કાંઈ? આહાહા..!

સમકિતી જેવા પણ અંદર પોકાર (કરે છે). ચોથે-પાંચમે રૌદ્રધ્યાન છે ને? રૌદ્રધ્યાન છે. સમજાણું? પોકાર કરે અંદરમાં આનંદનો કંદ ઝુલે છે, કહે છે. ત્યાં જાને. શરણભૂત ત્યાં છે. આહાહા..! પચખાણ થયા નહિ, એ દશા રહી, આયુષ્ય બંધાઈ ગયા, જવા પડ્યા. સમજાય છે? તીર્થંકર થવાને લાયક જીવને પણ આ દશા. ભવિષ્યમાં તીર્થંકર થવાના. આહાહા..! જેને ઈન્દ્રો સો સો ખમ્મા-ખમ્મા કરે. અરે..! એ રણમાં પોકાર કરે એકલો પાણી વિના. પાણીનું બિંદુ ન મળે. ગજબ વાત તે કોઈ. બાપુ! સંયોગી ચીજને ક્યાં મેળવી શકાય છે? એને હઠાવી પણ ક્યાં શકાય છે? પ્રતિકૂળ યોગ સંયોગનો એને હટાવે કોણ? હટી જાને તું ત્યાંથી, રાગમાંથી. આમ ઠરને અંદર. એ તારા અધિકારની વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એ વાતની વાત પણ જેને ભાવ પણ જેને રુચે નહિ કે આવી વાત મોટી! હવે એ વાત રુચે નહિ એ અંદરમાં ઠરવાનું કરે કે દિ'? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

જેણે આમ ટચલી આંગળીએ ગોવર્ધન તોળ્યા એ હાથ ઊંચા ન કરી શક્યા. ભાઈ! હું પગલું નથી ભરી શકતો. બળદેવને કહે છે, હોં! એ ભાઈ! મને થાક લાગ્યો છે. આહાહા...! ત્રણ ખંડનો ધણી વાસુદેવ, બાદશાહ ત્રણ ખંડનો સાહેબો એ પોકાર કૌસંબીમાં કરે છે. ભાઈ! હું એક પગલું ચાલી શકતો નથી હોં ભાઈ! મને અંદર કાંઈક થઈ જાય છે. હું અહીં હવે સૂઈ રહીશ. ભાઈ! અહીંયાં સૂઓ. હું પાણી લાવું છું બાપા, ભાઈ! આહાહા...! ઓલા દેવ ક્યાં ગયા? ઓલા રાજાઓ ક્યાં ગયા? ક્યાં ગયા અને ક્યાં આત્મા વયો ગયો છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અંદરથી? એ બધા તો જાય. વિયોગની સ્થિતિ (થાય) બાપુ! શું કરે ત્યાં? આ ચૈતન્ય ભગવાન પ્રત્યાખ્યાનના અભાવે નરકના આયુષ્ય બાંધેલા. આહાહા..! આ દશા થાય એને નરક ન હોય. એકાદ ભવ સ્વર્ગ હોય ત્યાંથી પૂર્ણ કરીને મુક્તિને પામે. એને આ પ્રત્યાખ્યાનની દશા કહે છે. સમજાણું? એવા પ્રત્યખ્યાનના કરનારાના નમુના જોવા-દેખવા મુશ્કેલ પડે. આહાહા..! સમજાય છે?

એવો ચૈતન્ય ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વભાવના સામર્થ્યથી ચૈતન્ય ચમત્કારથી કે દિ' છૂટ્યો છે, એથી એને રાગના ત્યાગનો કર્તાપણાનું નામ દેવું? ભગવાન આત્મા એ રાગને આ જાણ્યો કે આમ છે. એ આમ ઠરી જાય છે. એનું નામ પરમાર્થે પોતાને સ્વભાવમાં ઠરવું તેને પ્રત્યાખ્યાન કહે છે. કહો, સમજાણું આમાં? આનું નામ જીવસ્વભાવ. અહીં એ વર્ણન કરે છે. અજીવભાવને પ્રત્યાખ્યાન, અજીવભાવમાં અને અજીવભાવરૂપ પ્રત્યાખ્યાન હોઈ શકે નહિ. વિકલ્પ જે છે એ પ્રત્યાખ્યાન ન હોય એમ કહે છે. રાગ છે એ પ્રત્યાખ્યાન ન હોય. એ તો અજીવસ્વભાવ, પરદ્રવ્ય સ્વભાવ છે. આહાહા..! એનો ભગવાન આત્મા એ સ્વભાવે ખરેખર તો વ્યાપ્યો નથી, તો પછી એ આત્માને પચખાણ એ સ્વરૂપે કેમ હોય? ઓહોહો..! ભગવાન ચૈતન્ય પ્રભુ, આમ પોતાની જે વસ્તુ છે એને આમ મીટ માંડીને જોવે છે. જોતાં ઠરે છે તેને પચખાણ કહે છે. સમજાણું કાંઈ? આ એને ચારિત્ર કહે છે.

'**ભાવાર્થ :- આત્માને પરભાવના ત્યાગનું કર્તાપણું છે તે નામ...**' નામ એટલે કથનમાત્ર-વ્યવહારમાત્ર. ભગવાન આત્મા પરભાવરૂપે થયો છે ક્યાં કે પરભાવનો ત્યાગ કરે એવું એને કહેવું? કહે છે. '**પોતે તો જ્ઞાનસ્વભાવ છે.**' ભગવાન તો ચૈતન્યની મૂર્તિ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ તો ચૈતન્યની મૂર્તિ છે. અણઘડેલો ઘાટ. ચૈતન્ય સ્વભાવની મૂર્તિ. આ બધું લક્ષ કાઢી નાખો તો આકાર તો એવો જ છે એનો. અંદર આકાર તો આ પ્રમાણે છે પણ આ આકાર એનો નહિ. સમજાણું કાંઈ? એવો ભગવાન તો જ્ઞાનસ્વભાવ જ રહ્યો છે.

'**પરદ્રવ્યને પર જાણ્યું, પછી પરભાવનું ગ્રહણ નહિ...**' જુઓ! પરભાવમાં એકાગ્રતા નહિ. '**તે જ ત્યાગ છે.**' બીજું શું ત્યાગ? '**એ રીતે, સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે,...**' આહાહા..! કેમકે જ્ઞાનસ્વરૂપી પોતે અને તેમાં સ્થિર થયો એ પણ પોતાની દશા જ છે. સ્થિર થયેલું જ્ઞાન એ જ પ્રત્યાખ્યાન. બાપુ! એ મુક્તિના પડઘા છે એ બધા. અલ્પ કાળમાં એને કેવળ થશે એમ એ અવાજ આપે. સમજાય છે કાંઈ? '**જ્ઞાન સિવાય કોઈ બીજો ભાવ નથી.**' એ પ્રત્યાખ્યાન કાંઈ જ્ઞાન સિવાય બીજી કોઈ ચીજ નથી. વિકલ્પ કે મન કે એ કાંઈ નથી એના. એ તો આ સ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે. ઠર્યો છે અંદર. અરે..! એ રીતે એને જ્ઞાનમાં પણ ન આવે પ્રત્યાખ્યાનની દશા, એને શ્રદ્ધામાં પણ ન આવે કે આવું પચખાણ હોય, એને પચખાણની સ્થિરતા તો ક્યાંથી હોય? કહો, જેઠાલાલભાઈ! આહાહા..!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'હવે પૂછે છે કે જ્ઞાતાનું પ્રત્યાખ્યાન જ્ઞાન જ કહ્યું તેનું દૃષ્ટાંત શું છે?' 'अथ ज्ञातुः प्रत्याख्याने को दृष्टान्त इत्यत आह–'** એની ગાથા કહે છે. પાછી ઉપાડશે હોં! પહેલેથી ભ્રાંતિથી. પહેલેથી લેશે. એ શૈલી જ એવી છે.

**जह णाम को वि पुरिसो परदव्वमिणं ति जाणिदुं चयदि।**
**तह सव्वे परभावे णाऊण विमुंचदे णाणी।।३५।।**

**આ પારકું એમ જાણીને પરદ્રવ્યને કો નર તજે,**
**ત્યમ પારકા સૌ જાણીને પરભાવ જ્ઞાની પરિત્યજે. ૩૫**

પરિત્યજે ત્યાગ નામ તો આવ્યું, ઓલું કથન કરવું છે ને. સમજાણું કાંઈ? આહાહા..! મુનિ પોતે આનંદઘનમાં ઝૂલે છે. પ્રત્યાખ્યાનની દશામાં પડ્યા છે હોં! ઈ.

**ટીકા :-** દૃષ્ટાંત આપે છે. **'જેમ કોઈ પુરુષ ધોબીના ઘરેથી ભ્રમથી...'** ધોબી જ કહે છે ને તમારે? ધોબી. **'ધોબીના ઘરેથી ભ્રમથી...'** એટલો શબ્દ છે, ભ્રમથી. **'બીજાનું વસ્ત્ર લાવી, પોતાનું જાણી...'** બીજાનું લાવી, પોતાનું જાણી **'ઓઢીને સૂતો છે...'** પછેડી-બછેડી હોય ને પછેડી? પછેડી કહે ને તમારે? ચાદર. કો'કની ચાદર હોય. ભ્રમમાં.. ચાદર દીધેલી ધોવા. ધોબીને ત્યાં મારી છે એટલે લઈ જાવ ભાઈ તમારી. એમ કરીને બીજાની હતી એ ઉપાડી. એ જાણે કે મારી છે. **'ને પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે;...'** પોતાના વસ્ત્રના લક્ષણોનું જ્ઞાન નથી. અને કો'કનું વસ્ત્ર ઉપાડી અજ્ઞાની થયો અને લાવ્યો છે. **'પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે;...'** એમ કહ્યું જોયું! અજ્ઞાની એટલે લૌકિક અજ્ઞાની. લૌકિકની વાત છે ને અહીં? એ પણ પોતાની મેળે થયો છે. ઓલા ધોબીએ કીધું ને જો આ વસ્ત્ર લે એમ નથી કીધું, એમ કહે છે. જો આ વસ્ત્ર લે. એણે ત્યાં જઈને એમ લીધું કે આ મારું વસ્ત્ર છે એમ કરીને ઉપાડ્યું. સમજાણું?

**'જ્યારે બીજો તે વસ્ત્રનો ખૂણો પકડી,...'** ઓલો સૂતો હોય છે આમ. ત્યારે બીજો માણસ આવ્યો હોય કે ભાઈ! મારું વસ્ત્ર? ભાઈ! જોઈ લે ત્યાં. આમાં તો મારું વસ્ત્ર નથી. ત્યારે ભાઈ કો'ક લઈ ગયું છે તારે નામે. હમણાં લઈ ગયો છે એક. ત્યાં ગયો. ઓલો સૂતો હતો. ચોફાળ ઓઢીને. પછેડી-પછેડી. અમારે ચોફાળ કહે ચાદર. **'ત્યારે બીજો તે વસ્ત્રનો ખૂણો પકડી,...'** ... નાનો હોય ને ખૂણો એક કોરનો? ખૂણો પકડી **'ખેંચી...'** પાછુ એકલું પકડીને રાખે તો એમ નહિ. આમ ખેંચવું જોઈએ. ઓલો સૂતો છે ને ઓલો દાબીને. આમ દાબ્યો હોય, આમ દાબ્યો હોય એટલે ખૂણો પકડી બેસી રહે તો? ખેંચે. ખેંચે ત્યારે ઓલો જાગે.

**'ખેંચી તેને નગ્ન કરે છે...'** નગ્ન એટલે વસ્ત્ર વિનાનો કરે, એમ. બીજું વસ્ત્ર ભલે એની પાસે હોય. પણ આ વસ્ત્ર વિનાનો કરે. **'અને કહે છે કે તું શીઘ્ર જાગ,...'** ઝટ જાગ. **'સાવધાન થા,...'** જાગીને સાવધાન થા. સમજાય છે? છોકરા બહુ સૂઈ જાય ને.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

થોડા જાગે તો હજી સાવધાન ન હોય તો લથડીયા ખાય. બરાબર ઊંઘ ન ઊડી હોય તો ભાઈ ઉઠ્યો છે ને? તો કહે, હા. તોય આમ ચાલતા ચાલતા લથડીયા ખાય. બરાબર ઉઠ્યો ન હોય એટલે. તો આ કહે છે, બરાબર જાગ. એમ કહે છે. સમજાણું? '**શીઘ્ર જાગ, સાવધાન થા,...**' પાછું જાગીને સાવધાન થા. ખ્યાલ બરાબર કર.

'**આ મારું વસ્ત્ર બદલામાં આવી ગયું છે...**' જુઓ! આ મારું વસ્ત્ર બદલામાં આવી ગયું છે. તારું નથી આ. '**તે મારું મને દે,...**' મારું વસ્ત્ર બદલામાં આવી ગયું એ મારું મને દે. '**ત્યારે વારંવાર કહેલું...**' એકવારે તો સંભળાય એવું નથી, કહે છે. ગુરુ કહે છે વારંવાર. એવો કાળ છે પાંચમો. '**વારંવાર કહેલું એ વાક્ય સાંભળતો,...**' એક વારે તો જાગે નહિ. બીજી વાર, ત્રીજી વાર, ચોથી વાર એલા પણ જાગ. જાગ, ઉઠ. જો આ મારું વસ્ત્ર છે. '**તે સર્વ ચિહ્નોથી સારી રીતે પરીક્ષા કરીને,...**' લ્યો! જોયું કે હા! મારું આમાં નામ નથી, હોં! સમજાય છે. રતિલાલ માણેકચંદ મેં લખ્યું હતું મારામાં. પણ એ નામ નથી. વાત સાચી, હોં? આ મારું નથી. અત્યારે નામ લખે છે ને કોટની પાછળ. એમ.ડી. ઢીકણું લખે છે. પાછળ. અહીં લખે છે ને પાછળ. અહીં લખે છે. પટ્ટીની પાછળ લખે. અંગ્રેજી લખે.

'**તે સર્વ ચિહ્નોથી...**' પાછી ભાષા કેવી છે? સર્વ લક્ષણથી, સારી રીતે. સર્વ લક્ષણથી એટલે જુઓ આ પાતળું તારું છે. આ મારું છે. તારું આવું પાતળું નહોતું વગેરે.. વગેરે... '**સર્વ ચિહ્નોથી સારી રીતે પરીક્ષા કરીને,...**' ખૂણા જોયા, વચમાં જોયું. આ બરાબર ભાઈ. સમજ્યાને? '**સર્વ ચિહ્નોથી સારી રીતે પરીક્ષા કરીને, જરૂર આ વસ્ત્ર પારકું જ છે...**' મારું નહિ, હોં! આમાં વચમાં ખજુરો છે. જાડા કપડામાં થોડો ભાગ ખજુરો થઈ જાય છે ને. દોરા જાડા થઈ જાય. આ મારું નહિ. મારું નથી. '**સર્વ ચિહ્નોથી...**' બધા ચિહ્નથી લઈ લીધું, હોં! સુંવાળપ, તાણાવાણા, ખૂણા, જાડપ. સમજાય છે? અને બધી સારી રીતે પરીક્ષા કરી. '**જરૂર આ વસ્ત્ર પારકું જ છે...**' એમ નક્કી થઈ ગયું. '**એમ જાણીને, જ્ઞાની...**' એટલે જાણનાર થયો કે આ વસ્ત્ર મારું નથી. એમ જાણનાર. '**તે (પરના) વસ્ત્રને જલદી ત્યાગે છે.**' જલદી ત્યાગે છે. જુઓ, પડ્યું હોય ભલે. તોપણ અંદરમાં સ્વામીપણું ઊડી ગયું. હજી કાઢતા કાઢતા થોડી વાર લાગે. તોપણ સ્વામીપણું ઊડી ગયું. નહિ. એ મારું નહિ. '**જલદી ત્યાગે છે.**' દૃષ્ટિમાં છૂટી ગઈ વાત. નહિ.. નહિ રે નહિ.. મારું વસ્ત્ર નહિ. મારું ત્યાં રહી ગયું છે. એ દૃષ્ટાંત થયો.

'**તેવી રીતે-જ્ઞાતા પણ...**' છે તો આત્મા જાણનાર, એમ કહે છે, હોં! '**ભ્રમથી...**' પહેલેથી શરૂ કરી છે પાછી. '**પરદ્રવ્યોના ભાવોને ગ્રહણ કરી,...**' પુણ્ય-પાપના વિકલ્પોને પરભાવને ગ્રહણ કરી. '**પોતાના જાણી,...**' દેખો! ભગવાન જ્ઞાનની મૂર્તિ ચૈતન્યગોળો બ્રહ્મ આનંદકંદ, એમાં એ પુણ્ય-પાપના વિકલ્પો એ પરભાવ છે. એ પરદ્રવ્યના ભાવ છે. ચૈતન્યના

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દ્રવ્યના મૂળ સ્વભાવ ભાવ નથી. એ અપેક્ષાએ વાત છે, હોં! '**ભ્રમથી પરદ્રવ્યના ભાવોને ગ્રહણ કરી, પોતાના જાણી, પોતામાં એકરૂપ કરીને...**' રાગ-દ્વેષ જાણે મારા જ હોય એમ '**એકરૂપ કરીને સૂતો છે...**' મિથ્યા નિંદ્રામાં સૂતો છે. છે ને? ત્રણ શબ્દ વાપર્યા છે. જ્ઞાતા ભ્રમથી. એક. પરદ્રવ્યના ભાવોને ગ્રહણ કરી. એક. પોતાના જાણી-બે, અને એકરૂપ કરીને સૂતો છે.

'**ને પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે;...**' જુઓ! આની ભાષા. ભાઈ! શું કરું મને બીજાએ ભૂલાવ્યો. અરે..! કુગુરુના ઉપદેશ મને મળ્યા. આવા અમને સંભળાવનારા મળ્યા નહિ. એમ ના પાડે છે. ભગવાનદાસ કહે છે ને હર વખતે. શું કરીએ અત્યાર સુધી સાંભળવા મળ્યું નહિ. તમને કે દિ' દરકાર હતી સાંભળવાની? રૂપિયા બે-પાંચ હજાર લખાવી દે, અગિયાર હજાર, પંદર હજાર, જાવ થઈ ગયા. ધૂળમાંય નથી હવે. રૂપિયા કે દિ' એના બાપના હતા? એય..! સેઠી! રૂપિયા રૂપિયાના-જડના. એને આપ્યા એટલે આપણે થઈ ગયા બસ. બિરૂદ મળી જશે ધર્મનું. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને હવે.

કહે છે, '**પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે;...**' હોં! કોઈએ ભૂલવ્યો માટે નહિ. શું કરીએ અમને બીજે રસ્તે ચડાવી દીધા. સમજાય છે? બીજે ડબ્બે બેસી ગયા. એક જણો એમ કહેતો હતો. પાટો હતો ક્યાંકનો અને બીજે ડબ્બે બેસી ગયા, હવે મારે કરવું શું? હું તો સમજી ગયો કે આ કહેવા માગે છે આમ. મેં કીધું, અમે શું કરીએ? બાપુ! સાચો ડબો રહી ગયો, ખોટે ડબે ચડી ગયા. આ રેલમાં થાય છે કે નહિ? કાંઈક જાવાનું હોય આમ અને બેસી ગયો આમ. ચડી જાય આમ. ખોટે ડબ્બે ચડી ગયો તો તારી ભૂલ પોતાની છે.

'**અજ્ઞાની થઈ રહ્યો છે; જ્યારે શ્રી ગુરુ પરભાવનો વિવેક કરી...**' દેખો! ઓલામાં '**निर्विण्णेन**' આવે છે ને? ૩૮ ગાથામાં. આમાં 'જયસેનાચાર્યે' .. કહ્યું. એ શબ્દ વાપર્યો છે. એટલે ગુરુ કેવા એમ વાપર્યો છે. 'જયસેનાચાર્ય'માં એમ શબ્દ છે. જેમ ઓલું ૩૮ ગાથામાં છે ને એવું. '**પરભાવનો વિવેક કરી તેને એક આત્મભાવરૂપ કરે અને કહે કે...**' એને એ કહે. સમજાવનાર છે એમ કહે છે ને. '**શ્રી ગુરુ પરભાવનો વિવેક કરી તેને એક આત્મભાવરૂપ કરે...**' ઓલા રાગ અને પુણ્ય એ તું નહિ. કરે એટલે એનો અર્થ એ કે તું આ નહિ. તું જે રાગને એકરૂપ કરે એમ નહિ. તું આત્મા એકરૂપ છે એમ નક્કી કર. વગેરે વગેરે છે વાત. વખત થઈ ગયો છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો વદ ૧૨, બુધવાર, તા. ૯-૧૧-૧૯૬૬**
**ગાથા-૩૫, ૩૬ શ્લોક-૨૯, પ્રવચન નં. ૯૮**

અહીં જીવ-અજીવ અધિકાર 'સમયસાર' ચાલે છે. ૩૫મી ગાથા. વસ્ત્રનો દૃષ્ટાંત આપ્યો ને પહેલો? તેવી રીતે કો'કનું વસ્ત્ર ઓઢીને સૂતો હોય અને બીજો આવીને એને જગાડીને કહે કે આ વસ્ત્રના લક્ષણ જો. તારું લક્ષણ આમાં નથી. તો એ છોડી દે છે.

એમ જ્ઞાતા પણ ભગવાન આત્મા જાણનારો હોવા છતાં પણ ભ્રમણાથી પરદ્રવ્યોના ભાવોને (પોતાના માને છે). એ પુણ્ય-પાપ, શુભ-અશુભ રાગ એ બધા પરદ્રવ્યના ભાવ છે, સ્વદ્રવ્યનો સ્વભાવ નથી. જીવ અધિકાર છે ને? જ્ઞાતા પણ પરદ્રવ્યની પર્યાયને એટલે વિકારી દશાને ગ્રહણ કરી, પોતાના જાણી, પોતાના જ્ઞાનસ્વરૂપમાં એ જાણે છે, એમ જાણી, પોતામાં એકરૂપ કરીને. '**ભાવોને ગ્રહણ કરી, પોતાના જાણી, પોતામાં એકરૂપ કરીને...**' જે એકરૂપ નથી, પોતાના નથી, ગ્રહણ કરવા લાયક નથી. એને ગ્રહણ કરી, પોતાના જાણી. પુણ્ય-પાપના ભાવ, શુભાશુભ રાગાદિ એ બધા એકરૂપ જાણીને સૂતો છે '**ને પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે;...**' એ સ્વરૂપનું અજ્ઞાન પોતાની મેળાએ કર્યું છે. જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ, એને ભૂલી અને વિકારી પરિણામ જે ચૈતન્યની જાતના, ભાતના, અંતરના નથી એને પોતાના કરીને, માનીને સૂતો છે એ અજ્ઞાની પોતાની મેળાએ થઈ રહ્યો છે. કોઈ એને અજ્ઞાની કરાવતો નથી. સમજાણું?

મુમુક્ષુ :- એ તો નિશ્ચયની વાત થઈ. વ્યવહારે તો કરાવે છે.

ઉત્તર :- કોઈ કરાવે-ફરાવે એ વાત જ કે દિ' હતી? કરાવે કોણ? આ શું કહ્યું? એ તો નિમિત્તના કથન આવે ત્યારે આવે કે આ નિમિત્ત હતું અને આમ થયું. એ તો વ્યવહારના કથન છે. એમ છે નહિ.

મુમુક્ષુ :- .. લખ્યું તો છે.

ઉત્તર :- શું લખ્યું છે? એ વાત હજી આવી નથી. આવે પછી વાત કરો. સેઠી! અહીંયાં તો વિકારી પરિણામ પોતાની મેળાએ થઈ રહ્યો. એ પ્રશ્ન થયો. એમાં એમ કે કર્મ કાંઈ નિમિત્ત છે એવું આવે છે ને? એમ. સમજાય છે? એ આવે ત્યાં વ્યવહારના કથન તરીકે આવે. પોતે પોતાની ચૈતન્યની કિંમતને નહિ કરીને અંતર્મુખ સ્વભાવને નહિ જોઈને એ વિકારી પરિણામને પરભાવ છે તેને પોતાના (જાણીને) ગ્રહે છે, જાણે છે એકરૂપ થઈને અનાદિથી સૂતો છે.

'**જ્યારે શ્રી ગુરુ પરભાવનો વિવેક કરી...**' એને કહે છે કે રાગાદિ તારું સ્વરૂપ નથી. અમે પણ જાણ્યું છે કે રાગાદિ વ્યવહાર.. જુઓ! આ વ્યવહાર રત્નત્રય આદિનો રાગ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ આત્માનું સ્વરૂપ નથી. એ જીવ સ્વભાવ નથી એમ કહે છે અહીંયાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ રાગ હોય છે ને એને. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગાદિ પ્રેમ. સમજાણું? વ્યવહાર રાગ તરીકે. પણ એ રાગ મારો છે એમ માને છે તેને જીવસ્વભાવની ખબર નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'શ્રી ગુરુ પરભાવનો વિવેક (ભેદજ્ઞાન) કરી તેને એક આત્મભાવરૂપ કરે...'** શું કહે છે? કે ભાઈ! એ રાગાદિ જે વિકલ્પો ઉઠે છે પુણ્ય-પાપના આદિ તે અનેકપણે (છે), તે તારી ચીજ નથી. તું તો એક આત્મભાવરૂપ, જ્ઞાયક સ્વભાવરૂપ (છો). તેને પૃથક રીતે જાણનાર સ્વભાવરૂપ એકરૂપ જ્ઞાયકરૂપ તું છો. સમજાણું કાંઈ? **'તેને એક આત્મભાવરૂપ કરે...'** વિકારના અનેક પરિણામપણે માને છે એને અનેકપણાથી રહિત તારું જ્ઞાયક સ્વરૂપ એકરૂપ છે. એ આત્મા છે. અંતર્મુખ અંતરમાં જ્ઞાયકપણે રહેવું એ તારી ચીજ છે.

**'અને કહે કે તું શીઘ્ર જાગ,...'** જુઓ! સમજાણું? **'તું શીઘ્ર જાગ,...'** એમ કહ્યું ને? **'તું શીઘ્ર જાગ, સાવધાન થા,...'** જાગીને સાવધાન થા. રાગાદિ શુભ આદિ પરિણામ એ તારી ચીજ નથી. એ તો ઉપાધિ છે. ઉપાધિ કાંઈ વાસ્તવિક ચીજ કહેવાય નહિ. આ તારો આત્મા, **'આ તારો આત્મા ખરેખર એક જ છે,...'** જ્ઞાનસ્વરૂપ જ છે. જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... એ રાગાદિને અને સ્વરૂપને જાણનાર (છે). એ એકરૂપ જાણનાર તે આત્મા છે. એને તું જાગીને જો, જાગીને જો. જુઓ!

**'આ તારો આત્મા ખરેખર એક...'** ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વરૂપ છે. એ સિવાય વિકલ્પ આદિ છે એ બધા પરભાવ છે. તારે ગ્રહણ કરવા લાયક, પોતાના માનીને જાણવા લાયક કે પોતાના માનીને એક કરવા લાયક નથી. **'(અન્ય સર્વ પરદ્રવ્યના ભાવો છે),...'** એ શુભ-અશુભ રાગ સંયોગી ભાવ, સ્વભાવભાવથી વિરૂદ્ધ ભાવ, એ બધા પરદ્રવ્યના ભાવો છે. સંયોગી ભાવ છે તે સંયોગથી ઉત્પન્ન થયેલા સંયોગના છે. મારા સ્વભાવના નથી. સમજાણું કાંઈ? જુઓ! આ જીવ અધિકાર છે. પરભાવ બધા અજીવ છે. એ ચૈતન્યમૂર્તિમાં નથી. જ્ઞાયક સ્વભાવ, આમ જ્ઞાયક સ્વભાવ તરફ તું જો. એ જ્ઞાયક સ્વભાવ એકરૂપ છે. એ અનેકરૂપ ભાવો એ રૂપે જ્ઞાયક સ્વભાવ નથી, નથી. થયો નથી. તેના નથી, તેમાં નથી, તે તદ્દન પર છે.

**'ત્યારે વારંવાર કહેલું એ આગમનું વાક્ય...'** વારંવાર કહેલું એ આગમનું વાક્ય, એનો અર્થ? કે એને વારંવાર શ્રવણ કરવાની જિજ્ઞાસા હતી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આમાં તો ગુરુએ કહે છે.

ઉત્તર :- હા, એનો અર્થ એ છે. વારંવાર કહેવા નવરાશ છે એમ પ્રશ્ન નથી. એને વારંવાર એ સાંભળવાની જિજ્ઞાસા છે. એ ૩૮ ગાથામાં આવશે. સમજાણું કાંઈ? વારંવાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નિરંતર સમજાવવાથી આવશે. નિરંતર સમજાવવામાં નવરા હશે ગુરુ? ત્યાં છે કે નહિ? અનવરત.. છે કે નહિ ૩૮? ક્યાં છે ૩૮માં કાઢ્યું હતું કે નહિ? '**નિરંતર સમજાવવામાં...**' એમ છે, જુઓ! '**વિરક્ત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં...**'

મુમુક્ષુ :- નવરા કા ક્યા અર્થ?

ઉત્તર :- નવરાનો અર્થ ફુરસદ. જુઓ! ૩૮માં છે. દેખો! '**અનાદિ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે અત્યંત અપ્રતિબુદ્ધ હતો અને વિરક્ત ગુરુથી...**' '**નિર્વિણ્ણેન**' છે ને? '**નિર્વિણ્ણેન**' '**વિરક્ત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં...**' નિરંતર સમજાવવામાં, નિરંતર સમજાવવામાં. નિરંતર ત્યાં ગુરુ તે પોતાનું કરતા હશે કે સમજાવવાનું, સાંભળવાનું કે સંભળાવવાનું કરતા હશે?

મુમુક્ષુ :- આમાં તો નિરંતર સમજાવવામાં આવતા.

ઉત્તર :- એનો અર્થ એ થયો કે નિરંતર એને સમજવાની જિજ્ઞાસા જાગી છે. એય..! સેઠી! એમ લખ્યું છે એમાં. નિરંતર સમજાવવામાં. નિરંતર સમજાવતા હશે?

મુમુક્ષુ :- ભગવાનને દિવ્યધ્વનિ નિરંતર પ્રગટે તો...

ઉત્તર :- એને પણ નિરંતર ન હોય. એને છ છ ઘડી હોય છે. સમજ્યાને? એ તો ઈચ્છા વિના છૂટે છે એને તો. આને નિરંતર વિકલ્પમાં જ આવીને વાણી કર્યા કરે ઈ? એ કોઈ કહે છે કે ઓલાને સાંભળવાની તીવ્ર જિજ્ઞાસા છે તો એકવાર સાંભળેલું વારંવાર યાદ કર્યા કરે છે. એમ છે એનો અર્થ. સમજાણું કાંઈ? સેઠી! એક વાત.

બીજી વાત. '**ત્યારે વારંવાર કહેલું એ આગમનું વાક્ય...**' હવે શું કહે છે? આગમ આમ કહે છે. એના વાક્યોને આગમ કહે છે અને એ વાક્ય આગમ શું કહે છે? કે '**(અન્ય સર્વ પરદ્રવ્યના ભાવો છે),...**' એમ આગમ કહે છે. એમ. ગુરુનું વાક્ય વારંવાર આવે છે એટલે ઓલો વારંવાર સમજવા માગે છે. આગમ વાક્યે એમ કહ્યું છે કે આત્મા જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદ છે. એનાથી અન્ય જેટલા વિકલ્પો છે એ પરભાવ પરદ્રવ્યના ભાવ છે. એમ આગમ એને કહે છે. વાણી એમ કહે છે. સમજાણું કાંઈ? આગમ એમ કહે કે રાગાદિ તારા છે તો એ આગમ નહિ. એમ કહે છે અહીં. આહાહા..!

ભગવાન, સંતોના આગમો કે કેવળજ્ઞાનના આગમો એને કહીએ કે જે એને જીવસ્વભાવ, ચૈતન્યસ્વભાવ, એનાથી રાગાદિ ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ બાંધે પણ એ ભાવ પરદ્રવ્યનો ભાવ છે, એ તારો નથી એમ આગમ ફરમાવે છે. સમજાણું કાંઈ? આહાહા..! કેમ? કે જે પરભાવ છે એ આત્માને જરીએ લાભદાયક નથી. જીવસ્વભાવને લાભદાયક નથી. જીવ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક ભગવાન વીતરાગ સ્વરૂપી, એને પરદ્રવ્યના વિકલ્પો, ચાહે સો તીર્થંકરગોત્ર બાંધવાનો વિકલ્પ હો, એ ભાવ આત્માને લાભદાયક નથી. પરદ્રવ્યનો ભાવ છે. સમજાય છે કાંઈ? અત્યારે લાભદાયક નથી, પછી પણ લાભદાયક નથી. બેય વસ્તુ જુદી તદ્દન છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ કહેશે હજી. ચિહ્ન કરીને પરીક્ષા કરશે પાછી. પરીક્ષા કરશે. આ તો સંભળાવે છે આગમ. વારંવાર એનું વાક્ય આ આવે છે, એમ કહે છે. ભાઈ! તું ચૈતન્ય છો ને. જ્ઞાયક સ્વભાવનો પિંડ છો પ્રભુ. એ રાગાદિ તો અનેકપણે ભાસે છે એ તો તારા જ્ઞાનના પરજ્ઞેય છે, તારી ચીજ છે નહિ. આહાહા..! આમ જ્ઞાયક ચૈતન્ય પોતામાં વળ્યો છે ને એમાં તો એકપણું જ જ્ઞાનનું ઉત્પન્ન થાય છે. રાગાદિ અનેક છે તેને જાણતું જ્ઞાન જ્ઞાનમાં ભળતું એકાગ્ર થાય છે. રાગને એકત્વ માનતું નથી. સમજાણું કાંઈ? જુઓ! આ આગમના વાક્યો. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક જ વાત છે. પરભાવ તે તારા નથી, જ્ઞાયક તે તું છો. એ આગમનું વાક્ય છે. એ જીવ સ્વભાવનું બતાવનારું આગમનું વાક્ય છે. જીવના સ્વભાવથી વિરૂદ્ધ ભાવને વિરૂદ્ધ પર છે એમ બતાવનારું આગમ છે. સમજાણું કાંઈ? બીજા એવા અજ્ઞાનીને શું? એક જ આત્મા માને, આ માને એને આમ હોય ક્યાં? આગમ પણ ન હોય અને એને બે ભેદ પડાવવાનો ન હોય. ભેદ કોની સાથે પાડવો? એક જ આત્મા હોય એમાં. એટલે કહે છે કે તું તારો આત્મા, એક અમારો બીજો, તારો જુદો, બીજાનો જુદો. તારો આત્મા જે રાગાદિ પરિણામને એકપણે જાણીને સૂતો છો એ છોડ. બીજી ચીજ છે રાગાદિ. અને એનું નિમિત્ત પરદ્રવ્ય એના જ ભાવો ખરેખર છે. તારો સ્વભાવ હોય તો એમાંથી ટળે નહિ. કેટલું સિદ્ધ કર્યું! ભગવાન જ્ઞાનસ્વભાવ સિદ્ધ કર્યો, રાગાદિ પરભાવ અને પરભાવનું નિમિત્ત એ કર્મ છે એ બધો એનો ભાવ છે. તારો ભાવ નથી એમ આગમ ફરમાવે છે. આહાહા..! આથી વિરૂદ્ધ કોઈ કહે કે રાગથી તને લાભ થાય તો એ રાગ અજીવભાવ છે. એને જીવભાવ ઠરાવે છે એ આગમ કહેતું નથી.

મુમુક્ષુ :- ક્રમે કરે, પરંપરા..

ઉત્તર :- પરંપરાનો અર્થ એનો અભાવ કરે એટલે પરંપરા કહેવાય. એ પરંપરા આવ્યું હતું મગજમાં સવારમાં જ તે. આ પરંપરા-પરંપરા કરે છે શું એનો અર્થ છે? એ તો વ્યવહારનયનું એ વાક્ય છે કે અત્યારે લાભ નથી પણ પછી છૂટશે એટલે સ્થિર થશે. એમ કહીને એનો ભાવ પરંપરા કહ્યું. પણ એ કારણ નથી. રાગ પોતે વર્તમાન લાભ નથી અને પરંપરાએ પણ એ લાભનું કારણ છે જ નહિ. આહાહા..! ભગવાન જીવ સ્વભાવ એના સ્વભાવથી એને લાભ હોય? કે એના વિરૂદ્ધ ભાવથી વર્તમાન અને પછી લાભ હોય? તો એનો અર્થ થયો કે અજીવભાવથી જીવનો ભાવ પ્રગટે અને અજીવભાવથી પછી પણ જીવને લાભ-સ્વભાવનો લાભ થાય એવું આગમ કહેતું નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

**'ત્યારે વારંવાર કહેલું....'** એટલે કે એને સાંભળવાની જે જિજ્ઞાસાથી સાંભળ્યું એને વારંવાર યાદ કરે છે. **'એ આગમનું વાક્ય સાંભળતો તે,...'** દેખો! સમજાય છે? એટલે એને દેશનાલબ્ધિ કીધી, ભાઈ! સમજાણું? ગુરુએ કહ્યું. **'निर्विण्णेन'** આહાહા..! વસ્તુ એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. આમાં કીધું ને ૩૮માં પણ. 'અમૃતચંદ્રાચાર્ય'માં છે. 'અમૃતચંદ્રાચાર્યે'. જ્ઞાની ગુરુ એને કહે છે. અજ્ઞાની એને કહે એ વાત છે નહિ. એનો રાગ ભિન્ન પડ્યો છે તે જ્ઞાની એને કહે છે કે જો ભાઈ! આમ છે આત્મા હોં! એમ કહે છે. આહાહા..! કેટલી શૈલી! જુઓ!

'**(અન્ય સર્વ પરદ્રવ્યના ભાવો છે),...**' તું તો જ્ઞાનમાત્ર એક ચૈતન્ય છો, ભાઈ! એમાં એની સંભાળ કરીને જા. એમાં જા. અહીં ન આવ. સમજાણું કાંઈ? '**વારંવાર કહેલું એ આગમનું વાક્ય સાંભળતો,...**' પાછું સાંભળતો. એ સાંભળે છે બરાબર. આગમ જેમ કહે છે એમ એણે સાંભળ્યું એમ કહે છે. સમજાય છે? પોતાની કલ્પનાથી સાંભળ્યું નથી. જેમ કહે છે એ રીતે સાંભળ્યું. આત્મા જ્ઞાયકસ્વરૂપ છે ભાઈ! અને દયા, દાન, વ્રત આદિના વિકલ્પ જે તને ઊઠે છે એ પરભાવ છે. એ તારા આત્માના નથી.

'**તે સમસ્ત ચિહ્નોથી...**' દેખો! તે સમસ્ત નામ સ્વ પરના ચિહ્નોથી. સ્વનું ચિહ્ન જ્ઞાન અને પરનું ચિહ્ન એ રાગાદિ વિકલ્પ. આકુળતા, અનાકુળ જ્ઞાન અને આ. એ બેના ચિહ્નોને જો. ચિહ્નોથી. એક વાત. સ્વ પરના લક્ષણથી જ્ઞાન ચૈતન્ય આત્મા રાગાદિ વિકારભાવ એ આત્મા નહિ. એમ સ્વ-પરના લક્ષણોથી. એક વાત. '**સારી રીતે...**' એમ ને એમ નહિ. બરાબર ખરી રીતે, સારી રીતે ઓળખ્યું કે આ જ્ઞાયક છે અને આ રાગાદિ ઉઠે છે તે વિકાર છે, પર છે, મારો સ્વભાવ નથી. એમ '**પરીક્ષા કરીને,...**' પરીક્ષા કરી છે. પરીક્ષા વિના માન્યું નથી. સમજાણું કાંઈ? જાતે પરીક્ષા કરી છે એમ કહે છે. બીજો કહે છે પરીક્ષા કરીને માટે એને બેસી જાય છે એમ નથી, એમ કહે છે. જેઠાલાલભાઈ! પરીક્ષા કરે છે અંદર. આ જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય કહે છે, આ જાણનાર છે અને આ પર તરફના વિકલ્પ ઉઠે છે એ રાગસ્વરૂપ, ભાવબંધ સ્વરૂપ, વિકારસ્વરૂપ એનું લક્ષણ આકુળતા છે. આનું અનાકુળ છે. બેના ચિહ્નોને લક્ષણથી સારી રીતે પરીક્ષા કરીને. સમજાણું કાંઈ? એ વિકાર અને અવિકારની પરીક્ષા કરીને, એમ કહે છે.

ધૂળ ધોયો. ધૂળને ધોવે ને ધૂળને? શું કહેવાય એ? એ સોનાના કણને અને પીતળના કણને ઓળખે છે. ત્યારે સોનાનો કણ ભારે આમ રહી જાય છે, પીત્તળનો કણ આમ નીકળી જાય છે. સમજાય છે કાંઈ? સોનીના ઘર પાસે આવે ને ઓલા ધૂળધોયા. એમાં કેટલીક ઓલી બંગડીયું હોય આ બંગડીયું. એ બંગડીયુંના કટકા હોય એમાં સોનેરી હોય છે ને? એના ભૂકા પણ એમાં પડ્યા હોય ધૂળમાં. એ સોના જેવું લાગે. અહીં નાની સુપડી હોય ને. આમ આમ કરે. તોલદાર ચીજ રહી જાય અને હળવી હોય એ આમ ઉડે. એમ બેના લક્ષણ ભિન્ન જાણી સોનું ઉપાડી લે. સમજાણું કાંઈ? કાચનો કટકો લાગે સોના જેવો આમ જરી. સોનાની બંગડી નથી આવતી? એમાં આવે છે એનો .. ? એમાં .. રંગીન. પીળા, લીલા અંદર. ફૂટે ત્યારે પીળી કટકી દેખાય. હોય મોટી પણ હોય હળવી. હોય મોટી પણ હોય હલકી. આ નાની પણ તોલદાર હોય. વજનદાર. એ ધૂળધોયો પણ બેના લક્ષણ જાણીને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બેની જુદી પરીક્ષા કરે છે. કહો, સમજાણું કાંઈ? એ ધૂળધોયો કહે છે.

ભગવાન આત્મા એ તો જ્ઞાનસ્વરૂપે, જાણનાર સ્વરૂપે હયાતી ધરાવે છે. રાગાદિ આકુળતા, પરલક્ષી ઉત્પન્ન થયેલા વિકલ્પો, એની જાત ચૈતન્યથી ભિન્ન છે. ભિન્ન છે. સમજાણું કાંઈ? ત્રણ શબ્દ વાપર્યા છે, ચાર. '**સમસ્ત ચિહ્નોથી...**' એટલે સ્વ પરના. '**સારી રીતે પરીક્ષા કરીને,...**' સમજ્યાને? એમ ને એમ લબડધબકે કહે છે ને અમારી કાઠિયાવાડી ભાષામાં. એમ ને એમ ઉપરટપકે નહિ એમ કહે છે. લબડધબકે કાઠિયાવાડી (શબ્દ છે). શું લબડધબકેની ભાષા હશે હિન્દીની? એમ ને એમ નહિ. આમ બરાબર નજર કરીને પરીક્ષા કરી છે, એમ કહે છે. ઉપરટપકે કરી નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ટપાખોર. એ હશે. ભાષા તો હોય જ. અહીં લબડધબકે કહે છે. જેમ તેમ કરીને... સમજાણું?

'**સારી રીતે પરીક્ષા કરીને,...**' બરાબર પરીક્ષા કરીને. ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ જાણનાર અને આ રાગાદિ વિકાર સ્વરૂપ, દુઃખરૂપ, આકુળતારૂપ. એ બેના લક્ષણોને... જુઓ! એ દુઃખરૂપ વિકલ્પ અજીવસ્વભાવ. ભગવાન સ્વભાવ જ્ઞાન સ્વભાવ એ જીવ સ્વભાવ. '**જરૂર આ પરભાવો જ છે,...**' જરૂર આ પરભાવો જ છે. લ્યો! પરીક્ષા કરીને નક્કી (કરે છે કે) આ રાગાદિ પરભાવ જ છે. શુભરાગ એ જીવસ્વભાવ નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન આત્મા ચૈતન્ય પુતળી મૂર્તિ ભગવાન આત્મા અને રાગાદિ પુણ્ય-પાપના વિકલ્પ... અહીં તો મૂળ વધારે તો પુણ્યની જ વાત છે. અટક્યો છે ત્યાં ને? વિકલ્પ ઉઠ્યો છે ને એને પોતાના લાભદાયકમાં ખતવે છે અને જુદો પાડતો નથી. ત્યાં એનું અટક્યું છે અનાદિથી. કહે છેને, સારી રીતે પરીક્ષા કરે છે. કોણ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મુશ્કેલ છે પણ અશક્ય તો નથી ને. થઈ શકે એવું નથી એમ તો નથી ને. જેની જરૂરિયાત માને, એનો પુરુષાર્થ થયા વિના રહે નહિ. જેની જરૂરિયાત જાણે તેના તરફ તેનું વીર્ય સ્ફૂર્યા વિના રહે નહિ. રુચિ અનુયાયી વીર્ય. જો રુચિ એની જ્ઞાનસ્વભાવ તરફ હોય અને રાગાદિ નહિ તો તેનું વીર્ય સ્વભાવ તરફ રુચિ કર્યા વિના રહે નહિ. એને કહેવું ન પડે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. જેમાં જેની રુચિ તેમાં તેની વીર્યની ગતિ કામ કરે છે. કરે, કરે ને કરે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને એમાં સાવધાન થવાની જે દશા જોઈએ, સાવધાન થવાનો જે પ્રયત્ન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જોઈએ તેટલો પ્રયત્ન આપે નહિ અને કહે કે મને કાર્ય આવતું નથી. તો એ તો એની પોતાની ભૂલ છે. જેટલું કારણ પરથી ભિન્ન પાડવાનું પ્રયત્નનું જોઈએ સાવધાનપણે, તેટલું પરથી જુદો પાડવાનું સાવધાન કાર્ય કરે નહિ અથવા કારણ આપે નહિ અને કાર્ય આવે એમ કેમ બને? સમજાણું કાંઈ? જેટલા પ્રયત્નથી તેને તેમાં એકાગ્ર થવાનો પ્રયત્ન જોઈએ અને રાગથી ભિન્ન પડવાનું જોઈએ તેટલો પ્રયત્ન એને હોવો જોઈએ. તો તેમાં ભિન્ન કાર્ય થાય. એ તો અંદરમાં ધીરજની વાત છે, ભાઈ! એ કાંઈ બહારની વાતું નથી.

આમ ચૈતન્યબિંબ આખું શરીર પ્રમાણે આનંદની મૂર્તિ છે એ તો. આહાહા..! સમજાણું કાંઈ? એને આખા શરીર પ્રમાણમાં, એને આખામાં પણ રાગ ઉત્પન્ન થાય છે પાછો. શું કીધું સમજાણું? આખું દળ છે એને રાગ પણ આત્માની પર્યાય છે તો આખા પ્રમાણે વ્યાપક છે ને? એ કાંઈ ઉપર ઉપર છે આમ એમ નથી. શું કહ્યું? આમ ચૈતન્યમૂર્તિ વસ્તુ આખી છે જેટલા ક્ષેત્રમાં એટલા જ ક્ષેત્રમાં રાગનું વ્યાપવાપણું છે. હવે એ ક્ષેત્રમાં વ્યાપવાપણું હોતા ભાવમાં ફેર છે એમ ભિન્ન કરવું છે. સમજાણું કાંઈ?

કહે છે, '**જરૂર આ પરભાવો જ છે,...**' જુઓ! પ્રયત્ન થયો, પરીક્ષા કરી. પરીક્ષા થઈ. જુઓ! એ પ્રયત્ન. આમ જ્ઞાન ભગવાન આત્મા એમાં ઢળવું જોઈએ તેટલો પ્રયત્ન કરીને. આ રાગાદિ પરભાવ છે એમ હજી પહેલો નિર્ણય થયો. '**(હું એક જ્ઞાનમાત્ર જ છું) એમ જાણીને, જ્ઞાની થયો થકો,...**' સ્વભાવનું જ્ઞાન પ્રગટ કરતો થકો '**સર્વ પરભાવોને તત્કાળ છોડે છે.**' એટલે કે રાગમાં એકત્વ થતો નથી, એમ. તત્કાળનો અર્થ.. એ તો આ જ્ઞાયકભાવના લક્ષણે એને જાણ્યો. પહેલો રાગાદિ લક્ષણ આ છે. પછી આ જ્ઞાયકને એમ જાણતા જ્ઞાયકમાં એકાગ્ર થયો, રાગનું એકત્વપણું તરત છૂટી ગયું. સમય તો એ જ છે, કાંઈ સમય બીજો નથી.

'**સર્વ પરભાવોને...**' પુણ્ય-પાપના વિકલ્પને, નિર્વિકલ્પ ચૈતન્યના દળના લક્ષે છોડે છે અથવા છૂટી જાય. એમ ભાષા તો શું કરે પણ? '**પરભાવોને તત્કાળ છોડે છે.**' લ્યો, આ રાગ છોડ્યો. એમ છે? એનો અર્થ કે જ્ઞાયકસ્વભાવ તરફના વલણમાં જ્યાં ઝુક્યો (એટલે) એ રાગ છૂટી ગયો, એટલે રાગની ઉત્પત્તિ ન થઈ તો એકપણું અંદર ટળી ગયું. સ્વભાવનું એકપણું રહ્યું. ઝીણી વાત છે, ભાઈ! લોકોને અંદરના પ્રયત્નની રીતની સૂઝ પડતી નથીને એટલે જાણે કે આ હવે કરીએ તો આમ કરતા કરતા થશે. લ્યો. કાલે જ બેન પ્રશ્ન કરતી હતી. રાજેન્દ્રની... સમકિત ન થાય ત્યાં સુધી શુભભાવ તો કરવો ને? સમકિત ન થાય તો એ સમકિતની રીત છે એનો પ્રયત્ન કરવો ને? સમજાણું? એ પ્રયત્ન કરવોને? વચ્ચે શુભભાવો તો આવે છે બધા. સાંભળવામાં નથી આવતા બધા? શુભભાવ ક્યાં નથી? પણ એના વલણમાં રાગથી ભિન્ન પડવાની રુચિ અને પ્રયત્ન પ્રગટ કરી સ્વભાવ તરફનો પ્રયત્ન કરે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'અષ્ટપાહુડ'માં તો 'કુંદકુંદાચાર્યે' કહ્યું છે કે સમકિત ન હોય (અને) સમકિતનું ધ્યાન કરે તો સમકિત પ્રાપ્ત કરે. એમ કહે છે. એવી ગાથા છે. સમજાય છે કાંઈ? આત્માનું ધ્યાન સમકિતનું ધ્યાન કરે એવો પાઠ છે લ્યો. ધ્યાન એટલે કે એનામાં એકાગ્રતા રાગથી રહિત સ્વભાવની એકાગ્રતાનો પ્રયત્ન કરે અને પ્રયત્ન એના પ્રમાણમાં કરે અને પ્રાપ્ત ન થાય એમ ત્રણ કાળમાં બને નહિ. કહો, સમજાણું આમાં? **'એમ જાણીને, જ્ઞાની થયો થકો, સર્વ પરભાવોને તત્કાળ છોડે છે.'**

**'ભાવાર્થ :- જ્યાં સુધી પરવસ્તુને ભૂલથી પોતાની જાણે...'** ભૂલથી પોતાની જાણે. **'ત્યાં સુધી જ મમત્વ રહે; અને જ્યારે યથાર્થ જ્ઞાન થવાથી પરવસ્તુને પારકી જાણે ત્યારે બીજાની વસ્તુમાં મમત્વ શાનું રહે?'** અરે..! આ તો કો'કનું આવી ગયું ભાઈ! સમજાણું? 'શ્રીમદ્દે' મોતીનો વેપાર કર્યો. મોતી-મોતી. જે વેપાર કર્યો હતો એ મોતી લેવાનું પડીકું હતું એ સાધારણ મોતીનું હતું. અને એને ઠેકાણે ઓલાએ ઊંચા મોતીનું પડીકું આવડું આપી દીધું. વેપારીએ. વેપાર હતો બીજા સાધારણ મોતીનો. એનું પડીકું હશે અને આ પણ હશે. દુકાને જ્યાં આવ્યા. ખોલ્યું. અરે..! આ મોતીનો વેપાર નહિ. ઓલો ઘા નાખશે. ઘા નાખશે અને આવશે. આ નહિ, બાપા! આપણે જે મોતીનો સોદો કર્યો છે એ આનો નહિ. આ તો ઊંચા મોતીનું પડીકું એણે આપી દીધું. ભૂલ થઈ ગઈ. એ હમણાં ઘા નાખતો આવશે. એમ ને એમ બાંધીને મૂક્યું. ઓલો આવ્યો, સાહેબ! ઓલું પડીકું.. બાપુ! આ પડીકું લે તારું. લ્યો આ પડીકું. આપણે આ વેપાર નહોતો કર્યો. આનો સોદો નહોતો કર્યો. ઓલો જાણે કે અર..ર..! હવે તો આ નહિ આપે. ઘણા લાખોની મોટી કિંમત હતી. એટલે નહિ (આપે એમ લાગ્યું). અને જ્યાં દીધું ને.. ઓલાને એમ થયું કે અરે..! આ તે કોણ છે? દેવપુરુષ છે કે આ તે કોણ? લાખોના જેમાં ઊંચા મોતી પડ્યા છે. પડીકાને ખોલીને જોઈને પાધરું મૂકી દીધું એને. બાપા! આ તારું પડીકું, ભાઈ! આપણો આ વેપાર નહોતો. અને ઓલો પડીકું લઈને આવ્યો. લાવ ભાઈ. સેઠી! ત્યાં અજાણ્યાપણે એણે લઈ લીધેલું. ઓલાએ અજાણ્યાપણે આપી દીધેલું. અહીં જ્યાં ખ્યાલમાં આવ્યું કે આ મોતી નહિ. આ તો ઊંચા મોતી. એને બિચારાને લાખોની ખોટ જાશે. આવે છે લખાણમાં હોં! ઈ. ઓલો તો એમ કહે કે આ તે કોઈ દેવી માણસ છે! મેં તો જ્યાં કહ્યું ત્યાં એમ ને એમ પડીકું રાખ્યું છે અને કીધા ભેગો જવાબ. ભાઈ! આ તારું પડીકું. તપાસ. તપાસી લે એકે એક મોતી. લાવ મારું. આપણે આ વેપાર કર્યો છે. સમજાણું કાંઈ?

એક લૌકિકમાં પણ કેટલી નીતિ હોય એની ધર્મીની! સમજાય છે કાંઈ? ઓલો તો છક જ થઈ જ ગયો અંદરથી. હેં...! લઈ લે પેલું. ગણી લે તારા જેટલા મોતી હોય એટલા. બાપા! બરાબર છે. એકે એક મોતી બરાબર છે. જેઠાલાલભાઈ! ધર્માત્મા એના લૌકિકની નીતિ એની જુદી હોય છે. સમજાણું કાંઈ? એનું કેમ થાશે? થાવું હોય એ થાશે. એને પ્રતીત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. એ બહારની ચીજ આવવી, ન આવવી અમારે આધીન ક્યાં છે. થાવું હોય એ થાવ. કોઈનું હરામથી એક પણ પાઈ લેવી એ જ્ઞાનીને પાલવે નહિ.

રાગ હરામ છે જ્યાં આત્મામાં. આત્મામાં રાગને હરામ છે ખતવવાનો ત્યાં પરની ખતવણી ક્યાં લેવી? આહાહા..! સમજાણું કાંઈ? એ રાગ પરભાવ એને આત્મામાં ખતવવો હરામ છે, કહે છે. આહાહા..! ત્યાં આ લૌકિક આવા હરામના પૈસા લે એ હોઈ શકે નહિ. ચીમનભાઈ! સાંભળ્યું હતું કે નહિ? ત્યાં મોતીનો વેપાર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહુ ઊંચા હતા. ભાઈ! આહાહા..! અમારા મોતી તો ચૈતન્ય અમારી પાસે છે. એ અમારા કોઈ લે એવા નથી. આહાહા..! એ મોતીના પાણી પરખે તે પરખે.

એમ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ.. આહા..! શરીર પ્રમાણે ચૈતન્ય મોતી અને રાગાદિ ભલે વ્યાપક હો પણ તે ભાવ તદ્દન સ્વભાવના ભાવથી ભિન્ન છે. બેય ભાવના લક્ષણો એક છે નહિ. કહો, સમજાણું? એમ ઝવેરી જેમ પરીક્ષા કરે એમ જ્ઞાની પોતે પોતાના સ્વભાવની અને વિભાવની પરીક્ષા કરી, વિભાવ તરફનું (લક્ષ) છોડી સ્વભાવમાં એકત્વ થાય છે એને વિભાવનો ત્યાગ કહ્યો છે. એનું નામ પચખાણ કહેવામાં આવે છે. લ્યો, સમજાણું આમાં? આ પચખાણ. આહાહા..!

**'હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'**

**अवतरति न यावद् वृत्तिमत्यन्तवेगा-**
**दनवमपरभावत्यागदृष्टान्तदृष्टिः।**
**झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता**
**स्वयमियमनुभूतिस्तावदाविर्बभूव।।२९।।**

**'શ્લોકાર્થ :- આ પરભાવના ત્યાગના દૃષ્ટાંતની દૃષ્ટિ,...'** ઓલો દાખલો આપ્યો હતો ને? એ દાખલાની જ્યાં દૃષ્ટિ **'જૂની ન થાય...'** એટલે તત્કાળ જ્યાં સાંભળ્યા ભેગો ફડાક જુદો પડી ગયો, એમ કહે છે. **'પરભાવના ત્યાગના દૃષ્ટાંતની દૃષ્ટિ, જૂની ન થાય એ રીતે અત્યંત વેગથી જ્યાં સુધી પ્રવૃત્તિને પામે નહિ,...'** અંતરમાં ઠરે નહિ. **'તે પહેલાં જ...'** પ્રવૃત્તિને પામે નહિ એટલે રાગમાં ન જાય. **'તે પહેલાં જ તત્કાળ સકલ અન્યભાવોથી રહિત પોતે જ આ અનુભૂતિ તો પ્રગટ થઈ ગઈ.'** આમ સાંભળ્યું કે પરભાવ આ છે, સ્વભાવ આ છે. એ પરભાવમાં પ્રવૃત્તિ ન પામી ત્યાં સ્વભાવમાં સ્થિર થઈ ગયો. એ તો એક સમયની વાત કરે છે. સમજાણું કાંઈ?

કહે છે કે આ વસ્ત્ર છે એ બીજાનું છે. બીજાના લક્ષણવાળું છે, એ મારું નહિ. એમ અંદરમાં દૃષ્ટાંતનો સિદ્ધાંત. રાગ છે તે પરલક્ષણવાળું છે. એની પ્રવૃત્તિ એમાં ન પામે ત્યાં તો સ્વભાવમાં એકાગ્ર થઈ જાય છે. સ્વભાવ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ પ્રભુ, એને અંદર પકડીને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્થિર થાય છે. અનુભૂતિ. '**પોતે જ આ અનુભૂતિ...**' રાગથી રહિત પોતે જ આ અનુભૂતિ, આનંદનો અનુભવ '**તો પ્રગટ થઈ ગઈ.**' આત્માના આનંદના સ્વાદ સહિત આત્મા પ્રગટ્યો. રાગનો સ્વાદ આકુળતા હતો, વિકારનો સ્વાદ આકુળ હતો. ભગવાન આત્મા જ્ઞાન છે એમ ભિન્ન પડીને જ્યાં પ્રવૃત્તિ ન થઈ એટલે રાગમાં ન જોડાણો ત્યાં તો અહીં સ્થિર થઈ ગયો.

'**તત્કાળ સકલ અન્યભાવોથી રહિત પોતે જ આ અનુભૂતિ...**' પોતે જ આ અનુભૂતિ. લ્યો! પોતે એમ કહે છે. અનુભૂતિ પ્રગટ થઈ-આત્માનો અનુભવ પ્રગટ થયો. અનાકુળના આનંદનો સ્વાદ લેતો આત્મા અનુભૂતિમાં પ્રગટ થયો. આહાહા..! એ આત્મખ્યાતિ. કહો, આ કેટલામા ગુણસ્થાનની વાત છે? આઠમાની વાત છે આ? આ તો પ્રત્યાખ્યાનની વાત છે. પ્રત્યાખ્યાનની વાત તો હજી છઠ્ઠાની વાત છે, લ્યોને. સાતમે સ્થિર થાય. પણ અહીં તો નીચલા ગુણસ્થાનની (વાત છે). ઓલો કહે, આવો ઉપયોગ અને આવું થાય એ આઠમે થાય. છઠ્ઠે-સાતમે નહિ. આ તો પ્રત્યાખ્યાનની વાત છે. ભાન, અનુભૂતિ થઈ એ ચોથે થાય છે પણ અહીં તો સ્થિરતાની ચૈતન્ય અનુભૂતિની વાત છે. એકદમ અસ્થિરતાનો ભાવ છૂટીને સ્થિર થયો છે. એ અનુભવ સ્થિર થયો તેને પ્રત્યાખ્યાન કહે છે. આનંદની ધારા વહી. એ આનંદની ધારા વહી, આકુળતાની ધારા છૂટી અને આનંદની ધારા પ્રગટ થઈ. એનું નામ પ્રત્યાખ્યાન અને જીવસ્વભાવનું અભેદપણું કહે છે. સમજાણું આ? ઓહોહો..! અમૃત રેડ્યા છે ને 'સમયસાર'માં! ગાથા દીઠ, પદ દીઠ, શબ્દ દીઠ! આનું તો મોટું લખાણ છે દોઢ પાનાનું. આ શ્લોકનું. કળશ. દોઢ પાનામાં.

મુમુક્ષુ :- એમણે તો બધું સમ્યગ્દર્શનમાં જ ઉતાર્યું છે.

ઉત્તર :- બધું સમ્યગ્દર્શનમાં ઉતાર્યું છે. ભ્રાંતિ રહિત... અહીં તો ત્રણ લીટીમાં કહ્યું. '**अवतरति**' છે ને? '**अवतरति**' એ નીકળ્યું લ્યો. '**अवतरति**' એટલે અહીંથી તે અહીં સુધી. અહીં ત્રણ લીટી છે. જુઓ છે ને? ૨૯મો છે કળશ. ૨૯મો છે ને જુઓ? '**अवतरति न यावद्**' અહીંથી તે અહીં સુધી અને વળી બે લીટી અહીં પાછી. કેટલું લખાણ! આપણે અહીં ત્રણ લીટીમાં પૂરું થઈ ગયું.

મુમુક્ષુ :- શબ્દાર્થ કર્યો.

ઉત્તર :- અહીં શબ્દાર્થ થયો ને. અહીં તો મેળવણી કરી. એ વાત તો બધી આપણે આવી ગઈ છે. એ બધું ઉતરી ગયું છે અંદર. રેકોર્ડિંગ ઉતરી ગયું છે આનું. કળશટીકા. આવી છે કે નહિ તમારે કળશટીકા? નથી આવી? ખલાસ થઈ ગઈ છે.

'**આ પરભાવના ત્યાગનું દૃષ્ટાંત કહ્યું...**' ધોબીનું. '**તે પર દૃષ્ટિ પડે તે પહેલાં સમસ્ત અન્યભાવોથી રહિત પોતાના સ્વરૂપનું અનુભવન તો તત્કાળ થઈ ગયું;...**' સમજાણું? '**કારણ કે એ પ્રસિદ્ધ છે કે વસ્તુને પરની જાણ્યા પછી મમત્વ રહેતું નથી.**' કો'કનો દાગીનો કો'કમાં આવી ગયો હોય, જાણે કે આ દાગીનો નહોતો આપણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ક્યાંથી આવી ગયો? પાછો આપો પાછો, પાછો આપો. જોખમ રખાય નહિ. આપી દો એને. એમ રાગાદિ પરભાવ જાણ્યા, સ્વભાવને પોતાનો જાણ્યો એ પરભાવને પોતામાં કેમ રાખે? મમત્વ એનું કેમ રહે? લ્યો, એ ૩૫ (ગાથા) થઈ.

‘**હવે, આ અનુભૂતિથી પરભાવનું ભેદજ્ઞાન કેવા પ્રકારે થયું?**’ આત્માને રાગથી ભિન્ન પાડીને જે અનુભવ થયો એમાં અનુભૂતિથી રાગનું જુદાપણું કેવા પ્રકારે થયું? ‘**એવી આશંકા કરીને,...**’ સમજવા માટે. આશંકા છે, હોં! શંકા નહિ. ‘**પ્રથમ તો જે ભાવકભાવ-મોહકર્મના ઉદયરૂપ ભાવ,...**’ ભાવકભાવ. ભાવક જે મોહકર્મ, એનો ભાવ જે વિકાર એ ભાવકભાવ. મોહકર્મ જડ ભાવક, એના વિકારી પરિણામ તે ભાવકનું ભાવ્ય અથવા ભાવ. સમજાણું કાંઈ? ‘**તેના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છે :-**’ ભાવક કર્મનો, ભાવ્ય વિકાર એનાથી જુદાપણાનો આ અધિકાર છે. કહો, ભાવકભાવ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા ભાવ્ય. ભાવને ભાવ્ય કહેવાય છે. આવશે. નીચે આવશે. ભાવ કહો કે ભાવ્ય કહો. નીચે આવશે. ઓલું ભાવવું શબ્દ છે ને અંદર? ભાવવું .. ત્યાં બનાવવું કહો કે ભાવ્યરૂપ કર્મ કહો. અંદર આવશે શબ્દમાં. એ તો ભાવકનો ભાવ કહો, ભાવકનું ભાવ્ય કહો.

**णत्थि मम को वि मोहो बुज्झदि उवओग एव अहमेको।**
**तं मोहणिम्ममत्तं समयस्स वियाणया बेंति।।३६।।**
**નથી મોહ તે મારો કંઈ, ઉપયોગ કેવળ એક હું,**
**-એ જ્ઞાનને, જ્ઞાયક સમયના મોહનિર્મમતા કહે. ૩૬.**

ઓલા વાજા વાગે ને. લડાઈના સાંભળ્યા છે? એવા વાજા વાગે તો ઓલા મરણિયા થઈને પડે. વાજા હોય છે ને? લડાઈમાં વાજા હોય છે. લડાઈ શૂરવીરના. એવા ચારે બાજુ વાગે. યા.. હોમ.

મુમુક્ષુ :- રણશીંગા.

ઉત્તર :- એ રણશીંગા વાજા હોય છે એ જાતના. એવા વાજા તે ઓલાને શૂર ચડે. પડો... પડો... મરો... એવી વાજાની બીજી ઢબ હોય, મીઠી આમ. એમ અહીં વાજા (વાગે છે), ભગવાનની દિવ્યધ્વનિના વાજા છે. એ હોય છે, હોં! એ અવાજ જ એવો હોય કે જાણે રાજરાણી સહિત ધ્રુજે એવો અવાજ આવે. ફડાક પડ અંદર. માર ધૂબકો. ધૂબકો સમજે? કૂદકો. ધૂબકો અમારી કાઠિયાવાડી ભાષા છે. પાણીમાં ધૂબકા મારે છે ને? કૂદકા. ધૂબકો-ધૂબકો.

ભગવાન આત્મા.. કહે છે કે કર્મનો ભાવક જે પરવસ્તુ, એનાથી થતું ભાવ નામ એનો જે ખરેખર ભાવકભાવ્ય એનો છે, આત્માનો નથી. એક શબ્દ લીધો છે, હોં! બીજા ઘણા બોલ લેશે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


‘**ટીકા :- નિશ્ચયથી,...**’ ખરેખર. ‘**(આ મારા અનુભવમાં) ફળ દેવાના સામર્થ્યથી...**’ જુઓ! આવ્યું. ‘**પ્રગટ થઈને...**’ ફળ દેવાનું સામર્થ્ય જડમાં, હોં! એમાં ને એમાં. અહીં દેવા-બેવાની વાત નથી. સત્તામાં જે હતું એ પાક રૂપે આવ્યું એમ કહે છે. સત્તા કર્મની હતી એનો ઉદય-પાક થયો. ‘**ફળ દેવાના સામર્થ્યથી પ્રગટ થઈને ભાવકરૂપ થતું...**’ ભાવકરૂપ થતું ‘**જે પુદ્‌ગલદ્રવ્ય તેના વડે રચાયેલો જે મોહ...**’ એ ભાવ્ય. ભાવ કહો કે ભાવ્ય કહો એક જ છે. ‘**તેના વડે રચાયેલો જે મોહ તે મારો કાંઈ પણ લાગતોવળગતો નથી,...**’ જુઓ! આ કહે કે, એલા તમારે સગો થાય છે? ના, અમારે કાંઈ લાગતોવળગતો નથી. નથી કહેતા હિન્દુસ્તાનમાં? લેનાદેના એમ કહે છે ને? લાગતોવળગતો નહિ? અહીં કહે કાઠિયાવાડમાં, અમારે તો લાગતોવળગતો નથી. લાગતું એટલે કાંઈ સંબંધ અને વળગતું-કાંઈ પણ વળગાડ છે એની સાથે કાંઈ ન મળે. કહે છે કે ફળ દેવાના સામર્થ્યથી જ્ઞાનમાં જણાય એવા મોહકર્મના પાકથી થયેલો જે મોહ વિકાર તે મારો કાંઈ પણ લાગતો વળગતો નથી. મારે ને એને કાંઈ સંબંધ નથી. આહાહા..!

‘**કારણ કે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવભાવનું...**’ કેમ કે હું તો એકલો વગર ટાંકણે ઘડેલો એવો ચૈતન્યમૂર્તિ પ્રભુ! ‘**એક જ્ઞાયકસ્વભાવભાવનું,...**’ ઓહોહો..! સમજાણું? ‘**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવભાવનું,...**’ જ્ઞાયક સ્વભાવભાવનું. આત્મા એનો જ્ઞાયક સ્વભાવભાવ, એનું પરમાર્થે ‘**પરના ભાવ વડે...**’ વિકાર વડે. પરનો ભાવ છે એ બધો. મોહનો ભાવ છે. ‘**પરના ભાવ વડે...**’ એટલે કર્મના ભાવ વડે ‘**ભાવવું...**’ ભાવવું નીચે કહ્યું છે ‘બનાવવું; ભાવ્યરૂપ કરવું.’ અશક્ય છે. મોહકર્મનો વિકારીભાવ તે મારા વડે ભાવ્ય થાય તે અશક્ય છે. કેમકે હું જ્ઞાયક સ્વભાવ છું. જ્ઞાયક સ્વભાવ ભાવક થઈને એનું ભાવ્ય તો નિર્મળ પર્યાય તેનું ભાવ્ય હોય. નિર્મળ પર્યાય તેની ભાવ્ય દશા અથવા ભાવ હોય. એ જીવસત્તાની આમ કહ્યું. અહીંથી નકાર કરે છે. જ્ઞાયક સ્વભાવ એકલો એક જ્ઞાયક સ્વભાવભાવનું પરમાર્થે, પરના ભાવ વડે, કર્મના ભાવ વડે, કર્મના ભાવ વડે અહીં ભાવ રૂપે થવું અશક્ય છે. આહાહા..!

હું એક જ્ઞાયક સ્વભાવ વસ્તુ છું. તો જ્ઞાયક સ્વભાવનું પર કર્મના ભાવરૂપી મોહ, એ રૂપે ભાવ્ય મારામાં થવું એ વસ્તુમાં અશક્ય છે. કહો, એ અશક્ય છે કહે છે. કેમકે જ્ઞાયક સ્વભાવ ભગવાન એના ઉપર દૃષ્ટિ પડતાં એ જ્ઞાયક સ્વભાવનું ભાવ્યપણે થવું એ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી સ્વભાવ પર્યાયનું ભાવ્ય થવું તે માટે તે શક્ય છે. સમજાણું કાંઈ? પણ જ્ઞાયકભાવનું ‘**णत्थि मम को वि मोहो बुज्झदि उवओग एव अहमेको।**’ છે ને? એવો પરની ભાવની વિકારદશા રૂપે મારી દશામાં થવું અશક્ય છે. સમજાણું? નીચે બીજો અર્થ કર્યો છે થોડો. પછી કરશું.

‘**વળી અહીં સ્વયમેવ,...**’ હું કેવો છું? ‘**સ્વયમેવ, વિશ્વને (સમસ્ત વસ્તુઓને)...**’

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એટલે રાગાદિને '**પ્રકાશવામાં ચતુર અને વિકાસરૂપ એવી જેની નિરંતર શાશ્વતી પ્રતાપસંપદા છે...**' હું તો સ્વયમેવ વિશ્વને. રાગ છે, પર છે એને લઈને નહિ. એને જાણવા માટે હું નહિ એમ કહે છે. એને લઈને જાણવા માટે નહિ. વ્યવહાર વિકલ્પાદિ છે એને લઈને જાણવા માટે નહિ. પણ અહીં સ્વયમેવ હું વિશ્વ નામ સમસ્ત વસ્તુને, પુણ્ય-પાપના અનેક પ્રકારોને '**પ્રકાશવામાં ચતુર...**' હું તો તેને પ્રકાશવામાં ચતુર (છું). એને એક કરવામાં ચતુર નહિ હું. સમજાણું કાંઈ? ચૈતન્યની મૂર્તિ પ્રકાશમય જ્યાં દૃષ્ટિમાં લીધી એટલે કહે છે કે આ પ્રકાશ સ્વયમેવ વિશ્વના બધા પદાર્થોને, રાગાદિને બધાને પ્રકાશવામાં ડાહ્યો, ચતુર અને '**વિકાસરૂપ એવી જેની નિરંતર...**' વિકાસ. જેનો વિકાસ થાય છે, એમ. ડહાપણ એવું છે અને વિકાસ પણ જ્ઞાનનો છે ત્યાં, એમ કહે છે. એવી જેની નિરંતર-નિરંતર શાશ્વતી પ્રતાપ સંપદા છે. આહાહા..! સમજાણું કાંઈ? '**નિરંતર શાશ્વતી પ્રતાપસંપદા છે...**' એ તો ચતુર અને વિકાસ થાય અંદર એવી મારી ત્રિકાળ સંપદા છે. રાગનો વિકાસ થાય એવી મારી સંપદા નથી. રાગપણે થવું એ મારી સંપદા નથી એમ કહે છે. મારી ચૈતન્ય સંપદા તો વિકાસ નામ આનંદ અને જ્ઞાનનો વિકાસ થવો તેમાં એ ચતુર અને વિકાસ થાય તેવી મારી સંપદા છે. ઓહોહો..! જુઓ! પ્રતાપસંપદા. જોયું ને! અખંડ પ્રતાપ. આવે છે ને ઓલી શક્તિ? પ્રભુત્વ શક્તિ. ૪૭ શક્તિમાં પ્રભુત્વ શક્તિ લીધી છે. એ આમાંથી બધી ટીકામાંથી કાઢી છે.

મારી નિરંતર શાશ્વતી પ્રતાપ (સંપદા) '**એવા ચૈતન્ય શક્તિમાત્ર સ્વભાવભાવ વડે,...**' જુઓ! એવો જે મારો ચૈતન્ય સ્વભાવ શક્તિમાત્ર સ્વભાવ વડે '**ભગવાન આત્મા જ જાણે છે...**' પોતે ભગવાન આત્મા જાણે છે '**કે-પરમાર્થે હું એક છું...**' હું તો એક જ છું. એક છું એટલે અનેક એવા વિકલ્પને જાણવાના જ્ઞાન રૂપે એક છું. સમજાણું કાંઈ? ઓહોહો..! જંગલમાં મોજુ માણતા ટીકા થઈ છે ને, જુઓને! ક્યાં જગત પડ્યું છે એની એને ખબર નથી. અરે..! પણ રાડું પાડે છે આ જગત. અરે.! આમ થઈ ગયા, અમે મરી ગયા. હવે સાંભળને. મહા...

સમસ્તને જાણનાર, સ્વયમેવ જાણનાર હું. એવો '**પ્રકાશવામાં ચતુર અને વિકાસરૂપ એવી જેની નિરંતર શાશ્વતી પ્રતાપસંપદા છે...**' વિકાસ જ થાય એનો. એવી શક્તિ, '**એવા ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવભાવ વડે, ભગવાન આત્મા જ જાણે છે કે-પરમાર્થે હું એક છું...**' એમ પોતે જ જાણે છે કે હું એક છું. પોતે જાણે છે. અહીં ભગવાન આત્મા લગાવ્યો, જુઓ! રાગાદિ પામર પ્રજાને ભગવાન આત્મા જાણે છે કે હું તો જાણનાર એક છું. એ મારી પ્રજા નથી. એ કર્મની પ્રજા છે. કર્મના ભાવકનું ભાવ્ય છે એમ કહે છે. સમજાણું કાંઈ? હું તો તેને જાણવામાં મારા સ્વભાવ સન્મુખથી તેને જાણવાની વિકાસ (રૂપ) પ્રકાશશક્તિ તેવો એક હું છું. જીવ અધિકારની છેલ્લી ગાથાઓ છે ને આ? ૩૬, ૩૭ અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


૩૮એ પૂરું કરશે. આહાહા..! એના એણે ગાણા પણ પૂરા સાંભળ્યા નહિ.

સંસારમાં થોડી આબરૂ હોય અને વધારે જો વખાણ કરે તો સાંભળવા બહુ નવરો થાય. પચાસ લાખ હોય ને પાંચ કરોડ કહે તો બહુ મજા આવે. અહીં એના વખાણ સાંભળે કે આવો આત્મા કેવડો! (તો કહે), બરાબર બેસતું નથી. આહાહા..! ઓલું બેસે છે એને વખાણ. પાંચ લાખની મૂડી હોય ને બે કરોડ છે બાપા! એ તો એને શું સામ, દામ ને ઠામ. એય..! ક્યાં ગયા મલૂકચંદભાઈ?

મુમુક્ષુ :- એને ક્યાં છે પણ?

ઉત્તર :- ભાઈ! હવે હૂંફ ત્યાં એને છે. ભલામણ તમે એને કરો. બીજાને કરો છો? બીજાને કહો. કેમ તમને કહ્યું કે નહિં એણે? કે ઘરે તમારા છોકરા બે આવા છે. એ તો હોય ત્યાં કહે ને? એય..! ભીખાભાઈ!

મુમુક્ષુ :- .. વધારે કહેવાય

ઉત્તર :- વધારે?

કહે છે, બાપુ! તારી સંપદામાં ક્યાં અપારપણું નથી? અપાર અપાર. વિશ્વને. વિશ્વ શબ્દે સમસ્ત પદાર્થ. એને જાણવાની સંપદાથી તો ચતુર અને વિકાસશક્તિ તારી છે. એ તો તારો આખો આત્મા ભરેલો જ છે. આહાહા..! ભાઈ! તને તારી સમજણમાં અને ચતુરાઈમાં એમાં તને હુશિયારી નથી દેખાતી? અને આ રાગમાં અને આમાં એકત્વપણું કરવું એ તારી હુશિયારી કહેવાય? એમ કહે છે. આહાહા..!

‘**પરમાર્થે હું એક છું...**’ લ્યો, સમજાણું? નીચે થોડોક એનો અર્થ કર્યો છે. નીચે. આ ગાથાનો અર્થ આમ પણ થાય. એ તો આપણે કહ્યું ને એની સાથે મેળવે. ‘જરાય મોહ મારો નથી...’ જરાય મોહ મારો નથી. ‘હું એક છું એવું ઉપયોગ જ...’ એટલે આત્મા જ જાણે છે. ‘તે ઉપયોગ આત્માને સમયના જાણનારા મોહ પ્રત્યે નિર્મમત્વ-મમતા વિનાના કહે છે.’ કહો, સમજાણું આમાં? કહે છે કે હું છું ત્યાં બીજું બધું ભલે હો. પણ મારે ને એને કાંઈ સંબંધ છે નહિ. અહીં સંબંધ કહેવો છે ને? મારે ને એને કાંઈ લાગતું વળગતું નથી. એનો દાખલો આપીને વિશેષ સ્પષ્ટ કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**આસો વદ ૧૩, ગુરુવાર, તા. ૧૦-૧૧-૧૯૬૬**
**ગાથા-૩૬ શ્લોક-૩૦, પ્રવચન નં. ૯૯**

૩૬મી ગાથા. શું કહે છે? જુઓ! **'અહીં સ્વયમેવ, વિશ્વને (સમસ્ત વસ્તુઓને) પ્રકાશવામાં ચતુર...'** ભગવાન આત્મા તો જ્ઞાનશક્તિ સ્વરૂપ (છે). એ સર્વ વસ્તુને પ્રકાશવામાં **'ચતુર અને વિકાસરૂપ એવી જેની નિરંતર શાશ્વતી પ્રતાપસંપદા છે એવા ચૈતન્યશક્તિમાત્ર...'** આમ શક્તિ શક્તિ. વસ્તુ હોય એને શક્તિ હોય ને? વસ્તુ હોય એને શક્તિ હોય ને? કોઈપણ વસ્તુ હોય તો એની શક્તિ શું? તો કહે, આત્મા એની શક્તિ શું? કે ચૈતન્યશક્તિમાત્ર. આત્મા ચૈતન્યશક્તિમાત્ર. એવા **'સ્વભાવભાવ વડે, ભગવાન આત્મા...'** એને અહીંયાં જીવ સ્વભાવ કહીએ કે જે નિરંતર શાશ્વતી પ્રતાપસંપદા કે જે બધાને જાણે. એવી ચૈતન્યશક્તિમાત્ર જે સ્વભાવ, એ વડે ભગવાન આત્મા જાણે છે. જુઓ! સ્વભાવ વડે ભગવાન આત્મા જાણે છે કે અંદરના ચૈતન્યની શક્તિ દ્વારા આ **'આત્મા પરમાર્થે હું એક છું...'** એમ જાણે છે. શું કહે છે? અહીં મોહાદિથી જુદું કહેવું છે ને? મોહાદિ. બપોરે પણ મોહાદિનું આવે છે. અને અહીં આ. ત્યાં ક્રોધાદિનું. પણ પછી મોહ. પહેલો ક્રોધ કહીને મોહ કહ્યો. અહીં મોહ કહીને ક્રોધ કહેશે. સમજાણું કાંઈ?

અહીંયાં જીવ સ્વભાવ અને અજીવ સ્વભાવની વાત ચાલે છે. તો જીવસ્વભાવ તો ચૈતન્યશક્તિના સ્વભાવ વડે પોતે આત્મા ભગવાન આત્મા જ છે. આ તો આત્મા જ છું. ચૈતન્યશક્તિના સ્વભાવ વડે આત્મા જ છું. **'પરમાર્થે હું એક છું...'** ખરેખર એ શક્તિ ચૈતન્ય સ્વભાવ વડે હું એક છું. આ વિકારાદિ છે એ મારામાં નથી પછી લેશે. પણ અહીં એક છું (એમ) અસ્તિથી લીધું છે. સમજાણું કાંઈ?

જેમ સાકર છે એ ગળપણ વડે એક છે. ગળપણ કહે છે ને? મીઠાશ વડે એક છે. એના મીઠા સ્વભાવ વડે એક છે. એમ આત્મા ચૈતન્યશક્તિ, એનો ચૈતન્ય જાણવા-દેખવાના શક્તિના સ્વભાવ વડે હું આત્મા એક છું. સમજાણું કાંઈ? મારો સ્વભાવ જ જ્ઞ સ્વભાવ કહો કે ચૈતન્યશક્તિ કહો. એ ચૈતન્યશક્તિના સ્વભાવ વડે, એના વડે ભગવાન આત્મા જાણે છે કે પરમાર્થે હું એક છું. ખરેખર તો હું ચૈતન્યશક્તિના સ્વભાવ વડે જાણનારો આત્મા તે એક છું. સમજાણું કાંઈ?

**'જોકે સમસ્ત દ્રવ્યોના પરસ્પર સાધારણ અવગાહનું...'** જોકે બીજા પદાર્થો આદિ છે એને સાધારણ **'(એકક્ષેત્રાવગાહનું)...'** વ્યાપવું **'નિવારણ કરવું અશક્ય હોવાથી...'** અહીં તો એ શૈલી છે કે ભગવાન આત્મા ચૈતન્યના સ્વભાવ વડે હું આત્મા છું એમ જાણે, એકરૂપ છું એમ જાણવું તે આત્મા. અને એ જગ્યાએ એક ક્ષેત્રે વ્યાપેલા બીજા દ્રવ્યો અને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકાર પરિણામ આદિ બધા એક ક્ષેત્રે રહેલાં છે. એક સ્વભાવરૂપ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઝીણું પડે છે.

ઉત્તર :- ઝીણું પડે તો ધીમેથી કહીએ.

આ વસ્તુ છે કે નહિ? તો વસ્તુ છે-આત્મા છે એ ચૈતન્યશક્તિના સ્વભાવ દ્વારા પરમાર્થે હું એક છું એવું આત્મા પોતાના સ્વભાવ દ્વારા જાણે તેને આત્મા જાણ્યો અને અનુભવ્યો કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એ આત્મા ચૈતન્યના સ્વભાવ શક્તિરૂપ સ્વભાવ વડે હું આ છું, હું આત્મા એક જ છું સ્વભાવ વડે. એમાં '**જોકે સમસ્ત દ્રવ્યોના પરસ્પર સાધારણ...**' આત્મા છે ત્યાં રાગાદિ, શરીરાદિ અને રાગાદિ શરીર છે ત્યાં આવો ચૈતન્યશક્તિના સ્વભાવ વડે હું આત્મા છું તે '**પરસ્પર સાધારણ...**' એટલે બેય એક જગ્યાએ રહેલા છે.

'**(-એકક્ષેત્રાવગાહનું) નિવારણ કરવું અશક્ય હોવાથી...**' સમજાણું કાંઈ? '**મારો આત્મા ને જડ,...**' એ રાગાદિ પરિણામ એ બધા જડ છે. મોહાદિ પરિણામ એ બધા અચેતન જડ છે. ચૈતન્યશક્તિના સ્વભાવવાળો આત્મા તે આત્માથી જાણે છે કે હું છું. એવી શક્તિ રાગમાં, મોહમાં, પુણ્યમાં, કામ-ક્રોધ વિકલ્પમાં છે નહિ. તેથી તે જડ છે. ધ્યાન રાખજો. બેના સ્વાદ જુદા બતાવે છે. શિખંડમાં દહીં અને સાકર ભેગા (હોવા) છતાં એક જગ્યાએ (રહે છે) છતાં સ્વાદ ભેદ છે. શિખંડ દહીં અને સાકર એક જગ્યાએ હોવા છતાં બેયનો સ્વાદ જુદો છે. એમ આત્મા અંતર ચૈતન્યના સામર્થ્ય એ રૂપ સ્વભાવ વડે હું આત્મા એક છું એમ અંદર જોવે છે. સમજાય છે કાંઈ? જોકે એવું એકપણું સ્વભાવનું હોવા છતાં જોડે-એક જગ્યાએ, એક ક્ષેત્રમાં વ્યાપેલા શિખંડની પેઠે. દહીં અને સાકર.

'**મારો આત્મા ને જડ,...**' આહા..! કેવી છે વાત! '**શિખંડની જેમ, એકમેક થઈ રહ્યાં છે...**' જાણે કે ક્ષેત્રમાં એકમેક દેખાય છે. '**તોપણ શિખંડની માફક, સ્પષ્ટ અનુભવમાં આવતા સ્વાદના ભેદને લીધે,...**' શિખંડની માફક સ્પષ્ટ વેદનમાં આવતા, અનુભવમાં આવતા સ્વાદના ભેદને લીધે '**હું મોહ પ્રતિ નિર્મમ જ છું;...**' એટલે કે હું જ્ઞાનસ્વભાવે ચૈતન્યશક્તિ દ્વારા પરમાર્થે હું આત્માને જાણનાર તે એક છું. એનો સ્વાદ અતીન્દ્રિય આનંદ છે અને મોહનો સ્વાદ આકુળતા છે. સમજાણું કાંઈ? શા કારણે હું નિર્મમત્વ છું? કે બેના સ્વાદ જુદા છે. એટલે સ્વાદની ભિન્નતાને કારણે હું આનંદ જ્ઞાયક સ્વભાવ વડે જાણનારો આત્મા એ આનંદ મારો સ્વાદ છે. અતીન્દ્રિય મારો સ્વાદ છે. મોહાદિ આકુળતા જેનો સ્વાદ છે. એક જગ્યાએ, એક ક્ષેત્રે રહેવા છતાં બેના સ્વાદ ભેદ તત્ત્વો છે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, આ સ્વાદ આવ્યો. આ ધનતેરસની લાપસી.

મુમુક્ષુ :- દાખલો આપે આપ્યો તો ધનતેરસની લાપસી...

ઉત્તર :- એ ધનતેરસની અમારે લાપસી કરે. પંડિતજી! આજે ધનતેરશ છે ને? લાપસી કહે છે ને? શું કહે? ઘઉંના લોટમાં ગોળ નાખીને બરાબર હલાવીને ચોખ્ખી આમ (બનાવે).

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પછી એમાં ઘી નાખીને ખાય. એ ધનતેરસ થઈ કહેવાય. રોટલાનો અને દાળનો સ્વાદ નહિ. રોટલાનો સ્વાદ નહિ. દાળ તો ભેગી આવે. રોટલા ને રોટલી નહિ. અમારે પાલેજમાં એમ (હતું). ચાર દિ' રોટલી રોટલા રાંધવાના નહિ. પાલેજમાં. ત્યારે તેરસ, ચૌદશ, પાંખી અને એકમ રોટલી-રોટલો નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આજે નહિ. આજે રોટલી-રોટલો નહિ. ખીચડી-ચોખા કરતા. ખબર છે ને અમને ત્યાં બધા (કરતા). આ ગંગાબહેનને ખબર હશે. એકાદ વર્ષ.

મુમુક્ષુ :- ચોખા..

ઉત્તર :- હા, ચોખા કરતા હશે. એ વળી ભૂલી ગયા. પણ અમને ખબર છે કે ચારે દિવસે પકવાન જ હોય. બસ, એક જ વાત. રોટલી રોટલો આપણે નહિ. ચારે દિવસ. તે દિ'ની વાત છે હોં! ૫૪, ૫૫, ૫૬ વર્ષ પહેલાની.

મુમુક્ષુ :- ચાર દિ' .. ન ખાય.

ઉત્તર :- ચાર દિ' રોટલી-રોટલો ન થાય અમારે ત્યાં. પૂરી કરે, પુડલો કરે, શિરો કરે એવું કરે પણ આ નહિ. એમ આ જુઓ આ ધનતેરસમાં, કહે છે, સ્વાદફેર આત્મા છે એમ કહે છે.

મુમુક્ષુ :- ધન..

ઉત્તર :- ધનતેરસ. ધન તેરા રસ. તેરસ. ધન તે રસ, એમ. ધનતેરસ. આત્માના ધનરૂપી તે રસ છે.

કહે છે, એવા આત્માની ભિન્નતાની અસ્તિત્વની વાત ચાલે છે. આહાહા..! ભગવાન આત્મા એને કહીએ કે જે ચૈતન્ય શક્તિના સ્વભાવ વડે હું આત્મા છું એમ અંતરના અતીન્દ્રિય આનંદના સ્વાદ વડે કરીને આત્માને જાણે તે આત્માને જાણ્યો કહેવાય અને તેથી તે આનંદના સ્વાદથી જુદો પડેલો મોહભાવ તેનો સ્વાદ આ આનંદથી જુદો છે. એથી તે મારા સ્વાદથી જુદો (છે) માટે તેમાં મારાપણું મને છે નહિ, એમ કહે છે. જેમાં મારો સ્વાદ નથી તે ચીજમાં હું નિર્મમત્વ છું. એમ કહ્યું ને? '**હું મોહ પ્રતિ નિર્મમ જ છું;...**' આહાહા..!

ભગવાન આત્મા... ખૂબી કેવી ટીકા છે કે '**સ્વયમેવ વિશ્વને પ્રકાશવામાં...**' એકલું સર્વજ્ઞપદ જ છે આત્મા, એમ કહે છે મૂળ તો. આમ વસ્તુ-વસ્તુ જુઓ, આત્મા તો એ જ્ઞ પદ, જ્ઞ એટલે સર્વજ્ઞ સ્વભાવી પદ છે એ તો. એ જ્ઞ સ્વભાવ ચૈતન્યશક્તિના સ્વભાવ વડે ભગવાન આત્મા જાણે છે કે હું એક છું. હું એક છું. અને એક છું એની રીતમાં શિખંડના સ્વાદની પેઠે મારો અને જડનો સ્વાદ જુદો છે. હું મારા સ્વભાવ પ્રત્યે અસ્તિત્વમાં એક છું, એના સ્વાદથી જડ નામ પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, દયા અને દાન આદિ પરિણામ એ બધા જડ છે, આકુળતા છે, દુઃખદાયક છે. સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જેમ શિખંડમાં સાકર અને દહીં (ભેગા છે). સાકરનો સ્વાદ મીઠો છે, દહીંનો (સ્વાદ) ખાટો છે. એમ આ ભગવાન આત્મા હું એ ચૈતન્યશક્તિના સ્વભાવ વડે પરમાર્થે એક છું એમ જ્યાં અનુભવ થયો ત્યારે તેના સ્વાદમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો. એ સ્વાદની સાથે મોહ એટલે રાગાદિના... અહીં મોહ શબ્દે કાંઈ મિથ્યાત્વની વાત અહીં નથી. અહીં તો રાગાદિની જે પરમાં સાવધાનીનો જે વિકલ્પ શુભરાગ કે અશુભરાગ હતો તેનો સ્વાદ દહીંમાં જેમ દહીનો ખાટો સ્વાદ (આવે) એમ વિકારનો આકુળતા સ્વાદ (આવે છે). સાકરનો મીઠો સ્વાદ (આવે છે). એમ ભગવાન આત્મા અતીન્ત્રિય આનંદના સ્વાદવાળો તે હું અને અતીન્દ્રિય આનંદના સ્વાદથી વિપરીત દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ જે ઉઠે એ હું નહિ. કેમકે એનો સ્વાદ મારાથી ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ?

એક જગ્યાએ રહેવું નિવારી ન શકાય પણ એક ભાવ રૂપે હોઈ શકે નહિ. એમ કહે છે. આહાહા..! આવ્યું ઓલું સંવરના અધિકાર જેવું. સવારમાં આવ્યું ને? ક્ષેત્રથી જુદા છે. એ અહીં કહ્યું. ભલે ક્ષેત્રમાં વ્યાપ્યું (છે) પણ વસ્તુ જુદી તદ્દન છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યની સંપદાથી ભરેલો ભગવાન, આમ ચૈતન્ય સંપદાથી ભરેલો હું આત્મા એ વડે હું આત્મા, હું પોતે છું એમ જાણનાર એકરૂપે જ છું. એકરૂપે છું તે હું અને ભિન્ન ભિન્ન રાગાદિ જે વિકલ્પ ઉઠે છે, એ દહીંના સ્વાદની પેઠે સાકરથી ભિન્ન સ્વાદ છે, એમ મારા આનંદના સ્વાદથી રાગ, પુણ્ય-પાપના ભાવનો સ્વાદ ભિન્ન છે. માટે તે પ્રત્યે હું નિર્મમ છું. આ પ્રત્યે હું દઢ આસ્થાવાળો છું, આ પ્રત્યે હું નિર્મમ છું. સમજાણું કાંઈ?

આ કોની વાત ચાલે છે? આ આઠમા ગુણસ્થાનની નથી, હોં! મારા કોણ જાણે ક્યાં લઈ જાય છે. એ પછી બપોરે આવશે. ૯૬ ગાથામાં આવશે. વીતરાગી ઉપયોગનું કહ્યું ને? એમાં ગાથામાં આવશે. વીતરાગી ઉપયોગવાળો. એનો વીતરાગી ઉપયોગનો અપ્રાપ્ત તે ક્રોધ છું એમ માને છે. એમ કહે છે એમાં. આઠમા ગુણસ્થાનની વાત છે ત્યાં? બે ઠેકાણે આવશે. ૯૬ અને ૯૭.

ભગવાન આત્મા એને જોતાં એ જોવાની જે શક્તિ જે કાયમ છે એ દ્વારા આમ અંદર જોવે ત્યાં એ પર્યાયનું વલણ અંદર થાય છે. ચૈતન્યશક્તિનો સ્વભાવ એ વડે હું... એમ કહ્યું ને? **'ભગવાન આત્મા જ જાણે છે કે-પરમાર્થે હું એક છું....'** હું ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ આત્મા તે હું એક છું. અને બીજા દ્રવ્યોનો પરસ્પર સાધારણ અવગાહ. ભલે એ રાગાદિ પણ ખરેખર પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભાશુભ થાય એ ખરેખર પરદ્રવ્ય છે. સ્વદ્રવ્યના ચૈતન્ય સ્વભાવવાળું એ તત્ત્વ નથી. સમજાણું કાંઈ?

**'સમસ્ત દ્રવ્યોના પરસ્પર સાધારણ અવગાહનું...'** એક જગ્યાએ રહેવું **'નિવારણ કરવું અશક્ય હોવાથી...'** એક જગ્યામાં રહેવાને ટાળી શકાતું નથી. **'મારો આત્મા ને**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જડ,...’** ભગવાન આત્મા અને રાગાદિ-મોહાદિ જડ, એ દયા-દાનના પરિણામ પણ જડ. આહાહા...! જેમાં ચૈતન્યશક્તિના સ્વભાવની ગંધ નથી. ભગવાન આત્મા ચૈતન્યશક્તિના તેજના નુરનું પૂરનું ભરપુર ભગવાન છે આખો. એવા આત્મા દ્વારા હું આત્મા આ છું એમ જ્યાં થયું, તો કહે છે કે મારી જગ્યોએ, એક જગ્યાએ બીજા દ્રવ્યો રહે એનું નિવારણ કરવું અશક્ય છે. એને હું ટાળી શકું નહિ. પણ એના ભાવભેદને હું બરાબર ટાળી શકું છું. ભાઈ! એ બેના ભાવના ભેદને હું ભેદ કરી શકું છું. સમજાણું કાંઈ?

આત્મા અને જડ બે શબ્દ લીધા છે, હોં! હવે એ મોહાદિ રાગ, પુણ્ય-પાપ બધા જડ કહેશે. એ જીવ નહિ, જીવ સ્વભાવ નહિ, આત્મા નહિ. આહાહા..! આ વ્યવહાર રત્નત્રયનો રાગ છે એ શુભ એ જડ છે. એનો સ્વાદ જેમ દહીંનો ખાટો એમ આકુળતાનો સ્વાદ છે. માટે તેના પ્રત્યે હું નિર્મમ છું એમ સ્વાદના ભેદે હું નિર્મમ છું એમ કહેવામાં આવે છે. સ્વાદના ભેદના ભાને હું નિર્મમત્વ છું. આહાહા..! કેટલું સંભળાય છે? સંભળાય છે કેટલું? એમ મેં કીધું. સમજાય તો પછી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા, જેમ સાકરનો ગાંગડો. ગાંગડા કહે છે? સાકરની ભેલી. ઉપર કંઈક જરી મેલ હોય, મેલ. એ બેનો સ્વાદ જુદો છે. સાકરનો સ્વાદ જુદો અને મેલનો જુદો. બેનો સ્વાદ જુદો છે. તેથી સાકરના સ્વાદમાં આ મેલનો સ્વાદ એક થતો નથી. પણ એ તો જડ છે તો એને ખબર નથી. સમજાય છે? ભગવાન આત્મા આમ ચૈતન્યના પૂરથી ભરેલો સ્વભાવ, એ વડે આત્મા, આ આત્મા ભગવાન આ આત્મા તે હું છું. એમ એકરૂપે જ્યાં આત્માને જાણ્યો, તેના જ્ઞાનના સ્વભાવ દ્વારા અને સ્વાદ દ્વારા. સમજાણું કાંઈ?

**‘એકમેક થઈ રહ્યાં છે તોપણ, શિખંડની માફક, સ્પષ્ટ અનુભવમાં આવતા સ્વાદના ભેદને લીધે, હું મોહ પ્રતિ નિર્મમ જ છું;...’** ઓહોહો..! ભગવાન આત્મા ચૈતન્યના સ્વભાવના સ્વાદની આગળ, એ ચૈતન્યના સ્વભાવની સ્વાદ આગળ એ મોહનો સ્વાદ તે વિપરીત છે. તેથી તે મારી જાતની વાત એ નથી. તેથી તેના પ્રત્યે હું નિર્મમ જ છું. એ રાગ, દયા, દાન, વ્રત આદિના પરિણામ એ મારામાં નથી. એ દુઃખદાયક પરિણામમાં હું નિર્મમ છું.

મુમુક્ષુ :- છતાં ઘસડાય છે કેમ?

ઉત્તર :- ઊંધું માને છે. ઘસડાય છે ક્યાં? ઘસડાય છે એટલે કે માને છે એ. એને ભાન નથી કે હું કોણ છું અને ક્યાં જાઉં છું એની એને ખબર નથી. ભાન નથી એટલે અજ્ઞાનની તો વાત કરે છે. સમજાણું કાંઈ?

**‘કારણ કે સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી...’** સદાય જ્ઞાનસ્વભાવ-શક્તિ સ્વરૂપ પ્રભુ, એકપણામાં પ્રાપ્ત હોવાથી **‘સમય (આત્મપદાર્થ અથવા દરેક પદાર્થ)...’** અત્યારે આત્માની મુખ્ય વાત છે. **‘એવો ને એવો જ સ્થિત રહે છે.’** ભગવાન આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જ્ઞાનના તેજથી પોતાના સ્વભાવને જાણતો એ આત્મા એવો ને એવો અંદર સ્થિર છે. '**(દહીં ને ખાંડ મેળવવાથી શિખંડ થાય છે તેમ...**' દહીં અને ખાંડ મેળવવાથી શિખંડ થાય છે '**તેમાં દહીં ને ખાંડ એક જેવા માલૂમ પડે છે તોપણ પ્રગટરૂપ ખાટા-મીઠા સ્વાદના ભેદથી જુદા જુદાં જણાય છે;...**' દેખો! અવગાહન-ક્ષેત્ર અવગાહની પેઠે ભાવ ભિન્ન છે એમ કહે છે.

'**દહીં ને ખાંડ એક જેવાં એક ક્ષેત્રે ભેગા દેખાય છે. છતાં ખાટા-મીઠા સ્વાદના ભેદથી જુદાં જુદાં જણાય છે;...**' ખાટો સ્વાદ તે દહીંનો અને મીઠો સ્વાદ તે સાકરનો. સમજાણું? અહીં ખાંડ શબ્દ વાપર્યો છે. શિખંડ ખાતા જ તેના બે સ્વાદ જુદા પડી જાય છે. ખાટો સ્વાદ તે દહીંનો અને મીઠો સ્વાદ તે સાકરનો. '**તેવી રીતે દ્રવ્યોના લક્ષણભેદથી જડ-ચેતનના જુદા જુદા સ્વાદને લીધે જણાય છે...**' ઓહોહો..! દ્રવ્યોના લક્ષણભેદથી ભગવાન આત્માનું લક્ષણ જ્ઞાનથી જણાય એવો પ્રભુ, જડ રાગને જાણનારું જ્ઞાન. જડ જડથી જણાય નહિ. પણ એ જડ છે એનું લક્ષણ, આકુળતા એનું લક્ષણ મોહ આદિનું, એવા જડ ચૈતન્યના જુદા જુદા સ્વાદને લીધે જણાય છે. દેખો! ભગવાન આત્મા આનંદ અતીન્દ્રિય સચ્ચિદાનંદ સ્વરૂપ એના આનંદના સ્વાદથી રાગ અને દયા-દાનના પરિણામના સ્વાદનું લક્ષણ ભિન્ન છે. આહાહા..! જુઓ! આ જીવ-અજીવની વ્યાખ્યા. જીવ એને કહીએ કે જેને જ્ઞાનસ્વભાવ વડે આત્માને 'હું' જાણતા આનંદના સ્વાદથી જુદો પડે અને રાગાદિના સ્વાદમાં આકુળતા જાણીને તે પ્રત્યે હુંપણું ત્યાં ન રહે. સમજાણું કાંઈ?

'**તોપણ પ્રગટરૂપ ખાટા-મીઠા સ્વાદના ભેદથી...**' હોં! પ્રગટ. '**જુદા જુદાં જણાય છે; તેવી રીતે દ્રવ્યનો લક્ષણભેદથી જડ-ચેતનના જુદા જુદા સ્વાદને લીધે જણાય છે કે મોહકર્મના ઉદયનો સ્વાદ રાગાદિક છે તે ચૈતન્યના નિજસ્વભાવના સ્વાદથી જુદો જ છે.)**' આહાહા..! સમજાણું? ભગવાન આત્મા પોતાના જ્ઞાયક ચૈતન્યશક્તિ સ્વભાવ વડે પોતે પોતાને જાણ્યો (કે) આ હું. એટલે એમાં સ્વાદ પણ અનંત કાળે ન આવ્યો એવો અતીન્દ્રિય આનંદનો સ્વાદ અને અનુભવ થયો. એના અનુભવના સ્વાદ આગળ એ મોહકર્મના ઉદયનો પાક જે રાગાદિ પુણ્ય-પાપ, શુભ-અશુભભાવ એ સ્વાદ રાગાદિ તે ચૈતન્યના નિજસ્વભાવના સ્વાદથી જુદો છે. ભગવાન આત્માનો સ્વાદ અને પુણ્ય-પરિણામનો સ્વાદ બે તદ્દન જુદા છે. આ શાંતરસ છે, એ આકુળતા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શાંત ચૈતન્યના આનંદરસવાળું તત્ત્વ એનું ભાન કરતાં, એના સ્વાદ આગળ મીંઢવતાં... મીંઢવતા સમજાય છે? મુકાબલો કરતા. કાઠિયાવાડી ભાષા આટલા વર્ષ અહીં રહ્યા તોપણ હજી થોડી શીખ્યા નથી? મીંઢવતા એટલે મેળવતા. આમ મુકાબલે. આ કરતા આ જુદું અને આ કરતા આ જુદું. સ્વાદ ભેદે જુદું. કહો, જેઠાલાલભાઈ! સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના ચૈતન્યના સ્વભાવના રસે ચડ્યો અને તેને આત્મા અંદર

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અનુભવ્યો, જાણ્યો તે આત્મા. એવા આત્માથી ભિન્ન મોહકર્મના પાકથી થયેલો રાગાદિ. જુઓ! રાગ એટલે શુભરાગનો વિકલ્પ પણ (લઈ લેવો). એ સ્વાદના ભેદને લઈને એ સ્વાદ મારો નહિ. એથી આ સ્વાદમાં એને મેળવતો નથી. આત્માના આનંદના મુકાબલે (-મીંઢવતા) આકુળતાના સ્વાદને ભિન્ન જાણતો તેમાં પોતાનું મમત્વપણું રહેતું નથી. એટલે કે એ હું છું એમ થતું નથી, એમ. હું છું એ તો ચૈતન્ય સ્વભાવવાળો આત્મા તે હું. રાગ દયા, દાન, વ્રતના, વિકલ્પના સ્વાદને ભિન્ન જાણતા તે હું નહિ. આહાહા..! જેઠાલાલભાઈ! હવે અહીં તો હજી બાયડી, છોકરા અને આ બધા જાણે ખીચડો થઈ ગયો જાણે એક. આ તો એક ક્ષેત્રમાં ઉત્પત્તિ વિકારની ઉત્પત્તિ (થવા) છતાં ભાવ ભેદે બે ચીજ ભિન્ન છે. સમજાણું કાંઈ? દારૂ પીધેલો હોય અને એ જો શિખંડ ખાય તો એને ગાયના દૂધ જેવું લાગે. એ 'બનારસીદાસ'માં દાખલો આપ્યો છે. ગાય પીધેલું દૂધનું. આમાં નથી એણે દાખલો દૂધનો આપ્યો છે. એણે દાખલો દૂધનો આપ્યો છે. દારૂ પીધેલો માણસ હોય અને એ શિખંડ ખાય તો એને દૂધ જેવું લાગે. બે સ્વાદ જુદા લાગે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અજ્ઞાની દારૂ પીને ...

ઉત્તર :- અજ્ઞાનનો દારૂ પીધો છે, એના આત્મસ્વભાવનું ભાન નથી. મિથ્યાત્વના દારૂ પીધેલાને લઈને આત્મસ્વાદ અને રાગનો સ્વાદ એને જુદો જણાતો નથી. સમજાણું કાંઈ? ઓહોહો..! આમ જીવ કહેવાય, ભાઈ! એમ જીવ કહે કે આ જીવ. હાલે, ચાલે એ જીવ, બોલે એ જીવ, ત્રાસ પામે એ જીવ. એવી વ્યાખ્યા ક્યાંથી કાઢી?

અહીં તો આત્મા એને કહીએ કે જે ચૈતન્યના સ્વભાવથી પોતાને અંતર જાણે અને આનંદનો સ્વાદ આવે તેને જ આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો ચોથા ગુણસ્થાનની વાત છે. મુનિ છઠ્ઠે છે એટલે ત્યાંથી વાત કરે છે. સમજાણું કાંઈ? માણસે સમ્યગ્દર્શનને એટલું બધું હળવું અને વિપરીત કરી નાખ્યું. સમજાણું?

આ ચીજ તો સમ્યક્ એટલે ભગવાન જે સ્વભાવે છે તે સ્વભાવે અનુભવવામાં આવવો અને તેના આનંદના સ્વાદનું વેદન આવવું. ત્યારે આ આત્મા પૂર્ણ આનંદમય છે. આ શાંતરસનો સ્વાદ તે આખો શાંતિનો સાગર છે. તે હું. એનાથી વિરૂદ્ધ રાગાદિના વિકલ્પનો સ્વાદ મારાથી જુદો છે. આહાહા..! આ ભેદજ્ઞાન તે જ્ઞાન છે. ત્યાં શાસ્ત્રના ભણતર પણ કામ કરતા કે અડતા નથી. કષાયની મંદતા ત્યાં અડતી નથી. કષાયની મંદતા પણ આકુળના સ્વાદથી જુદી રહે છે, એમ કહે છે. એથી તે કષાયના શુભરાગને પ્રત્યે પણ મમતા (થતી નથી). એ વ્યવહાર રત્નત્રયનો શુભરાગ તે હું છું એમ જ્ઞાની માનતો નથી. આહાહા..! આ તો કહે છે કે શુભરાગથી અને એનાથી રત્નત્રય એ છે. એનાથી નિશ્ચય રત્નત્રય પમાય ઉપલા ગુણસ્થાને. ભગવાન! બહુ ફેરવી નાખ્યું. સમજાણું કાંઈ?

અરે..! આવા વખત મળ્યા. માંડ માંડ માણસ થયો છે, હોં! ભાઈ! એને કિંમત નથી,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને કિંમત નથી. ક્યારે કેટલે કાળે આ સ્થિતિ પામ્યો, એમાં જે કરવાનું જે કાંઈ છે એનું એણે લક્ષ પણ ન કર્યું. ધૂળધાણી અને વા પાણી.. મોટા રાજા કે કરોડોપતિ બધા ગલુડિયા મરે અને અળસિયા મરે એમ મરે છે બધા. ગલુડિયા સમજો છો? કુતરીનું બચ્ચુ. શું કહે એને? કૂતરીના બચ્ચા. અળસિયા, અળસિયા સમજો છો? ચોમાસામાં નીકળી છે ને. અળસિયા આમ ન હોય. આમ લાંબા હોય. લાંબા લાંબા લાલ થાય પાતળા. અળસિયા ગારામાં-કાદવમાં પાતળા પાતળા થાય ને લાંબા લાલ? હા, એ પંડિતજી કહે છે. અમારે અહીંયાં અળસિયા કહે છે. એમાં મોટા રાજા, મહારાજા બિચારા ભિખારા અળસિયા છે. સમજાણું કાંઈ? કેમ હશે? એય..! મલૂકચંદભાઈ!

મુમુક્ષુ :- એ ક્યાં.. એ તો બંગલામાં રહે છે.

ઉત્તર :- ધૂળમાંય બંગલા નથી હવે ત્યાં.

હમણાં ઓલો ગયો તો એ કહેતો હતો કે ચાર આના સાહેબી અહીં નથી. .. એવી સાહેબી ત્યાં છે. સાહેબી ત્યાં હશે? હાય હાય! માણસને પણ મારી નાખ્યા છે ને. ભગવાન આત્માની ચૈતન્ય સાહેબી. જેના એક ક્ષણની શાંતિની સાથે જગતના કોઈ પદાર્થની તુલના થઈ શકે નહિ. એના છ ખંડના રાજ, ઈન્દ્રના ઈન્દ્રાસન હોય એ બધી આકુળતા છે. ધૂળની આકુળતા. અંગારાથી શેકાય છે એમ શાસ્ત્ર કહે છે. શુભભાવના ફળરૂપે, પુણ્યના ફળરૂપે સ્વર્ગમાં જાય એ અંગારાથી શેકાય છે. વિષયની અગ્નિથી શેકાય છે ઈ. આહાહા..! આ મૂઢ એને માને કે સુખી છે. કરવું શું? આનું માપ ક્યાં કરવું? એય..! ભીખાભાઈ! ત્રીસ રૂપિયાનો પગાર હોય એમાં પાંચ હજાર .. દસ હજારનું બાર મહિને કેટલું થઈ જાય એને? કે આપણે જાણે ક્યાંક છીએ એમ થાય કે નહિ? આરે..આરે! આ શું છે પણ આ તે? કહે છે કે આ ભ્રમણા પણ તેં ક્યાંથી નાખી? અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા સવિકાર ચૈતન્ય પરિણામ એણે આ ગોટો વાળ્યો બધો. પોતાની જાતને જુદી અને પરને જુદી જાણવા દીધી નહિ. એની અજ્ઞાનદશાએ. સમજાણું કાંઈ? સમજાણું?

'**આ રીતે ભાવકભાવ જે મોહનો ઉદય...**' લ્યો! ભાવક જે કર્મ, એનો ઉદયભાવ વિકારી પરિણામ. ભાવકભાવ. મોહભાવક એનો ભાવ વિકારી પરિણામ, એવો '**ઉદય તેનાથી ભેદજ્ઞાન થયું.**' લ્યો! સમજાણું કાંઈ? ભગવાન આત્મા આનંદ... પહેલી લીધી ચૈતન્યશક્તિ શું કરવા? કે વ્યક્તપણું એનો અંશ છે. અને એ અંશ છે એમાં અંદર સામાન્ય આખો સ્વભાવ ચૈતન્યશક્તિ (પડ્યો છે) એવા સ્વભાવભાવ વડે આ આત્મા છે એમ જ્યાં અનુભવ થયો ત્યારે તેને પોતાના આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ, એ ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દર્શન થતાં (આવ્યો) એની વાત ચાલે છે. એ વખતે જ એણે પોતાના સ્વભાવના સ્વાદથી ભિન્ન રાગાદિનો સ્વાદ જોતાં તે પ્રત્યે મમત્વ અને હુંપણું, એમાં અસ્તિ હું છું એમ રહેતું નથી. સમજાણું કાંઈ? એ મારામાં નથી, એ મારામાં નથી. અને મારામાં છે તે એમાં નથી. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ? ભારે ગાથા! આ કોઈ દિ' સાંભળ્યું નથી, આવું એમ કહે છે. માથાકૂટ કરીને મરી ગયો મફતનો હેરાન થઈને. આહાહા..!

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવે જ્ઞાનમાં જાણ્યું કે આ તત્ત્વ તો પ્રભુ આવું તારું છે ને. અને તેને જાણતા તને રાગના સ્વાદનો સ્વાદ ભિન્ન લાગતા તેની મમતા તને નહિ રહે. આહાહા..! સમજાણું?

**'ભાવાર્થ :- આ મોહકર્મ છે તે જડ પુદ્ગલદ્રવ્ય છે; તેનો ઉદય કલુષ (મલિન) ભાવરૂપ છે;...'** એ મોહકર્મનો ઉદયનો ભાવ જે થાય ચાહે તે શુભ કે અશુભ, એ બધો કલુષ મલિન ભાવ છે. શુભભાવ હો કે અશુભભાવ હો બધો મલિન ભાવ છે, મેલો ભાવ છે. **'તે ભાવ પણ મોહકર્મનો ભાવ હોવાથી,...'** પાક એનો છે. ચૈતન્યનો પાક એ છે? ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદનો પાક થાય એવું એ ક્ષેત્ર છે. એ કાંઈ રાગ પાક થાય એવું એ ક્ષેત્ર નથી. **'પુદ્ગલનો જ વિકાર છે.'** ભાષા જુઓ! એ પુદ્ગલનો જ વિકાર છે. પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિના વિકલ્પો બધા પુદ્ગલનો જ વિકાર છે.

**'આ ભાવકનો ભાવ છે...'** આ ભાવકનો ભાવ છે **'તે જ્યારે આ ચૈતન્યના ઉપયોગના અનુભવમાં આવે છે ત્યારે ઉપયોગ પણ વિકારી થઈ રાગાદિ રૂપ મલિન દેખાય છે.'** શું કહે છે? એ ભાવકનો ભાવ જે કર્મરૂપી ભાવ-ભાવક, એનો જે પુણ્ય-પાપનો ભાવ તે જ્યારે ચૈતન્યના ઉપયોગનો જાણવા-દેખવાનો ઉપયોગ છે, એના અનુભવમાં આમ ખ્યાલમાં આવે છે ત્યારે ઉપયોગ પણ વિકારી થઈ જાણે હું રાગરૂપે મલિન (થઈ ગયો એમ) દેખાય છે. એ ઉપયોગમાં સ્વચ્છતાનો સ્વભાવ છે તે દેખાય છે એમાં એ જાણે હું જ મલિન થઈ ગયો. એમ મલિન દેખાય છે. આહાહા..! ઉપયોગ વિકારી થઈ રાગાદિ મલિન દેખાય છે. ઉપયોગ વિકારી થઈ મલિન દેખાય છે. અને ઉપયોગ તો ચૈતન્ય સ્વરૂપ છે આમ. રાગના, પુણ્ય-પાપના વિકલ્પને ભાસતું, એમાં એકાકાર થતો એ ઉપયોગ જ એવો વિકારીમય દેખાય છે.

**'જ્યારે તેનું ભેદજ્ઞાન થાય કે ચૈતન્યની શક્તિની વ્યક્તિ તો જ્ઞાનદર્શનોપયોગમાત્ર છે...'** લ્યો. ભગવાન આત્મા એ તો ચૈતન્યશક્તિનું તત્ત્વ છે. અને એ ચૈતન્યશક્તિ એટલે જ્ઞાનશક્તિ... શક્તિ... શક્તિ... શક્તિ... સત્ત્વ. જ્ઞાનશક્તિની વ્યક્તતા, પ્રગટતા. જ્ઞાન-દર્શન જાણવા-દેખવાનો પર્યાય પ્રગટે તે તેનો ઉપયોગ છે. ચૈતન્ય ભગવાન આત્મા ચૈતન્યશક્તિ સ્વભાવ, એની વ્યક્તતા-પ્રગટતા થઈ એ તો જાણવા-દેખવાના ઉપયોગ રૂપી પરિણામ તે એના વ્યક્ત થયા. એ વ્યક્ત કાંઈ રાગ-દ્વેષ થયો એમાંથી, એમ છે નહિ. મોહકર્મના ભાવકમાંથી વ્યક્ત થયો રાગ-દ્વેષ. અને **'આ કલુષતા રાગ-દ્વેષ-મોહરૂપ છે તે દ્રવ્યકર્મરૂપ જડ પુદ્ગલદ્રવ્યની છે,...'** ભગવાન આત્મા જાણવા-દેખવાની શક્તિમાંથી પ્રગટતા, દર્શન ઉપયોગની શક્તિની વ્યક્તતા કરી તે હું અને આ કલુષતા રાગદ્વેષમોહ રૂપ તે જડ પુદ્ગલદ્રવ્યની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. લ્યો! સમજાણું કાંઈ?

‘**ત્યારે ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ...**’ ભાવક એટલે કર્મ, એનો ભાવ જે દ્રવ્યકર્મ મોહનો ભાવ ‘**તેનાથી અવશ્ય ભેદજ્ઞાન થાય છે...**’ જોનારને જોવો નહિ અને માથાકૂટ કરવી બીજી. જોનાર-જોનાર જોવે છે એ કેવડો છે? જોનાર જોવે છે એ કેવડો છે? ચૈતન્યશક્તિના સ્વભાવથી જાણે એવડો એ છે. રાગથી જાણે અને આનાથી જાણે એવડો એ આત્મા નથી. બહુ ઝીણું ને. માણસને પછી એવું લાગે કે આમાં ઓલો વ્યવહાર લોપ થઈ જાય. પણ ભગવાન! વ્યવહાર લોપ થાય ત્યારે જ નિશ્ચય પ્રગટે. એને વ્યવહાર હોય નહિ અજ્ઞાનીને. પણ જે રાગાદિની મંદતા (થાય) એની રુચિ છોડીને આત્માની રુચિ કરે ત્યારે ઓલાનો લોપ થાય છે. સ્વભાવમાં એ વ્યવહાર નથી. શું થાય?

‘**ત્યારે ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ તેનાથી અવશ્ય ભેદજ્ઞાન થાય છે અને આત્મા અવશ્ય પોતાના ચૈતન્યના અનુભવરૂપ સ્થિત થાય છે.**’ આત્મા જ્ઞાનસ્વભાવ વસ્તુ એ દ્વારા પોતાને જાણતો એમાં સ્થિત થાય છે એ આત્મા. અને મોહકર્મ રૂપી ભાવક, એનાથી પ્રગટેલો વિકારી પુણ્ય થાય શુભાશુભ વિકારી ભાવ, પંચમહાવ્રત આદિ પરિણામ એ બધું મોહકર્મના ભાવકનો ભાવ. મારી નાખ્યાને.. એય..! શું? પંચ મહાવ્રતના પરિણામ મોહકર્મ ભાવકનો ભાવ. એ આત્માનો ભાવ નહિ. એ તો ચૈતન્યશક્તિની વ્યક્તતા એ એનો ભાવ (છે). એ તો રાગ થાય એને જાણવા-દેખવાનો સ્વપરપ્રકાશક એ એનો ભાવ. આ ભાવ કેવો એનો? ભારે આકરું પડે માણસને, હોં! સોનગઢવાળા તો ભારે કરે છે એમ કહે છે. અરે..! ભાઈ! બાપુ! આ વસ્તુ જ આમ છે ત્યાં સોનગઢવાળા કહે કે ભગવાન કહે, બધું એક જ છે. એ ભગવાન આમ કહે છે. જુઓ! નહિતર કર અર્થ આમાંથી. મેળવને તું. તારે શાંતિથી ધીરજથી કામ લેવું છે કે એમ ને એમ ઉપરટપકે એમ ને એમ ચાલ્યો જા છો. અમે માનીએ છીએ એમ અર્થ કરવો, અમે માનીએ છીએ એમ તેના શાસ્ત્રના અર્થ તમારે કહેવા. એનો અર્થ શું?

અહીં તો ભગવાન ‘કુંદકુંદાચાર્ય’ એમ પોકાર.. પોકાર... પોકાર (કરે છે), બાપુ! પ્રભુ! તારો તો ચૈતન્ય સ્વભાવ, એની વ્યક્તિ તો જાણવા-દેખવાની વ્યક્તિ તે તારો પર્યાય ધર્મ છે અને એ પર્યાય દ્વારા પર્યાયવાનને જાણે છે, ઠરે છે એનું નામ આત્મા છે. અને મોહકર્મના ભાવકથી ઉત્પન્ન થયેલો પુણ્ય-પાપ, શુભાશુભ રાગ એ બધો જડ છે. પરથી ઉત્પન્ન થયેલો બેસ્વાદ એ ચીજ છે. એમાં મારા એમ માને એણે જડને આત્મા માન્યો છે. આત્માને આત્મા એણે માન્યો નથી. આહાહા..! શું છે? ભીખાભાઈ!

‘**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**’

**सर्वतः स्वरसनिर्भरभावं**
**चेतये स्वयमहं स्वमिहैकम्।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


नास्ति नास्ति मम कश्चन मोहः
शुद्धचिद्धनमहोनिधिरस्मि।।३०।।

એ ઓલો શ્લોક જોયો ઈ ને? શ્લોક છે એ આમાં લખ્યો છે. કહે વિચિક્ષણ પુરુષ સદા મૈં એક હું. આનું હિન્દી કર્યું છે.

કહે વિચિક્ષણ પુરુષ સદા મૈં એકહું. અપને રસસૌ ભર્યો અનાદિ ટેક હૂં,
મોહકર્મ મમ નાહિ, નાહિ ભ્રમકૂપ હૈ, શુદ્ધ ચેતનાસિંધુ હમારો રૂપ હૈ.

આ શ્લોકનો અર્થ છે. 'બનારસીદાસ'માં. 'કહે વિચિક્ષણ પુરુષ...' વિચિક્ષણ એટલે જ્ઞાની. 'કહે વિચિક્ષણ પુરુષ સદા મૈં એક હું, અપને રસસૌ ભર્યો...' પોતાના આનંદ અને શાંતિના રસથી ભર્યો. 'અનાદિ ટેક હું...' અનાદિથી મારું સ્વરૂપ એવું છે. 'મોહકર્મ મમ નાહિ,...' મોહકર્મ એકલું નહિ, હોં! મોહકર્મના ભાવકથી ઉત્પન્ન થયેલા વિકારી પરિણામ, શુભ અને અશુભ રાગ. 'મોહકર્મ મમ નાહિ નાહિ ભ્રમકૂપ હૈ, શુદ્ધ ચેતનાસિંધુ હમારો રૂપ હૈ.' હું તો એક શુદ્ધ ચેતનાસિંધુનો દરિયો છું. સિંધુ છું. મારું સ્વરૂપ આ છે. એક વિકલ્પ પણ કરવો એ મારી ચીજમાં નથી. આહાહા..!

**'આ લોકમાં હું પોતાથી જ પોતાના એક આત્મસ્વરૂપને અનુભવું છે....'** આ જગતને વિષે હું પોતાથી-રાગના નિમિત્તના અવલંબન વિના એકલો ચૈતન્યગોળો ભિન્ન સ્વભાવ પ્રભુ બિરાજે છે એને પોતાના એક આત્મસ્વરૂપને, પોતાનું નિજ આત્મસ્વરૂપ એને અનુભવું છું.

મુમુક્ષુ :- એને ખબર પડે છે?

ઉત્તર :- ખબર પડતી હશેને. આ ખબર પડે છે કે શું છે? આ શું આંધળા છે? પેલા કહે ખબર પડે નહિ. સમ્યગ્જ્ઞાન થાય એની ખબર પડે નહિ. એ ભગવાન જાણે. માટે વ્રત કરો હવે. મરી જાને હવે. વ્રત કરી કરીને ક્યાંય તારો આરો આવે એવો નથી.

મુમુક્ષુ :- વ્રત કોણ કરશે? એ કરશે?

ઉત્તર :- મૂઢ કરશે વ્રત. આ વ્રત પાળીએ, પંચ મહાવ્રત પાળીએ, લૂગડા છોડ્યા, બાવા થયા. મરી ગયો હવે, સાંભળને! બાવો કે દિ' થયો? સમ્યગ્દર્શન ને ધર્મને છોડ્યો છે.

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, જેનો અંતરમાં આદર થયો નથી અને રાગના અભાવસ્વભાવ રૂપ દૃષ્ટિ થઈ નથી એના ત્યાગને ત્યાગ કહે કોણ? આહાહા..! મિથ્યાત્વના ત્યાગ વિના બાહ્યના વ્યવહાર અસદ્ભુત વ્યવહારનો ત્યાગ એને લાગુ પડે કેમ? સમજાણું કાંઈ? આહા..!

**'જે સ્વરૂપ સર્વતઃ...'** ભગવાન આત્મા વસ્તુ છે ને. પદાર્થ છે ને. દ્રવ્ય છે ને. અસ્તિ સત્તારૂપ અનાદિઅનંત સ્વયંસિદ્ધ વસ્તુ છે. કહો, એ **'સર્વતઃ પોતાના નિજરસરૂપ ચૈતન્યના પરિણમનથી પૂર્ણ ભરેલા ભાવવાળું છે;...'** ચૈતન્યશક્તિ કીધી છે ને. ભગવાન આત્મા સર્વતઃ અસંખ્ય પ્રદેશમાં, જેમ ઠંડી બરફની પાટ હોય, ચારે કોર ઠંડા રસથી ભરેલી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. સમજાણું કાંઈ? એમ સાકરની મૂર્તિ હોય. આ સાકરની મૂર્તિ નથી કરતા? આ કંદોઈ.

મુમુક્ષુ :- એ દિવાળીના દિવસોમાં જ કરે.

ઉત્તર :- હા, એ તો ખાંડની કરે. સાકરની ન કરે. ખાંડમાં રસ નાખીને નાખે .. ખાંડ. એમ આ ભગવાન આત્મા એકલો આનંદરસની પૂતળી છે.

'**સર્વતઃ પોતાના નિજરસરૂપ ચૈતન્યના પરિણમનથી પૂર્ણ ભરેલા ભાવવાળું છે;...**' પરિણમન શબ્દે આ પર્યાય, એમ નથી લેવી. એવા સ્વભાવથી ભરેલું તત્ત્વ છે. સમજાણું કાંઈ? '**સર્વતઃ પોતાના નિજરસરૂપ ચૈતન્યના પરિણમનથી પૂર્ણ ભરેલા ભાવવાળું છે;...**' વસ્તુ છે ને, દળ છે ને, અવગાહન છે ને, આમ અવગાહન પહોળું શરીર પ્રમાણે ભિન્ન પોતાનું દળ, શુદ્ધ એકલા આનંદ અને જ્ઞાનના રસથી ભાવવાળું ભરેલું છે. '**માટે આ મોહ મારો કાંઈ પણ લાગતોવળગતો નથી...**' લ્યો! આ કારણે મારે ને રાગને, એ પુણ્ય-પાપના વિકલ્પને, દયા-દાન-વ્રતના રાગને અને મારે કાંઈ સંબંધ નથી. આહાહા..! વ્યવહારને ને મારે કાંઈ સંબંધ નથી એમ કહે છે. વ્યવહાર ક્યો? બાયડી-છોકરાનો?

મુમુક્ષુ :- ધર્મની ભૂમિકાનો...

ઉત્તર :- આ ધર્મ ભૂમિકાનો જે રાગ આવે એને અને મારે કાંઈ લાગતો-વળગતો નાતો કાંઈ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ટીકામાં પણ હતું, જુઓને! '**મોહ તે મારો કાંઈ પણ લાગતોવળગતો નથી.**' ટીકામાં હતું. જુઓ. સમજાણું? આહાહા..! સંસ્કૃત, સંસ્કૃત. હા એ. '**न नाम मम मोहोऽस्ति**', બરાબર. '**न नाम मम मोहोऽस्ति**' આમાં એમ કહ્યું. કાંઈ પણ લાગતોવળગતો નથી એનો અર્થ એમ છે. સમજાણું?

'**એને અને મારે કાંઈ પણ નાતો નથી.**' કહો, સમજાણું કાંઈ? મારે કાંઈ સંબંધ નથી. '**હું તો શુદ્ધ ચૈતન્યના સમૂહરૂપ તેજઃપુંજનો નિધિ છું.**' ધર્માત્મા આત્માને એવો જાણે છે, ધર્માત્મા આત્માને એવો જ અનુભવે છે કે હું તો શુદ્ધ ચૈતન્ય એના સમૂહરૂપ તેજઃપુંજનો નિધિ છું. લ્યો! સમજાણું? '**શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ છે.**' આઠમા ગુણસ્થાનની વાત છે આ? અહીં તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને અજ્ઞાનની જ વાત છે આખા સમયસારમાં. મુનિ છે તો વાત ત્યાંથી કહી છે. '**चरित्तदंसणणाणठिदो**'. બાકી તો મુખ્યપણે તો મિથ્યાત્વ અને સમકિત, જ્ઞાન અને અજ્ઞાન એની જ મુખ્યપણે વાત છે. સમજાણું?

'**(ભાવકભાવના ભેદ વડે...)**' મોહકર્મરૂપી ભાવક, ભાવનો કરનાર, એનો જે ભાવ વિકારી પરિણામ એના ભેદ વડે જુદા વડે '**(આવું અનુભવન કરે.)**' તેને આત્માનો અનુભવ અને આત્માનું અસ્તિત્વ જાણ્યું કહેવામાં આવે છે. જેટલામાં જેવો જેમ છે તેમ તેટલામાં એને માને, અનુભવે તો તેણે આત્મા માન્યો અને જાણ્યો કહેવાય છે. રાગ અને પુણ્યમાં આત્મા નથી, એને પોતાનો માને એણે આત્મા માન્યો નથી.

મુમુક્ષુ :- ત્યાગમાં?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- ત્યાગમાં ક્યાં હતો પણ? કયો ત્યાગ? આ મેં પરનો ત્યાગ કર્યો માન્યતામાં રહે છે એ મિથ્યાદૃષ્ટિ આત્મા માનતો નથી. ત્યાગ ક્યાં? અહીં તો કહે છે, મારામાં છે જ નહિ પછી કોનો ત્યાગ કરવો? રાગાદિ મારામાં નથી તો વળી બહાર ચીજ મારામાં ક્યાં હતી તો એ છોડે ને મૂકે? આહાહા..!

અજર પ્યાલા પીઓ મતવાલા તીન્હી અધ્યાત્મ વાસા,
આનંદઘન ચેતન વે ખેલે દેખે લોક તમાસા.

આહાહા..! એના ભગવાન આત્માની એને ખબરું ન મળે. પોતાની ખબરું ન મળે ને બીજાની ખબરું કરવા ચાલી નીકળ્યો. હા-ના, વિવાદ ને આના કરીએ ને આના કરીએ. પોતાની સેવા કેમ કરવી એની ખબર ન મળે, પરની સેવા કરવાની ભ્રમણામાં હાલી નીકળ્યો. સમજાણું કાંઈ?

આ રીતે ભગવાન આત્મા, ૩૬મી ગાથામાં.. લ્યો! સ્વરૂપ શુદ્ધ ચૈતન્યના અંતર દૃષ્ટિના અનુભવમાં મોહ અને રાગાદિ મારો નથી એવું ભેદજ્ઞાન થવું, એને જીવના સ્વભાવનો અનુભવ થવો, એણે જીવ માન્યો, અનુભવ્યો અને ધર્મ થયો કહેવામાં આવે છે. વિશેષ બોલ લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો વદ ૦)), શનિવાર તા. ૧૨-૧૧-૧૯૬૬**
**શ્લોક-૩૦, ગાથા-૩૭, પ્રવચન-૧૦૦**

જીવ અધિકાર ‘સમયસાર’ છે. એમાં ૩૬મી ગાથા ચાલી રહી છે. એનો કળશ પણ પૂરો થઈ ગયો. ૩૦મો કળશ. હવે એનામાં જરી ભલામણ કરે છે.

‘**એવી જ રીતે, ગાથામાં મોહ પદ છે તેને બદલી,...**’ શું કહ્યું ત્યાં? કે આ જીવ-અજીવ અધિકાર છે. એટલે આ જીવ જ્ઞાયકસ્વભાવ છે એને પૂર્વના કર્મનો જે ઉદય છે એ ભાવક નામ ભાવ કરવાને લાયક થઈને જે ઉદય થાય છે, એમાંથી જે ભાવ થાય, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ એ ખરેખર તો એ કર્મના ભાવકનો ભાવનારનો એ ભાવ છે. આત્માનો ભાવ નથી. સમજાણું કાંઈ? આત્મા તો એ ભાવક કર્મ, એનાથી ઉત્પન્ન થયેલો વિકાર, એને પોતાના જ્ઞાનથી જાણવાનો એનો સ્વભાવ છે. એને આત્મા કહીએ. સમજાણું કાંઈ? મોહકર્મના ઉદયથી જે વિકાર થયો એ ખરેખર કર્મના ફળનું જ એ વિપાક છે, આત્માનું નહિ. એમ આત્મા પોતાના નિજ શક્તિના સ્વભાવ દ્વારા એને જાણવાનો સ્વભાવ છે એમ પોતામાં જાણીને ઠરે એને આત્મા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? અને કર્મના ઉદયમાં થતાં વિકારભાવ, તેમાં જોડાઈને તે રૂપે થાય તેને અણાત્મા કહેવામાં આવે છે. બરાબર છે? અજીવ.

કહ્યું કે મોહકર્મ ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય જ્ઞાયક, એ પોતાની નિજશક્તિ દ્વારા એ કર્મના ઉદયના પાકમાં વિકારને જાણવાના ભાવમાં પોતામાં અસ્તિત્વમાં રહી અને તેના રાગના અસ્તિત્વમાં ન જઈ અને પોતે જ્ઞાનપણે તેને જાણે એવો આત્માનો સ્વભાવ છે તેને આત્મા કહીએ અને તેને સમ્યગ્દર્શન અને જ્ઞાન કહીએ. કાંતિભાઈ! ઝીણું બહુ ઝીણું. એને બદલે રાગાદિ કહેવો, કહે છે. રાગ થાય ચારિત્રમોહનો ઉદય અંદર પાક કર્મનો. એ રાગ એ પાક મારા ચૈતન્યનો નથી. હું એક જ્ઞાનશક્તિથી સંપન્ન ચૈતન્યતત્ત્વ, તે રાગને રાગમાં ભળ્યા વિના, રાગમાં ગયા વિના મારા સ્વરૂપમાં રહીને હું જાણનાર મને જાણું. એ રાગ મારો નથી. ઝીણું (બહુ).

એમ ‘**દ્વેષ,...**’ દ્વેષનો પાક આવ્યો એને પણ ચૈતન્યના સ્વલક્ષના આશ્રયે નિજશક્તિથી સંપન્ન એવું મારું તત્ત્વ તે દ્વેષને જાણનાર છું એવો મારો આત્માનો ઉપયોગ છે તે હું છું. સમજાણું કાંઈ? એમ ‘**ક્રોધ, માન, માયા, લોભ...**’ એમ બધું લઈ લેવું. આઠેય કર્મનો પાક મારો નથી. ‘**નોકર્મ,...**’ બહારના નિમિત્તોનું જ્ઞાન કરનાર છું પણ એ નિમિત્તમાં હું નથી. સમજાણું કાંઈ? એમ ‘**મન, વચન, કાયા,...**’ એનો હું જ્ઞાન કરનાર છું પણ એ મન, વચન અને કાયા મારામાં નથી અને એ મન, વચન, કાયામાં હું નથી. એમ અંતરમાં અજીવભાવથી જીવને જુદો પાડીને જીવનું જ્ઞાન કરવું એનું નામ અજીવથી ભેદજ્ઞાન કર્યું એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એમ પાંચેય ઈન્દ્રિયો. એમાં હું નથી. એ મારામાં નથી.

હું એક જ્ઞાન ચૈતન્ય સૂર્ય છું. તેમાં મને મારા જાણવાના સ્વભાવ દ્વારા મને જાણું છું એ સંબંધીનું જે મારું જ્ઞાન, એને હું જાણનાર તે આત્મા છું. સમજાણું કાંઈ? આનું નામ આત્મા અને આત્માનો અધિકાર એના સ્વભાવમાં છે. વિભાવ અને પરપદાર્થમાં એનો અધિકાર છે નહિ. એનો અધિકાર તો એને જાણવાના સ્વભાવમાં પોતામાં રહીને જાણવું એવો એનો અધિકાર છે. જેઠાલાલભાઈ! ભારે. એમ બીજા પણ અસંખ્ય પ્રકારના વિભાવ હોય એને લઈ લેવા.

એ ભાવ્યભાવકથી ભેદજ્ઞાન કરાવ્યું. ૩૬માં. ભાવ્ય એટલે વિકારી પર્યાય. ભાવક કર્મ એનું ફળ રૂપે. પછી એનું ફળ અંદર વિકાર હો કે એનું ફળ બાહ્ય સંયોગ હો. અઘાતિના ફળ તરીકે સંયોગ છે, ઘાતિના ફળ તરીકે અંદર રાગાદિ છે. સમજાય છે? બેય મારામાં નથી. બેય લીધા છે અહીં. નોકર્મ આદિ લીધું ને? ઘાતિ-અઘાતિ આઠ કર્મ છે ને? એમાં ઘાતિકર્મ જે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહ, અંતરાય એના પાકથી થતી હિણી દશા કે વિપરીત દશા એ મારું કાર્ય નહિ. એમ અઘાતિ કર્મથી મળેલી ચીજો આ બહારની પૈસા, લક્ષ્મી, આબરૂ, કીર્તિ એ નોકર્મ (છે), કહે છે. એમાં હું નહિ, એ મારામાં નહિ. એને હું મારામાં રહીને મને જાણનારમાં એ જણાઈ જાય છે. સમજાણું કાંઈ? આ તો કર્મ આવ્યું ને ભાઈ આઠ? એ આઠેય કર્મનું આમ લઈ લેવું. આહાહા..!

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી ચૈતન્યજ્યોત એની શક્તિ તો બધાને અને સ્વને જાણવું એ જ એના સામર્થ્યમાં ભરેલું તત્ત્વ છે. એ જાણનાર ભગવાન એમ જાણે કે આ કર્મના ફળનો ભાવ એ મારો નહિ હું એને જાણનાર. એ ભેદજ્ઞાન થયું. અઘાતિ કર્મના ફળ તરીકે બહાર મળે ચીજો, એને હું મારામાં રહીને મને જાણનાર એમાં એ મને જણાઈ જાય છે. આહાહા..! કહો, સમજાણું આમાં? ચંદુભાઈ!

મુમુક્ષુ :- ચોખવટ વધારે..

ઉત્તર :- આ બહારની ચીજો અને અંદરની બે વાત ચોખ્ખી તો કરી. અંદરનો મોહ કર્મ અને અંદરના વેદનીયથી મળેલી આ સામગ્રી આદિ બહાર. સમજાણું કાંઈ? આ સ્ત્રી, કુટુંબ, મકાન આદિ બહારના સાધનો. એટલે આઠેય કર્મ આવી ગયા ખરેખર તો. ઘાતિ-અઘાતિ. ઘાતિના ફળ તરીકે અંદર વિકાર, અઘાતિના ફળ તરીકે સંયોગ. બેય ભાવ્ય છે એટલે કે એની દશા છે. એમાં હું નથી. સમજાણું કાંઈ?

**'મન, વચન, કાય,...'** કે આ બધી વસ્તુ.. ઓહો..! છ ખંડના રાજ ચક્રવર્તીના હો. એને હું મારામાં તે કાળે રહીને મને જાણતાં મારો જ સ્વભાવ સ્વપરપ્રકાશકના સામર્થ્યવાળો છે. એથી એને હું જાણું એમ કહેવું એ પણ વ્યવહાર છે. પણ એ સંબંધીના તે કાળે મારા જ્ઞાનના વિકાસની સંપદા છે તેને હું જાણું છું એનું નામ આત્મા કહેવામાં આવે છે. ઝીણી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વાતું, ભાઈ! કહો, બાબુલાલજી! ભારે આકરી વાત. જગતને એવું લાગે કે આ નિશ્ચય (છે). પણ નિશ્ચય એટલે સત્ય. સમજાણું કાંઈ?

સત્ય ભગવાન સત્ય ચૈતન્ય સાહેબો જ્ઞાયકમૂર્તિ પ્રભુ, એની શક્તિનું સત્ત્વ અને તત્ત્વ તો એ છે જીવ તત્ત્વ. એ તો અંદરના વિકલ્પોને અને બહારની ચીજોને એને અડ્યા વિના, એનાથી નહિ, એને આશ્રયે નહિ, પોતાના જ્ઞાયકને આશ્રયે સ્વને જાણતા પર સંબંધીનું જ્ઞાન પોતામાં થાય તેને જાણે છે. ચંદુભાઈ!

આ ભગવાન વીર પરમાત્મા મોક્ષ પધાર્યા ત્યારે આ કહ્યું હતું. નિર્વાણ. આહાહા..! એ પર્યાયમાં જરી અપૂર્ણતા થોડી હતી, વિભાવિક પર્યાય થોડી હતી, અસિદ્ધ ભાવ હતો થોડો. અંદર ઠરી ગયા. નિષ્ક્રિય દશા થઈ. પૂર્ણ સ્વરૂપ થયા. એનું નામ નિર્વાણ. એ નિર્વાણ અહીં થયો છે. નિર્વાણ અહીં શરીરમાં નિર્વાણ થયો છે. નિર્વાણ ક્યાં થાય છે? ત્યાં ઉપર? અહીં નિર્વાણ થયો અહીં. એક સમયમાં નિર્વાણ અહીં, રસ્તો અને ત્યાં બધું એક સમય છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાયકસ્વરૂપ આમ શક્તિનું એકલું તત્ત્વ, કેવળજ્ઞાન તો હતું પહેલું. દિવાળીને દિવસે આ પાછળના ભાગમાં, ચૌદશના, અજોગપણું પરિણમી પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ થઈ ગઈ એનું નામ સિદ્ધદશા. એ સિદ્ધદશા અહીં થઈ છે, અહીં હોં! આ ક્ષેત્રમાં. અહીંયાં આ ક્ષેત્રમાં જ્યાં પાવાપુરીમાં બિરાજતા ને? ત્યાં એ ક્ષેત્રમાં એ આત્માની મુક્તિ તો ત્યાં થઈ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કોઈ છે નહિ. એ ત્રણે એકમાં. અહીંયાં, રસ્તો અને ત્યાં. એક સમયમાં ત્રણ. ખુબી છે ને! અહીંયાં મુક્તિ થઈ. કેમકે મુક્ત તો અહીં થયું છે ને. અસિદ્ધપણું ટળ્યું અને સિદ્ધપણું થયું. અહીં થયું એમાં એનો એ સમય, હોં! એ સમય આમ અને એ સમય ત્યાં. અલૌકિક વાત છે. છતાં સમયના ભેદ છે નહિ.

મુમુક્ષુ :- એક સમયની..

ઉત્તર :- જગ્યો નહિ. એક જ સમય છે. સમજાણું?

'શ્રીમદ્' આ પ્રશ્ન તર્ક કર્યો છે. 'શ્રીમદ્'નો ક્ષયોપશમ ઘણો હતોને, બહુ ક્ષયોપશમ! સમજાય છે? આ પ્રશ્ન એમણે લીધો છે. છે ને બોલો નહિ બધા? આ બધા બોલ નથી? કેટલામે પાને?

મુમુક્ષુ :- ૫૮૫.

ઉત્તર :- ૫૮૫. હા. એ. સોળમો બોલ છે. બોલ છે ૩૬. એક બોલ જૈનદર્શનની વસ્તુની સ્થિતિ વર્ણન કરતા 'એક સમય અત્ર અને સિદ્ધક્ષેત્રે હોવાપણું અથવા તે જ સમય લોકાંત ગમન.' આ શબ્દ લીધા છે ત્રણ. આ જ વસ્તુનું સ્વરૂપ અને જૈનદર્શનની પદ્ધતિનું સ્વરૂપ જ આ છે. ૧૬ બોલ લીધા છે. 'એક સમય અત્ર, સિદ્ધ ક્ષેત્રે હોવાપણું અથવા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તે જ સમય લોકાંત ગમન.' આ તો વસ્તુ સ્થિતિ છે. અલૌકિક વસ્તુ છે એ ખ્યાલમાં સ્વભાવ એવો છે એમ એને ખ્યાલમાં આવી ગયું છે. એવા એવા ૩૬ બોલ વર્ણવ્યા છે. સમજાણું કાંઈ? 'એક સમય અત્ર અને સિદ્ધક્ષેત્રે હોવાપણું.' એ પણ એ સમય અને એ સમયમાં તે સમય લોકાંત ગમન. આમ ત્રણે બોલ લઈ લીધા છે. શશીભાઈ! જુઓ! કેટલા? નાની ઉંમરમાં, હોં! ૩૩ વર્ષે દેહ છૂટી ગયો છે. ક્ષયોપશમ ઘણો બહુ હતો. આ વસ્તુનું સ્વરૂપ જ આમ છે. જૈન દર્શને આ કહ્યું છે અને એવું જ એનું સ્વરૂપ છે. એક સમયમાં અત્ર, એ જ સમયમાં ત્યાં અને એ જ સમયમાં ગમન. ત્રણ બોલ લીધા છે. એવા તો ઘણા બોલ છે. ઘણા-ઘણા બોલો ઝીણા લાગે થોડા.

સિદ્ધત્વ પર્યાય સાદિઅનંત અને મોક્ષ અનાદિઅનંત. છે ને? આમ સિદ્ધત્વ પર્યાય સાદિઅનંત છે એક .. અને આમ મોક્ષ કહો તો અનાદિઅનંત છે. એ વસ્તુનું સ્વરૂપ છે. મોક્ષ છે એ અનાદિઅનંત છે અને એક સિદ્ધની સાદિઅનંત પર્યાય છે. એ વસ્તુની સ્થિતિ જ એવી જૈનદર્શન કહે છે અને એવી વસ્તુ છે એમ કહે છે. આવી વાત બીજે હોઈ શકે નહિ. શશીભાઈ! એવા એવા બોલ ઘણા મૂક્યા છે હોં! કેટલાક.

અહીં કહે છે, ભગવાન નિર્વાણને પામ્યા. લ્યો, આ નિર્વાણને પામ્યાને યાદ કર્યા પાછા. ત્યાં જ અત્ર સ્થિતિ થઈ, એ જ સમયે ત્યાં ગયા અને એ જ સમયે ગમન થયું. છતાં એક સમયના બે ભાગ નથી. એવો જ કોઈ એક સમયનો સ્વભાવ એનો. સમજાણું કાંઈ? ભગવાનને કેવળજ્ઞાન તો પહેલું થયું હતું. આ તો પૂર્ણ દશાનો કાળ એનો એક સમયનો. સાદિ અનંત અનંત સમાધિ સુખમાં. અવ્યાબાધપણું પણ આજે પ્રગટ્યું. વેદનીય નિમિત્ત હતું ને જે ચાર અઘાતિ?

અહીં કહે છે ૩૬મી ગાથામાં. જેટલા કર્મના નિમિત્તના ઉપાધિભાવો કે કર્મના નિમિત્તની સંયોગી ચીજો એ બધાનો આત્મા જાણનાર (છે). કોઈમાં પોતે નથી. અહીં અસ્તિત્વ સિદ્ધ કરવું છે, હોં! કર્તા-કર્મ બપોરે આવે છે. ગાથામાં બરાબર બેય આવી ગયું સાથે. આ ૩૬-૩૭ ઓલી ૯૪-૯૫. ૯૪માં ભાવ્યભાવક અને ૯૫માં જ્ઞેય-જ્ઞાયક. ૩૬માં ભાવ્યભાવક અને ૩૭ જ્ઞેયજ્ઞાયક. અહીં અસ્તિત્વ સિદ્ધ કરવું છે. ત્યાં કર્તા કર્મનો નિષેધ કરવો છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા એ રીતે હોઈ શકે અને છે કે તે કર્મના નિમિત્તના સંગમાં જે વિકલ્પો થાય, તે વિકલ્પને અડ્યા વિના તેનું પોતાનું જ્ઞાન કરતાં તેનું જ્ઞાન થાય એવો જીવનો સ્વભાવ તેને જીવ કહીએ. સમજાણું? એવા જીવને અનુભવવો, માનવો એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે. કહો, સમજાણું આમાં?

**'હવે જ્ઞેયભાવના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છે :-'** ૩૭. ઓલામાં ભાવ્યભાવકનું ભેદજ્ઞાન કરાવ્યું. ભાવ્યભાવક સમજાણું? કર્મના નિમિત્તે થતી ઉપાધિ અંદર અને બાહ્ય, બેયથી ભિન્ન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જ્ઞાયકસ્વરૂપ છે એમ ભેદજ્ઞાન કરાવ્યું. એમ છે. હવે અહીંયાં જ્ઞેયભાવના ભેદજ્ઞાન. બધા છ દ્રવ્યની વાત. કાલે આપણે કર્તાકર્મમાં આવી ગયું છે.

**णत्थि मम धम्मआदी बुज्झदि उवओग एव अहमेक्को।**
**तं धम्मणिम्ममत्तं समयस्स वियाणया बेंति।।३७।।**

**ધર્માદિ તે મારાં નથી, ઉપયોગ કેવળ એક હું,**
**-એ જ્ઞાનને, જ્ઞાયક સમયના ધર્મનિર્મમતા કહે. ૩૭.**

**ટીકા :-** કેવો છે ભગવાન આત્મા? અહીં જીવ અસ્તિત્વ સિદ્ધ કરવું છે ને? '**પોતાના નિજરસથી જે પ્રગટ થયેલ છે,...**' એ જ્ઞેયો છ દ્રવ્ય હોવા છતાં જાણવાયોગ્ય આત્માથી અનેરા અનંત આત્માઓ અને અસંખ્ય કાળાણુઓ, અનંત પરમાણુઓ, એક ધર્માસ્તિ, આકાશ, એ બધા અનંત પર પરપણે હોવા છતાં એને જાણવામાં આવતાં નિજરસથી તે પ્રગટ થયેલ છે. સમજાય છે કાંઈ? એ પોતાના જ્ઞાનની શક્તિ પોતાની શક્તિથી જ એને જાણવાની પ્રગટ થયેલી છે. જ્ઞેય છે માટે જાણવાની પ્રગટી છે, જ્ઞેયને લઈને પ્રગટી છે એમ નથી. સમજાણું કાંઈ?

'**ભગવાન પોતાના નિજરસથી...**' નિજરસ એટલે શક્તિ. નિજ શક્તિથી '**જે પ્રગટ થયેલ છે, નિવારણ ન કરી શકાય એવો જેનો ફેલાવ છે...**' વિસ્તાર છે. બધા જ્ઞેયો જણાય અને જાણવામાં આત્માનો સ્વભાવ વિસ્તાર પામે છે તે નિવારણ કરી શકાય નહિ. જેટલા જ્ઞેયો છે એને જાણવાના વિસ્તારપણે આત્માનો ફેલાવ થાય છે. એ વિકાસ સંપદાને કોઈ ટાળી શકે એવી તાકાત છે નહિ. ભગવાન ચૈતન્યના સ્વભાવના ઉકેલ દ્વારા બધાને જાણવાનો અને જાણવાના પર્યાયના વિસ્તારપણે, ફેલાવ વિસ્તાર થવો એ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...પ્રગટ થઈ ને.

ઉત્તર :- થઈ. અહીં તો પર્યાય વર્ણવવી છે ને. જ્ઞેયને જાણવું વર્ણવવું છે ને. ગ્રાસીભૂત કરી નાખે હમણાં. તેથી હમણાં પ્રશ્ન થયો હતો ને? આ '**घस्मर ने क्वलित**' બે અર્થ શું થયું? ઓલો .. ખ્યાલ ન આવ્યો. સમજ્યાને ભાઈ? કીધું, અહીં ગ્રસવાનો સ્વભાવ લીધો અને ત્યાં ગ્રાસીભૂત લીધો. એટલે બે શબ્દ પંડિતજીએ બરાબર લીધા. '**घस्मर**'નો અર્થ ગ્રાસીભૂત થવું અને '**क्वलित**' નો અર્થ કોળિયો કરી જવું. શબ્દાર્થ જરી એનો મેળવવો જોઈએ ને.

આ આત્મા નિજરસથી શક્તિના સ્વભાવથી પ્રગટ થયેલ છે. એ જ્ઞેયો છે માટે અહીં જ્ઞાન થાય છે અને જ્ઞેયો છે માટે જ્ઞાન પ્રગટ પર્યાય થાય છે એમ નથી. જ્ઞેયો તો છ દ્રવ્ય અનાદિના છે. પણ કેવળજ્ઞાન થાય છે ત્યારે પોતાની શક્તિથી પ્રગટ થાય છે. એ કાંઈ જ્ઞેયોથી થતું નથી. એમ અહીંયાં સાધકપણામાં પણ જ્ઞાનની અસ્તિ છે, જ્ઞાયક અસ્તિ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે એનાથી એકાકાર વિકાસ થઈને જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે. એ જ્ઞેયો બહુ ખ્યાલમાં આવ્યા માટે પ્રગટ થાય છે એમ નથી. સમજાણું કાંઈ?

**'પોતાના નિજરસથી જે પ્રગટ થયેલ છે, નિવારણ ન કરી શકાય એવો જેનો ફેલાવ છે...'** સમજાણું કાંઈ? **'विजृम्भि'** નિવારી ન શકાય એવો જેનો ફેલાવ છે. એ **'विजृम्भि'**નું આવ્યું? ફેલાવ છે ઈ.

મુમુક્ષુ :- **'अनिवारितप्रसर'** પ્રસર.

ઉત્તર :- પ્રસર. ઠીક. પ્રસર્યું. આમ પ્રસર્યું. અનિવારીત **'प्रसर'**. ફેલાવ થયો. પ્રસર્યું આમ જ્ઞાન, કહે છે. એ પોતાની શક્તિથી પ્રસર્યું છે. પરને લઈને નહિ. **'તથા સમસ્ત પદાર્થોને ગ્રસવાનો જેનો સ્વભાવ છે...'** **'विश्वघस्मर'** બસ, એ તો ચૈતન્ય ભગવાન પોતાના જ્ઞાનસ્વભાવથી આખી દુનિયા ત્રણ કાળ ત્રણ લોકને જાણવાનો ગ્રસવાનો-ગળી જવાનો સ્વભાવ છે. ગળવું એટલે જાણે કે ચીજ ઘણી મોટી જાણનાર છે અને જણાવાયોગ્ય બહુ થોડી છે. એ બધી જાણે અહીં ગરી ગઈ. એ સંબંધીનું જ્ઞાન પોતાનું પોતાથી પ્રગટ્યું એટલે જાણે વિશ્વને એ કોળિયો કરી ગયો. આહાહા..!

**'સમસ્ત પદાર્થોને ગ્રસવાનો (ગળી જવાનો) જેનો સ્વભાવ છે...'** જેટલા પદાર્થ છે તેને પોતાના સ્વભાવના સામર્થ્ય વડે ગળી જાય છે વિસ્તારથી અને કોળિયો કરી જાય એવો જેનો સ્વભાવ છે. સ્વભાવ એવો છે. આહાહા..! સમજાણું કાંઈ? ઘરમાં એક નથી ઓલા ગોળા-ગોળા. ટાંકતા નથી ગોળા? લીલા ને પીળા ગોળા નથી આવતા? એટલા એટલા. આટલો નાનો હોય તો આખી બધી ઘરવખરી બધી એમાં દેખાય. બારી-બારણા સહિત બધું એમાં એટલામાં દેખાય. એક એકમાં હોં! એક એકમાં. એવા એવા ૨૫ ટાંગ્યા હોય તો એક એકમાં દેખાય. ઘર મોટું હોય અને ૨૫ ટાંગ્યા હોય. એમ એક એક આત્મા. ચૌદ બ્રહ્માંડના ઘરમાં ઊભો છે એકલો ભગવાન. એ ભધા જ્ઞેયોને જાણવાનો ગ્રસી જવાનો આનો સ્વભાવ છે. ઓલો તો જડની પર્યાય છે. શાંતિભાઈ! ઓલા ગોળામાં નથી દેખાતું? આમ નજર કરો તો બધું દેખાય. સરીયા બારી બધું. પરમાણુનો પિંડ છે એ તો. રજકણની અવસ્થા છે, હોં! ગુણ નથી. એ તો એની એક અવસ્થા. એક અવસ્થામાં આટલી જેને એક એકમાં એવા ૨૫ હોય તો ૨૫માં બધું દેખાય. એમ ભગવાન એક એક આત્મા ચૌદ બ્રહ્માંડમાં ચૈતન્યપ્રકાશનો ગોળો એક છે. એવા એવા અનંત હોય એ બધા અનંતને આખું દેખાય છે. સિદ્ધ અનંતા છે. જુઓને! સમજાય છે કાંઈ? આહાહા..! ઓલા રજકણની ધૂળની અવસ્થામાં આમ એને માનવામાં આવે. અને આ તો ચૈતન્યપ્રકાશનો પુંજ, નિજરસથી જ ફેલાવ જેનો છે.

**'સમસ્ત પદાર્થને ગ્રસવાનો જેનો સ્વભાવ છે...'** આહાહા..! એવો તો એનો સ્વભાવ છે કે ગમે તેટલા જ્ઞેય હોય. પણ તે જ્ઞેયને કારણે અહીં જાણવાનો સ્વભાવ નથી. જાણવાનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પોતાના સ્વભાવને લઈને જાણી લે છે. સમજાણું કાંઈ? **'પ્રચંડ ચિન્માત્રશક્તિ વડે...'** એવી પ્રચંડ ચિન્માત્ર શક્તિના સામર્થ્ય વડે, એક અબરખની કણી આટલી હોય અને હજાર વાર પુટ આપે તો ભસ્મ કેવી થઈ જાય જોયું! ભસ્મ. અબરખ-અબરખ. અબરખ હોય છે ને? અબરખ. એના પાંદડા. તમારે ત્યાં બહુ (થાય છે). સમ્મેદશિખરમાં ગિરીડ-ગિરીડ. ગિરીડમાં બહુ થાય. બહાર ઘણાં દેખાય. રસ્તામાં નીકળીએને આમ દેખાય. ત્યાં અબરખના પાંદડા ઝીણા.. ઝીણા.. ઝીણા... હવે એને હજાર પુટ આપે અગ્નિના તો એ લાલ ભસ્મ જેવું લાલ (થઈ જાય). ક્ષય ઉપર લાગુ પડે, ક્ષય ઉપર લાગુ પડે. એ એના પોતાના સ્વભાવને લઈને. અગ્નિને લઈને નહિ, હોં! અગ્નિને લઈને કાંકરાને કરે તો હજાર પુટી ભસ્મ થવી જોઈએ. એનો પોતાનો સ્વભાવ છે કે હજાર પુટ અગ્નિ આપી-આંચ આપી તોપણ બળી નહિ પણ આમ સુવાંળી લાલ થઈ ગઈ. એ તો અનંતા રજકણના સ્કંધની પર્યાયની વાત છે એ તો. એની શક્તિ તો હજી બીજી રહી અંદરમાં. અંદર ગુણરૂપ તો બીજો છે રજકણનો, આ તો પર્યાયરૂપી આટલી શક્તિ, જેમાં હજારવાર પુટ આપતા એની પર્યાય એવી સુંવાળી લાલ ભસ્મ થઈ જાય. એમ આ ભગવાન આત્માની શક્તિ તો અંદર જ્ઞાન છે અનંત. પણ એની પર્યાયમાં અનંતને ગળી જવું, જાણી જવું એવી એની તાકાત છે. આહાહા..! શશીભાઈ! આત્મા કેવડો અને ક્યાં છે, કેમ છે એણે કોઈ દિ' વિચાર્યું નથી અંદરમાં.

**'એવી પ્રચંડ ચિન્માત્રશક્તિ વડે ગ્રાસીભૂત કરવામાં આવ્યા હોવાથી...'** એ તો કોળિયો કરી ગયા બધાને. ભગવાનનું જ્ઞાન, એ યાદ જ્યાં જ્યાં કરે ને લ્યો. એ યાદ કરે ને યાદ? આ ક્ષેત્ર, આ અલોક, આ ક્ષેત્ર આમ, આ ફલાણું, આ ભૂતકાળ આમ હતો. એ બધું જ્ઞાનમાં અંદર આવી જાય છે. જ્ઞાન એને ગળી જાય છે, હોં! આહાહા..! જ્યાં જ્યાં એ કર્મને યાદ કરે, લ્યોને. કર્મ આઠ છે અને ફલાણું. પણ એ બધું યાદનું જ્ઞાન આવી જાય છે અહીંયાં. આહાહા..! એવા ચૈતન્યના સ્વભાવનું સામર્થ્ય એ અનંતા જ્ઞેયોને જાણે કોળિયો કરી ગયું હોય-કવળ, એથી અનંતગુણા જ્ઞેય હોય તોપણ એની જાણવાની તાકાત છે. જેનો સ્વભાવ છે એને હદ શી? બપોરે આવશે. બેહદ ધાતુ. મૂક્યો છે ને શબ્દ. આપણે રહી ગયો છે ત્યાં. બેહદ. હદ શી ચૈતન્ય વસ્તુસ્વભાવને?

કહે છે, એવો ભગવાન **'ચિન્માત્રશક્તિ વડે ગ્રાસીભૂત કરવામાં આવ્યા હોવાથી, જાણે અત્યંત અંતર્મગ્ન થઈ રહ્યાં હોય-'** 'પ્રવચનસાર'માં આવે છે ને ૯૯મી. ખોડ્યા હોય, ગરી ગયા હોય એવું 'પ્રવચનસાર'માં આવે છે. જ્ઞેયનો અધિકાર. અહીંયાં જાણે લોક અને અલોકના જે જ્ઞેયો અત્યંત અંતરંગ નહિ પણ જ્ઞાનમાં મગ્ન થઈ ગયા હોય. જેમ ઓલા ગોળામાં એમ કે આ ઘર બધું અંદર આવી ગયું હોય. આવતું નથી એ સંબંધીની પોતાની સ્વચ્છતા જણાય છે. **'અત્યંત અંતર્મગ્ન...'** અત્યંત અંતર્મગ્ન. જાણે લોકાલોક જ્ઞેયો અહીં જ્ઞાનમાં આવી ગયા એવો જ્ઞાનનો સ્વભાવ, સ્વને જાણતા પરને જાણવાનો એવો સ્વભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એનો છે. પરને લઈને નહિ. સ્વને જાણતા પોતાનું સ્વપર સામર્થ્ય છે એમાં અંતર્નિમગ્ન જાણે બધા જ્ઞેયો કોળિયો કરી ગયા હોય એવો એનો સ્વભાવ છે.

**'જ્ઞાનમાં તદાકાર થઈ ડૂબી રહ્યાં હોય...'** દેખો! શરીર, વાણી, કર્મ એ બધી ચીજ પર. એ સંબંધીનું જ્ઞાન થતાં જાણે એ ચીજો જ અહીં આવી ગઈ હોય એમ કહેવામાં આવે છે. સર્વગત કીધું છે ને? કહો, સમજાણું? **'તદાકાર થઈ ડૂબી રહ્યાં હોય એવી રીતે...'** લ્યો, ડૂબી રહ્યા. ભાષા જુઓ! પાણી હોય ને ઘણું પાણી? અંદર ડૂબી ગયા છે. સમજાણું? હમણાં કો'ક લઈ જતું હતું સાત ભેંસ અને બકરા હતા. વહાણમાં-વહાણમાં. સાત ભેંસ અને બકરા. વહાણ એવું હતું કે એમાં ભેસું આવી ગઈ આ બાજુમાં. તોલ વધી ગયો આ બાજુ. બધું ગયું. હાથ ન આવ્યું પાછું બકરું ને એ. ક્યાં ગયા પાણીમાં? હમણાં અહીં ઘોઘા. સાત ભેંસુ હતી. ભેસુ સમજો છો ને? આ ભેસું. અને બીજા બકરા પચાસ હશે. તો કુદરતી વહાણમાં ભેસું આ બાજુ આવી ગઈ એક બાજુ. બકરા એક બાજુ રહી ગયા. બકરાનો તોલ થોડો. આમ વધી ગયું વજન. વહાણ ડૂબી ગયું તો ક્યાંય પત્તો નથી. ક્યાંય ભેંસનો પત્તો નહિ અને નીચે જનાવર હોય એ ખાઈ જાય. આ જ્ઞાનમાં લોકાલોક એવું ગળી જાય. ગરી ગયા એના જ્ઞાનસ્વભાવની જાણવાની અપેક્ષાએ, હોં! ઓલી ચીજ તો પર રહી ગઈ. આહાહા..! એવો તારો સ્વપરપ્રકાશક ચૈતન્યનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એવો સ્વભાવ સામર્થ્યવાળો આવડો એને આત્મા કહીએ. એવા આત્માની અનુભવ દશા, સ્થિરતા એને દર્શન, જ્ઞાન અને ચારિત્ર કહીએ. સમજાણું કાંઈ?

**'એવી રીતે આત્મામાં પ્રકાશમાન છે...'** જુઓ! ડૂબી ગયા હોય, અંતરંગ થયા હોય એ રીતે પ્રકાશમાન છે, ભાઈ! શબ્દ પાછા એમ છે. ઓલા ગરી ગયા નથી. **'એવી રીતે આત્મામાં પ્રકાશમાન છે...'** એમ કહે છે. અંદર ગરી ગયા હોય કે અંતરમગ્ન થઈ ગયા હોય એવા જ્ઞેયોને આત્માનો જ્ઞાનસ્વભાવ, એક સમયની અવસ્થા દેખો તો કેટલો સ્વભાવ છે એનો જાણવાનો!

મુમુક્ષુ :- સમયની..

ઉત્તર :- સમયની જ અહીં વાત છે પણ અહીં ઉપયોગ ભલે થોડો હોય. છતાં એની તાકાત બધાને જાણવાના પરિણમન રૂપ એનો સ્વભાવ છે સમય સમયનો. જાણવાની તાકાત. બધું જાણે... જાણે... જાણે... એના વિના, એને લઈને નહિ અને એ છે તો નહિ. આ છે તો તેને જાણવાનું જ્ઞાન પ્રકાશમાન થાય છે. સમજાણું કાંઈ? કાંતિભાઈ! શું આમાં કાંઈ ખબર ન પડે શું કહે છે આ? સામાયિક ને પોષા ને પડિકમણા કરવાનું કહે (તો ખબરેય પડે). એક જણો કહે. પણ આ કરવાનું નથી? આહાહા..! એ કરનારને કરવું એનામાં છે કે કરનારને કરવું પરમાં છે? પરનું પરમાં તો કરી શકતો નથી.

મુમુક્ષુ :- ચાર દિવાલમાં... ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- અરે..! ત્રણ કાળમાં. ચાર દિવાલમાં કહેવાનું હોય ભલે પણ ત્રણ કાળ ત્રણ લોકમાં. ક્યાં હશે? એય..!

કરનાર કરી શકે તો પોતાના હોવાપણામાં કરી શકે. જેનામાં પોતે નથી તેનામાં એ શું કરે? અને જે આમાં નથી તે તે દ્રવ્યો આમાં શું કરે? સમજાણું કાંઈ? કર્મ, શરીર આદિ કોઈ ચીજ આત્માને શું કરે? અને આત્મા જેમાં નથી તેનું એ શું કરે? જેટલા ક્ષેત્રમાં, જેટલા ભાવમાં તેનું હોવાપણું છે ત્યાં તેને કરવાનું હોય. હવે એ કરવાનું ઊંધું કરે કે સવળું કરે એ એની સત્તામાં કરે. બાબુલાલજી! પણ એને એવી ગરી ગઈ છે ને. આહાહા..! કહો, ..ભાઈ! લાકડાની સરખી ખુરશીઓ કરવી, આ બધું કરવું, આ બધા ટેબલ-ફેબલ બરાબર અને આને ઘડિયાળનું. બેય છે ને. પણ એ પર છે એમાં આ કરે શું? કારણ કે પર કર્યા વિનાનું રહેતું નથી. પર કર્યા વિનાનું રહેતું નથી. પર કર્યા વિનાનું રહેતું નથી તો આ એમાં કરે શું? દરેક રજકણ કર્યા વિના રહેતું નથી. કરવું એટલે પર્યાય. કરવું એટલે પર્યાય. તો કોઈપણ પદાર્થ કર્યા વિના દ્રવ્ય રહે નહિ એટલે કે પર્યાય વિના રહે નહિ એટલે કે કાર્ય વિના રહે નહિ. એટલે કોઈ દ્રવ્ય કામ વિના રહે નહિ. નવરું નથી કોઈ દ્રવ્ય. એનું કામ દરેક કર્યા કરે છે. હવે એનું કામ એ કરે એમાં તું કામ શી રીતે ત્યાં જઈને કર?

મુમુક્ષુ :- ડાહ્યો હોય તો ન કરે?

ઉત્તર :- ધૂળમાં. ડાહ્યો એનામાં કરે કે પરમાં કરતો હશે? કાંતિભાઈ! શું હશે આ? ઘડિયાળના કાંટા ઝીણા-ઝીણા આમ ફેરવ્યા-આમ ફેરવ્યા. ત્યાં ગયો છે તો ફેરવે?

જેમાં પોતે નથી તેને તેમાં તે શું કરે? કરવાનું તો પોતાની સત્તા જેટલામાં હોય તેટલામાં એને કરવાનું રહે. પોતે અસંખ્ય પ્રદેશી એટલા શરીર પ્રમાણે ભિન્ન તત્ત્વ છે એમાં એને કરવાનું છે. હવે એ કરવું એને સૂઝતું નથી. ભલે રાગ-દ્વેષ કરે, પુણ્ય-પાપ કરે પણ એની પોતાની સત્તામાં કરે છે. કાંઈ પરમાં નહિ. એ તો અહીં બતાવવું છે કે રાગ-દ્વેષ એ ભાવ્ય છે એને જાણવારૂપ ભિન્ન છે એ તારે કરવાનું છે. લ્યો! સમજાણું? અને પર જે જ્ઞેય છે એ પરમાં કાર્ય કરવું નથી, પરથી તારે કામ નથી, પર કામ વિનાના રહ્યા નથી. પરને જાણવાનું કામ તારા સ્વસામર્થ્ય વડે તારામાં થાય એ તારે કરવાનું છે. કહો, જેઠાલાલભાઈ! સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય. આત્મા એટલે ચૈતન્યપ્રકાશનો સૂર્ય. ચૈતન્યપ્રકાશના અસ્તિત્વમાં રહેલું તત્ત્વ એ આત્મા. આ સ્વભાવ. એટલે સ્વભાવમાં રહેલો સ્વભાવવાન. એવો આત્મા જાણે આત્મામાં પ્રકાશમાન હોય એવા. ધર્મ નામનો પદાર્થ છે ધર્માસ્તિ. એ આત્માના જ્ઞાનમાં જણાય એવો પદાર્થ છે. એ જ્ઞેય છે માટે જણાય એવો નહિ. માટે પહેલેથી કહ્યું, પોતાની સંપદાથી પોતે પ્રગટ થઈને જાણે છે. અધર્માસ્તિ, આકાશ છે, કાળ છે, પુદ્ગલ છે, લ્યો! એક એક રજકણ અને સ્કંધ. શરીર, વાણી, મન, કર્મ, લાડવા, દાળ, ભાત,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શાક, મકાન, લાકડા એ પુદ્ગલમાં આવ્યા. કાંતિભાઈ! શેમાં આવ્યા? એ ઘડિયાળ શેમાં આવી તમારી? પુદ્ગલમાં. કહો, એટલું નહિ કરે નક્કી હવે? એમ કહે કે આ શેઠિયા નક્કી કરવા નવરા નથી. પુદ્ગલ. એ લાકડા, એ પૈસા, એ બાયડીના શરીર, છોકરાના શરીર, મકાન, કપડા બધાં પુદ્ગલ. એ પુદ્ગલ પરદ્રવ્ય સાથે મારે કાંઈ સંબંધ નથી. **'મારા સંબંધી નથી;...'** સંબંધી હોય તે જુદા ન હોય અને જુદા હોય તે સંબંધી નહિ. આહાહા..! સમ-બંધ. સાથે હોય ભેગા. આ તો કાંઈ સંબંધ નથી. જુદાં છે બધા.

મુમુક્ષુ :- ભેગા માને છે.

ઉત્તર :- એ તો અહીં કહે છે. ઈ તો છોડાવે (છે). છોડ બાપા! નહિતર મરી જઈશ. મરી ગયો તું અત્યારે પણ. પર મારા એમ એવું જાણપણાનું જ્ઞાન તારું અને પર મારા એને જાણવાના જ્ઞાનને મારી નાખે છે તું. પર મારા માની અને પરને જાણવાનું સામર્થ્ય તારું એને તું મારી નાખે છો, હણી નાખે છો, મરી જા છો તું. એમ કહે છે. પરને જાણવા સંબંધીનું જ્ઞાન એ જીવનું જીવન. એ એના જીવના તત્ત્વનું સત્ત્વ. તત્ત્વનું એ સત્ત્વ. એને જાણવું એ મારું સત્ત્વ એમ ન માનતા આ મારા છે, ઓલા સત્ત્વનો એણે નાશ કર્યો છે. એના જીવને મારી નાખ્યો છે એણે. એય..! જમુભાઈ! એ માટે તો કહે છે અહીંયાં. **'ડૂબી રહ્યાં હોય એવી રીતે આત્મામાં પ્રકાશમાન છે એવાં...'** આ પદાર્થો, આ અન્ય જીવ- આ દેવ-ગુરુ-શાસ્ત્રનો આત્મા, સિદ્ધનો આત્મા, અરિહંતનો આત્મા અને બાયડી-છોકરાનો આત્મા.

મુમુક્ષુ :- બાયડી-છોકરાનો.

ઉત્તર :- બાયડી-છોકરાનો કીધું નહિ. પછી શું કીધું? એ અન્ય જીવ છે. એ મારા જ્ઞાનમાં, મારા સામર્થ્ય દ્વારા મારા અસ્તિત્વમાં જણાવા યોગ્ય એને હું જાણનારો મારા સ્વભાવથી જાણું છું. પણ એવા જીવને અને મારે કાંઈ સંબંધ છે નહિ.

મુમુક્ષુ :- જ્ઞાનની સાથે સંબંધ થયો.

ઉત્તર :- સંબંધ થયો. સમ-બંધ. એનું જ્ઞાન એ પ્રગટ્યું એને જાણવા સંબંધીનું એની સાથે સંબંધ છે. વધારે સંબંધ છે નહિ. સમજાણું કાંઈ?

**'અન્ય જીવ-'** આ પણ ભારે આકરી વાત જગતને. આમ ધમાલ ધમાલ આખો દિ' કરતો હોય ને. એમાંથી કહે કે એલા પણ જુદો (છો). એને એ બેસતું નથી. પણ ખબર નથી પડતી? એક ક્ષણમાં ચાલ્યો જાય છે આમ છૂટો પડીને. આ થોથાં રહ્યા આમ ને આમ, લ્યો. આહા..! જુઓને! કો'ક કાલે કહેતું નહિ? જીથરીમાં એક અઢાર વર્ષનો છોકરો .. અઢાર વર્ષનો. સીવતો હતો, આમ સીવતો હતો. એમાં ઓલા પગ આમ આમ થાય ને ઓલા લોઢા ઉપર. અહીં આત પડી ગઈ અંદર, .. અંદર. જોર કરવું પડે ને અઢાર વર્ષનો છોકરો હોય તો. આંત પડી હતી. હવે એ બહાર જીથરી લઈ ગયા તો ડોક્ટર કહે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ મારું કામ નહિ. અહીં લઈ ગયા આ કહે કે મારું કામ નહિ, જાવ ભાવનગર. ત્યાં ઓપરેશન કર્યું, ત્યાં ને ત્યાં મરી ગયો. બાપુ! ... થા. આ તારી સ્થિતિ તો જો. એક ક્ષણમાં હવે આવું જુવાન શરીર, રજકણનો પિંડલો. હવે એમાં એને છૂટવું છે તો ક્યાંક અહીં આંત પડી. ક્યાંક તો પડેને જ્યારે છૂટવું હોય ત્યારે. આંત સમજ્યા? આંતરડા હોય ને આંતરડા? આંતરડા અંદર. ઓલા આમ કરે ને સિવવા વખતે. દરજી. ઊંચા-નીચા પગ થાય. જરીક એમાંથી કોણ જાણે અહીં જોર આવ્યું તો અંદર કાંઈક થયું. મરી ગયો. મરી ગયો એટલે? જુદો પડી ગયો. મારે અહીં જુદા પડવાની વાત કહેવી છે.

મુમુક્ષુ :- જીવ તો રહ્યો.

ઉત્તર :- હા, જીવ જુદો પડી ગયો. જુદો હતો તો જુદો પડી ગયો. એમ ખરેખર તો કર્મ અને રાગ-દ્વેષ પણ પરિણામનો એનો સ્વભાવ નથી. સિદ્ધ થતાં એ મરી જાય છે એનાથી જુદો પડીને. અહીં જીવતો થાય ત્યારે સિદ્ધ થઈ જાય છે. ત્યારે એ સિદ્ધ થઈને આમ જાય છે. આ બધી લપ લઈને અહીંથી જાય છે. સમજાણું કાંઈ?

રાગ-દ્વેષ એનો જાણનાર, આ બધા જ્ઞેયનો જાણનાર. બે ગાથા છે ને? ૩૬-૩૭. એવું જાણનારનું મારું તત્ત્વ અને સત્ત્વ એ જેણે પોતામાં છે, આ તે હું એમ જાણ્યું અને અનુભવ્યું એ આત્મા. એ આત્માની દશા પૂર્ણ થઈને પોતે એકલો ચાલ્યો જશે સિદ્ધ થઈને. એને પરની સાથે કાંઈ સંબંધ નથી. કહો, સમજાણું આમાં? સંબંધ-સં-બંધ હોય તો સાથે જોડાય રહે ને? કાંઈ રહેતા નથી, ફૂ થઈ જાય. એ અહીં કાંઈક થઈ ગયું, અહીં કાંઈક થઈ ગયું. અહીં કાંઈક થાય છે લ્યો ઘડીકમાં. મોટો સર્જન. ઓલો ડોક્ટર હતો ને મોટો સર્જન? વૈદ. ઓપરેશન કરતા કરતા... આઠ હજારનો એનો પગાર હતો, ઘણાં વર્ષ પહેલાં. અહીં આવી ગયા છે. એ મને કાંઈક થાય છે. આમ જોવે ત્યાં ફૂ. એલા એને પોતાનું કરતા હતા અને આ શું થયું તમારું? પણ તમે ક્યાં છો એ તને ખબર નથી. તારામાં શું થયું છે? એ તો જુદા પડ્યા જુદા હતા. અહીં નજીક હતા અને જરીક જુદા પડ્યા તો તને એમ લાગ્યું કે આમ (થયું). પણ જુદા જ છે ઈ. આહાહા..! કેમ હશે ડૉક્ટર?

મુમુક્ષુ :- ઈંજેક્શન મારે તો ..

ઉત્તર :- એ બધા ગપેગપ છે. ઈંજેક્શને શું થાતું હોય? ડૉક્ટર પોતે મરી જાય છે કે નહિ? મરી એટલે જુદા પડી જાય છે કે નહિ? સમજાણું?

અહીં તો કહે છે કે ઈંજેક્શન જ્ઞેય છે. એ જ્ઞેયને આનો જાણવાનો સ્વભાવ છે. પણ એ જ્ઞાન એને પી ગયું કે આ એક ચીજ છે તેને હું જાણું છું. તે પણ મારા સત્ત્વના સત્‌થી જાણું છું. મારા સત્‌ના હોવાપણાથી હું જાણું છું. એના હોવાપણાથી હું જાણતો નથી. એને જીવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઓહોહો..! 'સમયસાર'ની કથની. ન ભૂતો ન ભવિષ્ય! ગજબ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'પુદ્ગલ, અન્ય જીવ-એ સર્વ પરદ્રવ્યો...'** હું મારામાં પ્રકાશમાન થાય, મારા સ્વભાવના સામર્થ્ય દ્વારા એવો છું. એટલે **'એ સર્વ પરદ્રવ્યો મારા સંબંધી નથી;...'** મારા સંબંધી નથી. મારે સમ-બંધ નથી. સમજાણું કાંઈ? મારે તો એ સંબંધીનું મારું સ્વપરપ્રકાશકના સામર્થ્યવાળા જ્ઞાનનો પ્રકાશરૂપ પર્યાય એ સહિતનો હું આત્મા તેને આત્મા માનવામાં આવે છે. આહાહા..! કહો, જમુભાઈ! ભારે વાતું. હવે ભાઈ દેરાસર પોતાના ન માને તો સંભાળ નહિ કરે કોઈ. મલૂકચંદભાઈ વયા ગયા? શું થયું? એ દિવાળી કરવા ગયા હશે ને. કહો, સમજાણું આમાં? પણ મારા કરીને માન્યા વિના એના કામ કરવા શી રીતે? એય..! આ બધા કરતા. આ બધા ડાહ્યાના દિકરા છે જુઓ, આ બધા. નાની ઉંરમાંથી ડાહ્યા-ડાહ્યા કહેવાય છે. ગાંડા માણસો કહેતા હતા કે આ ડાહ્યા છે. નહિ? આહાહા...! ભગવાન! ડાહ્યો એટલે ડહાપણ, ડહાપણ એટલે સમજણ. એ ચૈતન્ય જ્ઞાનનો પુંજ એ છે તું. એના જ્ઞાનમાં સ્ફુર્તિ તારા સ્વલક્ષે ભિન્ન ભિન્ન પદાર્થને જાણતા તે જાણવાની પર્યાયનો વિકાસ તારાથી તું કર તે તારી સમજણ અને તે આત્મા. બાકી બધું થોથે થોથાં છે. કહો, રતિભાઈ! શું કરવું પણ આમાં? છોકરાને મોટા કરવા કે... આ દિવાળીના લાડવા આપે છે. આહાહા..! એ તારું અમૃતસ્વરૂપ ચૈતન્ય છે ને ભાઈ! કોઈ પળે અને ક્ષણે તું તારા પર્યાયને જાણતું કામ કરી રહ્યો એ તારું તત્ત્વ છે. સમજાણું કાંઈ? માને છે, એય.. આ છું. આને જાણું છું માટે આ છું. ભ્રમ તારો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- લાડવાનું નામ પડે ત્યાં રાજીપો થઈ જાય છે.

ઉત્તર :- કહો, અહીં તો કહે છે, લાડવો તો જ્ઞેય, માટી, ધૂળ એનું જ્ઞાન અહીં પેઠું છે. લાડવો તો અહીં અડતો પણ નથી અને લાડવાને લઈને જ્ઞાન થયું પણ નથી. આમ લાડવો આમ દીઠો ચુરમાનો અને ભૂખ લાગી માટે અહીં લાડવાનું જ્ઞાન થયું એમ નથી, કહે છે. એ જ્ઞાનની વિકાસ સંપદાથી તે કાળે તેને પોતાનો જાણતા તે જણાય જાય છે. આ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા. પોતાના હોવાપણાથી આ જ્ઞાન મારું મારાથી થયું છે. પરના હોવાપણાને લઈને એનું જ્ઞાન થયું છે એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? વાત બહુ પડે ઝીણી. પણ આ જ બાપુ! આવો તું છો. એને સમજ્યા વિના તારા આરા છે નહિ. મરી જા ચોર્યાશીના અવતારમાં ફૂ થઈને ચાલ્યો ગયો. ધૂળધાણી ને વાપાણી. સમજાણું?

કહે છે, **'એ સર્વ પરદ્રવ્યો મારાં સંબંધી નથી;...'** એમાં દેવ-ગુરુ-શાસ્ત્ર બધું આવતું હશે આમાં? શાસ્ત્ર પુદ્ગલમાં આવે અને ઓલા દેવ-ગુરુ જીવમાં આવે. કહો, બાબુભાઈ! બાબુલાલજી! દેવ-ગુરુ કોઈ આવે કે નહિ? શુદ્ધ આત્મા થયા એ તો આત્મામાં આવે કે નહિ ભેગા થઈને? એક જણો પ્રશ્ન કરતો હતો. નહોતું કીધું? બોટાદમાં વીરચંદભાઈ હતા ને. દેવ-ગુરુ શુદ્ધ એ પર? વીરચંદ ભુરા હતા ને. હવે અહીં કેટલા વર્ષ સુધી ભક્તિ શ્રીમદ્‌ની કર્યા કરે ટોકરી સવારની વગાડે. હેં! દેવ-ગુરુ પર? શુદ્ધ છે એ પર? અનંત વાર પર, કીધું.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ એ શુદ્ધ છે ને? એ શુદ્ધ છે ને? પણ શુદ્ધ તે એના ઘરના કે આના ઘરના? એમ કે શુદ્ધ એ તો આત્મા કહેવાય. કાંઈ ખબર (પડે નહિ). ભક્તિ કર્યા કરે. પણ આ ભગવાન આપી દેશે અને આ ટોકરી વગાડ્યા કરે. સમજાણું કાંઈ? ખબર ન મળે કાંઈ. માને એવા કે અમે બરાબર ગુરુને પકડ્યા છે. 'શ્રીમદ્'ને અમે પકડ્યા છે, હોં! બરાબર પકડ્યા. અમારું કલ્યાણ થશે. પણ અહીં હજી ભાન તો કાંઈ નથી, શેના પકડ્યા છે તે?

મુમુક્ષુ :- ઢિંગ ધણી...

ઉત્તર :- ઢિંગ ધણી માથે કિયો, પણ ઢિંગ ધણી આત્મા છે કે ઢિંગ ધણી બીજો છે? આહાહા..!

કહે છે, અરે..! મારે અને છ દ્રવ્યને. છ દ્રવ્યમાં કોઈ બાકી નહિ હોં! સિદ્ધ અને અરિહંત એ બધા આવી ગયા. સિદ્ધ અને અન્ય જીવની સાથે મારે કાંઈ સંબંધ નથી. સિદ્ધની સાથે, અરિહંતની સાથે, પરમેશ્વરની સાથે મારે કાંઈ સંબંધ નથી. હું તો તેની હયાતીને મારા જ્ઞાનની હયાતી દ્વારા મને જાણું એમાં એ જણાઈ જાય. પણ એ જણાઈ જાય નહિ, એના સંબંધીનું જ્ઞાન મને જણાય છે. એ મારાથી ભિન્ન છે. ભગવાનની વાણી પુદ્ગલમાં આવતી હશે ને? ભગવાનની વાણી સાથે મારે સંબંધ નથી એમ આવ્યું આમાં તો. એ તો બપોરે નાખ્યું હતું કર્તા કર્મમાં. સમજાણું કાંઈ? અહીં જીવના અસ્તિત્વમાં-મારા અસ્તિત્વમાં, મારા હોવાપણામાં એ દિવ્યધ્વનિનો પણ અભાવ છે. એ સંબંધીનું તે કાળે મારું જ્ઞાન મારી સત્તાથી વિકસીત થયેલું તે જ્ઞાનમાં હું અને એ મારું અસ્તિત્વ. એ દિવ્યધ્વનિને લઈને જ્ઞાનનો પ્રકાશ થયો એવું મારામાં અસ્તિત્વ આવ્યું, એમ હોઈ શકે નહિ.

તેથી કહ્યું ને? નિજરસ શક્તિથી પ્રગટ થાય છે. પરની શક્તિ અને જ્ઞેયને લઈને પ્રગટ થતું નથી. માણસને એવું લાગે કે અર..ર..! આ તો બધી દુકાન ઉઠાડવાની વાત કરે છે. સંસારની દુકાન ઉઠાડવાની વાત છે આ. દારૂની દુકાન છે ઉઠાડી દે. દારૂની દુકાનના વેપાર સારા હોય? હલાલ કરે ઈ. એય..! નટુભાઈ! જુવાન માણસ થાય. બાપે કર્યું એથી વધારે કરવું હોય. હવે આ બધું માને તો કરી કે દિ' શકે? કાંઈક કર્યું હોય, પૈસા-બૈસા સંઘર્યા હોય લોભ કરીને. બેંકમાં મૂક્યા હોય. એનાથી પોતે થોડા વધારે તો થાય ને. પાછા બે ભાઈ. ઓલા તો એકલા હતા. બે ભાઈને પાછા વહેંચતા સરખા આવવા જોઈએ ને એના જેટલા. કરવું શું આમાં? કાંઈ કરી શકતો નથી એક રજકણનું, એમ કહે છે. તે કાળના તે પદાર્થો જગતમાં પડ્યા છે હયાતીએ તેની આ ચૈતન્યના જ્ઞાનની હયાતીમાં પોતાના સત્તાના સામર્થ્યથી તેને જાણે તેવો તેનો સ્વભાવ છે. પરની સત્તાથી એને આને આમાં જણાય એવો આત્માનો સ્વભાવ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છેલ્લો દિવસ છે ને. બધો દિ' કાઢે તે દિ' દિવાળી. દિ એટલે કાળ, કાળને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વાળે આમ પરથી વાળીને અહીં વાળ્યો એ દિવાળી, બીજું શું? આહાહા..! આવી દિવાળી તો કેટલી વીતી ગઈ હશે આત્મા ઉપર. અનંતી... અનંતી... અનંતી... અનંતી.. વઈ ગઈ. એમ હશે? ભીખાભાઈ! માણસપણે અનંતવાર ગઈ, ઢોરપણે અનંતવાર ગઈ, નારકીપણે તો એને ભાન પણ ન હોય બિચારાને. દેવ થઈને અનંતવાર ગયો. આત્મા અનાદિ વસ્તુ, અનાદિ વસ્તુ, શાશ્વત વસ્તુ, સત્ વસ્તુ એનો અભાવ કે દિ' હોય? એનો અભાવ થાય નહિ પણ જે ભાવ છે તેનું એણે ભાન કર્યુ નહિ. તેથી તેના ભાવમાં સામર્થ્ય કેટલું છે એવી સત્તાનો એણે સ્વીકાર કર્યો જ નથી. પરને લઈને સ્વીકાર કર્યો, આને લઈને આ... આને લઈને આ... આને લઈને આ. જેને લઈને છે એનું છોડવું નથી. એ સંગ કોઈ દિ' છૂટે નહિ અને કોઈ દિ' મુક્તિ થાય નહિ. સમજાણું? એ પુદ્ગલ બધા, હોં! વાણી-બાણી ભગવાનની.

કહે છે કે એને પણ પ્રકાશમાન હું મારા જ્ઞાનમાં જાણું એવો હું છું. એને મારા જ્ઞાનથી મારામાં જાણું એવો હું છું. એની દિવ્યધ્વનિની સત્તા દ્વારા જ્ઞાનનો અહીં સામર્થ્યનો વિકાસ થાય એવો હું છું નહિ. શશીભાઈ! આહાહા..! ભગવાન ચૈતન્યની સત્તા. સત્તા એટલે હોવાપણું. એનો ઉકેલ જ ક્ષણે ક્ષણે પોતાના સ્વભાવના સામર્થ્યથી, પરને જાણવારૂપનો પોતાનો ભાવ તેનો ઉકેલ ક્ષણે ક્ષણે થાય છે. છતાં એની માન્યતા એમ છે કે એને લઈને આ થાય છે. એટલે એની દૃષ્ટિ પરમાં સદા રહ્યા કરે છે. એને લઈને થાય એમ માને એની મૈત્રી કેમ છોડે? મારે લઈને મારું જ્ઞાન, એનું જ્ઞાન મારે લઈને થાય છે તો એની મૈત્રી આત્મા પ્રત્યે પ્રેમ કરે. સમજાણું કાંઈ?

આવું બધે સાંભળવા મળે નહિ પછી ઓલા બિચારા સામાયિક, પોષા, પડિકમણા (કર્યા કરે). એ કાંઈ નથી, વળી એમ કહે છે. પણ આ બધું શું છે? આખો કેવળજ્ઞાનનો કંદ તું છો એ તો તને સિદ્ધ કરીએ છીએ. અનંતી સામાયિક એમાં આવી ગઈ અને અનંતા પોષા. પોષા એટલે પોષવું. આત્મા જ્ઞાનાનંદ (છે). પરને જાણતા પરને લઈને હું જાણતો નથી. પરનું કરતો તો નથી, પર મારામાં નથી પણ પરનું જ્ઞાન પરને લઈને મારામાં નથી. આવું જે આત્માનું પોષણ એનું નામ ખરો સમ્યગ્દર્શન રૂપી પોષણ અને પોષો કહેવામાં આવે છે. પોષા કરે છે ને પોષા, નહિ? ઉપવાસ કરે અગિયાર પ્રૌષધ વ્રત. અગિયાર વ્રત હોય છે ને. બારમું અતિથીસંવિભાગ (વ્રત).

પુદ્ગલ. ઓહોહો..! રજકણ હો, સ્કંધ હો, ગમે તે હો. **'અન્ય જીવ-એ સર્વ પરદ્રવ્યો મારાં સંબંધી નથી;...'** સમજાય છે? છે ને **'णत्थि मम धम्मआदी बुज्झदि उवओग एव अहमेक्को'** **'કારણ કે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવપણાથી પરમાર્થે અંતરંગતત્ત્વ તો હું છું...'** લ્યો! આહાહા..! ખરેખર ટંકોત્કીર્ણ. એવો ને એવો, એમ. એવો ને એવો ચૈતન્ય જ્ઞાયકભાવનો પિંડ પ્રભુ, એક જ્ઞાયક સ્વભાવ, એક જ્ઞાયક સ્વભાવ જાણનાર... જાણનાર... જાણનાર... અનેકને જાણતા પણ અનેક થતો નથી. અનેકને જાણતા એકમાં રહીને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એકરૂપે થઈને જાણે એવો હું એક સ્વભાવ. '**પરમાર્થે અંતરંગતત્ત્વ તો હું છું...**' અંતરંગ તત્ત્વ તો આ હું છું. જ્ઞાયકભાવ તે અંતરંગ તત્ત્વ એ આત્મા.

'**અને તે પરદ્રવ્યો મારા સ્વભાવથી ભિન્ન...**' એ પરદ્રવ્યો, પુદ્‌ગલ અને જીવો સ્વભાવવાળા મારા, મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા. સિદ્ધ ભગવાન પણ મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા. બેનો સ્વભાવ એક છે ને? '**પરદ્રવ્યો મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળાં...**' સિદ્ધ પણ મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા, અરિહંત પણ મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા. આહાહા..! ઓલાની તો જડની તો (વાત જ ક્યાં?) પણ આ મોટા અરિહંત અને સિદ્ધ. એ પરદ્રવ્યો મારા સ્વભાવથી ભિન્ન. શરીર, કર્મો, પુદ્‌ગલ અને જીવો, નિગોદ અનંત જીવ, એને પ્રકાશવામાં સમર્થ હું. પણ નિગોદના જીવને અને મારે કાંઈ સંબંધ નથી. અનંત નિગોદ છે અને અનંત સિદ્ધ છે. બે ખાણ મોટી. અનંત આ અને અનંત એ. વચલા અસંખ્યમાં ચાર ગતિ.

ભગવાન આત્મા '**પરદ્રવ્યો મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા હોવાથી...**' એમ ભાવે જાણે છે. '**પરમાર્થે બાહ્યતત્ત્વપણાને છોડવા અસમર્થ છે...**' જુઓ! ખુબી. ઓલા કહે બાહ્ય તત્ત્વો છે જ નહિ. એગો અહં બ્રહ્મ, જાઓ. જગત મિથ્યા. બ્રહ્મ સત્ય જગત મિથ્યા. એમ નથી. તેથી કહ્યું, '**પરમાર્થે બાહ્યત્તત્વપણાને છોડવા અસમર્થ છે...**' હું જ અંતરંગ તત્ત્વ એક છું અને બાહ્ય તત્ત્વ મારામાં નથી માટે બાહ્ય તત્ત્વ જ નથી એનામાં, એમ નહિ, એમ કહે છે. ઓલા કહે છે ને વેદાંત. તેથી પરમાર્થે બાહ્યતત્ત્વપણાને છોડવા. એટલા અનંતા પરમાણુઓ, અનંતા નિગોદો, અનંતા સિદ્ધો, અસંખ્ય કાળાણુઓ બધું '**પરમાર્થે બાહ્યતત્ત્વપણાને છોડવા સમર્થ છે (કેમ કે પોતાના સ્વભાવનો અભાવ કરી જ્ઞાનમાં પેસતા નથી)**.' એમ. એ પરમાર્થે તો ત્યાં જ રહ્યા છે અને છે. એનો અભાવ કરીને અહીં પેસતા નથી. મારું જ્ઞાન એને જાણવા માટે ઓલું પરિણમ્યો એટલે એમ જાણે પેઠા એમ કહેવામાં આવ્યું. અંતરંગ તત્ત્વમાં અંતરંગ તત્ત્વ અને બાહ્ય તત્ત્વમાં બાહ્ય. આમ જ્ઞેયથી અંતરમાં આત્માના જ્ઞાનને ભેદજ્ઞાન કરવું એનું નામ આત્માને બરાબર જાણ્યો અને અનુભવ્યો કહેવાય છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**કારતક સુદ ૧, રવિવાર તા. ૧૩-૧૧-૧૯૬૬**
**ગાથા-૩૭-૩૮, શ્લોક-૩૧, પ્રવચન-૧૦૧**

આત્મા કોને કહેવો? અને આત્મા કોણ જાણ્યાથી તે આત્મા જાણ્યો કહેવાય?

મુમુક્ષુ :- કેમ જાણે?

ઉત્તર :- હા. કેમ જાણ્યો કહેવાય. કેમ જાણ્યેથી કેમ જાણ્યો કહેવાય? સમજાય છે કાંઈ? અહીં તો આત્માની વાત છે પહેલી.

જુઓ! અહીં આવ્યું. છ દ્રવ્ય. ૩૭મી ગાથામાં છ દ્રવ્યથી જુદો તે તું, એમ બતાવવું છે. ૩૭. ૩૦ અને ૭. આ આત્મા '**स्वयमेव**' એવો શબ્દ પડ્યો છે જુઓ. અહીં '**स्वयमेव**'. આ બીજા અનંત આત્માઓ અને બીજા રજકણોથી અને રાગ-દ્વેષાદિ પુણ્ય-પાપના ભાવથી આત્મા તદ્દન જુદો છે. સમજાણું કાંઈ? એ આત્મા '**स्वयमेव**' પોતે પોતાથી '**નિત્ય ઉપયુક્ત એવો અને પરમાર્થે એક,...**' ભગવાન આત્મા ચૈતન્યમાં નિત્ય ઉપયુક્ત. એનું જાણવું, દેખવું એ કાયમ એનો .. એવો એનો સ્વભાવ છે.

મુમુક્ષુ :- દ્રવ્યનો...

ઉત્તર :- એ દ્રવ્યનો સ્વભાવ. છે દ્રવ્યનો. .. પણ જાણે તો પર્યાયને. જાણે છે પર્યાય કે આને ત્રિકાળ નિત્ય ઉપયોગ આત્મ સ્વરૂપ છે. રાગ-દ્વેષ અને પુણ્ય-પાપ અને પરનો સંબંધ નથી. આ દેહાદિનો, વાણીનો, કર્મનો, પુણ્ય-પાપનો કાંઈ કોઈનો સંબંધ એને નથી.

મુમુક્ષુ :- નિમિત્તની...

ઉત્તર :- નિમિત્તના ટકા ક્યાંથી લાવ્યા? નિમિત્ત નિમિત્તમાં રહ્યું. નિમિત્તના સંબંધથી રહિત છે. છએ દ્રવ્યના સંબંધથી આત્મા રહિત છે. લ્યો, આનું નામ આ સુપ્રભાત કહેવાય છે. એય..! રતિભાઈ! અહીં તો કેવળજ્ઞાન થયું એને આચાર્ય સુપ્રભાત કહે છે. છેલ્લો પાછળની ગાથામાં છે. છે પાછળ, જુઓ! કળશ-કળશ. એ કળશ છે ને? ૨૬૮ કળશ. જુઓ!

**चित्पिण्डचण्डिमविलासिविकासहासः**

**शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः।**

'પદ્મનંદી પંચવિંશતિ'માં પણ સુપ્રભાતની વ્યાખ્યા કરી છે કે આત્મા કેવળજ્ઞાન અને કેવળદર્શનથી પ્રગટ થઈ જાય. જેવો એનો સ્વભાવ છે એમ પ્રગટ થઈ જાય તેને ત્યાં સુપ્રભાત કહે છે. એવી રીતે આ કહ્યું છે. એને વર્ષ બેસે છે ઈ.

ભગવાન આત્મા... જુઓ! નીચે છે. '**(પૂર્વોક્ત રીતે જે પુરુષ આ ભૂમિકાનો આશ્રય કરે છે) તેને જ ચૈતન્યપિંડનો નિરર્ગળ વિલસતો...**' ભગવાન આનંદ સ્વરૂપ. અહીં તો ત્રણ અર્થ છે. નિત્ય ઉપયોગ, એક અને નિત્ય નિરાકુળ. નિત્ય ચૈતન્ય ઉપયોગ, એક,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને અનાકુળ આનંદ. એનાથી તે આત્મા જાણી શકાય એવું એનું સ્વરૂપ છે. જુઓ! અહીં કહ્યું. '**વિકાસ તે-રૂપ જેનું ખીલવું છે (અર્થાત્ ચૈતન્યપુંજનો જે અત્યંત વિકાસ થવો તે જ જેનું ખીલી નીકળવું છે), શુદ્ધ પ્રકાશની અતિશયતાને લીધે સુપ્રભાત સમાન છે,...**'

ભગવાન આત્મા ચૈતન્યના પુંજના આશ્રયે પોતે જે પર્યાયમાં પ્રગટ દશા કેવલ આદિની પ્રગટ કરી એને સુપ્રભાત કહેવાય છે. એ સૂર્ય ઊગ્યો. સમજાણું કાંઈ? સુપ્રભાત છે ને? '**આનંદમાં સુસ્થિત એવું જેનું સદા અસ્ખલિત એક રૂપ છે...**' જુઓ! એ ભાષા અહીં આવી. અતીન્દ્રિય આનંદમાં, અતીન્દ્રિય આનંદમાં સુસ્થિત જેનું એક જ રૂપ છે. એના ભંગભેદ નથી. અતીન્દ્રિય આનંદમાં સુસ્થિત-બરાબર સ્થિત .. આનંદમાં સ્થિત એવું રૂપ છે. '**અચળ જેની જ્યોત છે એવો આ આત્મા ઉદય પામે છે.**' એવા આત્માને પ્રગટપણે પામે છે. એ ભગવાન ચૈતન્યસૂર્ય નિરંજન નિરાકાર અખંડાનંદ પ્રભુ અંતરના અનુભવથી પર્યાયમાં પ્રગટ થાય છે ત્યારે તેને કેવળજ્ઞાન રૂપી સુપ્રભાત કહેવામાં આવે છે. સમજાણું? આ એનો ઉપાય અત્યારે ૩૭ ગાથામાં કહેવામાં આવે છે.

કેવો છે ભગવાન આત્મા? આ એક એક આત્મા દરેકમાં ભિન્ન-ભિન્ન. સ્વયમેવ નિત્ય ઉપયુક્ત. એનો ઉપયોગ અને આત્મા સ્વયમેવ નિત્ય ઉપયુક્ત, એમ. કોઈના કારણે જોડાણ નથી. જ્ઞાનાનંદ સ્વરૂપ એ જ્ઞાન અને દર્શનનો ઉપયોગ સ્વયમેવ એનો ત્રિકાળ છે. ભગવાન આત્માનો જ્ઞાન દર્શન ઉપયોગ નિત્ય ત્રિકાળ છે અને તે પણ પરમાર્થે એક છે. એકરૂપ વસ્તુ છે. ભંગભેદ છે, પર્યાય ને.. અહીં તો એકરૂપ ત્રિકાળ વસ્તુ છે. એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. લ્યો.

'**એક, અનાકુળ આત્માને અનુભવતો...**' આ ત્રીજું વિશેષણ. ભગવાન આત્મા પોતાના સ્વભાવથી નિત્ય ઉપયોગ નામ જાણવા-દેખવાના સ્વભાવવાળો એકરૂપ, એકરૂપ અનાકુળ જેનો સ્વભાવ છે. આત્માનો અનુભવ છે. અનાકુળ એવો ભગવાન આત્મા. અનાકુળ એટલે આકુળતા જેમાં જરીએ નથી. એવા આત્માને અનુભવતો. '**એવો ભગવાન આત્મા જ જાણે છે-**' હું આત્મા આ છું એમ પોતે પોતાને જાણે છે. '**કે-હું પ્રગટ નિશ્ચયથી એક જ છું...**' ચૈતન્ય સ્વભાવથી, આનંદથી ભરેલો એવો હું એક છું. અંતર્મુખમાં એકપણું પ્રગટ કરતાં એને આત્મા એકરૂપે ત્રિકાળ છે એમ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં ભાસે. એને આત્મા શ્રદ્ધા અને જ્ઞાનમાં લીધો અને એણે આત્માને અનુભવ્યો અને માન્યો એમ કહેવામાં આવે છે. એ ચૈતન્યના સૂર્ય સામું કોઈ દિ' અનંત કાળમાં જોયું નથી. બહાર ને બહાર જોવામાં ફાફાં માર્યા છે. ભગવાન અંતર નિત્ય જ્ઞાન દર્શનનું પુર મૂર્તિ પ્રભુ આત્મા છે. એ એક જ વસ્તુ. એક. ગુણના ભેદની અહીં વાત નથી. અનંત ગુણ હોય તોપણ એકરૂપ વસ્તુ છે. અને અનાકુળ જેમાં આકુળતા નથી, જેમાં આનંદ છે. વસ્તુ હોય એમાં આકુળતા શેની? આકુળતા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એ તો એની પર્યાયમાં આનંદની ઊલટી દશાને લઈને આકુળતા દેખાય છે. વસ્તુમાં આકુળતા નથી.

ભગવાન આત્મા **'અનાકુળ આત્માને અનુભવતો એવો ભગવાન આત્મા જ...'** જુઓ! ભાષા. ભગવાન આત્મા. મહિમાવંત, જેની મહિમા સર્વજ્ઞની વાણીમાં પણ પૂરી આવતી નથી. એવો ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ આત્મા અનાકુળ આનંદનો કંદ નિરંજન નિરાકાર અખંડ આનંદ છે. એવા આત્માને અનુભવતો ભગવાન આત્મા પોતે જ પોતાને જાણે છે કે **'હું પ્રગટ નિશ્ચયથી એક જ છું...'** મારે અને પરને કાંઈ સંબંધ નથી. વસ્તુ છે ને? આનંદકંદ આત્મા સચ્ચિદાનંદ પૂર્ણાનંદ પદાર્થ છે. શરીર, વાણી, મન આ રજકણો, એનાથી તદ્દન જુદી ચીજ છે. સમજાણું કાંઈ? એવો **'પ્રગટ નિશ્ચયથી એક જ છું...'** હું તો પ્રગટ છું. વસ્તુ કાંઈ અપ્રગટ હોય? પરમાર્થે આત્મા પ્રગટ ચૈતન્યદળ આત્મરસ. એવો જે એક જ છું. એ એક કેમ વારંવાર લે છે? એના એકપણામાં બેનો ક્યાંય સંબંધ નથી. સમજાણું કાંઈ? એમ અંતર આત્મામાં નજર કરીને એકપણું છે એમ અનુભવવું એનું નામ આત્મા જાણ્યો અને અનુભવ્યો કહેવાય છે. એનું નામ આત્માનો સાક્ષાત્કાર અને સમ્યગ્દર્શન કહેવાય. એની એને ખબર ન મળે. એના ઘરમાં શું છે એની એને ખબર ન મળે. સમજાણું?

કહે છે, હું તો ભગવાન પોતે જ જાણે છે. રાગને લઈને નહિ, વિકલ્પને લઈને નહિ, ચૈતન્ય ચૈતન્યને લઈને જાણે અંદરમાં. હું તો પ્રગટ ખરેખર એક જ છું. **'માટે જ્ઞેયજ્ઞાયકભાવમાત્રથી ઊપજેલું પરદ્રવ્યો સાથે પરસ્પર મળવું (મિલન)...'** હું એક જાણનાર-દેખનાર અને રાગાદિ, શરીરાદિ બધા મારા જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જ્ઞેયજ્ઞાયકના સંબંધમાત્ર **'ભાવમાત્રથી ઊપજેલું...'** હું તો જાણનાર છું. શરીર, વાણી, કર્મથી મને મારા જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જણાવાને લાયક છે. સમજાણું કાંઈ? હું ચૈતન્ય જ્ઞાન-દર્શનના ઉપયોગવાળો આત્મા. એ મારા જ્ઞાનમાં આ જ્ઞેયો-શરીર, કર્મ આ બધી ચીજો એ જ્ઞાનમાં જ્ઞેય તરીકે **'જ્ઞેયજ્ઞાયકભાવમાત્રથી ઊપજેલું પરદ્રવ્યો સાથે પરસ્પર મળવું (મિલન) હોવા છતાં પણ, પ્રગટ સ્વાદમાં આવતા...'** આ ફેર પાડ્યો. અનાકુળ લીધું છે ને? અનાકુળ ત્રિકાળ છે, ઉપયોગરૂપી ત્રિકાળ જેનું સ્વરૂપ છે. સત્ શાશ્વતની જે મૂર્તિ છે. એને મારા આનંદના સ્વાદથી હું મારા સ્વાદથી બીજા પદાર્થને ભિન્ન જાણું છું. મારો આનંદનો સ્વાદ એ આત્મા. આનંદનો સ્વાદ એ આત્મા. એ સિવાય બીજી ચીજ પર. લ્યો, આ આનંદ આવ્યો.

ભાઈ! તું તો સચ્ચિદાનંદ સ્વરૂપ છો ને. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદ બે નિત્યપણું એ અહીં છે. અનંત ગુણ હોવા છતાં એને બધાને જાણનારું એક જ્ઞાન જ અસાધારણ ગુણ છે. અને તેને જોઈએ છે આનંદ, તો એ આનંદથી ભરેલો છે એમ કહે છે. સમજાણું કાંઈ? આનંદને માટે આ બધા વલખા નાખે છે કે નહિ? વર્ષ બેસે, પૈસા મળે, આમ થાય, ધૂળ થાય, .. થાય. ફાફાં મારે છે જ્યાં ત્યાં. પણ કહે છે કે, ભાઈ! તારો આનંદ ક્યાંય બીજે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી. અને તું આનંદથી ખાલી નથી. તારું સ્વરૂપ જ આનંદ છે. આ જે આકુળતા દેખાય છે, પુણ્ય-પાપ-કામ-ક્રોધ વિકલ્પની એ આકુળતા તો ત્રિકાળી આનંદની ઊલટી અવસ્થા છે. એ ઊલટી અવસ્થા એમ પ્રસિદ્ધ કરે છે કે એ આકુળતાની પાછળ અનાકુળ આનંદકંદમય છે એમ પ્રસિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? એના ઘરની એને ખબર ન મળે. ફાફાં મારે પણ. અહીં મળશે. બાયડીમાં સુખ, પૈસામાં સુખ, આબરૂમાં સુખ, ધૂળમાં (સુખ). રતિલાલ નથી આવ્યાને હજી? બપોરે આવશે, ઠીક. કહો, સમજાણું આમાં?

કહે છે, એક કોર સાકર હોય અને એક કોર કાળીજીરી હોય. અફીણ-અફીણ. બેના સ્વાદભેદ છે કે આ સાકર તે આ સ્વાદવાળી સાકર. એમ આત્મા અંતર્મુખના આત્માના સ્વભાવને સંભાળતો, અંતર એકાગ્ર થતો એવો ઉપયોગ અને આનંદ જેનું કાયમ સ્વરૂપ છે તે એકરૂપ છે, એમ અંતરમાં દૃષ્ટિમાં આપતો અને આનંદના પ્રગટ સ્વાદ આગળ આ સ્વાદ તે હું અને એ સ્વાદથી વિકલ્પ આદિ જે ઉઠે (તે) બેસ્વાદ એ હું નહિ. દયા, દાન, વ્રતાદિના ભાવ ઉઠે એ પણ આનંદના સ્વાદથી ઊલટો બેસ્વાદ છે. સમજાણું કાંઈ?

કહે છે, '**પ્રગટ સ્વાદમાં આવતા...**' ઓલો અનાકુળ આત્માને અનુભવતો, વેદતો. એ વેદતો કહ્યું, પણ શું વેદ્યું? પ્રગટ સ્વાદમાં આવતો. ભગવાન આત્મા એણે જ્યારે પુણ્ય અને પાપના રાગમાં પોતાનું હોવાપણું અનાદિથી જાણ્યું હતું. આ વસ્તુ જે છે એ રૂપનું હોવાપણું જ્યારે માન્યું નહિ ત્યારે ક્યાંક છું એમ માનવું તો જોઈએ ને? કારણ કે અનાદિની ચીજ ચૈતન્ય ચમત્કારથી ભરેલો પદાર્થ ભગવાન આત્મા, એની સામે એણે એ શું છે તે કોઈ દિ' જોયું નથી. એટલે એની વર્તમાન દશા બહાર ઉપર અનાદિથી વળેલી છે. એ બધા બહાર ઉપર જતા વલણવાળા ભાવો બધા દુઃખરૂપ આકુળતા, વિકાર છે. સમજાણું કાંઈ? એને કહે છે કે એનાથી દૃષ્ટિથી ફરી અને ચૈતન્ય વસ્તુ તરફની દૃષ્ટિ થતાં જે અંતરમાં આકુળતાનું એકલું વેદન સંસારદશા અનાદિની હતી એ આકુળતાના વેદનવાળી દશા એકલી મિથ્યાત્વદશા, ભ્રમદશા, અજ્ઞાનદશા, સંસારદશા (હતી). એ આકુળતાના લક્ષને છોડી દઈ ચૈતન્ય ભગવાન વસ્તુ સ્વભાવે પૂર્ણાનંદ પ્રભુ હું છું, એમ અંતરમાં દૃષ્ટિ આપતાં જે આકુળતાનું એકલું વેદન હતું એ ખસી ગયું. અંતર આનંદનો અંશ પ્રગટ થયો. ભલે થોડી આકુળતા હો પણ એની મુખ્યતા નથી. એ આનંદના સ્વાદથી આત્મા જુદો છે એમ અનુભવવો એનું નામ આત્માનુભવ કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, આત્માના ઘરમાં આ છે. ભીખાભાઈ! સવારમાં દિવાળીમાં બેસતા વર્ષે લાડવા ખાય, ફલાણું ખાય, ઢીંકણું ખાય. વરસ બેસતું છે. અહીં તો કહે છે, બાપા! સવારે કહ્યું હતું, નહિ? અમૃતની આખી નાળિયેરી છે. 'શ્રીમદ્'માં પત્ર છે ને એક. લોકોએ .. નાળિયેરને વખાણી માર્યું છે. પણ અહીં તો આખી અમૃતની નાળીયેરી છે આત્મા. આત્મા અમૃતની નાળીયેરી. જેમાં નાળિયેર પાકે અમૃતના. આહાહા..! સમજાણું કાંઈ?

પણ એ વસ્તુ છે કે નહિ? પદાર્થ છે કે નહિ? છે તો શાશ્વત છે કે નહિ? છે તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એનો કોઈ સ્વભાવ શાશ્વત છે કે નહિ? શાશ્વત સ્વભાવ પોતે શાશ્વત તો એનો સ્વભાવ શાશ્વત (હોય). એ શાશ્વત સ્વભાવ જ્ઞાન અને આનંદ મુખ્યપણે બે લીધા છે. સત્ છે જ્ઞાન અને આનંદ. વસ્તુ છે કે નહિ? છે કે નહિ? જેના જ્ઞાનમાં આ ચીજો જણાય એ છે કે નહિ? આ... આ... આ.... આ... આ... એમ કહે છે, જાણે છે. પણ જાણનારમાં જણાય છે ને એ? જાણનારની ભૂમિકામાં આ જણાય એ જાણનારનું સામર્થ્ય કેટલું? એ જાણનાર પરને જાણે છે, એ જાણનાર સ્વને જાણે. સમજાય છે? પરના જ્ઞેયજ્ઞાયકના ભાવમાત્રથી સંબંધથી ઊપજેલો. પણ છતાં મારે ને એને કાંઈ બીજો સંબંધ નથી. હું તો એક જાણનાર અને એ જ્ઞેય. બસ. જાણનાર એના પોતાના આનંદના અનુભવના સ્વાદથી બીજા અન્ય પદાર્થને જુદા જાણે છે. સાક્ષાત્ પરમેશ્વર હોય તીર્થંકર કેવળી પંચ પરમેષ્ઠી, પણ મારા આનંદના સ્વાદથી તે તત્ત્વો-દ્રવ્ય જુદાં છે. સમજાણું કાંઈ? સાકરનો ગાંગડો ચુસતો હોય એના સ્વાદ આગળ બીજા સ્વાદ એને બીજી જાતના લાગે. એટલે એની જાતના નથી. એના હોવાપણામાં એ નથી એમ માને. એમ ભગવાન આત્મા આ આત્મવેલો જ એવો છે. ઓલા કોળા પાકે છે ને કોળા? કોળા સમજો છો? એ કોળાને જરી ઓલામાં ગણે છે હોં! મંગળિકમાં. કોળાને ગણે છે. સાંભળ્યું છે. મોટા હોય ને. વેલો નાનો અને ફળ આવડા એટલે એને મંગળિકમાં ગણે છે. આ કોળા સમજો છો કે નહિ? પેઠા નહિ, હોં! પેઠા નહિ.

મુમુક્ષુ :- ... બડા હોતા હૈ.

ઉત્તર :- બડા હોતા હૈ. એક વેલો પાતળો પણ જુઓ તો ૨૫-૫૦-૫૫. .. લાંબો વેલો.. વેલાની વસ્તી નથી. વેલો સમજ્યાને? ઝાડની વેલ. એ તો બહુ પાતળી હોય. પણ એના પાંદડા મોટા હોય.

એમ ભગવાન આત્મા શરીર પ્રમાણે આ એક બીજડું આનંદના કંદનું. એ બીજ છે. એ બીજમાંથી એમાંથી ફાલ આવે પાક. અનંતા આનંદના કોળા પાકે એવો આ વેલો છે. આહાહા..! ..ભાઈ! એ કોણ જાણે ક્યાંય સાંભળ્યું ન મળે. કહો, સમજાણું આમાં? જુઓ! આ વર્ષ બેસતાની બોણી. આ બોણી છે. આહા..!

કહે છે, ઓહો..! '**જ્ઞેયજ્ઞાયકભાવમાત્રથી ઊપજેલું પરદ્રવ્યો સાથે પરસ્પર મળવું (મિલન)...**' મિલન એટલે જ્ઞેયજ્ઞાયક એવું મિલન, હોં! '**છતાં પણ, પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે...**' આમ અંતર્મુખ ઢળતાં અંતર તત્ત્વનો આનંદનો સ્વાદ આવતાં એ સ્વાદ સ્વરૂપે આત્મા છે અને આ સ્વાદથી વિરૂદ્ધ કુરૂપ, પુણ્ય-પાપના ભાવથી માંડીને બધું એ પરજ્ઞેય છે, એ મારી ચીજમાં છે નહિ. સમજાણું કાંઈ? એના ચૈતન્યના મહાત્મ્ય, એના સ્વરૂપનું સામર્થ્ય, કોઈ દિ' એના કાનમાં એણે હોંશથી ચીજ સાંભળી નથી. શ્રુત પરિચિત અનુભૂતા. રસથી સાંભળ્યું નહિ. આ સાંભળ્યું. આમ સાંભળ્યું ત્યારે આ સાંભળ્યું નહિ. આનંદની મૂર્તિ પ્રભુ. એકલો શરીરના રજકણના પિંડથી શરીર પ્રમાણ હોવા છતાં ભિન્ન,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એવા સ્વભાવના ભગવાનને અંદરમાં જોવાને એણે કોઈ દિ’ પ્રયત્ન કર્યો નથી. એ જોતા એને જોતા ન્યાલ થાય એવી ચીજ છે, એમ કહે છે. સમજાણું? એક બાદશાહની સામું જોવે તો બાહશાહ કહે, હા, આદર કરે છે.

આરબ હતા. નહિ? એક આરબ હતા. નાગર જેવા રૂપાળા, હોં! અહીં અમારે બોટાદ આવે તો વ્યાખ્યાનમાં આવે. આરબ. આરબ સમજો છો ને? અરબસ્તાનના આરબ. વહીવટદાર હતા બોટાદમાં. પછી વ્યાખ્યાનમાં આવ્યા હતા. નાગર જેવા રૂપાળા હતા. પણ એક વખત નોકરી વઈ ગઈ. પછી .. દરબાર પાસે ગયા. ભાવસિંહજી પાસે, હોં! પછી .. કેમ એનું નામ ભૂલી ગયા.

મુમુક્ષુ :- દાદભા...

ઉત્તર :- કેમ દાદભા આવ્યા છો? અન્નદાતા! સરોવર હોય ત્યાં પંખી-પશુ-માણસ પાણી પીવા આવે. સરોવર હોય ત્યાં પશુ-પંખી-માણસ પાણી પીવા આવે, દરબારને કહ્યું. દાદભા! શું છે? કાંઈ નોકરી હમણાં નથી. નોકરી છૂટી ગયેલી. તરત દિવાનને હુકમ કર્યો, જાવ દાદભાને નોકરી આપો. તમારી પાસે આવીએ પશુ-પંખી અને માણસ ખાલી ન જાય. તો અમે અહીં આવ્યા છીએ તમારા માણસ થઈને. સમજ્યાને? તરત હુકમ કર્યો, હોં! જાવ, આમને નોકરી કેમ નથી?

મુમુક્ષુ :- .. થઈ ગયો.

ઉત્તર :- .. થઈ ગયો. અમે બોટાદ હતાને જોયું. વ્યાખ્યાનમાં આવ્યા હતા. એક કલાક રોકાણા હતા, હોં! બહુ શાંત માણસ. હતા આરબ અરબસ્તાનના. પણ જુઓ તો આમ નાગર દેખાય. રૂપાળા, લાંબા અને ..

અહીં કહે છે કે આ ચૈતન્ય.. પેલું તો સમજવા જેવું છે બધું. આ તો આનંદનું સરોવર ભગવાન આત્મા છે. એની પાસે જાય અને આનંદ ન મળે એમ કોઈ દિ’ બને નહિ. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ દાખલો સાંભળ્યો છે. (સંવત) ૧૯૮૦ની સાલમાં. ૮૦માં ચોમાસુ હતું ને. બોટાદ ૮૦માં. તે દિ’ વ્યાખ્યાનમાં આવ્યા હતા. ૪૨ વર્ષ થયા. દરબાર પાસે જાય, બાદશાહ પાસે જાય અને ખાલી ન આવે. સમજાય છે? સારા ભરેલા ફળના ઝાડ પાસે જાય આંબા પાસે તો આંબો નમેલો હોય. એ .. આવે છે આપણે ભક્તિમાં. સહકાર આગળ શી માંગણી.. સહકાર એટલે આંબા, હોં! એની પાસે માગણી શી? એ તો સહેજે .. લટકતી હોય. નાના છોકરા .. એકવાર ગયા હતા ને. આંબા.. ભાઈસાહેબ! અમારી કેરી.. નીચે લટકતી હતી. પાંચ-પાંચ આંબા. એટલે બધા છોકરાઓ .. કોઈ .. નથી. ભગવાનની પૂજા માટે ગયા હતા ને. .. મોટી આવડી આવડી. પાંચ પાંચ લુમ આમ. લટકતા નીચે. છોકરા લઈ લે. આંબો નમતા નમે, કહે છે. એની પાસે માગવા જાવું અને ઉપર ચડવા જાવું પડે નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ અહીંયાં ભગવાન આત્મા, જેના માહાત્મ્ય અને મહિમા ને મોભા અંતરમાં જાણ્યા... આહાહા..! લોકો કહે છે ને? માહાત્મ્ય અને મોભો. ભગવાન આત્મા, બાપુ! એના માહાત્મ્ય ન હોય તો કોના માહાત્મ્ય જગતમાં હોય? જગતની ચીજનું માહાત્મ્ય ટાંકનાર માહાત્મ્ય વિનાનો હોય નહિ. સમજાણું કાંઈ? જગતની ચીજનું માહાત્મ્ય (કરે), આવી કેરી સારી અને આ સારું અને આ પાંચ લાખનો હાર ને ઢીંકણું, ફીકણું. એલા પણ એને જાણનાર(નું માહાત્મ્ય નહિ?). એ તો બિચારા જડ છે. એને તો ખબર નથી. એના ખબર કરનારના ખબરદારમાં એવા ગુણો ચમત્કારી ન હોય તો એ વસ્તુ શેની?

કહે છે કે એ તો આનંદસ્વરૂપ છે, પ્રભુ! પણ તારા માહાત્મ્ય તને આવવા જોઈએ. એ પુણ્ય અને પાપ અને એના બંધન અને એના ફળનું માહાત્મ્ય ઊડી જવું જોઈએ. શુભ-અશુભ ભાવ, પુણ્ય-પાપ, સુખ-દુઃખ સંયોગ. છ .. છ .. સમજાણું? આવે છે ને? 'પ્રવચનસાર'માં આવે છે. 'સમયસાર'માં આવે છે. આ તો શાસ્ત્રની ભાષા છે. 'નિયમસાર'માં. સુખ-દુઃખ શુભાશુભભાવ, શુભ-અશુભ બંધનના પરમાણુઓ અને શુભ-અશુભ સંયોગો. સુખ-દુઃખના સંયોગો એ ચીજો મારી ચીજમાં છે નહિ. સમજાણું કાંઈ? એ છના માહાત્મ્ય ઊડી આત્માનું માહાત્મ્ય થયા વિના નહિ રહે. અંદર શલ્ય પડ્યું હોય ક્યાંક તો એ અંદર જઈ શકતો નથી. સમજાય છે કાંઈ? ઊંડે ઊંડે પરમાં સ્વાદ, કાં કંઈક.. કંઈક.. કંઈક.. પોતાને બીજાથી અધિક મનાવવું અને માનવાનો ભાવ કે આત્મા સિવાયનો કોઈ રાગ, કોઈ શરીર, સુંદરતા કે પૈસા કે કાંઈ મોટપ કે, સમજાય છે? આ જ્ઞાનના ઉઘાડનો ક્ષયોપશમ એનું પણ માહાત્મ્ય, એ માહાત્મ્ય એને અંતરના માહાત્મ્ય આવવા દેતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, રતિભાઈ!

કહે છે, **'પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદ...'** ભગવાન આત્માનો સ્વભાવ અને વિકારી પરિણામનો સ્વભાવ અને પર ચીજો જીવાદિ પર આત્માઓ, એના ઉપર લક્ષ જતા રાગ થાય. એનો સ્વાદ જુદી જાતનો થઈ ગયો. કહે છે કે ધર્માસ્તિકાય નામનો પદાર્થ છે. એનું લક્ષ કરતાં રાગ થાય એનો સ્વાદ જુદો છે. ભગવાન આત્માના આનંદનો સ્વાદ એ .. આકુળતાના સ્વાદથી જુદી જાતનો છે. એમ આ ધર્માસ્તિકાય છે. જગતનું તત્ત્વ. લોકમાં અનાદિઅનંત ભગવાને જોયેલું અને જ્ઞાનની પર્યાય એટલાને કબુલે એટલું એ સામર્થ્યવાળો જ્ઞાનનો એ પર્યાય છે. બધા છ દ્રવ્યને એ કબુલે છે. પણ એ છ દ્રવ્ય તે પર છે, એના લક્ષમાં જતાં એના સંબંધી જે વિકલ્પ ઊઠે છે એ વિકલ્પમાં આત્માના આનંદના સ્વાદથી વિકલ્પનો સ્વાદ જુદી જાતનો છે. માટે આત્માના આનંદને લઈને એ ચીજ પર છે એમ એના ભેદભાવ સ્વભાવથી ભાસે છે. ઝીણું બહુ પણ, ભાઈ! સમજાણું કાંઈ?

**'આકાશ,...'** મોટું આકાશ. **'કાળ, પુદ્ગલ...'** એક રજકણ, પરમાણુ, સ્કંધ, શરીર, કર્મ આ બધું પુદ્ગલ. દાળ, ભાત, રોટલા, મકાન, પૈસા, આબરૂ, કીર્તિ એ તદ્દન જ્ઞાયક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન આત્માના જ્ઞાનમાં એ જ્ઞેય તરીકે જણાવા લાયક છે. એનો બીજો કોઈ સંબંધ છે નહિ. એવા પુદ્‌ગલથી પણ મારી ચીજ તદ્દન જુદી છે. સમજાણું? હવે જેને આ પુદ્‌ગલના અનેક પ્રકારમાંથી કોઈપણ પ્રકારનું જેને અંતર મહાત્મ્ય રહે એને ચૈતન્યના અંતર માહાત્મ્યનું વીર્ય સ્ફૂરે નહિ. સમજાણું કાંઈ? ચંદુભાઈ! આ શું છે?

**'અને અન્ય જીવો...'** પરમેશ્વર પરમાત્મા હોય તો પણ આ આત્માથી અન્ય છે. ગુરુ હોય તો અન્ય છે, સ્ત્રી, પુરુષનો આત્મા હોય તો અન્ય છે, દીકરાઓનો આત્મા તે અન્ય છે. એ બધા **'અન્ય જીવો પ્રત્યે હું નિર્મમ છું;...'** શા કારણે? સ્વાદના સ્વભાવ ભેદને કારણે. મારો આનંદ સ્વાદ મારામાં છે. એ સ્વાદ બીજામાં નથી. માટે જેમાં હું નથી તે પ્રત્યે હું નિર્મમ છું. નિર્મમ એટલે? એ મારા છે એમ મને છે નહિ. એ મારા તે મને ભાસતું નથી. કેમ કે મારાપણામાં મારો આનંદનો સ્વાદ છે એવો સ્વાદ બીજે ક્યાંય નથી. માટે તેને મારાપણે મને બીજા દ્રવ્યો ભાસતા નથી. સમજાણું કાંઈ?

**'કારણ કે સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી...' '(આત્મા અથવા દરેક પદાર્થ)'** આત્મા સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત છે. એટલે અનેકપણામાં ગરી નથી ગયો ઈ. અનેક બીજી ચીજોમાં અનેક થઈ નથી ગયો. એ તો એકરૂપે ચૈતન્ય ભગવાન પરથી જુદો છે. **'સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી સમય (આત્મપદાર્થ અથવા દરેક પદાર્થ) એવો ને એવો જ સ્થિત રહે છે;...'** વસ્તુ તો એવી ને એવી ચૈતન્યમૂર્તિ અનાદિ સત્ શાશ્વત ઘન આત્મા એવો ને એવો સ્થિત છે. એની દૃષ્ટિમાં વિકારને લઈને તે જોઈ શકતો નથી. સમજાણું કાંઈ?

**'આ પ્રકારે જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થયું.'** લ્યો! જાણવા યોગ્ય પદાર્થ જાણનારના ભાવથી તદ્દન જુદા છે. સમજાણું કાંઈ? એ અહીં ૩૬-૩૭માં. ૩૬માં ભાવ્યભાવક હતું, ૩૭માં જ્ઞેયજ્ઞાયક. બપોરે પણ ૯૪માં ભાવ્યભાવક હતું અને ૯૫માં જ્ઞેયજ્ઞાયક. .. ત્યાં કર્તાકર્મનું હતું, અહીં અસ્તિપણાનું છે. મારા હોવાપણામાં એ ચીજો નથી. એમ છે ત્યારે. બપોરે, મારા હોવાપણામાં એ નથી માટે તેનો હું કર્તા નથી (એમ આવ્યું). સમજાણું કાંઈ? આહાહા..! આવા પ્રકારે જાણવાયોગ્ય પદાર્થ અને જાણનાર બે તદ્દન જુદા છે.

ગોળ ગળ્યો લાગ્યો, સાકર ગળી લાગી. ગળી-મીઠી. તો એ મીઠીનો પર્યાય તો જડનો છે. મીઠી લાગી એનું જે જ્ઞાન થયું તે આત્માનું છે. એ જ્ઞાન સાકરની મીઠી પર્યાયપણે કોઈ દિ' જ્ઞાન થતું નથી. થાય? ઘણાને એમ થઈ જાય, એ મને ગળ્યું લાગ્યું. મને ગળ્યું. ગળ્યું (લાગ્યું). તેં .. કોઈ દિ' વિચાર કર્યો છે? ગળી અને મીઠી ચીજ તો જડ છે, અજીવ છે, માટી છે, ધૂળ છે, રૂપી છે, મૂર્ત છે. અને તું તો જ્ઞાન અરૂપી છો. એ અરૂપી જ્ઞાનમાં ગળી પર્યાય અડી છે અહીં અંદર? ગળી લાગી એટલે શું? એ ગળી-મીઠી છે એનું જ્ઞાન તને જણાણું છે. જ્ઞાનથી પોતાની સત્તાથી એ જ્ઞાન તને જણાયું છે કે આ છે. એ જાણનાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પોતાની સત્તામાં, પોતાની સત્તાના સામર્થ્યથી આ સાકર ગળી છે એમ પોતાના સત્તાના સામર્થ્યથી એને જાણી છે. ગળી છે એમ નહિ, હોં! હું ગળ્યો થઈ ગયો છું. આ ગળ્યું મને અડ્યું છે એમ નહિ. ગળી-મીઠી તો જડ છે. જડ છે આત્મા? આત્મા તો અરૂપી ચૈતન્ય છે.

મુમુક્ષુ :- મજા કેમ આવે છે?

ઉત્તર :- એ મજા આવે એનો અર્થ કે એને ગળ્યું લાગે એનો રાગ છે ને? રાગ-રાગ. એ રાગની મજા એને આવે છે. ધૂળની નહિ. એ રાગ છે એની એને મજા આવે છે. સ્વાદ એને રાગનો આવે છે. સાકરનો નહિ.

મુમુક્ષુ :- તો ગળ્યું કેમ લાગે છે?

ઉત્તર :- લાગે છે ક્યાં ગળ્યું? જાણે છે. એ માટે તો વાત કરી છે. ગળ્યું એનું જ્ઞાન થયું. છતાં મૂઢને એમ લાગે છે કે આ ગળ્યું મને લાગ્યું. આ ગળ્યું મને લાગ્યું, ગળ્યું મને લાગ્યું. ગળ્યું લાગે એટલે? લાગ્યું એટલે જાણ્યું. ગળ્યું મને લાગ્યું એટલે જાણ્યું. એમાં ગળ્યો ક્યાં થઈ ગયો એ? આત્મા ક્યાંથી મીઠો થઈ ગયો? કહો, સમજાણું આમાં? બદામ ને પીસ્તાના ઘુઘરા ઘીમાં તળેલા હોય અને દાંત ન હોય તોપણ ચાવી જાય અંદર. એ મીઠાશ શેની છે આ?

મુમુક્ષુ :- હવે તો ચોક્ઠા થયા છે..

ઉત્તર :- પણ ચોક્ઠું તો કોઈવાર તૈયાર હોય ને ન પણ હોય, એ વખતે શું કરવું? .. એ વખતે પણ. બે કટકા નાખે ત્યાં લોહી નીકળે. કરવું શું? મૂક પડતું. સ્વાદ લાગવાનો પ્રશ્ન આવ્યો ને? આહા..! પીસ્તા હોય ને પીસ્તા? પીસ્તાનો .. કરીને ઘુઘરામાં ભરે. પીસ્તા-પીસ્તા. પીસ્તા નથી આવતા? બદામ-પીસ્તા. બે શેર અધમણ કરે પીસ્તાનો ભૂકો. ગૃહસ્થ માણસ હોય .. દસ શેર..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના, પણ આ તો તમારે ઘરે જોયેલું. ઓલા ગોવિંદજી રહેતા હતા ને. કલ્યાણજી ગોવિંદજી. કલ્યાણજી ગોવિંદજી. દિવાળીને દિ' ત્યાં વહોરવા ગયા હતા તો જોયેલું. પીસ્તાનું હતું ત્યાં. ગૃહસ્થ માણસ હતાને. આ બધું જોયેલાની વાત છે આ. એકલા પીસ્તાનો ઓલો પડેલો ઢગલો. ઝીણો ભૂકો કરીને. કીધું કેમ? કહે, ઘુઘરા કરવા છે અમારે. પીસ્તાના ઘુઘરા. ગૃહસ્થ, સાધારણ માણસ નહિ, ગૃહસ્થ માણસ (હતા). કલ્યાણજી ગોવિંદજી ને? કલ્યાણજી ગોવિંદજી મરી ગયા નહિ? ઘડીકમાં મરી ગયા આમ થઈને. એક લાખ રૂપિયા પેદા કર્યા હતા તે દિવસે. સાંજે .. આવી.

મુમુક્ષુ :- એ પહેલા પણ ગયા હતા ને.

ઉત્તર :- .. વયા ગયા હતા. એ પહેલા પૈસા વીસ લાખ હતા પહેલા. પછી દસ લાખ વયા ગયા.. પછી પાછળથી વયા ગયા. ભેગા કરે છે. .. ઓલા વયા ગયા. ગયા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ત્યાં ને ત્યાં. એ .. એક બે ફેરી. જામનગર ચોમાસુ હતું (સંવત) ૧૯૮૮માં. એક લાખ સવારથી સાંજ પેદા કર્યા. ગયા હતા લખુભાઈ જોડે. લખુભાઈ તમારે. લક્ષ્મીચંદ. બેઠા હતા. લાખ પેદા કરેલા તે દિ'. બે લાખ હતા. લખુ! ... એય..! કલુ! કલુ. છે ને કલ્યાણજીભાઈ? કલુ! ૮૮માં .. બૈરા ... હતા. ... પર્યુષણ. એવા ધૂળમાં લાખ રૂપિયા અને બે લાખ અને અગિયાર લાખ અને ધૂળ લાખ કાંઈ છે? લક્ષ્મણભાઈ જોડે ગયા. લખમણભાઈ કહેતા પોતે કે હું જોડે ગયો. કલુ! થઈ રહ્યું. કાંઈ ન મળે. ઓલું પણ છૂટું હતું તો છૂટ્યું. આત્મા કોઈ દિ' એના આનંદથી છૂટે એવો છે? આહાહા..!

એ તો કહે છે, નિત્ય ઉપયોગ અને આનંદમય આત્મા હું છું. એવો અંતર સંભાળ કરતા કહે છે કે બીજું બધું પર છે એમ જાણતા આનંદનો સ્વાદ તે હું છું. બીજું છું નહિ. એનાથી કે દિ' જુદો પડે એવો હતો તો મરે આત્મા. મરે કે દિ' આત્મા? કહો. આહાહા..! આવે છે ને પ્રશ્ન ક્યાંક. સૂર્ય મરી જાય તો શું કરવું? બે મિત્ર બેઠા હતા. આવે છે ને એ? 'અનુભવપ્રકાશ'માં આવે છે. સૂર્ય મરી જાય તો શું કરવું? બે મિત્ર બેઠા હતા. ચંદ્ર તો છે ને. ચંદ્ર મરી જાય તો શું કરવું? તારા તો છે ને. તારા મરી જાય તો શું કરવું? દીવા તો છે ને. આ દીવા મરી જાય તો શું કરવું? હું છું ને. હું બધાનો પ્રકાશક ચૈતન્યમૂર્તિ અનાદિઅનંત છું. હું કોઈ દિ' મરું એવો નથી. સમજાણું કાંઈ? પણ એનો એને વિશ્વાસ નથી. પામર થઈ ગયો છે ને. એક બીડી વિના ચાલે નહિ, આ વિના ચાલે નહિ. જરી બે નામે બોલાવે નહિ તો અંદર ધડક લાગે કે આ કાલ મને બે નામે બોલાવતો હતો. આજ કેમ ફેર પડ્યો હશે? એવી કલ્પના કરે. એવી કલ્પના કરે. ઓલાને કાંઈ નહિ. એને થયું કે આમ બોલાવીને વયું જવું. કાલે બે નામે બોલાવે અને આજ કેમ આમ? શશીભાઈ! એમ થાય ને? જસુભાઈ! આહાહા..! શું પણ, એને બિચારાને ઉતાવળ હોય .. .. ભાઈ કેમ ન કહ્યું? કાલે વીરાચંદભાઈ કહ્યું હતું. કાલે વીરાચંદભાઈ કહ્યું અને આજે .. એમ કહે. એને ટૂંકું આવી ગઈ ભાષા. એના જ પ્રયાણ પાછા માંડે. ઈ એના વિચાર માંડે, આમ હશે? કોકને એમ કીધું હશે ને? .. થઈ ગયું હશે મારા ઉપર? હવે મૂકને પડતું. તું જાણનાર અને એ જ્ઞેય છે. મફતની શું પડ માંડી તેં? સમજાણું કાંઈ?

કહે છે, એ **'જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થયું.'** જ્ઞેય છે. જાણ્યું એટલે એમ થયું, એમ થયું. એને હું તો જાણનાર. તે ક્ષણે તે જ જ્ઞાનનો પર્યાય તેને જ જાણવામાં આવે છે. પોતાને જાણતા એ જ જ્ઞાનની દશા પોતાને જણાય છે એ પ્રકારનું સ્વપરપ્રકાશક (જ્ઞાન) એને જાણે. કોનો નકાર કરે? કોનો નકાર કરે? એ પોતાનો પર્યાય સ્વપરપ્રકાશક જાણવાનો, જ્ઞેય અને પોતાના જ્ઞાનને જાણવાનો પર્યાય એવો જ પ્રગટ્યો છે. સમજાય છે કાંઈ? એના સાથે આનંદ પ્રગટ્યો છે. એ જ્ઞેય અને મારે કાંઈ સંબંધ છે નહિ, કહો, સમજાણું કાંઈ?

કળશ હવે છે. **'અહીં આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


इति सति सह सर्वैरन्यभावैर्विवेके
स्वयमयमुपयोगो बिभ्रदात्मानमेकम्।
प्रकटितपरमार्थैर्दशनज्ञानवृत्तैः
कृतपरिणतिरात्माराम एव प्रवृत्तः।।३१।।

એ બેયના કળશ છે એ. આ ૩૭મા, હોં! ૩૬નો આવી ગયો છે. એને ભેગું કરે છે હવે. ૩૬નો આવી ગયો છે. આ લોકનો .. આવી ગયું છે. છતાં બેનો ભેગો કરે છે.

**શ્લોકાર્થ :-** '**આમ પૂર્વોક્ત પ્રકારે ભાવકભાવ...**' એટલે આત્મા આનંદસ્વરૂપ જ્ઞાન અને ભાવક એવું જે કર્મ જડ, એનાથી ઉત્પન્ન થયેલો પુણ્ય-પાપનો ભાવ, એ ભાવકનો ભાવ (છે) એનાથી હું જુદો છું. સમજાણું કાંઈ? ભેદજ્ઞાન થતાં, '**ભાવકભાવ અને જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થતાં...**' બેય લેવા છે ને? ભગવાન આત્મા એ કર્મ જે ભાવક છે, ભાવના ઉત્પન્ન કરવાનું નિમિત્ત અને તેનાથી થયેલો ભાવ એ બધો ભાવકભાવ પરમાં જાય છે. '**અને જ્ઞેયભાવોથી...**' ભાવકભાવથી એટલે ભાવ કર્મ એનો ભાવ.. એનાથી અને જ્ઞેયભાવો-શરીર, વાણી, મન, પર જીવ, પુદ્ગલ એ જાણવાયોગ્ય છે. હું જાણનાર છું. એમ '**જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થતાં સર્વ અન્યભાવોથી જ્યારે ભિન્નતા થઈ...**' સર્વ અન્યભાવોથી દૃષ્ટિમાં જ્યારે જુદો પડ્યો '**ત્યારે આ ઉપયોગ છે તે પોતે જ પોતાના એક આત્માને જ ધારતો,...**' એ ઉપયોગ એટલે આત્મામાં ઠર્યો. ઉપયોગ જે આમ જે હતો આ મારા... મારા... મારા... એનાથી ભિન્ન પડ્યો. એ જાણવા-દેખવાનો ઉપયોગ આત્મામાં ઠર્યો. સમજાણું કાંઈ? '**પોતે જ પોતાના એક આત્માને...**' પોતે જ પોતાના એક આત્માને. એક જ આત્માના ઉપયોગમાં એ અનેકપણે જે આમ માની-માની રાગાદિ, ભાવાદિ.. આહાહા..! અંતરમાં આત્મા તરફ વળતાં એ જ્ઞાનનો ઉપયોગ પોતે પોતાના એક આત્માને જ '**ધારતો,...**' અથવા ઉપયોગ સ્વરૂપે લીન થતો.

'**જેમનો પરમાર્થ પ્રગટ થયો છે એવા દર્શનજ્ઞાનચારિત્રથી જેણે પરિણતિ કરી છે...**' જુઓ! જેમનો પરમાર્થ પ્રગટ થયો છે એવા. જુઓ! અહીંયાં દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પર્યાયને અહીં મોક્ષમાર્ગ કહે છે. ભાઈ! જુઓ! આ જીવસ્વભાવ જે છે એવો જે .. જ્ઞાને પરિણમ્યો એવી દશાને જ અહીંયાં દર્શનજ્ઞાનચારિત્ર કહે છે. વિકલ્પ વ્યવહાર-ફ્હેવાર જે છે એને મોક્ષમાર્ગ કહેતા નથી. કારણ કે એ જીવસ્વભાવથી અન્ય દ્રવ્યના સ્વભાવવાળો છે. કહો. હવે એને ઠેકાણે આ લોકો કહે, એઈ.. વ્યવહાર મોક્ષમાર્ગ છે, સાધન છે. ભાઈ! તારા સ્વભાવને સાધન તું હોય કે તારા સ્વભાવને સાધન વિપરીત ભાવ હોય?

'**જેમનો પરમાર્થ પ્રગટ થયો છે એવા દર્શનજ્ઞાનચારિત્રથી જેણે પરિણતિ કરી છે એવો,...**' ભગવાન આત્મા. દર્શન-સમ્યક્ નિર્વિકલ્પ શ્રદ્ધા, આત્માનું સ્વસંવેદન જ્ઞાન અને સ્વરૂપ આચરણની સ્થિરતા. એ ચોથેથી મોક્ષમાર્ગ શરૂ થઈ જાય છે. ચોથે ગુણસ્થાનથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ટીકામાં છે ને જુઓને! એ દર્શન જ્ઞાન ચારિત્ર ત્રણે એમાં આવી જાય છે, સાંભળને. કળશટીકામાં આવે છે. ... બધું છે, સાંભળને! .. ક્યાં અમે ના પાડીએ છીએ.

જેમનો પરમાર્થ પરમાત્મા આત્મા જ્ઞાનની મૂર્તિ અને આનંદની ખાણ, એનો અંતરમાં ઉપયોગથી ભેટો થતાં, ઉપયોગને અંતર વાળતા એકાકાર થઈ ગયો એમ કહે છે. જેમ ... ભિન્ન-ભિન્ન હતો આમ એકાકાર થયો. એને લઈને પરમાર્થ પ્રગટ થયેલા દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ કરી છે. સમ્યગ્દર્શન નિર્વિકલ્પ, સમ્યગ્જ્ઞાન સ્વસંવેદન, સમ્યક્ચારિત્ર અરાગી પરિણતિ, એને જેણે ચારિત્રથી પરિણતિ કરી છે. એ ત્રણ રૂપી જેની દશા પ્રગટ થઈ છે. લ્યો, અહીં તો આ જીવ અધિકારમાં તો આ લખ્યું છે. મોક્ષમાર્ગ વ્યવહાર-વ્યવહારની વાતેય કરી નથી. એ તો ક્યાંક બતાવ્યું છે એને નિમિત્તપણે છે એમ કરીને પંચાસ્તિકાયમાં કહ્યું, વ્યવહાર સાધક છે, સાધ્ય છે. ત્યારે ઓલા કહે, વ્યવહાર સાધક એ પહેલા હોય અને સાધ્ય પછી હોય. એ અહીં વાત ક્યાં છે? એ તો નિમિત્તપણું સાથે હોય છે. .. આત્માની દૃષ્ટિ અને જ્ઞાન, રમણતા થઈ ત્યાં રાગની મંદતાનો વ્યવહારે અનુકૂળતાનો એવો ભાવ હોય તેથી એને વ્યવહાર સાધન કહેવામાં આવે. વસ્તુ તો એમ છે. પણ ઓલા લખાણ આવે ને પંચાસ્તિકાયમાં, તત્ત્વજ્ઞાન તરંગિણીમાં. આવે છે. વ્યવહાર પહેલો, વ્યવહાર સાધક, નિશ્ચય સાધ્ય. પહેલો વ્યવહાર પછી નિશ્ચય. એ તો એના પ્રકાર છે. છઠ્ઠા ગુણસ્થાનમાં વિકલ્પ હોય છે. સાતમે આઠમે નથી હોતો. ત્યાં એમ વાત છે.

અહીં તો કહે છે કે પરમાત્મા પોતે જ પરમ સ્વરૂપે જ્યાં પ્રગટ થાય છે ત્યારે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની નિર્વિકારી પરિણતિ થાય છે. એને મોક્ષમાર્ગ કહ્યો. જુઓ! દર્શન-જ્ઞાન-ચારિત્રને. સમજાણું કાંઈ? જીવનું સ્વભાવ શક્તિના સામર્થ્યમાં અવલંબન લેતા જે સ્વભાવની શ્રદ્ધા, શ્રદ્ધાગુણ-શ્રદ્ધારૂપ સ્વભાવ, સ્વભાવના જ્ઞાનરૂપ સ્વભાવ. સ્વભાવના સ્થિરતારૂપ સ્વભાવ. એવા દર્શન જ્ઞાન ચારિત્રની પરિણતિ એણે પોતે કરી છે.

**'એવો પોતાના આત્મારૂપી બાગ (ક્રીડાવન)માં જ પ્રવૃત્તિ કરે છે,...'** આત્મા આત્માના બાગમાં એટલે પોતાના બાગમાં સ્વરૂપમાં રમત કરે છે. એને રમવાનું સ્થાન એ છે. રાગાદિ મારા નથી, શરીરાદિ મારા નહિ, પરદ્રવ્ય મારા નહિ એટલે રમવાનું ક્યાં રહ્યું એને? કાગડાને ઉડી ઉડીને જાવું ક્યાં? વહાણ ઉપર બેઠો હોય કાગડો. ખબર ન હોય ને વહાણ ચાલ્યું આઘું બે ચાર ગાઉ. ઉડીને જાય ક્યાં એ? સમજાણું? કાગડા ઉડી ઉડીને ત્યાં જ આવે છૂટકો. ... એમ જ્યાં પરદ્રવ્ય મારું નથી એમ જ્યાં ભાન થયું તેને ઠરવાનું રહ્યું શું? કે આત્મા. સમજાણું કાંઈ? વજુભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સોનગઢ-સોનું. સોનું એટલે કાટ વિનાની ચીજ. ચૈતન્ય ભગવાન કાટ વિનાનો છે અંદર જ્ઞાનાનંદની મૂર્તિ, જ્ઞાનમૂર્તિ સ્વરૂપ છે. શરીર પ્રમાણે જ્યાં જુઓ ત્યાં આમ જણાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કે નહિ? જણાય છે કે નહિ? જાણનાર... જાણનાર... જાણનાર.. બધે છે કે નહિ? પેટમાં પણ જાણનાર દેખાય છે કે નહિ? પેટમાં દુઃખે એ ખ્યાલ આવે કોને? પેટ જાણતું હશે? અને દુઃખ થાય એ અહીં થશે? દુઃખ તો બીજી ચીજ છે, વિકાર છે. જાણનાર અહીં દેખાય છે. એ ચૈતન્ય આખા શરીરમાં ભિન્ન વ્યાપે છે. અંદરમાં અંદર હોય તો કહે, એ આમાં મને અંદરમાં કાંઈક થાય છે. અંદર બધે આત્મા છે ને. જ્ઞાન વ્યાપક અરૂપી શરીર પ્રમાણે ભિન્ન પદાર્થ છે.

જ્યાં ત્યાં એ જાણનાર... જાણનાર.. જાણનાર... જાણનાર... જાણનાર.. ઊભો છે. એ જાણનારને જ્ઞેયને ફક્ત જાણવાનો સ્વભાવ છે. મારો જાણવાનો એમાં સ્વભાવ નથી. એવો ભગવાન જ્યારે આત્મા, સ્વદ્રવ્યથી અને ભાવ્યભાવકથી જ્યારે જુદો જાણવામાં આવ્યો એટલે પોતાના આત્મા રૂપી બાગમાં પ્રવૃત્તિ કરે છે. આત્મરૂપી બાગ એ પોતે છે. અભેદ છે, હોં! સમજાણું? **'અન્ય જગ્યાએ જતો નથી.'** પોતાની ચીજને આત્મા આનંદમૂર્તિ છે એમ જાણી એટલે એ દૃષ્ટિ અને જ્ઞાન બીજે ક્યાંય પોતાનું માનતો નથી. પોતામાં એકાગ્ર થઈને પોતાના આત્મરૂપી બાગમાં આત્મ રમણતા કરે છે. આ એનું નામ મોક્ષનો માર્ગ છે. કહો, સમજાણું આમાં? સોંઘી વાત મોટી. કોઈ દિ' સાંભળી ન હોય. અને બહારના કડાકુટામાં માન્યું હોય. હવે એમાંથી કાંઈક નીકળ્યું બીજું.

કહે છે કે જ્યાં આત્માનું સ્વરૂપ જ આનંદમૂર્તિ પરની અપેક્ષા વિનાનું નિરપેક્ષ દૃષ્ટિમાં આવ્યું એટલે એ આત્માને તો રહેવાનું સ્થાન પોતાનું ભાળ્યું. હવે એને ક્યાંય બીજે રહેવાનું નથી. એનો ઉપયોગ ક્યાંય બીજે ઠરે નહિ. એનું નામ આત્મા, એનું નામ જીવ તત્ત્વ. અજીવથી ભિન્ન જુદો પડ્યો. અજીવ-રાગાદિથી જુદો પડ્યો અને પરદ્રવ્ય આદિથી જુદો (પડ્યો). એકલો ચૈતન્ય સ્વભાવમાં આવ્યો એટલે એને રમવાનું-એકાગ્ર થવાનું સ્થાન તો એ જ રહ્યું. બીજું રહ્યું નહિ. **'અન્ય જગ્યાએ જતો નથી.'** જુઓ! અસ્તિ-નાસ્તિ કરી. પ્રવૃત્તિ અંતરમાં કરે છે અને પરમાં કરતો નથી.

**'ભાવાર્થ :- સર્વ પરદ્રવ્યોથી તથા તેમનાથી ઉત્પન્ન થયેલા ભાવોથી...'** પરદ્રવ્ય અને એના ઉત્પન્ન થયેલો વિકાર **'જ્યારે ભેદ જાણ્યો...'** સમજાણું? આ દાગીનો મારો નહિ ભાઈ, આ દાગીનો કો'કનો છે, એમ જાણ્યું પછી પોતાની ચીજમાં એને ખતવે નહિ. જુદો રાખો, આપણું ભલે આપણી પાસે રહ્યું. પણ એનું જુદું રાખો. **'પરદ્રવ્યોથી તથા તેમનાથી ઉત્પન્ન થયેલા ભાવોથી...'** આત્મા ચૈતન્યસ્વરૂપ આનંદમૂર્તિ જુદો જાણ્યો, **'જ્યારે ભેદ જાણ્યો ત્યારે ઉપયોગને રમવાને માટે પોતાનો આત્મા જ રહ્યો,...'** એ ભેદથી વાત કરી છે. ઉપયોગ સ્વરૂપ જ આત્મા રહી ગયો, એમ. સમજાણું કાંઈ? આમ જતો એ આમ થયો, એટલો ભેદ પાડીને સમજાવે છે. **'ઉપયોગને રમવાને માટે પોતાનો આત્મા જ રહ્યો,...'** એટલે કે ઉપયોગ જે રાગ-દ્વેષને પોતાનો માનતો હતો એ જ્ઞાન દર્શન ઉપયોગ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્માના આનંદ સહિતવાળો આત્મા તેને જાણ્યો એટલે એને રહેવાનું સ્થાન માનવાનું, જાણવાનું અને રમવાનું સ્થાન એક જ આત્મા રહ્યો. '**અન્ય ઠેકાણું ન રહ્યું.**' બીજું સ્થાન એને રહ્યું નહિ. રાગાદિ આવી જાય પણ ત્યાં ઠરવાનું ઠેકાણું માનતો નથી. '**આ રીતે દર્શનજ્ઞાનચારિત્ર સાથે એકરૂપ થયેલો તે આત્મામાં જ રમણ કરે છે એમ જાણવું.**' આ છેલ્લી ગાથા છે ૩૮મી. સમજાણું? ૩૮ સુધી જીવનું સ્વરૂપ કહ્યું. અને ગુરુએ કહ્યું તે શિષ્યને પ્રગટ્યું, એમ કહે છે.

'**હવે એ રીતે દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ પરિણત થયેલા આ આત્માને...**' જુઓ! દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ પરિણત થયેલા આત્માને. નિશ્ચય સ્વરૂપ આ છે કે આ વ્યવહાર સ્વરૂપ છે? દર્શનજ્ઞાનચારિત્ર કહ્યું છે.

મુમુક્ષુ :- એ પણ પરિણત છે ને.

ઉત્તર :- એ પરિણત છે ને, એમ કહે છે. શુભરાગના સમ્યગ્દર્શન વ્યવહાર પરિણત છે. પરિણમ્યો છે. પરિણત એ નથી. ખરો પરિણત નથી. ખરો પરિણત તો શુદ્ધપણે પરિણમે એ એનું પરિણત કહેવાય. અશુદ્ધપણાનું પરિણમન જ નથી ખરું. સમજાણું? એ તો વ્યવહારમાં ગયું. બીજામાં વયું ગયું.

દર્શન-આત્માની પ્રતીતિ, આત્માનું જ્ઞાન અને આત્માને દેખવું અને આત્મામાં રમવું એ રીતે પરિણત નામ અવસ્થારૂપે થયેલો '**આ આત્માને સ્વરૂપનું સંચેતન...**' એને આત્માનું વેદન, આત્માનું સમ્યક્ પ્રકારે ચેતવું, જાણવું, અનુભવવું '**કેવું હોય છે એમ કહેતાં આચાર્ય આ કથનને સંકોચે છે,...**' લ્યો! જીવનો અધિકાર ૩૮ ગાથાએ પૂરો કરે છે. '**સમેટે છે :-**' લ્યો!

**अहमेक्को खलु सुद्धो दंसणणाणमइओ सदारूवी।**
**ण वि अत्थि मज्झ किंचि वि अण्णं परमाणुमेत्तं पि।।३८।।**
**હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;**
**કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે! ૩૮.**

જુઓ આ સંચેતન ધર્મીનું આવું હોય છે એમ અહીંયાં સરવાળો કરે છે. ૩૮ ગાથા સુધી આત્મા એને સમજાવ્યો. ત્યારે શું સમજ્યો અને શું પ્રગટ્યું અને કેમ વેદે છે આત્માને. આ રીતે આત્માને જાણે અને વેદે છે. સંચેતે છે એટલે અનુભવે છે. સમજાણું? એમાં ન્યાય છેકથી મૂકે પાછા, હોં! અનાદિનો અજ્ઞાની હતો, અપ્રતિબુદ્ધ એ બધું કહેશે. શરૂઆત પાછી ઈ કરશે. સંચેતન થયું ત્યારે આવું એણે વેદ્યું. હું તો આત્મા શુદ્ધ આનંદ એકરૂપ છું. એમ જેવું ગુરુએ કહ્યું હતું એવું જાણ્યું અને અનુભવ્યું ત્યારે આત્મા એણે જાણ્યો. એનું નામ આત્મા થયો. એ આત્મા થઈને આત્મા જાગ્યો. એનું વિશેષ કહેશે. ૩૮માં કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૨, સોમવાર તા. ૧૪-૧૧-૧૯૬૬**
**ગાથા-૩૮, પ્રવચન-૧૦૨**

આ 'સમયસાર' જીવ-અજીવ અધિકાર. ૩૮મી ગાથા. આ જીવ અધિકારની છેલ્લી ગાથા (છે). ગાથા બોલાઈ ગઈ છે. ફરીને.

**अहमेक्को खलु सुद्धो दंसणणाणमइओ सदारूवी।**
**ण वि अत्थि मज्झ किंचि वि अण्णं परमाणुमेत्तं पि।।३८।।**
**હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;**
**કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે! ૩૮.**

એની ટીકા. ધર્મ પામેલો આત્મા પહેલો કેવો હતો અને પછી પામ્યો ત્યારે કેવો થયો એનું આ વર્ણન છે. આત્માના ભાન વિનાનો કેવો હતો અને પછી આત્માના ભાનવાળો એટલે ધર્મી થયો ત્યારે પોતાના આત્માને કેવો જાણે, શ્રદ્ધે અને અનુભવે છે એની આ વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? પાઠ તો અસ્તિથી છે. '**अहमेक्को**' અસ્તિથી છે. પણ પહેલું એમાંથી નહિ સમજેલો અનાદિનો એ પહેલું કાઢ્યું. વાત તો એ છે કે અહં આ છું. પણ એમાંથી પહેલું એ છું એ નહોતો સમજ્યો ત્યારે કેવો હતો?

'**જે અનાદિ મોહરૂપ અજ્ઞાનથી...**' મૂળ તો '**મોહોન્મત્ત**' એમ છે. મોહરૂપ અજ્ઞાન ભર્યું હતું. એ બે ભેગું. અજ્ઞાન અને મોહ બે એક જ. અનાદિથી મોહ એટલે ભ્રાંતિને લઈને ઉન્મત્તપણાને લીધે, ઘેલછાઈને લઈને. ઘેલછાઈ હતી, પાગલાઈ-પાગલપણું.

મુમુક્ષુ :- ઉન્મત્તપણું..

ઉત્તર :- હા, કહે છે ને એ. અનાદિ મિથ્યાત્વરૂપી અજ્ઞાનથી ગાંડો હતો. એટલે પાગલ હતો. એટલે કે પુણ્ય અને પાપને આત્મા માનતો, જડને આત્મા માનતો, પરમાં સુખ માનતો, પોતામાં આનંદ છે એનો અનાદર કરતો એવો એ પાગલ હતો. મિથ્યાદૃષ્ટિ એટલે ઉન્મત્ત. સમજાણું કાંઈ? '**અનાદિ મોહરૂપ...**' પોતાના મોહથી છે, હોં! કર્મ-ફર્મની અહીં વાત નથી.

મુમુક્ષુ :- કર્મની...

ઉત્તર :- કર્મની વાત પણ શું છે? એ પોતે ભૂલ્યો એમાં કર્મનું કામ શું છે અહીં?

'**અનાદિ...**' અનાદિથી નિગોદથી માંડીને, એમ કહે ને. પહેલેથી એમ નહિ, નિગોદથી માંડીને મોહથી ઉન્મત્ત થયેલો ભગવાન આત્માને ભૂલીને જે આત્મા જે રીતે જે સ્વરૂપે છે એ રૂપે, એ રીતે નહિ માનતો ઉન્મત્તપણાને લીધે, ગાંડપણને લઈને '**અત્યંત અપ્રતિબુદ્ધ હતો...**' અત્યંત બેભાનમાં હતો. આત્મા જ્ઞાયક ચૈતન્ય કોણ છે એનું કાંઈ ભાન નહિ. જેને-તેને પુણ્ય ને પાપ ને દેહ ને વાણી ને આ ને આ, ઈન્દ્રિયો ને શરીર ને કર્મ ને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બાહ્ય ચીજોને પોતાની માનતો. પુણ્ય-પાપના વિકલ્પો રાગ એ પણ બાહ્ય ચીજ છે, એ આત્મા નથી. બીજી રીતે કહીએ તો એ આસ્રવને, અજીવને પોતાના માનતો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિની, આ શું કહે છે? અજ્ઞાનીની તો વાત છે અહીં. અજ્ઞાની અનાદિનો હતો એ તો સમજ્યો. એની તો વાત ચાલે છે. મુનિની ક્યાં વ્યાખ્યા છે?

'**અનાદિ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે...**' તો વાત ચાલે છે અહીંયાં. એ '**અત્યંત અપ્રતિબુદ્ધ હતો...**' બિલકુલ આત્મા શું ચીજ છે એનું કાંઈ ભાન નહોતું. સમજાણું કાંઈ? શરીર ને આ ને આ. એની દૃષ્ટિ આમ આમ (હતી). આખો ચૈતન્ય ભગવાન આનંદકંદ હું એવી નિરાળી ચીજ (છું) એના ભાન વિનાનો અપ્રતિબુદ્ધ અને અજ્ઞાની હતો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અત્યંત ઘણો અજ્ઞાની હતો. ભાન વિનાનો જરીએ કંઈ પણ. આ જુઓને, આ ઢોરાદિક દેખાય છે ને. બસ, એની ચેષ્ટા જુઓ તો આ.. અંતર આત્મા કોણ એ ક્યાં છે? આ શરીર ચાલ્યું, આ બોલ્યો બધું, હું આ, હું આ એ બધું હું. શરીરમાં અવાજ આવે. જુઓને! આ કોયલને આવે. શું કહેવાય? કાબરને આવે, મોરને આવે. એ જાણે એ જાતના અવાજવાળો હું. એવા દેહના આકારવાળો જ હું. એનો કાંઈક અવયવ તૂટે તો મારો અવયવ તૂટી ગયો. એમ પરને જ કોઈ રીતે પણ ગાંડપણે અત્યંત અપ્રતિબુદ્ધપણે માનતો હતો. સમજાણું કાંઈ?

હવે '**વિરક્ત ગુરુથી...**' જુઓ! જ્ઞાની ગુરુ દ્વારા '**નિરંતર સમજાવવામાં આવતાં...**' એનો અર્થ, ધર્માત્મા મુનિ કાંઈ નિરંતર નવરા ફુરસદવાળા ન હોય. પણ '**अनवरतं**' શબ્દ છે એ શિષ્યને એને એવો બોધ આપ્યો કે શિષ્યને વારંવાર ભણકાર વાગ્યો. વારંવાર યાદ કરે અને વારંવાર યાદ કરે એટલે '**નિરંતર સમજાવવામાં આવતા...**' એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગુરુ નિરંતર સમજાવે તો વાંધો શું છે?

ઉત્તર :- નિરંતર વિકલ્પ તો કોઈવાર આવે. ધર્મલોભી જીવને દેખીને વિકલ્પ કોઈવાર આવે એમ કહ્યું છે. નહિતર તો ધર્માત્મા સંત મુનિ તો શુદ્ધઉપયોગમાં જ રમતા હોય છે. અહીં મુખ્યપણે એ વાત લીધી છે. સમજાય છે? એ તો શુદ્ધઉપયોગનું રમવું એ જ મુનિનું કર્તવ્ય છે. પણ કોઈ ધર્મના લોભી જીવને દેખીને પોતાને રાગનો વિકલ્પ ઊઠે છે, કહી દ્યે છે કે આ માર્ગ છે, ભાઈ! અશુભભાવ તો એને હોતો નથી. શુભભાવ આવા ધર્મના લોભી જીવને દેખીને (આવે છે). ધર્મના પ્રેમી જેને ધર્મ સમજવો છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે ઈ અને આમાં પણ આવે છે. .. આવે છે ને 'પ્રવચનસાર'માં. સામ્ય જ અંગીકાર કર્યું- શુદ્ધોપયોગ. પણ કષાયનો કણ જરી વચમાં આવે છે તો પંચ મહાવ્રતનો વિકલ્પ હોય કે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આ સમજાવવાનો વિકલ્પ હોય એવો ભાવ હોય. મુખ્યપણે મુનિની વાત છે, મુખ્યપણે. ગૌણપણે સમકિતીની અને પાંચમાની છે.

એ '**વિરક્ત...**' '**निर्विण्णेन**' શબ્દ છે ને? જુઓને! '**निर्विण्णेन**'. અજ્ઞાની ગુરુ, એમ નહિ. દ્રવ્યલિંગી નહિ. એને નિમિત્ત જ એવું હોય છે સમજાવનાર કે જેની પાત્રતા હોય એને જ્ઞાનીના જ વાણીનું નિમિત્ત હોય છે. એથી '**निर्विण्णेन गुरुणा**' કહ્યું છે. સમજાણું કાંઈ? અને '**નિરંતર સમજાવવામાં આવતાં...**'નો અર્થ કે એને એક વાર બે વાર કહ્યું. વારંવાર એને ઘોલન ચાલે છે. સમજનારને વારંવાર (ઘોલન ચાલે છે). જેમ કાનમાં કીડા પડે કૂતરાને એમ એનું લક્ષ જાય વારંવાર. કૂતરા સમજો છો? એને કાનમાં એ શબ્દ (ગુંજે) છે-આત્મા શુદ્ધ ચૈતન્ય છે. એમ એકવાર કહ્યું કે બે-ચારવાર કહ્યું. વારંવાર ધૂન... ધૂન... ધૂન ચડી એને. મૂળ તો ઈ કહેવા માગે છે. સમજાણું કાંઈ? એને સમજવામાં ધૂન ચડી. એ રીતે '**નિરંતર સમજાવવામાં આવતાં...**' અથવા નિરંતર સમજવાનો પ્રયત્ન કરવામાં આવતા. એમ છે. લખેલા પાઠના અર્થ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. સમજાવવામાં આવતા. નિરંતર તો કંઈ નવરા છે? ફુરસદ છે આખો દિ'?

મુમુક્ષુ :- ..થોડી ચિંતા ઘટી ને...

ઉત્તર :- ઘટે શું? ઓલો સમજે ત્યારે એની ચિંતા ઘટે. નિરંતર નિર્વિકલ્પ, વિરક્ત ગુરુથી જેને મિથ્યાત્વ અને અવ્રતપણાની નિવૃત્તિ થઈ છે, છૂટી ગયું છે. સમજાણું કાંઈ? જેની નિર્ગ્રંથ દશાની મુખ્યતા અહીં વર્ણવી છે. મિથ્યાત્વ ટળતા પણ એટલો તો નિર્ગ્રંથ છે. અહીં તો અવ્રત ટળીને જે નિર્ગ્રંથ થયો છે.

'**વિરક્ત ગુરુથી...**' એવા સંતો શુદ્ધોપયોગમાં રમનારા, એને મળ્યા, એને આ. જુઓ એકલી સીધી વાણી સાંભળી એમ નહિ, ભાઈ! એની મેળાએ પુસ્તક વાંચ્યા એમ નહિ. એમ કહેવા માગે છે. એને ઉપદેશક જ્ઞાની મળ્યા છે એમ કહે છે.

મુમુક્ષુ :- ન મળે તો શું કરવું?

ઉત્તર :- ન મળે તો એ વસ્તુની યોગ્યતા જ એની નથી. એ શૈલી આ તો અગમ્યગમ્યની વાતું, બાપા! 'સમયસાર' એટલે 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા. ગંભીર-ગંભીર ભાવથી ભરેલું તત્ત્વ. એક એક શબ્દમાં અંદરમાં મહાન ઊંડપ અને ગંભીરતા. જુઓને!

અનાદિ મોહથી ગાંડો થયેલો એમ કહીને એનો દોષ બતાવ્યો. અત્યંત અપ્રતિબુદ્ધ હતો. એ પણ વિરક્ત નિવૃત્તિવાન સંતોના નિરંતર સમજાવવાથી '**જે કોઈ પ્રકારે...**' મહાપુરુષાર્થથી. કોઈ પ્રકાર એટલે મહાભાગ્ય નામ પુરુષાર્થથી. જુઓ! હવે એ '**સમજાવવામાં આવતાં...**' એટલે સમજવાનો વિકલ્પ તો વારંવાર (આવે છે), આ શું છે? આ શું છે? આ વખાણ

કરે છે. ચૈતન્ય છે ને ભગવાન છે અને ભાળતો નથી. છે શું આ? સમજાણું? એની અંતર ધૂન લાગી, ધૂન. એને કોઈપણ પ્રકારે પુરુષાર્થથી '**સમજી,...**' લ્યો! એ સમજ્યો. પોતાથી, પુરુષાર્થથી સમજ્યો.

મુમુક્ષુ :- સમજાવવામાં આવતા (એમ) છે.

ઉત્તર :- સમજાવવામાં આવતા સમજ્યો. એ નિમિત્તના.. દેશનાલબ્ધિ આપનાર જ્ઞાની ગુરુ સમર્થ છે એટલું બતાવવા એ વાત કરી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ વિના અંદર ચાલે ત્યારે સમજે એવું છે. હોય છે એને. પણ એવો ઉપદેશ એને જ્ઞાનીનો જ હોય છે. એટલી વાત સિદ્ધ કરે છે. અનાદિ. સમજાય છે? 'યહી નહિ હૈ કલ્પના, યહી નહિ વિભંગ. કઈ નર પંચમકાળમેં પામ્યા વસ્તુ અભંગ.' એ ગુરુની દેશનાલબ્ધિ અને કાળલબ્ધિ હોય છે ત્યારે આ સ્થિતિ એને પ્રાપ્ત થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**કોઈ પ્રકારે (મહાભાગ્યથી)...**' ભાગ્ય શબ્દે અહીં પુરુષાર્થ લેવો. પુણ્ય નહિ. પુણ્યથી સમજે કે નહિ? આત્મા સમજાય કે નહિ પુણ્યથી? નહિ? અરે..! એના બાપના માથા ફોડે એવો છે. સાધુ પાસે જઈને માથા ફોડે એવો છે. કહો, સમજાણું? રાતે નહોતો બોલાવ્યો થોડો? એ ત્રણ વર્ષથી .. બોલે છે, અત્યારથી નહિ. સમજાણું? એ સમજીને. આત્મા છે ને. ગમે ત્યાં. કહે, નહિ.

'**સાવધાન થઈ,...**' લ્યો! '**प्रतिबुध्य**' છે ને? '**कथञ्चनापि प्रतिबुध्य**' કોઈપણ પ્રકારે કાળલબ્ધિ છે, દેશનાલબ્ધિ મળી છે અને પુરુષાર્થની જાગૃતિ (છે), એમ. હવે એને દાખલો આપે છે '**જેમ કોઈ મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય...**' લ્યો! સોનાનો દાખલો. '**જેમ કોઈ મૂઠીમાં રાખેલું સુવર્ણ...**' જુઓને! આમ હાથમાં સોનું હોય, દાતણ કરવા બેઠો હોય, દાતણ. પછી આમ હાથમાં હોય ઈ ભૂલી જાય. દાતણ કરતો કરતો સોનું આવ્યું અને પડી ગયું કે છૂટી ગયું. એક હાથમાં રહ્યું. એલા સોનું ક્યાં ગયું? ઓલી મૂઠીની ખબર રહી નહિ. મૂઠી એમ ને એમ વળેલી રહી. સમજાય છે? .. થાય દાંતણ કરવા બેસે ત્યારે સોનાનો દાગીનો હોય એ તૂટી ન જાય એટલે ત્યાં ઓલો ટોડલો હોય ને ટોડલો? ટોડલો સમજાય છે બારણાનો? બારણું હોય ને બારણા? હવે તો કોણ જાણે તમારે... મોઢા આગળ લાકડું કાઢેલું હોય આખું. ટોડલો બહાર કાઢ્યો હોય. ત્યાં મૂકી દે પહેલું. દાંતણ કરે ત્યારે. દાંતણ કરીને જ્યાં ઉઠે, ઓલું મૂક્યું હતું એણે અને પાછું ભૂલી ગયો.

'**મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય...**' દાખલો સોનાનો છે. '**તે ફરી યાદ કરીને...**' તે ફરી યાદ કરે. '**તે સુવર્ણને દેખે તે ન્યાયે,...**' એટલી વાત છે, હોં! '**करतलविन्यस्तविस्मृतचामीकरावलोकनन्यायेन**' વિસ્મૃત છે ને? એટલે ભૂલી ગયો. એને ફરીને યાદ કર્યું. એમાંથી પછી કાઢ્યું. ન્યાય છે ને. '**પોતાના પરમેશ્વર આત્માને...**' એમાંથી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લેવું. '**ભૂલી ગયો...**' નામ ઓલા સોનાની તો ખબર હતી પહેલી. પણ આત્માની ખબર હતી અને ભૂલી ગયો એમ ન લેવું. સમજાણું કાંઈ? મુઠ્ઠીમાં સોનું હતું, મૂક્યું ને ભૂલી ગયો. આ દોકડો હોય છે ને કેટલાકને. હાર હોય ને આમ? એટલે ઓલું કરે તો આમ નાખી દે. હારનો ભાગ આ લટકતો હોય ને આમ? એ હાર આમ નાખી દે એટલે.. એલા ક્યાં ગયો? હોય તો આમ. .. ઉતારી નાખ્યું. અહીં તો છે પણ અહીં જોવા જાય. આ રહ્યું એલા. આમ વળી સવળું કરે.

'**પરમેશ્વર...**' આ પાઠ જોયો? '**परमेश्वरमात्मानं**' આહાહા..! પોતે મહા અનંત.. અનંત... અનંત વીર્ય શક્તિ સંપન્ન પ્રભુ પરમેશ્વર આત્મા છે. '**(સર્વ સામર્થ્યના ધરનાર)...**' ભાષા જુઓ! '**(સર્વ સામર્થ્યના ધરનાર)...**' સર્વ સામર્થ્ય નામ પોતામાં પોતાનું કરવા માટે, હોં! બીજાનું કરવા માટે સર્વ સામર્થ્ય (નહિ). કેટલાક કહે છે કે આત્મામાં અનંત શક્તિ ખરી, સર્વ સામર્થ્ય નહિ. કેમ? કે બીજાના કર્મને ટાળી દે, બીજાનું કરે તો સર્વ સામર્થ્ય કહેવાય. એવું આવે છે છાપામાં. સમજાણું કાંઈ? ઓલા છે ને માણેકચંદજી? ફિરોજાબાદ. એણે લખ્યું છે. સર્વશક્તિમાન ભગવાન નહિ-આત્મા નહિ. અનંત શક્તિવાન કહો. સર્વશક્તિવાન કેમ? બીજાના કર્મ નાશ કરી દે એવું કરે એ તો એના અધિકારમાં નથી. તેથી સર્વશક્તિમાન નહિ.

અહીં તો કહે છે કે પોતાનો પરમ ઈશ્વર છે. ઉત્કૃષ્ટ ઈશ્વર સામર્થ્ય. પોતાનું પોતામાં કરવા માટે અને પોતાની ઈશ્વરતા પોતામાં ભરેલી છે. સર્વ ઈશ્વર છે, પૂર્ણ ઈશ્વર છે, સર્વ ઈશ્વર છે, અનંત ઈશ્વર છે. સર્વેશ્વર ભગવાન છે. લ્યો, શું કીધું? સમજાણું કે નહિ? સર્વેશ્વર આત્મા છે. એક એક અનંત ગુણના એક એક સામર્થ્ય પૂર્ણ અને એની પર્યાયમાં પ્રગટ કરે તો સામર્થ્ય પૂર્ણ. '**પોતાના પરમેશ્વર આત્માને...**' સર્વ સામર્થ્યનો ધરનાર '**આત્માને ભૂલી ગયો હતો તેને જાણીને,...**' કહો, સમજાણું? '**ज्ञात्वा**' છે ને? '**परमेश्वरमात्मानं ज्ञात्वा**' આ વાત જ પાધરી લીધી છે. બીજું જાણપણું ઓછું હોય તો એની સાથે કાંઈ સંબંધ નથી. ભગવાન પરમેશ્વર આત્મા એને જાણીને. એમાં એમ નથી કે આ જડ અને આત્મા જાણ્યા.. એ બધું આ જાણ્યું એમાં બધું આવી ગયું. સમજાણું કાંઈ?

પોતાનો પરમેશ્વર આત્મા બાદશાહ અનંત ગુણનો ધણી, એ રાગની આડમાં સંતાડીને પડ્યો છે ઈ. આડ સમજે? રાગની ઓથ-ઓથ. એનું લક્ષ લઈને પડી (રહેવું) વસ્તુ શું છે એનું ભાન ભૂલી ગયો છે. મહા પરમેશ્વર, એને જાણીને. દેખો! પહેલું જાણવું લીધું છે કારણ કે અનુભવ વિના, એના જ્ઞાન વિના પ્રતીતિ કોની કરવી? આ વસ્તુ છે એમ જ્ઞાનમાં આવ્યા વિના પ્રતીતિ કોની? એ ૧૭-૧૮માં આવી ગયું છે. ૧૭ અને ૧૮. '**जह णाम को वि पुरिसो रायाणं जाणिऊण**' એમાં એ આવી ગયું છે. ગધેડાના શીંગડા નથી. તો જાણ્યા નથી એને પ્રતીત કેવી? એમ જ્ઞાન અને અનુભૂતિ આ આત્મા એમ જાણ્યા વિના શ્રદ્ધા કેવી? સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'આત્માને ભૂલી ગયો હતો તેને જાણીને,...'** ભૂલી ગયો હતો એને જાણીને. ભૂલી ગયોનો અર્થ એ કે અનાદિથી ભૂલેલો છે. સમજાય છે? સોનામાં તો કદાચ ત્યાં ખ્યાલ પહેલો હતો, મૂકી દીધું હતું. એમ અહીં ન લેવું. દાખલાનો બધો સિદ્ધાંત કાંઈ લાગુ ન પડે. ભૂલી ગયો હતો એટલું અહીં લેવું. તેને '**ज्ञात्वा**'. એ અપ્રતિબુદ્ધ હતો અત્યંત, એ આ '**ज्ञात्वा**' થયો. પોતાના જ્ઞાનસ્વરૂપ એકલો ચૈતન્યમૂર્તિ દેહ ભિન્ન કેવલ ચૈતન્ય. દેહ ભિન્ન કેવલ ચૈતન્યનો અર્થ રાગ પણ ભિન્ન. 'શ્રીમદ્'માં અપૂર્વ અવસરમાં આવે છે. 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો.' દેહ ભિન્ન તો પછી એકલા પરિષહ એમ નહિ. કેવળ ચૈતન્યમાં આવી ગયું પાછું. એકલો જ્ઞાનની મૂર્તિ ચૈતન્યપ્રકાશ, ચૈતન્ય જ આ એકલો ચૈતન્ય છે. એમ જાણીને.

**'તેનું શ્રદ્ધાન કરીને...'** એકલો જ્ઞાન સ્વભાવથી ભરેલો પૂર્ણ છું એમ જાણ્યું, અનુભવ્યું અને એનું શ્રદ્ધાન કરી અને **'તેનું આચરણ કરીને...'** એમાં ઠરીને. ત્રણે લેવું છે ને અહીં તો? આચરણ કરીને સ્વરૂપમાં ઠર્યો. **'(-તેમાં તન્મય થઈને)...'** જ્ઞાયકસ્વરૂપ પરમાત્મા પોતે છે પરમેશ્વર, એને જાણ્યો, માન્યો અને અનુભવ કર્યો. **'જે સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો,...'** લ્યો! ત્રણનું એકરૂપ કહ્યું. **'જે સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો,...'** શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પણ આત્મારામ અભેદ થયો. ભગવાન આત્માને જાણ્યો, શ્રદ્ધ્યો અને ઠર્યો. એવો સાચા પ્રકારે એક એકરૂપ અભેદ આત્મારામ થયો. લ્યો. અનાદિ અજ્ઞાની હતો એને ભાન થયું. બધું ઘણી વાત નાખી આમાં.

**'તે હું...'** હવે કહે છે, જુઓ! '**अहम**' ની વ્યાખ્યા આટલી થાય છે હજી તો. '**अहमेक्को**'. પછી '**एक्को**' ની વ્યાખ્યા પછી કરશે. '**अहम**' એટલી વ્યાખ્યા કરતાં એવો હું એવો અનુભવ કરું છું કે... હજી હું '**अहम**' '**अहम**'ની વ્યાખ્યા (કરે છે). '**अहम**' એટલે કોણ? આવો. પોતાનો પરમેશ્વર મેં જાણ્યો, શ્રદ્ધ્યો, ઠર્યો, સમ્યક્ પ્રકારે આત્મારામ, આત્મામાં એકત્વરૂપ પરિણામને પામ્યો તે હું.

**'એવો અનુભવ કરું છું કે : હું...'** એવો અનુભવ કરું છું કે **'હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું...'** જુઓ! એક ચૈતન્યમાત્ર જ્યોતિ. આત્મા દ્રવ્ય લીધું. એનો ચૈતન્યમાત્ર જ્યોતિ એ સ્વભાવ લીધો. **'હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું...'** સમજાણું કાંઈ? હું ચૈતન્યમાત્ર એકલો જ્ઞાયક-જ્ઞાયક જ્ઞાનસ્વભાવ. એકલો જ્ઞાનનો પુંજ જ જ્ઞાનમાં જણાણો. સમજાણું આમાં? આ બહુ સારી ગાથા આવી છે. આ વર્ષ બેસતું અને આજે બીજ છે તમારે.

મુમુક્ષુ :- બીજ હોય એ પૂનમ થાય.

ઉત્તર :- હા, બીજ હોય એ પૂનમ થાય ને પછી.

**'હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું...'** હું. જ્યોતિ છે કે નહિ? આ તો ચૈતન્યમાત્ર જ્યોતિ. એ સ્વભાવ ચૈતન્યમાત્ર જ્યોતિ હું છું, એમ. જેમ પેલું કીધું હતું ને '**नमः समयसाराय**'.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**चित्स्वभावाय भावाय**', '**भावाय चित्स्वभावाय**' ભાવ આત્મા. કેવો? '**चित्स्वभावाय**' એ પદાર્થ '**चित्स्वभावाय**'. ત્યારે અહીં કહે છે કે '**હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું...**' જુઓ! એમાં પુણ્ય ને વિકલ્પને કાંઈ ન આવ્યું. વ્યવહાર ક્યાં આત્મા હતો? એ તો વિકલ્પ આસ્રવતત્ત્વ હતો. શુભજોગ એ આસ્રવતત્ત્વ હતું. એ આત્મામાં આવતું નથી. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ પણ આસ્રવતત્ત્વ છે, શુભજોગ છે. આત્મા નહિ. સમજાણું કાંઈ?

'**ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે;...**' આહાહા...! જુઓ તો ખરા વાત. '**કે જે મારા જ અનુભવથી...**' કોઈના આશ્રય વિના, કોઈના પક્ષ વિના, કોઈના લક્ષ વિના. '**મારા જ અનુભવથી...**' લ્યો, અહીં તો અનુભવથી પ્રત્યક્ષ જણાય ત્યાંથી આ ચોથાથી માંડી છે. એ તો મુનિ છે તો છઠ્ઠાથી વાત કરી છે. મુનિ છે તો (છઠ્ઠાથી) વાત કરી છે. .. પણ ચારિત્રનો અંશ તો અનંતાનુબંધીના અભાવથી સ્વરૂપાચરણરૂપ દશા હોય છે. એને ચારિત્ર ગણ્યું છે એટલું. ઓલું ચારિત્ર નહિ. સમજ્યાને? બીજી ચોકડીનો અભાવ નહિ. એમાં વાંધા કરે. સ્વરૂપાચરણ ચોથે ન હોય. એલા પણ ચારિત્રની ૨૫ પ્રકૃતિમાની ચાર ગઈ અને કાંઈ થાય કે નહિ? ચારિત્રમોહની ૨૫ પ્રકૃતિ અને દર્શનમોહની ત્રણ. હવે ત્રણ ગઈ એ તો ઠીક પણ આ ચાર ગઈ તો કાંઈ ચારિત્રમોહનીયની ગઈ તો કાંઈ થાય કે નહિ? એ સ્વરૂપમાં સ્થિરતાનું આચરણ છે. મહા અનંતાનુબંધીનો અભાવ, અનંત-અનંત સ્થિરતા છે. ઓલી સંયમની સ્થિરતા એ નથી. ..

કહે છે, '**કે જે મારા જ અનુભવથી...**' એ જ્ઞાનના અનુભવથી. અનુભવથી. આનંદના અનુભવથી, આ અનુભવથી જ '**પ્રત્યક્ષ જણાય છે;...**' રાગનો આશ્રય નહિ, મનનું અવલંબન નહિ, વિકલ્પનું લક્ષ નહિ. ભાઈ! પ્રત્યક્ષ. રાગ વિના. ત્યાંથી આત્મા ઉપાડ્યો છે. પ્રત્યક્ષ જણાય ત્યારથી આત્મા જાણ્યો કહેવામાં આવે છે. આહાહા..! મતિ-શ્રુતજ્ઞાનથી પ્રત્યક્ષ થઈ ગયો આત્મા. મતિ-શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ થયું. વાંધા ઉઠાવે, પ્રત્યક્ષ નથી, હોં! મતિ-શ્રુતને તો 'તત્ત્વાર્થસૂત્ર'માં 'ઉમાસ્વામી'એ પરોક્ષ કહ્યું છે. પણ એ તો વ્યવહારની વાત છે ત્યાં એ વાત કરી. ઓલી વાત અપવાદની ગૌણ રાખી છે. અહીં શું કહે છે? મુનિની વાત ભલે મુનિની લ્યો. પણ અહીં છદ્મસ્થને મતિ અને શ્રુતજ્ઞાન છે. એને કાંઈ કેવળજ્ઞાન નથી. અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન હોય એનાથી કાંઈ જણાય નહિ. એ તો પરનો વિષય છે.

'**કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે;...**' એ શું? કયા જ્ઞાનથી? મતિ અને શ્રુત સ્વસંવેદનમાં આત્માના જાણવામાં તે પરના આશ્રય વિનાનો થતાં પ્રત્યક્ષ થાય છે. સમજાણું કાંઈ? એય..! ચંદુભાઈ! બહુ વાત સરસ આવી છે આ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, છેલ્લામાં છેલ્લો. આખો જીવ કોને કહેવો. એક પરમાણુમાત્ર નહિ. એમ છે ને. એક રાગનો કણ પણ સ્વરૂપમાં નથી. એ તો શબ્દ લીધો છે ને. અનંત પરમાણુ..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એક રાગમાત્ર કેવો? રજકણ, વિકલ્પ (એમાં કેવો?) આખી ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ તે મારા અનુભવથી પ્રત્યક્ષ જણાય છે. લ્યો, પાછા ઓલા કહે કે એ ખબર ન પડે. કેટલા વાંધા તે પણ વાંધા. આહાહા..! એ જ્ઞાનમાં વેદન આવ્યું અને આ જ્ઞાન ચૈતન્ય પ્રત્યક્ષ એકલો જુદો પડ્યો એ જાણવામાં ન આવે તો પછી જાણ્યો શી રીતે ત્યારે? સમજાણું? અનાદિથી તો આમ જાણ્યું છે રાગ ને આ ને આ. આ જુદો એ અંદર અનુભવમાં આવ્યા વિના જાણ્યો શી રીતે? જણાય છે, અનુભવ થાય છે, પ્રત્યક્ષ થાય છે. આટલી તો વાત મૂકી છે. વસ્તુની સ્થિતિ એવી છે. પ્રત્યક્ષ કહે છે. મતિ-શ્રુતને પ્રત્યક્ષ કહે છે. તત્ત્વાર્થસૂત્રમાં તો પ્રત્યક્ષ (કહ્યું) છે નહિ. મતિ-શ્રુત તો પરોક્ષ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ત્યારે શું કરે? .. અર્થનું વાક્ય ક્યાં છે ઈ? સાંભળ તો ખરો. ચૈતન્યનું-પોતાનું ભાન થાય એ પરોક્ષ હોય? અને એનો સ્વભાવ જ પ્રત્યક્ષ થવાનો ગુણ છે. કહ્યું નહિ? બારમો ગુણ પ્રકાશત્વ. આત્મામાં એક પ્રકાશ નામનો અનાદિઅનંત ગુણ છે. એ પ્રકાશ ગુણનું સ્વરૂપ, એનું કાર્ય, એની પર્યાય આત્માને પ્રત્યક્ષ થાય તે પ્રકાશગુણનો સ્વભાવ છે. આપણે આવી ગયું છે બધું. શક્તિ, ૪૭ શક્તિના વર્ણનમાં આવી ગયું છે. પહેલાં આવી ગયું છે. હવે આવશે હજી. આ વર્ષ ફર્યું છે ને આવે છે.

મુમુક્ષુ :- વર્ષ ફરે એટલે આવે.

ઉત્તર :- આવવું જોઈએ ને. ... કુંવરજીભાઈનું છે ને. એ તો ગુજરી ગયાને બે વર્ષ થશે. આ પોષમાં. નહિ? હવે થાશે. શું કહે છે?

'**મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે.**' આટલા શબ્દમાં તો ઘણું મૂક્યું છે. મારો અનુભવ એના ભાનમાં તે પ્રત્યક્ષ જણાય છે. ત્યારે આત્મા જાણ્યો કહેવામાં આવે છે. ... પ્રકાશ નામનો ગુણ છે. સ્વચ્છત્વ અગિયારમો અને પ્રકાશત્વ બારમો. પ્રકાશ નામનું કાર્ય પ્રકાશગુણનો ધરનાર આત્મા, પ્રકાશગુણ-શક્તિને ધરનાર આત્મા, એ આત્માને અંતર દૃષ્ટિમાં લેતાં એ પ્રત્યક્ષ ગુણનું પરિણમન દ્રવ્ય-ગુણમાં તો શક્તિ રહી પણ પરિણમનની પ્રત્યક્ષ પર્યાય પ્રત્યક્ષ થઈ ગઈ. પ્રત્યક્ષ થાય ત્યારે પ્રકાશગુણનું કાર્ય પર્યાયમાં આવ્યું એમ કહેવામાં આવે. આહાહા..! પરોક્ષ રહેવું એ એનો ગુણ નથી. રાજેન્દ્રજી જોવા ગયા. એ શક્તિ છે ને.

'**સ્વયં પ્રકાશમાન વિશદ...**' સ્વયં પ્રકાશમાન. એઈ..! રાજેન્દ્ર! ... '**સ્વયં પ્રકાશમાન વિશદ (-સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી (-સ્વાનુભવમયી) પ્રકાશશક્તિ.**' એ બારમી શક્તિ છે. હિન્દીમાં ૬૨૫ પાનું છે. આ ગુજરાતી છે, હોં! ગુજરાતી. કેટલી વાત મૂકી છે! '**સ્વયં પ્રકાશમાન...**' પોતાની મેળાએ પ્રકાશતો એવો અને '**વિશદ (-સ્પષ્ટ) સ્વસંવેદનમયી...**' સ્વ-વેદનમયી પ્રકાશશક્તિ. વિશદ એટલે સ્પષ્ટ, સ્પષ્ટ એટલે પ્રત્યક્ષ. સ્વયં પ્રકાશમાન પ્રત્યક્ષ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એવા સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ છે. ભગવાન આત્માનો ગુણ જ એવો છે. સમજાય છે કાંઈ? ગુણ, ગુણ એટલે શક્તિ. સ્વયં પ્રકાશમાન. વિશદ.. વિશદ, વિશદ એટલે સ્પષ્ટ, સ્પષ્ટ એટલે પ્રત્યક્ષ. મતિ-શ્રુતજ્ઞાન દ્વારા.. જુઓ! એનો ગુણ એવો છે. ગુણનો ગુણ શું? શક્તિ છે એનું કાર્ય શું? એનું કાર્ય પ્રત્યક્ષ થવું એ એનું કાર્ય છે. પરોક્ષ રહેવું એનો સ્વભાવ નથી. આહાહા..! ત્યારે એણે પ્રકાશશક્તિવાળા દ્રવ્યને માન્યું કહેવાય. કે જે પ્રકાશશક્તિ સ્વસંવેદનથી પ્રત્યક્ષ થાય છે એવા ગુણનો ધરનાર ગુણીને ક્યારે માન્યો કહેવાય? કે એને પ્રત્યક્ષ થયું ત્યારે એ ગુણને માન્યો કહેવાય. શું કીધું ઈ?

આત્માને જાણ્યો, માન્યો ક્યારે કહેવાય? કે આત્મામાં પ્રકાશ નામનો ગુણ છે કે જે સ્વયં પ્રકાશમાન વિશદ સ્વસંવેદન થાય. ત્યારે એ આત્માનો ગુણ એવો છે એ ક્યારે માન્યું કહેવાય? એ ગુણનો ધરનાર આત્મા એની પર્યાયમાં પ્રત્યક્ષ થાય ત્યારે ગુણસહિત આત્મા આવો છે એમ માનવામાં આવે છે. સમજાણું કાંઈ? કહે છે કે તારો પ્રભુ તને પ્રત્યક્ષ એવો તો તારામાં ગુણ છે. પરોક્ષ રહેવાનો ગુણ છે જ નહિ. પરોક્ષ તો પર્યાયને .. લઈને પરની અપેક્ષાએ પરોક્ષપણું કહ્યું છે. ... જાણવા પૂરતું. એ પણ જ્યારે કેવળ થયું ત્યારે પૂર્ણ થઈ ગયું. આ એનો ગુણ જ એવો છે, સ્વયં પ્રકાશમાન વિશદ. છે ને? બારમી. '**स्वयम्प्रकाशमानविशदस्वसंवित्तिमयी**'. '**स्वसंवित्ति**' '**स्वसंवित्ति**' એટલે વેદન, હોં! અંદર. વેદન સ્વસંવેદનમયી પ્રકાશક્તિ. 'અમૃતચંદ્રાચાર્યે' તો કેવળીના પેટ ખોલ્યા છે. સમજાણું કાંઈ?

કહે છે, અહીં 'હું'ની વ્યાખ્યા ચાલે છે. અહં, અહં, અહં '**एक्को**'. એકની વ્યાખ્યા પછી આવશે. ૩૮ ગાથા. '**अहमेक्को**'. એકની વ્યાખ્યા પછી આવશે. અત્યારે અહંની વ્યાખ્યા ચાલે છે. સમ્યગ્દૃષ્ટિ ધર્મી થયો અને ધર્મનું ભાન થયું ત્યારે હું આવો છું, હું આવો છું એમ અનુભવીને જાણે છે. હું આવો છું. ભાષા તો જુઓ! એની શૈલી.. પ્રકાશ નામનો ગુણ છે એથી પ્રત્યક્ષ થયો. હું આવો છું, પરોક્ષ રહું એવો નહિ, રાગવાળો નહિ, ... નિમિત્ત અને રાગના લક્ષે અથવા ... લઈને જાણું એવો હું છું જ નહિ. પાટણીજી! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એ હું, અહં.. અહં. અહં એ કોણ? અને કેવો? અને ક્યા પ્રકારે અહં થયું? સમજાણું કાંઈ? એક અહંની વ્યાખ્યા 'અમૃતચંદ્રાચાર્યે' આટલી કરી. વસ્તુને સ્પષ્ટ પ્રગટ બતાવવા. આ રીતે જાણે ત્યારે અહં એણે આત્મા જાણ્યો એમ કહેવામાં આવે. એ.. રતિભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે એમાં. આત્મામાં પ્રકાશ ગુણ જ પડેલો છે. અહં જ્યાં .. એટલે પ્રત્યક્ષ થાય એવો જ એનામાં ગુણ છે. ત્યારે હું આ છું એમ થયું, નહિતર આ છું એવી એની પ્રતીત અને ખબર નથી. આહાહા..! ભારે ઝીણું, ભાઈ! લોકોને બિચારાને બહારમાં ચડાવી દીધા. ... જેઠાલાલભાઈ! આ બધા ... ગૃહસ્થ માણસ .. ભક્તિ કરો, પૂજા કરો, આ કરો, કાંઈક તો થાશે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તું વસ્તુ છો કે નહિ? અને વસ્તુ આત્મા પોતાને પ્રત્યક્ષ થાય એવો તો એનો ગુણ છે. એ ગુણના ધરનારને જ્યારે અનુભવ્યો, જાણ્યો અને પ્રત્યક્ષ ગુણ છે અને પ્રત્યક્ષ ન થાય તો એ પ્રત્યક્ષ ગુણનું કાર્ય શું? સમજાય છે કાંઈ? ન્યાયથી સમજાય છે ને અંદર? એકલો જ્ઞાનમૂર્તિ ભગવાન શીતળ. રાગથી છૂટો મનના સંબંધથી છૂટો અને સ્વરૂપ પૂર્ણથી ભરેલો. અહીંથી ખાલી, અહીંથી ભિન્ન અને અહીં અનંત ગુણથી ભરેલો. એમાં એક આ સ્વયં પ્રકાશમાન... સમજાણું? સ્પષ્ટ વિશદ.. વિશદ.. એમાં ચૈતન્ય ... નથી. એવો ભગવાન આત્મા તે આ પ્રત્યક્ષ અનુભવ થયો ત્યારે આ આત્મા, આમ ખ્યાલમાં આવ્યો. આહાહા..! સમયસારની ગાથા તો ... અનાદિનો અજ્ઞાની હતો ને પછી જ્ઞાની થયો ઈ ... અહીં અસ્તિત્વની વાત છે, ત્યાં કર્તા-કર્મમાં ... સમજાય છે કાંઈ?

આ ભગવાન આત્મા, જેમ આ ઈન્દ્રિયો, શરીર પ્રત્યક્ષ દેખાય છે એમ લાગે છે, લાગે છે, પ્રત્યક્ષપણું એનો પ્રત્યક્ષપણું એનામાં ગુણ છે. એ પ્રત્યક્ષપણે પોતે જણાય એવો પ્રત્યક્ષ... સમજાણું કાંઈ? પછી કેવળ થાય ત્યાં જ્ઞાન પૂર્ણ થઈ ગયું એટલે બધાને પ્રત્યક્ષ જાણે ... ત્રણ કાળ ત્રણ લોકને પ્રત્યક્ષ (જાણે છે). પણ આ પ્રત્યક્ષ પહેલો થયો પછી એકાકાર થતાં થતાં પૂર્ણ થયું ત્યારે લોકાલોક પ્રત્યક્ષ થઈ ગયું. સમજાણું કાંઈ? અને એ આત્મા પ્રત્યક્ષ થયો એને ...

(નોંધ :- અવાજ ખૂબ જ અસ્પષ્ટ હોવાથી અધુરુ મૂકવામાં આવેલ છે).

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૩, મંગળવાર તા. ૧૫-૧૧-૧૯૬૬**
**ગાથા-૩૮, પ્રવચન-103**

... એમાં આ જીવનું સ્વરૂપ વર્ણવતા જેને આત્માનું ભાન થયું એને કઈ રીતે આત્મા જણાણો? કેવો જણાણો? કે જેથી એને ધર્મ રૂપે આત્મા પરિણમ્યો? એનું આ સ્વરૂપ વર્ણવામાં આવે છે. આત્માનું ધર્મ રૂપે પરિણમન થવું એ જ પહેલો ધર્મ છે. સમજાણું? એ આત્મા કેવો થઈને પરિણમ્યો અને કેમ માને છે એ વાત આ છે.

એક તો એમ કહ્યું કે હું આ આત્મા ચૈતન્ય જ્યોતિ મારા જ્ઞાનથી પ્રત્યક્ષ જણાય એવો હું છું. જુઓ! આ ધર્મીની સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિમાં થતો આત્માનો અનુભવ, એ અનુભવમાં પહેલું એમ કહ્યું કે હું આત્મા, ધર્મ કરનાર આત્મા છે ને. તો એની ધર્મદશા થઈ એવું ભાન થતાં ધર્મીને એમ થાય કે હું એક ચૈતન્યમાત્ર આત્મજ્યોતિ છું. એ મારા અંતરના જ્ઞાનના અનુભવથી પ્રત્યક્ષ જણાય છે એવો હું છું. કહો, સમજાણું આમાં?

'**એક છું;...**' બીજો બોલ એ આવ્યો. ક્રમે ક્રમે ગતિ આદિના ભાવ, કે ગતિ, લેશ્યા આદિ એકસાથે હોય તે એ બધા ભાવોથી હું ભેદરૂપ થતો નથી. એ જ્ઞાયકસ્વભાવ શુદ્ધ ચૈતન્ય વસ્તુ અંતર દૃષ્ટિમાં આવતાં અભેદપણે પરિણમતો એ ભેદપણે હું થતો નથી. જગતને તત્ત્વ, સત્ય વાત સર્વજ્ઞ પરમેશ્વરે કહેલી ત્રિલોકનાથ કેવળજ્ઞાની ભગવાને જાણેલી છે અને તેવી કહેલી, એવી અનુભવમાં આવવી ત્યારે તેને ધર્મ થયો અને ધર્મી થયો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**એક છું;...**' ત્યાં સુધી આવ્યું છે.

હવે હું શુદ્ધ છું. અહં ચૈતન્યમાત્ર સ્વભાવવાળો પ્રત્યક્ષ અનુભવમાં આવે છે એવો અને હું એ વ્યવહારના ભેદોથી ભેદાવ નહિ એવી અંતર્મુખ દૃષ્ટિ હોવાથી અભેદ સ્વરૂપે રહેનાર એવો હું તે એક છું. સમજાણું કાંઈ? હવે આ મનુષ્યપણાની ગતિ આદિ, '**નારક આદિ જીવના વિશેષો,...**' જે સામાન્ય જ્ઞાયક સ્વરૂપ છે. એના વિશેષો પ્રકારો એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય આદિ, નારકી, મનુષ્ય આદિ એ બધા વ્યવહારિક નવ તત્ત્વો એ '**જીવના વિશેષો, અજીવ, પુણ્ય અને પાપ, આસ્રવ,...**' પુણ્ય-પાપ ભેગા. '**સંવર,...**' પર્યાય. '**નિર્જરા,...**' પર્યાય, '**બંધ...**' પર્યાય '**અને મોક્ષસ્વરૂપ...**' પણ પર્યાય. એવા વ્યવહારિક નવ તત્ત્વો. ભેદની દશાવાળા જીવની વિશેષતાઓ અને અજીવ આદિ નવ તત્ત્વો બધા. એવા નવ તત્ત્વો વ્યવહારિકથી '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે,...**' હું તો એવો ને એવો શાશ્વત ચૈતન્ય, એના અંતરના જ્ઞાયક, જાણક સ્વભાવની મૂર્તિ દ્વારા '**અત્યંત જુદો છું...**' પર્યાયના ભેદથી મારું સ્વરૂપ એકાકાર તદ્દન જુદું છે. બહુ ઝીણું. છોકરો કાલે કહેતો હતો કે બહુ ઝીણું આવ્યું આજ તો. અમદાવાદ. રાજેન્દ્ર. એનું નામ રાજેન્દ્ર. આજ તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બહુ ઝીણું આવ્યું.

ભાઈ! એણે માર્ગ પરમાત્માનો સર્વજ્ઞ પરમેશ્વર, એમણે કહેલો, જોયેલો, અનુભવેલો આત્મા એ સૂક્ષ્મ ચીજ છે. એ કોઈ બાહ્યના ક્રિયાકાંડથી દયા, દાન, વ્રતના પરિણામથી કે બહારના જાણપણાથી પ્રાપ્ત થાય એવો નથી. ભગવાન આત્મા પરમેશ્વર વીતરાગ કહે છે કે તું તો પરમેશ્વર છો ને. એ આવી ગયું એમાં. પોતાનો પરમેશ્વર આત્મા વસ્તુ છે એમાં તો મહાન સામર્થ્ય ભરેલું છે. એની એને ખબર નથી એટલે વર્તમાન દશામાં રાગાદિને પોતાના માનીને તેમાં હિત છે અને આમાં હું છું, એમાં હિત છે અને એમાં હું છું એમ માનીને ચોર્યાશી લાખના પરિભ્રમણના અવતાર કરી રહ્યો છે. સમજાણું કાંઈ?

ત્યારે કહે છે, સર્વજ્ઞે કહ્યું, ગુરુએ સંભળાવ્યું. એને જાણીને આત્મા જેવો કહ્યો હતો ગુરુએ, એવો જાણ્યો. જાણ્યો ત્યારે એને એમ થયું કે અરે..! હું તો વ્યવહારના નવ ભેદ રૂપે પણ નથી. નવ તત્ત્વના પર્યાયભેદ રૂપે હું નથી. એ તો અભેદ જ્ઞાયકસ્વરૂપ ટંકોત્કીર્ણ એવો ને એવો છું. એવો અનુભવ થવો એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને શાંતિ કહે છે. સમજાણું કાંઈ? કહેશે આગળ જયચંદ્ર પંડિત. સમ્યગ્દૃષ્ટિ જગતના ભાવોને જાણે છે પણ પોતાના માનતો નથી તેથી શાંતરસમાં તે લીન છે. ભલે વિકલ્પ આદિ હો. મિથ્યાદૃષ્ટિ બધું જાણતા એ મારા છે અને એનો હું છું, એમાં અશાંતિના વેદનમાં એ પડ્યો છે. એને ધર્મની ખબર નથી. ધર્મ એટલે કાંઈ બહારનો બાવો થઈ જાય, સાધુ થઈ જાય અને છોડીને બેઠો માટે ધર્મ (થઈ ગયો), એ કાંઈ ધર્મ બર્મ નથી. અંતરના નવ તત્ત્વના ભેદના વિશેષો પણ તેના લક્ષમાંથી છૂટી જાય, એકલો ટંકોત્કીર્ણ, એકલો ચૈતન્યમૂર્તિ જેવો છે તેવો દૃષ્ટિમાં આવે ત્યારે તેણે મિથ્યાત્વનો ત્યાગ કર્યો અને આત્માને અંગીકાર કર્યો. આહાહા..! ભારે વસ્તુ, ભાઈ! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે '**હું શુદ્ધ છું;...**' ભેદો પડે એ બધા અશુદ્ધ છે. એકરૂપ ચૈતન્ય અભેદ ઉપર દૃષ્ટિ જતાં પર્યાયમાં અભેદપણું જ પ્રગટે છે. ભેદપણાનો વ્યવહાર રૂપે ગુણ નથી. હું તો શુદ્ધ છું. ભેદરૂપ ભાવ એ તો અશુદ્ધ છે. આ જીવતત્ત્વના અનુભવના થયેલા સરવાળાની વાત છે. સમજાણું કાંઈ? એણે એના જ્ઞાનમાં અને શ્રદ્ધામાં તો લેવું પડશેને કે આવું તત્ત્વ જ્યારે એને જણાય ત્યારે આત્માને ધર્મ પામ્યો એમ કહેવામાં આવે છે. અહીં તો બહારમાં તો અત્યારે ધબાધબ ચાલે છે. આ ધર્મ ને આ ધર્મ ને. લોકસેવા કરવી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળમાંય અંગ ન હોય. ધર્મનું એક જ અંગ હોય. સમજાણું કાંઈ? સેવા કરવી કો'કની, ગરીબોના આંસુ લૂછવા, ફલાણું કરવું. ધૂળમાંય નથી કરી શકતો, સાંભળને હવે. શરીર જડ છે એનું કરી શકતો નથી. રોગ આવે એને નિરોગતા બનાવી શકે નહિ. જડની દશા છે. એ શું તારું તત્ત્વ છે? સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ધબાધબ.

ઉત્તર :- ધબાધબ ચાલે છે. ઓલો કહે, આમ ધર્મ થાય... આમ ધર્મ થાય.. આમ ધર્મ થાય... લૂંટાલૂંટ. જાણે અહીં ધર્મ થાય, અહીં ધર્મ થાય એમ માનવાની. લૂંટી રહ્યા છે આત્માને. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..માહાત્મ્ય ત્રણ કાળમાં વીતરાગ થયેલા આત્મા સિવાય ક્યાંય ત્રણ કાળમાં હોય નહિ.

મુમુક્ષુ :- પણ .. ત્યારે હતા કે નહિ?

ઉત્તર :- ઉદ્દેશીને વાત કરે છે.

આ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જેણે જોયા. આહાહા..! એવો જ આત્માનો જ્ઞ સ્વભાવ... જ્ઞ સ્વભાવ... પરમેશ્વર સ્વભાવ. જેણે અંતર અનુભવ કરીને પૂર્ણ સર્વજ્ઞ સ્વરૂપ જોયું, પ્રગટ કર્યું. એણે જોયેલા આત્મદ્રવ્યો, જડ દ્રવ્યો, એમાં જોયેલો એ આત્મા એને આ રીતે જાણે, અનુભવે ત્યારે એને ધર્મ થાય. સમજાય છે કાંઈ? એ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય ક્યાંય એ વાત સાચી અંશે ક્યાંય હોઈ શકે નહિ. કેમ હશે જમુભાઈ?

હું એક આત્મા વસ્તુ, જેમાં પૂર્ણ જ્ઞાન સ્વભાવ છે. વસ્તુ છે ને... વસ્તુ છે ને... પદાર્થ છે ને... અખંડ છે ને... એક છે ને. 'શ્રીમદ્દે' કહ્યું ને. 'જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી.' એક ટૂકડો મૂકયો એણે જીવના તત્ત્વને માટે. ચાકળો છે ઉગમણામાં. છે? મનસુખભાઈ! દેખાય છે? એક ખૂણામાં. 'જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી, તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય.' મહાન ટૂકડો છે.

આ ભગવાન આત્મા એક અને અખંડ વસ્તુ છે. એક આત્મા. એક આ. બીજા બધા જુદા. એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી. આખું દ્રવ્ય છે. તેના જ્ઞાનનો સ્વભાવ સામર્થ્ય પૂર્ણ છે. વસ્તુ એક અખંડ છે, માટે તેના જ્ઞાનના સ્વભાવનું સામર્થ્ય પૂર્ણ છે. અને તે પૂર્ણતાના સ્વભાવને જેણે અંતરમાં, આ વાત ચાલે છે એ, એવો આત્મા અંતર અનુભવમાં પ્રતીતમાં લીધો, એની સ્થિરતા કરતાં કરતાં વીતરાગતા થતાં એ સર્વજ્ઞદશા જેવું સામર્થ્ય પૂર્ણ છે એવી દશામાં તે પર્યાય પ્રગટ થાય છે. એને સર્વજ્ઞ વીતરાગ કહેવામાં આવે છે. એને પોતાના પરમેશ્વર જીવનું સામર્થ્ય કેટલું એનું એને માહાત્મ્ય આવતું નથી. માહાત્મ્ય એને આ ધૂળ ને ધાણી. સમજાણું કાંઈ?

પરમેશ્વર પરમાત્મા હું જ મહાસામર્થ્યવાળું તત્ત્વ છું. જે મારા સામર્થ્યમાં જ્ઞાનની પરિપૂર્ણતા, આનંદની પરિપૂર્ણતા, સ્વભાવ, વીર્ય આદિની પરિપૂર્ણતાથી ભરેલો અરૂપી વિજ્ઞાનઘન, આનંદકંદ એક આત્મા હું છું. સમજાય છે કાંઈ? એવા આત્માને અંતરમાં જાણતા ભેદરૂપપણું થતું નથી એનું નામ આત્મા કહેવાય છે. આહાહા..! સમજાણું?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'અત્યંત જુદો છું માટે હું શુદ્ધ છું;...'** જુઓ! એ પર્યાયના ભેદથી જુદો એકલો દ્રવ્ય સ્વભાવ અખંડ છું માટે શુદ્ધ (છું). હજી તો એને પકડવામાં વાર લાગે. સાંભળે નહિ, સાંભળ્યું ન હોય. હવે સાંભળતા પાછી કઈ રીતે કહેવાય તેને પકડી ન શકે. પકડ્યા વિના ધારણા ન થાય. ધારણા વિના રુચિ ન થાય, રુચિ વિના અંતર્મુખમાં પ્રયોગ કરી શકે નહિ.

મુમુક્ષુ :- .. કરે.

ઉત્તર :- ઉલટાઈ કરે. શું થાય? એને તો આવા અનંતા અવતાર મળી ગયા છે. ક્યાં પહેલો છે આ. અનંતા માણસના અવતાર, અનંતા ત્યાગી થયેલાના અવતાર. બહારના ત્યાગી, હોં! મિથ્યાત્વનો ત્યાગી નહિ. કહે છે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મિથ્યા એટલે વાસ્તવિક જેવું તત્ત્વ છે એનાથી અસત્યપણે માનવું એનું નામ મિથ્યા. જેવું આત્માનું સ્વરૂપ, જેવું પરમાત્માનું સ્વરૂપ, જેવું તત્ત્વનું સ્વરૂપ જે રીતે છે એ સત્ય. એનાથી ઊલટું માનવું અસત્ય. અસત્ય કહો કે મિથ્યા કહો, મિથ્યા કહો કે મિથ્યાત્વ કહો. આહાહા..! સમજાણું કાંઈ? એ અસત્ય માન્યતાની મિથ્યા દશા એ કેટલું પાપ છે એનું એને માપ દેખાતું નથી. જીવ મારતો હોય કે પૈસા રાખતો હોય ને પરિગ્રહ રાખતો હોય તો કહે, આ પાપ કરે છે. કહે છે ને અત્યારે? પરિગ્રહ સંકોચ કરો, ઘટાડો, આમ કરો, તેમ કરો, ધૂળ કરો. કોણ ઘટાડે? સાંભળને. એ તો જડની ચીજ છે. પાંચ મણ, છ મણનું શરીર મળ્યું હોય. આ રજકણો ઘણા છે આમાં બહુ. રજકણો અનંતા ઝાઝા છે. હવે એને ઘટાડો. ચીરીને ઘટાડવા? કાપીને ઘટાડવા? શી રીતે ઘટાડવા? રાજેન્દ્રજી! શરીર હોય છે ને મોટા કોઈને છ-છ મણના, આઠ મણના લ્યો. બાર મણ હોય છે. કો'ક કહેતું હતું. છ-સાત મણ લાંબુ આ. ધ્રોળના દરબાર.

મુમુક્ષુ :- ચૌદ મણ.

ઉત્તર :- ચૌદ મણ? બાર મણનું સાંભળ્યું હતું. ચૌદ મણ હશે. ધ્રોળ, ધ્રોળ દરબાર. આવ્યા હતા. અમારા વ્યાખ્યાનમાં આવ્યા હતા પહેલા જ્યારે ગાદીએ નહોતા બેઠા ત્યારે હોં! ધ્રોળ ગયા ત્યારે. હતા કે નહિ મોહનભાઈ? ત્યાં હતા ધ્રોળમાં? ત્યાં આવ્યા હતા. નહિ? એના બાપ, દાદો વ્યાખ્યાનમાં આવ્યા હતા. એના બાપ છે નહિ. મોહનભાઈને ખ્યાલ નહિ હોય. તે દિ' ન હોય. તે દિ' શેનો હોય? આ તો અપાસરામાં હતા તે દિ'ની વાત છે. અપાસરા પછી આવ્યા છે ને મોહનભાઈ તો. અપાસરામાં આવ્યા હતા ડોસો. આનો બાપનો બાપ. આના બાપ તો મરી ગયેલા છે ને. મને ખબર છે. એના બાપ ડોસા હતા ગાદીએ. અને પછી ગાદીએ બેસાડ્યા નહોતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. રાજાની વાત કરે છે. હું તો દરબારની વાત કરું છું. એ ડોસા દરબાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હતા પેઢીએ. આના બાપનો બાપ. ત્યારે આને લઈને આવ્યા હતા વ્યાખ્યાનમાં. પછી કાંઈક રૂપિયા મૂકું છું. પણ ઓલા કહે કે રૂપિયા અમે તો લેતા નથી. દરબાર વ્યાખ્યાનમાં આવે ત્યારે ખાલી હાથે ન આવે. વૈષ્ણવ ખરા ને? લોકો કહે, ... ત્યારે આવ્યા હતા. અહીં વ્યાખ્યાનમાં આવ્યા. છોકરો નાનો હતો ત્યારે. આ તો ઘણા વર્ષ થઈ ગયા. ૩૫ પહેલા. ઘણું કરી (સંવત) ૧૯૯૦ની સાલ હશે. ૯૧ હશે ૯૧. ૯૧-૯૧. .. ૯૧ની સાલની વાત છે. મોટું શરીર થઈ ગયું છે એનું. બાર મણ. આ કહે કે ચૌદ મણ. હવે શું કરવું આ બાર મણના રજકણ એ ઝાઝા પરિગ્રહી કહેવાય?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શું .. ? એ અમારે લાલન કહેતા, લાલન. પંડિત લાલન હતા ને ૯૫ વર્ષે ગુજરી ગયા. ઓલી વિલાયતીની ગંધ બહુ. પુસ્તકો બહુ વાંચેલા. દસ હજાર. સોળ વર્ષની ઉંમરથી ૯૫ વર્ષ સુધી શાસ્ત્રનો જ અભ્યાસ એકલો. બીજું કાંઈ નહિ. કહેવું ને અભ્યાસ, કહેવું ને અભ્યાસ. પણ એવી લાઈને ચડી ગયેલા. .. એવી લાઈને ચડી ગયેલા કે લ્યો! અમારો જ્યોર્જ એક રાણી રાખે. અને તમે કહો છો ચક્રવર્તીને છન્નું હજાર રાણી. વ્યભિચારી છે. એમ કહેતા હતા ને. પંડિતજી અહીં બેસતા હતા. વૃદ્ધ અવસ્થા. અહીં બેસતા. અહીં મલૂકચંદભાઈના મકાનમાં રહેતા હતા. પાછળથી પછી બિચારા રોતા બહુ. અર..ર..! આ તો ગજબ. પણ કોઈ વખત વળી પાછો આવે ઉભરો. તમે કહો છો કે ચક્રવર્તી રાજાને છન્નું હજાર રાણી અને સમકિતી. અને આ રાજા અમારો એક જ રાણી, બીજી નહિ. એ તે સમકિતી કેવો? વ્યભિચારી? રાજેન્દ્રજી! અમારે તો બધા ઘણા મળ્યાને.

મોટો પંડિત હતો હોં! ૯૫ વર્ષે ગુજરી ગયા. કીધું, પંડિતજી! એક વાત કહું તમને, સાંભળો! આ શરીરના રજકણો બહુ ઝાઝા મળ્યા લ્યો. હવે એ ઝાઝા રજકણો મળ્યા માટે વ્યભિચારી છે અને એણે રાખ્યા છે, એમ છે? બાયડી જેમ છન્નું હજાર. એકને છન્નું હજાર એ તો સંખ્યાની વાત થઈ. એક રાણી કે છન્નું હજાર રાણી એ તો સંખ્યાની વાત થઈ. પણ એની મમતાની વાતનું પ્રમાણ એમ સંખ્યાથી ન ટંકાય. તો તો આ રજકણો જેને ઝાઝા એને મમતા ઘણી એમ તમે કહેશો. સમજાય છે? એમ છે નહિ. પાંચસો ધનુષના દેહ હતા ભગવાન વખતે, લ્યો. દેવકુરુ, ઉત્તરકુરુ ત્રણ હતા. ત્રણ કાળના. ત્રણ ગાવના ઊંચા. એટલા શરીરનું પ્રમાણ ઘણા રજકણો બહુ થઈ ગયા. સમકિતી છે કેટલાક. સમ્યગ્દર્શન અને મોટા શરીરના રજકણની સંખ્યા સાથે શું સંબંધ છે? સ્ત્રીની છન્નું હજાર સંખ્યા અને એક સંખ્યા માટે તમે એને દોષી ઠરાવો એ વાત તમે સમજતા નથી. દોષીતની એ વ્યાખ્યા નથી. રાજેન્દ્રજી! એ રાગમાં એકત્વબુદ્ધિ છે કે ભિન્નતા છે એના ઉપર દોષ-ગુણનું પ્રમાણ છે. સંખ્યા આટલી માટે ઓછી માટે આ છે તો તમને તત્ત્વની ખબર નથી. પછી ન બોલે. આવા પંડિતાઈ શીખી શીખીને આવું શીખ્યા? કીધું. સમજાણું કાંઈ? ત્રણ ગાવના જુગલિયા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લાંબા છે. લ્યો. ત્રણ ગાવ, હોં! કેટલા લાંબા. રજકણ તો બહુ લાંબા છે. કોઈ તો ક્ષાયિક સમકિત લઈને ત્યાં ગયા છે. પહેલાં આયુષ્ય બંધાઈ ગયું હોય. આયુષ્ય પહેલું બંધાઈ ગયું હોય. ક્ષાયિક સમકિત પછી થયું. જાય ક્યાં? મનુષ્ય થાય. ત્રણ ગાવ! ઓહોહો..! મોટો છે. છે ને. જલ મચ્છ સમકિતી.

હજાર યોજનનો મચ્છ. ઘણા રજકણનો પાર નહિ. મોટો હજાર યોજનનો. પૂંછડું મોટું આમ ફેરવે ત્યાં તો કેટલા પાણીના જીવ નિગોદ મરી જાય અંદર. સમકિતી છે અંદર. અસંખ્યાતા માછલા. સ્વયંભૂરમણ સમુદ્રમાં. આટલા ઘરને ભાળતો તું, આટલા માણસને દેખતો, આટલી સૃષ્ટિ કેવડી છે અને કેટલા જીવ છે. શરીર માટું લાંબુ માટે ઘણા રજકણને સંઘર્યા માટે પાપી. એમ ન હોય. સંખ્યાએ પાપનું માપ ન હોય. એની બુદ્ધિમાં એકત્વ છે કે ભિન્નતા. એ ઉપર પુણ્ય-પાપનું માપ હોય. કહો, સમજાણું આમાં? આ તો બહારથી દેખે એની વાત કરી. બસ, આ છોડ્યું એણે, આ ઓછું ખાય. ખાય-ખાય. એની વાત શું? આખું તત્ત્વ શું છે અને તત્ત્વથી પરમ સત્ય છે એનાથી વિરૂદ્ધ એની અસત્યતા શું છે? એના તો એને પાપના માપની ખબર નથી. અહીં કહે છે...

મુમુક્ષુ :- બીજા કોઈ ભાળે...

ઉત્તર :- બીજું ભાળે... આંધળાને શું ભાન હોય? આંધળી છે દુનિયા. દુનિયા તો આંધળી છે. સમજાણું કાંઈ? જેને મિથ્યાત્વના પડળ વળ્યા છે. એ શી રીતે સત્યને જોશે? ...ભાઈ! આહાહા..! જેની અંદર હૃદયનેત્ર ખીલ્યા છે એથી જોવે એને ખબર પડે. પણ એ માટે તો આ વાત ચાલે છે.

ભગવાન આત્મા... આવું ભાન થયું હોય. આ તો ઉત્કૃષ્ટ વાત લીધી છે ચારિત્રસહિતની. છતાં ચોથા ગુણસ્થાનની વાત છે. ચોથા ગુણસ્થાનમાં આત્માનું ભાન થતાં આ રીતે અનુભવ થાય. અને એને પાછી છન્નું હજાર સ્ત્રી હોય. હજાર જોજનનું શરીર મોટું હોય. સમજાય છે કાંઈ? છતાં એ સંખ્યાના રજકણ ઉપર નથી કંઈ ચીજ? એ તો જગતની ચીજ છે. મારું સત્ બધા એટલા જ્ઞેયને જ્ઞાનમાં જાણે એવા અનંત જ્ઞાનવાળો હું છું. એવા અનંત જ્ઞાનને પકડીને પ્રતીત સત્યની લીધી કે બધા જ્ઞેયો અનંત હોય તો જ્ઞાનના વિષય થઈ ગયા. જ્ઞાનમાં મારા ન રહ્યા. જ્ઞાનમાં મારા ન રહ્યા. પછી થોડા હો કે ઘણા હો, મારા ન રહ્યા. જ્ઞાનના વિષય થઈ જાય છે. આહાહા..! એવો સચ્ચિદાનંદ પ્રભુ આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે જોયેલો આત્મા. એમ જાણવામાં આવ્યો ત્યારે હું તો એક અહં ચૈતન્યમાત્ર જ્યોતિ એક ક્રમ અક્રમ નામ .. વ્યવહારથી રહિત એકલો. અને આ નવ તત્ત્વના ભેદથી, પર્યાયભેદથી રહિત એકલો શુદ્ધ છું. કહો, આને સત્ય કહેવાય છે. એને સત્યદૃષ્ટિ કહેવાય છે. આ થાય એને દર્શન અને જ્ઞાન થાય એ ધર્મની ક્રિયા છે. બીજી કઈ ક્રિયા હતી? ધૂળ-બૂળની છે ક્યાંય? એય..! શું હશે આ? કહો, મનસુખભાઈ! બેય મનસુખભાઈ બેઠા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ...

ઉત્તર :- બે છે. આમ મનમાં સુખ માનનારા અનંતા છે. આત્મામાં સુખ માનનારા નથી. બહારનું સુખ માનનારા જીવ અનંત છે. સમજાણું કાંઈ?

હવે કહે છે, ચોથો બોલ. હું એક શુદ્ધ. હવે '**ચિન્માત્ર હોવાથી સામાન્ય-વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી માટે હું દર્શનજ્ઞાનમય છું;...**' જુઓ! ધર્મી પોતાના આત્માને આવો એમ જાણે છે કે હું એક ચિન્માત્ર જ્યોતિ. જ્ઞાનમાત્ર જ્યોતિ છું. જ્ઞાન સામાન્ય લીધું. સામાન્ય વિશેષ ઉપયોગાત્મક. જ્ઞાનમાત્ર વસ્તુ ચૈતન્યમાત્ર હોવાથી સામાન્ય વિશેષ. સામાન્ય એટલે દર્શન અને જ્ઞાન એટલે વિશેષ. એવા ઉપયોગાત્મકપણાને ચૈતન્ય જ્યોત આ બે ઉપયોગપણાને ઓળંગતો નથી. '**માટે...**' સમજાય છે? '**હું દર્શનજ્ઞાનમય છું;...**' હું તો દર્શનજ્ઞાનમય. દર્શન સામાન્યને દેખે. એટલે ભેદ પાડ્યા વિના જગતની ચીજને કે આને ભેદ પાડ્યા વિના દેખે તે દર્શન. ભેદ પાડી પાડીને રાગની અપેક્ષા વિના જાણે તે જ્ઞાન. એવો દર્શન અને જ્ઞાનમય છું. રાગમય અને શરીરમય, પરમાણુમય, ધૂળમય એ કાંઈ હું છું નહિ. સમજાણું કાંઈ? ભારે વાત.

ચિન્માત્ર એટલે ચેતનમાત્ર. એના પાડ્યા બે ભેદ. સામાન્ય-વિશેષ ઉપયોગ. દેખવું અને જાણવાના વેપાર સ્વરૂપે જ હું (છું), એને ઓળંગતો નહિ હોવાથી દર્શન-જ્ઞાનમય છું. હું તો દેખનાર-દેખનાર જાણનાર જ્ઞાનમય અને દર્શનમય છું. એવું આત્માનું સ્વરૂપ સત્ય છે. એમ જે દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યું એમ આ રીતે એને કહે છે.

હવે આવ્યું અરૂપી. છે ને સદા અરૂપી? ધર્મી પોતાના આત્માને સદાય અરૂપી જાણે છે. '**સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જેનું નિમિત્ત છે...**' જુઓ! ધ્યાન રાખજો. '**એવા સંવેદનરૂપે પરિણમ્યો હોવા છતાં...**' શું કહે છે? હું એક આત્મા ટાઢો, ઊનો, ગરમ, તીખો એ મારા જ્ઞાનમાં જણાય છે એ જ્ઞાન મારું છે. એ જ્ઞાનમાં એ નિમિત્ત છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ. જ્ઞાન મારું જાણે છે. એ જ્ઞાન જાણવામાં સ્પર્શ નિમિત્ત છે કે આ ઊનું છે, ટાઢું છે એવી ચીજ જાણવાના જ્ઞાનમાં નિમિત્ત છે. અને તેથી એવા સંવેદન. એવા જ્ઞાનરૂપે હું પરિણમ્યો છતાં ટાઢા, ઊનાના જાણપણાના મારા જ્ઞાનપણે પરિણમ્યો છતાં અને તે તેમાં નિમિત્ત હોવા છતાં સ્પર્શ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શની ચીજો જડ છે. ટાઢી, ઊની આદિ મીઠી, ખાટી આદિ, સુગંધ, દુર્ગંધ આદિ, કાળા-ધોળા આદિ એ બધા જડ પદાર્થો મારા જ્ઞાનનું પરિણમન મારાથી છે એમાં એ નિમિત્ત છે. એ સંબંધીનું જ્ઞાન મારું મારા રૂપે પરિણમે છે છતાં તે હું સ્પર્શ અને રૂપીપણે થતો નથી. સમજાણું કાંઈ?

તીખું મોઢામાં (આવ્યું). સાકર આવી સાકર. સાકર ગળી છે-મીઠી. જ્ઞાને જાણ્યું. એ જ્ઞાને પોતાથી જાણ્યું છે. એ પોતાથી જાણ્યું એમાં સાકર નિમિત્ત છે. છતાં તે નિમિત્ત મારા જ્ઞાનના સંવેદનમાં નિમિત્ત હોવા છતાં હું સાકર રૂપે થયો નથી. હું તો જ્ઞાન રૂપે અરૂપી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રહ્યો છું. સમજાણું કાંઈ? '**સ્પર્શ...**' જુઓ! ટાઢું. છરી વાગી શરીરને. જ્ઞાન જાણે છે. જ્ઞાન તે ટાણે જાણે છે. એ જાણવામાં એ સ્પર્શ નિમિત્ત થયું. એ નિમિત્ત થયું છતાં તેના વેદનનું જે મારું જ્ઞાન એ જ્ઞાનપણે પરિણમતા હું સ્પર્શપણે થતો નથી. માટે હું અરૂપી રહ્યો છું. સદા અરૂપી રહ્યો છું. સમજાણું કાંઈ?

'**રસ,...**' ખાટો, મીઠો, કડવો. મોઢું તીખું થઈ જાય ને મરચું હોય તો. મરચુ તો મરચામાં છે, મોઢું મોઢામાં છે અને જ્ઞાન જ્ઞાનમાં છે. જ્ઞાન જાણે છે કે આ તીખું છે. એ તીખાના જ્ઞાન કાળે પોતાનું જ્ઞાન પોતાથી પરિણમ્યું છે, થયું છે. તેમાં એ તીખું નિમિત્ત છે. છતાં તીખી અવસ્થા જડ અને રૂપી છે. જાણનાર જ્ઞાન તે અરૂપી છે. એને જાણતા છતાં હું એ રૂપે થયો નથી. કહો, જેઠાલાલભાઈ!

'**ગંધ,...**' ગજરા.. ફૂલ ઝાડ. જ્ઞાનમાં એ જાતનું જ્ઞાન થાય તે કાળે પોતાના કારણે, હોં! એ ગંધના અહીં જ્ઞાનના સંવેદનમાં જ્ઞાન પોતાથી પરિણમ્યું. એમાં એ ગંધનું ફૂલ છે નિમિત્ત. છતાં આ જ્ઞાન એ નિમિત્ત રૂપે થયું નથી. હું મારા રૂપે રહીને એને જાણું છું. એના રૂપે હું કોઈ દિ' થયો નથી. સમજાણું કાંઈ? આ ધર્મી પોતાના આત્માને આવો માને અને આવો જાણે છે. કહો, સમજાણું આમાં? ના, હું તીખો થઈ ગયો, હું ગળ્યો થઈ ગયો, મને ગળ્યું લાગ્યું, મને ગળ્યું અડી ગયું. અડે ક્યાંથી? એ તો જડ છે. એ તો રૂપી છે. તું તો અરૂપી છું. અરૂપી અરૂપીમાં રહી એ સંબંધીનું વેદન પોતાનું પોતામાં છે. વેદનમાં એ નિમિત્ત હોવા છતાં એ નિમિત્ત રૂપે કોઈ દિ' થતો નથી. કોઈ દિ' સ્પર્શ, રસ, ગંધપણે આત્મા થયો નથી. કોઈ દિ' થયો નથી, થશે નહિ અને છે નહિ. આહાહા..! લાડવા ખાય અને ભજીયા ખાય, મેસુબ ઉપાડે, પતરવેલિયા હોય એની પાસે આ તળેલા. કાંઈક લાગતું હશે કે નહિ? જ્ઞાનને અડતું હશે કે નહિ ચીજ? અડ્યા વિના જ્ઞાન થાય? અડ્યા વિના જ્ઞાન થાય છે. આ લાકડું અડે છે? અહીં છે જુઓ. જ્ઞાન નથી થતું અંદર? સમજાણું? આ સુખડનું લાકડું છે. મુંબઈમાં વેચાય છે ને? ... લોકો. જ્ઞાન જાણે છે. જ્ઞાનના હોવામાં, જ્ઞાનની મોજૂદગીમાં, જ્ઞાનના અસ્તિત્વમાં થયેલું જ્ઞાન, તેને પરિણમતું જ્ઞાન આમાં એ જ્ઞાનમાં નિમિત્ત છે. છતાં એ જ્ઞાન આ રૂપે થતું નથી. એ રૂપે થયું નથી. એટલે રૂપીપણે કોઈ દિ' જ્ઞાન થયું નથી. સદાય અરૂપી આત્મા રહ્યો છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જ્ઞાન જાણે. આ શું જાણે? આ તો માટી છે, જડ છે. આંખને જાણનાર જ્ઞાન છે. કહો. આંખને જાણનાર જ્ઞાન છે. આંખ છે, કાળી છે, ધોળી છે, ફલાણું, ઢીકણું. આ તો માટી ધૂળ છે. આ તો ધૂળ રૂપી છે. પણ કોઈ દિ' વિચાર પણ કર્યો છે કે દિ'? એને એમ લાગે કે આ શું છે?

મુમુક્ષુ :- ..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- .. ઠીક! કોણ કરાવે? કરનાર કરે, ભૂલ્યો છે ઈ કરે કે બીજો કરે? આહાહા..! સમજાણું કાંઈ?

એવો આત્મા છે એવો જાણ્યો, એવો આવો છે એમ પોતે અનુભવમાં બતાવે છે. આહાહા..! રસ, ગંધ આદિ સ્પર્શ અને રંગ. કાળા, રાતા, ધોળા રંગ. એ અહીં જાણવામાં સંવેદનજ્ઞાન મારું. એમાં કાળા, રાતા, ધોળા નિમિત્ત હો. પણ નિમિત્ત હોવા છતાં એ રૂપી છે. અને હું એનો જાણનાર સંવેદન અરૂપી છું. એ અરૂપીમાં એ નિમિત્ત હોવા છતાં એ નિમિત્તપણે હું થયો નથી.

ખરેખર તો એમ છે કે સ્પર્શના આઠ ભેદ ટાઢા, ઊના આદિ, હળવા, ભારે, સુંવાળા, શીત, ઉષ્ણ અને આ રસના પાંચ ભેદ-ખાટો, મીઠો, કડવો આદિ. ગંધના બે ભેદ-સુગંધ-દુર્ગંધ. વર્ણના પાંચ ભેદ-કાળો, ધોળો, રાતો, લીલો, પીળો. એ બધી જડની દશા છે. રૂપી માટીની, ધૂળની દશા છે. એ ધૂળના દશાના કાળે જ્ઞાન પોતે પોતાના કારણે જાણે છે. એને કારણે નહિ, એ છે માટે નહિ, એમાં નહિ, એમાં ગયો નથી. અને આત્મા એને પોતાના સ્વભાવમાં સંવેદન જ્ઞાનમાં સ્વને જાણતા તેનું જ્ઞાન થઈ જાય છે. એ રૂપીને લઈને જ્ઞાન નહિ, રૂપીનું જ્ઞાન નહિ. જ્ઞાન પોતાનું છે ઈ. સમજાણું?

ભગવાન ચૈતન્યમૂર્તિ, ચૈતન્યપ્રકાશની જ્યોત મૂર્તિ. એમાં મને જે આ પર્યાયનું અવસ્થામાં સંવેદન છે એ સંબંધીના જ્ઞાનનું પોતાનું પોતામાં વેદન (થાય છે). એમાં એ નિમિત્ત હોવા છતાં એટલે સંયોગે સ્થિતિ, ઉપસ્થિતિ હોવા છતાં હું મારા જ્ઞાનના વેદનને છોડીને તે રૂપે થયો નથી. અને તે મારામાં આવ્યા નથી માટે તે હું મારા વેદનમાં અરૂપીપણે રહેલો છું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય રૂપો નથી. કહે છે ને. એ તો નિમિત્તની અપેક્ષાએ મૂર્ત થયો જીવ, પછી બંધાય ને એવી વાતું વ્યવહારથી કરી. આત્મા સદા અરૂપી છે. અહીં શું કહે છે? આ તો મૂર્ત છે. ઓલો પરમાનંદ એમ કહેતો હતો. વ્યવહાર એટલે તો ઓલા કર્મ નિમિત્ત છે એની અપેક્ષાએ એને મૂર્ત ઉપચારથી કહ્યો. વસ્તુ કે દિ' મૂર્ત હતી? અરૂપી કદી રૂપી થતી હશે? .. આવતા હશે કોઈ દિ'. પર્યાયને રૂપી કહ્યા છે, લ્યોને. એના વિકારી પર્યાયને રૂપી કહ્યા છે. શુભાશુભભાવ એ રૂપી. રૂપીનો અર્થ સ્થૂળ વિકાર છે, વિકાર. વિકાર છે. સ્થૂળ છે. આ તો મહાસૂક્ષ્મ ભગવાન છે. દયા, દાન, વ્રતના પરિણામ થવા એ શુભ સ્થૂળ રૂપી જડ છે, અચેતન છે. એ ચૈતન્યનું સૂક્ષ્મ ચૈતન્યતત્ત્વ એ ક્યાં છે? સમજાણું કાંઈ? કારણ કે શુભ પરિણામ છે એ પોતાને જાણતા નથી. ભગવાન જોડે ચૈતન્ય છે એને એ જાણતા નથી. ચૈતન્ય તો પોતાને જ્ઞાન છે એમ જાણે છે અને આ શુભ છે એમ જાણે છે. સ્વપરપ્રકાશક જ્ઞાનશક્તિ છે એ ચૈતન્ય છે. શુભભાવમાં સ્વપરપ્રકાશક ચૈતન્ય ક્યાં હતું? માટે ચૈતન્ય એ નહિ. આહાહા..! રાડ નાખે. લોકો બિચારા રૂઢિગતમાં ચાલ્યા આવતા હોય ને. માન્યું હોય ને ૫૦-૫૦ વર્ષથી, ૬૦-૬૦ વર્ષથી. એય..! મોહનભાઈ! .. આ શું કહે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે? ક્લિષ્ટ જેવું લાગે એને. સત્ય પણ ક્લિષ્ટ જેવું લાગે. એય..! જેઠાલાલભાઈ! અમૃત લાગે? અમૃત જ છે. આ વસ્તુ જ... ઓહો..!

જ્યાં ઊભો ત્યાં ભગવાન આત્મા અરૂપીપણે ઊભો છે. એ રૂપી પોતાના જ્ઞાનમાં સ્વ-પર જ્ઞાનનો પ્રકાશ પરિણમે, તેમાં એ રૂપી નિમિત્ત હોવા છતાં હું તો સદાય અરૂપી જ રહ્યો છું. રૂપીને અડ્યો નથી. રૂપી રૂપે થયો હતો ક્યાંથી? અડ્યો નથી. તીખું જ્ઞાનને અડતું નથી, ગળ્યું જ્ઞાનને અડતું નથી.

મુમુક્ષુ :- જીવને અડે.

ઉત્તર :- જીવ અરૂપી છે. અરૂપીને શું અડે? રૂપી રૂપી અડતા નથી. ભારે કઠણ વાત છે ને જગતને. સમજાણું કાંઈ? એક એક પદાર્થ અનંત આત્મા અને અનંત રજકણો, પોતામાં જેટલા એના ધર્મો અને ગુણો છે તેને તે અડે ને સ્પર્શે ને ચુંબે ને અનુભવે છે. અનુભવ એટલે થવું જડમાં પણ અનુભવ કહેવાય છે. સમજાય છે? અને પોતાથી પરદ્રવ્ય છે તેને ત્રણ કાળમાં કોઈ તત્ત્વ જડ કે ચૈતન્ય, જડ જડને અડતું નથી, જડ ચૈતન્યને અડતું નથી, ચૈતન્ય ચૈતન્યને અડતો નથી. બીજા ચેતનને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પૃથકતા બતાવે છે. નિમિત્ત નૈમિત્તિકતા પૃથકતા બતાવે છે. નિમિત્ત નૈમિત્તિકતા પરાધીનતા અને એકતા નથી બતાવતું. નિમિત્ત નૈમિત્તિક એમ બે કહેતા પૃથકતા બતાવે છે. એકતા બતાવતું નથી, પરાધીનતા બતાવતું નથી. સમજાણું કાંઈ? કીધું ને આ નિમિત્ત. સ્પર્શ, રસ, ગંધ એ તો નિમિત્ત આમ જુએ અને એને માને એ તો સ્વતંત્ર ઊંધી દૃષ્ટિવાળો પોતે ઊંધી કરે છે. અહીં તો આ કહે ને. આ તો કીધું હતું. '**સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જેનું નિમિત્ત છે...**' કોનું? એવો સંવેદન. સંવેદન એટલે જ્ઞાન. જ્ઞાનમાં એ નિમિત્ત છે. છતાં નિમિત્ત રૂપે જ્ઞાન થયું નથી. નિમિત્તથી થયું નથી, નિમિત્તમાં થયું નથી, નૈમિત્તિકમાં થયું નથી. સમજાણું કાંઈ? નિમિત્ત રહી ગયું પૃથક.

મુમુક્ષુ :- ..નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે.

ઉત્તર :- છે તો નિમિત્તનો અર્થ શું પણ? એ તો જ્ઞેયજ્ઞાયક સંબંધ છે અનાદિનો. લ્યો,, કેવળીને પણ જ્ઞેયજ્ઞાયક સંબંધ છે. કેવળીને નથી? જ્ઞેય છે એને જાણે છે. એટલે શું પણ એનો અર્થ? કેવળીને લોકાલોક જ્ઞેય છે અને પોતે જ્ઞાયક છે. એટલે શું પણ? જ્ઞાયક જ્ઞેયરૂપે થયો? એ જ્ઞેય છે માટે જ્ઞાન થયું? આ જ્ઞાન છે માટે જ્ઞેય છે?

મુમુક્ષુ :- પણ નિમિત્ત હોય તો નૈમિત્તિક થાય ને?

ઉત્તર :- એનો અર્થ શું થયો? એ છે, આ છે. બસ. એટલો વ્યવહાર. જ્ઞેયજ્ઞાયકનો એટલો વ્યવહાર છે. એટલે વ્યવહાર. બેનું આમ કહ્યું ને (એટલે). પોતે પોતાનો જ્ઞાયક અને પોતે પોતાનું જ્ઞેય એ નિશ્ચય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. વ્યવહાર પરની શું અપેક્ષા? એ ક્યાં પરમાં ગરી ગયો છે? સમજાણું કાંઈ?

બાપા! પ્રભુનો માર્ગ. પ્રભુ એટલે આત્મા, હોં! એની મહત્તા અલૌકિક છે. એની રીત પણ એણે કોઈ દિ' સાંભળી નહિ. રુચિથી, હોં! એવો ભગવાન મહા પદાર્થ મોટો પ્રભુ, 'માંહી પડ્યા તે મહાસુખ માણે દેખનારા તે દાઝે રે.' ભગવાન આત્મા અંતર આનંદ અને જ્ઞાનના સત્ત્વથી ભરેલો અસ્તિ, એમાં પડ્યા એકાગ્ર થયા, આનંદ માણે છે. એને સુખી કહીએ. બહારમાં બાયડી ન હોય, છોકરા ન હોય, આવા શરીર હોય, જંગલમાં બેઠો હોય. સમજાણું? બોલતા આવડતું ન હોય. બોબડું બોલતા હોય. શરીરની દશા એ સંયોગની દશા છે. ભગવાન આત્મા જ્ઞાયક ને આનંદના પૂરથી ભરપુર પડેલું તત્ત્વ, એણે જેણે એકાગ્ર કરીને સંભાળ્યું (એ) સુખી છે. બાકી બધા દુઃખી છે. 'માંહી પડ્યા તે મહાસુખ માણે' આ અંદર ગયા તે આનંદને પામે. 'દેખનારા દાઝે'. દેખનારા કહે આ શું? આ શું? શું આ? કરવું નહિ, કરાવવું નહિ અને મૂંગા થઈને બેસવું. વળી અમે ધર્મી. એય..! કોઈના કાંઈ કામ કરવા નહિ, કોઈને પાણી પાવા, આહાર દેવા, આ કરવું, કામ કરવું કાંઈ નહિ અને અમે નવરા છીએ. અમે કોઈનું કરી શકતા નથી.

મુમુક્ષુ :- બળે.

ઉત્તર :- બળતરા ઓલા કરે છે. માંહી પડ્યા એમાં ઓલા બળે. વળી ઓલો દેવ એને પૂજવા આવે. હવે કાંઈ કરે નહિ કોઈનું. કોઈને સહાય આપે નહિ, રોટલા આપે નહિ, પાણી આપે નહિ અને ઓલો કહે ધર્મી. દેવો વળી એને પગે લાગે. દુનિયાની આંખ્યું જ અવળી છે ને.

અહીં તો સત્ય વસ્તુ ભગવાન ચૈતન્યમૂર્તિ મહા પરમેશ્વર પોતે પૂર્ણ સામર્થ્યવાળું તત્ત્વ. એને જેણે રાગથી ભિન્ન પાડીને જોયું, જાણ્યું. કહે છે, હું તો સદાય અરૂપી રહ્યો છું. કોઈ દિ' રૂપી થયો નથી. રૂપીના જ્ઞાન મેં કર્યા. મારા જ્ઞાનમાં એ નિમિત્ત હો. છતાં હું નિમિત્તપણે થયો નથી અને તે નિમિત્તને લઈને જ્ઞાન થયું છે એમ નથી. મારી સત્તાના સ્વભાવના સામર્થ્યથી તેનું અને મારું જ્ઞાન મારાથી મારામાં થઈ રહ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :- નથી જણાતું...

ઉત્તર :- નથી જણાતું એ કોણે નક્કી કર્યું? નથી જણાતું એ કોણે નક્કી કર્યું? શેમાં નક્કી કર્યું? કહો. નથી જણાતું એ કોણે નક્કી કર્યું? ચેતને નક્કી કર્યું. ચૈતન્યની સત્તા ત્યાં સિદ્ધ થઈ ગઈ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- નથી જણાતું એમાં જણાય છે.

ઉત્તર :- નથી જણાતું ત્યાં જણાય છે એમ નક્કી થયું. 'શ્રીમદ્' તો એ જ કહ્યું છે. એક શ્લોકમાં કહ્યું છે. 'ના ના નાસ્તિ વિચાર, એ જ અસ્તિ તે સૂચવે...' બહુ ટૂંકામાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શબ્દો કહ્યા છે. 'શ્રીમદ્'. સમજાય છે? શું કહ્યું પછી?

કરી કલ્પના દઢ કરે, નાના નાસ્તિ વિચાર,
પણ તે અસ્તિ સૂચવે એ જ ખરો નિર્ધાર.

બહુ શક્તિ. થોડા વર્ષમાં ઉઘાડ ઘણો એમનો. ટૂંકામાં કહેવાની પદ્ધતિ અને થોડા શબ્દમાં પોતાના ભાવને કહેવાની તાકાત ઘણી હતી. બહુ તાકાત. 'કરી કલ્પના દઢ કરે, નાના નાસ્તિ...' નાના એટલે અનેક. 'નાના નાસ્તિ વિચાર, કરી કલ્પના દઢ કરે નાના નાસ્તિ વિચાર.' નાના એટલે અનેક પ્રકારની .. આવું ન હોય... આવું ન હોય.. આવડું ન હોય... આ ન હોય... આમ ન હોય.. એમ 'કરી કલ્પના દઢ કરે ના ના નાસ્તિ વિચાર, પણ અસ્તિ તે સૂચવે એ ખરો નિર્ધાર.' હું નથી એમ કહેનાર હું છું એમ પ્રસિદ્ધિ કરે છે. હું નથી. એટલે ક્યાં થયું એ તને? જ્ઞાનમાં અસ્તિમાં હું નથી એમ તને થયું. ત્યાં જ અસ્તિ છે એમ સૂચવે છે. કહો, સમજાણું આમાં? એય..! મનસુખભાઈ! આહાહા..!

ભગવાનની કથનની પદ્ધતિની શૈલી! શું એની ગંભીરતા! શું એની વિચિક્ષણતા અને સમ્યગ્જ્ઞાન અને કેવળજ્ઞાન! શું એની બુદ્ધિ! બુદ્ધિ કીધી છે, હોં! કેવળજ્ઞાનને બુદ્ધિ કીધી છે. ધવલમાં બુદ્ધિ કીધી છે. જ્ઞાનની પર્યાય. જ્ઞાન. બુદ્ધિ એટલે ... શું એની ગંભીરતા! શું એના જ્ઞાનની અચિંત્યતા! એ જ્ઞાનના અમાપપણામાં કેવા ભાવો સમાયેલા પડ્યા છે! અને કઈ જાતની પદ્ધતિએ કથન ભગવાનનું આવ્યું છે! અલૌકિક... અલૌકિક... અલૌકિક..!! સમજાણું કાંઈ?

જુઓને! આચાર્ય પણ કેટલી શૈલીથી વાત કરે છે! સદા અરૂપીમાં કેટલું નાખે છે. ચૈતન્યમય, અહં, એક શુદ્ધ અરૂપી. એક સદા અરૂપી શબ્દ મૂક્યો. કોઈ દિ' વળી રૂપી થયો છે ત્રણ કાળમાં? હું તો ચૈતન્યમૂર્તિ ભગવાન, મારા ધામમાં અરૂપીપણું જ છે. સદાય અરૂપીપણે હું રહેલો છું. તે રૂપીને જાણે કેમ? એક જણે પ્રશ્ન કર્યો હતો. સાધુ હોં! સ્થાનકવાસી આવ્યા હતા. કહે, આ કર્મનો બંધ રૂપીની સાથે અરૂપીને કેમ સંબંધ હોય? અરૂપીની સાથે રૂપીનો કેમ સંબંધ હોય? સંબંધનો અર્થ શું? કીધું. આ જ્ઞાન નથી? આ જ્ઞાન ઘડિયાળને જાણે છે કે નહિ? ઘડિયાળ રૂપી છે. આ જ્ઞાનમાં આવે છે કે નહિ? નવ ને પાંચ. જ્ઞાન થયું. એને લઈને થયું છે? છતાં આ જ્ઞાનમાં એ છે એમ જણાયું કે નહિ? રૂપી છે કે નહિ? એ રૂપી છે. આ તો અરૂપી છે. એટલો સંબંધ છે કે નહિ? રૂપી-અરૂપીને આવો સંબંધ છે કે નહિ? એમ ચૈતન્ય અને કર્મને ખરેખર એ રીતે જ્ઞેયજ્ઞાયક સંબંધ છે. એકક્ષેત્રાવગાહ. સમજાય છે? એક ક્ષેત્રમાં રહ્યા છે. આ દૂર છે. દૂર ક્ષેત્રમાં. આવો સંબંધ ન હોય રૂપી સાથે તો એ રૂપી છે એનું અહીં જ્ઞાન થયું છે પોતાથી. પણ થયું એમ આ રૂપી અને આ નવ ને પાંચ થયા એમ થયું છે કે નહિ? કે ખોટું થયું છે ઈ? જ્ઞાન પોતાનું છે, જ્ઞાન પોતાથી થયું છે. પણ આમ છે અરૂપી. એને બરાબર કહે છે કે નહિ જ્ઞાન? એટલો સંબંધ છે કે નહિ? બસ, એટલો. એવી રીતે જ્ઞેય પુદ્ગલ કર્મ અને આત્મા (જ્ઞાયક) એ રીતે સંબંધ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. સમજાણું કાંઈ? **'સદાય અરૂપી...'** છું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરૂપી વસ્તુ અસ્તિ. રૂપીપણું નહિ પણ અરૂપીપણું અસ્તિ. એ પ્રશ્ન કરે એમ કે અરૂપી એટલે કોઈ નાસ્તિ તો નથી થઈ ને? દલાલ છે ને ઈ. અરૂપી પણ વસ્તુ છે. જેની સત્તામાં હોવાપણામાં આ જણાય તે હોવાવાળી ચીજ છે. જેના હોવાપણામાં જણાય કે ન હોવાપણામાં જણાય? જેના હોવાપણામાં આ છે અને હું છું એમ જણાય તે અસ્તિ તત્ત્વ છે. અનાદિઅનંત સદાય અરૂપી ભગવાન આત્મા મહાન પદાર્થ મોટો સત્તાવાન છે. સમજાણું? લ્યો, એટલા બોલ કીધા.

**'આમ સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો...'** દેખો! આમ એટલે કીધું ને, હું એક શુદ્ધ ચૈતન્યમય અને અરૂપી. **'સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો...'** હું તો જ્ઞાન અને શાંતિને અનુભવતો **'આ હું...'** જુઓ! આ પ્રત્યક્ષ, એમ. આ હું. આ અસ્તિ બતાવે છે. **'હું પ્રતાપવંત રહ્યો.' 'આ હું પ્રતાપવંત રહ્યો.'** મારો પ્રતાપ મારામાં આ રહ્યો. **'એમ પ્રતાપવંત વર્તતા એવા મને,...'** આહાહા..! સમ્યક્ ભાન થયું ત્યાં આમ કહે છે. આ હું પ્રતાપવંત રહ્યો. મારો પ્રતાપ ખંડિત થાય ત્રણ કાળમાં એવો હું છું નહિ. પ્રભુતા ગુણ વર્ણવ્યો છે ને? પ્રભુત્વ ગુણ છે. પ્રભુતા એટલે? જેનો પ્રતાપ અખંડિત છે અને જે સ્વતંત્રતાથી શોભાયમાન છે. એવા પ્રભુત્વગુણથી હું સંપન્ન છું. શક્તિ કીધી. સમજાય છે? જીવતર, ચિતિ દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ. સાતમી. સાતમો ગુણ વર્ણવ્યો ૪૭માં. ૪૭માં સાતમો. ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે'. એ અહીં લીધી વાત.

આવો હું. મારી પ્રભુતાના પ્રતાપવંત હું આ રહ્યો. મારા પ્રતાપને કોઈ ખંડવા જગતમાં સમર્થ નથી. અને મારી સ્વતંત્રતાની શોભાને અશોભા કરે એવો જગતમાં કોઈ છે નહિ. મારી સ્વતંત્રતાથી શોભાયમાન હું આત્મા છું. મારી પ્રતાપવંત સંપદાને ખંડન ન કરે એવો હું અખંડ છું. આહાહા..! સમજાણું કાંઈ?

**'એમ પ્રતાપવંત વર્તતા એવા મને, જોકે (મારી) બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે...'** પરમાણુ, બીજા આત્માઓ, ધર્માસ્તિ, આકાશ આદિ, રૂપી આદિ. સ્વરૂપની. એની સ્વરૂપની સંપદા વડે. એનું પણ સ્વરૂપ છે ને. પરમાણુનું, બીજા આત્માઓનું, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશનું, **'(મારી) બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે...'** જડનું સ્વરૂપ.. આકાશ, ધર્માસ્તિની ... અનેક પ્રકારની એની સ્વરૂપની સંપદા વડે **'સમસ્ત પરદ્રવ્યો સ્ફુરાયમાન છે...'** જુઓ ભાષા. એ પણ **'અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે સમસ્ત પરદ્રવ્યો સ્ફુરાયમાન છે...'** એ પણ એના સ્વરૂપની સંપદાથી સ્ફુરાયમાન છે. મારી સંપદાથી એ સ્ફુરાયમાન નથી. એની સંપદાથી હું સ્ફુરાયમાન નથી. એના સ્વરૂપની સંપદાથી સ્ફુરાયમાન છે. અનંતા રજકણો, અનંતા આત્માઓ, અસંખ્ય કાળાણુઓ એની સ્વરૂપની સંપદાથી તે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્ફુરાયમાન, પ્રગટમાન એની પર્યાયમાં પણ એનું પ્રગટપણું એની સ્વરૂપની સંપદાથી થાય છે. મારે લઈને નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

જુઓ, પર્યાયમાં દરેક દ્રવ્ય પર્યાયમાં આવે છે કે નહિ? પરિણમે છે ને દરેક? શરીર, પરમાણુ દરેક. એ એમાં જુદું જુદું. કોઈ ચૈતન્ય છે આત્માઓ, કોઈ રૂપી પરમાણુ છે, કોઈ અજીવ, અચેતન. કોઈ અજીવ રૂપી, કોઈ અજીવ અરૂપી, એવા અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે સમસ્ત પરદ્રવ્યો સ્ફુરાયમાન છે. સ્ફુરાયમાન એને કારણે સ્ફુરાયમાન છે. પ્રગટ એને કારણે છે. શરીર, વાણી, મન, ઈન્દ્રિયો આ બધું એને કારણે પ્રગટ સંપદાથી થઈ રહ્યું છે. મારે કારણે કાંઈ છે નહિ એમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્વરૂપ નથી એનું? સ્વરૂપ સંપદા નથી? સ્વરૂપ સંપદા એટલે સ્વરૂપની ઋદ્ધિ. પરમાણુને રૂપી સ્વરૂપની સંપદા. સમજાણું કાંઈ? અને એ પરમાણુ વર્ણની પર્યાયપણે પરિણમે એમાં કોઈનો આધાર લેતું નથી. એવી એની સ્વરૂપ સંપદા સ્વતંત્ર છે. લાખ ઈન્દ્ર આવે કે તીર્થંકર હોય પણ એ પરમાણુની પર્યાય જે રાતી થવાની છે એને કાળી કરી શકે કે ધોળી કરી શકે છે તાકાત એની? એની તાકાત એની છે એ. સમજાણું કાંઈ?

સ્વરૂપ સંપદા. પરમાણુને સ્વરૂપ સંપદા. આકાશને સ્વરૂપ સંપદા. એનું રૂપ છે ને. સ્વરૂપની શક્તિ. એ '**વડે સમસ્ત પરદ્રવ્યો સ્ફુરાયમાન છે તોપણ,...**' કહે છે કે હો બધી સ્વરૂપની સંપદા '**તોપણ, કોઈપણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ...**' છેલ્લો શબ્દ છે એ. એક રજકણ માત્ર પણ મારાપણે મને ભાસતો નથી. ધર્મીને એક રજકણ પણ મારાપણે ભાસતું નથી. એના સ્વરૂપની સંપદાથી પ્રગટ મહાન છે. નથી એમ નહિ. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એમ નહિ. મારી અપેક્ષાએ જગત નથી. એની સ્વરૂપ સંપદાથી બધું પ્રગટ છે. અનંત આત્માઓ છે, અનંત પરમાણુઓ છે. હું એનાથી તદ્દન જુદો છું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધા સ્વતંત્ર જ છે. એની સ્વરૂપ સંપદાએ પ્રગટમાન જ સ્ફુરાયમાન છે. મારે એને માટે કાંઈ કરવું પડે કે એનો આધાર લઈને મારે કાંઈ કરવું પડે એવું કોઈ તત્ત્વ છે જ નહિ. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

ભલે બધું હો. '**તોપણ,...**' એમ કહે છે ને? ઓલું બધું છે ત્યારે તને મમતા ઊપજાવે કે નહિ મારાપણે? '**કોઈપણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ...**' છે ને? ૩૮માં શબ્દ જ એ છે પહેલો. '**किंचि वि अण्णं परमाणुमेत्तं पि**' '**ण वि अत्थि मज्झ किंचि वि अण्णं परमाणुमेत्तं पि**' ૩૮માં પહેલો શબ્દ છે. સમજાણું? '**મને ભાવકપણે તથા જ્ઞેયપણે મારી સાથે એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે;...**' એવું છે નહિ. એવો હું જુદો છું. એની આવી વ્યાખ્યા ઝીણી છે થોડી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**કારતક સુદ ૪, બુધવાર તા. ૧૬-૧૧-૧૯૬૬**
**ગાથા-૩૮, શ્લોક-૩૨, પ્રવચન-૧૦૪**

સમયસાર, એમાં ૩૮મી ગાથા ચાલે છે. ૩૮મી કહે છે ને? અડતીસ. છેલ્લો અધિકાર છે, જુઓ! અહીંથી લ્યો. **'એમ પ્રતાપવંત વર્તતા એવા મને,...'** છે એમાં? એને બતાવો. ભગવાન 'કુંદકુંદાચાર્ય' મહારાજ દિગંબર મુનિ હતા. એ ભગવાન 'કુંદકુંદાચાર્ય' 'સીમંધર' ભગવાન પાસે ગયા હતા. સંવત ૪૯. આઠ દિવસ ભગવાન પાસે રહ્યા હતા. ત્યાંથી આવીને આ 'સમયસાર' આદિ શાસ્ત્ર બનાવ્યા. એમાં આ જીવ અધિકાર કહે છે કે આત્મા સર્વજ્ઞ પરમાત્માએ કેવો કહ્યો છે અને કેવો આત્મા જાણ્યાથી આત્મા જાણ્યો કહેવામાં આવે છે અને એ આત્મા જેવો છે એવો જાણીને શ્રદ્ધાન કરીને અનુભવ કરવો તેનું નામ ભગવાન ધર્મ કહે છે. અહીં સુધી આવ્યું છે.

આત્મા.. પહેલા અધિકાર આવ્યો છે. હું અખંડ, હું ચૈતન્યમાત્ર આત્મા શુદ્ધ છું. અને એક છું. વ્યવહારિક અનેક પ્રકારના ભેદથી રહિત છું. અને હું તો પ્રતાપવંત છું. ચૈતન્ય શુદ્ધ આનંદથી પ્રતાપવંત છું. એમ ધર્મીને પોતાનો આત્મા ભાસે છે. એવા આત્માને જાણીને અનુભવ કરવો તેનું નામ આત્મા જાણ્યો અને તેનું નામ ધર્મ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

**'એમ પ્રતાપવંત વર્તતા એવા મને,...'** ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના આત્માને આવો પ્રતાપવંત માનીને એમ માને છે કે **'જોકે (મારી) બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે...'** મારો જ્ઞાનસ્વભાવ શુદ્ધ સ્વભાવ... પહેલેથી કહ્યું હતું ને. ૩૮મી ગાથા, છેલ્લી પાંચ લીટી. પાંચ પંક્તિ, પાંચ પંક્તિ. ટીકાની છેલ્લી પાંચ પંક્તિ. મળ્યું કે નહિ? સમજાય છે કાંઈ? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે અથવા સંતો કુંદકુંદાચાર્યે અહીંયાં એમ કહ્યું અને એમ છે કે આ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે, શુદ્ધ છે. એ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, આસ્રવતત્ત્વથી ભિન્ન છે. અને કર્મ ને શરીર જે અજીવતત્ત્વ છે તેનાથી ભિન્ન છે. નિજ જ્ઞાન અને આનંદથી ભરેલો છે. એવો પોતાનો આત્મા પ્રતાપવંત વર્તે છે. આવી દૃષ્ટિ ધર્માત્માની હોય છે.

કહે છે કે **'(મારી) બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા...'** શરીર, વાણી, કર્મ, લક્ષ્મી, આબરૂ, જગતની ચીજ, જડ પાંચ અજીવ અને બીજા જીવ, એ દરેક પદાર્થ પોતાનું સ્વરૂપ રાખીને પોતાની સંપદા-પોતાની લક્ષ્મીથી તે પદાર્થ બિરાજમાન છે. સમજાય છે કાંઈ? પરદ્રવ્ય મારાથી ભિન્ન, પરદ્રવ્ય મારાથી ભિન્ન પોતાની પર્યાય આદિથી સ્ફુરાયમાન છે. **'તોપણ, કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી...'** સમ્યગ્દૃષ્ટિને પોતાનો આત્મા ચિદાનંદ સ્વરૂપ ભાસે છે. એ સિવાય બાહ્ય ચીજ હોય, અનંત આત્મા, અનંત રજકણો, પરમાણુ તેમાં કોઈપણ પરદ્રવ્ય. મારો આત્મા જ્ઞાયક ચૈતન્ય છે, શુદ્ધ છે એ સિવાય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બીજી કોઈ ચીજ પરમાણુમાત્ર પણ, એક રજકણ પણ અથવા રાગનો એક અંશ પણ '**મારાપણે ભાસતું નથી...**' આનું નામ આત્મજ્ઞાન અને આનું નામ સમ્યગ્દર્શન કહે છે. આહા..! સમજાય છે કાંઈ? સમયસાર ૩૮મી ગાથા છે.

ભગવાન કુંદકુંદાચાર્ય નગ્ન મુનિ દિગંબર હતા. મહા સંત મહંત મહાત્મા. ભગવાન પાસે જઈને આ વસ્તુ લાવ્યા. તો કહે છે કે, સર્વજ્ઞના સંદેશ આ છે. સર્વજ્ઞ પરમેશ્વરના સંદેશ આ છે કે આત્માર્થીને પોતાનો આત્મા શરીર ને કર્મ ને રાગથી ભિન્ન જાણવો. આ ભગવાનનો સંદેશ છે. બાબુલાલજી! ભગવાન ચૈતન્યસ્વરૂપ શાંતરસથી ભરેલો, એવા આત્માને ધર્માત્મા જીવે, ભગવાનનો હુકમ છે કે ધર્માત્માએ પોતાનો આત્મા શુદ્ધ આનંદમય જોવો અને પોતાના આત્માની સાથે પરદ્રવ્ય રજકણમાત્ર સાથે મારે સંબંધ નથી (એમ જોવો).

મુમુક્ષુ :- ક્યારે સંબંધ નથી?

ઉત્તર :- અત્યારે. ક્યારે ક્યાં? અત્યારે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શું સંબંધ? કહે છે ને, એમાં છે. એમાં ઈ છે અને મારામાં હું છું. મારામાં એ પરદ્રવ્ય રજકણ ભાસતા નથી, એમ કહ્યું. જુઓ! '**મારાપણે ભાસતું નથી...**' પરરૂપ ભાસે છે. શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પરપદાર્થ પરરૂપ ભાસે છે, પણ મારાપણે ભાસતા નથી. સમજાય છે કાંઈ?

ભગવાન પરમેશ્વર અને દિગંબર સંતો મુનિઓ એમ કહે છે કે તમારો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એવી દષ્ટિ કરો અને આત્મામાં મારા શુદ્ધ સ્વભાવ સાથે સંબંધ છે પણ મારા સ્વભાવ સિવાય એક રાગનો કણ અને એક રજકણ પણ મને મારાપણે ભાસતા નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જેવો છે તેવો ભાસવો જોઈએ ને. આત્મા શરીર, કર્મ આદિ પરપદાર્થથી તો ભિન્ન છે. અને પોતાની પર્યાયમાં જે પુણ્ય-પાપના વિકલ્પ, રાગ ઉઠે છે તે પણ આસ્રવતત્ત્વ છે. તો એ આસ્રવતત્ત્વથી પણ હું ભિન્ન છું. એમ આઠ વર્ષની બાલિકા પણ જો સમ્યગ્દર્શન પામે છે તો પોતાને આમ જાણે છે.

મુમુક્ષુ :- આવો આત્મા ભાસે છે?

ઉત્તર :- આવો આત્મા ભાસે છે. આહાહા..!

ભગવાન આત્મા ચૈતન્યજ્યોત જ્ઞાનની મૂર્તિ, એ તો ઘણું કહ્યું, '**अहमेक्को सुद्धो दंसणणाणमइओ**'. હું તો દર્શન-જ્ઞાનમય છું. ભેદભાવ વિકલ્પથી પણ ભિન્ન છું અને નવ તત્ત્વના જીવના વિશેષભાવ આદિ જે ભેદ, તેનાથી પણ હું અભેદ ચીજ તો ભિન્ન છું. એમ પરદ્રવ્ય મારાપણે જરીયે ભાસતા નથી. એનામાં છે. શરીર શરીરમાં છે, કર્મ કર્મમાં છે, ભગવાન બીજા ભગવાનમાં ભગવાન છે. પરદ્રવ્ય એક રજકણ પણ પરમાણુ પોંઈટ અથવા રાગનો કણ મારાપણે ભાસતા નથી. આવું સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન પ્રગટ કરવું તેનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નામ આત્મા જાણ્યો અને ધર્મ કહેવામાં આવે છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? ભાઈ!

જુઓ! આ આત્મજ્ઞાન કઈ રીતે થાય છે? આત્મજ્ઞાન, આત્મદર્શન. આત્મજ્ઞાન કોને કહે છે? આત્મદર્શન અથવા સમ્યગ્દર્શન કોને કહે છે? કે હું તો પરથી તદ્દન ભિન્ન, રાગ એક શુભભાવ છે, દયા, દાનના વિકલ્પ શુભ હો, તેનાથી પણ મારી ચીજ તો ભિન્ન છે. કેમકે રાગ છે એ તો વિકાર છે અને મારી ચીજ તો જ્ઞાનાનંદ શુદ્ધ અવિકારી છે. આહા..! એમ અંતરમાં દૃષ્ટિ કરીને ધર્મીને એવો ભાસ થાય છે કે હું તો દર્શન, જ્ઞાનમય શુદ્ધ છું, અભેદ છું અને રાગાદિ જે ભાવથી પુણ્યબંધન થાય અને જે ભાવથી તીર્થંકરગોત્રનો બંધ થાય તે ભાવ પણ મને મારામાં ભાસતા નથી. તીર્થંકરગોત્રનો ભાવ પણ? એ પણ રાગ છે ને. આસ્રવ છે. જુઓ!

કોઈ પણ પરદ્રવ્ય. કોઈ પણ એટલે? ચાહે તો એક રજકણ પરમાણુ હો, ચાહે તો શુભરાગ તીર્થંકર ગોત્રને બાંધનારો ભાવ હો, સમજાય છે? એ '**પરમાણુમાત્ર પણ...**' પરમાણુમાત્ર પણ '**મારાપણે ભાસતું નથી...**' મારાપણે એ ચીજ નથી એમ જ્ઞાનીને ભાસે છે. ત્યારે આત્મા જાણ્યો, માન્યો અને અનુભવ્યો એમ કહેવામાં આવે છે. જગતને કઠણ ભારે. સમજાય છે કાંઈ? આ તો આત્મલક્ષ્મીની વાત છે. લોકો લક્ષ્મી, લક્ષ્મી વાંછે છે ને. પૈસા ને ધૂળ. પૈસા ને ધૂળમાં છે શું? એ તો જડ છે. સમજાય છે? વર્ષ બેસતું છે ને. પછી લક્ષ્મી માગે, આમ માગે ભગવાન પાસે. પ્રભુ! અમે શરીરથી સુખી રહીએ. શરીરથી. શરીરમાં સુખ ક્યાંથી આવ્યું? ધૂળમાં. આ તો માટી છે. સમજાય છે કાંઈ? એમ કહે છે કે મારામાં મારું સુખ ભાસે છે. મારાથી પર રાગ અને રજકણમાં મારું સુખ ભાસતું નથી, એમ કહે છે.

'**મારાપણે ભાસતું નથી...**' હું આનંદરૂપ છું, જ્ઞાનરૂપ છું. તો એમાં રાગનો અંશ અને રજકણ પરમાણુ, મારામાં સુખ છે, તો એનાથી પણ મને સુખ છે એમ મને ભાસતું નથી. એમાં છે નહિ. સમજાય છે કાંઈ? રૂપિયામાં સુખ છે? ક્યાં ગયા? ધૂળમાંય સુખ નથી. એને તો છોકરા પાસે છે, એની પાસે ક્યાં છે? આ બધા રહ્યા. જુઓ! એને પણ પરાધીન થઈ ગયું છે. કાંઈ કરી શકે નહિ અત્યારે. બૈરાએ લખી દીધું, ઈ કરે એમ થાય. એનું ધાર્યું શું થાય હવે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમ થાય મમતા. મમતા કોને કહે? કહો, સમજાણું આમાં? જેઠાલાલભાઈ! ... મમતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દે કોણ? પેલો ભાવ કરે. જાઓ, હવે તમે કરો. અમે હવે છૂટા થઈ ગયા. કોણ કરે? આપે કોણ અને દે કોણ? એમ કહે છે અહીં તો. ચીજ જ મારી નથી ને.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મારી ચીજ તો જ્ઞાનાનંદ સ્વરૂપ હું છું એ મારાથી જુદી થતી નથી. તો હું પરને આપી શકતો નથી અને જે પરચીજ છે એ મારી નથી, એ તો સ્વતંત્ર છે. તો પરચીજ પણ બીજો એને આપી શકે એમ છે નહિ. પર પરમાં રહે છે, હું મારામાં રહું છું. સમજાય છે કાંઈ?

છેલ્લી ગાથામાં એક જીવસ્વરૂપ, આત્મસ્વરૂપ જ્ઞાન, દર્શન સંપન્ન અને ભેદથી રહિત શુદ્ધ અને એકાકાર હું ચૈતન્ય છું. એવો આત્મા અંતર દષ્ટિમાં લઈ પોતાપણે ભાસીને મારામાં મને રાગાદિ ને રજકણ ભાસતા નથી. '**જે મને ભાવકપણે...**' શું કહે છે? '**મને ભાવકપણે...**' ભાવક નામ કર્મના નિમિત્તના સંગે ઉત્પન્ન થનારા પુણ્ય અને પાપ એ ભાવક. કર્મના નિમિત્તે ભાવક કર્મથી ઉત્પન્ન થયેલા પુણ્ય-પાપના ભાવ. એ મને '**ભાવકપણે તથા જ્ઞેયપણે મારી સાથે એક થઈને...**' એ રાગાદિ ભાવ એ ભાવક, કર્મનો ભાવ અને કર્મ આદિ, શરીરાદિ, કુટુંબાદિ અને દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ એ બધા જ્ઞેય. એ '**ભાવકપણે અને જ્ઞેયપણે મારી સાથે એક થઈને...**' હવે કદી મારી સાથે એક થતા નથી. હું પહેલા માનતો હતો. રાગ, શરીર અને પરપદાર્થ મારા. એ મારી માન્યતા છૂટી ગઈ. હું તો જ્ઞાન, દર્શન, આનંદમય છું. એવા મને રાગ અને રજકણ ભાવક, ભાવક(ભાવ) નામ વિકાર અને રજકણ એટલે જ્ઞેય પરવસ્તુ, કોઈ મારી સાથે એક થઈને ફરી, ફરી નામ પહેલા હતો, '**ફરી મોહ ઉત્પન્ન કરે;...**' એવું રહ્યું નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

ચૈતન્ય મહાન પદાર્થ ભગવાન આત્મા છે, શુદ્ધ અખંડાનંદ સચ્ચિદાનંદ સિદ્ધ સમાન પોતાનું સ્વરૂપ છે. એ સ્વરૂપની દૃષ્ટિથી ધર્મીને આત્મજ્ઞાનીને આત્માના જાણનારને એમ ભાસતું નથી કે રાગ અને પરદ્રવ્ય મારાપણે થઈને મને મોહ ઉત્પન્ન કરે, ભ્રમ ઉત્પન્ન કરે એવું હવે રહ્યું નહિ. રસિકભાઈ! છન્નુ હજાર સ્ત્રી હોય તોપણ? ગૃહસ્થાશ્રમમાં ચક્રવર્તીને છન્નુ હજાર સ્ત્રી હતી. છ ખંડનું રાજ હતું. ભરત ચક્રવર્તી. છન્નુ હજાર સ્ત્રી. છન્નુ કરોડ પાયદળ, છન્નુ કરોડ ગામ. હું તો આનંદ અને જ્ઞાનમૂર્તિ છું. મારામાં રાગ અને પરચીજ મારી થઈને એકપણે થઈને મને ભ્રમણા ઉત્પન્ન કરે એવું રહ્યું નહિ. મારી છે જ નહિ. ઓહોહો..! ચાહે તો ગૃહસ્થાશ્રમમાં હો, ચાહે તો ત્યાગી, મુનિ આદિ હો પણ અંતર દૃષ્ટિમાં એક રાગ અને રજકણ પોતાનો ભાસે નહિ. પોતાનું સ્વરૂપ તો જ્ઞાન અને આનંદમય ભાસે ત્યારે તેને ધર્મી કહેવાય છે. સમજાય છે કાંઈ?

'**જે મને ભાવકપણે...**' એટલો નિઃશંક થઈ જાય છે? કે એ મારાપણે ભાસતા નથી અને મને ભાવકપણે રાગાદિ અને જ્ઞેયરૂપ પરદ્રવ્ય મારી સાથે એક થઈને ફરીને, પહેલા મોહ હતો, ફરીને મોહ ઉત્પન્ન કરે એવું રહ્યું નહિ. સમજાય છે કાંઈ? ક્યારની વાત ચાલે છે? વર્તમાનમાં બધું છે ને? ક્યાં નાખી દેવા હીરાલાલને? ... એનું નામ પડે ત્યાં... એવી ભાષા વાપરે, ભાઈ! તમે તો મને આમ... આહાહા..! હૈયાના હાર દીકરા તો પોતાના કહેવાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે નહિ? દીકરો તો પોતાનો છે કે નહિ? અહીં તો કહે છે, દીકરો શું, શરીર તારું નથી ને. એ તો પરદ્રવ્ય છે. સ્ત્રી પરદ્રવ્ય છે, લક્ષ્મી પરદ્રવ્ય છે, મકાન પરદ્રવ્ય છે. ઝવેરાત, ઝવેરાત-દાગીનો એ બધું પરદ્રવ્ય છે. કપડા પરદ્રવ્ય છે. આત્મામાં સમ્યગ્દૃષ્ટિને કિંચિત્ પરદ્રવ્ય પોતામાં ભાસતા નથી.

મુમુક્ષુ :- અનાજનું કેમ હશે?

ઉત્તર :- અનાજનું શું હશે? અનાજ વિના ચાલે નહિ. એ... મલૂકચંદભાઈ! એને બધું કરવું પડે છે ને. પણ એ બીજે કરે. સમજાણું કાંઈ? અનાજ તો મારું હશે કે નહિ? અનાજ તો રજકણનો પિંડ છે, પરમાણુ ધૂળ છે. ધૂળ આત્માની ક્યાંથી થઈ? આહાહા..! કોણ ખાય છે, પીવે છે? કોઈ ખાતા-પીતા નથી. એનો રાગ કરે છે. રાગ કરે છે તો રાગ પણ પોતાનો નથી. એમ માન્યા વિના નિજ આત્માનું જ્ઞાન થતું નથી. આત્માનું જ્ઞાન થયા વિના સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શન વિના ધર્મની શરૂઆત થતી નથી. ચારિત્ર તો ક્યાંય રહી ગયું. સમજાય છે કાંઈ?

'**ફરી મોહ ઉત્પન્ન કરે;...**' નહિ. મને ભાસતું નથી કે મને ફરી એક થઈને મોહ ઉત્પન્ન કરે. જુઓ! ઓહો..! આટલું બધું! ભવિષ્યમાં પણ મોહ ઉત્પન્ન ન કરે એવી તમારામાં તાકાત આવી ગઈ? પ્રભુ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસૂર્ય આત્મા છે. એ ચૈતન્યસૂર્ય પ્રભુ આત્મા છે. ચૈતન્યપ્રકાશનો બિંબ આત્મા તો છે. એમ અંતરમાં ભાન થવાથી મારામાં હવે પરદ્રવ્ય મારા છે એમ મોહ ઉત્પન્ન કરી શકશે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! કેમ? '**કારણ કે નિજરસથી જ મોહને મૂળથી ઉખાડીને...**' શું કહે છે? કારણ કે ધર્મી એમ જાણે છે, આઠ વર્ષની બાલિકા હો સમ્યગ્દૃષ્ટિ અને દેડકો, દેડકો.. શું કહે છે? મેંઢક, દેડકો પણ સમ્યગ્દૃષ્ટિ હોય છે. ભગવાનના સમવસરણમાં જાય છે. ભગવાન ત્રિલોકનાથ બિરાજે છે. સમવસરણમાં જાય છે. અત્યારે પણ મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધર પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર બિરાજે છે. સમવસરણમાં બિરાજે છે. પશુ જાય છે. રાજા, મહારાજા ચક્રવર્તી જેવા, પશુ પણ જાય છે. પશુ ધર્મ પામે છે. ઓહો..! એને પણ અંતરમાં એવી ભાવના છે કે હું પરદ્રવ્યની સાથે એકત્વ કરીને જે માન્યતામાં મોહ ઉત્પન્ન થતો હતો, તે હવે હું '**નિજરસથી જ મોહને મૂળથી ઉખાડીને...**' નિજશક્તિ. નિજરસ નામ શક્તિ. હું આનંદ અને જ્ઞાન છું. મારો સ્વભાવ શુદ્ધ છે. એવી અંતર શક્તિ દ્વારા જ, નિજરસથી જ. મોહકર્મ જડ એની મેળાએ નાશ થઈ ગયા એ નહિ, આ તો પોતાની ભૂલની વાત કરે છે.

મારી ભૂલ-જે રાગ અને પરવસ્તુ મારી હતી એવું એકત્વ, સ્વચૈતન્યની સાથે પરદ્રવ્યની એકત્વબુદ્ધિનું મિથ્યાત્વ હતું, એ હું '**નિજરસથી જ મોહને મૂળથી ઉખાડીને...**' ભારે વાત છે, ભાઈ! ભગવાન આત્મા હું તો જ્ઞાનસ્વરૂપ છું ને. મારામાં તો શાંતિ પડી છે. આ અશાંતિનો વિકલ્પ મારામાં છે જ નહિ. અને અશાંતિનું નિમિત્ત પરદ્રવ્ય .. વિકલ્પ એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અશાંતિ છે, અને પરદ્રવ્ય અશાંતિમાં નિમિત્ત છે. એ મારામાં ભાસતા જ નથી ને. સમજાય છે કાંઈ? એમ નિજરસથી જ મોહને, મોહ શબ્દે મિથ્યાત્વ, **'મૂળથી ઉખાડીને...'** પેલા કરે છે ને? છોડ.. છોડ. મૂળથી ઉખાડીને. ઉપરથી કાપીને, ખેંચીને. **'ફરી અંકુર ન ઊપજે...'** ફરી મને મોહનો અંકુર ન ઊપજે. જુઓ! મુનિ કહે છે. આવું વસ્તુનું સ્વરૂપ સમજાવે છે. 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ છે. ૯૦૦ વર્ષ પહેલાં દિગંબર સંત મહા મહંત વનવાસી સંત હતા. એમણે આ ટીકા બનાવી. બે હજાર વર્ષ પહેલાં ભગવાન 'કુંદકુંદાચાર્ય' (થયા). બે હજાર વર્ષ પહેલાં એમણે મૂળ શ્લોક બનાવ્યા. અને એની ટીકા 'અમૃતચંદ્રાચાર્ય' ૯૦૦ વર્ષ પહેલાં (થયા). મહા મહંત સંત દિગંબર આનંદકંદમાં ઝુલનારા વનવાસી સંત હતા એ કહે છે. દુનિયાને આમ સમજાવે છે. સમજાય છે કાંઈ?

**'મોહને મૂળથી ઉખાડીને-ફરી અંકુર ન ઊપજે..'** ફરીને અંકુરો ક્યાંથી ઉત્પન્ન થાય? મારામાં તો શાંતિનો અંકુર ઉત્પન્ન થયો. આગળ વધીને કેવળજ્ઞાનનો અંકુર ઉત્પન્ન થઈ જશે. પરની સાથે એકત્વબુદ્ધિ થઈને ફરીને મિથ્યાત્વનો **'અંકુર ન ઊપજે એવો નાશ કરીને...'** સમજાય છે કાંઈ? એવું જ્ઞાન થઈ જાય છે? થઈ જાય? છદ્મસ્થને આવું થઈ જાય? આ શું કહે છે? સમ્યગ્દૃષ્ટિ કોઈ પણ, આ તો મુનિ પોતે કહે છે પણ કોઈ પણ સમ્યગ્દૃષ્ટિની વાત કરે છે. માથે ઈ છે ને? **'દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ પરિણત થયેલા આ આત્માને સ્વરૂપનું સંચેતન કેવું હોય છે...'** ઈ કહે છે. ઈ તો વાત કરે છે સમકિતીની. ધર્મીજીવ પોતાના આનંદસ્વરૂપની અંતર અનુભવની દૃષ્ટિમાં પોતાના સ્વરૂપમાં રાગાદિ પરનું એકત્વ માનતો નથી. અને જે એકત્વ માનતો હતો એ પહેલા નિજરસ સ્વરૂપની આનંદશક્તિના સામર્થ્યથી ફરીને મિથ્યાત્વ ઉત્પન્ન ન થાય એ રીતે નાશ કરી દીધો છે. ઓહોહો..! પેલા કહે, આપણે ખબર પડે નહિ. મિથ્યાત્વ છે કે નહિ, મિથ્યાત્વ ટળ્યું કે નહિ આપણને ખબર ન પડે. મૂઢ છો? શું કહે છે અહીંયાં? એઈ..! શું કહે છે? કોને કહે છે? બધાને. જે કોઈ આ રીતે ૩૭ ગાથામાં આત્મા કહ્યો, **'એ રીતે દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ પરિણત થયેલા આત્માને સ્વરૂપનું સંચેતન કેવું હોય છે એમ કહેતાં આચાર્ય આ કથનને સંકોચે છે,...'** ઉપોદ્ઘાત છે. આહાહા..!

કહે છે, હું તો મોહના મૂળને નિજરસથી જ. આત્માના સ્વભાવના સામર્થ્યથી જ નિજ શુદ્ધ સ્વરૂપના અનુભવના માહાત્મ્યથી જ **'મોહને મૂળથી ઉખાડીને-ફરી અંકુર ન ઊપજે...'** બે ઠેકાણે કહ્યું. પહેલામાં ફરી મોહ ઉત્પન્ન ન કરે અને અહીંયાં ફરી અંકુર ન ઊપજે. સમજાય છે કાંઈ? આ રીતે **'નાશ કરીને, મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે.'** ભગવાન ચૈતન્યજ્યોત સ્વરૂપ જ્ઞાનસૂર્ય ભગવાન આત્મા, આવી ભ્રાંતિને નિજ શક્તિ દ્વારા મોહનો નાશ કરી મને જ્ઞાનપ્રકાશ (પ્રગટ થયો છે). ફરી મોહ ઉત્પન્ન ન થાય એવી રીતે નાશ કરીને મારો જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો છે. એનું નામ આત્મા કહેવામાં આવે છે. આહાહા..! જુઓ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મારો '**મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે.**' હું તો જ્ઞાનમૂર્તિ છું એવી આત્મખ્યાતિ પર્યાયમાં પ્રસિદ્ધ થઈ ગઈ. ટીકાનું નામ આત્મખ્યાતિ છે. અમૃતચંદ્રાચાર્ય મહારાજ દિગંબર સંત એમણે ટીકાનું નામ આત્મખ્યાતિ રાખ્યું છે. આત્મા પ્રસિદ્ધ થઈ ગયો. હું મહાન જ્ઞાનપ્રકાશ છું એવું ભાન, અનુભવ થયો એ આત્મખ્યાતિ થઈ. સમજાય છે કાંઈ?

આ ચોથા ગુણસ્થાનની વાત કરે છે. મુનિ છઠ્ઠે છે પણ મૂળ ચોથા ગુણસ્થાનમાં આવું થાય છે. સમ્યગ્દૃષ્ટિ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, એને પણ અંતરમાં પોતાના જ્ઞાનસ્વરૂપના સામર્થ્ય દ્વારા ફરીને ભ્રાંતિ ઉત્પન્ન ન થાય એ રીતે નાશ કરીને.. સમજાય છે કાંઈ? મહાન ચૈતન્યપ્રકાશ જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ પ્રકાશમાન થયો. પ્રગટ થયો છે. શક્તિ તો છે જ પણ ભાન કરીને પ્રગટ થયો. આ એનું નામ આત્મા જાણ્યો અને આત્મા માન્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ચંદુભાઈ! ભારે વાત આવી. આવી વાત તો ચાલતી નથી. અત્યારે તો આ કરો, આ કરો, આ કરો, આ કરો. પણ કરે શું? સાંભળ તો ખરો. બપોરે કર્તા-કર્મ ચાલે છે, અહીં અસ્તિત્વનું ચાલે છે.

ભગવાન! તું કોઈ વસ્તુ છો કે નહિ? છે તો કેવા ગુણ અને કેવી શક્તિથી છો? કહે છે કે જ્ઞાન અને આનંદ આદિ શક્તિથી આત્મા છે. આવો શક્તિવાન આત્મા આવી શક્તિથી ભરેલો છે. એનામાં કોઈ રાગ-દ્વેષ શક્તિ નથી. શરીરાદિ પરપદાર્થ એમાં નથી. એવો પોતાનો આત્મા શરીરાદિથી ભિન્ન અને વિકારથી ભિન્ન અને નિજ શુદ્ધ સ્વભાવથી અભિન્ન. પૃથક એકત્વની વાત કરે છે. પહેલાં કહ્યું ને? હું એકત્વ વિભક્ત આત્માને કહીશ. '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज पमाणं**' દેખાડું તો પ્રમાણ કરજે. ભગવાન કુંદકુંદાચાર્યે પાંચમી ગાથામાં કહ્યું. હું '**एयत्तविहत्तं**' ભગવાન શુદ્ધ આત્મા એકત્વ છે અને વિકારથી '**विहत्तं**' પૃથક છે. એવો આત્મા કહીશ. અને તું અનુભવથી પ્રમાણ કરજે. એમ આદેશ કર્યો છે, હોં! ચાર લીટીમાં તો ઘણું લીધું, હોં! ઓહોહો..!

મારી સ્વરૂપ સંપદાથી અનંત પદાર્થ તેના સ્વરૂપ સંપદાથી સ્ફુરાયમાન હો. સમજાય છે કાંઈ? પણ મારા સ્વરૂપમાં એ રાગ અને રજકણ પણ મારામાં ભાસતા નથી. મને ફરી વિકારપણે ભારે અને જ્ઞેય મારા થાય એમ મને એકપણે ભાસે એવું રહ્યું નથી. સમજાય છે કાંઈ? અને અસ્તિથી કહ્યું, મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો. હું તો ચૈતન્યસૂર્ય છું. જાણનાર-દેખનાર. રાગ અને પરવસ્તુ હો, પણ હું એનો જાણનાર-દેખનાર છું. તેને બનાવનારો અને રાગને તથા પરને રચનારો હું નહિ. કહો, સમજાણું આમાં?

ભાવાર્થ. એ ટીકા પૂરી થઈ. હવે 'જયચંદ્ર પંડિત' જયપુરમાં થયા છે ને? જયપુરમાં. દિગંબર. એમણે ચાલતી ભાષામાં લખ્યું છે. '**આત્મા અનાદિ કાળથી મોહના ઉદયથી અજ્ઞાની હતો,...**' જુઓ! આત્મા અનાદિ કાળથી મિથ્યાભ્રાંતિને કારણે અજ્ઞાની હતો. '**તે શ્રી ગુરુઓના ઉપદેશથી...**' તે શ્રી ગુરુઓના ઉપદેશથી. ગુરુએ ઉપદેશ દીધો કે તારું સ્વરૂપ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગ અને પરથી ભિન્ન અનુભવ કર. **'અને પોતાની કાળલબ્ધિથી...'** એની કાળલબ્ધિનો પુરુષાર્થની જાગૃતિનો કાળ પણ આવ્યો. પુરુષાર્થની કાળલબ્ધિનો પણ જાગૃત કાળ થયો અને ગુરુનો ઉપદેશ મળ્યો. જ્ઞાની થયો. અનાદિથી અજ્ઞાની હતો એ જ્ઞાની થયો.

આઠ વર્ષની બાલિકા પણ જ્ઞાની થાય છે. ચક્રવર્તીની દીકરી નાની આઠ વર્ષની હોય. ચક્રવર્તીની, હોં! ભગવાન પાસે સાંભળે છે અને સાંભળીને અંદરમાં... અહો..! હું તો આત્મા આનંદ અને જ્ઞાન છું. આ રાગ અને પરચીજ મારી વસ્તુમાં નથી. એવું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન... આઠ વર્ષની ઉમર શરીરની, આત્માને ઉમર નથી, આત્મા તો અનાદિઅનંત છે, એવી શરીરની અવસ્થામાં પણ આ પ્રકારનું સમ્યગ્દર્શન આઠ વર્ષની છોકરી પણ પ્રાપ્ત કરી શકે છે. પણ ખબર નથી વસ્તુ શું છે? સમજાય નહિ, સાંભળવા મળે નહિ કરે શું? આમ ને આમ અનાદિથી ગડબડ ચાલી છે. ગડબડમાં ને ગડબડમાં ચાલ્યો જાય. સમજાય છે કાંઈ?

**'જ્ઞાની થયો અને પોતાના સ્વરૂપને પરમાર્થથી જાણ્યું...'** જુઓ! પોતાનું સ્વરૂપ ચૈતન્ય સ્વ-રૂપ, પોતાનું રૂપ, પોતાનો ભાવ, પોતાની ચીજ. **'પરમાર્થથી જાણ્યું...'** જુઓ! ખરેખર અનુભવથી જાણ્યું કે **'હું એક છું,...'** હું એક સ્વરૂપ જ્ઞાન છું. **'શુદ્ધ છું,...'** ભેદથી રહિત. **'અરૂપી છું,...'** ગાથામાં છે ને? શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શનું જ્ઞાન કરું છું પણ હું એ રૂપ થતો નથી. શબ્દ, રૂપ, રસ એ તો જડ માટી ધૂળ છે. ધૂળનું હું જ્ઞાન કરું છું પણ હું ધૂળરૂપ થતો નથી. હું તો અરૂપી ભગવાન આત્મા છું.

**'દર્શનજ્ઞાનમય છું,...'** દેખનાર-જાણનાર છું. **'આવું જાણવાથી મોહનો સમૂળ નાશ થયો,...'** લ્યો. **'આવું જાણવાથી સમૂળ નાશ થયો, ભાવકભાવ...'** રાગાદિ વિકારભાવ એને કહે છે. ભાવકભાવ. ભાવક શબ્દે કર્મ, એનો ભાવ વિકાર પરિણામ. એ ભાવકભાવ-વિકાર **'જ્ઞેયભાવથી ભેદજ્ઞાન થયું,...'** સમજાય છે કાંઈ? વિકારી ભાવને ભાવકભાવ કહે છે. કર્મ ભાવક, તેના લક્ષે ઉત્પન્ન થયો તે વિકાર. પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત ... રાગ. અને જ્ઞેય પર. તેનાથી ભેદજ્ઞાન થયું.

**'પોતાની સ્વરૂપસંપદા અનુભવમાં આવી;...'** પોતાના સ્વરૂપની લક્ષ્મી આનંદાદિ અનુભવમાં આવી. રાગનો અનુભવ અનાદિથી કરતો હતો. રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ. હેરાન.. હેરાન... હેરાન (થઈ ગયો). પોતાની સ્વરૂપસંપદા ચૈતન્ય અનુભવમાં આવી. **'હવે ફરી મોહ કેમ ઉત્પન્ન થાય?'** તો પછી પરમાં પોતાપણું કેમ થાય? પોતાના સ્વરૂપનું ભાન થયું તો પર મારું છે એમ કેમ થાય? **'ન થાય.'** સમજાય છે કાંઈ? અહીં તો એવો સમ્યગ્દૃષ્ટિ લીધો છે કે જે ક્રમે ક્રમે ચઢીને કેવળજ્ઞાન લેશે, પડવાની વાત જ નથી. સમજાય છે કાંઈ? ઓહો..! 'કુંદકુંદાચાર્ય'ની વાણી ગજબ વાત! સર્વજ્ઞ ભગવાનના ભેટા કરીને આવ્યા હતા. અહીં તો પરંપરાએ મુનિ હતા. ... પછી ભગવાન પાસે ગયા અને આઠ દિવસ રહ્યા. ત્યાંથી આવીને કહ્યું કે આ ભગવાનની મુડી છે. ભગવાન આમ કહે છે. સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'હવે, એવો આત્માનો અનુભવ થયો તેનો મહિમા કહી પ્રેરણારૂપ કાવ્ય આચાર્ય કહે છે...'** પ્રેરણા કરે છે કે અરે..! લોક આવો ને, આવા શાંતરસમાં મગ્ન થઈ જાઓને. જુઓ! ખુબી. સમ્યગ્દૃષ્ટિ શાંતરસમાં મગ્ન છે એમ કહે છે. આવો એ ભાવ પ્રગટ થયો છે એટલો શાંતભાવ છે. મુનિને તો બહુ શાંતભાવ પ્રગટ થયો છે. શાંતભાવની પ્રેરણા કરીને **'જ્ઞાનસ્વરૂપ આત્મામાં સમસ્ત લોક નિમગ્ન થઓ.'** એમ કહે છે. શ્લોક.

**मज्जन्तु निर्भरमयी सममेव लोका**
**आलोकमुच्छलति शान्तरसे समस्ताः।**
**आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण**
**प्रोन्मग्न एष भगवानबोधसिन्धुः।।३२।।**

આહાહા..! ભગવાન અવબોધસિંધુ. એ તો જ્ઞાનનો સિંધુ આત્મા છે. એમાં અંદરમાં પુણ્ય-પાપનો રાગ નથી ભર્યો. નવા નવા દશામાં ઉત્પન્ન કરે છે, વસ્તુમાં નથી.

મુમુક્ષુ :- ખૂણામાં ભરાયેલો ...?

ઉત્તર :- ખૂણામાં ખૂણેખાંચરે ક્યાંય નથી. એના ખૂણેખાંચરે ચારે બાજુ શાંતરસ ભર્યો છે. બરફની શિલા, બરફની શિલા. બરફની શિલા હોયને? તો એની ચારે બાજુ ઠંડુ, ઠંડુ, ઠંડુ જ ભરેલું છે. ખૂણે ઠંડુ, કોરે ઠંડુ, મધ્યમાં ઠંડુ, બહાર ઠંડુ, વચમાં ઠંડુ, ઉપર ઠંડુ, હેઠે ઠંડુ. પાંચ મણની બરફની શિલા હોય ને? એમ ભગવાન આત્મા આ માટી ધૂળમાં ભિન્ન શાંતરસની શિલા પડી છે. અકષાય સ્વભાવરૂપી શિલા આત્મા છે. આ માટી છે. વાણી જડ છે, કર્મ અંદર જડ છે. પૂતળી, શરીર પ્રમાણે શાંતરસની પૂતળી મૂર્તિ ભગવાન આત્મા છે. આહાહા..! સમજાણું? વીતરાગ.. વીતરાગ. વીતરાગ વિજ્ઞાન. શું કહે છે? જુઓ!

ભગવાન આત્મા,.. આ રજકણ તો માટી ધૂળ પર છે, વાણી પર છે, કર્મ પર છે. આ પુણ્ય-પાપના વિકલ્પ પણ આસ્રવતત્ત્વ ભગવાન આત્માથી જુદા છે. ભગવાન ચૈતન્યસ્વરૂપ શરીર પ્રમાણે શરીર આકારે હોવા છતાં પોતાનો આકાર ભિન્ન છે. અને શરીરના રજકણના સ્વભાવથી તેનો સ્વભાવ ભિન્ન છે. એ સ્વભાવ તો અકષાય સમસ્વભાવી અવિકારી વીતરાગ વિજ્ઞાન શાંતરસ ઘન છે. એવો વીતરાગ વિજ્ઞાનઘન ન હોય તો પર્યાયમાં વીતરાગ વિજ્ઞાનઘન કેવળજ્ઞાન ક્યાંથી આવશે? પર્યાયમાં-અવસ્થામાં વીતરાગી શાંતરસની પર્યાય કેવળીને પ્રગટ થઈ એ ક્યાંથી આવી? ભગવાન બારમે ગુણસ્થાને પહેલાં વીતરાગ થયા પછી કેવળજ્ઞાન થયું. એ વીતરાગી પર્યાય અને કેવળજ્ઞાનની પર્યાય તો અવસ્થા છે, ક્યાંથી આવી? શું રાગમાંથી આવી? શરીરમાંથી આવી? અંતર સ્વરૂપ જ એવું પડ્યું છે. વીતરાગ વિજ્ઞાનઘન છે. અકષાય અર્થાત્ વીતરાગ. શાંત અસ્તિથી. એવો વિજ્ઞાન-જ્ઞાનનો ઘન આખી શિલા ચૈતન્ય છે.

**શ્લોકાર્થ :- 'આ જ્ઞાનસમુદ્ર ભગવાન...'** જુઓ! અહીંયાં પહેલેથી લીધું. **'अवबोधसिन्धुः'**. એવો **'જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા વિભ્રમરૂપી આડી ચાદરને સમૂળગી**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ડૂબાડી દઈને...**' વિભ્રમરૂપી આડી ચાદર. મોટો દરિયો હોય ને? દરિયો-સમુદ્ર. ચાર હાથ લાંબું કપડું આડું હોય,.. શું કહે છે? ચાદર. ચાદર આડી હોય તો આખો દરિયો દેખાય નહિ. આખો પાણીથી ભરેલો છે. એમ ચૈતન્ય જ્ઞાનસમુદ્ર જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા. એ સમુદ્રમાં તો અસંખ્ય ક્ષેત્ર છે, રજકણ ભલે અનંત હો. ... પણ ક્ષેત્ર અસંખ્ય છે. મોટો સમુદ્ર. આ તો અનંત અમાપ સ્વભાવથી ભરેલો સમુદ્ર છે. ભલે ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ હો. પણ છે અનંત સ્વભાવ એમાં. એવો '**જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા વિભ્રમ...**' જુઓ! વિભ્રમ એટલે મિથ્યાત્વ. '**વિભ્રમરૂપી આડી ચાદર...**' આડી ચાદર હતી તો ભગવાન ભાસતો નહોતો. '**સમૂળગી...**' મૂળથી, મૂળ સહિત '**ડૂબાડી દઈને...**' નાશ કરી નાખ્યો. સમજાય છે કાંઈ?

'**પોતે સર્વાંગ પ્રગટ થયો છે;...**' ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશે આનંદથી, શાંતરસથી, જ્ઞાનથી સર્વાંગ અસંખ્ય પ્રદેશે સર્વાંગ પ્રગટ થયો છે. આહાહા..! '**તેથી હવે આ સમસ્ત લોક તેના શાંત રસમાં એકીસાથે...**' જુઓ ભાષા! ખુબી ઈ છે કે આ તો શાંતરસના કથન છે. નાટક આદિમાં તો અનેક પ્રકારના કથન આવે. અહીં તો શાંતરસ. શાંતરસ કહો કે વીતરાગરસ કહો. શાંતરસ કહો કે વીતરાગભાવ કહો. શાંત કહો કે અકષાયભાવ કહો. અકષાયભાવની વ્યાખ્યા .. ભગવાન અકષાયસ્વરૂપી છે, વીતરાગસ્વરૂપ છે. વીતરાગ વીતરાગરૂપે થયો તે વીતરાગ સ્વરૂપના આશ્રયે થયો. પરમ શાંતરસમાં પૂર્ણ પરિણમન થઈ ગયું ભગવાનને, એ ક્યાંથી થયું? પરમ શાંતરસરૂપ આત્મા છે તે અંતરમાંથી પ્રગટ થયો. સ્વયં સર્વાંગ પ્રગટ થયો. ચૈતન્યપ્રભુ અનંત જ્ઞાન શાંતરસથી ભરેલો, તેને અંતરમાં એકાગ્ર થઈને રાગથી અને રજકણથી ભિન્ન અનુભવ કરીને વિભ્રમ રૂપી ચાદરનો નાશ કરીને સ્વયં પ્રગટ થયો.

'**હવે...**' હવે નામ અત્યાર સુધી તો અવિકારી ભાવનું ભાન નહોતું. વિકારી પુણ્ય-પાપના અશાંતરસનો અનુભવ હતો, એમ કહે છે. અનાદિ કાળથી તો એને પુણ્ય-પાપ, સકષાયભાવનો જ અનુભવ હતો. એ તો અનાત્મા છે. '**સમસ્ત લોક...**' આખી દુનિયા આવી જાઓ. સાગમટે નોતરું અમારી કાઠિયાવાડી ભાષા છે. તમારે હશે કાંઈક. શું કહે છે? બધાને જમવાનું. ... અમારે આદમીને નોતરું દે, આદમીને જમાડવાના હોય તો કહે કંદોરાબંધ. કંદોરા એટલે એ આદમીને જમાડવા. અને આખી નાતને સાગમટે. તમારે કાંઈક ભાષા હશે. બધા. અમારે સાગમટું (કહે). કોઈપણ બાળક આદિ હોય, આખું ઘર જમવા આવે. અને કંદોરાબંધ હોય તો કહે, ગામમાં તમારા ઘરમાં આદમી હોય તેમણે અમારે ઘરે જમવા આવવું. આદમી હોય તેણે જમવા આવવું. તેને કંદોરાબંધ કહે. કંદોરા બાંધે ને? દોરી. તો એને એમ કહે છે. તમારામાં હશે કાંઈક.

અહીં સાગમટે નોતરું છે. મુનિનું સાગમટે નોતરું છે. આખી દુનિયા આવી જાઓ. આહા..! સમજાય છે કાંઈ? કારણ કે તારો આત્મા જ શાંત અકષાય સ્વભાવ છે ને, ભાઈ! તારો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા જ અકષાય સ્વભાવ છે ને. એમાં આવી જાઓ ને. વિકારી પરિણામમાં કેમ રહો છો? તારી પાસે માલ પડ્યો છે તેમાં કેમ નથી આવતા? તમને દેખાડ્યો. જુઓ! આત્મા આવો છે. સમજાય છે કાંઈ? '**સમસ્ત લોક તેના શાંત રસમાં...**' .. જુઓ! સમ્યગ્દર્શન પ્રગટ થવામાં શાંત રસની પર્યાય પ્રગટ થાય છે, ઈ સાથે કહે છે. રાજેન્દ્રજી! અત્યારે ના પાડે છે ને? શ્રદ્ધા નથી. અનંતાનુબંધીનો અભાવ થયો તો એટલો શાંત થયો છે. શાંત રસનું આચરણ થયું, અનુભવ થયો. આહાહા..! અનંતાનુબંધીનો અભાવ ન થાય તો સ્વરૂપ આચરણ થયું જ નથી. એ શાંત રસનું નામ સ્વરૂપ આચરણ છે. જેટલી શાંતિ પ્રગટે અને તેની સાથે પ્રતીત પ્રગટે તેને સમ્યગ્દર્શન કહે છે. અને શાંત રસ પ્રગટ થયો, અનંતાનુબંધીના અભાવથી શાંત રસ પ્રગટ થયો. સમજાય છે કાંઈ? હજી તો એ વાત કબુલવામાં ના પાડે. ના, એમ ન હોય, એમ ન હોય.

આચાર્ય પહેલા જ અધિકારમાં અધિકાર પૂર્ણ કરતાં (કહે છે), જીવ આવો આત્મા જેણે જાણ્યો તેને શાંત રસ પ્રગટ થયો. તો કહે છે, બધાને નોતરું દે છે. નોતરું કહે છે? શું કહે છે? બધાને નોતરું દે છે, ભાઈ! અહીંયાં આવી જાઓ. ભગવાન આત્મા શાંત રસથી ભરેલો છે. ભગવાનની દીકરી પરણે ત્યાં એને ત્યાં ખોટ હોય નહિ. ભગવાનની પરિણતિ પ્રગટી. આહાહા..! આપણે કહે છે ને? ભગવાનની દીકરી પરણે છે. એમ કાંઈક કહે છે. અહીં તો ભગવાનની દીકરી પરણે છે. આવો આખી દુનિયા. ગામ ધુમાડાબંધ કરે. ગામ ધુમાડો સમજ્યા? આખા ગામને, ધુમાડાબંધ એટલે ટોળાબંધ. ટોળાબંધ બધા આવી જાઓ. ઢેઢ, ભંગી બધા. એમ અહીંયાં કહે છે, આખી દુનિયા આવી જાઓ. ભગવાન પોતાના શાંત રસથી ઉત્પન્ન થયો છે. પોતામાં શાંત રસ હતો, આનંદ રસ હતો. અહીં શાંત રસથી વીતરાગતાનું વર્ણન લે છે. સમજાય છે કાંઈ? વીતરાગતા વર્ણવવી છે ને, વીતરાગતા. આહાહા..! શાંત રસ જ છે ઈ. સમજાય છે કાંઈ? જુઓ! ... ઈ આમાં આવ્યું. વીતરાગ વિજ્ઞાન શાંત રસ ... ઈ. જુઓ! ઈ શબ્દ અહીં આવ્યો. વીતરાગ વિજ્ઞાનરૂપ શાંત રસ એ આત્મા. આકુળતાનો વિકલ્પ-ફિકલ્પ એ આત્મા નહિ. સમજાય છે કાંઈ?

'**સમસ્ત લોક તેના શાંત રસમાં...**' તેના શાંત રસમાં. તેના એટલે આત્માના. સર્વાંગ પ્રગટ થયો. શાંત.. શાંત.. શાંત.. વિકલ્પની રાગની પણ ગંધ નહિ. એવી શાંતિનો રસ. એમાં એકીસાથે, એકીસાથે. છે ને, અહીં ક્યાં ખોટ છે. ખજાને ક્યાં ખોટ છે. આત્મા પૂર્ણ છે. એકીસાથે આવી જાઓ. ભગવાનના ઘરની દીકરી પરણે છે. ભગવાનની પરિણતિ પ્રગટ થઈ છે. પરિણતિ એટલે એની દીકરી. ભગવાન શાંત રસનો સાગર, એનો અનુભવ સમ્યગ્દર્શન, જ્ઞાન થયા, શાંત રસની પરિણતિ છે. આહા..! '**એકીસાથે જ...**' વળી પાછું વજન આપ્યું. જેવી પોતાની દૃષ્ટિ થઈ.. છે ને? પોતાની થઈ એમ બધાને કહે છે. '**आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण प्रोन्मग्न एष भगवानबोधसिन्धुः**'. '**सममेव लोका**' '**એકીસાથે**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**જ અત્યંત મગ્ન થાઓ.**’ અરે..! ભગવાન! તારી ચીજમાં અત્યંત મગ્ન થઈ જાઓ. આવો સમય છે. આવી પરિણતિ તને બતાવી, તારી ઘરની મુડી તને બતાવી દીધી. હવે મુડી કેમ લેતો નથી? લે, ઉપાડ, ઉપાડ.

‘**કેવો છે શાંતરસ? સમસ્ત લોક પર્યંત ઊછળી રહ્યો છે.**’ એટલે આખી દુનિયામાં શાંત રસ ભર્યો છે. ‘શ્રીમદ્’ એમ કહે છે, આખી દુનિયામાં એકલો શાંત રસ જ ભર્યો છે. બધા આત્મા શાંત રસથી ભરેલા છે. સમજાય છે કાંઈ? લોક પર્યંત. શાંત રસનું જ્ઞાન આખા લોકને બધાને જાણે છે. લોકાલોકને જાણે છે. શાંત રસમાં પ્રગટેલું જ્ઞાન સમસ્ત લોકાલોકને જાણે છે. કેવળજ્ઞાન. લ્યો, એ કળશ પૂરો થયો.

‘**ભાવાર્થ :- જેમ સમુદ્રની આડું કાંઈ આવી જાય...**’ સમુદ્રની આડે કાંઈક આવી જાય ‘**ત્યારે જળ નથી દેખાતું...**’ એનું જળ દેખાતું નથી. ‘**અને જ્યારે આડ દૂર થાય ત્યારે જળ પ્રગટ થાય;...**’ છે તો છે, નહોતો એમ નહિ. પણ પ્રગટ થયો. તે ‘**પ્રગટ થતાં, લોકને પ્રેરણાયોગ્ય થાય કે ‘આ જળમાં સર્વ લોક સ્નાન કરો’;...**’ દરિયાના પાણીમાં, હોં! આ ખારું નહિ, સ્વચ્છ. મીઠું. સ્વયંભૂરમણ સમુદ્રનું પાણી મીઠું છે. ઈક્ષુ રસ. આવે છે ને? શું કહેવાય? ક્ષીરોદધિ. ક્ષીરોદધિ ઈ દૂધનો. ઈક્ષુ રસ એ શેરડીના રસ જેવું. છે પાણી, હોં! પાણી. સચેત છે. એક બિંદુમાં અસંખ્ય જીવ છે. ... ક્ષીરોદધિ અને ઈક્ષુ રસ. ઓહોહો..! દુનિયાની પણ રચના અનાદિની. એ સ્થાનમાં એવા જીવો જન્મે. મીઠા રસના, પેલામાં ઈક્ષુ રસના. ઓહોહો..! એવા અસંખ્ય સમુદ્ર અને અસંખ્ય દ્વિપ ફરતાં છે. છેક સ્વયંભૂરમણ સમુદ્ર સુધી. આહાહા..!

કહે છે, ‘**જ્યારે આડ દૂર થાય ત્યારે જળ પ્રગટ થાય; પ્રગટ થતાં, લોકને પ્રેરણાયોગ્ય થાય કે ‘આ જળમાં સર્વ લોક સ્નાન કરો’; તેવી રીતે આ આત્મા વિભ્રમથી આચ્છાદિત હતો...**’ ભગવાન આત્મા વિભ્રમ-ભ્રમણા-મિથ્યાત્વરૂપી ચાદરથી આચ્છાદિત-ઢંકાયેલો હતો. જુઓ! મિથ્યાત્વથી ઢંકાયેલો હતો એમ કહ્યું, હોં! કર્મથી ઢંકાયેલો એમ નથી કહ્યું. અંદર વિભ્રમ લીધું છે ને, ભાઈ! અજ્ઞાનના ત્રણ દોષ છે ને? ઈ. અનધ્યવસાય, વિમોહ, વિભ્રમ. વિભ્રમ લીધું છે. ભારે પણ. ‘અમૃતચંદ્રાચાર્ય’ દિગંબર સંતની કથનની શૈલી પણ ગજબ!

‘**આ આત્મા વિભ્રમથી આચ્છાદિત હતો ત્યારે તેનું સ્વરૂપ નહોતું દેખાતું;...**’ ભગવાન આત્માનું સ્વરૂપ શું છે અંદર એ દેખાતું નહોતું. ભ્રમણાને કારણે, હોં! ‘**હવે વિભ્રમ દૂર થયો ત્યારે યથાસ્વરૂપ (જેવું છે તેવું સ્વરૂપ) પ્રગટ થયું;...**’ હતું એવું થયું, હતું એવું થયું. ‘**તેથી હવે તેના વીતરાગ વિજ્ઞાનરૂપ શાંતરસમાં...**’ લ્યો, આ શબ્દ કહેવો છે. ‘**તેના વીતરાગ વિજ્ઞાનરૂપ શાંતરસમાં એકીસાથે સર્વ લોક મગ્ન થાઓ.**’ એની પર્યાય, હોં! તો એ પર્યાય ક્યાંથી આવી? આખો આત્મા જ વીતરાગ વિજ્ઞાન શાંતરસ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. આખો આત્મા જ વીતરાગ વિજ્ઞાન શાંતરસ છે. આહાહા..! **'સર્વ લોક મગ્ન થાઓ.' એમ આચાર્યે પ્રેરણા કરી છે.'** અમૃતચંદ્રાચાર્ય મહારાજ આચાર્ય દિગંબર સંત જગતને પ્રેરણા કરે છે, અરે..! જીવો! આવું તારું સ્વરૂપ છે તેમાં તુ આવી જા ને. બહારમાં કેમ રખડે છો? આહાહા..!

સાગમટે નોતરું આપે તોપણ કેટલાક એવા માંદા હોય, કેટલાક રોગી હોય, ક્ષયવાળા હોય એ ન આવી શકે. પડ્યા હોય. એને પીરસણું મોકલું. પીરસણું મોકલે. પીરસણું સમજો છો? આખું જગત જમ્યું અને કોઈ બે, પાંચ-પચાસ માણસ ન આવી શકે, બહુ માંદા હોય તો ... અહીંયાં પીરસણું કહે છે. તમારે પીરસણું નથી કહેતા? થાળી પીરસે. થાળી ભરીને આપે. તમારે રાંધવાનું નહિ. ઘરે ચૂલો-ધુમાડો નહિ કરો. તમે નથી આવી શક્યા, લઈ જાઓ. સમજાય છે કાંઈ?

**'આચાર્યે પ્રેરણા કરી છે. અથવા એવો પણ અર્થ છે કે જ્યારે આત્માનું અજ્ઞાન દૂર થયા ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય...'** લ્યો. પરિપૂર્ણ લીધું. **'અને કેવળજ્ઞાન પ્રગટ થતાં સમસ્ત લોકમાં...'** છેલ્લી ગાથા છે ને. **'લોકમાં રહેલા પદાર્થો એકીવખતે જ જ્ઞાનમાં આવી ઝળકે છે...'** આખા લોકમાં રહેનારા પદાર્થ. લોકાલોક જ્ઞાનમાં જણાય છે. **'તેને સર્વ લોક દેખો.'** પોતાની જ્ઞાનની પર્યાયને દેખો કે પૂર્ણ, પૂર્ણ, પૂર્ણ ત્રણ કાળ ત્રણ લોકને જાણનારી પર્યાય છે. એમ જુઓ. તેને પૂર્ણ આત્મા કહેવામાં આવે છે. એમ કહીને જીવ અધિકાર પૂરો થયો. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**કારતક સુદ ૫, ગુરુવાર તા. ૧૭-૧૧-૧૯૬૬**
**શ્લોક-૩૩, પ્રવચન-૧૦૫**

આ 'સમયસાર' જીવ-અજીવ અધિકારમાં જીવ અધિકાર પૂરો થાય છે. અસ્તિપણે કહીને. અસ્તિપણે એટલે શું? કે આત્મા શુદ્ધ છે, ધ્રુવ છે, આનંદ છે, પૂર્ણ છે એમ અસ્તિપણે જીવનું વર્ણન કર્યું છે. અજીવ (અધિકારમાં) એ જીવમાં રાગ નથી, આ નથી... આ નથી... એમ કહેશે.

**'અહીં ટીકાકારનો એવો આશય છે કે આ ગ્રંથને અલંકારથી નાટકરૂપે વર્ણવ્યો છે.'** છે? **'નાટકમાં પહેલાં રંગભૂમિ રચવામાં આવે છે.'** નાટક સમજાય છે? નાટક પાડે તો ચાર કલાકમાં પાડે ને ૧૦ થી ૨. એમાં બધું એનું માળવાના અધિપતિ મહારાજા ભર્તૃહરીનું બધું બતાવે. ૯૨ વર્ષનું. જેમ હોય એ. એમ આ ૪૧૫ શ્લોકમાં નાટક એટલે કે આત્માનું અનાદિ અનંત સ્વરૂપ સાધક-બાધક વિરૂદ્ધ અવિરૂદ્ધ શું છે એ બધું આમાં બતાવે છે. માટે આને નાટક ગ્રંથ કહેવામાં આવે છે. સમજાણું? **'નાટકમાં પહેલા રંગભૂમિ રચવામાં આવે છે.'** સ્થળ-સ્થળ. **'ત્યાં જોનારાં નાયક...'** હોય. માણસ હોય ને મોઢા આગળ? **'સભા હોય...'** જોનારા મોઢા આગળ ખુરશીઓ નાખે. નાટકમાં જોયું છે ને? મોઢા આગળ ખુરશી હોય. **'સભા હોય અને નૃત્ય કરનારા હોય છે...'** ત્રણ હોય. **'જેઓ અનેક સ્વાંગ ધારે છે...'** નાચનારા અનેક સ્વાંગ ધારે છે. **'તથા શૃંગારાદિક આઠ રસનું રૂપ બતાવે છે.'** નાટકમાં તો જોયું હશે ને પહેલું? ઘણાં હોય છે ને? પહેલો આવે છે ને નારદ?

મુમુક્ષુ :- એ પહેલા આવતો, હવે નથી આવતો.

ઉત્તર :- નથી આવતો? અમારે તો આવતો પહેલા. મોટા અમે તો નાટક જોયેલા. વડોદરા જેવા મોટા નાટક જોયા છે. પહેલામાં એ આવે છે. 'બ્રહ્મા સુત હું નારદ કહાવું, જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું.' એમ પહેલું આવે છે, ભાઈ! અમે ઘણા નાટક જોયા છે ને. મોટા મોટા જોયા છે. ત્યાં પહેલો એ આવે. એ પાત્ર કહેવાય એનું. સમજ્યાને? પછી શું આવે છે? આમ આવે છે ને આમ આવે છે.

એમ આ રંગભૂમિમાં આત્માને બતાવવો છે. એમાં આઠ રસ છે નાટકના. **'શૃંગાર, હાસ્ય, રૌદ્ર, કરુણા, વીર, ભયાનક, બીભત્સ અને અદ્ભુત-એ આઠ રસ છે તે લૌકિક રસ છે;...'** લૌકિકની વાત છે, હોં! એમાં આત્મામાં પણ ઉતારી શકાય છે. ઉતાર્યા છે ભાઈએ 'બનારસીદાસે'. નવેય રસને અધ્યાત્મમાં ઉતાર્યા છે. પણ આપણે અહીંયાં શાંતરસનું કામ છે. **'નાટકમાં તેમનો જ અધિકાર છે. નવમો શાંતરસ છે તે અલૌકિક છે;...'**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શાંતરસ કહો, વીતરાગભાવ કહો, અકષાયભાવ કહો કે મોક્ષમાર્ગની પર્યાય કહો. સમજાણું કાંઈ? એને શાંત આત્માનું સમ્યગ્દર્શન, આત્માનું જ્ઞાન, આત્માની ચારિત્ર દશા શાંત છે, અવિકારી છે, અકષાય ભાવ છે. એ અલૌકિક છે. '**નૃત્યમાં તેનો અધિકાર નથી.**' નાચનારાઓમાં એ અધિકાર હોઈ શકે નહિ. '**આ રસોના સ્થાયીભાવ,...**' એ બધું વર્ણન છે અંદર. કાયમ રહેનારા '**સાત્ત્વિકભાવ, અનુભાવી ભાવ, વ્યભિચારી ભાવ અને તેમની દૃષ્ટિ આદિનું વર્ણન રસગ્રંથોમાં છે ત્યાંથી જાણવું.**' એનું કાંઈ કામ નથી.

'**સામાન્યપણે રસનું એ સ્વરૂપ છે કે...**' હવે રસની વ્યાખ્યા. સામાન્યપણે એ સ્વરૂપ '**જ્ઞાનમાં જે જ્ઞેય આવ્યું તેમાં જ્ઞાન તદાકાર થયું,...**' હવે અહીં શાંતરસની વ્યાખ્યા છે મૂળ તો. ઓલામાં રસ એમ છે. જેમાં જે લક્ષ થયું એમાં બીજી ચિંતા હઠી જાય, એકાકાર થઈ જાય એનું નામ રસ. અહીંયાં આત્માના રસની વાત છે. શાંતરસ. (જ્ઞાનમાં) '**જે જ્ઞેય આવ્યું તેમાં જ્ઞાન તદાકાર થયું, તેમાં પુરુષનો ભાવ લીન થઈ જાય અને અન્ય જ્ઞેયની ઈચ્છા ન રહે તે રસ છે. તે આઠ રસનું રૂપ નૃત્યમાં નૃત્ય કરનારા બતાવે છે; અને તેમનું વર્ણન કરતાં કવીશ્વર જ્યારે અન્ય રસને અન્ય રસની સમાન કરીને પણ વર્ણન કરે છે ત્યારે અન્ય રસનો અન્ય રસ અંગભૂત થવાથી તથા અન્યભાવ રસોનું હોવાથી, રસવત્ આદિ અલંકારથી તેને નૃત્યુના રૂપે વર્ણવવામાં આવે છે.**' એ જાણવાની વાત છે.

'**અહીં પ્રથમ રંગભૂમિસ્થળ કહ્યું. ત્યાં જોનારા તો સમ્યગ્દષ્ટિ પુરુષ...**' જુઓ! અહીં છે ખુબી હવે. '**પુરુષ છે તેમ જ બીજા મિથ્યાદષ્ટિ પુરુષોની સભા છે,...**' જુઓ! આ વર્ણન 'જયચંદ્રપંડિત'નું. ઓલા કહે કે આ બધા મુનિ જોઈએ. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની વાત છે આ. '**ત્યાં જોનારા તો સમ્યગ્દષ્ટિ પુરુષ છે તેમ જ બીજા મિથ્યાદષ્ટિ પુરુષોની સભા છે, તેમને બતાવે છે. નૃત્ય કરનારા જીવ-અજીવ પદાર્થ છે અને બન્નેનું એકપણું,...**' કર્તાકર્મ થઈને આવે તેનું ભેદજ્ઞાન બતાવે છે. 'સમયસાર'. '**તેમના સ્વાંગ છે. તેમાં તેઓ પરસ્પર અનેકરૂપ થાય છે,-**' કર્મનો કર્તા જીવ અને કર્મ આત્માનું કર્મ એવું એમાં અનાદિથી થઈ રહ્યું છે.

'**આઠ રસરૂપ થઈ પરિણમે છે, તે નૃત્ય છે. ત્યાં સમ્યગ્દષ્ટિ જોનાર જીવ-અજીવના ભિન્ન સ્વરૂપને જાણે છે;...**' હવે અહીં વજન છે જરી. સમ્યગ્દષ્ટિ આત્મા જીવ અને અજીવના ભિન્ન સ્વરૂપને જાણે છે. ભગવાન આત્મા જ્ઞાન અને શાંતરસનું સ્વરૂપ છે અને પુણ્ય-પાપના ભાવ અને બીજું એ બધામાં આકુળતાના બીજા નિમિત્ત છે એમ આકુળતાને અને શાંતરસને સમ્યગ્દષ્ટિ જાણે છે. કહો, સમજાય છે કાંઈ? '**સમ્યગ્દષ્ટિ જોનાર જીવ-અજીવના ભિન્ન સ્વરૂપને જાણે છે; તે તો આ સર્વ સવાંગોને કર્મકૃત જાણી શાંત રસમાં જ મગ્ન છે...**' જુઓ! શરીર, વાણી, પુણ્ય-પાપના ભાવ એ બધા કર્મકૃત

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકાર આદિ સંયોગ છે. એને જાણે પણ એને પોતાના માને નહિ. જાણી અને શાંત નામ જ્ઞાતા-દૃષ્ટા છું. હું તો જાણનાર, દેખનાર છું એવા ભાવમાં અકષાયભાવનો શાંતરસ થાય તેમાં આ સમકિતી લીન છે. જુઓ! અહીં સમ્યગ્દૃષ્ટિથી ઉપાડ્યું છે. છઠ્ઠા ગુણસ્થાનની અને આઠમા ગુણસ્થાનની અહીં વાત નથી. એ તો ઉત્કૃષ્ટ વાત છે. આમાં આવી જાય છે. પણ શરૂઆત અહીંથી થાય છે.

આત્મા સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ શાંતરસ અને અનાકુળ સ્વરૂપ છે પ્રભુ આત્માનું. અને રાગાદિ તે વિકાર ચૈતન્યના સ્વરૂપથી ભિન્ન છે. એમ ધર્મી જીવ અંતરમાં બેની ભિન્નતાનો વિવેક જાણે છે. તેથી તે રાગમાં એકાગ્ર ન થતાં પોતાના જ્ઞાનના રસમાં એકાગ્ર થાય છે. એને શાંતરસમાં લીન થયો કહેવામાં આવે છે. કહો, સાર આવ્યો આ. મિથ્યાત્વ ટળ્યું, અનંતાનુબંધી ગયું, રાજેન્દ્રજી! એમાં શાંતરસ થોડો આવ્યો કે નહિ? કે બિલકુલ નહિ? આવ્યો? તો કેમ નથી માનતા ઈ? સ્વતંત્ર (છે). શું કહ્યું?

મુમુક્ષુ :- .. માને છે...

ઉત્તર :- માને છે. ઈ ઠીક કહે છે કે એ પાંચમા ગુણસ્થાન માને અને એને શાંતિ તો છે નહિ. પણ શાંતિ આઠમે હોય. ઠીક કહે છે. આહાહા..!

ભગવાન આત્મા સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મી, એ જીવ-અજીવના ભિન્ન સ્વરૂપને બરાબર જાણે છે. તે આ સર્વ સ્વાંગોને, પુણ્ય-પાપ આદિ, બંધભાવ આદિ, કર્મ આદિ બધાને કર્મકૃત જાણી, જાણી શાંત નામ પોતામાં એકાગ્ર છે, એ રાગમાં એકાગ્ર નથી. કહો, સમજાય છે કાંઈ? આ સાર મૂક્યો છે આમાં.

મુમુક્ષુ :- શાંતરસમાં જ મગ્ન છે. કોઈ વાર અશાંતરસ થતો જ નથી?

ઉત્તર :- છે જ નહિ. શાંતરસમાં જ છે એ. અકષાયભાવની પરિણતિ છે એ જ એનું સ્વરૂપ છે. રાગાદિ છે એને એ જાણે છે. ભલે ચોથે હોય, પાંચમે હોય, છઠ્ઠે હોય, સાતમે હોય. એ સ્વામી અકષાય પરિણતિનો છે. કષાય પરિણતિનો જ્ઞાની સ્વામી-ધણી પોતામાં એને માનતો નથી. જાણે છે. આહા..! સમજાણું કાંઈ?

**'સર્વ સ્વાંગોને કર્મકૃત...'** પુણ્ય-પાપ આસ્રવ બંધ આદિ જાણી **'શાંત રસમાં જ મગ્ન છે...'** એક જ અહીં વાત છે ને. અધ્યાત્મ ગ્રંથમાં એક જ વાતને મુખ્ય કરી છે. બે વાત સાથે નથી. શાંતરસ છે એને અશાંત છે એમ નહિ, અશાંત છે એનો જાણનાર છે. જેટલો ભાવ રાગનો પુણ્યનો જ્ઞાનીને હોય છે એટલો એ આકુળતા છે પણ એનો એ જાણનાર છે. ઠરનાર એમાં નથી, એમ સિદ્ધ કરવું છે. ભગવાન આત્મા ચૈતન્ય રસનો કંદ પ્રભુ આનંદકંદ વિજ્ઞાનઘન, એનું અંતરમાં ભાન થયું છે ધર્મીને. તેથી તેનામાં એકાગ્ર થઈને તેને જ એકાગ્રતા છે એમ કહેવામાં આવે છે. રાગાદિ હોય છે પણ એને કર્મકૃત જાણી. ભાષા જુઓને! એને કર્મથી કરાયેલા (જાણે છે). મારી ચીજ નહિ. વિકારના પરિણામ શુભ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દયા, દાન, વ્રત, ભક્તિ આદિના હો તોપણ ધર્મી તેને કર્મકૃત (માનતો), આત્મકૃત નહિ માનતા આત્માથી કરાયેલો એ ભાવ નહિ. આત્મા વસ્તુ શુદ્ધ છે. એવી પવિત્ર દૃષ્ટિને લઈને આત્માથી કરાયેલો ભાવ તો અવિકારી શાંત પરિણામ છે. જેઠાલાલભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? જુઓ! આ ધર્મની રીત અને ધર્મના પ્રકાર.

દુનિયા દુનિયામાં છે. રાગ રાગમાં છે. મારામાં તો જ્ઞાનસ્વરૂપથી અવિનાભાવી આનંદ અને શાંત એ મારો સ્વભાવ, એ મારું સ્વરૂપ (છે). એની દૃષ્ટિને લઈને જેટલો અકષાયભાવ પ્રગટ્યો એ જ એની ચીજ છે (અને) એમાં એકાગ્રતા છે. સમજાણું કાંઈ? બાકી બધું નાટક દેખે. દુનિયાના નાટકો પડે એને જાણે. એનો સ્વામી થાય નહિ. કહો, સમજાણું આમાં? જીવનો અધિકાર પૂરો થાય છે આ. પછી જીવમાં અજીવ નથી એ હવે કહેશે.

જીવ એટલે કે અનંત આનંદ જ્ઞાનનો દરિયો સમુદ્ર પ્રભુ આત્મા. અને વિકાર તે અજીવ છે, ચૈતન્યના સ્વરૂપમાં તે ખરેખર નથી. એમ વિકારોને કર્મકૃત જાણી. અરે..! બહારની ધૂળ આદિ પૈસા લક્ષ્મી, આબરૂ, ચોથા ગુણસ્થાનવાળાને ચક્રવર્તી રાજ હોય, છન્નું હજાર સ્ત્રી હોય એ બધા કર્મકૃતના નાટક છે, મારા નથી. આહાહા..! સમજાણું કાંઈ? સંભળાય છે ને? સંભળાય છે એમ કીધું.

**'આ સર્વ સ્વાંગ...'** ભગવાન આત્મા. ચૈતન્ય એટલે જ્ઞાન અને આનંદનો ગાંગડો. એકલો શુદ્ધ સ્વરૂપના સ્વાદરૂપ ચૈતન્ય. એની જેને સ્વાદની દૃષ્ટિ થઈ છે. અંતરના આનંદને.. કહેશે ઓલામાં અજીવ અધિકારની શરૂઆતમાં, હોં! **'मनो ह्लादयत्'** છેલ્લો શબ્દ નહિ? **'मनो ह्लादयत्'** મનને આનંદ કરતું જ્ઞાન પ્રગટ થાય છે. ૩૩ કળશમાં કહેશે. ધર્મ એવી ચીજ છે કે જે આત્મા એ પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન મારી ચીજ છે. એવા જ્ઞાનાનંદ સ્વરૂપની દૃષ્ટિથી મનને એટલે જ્ઞાનને આનંદ કરતું એ જ્ઞાન પ્રગટ થાય છે. દુઃખ તો હતું અનાદિથી. સમજાણું કાંઈ? શું હશે તે આનંદમાં? ખાવા-પીવાનો આનંદ હશે? ત્યારે શું છોકરાનો?

કહે છે કે ભગવાન આત્મા, ભાઈ! તું આનંદથી ખાલી નથી. તું વિકારથી ખાલી છો. ખાલી સમજો છો? શૂન્ય. તારું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય અને આનંદરસથી ભરેલું છે. વિકારથી, પુણ્ય-પાપના વિકલ્પથી તદ્દન ખાલી છે. એનાથી શૂન્ય, સ્વભાવથી અશૂન્ય. એમ 'પ્રવચનસાર'માં અસ્તિ-નાસ્તિ પહેલો અધિકાર લીધો છે. ભગવાન આત્મા સ્વસ્વરૂપે અસ્તિ, પરસ્વરૂપે નાસ્તિ. ચૈતન્ય ભગવાન પોતાના શુદ્ધ ચૈતન્યના શાંત સ્વભાવના ભાવથી ભરેલો ભગવાન, એની જ્યાં અંતર દૃષ્ટિ થઈ એટલે એમાંથી શાંતિ અને શ્રદ્ધા આદિ પર્યાય પ્રગટી એમાં લીન છે અને એ જ મારી ચીજ છે. ચાહે તો લડાઈમાં ઊભો હો, ચાહે તો ભોગની વાસનાના કાળમાં પડ્યો દેખાય. સમજાય છે કાંઈ? પણ એની દૃષ્ટિમાં આનંદ તરવરે છે આત્મા એ આનંદમાં લીન છે એ પરમાં લીન થતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'અને મિથ્યાદૃષ્ટિ જીવ-અજીવનો ભેદ નથી જાણતા...'** જેની અસત્ય દૃષ્ટિ છે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જૂઠી દૃષ્ટિ છે, સત્યથી વિરૂદ્ધ દૃષ્ટિ છે. એ જીવ જ્ઞાનાનંદ સ્વરૂપ છે અને પુણ્ય-પાપ આદિ જીવના સ્વરૂપમાં નથી, અજીવ છે એવો ભેદ નથી જાણતા. સમજાણું કાંઈ? લ્યો આ. **'મિથ્યાદૃષ્ટિ જીવ-અજીવનો ભેદ નથી જાણતા તેથી આ સ્વાંગોને જ સાચા જાણી...'** તેથી કર્મકૃત પુણ્ય-પાપના વિકલ્પરૂપી સ્વાંગ, ભેખ, મેલો ભેખ એને નિર્મળમાં મારો માની અને શરીરાદિ આ બધું બહાર દેખાય એ મારો સ્વાંગ છે, એ મારી ચીજ છે. એમ અજ્ઞાની આત્માના આનંદ જ્ઞાયક સ્વભાવ સિવાય જેટલા કર્મકૃત અજીવભાવો વિકારી કે સંયોગ (છે) એમાં લીન થઈ **'સ્વાંગોને જ સાચા જાણી...'** એ જ સાચું સ્વરૂપ છે. પુણ્ય-પાપના ભાવ જ સાચું સ્વરૂપ છે. પણ એ વિકાર વિનાનું ચૈત્ય જ સત્ય સ્વરૂપ છે એની એને ખબર નથી. કહો, સમજાણું આમાં? **'એમાં લીન થઈ જાય છે.'** ભાષાફેર. બે જ વાત કરી છે. ધર્મી જીવ પોતાના શુદ્ધ સ્વરૂપને જાણતો, રાગને પૃથક્ જાણતો સ્વમાં એકાગ્ર હોય છે. શાંતરસમાં. અહીં જુઓ! ચોથા ગુણસ્થાનથી માંડી છે હોં! આ.

મુમુક્ષુ :- .. આદિથી.

ઉત્તર :- આદિથી. એ બપોરે કર્તા-કર્મમાં. જ્ઞાનથી .. આવ્યું છે ને એ? ૫૭માં આવ્યું હતું ઈ. આહાહા..!

કહે છે કે ભગવાને જ્યાં પોતાના ખજાના ખોલ્યા. પોતાનો ખજાનો આનંદકંદ અંદર ભર્યો (છે) પૂર્ણાનંદ. એને જ્યાં અંતર દૃષ્ટિ મૂકીને ખોલ્યો એ તો શાંતપણું જ મારું સ્વરૂપ છે એમ જાણે છે. સમજાણું કાંઈ? ચાહે તો છ ખંડના રાજમાં પડ્યો હો. બધું ધૂળ પર (છે). મારી ચીજ શાંત જ્ઞાયક એ હું. બાકી બધું પર.

મિથ્યાદૃષ્ટિ જીવ જીવ-અજીવની જુદાઈને, વિવેકને અનેકતાને અનેકપણે ન જાણતો એ સ્વાંગ જે ચૈતન્યના અનાદિઅનંત ધ્રુવ શાંતરસનો કંદ પ્રભુ, એના ઉપર આ પુણ્ય-પાપના સ્વાંગ શુભાશુભ ભાવના ભેખ અને આ શરીર આદિના ભેખ. આ માથે બહારનો પાછો મકાનનો હજીરો બેઠો હોય એ ભેખ એનો માને. પાંચ લાખનું મકાન અને માથે પંખા ફરતા હોય. ચારે કોર ઓલા હરણિયાના શીંગડા મૂક્યા હોય. દેખાવ કરે છે ને બધા. મોટા બંગલા હોય છે ને તો એમાં દેખાવ મૂકયા હોય. સાબરના, નહિ? શીંગડા. બસ. બસ. આ બધા સ્વાગમાં આ હું છું, બસ. ઓહોહો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જોનારને જોયો નહિ અને માથાકૂટ પરની. પુણ્ય-પાપના રાગથી માંડીને કર્મકૃત ભેખ છે. અને આ બધા સ્વાંગ બહારના શરીર પૈસા ધૂળ મળે, નિર્ધનતા સધનતા આદિ બધો કર્મકૃત સંયોગ. એને સાચા માને કે આ જ હું છું... આ જ હું છું... નિર્ધન છે તો હું જ છું, સધન છે તો હું જ છું. રૂપાળું શરીર તો હું જ છું, કાળો તો હું જ છું, બહેરો તો હું જ છું, કાણો તો હું છું, દેખતો સારો તો હું જ છું. આ બધું કર્મકૃત છે, આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માટી-બાટી. આ કાંઈ આત્મા નથી. સમજાણું કાંઈ? અજ્ઞાની જીવ-અજીવના ભેદને... જીવ-અજીવની વ્યાખ્યા હોં! પાછું. ઓલા પુણ્ય-પાપ તો ખરેખર તો જીવ સ્વરૂપ નથી. આહાહા..! સલવાણો તે ક્યાં. કેટલા અટકવાના સ્થાન. છૂટવાનું સ્થાન એક. સમજાણું કાંઈ?

**'તેમને સમ્યગ્દ્દષ્ટિ યથાર્થ સ્વરૂપ બતાવી,...'** લ્યો! હજી તો અહીં પહેલેથી માંડી છે. એવા જીવને **'સમ્યગ્દ્દષ્ટિ યથાર્થ સ્વરૂપ બતાવી...'** ભાઈ! આ રાગાદિ તારી ચીજ નહિ. કર્મથી મળેલી આ ધૂળ-લક્ષ્મી બંગલા-ફંગલા તારા નહિ. એમાંથી નીકળવું ભારે કઠણ પડે, હોં! એક ફેરી કીધું ને? એક મકાનમાં ગયા હતા. આ લીલાધરભાઈના મકાનમાં લ્યોને. આપણે છે ને. કેવા? લીલાધર કરસનજી ને?

મુમુક્ષુ :- લીલાધર અમૃતલાલ.

ઉત્તર :- અમૃતલાલ. આમ લાકડા જુઓ તો પોલીશ, દાદરા પોલીશ, આ બધા બારણા પોલીશ, રાજકોટમાં. આમ રાચરચીલું તો પોલીશ-પોલીશ. આમ જાણે.. ઓહોહો..! આમાંથી નીકળવું કઠણ પડશે એને. નીકળવું સમજ્યા? આ મારું.. આ મારું.. બધા લાકડા.. હોં! તમારા નાનુભાઈને નહિ? ... અમરેલી-અમરેલી. એવા બધા હોં! પાલેસ. દાદરા પોલીશ. પોલીશ શું કહેવાય તમારે? પોલીશ-પોલેશ જે હોય એ. આમ બારણા-બારણા. આહાહા..! સુંવાળા-સુંવાળા જ્યાં નજર નાખે ત્યાં. તેજ મારે બધા. લાકડા તેજ મારે. ઈ ચૈતન્ય તેજ ક્યાં જોવા જાય?

મુમુક્ષુ :- વસ્તુ વાપરવી હોય તો સારામાં સારી જ વાપરીએ ને.

ઉત્તર :- વસ્તુ વાપરવી હોય તો સારામાં સારી. ભાઈ! કઠણ છે આમાંથી નીકળવું. એ જાણે... દેહનો રજકણ પણ.. બધાય જોવે. હવે શું થાય છે? એ જડ છે, બાપા! કાંઈ તારા કર્યા એમાં થાય એવું નથી. શ્વાસ લેવું અને મૂકવું એ પણ તારા આધીનમાં નથી. આ શ્વાસ છે ને એ કર્મકૃત ઉપાધિ છે. એને ચાલવું કે ન ચાલવું એ તારા અધિકારની વાત નથી. આહાહા..! કહો, આ શ્વાસ ચાલવો એ તારા અધિકારની વાત નથી તો કઈ અધિકારની વાત હશે એની? બીજાને બચાવવાનો. કહો, બીજાને બચાવી શકતો હશે?

ભગવાન! તને બચાવતા તને આવડતું નથી અને તું બીજાને બચાવવા ક્યાં ગયો? રાગ અને પુણ્ય-પાપના ભાવથી મારી ચીજ ભિન્ન છે એવા ભાન વિના જીવનું બચાવવું પોતાનું થઈ શકતું નથી. પોતાના જીવનું રક્ષણ ક્યારે કર્યું કહેવાય? કે પુણ્ય-પાપના ભાવ અને એના ફળ મારામાં નથી, હું તો જ્ઞાનાનંદ છું. એવી શ્રદ્ધા અને ભાનમાં જીવને એણે જીવાડ્યો અને બચાવ્યો કહેવાય. બાકી ધૂળ બચાવતો કોને કહે? આ બધા બચાવતા હશે બધા થઈને? કાર્યકર્તા કહેવાયને આ બધા? ... અભિમાન કરે, અભિમાન. અમે આમ કર્યું. આ સંસ્થાને અમે આમ ચલાવી. જુઓ, ૨૫ છોકરા હતા. ૫૦૦ સુધી લાવ્યા છીએ. એક મકાનમાં પહેલી શરૂઆતમાં પાંચ હજારની મૂડી નહોતી, અત્યારે પાંચ પાંચ લાખના બંગલા,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બે લાખની પૂંજી ધ્રુવ ફંડમાં, એટલા ખેતરમાં, એટલા આ. ખુબ .. અમે ત્યાં. એમ કહે.

મુમુક્ષુ :- નથી કર્યું?

ઉત્તર :- ધૂળેય કર્યું નથી. કહો, સમજાણું કાંઈ? જયંતિભાઈ! એ બધા મોટા થતા હશે એ માનતા હશે ને? નહિ તમારા જગજીવનભાઈ બહુ ત્યાં મોટા હોય છે. કુંડલામાં જ્યાં હોય ત્યાં પાઠશાળા ને ફલાણું.. પણ આમાં કાંઈ ધૂળેય નથી, હવે કહે છે.

**'સમ્યગ્દષ્ટિ યથાર્થ સ્વરૂપ બતાવી, તેમનો ભ્રમ મટાડી,...'** એનો ભ્રમ મટાડે, બાપા! તારી ચીજમાં એ નથી. આ પુણ્ય-પાપના ભાવ થાય એ તારામાં નથી. વળી કઈ ચીજ તારે માનવી છે? આહાહા..! પડદા પડ્યા પડદા. એક પડદો માણસનો જાય. જ્યાં પડદો બંધ કર્યો તો બીજો પડદો ઢોરનો. ત્યાં બચ્ચુ થયું. બકરીનું બચ્ચું થયું અને એં... એં... એં... આ ઊભું છે, એ માના, આ લીંડીયું કરે ને.. આ બીજો પડદો.

મુમુક્ષુ :- એ પાછો પોતાને માનવા લાગ્યો.

ઉત્તર :- એ તો પછી માને પોતાનું આ બધું છે. કાલે ગાયુનું બતાવ્યું હતું એક છોકરાને. કીધું, જુઓ! આ ગાય છે. એની બીજે ક્યાંય નજર છે? હું... બોલે ને? હેં એટલે હું આ બધું. નજર એની બહારની જ છે. આમાં આત્મા ક્યાં છે એને ભાન પણ કે દિ' છે? જુઓ! મોટી ગાય હતી કાલે. અંદર ચૈતન્ય ભગવાન ભિન્ન બિરાજે છે ને. એને તો આ શરીર ને ઈન્દ્રિયો ને ખડ ને આંખ હં.. બોલાવવું હોય એના બચ્ચાને કે કો'કને. બોલે ને? ગોવાળિયો બોલાવતો હોય, ખુશીથી બોલે છે. હં.. કરે. હું.. એ તો જડની પર્યાય છે. એ એણે કરી પણ નથી. પણ એને એમ કે હું આવો અવાજ કરું છું, આ અવાજ મારો ધણી સાંભળે છે. ધણીનો અવાજ હું સાંભળું છું. પણ સાંભળનાર જાણનાર કોણ છે એની કાંઈ ભાન નથી. આહાહા..! સમજાય છે? **'સમ્યગ્દષ્ટિ યથાર્થ સ્વરૂપ બતાવી, તેમનો ભ્રમ મટાડી, શાંત રસમાં તેમને લીન કરી...'** દેખો! અહીંથી તો માંડી છે પહેલેથી. સમ્યગ્દષ્ટિ બનાવે. શાંત રસમાં લીન કરી સમ્યગ્દષ્ટિ બનાવે છે.

મુમુક્ષુ :- .. થાય નહિ.

ઉત્તર :- ક્યાંથી થાય પણ? ભગવાન ચૈતન્ય સ્વરૂપ શાંત રસનો સાગર છે. એ તો માથે આવ્યું નહોતું? વીતરાગનું... માથે આવ્યું હતું ને? વીતરાગ રસ. ફરી ગયું. કાલે હિન્દી હતું ને? **'વીતરાગ વિજ્ઞાનરૂપ શાંતરસમાં એકીવખતે સર્વ લોક મગ્ન થાઓ...'** કાલે હિન્દી હતું ને. જુઓ! એ પોતે વીતરાગ વિજ્ઞાનનો રસ જ છે આત્મા. આત્મા એટલે કે વીતરાગી વિજ્ઞાનરસ. બધા ગુણોનો પિંડ પણ વીતરાગ વિજ્ઞાન રસ એ આત્મા. એમાં પુણ્ય-પાપના રાગ અને એના બંધન અને એના ફળ બધું અજીવ. આહાહા..!

એ જ્ઞાની એને શાંતરસમાં (લીન કરે છે). જુઓ! પહેલેથી જ આ ઉપાડ્યું છે કે ભાઈ! તું આત્મા છો. આત્મા તો અવિકારી પરિણામી પરિણામ ઉત્પન્ન કરે એવો છે. એ વિકાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્પન્ન કરે એની ખાણમાં એ નથી કે ભગવાન વિકાર ઉત્પન્ન કરે. વિકાર તો પર્યાયના લક્ષમાં પરને લક્ષે ઉત્પન્ન થયેલી ચીજ છે. વસ્તુમાંથી આવતી એ ચીજ નથી. ભાઈ! તું જ્ઞાન ને શાંત ને અવિકારી સ્વભાવનો સાગર છો. એની દૃષ્ટિ કર અને એમાં લીન થા. શાંતપણું પ્રગટવું અંતરમાં અકષાયપણાનો અંશ અને દૃષ્ટિ એને સમ્યગ્દૃષ્ટિ કહે છે. એમ કહે છે. અહીં તો સાધારણ વાત એ 'જંયચંદ્ર પંડિતે' મૂકી એ હજી માને નહિ જગત અને પંડિતોના મોટા નામ ધરાવે. કોણ ના પાડે?

મુમુક્ષુ :- ભગવાન ના પાડે.

ઉત્તર :- ભગવાન તો ના જ પાડે. પણ આ (કહે છે), નહિ, એમ ન હોય. બરાબર છે એ. બરાબર એ કહે છે. બહુ ઝાઝો પક્ષ હોય તો કહે ના. પહેલો છે એ શાંતરસ .. આવતો હશે? શ્રદ્ધા થાય. ભગવાનની શ્રદ્ધા થાય. શ્રદ્ધા થાય એટલે શું પણ? શેની શ્રદ્ધા કરી? શેની કરી? આ રાગની, પુણ્યની શ્રદ્ધા કરી હતી અને આત્માની શ્રદ્ધા કરી તો શું કાંઈ થયું કે નહિ અંદર?

ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત પ્રભુ, એની જેણે સંભાળ લીધી, કહે છે કે અંદરમાં ભાઈ! સમ્યગ્દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિને સંભાળ કરાવીને શાંતમાં એકાગ્ર કરાવે છે. રાગમાં એકાગ્ર થઈશ નહિ એમ કહે છે. આવે તેને જાણજે, જાય તેને જાણજે. રાગ આવે તેને જાણજે અને જાય તેને જાણજે. આ દેહની ક્રિયા આદિ થાય તેને જાણજે અને ન થાય તેને જાણજે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

'**શાંતરસમાં તેમને લીન કરી સમ્યગ્દૃષ્ટિ બનાવે છે.**' જોયું! સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ બનાવે છે એમાં એક સિદ્ધાંત નીકળ્યો. ધર્મી જીવ તેને સમ્યગ્દૃષ્ટિ બનાવે છે. ભાન નથી એને શું બનાવે? નિમિત્તપણું ઈ કહે છે અહીં. જુઓને! શું કહે છે? '**તેમને સમ્યગ્દૃષ્ટિ યથાર્થ સ્વરૂપ બતાવી, તેમનો ભ્રમ મટાડી, શાંત રસમાં તેમને લીન કરી સમ્યગ્દૃષ્ટિ બનાવે છે. તેની સૂચનારૂપે રંગભૂમિના અંતમાં આચાર્યે मज्जन्तु ઈત્યાદિ આ શ્લોક રચ્યો છે. તે, હવે જીવ-અજીવનો સ્વાંગ વર્ણવશે તેની સૂચનારૂપે છે એવો આશય સૂચિત થાય છે. આ રીતે અહીં સુધી તો રંગભૂમિનું વર્ણન કર્યું.**'

**નૃત્યકુતૂહલ તત્ત્વકો, મરિયવિ દેખો ધાય;**
**નિજાનંદ રસમેં છકો, આન સબૈ છિટકાય.**

એ ટૂંકામાં ટૂંકું લખ્યું, લ્યો. '**નૃત્યકુતૂહલ તત્ત્વકો,...**' તત્ત્વના નાથને એકવાર કુતૂહલથી જો તો ખરો. આત્મા શું નાચે છે? જડ શું છે? રાગ શું છે. દરેક તત્ત્વનો નાચ. એને '**કુતુહૂલ તત્ત્વકો, મરિયવિ દેખો ધાય;...**' કદાચિત મરણ આવે તોપણ એને સહન કરીને આ શું તત્ત્વ છે તે આત્મા? જગતના જોવા માટે તો ઘણો અનંત કાળ જોતા જોતા જોતા ગયો પણ તારું જોવાનું પૂરું થયું નહિ. એકવાર મરણના દુઃખ આવે, કષ્ટ આવે તોપણ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા શું ચીજ છે આ તે? જેને સર્વજ્ઞ પરમેશ્વર વખાણ કરતાં કરતાં પણ કહે છે કે હું પૂરા કહી શકતો નથી. જાણી શકું છું પણ પૂરા કહી શકતો નથી. આ એવો તે આત્મા, આ આત્મા આવો છે કોણ? એકવાર કુતૂહલ નામ જોવાની દૃષ્ટિ, જાણવાની દૃષ્ટિ, દેખવાની દૃષ્ટિએ દેખો, એકવાર તો દેખો. આહાહા..! ભગવાનને દેખો. બીજાને તેં દેખ્યા પણ ભગવાન આત્માને તું જો. અરે..! વળી પોતે પોતાને જોવો ઈ શું? એમાં શું વિશેષતા? આહાહા..! તને પોતે પોતાને જોવો એમાં શું પણ બીજાને જોઉં. હવે સાંભળ તો ખરો. બીજાને જોનાર તે પર્યાય.

મુમુક્ષુ :- બીજાને જોવે કોણ?

ઉત્તર :- જોવે કોણ છે? એ તો તારી પર્યાય દેખાય છે. આહાહા..! હવે એ પર્યાય દેખાય એને પર્યાયવાન કોણ છે એમ એકવાર તો જો, શું છે આ તે? માર ભૂસકો અંદરમાં. શું ચીજ છે આ તે? આટલા આટલા વખાણ કરે શાસ્ત્રકાર, જ્ઞાની સંતો, મુનિઓ, કેવળીઓ. આવો આત્મા. અરે..! અન્યમતિ પણ આત્માની વાત તો કરે છે કેટલીય, ભલે સમજ્યા વિના. આત્મા આવો છે, આત્મા આવો છે એમ વાતું તો કરે છે. ભલે એને પૂર્ણ સ્વરૂપનું જ્ઞાન ન હો. આત્મા આવો છે. પરમેશ્વર છે, ભગવાન છે, આનંદથી ભરેલો છે, શાંત રસનો સાગર છે, જ્ઞાનની મૂર્તિ છે, વીર્યની પૂતળી છે. આવા તે શું જ્ઞાન! સમજાણું કાંઈ? હવે એકવાર તો પરને જોવાની આંખ બંધ કર અને અંતર જોવાની આંખો ખોલ. સમજાણું કાંઈ? લ્યો! આ કોલેજમાં કેવા ભણવાના રસ હશે?

મુમુક્ષુ :- ભણે તો સરખો પગાર મળે.

ઉત્તર :- પગાર મળે. ભણે અને પગાર મળે પછી એને. ભણે તોપણ પગાર નથી મળતા કેટલાકને. રોટલા ઘરના ખાય છે. સાધારણ ભણેલા .. વિશેષ લેતા હતા પૈસા. સમજાણું?

મુમુક્ષુ :- કો'ક હોય એનો દાખલો..

ઉત્તર :- સિદ્ધાંત તો એકરૂપ હોય કે સિદ્ધાંતને અપવાદ હોય? અપવાદ હોય તો સિદ્ધાંત ન કહેવાય. ભણ્યા છતાં મળે નહિ અને મળે છતાં ભણ્યા ન હોય ને મળે. એની સાથે સંબંધ શું છે? એમ હશે ને? મનસુખભાઈ!

મુમુક્ષુ :- મલૂકચંદભાઈને.

ઉત્તર :- મલૂકચંદભાઈને તો છોકરા રળ્યા છે. એ ક્યાં રળ્યા છે?

મુમુક્ષુ :- એના જાણકાર તો છે ને.

ઉત્તર :- ના ના જાણકાર શું હોય. ઓલા કહે કે અમે હોંશિયાર છીએ એના બાપથી. એમ માને ઊંડે-ઊંડે. .. ન હોય. એય..! આ એના કાકા ભણ્યા હતા. કીધું નહોતું ચંદુભાઈને? તમે આ કર્યું, મેં આ કર્યું. મેં આ કર્યું. એમ જાણે. ઠીક! તમે કહ્યું હતું. અમે આની કોર ઉતર્યા અને તમે અહીં ઉતર્યા. બ્રહ્મચર્ય લઈને શાસ્ત્ર અભ્યાસ ને... અમે આમાં ઉતર્યા. ઉતર્યા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એનો અર્થ કે અમે આમ પડ્યા. ભેગું કર્યું બધું. કરોડો રૂપિયા ભેગા કર્યા. સમજ્યાને? નાગ્નેશમાં કરોડની વાત પણ હતી કે દિ'? છોટાભાઈ પાસે ક્યાં અને એના બાપ પાસે પણ ક્યાં હતા? આહાહા..!

આ વસ્તુ.. કહે છે, ભાઈ! એકવાર જો તો ખરો. '**મરિયવિ દેખો ધાય;...**' જુઓ! મરિ એટલે એકવાર મરણ થતાં પરિષહને દેખ. ઉપસર્ગ મરણ જેટલો આવે. આબરૂ-બાબરૂ એને ઘરે ગઈ હવે. બીજા માને, ન માને, મોટો કહે, ન કહે તારે કામ શું છે? એકવાર મરણ જેટલા પરિષહ આવી પડે તોપણ આત્મા શું એને જોવા જા અંદર. કોઈ દિ' ભગવાનને તેં ભાળ્યો નથી. '**નિજાનંદ રસમેં છકો,...**' જોયું! એનું ફળ એ. '**નિજાનંદ રસમેં છકો,...**' એને દેખ્યો, એને નિજાનંદ-પોતાનો આનંદ આવે એમાં છકો-લહેર કરો. આત્માના આનંદમાં લહેર કરો. જુઓ! ભાષા છકો-છકો. હિન્દીમાં આવતી હશે નહિ? છકો આવે છે તમારે હિન્દીમાં? આ હિન્દી છે? '**નિજાનંદ રસમેં છકો, આન સબૈ છિટકાય.**' અનેરું બધું છોડી દઈને. એ વિકલ્પ-ફિકલ્પ મારી ચીજ નથી. શરીર મારું નથી. જે મારું નથી એનાથી મને લાભ નથી. આહાહા..! ભારે પણ. આ દિવાળીના દિ' હોય. પાંચ કરોડ, બે કરોડ, ત્રણ કરોડની મૂડી હોય. આમ ઘરે ૨૫-૨૫ મોટરું હોય. ઘરે સવારમાં વહેલા બધા મળવા એને આવે, લ્યો. એને મળવા ન જાવું પડે. ઘરે આવે.

મુમુક્ષુ :- એ પણ જાય અમલદારને ઘરે.

ઉત્તર :- એ વળી મોટા અમલદારને ઘરે જાય. એ અમલદારને માખણ ચોપડવું હોય તો ત્યાં જાય. એની પાસે કામ લેવું હોય ને. ત્યાં જાય. પોલીસોને માર્યા હોય ફોજદાર, એની પાસે જાય. ઓલા કહે, આવે લ્યો સાહેબ... લ્યો સાહેબ... લ્યો સાહેબ... ભિખારાના પૂતળા છે બધા. રાંકા છે રાંકા. કંઈક અમને આબરૂ આપો, કંઈક અમને સગવડતા આપો, કંઈક તમે અનુકૂળ રહો. બીજાને કહે. ભિખારી છો? સમજાય છે? આ અનુકૂળતા અમને રહો. એ શું માગે છે? અમને આબરૂ રહો, અનુકૂળતા રહો. તમે પ્રતિકૂળ થશો નહિ, હોં! બાર મહિનામાં. અમે સુખી રહીએ. ભિખારી છો. ત્યાં માગે છે. અહીં છે અંદર જોને. સમજાણું કાંઈ? ભીખાભાઈ! શેઠિયા પાસે નોકર.. સાહેબ સલામ. આપના પ્રતાપે વર્ષ અમે સારું કાઢ્યું છે. હવે ભવિષ્યમાં આ વર્ષ મુબારક હો. ઓલો ખુશીથી મુબારક (કહે) પણ શેનો? જડનો કે આત્માનો? રાગ અને જડ તમને રહો, એના ઓશિયાળા રહો મુબારક! જાવ ભિખારી. એય..! મોહનભાઈ! '**આન સબૈ છિટકાય.**'

'**આ પ્રમાણે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસાર શાસ્ત્રની (શ્રીમદ્ અમૃત ચંદ્રાચાર્યદેવવિરચિત) આત્મખ્યાતિ નામની ટીકામાં પૂર્વરંગ સમાપ્ત થયો.**'

'**હવે જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય-એ બન્ને એક થઈને રંગભૂમિમાં પ્રવેશ કરે છે.**' અહીં તો ઓલું રંગસ્થળ જેવું કર્યું. '**ત્યાં શરૂઆતમાં મંગળના આશયથી આચાર્ય જ્ઞાનનો**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**મહિમા કરે છે કે સર્વ વસ્તુઓને જાણનારું આ જ્ઞાન છે તે જીવ-અજીવના સર્વ સ્વાંગોને સારી રીતે પિછાણે છે. એવું (સર્વ સ્વાંગોને પિછાણનારું) સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે-એ અર્થરૂપ કાવ્ય કહે છે :-'**

**जीवाजीवविवेकपुष्कलदृशा प्रत्याययत्पार्षदान्**
**आसंसारनिबद्धबन्धनविधिध्वंसाद्विशुद्धं स्फुटत्।**
**आत्मारामममनन्तधाम महसाध्यक्षेण नित्योदितं**
**धीरोदात्तमनाकुलं विलसति ज्ञानं मनो ह्लादयत्।।३३।।**

'**पार्षदान्**' એમ છે ને? એ શેનો અર્થ કર્યો? મહાપુરુષો? '**સ્વાગંને જોનારા મહાપુરુષો...**' એને બતાવે છે. જુઓ! હવે એનું મંગળિક. જુઓ! મંગળિક. કહે છે કે આ ભગવાન આત્મા અજીવ, પુણ્ય, પાપ, શરીર, વાણી, કર્મ એમાં નથી, એવું વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થતાં તે '**જ્ઞાન છે તે મનને આનંદરૂપ કરતું પ્રગટ થાય છે.**' '**मनो ह्लादयत्**' છેલ્લો શબ્દ છે એનો પહેલો અર્થ કર્યો. જ્ઞાન એને કહીએ, જ્ઞાન એને કહીએ કે જે પુણ્ય-પાપ અને પરની ચીજથી ભિન્ન જાણતું જ્ઞાન આનંદને ઊપજાવતું પ્રગટ થાય તેને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..!

'**જ્ઞાન સમાન સુખ...**' આવે છે ને ઓલું? 'છ ઢાળા'માં. હા એ. 'જ્ઞાન સમાન સુખ...' પછી શું છે? 'સાન જગતમેં...' એના જેવું કોઈ સુખ છે નહિ. એણે નાખ્યું છે. અહીં કહે છે કે ભાઈ! સંસારનું જ્ઞાન એ દુઃખ ઊપજાવતું જ્ઞાન ઉત્પન્ન થાય છે. પરનું જ્ઞાન એ બધું દુઃખ ઊપજાવતું, આકુળતા ઊપજાવતું વિકાર દેખાય છે. આત્માનું જ્ઞાન આનંદ ઊપજાવતું જ્ઞાન પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આ સંસારમાં બહુ બહોળી બુદ્ધિવાળા દેખાય છે ને? બહોળી બુદ્ધિ એટલે ઘણી બુદ્ધિ એમ. બહોળુ પાણી કહે છે ને જેમ બહોળુ પાણી. બહુ પાણી હોય ને એને બહોળું પાણી કહે છે. બહોળા પાણીમાં નાહવું. નથી કહેતા માણસ? આપણે બાયું બોલે છે. બહોળા પાણીમાં નહાવું. હેઠે નહિ. બહોળા પાણીમાં નહાય એટલે મેલ-બેલ ધોવાય જાય. બહોળા પાણીમાં લૂગડાને જબોળવા. આમ આમ કરે ને. બહોળા પાણીમાં. સાધારણ પાણી હોય, આટલું આટલું હોય એમાં નહિ. ઓલો લૂગડાનો મેલ હોય ને? બહોળા પાણીમાં. બહોળું એટલે ખુબ પહોળું પાણી હોય એમાં ધોવે તો મેલ છૂટી જાય. એ કાઠિયાવાડી ભાષા અમારી. બહોળું પાણી. બહોળા પાણી... બહોળા પાણી... બહોળું પાણી એટલે ડહોળું એમ નહિ, હોં! ઘણું પાણી એમ. ઘણું પાણી.

કહે છે કે સંસારના ઘણા ગાંડપણામાં રોકાયેલો બહોળા પાણીમાં રોકાયેલો દુઃખમાં ડૂબી ગયો છે. સમજાણું કાંઈ? સંસારના ડહાપણ એ બધા ડહાપણ દુઃખદાયક ડહાપણ છે. આહાહા..! દુઃખના કચરામાં એના બહોળા ડહાપણ પડ્યા છે, કહે છે. એય..! એ બધા તમે સંસારના ડાહ્યા કહેવાતા કે નહિ પણ મોઢા આગળ હવે?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- હજી છે.

ઉત્તર :- હજી છે, એમાં કહેતા એને. ભાગીદાર બધા એને. હુશિયાર એને કહે. નેમિદાસભાઈ હુશિયાર માણસ છે, અમારે નેમિદાસ હુશિયાર. નાખે એને. બધા સાત-આઠ જણા હતા ને, એની કંપની હતી. નેમિદાસભાઈ બહુ સારા હોં. કડાકા ભડાકા મારે એટલે બહુ સારા. સંસારના ડહાપણ દુનિયામાં ઊંડા ઉતરવા માટે છે એમ કહે. એય..! કાંતિભાઈ! વારાફરતી આવવું જોઈએ ને અંદર. ઓહોહો..! આત્માનું ડહાપણ આનંદને આપનારું છે. નવ વાગે છે. આહાહા..! પહેલો જ શબ્દો મૂક્યો છે જોયું! '**ज्ञानं मनो ह्लादयत्**' અરે..! સંસારના જાણપણાના રોકાયેલું જ્ઞાન આ બુદ્ધિવાળો છે, આ ડાહ્યો છે. કહે છે કે એટલો એ દુઃખી છે. મનસુખભાઈ! શું હશે આ? સંસારનો ડાહ્યો દુઃખી છે એટલો, એમ કહે છે અહીંયાં. એય..! મનહર! શું છે આ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. .. માં તો દુઃખ છે પાછું, એમ કહે છે. એકલો દુઃખ વિનાનો નથી રહ્યો. સુખી ભલે ન હોય. પણ એમ નહિ એ દુઃખી છે. સુખી ન હોય એ જુદી વાત છે પણ દુઃખી છે. કેમકે આત્મા આનંદ સ્વરૂપના ભાન ન મળે અને બહારના જાણપણામાં જ્યાં હોય ત્યાં ડહાપણ કર્યા કરે. આ છે... આ છે... આ છે... શાસ્ત્રના જાણપણા એકલા બહારના એ પણ દુઃખી છે એમ કહે છે. આહાહા..!

'યોગસાર'માં તો કહે છે, પંડિતોનો સંસાર શાસ્ત્ર. 'યોગસાર' 'અમિતગતિ'નું છે 'યોગસાર' છે. અધ્યાત્મ પુસ્તક. વાંચ્યું છે. વ્યાખ્યાનમાં આવી ગયું છે. આ શાસ્ત્રમાં આ છે... આ શાસ્ત્રમાં આ છે... આ શાસ્ત્રમાં આ છે. ગૂંચાય ગયા છે, ગૂંચાય ગયા રાગ અને વિકલ્પની વાતમાં. વાસ્તવિક તત્ત્વ શું છે એનો પત્તો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ શ્લોક છે હોં! એવો. યોગસારમાં. 'અમિતગતિ'નું 'યોગસાર' હોં! આ નહિ. 'યોગીન્દ્રદેવ'નું નહિ. 'અમિતગતિઆચાર્ય'નું 'યોગસાર' છે.

કહે છે, અહીં જ્ઞાનની પ્રધાનતા કહેતાં આત્મા જે છે એ પોતે જ્ઞાનની મૂર્તિ છે. અને એ અતીન્દ્રિય આનંદના ઘનમાં ઘન સ્વરૂપે છે. એનામાં આનંદ છે. એનું જ્ઞાન થતાં એ આનંદસહિત જ્ઞાન ઉત્પન્ન થાય છે. આનંદ સાથે ન હોય તો એ જ્ઞાન જ નથી એમ કહે છે. આહાહા..! કેમ કે જ્ઞાન અને આનંદ એક દ્રવ્યમાં અવિનાભાવી અનંતા ગુણો છે. ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગનું જ્ઞાન ભલે કરે પણ એ આત્માના જ્ઞાન કરીને એ જ્ઞાન કરે છે. એના જ્ઞાનમાં આ જણાય છે. આ જ્ઞાન થયું છે આત્માનું આનંદ લેતું એના જ્ઞાનમાં ભલે પછી આ રાગ છે એ પરપણે જાણે. પણ એ પરપણે જાણે એ આકુળતા પરપણે છે એમ માને છે. મારામાં આકુળતા નથી. સમજાણું કાંઈ? ભારે વાત! .. આ બધી મોટી મોટી વાતું..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં તો પહેલો જ અર્થ કળશટીકામાં '**જ્ઞાન છે તે મનને...**' મન શબ્દ તો મનમાં દુઃખ છે ને એટલે મનનો આનંદ (કહ્યો). બાકી આત્માનો આનંદ છે. '**જ્ઞાન છે તે મનને આનંદરૂપ કરતું...**' '**મનો**' શબ્દ પડ્યો છે ને એટલે લખ્યું છે. '**પ્રગટ થાય છે.**' જે અનાદિ અજ્ઞાનમાં દુઃખ હતું, પુણ્ય-પાપ અને પરવસ્તુ અજીવને જીવ માનવામાં દુઃખ હતું. માન્યતા જૂઠી એટલે અસત્ય. અસત્ય માન્યતા તો અસત્યમાં તો દુઃખ જ હોય. અસત્યમાં સુખ હોય? જૂઠામાં સુખ હોય? પુણ્ય-પાપ અને પરવસ્તુ જે પોતામાં નથી તેને માનતો એ માન્યતા તે અસત્ય હતી. અસત્ય હતી તે જ્ઞાન જૂઠું હતું માટે તેને દુઃખરૂપ હતું. તે જ્ઞાન આત્મા અખંડ આનંદસ્વરૂપ એમ ભાન થયું તો સત્ય હતું તેવું જાણ્યું તો સત્ય દૃષ્ટિ થતાં સત્યમાં જ્ઞાનનો આનંદ પણ સત્ય ભેગો આવ્યો. એને જ્ઞાન પ્રગટ્યું એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું?

'**કેવું છે તે? જીવ-અજીવના સ્વાંગને જોનારા મહાપુરુષોને જીવ-અજીવનો ભેદ દેખનારી અતિ ઉજ્જ્વળ નિર્દોષ દૃષ્ટિ વડે ભિન્ન દ્રવ્યની પ્રતીતિ ઉપજાવી રહ્યું છે;...**' લ્યો! આનંદ સાથે પ્રતીતિ કહે છે પાછી. જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન થયું. પુણ્ય-પાપના ભાવ, શરીરની ક્રિયાથી ભિન્ન એવું જ્ઞાન થયું એ જ્ઞાન આનંદ આવ્યું. હવે એની પ્રતીતિ ભેગી કહે છે. કેવું છે તે જ્ઞાન? જીવ-અજીવના ભેખને જોનારા મહાપુરુષો ગણધરો આદિ. ઓલામાં ગણધર મૂક્યા છે, હોં! 'કળશટીકા'માં. એ મારે કહેવું હતું-'**पार्षदान्**' ગણધરોને પ્રતીત કરતું. એમ લખ્યું છે.

'**જીવ-અજીવના સ્વાંગને જોનારા મહાપુરુષો ગણધરો આદિ...**' આદિમાં બધું લઈ લેવું. '**જીવ-અજીવનો ભેદ દેખનારી...**' જીવ તે આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. પુણ્ય-પાપ આદિ બધા તે અજીવસ્વરૂપ છે. એમ '**અતિ ઉજ્જ્વળ નિર્દોષ દૃષ્ટિ...**' એમ અતિ ઉજ્જ્વળ નિર્મળ નિર્દોષ દૃષ્ટિ વડે '**ભિન્ન દ્રવ્યની...**' રાગ ને કર્મથી આત્મા ભિન્ન છે એવી '**દ્રવ્યની પ્રતીતિ ઉપજાવી રહ્યું છે;...**' ત્રણે બોલ લઈ લીધા. જ્ઞાન, આનંદ અને સમકિત. સમજાણું કાંઈ? દર્શન-જ્ઞાન અને આનંદ અને ચારિત્ર શાંતિનું ભેગું એમ લીધું, ભાઈ! દર્શન-જ્ઞાન અને ચારિત્ર ત્રણે પ્રગટ્યા ચોથું ગુણસ્થાન થતાં, એમ કહે છે. વાંધા ઉઠાવે. રાગ તે હું એવી માન્યતા મિથ્યાત્વ. એને જોડેલું જ્ઞાન એકલું જ્ઞાન તે અજ્ઞાન. એમાં અટકેલું તે આકુળતા. હવે આમ આત્મા રાગથી ભિન્ન જાણ્યો (અને) જે જ્ઞાન થયું તે જ્ઞાન આનંદ લેતું આવ્યું. ઓલું દુઃખ હતું, આ આનંદ આવ્યો. અને એની સાથે પ્રતીતિ ભિન્ન દ્રવ્યની પ્રતીતિ ઊપજાવતી દૃષ્ટિ પ્રગટ થઈ. કેવી?

'**અતિ ઉજ્જ્વળ નિર્દોષ દૃષ્ટિ વડે...**' આહા..! જીવ-અજીવનો ભેદ દેખનારી અતિ નિર્મળ નિર્દોષ દૃષ્ટિ વડે. જુઓ! આ સમ્યગ્દૃષ્ટિ વડે. '**ભિન્ન દ્રવ્યની પ્રતીતિ ઉપજાવી રહ્યું છે;...**' આહાહા..! એટલું વીર્ય પણ સ્ફુર્યું. બધું આવ્યું ને ભેગું? જ્ઞાનને રચ્યું, આનંદને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રચ્યું, દૃષ્ટિને સમ્યક્ રુચિ એવી એની સાથે અનંતા ગુણની વ્યક્ત પર્યાયની રચના કરી વીર્યે. સમજાય છે કાંઈ? વીર્યનો ગુણ શું છે? સ્વરૂપની રચના કરવી. વીર્યનો ગુણ એને ભગવાને કહ્યો છે. સ્વરૂપની રચના કરે એને વીર્ય કહીએ. વિકાર કરે એ આત્માનું વીર્ય નથી. આહાહા..!

૪૭ શક્તિમાં એ વર્ણન છે. વીર્ય કોને કહીએ? આત્મસ્વરૂપની રચના કરે તેને વીર્ય કહીએ. પરને તો રચે નહિ. શરીર, વાણી, કર્મ પરને તો રચે નહિ. પણ વિકારને રચે એ વીર્ય નહિ. બાળવીર્ય તે વીર્ય નહિ. એ વીર્ય આત્મા જ્ઞાનસ્વરૂપ, શુદ્ધ સ્વરૂપ, પરમાનંદ મૂર્તિ શરીર, રાગથી ભિન્ન પ્રતીત કરતું જે જ્ઞાન પ્રગટ થયું તે દૃષ્ટિ જ્ઞાન ને આનંદ અને વીર્યની રચનાથી શુદ્ધતાના અંશને પ્રગટ કરતું જ્ઞાન પ્રગટ થયું છે. સમજાણું કાંઈ? દર્શન-જ્ઞાન અને ચારિત્ર ત્રણે નાખ્યા. ચારિત્રમાં આનંદ લીધો.

‘**અનાદિ સંસારથી જેમનું બંધન દૃઢ બંધાયું છે...**’ અનાદિ સંસારથી જેમનું બંધન દૃઢ ‘**એવા જ્ઞાનાવરણાદિ કર્મોના...**’ અને ભાવકર્મોના ‘**નાશથી વિશુદ્ધ થયું છે,...**’ એમ બધું લઈ લેવું. અનાદિ જ્ઞાનાવરણ કર્મના નાશથી વિશુદ્ધ થયું છે. એની સાથે ભાવકર્મનો નાશ, એ પણ વિશુદ્ધ થયું છે. ‘**સ્ફૂટ થયું છે**’ એની વ્યાખ્યા. સ્ફુટ-વ્યક્ત-પ્રગટ. કેમ? ‘**જેમ ફૂલની કળી ખીલે તેમ વિકાસરૂપ છે.**’ ફૂલની કળી જેમ સંકોચરૂપ હતી. જ્યારે એને વિકાસ થઈ ત્યારે અંશ અંદર બધા ગુણોનો વિકાસ થયો. એમ ફૂલની કળી ખીલે તેમ ભગવાન આત્માનું જ્ઞાન જ્ઞાનકળી ખીલી. જે પર્યાયમાં સંકોચ પરિણમન હતું, મિથ્યા પરિણમન હતું, રાગ-દ્વેષને માનતું જ્ઞાન સંકોચરૂપે મિથ્યાત્વરૂપે પરિણમતું હતું એ સંકોચરૂપ હતું. ચાહે તો અગિયાર અંગ અને નવ પૂર્વનું ખીલેલું હોય તો પણ એ સંકોચરૂપ હતું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પુરુષાર્થ કરે ત્યારે દેખાય કે એ વિના દેખાય? આંખ વિના આ નળિયા સોનાના થયા. ઓરડામાં સૂતો હોય. બારણું હોય એક ઓરડાને. ત્રણ ગોદડા ઓઢ્યા હોય. આંખે ચીપડા વળ્યા હોય. એને કહે કે જો આ સોનાના નળિયા થયા. સોનાના નળિયા એટલે સૂરજ ઊગ્યો. સૂરજ ઊગ્યો જો, કહે, આ સોનાના નળિયા થયા. પણ અમને દેખાતા નથી. પણ આંખ ઉઘાડ ત્યારે ને? સમજાણું કાંઈ?

એમ આત્મા જે સ્વરૂપે છે તેના પ્રયત્નથી તેને જાણે તો તે જ્ઞાન જણાય. સમજાણું આમાં? એટલા પ્રમાણે પ્રયત્ન આપે નહિ અને એને આત્મા જણાય અને જ્ઞાન મળે એમ ક્યાંથી આવે? હીરો પણ પાંચ કરોડનો હોય તો તેને પાંચ કરોડ શું પાંચ અબજ લીંબોળી લઈ જાય તો કાંઈ મળે? પાંચ અબજ લીંબોળી લઈ જાય. લીંબોળી સમજ્યા? નીમકી. મળે? એના પ્રમાણમાં એની કિંમતના પૈસા આપે તો મળે. એમ આત્મા મહા હીરો ચૈતન્ય હીરો જેની કિંમતું એણે અનંત કાળમાં કરી નથી. એણે બધી પુણ્ય અને પાપ ને પૈસા અને એમાં બધું માહાત્મ્ય દઈ દીધું છે. એની કિંમત કરીને પોતાને ભિખારી બનાવ્યો છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા..! એ આત્માની કિંમત કરવા જાય અને એ વસ્તુ ન મળે એમ બને નહિ, એમ કહે છે.

ભગવાન આત્મા આનંદની ખાણ, હીરો પોતે મહા હીરો, જેનામાં એકલા આનંદ જ પાકે. જ્ઞાન જ પાકે, શાંતિ પાકે, સ્થિરતા પાકે, વીતરાગતા પાકે, એવી ખાણ છે એ. એમાં સંસાર પાકે એ ખાણ છે? એવા આત્માને અંતરમાં જાણતું જ્ઞાન, દૃષ્ટિથી ઉદ્ભવેલું અને આનંદને લેતું જે પ્રગટ થયું એની કળા ખીલી ગઈ છે એમ કહે છે. સ્ફુટમાં એમ કહે છે. મૂળ તો એમ કહે છે, જેટલા ગુણોની સંકોચ પર્યાય હતી એ બધાની કળા ખીલી ગઈ છે. એમ સ્ફુટ શબ્દ વાપર્યો છે. સ્ફુટ-પ્રગટ આમ થઈ ગયું. અંદર તો હતું. અંતર દૃષ્ટિ કરતાં જે આત્માનું જ્ઞાન થયું ત્યાં દર્શનશુદ્ધિ આદિ બધી પર્યાયો ખીલી ગઈ, વિકસી ગઈ. કહો, સમજાણું કાંઈ?

'**જેમ ફૂલની કળી ખીલે તેમ વિકાસરૂપ છે.**' સંકોચરૂપ હતું શક્તિરૂપે. અબરખ જેમ હોય છે ને હજાર પુટી. એકલું ઓલું જ્યાં આમ તાપ દેતા... દેતા... દેતા... હજાર પુટ થઈ ગયું અંદર. ભગવાન આત્મા રાગમાં એકાગ્ર હતો તો પથરા પાકતા. પુણ્યના પથરા. રજકણો પાકતા બંધન અને એના ફળમાં ધૂળ પાકતી. ભગવાન આત્મા પોતાના ચૈતન્યની એકાગ્રતામાં જ્ઞાનનો પાક, આનંદનો પાક, શાંતિનો પાક, વીર્યનો પાક, સ્વચ્છતાના બધા ગુણોનો પાક (પાક્યો). એવું જ્ઞાન વિકાસ પામ્યું છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! કેટલી .. મંગળિક કર્યું છે હોં! સ્ફુટ-સ્ફુટ. છેલ્લો શબ્દ. બીજી લીટીનો છે ને. '**स्फुटत्**'.

મૂળ તો એમ કહે છે કે જે ચૈતન્યનો પરિણામિકભાવ જે સંકોચરૂપે પર્યાયમાં હતો, પર્યાયમાં, હોં! વસ્તુ તો પૂર્ણ છે અંદર, પણ અવસ્થામાં સંકોચરૂપ હતો એ આમ દૃષ્ટિ થઈ ત્યાં બધા પરિણામિકભાવની જેટલી શક્તિઓ છે એટલી પર્યાયમાં વિકસી ગઈ. કળી ખીલે એમ ખીલી ગઈ. સમજાણું કાંઈ? આ એને સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું, એને આનંદ શ્રદ્ધા પ્રગટી, એને બધા ગુણોની પર્યાય ખીલી ગઈ એને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે, એને ધર્મ કહેવામાં આવે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૬, શુક્રવાર તા. ૧૮-૧૧-૧૯૬૬**
**શ્લોક-૩૩, ગાથા-૩૯-૪૩, પ્રવચન-૧૦૬**

આ જીવ-અજીવ અધિકાર. જીવ અધિકારનું અસ્તિપણે પૂરું થયું. એની શરૂઆત હવે જીવમાં રાગાદિ નથી એની શરૂઆત કરે છે. એના પહેલા જ્ઞાનની મહિમા વર્ણવે છે. આ આત્માનું જ્ઞાન થતાં જ્ઞાન કેવું હોય છે. આત્મા જે શુદ્ધ ચૈતન્ય જ્ઞાનમૂર્તિ, એ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત, એનું જે જ્ઞાન થતાં, ધર્મ થતાં તેને દૃષ્ટિ સમ્યક્ થાય છે, આનંદ થાય છે અને એ જ્ઞાનમાં શાંતરસ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? જુઓ! અહીં સુધી આવ્યું છે.

'**જેમ ફૂલની કળી ખીલે તેમ વિકાસરૂપ છે.**' એમ આવ્યું છે. જ્ઞાન એટલે આત્મા, પુણ્ય-પાપના ભાવ અને દેહથી ભિન્ન એમ ભાન થતાં તે જ્ઞાન મનને આનંદરૂપ કરતું પ્રગટ થાય. એક તો એ બોલ લીધો. સમજાણું? અનાદિથી જે દુઃખરૂપ છે, વિકલ્પો શુભાશુભ રાગ એ દુઃખરૂપમાં જે એકત્વ થઈને જીવના સ્વભાવને ભૂલેલો હતો, એ જીવ આત્મા જ્ઞાનમૂર્તિ છે, ચૈતન્ય છે એમ ભાન થતાં તે જ્ઞાન આનંદરૂપ પ્રગટ કરતું થાય છે. આનંદને સાથે લેતું પ્રગટ થાય છે. અને '**ઉજ્જ્વલ નિર્દોષ દૃષ્ટિ વડે ભિન્ન દ્રવ્યની પ્રતીતિ ઉપજાવી રહ્યું છે;...**' સમ્યગ્જ્ઞાન થતાં રાગથી ભિન્ન એવો આત્મા, એને પરદ્રવ્યથી ભિન્ન દૃષ્ટિ ઉત્પન્ન કરતું ઊપજાવી રહ્યું છે.

'**અનાદિ સંસારથી જેમનું બંધન દૃઢ બંધાયું છે...**' ભાવકર્મ વગેરે. તેના '**નાશથી વિશુદ્ધ થયું છે,...**' દૃષ્ટિ થતાં, જ્ઞાન થતાં, આનંદ થતાં કર્મનો અભાવ જ સ્વભાવમાં છે એમ નાશ થતાં આત્માનું જ્ઞાન અંતરમાં અવલંબતા, ધર્મ થતાં તે વિશુદ્ધ જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? ત્યાં સુધી આવ્યું હતું. અને સ્ફુટ છે. જેમ ખીલે કળી. જ્ઞાનસ્વરૂપ પરમાત્મા, પોતે પર્યાયમાં સંકોચરૂપ હતું એને અંતર રાગથી ભિન્ન સ્વરૂપનું ભાન થતાં તે જ્ઞાન પર્યાયમાં કળી ખીલે તેમ ખીલી ગયું છે. સમજાણું કાંઈ? એનાથી અજ્ઞાનમાં એથી વિરૂદ્ધ બધું લેવું. અજ્ઞાનમાં આત્માના ભાન વિનામાં દુઃખ છે, દૃષ્ટિ ખોટી છે, અજ્ઞાન છે, કર્મના સંબંધને દૃઢપણે માને છે અને પર્યાયમાં જ્ઞાન સંકોચાયેલું છે.

મુમુક્ષુ :- .. ગમે તેટલું ઉજ્જ્વળ થાય.

ઉત્તર :- બુદ્ધો ગમે તેટલો હોય નહિ. નવ પૂર્વનું જાણપણું હોય તો પણ જ્ઞાન પોતાના ચૈતન્ય સ્વરૂપને વિકારથી ભિન્ન પડીને ચૈતન્યને સ્પર્શ્યું નથી તે જ્ઞાન નવ પૂર્વનું ભણેલ પણ તે જ્ઞાન સંકોચિત છે, એની પર્યાય બિડાઈ ગઈ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સત્ શાશ્વત જ્ઞાન અને આનંદની મૂર્તિ (છે). એના અભાનમાં એને દુઃખ છે, દૃષ્ટિ ખોટી છે, જ્ઞાન અજ્ઞાન છે. કર્મના સંબંધથી દૃઢ થયેલું તેને આત્મા રાગવાળો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ ભાસે છે. અને જેની પર્યાયમાં સંકોચ અવસ્થા ઢંકાઈ-સંકોચ થઈ ગઈ છે. ચાહે જેટલું શાસ્ત્રજ્ઞાન કરે તોપણ જ્યાં સુધી સમ્યગ્જ્ઞાન નથી ત્યાં સુધી એ જ્ઞાન પર્યાયમાં ખીલ્યું નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'વળી તે કેવું છે? 'જેનું રમવાનું ક્રીડાવન આત્મા જ છે...'** ઓહો..! જે જ્ઞાન પ્રગટ્યું.. અનાદિથી અજ્ઞાનમાં પુણ્ય અને પાપ, હરખ-શોકના ભાવમાં એ રમતું અજ્ઞાન (હતું). એ જ્ઞાન આત્માના ભાનથી રાગથી ભિન્ન પડતાં એ જ્ઞાનને રમવાનું સ્થાન તો આત્મા રહ્યું. આહાહા..! સમજાણું કાંઈ? જેને લીન થવાનું સ્થાન આત્મા રહ્યો, એમ કહે છે. અનાદિથી પુણ્ય-પાપના વિકલ્પ કે હરખ-શોકમાં રોકાયેલું એમાં એ રમતું અજ્ઞાન (હતું). આત્માનું ધર્મ ભાન થતાં આત્માના ધર્મનું ભાન (થતાં), ધર્મ એટલે સ્વભાવ ત્રિકાળ શુદ્ધ આનંદ જ્ઞાયકભાવ, આનંદભાવથી ભરેલો ભગવાન, એનું ભાન થતાં એ જ્ઞાનને રમવાનું, લીન થવાનું, એકાગ્રતાનું સ્થાન આત્મા રહ્યો. સમજાણું કાંઈ આમાં? આહાહા..! કેવો કળશ મૂક્યો છે! અજ્ઞાનમાં આમ અને જ્ઞાનમાં આમ.

મુમુક્ષુ :- દયા કે દિ' પાળે?

ઉત્તર :- દયા કે દિ' પાળે છે? કોણ પાળે છે? આહાહા..! એને રાગ થાય અને માને કે હું પરની દયા પાળું. એ મિથ્યાત્વમાં રાગ રમે છે. રાગમાં રમે છે મિથ્યાદૃષ્ટિ એમ કહે છે. સમજાણું કાંઈ? પરની દયાની પર્યાય કરી શકતો નથી. ફક્ત તેને કરું છું એવો મિથ્યા અભિપ્રાય અને બહુ તો એ શુભરાગ (થાય) એમાં એ રમે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈથી પળતી હશે? પાળે છે કોણ? પાળે કોણ? ટાળે કોણ? સૌ પદાર્થ પોતપોતામાં રમી રહ્યા છે. દરેક પદાર્થ પોતપોતામાં રમી રહ્યા છે. કોને કોણ કરે? કોણ કોને ટાળે? આહાહા..! એ દયા. પોતાના સ્વરૂપમાં રમણતા એ દયા છે. જુઓને!

ભગવાન આત્મા ચાહે જેટલા સંયોગો હો, વિકલ્પ હો પણ એનાથી પર થઈ સમ્યગ્જ્ઞાન થયું એને રમવાનું સ્થાન રાગ કેમ હોય? એમ કહે છે. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાનમૂર્તિ શુદ્ધ ચૈતન્ય એવું ધર્મ જ્ઞાન, ધર્મનું જ્ઞાન, આત્મજ્ઞાન, સ્વભાવજ્ઞાન, ભાન (થયું) એ જ્ઞાનમાં એને રહેવાનું, રહેવાનું સ્થાન, રમવાનું તો આત્મા રહ્યો. અજ્ઞાની તો અનાદિકાળથી એને અજ્ઞાનમાં આત્મા શું છે એની ખબર નથી. એથી એને રમવાનું નામ એકાગ્ર થવાનું સ્થાન શુભ-અશુભ રાગ છે.

મુમુક્ષુ :- બીજા જ્ઞેયો તો ખરા ને.

ઉત્તર :- જ્ઞેયો એના ઘરે રહ્યા. જ્ઞેય ક્યાં ગરી જાય છે અહીં? એ તો પહેલું કહ્યું. જ્ઞેયો પોતપોતાની પર્યાયમાં બધા રમી રહ્યા છે. હવે એમાં આ ક્યાં ન્યાં જાય અને એ ક્યાં અહીં આવે? અનંત પદાર્થો ભિન્ન ભિન્ન છે એ પોતાની વર્તમાન દશામાં રમી રહ્યા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, પરિણમી રહ્યા છે, ટકી રહ્યા છે, અવસ્થા રૂપે થઈ રહ્યા છે. હવે એમાં જાવું ક્યાં? જેઠાલાલભાઈ! આહાહા..! એને ધર્મ શું છે અને અધર્મ શું છે એની ખબર નથી. આ એક શ્લોકમાં તો આમ એટલું તત્ત્વ મૂક્યું છે! જ્ઞાન, આનંદ, દૃષ્ટિ. હજી તો ત્રણ વિશેષણ આપશે. આહાહા..!

**'રમવાનું ક્રીડાવન આત્મા જ છે...'** આ વિશેષણ આપ્યું, ભાઈ! સમ્યગ્જ્ઞાન એ દુઃખનો નાશ કરતું, આનંદને પ્રાપ્ત કરતું જ્ઞાન પ્રગટ થાય. સમ્યગ્જ્ઞાન સાથેની દૃષ્ટિ, પરદ્રવ્યથી ભિન્ન આત્માને બતાવતી નિર્દોષ દૃષ્ટિ વડે આત્મા દેખતી તે દૃષ્ટિ પ્રગટ થાય. સમજાણું કાંઈ? અને સંબંધને તોડતું અસંગ થતું જ્ઞાન પ્રગટ થાય. અજ્ઞાનમાં સંબંધને જોડતું જ્ઞાન અજ્ઞાન રૂપે થઈને અટકેલું પરિણમે છે. સમજાણું કાંઈ?

કહે છે કે જે રમવાનું **'અર્થાત્ જેમાં અનંત જ્ઞેયોના આકાર આવીને ઝળકે છે તોપણ પોતે પોતાના સ્વરૂપમાં જ રમે છે;...'** એમ કહેવું છે. જ્ઞાનમાં અનંત બીજા જ્ઞેયો જ્ઞાનમાં જણાય ખરા. જણાતા એ કાંઈ પરમાં રમે છે કે પરમાં એ જાય છે એમ નથી. પર સંબંધીનું પોતાનું જે જ્ઞાન, પોતાના લક્ષે પ્રગટેલું તે જ્ઞાનમાં તે જ્ઞાન રમે. પરવસ્તુનું જ્ઞાન થયું એથી જ્ઞાન પરવસ્તુનું છે એમ નથી. અને તેથી એ જ્ઞાન પરમાં રમે છે એમ નથી. તેથી તે જ્ઞાન પરથી થયું છે એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વધારે ચીજોવાળાને તો...

ઉત્તર :- હા, વધારે ચીજોવાળાને વધારે આકુળતા, એમાં લક્ષ કરે તો. આત્મા ચૈતન્ય ભગવાન, એ તો જ્ઞાનાનંદની મૂર્તિ (છે). જેટલું પોતાને ભૂલી પરના સંયોગમાં આશ્રય કરે એટલી આકુળતા થાય-દુઃખ થાય અને સ્વરૂપ હણાય. સમજાણું કાંઈ?

અહીં તો એમ કહ્યું છે, રમવાનું ક્રીડા.. એનો ન્યાય આપ્યો કે ભાઈ! જ્ઞાનમાં વસ્તુ તો ભિન્ન જણાય. જ્યાં જ્ઞાન સ્વના ભાનસહિત પ્રગટ્યું તે જ્ઞાનમાં પરવસ્તુ ઘણી જણાય. ઘણી જણાય માટે કાંઈ પરવસ્તુનું જ્ઞાન છે એ? એ જ્ઞાન તો પોતાનું છે. પોતાનું છે તેમાં એ ઠરે છે. એ કાંઈ પરમાં ઠરતો નથી. સમજાણું કાંઈ? અજ્ઞાનીને ગમે તેટલું આત્માના ભાન વિનાનું જ્ઞાન અને રાગની મંદતા હો, પણ એ પરલક્ષી બધી દશા છે. તે વિકારમાં જ રમે છે. આહાહા..! સમજાય છે? એને અશુભભાવવાળું જ્ઞાન હોય કે શુભભાવવાળું જ્ઞાન (હો) અથવા ત્યાં રોકાયેલો હો. એ અજ્ઞાનમાં એની દૃષ્ટિ પરમાં છે, દુઃખી છે, અજ્ઞાન છે, સંબંધને પોતાનું સ્વરૂપ માને છે, પરને જાણતાં તે જ્ઞાન પરનું છે એમ માનીને હું પરમાં ગયો એમ માનીને તેમાં રોકાઈ જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સુખ એને એનું સુખ છે? એ કહેશે હમણા. પોતાના જ્ઞાનની પૂર્ણ દશા પ્રગટ થઈ એમાં આનંદ પૂર્ણ પ્રગટ્યો એનું સુખ છે. લોકાલોકને જાણવાનું કે દિ' સુખ હતું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લોકો એમ કહે છે કે ઓહો..! ભગવાન તો લોકાલોકના નાટક દેખે. આપણે બે નાટક દેખીએ તો ખુશી થઈએ. તો ભગવાન ત્રણ કાળના નાટક દેખે તો બહુ ખુશી થતા હશે. આવા ને આવા ગપ મારનારા. આ આત્મા જ સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણાનંદના અંદરમાં રહેલા, પૂર્ણાનંદમાં રહેલા, લોકાલોકનું જ્ઞાન પોતાની પર્યાયમાં જણાઈ ગયું, એમાં આનંદ છે એને. એનો આનંદ છે. પોતાની પર્યાયમાં અતીન્દ્રિય આનંદ પ્રગટ્યો એનો આનંદ છે. સમજાણું કાંઈ?

એ ભગવાને એમ કહ્યું કે, ભાઈ! જેને અજ્ઞાન છે એટલે જેને આત્માના આનંદ ને જ્ઞાયક સ્વરૂપના ભાન નથી, એ પ્રાણી એકલો પર તરફના લક્ષવાળા વિકાર કરીને દુઃખી થાય છે. દુઃખી... દુઃખી... દુઃખી... છે. કહો, સમજાણું કાંઈ? એ પૈસાવાળા દુઃખી, બાયડીવાળા દુઃખી, છોકરાવાળા દુઃખી, આ ઈન્દ્રાણીવાળા ઈન્દ્રો દુઃખી. કેમ હશે? એ લાડવા ને મોસંબીને ખાનારા દુઃખી. ખાવાની ક્રિયા તો જડની છે પણ એનું લક્ષ જ ત્યાં છે એટલે રાગ ઉત્પન્ન કરીને રાગની મીઠાશને વેદે એ દુઃખી છે. સમજાણું કાંઈ?

‘**જેનો પ્રકાશ અનંત છે; પ્રત્યક્ષ તેજથી જે નિત્ય ઉદયરૂપ છે.**’ પૂર્ણ જ્ઞાન છે એવું અને ભાવશ્રુતજ્ઞાન થયું એ પણ એવું જ છે. અનંત પ્રકાશ છે. સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ અનંત છે. અનંત ગુણનું ભાન એવા આત્માનું ભાન (થતાં) બેહદ જ્ઞાન પ્રગટ્યું છે. ‘**પ્રત્યક્ષ તેજથી જે નિત્ય ઉદયરૂપ છે.**’ પ્રત્યક્ષ થયેલું સ્વરૂપને પ્રત્યક્ષ કરતું જ્ઞાન થયેલું છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? જુઓ! નીચે લખશે કે ‘**આવું જ્ઞાન સમ્યગ્દષ્ટિ પુરુષોને હોય છે. મિથ્યાદષ્ટિ આ ભેદ જાણતા નથી.**’ છે? ભાવાર્થમાં. ભાવાર્થની છેલ્લી લીટી. સમજાય છે કાંઈ? આહાહા..!

‘**વળી કેવું છે?**’ શું કેવું છે? આત્માના પર તરફના અજ્ઞાનભાવને ભૂલી આત્માનું ભાન કરનાર ધર્મીનું જ્ઞાન, એની દશા કેવી હોય છે? પહેલી તો કહી કે આનંદવાળી દશા, દષ્ટિવાળી દશા, સુખી દશા. સમજાય છે? વગેરે. હવે કહે કે ‘**ધીર છે,...**’ નિષ્કંપ છે. ધર્મીનું જ્ઞાન સ્થિર છે. ધીર છે, અડોલ છે, નિષ્કંપ છે, ધીરું છે. સમજાણું કાંઈ? અજ્ઞાની પરને પોતાનું માનીને અજ્ઞાન જે છે તે અધીર છે, અસ્થિર છે. કંપ-કંપનવાળું જ્ઞાન છે એ. આહાહા..! ભગવાન આત્મા એ પુણ્ય-પાપના રાગ અને શરીરથી ભિન્ન જાણતાં થયેલું જ્ઞાન તે ધીરું છે, ઉતાવળીયું નથી એમ કહે છે. અજ્ઞાન, પરને જાણવાનું અજ્ઞાન ઉતાવળીયું છે. જ્યાં ત્યાં અભિપ્રાય જૂઠો બાંધી અને દુઃખી થઈ રહ્યો છે. સમજાણું કાંઈ? ધીર છે, ઉદાત્ત છે. શું કહે છે અહીંયાં?

આત્મા શુદ્ધનું ભાન પરથી (ભિન્ન ભાન) થતાં તેને શાંતરસ પ્રગટે છે. એક આનંદ લીધો, ભેગું ઓલું શાંત લેવું છે. આનંદ તે સુખનો પર્યાય છે, શાંત એ ચારિત્રની શાંત પર્યાય છે. સમજાણું કાંઈ? ઊંચું છે. એ શાંતરસ ભગવાન આત્મા એને ધર્મ પ્રગટ થતાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ધર્મી એવો આત્મા એને અંતરમાં પરથી ભિન્ન પડીને ધર્મ પ્રગટ થતાં એ ધર્મદશાનું જ્ઞાન ધીરું છે, નિષ્કંપ છે, અડોલ છે, સ્થિર છે અને ઉદાત્ત છે, ઊંચું છે, બધાથી મોટું છે. સમજાણું કાંઈ? શાસ્ત્રના ભણનારા અગિયાર અંગના હોય, નવ પૂર્વના એનાથી પણ આ જ્ઞાન મોટું છે એમ કહે છે. જાત જુદી છે એમ કહે છે. ઉદાત્ત છે, ઉચ્ચ છે. સમજાણું કાંઈ? આહાહા..! જેણે આખા ચૈતન્ય અનંત ગુણના પિંડને અંતર જાણ્યો છે એવું જે જ્ઞાન અને એના ભાન વિનાના જેટલા જ્ઞાન એ બધા હલકા જ્ઞાન છે, નીચ છે, કંપવાળું છે, અસ્થિર છે. સમજાણું કાંઈ? ભારે!

ધીર છે. એ લખશે અંદર, હોં! એ શાંતરૂપ નૃત્યના આભૂષણ છે. એટલે શું? કે જે મિથ્યાદૃષ્ટિમાં રાગ, પુણ્ય-પાપ અને પર મારા એવી દુઃખદશા હતી એ દુઃખદશા સંસારદશા હતી. એણે જ્યારે રાગ અને પરથી ભિન્ન આત્માનું ભાન થતાં જે આત્મામાં શાંતરસ અકષાયસ્વભાવનો અનંતાનુબંધી આદિ જવાથી જેટલો શાંતરસ પ્રગટ્યો એ શાંતરસમાં આનંદ છે, દૃષ્ટિ નિર્મળ છે, જ્ઞાન શુદ્ધ છે, પરસંગ વિનાનું છે, ખીલેલું છે અને પરને જાણવા છતાં પોતામાં રહેતું છે. એ જ્ઞાન ઊંચું છે, અધિક છે, અધિક છે, મોટું છે. ઓહો..! સમજાણું કાંઈ? જગતના જ્ઞાન દુનિયાના મોટા મોટા બારિસ્ટરો અને મોટા એમ.એ. વગેરે શું કહેવાય? ડોક્ટરો.

મુમુક્ષુ :- એમ.બી.બી.એસ.

ઉત્તર :- એમ.એ.બી.એસ. મોટા એમ.એ.બી.એસ. આ વળી એમ.બી.એસ થયો છે? આ શું થયો છે હમણાં? એમ.એસ. હમણા આવ્યો હતો ને એક છોકરો? પૂનાનો નહોતો આવ્યો? એમ.એસ. ૨૧ વર્ષનો છે. નરમ છે થોડો. એમ.એસ. ને? એમ.એસ.સી. એમ.એસ.સી. થયો હતો. લાગણીવાળો અહીં સાંભળવા રોકાણો પંદર દિ'. એમ.એસ.સી. પૂંછડા મોટા એમ.એસ.સી.ના. કહે છે કે એ જ્ઞાન હલકું છે. એમ કહે છે. મોટી એથી શું ડિગ્રી કહેવાય? આઈ.સી.એસ. એ વળી મોટી ડિગ્રી પૂછડું લાંબું. આઈ.સી.એસ. કહે છે કે એ જ્ઞાન કંપવાળું છે, અસ્થિર છે, દુઃખી છે અને હલકું છે.

મુમુક્ષુ :- પૈસા કમાવામાં કામ આવે છે ને.

ઉત્તર :- ધૂળમાંય કામ આવતું નથી. પૈસામાં પણ નથી આવતું. પૈસા પણ પુણ્યને લઈને મળે છે. એના જ્ઞાનથી મળે છે? ધૂળમાંય મળતું નથી. એય..! કેમ હશે? મલૂકચંદભાઈ? એને ખબર નહિ હોય એના છોકરાની બુદ્ધિ કેવડી હશે એ? કહો, સમજાણું આમાં? બુદ્ધિ ઘણી હોય માટે પૈસા પેદા કરે એમ કહ્યું કોણે? એ તો બુદ્ધિ ઘણી હોય તો એની પાસે રહી. પૈસા મળવા હોય તો પૂર્વના પુણ્ય હોય તો મળે છે. એ વિના મરી જાય તો પાઈ ન મળે. મોહનભાઈ! કેમ હશે? આ ઘણાને અનુભવ નહિ હોય હુશિયારીથી મળ્યા એવું?

મુમુક્ષુ :- જેને જેને મળે એને હુશિયારીથી મળે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- ધૂળમાંય મળતા નથી હુશિયારીથી. કોણ કહે છે? મોટા મૂરખ બુદ્ધિના બારદાન હોય અને પાંચ લાખ પેદા કરતા હોય મહિને. એની સાથે સંબંધ શું છે? બુદ્ધિના બારદાન. બારદાન એટલે ખાલી કોથળા. જોયા નથી? ઘણાં જોયા છે અમે તો. ઘણાં અત્યારે નમુનો નથી? અત્યારે પણ ઘણાં એવા છે. બુદ્ધિના બારદાન-ખાલી કોથળા. બોલવાનું ભાન ન મળે એને. પાંચ-પાંચ લાખ પેદા કરે મહિને. એમાં શું એને સંબંધ છે?

મુમુક્ષુ :- રૂપિયા ભેગા કરે તો ભેગી બુદ્ધિ આવે.

ઉત્તર :- એ બુદ્ધિ ભેગી આવે એમ કહે છે. પૈસાવાળાના દીકરા ગાંડા બુદ્ધિવાળા કહેવાય. અને નિર્ધન માણસ બુદ્ધિવાળો હોય એ ગાંડા કહેવાય. એવું દુનિયામાં કહે છે. દુનિયા મૂરખ છે. સમજાણું કાંઈ? એય..! આ તમારી બહારની બુદ્ધિ બુદ્ધિ હલકી (છે), એમ કહે છે.

મુમુક્ષુ :- મીંડા વાળ્યા.

ઉત્તર :- મીંડા વાળ્યા? પહેલા તો બહુ હતું. એ તો બહુ કહેવાતા. એના ઓલા સાત-આઠ જણા હતા ને. શું કહેવાય એના? ભાગીદારો કહેવાય? શું કહેવાય? કંપની. એમાં તો આ બહુ હોશિયાર કહેવાતા. ત્યાં ઓલા ગાંડા ભેગા એક ગાંડા વધારે. આહાહા..!

ઉદાત્ત. જુઓને! આચાર્યને શું કહેવું છે? ભાઈ! આ આત્માનું જે જ્ઞાન થયું, પુણ્ય-પાપના રાગ અને શરીર વિનાનું ચૈતન્યનું ભાન થયું તે જ જ્ઞાનને ઊંચું કહીએ. એને ઉદાત્ત છે. ઉદાત્ત પણ છે અને ઊંચું પણ છે. ઉદાત્ત-અંદરથી કાઢવું હોય એટલું નીકળી શકે એવી આત્મામાં શક્તિ પડી છે. ઉદાત્ત-ઊંચું છે. અને એની સાથે '**અનાકુળ છે...**' આનંદ કીધું હતું પહેલું. અનાકુળ છે. ઓલું અસ્તિથી કીધું હતું ને આનંદનું? એ શાંત આત્માના રસમાં આકુળતા નથી. શાંતરસ હોં! ચોથા ગુણસ્થાનથી વાત છે. આહાહા..! સમ્યગ્દર્શન થતાં ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું પગથિયું, તેનું જ્ઞાન આવું હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**સર્વ ઈચ્છાઓથી રહિત નિરાકુળ છે.**' એની વ્યાખ્યા કરી. ઈચ્છા બંધ પડી ગઈ. સર્વ ઈચ્છાઓથી રહિત એટલે કાંઈ ઈચ્છા નથી. અહીં તો દૃષ્ટિમાં ઈચ્છા નથી એટલે ઈચ્છારહિત જ છે. સમજાણું કાંઈ? '**(અહીં ધીર, ઉદાત્ત, અનાકુળ-એ ત્રણ વિશેષણો શાંતરૂપ નૃત્યનાં આભૂષણ જાણવાં.)**' આત્મા પોતાના સ્વભાવના ઘરમાં આવ્યો અને શુદ્ધિ શ્રદ્ધાની પ્રગટી જ્ઞાન-શાંતિ એના આ શાંતિના બધા દાગીના-આભૂષણો છે. આહાહા..! એ શાંતિની આનેથી શોભા છે એમ કહે છે. આભૂષણથી શરીરની શોભા કહે છે ને લોકો? એ શાંતિની આનાથી શોભા છો. ઓહોહો..! એક ગાથામાં તો કેટલું નાખ્યું! શાંતિ, ધીર, ઉચ્ચ, અનાકુળ અને આનંદ દેતું, દૃષ્ટિ-પ્રતીતિ ઉપજાવતું. ઓહોહો..! ગજબ કર્યો છે ને શ્લોકે પણ! કેટલો શ્લોક! સમજાણું કાંઈ? એ મંગળિક કરે છે મંગળિક. અજીવ ને જીવના જાણવામાં અજીવ જાણવામાં આવે એવું જ્ઞાન કેવું હોય તેને અહીંયાં વખાણે છે. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'એવું જ્ઞાન વિલાસ કરે છે.'** લ્યો! સમજાણું? આવું જ્ઞાન આત્માના ભાન સમ્યગ્દર્શન થતાં, સમ્યગ્જ્ઞાન થતાં આવું જ્ઞાન વિલાસ... વિલાસ... વિલાસ... મોજ કરે છે. કહો, સમજાણું આમાં? આહાહા..! કહો, કાંતિભાઈ? કહો, સમજાય છે કે નહિ? એ વિનાના સામા વિશેષણ લઈ લેવા. આત્માના ભાન વિના, આત્માની મહિમાના અનુભવ વિના જેટલા અજ્ઞાનીના અજ્ઞાન એ બધા આનાથી વિરૂદ્ધ ભાવ લઈ લેવા. સમજાણું કાંઈ? અજ્ઞાનીનું અજ્ઞાન દુઃખને ઉત્પન્ન કરતું પ્રગટ થાય છે. ઊંધી દૃષ્ટિ, પરદ્રવ્યને એક માનવાની દૃષ્ટિથી ઊભું થાય છે. અને પરના સંબંધવાળું ખીલ્યા વિનાનું અનંતને પરને ભલે જાણતું હોય પણ પરમાં જ છે અને પરને લઈને જાણું એવું પરાધીનવાળું.. સમજાણું? અને પરમાં રમવાવાળું અને અધીર, ઓછું, હલકું અને આકુળતાવાળું. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- આ જ્ઞાનનો મહિમા કહ્યો.'** ભગવાન આત્માના પોતાની જાતમાં આવ્યો. હું આત્મા છું. પછી ભલે રાજ-પાટ, કુટુંબ આદિ હો પણ એને રહેવાનું સ્થાન અને અસ્તિત્વ સ્થાન તો આત્મા છે. એ ક્યાંય રાગમાં રહેતો નથી, મકાનમાં રહેતો નથી, બાયડી પાસે રહ્યો નથી. રહ્યો છે આત્માની પાસે. આહાહા..! સમજાણું? એ જ્ઞાનીને અનંત દ્રવ્યોનો સંગ દેખાય, તેનું ભલે જ્ઞાન થાય આમાં છતાં એ જ્ઞાન પોતાને લઈને પોતામાં થયેલું તે જ્ઞાનમાં પોતે આત્મા છે, પરમાં છે નહિ એમ કહે છે. એ વખતે સંયોગો તો ઘણાં દેખાય. પણ કહે છે કે એ સંયોગોનું જ્ઞાન પોતાથી ઉત્પન્ન થયેલું છે. પોતાનું જ્ઞાન અને સંયોગનું જ્ઞાન પોતાથી ઉત્પન્ન થયેલું (છે) માટે તે જ્ઞાન પોતામાં રહેલું તેમાં તે રહે છે. પરમાં રહેતો નથી. આહાહા..!

કોઈપણ સંયોગનું જ્ઞાન સ્વલક્ષે થયું એટલે જ્ઞાન તો અહીંથી થયું. એ જ્ઞાનમાં અસ્તિત્વમાં એ છે. સંયોગના અસ્તિત્વમાં એ નથી. સમજાય છે કાંઈ? જેના હોવાપણાની દિશા પલટાઈ ગઈ છે. અજ્ઞાનીની હોવાપણાની દિશા રાગ, પુણ્ય, વસ્તુ અને પરને જાણવું તેમાં વસ્યો છું તેમ માને છે. સમજાણું કાંઈ?

**'જીવ-અજીવ એક થઈ રંગભૂમિમાં પ્રવેશ કરે છે તેમને આ જ્ઞાન જ ભિન્ન જાણે છે.'** જુઓ! જીવ-અજીવનું જ્ઞાન. **'જેમ નૃત્યમાં કોઈ સ્વાંગ આવે તેને જે યથાર્થ જાણે તેને સ્વાંગ કરનારો નમસ્કાર કરી પોતાનું રૂપ જેવું હોય તેવું જ કરી લે છે...'** આ ભાંડ હોય છે ને ભાંડ? બહુરૂપિયા. બહુરૂપી કહે છે ને? બહુરૂપી. ભાંડ આવે તો ઓલો ઓળખી જાય કે આ તો ભાંડ (છે). દાંત કાઢીને ચાલ્યો જાય. વેષ છોડી દે. એમ આણે જ્યાં આત્મા આત્મા તરીકે જાણ્યો અને જડને જડ તરીકે જાણ્યો તો જડ છૂટી જાય છે, જડ રહેતા નથી એમ કહે છે.

**'સ્વાંગ કરનારો નમસ્કાર કરી પોતાનું રૂપ જેવું હોય તેવું જ કરી લે છે તેવી રીતે અહીં પણ જાણવું. આવું જ્ઞાન...'** જુઓ! હવે પાછો ખુલાસો કર્યો. **'સમ્યગ્દષ્ટિ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પુરુષોને હોય છે;...**' લ્યો, આ ખુલાસો. વળી કોઈ લે કે આ તો જ્ઞાન કેવળજ્ઞાનીનું છે. આનું માને નહિ કે એ તો પંડિતનું લખેલું છે એમ કહે. પણ અહીં તો જીવનું જ્ઞાન થયું, હવે અજીવથી ભિન્ન જીવ છે એનું જ્ઞાન કરવા માટે અજીવની વ્યાખ્યા કરે છે. સમજાણું કાંઈ? પહેલામાં અસ્તિથી વાત કરી હતી કે આત્મા શુદ્ધ છે, ધ્રુવ છે, આનંદ છે, પરિપૂર્ણ છે. એમ. હવે એમ કહેશે કે એ આત્મામાં આ નથી... આ નથી... આ નથી... આ નથી... સમજાણું કાંઈ? આહાહા..!

'**હવે જીવ-અજીવનું એકરૂપ વર્ણન કરે છે :-**' શ્લોક-શ્લોક.

**अप्पाणमयाणंता मूढा दु परप्पवादिणो केई।**
**जीवं अज्झवसाणं कम्मं च तहा परूवेंति।।३९।।**
**अवरे अज्झवसाणेसु तिव्वमंदाणुभागगं जीवं।**
**मण्णंति तहा अवरे णोकम्मं चावि जीवो त्ति।।४०।।**
**कम्मस्सुदयं जीवं अवरे कम्माणुभागमिच्छंति।**
**तिव्वत्तणमंदत्तणगुणेहिं जो सो हवदि जीवो।।४१।।**
**जीवो कम्मं उहयं दोण्णि वि खलु केइ जीवमिच्छंति।**
**अवरे संजोगेण दु कम्माणं जीवमिच्छंति।।४२।।**
**एवंविहा बहुविहा परमप्पाणं वदंति दुम्मेहा।**
**ते ण परमट्ठवादी णिच्छयवादीहिं णिद्दिट्ठा।।४३।।**

હરિગીત

**કો મૂઢ, આત્મ તણા અજાણ, પરાત્મવાદી જીવ જે,**
**'છે કર્મ, અધ્યવસાન તે જીવ' એમ એ નિરૂપણ કરે! ૩૯.**
**વળી કોઈ અધ્યવસાનમાં અનુભાગ તીક્ષણ-મંદ જે,**
**એને જ માને આતમા, વળી અન્ય કો નોકર્મને! ૪૦.**
**કો અન્ય માને આતમા કર્મો તણા વળી ઉદયને,**
**કો તીવ્રમંદ-ગુણો સહિત કર્મો તણા અનુભાગને! ૪૧.**
**કો કર્મ ને જીવ ઉભયમિલને જીવની આશા ધરે,**
**કર્મો તણા સંયોગથી અભિલાષ કો જીવની કરે! ૪૨.**
**દુર્બુદ્ધિઓ બહુવિધ આવા, આતમા પરને કહે,**
**તે સર્વને પરમાર્થવાદી કહ્યા ન નિશ્ચયવાદીએ. ૪૩.**

નિરૂપણ કરે કે માને એ વાત..

જુઓ! આ માલની વાત ચાલે છે. ચૈતન્યના માલમાં જે કંઈ અજીવનો માલ ખતવે છે તે મૂઢ છે, કહે છે. સમજાય છે કાંઈ? ચાહે તો મોટો બુદ્ધિવાળો હોય, બારિસ્ટર હોય,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાંચ હજારનું દનિયું લેનારો હોય, વેપારી મોટો કરોડ-કરોડ પેદા કરતો હોય, લ્યોને, મહિને કે બાર મહિને.

મુમુક્ષુ :- રોજ ભલેને કરતો હોય.

ઉત્તર :- રોજ કરતો હોય. એ બધા મૂર્ખા છે એમ કહે છે અહીં. અરે..રે..! કહ્યું કે નહિ? જુઓને! જુઓ '**दुम्मेहा**' દુર્બુદ્ધિ. '**दुम्मेहा**' મેધા. મેધા-દુર્બુદ્ધિ છે કહે છે. આહાહા..!

'**ટીકા :- આ જગતમાં...**' જુઓ! આ, એમ જગત સિદ્ધ કરે છે. '**આ જગતમાં...**' આ પ્રત્યક્ષ વસ્તુ છે જગતમાં. '**આત્માનું...**' આ ભગવાન આત્માનું '**અસાધારણ લક્ષણ...**' જે જ્ઞાન લક્ષણ એનું અસાધારણ છે. એવા '**લક્ષણ નહિ જાણવાને લીધે...**' ભગવાન આત્મા તો જ્ઞાનથી જણાય તેવું જેનું જ્ઞાન લક્ષણ છે. જ્ઞાનથી જણાય એવું એ આત્માનું લક્ષણ છે. એવા જ્ઞાનસ્વરૂપી લક્ષણને લક્ષમાં લઈને આત્મા જણાય એવો આત્મા એને નહિ જાણનારા, નહિ જાણવાને કારણે. દેખો! '**અસાધારણ લક્ષણ નહિ જાણવાને લીધે...**' એમ કહ્યું છે, ભાઈ! ફલાણાના ઉદયને કારણે, જ્ઞાનાવરણીયના ઉદયને કારણે, દર્શનમોહના ઉદયને કારણે એમ નથી કહ્યું. ભારે વાત! આચાર્યની કથની તે કોઈ ગજબની છે! એક એક ભાવમાં સ્વતંત્રતાનો ઢંઢેરો પીટીને વાત કરે છે.

કહે છે, ભગવાન આમ જ્ઞાનથી જણાય એવી ચીજ છે. એનું લક્ષણ-લખણ એનું તો જ્ઞાન છે. એ વડે આત્મા લક્ષ થઈ શકે. એવા અસાધારણ નામ બીજું લક્ષણ નથી એવા લક્ષણને નહિ જાણતાં, નહિ જાણવાને કારણે '**નપુંસકપણે...**' '**क्लीव**' '**क्लीव**' શબ્દ છે. સમજાય છે કાંઈ? છે ને? '**क्लीवत्वेन**' અંદર છે સંસ્કૃત. '**क्लीव**' એટલે નપુંસક. નપુંસકપણે. આહાહા..! જે આત્માઓ વાસ્તવિક જ્ઞાનલક્ષણે લક્ષિત એવા આત્માને જાણતા નથી અને પુણ્ય-પાપ આદિ વિકલ્પને, રાગને આત્મા માને છે અને એ આત્માનું લાભ, કર્તવ્ય માને છે એ બધા, કહે છે કે નપુંસક છે. સમજાણું કાંઈ? જેનું વીર્ય સ્વરૂપની દૃષ્ટિ કરીને પ્રગટ થવું જોઈએ, એ વીર્ય એમ ન પ્રગટ કરતાં પોતાના સ્વરૂપની હિંસા કરી અને જેમ પાવૈયાને પુત્ર ન હોય એમ આ નપુંસકને આત્માનું ભાન ન હોય. સમજાણું કાંઈ? એ આ પુણ્ય અને પાપ આદિ, એના બંધન અને એના ફળ. આઠ વાત કરશે.

ભગવાન આત્મા જ્ઞાનલક્ષણે લક્ષિત એની શોભા લક્ષણે લક્ષિતની છે. એ એની શોભા છે, એ એનું સ્વરૂપ છે, તે તેનું લક્ષણથી લક્ષાયેલ. એવા આત્માને ન જાણતા. આત્માને રાગવાળો, પુણ્યવાળો, સુખી-દુઃખી કલ્પનાવાળો, કર્મવાળો, સંયોગવાળો, પુણ્ય-પાપના કર્તાવાળો, પુણ્ય-પાપરૂપ અને એવો જે આત્માને માને, કહે છે કે એનું વીર્ય નપુંસક છે. સમજાણું કાંઈ?

એ '**નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા,...**' આહાહા..! નવમી ગ્રૈવેયકે દિગંબર સાધુ ગયો મિથ્યાદૃષ્ટિ તરીકે. અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા, હજારો રાણીને છોડી જંગલમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વસ્યો પણ અંદરમાં એ રાગાદિની ક્રિયા મારી છે અને દેહની ક્રિયા હું કરું છું. કહે છે કે નપુંસક અત્યંત વિમૂઢ છે એ. આહાહા..! સમજાણું કાંઈ? આવું સંતોને કહેવાનું શું કારણ? ભાઈ! તારા વીર્યમાં તો, આત્મબળ તો, બળ તો એને કહીએ જે સ્વરૂપની રચના કરે. બળ એને કહીએ આત્માનું કે જે આનંદ અને શાંતિ આદિ ગુણોના પરિણમનની રચના કરે તેને બળ કહીએ. આ આત્માને હણી નાખે એવા વીર્યને બળ કેમ કહીએ?

ભગવાન આત્મા પોતામાં આનંદ ન માનતા એ પુણ્ય-પાપના ભાવમાં આનંદ માનનારો, પુણ્ય-પાપના બંધન મને પુણ્ય થયા, એમાં સુખી માનનારો અને એના ફળ તરીકે મળ્યા ઢગલા અનુકૂળ કે પ્રતિકૂળ, અનુકૂળતા એ મને ઠીક છે માનનારો. કહે છે કે તારું વીર્ય હણાઈ ગયું છે, ભાઈ! આહાહા..! આ બધાએ તને ઓળખાવવો છે? બાયડીવાળો છે, છોકરાવાળો છે, આબરૂવાળો, હામવાળો છે, દામવાળો છે, ઠામવાળો છે. હામ, દામ ને ઠામ. આ બહુ પુણ્ય કરે છે અને આ પુણ્યશાળી છે આ આવું છે. આને કુટુંબ મોટું છે. કહળ્યા કુટુંબ છે, ગામ એને તાબે છે અને ફલાણું છે, એમ ઓળખાવવો છે તારે આત્માને? એય..! ગામના પાંજરાપોળના કામ કરે છે. ભેગું લેવું જોઈએને બધું. એ રીતે ઓળખાવો છે તારે? અને એ રીતે દુનિયા ઓળખે તો તું રાજી થા છો?

મુમુક્ષુ :- ઊંચી પદવી...

ઉત્તર :- ઊંચી પદવી.

અહીં તો કહ્યું ને? આત્માના જ્ઞાન સિવાયના પરના જ્ઞાન હેઠા અને હલકા છે. પછી વળી ક્યો ઊંચો રહી ગયો અહીંયાં? ધીર, ઉદાત્ત. આહાહા..! સમજાણું કાંઈ? દસ-દસ હજારનો, વીસ-વીસ હજારનો પગાર મળતો હોય. લાખ-લાખનો પગાર મોટા વાઈસરોયને મોટો મોટો પગાર હશે. કહો, સમજાણું? હોય તોય શું ધૂળ. ઓલો કહે ને થોડા દિ' ગયા હતાને ત્યાં જામનગર. વાઈસરોય આવ્યો હતો. કેટલા? પચ્ચીસ લાખ ખર્ચી નાખ્યા હતા. થોડા દિ' રહ્યો હતો. વાઈસરોય. રણજીતસિંહ. પચ્ચીસ લાખ. બે દિ' ત્રણ દિ' રહેવું છે એના પાયખાનાના અઢી લાખ રૂપિયા. શું કરવા? કે આપણે વાઈસરોયમાં માનીતા થઈએ. ટાણા આવ્યા, બધા રાજા ભેગા થયા અને સભા ભરાણી. એ જાણે કે મેં આટલું કર્યું તો વાઈસરોય મારું રાખશે. કાંઈક પ્રતિકૂળ (પડ્યું તો કહે), બેસી જાવ. એ ભાષા અંગ્રેજી બોલ્યા હશે. આપણે શું કહેવાય ભાઈ અંગ્રેજીમાં? આવ્યા હતા, અમે એટલામાં જ ત્યાં હતા. કાળાવડ હતા. આહાહા..! આ જુઓને બહારથી માનેલું હતું ને કે આ બધા અમારા. અમે આટલા ખર્ચ કર્યા માટે અમને જાળવશે ક્યાંકમાં. નભાવશે. અરે..! બાપુ! એ રાગમાં બધા.. મોટો થયો એમાં જ્યારે અપમાન એના પ્રમાણમાં મળે તો આકરું લાગે. એય..! લ્યો, આ મોટા. મોટાને લાગે ધક્કા મોટા. મોટી પદવી માની લીધી હોય ને. એમાં એને જરીક કાંઈક અપમાન કરે. નામ એકવડું બોલાયને તો એને અપમાન લાગે. બેવડું નામ બોલવું જોઈએ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એની સામું. ફલાણા સાહેબ.. ફલાણા સાહેબ, ફલાણા શેઠ, એમ. ફલાણું એકલું નામ તો કહે નહિ. લક્ષ્મીચંદ, લક્ષ્મીચંદ શેઠ, લક્ષ્મીચંદભાઈ. એક લક્ષ્મીચંદ કહે તો એને તોછડાઈ લાગે. ઘણા નામના પૂંછડે સંતોષાણો છે ને. આહાહા..! કહે છે કે અરે..! તું ત્યાં ક્યાં સંતોષ માનવા ગયો? એ તો અતાત્ત્વિક વાત છે.

નપુસંકપણે અત્યંત વિમૂઢ થયો, '**પરમાર્થભૂત આત્માને નહિ જાણતા...**' એ ચીજો અને એ ચીજને લઈને ક્યાં તું છો? સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના ભાવ, પુણ્ય-પાપના ફળ, એમાં તું ક્યાં છો? એમાં આત્મા ક્યાં છે? આત્મા તો એનાથી ભિન્ન છે. એવા '**નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા,...**' ધણી સાધારણ હોય ને, બાયડીને પગાર પાંચ હજાર મોટો હોય તો ધણી ખુશી થાય બહુ. બીજાને વખાણ કરે. અમારે બૈરા બહુ વધી ગયેલા છે. મુંબઈમાં મેયર થયા. ઓલો કહે... સમજ્યાને? સાળાની વહુ તે આમ છે, ફલાણું આમ છે. હવે કાંઈ લાળોલાતરે તે... એને લઈને સખ ન હોય પણ નામ લઈને સખ માને. અમારા સાળાની વહુ આવા હતા. સાળાનો સાળો આવો હતો. બે-પાંચ કરોડ રૂપિયા થયા હોય ને તો કહે, અમારા સાળાનો સાળો આમ હતો. એમ કરીને આમ જાણે અમે કાંઈક અમારા સગા મોટા છે.

મુમુક્ષુ :- પોરસ ચડાવે.

ઉત્તર :- શેના પણ મોટા? ધૂળમાં, સાંભળને હવે. એ ક્યાં ચીજ તારી હતી. એય..! ભીખાભાઈ! સારો છોકરો થાય અને પગારદાર થાય અને રળાઉ થાય, લ્યોને. હરખ તો આવે કે નહિ માણસને? મૂઢ છે, કહે છે. જેમાં હરખ આવે એ ચીજ તારી નથી. અને તું એમાં સંતોષ માને છે તો મૂઢ છે. અત્યંત નપુંસક છો, પાવૈયો, હિજડો છો, કહે છે. આહાહા..! એય..! ચંદુભાઈ! પાવૈયાને પુત્ર હોય? એમ તારે સમ્યગ્દર્શનની પ્રજા હોય? આહાહા..! ઊંધી માન્યતા પરને લઈને ખરડાઈ ગયો કહે છે. ખરડાઈ ગયો. ખરડાઈ ગયો સમજો છો? મેલ નથી ખરડાતો? કાદવમાં પડે ત્યારે ખરડાયને આમ મેલ.. મેલ... મેલ... એમ આ અત્યંત વિમૂઢ. એકલો મૂઢ શબ્દ વાપર્યો નથી.

મુમુક્ષુ :- એ તો પૂરેપૂરો છે.

ઉત્તર :- પૂરો છે ને, આખો છે ને.

'**તાત્ત્વિક આત્માને નહિ જાણતા...**' તાત્ત્વિક એટલે જ્ઞાનાનંદ સ્વરૂપ, શાંતિસ્વરૂપ, આનંદમૂર્તિ જ્ઞાનનો ભંડાર એવો હું આત્મા, એવું મારું સુખ મારામાં, મારું જ્ઞાન મારામાં, મારી શાંતિ મારામાં, મારો સંતોષ મારામાં, મારું આસ્તિકપણું મારામાં. એવું જેને ભાન નથી '**એવા ઘણા અજ્ઞાનીજનો...**' ઘણા અજ્ઞાનીજનો, હોં! '**બહુ પ્રકારે...**' ઘણા પ્રકારે '**પરને પણ આત્મા કહે છે,...**' '**प्रलपन्ति**' છે ને શબ્દ? એટલે બકે છે પછી કહ્યું. ઓલો '**प्रलपन्ति**' એકલું કહે છે એમાં સખ ન આવ્યું. '**प्रलपन्ति**' છે ને. '**प्रलपन्ति**' શબ્દ છે ને પંડિતજી?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સંસ્કૃતમાં છે. '**परमप्यात्मानमिति प्रलपन्ति**' '**प्रलपन्ति**' લવે છે, એમ. લવે છે. '**प्र**' લવે છે વિશેષે. '**प्र**' વિશેષે લવે છે. પ્રલાપ, બકવાસ-બકવાસ કરે છે. આહાહા..! કહો.

'**કોઈ તો એમ કહે છે કે સ્વાભાવિક અર્થાત્ સ્વયમેવ ઉત્પન્ન થયેલા રાગદ્વેષ વડે મેલું જે અધ્યવાસન (અર્થાત્ મિથ્યા અભિપ્રાય સહિત વિભાવપરિણામ) તે જ જીવ છે...**' લ્યો! એ સ્વભાવિક ઉત્પન્ન થયેલો એમ કહે છે. એ તો રાગ-દ્વેષ અને મેલ અને એકત્વબુદ્ધિનો અભિપ્રાય એ જ આત્મા છે. વળી આત્મા જુદો ક્યાંથી લાવ્યો એવો? આહાહા..! એ રાગ અને તેનો અભિપ્રાય. પાછો આ હું. એવું અધ્યવસાન. અભિપ્રાય-એકત્વબુદ્ધિ. એ જ આત્મા છે. રાગ અને મેલા પરિણામ સ્વયમેવ ઉત્પન્ન થયેલા છે. સ્વયમેવ ઉત્પન્ન થયેલા છે, એમ કહે છે. સમજ્યા ને? એ આત્માથી જ ઉત્પન્ન થયેલા છે. એ આત્મા જ છે એમ કહે છે. સ્વભાવિક ઉત્પન્ન થયેલા. જોયું! ભાષા. એ તો સ્વભાવ છે જીવનો રાગ-દ્વેષ થવું. પુણ્ય-પાપ, રાગ-દ્વેષના ભાવ સ્વભાવ છે. અને સ્વભાવ વડે મેલું-એકત્વબુદ્ધિ. એ પરિણામ રાગ હું, દ્વેષ હું એવો જે અભિપ્રાય તે જ જીવ. વળી બીજો જીવ કેવો એનાથી જુદો? સમજાય છે? પાછો દાખલો પણ આપે છે. દાખલા હોય ને સૌને.

'**કારણ કે જેમ કાળાપણાથી અન્ય જુદો કોઈ કોલસો જોવામાં આવતો નથી...**' લ્યો! આ કોલસો હોય છે ને? કોલસો. એમાં કાળાપણું છે. એ તો સ્વરૂપ એનું છે. વળી કાળાપણાથી કોલસો જુદો હોય એવું અમે તો કોઈ દિ' જોયું નથી. એમ મેલા પરિણામથી આત્મા જુદો હોય એવું અમે તો કોઈ દિ' માનતા નથી. ઠીક! બસ, એ પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષના પરિણામ એ આત્મા. એ મેલા અભિપ્રાય એ આત્મા. વળી એનાથી જુદો ક્યો વળી? જુદો ક્યાં દેખાય છે? છે અંદર? અત્યારે જુદો હોય? પણ અત્યારેની વાત ચાલે છે આ.

'**જેમ કાળાપણાથી અન્ય જુદો કોઈ કોલસો...**' દેખો! એ તો રાગ-દ્વેષના પરિણામ, એ કાળાપણું, એનાથી કોલસો જુદો અને એનાથી જીવ જુદો નથી. રાગ-દ્વેષના પરિણામથી જીવ જુદો એ અમે માનતા નથી. કહો. '**અન્ય જુદો કોઈ કોલસો જોવામાં આવતો નથી તેમ એવા અધ્યવસાનથી જુદો અન્ય કોઈ આત્મા જોવામાં આવતો નથી.**' એવી એક અજ્ઞાનીની માન્યતા એ નપુસંકપણે આ રીતે માની રહ્યો છે. સમજાણું કાંઈ?

બીજો બોલ. '**કોઈ કહે છે કે અનાદિ જેનો પૂર્વ અવયવ છે...**' અવયવી એ કર્મ. સમજાણું? એનો પૂર્વ અવયવ ક્રિયા કરતું કર્મ. '**અને અનંત જેનો ભવિષ્યનો અવયવ...**' એટલે અહીં તો ભૂત અને ભવિષ્ય બધું એક જ ક્રિયા કરતું કર્મ છે. વળી કર્મથી જુદો આત્મા છે એવું અમે માનતા નથી. અનાદિઅનંત કર્મ જ હોય. કોઈ દિ' મુક્ત થાય અને વળી નિર્વિકારી દશા થાય (એવો) જુદો હોય નહિ. અનાદિનો વિકાર છે તો અનાદિ રહે. અનાદિનો છે તો અનંત કાળ રહે, અનાદિનો હોય એ વળી છૂટી જાય?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કહે છે ને. તેથી તો બોલ કહે છે.

**'જેનો પૂર્વ અવયવ...'** કર્મના પરમાણુનો સમૂહ પૂર્વનો અને અનંત જેનો ભવિષ્ય અવયવ. એનો કર્મ પરમાણુનો સમૂહ. **'એવી જે એક સંસરણરૂપ ક્રિયા...'** કર્મને લઈને સંસરણરૂપ જે ક્રિયા, કર્મની ક્રિયા. **'એવી જે એક સંસરણરૂપ ક્રિયા તે-રૂપે ક્રીડા કરતું જે કર્મ તે જ જીવ છે...'** કર્મથી બીજો જીવ જુદો અમને જણાતો નથી. કહો, સમજાણું? **'કારણ કે કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.'** દાખલા આપશે, હોં! સામે જુઓ દાખલો એણે આપ્યો ને એવો ઉત્તર આપશે. કાળપ છે એ કોલસાથી જુદી તું નથી કહેતો. પણ અમે તો કહીએ છીએ, સોનામાં જે મેલ છે એ મેલથી સોનું જુદું છે. મેલથી સોનું જુદું છે. એમ પુણ્ય-પાપના ભાવ, મેલા (છે). એનાથી ભગવાન ચૈતન્ય સોનું જુદું છે. એના લક્ષણનું તને ભાન નથી. એની અસ્તિ જ ત્યાં માની રહ્યો છે. બસ. અને આ એમ કહે, કર્મ તો અનાદિનું છે અને એને લઈને સંસરણ ક્રિયા થાય છે, રખડવાની. ભૂતમાં થઈ, ભવિષ્યમાં થાશે. ન થાય. છૂટો પડે કર્મથી, એમ તો અમને દેખાતું નથી. અવતાર જ કર્યા કરે. મોક્ષ કોઈ દિ' થાય નહિ. કહે છે ને? એવો મત છે કે નહિ? ત્યાં પણ આવીને પાછો એને કહેવાય થોડો વખત વધારે રહીને.. પાછો અવતાર ધારણ કરે. એટલે કર્મ વિનાનો કોઈ દિ' થાય નહિ. એવા માનનારાઓને, કર્મને જ આત્મા માનનારાને અત્યંત વિમૂઢ કહ્યા છે. લ્યો!

ગયા કાળનું એ કર્મ પિંડ કામ કરતું હતું ક્રિયામાં રખડવાનું. આ પણ ભવિષ્યમાં કર્યા જ કરશે. એનાથી આમ જ્ઞાનસ્વરૂપ જુદો અને આમ જુદો કોઈ આત્મા રહી જાય છે, જુદો ક્યાં રહ્યો? સમજાણું કાંઈ? કેટલાક એવા હોય છે ને ભાઈ, આપણે મોક્ષમાં જ નથી હમણાં જાવું. આપણે તો દુનિયા માટે ઉપકાર થાય તો બે ભવ ભલે વધે. એને ભવના વધવામાં જ દુનિયાને લાભ માનવું છે એને. પણ ભવનું વધવું એ જ તને નુકસાનનું કારણ છે. તેને તારાથી બીજાને લાભ થશે એનો અર્થ શું? ભાઈ! આપણે દુનિયાનો પરોપકાર કરવા માટે ભલે અવતાર ધારણ કરીએ. એ કર્મથી જ આત્મા માનનારા છે. આત્મા જુદો છે એમ માનતા નથી. સમજાણું કાંઈ? આપણે તો પરગજુ છીએ, ભાઈ! આ અવતાર પરગજુ અવતારમાં પરોપકારમાં જાય. બીજો ભવ ભલે એને માટે અમારે કરવો પડે. એનો અર્થ જ એ છે કે તું કર્મને જ આત્મા માને છે. કર્મથી ભિન્ન છે આત્મા એ માનતો નથી. સમજાણું કાંઈ? અમારે તો સંસાર ભલે ભવ થાય. સંસાર કીધો ને? સંસરણ ક્રિયા. સારા ભવ મળે તો સારા કામ કરશું. એમાં શું છે? પણ સંસાર છે એ બધો. એને ભવિષ્યમાં પણ આ રાખવાનો ભાવ છે તો એ કર્મને જ આત્મા માને છે. સમજાણું?

**'કારણ કે કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.'** એમ કહે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. એ રીતે એના બે બોલ છે. એવા આઠ બોલ છે. પરને પોતાનું માને. ભિન્ન-ભિન્ન જાત. ઊંડા-ઊંડા અભિપ્રાયમાં ચૈતન્ય નિષ્ક્રિય જ્ઞાનાનંદ ભિન્ન છે અને એ જ આત્મા છે એવી એને પ્રતીત બેસતી નથી. એટલે કોઈપણ રીતે ઊંડે ઊંડે ઊંડે આવી રીતે પરને પોતાનું માને એને અત્યંત વિમૂઢ અને મૂઢ અજીવને જીવ માનનારા કહ્યા છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**કારતક સુદ ૮, રવિવાર તા. ૨૦-૧૧-૧૯૬૬**
**ગાથા-૩૯-૪૩, પ્રવચન-૧૦૭**

આ જીવ-અજીવ અધિકાર 'સમયસાર'નો ચાલે છે. એમાં ૩૯ થી ૪૩ ગાથા. શું કહે છે? કે કેટલાક જીવો પોતાના વીર્યની ઊલટાઈને, ઉંધાઈને લઈને તાત્ત્વિક જીવના આત્માના સ્વરૂપને ન જાણતા આત્માથી ભિન્ન વિકાર આદિ પરિણામને આત્મા જાણે છે. સમજાણું? એ આઠ બોલ કહેશે.

પહેલું તો કહ્યું કે જેને આત્મા જ્ઞાયક ચૈતન્ય વસ્તુ તદ્દન ભિન્ન, વિકારથી ભિન્ન છે. પરવસ્તુથી તો ભિન્ન છે, પરને અને એને કાંઈ સંબંધ નથી, પણ એમાં જે પરિણામ વિકૃત સંયોગી કર્મના લક્ષે-નિમિત્તે ઉત્પન્ન થાય એ વિકારી પરિણામ એ પણ આત્મા નથી. આત્માની પર્યાય પણ નથી. એ આસ્રવતત્ત્વ છે, ભાવબંધ તત્ત્વ છે. એ આત્મતત્ત્વ નથી. તાત્ત્વિક આત્માના સ્વરૂપને ન જાણતા '**क्लीव**' નામ નપુંસકપણે મૂઢ થયેલા જીવના પૂર્ણ આનંદ અને જ્ઞાનસ્વભાવરૂપી આત્માને ન માનતા. એનું લક્ષણ તો જ્ઞાન છે. એ જ્ઞાનથી જણાય તે આત્મા છે. એમ ન જાણતા અધ્યવસાય-રાગ-દ્વેષનો અધ્યવસાય-મેલા પરિણામ. એ મેલ જેમ કોલસાથી કાળપ જુદી ન હોય એમ આત્માથી મેલા પરિણામ અધ્યવસાયના, એકત્વબુદ્ધિના મારાથી જુદા નથી. એ જ હું છું એમ માનનાર અજીવને જીવ માને છે. સમજાણું કાંઈ? બે બોલ આવી ગયા છે. એક બોલ ઈ.

બીજો. કર્મ જે ક્રિયા કરે છે-કર્મ. સંસારમાં સંસરણ અનાદિથી ક્રિયા વિકારની પરિણતિરૂપ ક્રિયાનું કરનારું જે કર્મ એ જ જીવ છે. વિકારી ક્રિયા કરનારું કર્મ એ જીવ છે. ભાવ કર્મની વિકૃત અવસ્થા એવું કરનારું કર્મ જડ. પણ આ વિકૃત ક્રિયા એની છે એમ કહે છે. સંસરણ કરતું કર્મ એ વિકારી ક્રિયા.. કર્મ છે વસ્તુ. કર્મ ને વિકૃત ક્રિયા બે એક જ કર્મની છે એમ ન માનતા એ સંસરણ કરતું કર્મ જ આત્મા છે. એનાથી કોઈ બીજો આત્મા નથી. એમ '**क्लीव**'પણે નપુંસકપણે તાત્ત્વિક આત્માના લક્ષણને નહિ જાણતા એને આત્મા માને છે તે મિથ્યાદૃષ્ટિ મૂઢ અને અજ્ઞાની છે. સમજાણું કાંઈ? બે બોલ કહેવાણાં છે પરમ દિ'. કાલે તો સજ્ઝાય હતી ને.

ત્રીજો. '**કોઈ કહે છે કે તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં, દુરંત...**' શું કહે છે? કે બહુ તો તીવ્ર કર્મ અને મંદ કર્મ, મંદ અને તીવ્ર થાય પણ કર્મરહિત આત્મા હોય એમ અમને બેસતું નથી. સમજાણું કાંઈ? '**તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં, દુરંત...**' બેનો અંત ન આવે. કાં મંદ રાગનો અનુભવ, કાં તીવ્ર રાગનો અનુભવ (હોય) પણ એનો અંત ન હોય. એ જ આત્મા છે એમ અજ્ઞાની માને છે. '**રાગરૂપ રસથી ભરેલાં**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**અધ્યવસાનોની...**' રાગ નામ ચીકાશ, પુણ્ય-પાપના પરિણામ, એના એકત્વબુદ્ધિનો અધ્યવસાય, એની સંતતિ. બસ, એ પરિપાટી વિકલ્પની અધ્યવસાયની '**તે જ જીવ છે...**' એમ અજ્ઞાની માને છે. પણ જ્ઞાનાનંદ ચૈતન્ય આનંદ એ અધ્યવસાય અને રાગથી ભિન્ન છું એવું સમ્યગ્દર્શન એ પ્રગટ કરતા નથી. સમજાય છે કાંઈ? આહાહા..! એ તીવ્ર અને મંદ જેનો અંત નહિ. તીવ્ર અને મંદ જેનો અંત નહિ. એટલે તીવ્ર-મંદપણે જ જેનું સદાય પરિણમન રહ્યા કરે. એ જ આત્મા છે એમ અજ્ઞાની માને છે. એ '**क्लीव**' છે, નપુંસક છે. એનું વીર્ય ચૈતન્યનું સ્ફુરણ કરવું જોઈએ તેમાં એનું વીર્ય કામ કરતું નથી. સમજાણું કાંઈ? '**કારણ કે તેનાથી અન્ય જુદો કોઈ જીવ દેખવામાં આવતો નથી.**' એમ કહે છે. એ ત્રીજો બોલ. મંદ અને તીવ્ર... મંદ અને તીવ્ર રસ થયા જ કરે રાગનો. મંદ-તીવ્રથી અભાવ થાય એવું અમને દેખાતું નથી. સમજાણું કાંઈ?

ચોથો. '**કોઈ કહે છે...**' બધે માથે લઈ લેવું. તાત્ત્વિક આત્માના અજાણ, વિમૂઢ થયેલા નપુંસકપણે આત્માનું અસાધારણ જ્ઞાન આનંદ એનું લક્ષણ છે એ દ્વારા આત્માને જાણવો અને અનુભવવો અને માનવો જોઈએ એમ ન માનતા આ રીતે '**કોઈ કહે છે કે નવી ને પુરાણી અવસ્થા...**' નવું શરીર થાવું અને પાછું જીર્ણ થઈને ટળી જવું એવી '**અવસ્થા ઈત્યાદિ ભાવે પ્રવર્તતું જે નોકર્મ તે જ જીવ છે...**' શરીર તે જીવ છે. નવું-જૂનું થવું, જીર્ણ થવું એ શરીર. વળી આત્મા એનાથી જુદો છે એમ અજ્ઞાનીને સ્વરૂપના અંતર દૃષ્ટિના પુરુષાર્થના અભાવે. એમ સિદ્ધ કરે છે પાછું. સમજાણું કાંઈ? કોઈને કારણે નહિ. પોતાના વીર્યની ઊંધાઈને, ઉલટાઈને, અવળાઈને લઈને એ શરીરની અવસ્થા (તે જ હું). બસ, એ જ શરીર. એ જ્યાં સુધી રહે ત્યાં સુધી રહીએ. શરીર વળી નવું થાય તો નવું થઈએ, જૂનું થાય તો જૂનું થઈએ, વળી આત્મા બીજો શરીરથી જુદો છે એમ અજ્ઞાની માનતા નથી. સમજાણું કાંઈ? એ ચાર બોલ. નોકર્મ શરીર. આ ક્રિયાઓ કરે છે શરીર આદિની જુઓને. શરીરની ક્રિયા થાય છે એ બધી મારાથી થાય છે. અને હું ન હોઉં તો એ ન થાય. એટલે એ ક્રિયા થાય શરીરની અવસ્થા, નાની-મોટી અવસ્થા એ જ હું છું. બીજો આત્મા એનાથી જુદો અક્રીય જ્ઞાનસ્વરૂપ છે એવું અજ્ઞાનીને શ્રદ્ધા અને જ્ઞાનમાં આવતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'શરીરે સુખી તો સર્વ વાતે સુખી.' આવે છે ને? 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે, શરીરે દુઃખી તો દુઃખી સર્વ વાતે.' મૂઢ છે.

મુમુક્ષુ :- સંસારમાં તો એ શીખવે ને.

ઉત્તર :- એ શીખવે એવા બધા એવા શીખવનારા એવા હોય ને. ક્યાં આવ્યા છે? રતિભાઈ નથી આવ્યા? નથી આવ્યા. એક છે માસ્તર અહીં. ત્યાં એને ન શીખવવાનું હોય એને તો ગણિત ને એવું હશે કાંઈક. એવું શીખવે શરીરે સુખી તે.. ધૂળમાંય નથી. શરીરે સુખી કે દિ' હતા? આ તો માટી-ધૂળ છે. એ કર્તા-કર્મમાં, ભોક્તામાં આવશે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં તો કહે છે, શરીરની અવસ્થા થાય નાની-મોટી, .. એ પ્રમાણે લ્યો. જો શરીર નબળું હોય તો કામ નબળું કરે છે. આત્મા ભલે મોટો અંદર હોય. તમે એમ કહો છો કે મોટો છે તો કેમ સારું કામ ન થઈ શકે? સમજાણું? હથિયાર મોટું ઉપાડી ન શકે. શરીર નબળું હોય નાનું. હથિયાર મોટું ઉપાડી શકે? એ આત્મા એ શરીર છે. વળી બીજું કોણ છે? શરીર મોટું થાય તો મોટું હથિયાર ઉપાડી શકે, લ્યો.

મુમુક્ષુ :- .. મોટો થાશે તો શરીર મોટું થાશે.

ઉત્તર :- એ શરીર મોટું એટલે શરીર એ જ પોતે જીવ છે. આત્મા તો પહેલો અંદર હતો. કેમ નાના હોય ત્યારે નાનું કામ અને મોટા થઈને મોટું કામ (કરે). હથિયાર ઉપાડી શકે, મોટું મડદું ઉપાડી શકે. તો શરીર એ જ આત્મા છે એમ અજ્ઞાની માને છે. શરીરની ક્રિયાનું સામર્થ્ય અને આત્માનું સામર્થ્ય બે જુદા તદ્દન છે. ...

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- અત્યારે. અત્યારે ત્રણે કાળે ભગવાન આત્મા શરીર અને રાગથી ભિન્ન એવા અંતર સ્વરૂપની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાણું કાંઈ? એ કહેશે પછી હમણાં ૪૪માં. સર્વજ્ઞ પરમેશ્વરે આમ કહ્યું છે એમ કહેશે. આગમ અને મુક્તિ અને પછી અનુભવ સહિત યુક્તિ કહેશે. ત્રણ કહેશે. ત્રણ.

મુમુક્ષુ :- ટીકાકાર ત્રણે લેશે અને 'કુંદકુંદાચાર્ય' પછી જિનદેવનું કહેશે.

ઉત્તર :- એ તો જિનદેવનું પછી આવી ગયું. સમજાણું કાંઈ? ભગવાન આમ કહે છે, ભાઈ! કેવળી પરમાત્મા એમ કહે છે કે તારું સ્વરૂપ પ્રભુ! આનંદ અને જ્ઞાનમૂર્તિ ભિન્ન છે. એ સર્વજ્ઞના વાક્યો છે. પરમેશ્વર ત્રણ લોકના નાથ કેવળી એમ કહે છે, ભાઈ! તને આ શરીર, વાણી, મન.. જે પ્રાણી શરીરની ક્રિયાથી લાભ માને એ શરીરને જ આત્મા માને છે. આ શરીર હોય તો પૂજા થાય, ભક્તિ થાય, દયા પળે આમ માનનારા મૂઢ જીવ છે એમ કહે છે.

મુમુક્ષુ :- શરીર હોય તો ઉપવાસ થાય.

ઉત્તર :- શરીર હોય તો અપવાસ થાતા હશે? એ તો જડ છે. એ તો રાગ મંદ હોય તો આહાર-પાણી ન આવવાના હોય તો અપવાસ એને કહેવાય, અજ્ઞાનીના. જ્ઞાનીનો ઉપવાસ તો આત્માના આનંદમૂર્તિમાં ઠરે એકાકાર થઈને, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે, એને ભગવાન ઉપવાસ અને તપસ્યા કહે છે. બાકી તો બધી લાંઘણું છે. લંઘન સમજો છો ને? લંઘન. સમજાણું કાંઈ? શરીર. બસ, થઈ રહ્યું. આપણે તો શરીર સારું હોય તો ધર્મ ક્રિયા બહુ થાય, લ્યો.

મુમુક્ષુ :- જીવિત શરીરથી તો ધર્મ થાય છે.

ઉત્તર :- એ તો આવ્યું અંદર આજ. આ પંડિતજી બેઠા હતા, મોઢા આગળ હતા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- એ તો પ્રેક્ષક હતા.

ઉત્તર :- પ્રેક્ષક હતા. .. શું કીધું શબ્દ? ઓલામાં. જીવીત શરીર. જીવીત શરીરથી ધર્મ થાય કે નહિ? લ્યો, આ પ્રશ્ન. અરે..! ભગવાન! શું કરે છે તું આ? આ શરીરને જ જીવ માનનારા છે એનો અર્થ એ. આની ક્રિયા થાય તે મારી ક્રિયા, આની ક્રિયા થાય.. જો આ શરીર સારું હોય તો અપવાસ કરી શકાય, માલ કાઢી શકાય અંદરથી. શરીરમાં માલ છે આત્માનો? કેવા અજ્ઞાની તે. શરીરના અપવાસ કરી માલ કાઢી જીર્ણ કરી ફેંકી દેવું શરીરને. શરીર તો માટી છે. એમાં માલ શું કાઢવો? માલ તો આત્માના અંતરમાં છે. અંતર જ્ઞાનાનંદ ભગવાન સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ પરમાત્મા પોતે જ છે. એમાં અંતર દૃષ્ટિ કરતાં માલ નીકળે અને અંદર સ્થિરતા કરતા શાંતિ થાય. સમજાણું કાંઈ? આહાહા..! એવા આત્માને માને નહિ અને આવી રીતે શરીરની ક્રિયાથી ધર્મ થાય. શરીર સારું હોય તો આમ થાય, ફલાણું થાય. શરીરના પુષ્ટિવાળા શરીરની ક્રિયાથી ધર્મ માને. મનની બુદ્ધિના તર્કવાળા એકલા ઉઘાડના ક્ષયોપશમના જ્ઞાનથી ધર્મ માને. સમજાણું કાંઈ? પણ જ્ઞાનનો ક્ષયોપશમ પરનો અને શરીરની ક્રિયાથી પાર ચૈતન્ય છે. એકલો જ્ઞાનાનંદ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાનનો પુંજ.. જ્ઞાનનો પુંજ. એવા આત્માના અંતરનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ધર્મ કહેવાય છે. કહો, સમજાણું આમાં? હિંમતભાઈને કેમ વાર લાગી? મોડા છે. હશે કાંઈક. કહો, સમજાણું? એ ચોથો બોલ થયો.

**'કોઈ એમ કહે છે કે સમસ્ત લોકને પુણ્યપાપરૂપે વ્યાપતો જે કર્મનો વિપાક તે જ જીવ છે...'** શું કહે છે? અહીં તો શુભ અને અશુભભાવ એ જ આત્મા. દયા, દાન, વ્રત, ભક્તિ કરવા એ આત્મા અને એને આત્માને લાભ થાય. મૂઢ છો, કહે છે. સમજાણું કાંઈ? જુઓ! **'સમસ્ત લોકને પુણ્યપાપરૂપે વ્યાપતો...'** એટલે આખા દુનિયામાં શુભાશુભથી વ્યાપ્ત એવો જ સંસાર છે આખો. વળી એનાથી જુદો કોઈ શુભાશુભભાવથી જુદો આત્મા છે એ અમે માનતા નથી.

મુમુક્ષુ :- શુદ્ધભાવને જ માનતા નથી.

ઉત્તર :- એ શુભભાવ અને અશુભ એ જ માનીએ છીએ. શુભ-અશુભ એ જ આત્મા છે. બસ. અશુભ છે એ આત્મા અને શુભ છે એ આત્મા. બીજો શુદ્ધ વળી આત્મા જુદો (કેવો?), શુભ પરિણામથી દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ એવા પરિણામ કરીએ તે શુભ છે અને એ જ આત્મા છે. એમ માનનારા મૂઢ છે. સમજાણું કાંઈ? કીધું પહેલું, **'क्लीव'** નપુંસક છે, એ હીજડા છે એમ કહે છે. પાવૈયા છે. એય..!

મુમુક્ષુ :- શુભમાં તો ધર્મીને આમાં તો સંવર, નિર્જરા...

ઉત્તર :- ધૂળમાં થાતા નથી. શુભમાં તો ઉદયભાવ છે. અને શુભ-અશુભ પરિણામથી ભગવાન ચૈતન્યમૂર્તિ જ્ઞાયક જ્યોત ભિન્ન છે. સમજાણું કાંઈ? એ શુભ અને અશુભથી બસ..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ કર્તાની વાત છે હોં! એ કર્તાની. ભોક્તાની પછી લેશે. પુણ્ય-પાપના ભાવનું કરવું, એનાથી આખી દુનિયા વ્યાપેલી છે. એનાથી વળી જુદો આત્મા છે એવી અમને વાત બેસતી નથી. કહો, સમજાણું કાંઈ? જુઓને! આ ક્રિયાકાંડી બધા એમ જ માનનારા છે. આપણે પુણ્ય કરીએ છીએ, શુભ કરીએ. એ આત્મા. બસ, એનાથી લાભ થાશે, ધર્મ થશે. મૂઢ છે, કહે છે. એ તો વ્રત ને તપ ને બધો જે વિકલ્પ છે એ તો શુભરાગ છે. એ આત્મા નથી.

મુમુક્ષુ :- નુકસાન થશે.

ઉત્તર :- નુકસાન મિથ્યાત્વનું.

મુમુક્ષુ :- પૈસાનું નહિ ને?

ઉત્તર :- પૈસા ક્યાં એના હતા? આખા ચૈતન્ય સ્વરૂપ લક્ષ્મીનો એ નાશ કરી નાખે એવું નુકસાન છે, લ્યો. લક્ષ્મી ક્યાં હતી ત્યાં તમારી પાસે કે દિ' લક્ષ્મી હતી? મફતમાં એકના ધણી બીજો અને બીજાનો ધણી ત્રીજો એવું માને છે. કહો, સમજાણું આમાં? આ પોતે ધણી હોય અને બાયડીને ધણી કરે, બાયડી ન હોય પછી છોકરાને ધણી કરે. છોકરો હોય તો એને સોંપે કે જો આ તારું બધું. આને તો નથી એટલે શું કરે. પણ એ કહે છે. છે કોઈ ધણી? કોઈ છે જ નહિ એનો. સમજાણું કાંઈ?

ચૈતન્ય લક્ષ્મી આત્મા આનંદકંદ જ્ઞાનસ્વરૂપ છે, એની લક્ષ્મીનો અંતર સ્વામી થાય, દૃષ્ટિ કરે તેને સમકિતી આત્માના લક્ષ્મીવાળો કહેવાય. તેને લઘુનંદન, તેને જિનેશ્વરનો નાનો પુત્ર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ઓલો જિનેશ્વરનો વેરી કહેવામાં આવે છે, એમ કહે છે. પુણ્ય અને પાપના પરિણામથી આત્માને લાભ થાય અને એટલો જ આત્મા એમ માનનારા '**क्लीव**' છે, નપુંસક છે, તાત્ત્વિક આત્માને જાણતા નથી અને આત્માના અસાધારણ જ્ઞાનાનંદ તે લક્ષણવાળું તત્ત્વ છે એમ એ માનતા નથી. માટે મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે. ચાહે તો જૈનનો સાધુ નામ ધરાવતો હોય. દિગંબર નામ ધરાવતો સાધુ (હોય) પણ જે કોઈ અંદર પુણ્ય પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ, દાન, પૂજા, જાત્રા એ ભાવ મને લાભદાયક છે, આત્માને શાંતિ આપનારા છે, ધર્મ આપનારા છે એમ માનનારા એ બધા પુણ્યને જ આત્મા માને છે. ...રામજી! સૂક્ષ્મ વાત છે. એ આવ્યું જુઓ! પાંચમા બોલમાં આવ્યું. ભારે જબરી વાત. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એ પુણ્ય-પાપના.. આવશે પછી ખુલાસો ૪૪માં. પુણ્ય-પાપના ભાવ તો વિકલ્પ છે, રાગ છે. એનાથી ચૈતન્ય સ્વરૂપ વીતરાગી સમરસી ભિન્ન છે. એની અંતર દૃષ્ટિ ન કરતાં તે પુણ્ય અને પાપ બસ, બદલતા બદલતા પરિણામ શુભ-અશુભ, શુભ-અશુભ એ જ આત્મા. અમારે તો એનાથી જુદો આત્મા કોઈ દિ' તારવ્યો ભાળતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**સમસ્ત લોકને...**' આખા લોકમાં પુણ્યપાપથી જ વ્યાપેલું તત્ત્વ છે એમ કહે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આખો લોક એનાથી જ છે, જુદો છે નહિ. વ્યાપતું. છે ને? વ્યાપતા ભાષા લીધી. કર્તા લેવું છે ને. '**જે કર્મનો વિપાક તે જ જીવ છે કારણ કે શુભાશુભ ભાવથી અન્ય જુદો કોઈ...**' એ કર્મનો પાક જ શુભાશુભ, એ જ આત્મા. '**શુભાશુભ ભાવથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.**' એમ નપુંસકપણે આત્માના વીર્યની જાગૃતિના અભાવે, તત્ત્વના અજાણે વિમૂઢ અત્યંત થયા થકા. પહેલા બોલ આવી ગયા છે બધા. સમજાણું કાંઈ? એ શુભ અને અશુભભાવ પુણ્યને જ આત્મા માનનારા છે. અમારે તો એ જ આત્મા. વળી બીજો આત્મા ક્યો હશે? એવો તો અમે જોતા નથી. શુભભાવરહિત તો ભગવાન થાય. એ ભગવાન થાય એ માને નહિ એ તો. એ તો શુભભાવ જ આત્મા છે એમ કહે. સમજાણું કાંઈ? શુભથી જ આત્માની પ્રાપ્તિ થાય. એ શુભ પોતે જ આત્મા છે એમ કહે. એમ માનનારા મૂઢ છે. વીતરાગ સર્વજ્ઞની આજ્ઞા બહાર અજીવને (જીવ માને છે). એ પુણ્ય પરિણામ અજીવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યાના જે શુભભાવ જે વિકલ્પ છે એ અજીવ છે, ચૈતન્ય નથી. ચૈતન્ય એટલે જેમાં જ્ઞાનનો પ્રકાશ નથી. એ આંધળો રાગ છે. શુભરાગ એ આંધળો રાગ છે. ભગવાન જાગતો ચેતન છે. ભારે ઝીણી વાત. કહો, સમજાય છે કાંઈ?

એ શુભરાગ, અશુભરાગ અંધારું છે, ચૈતન્ય નહિ-પ્રકાશ નહિ. ચૈતન્યના નૂરના પુરથી ભરેલો ભગવાન એ તો રાગથી ખાલી છે. એ શુભરાગને ધર્મ માનનારા, શુભરાગના કર્તૃત્વ કરીને ધર્મ માનનારા મૂઢ જીવો આત્માને માનતા નથી. મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? વલ્લભદાસભાઈ! ઠીક આવ્યા છે આજે રવિવારે. હજી બપોરે સારું આવવાનું છે. ૧૦૦મી ગાથા આવી છે બરાબર. ૧૦૦મી છે. ઠીક આવ્યા. કહો, સમજાણું આમાં? અખંડ ગાથા ૧૦૦. 'સમયસાર'.

કહે છે.. આહાહા..! અરે..! પ્રભુ! તને એમ કેમ બેસે? આમ એકલો ચૈતન્ય જ્ઞાન... એ રાગ છે એમ પણ જે ભૂમિકામાં જણાય છે એ ભૂમિકા રાગ વિનાની છે. જે ભૂમિકામાં, જેની મોજૂદગીમાં, જેની સત્તામાં, જેની હયાતીમાં આ રાગ છે, આ શુભ છે એ જાણનારમાં એ રાગ નથી. સમજાણું કાંઈ? લ્યો, આ સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન. ...રામજી! સમ્યગ્દર્શનનું પૂછતા હતા ને કાલે રાત્રે. આ ખુલાસો આવે છે. આહાહા..!

કહે છે, એ અન્ય જુદો કોઈ નથી એમ કહે છે. એ કર્તાની વાત લીધી. શુભ-અશુભ કરવું, બસ એ જ આત્મા. એમ. વળી શુભ-અશુભથી વળી બીજું કોઈ કર્તવ્ય શુદ્ધનું હશે એ કાંઈ અમને બેસતું નથી. અમે તો એને જ આત્મા માનીએ છીએ. એ મૂઢ છે એમ કહે છે. કહો, ભીખાભાઈ!

હવે એના ફળની વાત કરે છે. '**કોઈ કહે છે કે શાતા-અશાતારૂપે વ્યાપ્ત...**' જોયું! '**જે સમસ્ત તીવ્ર-મંદત્વગુણો તે વડે ભેદરૂપ થતો...**' કર્મનો અનુભવ. અહીં તો તીવ્ર અને મંદ અનુભવ જે રાગનો એ જ આત્મા. વળી બીજો અનુભવ રાગરહિત આત્માના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આનંદનો અનુભવ છે એ વાત અમને બેસતી નથી. પહેલાં કર્તા હતું, આ ભોક્તાની વાત છે. સમજાણું કાંઈ? અમે તો હરખ અને શોક મંદ રાગની સુખદશા, તીવ્ર રાગનું દુઃખ. એ મંદ અને તીવ્ર સુખ-દુઃખના પરિણામનો અનુભવ એ જ આત્મા. કહો, ચંદુભાઈ! વળી કહે છે કે આ રાગના અનુભવથી શુભરાગ અને અશુભરાગ, એનાથી અનુભવથી બીજી ચીજ આત્માનો આનંદ અનુભવ અમને બેસતું નથી. એમ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જૈન વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરની આજ્ઞા બહાર આવા હરખ-શોકના વેદનને જ આત્મા માની રહ્યા છે. કહો, સમજાણું કાંઈ? શાતા-અશાતાના ફળ, સુખ-દુઃખની કલ્પના જે થઈ ને. બસ. આહાહા..! બેય ભેગું લેવું છે હોં! સુખ-દુઃખ. સુખ-દુઃખનો ભોક્તા, સુખ-દુઃખનો ભોક્તા એ આત્મા. કારણ કે એમાં વ્યાપેલું છે એ આત્મા. એ વ્યાપ્ત છે. પણ એ વ્યાપ્ત એનું નથી ખરેખર. એ તો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની આનંદ દશા જેની વ્યાપ્ય હોય. અતીન્દ્રિય આનંદ જેનો વ્યાપ્ય હોય, અતીન્દ્રિય આનંદ જેનો વ્યાપક છે. આ તે વ્યાપ્ય કેવું? સમજાણું કાંઈ? વલ્લભદાસભાઈ! કહો, સમજાણું આમાં?

કષાયની મંદતા લાગે ને અંદર, મીઠાશ. બહુ તો અંદર કષાયની મંદતાની મીઠાશ લાગે રાગની, હોં! ઘણો કષાય મંદ હોય ને એનો અનુભવ. બસ, એ આત્મા લ્યો. કેટલાક અજ્ઞાનીઓને અનુભવ એવો થઈ જાય છે. અન્યમતિમાં કહે છેને, અમને અનુભવ થયો. અમારે ત્યાં પાલેજમાં બહુ એવા ઘણા આસપાસમાં હતા. સમજ્યા ને? રવિસાહેબ ને ફલાણા એવા બધા ઘણા હતા. એક તો બ્રાહ્મણ હતો, અમારો ઘરાક હતો અને ઘણાંનો ગુરુ હતો. અમારો ઘરાક હતો અને ઘણાંનો ગુરુ હતો. મણિશંકર મહારાજ કરીને હતા એક. એ બધી વાતું કરે બહારની. અને કેટલા, કહે, અનુભવ થઈ ગયો આમાં. પણ અનુભવ શેના? હજી તને તત્ત્વ શું છે? અનંત શક્તિ શું છે? રાગ ભિન્ન શું છે? એના ભાન વિના અનુભવ ક્યાંના? ઓલો રાગની મંદતાનો સ્વાદ આવે ને કાંઈ જરીક મીઠાશ... બસ, એ અનુભવ. એ અનુભવ નહિ. એ તો રાગનો અનુભવ છે. સમજાય છે કાંઈ?

અતીન્દ્રિય આનંદના સ્વાદની મીઠાશ તો જુદી જાતની જેની છે. સમજાણું કાંઈ? એ ધ્યાનમાં ઘણાં બેઠા બેઠા એને અંદર મનમાં એવું હોય વિકલ્પ ઉઠે. એ નહિ. વિકલ્પનો અનુભવ એ નહિ. એ વિકલ્પનો અનુભવ તો જડ છે. ખરેખર તો વિકારી આનંદ તે દુઃખરૂપ છે. દુઃખરૂપ એ જીવ હોઈ શકે? સમજાણું કાંઈ? એ સુખ-દુઃખની કલ્પના બેય દુઃખ છે. એ દુઃખ એ આત્મા હોઈ શકે નહિ. આત્મા તો આનંદમૂર્તિ છે. આહા..! એ આનંદમૂર્તિની અંતર દૃષ્ટિ કરીને આત્માના આનંદનો સ્વાદ આવે તેને આત્મા કહે છે. સમજાણું કાંઈ?

**'શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્ર-મંદત્વગુણો તે વડે...'** બસ, તીવ્ર-મંદ. રાગ મંદ હોય તો સુખ લાગે, તીવ્ર હોય તો દુઃખ લાગે. એવો ભેદ પડે ભલે અંદર બે પ્રકાર. એવો કર્મનો અનુભવ એટલે વિકાર. ભેદ વેદન. ભોક્તા. એ વિકારનો અનુભવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તે જ આત્મા. અને વિકારના અનુભવ સિવાય કોઈ આત્માના આનંદનો વેદન છે અને અનુભવ છે એ અમને બેસતું નથી. એમ અજ્ઞાની મૂઢ જીવ તે વેદનને જ આત્મા માનીને બેઠા છે. સમજાણું કાંઈ? આહાહા..! એણે તો નામ નાખ્યા છે પણ એની સાથે બહુ મળતું નથી. પહેલું વેદાંત નાખ્યું છે ઓલા અધ્યવસાયની સાથે, બીજું મીમાંસક કર્મની સાથે નાખ્યું. એમ જુદા જુદા નાખ્યા. પણ એણે મેળે આઠ લખ્યા છે એટલું. બોલ છે ને અર્થમાં? ભાવાર્થમાં છે. એમ કે આઠ કહ્યાં છે. એ સિવાય બીજા જાણવા. પણ આની સાથે કોઈ મેળ નથી ખાતો. પહેલો અધ્યવસાયના બોલ સાથે વેદાંત સાથે મેળ નથી ખાતો. કારણ કે એ બધું એક જ માને છે. કહો, સમજાણું આમાં? એ ક્યાં માને છે? કાંઈ નથી માનતા. એ તો એક જ સર્વવ્યાપક. બીજું છે જ ક્યાં? એક જ. વળી અનુભવ કરનાર અને અનુભવ બે નહિ. હું અનુભવ કરું એ બે નહિ. એમ એ તો માને છે. એને છે જ ક્યાં?

અહીં તો કહે છે અજ્ઞાનીને આત્મા વાસ્તવિક, તાત્ત્વિક તત્ત્વની ખબર વિના અને એનું લક્ષણ જ્ઞાન છે એ જ્ઞાનથી આત્મા જાણી શકાય, અભેદ થઈ શકે છે એના ભાન વિના બહારના પુણ્ય-પાપના હરખ-શોકના ફળને જ આત્મા માને છે. બસ, એ વેદન બહિર્વેદન છે. અંતરનું વેદન નથી. બહિર્વેદનને એ પોતે આત્મા માને છે. એ આત્મા છે એમ કહે છે. ઘણા અન્યમતિ અનુભવ-અનુભવ કરે એ આવો અનુભવ હોય છે. સમજાય છે? અન્યમતિમાં આવે છે ને? પ્રવિણભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, ઘણાં એ માને છે. અનુભવ થયો. એક હતો અમારે ત્યાં. કેવું? ટંકારા. ટંકારા નહિ. ટંકારાની આની કોર. કેવું? ધર્મ-ધર્મ. ધર્મપુર નામ હતું. ગરાસિયાના ઓલા ઉતર્યા નહોતા ધર્મશાળામાં?

મુમુક્ષુ :- મેઘવદર

ઉત્તર : મેઘવદર. મેઘવદર-મેઘવદર. મેઘવદર ઉતર્યા હતા તો ગરાસિયો હતો તો પછી ગાતો હતો. સાક્ષાત્ થઈ ગયો છે આત્માનો. ઘરે બાવા બેઠા હતા. ત્યાં ઉતર્યા ધર્મશાળામાં. એ બિચારા બહુ ખુશી થયા. વ્યાખ્યાનમાં બેઠા હતા. સાંજે આરતી ઉતારતો હતો એના ગુરુની. એમાં સાક્ષાત્ આ... સાક્ષાત્. આવા ને આવા સાક્ષાત્. સાક્ષાત્ કોને કહેવું? એ બધા આ રીતે હોં! આવા ને આવા. નિવૃત્તિ ઘણી દેખાય, અંદરમાં આમ લાગે. રાગની મંદતા અને બહુ બહુ કષાય મંદ. જાવ. એ અનુભવ એ આત્મા છે. પણ એનાથી રહિત ભાઈ! આ તો અકષાય આખું આનંદનું પૂતળું છે. અતીન્દ્રિય આનંદનું ભાન થતાં એને બધા વિવેકો પ્રગટે. સમજાય છે? જડ ચૈતન્યના ભાન પ્રગટે, વિકાર-અવિકારની જુદાઈ જણાય, જ્ઞાનમાં જણાય. ત્યારે એને આત્માનું વેદન થયું કહેવાય. સમજાણું કાંઈ? આ તો કહે, શુભ-અશુભભાવ આપણે ભોગવીએ હરખ-શોક. લ્યો, એ છઠ્ઠો બોલ થયો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'કોઈ કહે છે કે **શિખંડની જેમ ઉભયરૂપ મળેલાં જે આત્મા અને કર્મ, તે બન્ને મળેલાં જ જીવ છે...**' લ્યો! બે ભેગા થઈને કામ કરે ભાઈ, લ્યો. જીવ અને કર્મ બે ભેગા થઈને કામ કરે. માટે બે થઈને આત્મા છે. એક આત્મા જુદો અને કર્મ જુદા એવું આપણે માનતા નથી. '**શિખંડની જેમ...**' ગળ્યું અને ખાટું બે એક. એમ જીવ અને કર્મ બે એક. '**બન્ને મળેલાં જ જીવ છે કારણ કે સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી અન્ય જુદો કોઈ...**' એટલે સંપૂર્ણ કર્મથી જુદો કોઈ જીવ હોઈ શકે નહિ. જુઓને! કેટલાક કહે છે ને? મોક્ષમાં જાય તો.. વૈકુંઠે જવું એમાં અમુક કર્મ તો હોય ભેગા. એ પાછો વળી અવતાર ધારણ કરે. એ તો કોઈ દિ' કર્મ રહિત તદ્દન થાય એવો તો જીવ હોઈ શકે નહિ. એ તો પરમાત્મા જ એકલા હોય. એ જીવને જ માનતા નથી. સમજાણું કાંઈ? વૈકુંઠમાંથી પાછા અવતાર ધારણ કરે. એનો એવો વૈકુંઠ. એમ કહે કે અમુક કર્મ તો બાકી રહે. બાકી રહેલા હોય છે એ વળી પાછા અવતારમાં નાખે ઈશ્વર એને. એને આત્મા રાગ વિનાની ચીજ છે એમ બેસતી નથી. બે ભેગા છે એમ કહે.

'**કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.**' અહીં પહેલેથી એમ કહે છે ને કે આ રાગ અને શુભભાવથી જુદો અહીં નહિ. એ શુભભાવ એ જ મોક્ષનો માર્ગ છે. સમજાય છે? એમ જે કહે છે એ કર્મ અને જીવ, કર્મ અને જીવ બે એક જ માને છે. શુભ આવે છે ને? શુભ આવ્યું નહિ? પુણ્ય-પાપમાં. શુભ-શુભ. મોક્ષમાર્ગને શુભ કહ્યો છે. શુભ એટલે શુદ્ધ. શુદ્ધને શુભના અર્થમાં વાપર્યો છે 'અમૃતચંદ્રાચાર્યે'. તો એનો અર્થ કરે છે એ. શુભ શબ્દ આવે છે પુણ્ય-પાપના અધિકારમાં. શુભ તો મોક્ષમાર્ગ છે. શુભ એટલે સારો-ભલો. ભલો તો મોક્ષમાર્ગ. પાઠ શુભ છે સંસ્કૃત. ભલો તો મોક્ષમાર્ગ એમ છે. તો શુભ એટલે કહે લ્યો, આ પુણ્ય, શુભભાવ. અરે..! શબ્દ જ્યાં આવ્યો ત્યાં પકડ્યા.

મુમુક્ષુ :- .. ક્રમ અક્રમ આવે ત્યાં એને પકડે.

ઉત્તર :- હા, એ ક્રમ અક્રમ આવે ત્યાં પકડે. શબ્દ જ્યાં નિયત-અનિયત આવે, શબ્દ જ્યાં નિયત-અનિયત આવે.. આ અનિયત આવ્યું. પણ અનિયતનો અર્થ શું છે? સાંભળ તો ખરો. અરે..! ભગવાન! એ પણ છે ને. આહાહા..! એણે એવી પર્યાય પણ અનંત વાર કરી છે ને. આહાહા..! એની પરિણતિ સિવાય બીજું કેમ ફાવે? જે જાતની પરિણતિમાં રંગાઈ ગયેલો છે ને. એ રંગાઈ ગયેલો જ ભાળે. બીજું ક્યાંથી ભાળે?

આમ ભગવાન આત્મા રાગના વિકલ્પથી પાર છે. એવી અંતરમાં અંતર દૃષ્ટિ થયા વિના, એને આશ્રય મળ્યા વિના ચૈતન્યનું ક્યાંથી ભાન થાય? સમજાણું કાંઈ? એને આશ્રય તો આ જ મળ્યો છે એકલો. શુભરાગ, આ બસ આપણે બે ઈ જ છીએ. શુભ પણ મોક્ષમાર્ગ. ઓહોહો..! એને શુભ ન હોય તો ક્ષાયિક સમકિત ક્યાંથી થાય? કારણ કે નીચે શુભયોગ જ છે. નીચે શુદ્ધઉપયોગ છે નહિ. લખ્યું છે કે નહિ? વાંચ્યું છે એમાં? એમ લખ્યું છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શુભયોગથી ક્ષાયિક સમકિત થાય. જો શુભયોગથી ક્ષાયિક સમકિત ન માનો તો નીચે શુદ્ધ ઉપયોગ છે નહિ. માટે ક્ષાયિક સમકિત શુભથી થાય એમ માનો અને ક્ષાયિક સમકિત થાય તો ક્ષપક શ્રેણી ચડશે, પછી શુદ્ધઉપયોગ થાશે. આ તો કર્મને જ આત્મા માની રહ્યા છે. એક જ બેય. આત્મા અને કર્મ, જાવ. આગળ ચાલતા એ શુભથી શુદ્ધ થશે, એમ.

મુમુક્ષુ :- જૈન ધર્મની વાત છે ને.

ઉત્તર :- જૈનના વાડાની વાતું છે. જૈનના વાડામાં આવું કહી રહ્યા છે. એ જૈન છે કે દિ'? સમજાણું? અજૈન-અજૈન. ધીરૂભાઈએ લખ્યું છે ને એક પદમાં નથી લખ્યું? કે આ સર્વજ્ઞને ન માને આ પ્રમાણે તે અજૈન છે. ધીરૂભાઈ છે કે નહિ? ક્યાં બેઠા છે? છે ને એનામાં ક્યાંક? એક છે. પંડિતની વાત છે ને. પંડિત માને કે ન માને. લ્યો, એ જ નીકળ્યું. જુઓ પાનું.

જે જાણતો સર્વજ્ઞને પરદ્રવ્યનું તે નવ કરે,
તે જાણતો પરદ્રવ્યને તે જ્ઞેયનું જ્ઞાન જ કરે.
જે માનતો સર્વજ્ઞને પર્યાય તેને નિયત છે,
અનિયત માને તેહને રે સર્વજ્ઞથી અણજાણ છે.
જે માનતો નિયતને પરતંત્ર તે અજ્ઞાની છે,
નહિ માનતો સર્વજ્ઞને તેથી નથી તે જૈન રે.

૬૮માં મૂક્યું આપણે. આવી છે ને ચોપડી? ધીરૂભાઈનું કરેલું છે. કહો, સમજાણું? એ કોલેજ છે કોલેજ. આ ચોપડાનું અહીંનું લખેલું છે. એના ઘરનું ક્યાં છે. અહીં કહ્યું છે એ કહ્યું છે કે નહિ? કોલેજ કોલેજ ભણે છે. કોલેજમાં ભણે છે. ૨૧ વર્ષનો છે. એ અહીંનું સાંભળેલું છે. એના ઘરનું ક્યાં છે? કહો, સમજાણું કાંઈ? આ તો ગાયન રીતે બતાવ્યું છે.

કેમકે કર્મથી સંપૂર્ણપણે, જોયું! કર્મથી વળી બિલકુલ કર્મ વિનાનો જીવ થાય, બિલકુલ કર્મ રહે જ નહિ. પણ અનાદિનું કર્મ હોય એ અનાદિ રહે. કોઈ દિ' અનાદિનું હતું ને પછી નાશ થઈ જાય? સમજાણું કાંઈ? અમારે તો મૂળચંદજી તો કહેતા કે એક પરમાણુ છે ને પરમાણુ, એક પરમાણુ, એ પરમાણુ જે લીલા રંગનો હોય એક રંગનો. લીલામાં પણ એક-બે-ત્રણ અનંત રંગ છે ને? પંડિતજી એકગુણ, બે ગુણા, અનંત ગુણા. તો એક પરમાણુ એક ગુણા લીલી અવસ્થા હોય એ અનાદિઅનંત રહે. એકની બે થાય તો પરમાણુ નાશ થઈ જાય. આ અમારા શેઠના પંડિત હતા, ગુરુ હતા. આ સંસારના શેઠ કહેવાય કે નહિ? કોઈ કહે કે આ સંસ્થા તો એની છે. કીધું, ...સંસાર.. આ વાત કરે છે શું આ? એ કાલ વાત થઈ હતી, હોં! આણે વાત કરી હતી. સંસ્થાના કર્તા હર્તા એ છે અને સંસ્થાને ખરાબ કરે એ કર્તા હશે? આવા ને આવા કેટલાક... એ તો એણે સારું કરવા માટે કીધું હોય. ભાઈ આમાં સારું થાય. એમ કર્તા... બીજું તો એમાં એ શું કરે? સમજાણું કાંઈ? એ સંસ્થાના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કર્તા હર્તા છે કે નહિ? જુઓને, બધું ત્યાં કરતા, અહીં કરતા. ક્યાં? રસોડે, આ શું કહેવાય તમારે બોર્ડિંગ. અમદાવાદ વળી ત્રીજું. અહીં કહે છે, એ પરમાણુ, હોં! એક પરમાણુમાં એક ગુણી ઠંડી હોય શીતળતા અનાદિઅનંત રહે. એવું કહેતા, લ્યો. મૂળચંદજી કહેતા.

મુમુક્ષુ :- આત્મામાં કાંઈ આવતું નથી.

ઉત્તર :- આ શું થયું? પલટતું નથી એનું એ રહે. કર્મને ... એમ અર્થ છે. એનો અર્થ કે ત્યાં એવી ને એવી રહે તો અહીં પણ એવી ને એવી રહે. એમ એમાંથી નીકળ્યું. અહીં તો કર્મની અવસ્થા એવી ને એવી છે અનાદિની, એવી ને એવી રહેશે. સમજાણું કાંઈ? જ્યારે એ દ્રવ્યનું માને એનો અર્થ આ દ્રવ્યનું માન્યું. બધું એકનું એક છે. પલટતી નથી એ પર્યાય તો આ પણ કર્મના સંગે જે થાય એનાથી પલટીને અભાવ થાય એવું બેસતું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો શું માહાત્મ્ય છે. નવકાર કોને કહેવા? કેવળીના ગુણ કોને કહેવા, કહ્યું નથી ભગવાને? 'અમૃતચંદ્રાચાર્યે'. કેવળીના ગુણ કોને કહેવા? મહારાજ! કેવળીના ગુણનું સ્તવન કોને કહેવું? પણ મહારાજ! હું તો કેવળીના ગુણનું સ્તવન પૂછું છું. સાંભળ! અનંત ગુણનો અનંત ગુણનો પિંડ ભગવાન એનો અંતર અનુભવ કરે એકાગ્ર થઈને, એને કેવળીના ગુણનું સ્તવન કર્યું. પાઠ તો એવો છે ત્યાં. કેવળી ગુણને સ્તવે તે. દેહ ગુણના સ્તવનને છોડીને. ભગવાનના ગુણનો અર્થ કે કેવળી તું પોતે કેવળજ્ઞાનનો પિંડ છો. તારામાં કેવળજ્ઞાન સર્વજ્ઞપદ પડ્યું છે આખું. એવા સર્વજ્ઞની પર્યાય અનંતી પ્રગટે સર્વજ્ઞની અનંતી. એવું તો સર્વજ્ઞપદ છે. આખો જ્ઞાનનો ગંજ પડ્યો છે મોટો. પુંજ છે. સર્વજ્ઞની પર્યાય એમાંથી ચાલી જ આવે... ચાલી જ આવે.. સાદિઅનંત. આહાહા..! અનંત એટલે અંત નહિ. દ્રવ્યનો અંત આવે? તો સર્વજ્ઞની પર્યાય પ્રગટવાનો અંત આવે. આહાહા..! અરે..! એને ક્યાં... સર્વજ્ઞ પર્યાય પ્રગટી તે પ્રગટ્યા જ કરે સાદિઅનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... આહાહા..! એવી સર્વજ્ઞની પર્યાય અનંતીનો પિંડ ભગવાન આ આત્મા છે. એ આત્મા કર્મરહિત બિલકુલ કર્મરહિત થઈ શકે છે. આ કહે કે નહિ... નહિ.. નહિ... કંઈક તો રહે. ઓલું કર્મસહિતપણું હતું ને, કર્મસહિતપણું હતું ને. એ અનાદિનું હતું એ કેમ ટળે? અરે..! અનાદિનું બીજમાં ઝાડ અને ઝાડનું બીજ. બીજ શેકી નાખે તો ઝાડ ન થાય. હવે અનાદિનું હતું એટલે શું? બીજમાંથી ઝાડ અને ઝાડમાંથી બીજ. બીજને શેકી નાખે તો ખલાસ. ઝાડ ન થાય. દ્રવ્ય બીજું ન થાય પણ પર્યાય પલટી ન જાય? આ કહે ના. અમારે તો એ કર્મ એ જીવ, બસ. સમજાણું? બે ભેગા કરી દે. જુદા ન પડે ચોસલા.

પથ્થરમાં સોનું હોય ને પથ્થરમાં સોનું? કેટલાક પત્થરમાં સોનું જુદું પડે જ નહિ. આ ગિરનારના પત્થર છે ને. ગિરનારના પત્થર છે એમાં સોનું છે. સોનું છે ગિરનારના પત્થરમાં.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દેખાય છે. સો રૂપિયાનો ખર્ચ થાય ત્યારે સાંઈઠ રૂપિયાનું નીકળે. એવું કર્યું હતું ત્યાં લોકોએ. અમે ગયા હતા ને એક ફેરી જોયું હતું. અમારી સાથે શેઠ હતા. લાલચંદ શેઠ. લીમડીવાળા નગરશેઠ. લીમડીવાળા સાથે હતા. પહેલા (સંવત) ૧૯૯૫માં જાત્રા ગયા હતાને જ્યારે. ત્યારે આમ બપોરે બેઠા હતા. ચક.. ચક.. ચક.. થાય. કીધું, શેઠ! આ શું છે? કહે, સોનું છે. સોનાના વેપારી હતા ને. સોનું કેમ કાઢતા નથી? તો કહે, વાત સાંભળી છે. ગોરાઓ આવ્યા હતા. સંચા મૂક્યા હતા. સો રૂપિયાનો ખર્ચ થાય ત્યારે સાંઈઠ રૂપિયાનું નીકળે. એને કોણ કાઢે? સોનો ખર્ચ સમજ્યા ને? ત્યારે સાંઈઠ રૂપિયાનું સોનું નીકળે. સાંઈઠ રૂપિયાનું. એવું ઝીણું.. ઝીણું... એને કોણ કાઢે? સમજાણું?

અહીં તો આ ખાણ એવી છે કે કર્મના સંબંધ વિનાની થઈ શકે એવી જ એની ચીજ છે. કર્મનો સંબંધ છે એ તો સંયોગ સંબંધ છે, વ્યવહાર છે. સમજાય છે? પરમાર્થ છે નહિ. પણ અજ્ઞાની કહે છે કે ના, બે જુદા પડે નહિ.

મુમુક્ષુ :- વ્યવહારને જ પરમાર્થ માનનારા.

ઉત્તર :- એ માને છે જ એને. સમજાણું?

આઠમો છેલ્લો. '**કોઈ કહે છે કે અર્થક્રિયામાં (પ્રયોજનભૂત ક્રિયામાં) સમર્થ એવો જે કર્મનો સંયોગ તે જ જીવ...**' એ આઠ કર્મના ભેગો થયો ત્યારે જીવ થયો. કહો, આમ કેફ થાય છે ને કેફ. નહિ? દારૂ-દારૂ. દારૂ હોય છે ને. એમાં ઘણી ચીજો ભેગી કરે દારૂનો મદ ચડે. એમ આ આઠ કર્મ ભેગું થયું માટે જીવ થયો. પંચમહાભૂત ભેગા થયા માટે જીવ થયો. એમ કહે છે ને? '**અર્થક્રિયામાં (પ્રયોજનભૂત ક્રિયામાં) સમર્થ એવો જે કર્મનો સંયોગ તે જ જીવ છે...**' લ્યો, આ ઘડિયાળ જીવ છે એમ કહેતો એક જણો. તમારે શાંતિલાલનો સાળો. શાંતિલાલ તમારા શેઠ એના સાળા. નહિ? તે દિ' અમે હતાને પહેલા ત્યાં આવ્યા હતા ભાવનગર. ત્યારે એ ભાવનગર હતો ત્યાં. શાંતિલાલ. શાંતિલાલને? ત્યાં કહેતા હતા. આ ઘડિયાળ જીવ છે. સાચે સાચું હોં! પાછું મશ્કરી નહિ. અને અમારો સંચો મીલનો છે એ જીવ છે. કેવી રીતે ચાલે છે જુઓ. સમજાણું?

(સંવત) ૧૯૮૬-૮૬ની વાત છે. ૮૬માં છેલ્લા આવ્યા હતા ને જ્યારે. સંવત્ ૧૯૮૬. એ આવ્યા હતા. ત્યારે ઓલા સાધુ આવ્યા હતા ને? મુનિ. કેવા મુનિ? મુનિન્દ્રસાગર. દિગંબર મુનિ હતા. એક મુનીન્દ્રસાગર હતા. ભ્રષ્ટમાં ભ્રષ્ટ હોં! પણ અમને ખબર નહિ કે.. ત્યાં હતા આવ્યા. બે-ત્રણ સાધુ હતા. ત્યાં આવ્યા હતા. પછી તો મરી ગયા બિચારા. આહાહા..! તે દિ' કહેતા. સમજાય છે? એ ભાઈ શાંતિભાઈના સાળા. આ જીવ છે. જુઓ! ચાલે છે ને. પણ ચાલે એટલે શું? એ તો જડની ક્રિયા છે. એમ કેટલાક માને કે આઠ કર્મ ભેગા થાય ત્યારે આત્મા-જીવ ઉત્પન્ન થાય. કહો, સમજાણું?

'**કેમ કે આઠ લાકડાંના સંયોગથી અન્ય જુદો કોઈ ખાટલો જોવામાં આવતો**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**નથી...**' એનો દાખલો પાછો ભેગો (આપે). ખાટલો સમજ્યા ખાટલો? ચાર પાયા. આઠ લાકડા પાછા. ચાર પાયા અને ચાર ઓલા આઠ. એકલા પાયા નહિ. ચાર પાયા અને બે .. અને બે ઓલા... શું કહેવાય? ચાર. એ આઠ કહેવા છે. એ આઠેય લાકડા થઈને એમ કે ખાટલો છે. આઠ હોય છે ને? ચાર પાયા અને બે આમ અને બે આ. ઈહા ને ઉપળા એમ કહે છે ને આપણે કાંઈક. બે ઉપળા, બે ઈહા અને ચાર પાયા. એ ભાષા છે. તમારી કોઈ બીજી ભાષા છે. એ જુદો ખાટલો જોવામાં આવતો નથી. એમ કર્મના સંયોગથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી. લ્યો. કર્મ અને જીવ બધા ભેગા થઈને કામ કરે. દારૂ ભેગો થાય છે ને. આ દ્રાક્ષ સડેલી. દ્રાક્ષ હોય ને, દ્રાક્ષ હોય છે દ્રાક્ષ. કિસમિસ બહુ સડેલી હોય એમાં જીવાત બહુ હોય. બહુ જીવાત અને સડી ગયેલી હોય. એનો પછી દારૂ બહુ બને. દારૂ બને. હવે અહીં તો મીઠી હતી. એમાં બીજી કોઈ ચીજ નાખે તો દારૂ બને. જુઓ! નવું ઉપજે છે કે નહિ મદ મેલ? એમ આઠ કર્મ ભેગું થાય તો નવો આત્મા ઊપજે છે એમાંથી. આઠ થઈને જ આત્મા છે એમ કહે. આહાહા..! સમજ્યા. આ મહુડા. મહુડા છે ને? મહુડા-મહુડા. મહુડા અમારે ત્યાં બહુ થાય પાલેજમાં. એ લોકો એને .. ને એમાંથી દારૂ બહુ થાય દારૂ. જુઓ! એમાંથી થયો કે નહિ? આમાં ક્યાં હતો દારૂ સીધો? પછી ભેગું થયું તો થયો કે નહિ? એમ આઠ કર્મ ભેગા થયા તો જીવ થયો. પંચ મહાભૂતમાંથી થયો. એમ કહે છે. એ અજ્ઞાની એને માને છે. અન્ય જુદો કોઈ જોવામાં આવતો નથી.

'**(આઠ લાકડાં મળી ખાટલો થયો ત્યારે અર્થક્રિયામાં સમર્થ થયો;...**' ત્યારે સૂવામાં કામ આવ્યો એમ કહે છે. આઠ ભેગા થયાં ત્યારે સૂવામાં કામ આવ્યો. નહિતર કામ આવે? એમ આઠ કર્મ ભેગા થયા ત્યારે આત્માની ક્રિયા થાય. '**તે રીતે અહીં પણ જાણવું.) આ પ્રમાણે આઠ પ્રકાર તો આ કહ્યા અને એવા એવા અન્ય પણ અનેક પ્રકારના દુર્બુદ્ધિઓ...**' જ્યાં જ્યાં એમ માને. રાગથી આત્માને લાભ માને, પુણ્યથી લાભ માને, શુભથી ક્ષાયિક સમકિત માને એ બધા દુર્બુદ્ધિઓ પરને જ આત્મા માનનારા છે. સમજાણું કાંઈ? આહાહા..! શરીરની ક્રિયાથી આત્માને લાભ થાય એમ માને, શુભરાગથી ધર્મ થાય એમ માને, શુભરાગથી આત્માની જાગૃતિને મદદ કરે રાગ. તો એક જાત માની. એ રીતે કોઈપણ રીતે અજ્ઞાની પરને આત્મા માને છે.

'**પરંતુ તેમને પરમાર્થના જાણનારાઓ...**' જુઓ! '**અનેક પ્રકારના દુર્બુદ્ધિઓ...**' કો'ક એમ કહે વળી બહુ પાપ થાય ને પછી પાપનું બહુ ફળ પ્રતિકૂળ આવે ને તો પ્રતિકૂળમાં ધક્કો લાગી જાય તો આત્માનું ભાન થઈ જાય. લ્યો! પાપ-પાપ. પાપનો ઉદય આવે છે ને બહુ? ઘણો ઉદય આવે. ઘણો પ્રતિકૂળ દુઃખ આવે તો એમાંથી આત્માનું ભાન થઈ જાય. એમ ઘણાં કહે છે. તુલસીદાસમાં શ્લોક છે એ. 'સુખ કે માથે શીલા પડો, હરિ હૃદય સે જાય, બલિહારી એ દુઃખકી પલ પલ રામ સંભરાય.' દુનિયામાં પણ એમ કહેવાય છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બહુ પ્રતિકૂળતા આવે ને તો પછી વૈરાગ્ય થઈ જાય. વૈરાગ્ય થઈ જાય તો ભગવાન યાદ થાય તો આત્મા થાય. ધૂળમાંય ન થાય, સાંભળને! આવા ને આવા અજ્ઞાનીઓ પરને આત્મા માનનારા અનેક વાસનામાં પડેલા છે. તેને ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ આત્મા જેને કહે છે, એકલો અનાકુળ આનંદકંદ, એ રાગના વિકલ્પથી તદ્દન નિરાળી ચીજ એનું એને ભાન નથી. મિથ્યાદષ્ટિ ચાહે તો જૈન સાધુ હો. શ્રાવક નામ ધરાવનારો હો કે અન્ય હો. બધા આ રીતે માને એ બધા મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ?

'**પરમાર્થના જાણનારાઓ સત્યાર્થવાદી કહેતા નથી.**' જૂઠા બોલા કહે છે એમ કહે છે. આવું માનનારા બધા જૂઠા બોલા છે. સમજાણું કાંઈ? સાચા સત્યાર્થવાદી કહેતા નથી. જૂઠા બોલાની નાત છે એક અમારા ગામમાં. નાત નહિ પણ એની ઓળખ. ઓળખ. ઉમરાળાના નથી કોઈ? ઉમરાળામાં છે એ જૂઠા બોલા છે ને. ખોટાબોલા. એ કાનજી મનજી ને એ. પરમાનંદ પ્રાગજી ખોટાબોલા. એ ખોટાબોલાથી જ ઓળખાય, ભાઈ! ખોટાબોલા.

મુમુક્ષુ :- આમ તો .. કોઈ જાણે નહિ.

ઉત્તર :- આમ ને આમ જાણે નહિ. પ્રાગજી મનજી એટલે કોણ? ખોટાબોલા. માણસ બિચારા સારા. સાખ એની ખોટાબોલા હતી. પાંજરાપોળ કરતા. પ્રાગજીભાઈ કરતા ને. બધી ખબર છે ને અમને. સમજાણું કાંઈ? નાની ઉંમરથી દસ વર્ષની ઉંમરથી ખબર છે ને બધી.

અહીં કહે છે કે એવા બધા જૂઠાબોલાઓ છે એમ કહે છે. સમજાય છે? એ બધી જૂઠાબોલાની નાત છે આખી. કોઈપણ આ આત્માના જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ પરથી ભિન્ન જ્ઞાનથી જણાય એવો, રાગથી, પુણ્યથી ન જણાય, રાગથી, પુણ્યથી ન લાભ થાય, શરીરથી લાભ ન થાય એમ નથી માનતા અને આમ જે માને એ બધા જૂઠા બોલા અસત્યાર્થવાદીઓ. સત્યાર્થવાદીઓ તેને જૂઠા બોલા કહે છે.

'**ભાવાર્થ :- જીવ-અજીવ બન્ને અનાદિથી એક ક્ષેત્રાવગાહ...**' એક ક્ષેત્રમાં અવગાહ-વ્યાપવું હોં! વ્યાપવા છતાં પણ '**સંયોગરૂપ મળી રહ્યાં છે અને અનાદિથી જ જીવની પુદ્ગલના સંયોગથી અનેક વિકારસહિત અવસ્થાઓ થઈ રહી છે.**' લ્યો! અનાદિથી જીવની પુદ્ગલના સંયોગથી-કર્મ અનેક વિકારસહિત-પુણ્ય, પાપ, દયા, દાન, મંદ-તીવ્ર અનુભાગ વગેરે અવસ્થાઓ થઈ રહી છે. '**પરમાર્થદષ્ટિએ જોતાં, જીવ તો પોતાના ચૈતન્યત્વ આદિ ભાવોને છોડતો નથી...**' ભગવાન આત્માએ જ્ઞાનપણું, આનંદપણું, શુદ્ધપણું, પવિત્રપણું, સ્વચ્છતાપણું, પ્રભુતાપણું કોઈ દિ' છોડ્યું નથી. સમજાણું કાંઈ? છોડીને રાગરૂપ કોઈ દિ' થયો નથી. કર્મરૂપ, શરીરરૂપ કોઈ દિ' થયો નથી. કોઈ દિ' થયો નથી ત્રણ કાળમાં.

'**ચૈતન્યત્વ આદિ...**' આનંદ આદિ, શુદ્ધતા, પ્રભુતા, પરમેશ્વર વગેરેને '**છોડતો નથી અને પુદ્ગલ પોતાના મૂર્તિક જડત્વ આદિને છોડતું નથી.**' અને પુદ્ગલ પોતાનું મૂર્તિક જડ આદિ, રાગાદિ એ બધું જડ છે, હોં! '**પરંતુ જે પરમાર્થને જાણતા નથી તેઓ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**સંયોગથી થયેલા ભાવોને જ જીવ કહે છે;...**' લ્યો! એ કર્મ સંયોગ છે એનાથી થયેલા ભાવોને જીવ કહે છે. સ્વભાવ ચૈતન્ય જ્ઞાનાનંદમૂર્તિ છે તેને અનુભવ (કરીને) જાણતા નથી. તેને માનતા નથી. બસ! એક સંયોગ, કર્મના સંયોગથી પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ પરિણામ થયા એ જીવ છે એમ માને છે. સમજાણું કાંઈ? આહાહા..! માનવા જાય પણ અત્યાર સુધી માન્યું હવે કરવું શું? કેટલાક એમ કહે, હોં! ૨૦-૨૦ વર્ષ, ૨૫-૨૫ વર્ષ સાધુ નામ ધરાવ્યા ૫૦ વર્ષ.

એક જણો કહેતો હતો ૫૦ વર્ષ સાધુપણાને થયા છે, લ્યો. પંજાબનો એક સ્થાનકવાસી. અહીંનું વાંચ્યું. આહાહા..! વાત તો, કહે, ભારે વાત ભાઈ, ગજબ વાત! પણ હવે આ ૫૦ વર્ષ રહ્યા આમાં. જાવું ક્યાં? બીજાને કહે કે અમારું ખોટું. ત્યારે શું અત્યાર સુધી તમે કર્યું આ? અમને મનાવ્યું તમે પાટે બેસીને. ધોઈ નાખવું પડે બધું. ભુંસાડીયો વાળવો પડે. આહાહા..!

'શ્રીમદ્' પાસે આવ્યો એક સાધુ. એવું લખાણ એક છે હોં! 'શ્રીમદ્' પાસે એક સાધુ આવ્યો. એવું લખેલું છે ત્યાં. કહે મહારાજ! મને ઉગારો, મને તારો. ત્યારે કહે, અત્યાર સુધી તમે જે પ્રરૂપણા કરી છે એ ગામોગામ જઈને ત્યાં કહો કે મારી પ્રરૂપણા ખોટી હતી... મારી શ્રદ્ધા ખોટી હતી... હું સાચો નહોતો. કહો ગામોગામ. ભાઈસાહેબ એ નહિ થાય. તમે કહો તો પડતું મૂકું. કહે, પડતું લાખ મૂક પણ આ કીધા વિના તારું પાપ નહિ ટળે. એમાં વાત આવે છે. આવ્યું, ન આવ્યું પણ એક દાખલો જોડ્યો છે. આહાહા..!

એક સાધુ આવ્યા એ કહે, કૃપાળુ! અમારો ઉદ્ધાર કરો. અમને હવે આ વસ્તુ સમજાણી. જો ભાઈ! અત્યાર સુધી તમે કર્યું છે એ ખોટું છે. તમે કહો એ પ્રાયશ્ચિત લઈએ. તમે કહો એ પ્રાયશ્ચિત લઈએ. અપવાસ પંદર દિ', મહિના કરીએ, આ કરીએ. એક વાત છે અમારી. જે ઠેકાણે જઈને તમે આચાર્યપદપણું મનાવ્યું છે, સાધુપણું મનાવ્યું છે ત્યાં કહો કે અમે સાધુ નહોતા, અમે આચાર્ય નહોતા, અમારી સાચી વાત નહોતી, અમારી શ્રદ્ધા ખોટી હતી, પ્રરૂપણા ખોટી હતી, તમને ભ્રમમાં અમે નાખ્યા. એમ જ્યાં કહે તો પ્રાયશ્ચિત થાય એવું છે. ભાઈસાહેબ! એ તો થાય એવું છે નહિ. તો મરી જા, નહિ થાય બીજું લે. શશીભાઈ! શું કરવું એને? કહો.

મુમુક્ષુ :- પડતું મૂકવું સારું. એક વખત છૂટકો.

ઉત્તર :- એ કહે પડતું લાખ વાર મૂકે ડુંગર ઉપરથી. પણ આ જ્યાં સુધી નહિ કર ત્યાં સુધી તને પ્રાયશ્ચિત નહિ થાય. કારણ કે તને હજી ઓલું રાખીને મનમાં અભિમાન રાખવું છે કે એ મારું પણ સાચું હતું. અને દુનિયા પાસે જે સાચું કહેવરાવ્યું છે એમાંથી તને લાજપ આવી જાય છે. બિલકુલ તને વાત બેસતી નથી. એ વાત મૂકી છે એમાં, હોં!

અહીં કહે છે એવા '**સંયોગથી થયેલા ભાવોને જ જીવ કહે છે; કારણ કે પરમાર્થે**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જીવનું સ્વરૂપ પુદ્‌ગલથી ભિન્ન સર્વજ્ઞને દેખાય છે...**' જુઓ! પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞે આ જીવનો સ્વભાવ તો કર્મ, શરીર અને પુણ્ય-પાપના રાગ વિનાનો આમ જોયો છે. જુઓ, આ આત્મા. એમ જોયું છે ભગવાને. પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ વીતરાગ કેવળજ્ઞાની નાથ. એણે તો તારા આત્માને એવો જોયો છે કે એ તો પૂર્ણાનંદ શુદ્ધ. એ પુણ્ય-પાપના આસ્રવ તત્ત્વથી જુદો, કર્મ, શરીર અજીવથી જુદો, જ્ઞાન તત્ત્વથી ભરેલો એવો ભગવાને તને જોયો છે. એવો જ્યાં સુધી તું ન માન ત્યાં સુધી તને આત્માની શ્રદ્ધા નથી. આહાહા..! સમજાણું કાંઈ? પરમેશ્વર ત્રણ લોકના નાથ....

પ્રભુ તુમ જાણગ રીતી સૌ જગ દેખતા હો લાલ,
પ્રભુ તુમ જાણગ રીતી સૌ જગ દેખતા હો લાલ,
નિજસત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.

હે નાથ! હે પરમેશ્વર! તમારી જાણવાની રીત જ કોઈ એવી છે. સૌ જગતને દેખો છો. એમ આ આત્માને, સર્વ આત્માને તમે કેવા જોયા? નિજ સત્તાએ શુદ્ધ. એના હોવાપણે આત્મા શુદ્ધ છે એમ તમે આત્માને જુઓ છો. એ પુણ્ય અને પાપના વિકલ્પ તે આત્મા નહિ, આત્મામાં નહિ. એ તો શરીર, કર્મ આત્મામાં નહિ, આત્મા નહિ. એવો એ ભગવાન તમે આ આત્માને દરેકને જુઓ છો. એ પ્રમાણે તું જો ત્યારે તને આત્મા માન્યો કહેવામાં આવે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! પણ માણસને...

'શ્રીમદ્' કહે છે એક ઠેકાણે કે જો માન ન હોત ને તો મનુષ્યપણામાં અહીં મોક્ષ હોત. આવે છે ને? કારણ કે ક્રોધ, માન, માયા, લોભ... સમજાય છે? નારકીને ક્રોધ ઘણો, મનુષ્યને માન, ઢોરને માયા મુખ્યપણે, દેવને લોભ. આ જો માન માણસપણામાં ન હોત તો એનો મોક્ષ અહીં થાત. મારી નાખે માન અંદરથી. ભાઈ! તેં માન્યું હતું એમ કહે કે મારી વાત ખોટી છે બધી. એકલો ચૈતન્ય રાગરહિત, પુણ્યરહિત, વિકલ્પરહિત એને વિકલ્પ થતાં એ પણ કર્મના સંયોગથી. કીધું ને અહીંયાં? '**સંયોગથી થયેલા ભાવો...**' એમ કીધું છે ને. કે સ્વભાવથી થયેલા? સંયોગથી થયેલા ભાવો. કર્મ સંયોગ એનાથી ઉત્પન્ન થયેલી તારી નૈમિત્તિક દશાની વિકૃત. એનાથી ભગવાન ભિન્ન છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**પરમાર્થે જીવનું સ્વરૂપ પુદ્‌ગલથી ભિન્ન સર્વજ્ઞને દેખાય છે...**' આહાહા..! '**તેમ જ સર્વજ્ઞની પરંપરાના આગમથી...**' જુઓ! સર્વજ્ઞના આગમમાં આમ કહ્યું છે એમ પણ પાછું. '**સર્વજ્ઞની પરંપરાના આગમ...**'માં. આગમમાં પણ આ કહ્યું છે એમ કહે છે. બીજી વાત. સર્વજ્ઞે જોયું અને વાણી જે રચાણી આગમ એ આગમમાં પણ આમ કહ્યું છે. તું આગમમાંથી બીજું કાઢ તો આગમમાં એમ કહ્યું નથી. આગમથી જાણી શકાય છે. આગમમાં એમ કહ્યું છે કે તું તો પુણ્ય-પાપના વિકલ્પ અને શરીરથી ભિન્ન છો. એમ ભગવાને જોયું અને આગમમાં એમ કહ્યું છે. એમાંથી બીજું તું કાઢ કે શુભરાગથી આત્મલાભ (થાય) એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આગમમાં કહ્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ? વાહ..! લખ્યું છે પણ મેળવીને જરી..

મુમુક્ષુ :- જ્યાં જ્યાં...

ઉત્તર :- હા, બહુ સરસ લખ્યું છે.

**'સર્વજ્ઞની પરંપરાના આગમથી...'** પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ કેવળજ્ઞાની, એની જે વાણી આવી, એના આગમ રચાણા. એ આગમમાં ભગવાને જોયું રાગ વિનાનો જેવો ચૈતન્ય ભિન્ન એવું આગમમાં કથન છે. એ આગમમાં તું એમ કાઢ કે રાગથી લાભ થાય અને શુભથી લાભ એમ આગમમાં કહ્યું નથી. સમજાણું કાંઈ? આહાહા..! તું નથી માનતો આગમને, નથી માનતો સર્વજ્ઞને, નથી માનતો તારા આત્માને રાગથી ભિન્નને. ત્રણે તારી વિપરીત માન્યતા છે. આહાહા..! ભારે કઠણ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્રણે ખોટા થઈ ગયા.

**'સર્વજ્ઞની પરંપરાના આગમથી જાણી શકાય છે, તેથી જેમના મતમાં સર્વજ્ઞ નથી...'** જેને સર્વજ્ઞ નથી. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણનારા ભગવાન જેનામાં નથી તેના આત્માઓ તો કલ્પિત માને બધા. સમજાણું? **'તેઓ પોતાની બુદ્ધિથી અનેક કલ્પના કરી કહે છે.'** થોડીક વાત ત્યાં આવે છે લંબાઈને. આ એક લીટીમાં. એ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૯, સોમવાર તા. ૨૧-૧૧-૧૯૬૬**
**ગાથા-૩૯-૪૩, પ્રવચન-૧૦૮**

જીવ-અજીવ અધિકાર. 'સમયસાર'. ૩૯ થી ૪૩ના ભાવાર્થની છેલ્લી બે-ત્રણ લીટી છે. જુઓ! '**પરમાર્થે જીવનું સ્વરૂપ પુદ્ગલથી ભિન્ન સર્વજ્ઞને દેખાય છે...**' ભાવાર્થમાં છે. કારણ કે અજ્ઞાનીઓ કર્મના સંયોગથી થયેલા ભાવને જીવના ભાવ કહે છે. આ આત્માની વ્યાખ્યા છે. આત્મા કોને કહેવો? આત્મા કર્મના સંયોગથી થયેલા પુણ્ય-પાપ આદિના ભાવો, એ બધા જીવ છે એમ અજ્ઞાની કહે છે. સમજાણું? સંયોગથી થયેલા ભાવોનો જીવ કહે છે. સ્વભાવિક ભાવનું એને ભાન નથી. શુભ, પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પો એ બધા કર્મના સંયોગથી ઉત્પન્ન થયેલા, પુદ્ગલ પરિણામથી નિષ્પન્ન થયેલા પુદ્ગલ પરિણામમય એ ચીજ છે. ભગવાન આત્મા તો ચૈતન્ય સ્વભાવથી ભરેલો ભંડાર, એ પુદ્ગલ પરિણામથી ભિન્ન છે. કેમ કે '**પરમાર્થે જીવનું સ્વરૂપ પુદ્ગલથી ભિન્ન...**' પુદ્ગલ શબ્દે રાગાદિથી તદ્દન જુદું '**સર્વજ્ઞને દેખાય છે...**' જુઓ! અહીં સર્વજ્ઞની સિદ્ધિ કરી. જેને સર્વજ્ઞપણું છે, એક સમયમાં પૂર્ણ જ્ઞાનનો વિકાસ જ્યાં થયો એ સર્વજ્ઞને જીવ પુણ્ય-પાપથી રહિત અને રાગરહિત પૂર્ણ ચૈતન્યમૂર્તિ ભિન્ન દેખાય છે. ભગવાન આત્મા તદ્દન શરીર, વાણી, મન તો ઠીક પણ પુણ્ય-પાપના શુભ-અશુભ રાગ, સંયોગી ભાવ એ સ્વભાવભાવ, એના સંયોગભાવથી ભિન્ન ભગવાન સર્વજ્ઞ પ્રત્યક્ષ આત્માને દેખે છે.

'**તેમ જ સર્વજ્ઞની પરંપરાના આગમથી...**' પ્રત્યક્ષ ભલે ન હોય સીધો અસંખ્ય પ્રદેશ આદિ, પણ સર્વજ્ઞે કહેલા શાસ્ત્રો, એનો અંતર અનુભવ કરવાથી '**આગમથી જાણી શકાય છે,...**' કે આ આત્મા રાગ-દ્વેષ, શરીર, કર્મથી ભિન્ન છે. એવો આત્મા પોતાની સત્તામાં પૂર્ણ શુદ્ધ છે એમ આગમજ્ઞાન શ્રુતજ્ઞાનથી પણ જાણી શકાય છે. કહો, સમજાણું કાંઈ? '**તેથી...**' જુઓ! બે વાત કરી. સર્વજ્ઞને દેખાય છે અને સર્વજ્ઞની પરંપરાના આગમથી દેખાય છે. '**જેમના મતમાં સર્વજ્ઞ નથી...**' અહીં મહા સિદ્ધાંત છે. જેનો આત્મા સર્વજ્ઞસ્વભાવી જેણે કબુલ્યો નથી એના મતમાં સર્વજ્ઞ પર્યાયવાળો સર્વજ્ઞ જીવ હોઈ શકે નહિ.

ફરીને. આ આત્મા જ્ઞ સ્વભાવ, સર્વજ્ઞ સ્વભાવ, જ્ઞ સ્વભાવ, જ્ઞાન સ્વભાવ એટલે કે જ્ઞાન સ્વભાવ એટલે કે સર્વજ્ઞ સ્વભાવ એટલે પૂર્ણ જ્ઞાનસ્વભાવ એવો આત્મા જેના મતમાં નથી, એના મતમાં સર્વજ્ઞ પણ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, કોઈ માનતા નથી. ઠીક કહે છે.

સર્વજ્ઞ જેણે માન્યા એને તો આ આત્મા સર્વજ્ઞસ્વભાવી છે. જ્ઞ સ્વભાવ, જ્ઞાનસ્વભાવ-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાન એટલે કે જ્ઞાન અર્થાત્ સંપૂર્ણ જ્ઞાનસ્વભાવ, એ જ્ઞાન સ્વભાવનો અર્થ સંપૂર્ણ જ્ઞાનસ્વભાવ એમ જે માને તે પુણ્ય-પાપથી આત્માને લાભ માને નહિ. કેમકે જેનાથી લાભ માને એનાથી જુદો છે એમ માની શકે નહિ. જૈન વાડામાં રહેલા પણ જો અંદર રાગના પુણ્યભાવથી આત્માને લાભ થાય એમ માનનારા સર્વજ્ઞ સ્વભાવી અને સર્વજ્ઞ ભગવાને કહેલું, સર્વજ્ઞના આગમમાં કહેલી વાતને માનતા નથી. સમજાણું કાંઈ? આ વસ્તુ જ સર્વજ્ઞ જ્ઞ સ્વભાવ છે. એવું જેના મતમાં આવો આત્મા નથી, એના મતમાં સર્વજ્ઞ પર્યાયવાળો આત્મા પ્રગટ થઈ શકે નહિ.

મુમુક્ષુ :- પુણ્ય-પાપ...

ઉત્તર :- થઈ રહ્યું. એનાથી પુણ્ય-પાપ, રાગ, શરીર, ક્રિયા એ વાળો જ આત્મા રહ્યો. સમજાણું કાંઈ? આહાહા..! કારણ કે આવશે ને આમાં એટલે પહેલેથી નાખ્યું. આમાં પણ છે ને '**परमट्ठवादी**' એમાંથી કાઢ્યું છે પોતે. પરમાર્થવાદી, એને જીવ કહેતા નથી. પરમાર્થવાદી એમાંથી આ કાઢ્યું છે આ ગાથાના ભાવાર્થમાં. પરમાર્થવાદી '**परमट्ठवादी णिच्छयवादीहिं णिद्दिट्ठा**' નથી દીઠું. એ.

મુમુક્ષુ :- ૪૩મી.

ઉત્તર :- હા. એ.

પરમાર્થવાદી એટલે પરમ પદાર્થના જાણનારા. ભગવાન આત્મા એકલો જ્ઞાનમૂર્તિ ચૈતન્યસૂર્ય પદાર્થ પરિપૂર્ણ વસ્તુ. એના સ્વભાવનું જેને ભાન થાય તેની પર્યાયમાં સર્વજ્ઞપણું પ્રગટ થયા વિના રહે નહિ. અને સર્વજ્ઞ પર્યાય પ્રગટી એ ત્રણ કાળમાં કેવા આત્માઓ છે એ જાણે. એ આત્મા બધા સર્વજ્ઞ સ્વભાવી છે. રાગભાવી, પુણ્યભાવી, સંયોગભાવી એ સર્વજ્ઞે જોયું નથી અને વસ્તુનો એવો સ્વભાવ છે નહિ. કહો, બાબુલાલજી! જૈનમાં માને છે. જૈનમાં જ માને છે. પણ જૈન નામ ધરાવે તે નથી માનતા. જે કોઈ ભગવાન આત્માને માને (એ) સર્વજ્ઞને માને અને સર્વજ્ઞ થયા છે તો એ સર્વજ્ઞ સ્વભાવમાંથી સર્વજ્ઞ થયા છે. એ રાગમાંથી, પુણ્યમાંથી કે નિમિત્તમાંથી નહિ. તો જે સર્વજ્ઞને માને એ પોતાના આત્મામાં રાગ અને પુણ્યથી આત્માને લાભ થાય એમ માની શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

ત્રણ વાત કરશે. અહીં તો પરમાર્થવાદીમાંથી આટલું કાઢ્યું. પરમાર્થવાદી. સર્વજ્ઞ પરમેશ્વર, એના મતમાં આ રાગથી જીવ અને પુણ્યથી જીવ અને પાપ તે જીવ એ વસ્તુસ્થિતિ જ નથી. એમ છે નહિ. કીધી નથી એટલે એમ છે નહિ. વસ્તુ સ્વભાવ એમ નથી. ભગવાન આત્મા. આત્મા આ આત્મા એ જ્ઞાનસ્વભાવ, જ્ઞાનસ્વભાવ બસ. જ્ઞાનસ્વભાવ એટલે જ્ઞાન પૂર્ણ સ્વભાવ. પૂર્ણ સ્વભાવ એટલે જેનું અવલંબન લઈને પર્યાયમાં પણ પૂર્ણ જ્ઞાનસ્વભાવ પ્રગટ થયો. એવા સર્વજ્ઞે અને એના કહેલા આગમમાં આત્માને પુદ્ગલના પુણ્ય-પાપ પરિણામ તે સંયોગના ઉત્પન્ન થયેલી કૃત્રિમ અનિત્યથી ઉત્પન્ન થયેલા એ નિત્ય ત્રિકાળ જ્ઞાયકભાવરૂપે થઈ શકે નહિ. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! સમજાય છે આમાં? આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'જેમના મતમાં સર્વજ્ઞ નથી...'** એનો અર્થ કે જેના અભિપ્રાયમાં આત્મા જ્ઞાનસ્વરૂપે પૂર્ણ વસ્તુ છે એમ નથી. એને એની પર્યાયમાં સર્વજ્ઞદશા હોઈ શકે એ એમ માનતા નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો ભાઈ બાબુલાલજીએ કહ્યું. એ તમે ન સાંભળ્યું. તમારા વતી કહ્યું છે એમણે. જૈન હોય એ માને. પણ જૈન કહેવા કોને?

રાગ અને પુણ્ય-પાપના વિકલ્પોથી અભાવસ્વભાવ સ્વરૂપ સર્વજ્ઞસ્વભાવી આત્મા છે એમ માને તે જૈન છે અને તે જૈનને માને છે. સમજાણું કાંઈ? જૈન કોઈ સંપ્રદાય નથી. એ તો વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. જ્ઞ સ્વભાવ એટલે કે અવિકારી વીતરાગી સમરસી જ્ઞાનસ્વભાવ, એવો જ આત્મા, એવા આત્માની પર્યાયમાં સમરસ વીતરાગી અને સર્વજ્ઞતા વિજ્ઞાનતા. વીતરાગ વિજ્ઞાનતા પર્યાયમાં પ્રગટે. વીતરાગ વિજ્ઞાન સ્વભાવનો પિંડ છે એ આત્મા. સમજાણું કાંઈ? વીતરાગ વિજ્ઞાનઘન આત્મા છે. એવું જેણે માન્યું નથી એના મતમાં સર્વજ્ઞ હોઈ શકે નહિ. સર્વજ્ઞ હોઈ શકે નહિ. એના મતમાં એને આત્માનું પૂરું સ્વરૂપ શું છે એમ જાણ્યું હોતું નથી. તેથી તે કલ્પનાથી વાતું કરે છે. આવો આત્મા હોય ને આવો આત્મા હોય ને આવો આત્મા હોય. જૈનના નામ ધરાવનારા પણ સર્વજ્ઞને નહિ માનનારા, સર્વજ્ઞ સ્વભાવી આત્માને નહિ જાણનારા એ પણ બધા રાગ ને પુણ્ય ને આનાથી આ થાય અને આનાથી આ થાય અને આનાથી આ થાય. જેનાથી લાભ માને એ રૂપે આત્માને માને છે. જેનાથી લાભ માને-પુણ્યના વિકલ્પ રાગથી લાભ માને તો આત્માને એ રૂપ માને છે. એ રૂપે આત્મા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો થઈ શકે નહિ અને વસ્તુ સર્વજ્ઞ જ્ઞ સ્વભાવી સિદ્ધ થઈ શકે નહિ. જ્ઞ સ્વભાવ એ વસ્તુ. વસ્તુ કોને કહીએ? એક અખંડ... છે ને 'શ્રીમદ્'માં? 'એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે.' એક અખંડ જીવદ્રવ્ય સંપૂર્ણ એક અખંડ શબ્દ છે. વસ્તુ. વસ્તુ સંપૂર્ણ એક. તો તેનો ગુણ-જ્ઞાનસ્વભાવ સંપૂર્ણ, એક, અખંડ સામર્થ્ય પૂર્ણ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો આત્મા સર્વજ્ઞ જેના મતમાં હોય તેણે આ જાણ્યો હોય અને કાં સર્વજ્ઞના અભિપ્રાય પ્રમાણે જેણે આત્માને સર્વજ્ઞ સ્વભાવી શ્રુતજ્ઞાન દ્વારા જાણ્યો હોય, એના અંદર આત્મા આવો હોય એને આવી શકે. જેને વસ્તુ પરોક્ષ એકનું ભાન જ નથી, કલ્પનાથી (માન્યું છે કે) આટલો આત્મા છે માટે રાગ છે, પુણ્ય છે ને સર્વવ્યાપક એક છે. એણે આટલામાં એકમાં અખંડમાં જ્ઞાનનું સામર્થ્ય સંપૂર્ણ પૂર્ણ છે. દ્રવ્ય સંપૂર્ણ છે માટે સ્વભાવ સંપૂર્ણ છે એવું એણે માન્યું નથી. માટે આત્માને માનતા નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

**'જેમના મતમાં સર્વજ્ઞ નથી...'** આ એક શબ્દ... કાલે કીધું, ભાઈ! એકદમ નહિ

ચાલે. સમજાણું કાંઈ? જેના અભિપ્રાયમાં સર્વજ્ઞ દ્રવ્યસ્વભાવ નથી અને જેના મતમાં સર્વજ્ઞપણું પ્રગટ,... આત્મા જ્ઞ સ્વભાવી પૂર્ણ સામર્થ્યવાળું માને તો તેના આશ્રયે પૂર્ણ જ્ઞાનસ્વભાવ સર્વજ્ઞ પર્યાયમાં પ્રગટ થાય. એવું જેના મતમાં નથી એના મતમાં સાચો આત્મા હોઈ શકે નહિ. કહો, સમજાણું આમાં? એટલે કે એને ધર્મ ન હોઈ શકે ,એમ એનો અર્થ. ધર્મી એવો આત્મા, પૂર્ણ જ્ઞાનસ્વભાવી છે, એવું જેના અભિપ્રાયમાં નથી, એને અભિપ્રાયમાં આત્મા અપૂર્ણ અને અલ્પજ્ઞ અને રાગવાળો માને છે એને ધર્મ થઈ શકતો નથી. સમજાણું કાંઈ?

'**જેમના મતમાં સર્વજ્ઞ...**' અહીં પરમાર્થવાદી ઉપરથી જ આખો શબ્દ છે, હોં! પરમાર્થવાદી. ૪૩.

**एवंविहा बहुविहा परमप्पाणं वदंति दुम्मेहा।**
**ते ण परमट्ठवादी णिच्छयवादीहिं णिद्दिट्ठा।।४३।।**

પરમાર્થવાદી-પરમાર્થના જાણનારા. ભગવાન પરમ અર્થ એવો આત્મા જેણે જાણ્યો સર્વજ્ઞ પર્યાયથી પૂર્ણ, એવા ભગવાને તો આત્માને પુણ્ય-પાપના રાગરહિત એવો આત્મા છે એવો જોયો, એવો કહ્યો. એવી રીતે બીજાને કહે છે, જો ભાઈ! આવો આત્મા છે. સમજાણું? એવા અજ્ઞાની સર્વજ્ઞ જેના મતમાં નથી. એટલે કે આત્મા પૂર્ણ સ્વભાવી એક જ અખંડ આખું દ્રવ્ય છે એમ જેની દૃષ્ટિમાં, અભિપ્રાયમાં જેના મતમાં નથી તે પોતાની બુદ્ધિથી અનેક કલ્પના કરી કહે છે. સમજાણું કાંઈ?

'**તેમાંથી વેદાંતી,...**' એ કલ્પનાથી કહે છે વેદાંતી. સર્વવ્યાપક એક. તદ્દન પાખંડ અજ્ઞાન છે. સમજાણું કાંઈ? ઘણાંને એવું લાગે છે, આ નિશ્ચયવાદ છે ને તો વેદાંત સાથે મળતું છે. ઘણા એમ કહે. અરે..! ભગવાન! વેદાંત ને ક્યાં આ? આ તો જ્ઞાનનો અંત લાવનાર પૂર્ણ વસ્તુ છે આ. ઓલું વેદાંત નામ છે. આ તો જ્ઞાનનો અંત લીધો જેણે. જ્ઞાન પૂર્ણ જેણે અંતરથી પ્રાપ્ત કરી લીધું છે. ભગવાન આત્મા જ્ઞાનના સ્વભાવથી ભરેલું શક્તિ, સત્ત્વ અને તત્ત્વ અને એક અખંડ એક વસ્તુ છે. તો એક વસ્તુનું સામર્થ્ય જ પરિપૂર્ણ જ જ્ઞાન હોય. એથી એની દશામાં પણ પરિપૂર્ણ પ્રગટ દશા થાય. આહાહા..! દ્રવ્યે પરિપૂર્ણ, ગુણે પરિપૂર્ણ જેનામાં નથી એનામાં પર્યાયે પરિપૂર્ણ સર્વજ્ઞ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ આમાં?

મુમુક્ષુ :- સર્વજ્ઞ કથંચિત્.

ઉત્તર :- કથંચિત્ કેવો વળી? તેથી તો આત્મજ્ઞાનમય સર્વજ્ઞશક્તિ, એમ ભગવાને વર્ણવ્યું છે ૪૭ શક્તિમાં. ૪૭ શક્તિમાં. આત્મજ્ઞાનમય સર્વજ્ઞશક્તિ. એ આમ દેખવું એમ નહિ. આત્મજ્ઞાનમય સર્વજ્ઞ શક્તિ. છે ને? ૪૭ શક્તિમાં વ્યાખ્યા આવી ગઈ છે બધી.

ભગવાન આત્મા આત્મજ્ઞાનમય એનો દ્રવ્ય સ્વભાવ એવો, ગુણ સ્વભાવ એવો અને પર્યાયમાં પ્રગટ થવાનો સ્વભાવ એવો. કારણ કે સર્વજ્ઞ આત્મજ્ઞાનમય શક્તિ છે. એને અવલંબે પર્યાયમાં આત્મજ્ઞાનમય સર્વજ્ઞ પર્યાય પ્રગટ થઈ છે. આત્મજ્ઞાનમય સર્વજ્ઞ પર્યાય પ્રગટ થઈ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. પરને જાણવા-બાણવાનું કહેવું એ તો બધો વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ? સ્વ-પરને પૂર્ણ જાણવાનો એક દ્રવ્યમાં સ્વભાવ એક જ્ઞાનગુણનો. એવો એના ગુણનો સ્વભાવ જ્ઞાનગુણનો, એવો એનો પર્યાયનો સ્વભાવ પર્યાય ધર્મનો. એવા આત્મજ્ઞાનમય સર્વજ્ઞ શક્તિની પ્રગટતા જ્યાં થઈ એને કોઈ પણ જાણવું બાકી ન રહ્યું અને એણે પોતાની પર્યાયને જાણી એમાં જ પૂર્ણ બધું આવી ગયું. એ પર્યાયને સર્વજ્ઞ આત્મજ્ઞાનમય શક્તિ કીધી છે. શક્તિનો વિકાસ. એ છે દ્રવ્યમાં. ગુણમાં પણ જ્યારે એનો આશ્રય લીધો ત્યારે એ શક્તિની વ્યક્તતા પર્યાયમાં વ્યાપી. દ્રવ્ય અને ગુણમાં જ્ઞાનસ્વભાવ, જ્ઞાનસ્વભાવ, જ્ઞ સ્વભાવ પરિપૂર્ણ એકરૂપ સ્વભાવ જે દ્રવ્ય-ગુણમાં વ્યાપ્યો હતો એવા દ્રવ્ય-ગુણના એકરૂપનો આશ્રય લીધો ત્યારે એ દ્રવ્ય-ગુણમાં જેવી વ્યાપી હતી એ પર્યાયમાં વ્યાપી ગઈ સર્વજ્ઞ શક્તિ. ત્યારે એણે સર્વજ્ઞપણું માન્યું, જાણ્યું અને અનુભવ્યું એમ કહેવામાં આવે છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? આવી તો વસ્તુ વસ્તુ એવી છે.

એના મતમાં જેને સર્વજ્ઞ નથી... આહાહા..! જેને દ્રવ્ય આત્મા સર્વજ્ઞ સ્વભાવી જેના મતમાં જ નથી, એનો ગુણ સર્વજ્ઞ સ્વભાવ એવો જેના ગુણમાં નથી, એની પર્યાયમાં સર્વજ્ઞપણું હોઈ શકે નહિ. કહો, શશીભાઈ! આહાહા..! આવો મોટો અને એવડો એને ન માને એણે આત્માને માન્યો જ નથી, એમ કહે છે. આવડો મોટો અને એવડો સર્વજ્ઞ સ્વભાવી એવડો મોટો, એવો જે માને નહિ તેણે આત્માને માન્યો જ નથી. કાં તો અલ્પજ્ઞ પર્યાયવાળો માને તો એણે આત્માને માન્યો નથી. રાગવાળો માને તો આત્માને માન્યો નથી.

મુમુક્ષુ :- ... નિમિત્ત થાય એમ માને.

ઉત્તર :- એ નિમિત્ત કોને થાય? એને એ નિમિત્ત થાય બીજા. એ તો બપોરે આવે છે. સર્વજ્ઞદશા થતાં લોકાલોક એને નિમિત્ત થાય. આખા લોકાલોક નિમિત્ત છે આમ અરસપરસની અપેક્ષાએ. .. થવાની અપેક્ષાએ નહિ. વ્યવહારની અપેક્ષાએ. આમ લોકાલોક રહેલું છે. અહીં જ્ઞાન પૂર્ણ રહ્યું છે. જ્ઞાન પૂર્ણ છે એ આને નિમિત્ત છે. ઓલું લોકાલોક આને. આ એને નિમિત્ત છે એટલું. સમજાણું કાંઈ? આહાહા..! વસ્તુ જ એવડી છે અને એવી છે એમાં બીજું લાવવું ક્યાંથી? શશીભાઈ! અને તો જ વસ્તુ વસ્તુપણે કહેવાય. વસ્તુ આત્મા અને વસ્તુપણું એનો સર્વજ્ઞ જ્ઞ સ્વભાવ પરિપૂર્ણ હોય તો એ સત્‌નું એ સત્ત્વ એવડું હોય તો એ સત્ત્વ કહેવાય. સમજાય છે? તો એ સત્ કહેવાય અને તો એનું સત્ત્વ કહેવાય. એવું જેનું સત્ત્વ જેના જ્ઞાનમાં છે એના અભિપ્રાયમાં સર્વજ્ઞ હોઈ શકે છે. સમજાણું કાંઈ? આહાહા..!

આ ધર્મ એટલે? જેણે અભિપ્રાયમાં આવો સર્વજ્ઞ દ્રવ્ય-ગુણ સ્વભાવનો સ્વીકાર કર્યો એની શ્રદ્ધામાં આવ્યું કે કેવળજ્ઞાનમય હું છું એવી શ્રદ્ધા થઈ ગઈ. એને શ્રદ્ધાએ કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું. શ્રદ્ધાએ કેવળજ્ઞાન પ્રગટ થયું. કેમકે અલ્પજ્ઞ અને રાગવાળો માનતો એ અલ્પજ્ઞ અને રાગની ઉત્પત્તિ હતી એને. શ્રદ્ધામાં એવડો હતો. પણ જ્યાં શ્રદ્ધાએ, અભિપ્રાયે અંતરમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આ જ્ઞ સ્વભાવી આત્મા પૂર્ણ છે એમ જ્યાં સ્વીકાર્યું ત્યારે શ્રદ્ધામાં આ કેવળજ્ઞાનમય છે માટે કેવળજ્ઞાન આમાંથી આવશે (એમ) શ્રદ્ધામાં આવી ગયું કેવળજ્ઞાન. શ્રદ્ધા દ્વારા કેવળજ્ઞાન પરિપૂર્ણ હતું એમ માન્યું નહોતું. (હવે) માન્યું (તો) શ્રદ્ધા દ્વારા કેવળજ્ઞાન થઈ ગયું. આહાહા..! સમજાણું કાંઈ? જેને શ્રદ્ધામાં કેવળજ્ઞાન થયું નથી એને સ્થિરતામાં કેવળજ્ઞાન થાય જ નહિ. ભારે વાત, ભાઈ!

એથી કહે છે, **'જેમના મતમાં સર્વજ્ઞ નથી...'** મહાસિદ્ધાંત છે. પરમાર્થ આત્માને જેણે પરિપૂર્ણ જાણ્યો નથી એના મતમાં કલ્પનાએ આત્માને કહેનારા હોય છે. જેણે આત્માને જાણ્યા વિના કહે આવો હોય અને આવો હોય એ (કલ્પનાથી કહે છે). જૈનમાં પણ જેણે આત્માને જાણ્યો નથી, સર્વજ્ઞને એણે માન્યા નથી, સર્વજ્ઞે કહેલા આગમમાં આવો આત્મા થયો એવું માન્યું નથી તે તો રાગથી જ આત્મા, પુણ્યથી જ આત્મા માનનારા (છે). એ દ્રવ્યને માનતા નથી, ગુણને માનતા નથી, પર્યાયની પરિપૂર્ણતાને માનતા નથી, સર્વજ્ઞ હોય એને માનતા નથી, એના આગમમાં આવો આત્મા છે એ આગમને માનતા નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નોકારશીમાં આવે. હા. નોકાર ગણે એ બધા જમવા આવે પાછા. નોકારશી કરે છે ને? જમણ. તો જેટલાને નમો અરિહંતાણં આવડે એ બધા જમણ કરે. પૂરી નોકારશી હોય ને. ભોજનમાં. ભોજનમાં જેટલા નોકાર ગણવાવાળા હોય એ બધા જમે. એને નોકારશી કહે છે.

મુમુક્ષુ :- પછી ગમે તે સંપ્રદાયના હોય.

ઉત્તર :- ગમે તે સંપ્રદાયના હોય. ભાવસાર હો, ક્ષત્રિય હો, વાણિયા હો પણ જેને નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં નવકાર ગણનાર હોય જૈન તો એ બધા જમે છે. એને નોકારશી કહે છે. બધા જૈનો. સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબર કોઈ પણ સંપ્રદાય. જૈનમાત્ર. નાત થાય ને સોળ તોપણ જૈન હો, જૈન ધર્મ, સંપ્રદાય. ભોજનમાં બધા આવે. એનું નામ નોકારશી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આમાં ન થાય. એ કહે છે. આમાં નોકારના ગણ્યા આ આવે. એ સર્વજ્ઞ સ્વભાવના માનનારા, ગણનારા આમાં આવે. સમજાણું?

ભગવાન આત્મા ધરનારો પરનો કોઈનો નહિ અને જાણનારો પૂરો કોઈને (જાણ્યા વગર) રહે નહિ. એવો ભગવાન આત્મા જેણે સ્વીકાર્યો એવા નમો અરિહંતાણંના સ્વીકાર કરનારા એટલે કેવળજ્ઞાનને સ્વીકાર કરનારા એટલે કેવળજ્ઞાન ગુણનો સ્વીકાર એટલે આત્માના પરિપૂર્ણ ગુણનો સ્વીકાર કરનારા-એ બધા નોકારના ધરનારા એમાં આવે. સમજાણું કાંઈ? બાકી નવકાર નમો અરિહંતાણં.. નમો અરિહંતાણં... કરે અને અંદરમાં શ્રદ્ધાનું ભાન ન મળે. આવ્યો ક્યાંથી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ? અરિહંત પદનું સ્વરૂપ જ મારું છે એવું જેણે સ્વીકાર્યું નથી એ નમો અરિહંતાણંમાં આવ્યા ક્યાંથી? એમ કહે છે. સમજાણું કાંઈ?

હું એક આત્મા અલ્પજ્ઞ અને વિકારનો અભાવ કરી, સર્વજ્ઞને વીતરાગી થવાને લાયક છું. હું એક આત્મા અલ્પજ્ઞ અને રાગનો અભાવ કરી સર્વજ્ઞ ને વીતરાગ થવાને લાયક છું. એવી દ્રવ્ય અને ગુણમાં મારી શક્તિ છે એમ જ્યાં પ્રતીત કરી નથી તે જૈનમાં આવી શકતા નથી. એને જૈનનું ભોજન મળતું નથી. અમૃતનું ભોજન એ છે. આહાહા..! લ્યો, આ નોકારશી કાઢી. અલ્પજ્ઞ અને રાગ એ હું નહિ, હું સર્વજ્ઞ અને વીતરાગી છું. એવું જેણે અભિપ્રાયમાં કર્યું તેને આનંદના સ્વાદનું ભોજન આવે. આ બધા નોકારશીમાં ભોજનવાળા આને ગણવામાં આવે છે. આહાહા..! રાજેન્દ્રજી! અમદાવાદમાં મોટી મોટી નોકારશી (ચાલે). ૨૦-૨૦ હજાર માણસો, ૨૫-૨૫ હજાર માણસો. એ લોકોને કો'ક એવા આબરૂદાર હોય ને. આચાર્ય પદ આપે ને આચાર્યપદ? ઉપરથી આચાર્યપદ આપે. તો આખી નોકાશી કરે. ૨૦ હજાર, ૨૫ હજાર, ૩૦ હજાર માણસ. અત્યારે તો ઘણા માણસ. નોકારશી એટલે કોઈપણ સ્થાનકવાસી, કોઈપણ દેરાવાસી, કોઈપણ દિગંબર, કોઈપણ .. કોઈપણ જૈન હોય, બધાને ભોજન મળે. આખી વાડી હોય મોટી. પોપટભાઈ!

એમ અહીં પણ કોઈપણ નાતનો હરિજન હો, નારકી હો, ક્ષત્રિય હો, મનુષ્ય હો, મગરમચ્છ હો, સર્વાર્થસિદ્ધનો દેવ હો, મંડુક હો એ બધા દ્રવ્યના ગુણને પરિપૂર્ણ સર્વજ્ઞ સ્વભાવી માનનારા, એના અભિપ્રાયમાં આત્માના આનંદનો સ્વાદ આવે એ બધા નવકારના ગણનારા બધા એમાં આવી જાય ભેગા. સમજાણું કાંઈ? લ્યો, આ નોકારશી કરી.

મુમુક્ષુ :- વગર ખર્ચની.

ઉત્તર :- મહા ખર્ચની છે. મહા ખોરાક્ની છે. આહાહા..! જેને વર્તમાન અલ્પજ્ઞ અને રાગના સંબંધ સહિત દેખાતો છતાં જેણે નકાર કરીને અખંડાનંદ પરિપૂર્ણ સર્વજ્ઞને વીતરાગી વિજ્ઞાનઘન છું એણે મહાખર્ચ પુરુષાર્થનો કર્યો છે. પુરુષાર્થનો મહા ખર્ચ કર્યો છે. મફતમાં ખાતો નથી એ. શશીભાઈ! આહાહા..! વાહ રે વીતરાગમાર્ગ!

આ આટલું થોડું કહેવું હતું. સર્વજ્ઞ મત નથી ને એ બધું આવ્યું છે. કાલે મેં કીધું એકસાથે નહિ વંચાય. હજી આ રહી જશે આટલું. એટલું આવ્યું. આહાહા..! જિનેશ્વરનો માર્ગ, એ માર્ગ કોઈ આત્મામાં રહેતો હોય કે બહાર રહેતો હોય? જૈન શાસન. '**पस्सदि जिणसासणं सव्वं**'. એ જૈન શાસન ક્યાં રહેતું હશે? ક્યાંય બહારમાં રહેતું હશે? લટકે છે? ભગવાન આત્મા વીતરાગ વિજ્ઞાનઘન સ્વરૂપ પરિપૂર્ણ સર્વજ્ઞ સ્વભાવી પૂર્ણ આનંદ, સર્વજ્ઞ જ્ઞાન પૂર્ણ સ્વભાવ, આનંદ પૂર્ણ સ્વભાવ, શ્રદ્ધા પૂર્ણ સ્વભાવ, શાંતિ પૂર્ણ સ્વભાવ, સ્વચ્છતા પૂર્ણ સ્વભાવ, પ્રભુતા પૂર્ણ સ્વભાવ, એવા અનંતા ગુણો ગુણ જેને કહીએ તે તો સંપૂર્ણ સ્વભાવી પૂરા પૂરા એ છે. એવા ગુણના ધરનાર ભગવાનનો જેણે અંતરમાં સ્વીકાર કર્યો...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમજાણું કાંઈ? અભિપ્રાયમાં જેણે આવા ભગવાનને સ્વીકાર્યા એ તો ભગવાન થવાને લાયક થઈ ગયો. શાસ્ત્રમાં કહે છે, પરમેશ્વર થવાનું પાત્ર થયો એ. એમાં પરમેશ્વર રહી શકશે હવે. પણ એ અલ્પજ્ઞ રાગ હોવા છતાં એ નહિ અને દેખાતું નહિ છતાં અવ્યક્તપણે આત્મ ચૈતન્ય આ રીતે જ હોય એમ પરોક્ષપણે ન ભાસતા છતાં વેદન દ્વારા-આનંદના અંશ દ્વારા આ અંશ છે તે આખો આત્મા આનંદમય છે. સમ્યગ્જ્ઞાનનો અંશ છે એવો જ આખો જ્ઞાનમય છે એમ આખો જેનો સ્વીકાર થયો (એમાં) અનંત-અનંત પુરુષાર્થ અને અનંત વીર્ય છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ ગતિનો પુરુષાર્થ અને લોકોને આમ કાંઈક કરે ને આમ બહાર કરતો હોય.. આ કરતો હોય... આ કરતો હોય... (તો કહે), આ પુરુષાર્થ કરે છે.

મુમુક્ષુ :- ક્રિયાકાંડને પુરુષાર્થ કહે છે.

ઉત્તર :- હા, એને પુરુષાર્થ કહે છે. કે જે એમાં નથી. રાગનો પુરુષાર્થ પણ રાગ એનામાં છે નહિ. હવે કેનો પુરુષાર્થ તારે માનવો છે? આહાહા..! ચરણાનુયોગમાં જે વ્યવહાર કહ્યો રાગનો એ રાગ સ્વરૂપમાં જ નથી. આહાહા..! એ પુરુષાર્થ દ્વારા આત્માના પુરુષાર્થને ઓળખી શકાય? ન બને, ભાઈ! એ વસ્તુમાં નથી. પછી કહેશે.

'**સર્વજ્ઞ નથી તેઓ પોતાની બુદ્ધિથી અનેક કલ્પના કરી કહે છે.**' આ તો વસ્તુ જ એવી છે ત્યાં.. જોઈ છે ભગવાને એવી અને એના જાણનારા એમ જોવે છે. જેણે આવું જાણ્યું નથી એ ભગવાન આત્માને અનેક પ્રકારે કલ્પે. '**તેમાંથી વેદાંતી, મીમાંસક,...**' કર્મને એકલા માનનારા. '**સાંખ્ય,...**' કૂટસ્થ (માનનારા), '**યોગ,...**' બહારની ક્રિયાનો યોગ '**બૌદ્ધ, ક્ષણિક નૈયાયિક,...**' ક્ષણે ક્ષણે એકલો ભેદ રૂપે જ માનનારા, '**વૈશેષિક,...**' વિશેષ દશાને માનનારા. '**ચાર્વાક...**' બિલકુલ નહિ માનનારા. '**આદિ મતોના આશય લઈ આઠ પ્રકાર તો પ્રગટ કહ્યાં; અને અન્ય પણ પોતપોતાની બુદ્ધિથી અનેક કલ્પના કરી અનેક પ્રકારે કહે છે તે ક્યાં સુધી કહેવા?**' જેને અંદરમાં બાહ્યમાં પંચ મહાવ્રત પાળતો હોય પરિણામમાં, અઠ્યાવીશ મૂળગુણ ચોખ્ખા હોય, પણ ઊંડામાં એને એ અઠ્યાવીશ મૂળગુણનું પાલન વિકલ્પ તે મારી ચીજ છે એમ જાણનારા એ બધા દુર્બુદ્ધિઓ આત્માને એવી રીતે કલ્પી રહ્યા છે. એમ કહે છે.

'**એવું કહેનારા સત્યાર્થવાદી કેમ નથી કહે છે :-**' ૪૪.

ભાષા જુઓ! પુદ્‌ગલ દ્રવ્ય પરિણામથી નિષ્પન્ન. ભાષા જુઓ! એ સ્વભાવથી નિષ્પન્ન નથી એમ કહેવું છે આમાં.

**एदे सव्वे भावा पोग्गलदव्वपरिणामणिप्पण्णा।**
**केवलिजिणेहिं भणिया कह ते जीवो त्ति वुच्चंति।।४४।।**

**પુદ્‌ગલ તણા પરિણામથી નીપજેલ સર્વે ભાવ આ**
**સહુ કેવળીજિન ભાખિયા, તે જીવ કેમ કહો ભલા? ૪૪.**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સહુ શબ્દ એટલે ઓલા ભાવ ઉપર જાય છે. સહુ શબ્દ પડ્યો છે ને? ઓલા ભાવ ઉપર. સમજાણું કાંઈ? આ તો શબ્દ ઉઠ્યો. સહુ કેવળીજિન કીધું ને, ભાઈ! બધા જ કેવળીજિન પણ સહુ ઓલા ઉપર જાય છે.

હવે એની ટીકા. '**આ...**' એટલે હયાતી તો છે. '**આ...**' એટલે છે તો ખરા. '**અધ્યવસાય...**' આઠ બોલ કહ્યા હતા ને આઠ? રાગ-દ્વેષના મેલારૂપ અધ્યવસાયની બુદ્ધિ, સંસરણ કરતી ક્રિયારૂપી જે કર્મ એવા એવા આઠ બોલ કહ્યા હતા ને? એ '**અધ્યવસાનાદિ ભાવો છે...**' છે પાછા, હોં! છે. વેદાંતની જેમ નથી જ કાંઈ એમ નહિ. એક આત્મા જ છે અને બીજું નથી એમ નહિ. છે. આહાહા..! '**છે તે બધાય,...**' સમજાણું કાંઈ? એક વાત.

'**વિશ્વને (સમસ્ત પદાર્થોને) સાક્ષાત્ દેખનારા ભગવાન...**' વિશ્વ નામ સમસ્ત પદાર્થ, હોં! વિશ્વ એટલે એકલું જગત આ ચૌદ બ્રહ્માંડ એમ નહિ. વિશ્વ એટલે બધું. સારું જગત અને લોક, અલોક. '**વિશ્વને (સમસ્ત પદાર્થોને) સાક્ષાત્ દેખનારા...**' જુઓ! વિશ્વને સાક્ષાત્ દેખનારા. ભાષા એમ લીધી છે, હોં! લોકાલોક વિશ્વ જે આખું છે એને વિશ્વને સાક્ષાત્ દેખનારા. અરિહંત લેવા છે. પાછા કહે છે એમ લેવું છે ને. સિદ્ધ લેવા નથી. ભગવાન અરિહંત પરમેશ્વર, અરિહંત પરમેશ્વર સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર અરિહંત જે સાક્ષાત્ વિશ્વને દેખનારા. વિશ્વ ચક્ષુ. ભગવાનની આંખ્યું સારા વિશ્વને જોનારી. કેવા? '**વિશ્વને સાક્ષાત્ દેખનારા...**' પરિપૂર્ણ પ્રત્યક્ષ દેખનારા. '**ભગવાન (વીતરાગ સર્વજ્ઞ) અર્હંતદેવો વડે,...**' અહીં કહેવું છે ખરું ને? '**અર્હંતદેવો વડે, પુદ્ગલદ્રવ્યના પરિણામમય...**' પાઠમાં એમ કહ્યું હતું '**पोग्गलदव्वपरिणामणिप्पण्णा**' પાઠમાં એમ કહ્યું હતું કે રાગાદિ, પુણ્ય-પરિણામ આદિ શુભાશુભભાવ આદિ પુદ્ગલ પરિણામથી નિષ્પન્ન. અહીંયાં કહ્યું, '**પુદ્ગલદ્રવ્યના પરિણામમય...**' એ પુદ્ગલદ્રવ્યના પરિણામમય. સમજાણું કાંઈ? આમ સ્વભાવમય નથી એથી એ બધા પુદ્ગલ પરિણામમય આ બાજુ નાખ્યું છે. સમજાણું કાંઈ? એ દયા, દાન, વ્રતના પરિણામ પુદ્ગલમય પરિણામ એમ કહે છે અહીં. આહાહા..! રાડ નાખે છે કે નહિ?

ભાઈ! અહીં તો પ્રભુ ચૈતન્ય સ્વભાવનો પીંડલો છે પ્રભુ. ચૈતન્ય સ્વભાવનો પિંડ પ્રભુ. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ શાંતિ. શાંતિ એટલે ચારિત્ર. એવા પૂર્ણ સ્વભાવ, અખંડ સ્વભાવ, એક સ્વભાવનો પિંડ આત્મા છે. એનાથી ઉત્પન્ન થયેલા આ નથી. એ તો પુદ્ગલ પરિણામ '**णिप्पण्णा**' પુદ્ગલપરિણામથી નિષ્પન્ન અથવા પુદ્ગલ, શરીર અથવા પુદ્ગલ પરિણામ ઉદય, પુદ્ગલ પરિણામ કર્મનો જે ઉદય. સમજાય છે? એ ઉદયથી નિષ્પન્ન રાગ-દ્વેષ, ઉદયથી નિષ્પન્ન શરીર, ઉદયથી આ બધું વગેરે. તીવ્ર-મંદ અંત ન આવે એવા પરિણામ, ભોક્તાપણું રાગ-દ્વેષનું, હરખ-શોકનું. સમજાણું? એ બધા કર્મનો ઉદય જે છે વસ્તુ જડ, એનાથી ઉત્પન્ન થયેલા વિકારો. પુદ્ગલ પરિણામથી નિષ્પન્ન થયા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

'**પુદ્દલદ્રવ્યના પરિણામમય...**' આ બાજુ નાખ્યું. ભગવાન ચૈતન્યના પિંડમાં એ ક્યાં છે? વસ્તુ જે વિજ્ઞાનઘન પરિપૂર્ણ સ્વભાવ શક્તિ સત્ત્વ, એમાંથી ઉત્પન્ન ક્યાં (થયા) છે? એટલે દ્રવ્ય સ્વભાવમાં નથી તેથી પર પુદ્ગલના પરિણામમય એને કહેવામાં આવ્યા છે. '**પુદ્ગલ દ્રવ્યના પરિણામમય...**' અહીં તો અભેદ કરી નાખ્યું. ઓલામાં તો પુદ્ગલ પરિણામ નિષ્પન્ન કહ્યું. ઉદયથી નિષ્પન્ન '**કહેવામાં આવ્યા...**' છે. જોયું! '**प्रज्ञप्ताः**' છે ને? '**प्रज्ञप्ताः**' સંસ્કૃત છે. '**पुद्गलद्रव्यपरिणाममयत्वेन प्रज्ञप्ताः**' આ તો '**प्रज्ञप्ताः**' કેમ લીધું? ઓલું તમારે પૂછયું હતું ને? એટલે આ શબ્દ આમાં આવે છે. '**प्रज्ञप्ताः**' ભાઈ! સમજ્યાને? કહેવાયેલા. કહેવામાં આવ્યા. બે ઠેકાણે આવશે હોં! હજી. '**प्रज्ञाप्यमानं**' પાછું ત્યાં આવશે આગળ. સંસ્કૃત. કો'ક કો'ક શબ્દ મેળવીએ. બધું આપણને સંસ્કૃત-બંસ્કૃત નથી આવડતું. એ પંડિતોને આવડે છે બહુ. આપણે ઓલા શબ્દની સાથે સંધિ કેમ થાતી હોય એ (મેળવીએ).

આ તો કહે છે કે '**પુદ્ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા...**' ભાષા એમ છે ને? કારણ કે અરિહંત લેવા છે. સિદ્ધ એકલું જાણે છે એમ લેવું નથી. અહીં તો પાછા જાણીને કહેનારા લેવા છે. એટલી વિશેષતા છે. કહેનારા એ વાણી કહેનારા હોય, સર્વજ્ઞ હોય એને કહેનારા હોય, એમ. એને '**प्रज्ञप्ताः**' કહ્યું છે. એને કહ્યું. '**અરિહંતદેવો વડે, પુદ્ગદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા...**' આહાહા..! જુઓ તો ખરા! ભગવાને જાણ્યા અને વાણીમાં એમ આવ્યું, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**કહેવામાં આવ્યા હોવાથી,...**' ભગવાને સર્વજ્ઞપણે જાણ્યું તો ખરું. સાક્ષાત્ દેખનારા એમાં આવી ગયું. સાક્ષાત્ દેખનારામાં આત્મા આવો પરિપૂર્ણ શુદ્ધ છે અને રાગાદિ પુદ્ગલ છે એમ બધું જાણવામાં આવી ગયું. હવે એની વાણીમાં આમ આવ્યું. સમજાણું કાંઈ? પૂર્ણ સાક્ષાત્ વિશ્વને દેખનારા એમાં તો બધું આવી ગયું. પુણ્ય-પાપના પરિણામ પુદ્ગલમય દેખ્યા, ભગવાનને જ્ઞાનમય પરિપૂર્ણ દેખ્યો. એમ સર્વ વિશ્વને પૂર્ણ દેખનારા એમણે કહ્યું. એમણે '**પુદ્ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી,...**' ઓલા વેદાંતીની જેમ નથી કહ્યું કે અપુરુષેય વાક્ય છે, એમ કહે છે ને એ? એ માટે સિદ્ધ કરે છે કે ના, વાક્ય અહીં પુરુષ મુખથી નીકળેલાં છે. શશીભાઈ! આ તો ભાઈ આચાર્યોની વાણી તો અલૌકિક વાતું છે ને! ઓલા કહે અપુરુષેય વાણી હોય, અદ્ધરથી વાણી. એમ હોય નહિ કોઈ દિ'. અર્હંત સર્વજ્ઞોએ પૂર્ણ જાણ્યું અને એમની વાણી નીકળી છે. મુખમાંથી. આહાહા..! કેટલું સમાવે છે ને! ગજબ! એમના અનુભવની દશાની તો ઠીક પણ ક્ષયોપશમની દશા કોઈ અલૌકિક વાત છે. એ વાતને મૂકવી એમાં કેટલો ભાવ આમ સમાડી દે છે. આવી જાય છે હોં! સહજ એને એ તો. એવી વસ્તુસ્થિતિ છે. આહાહા..! સમજાણું?

'**અર્હંતદેવો વડે,...**' એમ છે ને? '**अर्हद्भिः**' એમ શબ્દ છે ને? સંસ્કૃતમાં જુઓ. '**अर्हद्भिः**' એમ છે. એ '**વડે, પુદ્ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી...**'

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ વડે દ્વારા કહેવામાં આવ્યા છે. પુરુષની વાણી છે. પ્રમાણ પુરુષની વાણી છે. પ્રમાણ આપ્તપુરુષની વાણી છે. પ્રમાણ કરવા લાયક પુરુષ છે એની એ વાણી છે. આહાહા..! સમજાણું કાંઈ? '**તેઓ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી...**' તેઓ એટલે પુણ્ય-પાપના ભાવ, શરીર, રાગ મંદ, તીવ્ર-મંદ આદિ ક્રિયા કર્મની. '**તેઓ ચૈતન્યસ્વભાવમય...**' ઓલામાં '**પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય...**' એમ કહ્યું હતું. એ '**ચૈતન્યસ્વભાવમય એવો જીવદ્રવ્ય...**' ઓલા પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી તેઓ ચૈતન્યસ્વભાવમય જ્ઞાનસ્વભાવ, દર્શનસ્વભાવ, આનંદસ્વભાવમય એવું જે જીવદ્રવ્ય, ચૈતન્યસ્વભાવમય એવું જે જીવદ્રવ્ય એ પુણ્ય-પાપના પરિણામ થવા સમર્થ નથી. જીવદ્રવ્ય પુણ્ય-પાપના પરિણામ ચૈતન્ય સ્વભાવમય જીવદ્રવ્ય એ પુણ્ય-પાપના પરિણામ ચૈતન્ય સ્વભાવમય જીવદ્રવ્ય થવા લાયક નથી. સમજાણું કાંઈ?

શાંતિથી 'સમયસાર'નો સ્વાધ્યાય કરે ને ધીરેથી, આ તો પોતાની કલ્પિત વાતું ધારી હોય એમાંથી પાછા અર્થ કર્યા કરે. પણ આમાં શું છે એમ જરી નજર કરીને કરે ને તો એને કાંઈક હાથ લાગે. ઠીક થઈ જાય. તો આ વાદવિવાદ પણ ટળી જાય. કારણ કે આ શું કહેવા માગે છે? શું કહેવા માગે છે? મને બેઠું છે એ રીતે આને ગોઠવવા માગે તો એને એવું લાગે કે એ તો આમ છે.. આમ છે... આમ છે.. જુઓ! એ કર્મને લઈને વિકાર થાય. એમ હું નહોતો કહેતો તમને પહેલા? જુઓ એ આવ્યું આમાં. એ બેસાડે. અહીં કઈ અપેક્ષા કહે છે. અમે તમને નહોતા કહેતા પહેલેથી કે કર્મથી વિકાર થાય, કર્મથી વિકાર થાય? આ કઈ અપેક્ષાએ કહેવા માગે છે? ભાઈ! એ વિકારના પરિણામ છે તો એની પર્યાય. પણ દ્રવ્ય સ્વરૂપમાંથી ઉત્પન્ન થાય એવી ચીજ એ નથી. તેથી દ્રવ્ય સ્વભાવમય વિકાર થવાને લાયક નથી. માટે તે વિકાર પુદ્‌ગલદ્રવ્ય પરિણામ આ અપેક્ષાએ કહેવામાં આવ્યા છે. સમજાણું કે નહિ આમાં? આહાહા..!

મુનિઓ સ્વાધ્યાય અને ગોષ્ઠી કરતા હશે. બે-પાંચ ભેગા થઈને. આનંદ... આનંદ... આનંદ... આહાહા..! ચૌદ પૂર્વ અને બાર અંગને ઉતારતા હોય. આમ છે ને આમ છે. સમસ્વભાવી વીતરાગી મુનિ હોય છે. એ ચર્ચા વાદમાં વીતરાગીભાવ હોય છે. એમાં કોઈને પાછા પાડવા એમ તો કાંઈ છે નહિ. અને એ ગોષ્ઠી ચાલતી હોય.. આહાહા...! જુઓને, ૩૩ સાગર સુધી સ્વાધ્યાય કરે. ખાવા-પીવાનું ન મળે, બાયડી ન મળે, ભોગ ન મળે, કાંઈ ન મળે. સાંજે ખાટલા પાથરવા અને સવારે ઉપાડવા એવું ન મળે એને. સાંજે સૂવે ત્યારે ખાટલા પાથરેને સૂવાના? આ માણસને સાંજે સૂવે ત્યારે પાથરેને આ? શું કહેવાય આને? અને સવારે પાછા ઉપાડવા પડે. એવું એને નથી ત્યાં. આખો દિ' કાંઈ આવું નથી એમ કહેવું છે. નથી રાંધવું, નથી બાયડી, નથી છોકરા, નથી શણગાર, એને પહેરાવવા, નવરાવવા. ૩૩ સાગર ગોષ્ઠી કરે. આહાહા...! તરબોળ-તરબોળ. છેવટે વિકલ્પ તોડીને કેવળ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પામશું ત્યારે પૂરું થશે. આહાહા..! સમજાય છે?

કહે છે, એ પુણ્ય-પાપના ભાવ... આપણે શુભ-અશુભભાવથી વધારે ઉપાડીએ છીએ. અને એનું ભોગવવું હરખ-શોક અને શરીરાદિ બધું. એ ચૈતન્ય સ્વભાવમય જીવદ્રવ્ય. જુઓ! જીવદ્રવ્ય એટલે ચૈતન્યસ્વભાવમય. એવું જીવદ્રવ્ય થવા પુણ્ય-પાપના ભાવ સમર્થ નથી. '**કે જે જીવદ્રવ્ય...**' '**સમર્થ નથી કે જે જીવદ્રવ્ય...**' પદાર્થ ભગવાન આત્મા '**ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્ગલદ્રવ્યથી...**' અહીં પુદ્ગલ લઈ લીધું. ઓલા પુદ્ગલ દ્રવ્યના પરિણામ કહ્યાં હતા, પાઠમાં કહ્યો હતો '**पोग्गलदव्वपरिणामणिप्पण्णा**' પુણ્ય-પાપ. અર્થમાં કહ્યું, '**પુદ્ગલદ્રવ્યના પરિણામમય...**' અહીંયાં કહ્યું પુદ્ગલ. આખું કહી દીધું. એ પુણ્ય અને પાપ આદિ... એ પહેલા પણ આવી ગયું હતું, ભાઈ! ૭૫મી ગાથામાં. એ આમ જ આવ્યું. ૭૫માં આમ આવ્યું છે. આવા જ શબ્દો આવ્યા છે. ૭૫મી ગાથા શરૂ કરીને? કર્તાકર્મની... મને ખ્યાલ છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે જે '**ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી...**' ત્રણ કાળ ત્રણ લોકમાં. પુણ્ય-અને પાપ વ્યવહાર રત્નત્રયના વિકલ્પો આદિ. એ જીવ દ્રવ્ય થવા સમર્થ નથી. કેમકે ચૈતન્ય સ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી. '**કે જે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય...**' કોણ? ઓલા પુણ્યપાપના ભાવ, ચૈતન્યભાવથી શૂન્ય. પુણ્ય અને પાપના ભાવ, શરીર, વાણી તો હોય પણ શુભરાગાદિ જે ભાવ, એ ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્ગલદ્રવ્ય એ રાગ. એ '**પુદ્ગલદ્રવ્યથી અતિરિક્ત...**' ચૈતન્યભાવથી ખાલી એવા જે પુદ્ગલદ્રવ્ય રાગાદિ એનાથી '**(ભિન્ન) કહેવામાં આવ્યું છે;...**' '**કે જે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્ગલદ્રવ્યથી અતિરિક્ત (ભિન્ન) કહેવામાં આવ્યું છે;...**' જુઓ ભાષા. '**प्रज्ञाप्यमानं**' એમ છે. જુઓ! બીજી લીટીમાં છેલ્લે. '**प्रज्ञाप्यमानं**' '**द्रव्यदतिरिक्तत्वेन प्रज्ञाप्यमानं**' આહાહા..! સમજાણું કાંઈ? બીજી લીટી છેલ્લી. સંસ્કૃત, સંસ્કૃત. સંસ્કૃતમાં લીધું છે. આ ગુજરાતી છે. તમારે છે? ૯૨ પાનું છે આમાં. ૯૨ પાનું છે.

કહે છે... કેટલી વાત મૂકે છે ટૂંકામાં! પણ આમ ... ચૈતન્ય સૂર્ય સ્વભાવી આત્મા, એ રાગરૂપે થઈ શકવાને કેમ સમર્થ હોય? અથવા '**તેઓ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા...**' તેઓ. રાગ તે ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા કેમ સમર્થ છે? એનામાં સામર્થ્ય નથી એમ કહે છે. પુણ્ય-પાપના ભાવ, દયા-દાન વિકલ્પનો ભાવ એ ચૈતન્યભાવ સ્વરૂપ એવું જીવદ્રવ્ય થવાને એ સમર્થ નથી. સમજાણું કાંઈ? જ્ઞાનથી શૂન્ય એવા પુણ્ય-પાપના ભાવથી અચેતન છે. એ અચેતનભાવ ચૈતન્યભાવ સ્વરૂપ જે જીવદ્રવ્ય થવા સમર્થ છે નહિ. અચેતનભાવ એ ચૈતન્યભાવ સ્વભાવસ્વરૂપ એવું જીવદ્રવ્ય થવાને એ સમર્થ નથી. સમજાણું કાંઈ?

'**..થવા સમર્થ નથી કે જે જીવદ્રવ્ય...**' હવે કેવું છે? '**ચૈતન્યભાવથી શૂન્ય એવા...**' રાગાદિ ભાવ એવા જે પુદ્ગલદ્રવ્ય, રાગાદિ ભાવ જે પુદ્ગલદ્રવ્યથી એ જીવદ્રવ્ય ભિન્ન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહેવામાં આવ્યું છે. ભગવાને તો તેનાથી ભિન્ન પરમાત્માએ કહ્યું છે. આહાહા..! પાઠમાં છે ને? '**केवलिजिणेहिं भणिया**'. પાઠ ખરો ને? '**केवलिजिणेहिं भणिया**' '**भणिया**' કીધું છે ને? જાણ્યા તો એકલા ભગવાન નથી લેવા એ તો અરિહંત લેવા છે. એથી કાઢ્યું છે. શબ્દ અરિહંત અને '**अर्हद्भिः**' એ દ્વારા એ પાઠમાંથી કાઢ્યું છે. '**केवलिजिणेहिं भणिया**' એમ કહ્યું છે ને? સમજાણું કાંઈ?

'**એવા પુદ્‌ગલદ્રવ્યથી અતિરિક્ત (ભિન્ન) કહેવામાં આવ્યું છે;...**' બસ! આ વાત સિદ્ધ કરી છે. અહીં જીવ-અજીવની વ્યાખ્યા ચાલે છે કે નહિ? જીવ ચૈતન્ય સ્વભાવમય જીવ. તે રાગ અચેતનભાવવાળા. તે અચેતનભાવવાળા ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી. અને જે જીવદ્રવ્ય, ચૈતન્યભાવથી શૂન્ય એવા રાગાદિ પુદ્‌ગલદ્રવ્ય, એનાથી ચૈતન્ય સ્વભાવી જીવદ્રવ્યને જુદું કહેવામાં આવ્યું છે. આનામાં સમર્થ નથી અને એનાથી આ જુદું કહ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! હજી તો શુભભાવ ક્ષાયિક સમકિત કરે (એમ કહે છે). અરે..! ભગવાન! શું કરે છે આ? શુભરાગ તો અચેતન છે. કેમ કે જ્ઞાન ચૈતન્યના સૂર્યનો અંશ નથી. ચૈતન્ય સ્વભાવમય પ્રકાશમય પુંજ પ્રભુ આત્મા, પ્રકાશમય પુંજ પ્રભુ આત્મા. રાગ તો અંધકાર છે. રાગ પ્રકાશમય થવાને સમર્થ નથી. પ્રકાશમય જીવદ્રવ્ય રાગ થવાને સમર્થ નથી. અને જે રાગ ચૈતન્યસ્વભાવથી શૂન્ય એવા પુદ્‌ગલદ્રવ્ય, એનાથી જીવદ્રવ્યને જુદો કહેવામાં આવ્યો છે. કહો, સમજાય છે? આ રીતે અંદરમાં ભાન થવું તેને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! .. શાલીરામ. ઈ બહુ પૂછતા. મધ્યસ્થથી થોડું સાંભળેને. મધ્યસ્થથી કે શું (કહેવા માગે છે). પહેલેથી ભડકતા હોય, ભડકતા હોય કે આ વ્યવહારનો લોપ કરે છે, નિમિત્તને માનતા નથી. અને ક્રમબદ્ધ માને. આ ત્રણ પકડ્યા. ભગવાન! પણ શાંતિ તો કર, બાપા! ધીરેથી તો જો. એ ત્રણે એમ જ સિદ્ધ થઈ જશે.

'**માટે જેઓ આ અધ્યવસાનાદિકને જીવ કહે છે...**' લ્યો! '**માટે જેઓ આ...**' પુણ્ય-પાપના ભાવને, પુણ્ય-પાપની એકતાને, શરીરને, મંદ-તીવ્ર પરિણામ રાગના રહ્યા જ કરે એનો અંત આવે ને છૂટો પડે આત્મા એવો નથી એમ જે કહે છે, '**તેઓ ખરેખર પરમાર્થવાદી નથી...**' એ ખરેખર સાચા નથી. હીરાભાઈ ગયા છે, નહિ? ઓલું પરમાર્થથી યાદ આવ્યું. એ પરમાર્થ-પરમાર્થ કરે છે ને બહારનું એટલે. સમજાણું કાંઈ? આ લોકોમાં પરમાર્થ કરવો એ પરમાર્થ. લોકો એમ માને. પરમાર્થવાદી-પરમપદાર્થવાદી, પરમપદાર્થ સ્વરૂપ એના જાણનારા. એવા પરમાર્થવાદી એને (એવા લોકોને) પરમપદાર્થને જાણનારા એને કહેતા નથી.

'**કેમ કે...**' હવે કારણ આપે છે. પુણ્ય-પાપના ભાવ, દેહની ક્રિયા આત્માને લાભ કરે એવું માનનારા તે પરમાર્થવાદી નથી. '**કેમકે આગમ, યુક્તિ અને સ્વાનુભવથી તેમનો પક્ષ બાધિત છે.**' જુઓ! કઈ રીતે સિદ્ધ કરે છે! ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ સંત,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુનિ, મહંત છે. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલનારા ભૂમિકામાં બિરાજમાન છે. આહાહા..! એ કરુણાથી વિકલ્પ ઉઠ્યો છે ને. કહે છે કે **'આગમ, યુક્તિ અને સ્વાનુભવથી તેમનો પક્ષ...'** કે રાગ, પુણ્યાદિ આત્મા છે અને એનાથી લાભ આત્માને થાય છે એવો પક્ષ બાધિત છે, વિરોધ છે, બાધા ઊપજે છે, વિઘ્ન થાય છે. ચૈતન્યને સમજવામાં વિઘ્ન નાખે છે. માટે એનો પક્ષ સાચો નથી. એક વાત.

**'તેઓ જીવ નથી'** અહીં તો **'जिणेहिं भणिया'** કહ્યું હતું ને? **'केवलिजिणेहिं भणिया'**. હવે એનો વિસ્તાર ચાલે છે. **'તેઓ જીવ નથી એવું આ સર્વજ્ઞનું વચન છે તે તો આગમ છે..'** આગમ એને કહીએ. સર્વજ્ઞની વાણીને આગમ કહીએ. કલ્પનાવાળો કહે, શાસ્ત્ર માને કે આને શાસ્ત્ર (કહેવાય). એમ ન હોય. **'તેઓ જીવ નથી એવું આ સર્વજ્ઞનું વચન છે તે તો આગમ છે...'** સર્વજ્ઞના જાણવામાં તો આવ્યું. .. કહીને પણ વાણીમાં આવ્યું એ વાણી આગમ છે. એ આગમ એમ કહે છે કે પુણ્ય-પાપના ભાવ એ જીવ નથી, શુભ-અશુભ રાગ એ જીવ નથી, પંચ મહાવ્રતના પરિણામ ભક્તિ, પૂજાનો રાગ એ જીવ નથી. આહાહા..! ભારે જગતને. **'એવું આ સર્વજ્ઞનું વચન છે તે તો આગમ છે...'** હોં! સમજાણું? **'सर्वज्ञवचनं तावदागमः' 'एतदेव सर्वज्ञवचनं तावदागमः'** સંસ્કૃત છે. જીવ નથી. એ તું નથી. એ પુણ્ય-પાપ વિકલ્પમાં આત્મા નથી. એમ વીતરાગનું વચન છે. આહાહા..! સર્વજ્ઞે જાણેલું, જોયેલું એનું આ વચન છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કરે છે ને.

મુમુક્ષુ :- સર્વજ્ઞના આવા જ વચનો હોય.

ઉત્તર :- વચનો આવા હોય અને આગમમાં એ હોય. આગમમાં એ હોય. એનું વચન જ આગમ છે. અહીં તો એ જ આગમ કહ્યું. ઓલું તો સ્વાનુભવસહિત યુક્તિ કહેશે હવે. આગમ તો આ જ છે. સ્વાનુભવસહિત, અનુભવસહિત યુક્તિને બેને એક કહેવી. સમજાણું કાંઈ? એ આગમ છે અને એ આગમ કીધું. આગમ અને ભગવાનની વાણી આગમ. એટલે ભગવાનના જ્ઞાનમાં એમ આવ્યું છે અને વાણીમાં એમ આવ્યું છે. દેવ એમ કહે છે, દેવે જાણ્યું છે અને આગમમાં એમ આવ્યું છે. પુણ્ય-પાપના વિકલ્પો એ જીવસ્વરૂપ નથી. તે ચૈતન્યસ્વભાવ જીવદ્રવ્ય થવાને લાયક નથી માટે જીવદ્રવ્ય નથી. માટે કહેનારા જૂઠા છે. શુભાશુભ પરિણામ આદિને માનનારા જૂઠા છે. એને સ્વાનુભવ યુક્તિ આપશે હવે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૧૦, મંગળવાર તા. ૨૨-૧૧-૬૬**
**ગાથા-૪૪, પ્રવચન-૧૦૯**

જીવ-અજીવ અધિકાર 'સમયસાર'નો ચાલે છે. એમાં જીવ કેવો છે અને એને જાણ્યે આત્માને આત્મધર્મ થાય. અને શી રીતે જીવમાં અજીવપણું નથી. જીવમાં જીવસ્વભાવપણું છે અને એ જીવમાં પુણ્ય-પાપ આદિ વિકલ્પો જે રાગાદિ છે તે ખરેખર અચેતન સ્વભાવે છે. તેથી એ જીવસ્વભાવમાં નથી. એવા ચૈતન્ય સ્વભાવી આત્માનું અંતર દર્શન થઈને, પ્રતીત થઈને અનુભવ થાય એણે આત્મા જાણ્યો, એણે આત્મા અનુભવ્યો અને એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ધર્મ થયો. સમજાણું કાંઈ?

અહીંયાં કેટલાક અજ્ઞાની આત્માનો વાસ્તવિક-તાત્ત્વિક સ્વભાવ ન જાણતા અધ્યવસાયાદિ પુણ્ય-પાપની વિકલ્પ દશા, એની એકત્વબુદ્ધિ અથવા પુણ્ય-પાપના ભાવ કે શરીરાદિ બધા એ બધું આત્મા છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ, ચૈતન્યના તાત્ત્વિક લક્ષણને નહિ જાણનારા '**क्लीव**' એટલે નપુંસકપણે પોતાના વીર્યને વિકારમાં પોતાપણું માનીને પડ્યા છે એ '**क्लीव**' છે-નપુંસક છે. આત્માના ચૈતન્યની વીર્યની સ્ફૂરણા રહિત છે. એને અહીંયાં મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની દુઃખદૃષ્ટિવાળા કહ્યા છે. સમજાય છે કાંઈ? ૪૪ ફરીને લઈએ. ટીકા. ટીકા છે ને ૪૪ની?

'**આ અધ્યવસાનાદિ ભાવો છે...**' પુણ્ય અને પાપના ભાવ અને એમાં એકત્વબુદ્ધિ એવા ભાવો છે. જગતમાં છે. '**તે બધાય, વિશ્વને (સમસ્ત પદાર્થોને) સાક્ષાત્ દેખનારા ભગવાન...**' વિશ્વ શબ્દે ભગવાન આત્માનો સ્વભાવ અને વિકારી આદિ અચેતન ભાવ એ બધાને સાક્ષાત્ દેખનારા ભગવાન '**અર્હંતદેવો વડે, પુદ્ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી,...**' એ શુભ અને અશુભ રાગ એ ચૈતન્ય સ્વભાવથી રહિત ભાવ (છે) તેથી તેને પુદ્ગલમય પરિણામ કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ?

'**અર્હંતદેવો વડે,...**' સાક્ષાત્ ભગવાને પોતાનો આત્મા પૂર્ણ જાણ્યો અને બીજાના આત્માઓ પણ એમણે સાક્ષાત્ પ્રત્યક્ષ દેખ્યા. અને તે આત્માની બહારના રાગાદિ ભાવ પણ ભગવાને અચેતન દેખ્યા. એ ભગવાને '**પુદ્ગલદ્રવ્યના પરિણામમય...**' એ ભગવાન આત્મા તો ચૈતન્ય સ્વભાવમય આત્મા (છે), ત્યારે પુણ્ય-પાપના ભાવ આદિ એ પુદ્ગલમય પરિણામ જડના. સમજાણું કાંઈ? કહેવામાં આવ્યા છે. ભગવાન દ્વારા આમ કહેવામાં આવ્યું છે. ભગવાન... બે વાત લીધી. એક તો જાણ્યું છે, દેખ્યું છે અને કહ્યું છે. બે વાત લીધી. ભગવાનના જ્ઞાનમાં સાક્ષાત્ ચૈતન્ય પ્રભુ, ચૈતન્ય સ્વભાવી આત્મા જોયો અને રાગાદિ અચેતન સ્વભાવી પુદ્ગલમય પરિણામ જોયા. એ જોયા એવા કહ્યાં. સમજાણું કાંઈ?

'**તેઓ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી...**' શુભરાગ, અશુભરાગ કે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મિથ્યા અધ્યવસાય એ ચૈતન્ય સ્વભાવમય જીવદ્રવ્ય, જ્ઞાયક ચૈતન્ય સ્વભાવમય જીવદ્રવ્ય, એ પુણ્ય-પાપના પરિણામ ચૈતન્ય સ્વભાવમય જીવદ્રવ્ય થવાને લાયક નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવમય આત્મા, એનાથી વિરૂદ્ધ જે પુણ્ય-પાપના દયા, દાન, વ્રત, ભક્તિ આદિના શુભાશુભ વિકલ્પો એ ચૈતન્ય સ્વભાવમય જીવદ્રવ્ય થવાને સમર્થ નથી. સમજાણું કાંઈ?

'**કે જે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્‌ગલદ્રવ્યથી...**' પહેલાં શુભાશુભભાવને પુદ્‌ગલદ્રવ્યના પરિણામ કહ્યાં હતા. એને અહીંયાં પુદ્‌ગલદ્રવ્ય કહી દીધું. સમજાય છે કાંઈ? '**કે જે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્‌ગલદ્રવ્ય...**' એ પુણ્ય અને પાપ, શુભ અને અશુભ રાગ એ ચૈતન્યભાવથી શૂન્ય છે. જાણક પ્રકાશસ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવ સૂર્યના કિરણો જે પ્રકાશ છે એનાથી પણ એ પુણ્ય-પાપના ભાવ શૂન્ય છે. સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ ચૈતન્યભાવથી શૂન્ય પુદ્‌ગલદ્રવ્ય પરિણામ છે. કેમકે ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ સૂર્ય એવી ચૈતન્યતાનો અંશ જેના રાગમાં નથી. એટલે વ્યવહારરત્નત્રયાદિના વિકલ્પો એ ચૈતન્યભાવથી શૂન્ય છે. એવા પુદ્‌ગલદ્રવ્ય છે ઈ. આહાહા..! એનાથી અતિરિક્ત જીવને કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

ચૈતન્ય જાણક સ્વભાવ એવો જે જીવદ્રવ્ય અને એ ચૈતન્ય સ્વભાવથી શૂન્ય એવા જે પુદ્‌ગલ, પુણ્ય-પાપના વિકલ્પ અને રાગાદિ ભાવ એ ચૈતન્ય સ્વભાવથી શૂન્ય જે પુદ્‌ગલદ્રવ્ય એનાથી ભિન્ન ભગવાન આત્માને કહ્યો છે. કહો, સમજાણું કાંઈ? એમ અંતર આત્મામાં પુદ્‌ગલના, વિકલ્પના પરિણામથી ભિન્ન દૃષ્ટિમાં, અનુભવમાં આવવો એને આત્માને જાણ્યો અને આત્માને અનુભવ્યો એને ધર્મ કહેવામાં આવે છે. ભારે ઝીણું, ભાઈ! કહો, સમજાણું આમાં?

'**માટે જેઓ આ અધ્યવસાનાદિકને જીવ કહે છે...**' આ કાલે આખું વિસ્તારથી વંચાઈ ગયું છે. આ તો થોડા શબ્દ મેળવવા માટે (ફરીથી લીધું). એ કારણે જેઓ એ પુણ્ય-પાપના વિકલ્પોને, જેનાથી કર્મના બંધન થાય એવા ભાવોને જીવ કહે છે, એને કોઈ જીવ માને છે. અથવા એવા શુભ-અશુભભાવથી આત્માને લાભ માનનારા એને જીવ માને છે. સમજાય છે કાંઈ? ભગવાન ચૈતન્ય સ્વભાવ એવો આત્મા, એને શુભ-અશુભ રાગથી લાભ થાય એમ માનનારા એ શુભરાગને જીવ માને છે. સમજાણું કાંઈ?

'**તેઓ ખરેખર પરમાર્થવાદી નથી...**' આમ માનનારા અને જાણનારા પરમાર્થ તત્ત્વને કહેનારા અને જાણનારા નથી. કહો, સમજાણું આમાં? '**કેમ કે આગમ, યુક્તિ અને સ્વાનુભવથી તેમનો પક્ષ બાધિત છે.**' જે કોઈ ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવસ્વરૂપ આત્મા, ચૈતન્યસ્વભાવ સ્વરૂપ આત્મા, એને પુણ્ય-પાપના રાગવાળો, એ લાભદાયક અથવા એ શુભ-અશુભ પરિણામને આત્મા સાથે એકત્વપણે, અભેદપણે, એકપણે માનનારા જે છે એમનો પક્ષ આગમ, યુક્તિ અને સ્વાનુભવથી બાધિત છે. એની માનેલી વાત આગમથી,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તર્કના ન્યાયથી અને અનુભવથી તે વાત તેની વિરોધ કરે છે. સમજાણું કાંઈ? આગમથી, આગમ પણ રાગને આત્મા કહેતા નથી.

સર્વજ્ઞે આત્માને ચૈતન્યસ્વભાવી જાણ્યો અને રાગને અચેતનસ્વભાવી જાણ્યો અને આગમમાં પણ એમ જ કહેવામાં આવ્યું છે કે ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવી છે એની દૃષ્ટિ કર. રાગભાવી તે પુદ્‌ગલ પરિણામ છે એમ ભગવાને જાણ્યું હતું, એમ એમની વાણીમાં પણ એમ કહેવામાં આવ્યું હતું. એ આગમ અને યુક્તિ તર્ક કહેશે અને સ્વાનુભવથી (વિરૂદ્ધ છે). પુણ્ય-પાપને આત્મામાં લાભરૂપે ખતવે છે. આત્મા જ્ઞાયક ભગવાન આત્મદ્રવ્યમાં એ શુભ-અશુભ રાગને જીવની શક્તિરૂપે અને જીવની દશારૂપે કે જીવના ભાવરૂપે ખતવે છે તેનો પક્ષ વિરોધતાને પામે છે. આગમથી, યુક્તિથી અને અનુભવથી. સમજાણું કાંઈ?

**'તેઓ જીવ નથી એવું આ સર્વજ્ઞનું વચન છે તે તો આગમ છે...'** અહીં સુધી કાલે આવ્યું હતું. તેઓ એટલે આત્માની દશામાં પરને લક્ષે ઉત્પન્ન થતાં (ભાવો). એ દશા જ આત્માની નથી. સમજાય છે કાંઈ? પંચ મહાવ્રતના પરિણામ કે જે ભાવે તીર્થંકરગોત્ર આદિ બંધાય એ ભાવ એ બધા જીવ નથી, જીવનો ગુણ નથી, જીવની પર્યાય નથી. એવું આ સર્વજ્ઞનું વચન છે. ૪૬માં કહેશે કે એને જીવ તો વ્યવહારે દર્શાવ્યો છે. વ્યવહારે જણાવ્યું છે. વાસ્તવિક તત્ત્વ આ છે. સમજાણું કાંઈ?

સર્વજ્ઞના આગમમાં અને સર્વજ્ઞે એને જીવ નથી કહ્યો, એને જીવ નથી જાણ્યો. આહાહા..! અનાત્મા અચેતન છે ઈ. ચૈતન્યના નૂરના પૂર એમાં આવ્યા નથી. ચૈતન્યપ્રકાશનો અંશ એ રાગમાં આવ્યો નથી. રાગ ચૈતન્યની અપેક્ષાએ અચેતન એટલે કે અજીવ છે. સમજાણું કાંઈ? રાડ નાખે છે લોકો. અર..ર..! આ શુભરાગથી તો જીવને સમકિત થાય. શુભજોગથી સંવર થાય, શુભજોગથી સંવર થાય. કહે છે કે, ભાઈ! શુભજોગ રાગ, સર્વજ્ઞે એને ચૈતન્યના સ્વભાવથી ભિન્ન જોયો છે અને એનાથી આત્મા ભિન્ન જોયો છે અને એ અચેતન શુભરાગ આત્મસ્વભાવને લાભપણે થાય એવી એનામાં તાકાત નથી. રાગમાં આત્મસ્વભાવપણે થવું અને આત્મસ્વભાવને શ્રદ્ધા-જ્ઞાનપણે થવું એ શુભરાગમાં તાકાત નથી. આહાહા..! ભારે વાત. રાડ નાખી જાય માણસો. એકાંત છે... એકાંત છે.

ભગવાન! તારું સ્વરૂપ તો સ્વભાવ છે તે એકાંત જ છે. એ જ શુદ્ધ ચૈતન્ય તે જ તારું સ્વરૂપ છે. એવી દૃષ્ટિ જ્યાં સુધી ન કરે ત્યાં સુધી એને સમ્યગ્દર્શન થાય નહિ અને સમ્યગ્દર્શન વિના એને કાંઈ ધર્મ ધૂળેય થાય નહિ. ધૂળે એટલે કે સારા પુણ્ય પણ બંધાય નહિ. સારા પુણ્ય એટલે સમજ્યા ને? તીર્થંગોત્ર આદિ પુણ્ય એ સમ્યગ્દર્શનવાળાને હોય. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળ બીજી, એ જુદી જાત છે. એ જીવ નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ આઠ બોલ જે કહેશે તે કહેવાઈ ગયા અને કહેશે. તે જીવ નથી, જીવનું સ્વરૂપ નથી. જીવનું દ્રવ્ય-ગુણ-પર્યાય એ નથી. આહાહા..! સમજાણું કાંઈ? શુભ અને અશુભ વિકલ્પ, દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાનો રાગ જે છે એ જીવવસ્તુ નથી, એ આત્મા નહિ. આહાહા..! ભગવાન આત્માનો ગુણ નહિ અને આત્માની દશા નહિ. એ તો પુદ્ગલની દશા પરિણામની એને અભેદ તરીકે પુદ્ગલ જ કહી દીધું છે. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા એમાં રાગ નથી અને રાગ તે જીવ નથી એવું સર્વજ્ઞનું વચન છે. જેણે પૂર્ણ બધું જાણ્યું એની વાણી છે. જેણે બધું જાણ્યું એણે જાણ્યું છે કે રાગ જીવ નથી અને જેણે બધું જાણ્યું એની વાણીમાં એમ આવ્યું છે કે પુણ્ય-પાપના ભાવ તે જીવ સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ તો આગમવાણી ભગવાનની છે.

સર્વજ્ઞની વાણી એટલે સર્વજ્ઞ પરમાત્મા એટલે કે જીવનો સ્વભાવ જ જ્યાં સર્વજ્ઞ છે, જીવનો સ્વભાવ જ ચૈતન્ય સ્વભાવ આત્મા એટલે જ્ઞાનસ્વભાવ આત્મા એટલે પૂર્ણ જ્ઞાનસ્વભાવ આત્મા એવો જે સર્વજ્ઞસ્વભાવી આત્મા, એમાંથી પ્રગટેલી સર્વજ્ઞદશા, એણે બધું જાણ્યું ત્યારે એમ બધામાં આવ્યું કે ભગવાન આત્મા તો પુણ્ય-પાપના અચેતન વિકલ્પથી ભિન્ન ચૈતન્ય તત્ત્વ છે. એમ ભગવાને જોયું, જાણ્યું, વાણીમાં એમ આવ્યું. કહો, સમજાણું કાંઈ?

**'અને આ (નીચે પ્રમાણે) સ્વાનુભવગર્ભિત યુક્તિ છે :-'** હવે બે ભેગા નાખે છે. આગમ-યુક્તિ અને સ્વાનુભવમાં આગમ કહ્યું. ભગવાનના જ્ઞાનમાં આવ્યું, વાણી પણ એવી નીકળી. અને સ્વઅનુભવગર્ભિત યુક્તિ છે કે **'સ્વયમેવ ઉત્પન્ન થયેલા એવા રાગ-દ્વેષ વડે મલિન અધ્યવસાય છે...'** એ પુણ્ય અને પાપની એકત્વબુદ્ધિ એવો જે મિથ્યાત્વ અધ્યવસાય **'તે જીવ નથી...'** એ આત્માની જાત નથી, આત્મામાં ભાત એ નથી. કેમ? કે **'કાલિમા (કાળપ)થી જુદા સુવર્ણની જેમ,...'** એણે એમ કહ્યું હતું કે કોલસાની કાલિમા કોલસાથી જુદી ન હોય. એમ પુણ્ય-પાપના મેલા ભાવ એ આત્માથી જુદા ન હોય. કોલસો અને કોલસાની કાળપ બે એક છે. એમ અનાદિના અજ્ઞાની પુણ્ય-પાપના મલિન પરિણામ અને કોલસો એટલે આત્મા. કોલસો અને કાળપપણું બે એક માનનારા છે. એની તર્કમાં એ દૃષ્ટાંત એણે દીધો છે.

ભગવાન કહે કે અમારી યુક્તિ સાંભળ. સુવર્ણ હોય એમાં જે કાળપ દેખાય છે, એ કાળપ એ સુવર્ણથી જુદી છે. તું કોલસા અને કાળપને એક કહે છો. સમજાય છે કાંઈ? એમ નથી. સુવર્ણની જેમ એના અધ્યવસાયથી જુદો શુદ્ધ સ્વભાવ કાળપથી જુદો, મલિન પરિણામ સુવર્ણમાં જે મેલપ દેખાય એ મેલપથી, મલિનથી સુવર્ણ પીળાશ, ચીકાશ, વજનવાળું તત્ત્વ, ચમકતું તત્ત્વ એ સુવર્ણ ચમકતું તત્ત્વ એ મેલા .. થી જુદી ચીજ છે. સમજ્યા? આ યુક્તિ.

**'કાલિમા(કાળપ)થી જુદા સુવર્ણની જેમ, એવા અધ્યવસાનથી જુદો અન્ય**

**ચિત્સ્વભાવરૂપ જીવ...**' એ યુક્તિથી કીધું. '**ચિત્સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે...**' રાગથી ભિન્ન કરીને ચૈતન્યના જ્ઞાન સ્વરૂપને અનુભવનારા સમ્યગ્દ્રષ્ટિ જીવો વડે '**સ્વયં ઉપલભ્યમાન છે...**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યદળ જ્ઞાનરસકંદ ચૈતન્ય ચમત્કાર સ્વભાવથી ભરેલો પ્રભુ એમાં રાગાદિ જીવ નથી એમ ભગવાનની વાણીમાં આવ્યું. યુક્તિમાં પણ સુવર્ણની મેલપ જેમ મેલપથી સોનું જુદું એમ સુવર્ણમય ચૈતન્ય ભગવાન આત્મા, એનાથી પુણ્ય-પાપના મલિન એકત્વબુદ્ધિના પરિણામ તદ્દન ભિન્ન છે. અને તેનું ભેદજ્ઞાન કરનારા જીવો ચિત્સ્વભાવરૂપ જીવ. એ રાગભાવરૂપ જીવ નહિ. એ તો .... ભગવાન જ્ઞાનસ્વભાવરૂપ આત્મા, પૂર્ણ શુદ્ધભાવ, પૂર્ણ જ્ઞાનસ્વભાવ, ચિત્સ્વભાવ, સ્વભાવ ચિત્સ્વભાવરૂપ ભાવ એવો આત્મા એ પુણ્ય-પાપના રાગથી સમ્યગ્દ્રષ્ટિ જીવને '**સ્વયં ઉપલભ્યમાન છે...**' એ રાગની અપેક્ષા વિના જ્ઞાનાનંદનો પ્રત્યક્ષ અનુભવ થાય એ રીતે આત્મા સમ્યગ્દ્રષ્ટિને પ્રાપ્ય છે. સમજાણું કાંઈ?

'**ભેદજ્ઞાનીઓ વડે...**' જ્ઞાનની પ્રધાનતા વર્ણવવી છે ને? તો રાગ જીવ નથી. આ ચૈતન્ય સ્વભાવ ચૈતન્ય સ્વભાવ તે આત્મા છે. એમ બેની એકતા તોડીને બેની ભિન્નતા કરીને ધર્મી એવા ભેદજ્ઞાની દ્વારા '**સ્વયં ઉપલભ્યમાન છે...**' આત્મા પોતે જ પોતાથી પ્રત્યક્ષ થઈને પ્રાપ્ત થાય છે. જુઓ! આ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે. કોઈ કહે ચોથા ગુણસ્થાનમાં શ્રદ્ધા માત્ર હોય, એમ નહિ.

ભેદજ્ઞાની વડે વિકલ્પનો જે રાગ છે એ જીવ નથી એમ આગમ કહે છે. ભગવાને એનાથી જુદો સર્વજ્ઞ સ્વભાવી આત્મા જોયો છે. યુક્તિથી પણ સુવર્ણની મેલપ જુદી (છે), તેમ આત્મા અને મેલ જુદો છે. અનુભવથી પણ અનુભવી, ભાષા તો એમ જ હોય ને. '**તેઓ પ્રત્યક્ષ ચૈતન્યભાવને જુદો અનુભવે છે.**' '**विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्**' એમ છે. સંસ્કૃત. છે ને? '**चित्स्वभावस्य विवेचकैः**' ભેદજ્ઞાન. જ્ઞાનસ્વરૂપ આત્મા અને રાગરૂપ અચેતન બેની જુદાઈ કરીને સમ્યક્ ભેદજ્ઞાનીને સ્વયં પ્રત્યક્ષ જ્ઞાયક સ્વરૂપને પ્રત્યક્ષ, મતિ-શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ ઉપલભ્યમાન થાય છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવો અનુભવ કરે એને અનુભવ થાય. યુક્તિ તો લક્ષમાં આવી એને પહેલી. સમજાય છે?

એક થોડા શબ્દોમાં '**स्वयमुपलभ्यमानत्वात्**' એમ કરીને ઘણું નાખ્યું. સમ્યક્ ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવ સ્વરૂપ એમ જ્યાં અંતર પકડ્યો, ત્યાં તો કહે છે કે એને મતિ અને શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ થયું. રાગ અને મનની અપેક્ષા ત્યાં રહી નહિ. કારણ કે એ તો ભિન્ન છે. ભિન્નની અપેક્ષા ભિન્ન પાડવામાં રહી નહિ. સમજાણું કાંઈ? વિકલ્પ આદિ જે પર છે તેનાથી ભિન્ન પાડવામાં તેની અપેક્ષા રહી નહિ. ભિન્ન પાડવો એમાં એની અપેક્ષા ક્યાં રહી? સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ભેદજ્ઞાની દ્વારા એટલે રાગથી (ભિન્ન) જ્યાં દૃષ્ટિ ચૈતન્યસ્વભાવ પર પડી છે ત્યાં એના દ્વારા '**स्वयमुपलभ्यमानत्वात्**' - પ્રત્યક્ષ જ્ઞાનના વેદન દ્વારા આ જ્ઞાનસ્વરૂપ ભગવાન (છે એમા જાણ્યું). પર્યાયમાં શક્તિની વ્યક્તતાનો અંશ પ્રગટ્યો. એમાં જેટલા ગુણો આત્માના શુદ્ધ હતા એ બધા ઉપલબ્ધમાનમ-એક સમયની અંદરમાં એની શક્તિની વ્યક્તિના અનંત શુદ્ધના અંશો તેના વેદનમાં આવતાં એ આત્મા પ્રત્યક્ષ થઈ ગયો. વીરચંદભાઈ! લ્યો! અહીં પ્રત્યક્ષ (થાય એમ કહે છે અને) ઓલા કહે, આઠમા ગુણસ્થાને શુદ્ધઉપયોગ થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રત્યક્ષ જ છે અત્યારે. જ્ઞાન થયું ત્યાં પ્રત્યક્ષ જ થયું. જ્ઞાનમાં પ્રત્યક્ષ એટલે? મતિ-શ્રુતજ્ઞાન એને અંદરમાં એકાકાર થઈને પ્રત્યક્ષ થઈ ગયું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાનમાં એટલે શું પણ? મતિ-શ્રુતજ્ઞાને રાગની અપેક્ષા વિના આત્માને વેદનમાં લઈ લીધો. એમ પ્રત્યક્ષ છે.

મતિ-શ્રુતજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ છે એમ કહે છે. આહાહા..! કેમકે એનામાં એવો પ્રકાશ નામનો એક ગુણ છે. આત્મામાં એક પ્રકાશ નામનો ગુણ છે. ૪૭ શક્તિમાં ૧૨મો ગુણ છે. એ પ્રકાશગુણનો એવો સ્વભાવ છે કે સ્વસંવેદન પ્રત્યક્ષ થાય. એ ગુણનો એવો ગુણ છે. ગુણનો ગુણ એટલે ગુણનું કાર્ય. ભેદજ્ઞાની વડે જીવ દ્રવ્ય કીધો ને? તો જીવદ્રવ્ય કીધો ત્યાં જીવદ્રવ્યમાં એક પ્રકાશ નામનો ગુણ પણ ભેગો આવ્યો. જીવદ્રવ્યની દૃષ્ટિ ભેદ પરથી ભિન્ન પડીને થઈ ત્યાં ભેદજ્ઞાનમાં એ જે પ્રકાશ નામનો ગુણ છે એનો ધરનાર દ્રવ્ય, એ દ્રવ્યને અંતર પ્રત્યક્ષ મતિ-શ્રુતથી જોતાં એ પ્રકાશગુણનું કાર્ય સ્વસંવેદન પ્રત્યક્ષમાં આવવું એવો કોઈ પ્રકાશ ગુણનો કાર્ય નામ પર્યાય છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે.

એ પ્રત્યક્ષ થયો અને પછી એમાં થઈ પ્રતીત કે આ આત્મા એનું નામ દર્શન. પણ ભેદજ્ઞાન દ્વારા, શ્રુતજ્ઞાન દ્વારા. એની શક્તિનો ગુણ જ એવો છે. અને ગુણી એવો આત્મા પરથી ભિન્ન જ્યાં અનુભવમાં આવ્યો એટલે એનો ગુણ જ પ્રત્યક્ષ થવું એ જ એનો ગુણ છે. પરોક્ષ રહેવું એનામાં ગુણ નથી. સમજાણું કાંઈ? પડદો રહેવો એનો ગુણ નથી એમ કહે છે. ભગવાન આત્મા '**स्वयमुपलभ्यमानत्वात्**' કહીને તો ઘણું કહ્યું છે.

આગમવાણીએ કહ્યું કે ભગવાને તો એમ કહ્યું છે કે ભાઈ! અચેતન રાગ તો ચૈતન્ય કઈ રીતે થાય? એ તો અચેતન છે એટલે કે જીવ નથી. એમ જ્યારે કહ્યું દેવે, વાણીએ એમ કહ્યું એ શાસ્ત્ર અને છે એવો આત્મા. જ્યારે એ આત્મા એને રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થયો ત્યારે એને આત્મા રાગ વિનાનો છે, વિકલ્પ વિનાનો છે, મનના સંગ વિનાનો છે અથવા અસંગ ચૈતન્ય સ્વભાવ તદ્દ્ન નિરાળો છે એવું અંદર મતિ-શ્રુત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ને પ્રત્યક્ષ જ્ઞાન થયું ત્યારે સ્વયં અનંત ગુણની પર્યાયનું વેદન પ્રત્યક્ષ આવ્યું. એની પર્યાયમાં જેટલા શુદ્ધ ગુણો છે બધા અંશપણે વ્યક્ત પ્રગટ થઈ ગયા. સમજાણું કાંઈ? તેથી સર્વ ગુણાંશ તે સમકિત, એમ 'શ્રીમદ્'નું વાક્ય છે. એનો અર્થ આ છે.

સ્વયં ભગવાન આત્મા પ્રત્યક્ષ થયો ત્યારે એને જે પરોક્ષ હતું એમાં એકેય ગુણની શક્તિની વ્યક્તતા આનંદની, પ્રભુતાની નહોતી. એ જ્ઞાન દ્વારા એટલે? કે વિકલ્પ તો અચેતન છે. અચેતન દ્વારા ચૈતન્યનો અનુભવ થાય એમ બનતું નથી. અને અચેતનને સાથમાં લઈને કે હાથમાં લઈને (પણ અનુભવ થતો નથી). જેનાથી તો જુદું થાવું છે તો એનાથી જુદું ન થવાય. એનાથી જુદું એના દ્વારા ન થાય. સમજાણું કાંઈ? સીધું જ્ઞાન આત્માને પકડે છે ને. કહે છે કે ચૈતન્ય સ્વભાવ દ્વારા જ ચૈતન્યનું ભાન થયું છે. અચેતન દ્વારા નહિ. એ ચૈતન્ય સ્વભાવ મતિ-શ્રુત જ્ઞાનાદિની જે દશા એનાથી પકડાણો છે આત્મા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ સીધી તો વાત ચાલે છે હવે. હવે આમાંથી તો કેટલું (સીધુ) હોય?

જેના માહાત્મ્ય અંદરથી રાગ અને સંયોગની વિસ્મયતા ઊડી ગઈ છે. જેના અંતરમાં રાગની અને બીજી અનેક ચીજોની વિસ્મયતા, અધિકતા, વિશેષતા દૃષ્ટિના જ્ઞાનમાંથી પહેલી ગઈ છે. આ જ્ઞાન આમ જ્યારે વળે છે ત્યારે એની વિશેષતા, ચૈતન્યની અધિકતા, વિસ્મયતા, ચૈતન્યની દૃષ્ટિમાં આવતા એ ચૈતન્યને સ્વયં પ્રત્યક્ષ થઈ જાય છે. સમજાણું કાંઈ? ભારે ઝીણી વાત છે. હજી તો આ સમ્યગ્દર્શનની વાત છે. એય..! મગનભાઈ! આહાહા..! આમ કહે છે, આઠમા ગુણસ્થાને શુદ્ધોપયોગ હોય, ફલાણું હોય. હવે સાંભળને ભગવાન! બાપા! એ પહેલે પ્રાપ્ત ન થાય તો આગળ વધશે શી રીતે? સમજાણું કાંઈ?

અહીં ત્રણ વાત કરી. ભગવાને એમ જોયું છે કે એ અચેતન છે. અચેતનની તાકાત નથી કે ચૈતન્યરૂપ થઈ શકે. ભગવાને આત્માને રાગરહિત જોયો એવું વાણીમાં આવ્યું. એવું આવ્યું એને યુક્તિથી કહ્યું (કે) મેલ અને સોનું જુદાં છે. તું કહે છો કે મેલ અને કોલસો અને કાળપ બે એક છે. એમ વિકલ્પની મેલપ અને આત્મા એક છે એ તારો દૃષ્ટાંત જ જૂઠો છે. ભગવાન સોનું ચૈતન્યકંદ, જ્ઞાનકંદ, આનંદકંદ, અનાકુળ શાંતરસનો પિંડ પ્રભુ શીતળ શિલા શાંતની ભગવાન આત્મા એ .. ના વિકલ્પની આકુળતાની અચેતનથી પાર છે. એમ અંતરના સ્વરૂપને રાગના લક્ષને છોડીને અંતરના સ્વભાવના લક્ષને અંતરમાં લેતાં આત્મા શ્રુતજ્ઞાન દ્વારા સમાધિને, શાંતિને વેદતો આત્મા પ્રત્યક્ષ થાય છે. કહો, પોપટભાઈ! આહાહા..! એણે આત્માને જાણ્યો અને એણે આત્માને માન્યો એમ કહેવામાં આવે છે. બાકી બધા ફોક. કષાયની મંદતા પણ ફોક અને શાસ્ત્રના જાણપણા એ ફોક. અમથા પણ ફોક છે, કંઈ એના દ્વારા આત્મા જણાતો નથી. પરલક્ષી જ્ઞાન દ્વારા સ્વલક્ષી થઈ શકાતું નથી. આવી વાત છે, બાપુ!

આ તો અલૌકિક વાત છે ને! એના ઘરની વાત છે. પરમેશ્વર ... ઓહોહો..! ત્રણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લોકનો જાણનાર, ત્રણ કાળ ને ત્રણ લોકને એક સમયમાં જાણવાની તાકાતવાળો છે. અરે..! જેના શ્રુતજ્ઞાનની એક સમયની પર્યાયમાં ત્રણ કાળ ત્રણ લોકને નક્કી કરે એવી એક સમયની જ્ઞાનની પર્યાય છે. શ્રુતજ્ઞાન, હોં! એવી અનંતી પર્યાયનો પિંડ તો એક જ્ઞાનગુણ છે. અને જેનાથી સર્વજ્ઞ પર્યાય પ્રગટે, એક સમયમાં પ્રત્યક્ષ ત્રણ કાળ ત્રણ લોકને જે એક સમયની પર્યાય પ્રત્યક્ષ કરે એવી એવી તો સાદિઅનંત ભૂતકાળની પર્યાયની સંખ્યા કરતાં ભવિષ્યની પર્યાય અનંતગુણી, એવા સર્વજ્ઞની પર્યાય જે અનંતી જેના એક જ્ઞાનગુણમાં પડી છે. સમજાણું કાંઈ? એને ... ... બીજાને મોટપ દેતાં એને થાક લાગતો નથી. આમ હશે.. આ કર્યું.. આહા..! આહા..! આ પૈસાવાળા, આ આબરૂવાળા, કીર્તિવાળા, બહુ બોલકા, બહુ ભાષણ દેનારા, મોતને ધ્રુજાવનારા. એય..! એને પરની મોટપ આડે ચૈતન્યની મોટપ સૂઝતી નથી. સમજાણું કાંઈ? બીજી ભાષાએ કહીએ તો એ પરચીજની અધિકતા આગળ એને આત્માની પરથી અધિકતા ભિન્ન ભાસતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? એને તો એવો માની બેઠો ને રાંકો ને રાંકો.

અહીં તો કહે છે, સર્વજ્ઞની પર્યાયમાં અનંતા પરમેશ્વર... સર્વજ્ઞની પર્યાય એની સાથે અનંત ગુણની નિર્મળ પર્યાય એક સમયની, એવી એવી અનંત અનંત ગુણ પરમેશ્વર, અનંતા પરમેશ્વર તારા જ્ઞાનગુણમાં પડ્યા છે. એવા અનંત પરમેશ્વરને પેટમાં સમાડનારો એ આત્મા છે. સમજાણું કાંઈ? એવી અંતરમાં રાગની અપેક્ષા છૂટીને પ્રત્યક્ષ જ્ઞાનમાં જ્યાં .. થયું (ત્યાં) આખો આત્મા .. પૂર્ણ સાક્ષાત્ આનંદના વેદનની સાથે પ્રભુતાના પરમેશ્વરની જે ચેતના પરમેશ્વરની શક્તિ પડી છે જીવમાં, એ પરમેશ્વરની શક્તિ પણ પર્યાયમાં વ્યક્ત થઈને પરમેશ્વરપણે પરિણમી. સમજાણું કાંઈ?

પરમેશ્વર નામનો એક ગુણ છે. પ્રભુતા નામનો આત્મામાં એક ગુણ છે. એ ગુણ છે એનો ધરનાર ભગવાન છે અને એને ધરનારને જ્યાં પ્રત્યક્ષ જ્ઞાનમાં કર્યો એ પ્રભુતાનો ગુણ પણ પર્યાયમાં પરમેશ્વરપણે પરિણમી ગયો. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણું છે .... .. ભાઈ! પણ વસ્તુ જ એવી છે ત્યાં હવે ઝીણી કહો કે જાડી કહો. બાબુલાલજી! આહાહા..! વસ્તુ જ એવી છે ત્યાં એને કહેવું શું? પદાર્થ જ એવી ચીજ એ ચૈતન્ય છે.

ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' જુઓ! પાઠમાંથી આ કહ્યું છે ને? '**केवलिजिणेहिं भणिया कह ते जीवो त्ति वुच्चंति**' ભાઈ! વિકલ્પના પરિણામને ભગવાને તો પુદ્‌ગલમય કહ્યા છે. એ ભગવાન ચૈતન્યસ્વરૂપ થવાને કેવી રીતે સમર્થ થાય? એટલે કે એવા વિકલ્પને સાથમાં લઈને ચૈતન્યનો અનુભવન અને ચૈતન્યની પ્રતીતિ કેવી રીતે થાય? સમજાય છે કાંઈ? આહાહા..! કહે છે કે ધર્મી જીવને ધર્મી એવો જે આત્મા, અનંત ધર્મનો ધરનાર એવો આત્મા, એ તો ચૈતન્ય સ્વભાવ આદિ અનંત ધર્મનો ધરનાર છે. એ કોઈ પુણ્ય-પાપના રાગને ધરનાર, ટકાવનાર, ઉત્પન્ન કરનાર એ વસ્તુ નથી. ...ભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા.. એથી છેલ્લા શબ્દમાં કહ્યું આચાર્યે કે ભેદજ્ઞાની વડે... કહ્યું ને? પોતે પોતાથી પ્રત્યક્ષ થઈને પ્રાપ્ત થાય એવો એ આત્મા છે એમ કહે છે. આહાહા..! એને એની આત્માની જાતની કેટલી વસ્તુ છે એ એના ખ્યાલમાં આવી નથી અને ખ્યાલ વિના જેટલા કથનો બધા કરે તો એને આત્માની મોટપ એમાં ન આવે. મોટપ ન આવે ત્યાં સુધી મોટપનું જ્ઞાન એને અંતરથી થાય નહિ. જ્યાં-ત્યાં અધિકતા. આ ભગવાન આત્મા સિવાય આ ત્રણ લોકના નાથ તીર્થંકરને પણ જો અધિક માની લે તો આ અધિક નહિ થાય એને. સમજાણું કાંઈ?

કહ્યું નહોતું? દાખલો આપ્યો નહોતો? 'શ્રીમદ્'નો નહિ? એક સાધુએ કહ્યું. સાધુ આવ્યા હતા. મહારાજ! મને આત્મા બતાવો. આત્માની સાચી સમજણ કરાવો. ત્યારે કહે, અત્યાર સુધી જે ખોટી પ્રરૂપણા કરી છે ને ગામે ગામ જઈને ત્યાં જા. કહે, મેં અત્યાર સુધી માન્યું હતું અને કહ્યું હતું એ ઊંધું હતું. મહારાજ! એ મારાથી ન થાય, હોં! કહો તો પડતું મૂકું પર્વતથી. એનો ન્યાય છે. તને આમ જ્યાં હજી બહારમાં પ્રતિકૂળતા આટલી આવશે.. સમજાય છે? એમાં તને માન મૂકતા બહારમાં વાંધા ઉઠ્યા, એ અંદરમાં યાહોમ રાગરહિત થઈને પડવું એ ન થઈ શકે તારાથી. સમજાય છે કાંઈ? કહેવાનો એ આશય હતો અને પકડાવ્યું આમ. જ્યાં જ્યાં તે કીધું ત્યાં ત્યાં કહી આવ કે ખોટી વાત હતી. મારી સાચી વાત નહોતી. હું સમજ્યો નહોતો. એટલું પણ માન મૂકવાનું આમ અર્પણ કરવાનું આત્મા ખાતર નથી આવડતું, એને આત્મામાં બધા રાગરહિતની અર્પણતા આવે એ કઈ રીતે એને આવે? એય..! સમજાણું કાંઈ? એ તો દાખલો. પેલો જાણે કે મને આ કહે છે. એમ કહે ને. કાંઈક હેતુ કહે છે, સાંભળ તો ખરો. એ વાતું ન હોય ત્યાં. ભાઈસાહેબ! એ ન થાય, હોં! કહો તો ઉપરથી પડતું મૂકું અને મરી જાવ ભલે બે મિનિટમાં. લાખ વાર પડતું મૂક પણ ઓલું પડતું ન મૂક જ્યાં સુધી ત્યાં સુધી આત્મા નહિ હાથ આવે. મગનભાઈ! આહાહા..! હજી તને દુનિયાની અનુકૂળતામાંથી ખસવું ગોઠતું નથી. એટલે તને આત્માની અધિકતા અંદર તને ભાસી જ નથી, ભાસતી જ નથી. તને આ અધિકતા ભાસે છે. સમજાણું કાંઈ? યાહોમ. અત્યાર સુધી મેં માનેલું, કહેલું મારું જૂઠું છે. એવી માન્યતા એની થાય, માન મૂક્યું, ગળી ગયો. ... સમજાણું? એ વાતું બાપા! એવી જાતની રીત છે એની. અહીં એ કહે છે. એ બધું સાથે લઈને તું જાણે કરી શક. બધો બહારનો મોભો રાખીને અંદરમાં જઈ શક એવી વસ્તુ નથી. આહાહા..! એ બહારનું પણ રહે અને આત્માનું ભાન થાય એમ બે નહિ રહે. એય..! ભીખાભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રસ તોડવાનો ... હોય. આ તો ઓલો મરી જાય. સમજાણું કાંઈ?

કહે છે કે, બાપુ! શું કહે છે? જુઓને! **'स्वयमुपलभ्यमानत्वात्'**માં કેટલું નાખ્યું છે આચાર્યે! બિલકુલ પરની અપેક્ષા છૂટી ગઈ. બિલકુલ. માન-અપમાન દુનિયાના દુનિયામાં રહો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હું તો છું ત્યાં છું. વિકલ્પની અધિકતા પણ જ્યાં છૂટી ગઈ છે ત્યાં બહારના માન-અપમાનની તો વાતું હોય જ નહિ. સમજાણું કાંઈ? કહે છે, ઓહો..! ભેદજ્ઞાનનો અર્થ શું થયો? ભાઈ! કે બહારની ચીજોની અધિકતામાં મહત્તા ક્યાંક મનાવી માની છે એને પણ છોડ. રાગમાં અધિકતા માની છે એને પણ છોડ. એય..! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શેને લઈને? બહારને લઈને છે?

હરિનો મારગ છે શૂરાનો, કાયરના નહિ કામ જોને.
પ્રથમ પહેલું રે મસ્તક મૂકી વળતાં લેવું નામ જોને.

એમ કહે છે. પણ એ તો હરિ કોણ એની એને ખબર નથી. હરિ આ આત્મા. એ 'હરિનો રે મારગ છે શૂરાનો, કાયરના નહિ કામ જોને.' પ્રથમ મૂક બધું. મોટો જગતમાં ... માને છે એ હું નહિ. મને પુણ્યવાળો તમે કહો છો એ હું નહિ. મને આબરૂવાળો તમે માન્યો હતો એ હું નહિ. આહાહા..! હું જ્યાં વિકલ્પ વિનાનો છું ત્યાં વળી પુણ્યવાળો મને તમે કહો અને હું સુખી થાઉં એ મારામાં છે નહિ. સમજાય છે કાંઈ? મોટી આવડતને લઈને સભાને રંજન કરી હોય એમાંથી એણે માન્યું હોય કે હું કાંઈક છું. એ નહિ. એમાં તું નહિ. આહાહા..! પ્રવીણભાઈ! ત્યાં સુધી એને પરથી ભેદ પાડવાની તાકાત અંદર આવશે નહિ. સમજાણું કાંઈ? આમ તો અહીં કહ્યું રાગથી ભિન્ન. પણ એના અર્થ એ છે કે બહારમાં જેટલા પ્રેમ અને જેની અધિકતા અને વિશેષતા મનાણી છે ત્યાં હીનતા થાય કે ... હીનતા અને વિશેષતા બધી ... દે ને પરમાં. તારામાં ક્યાં છે? સમજાણું કાંઈ? કહો, હરિભાઈ!

ભગવાનનું વાક્ય છે કે આગમ એમ કહે છે. આહાહા..!

દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો.
શુદ્ધ શ્રદ્ધાન બિન સર્વ ક્રિયા કરી છાર પર લીપણું તેહ જાણો.

દેવ અને ગુરુની શ્રદ્ધા અને વાણીની શ્રદ્ધા ક્યાં રહી તને? એણે તો રાગથી ભિન્ન કહ્યો, જણાવ્યો, મનાવ્યો એમ તને માનવામાં ન આવે અને એને તું માને છો એમ કહે, ભગવાનને માનું, વાણીને માનું છું, ગુરુને માનું છું. વાત ખોટી બધી. આહાહા..! સમજાય છે? આહાહા..!

અહીં તો કહે છે, રાગની મંદતાનો ભાવ એ પણ અચેતન છે. એને સાથે નહિ રખાય તારે. આહાહા..! એમ જ્ઞાનના ઉઘાડ પર તરફના એને સાથે નહિ રખાય. એ અચેતન છે. એનાથી સ્વયં ઉપલભ્ય આત્મા નહિ થાય. આહાહા..! સમજાય છે કાંઈ? એ ભગવાન આત્મા પ્રત્યક્ષ થવાના ગુણવાળો છે. ઓલા બધા જ્ઞાનમાં પ્રત્યક્ષ થવાનો ગુણ ક્યાં? પરોક્ષ રહેવાની શક્તિ તો બધી પરાધીન છે. સમજાણું કાંઈ? શાસ્ત્રના અગિયાર અંગના, નવ પૂર્વના જ્ઞાન એમાં પ્રત્યક્ષ થવાની શક્તિ છે એનામાં? સમજાણું કાંઈ? એમ આ આત્માની પરથી અધિકતા,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભિન્નતા પડે એવી એનામાં તાકાત છે? એ તો કહ્યું પહેલું સમર્થ નથી. કીધું ને.

ચૈતન્યસ્વભાવ જીવદ્રવ્ય થવા સમર્થ નથી. ભગવાન સહજાત્મ પ્રભુ, કહે છે '**ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે...**' આહાહા..! કેટલું મૂકે છે! '**તેઓ પ્રત્યક્ષ ચૈતન્યભાવને જુદો અનુભવે છે.**' પરોક્ષ જ્ઞાનને કાઢી નાખ્યું, ક્રિયા રાગને કાઢી નાખી, નિમિત્તની અપેક્ષા અને અધિકતા છોડી દીધી. ભેદ કરી નાખ્યો. ... ગુણી એવો ભગવાન જેમાં ગુણ ભર્યા છે પૂરા એ એને પ્રત્યક્ષ થઈ જાય છે. પ્રત્યક્ષ શુદ્ધઉપયોગ થઈ જાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? માટે તું કહે છો કે રાગાદિ ને આ બધા આત્મા છે. અથવા એનાથી મને ઠીક પડે છે, ઠીક પડે છે એમ થયું ને? આ બધાથી મને ઠીક પડે છે. એ ઠીક પડે છે એમ માનનારા પરને જ આત્મા માને છે. સમજાણું કાંઈ? એક બોલ કહ્યો, આઠ બોલમાં. આઠ બોલ છે ને આઠ બોલ.

'**તેઓ પ્રત્યક્ષ ચૈતન્યભાવને જુદો અનુભવે છે.**' જોયું! સ્વયં ઉપલભ્યમાન છે કે તેઓ. ભાષા એમ જ લે ને. અમે આમ કરીએ છીએ એમ કહે? કથનની રીત શું કરવી? ... ભેદજ્ઞાનીઓ '**स्वयमुपलभ्यमानत्वात्**' જેને પ્રત્યક્ષ છે. આહાહા..! ઓલા કહે છે કે શાસ્ત્રમાં નથી. પહેલો પ્રત્યક્ષ થાય અને પહેલું આનંદનું વેદન આવે એવું નથી, એમ કહે છે. અરે..! ભગવાન! તું એમ ન કર, ભાઈ! એ આત્માને આવો હલકો ન રાખ. આત્માનું ભાન થાય છતાં એને આનંદનું વેદન ન હોય, એને પ્રત્યક્ષ થાય નહિ, એને શુદ્ધતા હોય નહિ, ઉપયોગ શુદ્ધ થાય નહિ. અરે..! આત્માની આટલી હીનતા! આત્મા પ્રાપ્ત કર્યો એમ માનવું એમાં આટલી હીનતા! એ આત્મા તને જણાણો નથી. સમજાણું કાંઈ? આહાહા..!

બીજો બોલ. '**પ્રત્યક્ષ ચૈતન્યભાવને...**' એમ કીધું ને? '**જુદો...**' ચૈતન્યભાવને ને? '**પ્રત્યક્ષ ચૈતન્યભાવને જુદો અનુભવે છે.**' અને તું કહે છો કે રાગ અને આ બધું છે એ મને ઠીક પડે છે, એ હું છું. એ તારી વાત ખોટી છે. ભગવાને ખોટી કીધી, આગમે ખોટી કીધી અને અનુભવમાં તારી વાત ખોટી થઈ જાય છે. સમજાણું કાંઈ? ચૈતન્ય સ્વભાવમય જીવદ્રવ્ય, એમ કીધું હતું ને? ચૈતન્ય સ્વભાવમય જીવદ્રવ્ય. તે ચૈતન્યભાવને પ્રત્યક્ષ જુદો અનુભવે છે. ચૈતન્યભાવમય જીવ. એને ચૈતન્ય સ્વભાવમય અનુભવમાં આવવો એનું નામ આત્માનું જ્ઞાન, આત્માનું દર્શન, આત્મા જાણ્યો, આત્મા વેદ્યો, આત્મા પર્યાયમાં પ્રાપ્ત કર્યો. સમજાણું કાંઈ? હજી આવું એનું સ્વરૂપ છે એવું એને શ્રદ્ધામાં ન આવે. આ રીતે પ્રાપ્ત થાય એવી શ્રદ્ધા ન હોય. ત્યાં સુધી તો એને આંગણે નથી (આવ્યો). સમજાણું કાંઈ? એ આત્મા આ રીતે પ્રાપ્ત થાય. એને પ્રાપ્ત થયો કહેવાય. આ સિવાય રાગથી અને આનાથી, પરથી ને.. અને તે પ્રત્યક્ષ થાય અને વેદનમાં એવો આત્મા, એવો પક્ષ શ્રદ્ધામાં ન કરે ત્યાં સુધી એને આંગણે આવ્યો કહેવામાં આવતો નથી. એ અંદર તો પ્રવેશ કરી શકે નહિ. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં તો આ ઓલું લીધું છે કે નહિ? **'ભેદજ્ઞાન વડે સ્વયં ઉપલભ્યમાન...'** **'स्वयमुपलभ्यमानत्वात्'** સ્વયં પ્રાપ્ત... સ્વયં પ્રાપ્ત. ભેદજ્ઞાનીઓ વડે સ્વયં પ્રાપ્ત. આહાહા..! ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ભગવાન પ્રાપ્ત થાય છે. એમ કહીને તો ઘણું કહી દીધું અંદર. **'તેઓ પ્રત્યક્ષ ચૈતન્યભાવને જુદો અનુભવે છે.'** માટે ચૈતન્ય સ્વભાવ આત્મા એવા સ્વભાવ (રહિત) કોઈ દિ' ન થાય અને પરની અપેક્ષા સહિતવાળો તેને જીવ કહેવામાં આવતો નથી. બીજો બોલ થયો. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૧૧, બુધવાર તા. ૨૩-૧૧-૧૯૬૬**
**ગાથા-૪૪, પ્રવચન-૧૧૦**

જીવ-અજીવ અધિકાર. વાસ્તવિક જીવના સ્વરૂપને નહિ જાણનારાઓ અનેક પ્રકારે જીવના સ્વરૂપને માને અને કહે છે. એ બધા અપરમાર્થવાદીઓ સત્‌ને કહેનારા નથી. વાસ્તવિક જીવનું સ્વરૂપ જ્ઞાનાનંદ ચૈતન્ય સ્વરૂપ છે. ચૈતન્ય સ્વભાવમય આત્મા તેને આત્મા કહીએ. એવો અંતર દૃષ્ટિમાં લેતાં ચૈતન્યસ્વભાવ જ્ઞાનમૂર્તિ એવો અનુભવ થાય એને દૃષ્ટિમાં, જ્ઞાનમાં આત્મા શુદ્ધ જ્ઞાયક છે તેમ ભાન થાય. એને આત્મા કહીએ અને એ આત્માની માન્યતાને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ?

પહેલો બોલ આવી ગયો છે. કેટલાક તો જીવ આત્માને અધ્યવસાય જે ઉત્પન્ન થાય છે, રાગ-દ્વેષના એકતારૂપી પરિણામ-માન્યતા, એવો જે વિકારી અધ્યવસાય ભાવ એ જ આત્મા છે. તો એને કહે છે કે ભાઈ ભગવાન સર્વજ્ઞદેવે વિશ્વદૃષ્ટાએ, એ ભગવાને તો પુણ્ય-પાપના અધ્યવસાયરૂપી એકત્વબુદ્ધિ, એનાથી ભિન્ન ભગવાને આત્મા જોયો છે. અને યુક્તિ અને અનુભવથી પણ એ સિદ્ધ થાય છે. સોનામાં જેમ મેલ તે જુદો ભિન્ન (છે) અને સોનું જુદું છે. એમ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ ભગવાન અને પુણ્ય-પાપની એક્તાબુદ્ધિ રૂપ અધ્યવસાય એ તદ્દન જુદાં છે. સમજાણું કાંઈ? બીજો બોલ આજે છે. બીજો બોલ છે આજે.

કેટલાક એમ કહે છે કે આ આત્માની સાથે **'અનાદિ જેનો પૂર્વ અવયવ છે...'** એટલે કર્મના સંગનો ભાગ. આત્મા એને કહીએ કે જે કર્મ છે તેનાથી થતી ક્રિયા એનો અવયવ એટલે ભાગ કર્મના રજકણનો પુંજ એ ભાગ અને અનંત જેના ભવિષ્યનો અવયવ છે. ભવિષ્યે કર્મની કર્મથી થતી ક્રિયા એના એ સંયોગ છે. એના કર્મના રજકણોનો સંયોગ એક ભાગ. **'એવી જે સંસરણ ક્રિયા...'** જ્ઞાતાદૃષ્ટા એકલો છે એમ નહિ. એ સંસરણ કર્મના રજકણથી થતી સંસરણ પરિભ્રમણની જે ક્રિયા, **'તે-રૂપે ક્રીડા કરતું કર્મ...'** એ રૂપે રમતું, ક્રિડા કરતું કર્મ **'તે પણ જીવ નથી...'** અજ્ઞાની કહે છે કે એ જીવ છે. સમજાય છે? એ કર્મનો અવયવ ભૂતનો, ભવિષ્યનો એવી જે કર્મના રજકણના પુંજની ક્રિયા, એમાં રમતું, કર્મ રમે છે એમાં એ જીવ છે એમ અજ્ઞાની કહે છે. ત્યારે કહે છે કે એ કર્મ છે તે પણ જીવ નથી. આગમ પણ એમ કહે છે કે એ જીવ નથી. સર્વજ્ઞ જાણે છે કે એ જીવ નથી. અને યુક્તિ અને અનુભવથી પણ એ સિદ્ધ થાય છે કે એ જીવ નથી.

**'કર્મથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ...'** એ કર્મની ક્રિયા અને સંસરણ પરિભ્રમણનો અવયવ, એમાં રમતું કર્મ, એનાથી જુદો આત્મા **'ભેદજ્ઞાનીઓ વડે...'** કર્મના રજકણના સમૂહના ભાગથી ભિન્ન એવું ચૈતન્યસ્વરૂપ ભેદજ્ઞાની એટલે તેનાથી જુદો પાડનાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન આત્મા '**સ્વયં ઉપલભ્યમાન છે...**' એ પ્રત્યક્ષ જ્ઞાનમાં પ્રત્યક્ષ આ આત્મા એમ ભેદજ્ઞાનીઓને આત્મા જણાય અનુભવાય છે. સમજાણું કાંઈ? '**સ્વયં ઉપલભ્યમાન...**' અર્થાત્ જેમાં કર્મના રજકણના અવયવની અપેક્ષા નથી. આત્માને અનુભવવામાં, આત્માને સ્વયં પ્રાપ્તમાં આત્માના મતિ-શ્રુતજ્ઞાનમાં પ્રાપ્તમાં પોતે સ્વયં ઉપલભ્યમાન સીધો પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? ઝીણું બહુ પણ. વીતરાગનો માર્ગ એવો ઝીણો. દુનિયાને એવું લાગે કે આ બધું ક્યાંથી કાઢ્યું? એમ કહે છે. ક્યાંથી કાઢ્યું (શું), એ તો અનાદિનું છે એ વાત છે. એને તો એમ કે કાંઈક ઓલા રાગાદિની ક્રિયા છે એનાથી આત્માને લાભ થાય તો એ આત્માને વાસ્તવિક માન્યો કહેવાય. એ કહે છે ને ... તો તમારી વાત સાચી. તમારી ક્યાંની વાત છે? અહીં તો ભગવાનની વાત છે. આહાહા..!

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા મહિમાવંત જેના જ્ઞાન, એવા ભગવાને તો એમ દીઠું છે કે કર્મના સમૂહનો એક અવયવ રજકણની ક્રિયા એનાથી ભિન્ન ભગવાને આત્માને જોયો. અને ભેદજ્ઞાનીઓને પણ તેનાથી ભિન્ન સ્વયં શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ આત્મા છે એમ વેદાય છે, એમ જણાય છે. માટે તારી વાત સાચી નથી. કહો, હસમુખભાઈ!

'**તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે.**' એટલે કે ભેદજ્ઞાની નામ રાગના રજકણના પરમાણુથી ભિન્ન ભગવાન આત્મા ચૈતન્ય ચિત્ સ્વભાવરૂપ આત્મા એને પરથી ભિન્ન અનુભવમાં, જ્ઞાનમાં આ આત્મા છે એમ જણાય છે. અનુભવાય છે, વેદાય છે, જણાય છે. માટે તારી વાત- કર્મના અવયવનો અંશ એ આત્મા, એમાં રમતું કર્મ તે આત્મા એ વાત સાચી નથી. ભગવાન આત્મા પોતાની પર્યાયથી આત્મામાં રમે એ આત્મા. પોપટભાઈ! ઝીણી વાતું, ભાઈ! લોકોને.. એમ કહે છે. આહાહા..! ... .. છે. એને એમ છે કે પહેલો વ્યવહાર હોય ને, ઓલો કર્મના રજકણનો રાગ હોય ને તો આત્મા. તો આત્મા... અહીં અસ્તિત્વનું .. છે. કર્મના રજકણનું અને રાગનું હોવાપણું કાંઈક હોય તો આ હોય. તો એને ઠીક પડે છે. એમ હોય નહિ, ભાઈ! કર્મના રજકણોનો અંશ અથવા રાગનો અંશ એ ભિન્ન તત્ત્વ છે અને એનાથી આ તત્ત્વ તદ્દન ભિન્ન છે. પહેલેથી જ પાધરી વાત અહીં તો કરી છે. એને એમ નથી કે ઓલા રાગનો ભાગ કે કર્મના અંશની જરીક મદદ લીધી, એનાથી આત્માની પ્રાપ્તિ થઈ એમ છે જ નહિ. સમજાણું કાંઈ? એટલે કેટલાક એમ કહે કે પહેલો વ્યવહાર હોય પછી નિશ્ચય થાય એમ વસ્તુ રહેતી નથી. એમ વસ્તુ રહેતી નથી. વસ્તુ ત્યારે રહે કે વ્યવહારના વિકલ્પો અથવા કર્મના રજકણોથી ઉત્પન્ન થયેલો વિકાર, એનાથી ભિન્ન સીધો જ્ઞાનમાં આત્મા જણાય ત્યારે તે આત્મા આત્માપણે રહે છે, નહિતર આત્માપણે રહેતો નથી. આહાહા..! .. સમજાણું આમાં?

સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ ભગવાન, એણે આત્માને કર્મના રજકણના અવયવના અંશથી જુદો જોયો, કહ્યો. આગમમાં એમ વાણી આવી. બે (વાત). અને ભેદજ્ઞાનથી અનુભવાય છે. મેલથી જેમ સોનું જુદું છે, એમ આ કર્મના અંશના રજકણોથી ભગવાન આત્મા ભિન્ન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. આહાહા..! સમજાણું? એ બીજો બોલ થયો.

ત્રીજો. '**તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં, દુરંત...**' રાગની તીવ્રતા અને મંદતા... તીવ્રતા અને મંદતા બસ! એવો ભેદ. દુરંત-જેનો અંત આવવો મુશ્કેલ છે. અંત એનો આવે જ નહિ. તીવ્ર-મંદ અને તીવ્ર-મંદ એમાં આત્મા છે એમ અજ્ઞાની કહે છે. તીવ્ર અને મંદ એવા અનુભવથી ભેદરૂપ-ભેદરૂપ, તીવ્ર અને મંદના ભેદરૂપ થતાં '**દુરંત રાગરસથી ભરેલા અધ્યવસાનોની...**' એની જે સંતતિ-પ્રવાહ. મંદ-તીવ્ર... મંદ-તીવ્ર... મંદ-તીવ્ર એ પણ જીવ નથી. એ કહે છે કે મંદ અને તીવ્ર, મંદ અને તીવ્ર... મંદ અને તીવ્ર રસ રહ્યા જ કરે છે. મંદ અને તીવ્ર વિનાનો એકલો આત્મા ભિન્ન છે એમ અમને લાગતું નથી. એમ અજ્ઞાની કહે છે.

વાસ્તવિક આત્માના તત્ત્વાર્થના અસાધારણ લક્ષણને નહિ જાણનારા ક્લીવ-નપુંસક. ક્લીવ એટલે નપુંસક, જેના વીર્ય બહારમાં એકત્વ થઈને હણાઈ ગયા છે. એને ભગવાન જ્ઞાનમૂર્તિના લક્ષણો જણાય એવો આત્મા તાત્ત્વિક દૃષ્ટિમાં આવતો નથી. સમજાણું કાંઈ? અહીં તો પહેલે હજી તો સમ્યગ્દર્શનની વાત છે. સમ્યગ્દર્શનમાં એ રજકણના અવયવોથી અથવા મંદ-તીવ્ર રાગરસથી ભિન્ન ભગવાન આત્મા ભગવાને કહ્યો, એમ છે, આગમ કહે છે, ભેદજ્ઞાનીઓને મંદ-તીવ્ર રસથી ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા જુદો સ્વયં ઉપલભ્યમાન છે.

અહીં તો સ્વયં ઉપલભ્યમાન નામ પ્રત્યક્ષ જ્ઞાન થાય છે એની વાત (છે). રાગના મંદની પણ જેને અહીં જરૂર નથી. તીવ્ર-મંદના બે ભેદ પાડ્યા ને? સમજાણું કાંઈ? આહાહા..! રાગની મંદતા કે તીવ્રતા એવો અનુભવ. મંદ રાગનો અનુભવ, કષાયની મંદતાનો અનુભવ-પુણ્યનો કે તીવ્ર-પાપનો અનુભવ એનો અંત નહિ આવે હવે, એમ અજ્ઞાની કહે છે. એ તો એમાં જ રહેશે. અહીં કહે છે કે ભાઈ! મંદના અનુભવથી અને તીવ્રના અનુભવથી ચૈતન્ય ભિન્ન અનુભવ છે એને. સમજાણું કાંઈ? ઘણા એમ કહે છે કે આપણે રાગની મંદતાના પુણ્યભાવ કરો, એનાથી આત્માની પ્રાપ્તિ થશે. એને કહે છે કે તારી વાત તત્ત્વની વિરૂદ્ધ છે. એ મંદ રાગ એ તો વિકલ્પ અને વિકાર અનુભાગ જડનો છે. અથવા ચૈતન્યના રસનો એ નથી. કષાયની મંદતાનો દયા, દાન, વ્રત આદિના પરિણામ એ અનુભવ રાગનો અનુભવ છે. અચેતનનો (અનુભવ છે), ચૈતન્યના અંશનો એ અનુભવ નથી. આહાહા..! શું થાય?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે એમ કહ્યું કે મંદ અને તીવ્રના અનુભવથી ભિન્ન ભગવાન છે. એનો અનુભવ આનંદનો એકરૂપ ભિન્ન છે. સમજાણું કાંઈ? મંદ અને તીવ્રના ભેદરૂપે અનુભવમાં આવતો જે વિકાર આદિ એ જ આત્મા છે એમ અજ્ઞાની માને છે. અથવા એના વડે આત્માની પ્રાપ્તિ થશે એમ માને છે. એ બધા આત્માના સ્વભાવના અસાધારણ લક્ષણને જાણતા નથી.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે એમ જોયું અને કહ્યું કે રાગની મંદતા અને તીવ્રતાની પાર આત્મા છે એમ અમે જોયો છે. આગમ એમ કહે છે કે મંદ અને તીવ્રના અનુભવથી ભિન્ન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આત્માનો અનુભવ ભિન્ન છે એમ અમે આગમ કહીએ છીએ. અને ભેદજ્ઞાનીઓએ પણ મંદ અને તીવ્રના અનુભવથી ભિન્ન આત્માને ભેદજ્ઞાન દ્વારા એને અનુભવ્યો છે. આહાહા..! આવા આત્માને માને નહિ તે બધા મૂઢ છે, અજ્ઞાની છે એમ કહે છે. પરમાર્થવાદી નથી. શું થાય પણ? આ વાતના વાંધા. વીતરાગ વિના ક્યાંય પાર પડે એવું નથી.

વીતરાગ એમ કહે છે, ભાઈ! વીતરાગ એમ કહે છે કે ભાઈ! તારું સ્વરૂપ વીતરાગ છે. રાગ અને મંદ અને તીવ્રતાનો અનુભવ એ તારું સ્વરૂપ નથી. આત્મા જેમ વિજ્ઞાનઘન છે એમ આત્મા ચારિત્ર સંપન્ન છે. ચારિત્ર સંપન્ન એટલે ચારિત્ર એટલે વીતરાગ સ્વભાવ સમરસ સંપન્ન છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા વિજ્ઞાનઘન છે એમ સમરસ પિંડ છે. ચારિત્ર છે ને ચારિત્ર? એ ગુણ છે ને ત્રિકાળ આત્મામાં? એ ચારિત્ર એટલે કે વીતરાગભાવ. આહાહા..! એ વીતરાગ સમરસી ભાવ એ આત્મા છે. અહીં કહે છે કે મંદ અને તીવ્રનો રાગ, મંદ રાગ અને તીવ્ર રાગ તે આત્મા છે અથવા એનાથી આત્મા જુદો નથી. આહાહા..! અમારે તો મંદ રાગ હોય તો એનાથી આત્મા પમાય. એને કહે છે કે મંદ રાગનો અનુભવ એ આત્મા નહિ. મંદ રાગના ભાગની દશા એ આત્મા નહિ. આહાહા..! છે?

'**તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં, દુરંત રાગરસથી ભરેલાં અધ્યવસાનોની સંતતિ...**' પરંપરા એની. એ જીવ નથી. આત્મા રાગરસથી રહિત સમરસ ભાવથી ભરેલો આત્મા રાગથી ભિન્ન ભેદજ્ઞાનીઓને સમરસમય આત્મા જણાય છે. આહાહા..! એમ કહે છે, ભાઈ! વીતરાગ અને રાગ. રાગમાં મંદ-તીવ્ર, રાગમાં મંદ-તીવ્ર એમ નહિ. આમ વીતરાગભાવ છે. આહાહા..! શું થાય? એની એને ખબર ન પડે તો ખબર પાડે કોણ? ભગવાનની પણ તાકાત છે કે ભગવાન બીજાને સમજાવી દે? તો કહે એક ભગવાન થયા તો બધા સમજી જાય તો સંસાર રહે જ નહિ. સમજાવી શી રીતે શકે પણ? નિમિત્ત પોતે થાય. પણ નિમિત્ત પોતે તેના કારણે કર્તા થાય એમ બને નહિ ત્રણ કાળમાં. આહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..નો અર્થ કે એ નિમિત્ત એ કાર્ય કરે ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે એમ છે. નિમિત્તના કર્તા વિના ત્યાં કાર્ય થાય તેને તે કાર્ય થયું એમ કહેવાય. ત્યારે આને નિમિત્ત કહેવામાં આવે છે. એ દાખલો આવી ગયો આપણે. ધ્યાની ધ્યાન કરે છે ને બીજાને સર્પ ઉતારવાનું, કોઈ ... ઝેર ઉતારવાનું. તો એણે તો વિચાર કર્યો.. પણ એ ધ્યાનનો કરનાર એ નિમિત્ત થયો. પણ એ નિમિત્તના કર્તા સિવાય ત્યાં એની ક્રિયા એની મેળે થઈ ગઈ. સર્પનું ઝેર ઉતરી ગયું. નિમિત્તના કર્તા (થયા) સિવાય એનું ઝેર ઉતરી ગયું. સમજાણું કાંઈ? એય..! શું આ તમારા ... થાય છે. સર્પ ને વીંછીના ઉતારનારાના વિકલ્પમાં એ છે. એનું ધ્યેય છે કે અહીં ઉતરે. પણ આ નિમિત્તના કર્તા સિવાય, આના સિવાય ત્યાં એની ક્રિયા એની મેળાએ થાય ત્યારે આને નિમિત્ત કહેવામાં આવે છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. બોલે કોણ? એ તો એનામાં રહ્યો. ત્યાં ક્યાં ગયો છે મંત્ર? એ વાત આવી ગઈ છે પહેલી. નથી આવી? આવી ગઈ કે નહિ? રાજેન્દ્રજી! કર્તા સિવાય. એ સ્ત્રી વિટંબના પામે, સર્પનું ઝેર ઉતરી જાય. સમજાય છે? તાળા તૂટી ગયા. 'માનતુંગઆચાર્ય' નહિ? એ એને વિચારના વિકલ્પ ભગવાનની સ્તુતિના કર્તા સિવાય ત્યાં ક્રિયા એને કારણે થઈ છે. સમજાણું કાંઈ? ત્યારે તેને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તના કર્તા સિવાય ત્યાં કાર્ય થાય છે માટે તેને નિમિત્ત કહેવાય છે. એના કર્તાથી ત્યાં થાય તો એનું ઉપાદાન થઈ ગયું. સમજાણું કાંઈ? એમાં ક્યાંય ન્યાયમાં કાંઈ ફેર પડે એવો નથી. આહાહા..! ન્યાય કોને કહે? નિ ધાતુ. સમ્યક્. જેવું જ્ઞાન છે તે પ્રકારે જ્ઞાનમાં દોરી જવું, લઈ જવું એનું નામ ન્યાય. જેવું સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ છે, જે રીતે પદાર્થની સ્થિતિ છે તેમ જ્ઞાનને દોરી જવું, લઈ જવું એનું નામ ન્યાય. સમજાણું કાંઈ? આહાહા..!

આ સંતતિ ઓલો કહે. મંદ-તીવ્ર... મંદ-તીવ્ર... મંદ-તીવ્ર થયા જ કરે એનું નામ આત્મા. આ કહે નહિ. એ સંતતિનો પક્ષ છોડી દઈને ભગવાન જ્ઞાનમૂર્તિ રાગની તીવ્ર અને મંદ સંતતિ પ્રવાહને છોડી દઈ આમ ચૈતન્યમૂર્તિને સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાન દ્વારા રાગની મંદ-તીવ્રતાથી ભેદ કરતો આત્માને ઉપલભ્યમાન શાંતિથી વેદનમાં આત્મા પ્રત્યક્ષ થાય છે. ભેદજ્ઞાનીઓ દ્વારા આત્મા આવો જણાય (છે) માટે આત્મા આને કહેવાય. મંદ-તીવ્રના રસથી આત્મા જણાય અને મંદ-તીવ્ર રસવાળો આત્મા, એ આત્મા છે નહિ. બરાબર ..! એ આવી ગયા આની સાથે ક્યાંકથી. આ તો વાત એવી છે કે ચક્રવર્તીના રાજ મળવા સહેલા પણ આ તત્ત્વની વાત મળવી અઘરી છે. શું થાય? સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ ભગવાને કહેલો, ફરમાવેલો માર્ગ છે. પણ એ માર્ગ એને હાથ આવવો, સાંભળવો મહા મુશ્કેલ છે પહેલો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લાયક હોય અને એ જાતના ક્ષયોપશમની લાયકાત હોય તો એ કાને પડે, એમ કહે છે. બે હોય ત્યારે તો એની રીતિ થાય. સમજાણું કાંઈ? આહા..!

કહે છે, '**ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે.**' માટે ભગવાન આત્મા એને કહીએ. જીવ અસ્તિત્વની સિદ્ધિ કરવી છે ને? એના મંદ-તીવ્ર રાગ તે અજીવભાવ છે એમ કહે છે. રાગની મંદતા કે તીવ્રતા એ બધો અજીવ (છે). જીવનો સ્વભાવનો અભાવ. જીવના ચૈતન્ય સ્વભાવનો અભાવ. મંદ રાગ હો કે શુભરાગ હો કે તીવ્ર રાગ હો. એનો જે રસ છે એમાં ચૈતન્ય જ્ઞાયક સ્વભાવભાવનો અભાવ (છે) તેથી તેને અજીવ કહેવામાં આવે છે. માટે અજીવને લઈને જીવ છે એમ છે નહિ. આહાહા..! ભગવાન! તારી વાત તો એકવાર દૃષ્ટિમાં તો લે. સમજાણું કાંઈ? એ ત્રીજો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

બોલ કહ્યો.

હવે આ શરીરની અવસ્થા મંદ-તીવ્ર થાય તે જ આત્મા છે એમ માનનાર છે. શરીર જરી પુષ્ટ હોય ને તો આત્મા સારું કામ કરી શકે. મંદ હોય... 'શરીરે સુખી તે સુખી સર્વ વાતે' એમ કહે છે ને લોકો? ધૂળમાંય સુખ નથી. આ તો ધૂળ માટી છે. હાડકા પરમાણુ માટીની દશા છે, ધૂળની. એ ધૂળની અવસ્થામાં પુષ્ટિ હોય તો આત્મા સારું કામ કરી શકે. મંદ હોય તો બરાબર ન કામ કરી શકે. માટે અમને તો (શરીરની) નવી-પુરાની અવસ્થા તે આત્મા દેખાય છે. શરીરની નવી પુરાની અવસ્થા. સમજાણું કાંઈ? એમ અજ્ઞાની માને છે. શરીર સારું હોય, લ્યોને. હમણાં દાખલો નહોતો આપ્યો? ...નો દાખલો આપ્યો હતો ને. ... માંડે ત્યાં શું થાય? એ તો જડની અવસ્થા છે. ત્યારે કહે, એ પહેલાં ઘણાં કામ કરી શકતો. ... આ આત્મા છે ને એને સારું શરીર હોય તો સારું કામ કરી શકે. એ વાત ખોટી છે એમ કહે છે. એ શરીરને જ આત્મા માનનારા છે.

નાનું બાળક હોય એને પાંચ મણનું ધનુષ ઉપાડવા દયો તો એ ઉપાડશે? .. માટે એ તો શરીરના પ્રમાણે આત્મા કામ કરી શકે. એ છે દાખલો. આ .. શ્વેતાંબરમાં દાખલા છે. શ્વેતાંબરનું ... વાંચ્યું છે. (સંવત) ૧૯૮૯ સાલ. રાજકોટ. ત્રણ-ત્રણ હજાર માણસ ૧૯૮૯ની સાલમાં. પરદેશી રાજાનો એક અધિકાર છે. શ્વેતાંબરમાં રાયપ્રશ્ન નામનું સૂત્ર છે. રાય પ્રશ્ન એટલે રાજાના પ્રશ્ન. એક પરદેશી રાજાએ પ્રશ્ન કર્યો છે. આત્મા અને શરીર એક છે. કેમ? કે જુઓ! નાનુ બાળક હોય તો મોટું ધનુષ ન કામ કરી શકે અને નહિતર કરી શકે. એ આત્મા એના પ્રમાણમાં કામ કરે. માટે શરીર પ્રમાણે જ આત્મા અને શરીર એ જ આત્મા છે. ભાઈ! એમ નથી. એ તો શરીરની ક્રિયા, નાના-મોટાની કે ઉપાડવાની ક્રિયા કાંઈ આત્માની નથી. એ કંઈ આત્માની ક્રિયા નથી. એની ક્રિયા તો એને જાણવાના જ્ઞાનના આનંદની ક્રિયા એની છે. સમજાણું કાંઈ? શરીરથી કામ લેવું કે ન લેવું એના પ્રમાણમાં તું આત્મા માન, એમ છે નહિ. સમજાણું કાંઈ? શરીર જીર્ણ થઈ ગયું હોય એને કહે કે મણિકું ઉપાડ. મણિકુ સમજો છો? મણ. લોઢાનો મણ. ઉપાડ. ન ઉપાડ્યું. પાંચ મણ .. લઠ જેવો (હોય એ) ફડાક ઉચકીને આમ કરે. જુઓ! એ આત્મામાં શરીરના પ્રમાણમાં તાકાત આવી. એમ છે નહિ. એ તો જડની તાકાતની વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ વાત જ ખોટી છે એમ કહે છે અહીં. એ માટે તો .. માંડી છે. શરીર ઠીક હોય તો આમ જરી સારું હોય ને તો સદ્ઉપયોગ કરી શકીએ. સામાયિકમાં આમ બરાબર બેસી શકીએ. ... અને શરીર ઠીક ન હોય તો આમ શરીર .. વર્ષના થાય તો .. સમજાણું? છોકરાઓએ .. ન બેસવું, હોં! ઘરડા બેસે એમ કહે માણસ. એટલે એમ કે .. કામ સારું લઈ શકાય. ..ભાઈ! .. જેવું શરીર હોય તો ... સારું શરીર હોય તો? માટે એના પ્રમાણમાં,

શરીરના પ્રમાણમાં જ આત્મા છે. શરીરને લઈને આત્માને .. છે. એ પરદેશી રાજાના અધિકારમાં આ બધું વાંચેલું છે, હોં! રાજકોટમાં. આખો અધિકાર છે મોટો. ત્રણ ત્રણ હજાર માણસ હોં! ૮૯ની સાલ. કલાક કલાક પહેલા તો મોટરુંના થાર જામે. તે દિ' તો મુહપતિ હતી ને બધું હતું ને એટલે લોકો... આહાહા..!

એ ફેરી મેં કહ્યું હતું વ્યાખ્યાનમાં, હોં! .. માણેકચંદજી હતા, સંપ્રદાયના. કીધું, જો .. કાનજી મહારાજ, કાનજી મહારાજ પ્રભુ-પ્રભુ કરે છે. પણ આ મુહપતિ જરી બોલીએ નહિ ને હેઠે ઉતારી દઈએ ને પાંચ હજાર માણસની વચ્ચે. .. હાય.. હાય.. થઈ ગયું. ... એમ કેમ ઉતારાય? આ તો દાખલો આપ્યો. માણેકચંદજી. એ તો બધા જાણીતા છે ને. આ તો આપણા વીરચંદભાઈ જાણીતા છે ને. એ માણેકચંદજી હતા. રાજકોટના .. અપાસરામાં. એટલે મેં એક ફેરી જરી કીધું .. ... આ બધા અત્યારે મહારાજ! પ્રભુ! પ્રભુ! કરે છે. પણ આ મુહપતિ.. કાંઈ બોલીએ નહિ ભલે, ... તોપણ પેલા બોલ્યા, એમ કેમ થાય? કીધું, હું તો દાખલો આપું છું. શું કરવું પણ ત્યારે? રાજકોટના અપાસરામાં કહેલું, હોં! માણેકચંદ બેઠા હતા જોડે. અરે..! ભગવાન! કીધું, આ એક શરીરની આવી ક્રિયા અને આટલાથી આત્માની કિંમત? આત્માની આને લઈને કિંમત. આહાહા..! લુગડાને લઈને. અને આ શું છે? બાપા! અને શરીરની એ જાતની ક્રિયા હોય બરાબર આવી હોય અને આમ હોય. ત્યાં તો અમે હવે ધ્યાન કરી શકીએ. એ તો શરીરની અવસ્થા આમ થઈ. એને તેં ક્યાં કરી છે? આમ થઈ છે એ શરીરને કારણે થઈ છે. આત્માએ કરી નથી એને. આત્મા તો અંદર રાગને છોડીને એકાગ્ર જ્ઞાનમાં થાય એ એની ક્રિયા છે. આ ક્રિયાથી મને ધ્યાન થયું અને આ ક્રિયાથી મને કાયોત્સર્ગ થયો એ શરીરને જ આત્મા માનનારા છે. સમજાણું કાંઈ?

'**નવી પુરાણી અવસ્થાદિકના ભેદથી પ્રવર્તતું...**' નવું થાય ને શરીર. અને પુરાણું. જીર્ણ થઈ જાય. ૮૦ વર્ષ, ૫૦. ૬૦-૭૦ થાય ત્યાં આમ ઝીર્ણ પડી જાય, .. પડી જાય. આંખે સુઝે નહિ, પગ ચાલી શકે નહિ, ટાંગા ચાલતા-ચાલતા લપસી જાય. એ તો શરીરની ક્રિયા છે. એ કંઈ આત્માની નથી. પંડિતનો દાખલો. અવસ્થા છે, એ તો શરીરની દશા છે. એ આત્મા કરી શકતો નથી. અહીં જરીક આમ થઈ જાય અને .. જાય શરીર. ચાલતા. આ શરીર આમ થઈ જાય. ધ્યાન નહિ રાખીએ તો આમ થઈ જાય. એક પગ .. લથડી જાય છે. શરીરની સ્થિતિ છે ઈ. સમજાણું કાંઈ?

એ સ્થિતિ પ્રમાણે આમાં હતો એ પ્રમાણે આત્માને કામ ચાલે છે એમ માનનારા શરીરને જ આત્મા માને છે. ભાઈ! શરીરથી આત્મા જુદો છે. ... સ્ફુર્તિ રહે. આ ચા-બા પીવે તો સાંભળવામાં ધ્યાન ટક્યું રહે, લ્યો. ચા પીધા વિના આવે તો માથું ચડે. તો એટલી કાંઈ મદદ કરે છે કે નહિ આત્માને બહારના સાધન જડના? એમ માનનારા એ જડને જ આત્મા જ માને છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- જીવિત શરીરથી ધર્મ થાય.

ઉત્તર :- જીવિત શરીરથી એ તો આપણે પંડિતજીની .. થયેલું. જયપુરની વાત છે ભાઈએ કીધી ઈ. પેલા પ્રશ્ન ઉઠતા હતા ને. બે પંડિત વચ્ચે. જીવિત શરીરથી ધર્મ થાય કે નહિ? પહેલો પ્રશ્ન જયપુરનો. અરે..! ભગવાન! આવા પ્રશ્ન! પ્રભુ! આવા પ્રશ્ન! એ જૈનદર્શનના આવા પ્રશ્ન ગજબ કરે છે!

અહીં કહે છે કે શરીરની અવસ્થા જીર્ણ હો, મંદ હો કે આમ રહો કે આમ રહો. એ કાંઈ આત્માથી નથી અને એ કાંઈ આત્મા નથી. અને એને લઈને આત્માને લાભ નથી. કે આમ શરીર રહ્યું માટે લાભ છે અને આમ .. આમ આમ થયા માટે એને નુક્સાન છે. એમ છે જ નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જીવ ક્ષાયિક સમકિતી જીવ હોય. લડાઈમાં રાજકુમાર ૨૫ વર્ષનો રાજકુમાર. સુંદર મણિરત્નના શરીર જેને. મણિરત્નના શરીર. હાથીના હોદ્દે મોટા ચક્રવર્તી હોય. ક્ષાયિક સમકિતી. લ્યોને, શાંતિનાથ ભગવાન. ચોર્યાશી લાખ હાથીના .. .. એ તો .. તીર્થંકર છે, મહાપુણ્યવંત છે. પણ બીજો અસધારણ તો એની સામે લડાઈ પણ કરવી પડે. એ ક્રિયાના કાળમાં એ ક્રિયા જે થાય છે એ આત્માના જોરથી થાય છે તો એ જોર એ આવ્યું એ આત્માને લઈને આવ્યું છે એ વાત સાચી નથી. .. ઓહોહો..! સમજાણું કાંઈ?

લ્યો, નેમિનાથના ભગવાનના ઓલામાં પણ આવે છે. ભગવાનનું આવે છે ને? એ બધા બેઠેલા. યાદવ કુળની સભા ભરાયેલી. ચર્ચા કરતા કરતા એમાં કોણ બળવાન? કોણ બળવાન? એની ચર્ચા ચાલી. કોઈ કહે કે અર્જુન બળવાન, કોઈ કહે પાંડવો બળવાન, કોઈ કહે વાસુદેવ. વાસુદેવ એટલે આ વાસુદેવનો બાપ. એમ કરતાં કરતાં બધા ચાલ્યા નેમિનાથ ભગવાન પાસે. ... એ બધા તમે બળવાન-બળવાન કરો છો. હવે એ વાત .. આવી છે ત્યારે શ્રીકૃષ્ણનું બળ ... ... નેમિનાથ ભગવાને એટલું કહ્યું કે હું આ પગ મૂકું છું હેઠે. ઊંચો કરો. વિકલ્પ છે ને હજી ઈ જાતનો. આ .. હેઠે મૂકું છું, ઊંચો કરો. આ આંગળી છે આમ અવળી છે એને સવળી કરો. ટીંગાઈ ગયા હેઠે. એ બળ આત્માનું નથી, હોં! એ સભામાં બળની વ્યાખ્યા ચાલતા ચાલતા ભગવાન ઉપર ગઈ વાત. ભગવાન ત્રણ જ્ઞાનના ધણી આ બેઠા છે. ગંભીરપણે બેઠા છે. એના શરીરનું બળ એટલું છે કે તમારા બધા વાસુદેવ અને વસુદેવ, પાંડવો બધા પાણી ભરે એની પાસે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. .. તૂટી પડે અંદર. ચક્રવર્તીનો એક અધિકાર છે. ભરત ચક્રવર્તીનો અધિકાર છે. ભરતેશ વૈભવમાં આવે છે. લોકોને એમ થયું કે આ ભરત છે ને એ બધું અમારા સામગ્રી અને અમારા સાધનને લઈને આ રાજ કરે છે. એનામાં બળ કેટલી તાકાત હતી? એકલામાં કેટલી તાકાત હોય? છન્નું કરોડ પાયદળની ... આમ આમ.. એની તાકાત છે. સાંભળ્યું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાતા હતા રાત્રે. અંધેરપછેડો જોઈને જોવા જાય રૈયતના અભિપ્રાય શું. સાંભળ્યું. બીજે દિવસે સવારે કહે, અરે..! ભાઈઓ! આ મારી આંગળી વાંકી થઈ ગઈ છે. જરી ટેઢી છે એને સીધી કરો. શું કરીને થાય એ તમે કહો. એક સોનાની સાંકળ બનાવો. છન્નું કરોડ માણસને લંબાઈ ... એટલી. અને એનો છેડો અને આ છેડા સુધી છન્નુ કરોડ ... એની સાથે બાંધો એ છેડો. એ તમે સરખી ખેંચો. મોટી સોનાની સાંકળ. અને પછી તમને સરખી થાશે એટલે બધાને સોંપી દઈશ સોનાની સાંકળ. સોનાની સાકળ કહેવાય ને? સોનાની શું કહેવાય એ? સાંકળ-સાંકળ. મોટી સાંકળ બનાવી જબરી. લઈ ગયા છન્નુ કરોડ. અને એક છેડે આમ કરી, ન ચાલી. આમ કરી તો.. ઓલા બધા ભૂ.. થઈ ગયા. આહાહા..! અરે..! રૈયતો-પ્રજા! અમારા શરીરના બળને લઈને કામ શરીર કરે છે. તમારા બળને લઈને આ કામ ચાલે છે એમ છે નહિ. ધ્યાન રાખો, અમે રાજા છીએ માટે તમારી અનુકૂળતાને લઈને અમે બળવંત કહેવાઈએ છીએ એમ નથી. કાઢી નાખો. સમજાય છે? શરીરનું બળ જ એવી તાકાતવાળું આ શરીરનું એવું છે. આત્માનું શું કહેવું? સમજાણું આમાં?

એ શરીરની ક્રિયાનું બળ એ સ્વતંત્ર શરીરનું છે. આત્માને લઈને થયું છે એમ છે નહિ. આત્મામાં જોર આવ્યું માટે .. ફડાક દઈને .. નાખ્યો. એમ માનનારા શરીરની ચેષ્ટાના બળને આત્માનું બળ માને છે. ...ભાઈ! સમજાણું કાંઈ? એ તો જડ છે. જડની પર્યાયમાં તારો ક્યાં અંશ આવ્યો? એમાં હું આવ્યો ત્યારે આટલું શરીર વધ્યું છે. એ શરીરમાં આવું બળ હોય ત્યારે આત્મા કામ કરે. મૂઢ છે. આ શરીરની અવસ્થા મંદ, તીવ્રતાનું બળ એ તો જડની પર્યાયનું છે. ભગવાન આત્મા એનાથી તદ્દન ભિન્ન છે. આહાહા..! આ તો સાધારણ સૂત્ર આ છે ને. એના સ્પષ્ટીકરણના ઘણાં બોલો. એનો .. હોય ને એટલે કાઢી શકે. આ તો સિદ્ધાંત એટલા પડ્યા છે.

'**નવી પુરાણી અવસ્થાદિકના ભેદથી...**' આમ જાણનારા... આમ જાણનારા... .. આ બધું જાણે જોર આત્માનું હોય નહિ અંદર. અને આત્માનું બળ જાણે ચાલતું હોય આને લઈને. એ શરીરની અવસ્થાને જ આત્મા માનનારા છે. સમજાણું કાંઈ? આહાહા..! '**નવી-પુરાણી અવસ્થાદિકના ભેદથી પ્રવર્તતું જે નોકર્મ તે પણ જીવ નથી...**' એ બધી દશાઓ જડની છે, આત્માની નહિ. ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે એવા શરીરની અવસ્થાની ક્રિયાના બળથી ભગવાને આત્માને જુદો દેખ્યો છે. સમજાય છે કાંઈ? આગમ પણ એવા બળની ક્રિયાથી જુદો છે એમ કહે છે. અને અનુભવમાં ભેદજ્ઞાનીઓને શરીરની મંદ-તીવ્રતાના બળથી ભિન્ન આત્મા અનુભવમાં આવે છે. સમજાણું કાંઈ?

'**જીવ નથી કારણ કે શરીરથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ...**' જુઓ! એ તો ચૈતન્યસ્વભાવ છે. શરીરનું નવી-પુરાણી, જૂની અવસ્થાના બળને લઈને અહીં બળ આવ્યું છે? શરીરબળ મજબૂત હોય, વજ્રનારાચ સંહનન હોય ને તો આત્મા કેવળજ્ઞાન પામે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એય..! છે કે નહિ એમાં? પણ કહે છે કે ભગવાન કેવળજ્ઞાન પામવાની તાકાત તો અંતરમાંથી આવી છે. આને લઈને આવી એ શરીરને જ આત્મા માનનારા છે. સમજાણું કાંઈ? ભગવાન સંતો કેટલી વાત કરે છે જુઓને! ઓહોહો..! 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ 'કુંદકુંદાચાર્ય'ના સામાન્ય સૂત્રોના ટૂંકામાં વિવેચન આટલી ટીકા કરી છે. એની ટીકાની ટીકાનો પાર ન મળે. આ તો સિદ્ધાંતો છે. પછી એના દાખલા આપે ત્યારે એના ખ્યાલમાં આવે. આમાં આ કહેવા માગે છે. અધ્યાત્મ આત્માને સમજાવનારું શાસ્ત્ર છે. સમજાણું કાંઈ? એમ કહે, હું તાણીને પણ બોલી શકું, મંદ પણ બોલી શકું. એમ માનનારા એ શરીરને જ આત્મા માને છે. મંદ અને તીવ્ર એ બોલવું એ ક્રિયા જડની છે, આત્માના બળની નથી. આહાહા..! આમ તો બધા એમ કહે, આત્મા અને શરીર .. પણ આ શરીરની બધી અવસ્થાઓને તું માને છે. ... આહાહા..!

**'શરીરથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ...'** એ શરીરની ક્રિયા એની અવસ્થા રૂપ આત્મા નથી. ભગવાને એમ કહ્યું છે, જાણ્યું છે, કહ્યું છે એ આગમ છે. ભેદજ્ઞાનીના અનુભવમાં આવે છે. ત્રણે વાત એક થઈ જાય છે. માટે કોઈ એમ કહે કે શરીરની અવસ્થા પ્રમાણે આત્માનું બળ આવે. તો આત્માનું બળ બહારના કામ શરીરમાં કરે એ વાત તદ્દન જૂઠી છે. **'ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે.'** સમજાણું?

હવે આવ્યું. **'સમસ્ત જગતને પુણ્યપાપરૂપે વ્યાપતો કર્મનો વિપાક છે તે પણ જીવ નથી...'** શુભ-અશુભભાવ છે એ ખરેખર કર્મનો વિપાક છે. આત્માનો પાક નથી. શુભ-અશુભભાવ થાય ને? એ ખરેખર આત્માનો પાક નથી. ઝીણી વાત છે હોં થોડી. **'સમસ્ત જગતને પુણ્યપાપરૂપે વ્યાપતો કર્મનો વિપાક છે તે પણ જીવ નથી કારણ કે શુભાશુભ ભાવથી અન્ય જુદો...'** અજ્ઞાની કહે છે, અમારે તો શુભભાવ તે જ આત્મા. શુભભાવથી આત્મા પ્રાપ્ત થાય એમ માનનારા શુભભાવથી જ આત્મા માને છે. જેનાથી લાભ માને એને પોતાથી જુદો માની શકે નહિ. સમજાણું કાંઈ?

ભાઈ! પુણ્યના પરિણામ હોય ને, કષાયની મંદતાના તો આત્માને ધર્મ થાય, નિશ્ચય થાય, શાંતિ થાય, કલ્યાણ થાય. એમ માનનારા કહે છે કે એ પુણ્યને, પુણ્યના પરિણામને જ આત્મા માને છે. એ તો કર્મનો પાક છે. આત્માના આનંદનો પાક તો આત્મામાં એના પાકથી જુદો પાક છે. સમજાણું કાંઈ? આહા..! એ કર્મનું ખેતર છે. એ કર્મના ખેતરના પાકથી ઉત્પન્ન થયેલા શુભાશુભભાવ. આ બહુ કઠણ પડે છે. આ શું કહે છે? એય..! પંડિતજી! આ બે પંડિત બેઠા નાના-મોટા. પરદેશી પંડિત છે. એક ઈંદોર અને એક નાના પંડિત કલકત્તા. સૌથી મોટા પંડિત આપણા ઈન્દોરના છે.

ભગવાન! એ તો આ સાંભળને કહે છે, ભાઈ! આચાર્ય કહે છે શું કહે છે? માથે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એમ કહ્યું છે ને? **'અધ્યવસાનાદિ ભાવો છે તે બધાય, વિશ્વને (સમસ્ત પદાર્થોને) સાક્ષાત્ દેખનારા ભગવાન (વીતર્ગ સર્વજ્ઞ) અર્હંતદેવો વડે, પુદ્ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી,...'** એ શુભભાવ રૂપી પુણ્ય પુદ્ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી તેઓ ચૈતન્ય સ્વભાવમય **'જીવદ્રવ્ય થવા સમર્થ નથી...'** સમજાણું કાંઈ? અશુભભાવ હોય ને તો પછી એમ કે દુર્ગતિ આદિ મળે, પ્રતિકૂળતા મળે અને એમાંથી પછી ધર્મ સમજાય જાય. પ્રતિકૂળતામાં ધર્મ સમજાય જાય. માટે અશુભભાવ ઠીક છે. એમ માનનારા એ અશુભભાવને જ આત્મા માને છે. તુલસીદાસનું (આવે છે). 'સુખમેં .. કરે હરિ હૃદય સે જાય, બલિહારી દુઃખકી .. કો બતાય'. એ વાત ખોટી છે. સિદ્ધાંત આ તો વીતરાગી સિદ્ધાંત, બાપા! સમજાણું કાંઈ? 'સુખને માથે શિલા પડો...' અનુકૂળને માથે શિલા પડો. 'હૃદયસે હરિ જાય. બલિહારી .. ' એ વાત પણ ખોટી છે એમ કહે છે અહીં તો. એય..! આ તો બાપુ બીજી વાત છે. આ તો વીતરાગ પરમેશ્વરનો માર્ગ, બાપા! એ પ્રતિકૂળતા આવે તો આત્માને ધર્મ થાય એમ માનનારા અશુભ પરિણામથી લાભ માનનારા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો નિમિત્તની વાત આવે છે. એ તો ... એ તો નિમિત્તની વાતું છે. શાસ્ત્રમાં આવે ને કે બહુ વેદના નરકમાં હોય છે. પંડિતજી! બહુ વેદના તે સમકિતને... એ તો નિમિત્તથી વાત છે. એ આત્મા અંદરમાંથી સમજે છે ત્યારે વિકલ્પ એનાથી ખસે છે, .. વિકલ્પમાંથી ખસ્યો એમ જણાવ્યું છે. એનાથી થાય તો તો અનંત અનંત વાર વેદનામાં ગયો ત્યાં થવું જોઈએ. પાટનીજી! એમ નથી થતું. ભાઈ! એ વીતરાગની વાણી અને એના ભાવને બાપા! એને હૃદયગમ્ય કરવા અલૌકિક, આખી દુનિયાથી ઝીણી વાત બીજી છે.

સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ આહાહા..! જેનો સમરસભાવ આત્મામાં હતો એવો સમરસભાવ પર્યાયમાં પ્રગટ થઈ ગયો. કૂવામાં હતું એ અવેડામાં આવ્યું. અવેડો સમજો છો ને? શું કહે છે તમારે? ... કૂવામાં જે હોય એ અવેડામાં આવે ને. એમ ભગવાન આત્મામાં સમરસભાવ... સમરસભાવ.. પુણ્ય-પાપના ભાવરહિત સમરસભાવ પડ્યો છે ને અંદર. એને અંદર એકાગ્રતાના ધ્યાન દ્વારા પર્યાયમાં સમરસ વીતરાગતા વીતરાગ વિજ્ઞાનતા પ્રગટ થઈ ગઈ. એ પણ શુભભાવને આશ્રયે પ્રગટ થઈ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો ભગવાને કહ્યું છે એનું સ્પષ્ટીકરણ થાય છે. તો કહે, એ એમનો મત છે. અરે..! ભગવાન! એમનો મત ક્યાં છે? અરે..! પ્રભુ! તું શાંત થા જરી. એ પ્રણાલિકા નહોતી એટલે નવી લાગે જગતને. નવી નથી. ભાઈ! અનાદિના અનંત સંતો, અનાદિના કેવળીઓ, સમકિતી આ જ વાત કહેતા આવ્યા છે. નરકના નારકી પણ સમકિતી હોય તો એ વાત કરે. આહાહા..! ભાઈ! આત્મા તો.. અહીં અસ્તિત્વ સિદ્ધ કરવું છે ને? કે જીવનું હોવાપણું એ રાગની મંદતાને લઈને પ્રાપ્ત થાય તો જીવના હોવાપણાની પ્રતીતની એને ખબર

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી. સમજાણું કાંઈ? જીવ-અજીવનો અધિકાર ચાલે છે. જીવના અધિકારમાં અજીવનો અધિકાર આવે તો જીવને અધિકાર પ્રગટ થાય એમ છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પુણ્ય એ અજીવ અધિકાર છે. કહ્યું ને પહેલું. રાગની મંદતા એ ચૈતન્યભાવ, ચૈતન્યસ્વભાવ જીવ, ચૈતન્યસ્વભાવ જીવ એ ચૈતન્યસ્વભાવ રાગમાં છે? વીરચંદભાઈ! છે નહિ. અત્યારે નથી. એ રાગ છે એ અંધકારરૂપ છે. રાગ છે એ પોતે પોતાને જાણતો નથી. એ રાગ જોડે રહેલા જ્ઞાનને જાણતો નથી. જ્ઞાન જ્ઞાનને જાણે અને જ્ઞાન રાગને જાણે એ ચૈતન્ય પ્રકાશ આ આત્મા છે. રાગ તો અચેતન છે. અચેતન એટલે રજકણ નહિ, પરમાણુ નહિ. વર્ણ, ગંધ, રસ નહિ પણ એમાં ચૈતન્યના સ્વપરપ્રકાશનો અંશ નથી તેથી અંધકાર છે. એ અંધકારથી ચૈતન્યના પ્રકાશની પ્રાપ્તિ થાય એમ માનનારા શુભભાવથી આત્મા માનનારા છે. સમજાણું કાંઈ? આહાહા..! એ શુભભાવની અસ્તિ છે, હયાતી છે તો આત્માની હયાતી સિદ્ધ થાય છે. એમ માનનારા અજીવને જીવ માને છે. વીરચંદભાઈ! આ તો એવી વાત છે કે ત્રણ કાળમાં ક્યાંય ફરે નહિ. પરમાત્મા પરમેશ્વર સર્વજ્ઞે કહેલું, જોયેલું, જાણેલું એવું અનુભવમાં આવે એવી વાત છે. સમજાય છે કાંઈ? એના અનુભવમાં આવે એવી વાત છે. આહાહા..!

**'સમસ્ત જગતને પુણ્યપાપરૂપે...'** ચોર્યાશી લાખ અવતારમાં તો પુણ્ય-પાપ રૂપે જ બધું છે ને. **'કર્મનો વિપાક છે તે પણ જીવ નથી કારણ કે શુભાશુભ ભાવથી અન્ય જુદો...'** શુભ અને અશુભભાવથી અન્ય જુદો **'ચૈતન્યસ્વભાવરૂપ જીવ...'** ચૈતન્યસ્વભાવરૂપ જીવ. શુભાશુભભાવ ચૈતન્યસ્વભાવના અભાવરૂપ અજીવ. આઠ આઠ વર્ષના રાજકુમારો આવું સમજીને ઉતરી જતા અંદરમાં, હોં! ફડાક દઈને સમ્યગ્દર્શન! એકદમ વૈરાગ્ય.. વૈરાગ્ય.. વૈરાગ્ય. માતા! રજા આપ મા! મારી .. એ ભવના અભાવ કરવાના અમારા ભાવ છે. આ .. ફરીને ક્યાં મળશે? બાપા! એકવાર તું રો ભલે પણ બીજી માને નહિ કરીએ હવે, હોં! મા હવે બીજી નહિ કરું. પણ મને હવે (રજા આપ). મારું સ્વરૂપ રાગથી ભિન્ન મને ભાસ્યું છે એને સાધવા.. એવું આવે છે ચરણાનુયોગમાં. 'પ્રવચનસાર' ચરણાનુયોગના પહેલા અધિકારમાં. રજા લે છે. 'અમૃતચંદ્રાચાર્યે'. હે સ્ત્રી! આ શરીરને રમાડનારી હે સ્ત્રીના આત્મા! એમ કહે છે. હવે મને રજા આપ, હોં! મારી અનુભૂતિરૂપી સ્ત્રીના વિષય ભોગ લેવા જાવ છું. મારો વિષય બનાવું અંતર. આ નહિ... આ નહિ... આમ નહિ. મેં જાણ્યો છે આત્મા. પણ હવે મારે સ્થિર થવા માટે માતા! ... માં! મારું કરવા નીકળ્યો છું, હોં! માતા ... પાડે. હે બેટા! કર ભાઈ તારા કામ. અમને આ માર્ગ હજો. આહાહા..! એમ આવે છે હોં આમાં. ભાઈ! કામ કર બાપા! આહાહા..! અરે..! ચૈતન્યના સાધન કરવા નીકળતા ... કર, ભાઈ! કર. બેટા! તારો માર્ગ પણ અમને હજો. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ જ્યાં સમરસના.. આહાહા..! સમરસના શેરડા જ્યાં ઊડે. રાગ ક્યાં? પ્રભુ આત્મામાં રાગ ક્યાં? શુભ અને અશુભરાગની એને ગંધ કેવી? એ શુભ-અશુભ રાગને ભગવાન ચૈતન્યસ્વભાવ છૂતો નથી. છૂયો નથી, અડતો નથી. એને જીવ સ્વભાવ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ આનંદની લહેરમાં પડ્યા હોય સંતો. આઠ આઠ વર્ષના રાજકુમારો. .. આહાહા..! ગામમાં નીકળતા હોય. જાણે સિદ્ધ નીકળ્યા! ઉપશમરસના જ્યાં ઢાળા ઢળ્યા છે. શરીરના જ્યાં શુભાશુભભાવ રહિત ઉપશમરસ જ્યાં ઢાળા-ઢાળા (ઢળ્યા છે). શાંત.. શાંત.. શાંત.

'ઉપશમ રસ વરસે રે પ્રભુ તારા નયનમાં, ઉપશમ રસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' એ શુભભાવભાવ રહિત પ્રભુ ઉપશમરસનો તો કંદ છે. એને શુભભાવથી આત્માને લાભ માનનારા. પ્રભુ! એમ ન હોય, ક્હે છે. બાપુ! અમે એમ જોયું નથી, એ વસ્તુ એમ નથી. ભેદજ્ઞાનીઓથી બીજી રીતે જણાય છે. રાગથી ભિન્નપણે જણાય છે માટે બાપુ! એને તું કબુલ કર. સમજાણું કાંઈ? જુઓ! આ શુભાશુભભાવથી રહિત વીતરાગભાવ છે. શુભભાવભાવથી રહિત વીતરાગ દૃષ્ટિથી આત્મા જણાય છે એમ કહે છે. આહાહા..! આ પહેલા ધડાકાની વાત છે. એમ કે ત્યાં વળી વીતરાગ? બાપા! એ સમ્યગ્દર્શન એ વીતરાગ દૃષ્ટિ છે. ભાઈ! જ્યાં શુભાશુભ પરિણામને એકરૂપે માને છે. પુણ્ય-પાપમાં ન આવ્યું? ભાઈ! શુભાશુભ ભાવને બેને એકરૂપ માનનારા.. ભગવાન! શુભાશુભ પરિણામને એકરૂપ જાણે એ જ એના પ્રત્યેનો વ્યવહાર. સમજાણું? એ પુણ્ય-પાપના અધિકારમાં આવે છે. બહુ ગાથામાં માલ ભર્યા છે. 'સમયસાર'માં. આહાહા..! વૈરાગ્ય એને કહે. સમજાય છે? શુભ અને અશુભ બે રાગ છે. એનાથી ખસવું, સ્વભાવના મહાન અસ્તિત્વમાં આવવું. આમ અસ્તિત્વમાં આવવું અને અહીંથી ખસવું એવી જ્ઞાન અને વૈરાગ્ય શક્તિ સમકિતીને હોય છે. આહાહા.. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો શુભાશુભભાવ ભાવ છે બાપુ! એ તો વિષમભાવ છે. ભગવાન તો એનાથી સમ. વિ કાઢી નાખ તો સમભાવે પડેલો છે આખો. એ આત્માને ચૈતન્યસ્વભાવરૂપ જીવ, એ તો સમભાવી જ્ઞાનરૂપ જીવ. પુણ્ય-પાપના ભાવ તો વિષમભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! એ 'અમૃતચંદ્રાચાર્ય'નું આ ટીકા કરતી વખતે ક્ષયોપશમજ્ઞાન, એની સમરસ દશા શું કામ કરે છે! એ વિકલ્પ ઉઠે છે. કહે છે કે એ નહિ હોં! એ આત્મા નથી હોં! તમે બનાવો છો, એનાથી લાભ થાશે કે નહિ? જગતને માટે શાસ્ત્ર રચો છો તો એ વિકલ્પથી લાભ થશે કે નહિ? ભગવાન! અમે ક્યાં કહીએ છીએ. હોય છે એને જાણીએ છીએ. વિકલ્પનું જ્ઞાન થાય છે. બપોરે આવ્યું હતું. વિકલ્પ એનો નથી. તેના સંબંધી પોતાથી ઉત્પન્ન થયેલું જ્ઞાન એ પ્રકારનું છે. એને જીવભાવ કહેવાય છે. રાગને જીવભાવ કહેવાતો નથી. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'શુભાશુભભાવથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ...'** જાગૃતભાવરૂપ જીવ, અંધકારભાવરૂપ અજીવ રાગાદિ. એવો **'ભેદજ્ઞાનીઓ વડે...'** ભેદજ્ઞાન જુદા પાડનારાઓ વડે **'સ્વયં ઉપલભ્યમાન છે...'** પોતાની મેળાએ. શુભની અપેક્ષા વિના શુભથી જુદો પાડવો છે અહીં. હવે શુભને જુદું પાડવામાં શુભની મદદે આ લાભ થાય એ ક્યાં એમાં રહ્યું? આહાહા..! મગનભાઈ! આહાહા..! ભાઈ! જેનાથી જુદું પડવું એને સાથે લઈને જુદું પડાય?

**'ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે.'** માટે જીવ ભાવ, ચૈતન્યસ્વભાવ, તેને જીવનું અસ્તિત્વ કહીએ. શુભાશુભ પરિણામથી આત્માને લાભ માનનારા અજીવને જીવ માને છે. એના જીવના હોવાપણાના અસ્તિત્વના શ્રદ્ધા અને જ્ઞાન નથી. આમ બોલે કે અજીવને જીવ માને તો મિથ્યાત્વ. જીવને અજીવ માને તો મિથ્યાત્વ. પણ આ શું એની ખબર ન મળે. આટલી વાતમાં ફેર પડ્યો છે. મોટો ફેર પડ્યો છે. સમજાણું? કહેનારા ..માંથી ફેર પડ્યો એને ખબર ન મળે. એને ઓલાને ખબર ન મળે. વીતરાગ માર્ગ બીજી રીતે મનાઈ ગયો. બીજી રીતે આવ્યો તો .. લાગ્યા.

અહીં તો કહે છે કે 'અમૃતચંદ્રાચાર્ય' ભગવાન મુનિ સંત મહા મહંત છે. કહે છે કે ભાઈ! એ શુભાશુભથી રહિત ચોથા ગુણસ્થાને ભેદજ્ઞાનીઓને. આહાહા..! ચોથાથી જણાય, દેખાય, અનુભવાય, આવો આત્મા એને બીજો કેમ કહેવાય? એને જીવને અસ્તિત્વ જ્ઞાનમાં આવ્યું એમ કહેવામાં આવે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**કારતક સુદ ૧૨, શુક્રવાર તા. ૨૪-૧૧-૧૯૬૬**
**ગાથા-૪૪, પ્રવચન-૧૧૧**

આ 'સમયસાર' જીવ-અજીવ અધિકાર. એનો આ પાંચમો બોલ ચાલે છે. એમાં આઠ બોલ છે ને. આ ૪૪મી ગાથા. પાંચમો શું બોલ ચાલે છે? શું કહેવા માગે છે? કે '**સમસ્ત જગતને પુણ્યપાપરૂપે વ્યાપતો કર્મનો વિપાક છે...**' પાંચમો બોલ છે એ કાલે ચાલ્યો છે, ફરીને થોડો (લઈએ છીએ). આ આત્મા શુભાશુભ પરિણામ જે કર્મનો પાક છે એનાથી જુદી ચીજ છે. આત્મા એને કહીએ અને એ આત્મા જાણ્યો એને કહીએ. સમસ્ત જગતને પુણ્ય-પાપ એવા શુભાશુભભાવ જે કર્મનો પાક છે શુભઅશુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ કર્મનો પાક છે એ આત્મા નહિ. એ વિકારી પરિણામ છે એ આત્માનું કાર્ય નથી અથવા આત્માનું એ અસ્તિત્વ નથી. અસ્તિત્વની વાત (ચાલે છે). આત્મા નિર્વિકારી અસ્તિત્વ છે. નિર્વિકારી આત્માના અસ્તિત્વને જ આત્મા કહે છે. સમજાય છે કાંઈ? એટલે આત્મા તો આનંદસ્વરૂપ છે અથવા અહીંયાં વીતરાગ સ્વરૂપ છે. આનંદ પછી લેશે.

આત્મા તો સમરસ જ્ઞાન વિજ્ઞાનઘન વીતરાગસ્વરૂપ છે. એને આત્મા કહીએ. એમાં કર્મના પાકના શુભાશુભ વિકૃત ભાવ એ સમરસસ્વભાવ એનાથી વિપરીત છે. માટે તે કર્મનો પાક છે, આત્માનો પાક નથી. આહાહા..! શરીર, વાણી, મનની તો અહીં વાત પણ નથી. એ તો ધૂળ બહારની ચીજ રહી. ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર... માથે કહ્યું હતું અર્હંતદેવે સર્વજ્ઞ પરમેશ્વરે એને-શુભાશુભભાવને જીવ કહ્યો નથી. સર્વજ્ઞ પરમેશ્વરે એને શુભાશુભભાવ આગમ દ્વારા, વાણી દ્વારા પણ જીવ કહ્યા નથી. શુભાશુભભાવ, ભેદજ્ઞાનીઓ દ્વારા પણ એનાથી (આત્મા) ભિન્ન જણાય માટે ભેદજ્ઞાની પણ તેને જીવસ્વરૂપ જાણતા નથી.

મુમુક્ષુ :- ભગવાન જાણે...

ઉત્તર :- ભગવાન જાણે, આગમ કહ્યું એમ જાણે. સમજાણું કાંઈ? આહાહા..!

ચૈતન્યરસ સમરસી પ્રભુ આત્મા છે. ચારિત્રગુણ કહો કે સમરસભાવ કહો. આત્મામાં સમરસ, વીતરાગરસ ભાવ ચારિત્રભાવ એટલે સ્વરૂપ શુદ્ધ વીતરાગભાવ છે આત્મા. એમાં જેટલા આ પુણ્ય-પાપના વિકલ્પો, વૃત્તિઓ ઉઠે છે એને અહીંયાં કર્મનો પાક ગણ્યો છે. કેમકે એ એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? એ શુભાશુભભાવ જીવ નથી. કારણ કે શુભાશુભભાવથી અન્ય જુદો ભગવાને કહ્યો, આગમે કહ્યું અને અન્ય જુદો ચૈતન્ય સ્વભાવરૂપ જીવ, એનો અર્થ કે શુભાશુભભાવ એ ચૈતન્ય સ્વભાવરૂપ જીવ નથી. ભારે જગતને આકરું પડે. પણ આ સર્વજ્ઞનું કહેલું છે, આગમ એમ કહે છે, જ્ઞાનીઓ વડે અંતરમાં ભિન્ન જણાય છે. હવે એમાં વાત કરવી શી બીજી ત્યારે? સમજાણું કાંઈ? એ વ્યવહાર કીધો ને? એ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગ વ્યવહાર એ જીવસ્વરૂપ નથી. એમ જ તો અહીં કહ્યું છે.

જેને વ્યવહાર કહ્યો એ શુભરાગ છે, શુભભાવ છે. અને શુભભાવ તે જીવ સ્વભાવ નથી, એથી જીવ નથી. એ ચૈતન્યસ્વભાવરૂપ જીવ, એ શુભરાગ ચૈતન્યસ્વભાવરૂપ જીવ થવાને લાયક નથી. આહાહા..! કેટલું સ્પષ્ટ કર્યું છે! ભગવાન ચૈતન્ય દીવો છે અને પ્રકાશની મૂર્તિ પ્રભુ છે. એ પ્રકાશમાં વીતરાગતા ભરી છે. એને આત્મા કહીએ. એટલે કે જે પુણ્ય-પાપના વિકલ્પો ઉઠે તે ચૈતન્યસ્વભાવથી ભિન્ન છે. તેથી તેને ખરેખર અજીવ કહેવામાં આવે છે. તેથી તે શુભરાગ એને અજીવ કહીને, તેને અચેતન કહ્યા એ ચૈતન્યની જાતની ભાત નથી. શું થાય? વીતરાગનું વચન શું છે, વીતરાગે જાણ્યું શું છે અને જાણનારાએ જાણ્યું શું છે? ઝીણી વાતું બહુ. આ બધું અત્યાર સુધી ચાલે છે ને એય..! મગનભાઈ!

મુમુક્ષુ :- ઘણું સારું છે.

ઉત્તર :- ઘણું સારું છે. વાત તો બધા .. કરે ને બધા .. કરતા હતા તમે બધા નહોતા? એ પોતે મહિનો મહિનો જઈ આવ્યા છે. આહાહા..!

ભાઈ! આ આત્મા કોને કહે એનો અર્થ કે જે આત્મા છે એવો જાણ્યો એનું નામ ધર્મ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અહીં જીવ અને અજીવનો અધિકાર છે. જીવ કોને કહીએ? અને એમાં અજીવ તે નથી. જીવનો સ્વભાવ ચૈતન્યરૂપ જીવદ્રવ્ય તેને જીવ કહીએ. એટલે કે વીતરાગભાવમય ચૈતન્યભાવમય જીવદ્રવ્ય તેને જીવદ્રવ્ય કહીએ. એમાં શુભાશુભ પરિણામ તે જીવદ્રવ્ય નહિ. કેમકે ચૈતન્યસ્વભાવરૂપ જીવદ્રવ્ય તે થવાને લાયક નથી. અને તેનો શુભાશુભ પરિણામનો પાક કર્મના પાકથી (થયો છે), જીવના પાકમાંથી આવેલી ચીજ નથી. આહાહા..! અરે ભગવાન! કેટલા .. કેટલી વાત!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાંથી આવે? ઝેર ખાતા ખાતા અમૃત થઈ જશે? એ જાણીને પૂછે છે હોં! બાબુલાલજી! .. છે ને ત્યાં.

ભગવાન! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! તારી વસ્તુ જે છે અંદર એ તો વિજ્ઞાનઘન અને સમસ્વભાવી વસ્તુ છે. બે ગુણ લીધા જ્ઞાન અને ચારિત્ર. સમજાય છે? આ આત્મા જે છે એને આત્મા કહીએ કે જે વિજ્ઞાનઘન છે, ચૈતન્યસ્વભાવ છે. અને જેમાં ચૈતન્યસ્વભાવ છે એટલે જેમાં ચારિત્રગુણ એટલે વીતરાગભાવ પડ્યો છે. એવા જીવને જીવ કહીએ અને એવા જીવની દૃષ્ટિ કરતાં, જ્ઞાન કરતાં અનુભવ થાય તેને ધર્મ કહીએ. આહાહા..! અહીં ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાની પ્રભુ એનું નામ .. માથે આવ્યું હતું ને એ? જુઓ! '**पोग्गलदव्वपरिणामणिप्पण्णा केवलिजिणेहिं भणिया**' મૂળ પાઠ.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર, જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક પૂર્ણ પ્રકાશ પર્યાય પૂર્ણ પ્રગટ થઈ ગઈ છે. એવા અરિહંતોએ એ પુણ્ય-પાપના ભાવને જીવ રૂપ કહ્યું નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ તો અજીવ રૂપ પુદ્ગલનો પાક (છે) માટે એ અપેક્ષાએ એને અજીવરૂપ કહ્યું છે. આહાહા..! રાડ નાખે જગત, હોં! ભાઈ! શાંતિ આ વિના મળે એવું નથી. મરી જાય બહારમાં ક્રિયાકાંડ દયા, દાન અને વ્રત પાળ. પણ વસ્તુ જ આ છે. એ દયા, દાન, વ્રતના પરિણામ એ શુભરાગ છે. અને શુભરાગ એ જીવસ્વરૂપ જ નથી. જીવસ્વરૂપ હોય તો જીવથી જુદા પડે નહિ. નવનીતભાઈ! ..ભાઈ! આ બધું સમજવું પડશે આ. આહાહા..!

અરે..! સર્વજ્ઞ ત્રિલોકનાથ પોકારે છે. સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની સો ઈન્દ્રની ઉપસ્થિતિ અને હાજરીમાં સમવસરણમાં '**केवलिजिणेहिं भणिया**' '**केवलिजिणेहिं**' વીતરાગ કેવળી. પૂર્ણ જ્ઞાની અને વીતરાગ. એણે એમ કહ્યું, ભાઈ! શરીર, વાણી, મન, કર્મ એ તો અજીવ છે, એ તો ઠીક દુનિયા સાધારણ કહે છે. પણ ભગવાન ચૈતન્ય સ્વભાવ આત્માને એનાથી વિરૂદ્ધ જેટલા પુણ્ય અને પાપ (ભાવ થાય)... આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ, કહે છે જીવ નહિ, ભાઈ! જીવ નહિ. આહાહા..! રાડ નાખે જગત તો. ભાઈ! જીવનું ક્ષેત્ર તો વીતરાગભાવથી ભરેલું છે. આનંદ પછી બીજા બોલમાં લેશે-ભોક્તામાં. આ કર્તાનો છે, આ કર્તાનો બોલ છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી અને અનંત ગુણનું ધામ એવો આ ભગવાન આત્મા એના પાકમાં તો વીતરાગી પર્યાય પાકે એવો એ ભાવ અને ક્ષેત્ર છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણેય વીતરાગી દશા છે અને એ વીતરાગી દશાનો પાક એ ત્રિકાળ અસંખ્ય પ્રદેશ અનંત ગુણનું ધામ વીતરાગ સ્વભાવથી ભરેલું છે. એના અંતરના આશ્રયથી ત્રણ દશા પ્રગટ થાય છે. એને ભગવાન આત્મા કહે છે, એને ધર્મ કહે છે, એને મોક્ષનો માર્ગ કહે છે. એ વીતરાગી પર્યાય વીતરાગી સ્વભાવના આશ્રયે પ્રગટે એને જીવ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? પ્રવીણભાઈ! .. કહે છે કે શુભભાવથી અ શુદ્ધ થાય કે નહિ? અરે..! શુભરાગ એટલે અજીવથી જીવ થાય કે નહિ? એવો પ્રશ્ન છે ઈ. આ અજીવ શુભરાગ એને અજીવ માનતા નથી. જીવ તો એને કહીએ કે જેમાં ચૈતન્ય ચમત્કાર સ્વભાવ ભર્યો હોય. જીવ એને કહીએ કે જેમાં સમરસ ચારિત્ર, સમરસ વીતરાગભાવ ભર્યો હોય. આહાહા..! અરે..! સમજાણું કાંઈ?

કહે છે કે '**કર્મનો વિપાક છે તે પણ જીવ નથી કારણ કે શુભાશુભભાવથી...**' એ પુણ્ય-પાપ, દયા-દાન-વ્રતના પરિણામ કે તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય એ ભાવ બધા '**શુભાશુભ ભાવથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ...**' છે. આહાહા..! સર્વજ્ઞનો માર્ગ.

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી.
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.

'શ્રીમદ્' ૧૬ વર્ષ પહેલાં કહ્યું. 'શ્રીમદ્ રાજચંદ્રે' ૧૬ વર્ષ પહેલા બાર ભાવના કરી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે એમાં.

સર્વજ્ઞનો ધર્મ તે શરણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.

તારો હાથ પકડનાર બીજી કોઈ ચીજ છે નહિ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જેની અનંત આંખ અસંખ્ય પ્રદેશે ખુલી ગઈ છે. ચરણાનુયોગમાં ચાલે છે. સિદ્ધ. સર્વ ચક્ષુ, સર્વ ચક્ષુ. મુનિને આગમચક્ષુ (કહે છે). દેવ આદિને પરમચક્ષુ, ભગવાનને સર્વ ચક્ષુ (કહે છે). અસંખ્ય પ્રદેશે કેવળજ્ઞાન જે ભર્યું છે ને આમ. વીતરાગભાવ ભર્યો છે અસંખ્ય પ્રદેશે. સમરસ. એની અંતર્મુખ ધ્યાનની દશાથી જેણે કેવળજ્ઞાનની વીતરાગતાની દશા જેણે પ્રગટ કરી છે એવા ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર એમ ફરમાવે છે, ભાઈ! શુભાશુભરાગ એ કર્મનો પાક, એ આત્માનો પાક નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અણાત્મા કહો, અજીવ કહો, અચેતન કહો, પુદ્‌ગલના અને .. એને પુદ્‌ગલ કહેશે. પુદ્‌ગલ કહો. એ પુદ્‌ગલ છે. સમજાણું કાંઈ? આહાહા..! એ પુદ્‌ગલ ઓલામાં હજી આગળ લેશે ૪૫માં. એને પુદ્‌ગલ સ્વભાવ કહેશે. પુદ્‌ગલ સ્વભાવ કહેશે. અને પુદ્‌ગલ કીધું છે ત્યાં ભાષા ફેરવીને છે. ૪૫માં કહેશે. એ પુદ્‌ગલ સ્વભાવ છે, ભાઈ! એ જીવ સ્વભાવ નહિ. એ ૪૫માં કહેશે. જુદી-જુદી (રીતે કહે છે). કોઈ વખતે પુદ્‌ગલ પરિણામમય, કોઈ વખતે પુદ્‌ગલ, કોઈ વખતે પુદ્‌ગલ સ્વભાવ. આહાહા..! એ પોતે દ્રવ્ય થઈ ગયું એ વસ્તુ.

મુમુક્ષુ :- કર્મબંધન.

ઉત્તર :- કર્મબંધન નહિ. એ તો પહેલા કહ્યું નહિ? પુદ્‌ગલનો અર્થ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નામ પુદ્‌ગલ એમ નહિ. એ વિકૃત અવસ્થા હિનાધિક થાય તેને અહીંયાં પુદ્‌ગલ પરિણામ કહેવામાં આવે છે. ..., પુણ્ય-પાપ... પુણ્ય-પાપ... પુણ્ય-પાપ... અને તે પણ અસંખ્ય પ્રકાર. પુણ્ય-પાપના અસંખ્ય પ્રકાર. .. સ્વરૂપ વીતરાગ એક સ્વરૂપે છે ભગવાન આત્મા. એમાં આને પુદ્‌ગલ પરિણામ, પુદ્‌ગલદ્રવ્ય, પુદ્‌ગલ સ્વભાવ કહેવામાં આવે છે. આહાહા..! છે એની પર્યાય આસ્રવ તત્ત્વની અપેક્ષાએ. પણ જીવસ્વભાવની અપેક્ષાએ તે પર્યાયને પુદ્‌ગલ સ્વભાવ કહેવામાં આવે છે. કેમ કે સાત તત્ત્વ છે ને. નવ લ્યો. પુણ્ય અને પાપ આસ્રવ તત્ત્વ અને જીવતત્ત્વ ભિન્ન છે. અજીવ તત્ત્વ શરીર, વાણી, કર્મ એ અજીવ તત્ત્વ. નવ તત્ત્વમાં એ અજીવ તત્ત્વ. અને પુણ્ય-પાપનું તત્ત્વ એ આસ્રવ તત્ત્વ આવ્યું અને જ્ઞાયકતત્ત્વ ભિન્ન આવ્યું. એટલે આસ્રવ તત્ત્વ અને અજીવ તત્ત્વ બેયને અહીં અજીવમાં નાખી દીધા છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા, અહીં કહે છે કે ચૈતન્ય સ્વભાવ એ જીવતત્ત્વ, જીવદ્રવ્ય એ શુભાશુભભાવ થવાને લાયક છે? એમાં એ તાકાત છે કે જીવદ્રવ્ય સ્વભાવે થાય? શુભભાવમાં તાકાત છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે આત્મામાં શુદ્ધભાવ થાય? એમ કહે છે. આહાહા..! પાટનીજી! વાત એ છે કે એનું વાસ્તવિક તત્ત્વ છે એ એણે રુચિથી સાંભળવાનો અવસર જ લીધો નથી. એમ ને એમ અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો, શુક્લલેશ્યામાં નવમી ગ્રૈવેયકે ગયો એવી ક્રિયાકાંડ પંચ મહાવ્રત (પાળ્યા) પણ એ આત્મા શું છે એના ભાન વિના એકડા વિનાના મીંડા નીકળ્યા. ત્યાંથી મરીને નવમી ગયો, ત્યાંથી મરીને નરક, પશુ અને નરક અને નિગોદ અવતર્યો. ભાઈ! તારા તત્ત્વની મૂળ ચીજના ભાન વિના એ બધા પરિભ્રમણના ભાવો .. હતા. પણ લોકોને એ એવું કઠણ પડે...

મુમુક્ષુ :- ... લોક વિરૂદ્ધ છે.

ઉત્તર :- લોક એટલે શું? લોક મૂકે પોક. એક જણો કહેવા આવ્યું હતું. અહીં જ્યારે પરિવર્તન કર્યુંને. રતનચંદ શેઠ જીવતા. જીવતા. પછી ગુજરી ગયા. લોક મૂકે પોક. દુનિયાની શું પડી છે? દુનિયા કેમ માને. એના ઘરે રહી દુનિયા.

ભગવાન ત્રિલોક નાથ આમ કહે છે. ભગવાનના આગમમાં આમ કહ્યું છે. જ્ઞાનમાં એમ ભગવાને જાણ્યું, વાણીમાં આવ્યું અને જ્ઞાનીઓ દ્વારા પુણ્ય-પાપના ભાવથી ભિન્ન આત્મા જાણવામાં આવે છે. માટે એને કોઈ પણ પુણ્યના પરિણામથી આત્માને લાભ જીવને થાય એમ માનનારા અજીવને જીવ માને છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે...'** આ હોવાપણાની સિદ્ધિ કરે છે. જીવતત્ત્વ અને અજીવ અધિકાર છે ને. જીવનું હોવાપણું એટલું ને એવડું છે કે જીવ ચૈતન્ય સ્વભાવ અને વીતરાગભાવવાળું તત્ત્વ તેને જીવસ્વભાવ અને જીવ કહેવામાં આવે છે. એમાં ઉત્પન્ન થયેલા પુણ્ય અને પાપને જીવ ન કહેતાં તે અજીવ છે, જડ છે, અચેતન છે, ખરેખર એ પુદ્ગલનું દ્રવ્ય અને પુદ્ગલ પરિણામ છે. વસ્તુની જાત આત્માની છે નહિ. એનાથી આત્માને ધર્મ થાય, એવા શુભભાવથી આત્માને ધર્મ થાય એટલે કે શુભભાવ અચેતનથી ચૈતન્ય ઉત્પન્ન થાય એવી વાત છે. બાબુલાલજી! આહાહા..! અરે ભગવાન! શું થાય? દુનિયાને બીજે રસ્તે (ચડાવી દીધા). માંડ આવો મળ્યો વખત. એમાં વીતરાગ માર્ગ પરમેશ્વરનો. એમાં કુળમાં જન્મ થયો પણ એને આવી સત્ય વાત સાંભળવા મળે નહિ. એ કે દિ' સંભાળે પોતાને અને કે દિ' પેસે અંદરમાં? સમજાણું કાંઈ?

**'સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે.'** ભગવાન કેવળજ્ઞાની પ્રત્યક્ષ જાણીને કહે છે. આગમની વાણીમાં એમ આવ્યું. સમ્યગ્દૃષ્ટિ પુણ્ય-પાપના રાગરહિત જીવના સ્વભાવને અનુભવે છે. પુણ્ય-પાપને આસ્રવમાં અજીવમાં નાખી, પોતાની જાતમાં તેને ભેળવતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ પાંચમો બોલ થયો. હવે આવ્યો વેદનનો.

**'શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્રમંદપણારૂપ ગુણો તે વડે ભેદરૂપ થતો**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**જે કર્મનો અનુભવ તે પણ જીવ નથી...**' એ આત્મામાં સુખ-દુઃખની, હરખ-શોકની કલ્પના થાય, હરખ-શોકની. પૈસા અમને અનુકૂળ હોય તો અમે સુખી છીએ એવી કલ્પના, પ્રતિકૂળતામાં દુઃખી છીએ એવી કલ્પના. બેય હરખ-શોકની કલ્પના એ જીવસ્વરૂપ નથી. '**શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્રમંદ...**' મંદ અને તીવ્ર એવા પરિણામ રૂપ '**ગુણો તે વડે ભેદરૂપ થતો...**' આત્માનો જે આનંદ છે એનાથી ભેદ પડે છે આ પ્રકારનો. '**કર્મનો અનુભવ...**' એ સુખ-દુઃખની કલ્પના. પહેલા શુભાશુભભાવનું અસ્તિત્વ જીવનું નથી એમ કહ્યું. એમાં કર્તાપણું છોડાવ્યું. બીજામાં સુખ-દુઃખનો અનુભવ જે છે એ આત્મા નથી. સમજાણું કાંઈ? '**શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્રમંદપણારૂપ ગુણો...**' તીવ્ર અને મંદ થવું તે. '**ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ તે પણ જીવ નથી...**' તીવ્રપણે હોય તો દુઃખ અને મંદપણે હોય તો સુખ. કલ્પના હોં બેય. રાગની મંદતા હોયને તો આમ સુખી છું એમ લાગે. હરખ... હરખ... હરખ.. (થાય). સમજાણું? અંદર હરખનો વિકલ્પ ઉઠે ને? હરખ. એ મંદ. દ્વેષનો ઉઠે, શોકનો ઉઠે. (એ) તીવ્ર. પણ બેય કર્મનો અનુભવ છે એ. આત્માનો એ અનુભવ નહિ. આત્માની જાત નહિ, આત્માની ભાત નહિ અને આત્માથી ઉત્પન્ન થયેલી ચીજ નહિ. આહાહા..!

આવો ભગવાન વીતરાગ એ આનંદથી ભરેલો છે એમ કહેવું છે અહીં તો. ઓલામાં વીતરાગ સ્વભાવથી ભરેલું તત્ત્વ, એનાથી વિપરીત શુભાશુભભાવ તે જીવ નહિ. અતીન્દ્રિય આનંદ અને વિજ્ઞાનઘન ભગવાન એને આત્મા કહીએ. એ આનંદથી ઊલટી અવસ્થા જે હરખ-શોકની એ બધી દુઃખદશા છે. એ દુઃખદશા એ આત્માનું સ્વરૂપ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ આત્મામાં નહિ. અસ્તિત્વ સિદ્ધ કરવું છે ને. કેટલાક એક ફેરી ભક્તિ ભગવાનની એમ કરતા હતા ને. ભક્તિ કરતા કરતા કહે આહાહા...! આમાં તીર્થંકરગોત્ર બંધાઈ ગયું. હવે સાંભળને બાપા! એ તારો હરખ અને વિકલ્પ છે, એ તો શુભરાગ બહુ તો છે. અને તેને તું આત્મા માને છો તો હજી ત્યાં તો તારું મિથ્યાદષ્ટિપણું છે. તીર્થંકરગોત્રનો વિકલ્પ આવે ક્યાંથી તને? અરે ભગવાન! ઓલી ધૂન ચાલે ને ભગવાનની ભક્તિની. ચાલતી હશે. (સંવત) ૧૯૯૨ની સાલની વાત છે. જેઠ સુદ પાંચમ. ઓલાની .. આ ગાનારા હોય છે ને મોટા? સો-સો રૂપિયા લે. બોલાવ્યા હતા. ૨૫ રૂપિયાનું દનૈયું કર્યું, ૫૦નું દનિયું, સોનું દનિયું. એમાંથી એક જણ બોલ્યો. તીર્થંકરગોત્ર બાંધે. કીધું, બાપા! સાંભળને. હજી તને આ ભક્તિનો એક શુભરાગ આવ્યો જરી એમાં તીર્થંકરગોત્ર બાંધતા હશે? હજી રાગ તો પોતાનું સ્વરૂપ માને છે, એ મારું કર્તવ્ય માને છે. એ તો મિથ્યાદષ્ટિ મૂઢ છે.

મુમુક્ષુ :- ભગવાનને ભજે છે.

ઉત્તર :- ભગવાનને ભજે છે? રાગને ભજે છે એ તો. આહાહા..! એય..! પાટની! આવો માર્ગ છે આ. ... .. બેય પાટની છે. તમારી નાતના છે? કહો, સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાઈ! તું તો અનાકુળ આનંદની મૂર્તિ સ્વરૂપ છો ને, કહે છે. એ ૪૫માં નાખી દેશે. આઠેય કર્મના પરિણામ ઉત્પન્ન થાય એ બધું દુઃખ, એ આત્મા નહિ. એ ૪૫માં નાખશે. સમજાણું કાંઈ? કહે છે કે ભાઈ! તું આત્મા છો ને પ્રભુ! અને આત્મા એને કહીએ કે જે જ્ઞાનમૂર્તિ અને અનાકુળ આનંદ અને વીતરાગ સમરસભાવ. બસ, એને આત્મા કહીએ. એની દૃષ્ટિ અંદર કરવી, એનું જ્ઞાન કરવું અને એમાં રમવું એનું નામ ધર્મ અને મોક્ષમાર્ગ છે. આહાહા..! કહો, આવો માર્ગ વીતરાગ સિવાય ક્યાંય અન્યમતમાં હશે? વેદાંત આદિ જે અદ્વૈત સ્થાપે એમાં હશે? એટલે આવું જ્યારે કહે છે ત્યારે કહે, આ તો અદ્વૈત છે એમ કહે છે. કારણ કે આવી વાત આપણે જૈનમાં હતી નહિ. એમ કહે. અભેદ આત્મા, અભેદ અખંડ અનુભવ કરવો, અખંડનો અનુભવ કરવો... અખંડનો અનુભવ કરવો એ તો વેદાંત કહે છે. અરે..! ભગવાન! અખંડનો અનુભવ અને એકનો અનુભવ એ વેદાંતમાં હતો કે દિ'? હમણા ચોપડી આવી બધી, હોં! ... ચોપડી હતી કઈ? બે આવી હતી. અદ્વૈતને આ સ્થાપનારા છે. .. અદ્વૈત ... અરે ભગવાન!

અહીં તો કહે છે, એ શુભ-અશુભ પરિણામ અને હરખ-શોક પરિણામ એને જીવ માને તે જીવને માનતા નથી. નાસ્તિક છે. રાજેન્દ્રજી! ભગવાન પોકારે, વાણી એમ કહે અને આત્માના અનુભવમાં એમ આવે. છતાં અરે..! વાતને ફેરવી નાખી આખી. મારગને ઊલટો કર્યો. આ તો ચોર કોટવાલને દંડે એવું થયું. બાબુલાલજી! અરે ભગવાન! એમ કહે, આવી વાત તો આપણે નહોતી. એક જણો (કહે), નાથુલાલ પ્રેમી હતા ને? એ કહે કે આ 'કુંદકુંદાચાર્યે' 'સમયસાર'ને વેદાંતની ઢાળામાં ઢાળ્યો છે. કારણ કે એને ઓલી ક્રિયા અને આ ને આ બધું એમાં ક્યાંય ભાળે નહિ. એટલે વેદાંતના ઢાળામાં (ઢાળ્યું છે એમ કહે). અરે..! વેદાંતના ઢાળામાં નહિ, વસ્તુના ઢાળામાં ઢાળ્યું છે. અરે..! શું કરે છે માણસ? 'સમયસાર' એટલે આત્મા. આત્મા એટલે કે સર્વજ્ઞે જોયેલો વીતરાગી કંદ પ્રભુ આત્મા. એ અનંત આત્માઓ, ભિન્ન-ભિન્ન આત્માઓ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અંતર જ્ઞાનનો ઘન અને વીતરાગનો રસ અને આનંદની મૂર્તિ છે. એનાથી ઊલટી જેટલી સુખ-દુઃખની કલ્પના થાય તેને ભગવાન જીવ કહેતા નથી. સમજાય છે કાંઈ? લ્યો, આ પૈસા પાંચ-દસ કરોડ અને ધૂળ કરોડ એ બધું હોય છે ને? .. દાટે. પૈસાના ... હતા એ ...ને દાટે એમ. પૈસા .. અને .. એ .. વાતું છે ને. એને કિરીટને પૂછ્યું, તારે બાપ... તો કહે, બાપ કેવા? જડના બાપ છે. આત્માના બાપ ક્યાં છે. આ કિરીટ. કહો, સમજાણું? આ તો વાતું નિમિત્ત .. ક્યાં કોને .. આમ પચ્ચીસ કરોડ ... આહાહા..! બાપુ! એ હરખનો ભાવ જીવ નહિ. સમજાય છે? એમ પરમાત્માની ભક્તિ કાળે પણ હરખનો વિકલ્પ ઉઠે એ જીવ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ....

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- એમાં શું છે પણ? ધૂળ મોટો ચક્રવર્તી રાજા થયો. નવ તો નિધાન. અને એક એક નિધાનની એક એક દેવ સેવા (કરે). એમાં એટલી કળા. રૂપિયા ભળ્યાને એમાં? પણ એવી કળા હોય કે એક દિવસના અબજો રૂપિયાના અબજો પેદા કરે .. એવી કળા હોય છે. એમાં છે શું પણ ધૂળ? આ આત્માની કળા વિના બધા ધૂળધાણી અને વા-પાણી છે. મરી જાય એમાં. એના પૈસા હોય તો શું અને શરીર સારું હોય તો શું? આ તો ધૂળ માટી છે. આ ક્યાં આત્મા હતો? સમજાય છે કાંઈ? માંસના હાડકાના બધા આકાર પૂતળા છે. ચૈતન્ય કાઢો અંદર જુદો. એક ચામડી જરી એક શેરડીની જેટલી છોલ, શેરડી હોય ને? ગન્ના, છોલ કાઢે એટલી છોલ કાઢીને ઊભો રાખે તો થૂંકવા ઊભો ન રહે માણસ. બહુ સારું લાગે છે ને. બટકા ભરી લઉં જાણે આના. ચીતરી ચડે. એક શેરડી .. ગન્નાની ઉપર છાલ નથી હોતી? એટલું કાઢે તો ધોળું નીકળે. અહીં છાલ એટલી કાઢે ચામડી. આ તો હાડકા અને માંસ છે. એ ક્યાં આત્મા હતો? સાંભળને. એનામાં તને પ્રેમ અને રુચિ અને ભગવાન આત્મા પ્રત્યે અરુચિ? આત્માનો અનાદર કરે છે. સમજાય છે?

અહીં તો કહે છે કે શુભ અને અશુભ, શુભ પરિણામમાં જેને પ્રેમ છે તેને ભગવાનનો અનાદર છે. અહીં તો કહે છે કે જેની કલ્પના સુખ દુઃખની. સુખની કલ્પનામાં પ્રેમ અને રુચિ પડી છે તેને ભગવાન અનાકુળ આનંદના કંદનો તેને અનાદર (છે), તેનો વિરોધી દુશ્મન છે ઈ. આહાહા..! એય..! પોપટભાઈ! એ શુભભાવ થયો એ દયા, દાન, વ્રતનો શુભ, એની જેને રુચિ છે, આ મને હિતકર છે એ ભગવાન આત્માનો ખૂન કરનાર આત્માનો વેરી છે. શત્રુ છે આત્માનો એ. ભગવાને કહેલા આગમોનો વેરી, ભગવાને જાણેલા જ્ઞાનનો વેરી, એના સ્વભાવનો વેરી (છે). સમજાણું કાંઈ?

અહીંયાં તો (કહે છે), અરે...! એ કર્મનો અનુભવ છે. ઓહોહો..! ઓલો કર્મનો વિપાક કહ્યો હતો ત્યાં. શુભાશુભમાં. આ હરખ-શોક થાય, આ સુખી છીએ. અરે..! દુઃખી છીએ. પ્રતિકૂળતા દુઃખી. ક્યાં દુઃખી અને ક્યાં સુખ? કોને કહેવું? .. છે. કલ્પનાના પ્રતિકૂળતા અરે..! મને પ્રતિકુળતા! એવી જે કલ્પના એનું નામ દુઃખ. તે જીવસ્વરૂપ નથી. એ જીવની જાતમાંથી ઉત્પન્ન થયેલો ભાવ નથી. તેને અજીવભાવ કહે છે. આહાહા..! શીખંડ ને પતરવેલીયા ને ભજીયા ને લાડવા ઉડાડતો હોય, બાયડી રૂપાળી હોય, ખાવા બેઠો હોય, છોકરા પરણતા હોય, છોકરાના લગનમાં લાખ બે લાખ ખરચવા હોય. વીંઝણો લઈને બેઠી હોય અને અડદની દાળ અને લાડવો ખાતો હોય, એ સુખી છે. મૂઢ છે, કહે છે કે ત્યાં બેઠો.. આહા..! મને મજા (છે). મૂઢ છો, આત્માનો શત્રુ છે. એય..! મગનભાઈ! આ બધું જોયેલું. .. ઓલી બાયડી બેસાડે. કારણ કે એની .. દાળમાં માખી ન પડી જાય. ઓઢાડીને ખવરાવાય છે? માથે મચ્છરદાની નાખીને ખવરાવે? મચ્છરદાની ઝીણી હોય. મચ્છર ઝીણા ઉડતા હોય તો શું કરવું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખાવામાં આવે. શોભતા હશે મચ્છરદાની? રાત્રે સૂવામાં શોભે. એય..! માટે બાયડી બેસે જોડે. વીંઝણો લઈને સાથે. આમ ફર્સ્ટક્લાસ જાણે. એને મળ્યો હોય ને પિયરમાંથી. એ પાછું બતાવવું હોય ભેગું એને બાયડીને. મચ્છર હોય છે ને? આવા નાના નાના. એ બાઈ ઉપર હોં! રોટલી ઉપર તો એ વળી હાથ રાખતો હોય આમ જરી. દાળ હોય, શાક હોય. અત્યારે તો ત્રણ-ત્રણ શાક, દાળ. અત્યારે તો ભાત કેટલી થઈ ગઈ છે. પહેલામાં તો એક દાળ. હવે તો .. શાક હોય તો દાળ.. એવું હતું, લ્યો. ખબર છે ને અમને તો બધી.

અહીં કહે છે કે પ્રભુ! તને આ અનુકૂળ સામગ્રી દેખાય છે એ તારી માન્યતા ભ્રમ છે. અને એ સામગ્રીમાં તને સુખની કલ્પના થાય છે એ અજીવભાવ છે. એ જીવનું ખૂન કરે છે તું. એય..! પોપટભાઈ! છ-છ દીકરા. લાદીમાંથી પૈસા આવે લાખો. ૨૫-૩૦ લાખ રૂપિયા. વઢવાણમાં નોકરી હતી પછી બધા સુખી થઈ ગયા કે નહિ? આહાહા..!

મુમુક્ષુ :- સુખી છે.

ઉત્તર :- સુખી .. એટલે શું પણ? આહાહા..!

પ્રભુ! ત્રણ લોકના નાથ આગમ દ્વારા અને અનુભવી દ્વારા કહેવા માગે છે. ભાઈ! અનુભવી તો એમ કહે છે. એ હરખ-શોકના પરિણામથી આત્માને જુદો અનુભવે છે. અને તું એને આત્મા કહે છો એ ક્યાંથી લાવ્યો? ભગવાનના આગમમાં ત્રણ લોકના નાથની વાણીમાં દિવ્યધ્વનિમાં એમ આવ્યું કે હરખ-શોકના પરિણામ કરવાનો અનુભવ છે. જીવનો નહિ. તું ક્યાંથી લાવ્યો કે મને આનંદ આમાં થાય છે? દુઃખી થા છો અને આનંદ થાય છે એ ક્યાંથી લાવ્યો? સમજાણું કાંઈ? .. ! આવી વાતું ભારે કઠણ. એકેન્દ્રિયા જીવિયા વહોરિવિયા તસ્સ મિચ્છામી દુક્કડમ. એમાં ધર્મ માન્યો હોય એને આ વાત સાંભળવી. ... આવે છે ને પાઠ આવે છે. જીવિયા વહોરવિયા આપણે આવે છે. પણ .. પ્રથામાં નથી. શ્વેતાંબરમાં .. છે. જીવિયા વહોરવિયા તસ્સ મિચ્છામી. પણ આ જીવિયા વહોરવિયા. એ ચૈતન્ય આનંદકંદ છે એને હરખ શોકના પરિણામમાં મજા માનવી અને હરખ-શોકના પરિણામ જીવના માનવા એ જીવિયા વહોરવિયા જીવતરનો નાશ કર્યો છે જીવનો. સમજાણું કાંઈ? એય..! ભારે વાતું, ભાઈ! જરીક આમ મોઢું મોળું પડી જાય. પ્રતિકૂળ વાત આવે તો મોઢું મોળું પડી જાય. અનુકૂળ આવે તો રૂવાંટા ઊભા થઈ જાય જરી. આહાહા..! ભારે વાત, ભાઈ! અનુકૂળતા વાત આવે તો .. બહુ સારા છે. શું છે પણ તને? શેની માંડી આ પોક? આવા અનુકૂળ પ્રતિકૂળતાના કલ્પનાના પરિણામ સુખ-દુઃખની તેં માન્યતા કરી છે કલ્પના, એ જડ છે, અજીવ છે. એને તું મારી માને છે તો મૂઢ છો એમ કહે છે. આહાહા..! કહો, વજુભાઈ!

એ દરેક બોલ માટે કહી ગયા છે હોં પહેલા. એ અર્હંતદેવ વડે વિશ્વના દેખનારા વડે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હરખ-શોકના પરિણામ પુદ્ગલદ્રવ્યના પરિણામ કહેવામાં આવ્યા છે. તેથી ચૈતન્ય સ્વભાવ જીવદ્રવ્ય સ્વભાવ થવા સમર્થ નથી. અને જીવદ્રવ્ય એ સુખ-દુઃખના કલ્પનાના પરિણામ જે ચૈતન્યભાવથી શૂન્ય છે તેનાથી જુદો ભગવાને આત્મા કહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? જીવ નથી.

**'કારણ કે સુખ-દુઃખથી જુદો...'** એ સુખ-દુઃખની કલ્પનાથી જુદો ભગવાન અંદર છે. આત્મા એવો છે. સુખ-દુઃખવાળો એ આત્મા નહિ. અહીં તો હજી કહે, અમે પૈસાવાળા, બાયડીવાળા, આબરૂવાળા, નાકવાળા, ફલાણાવાળા અને ધૂળવાળા. હામ, દામ ને ઠામ બાપા! અમારે તો ત્રણેય છે. હામ એટલે હિંમત છે. શું કહેવાય? .. દામ એટલે પૈસો, ઠામ એટલે ઠેકાણા, મકાન બકાનને જગ્યો હોય પાંચ ઠેકાણે મકાન હોય. હામ, દામ ને ઠામ છે. ધૂળમાંય નથી તારા, સાંભળને! હામ, દામ ને ઠામ ત્રણેય જડ છે. એય..! વીરચંદભાઈ! હજી તો આત્મા કોને કહેવો એની એને ખબર ન મળે અને ધર્મ કરવા નીકળી ગયા. લ્યો ચાલો ધર્મ. ક્યાં ધૂળમાં ધર્મ હોય? સમજાણું કાંઈ?

**'સુખ-દુઃખથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ...'** આહાહા..! કેવી ટીકા તે પણ! **'ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન...'** પોતાની મેળાએ આનંદને વેદન કરે એવો આત્મા બતાવ્યો છે. **'ભેદજ્ઞાનીઓ વડે...'** સમ્યગ્દષ્ટિઓ વડે સર્વજ્ઞે કહેલો, આગમમાં જણાવેલો, અનુભવમાં આવેલો હરખ-શોકના પરિણામથી ભિન્ન અંદર ભેદજ્ઞાનીથી .. આત્માના આનંદના અનુભવસહિત આત્મા દેખાય છે. કહો, સમજાણું કાંઈ? સુખ-દુઃખની કલ્પનાવાળો ભેદજ્ઞાનીને આત્મા દેખાતો નથી. ભગવાને કહ્યો નથી, આગમ એમ કહેતા નથી. આટલી આટલી સિદ્ધ કરે છે વાત. છતાં આમ... ભાઈ! તને તારી ખબર નથી. અને તું કોને અન્યાય આપે છે એ પણ તને ખબર નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એને ક્યાં અભ્યાસ પણ છે. જરી શાંતિથી જુએ, વિચારે, ભાઈ! 'સમયસાર' એટલે. લ્યો ઓલામાં લખ્યું છે. એક 'સમયસાર' અમે વાંચ્યું છે. એક.. લખ્યું છે. એક 'સમયસાર' વાંચ્યું છે એમાંથી આ બધા ગપ્પ ઉડાવ્યા છે. અરે..! ભગવાન! અહીં તો બધા શાસ્ત્રો ઘણા વંચાય છે. ઘણાં વાંચ્યા છે. વ્યાખ્યાન પણ ઘણાનું કર્યું. એવા તો કેટલાય એક લાખ.. કેટલા પડ્યા? પોણા પાંચ લાખ તો છપાઈ ગયા છે. ગુજરાતી કેટલા પડ્યા. અરે..! ભગવાન! શું થયું છે તને? આ વાત સાચી છે ને. અને જે ખોટી વાતમાં એણે જે માન્યું છે એમાંથી ફડક થાય છે. પણ એમાં કાંઈ રહેતું નથી એનું ને એનું માનેલું, એના પંડિતોનું, ત્યાગીનું એટલે જાણે... .. જેવું નથી, ભાઈ! આહાહા..! પ્રભુ! તારો માર્ગ આ છે, હોં! પણ એને બીજે માર્ગે ચડીને માર્ગ લેવા માગે એ માર્ગ કઈ રીતે મળે? અનંત પરમાત્મા જેની ઓથમાં છે. આહાહા..! ઓલામાં કહ્યું હતું, 'સમયસાર'. 'સમયસાર' નથી?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


... શું કહે છે એ? 'સમયસાર' .. '...' કાંઈક આવે છે. 'સમયસાર નાટક'માં 'બનારસીદાસે' 'નાટક સમયસારકી મહિમા'.

મોખ ચલિવેકૌ સૌન કરમકૌ કરે બૌન,
જાકે રસ-ભૌન બધ લૌન જ્યૌં ઘુલત હૈ.
ગુનકો ગરંથ નિરગુનકૌ સુગમ પંથ,
જાકૌ જસુ કહત સુરેશ અકુલત હૈ.
યાહીકે જુ પચ્છી તે ઉડત ગ્યાનગગનમૈં,
યાહીકે વિપચ્છી જગજાલમૈં રૂલત હૈ.
હાટકસૌ વિમલ વિરાટકસૌ વિસતાર,
નાટક સુનત હિયે ફાટક ખુલત હૈ. ૧૫. (ઉત્થાનીકા)

'બનારસીદાસે' કહ્યું. બહુ 'બનારસીદાસે' તો કામ ઘણું કર્યું. સમજાણું કાંઈ? .. અને એની ટીકા સાથે મેળવીએ તો કહે, નહિ એ એકાંત છે. એમ નહિ. 'રાજમલ'નું નહિ, ફલાણાનું નહિ. અરે ભગવાન! વીરચંદભાઈ! એવું ચાલે છે ત્યાં તમારે. અરે પ્રભુ! શાંત થા, ભાઈ! એ જૂઠે રસ્તે શાંતિ નહિ મળે. અસત્યને માર્ગે બાપા, સત્યની પ્રાપ્તિ નહિ થાય.

કહે છે, એ '**સુખ-દુઃખથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે.**' જ્ઞાન આ આત્મા છે એમ આનંદના વેદનસહિત રાગની અપેક્ષા વિના શ્રુતજ્ઞાન દ્વારા આત્મા પ્રત્યક્ષ ભેદજ્ઞાનીને જણાય છે. એ આનંદવાળો જણાય છે. એને સુખ-દુઃખની કલ્પનાવાળો જણાતો નથી. આહાહા..! આ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે, હોં! એ સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનમાં આ પ્રમાણે હોય છે. આહાહા..! એને ઠેકાણે તો હજી પાંચમા થઈ ગયા ને છઠ્ઠા ગુણસ્થાનવાળા થઈ ગયા. હજી હેઠલાના ઠેકાણા ન મળે અને ઉપર ચડી ગયા. અને હેઠે ઉપરને પ્રશ્ન કરે. આહાહા..! એ છઠ્ઠો બોલ થયો.

સાતમો. '**શિખંડની જેમ ઉભયાત્મકપણે મળેલાં જે આત્મા અને કર્મ તે બન્ને મળેલાં પણ જીવ નથી...**' શિખંડમાં ખાટા-મીઠા બે ભેગાં હોય છે ને. ખાટું દહી અને મીઠી સાકર. બે '**ઉભયાત્મકપણે મળેલાં જે આત્મા અને કર્મ તે બન્ને મળેલાં પણ જીવ નથી...**' અમારે એક કહેતા, આ આત્મા છે ને એક રૂપિયાભાર સાકર. તો સાકરનો સ્વાદ એટલો સરસ લાગે. એમાં એક રૂપિયાભાર ચણાનો લોટ નાખી દે તો સાકરના સ્વાદમાં ભેદ પડી જાય. એ ચણાના લોટની ... એમ આત્મામાં... આ તો ઘણાં વર્ષ પહેલાની ૩૫-૪૦ વર્ષ પહેલાની (વાત). ... સામે કરતા. બિલકુલ નહિ. વિકાર જીવની પર્યાય જીવ કરે છે, જડથી નહિ. એણે દલીલ આપી કે ના, બે ભેગા થઈને કરે છે. જેમ ચણાનો લોટ થોડો અને થોડી સાકર. એમ આત્મા થોડો ભળે અને થોડા કર્મ ભેગા મળે ત્યારે વિકાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય, એમ કહેતા હતા.

મુમુક્ષુ :- અનાદિથી કહેનારા...

ઉત્તર :- અનાદિ કહેનારા લાગે છે. આ તો ૪૦ વર્ષ પહેલા અમારે ચર્ચા ચાલતી હતી. વીરચંદભાઈ! ... એમ કહે, હોં! દાખલો એવો આપે એટલે લોકોને એમ થઈ જાય... આહા..! એક રૂપિયાભાર ચણાનો લોટ અને એક રૂપિયાભાર સાકર. .. છૂટી જાય. એમ આત્મા થોડો ભળે અને થોડા કર્મ ભળે એમ થઈને અંદર વિકાર થાય. ભેગું થઈને મિશ્ર થાય.

અહીં તો કહે છે કે એ વિકાર જ એકલા કર્મથી થાય છે. અત્યારે શું કહેવું છે? અહીં તો ઓલો વિકાર એનો સ્વભાવ નથી એ અપેક્ષાએ. પહેલેથી કર્મથી ભિન્ન પાડ્યું એ તો દ્રવ્યને ભિન્ન પાડ્યું પર્યાય સહિતનું. અહીં સ્વભાવ અને વિભાવ બે ભિન્ન પાડવા છે, અહીં તો એ દશા લેવી છે હવે. પહેલી કબુલાતમાં એ સુખ-દુઃખ ને હરખ-શોકના પરિણામ એ મારાથી છે, કર્મથી નહિ. એ પહેલી કબુલાત એની પર્યાયની સ્વતંત્રતાની કબુલાત. હવે અહીંયાં પર્યાયની વિકૃત અવસ્થા ક્ષણિક તે સ્વભાવની કબુલાતમાં એ વિકૃત મારો સ્વભાવ નહિ. સમજાણું કાંઈ? શિંખડની જેમ... એવો દાખલો આપતા લ્યો. એમ કહે, થોડોક આત્મા ભળે અને થોડું કર્મ ભળે. પણ ભળે શી રીતે? કર્મની પર્યાય ભિન્ન છે, આની પર્યાય ભિન્ન ભળે કે દિ'? એકબીજામાં અત્યંત અભાવ છે. છતાંય મિશ્રપણું કહે. થોડોક આનંદ આત્માનો આવે, થોડોક આનંદ કર્મનો આવે. સુખનો આવે. સુખ છે. કલ્પનામાં સુખ છે એમાં પણ આનંદ આવે, આમાંય આનંદ આવે. બે ભેગો થઈને આનંદ આવે. સમજાય છે? એમ માનનારા...

'**જીવ નથી..**' આત્મા અને કર્મ બન્ને મળેલાં જીવ... એટલે? ભાઈ, આત્માનો પુરુષાર્થ છે અને અંદર રાગનો ભાગ પણ ભેગો છે. બે થઈને આત્માનો ધર્મ થાય છે. એ શિખંડની પેઠે ખાટા-મીઠાંને ભેગા માનનારા જેવા છે એ. આત્મા પુરુષાર્થથી પણ થાય અને થોડો રાગથી પણ ધર્મ થાય. બે થઈને ધર્મ થાય. એ મિશ્ર માનનારા છે. જીવ અને જડ બેને મિશ્ર માનનારા છે. સમજાણું કાંઈ? પાટનીજી!

'**સંપૂર્ણપણે કર્મથી જુદો...**' જોયું! '**સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે...**' જરી મિશ્રપણું આમ થોડોક આ અને થોડોક આ, એમ નહિ. થોડોક વિકલ્પનો ભાગ આવે, થોડોક આનંદનો આત્માનો ભાગ હોય, બે થઈને ધર્મ થાય. કહે છે કે તું મૂઢ છે. સમસ્તપણે પરથી ભિન્ન આત્માના ભાનથી અનુભવથી ધર્મ થાય. વિકલ્પથી બિલકુલ મિશ્રથી થાય નહિ. સમજાણું કાંઈ? થોડી તો મદદ મળે કે નહિ? શુભરાગની થોડી સહાય, થોડી મદદ એમાં મળે કે નહિ શાંતિ પ્રગટવામાં? થોડી મદદ મળનારા એમ માને છે કે શિખંડ જેમ બે ભેગા છે એમ આત્મા અને રાગ બે ભેગા છે. એમ માનનારા જડને માને છે, ચૈતન્યને માનતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વીતરાગનો માર્ગ અનેકાંત છે. અનેકાંત એટલે થોડો રાગથી પણ લાભ થાય, થોડોક આત્માથી લાભ થાય એમ છે. આત્માથી લાભ થાય અને રાગથી ન લાભ થાય તો તો એકાંત થઈ જાય છે. આ અજ્ઞાનીનું અનેકાંત. એમ નથી. જુઓ! આ ભાષા.

'**સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી જુદો...**' વળી કંઈક જુદો અને કંઈક ભેગો એમ છે? કંઈક રાગની મંદતા.. કંઈક રાગની મંદતા. કંઈક લાભદાયક છે ખરી હોં! તદ્દ્ન લાભદાયક નહિ એમ નહિ. અનેકાંત જોઈએ. .. એ તો મિથ્યા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્થિતિ એટલે? હવે એ તો સ્થિતિ ઘટે એમાં સંસારનો અભાવ ક્યાં થયો? એ તો ઈનો ઈ સંસારનો વિકાર મંદ અને તીવ્ર.. મંદ અને તીવ્ર.. એ તો સંસાર છે આખો. અભાવ ક્યાં થયો? .. એવી વાતો કરે, રાગ મંદ કરે તો કર્મની સ્થિતિ ઘટે. પણ ઘટે એમાં આત્મા ક્યાં આવ્યો? તીવ્ર મંદ, તીવ્ર મંદ એ તો આવી ગયું. એ તો બધું પરમાં છે. અભાવસ્વભાવ એનું નામ આત્મા કહીએ. સમજાણું કાંઈ? સ્થિતિ તો એકેન્દ્રિયમાં એક સાગરની રહી ગઈ. સીત્તેર ક્રોડાક્રોડીની સ્થિતિ એક સાગરની રહી ગઈ, એકેન્દ્રિયમાં. તેથી શું સંસાર ઘટ્યો છે એને? એ તો સંસાર છે. કર્મની સ્થિતિ એક સાગરની રહે કે સીત્તેર ક્રોડાક્રોડીની રહે, એની સાથે કાંઈ આત્માને સંબંધ નથી. એક સાગર જ લ્યોને હવે. સીત્તેર ક્રોડાક્રોડી કેટલી! એક સાગર તો મિથ્યાત્વની. સમજાય છે ને? ઓલાને તો સાત ભાગ અને ચાર ભાગ. ચારિત્રમોહનીય. ચારિત્ર છે ને એટલે .. ચાર ભાગ. ઓલાને સાત ભાગ. સ્થિતિ થોડી રહે એમાં આત્માને શું? એ આત્માનો અંશ પણ ક્યાં જાગ્યો છે ત્યાં સ્થિતિ છોડીને. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એ કર્મના અંશનો કોઈપણ ભાવ. અહીં તો શુભ રાગાદિ કર્મનો ભાવ છે હોં! એનાથી બિલકુલ જુદો છે. બિલકુલ એની ..થી, એની સહાયથી કંઈપણ એની મદદ મળી માટે આત્મા અને આત્માની શાંતિનું દર્શન થાય એમ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ?

'**સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી જુદો...**' કોઈપણ અંશ રાગાદિનો એમાં ભેળવાય નહિ. આત્માના ધર્મમાં, આત્માની શાંતિ માટે, આત્માને જાણવા માટે, આત્માના અનુભવ માટે કંઈક વિકલ્પ એને આવ્યો કે આ આત્મા આનંદ છે. એ વિકલ્પ આવ્યો એણે કાંઈ કામ કર્યું હશે કે નહિ? કે એણે કામ કર્યું દુઃખરૂપ. આત્માનું કાંઈ કર્યું નથી. સમજાણું કાંઈ? .. આવે છે ને? ભાઈ! નિશ્ચય .. સવિકલ્પ ... છે. નિશ્ચયના બે પ્રકાર પાડ્યા છે ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. વિકલ્પ તે આસ્રવ. એનો અર્થ એ કે વિકલ્પ તે દુઃખરૂપ છે. આની કોરનો છે એટલે એને ગણ્યો પણ દુઃખરૂપ છે. વસ્તુ ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે, બન્ને જીવ નથી. એવું જ્ઞાની તો તેને પ્રત્યક્ષ જુદો અનુભવે છે. ભગવાને કહ્યું છે, આગમમાં આવ્યું છે અને ધર્મી એવું જાણે છે. એ સાતમો બોલ (થયો).

'**અર્થક્રિયામાં સમર્થ એવો જે કર્મનો સંયોગ તે પણ જીવ નથી...**' હવે તો આઠેય કર્મ ભેગા થાય ત્યારે જીવ થાય. ઘડિયાળ એ જીવ, એમ કહે છે ને? .. રાગ? '**અર્થક્રિયામાં સમર્થ એવો જે કર્મનો સંયોગ...**' .. યાદ આવ્યું. '**સંયોગ તે પણ જીવ નથી...**' આઠ ઓલા કહે છે ને? ચાર પાયા ખાટલાના અને બે ઈહા અને બે ઉપા. એ ખાટલો. એમ આઠેય કર્મથી માપવું. '**આઠ કાષ્ઠના સંયોગથી (-ખાટલાથી) જુદો જે ખાટાલામાં સૂનારો પુરુષ...**' એ ખાટલો જુદો અને ખાટલામાં સૂનારો પુરુષ જુદો. એમ આઠ કર્મની જાત જુદી અને આઠ કર્મથી ભગવાન જુદો. આઠેય નાખી દીધા છેલ્લે. સમજાણું કાંઈ? ૪૫માં આઠેય નાખશે પછી. છેલ્લે આઠ આવ્યું ને આમાં.

'**કર્મસંયોગથી...**' ખાટલામાં સૂનારો પુરુષ જેમ જુદો એમ '**કર્મસંયોગથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે...**' બિલકુલ આઠની કોઈપણ મદદ નહિ એમ કહે છે. આઠમાંથી કોઈ નામકર્મની, યોગની, ફલાણાની, ઢીકણાની એમ તો કાંઈ કંપન, કંપન, કંપન હોય ને. એની કાંઈ મદદ ખરી કે નહિ? એની કાંઈ કંપન.. કંપન... કંપન.. એની થોડી મદદ ખરી કે નહિ? કોઈ નહિ. એ વસ્તુ બધી આઠ કર્મના ફળ અને એનાથી જુદો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પ્રકૃતિ બધી જડમાં ગઈ. એ આવે આવે બધી વાતું. નિમિત્તની વાતું. એ આઠેય સમસ્ત પ્રકૃતિ અને એનાથી ઉત્પન્ન થયેલો જે ... બધું ભિન્ન, એનાથી ભગવાન ભિન્ન છે. એનાથી કાંઈ આત્માને લાભ નથી. ઓલા કહે ને તીર્થંકર પ્રકૃતિથી આત્માને મોક્ષ થાય, પરંપરા મોક્ષ થાય. આમાં જુઓ કહ્યું છે આ. એ તો એનો અભાવ કરીને થાય એમ કહ્યું છે. એનાથી આત્માને મુક્તિ થાય તો જડ અને આત્મા બે થઈને મુક્તિ થાય એમ એણે માની છે. સમજાય છે? શાસ્ત્રમાં આવે કે સમકિત.. સમકિતની પ્રાપ્તિને કારણે થાય. આવે છે ને. એ તો કેવો ઉઘાડ થયો છે અને આગળ વધશે, ચાલશે એ અપેક્ષાએ કહે છે. .. .. કંપનથી, ફલાણાથી. ઘણું ભર્યું છે! આચાર્યે બહુ થોડામાં ઘણું ભરી દીધું છે.

આઠેય કર્મનું ફળ એ બિલકુલ જીવ નથી એમ કહે છે મૂળ તો. ચાહે તો કંપન હો, ચાહે તો શુભાશુભ પરિણામ હોય, ચાહે તો હરખ-શોક હો, ચાહે તો તીર્થંકર પ્રકૃતિ હોય. સમજાય છે? એ કોઈ આત્માને સહાયક છે નહિ. એમ કે તીર્થંકર પ્રકૃતિ બાંધી મેં માટે કેવળ થાશે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ વાત જ ખોટી છે એમ કહે છે. એ સમ્યગ્દૃષ્ટિને એવો વિકલ્પ હોય એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પોતાનો માનતો નથી. એને અજીવ માને છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ, જેને એ વિકલ્પની દશા તેને અજીવ માને છે. મારા જીવને માટે વર્તમાન લાભદાયક નથી, ભવિષ્યમાં લાભદાયક નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભારે!

'**ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે.**' ધર્મી જીવ એ રાગ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાણો એ રાગથી ભિન્ન આત્માનો અનુભવ કરે છે. એનાથી લાભ માને છે એમ છે નહિ. અત્યારે નહિ અને ભવિષ્યમાં એનાથી લાભ માને એમ જ્ઞાની માનતો નથી. ભગવાને કહ્યું નથી અને આગમમાં એમ કહ્યું નથી. '(**આ જ રીતે અન્ય કોઈ બીજા પ્રકારે કહે ત્યાં પણ આ જ યુક્તિ જાણવી.**)' ઘણા પ્રકારે કોઈ શુભથી આમ કહે અને અશુભથી આમ થાય, ઢીંકણું આમ થાય, તેમ થાય. બહુ દુઃખી થઈએ ને દુઃખ થતાં થતાં કર્મ ખપી જાય, દુઃખથી વેદાઈ જાય ને દુઃખથી વેદાય પછી કર્મ ખપાઈ જાય તો ધર્મ થઈ જાય. એમ ઘણાં પ્રકાર માણસો કલ્પનાથી માને છે એ બધાય જૂઠા છે.

'**ભાવાર્થ :- એ ચૈતન્યસ્વભાવરૂપ જીવ, સર્વ પરભાવોથી જુદો, ભેદજ્ઞાનીઓને અનુભવગોચર છે; તેથી જેમ અજ્ઞાની માને છે તેમ નથી.**' સમજાય છે? હવે એની .. આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક સુદ ૧૩, શુક્રવાર તા. ૨૫-૧૧-૧૯૬૬**
**શ્લોક-૩૪, ગાથા-૪૫, પ્રવચન-૧૧૨**

આ જીવ-અજીવ અધિકાર ‘સમયસાર’નો ચાલે છે. જીવનો સ્વભાવ કેવો છે અને તેને પુદ્‌ગલના પરિણામથી ભિન્ન જાણી અનુભવમાં આવે એવો આત્મા એને શુદ્ધ ચૈતન્યસ્વરૂપ કહેવામાં આવે છે. અનુભવમાં આવે એવો આત્મા. કહે છે અહીંયાં, નીચે આવ્યું જુઓ! નીચે છે ને?

**‘અહીં પુદ્‌ગલથી ભિન્ન આત્માની ઉપલબ્ધિ પ્રત્યે વિરોધ કરનાર...’** એટલે શું? કે આ આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાન અને આનંદની મૂર્તિ છે. એની પ્રાપ્તિ પ્રત્યે વિરોધ કરનાર, અનુભવ પ્રત્યે વિરોધ કરનાર. એટલે કે આત્મા જ્ઞાન અને આનંદ છે એને આત્મા કહીએ. વચમાં જે પુણ્ય અને પાપના શુભ-અશુભ રાગાદિ ઉઠે છે એ આત્મા નહિ. સમજાય છે કાંઈ? કેમકે એ વિકૃત છે અને પુદ્‌ગલ પરિણામની જાત એને ખરેખર અચેતન કહેવામાં આવે છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પરમાનંદની મૂર્તિ આત્મા એને આ પુદ્‌ગલના પરિણામથી લાભ થાય એમ કહેનારા, એવા વિરોધ કરનારા પુરુષને પુદ્‌ગલને જ આત્મા જાણનારા. એટલે? એમ કહે, શુભરાગ છે ને, એનાથી આત્માને લાભ થાય. અમારે શુભરાગ છે ને એનાથી આત્માને લાભ થાય. એ શુભરાગ રહિત આત્માની પ્રાપ્તિના વિરોધ કરનારા છે. સમજાય છે કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કેવળજ્ઞાની પરમાત્માએ આત્મા એને પરમાર્થે કહ્યો કે જે પુણ્ય અને પાપના ભાવ ઉઠે છે એનાથી જુદો ભગવાને કહ્યો. અને એ જુદો છે. કેમ કે પુણ્ય અને પાપના ભાવ એ આસ્રવભાવ, જેનાથી નવો બંધ પડે એ ભાવ છે. આત્મભાવ એવો નથી. સમજાય છે કાંઈ? આત્મા એક સમયમાં શુદ્ધ ચૈતન્ય આનંદઘન છે. એની પ્રાપ્તિ પુણ્ય પરિણામ શુભરાગ અને દેહાદિની ક્રિયા એનાથી જે માને છે એ શુદ્ધ આત્માના અનુભવમાં વિરોધ વિઘ્ન કરનારા છે. સમજાણું કાંઈ? એને ધર્મની પ્રાપ્તિ થતી નથી. એ એમ કહે છે કે અમને તો આ દેહની ક્રિયા હોય અનુકૂળ, શુભરાગ હોય કાંઈક દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એનાથી અમને આત્મલાભ થશે. એ રાગથી વિરૂદ્ધને વિઘ્ન કરનારા છે. એવા અભિપ્રાયવાળા જીવો રાગથી ભિન્ન ચૈતન્યના અનુભવમાં વિઘ્ન કરનારા છે. એને અનુભવ થતો નથી અને બીજાને પણ એમ કહે છે કે તમને પણ એ શુભરાગ દ્વારા આત્માની પ્રાપ્તિ થશે. તો એના આત્માના અનુભવ રૂપી ધર્મને વિઘ્ન કરનારા એ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્માની ઉપલબ્ધિ નામ શુદ્ધ આત્મા..

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.

એક કડી એ 'શ્રીમદ્'ની છે. ભગવાન આત્મા એ પુણ્ય-પાપના રાગથી ભિન્ન શુદ્ધ છે, બુદ્ધ છે. જ્ઞાનનો જ પિંડ ચૈતન્યઘન છે. સ્વયં જ્યોતિ અને આનંદનું ધામ છે. એને અંતરની જ્ઞાન શ્રદ્ધા અને આનંદની ક્રિયા દ્વારા જ એની પ્રાપ્તિ થાય છે. ... ત્રણ આવે છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એ વીતરાગી પર્યાય દ્વારા તે આત્મા પ્રાપ્ત થાય એવો છે. એ રાગભાગથી અને દેહની ક્રિયા દ્વારા આત્માની પ્રાપ્તિ થાય એમ માનનારા આત્માને જાણતા નથી. સમજાણું કાંઈ?

એવા '**(-પુદ્ગલને જ આત્મા જાણનાર)**' અર્થાત્ જેનું લક્ષ કરવાથી આત્મા પ્રાપ્ત થાય એમ માને, એ પુદ્ગલનું લક્ષ કરવાથી આત્મા પ્રાપ્ત થાય તો પુદ્ગલથી જ આત્મા જાણે છે એમ એ જાણનારા માને છે. એને '**(તેના હિતરૂપ આત્મપ્રાપ્તિની વાત કહી) મીઠાશથી (અને સમભાવથી)**...' કહેવું કહે છે. એમ એકદમ નહિ. શાંતિથી. કારણ કે કોલાહલ પડ્યો છે એને. ભગવાન આત્માનો ધર્મ એટલે આત્માની પ્રાપ્તિ શરીરની ક્રિયાથી થાય, મનથી થાય, વાણીથી થાય, દેહથી થાય, આપણે પ્રરૂપણા કરીએ સાચી તો એનાથી બીજા ધર્મ પામે તો આપણને પણ એમાં લાભ થાય, એવા માનનારાઓને શાંતિથી કહેવું પડશે. એકદમ નહિ માને ઈ. સમજાણું કાંઈ? ખદબદાટે ચડ્યા છે ઈ. અનાદિના ચૈતન્ય ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વરે સત્ શાશ્વત જ્ઞાન અને આનંદની મૂર્તિ અનંત ગુણનું ધામ ભગવાને આત્મા જોયો છે. એવા આત્માને પ્રાપ્ત કરવામાં આવા વિઘ્ન નાખનારા પોતાને અને પરને, આત્મા આમ થાય.. આત્મા આમ થાય.. ભાઈ! આત્માને શુભરાગ હોય ને, કષાયની મંદતા કરતા... કરતા... કરતા.. એ ધર્મની-આત્માની પ્રાપ્તિ થાય. એવા દલીલ કરનારાઓ પ્રત્યે એને શાંતિથી કહે. કેમકે કોલાહલે ચડેલાઓને એકદમ બેસશે નહિ. પોપટભાઈ!

'**મીઠાશથી જ આ પ્રમાણે ઉપદેશ કરવો એમ કાવ્યમાં કહે છે :-**'

**विरम किमपरेणाकार्यकोलाहेन**
**स्वयमपि निभृतः सन् पश्य षण्मासमेकम्।**
**हृदयसरसि पुंसः पुद्गलाद्भिन्नधाम्नो**
**ननु किमनुपलब्धिर्भाति किंचोपलब्धिः।।३४।।**

**શ્લોકાર્થ :-** '**હે ભવ્ય!**' એને સંબોધીને કહે છે કે ભાઈ! '**તને બીજો નકામો કોલાહલ કરવાથી શો લાભ છે?**' આ શરીરથી આમ થાય અને પુણ્યથી આમ થાય એવી બધી વાત કરવાથી, કોલાહલ કરવાથી તને લાભ નથી, ભાઈ! સમજાય છે કાંઈ? શરીરથી તપસ્યા કરીએ અને કાંઈક માલ નીકળે એમાંથી તો આત્માને નિર્જરા થાય. એવા કોલાહલના કરનારા અજ્ઞાનીઓને .. ? વજુભાઈ! '**કોલાહલથી તું વિરક્ત થા...**' ભાઈ! એવી દેહની ક્રિયા અને અંદરમાં રાગની મંદતાના પરિણામ એ બધા વિકારી ભાવ છે, ભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ વિકારીથી આત્મા ન પામી શકાય. વિકારી ભાવથી આત્માને ધર્મ ન થઈ શકે અને વિકારી ભાવથી આત્માનું લક્ષ ન થઈ શકે. માટે જરી '**કોલાહલથી તું વિરક્ત થા...**' એ રાગના વિકલ્પો પુણ્ય-પાપના, દયા, દાન, વ્રત આદિના જે શુભરાગ હોય એ કોલાહલ છે. કોલાહલ એ સ્વરૂપ આત્મામાં નથી. એને લઈને તું લાભ લેવા માગતો હોય તો ભાઈ! જરી શાંત થા. સમજાણું કાંઈ?

'**અને એક ચૈતન્યમાત્ર વસ્તુને પોતે નિશ્ચળ...**' જોવે. કોલાહલથી વિરક્ત થા એટલે? એવા જે શુભ-અશુભ વિકલ્પો રાગ ઉઠે છે એનાથી લક્ષ છોડી દે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અનાકુળ આનંદનું ધામ પ્રભુ બિરાજે છે. જેવા સિદ્ધ ભગવાન છે એવો જ આ આત્મા વસ્તુ સ્વભાવે છે. એ સિદ્ધ ભગવાનની પર્યાય ક્યાંય બહારથી આવી નથી. એ અંદરમાં સ્વભાવ છે એમાંથી પ્રગટ થઈ છે. કૂવામાં પાણી હતું એ અવેડામાં આવે છે. એમ ભગવાન આત્મામાં આનંદ અને શાંતિ અનાકુળ વીતરાગભાવ રાગ અને પુણ્ય-પાપના વિકલ્પના કોલાહલથી રહિત હતો એનો અનુભવ કરીને અંતે ક્રમે ક્રમે આત્મા સિદ્ધપદને પામે છે. એ સિદ્ધપદ પામવામાં સાધન તો અંતર સ્વરૂપ શું છે? એ રાગાદિ પુણ્ય, પાપના વિકલ્પથી આત્મા પ્રાપ્ત થાય કે સમ્યગ્દર્શન થાય... ભાઈ! જરી છોડી દે. એનો અર્થ કે એનું લક્ષ છોડી દે.

'**અને એક ચૈતન્યમાત્ર વસ્તુને...**' વસ્તુ આત્મા. એ આત્મા વસ્તુ. શું? કે ચૈતન્યમાત્ર. એમાં તો જ્ઞાયકભાવ જ એકલો ભર્યો છે. એમાં એ પુણ્ય-પાપના વિકલ્પો આદિ એના સ્વભાવમાં છે નહિ. સમજાણું કાંઈ? આ એક ચૈતન્ય... એક ચૈતન્ય. જાણક સ્વભાવ જ્ઞાનસ્વભાવ. ચૈતન્યભાન વસ્તુ એની, એકરૂપ ચૈતન્ય છે એને '**પોતે નિશ્ચળ લીન થઈ...**' એમાં લક્ષ કરી અને '**દેખ;...**' એને દેખ. પુણ્ય-પાપના વિકલ્પો અને શરીરની ક્રિયાના લક્ષે પડ્યો છે અને એના લક્ષે આત્માની પ્રાપ્તિ થાય એવી વાત હોય તો ભાઈ! જરી છોડી દે. જેનું લક્ષ કરવું છે એમાં એ શરીર ને રાગ નથી.

એક નિશ્ચળ ભગવાન શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન જ્ઞાયક છે. એમાં દૃષ્ટિ દે, એનું લક્ષ કર, એમાં જ લીન થા. દેખ. આમ દેખે છો (તો) આમ દેખ ને. તને પુણ્ય-પાપના ભાવ અને દેહની પર્યાયને દેખવું માનીને એનાથી તને લાભ થશે, એમ છોડી દે ને. એ દેખવું છોડને. એ તો પર છે. ભગવાન અનંત જ્ઞાયકભાવથી શુદ્ધથી ભરેલો છે ને પ્રભુ. ત્યાં જો ને. ત્યાં જો ને. એને દેખને. એમ કહે છે. સમજાણું કાંઈ? વાત છે મોટી અને વાત છે ઊંચી. વાત છે સત્ય. રતિભાઈ! આ ધંધા... ધંધા... ધંધા. વ્યવહારે એક ... 'યોગસાર'માં આવે છે. બહારનો વ્યવહાર નહિ હોં! અંદરના પુણ્યના દયા, દાન, વ્રત, વિકલ્પનો ધંધો થોથા. વ્યવહારે ધંધો ..., હાથ ન આવે કાંઈ. એમાં શબ્દો બીજો છે. 'આનંદઘનજી' કહે છે કે 'વ્યવહારે લખ દોહ્યલા કાંઈ ન આવે હાથ.' એ વિકલ્પોની જાળ, શુભ-અશુભરાગ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ કરવું, આ મૂકવું, આ ખાધું, આ મેં દીધું, આ લીધું એ બધા વિકલ્પોની રાગની જાળ છે, ભાઈ! એ વૃત્તિનું ઉત્થાન રાગ વિકલ્પ છે, પ્રભુ! એ વિકલ્પનું લક્ષ છોડી દે, કહે છે. આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાન વડે કરીને આત્માને જોવે, ત્રણ કાળ જોયા એ એમ કહે છે, એ રીતે સંતો કહે છે. ભગવાનની વાણીમાં એમ આવ્યું કે ભાઈ! ભગવાન તો ચૈતન્ય જ્યોત આત્મા છે ને, ભાઈ! એને આ રાગ ને પુણ્ય ને દેહની ક્રિયાના લક્ષે એની કેમ પ્રાપ્તિ થાય? એ તો ચૈતન્ય જ્યોત આત્મા છે એને અંતર્મુખ જો. અંતર જો, અંતર જાણ, અંતર દેખ, અંતર શ્રદ્ધા કર. તને આત્માની પ્રાપ્તિ થશે. આહાહા..! મીઠાશથી કહે છે એમ કીધું ને?

જ્યાં જે ચીજ છે ત્યાં તું જો. શું પુણ્ય-પાપમાં એ ચીજ છે આત્મા? શરીરની ક્રિયા આની આડી આમ થાય, ભગવાનની પૂજા, દયા કે આ સામાયિક ... એ તો દેહની ક્રિયા જડ છે. અને એમાં વિકલ્પ ઉઠ્યો છે કે આમ કરું. એ તો રાગ છે. હવે એને જોયે પ્રભુ દેખાય છે તને? ઝીણું પડે એવું લાગે, નહિ? અહીં તો કહે છે કે આમ ભગવાન બેઠા હોય પરમાત્મા એની સામે જોઈશ તો પણ આત્માનો લાભ નહિ થાય.

મુમુક્ષુ :- ભગવાન સમવસરણમાં બિરાજે...

ઉત્તર :- સમવસરણમાં બિરાજે અને આમ સામું જોયા કરે, ત્યાં આત્મા છે તારો? ત્યાં આત્મા તારો છે કે તું ત્યાં જો ને તને મળે? અહીં શું કીધું? જુઓને!

કોલાહલથી વિરક્ત થા ની વ્યાખ્યામાં આટલી બધી વાત છે. એ બધા બહારના લક્ષ છોડ અને પુણ્યના વિકલ્પ ઉઠે છે એનું લક્ષ છોડ. અને આમ જા. અંદર ભગવાન ચૈતન્ય પરમાત્માએ કહેલો અને પરમાત્માએ પ્રાપ્ત કરેલી વસ્તુ, કેવળજ્ઞાની પરમાત્માને જે આત્મા પ્રાપ્ત થયો પર્યાયમાં, એ તું છો અંદર. એને તું જો. થોડુંક જો તો ખરો. બહુ તો તને કહીએ છીએ કે છ મહિના તો અભ્યાસ કર. એની લગની લગાડ. એટલે એને ને એને આ.. આ.. આ.. આ... આ... એમ છ મહિના રહે તો પ્રાપ્તિ થયા વિના રહેશે નહિ. ઉત્કૃષ્ટ વાત કરી છે, હોં! અંતર્મુહૂર્ત તો કહેશે.

પરને જોવાને માટે તેં બહુ લગની લગાડી છે. ન હોય ત્યાં આમ પાધરો વળે. આમ વળે... આમ વળે. એકવાર અંતર્મુખ જવાનો અભ્યાસ વારંવાર કરને. છ મહિના તો કર, છ મહિના તો કર. એ તો ઝાઝામાં ઝાઝી વાત કરશે, હોં! અંતર્મુહૂર્તની વાત છે. અહીં તો અંતર્મુહૂર્તે જ પ્રાપ્ત થાય. પણ તને બહુ લાગે આકરું તો છ મહિના તો, એકવાર બીજી ધૂન ચડી ગઈ છે અનંત કાળની, એમાં આ એક ધૂન તો લગાવ. સમજાણું કાંઈ? એ પોતે ભગવાન છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સિદ્ધ સ્વરૂપ સર્વજ્ઞ કેવળીએ કહેલો આત્મા તે તું છો. આહાહા..! જો તો ખરો. અભ્યાસ તો કર. અને તું '(-**તપાસ**) **કે એમ કરવાથી પોતાના**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**હૃદય સરોવરમાં** અંદર જ્ઞાનમાં **જેનું તેજ...**' જેનો પ્રતાપ અને પ્રકાશ '**પુદ્ગલથી ભિન્ન છે.**' એ શરીર, વાણીની ક્રિયા અને પુણ્ય, દયા, દાનના પરિણામથી જેનું તેજ ભિન્ન છે.

ભગવાન આત્મા એનું તેજ, એનો પ્રતાપ, એનો પ્રકાશ, એનું સામર્થ્ય, રાગમાં એ સામર્થ્ય નથી, નિમિત્તમાં એ સામર્થ્ય નથી એવું એમાં અનંત ગુણનું બીજું સામર્થ્ય છે. ચૈતન્યના તેજ, ચૈતન્યના તેજ, આનંદના ઉભરા, આનંદ સરોવર ભગવાન આત્મા. જેનું વીર્ય પૂર્ણ પુરુષાર્થથી ભરેલું એવું તત્ત્વ છે. એને '**પુદ્ગલથી ભિન્ન છે,...**' ભાઈ! એ રાગના વિકલ્પથી પણ એ જુદી ચીજ છે. મનથી જુદી, વાણીથી જુદી, દેહથી જુદી અને રાગ કાંઈક શુભ થાય એનાથી પણ એ જુદી ચીજ છે. પુદ્ગલ શબ્દે રાગાદિથી જુદી ચીજ છે.

'**એવા આત્માની...**' '**किम् अनुपलब्धिः भाति**' શું અણપ્રાપ્તિ શોભે છે એને? એક એવો અર્થ કર્યો હતો અર્થમાં. એમાં આવશે એક પહેલું. આ પ્રાપ્તિ થતી નથી. શું તેને અણપ્રાપ્તિ શોભશે? એને દેખે એને અણપ્રાપ્તિ શોભે? આહાહા..! મગનભાઈ! '**પ્રાપ્તિ નથી થતી કે થાય છે.**' એ શબ્દથી શું .. છે? ખરો તો અર્થ તો એવો છે '**किम् अनुपलब्धिः भाति**' ભગવાન આત્મા એનું અંતરજ્ઞાન અંતરલક્ષ કર. શું અપ્રાપ્તિ શોભશે? પ્રાપ્તિ થશે. સમજાણું કાંઈ? રાજાની સેવા કરે અને એ ન દે એમ રાજાને શોભે? રાજાને શોભે? સમજાય છે કાંઈ? દાખલો આવી ગયો છે ને, રાજાનો આવી ગયો છે. ૧૭-૧૮માં. ભગવાન આત્મા રાજ્યતે બિરાજતે શોભતે. અનંત આનંદગુણથી રાજ્યતે બિરાજમાન ભગવાન રાજા છે. કહે છે કે એની સામું તું છ મહિના જો અને પ્રાપ્તિ ન થાય એ એને શોભે નહિ, એ હોય જ નહિ કહે છે. સમજાણું કાંઈ? એ ભગવાન રાજા પ્રાપ્ત જ થાય. આહાહા..! એય..! મગનભાઈ!

ભાઈ! તેં એની સામું જોવાનો અભ્યાસ કર્યો નથી. આમ ને આમ બધું પુણ્ય ને પાપ, દયા ને દાન ને રાગ ને.. આ ક્રિયા.. આ ક્રિયા.. આ ક્રિયા... સંસારની ક્રિયા હોળીની પાપની અને આ ધર્મના નામે દયા, દાન ને શુભભાવ. બેય ક્રિયા .. જોવાની ક્રિયા કરી છે, ભગવાનની સામું તેં જોયું નથી. એય..! પોપટભાઈ! આહાહા..! અને એને તું છ મહિના જો અને ન મળે એમ છે નહિ. હોય નહિ, એ શોભે જ નહિ. ... ઓલામાં? કળશટીકાકાર રાજમલે. .. આ વંચાઈ ગઈ છે ગાથા. આ તો બધું ઉતરી ગયું છે. પાટનીજી! આ બધા વ્યાખ્યાન ઉતરી ગયા છે. કાલે પાટની પૂછતા હતા. આ વ્યાખ્યાન ઉતારી.. આપણા ધીરુભાઈ છે ને. પણ આમાં ઉતરી ગયા છે. રેકોર્ડિંગમાં આ ઉતરે છે હજી. .. છે. આ લખાણ. શું કીધું આ? વિરમ છે ને? કેટલામો શ્લોક? ૩૪.

'**हृदयसरसि**' '**મનરૂપી સરોવરમાં...**' ભગવાન ચૈતન્યમૂર્તિ બિરાજમાન જ્ઞાનના જળથી ભરેલું સરોવર છે. '**જે જીવદ્રવ્ય તેની અપ્રાપ્તિ શોભે છે શું?**' '**ननु हृदयसरसी पुंसः अनुपलब्धिः किम् भाति**'. એ અર્થ કર્યો છે. અનુલબ્ધિ અપ્રાપ્તિ શોભે છે શું? '**ભાવાર્થ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં સ્વરૂપની પ્રાપ્તિ ન થાય એમ તો નથી;...'** અંતરદૃષ્ટિ કરીને પ્રાપ્તિ ન થાય એ શોભે છે? .... ઉપલબ્ધિ પ્રાપ્તિ થશે. '**अनुपलब्धिः भाति**' અપ્રાપ્ત થાય એ શોભા? પ્રાપ્તિની શોભા (છે). અનુપલબ્ધિ શોભે છે શું? શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય. '**उपलब्धिः**' '**છે તો એમ જ છે.**' ઉપલબ્ધિની વ્યાખ્યા કરી. પ્રાપ્તિ આમ જ થાય છે. પ્રાપ્તિ થઈ છે એમ ભાઈ કહ્યું. '**अनुपलब्धिः भाति**' ઉપલબ્ધિ છે. એય..! મગનભાઈ! આહાહા..! અરે..! એને જેટલો પ્રયત્ન કારણ દેવું જોઈએ, એટલા સ્વભાવ સન્મુખ થા અને સ્વભાવ પ્રાપ્તિ ન થાય એમ ત્રણ કાળમાં બને નહિ. એમ મૂળ તો કહે છે. સમજાણું કાંઈ? પરના લક્ષે એમ ને એમ ચોર્યાશીના અવતાર ગાળ્યા તો રાગ પ્રાપ્ત થયો અને એનાથી પુણ્ય બંધાણા છે. કર્મ બંધાણા અને એનાથી ફળ મળ્યા રખડવાના. આની સામું છ મહિનાની એકાગ્રતાનો અભ્યાસ કરે અને પ્રાપ્તિ ન થાય એમ બને કોઈ દિ'? એમ કહે છે. મૂળ તો આમ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઉપલબ્ધિ એટલે?

ઉત્તર :- પ્રાપ્તિ. અને અપ્રાપ્તિ, અપ્રાપ્તિ. ઉપલબ્ધિ પ્રાપ્તિ આત્માનો અનુભવ. અનુપલબ્ધિ અપ્રાપ્તિ શોભે છે? ન મળવું એ શોભે? મળવું શોભે. પ્રાપ્તિ થાય એ શોભે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અરે..! ચોથાની વાત છે. આ બધા વાતું કરે બિચારા. શું કરે? અરે..! ભગવાન! બહુ ફેરફાર. બહુ ફેરફાર. વીતરાગ માર્ગને... વીતરાગી પર્યાયથી જ આત્મા પ્રાપ્ત થાય. વીતરાગ માર્ગ કોને કહે? સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગમાર્ગ છે. એ વીતરાગ થયા એ સર્વજ્ઞ થયા. ત્યારે એણે રાગ અને અલ્પજ્ઞનો અભાવ કરીને સર્વજ્ઞ અને વીતરાગ થયા. તેની વાણીમાં પણ (એમ આવ્યું કે) અલ્પજ્ઞ અને રાગનો અભાવ કરીને સર્વજ્ઞ અને વીતરાગ થા. એનો અર્થ કે આત્માને આશ્રયે સર્વજ્ઞ અને વીતરાગ થવાય છે. આહાહા..! એવો સર્વજ્ઞનો વીતરાગ માર્ગ અનાદિનો ધોખ માર્ગ ચાલ્યો આવે છે. આ લોકોએ ગડબડ કરી નાખી અંદર. પરની કલ્પનાથી. સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞ સ્વભાવ છે આત્માનો અને વીતરાગ સ્વભાવ છે. બે લેવા છે. સર્વજ્ઞ વીતરાગ. આત્મા એટલે જ્ઞ સ્વભાવ એટલે કે પૂર્ણ સ્વભાવ એટલે કે એકરૂપ અખંડ સ્વભાવ અને આનંદ... આનંદ... અથવા વીતરાગ. વીતરાગ એટલે ચારિત્ર, ચારિત્ર એટલે વીતરાગતા, વીતરાગતા એટલે પરિપૂર્ણતા, પરિપૂર્ણતા એટલે એકરૂપ શાંતરસ વીતરાગરસ. એવું એનું સ્વરૂપ જ છે. એવું સ્વરૂપ છે તો એની એકાગ્રતા દ્વારા આ વીતરાગ છે અને જ્ઞાનઘન છે એની તને પર્યાયમાં આ આત્મા પ્રાપ્ત થઈ જશે. અને વિશેષ એકાગ્રતા કરતાં એ સર્વજ્ઞ વીતરાગ થઈ જશે. એ સર્વજ્ઞ અને વીતરાગ થયા ત્યારે વાણી એવી આવી ઈચ્છા વિના ભગવાનના મુખે કે તારો આત્મા સર્વજ્ઞસ્વભાવી સમરસી વસ્તુ છે. આ અલ્પજ્ઞ અને રાગ એ તારી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચીજ સરખી નહિ, આખી નથી. આખી ચીજ સર્વજ્ઞ અને સમરસી વસ્તુ છે. એની દૃષ્ટિ કર. સમ્યગ્દર્શનમાં પ્રાપ્તિ થયા વિના રહે નહિ. આ વીતરાગમૂર્તિ અને જ્ઞાનમૂર્તિ આત્મા છે. એની સમ્યગ્દર્શનમાં પ્રાપ્તિ થયા વિના રહે નહિ. અને સ્થિરતા વિશેષ કર તો સર્વજ્ઞ અને વીતરાગ થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ?

કહે છે, અરે..! અંતર આનંદ સરોવર જ્ઞાનથી ભરેલો ભગવાન. એની સામું જો અને પ્રાપ્તિ ન થાય એ તે કાંઈ શોભશે? એમ કહે છે. એ કાંઈ ઠીક હોય? વાહ! ... વાત છે. ભગવાનના તેજ, એનું સામર્થ્ય, એને આત્માનું સામર્થ્ય શું છે એની પ્રતીતમાં જ આવ્યું નથી. એને રાગનું સામર્થ્ય અને પુણ્યનું સામર્થ્ય અને દેહનું સામર્થ્ય, આ સામર્થ્ય અને આ બળ ને આ બળ ને એનું જ્ઞાન. આ જ્ઞાનનું, જેમાં જ્ઞાન છે તેનું જ્ઞાન અને જેમાં વીતરાગતા છે તેની વીતરાગતા (એની પ્રતીતિ થઈ નહિ). રાગમાં ક્યાં વીતરાગતા હતી? અને રાગમાં ક્યાં જ્ઞાન હતું? સમજાણું કાંઈ? શુભરાગમાં ક્યાં જ્ઞાન હતું અને રાગમાં ક્યાં વીતરાગતા હતી? એ રાગ તો વીતરાગભાવથી વિરૂદ્ધ ભાવ છે. અને શરીરની ક્રિયામાં ક્યાં જ્ઞાન હતું અને એમાં ક્યાં વીતરાગતા હતી નિર્દોષતા?

ભગવાન આત્મા નિર્દોષ વીતરાગી જ્ઞાનઘન કંદ છે ચિદાનંદ. એની સામે જો અને છ મહિના જો તો ખરો. છ મહિને તને પ્રાપ્તિ થયા વિના રહેશે જ નહિ એમ કહે છે. પુરુષાર્થ એટલો કરે અને ન પ્રાપ્ત થાય એ આત્માને ન શોભે. એવો ભગવાન આત્મા બળવાન છે. એય..! મગનભાઈ! સમજાણું કાંઈ? ભગવાનના .. નથી કહેતા .. મોતી .. મોતી હોય ને મોતી? 'સહેજે સમુદ્ર ઉલ્લસ્યો જેમાં રતન તણાણાં જાય, ભાગ્યવાન કરવાવરે એની મોતીએ મુઠ્ઠી ભરાય'. મોતી આવે. એમ કે ભાગ્યવાન નામ પુરુષાર્થવાન આત્મામાં પડે એને ચૈતન્યના તળિયા હાથમાં આનંદ શાંતિ આદિના આવે. એ મોતી કહેવાય. આ ધૂળના મોતી તો બધા સમજવા જેવા છે. સમજાણું કાંઈ?

જેના અંતર તળમાં શક્તિના સત્તાના સ્વભાવમાં આનંદના મોતી પડ્યા છે. એ વીતરાગ રસનો કંદ વીતરાગ જેના તળમાં તળમાં એકલી વીતરાગતા પડી છે. સમજાય છે કાંઈ? આહાહા..! એવડો આત્મા સાંભળ્યો ન હોય. આ શાંતિભાઈ કહેતા હતા, આવો આત્મા જ સાંભળ્યો નથી. ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથે કહેલો આત્મા છે. એ ચક્રવર્તીની ઉપસ્થિતિમાં અને ઈન્દ્રોની ઉપસ્થિતિમાં ભગવાનના મુખમાંથી આત્મા આવો આવ્યો છે, આવો આત્મા છે. આહાહા..! સમજાય છે? એની ચક્રવર્તીની ઈન્દ્રની ઋદ્ધિ જ્યાં તુચ્છ. અને એને રાગ ભગવાન પાસે થાય એની તુચ્છતા. આહાહા..! આ બધા હાર પહેરીને (આવે) હોં! છ છ હાર એક સાથે. એક સાથે આમ હોય ને? હાર. ચક્રવર્તીનો હાર. .... છાતી આખી ભરાય જાય. .. હાર થાય છે. .. ચક્રવર્તીને માટે. મહા ઊંચી દૈવી હાર. એની કિંમત જ જુદી. ભગવાનના .. આવે છે કે ભાઈ! એ ચીજ કિંમતી નહિ. એ ઋદ્ધિ કિંમતી નહિ. આ અમારા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રત્યેનો તને ભક્તિનો, શ્રવણનો રાગ આવ્યો એની પણ કિંમત નહિ. આહાહા..! ભગવાન! તારામાં રાગરહિત, સમરસ ચૈતન્યરસ પડ્યો છે. એની સામું જો, એની કિંમત કર. ચંદ્રકાંતભાઈ! આહાહા..! ભગવાન એમ કહે છે કે અમારી સામું જોવામાં પણ તારી કિંમત નહિ આવે. એય..! પોપટભાઈ! એ ભગવાનની વાણીમાં એમ આવે. ... કહે અમને લાડવા ખવડાવો, અમારી ભક્તિ કરો તમારું કલ્યાણ થઈ જશે. આ કહે કે ના. સમજાય છે કાંઈ? અમારા તરફનો વિકલ્પ છે તે પણ એક પુણ્યભાવ છે. એમાં આત્મા નથી. એ કહેનાર વીતરાગ છે. સમજાણું કાંઈ? બાપુ! એ રાગ વિનાનો અંદર ચૈતન્ય .. અહીં વિકૃત છે તો અવિકારી વીતરાગ છે. રાગ તે વિકૃત છે. તો કોનો વિકૃત? અંદર વીતરાગભાવ પડ્યો એનું વિકૃત છે. સમરસ ચૈતન્ય એકવાર જો, શાંતરસનો કંદ છે. ભાઈ! ધ્રુવ સ્વરૂપ એનું શાંત અરાગી .... અસ્તિવાળું તત્ત્વ છે એને જો. અને જો અને છ મહિના અભ્યાસ કર અને ન પ્રાપ્ત થાય (એમ) ત્રણ કાળમાં બને નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અંતર્મુહૂર્ત કહેશે. મુદત મોટી એ તો આકરું લાગે એને કીધું. પડ્યો છે અનંત કાળથી એક જ ધ્યાન. રાગ, રાગ ને રાગ, રાગ રાગને રાગ, વિકલ્પ, વિકલ્પ ને વિકલ્પ. અનંત કાળથી ચોંટ્યો છે. આમાં છ મહિનામાં ક્યાં? દુકાને બેઠો, બસ, થઈ રહ્યું. એ કપડા, કારખાના એ બધા વાસણો, પિત્તળના આ અને આ ને.. ક્યાં ગયા? શું કહેવાય એ? .. શું કહેવાય? પ્રાયમસ ને પ્રાયમસ. રૂપિયા નથી. દુકાને બેસે ત્યાં... આહાહા..! પણ એ ધૂળની ઋદ્ધિ તો તારા એક સમયના જાણવાને યોગ્ય એવા પ્રમેયની છે. તારા એક સમયના પ્રમાણમાં આખો લોકોલોક પ્રમેય છે. એવી એક સમયની પર્યાય, એવી અનંતી પર્યાયનો પિંડ તે જ્ઞાનગુણ છે. એવી અનંત અનંતી પર્યાયનો ગુણ એક એક શ્રદ્ધા આદિ એવા અનંત ગુણનો એકરૂપ. એવા ભગવાનને જોવા તો નવરો થા કહે છે વ્યવહારથી વિરક્ત થઈને, એમ કહ્યું ને? આમ લક્ષ છોડ, વિકલ્પનું લક્ષ છોડ, નિમિત્તનું લક્ષ છોડ. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ તેનું લક્ષ કર. પ્રાપ્તિ થયા વિના રહેતી નથી. પણ ઓલી પ્રાપ્તિ રાગની અનાદિથી છે એના અભ્યાસે. રાગરહિત ચૈતન્યની અંદર દૃષ્ટિ કરતાં એની પ્રાપ્તિ થયા વિના રહેશે નહિ. સમજાણું? પુદ્ગલથી ભિન્ન પ્રકાશ, રાગથી ભિન્ન પ્રકાશ, રાગથી પ્રકાશ ભિન્ન, રાગથી જેના તેજ ભિન્ન એવો ભગવાન અંદર જ્યોતિ-ચૈતન્ય જ્યોત. કહો, સમજાણું આમાં?

**'ભાવાર્થ :- જો પોતાના સ્વરૂપનો અભ્યાસ કરે તો તેની પ્રાપ્તિ અવશ્ય થાય;...'** લ્યો, સીધી વાત કરી. પણ છે એને પ્રાપ્ત કરવો એ તો પોતાની ચીજ છે. પરને પ્રાપ્ત કરવો હોય તો પર (ચીજ) એની નથી એટલે કોઈ દિ' થાય નહિ. મરી ગયો પ્રયાસ કરીને અનંત કાળથી, શરીરને મારું કરવા, રજકણને મારું કરવા, બાયડી-છોકરાને મારું કરવા, પૈસાને મારા કરવા, પણ એકેય રજકણ એનો થયો? એકેય રજકણ (થયો)?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ ક્યાં થયો છે ક્યાં ..? ધૂળમાં? ક્યાં હતી પણ ક્યાં એનામાં? એ ચીજ જ ક્યાં આવી છે? એ તો બહારની બહાર છે આ બધું. શરીર, હાડકાં એ બધું બહાર. ભગવાન તો અરૂપી ચૈતન્યઘન છે. આ તો બહાર છે બધી ચીજ. બાયડી, છોકરા, પરમાણુ, પૈસા, ધૂળ, આ શું કહેવાય? નોટું, ગિની, એને પોતાની કરવા માગી છે અનંત કાળથી, થઈ છે એકેય ચીજ? એ તો ઠીક પણ રાગને પોતાના કરવા મથ્યો છે પણ રાગ એક સમય રહેશે. પોતાનો થઈને ત્રિકાળ નહિ રહે. કહો, સમજાણું કાંઈ? ધૂળ તો શેની રહે? એ ક્યાં તારી ચીજ હતી? અનંત પુરુષાર્થ કરીને મરી ગયો અનંત કાળથી પણ એક રજકણ એનું રહ્યું નહિ. એક શરીર એનું થઈને એની પાસે ન રહ્યું. એનું થઈને ન રહ્યું. એ શરીર શરીરરૂપ થઈને રહ્યું છે. તારું થઈને નથી રહ્યું. રાગ અનેક થઈને રહે છે. તારો થઈને નથી રહ્યો. મથ્યો છે કે રાગ મારો છે... રાગ મારો છે. ત્રણ કાળમાં નથી. એક સમયની વિકૃત અવસ્થા તે વિકૃત અવસ્થા પર છે. એક સમયની ધ્વંસી તે ધ્રુવ નહિ થાય કોઈ દિ'. સમજાણું કાંઈ? આ તો થઈ શકશે એમ કહે છે. આહાહા..!

'**જો પોતાના સ્વરૂપનો અભ્યાસ કરે...**' જે સ્વરૂપ જ છે પોતાનું. સ્વરૂપ એટલે પોતે જ જ્ઞાન ને આનંદ ને વીતરાગભાવથી ભરેલું સ્વરૂપ છે. એનો અભ્યાસ કરે તો તેની પ્રાપ્તિ જરૂર થાય. સમજાણું કાંઈ? '**જો પરવસ્તુ હોય તો તેની તો પ્રાપ્તિ ન થાય.**' લ્યો! રજકણ અને રાગ એ તો પર છે. એની પ્રાપ્તિ થાય નહિ. કરવા મથે તો રહેશે પણ નહિ. શરીર આદિ તો એક સમય રહેતા નથી. રાગાદિ એક સમય રહે. બીજે સમયે નાશ થયા વિના રહે જ નહિ. તારા નહિ થાય. રાગ પુણ્યના પરિણામ તારા નહિ થાય તો વળી રજકણ કે દિ' તારો થાશે? આહાહા..!

અહીં તો કહે છે કે '**પરવસ્તુ હોય તો તેની પ્રાપ્તિ ન થાય. પોતાનું સ્વરૂપ તો મોજૂદ છે,...**' ભગવાન હયાતી મોજૂદગી ચીજ છે. વીતરાગ સ્વભાવથી ભરેલું ચૈતન્ય જ્ઞાનઘન મોજૂદ છે. વસ્તુ છે.. વસ્તુ છે. એની સામે નજર કરી નથી એટલે તને એનું માહાત્મ્ય દેખાતું નથી. '**પણ ભૂલી રહ્યો છે;...**' મોજૂદ છે પણ ભૂલી રહ્યો છે. આપણે આવી ગયું હતું ને? મુઠ્ઠીમાં સોનું. ભૂલી ગયો. ક્યાં મૂક્યું? ક્યાં હશે? એક હાથે દાંતણ કરતો હતો અને કાંઈક એને હાથમાં આવી ગયું. આમ મુઠ્ઠી વાળી તો એ મુઠ્ઠીમાં છે એ ખ્યાલ ન રહ્યો. સોનું ક્યાં ગયું? ઊભો થાય તો.. અરે..! આમાં લાગે છે. એમ ભગવાન આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ વીતરાગ સ્વરૂપ આત્મા કેવળજ્ઞાનીએ જોયો એવો આત્મા. કેવળજ્ઞાનીને પ્રગટ્યો એવો આત્મા છે. ભૂલી ગયો. વિકલ્પ ને પુણ્ય ને શરીરની ક્રિયા મારી અને બીજાની યાદગીરીમાં આ યાદ ગયો-આ યાદમાંથી ગયો.

'**જો ચેતીને દેખે તો પાસે જ છે.**' એટલે તું જ છો, એમ. પાસે જ છે. ચેતીને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દેખે, જાગૃત થઈને જોવે. તું જ છો તે. તું જ છો તે. કહો, રતિભાઈ! .. શરીર લાગે એને. શરીરના સંબંધમાં બાયડી, છોકરા, કુટુંબ એ મકાન, એ જાળી, એ પતરા એ બધું એને સંબંધવાળો .. આ મારા-આ મારા. ધૂળમાંય એના નથી ત્રણ કાળમાં. ત્યાં એ મરીને બીજે ભવ કરશે ત્યાં એ પાછી માંડી. ... ... પોપટભાઈ! આવા ને આવા થોથા પેદા કર્યા મફતના. મમતા, છોડ્યા નથી. આ મારું... આ મારું... આ મારું... બીજે ગયો તો આ મારું, ત્રીજે ગયો તો એ મારું. આ .. વસ્તુ તારી હોય નહિ. ક્યાંથી તારી થઈ? પણ આ શરીરમાં ... છે ને. એ આમ થઈ ગયું એ...એ...એ... જુઓને! કાંઈક કાંઈક થઈ જાય છે અંદરમાં. મને ખબર પડતી નથી એવું કાંઈક થાય છે. ડૉક્ટર પણ પારખી શકે નહિ કેટલાક વળી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પહેલાવહેલા નીકળ્યા હોય ને કાંઈ .. લ્યો. શું કહે? એમ ને એમ શરીર સૂકાતું જાય છે. આમ થાતું જાય છે. ... શું છે? પણ એ તો જડની પર્યાય અંદર કેમ પલટે એ તો એનો સ્વભાવ છે. તારા રાખ્યા રહે? ડૉક્ટરના રાખ્યા રહે? ડૉક્ટર પણ મરી જાય છે કે નહિ ..? એય..! ધર્મચંદજી! આ તો મડદું છે, આ ક્યાં ચૈતન્ય છે. આ મડદું છે, માટી છે. અચેતન રજકણની માટીની ધૂળ છે આ. ધૂળને પણ ચાટવાનું મન થઈ જાય છે કે નહિ? ... હોય ને એટલે ભૂતડો થાય. ભુતડો હોય ને? ઝીણા રજકણ વિનાના સુંવાળો. હેઠલી હેઠલી ધૂળ હોય ને સરખી. ભૂતડો-ભૂતડો નથી આવતો? જુઓને! આ સાકર મીઠાઈ મૂકી ને ધૂળ મૂકી. જુઓને, લખણ પણ ક્યાં રહ્યું? અંદર આવ્યો છે એના લખણ પણ કઈ જાતના હશે? પોપટભાઈ! ... જયેષ્ઠ પુરુષને .. હાથીને હોદે મારે .. સમ્મેદશિખરની જાત્રા કરવી છે. .. કહે, મારે ભૂતડો ખાવો છે. પછી થોડો રાખી મૂકો. હરતા ફરતા લઈ લે થોડો. આહાહા..! આ ચૈતન્ય મોટો આનંદકંદનો નાથ પ્રભુ છે સહજાનંદ મૂર્તિ. એને જો, પાસે જ છે.

**'અહીં છ મહિનાનો અભ્યાસ કહ્યો તેથી એમ ન સમજવું કે એટલો જ વખત લાગે. તેનું થવું તો અંતર્મુહૂર્તમાત્રમાં જ છે,...'** એક અસંખ્ય સમય આમ દૃષ્ટિ કરીને પ્રાપ્ત ન થાય એમ બને નહિ. અસંખ્ય સમય જોઈએ. .. હાથ ન આવ્યા. પ્રાપ્તિ સમયમાં છે અને અસંખ્ય સમય ઉપયોગ એટલો છે ને. **'પરંતુ શિષ્યને બહુ કઠિન લાગતું હોય તો તેનો નિષેધ કર્યો છે.'** કઠણ લાગતું હોય તો જો, છ મહિને તો મળશે. પણ એની લગની જોઈએ. સમજાય છે? ધૂન એની જોઈએ.

**'જો સમજવામાં બહુ કાળ લાગે તો છ મહિનાથી અધિક નહિ લાગે; તેથી અન્ય નિષ્પ્રયોજન કોલાહલ છોડી...'** મફતના વિકલ્પોની ઝાળને છોડને, **'આમાં લાગવાથી જલદી સ્વરૂપની પ્રાપ્તિ થશે એવો ઉપદેશ છે.'** લ્યો! આ ભગવાન આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મહાન પરમાત્મા બિરાજે છે, ભાઈ! '**अप्पा सो परमप्पा**' આત્મા જ પોતે પરમાત્માનું રૂપ જ સ્વરૂપ છે. એને પર્યાયમાં-અવસ્થામાં ધ્યાન કરીને પ્રગટ કરવું એ એનો ઉપાય છે. સમજાણું કાંઈ?

'**હવે શિષ્ય પૂછે છે કે આ અધ્યવસાનાદિ ભાવો જીવ ન કહ્યા,...**' મહારાજ! એ પુણ્ય-પાપના ભાવ, એ પુણ્ય-પાપભાવ મારા એવો અધ્યવસાય, એને તો જીવ આપે ન કહ્યા. '**અન્ય ચૈતન્યસ્વભાવ જીવ કહ્યો;...**' એ રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના ભાવથી ભિન્ન ચૈતન્યસ્વભાવ તેને આપે જીવ કહ્યો. '**તો આ ભાવો પણ ચૈતન્ય સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે.**' અન્વય છે ને? '**कथं चिदन्वयप्रतिभासेऽप्य**' કથંચિત્, સર્વથા નહિ. થોડા થોડા .. લાગે છે. એમ લાગે છે.

મુમુક્ષુ :- કથંચિત્

ઉત્તર :- હા, કથંચિત્ લખ્યું છે. પાઠમાં પણ કથંચિત્ છે. આહાહા..! '**कथं चिदन्वयप्रतिभासेऽप्य**'. '**ચૈતન્ય સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે,...**' કેમ આની સાથે સંબંધ ભાસે છે? એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ બરાબર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ... ગયું. છૂટું પાડવું જોઈએ. એમ કે શુદ્ધ સાથે સંબંધ કેમ ધરાવે છે? '**कथं**' ચિદ્ સાથે સંબંધ ધરાવે છે. એમ કે તમે જ્યારે એને ના પાડો છો કે પુણ્ય-પાપના પરિણામ જીવ નથી તો તે ચૈતન્ય સાથે સંબંધ ધરાવતા કેમ ભાસે છે? એમ. સમજાણું કાંઈ?

'**ચૈતન્ય સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે, (ચૈતન્ય સિવાય જડને તો દેખાતા નથી,)**' કાંઈ પરમણુ-ફરમાણુમાં તો, શરીરમાં તો એવું કાંઈ દેખાતું નથી. ચૈતન્ય સાથે સંબંધ રાખનારા વિકાર દેખાય છે પુણ્ય-પાપ. '**તેના ઉત્તરનું ગાથાસૂત્ર કહે છે :-**' લ્યો. એટલો તો શિષ્ય પ્રશ્ન સંબંધ કહે છે. ઓલો વ્યવહારનયે દેખાય છે ને એટલે. હવે જુઓ ઉપર.

**अट्ठविहं पि य कम्मं सव्वं पोग्गलमयं जिणा बेंति।**
**जस्स फलं तं वुच्चदि दुक्खं ति विपच्चमाणस्स।।४५।।**
**રે! કર્મ અષ્ટ પ્રકારનું જિન સર્વ પુદ્ગલમય કહે,**
**પરિપાક સમયે જેહનું ફળ દુઃખ નામ પ્રસિદ્ધ છે. ૪૫.**

ઓલા દુઃખની વ્યાખ્યામાં તકરાર ચાલે છે. ઓલો કહે કે દુઃખ મોહથી થાય, ઓલો કહે કે ચારથી થાય. અહીં તો આઠથી જ થાય એમ કહે છે, લ્યો. અહીં તો આઠથી લઈ લેવું. એની ચર્ચા બહુ આવે છે હમણાં.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'ટીકા :- અધ્યવસાન આદિ...'** એટલે પુણ્ય-પાપના વિકલ્પો અને એ મારા એવો મિથ્યાત્વભાવ **'આદિ સમસ્ત ભાવોને ઉત્પન્ન કરનારું...'** જાણનાર ... **'ઉત્પન્ન કરનારું જે આઠે પ્રકારનું જ્ઞાનાવરણ આદિ કર્મ છે...'** એ વિકારને ઉત્પન્ન કરનાર આઠેય કર્મ છે. આત્માથી ઉત્પન્ન થાય એવી ચીજ છે નહિ. એમ કહે છે. પુણ્ય-પાપના વિકલ્પ, શુભાશુભભાવ, હરખ-શોક ભાવ. એ બધા **'સમસ્ત ભાવોને...'** આઠે પ્રકાર લીધા છે એ. **'ઉત્પન્ન કરનારું જે આઠે પ્રકારનું જ્ઞાનાવરણ આદિ કર્મ છે તે બધુંય પુદ્‌ગલમય છે...'** ઉત્પન્ન કરનાર કર્મ તે પુદ્‌ગલમય છે. માટે તે કર્મ જ ઉત્પન્ન કરે છે. આઠે પ્રકારનું જે કર્મ છે તેને ઉત્પન્ન કરનારું કર્મ છે. કર્મ પુદ્‌ગલ છે માટે પુદ્‌ગલ.. છે. **'એવું સર્વજ્ઞનું વચન છે.'** જુઓ! બધું પુદ્‌ગલમય છે. એને ઉત્પન્ન કરનારું, પુણ્ય-પાપના ભાવને ઉત્પન્ન કરનારા આ કર્મ છે બધા. સમજાણું કાંઈ? અલ્પજ્ઞ દશા, વીર્યની હીનતા એ બધીને ઉત્પન્ન કરનાર પુદ્‌ગલ છે. આઠે પ્રકારનું કર્મ **'તે બધુંય પુદ્‌ગલમય છે એવું સર્વજ્ઞનું વચન છે.'** ... કહે છે.

**'વિપાકની હદે પહોંચેલા તે કર્મના ફળપણે જે કહેવામાં આવે છે...'** શું કહે છે? આઠેય કર્મ જ્યારે પાકરૂપે ફળ આપ્યા. વિપાકની હદે પહોંચેલા. પુદ્‌ગલ છે એવું વચન. હવે એનો વિપાકની હદે પહોંચેલા એ કર્મના ફળપણે જે કહેવામાં આવ્યા. કોણ? કે ઓલા ઉત્પન્ન થઈ આવેલા અધ્યવસાનાદિ ભાવ. એ કર્મના પાકના એ ફળ છે. પુદ્‌ગલ કર્મ એ પુદ્‌ગલ છે અને એના પાકરૂપે થયેલા આ બધા અધ્યવસાય પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, વિકલ્પ આદિ બધા એના પાક છે.

મુમુક્ષુ :- વસ્તુ તો...

ઉત્તર :- એનો પાક છે બધું. આઠેય કર્મનો પાક છે. એને પહેલું એમ કીધું કે એને ઉત્પન્ન કરનાર કર્મ અને એવું સર્વજ્ઞનું વચન છે. તે કર્મ પોતે પુદ્‌ગલ છે. હવે એનો પાક થયો પાક. પાક થઈને આવ્યું આઠ.

મુમુક્ષુ :- સમયે સમયે પાકે.

ઉત્તર :- હા, સમયે સમયે પાક છે ને. નાખવી છે બીજી વાત. કે વિપાકની સ્થિતિ હતી ત્યારે આવ્યો એ પાક.

એ કર્મના ફળપણે જે કહેવામાં આવે છે **'તે અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ તેનાથી વિલક્ષણ હોવાથી, દુઃખ છે.'** આ સિદ્ધ કરવું છે અહીં. આઠેય કર્મના પાકરૂપે થયેલા શુભાશુભ આદિ અધ્યવસાયો એ સુખના સ્વભાવથી વિપરીત એ દુઃખરૂપ છે. અને દુઃખ તે આત્માનો સ્વભાવ હોઈ શકે નહિ, એમ સિદ્ધ કરવું છે અહીં. સમજાણું કાંઈ? દુઃખ કાંઈ સ્વભાવ હોઈ શકે? **'અધ્યવસાન આદિ સમસ્ત ભાવોને ઉત્પન્ન કરનારું જે આઠે પ્રકારનું જ્ઞાનાવરણ આદિ કર્મ છે તે બધુંય પુદ્‌ગલમય છે એવું સર્વજ્ઞનું**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**વચન છે.**' એક. હવે એની પાકની હદ જ્યાં આવી, પાક્યું '**તે કર્મના ફળપણે જે કહેવામાં આવે છે...**' રાગ આવ્યો, પુણ્ય આવ્યા, પાપ આવ્યા, દયા, દાન, વ્રત વિકલ્પ આદિ આવ્યા. આહાહા..! '**તે કર્મના ફળપણે જે કહેવામાં આવે છે તે...**' શું છે એ? કર્મના પાકની મર્યાદાએ જે પ્રગટેલા પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-અવ્રત અને વિકલ્પ આદિ '**તે અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ...**' અનાકુળતા લક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ '**તેનાથી વિલક્ષણ હોવાથી,...**' તે પુણ્ય અને પાપ આદિ ભાવ બધા દુઃખરૂપ છે. એ હરખ-શોકના ભાવ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ આઠેય કર્મનું બધું હિણાપણું, વિપરીતપણું બધું આદિ દુઃખરૂપ છે. ભગવાન આત્માનો સ્વભાવ અનાકુળ લક્ષણ સુખરૂપ છે. જ્ઞાનઘન છે એ તો ઠીક પણ અનાકુળ લક્ષણ આનંદ છે. એને આત્મા કહીએ. એનો સ્વભાવ જ આનંદ છે. અતીન્દ્રિય આનંદનો પિંડ એ આત્મા છે. આઠ કર્મના પાકના મર્યાદાએ, હદે આવેલું ફળ એ તો કર્મનો પાક તો દુઃખરૂપ છે. એનાથી વિપરીત છે. આહાહા..! ઓલા કહે, પુણ્યફળા અર્હંતા. પણ એ તો કહે છે કે સંયોગ મળ્યા એમ કહ્યું છે. એ તો વીતરાગ થઈ ગયા પછી, કેવળજ્ઞાની થયા પછી બહાર સંયોગ આવ્યો એ. સમવસરણ આદિ. એમાં આત્માને શું? શોભા કોની? એની શોભા છે કે આત્માના કેવળજ્ઞાન આનંદની શોભા છે? .. શોભા હશે ભગવાનની?

અહીં તો કહે છે, આઠેય કર્મ જે બંધાણા-જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય આઠેય રજકણ ધૂળ છે, માટી. એ પુદ્ગલ છે-એક વાત. એનાથી ઉત્પન્ન થતાં. પહેલી વાત અધ્યવસાય ઉત્પન્ન થતાં કીધા. અને કેમ? કે એ કર્મ જે પુદ્ગલ છે એનો પાક થયો ત્યારે એ ઉત્પન્ન થયા. એ ઉત્પન્ન થયા એ આત્માના અનાકુળ આનંદથી વિપરીત છે. માટે આત્માના સ્વભાવથી એ દુઃખરૂપ પરિણામ વિપરીત છે. માટે તે પુદ્ગલ સ્વભાવ છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે પણ આકરું, ભાઈ.

એ સંયોગી ચીજ દુઃખ નહિ. સમજાય છે કાંઈ? કર્મ જડ પડ્યા છે એ પડ્યા છે એટલા. એનો પાક આવ્યો અને જે વિકલ્પો ઉઠ્યા, એ ભગવાન આત્મા અનાકુળ આનંદથી વિપરીત બધું દુઃખ છે. આત્મસ્વભાવથી વિપરીત એવા એ દુઃખ પરિણામ છે. આહાહા..! રાડ નાખી જાય છે ને. એ પંચ મહાવ્રતના પરિણામ ઉઠ્યા એ તો દુઃખરૂપ છે. મગનભાઈ! .. એય..! પંડિતજી! શું છે?

ભગવાન અનાકુળ આનંદ મૂર્તિ. એના આઠ કર્મ જે છે એનાથી ઉત્પન્ન થયા .. આઠ કર્મ એનાથી ઉત્પન્ન થયા એ શું છે? પુદ્ગલ. હવે એ પુદ્ગલનો જે પાક આવ્યો ત્યારે શું આવ્યું? કે એ અધ્યવસાય થયા. પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત અને ભક્તિના વિકલ્પ આદિ જે છે એ કર્મનો પાક છે. કેમ કે ચૈતન્ય તો આનંદમૂર્તિ છે એને આત્મા કહીએ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

દુઃખને આત્મા કહીએ? દુઃખ એ તો વિકૃત ભાવ બતાવે છે. એ કાંઈ વસ્તુ કહેવાય? એ વસ્તુ કહેવાય? વસ્તુ વિકૃત હોય? વસ્તુ દુઃખરૂપ હોય? વસ્તુ દુઃખરૂપ હોય? વસ્તુ વિકૃત હોય? વસ્તુ અવિકૃત અનાકુળ આનંદકંદ વસ્તુ છે. સમજાણું કાંઈ? એમાં જે આ પુણ્ય અને પાપના, શુભ ને અશુભના, હરખ શોકના વિકલ્પો છે એ બધા કર્મનો પાક છે. ભગવાન આત્માનો આનંદ (નહિ). એ તો આનંદમૂર્તિ છે. એના પાકમાં તો આનંદ આવવો જોઈએ. અતીન્દ્રિય આનંદ એ એનો પાક છે. પાક થાય તો એનો પાક આ છે. કર્મનો પાક તો અનાકુળતા રહિત એવા આનાથી ઊલટું દુઃખ છે. બે ભાગ પાડી નાખ્યા. દુઃખ અને અનાકુળ આનંદ. બે ચીજ. અનાકુળ આનંદ એ આત્મા અને દુઃખ એ પુદ્ગલ સ્વભાવ. આહાહા..! સમજાણું? ભલે એને .. જેવું લાગે છે સંબંધ. છે દુઃખ. સર્વજ્ઞનું એ .. પુદ્ગલ છે કર્મ. એના પાકમાં એ બધા થયેલા દુઃખરૂપ દશા. એ માટે પુદ્ગલ છે એમ સિદ્ધ કરવું છે અહીં. આહાહા..!

**'તે દુઃખમાં જ આકુળતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે;...'** એ પુણ્ય-પાપના ભાવમાં દુઃખમય આકુળતા લક્ષણવાળા અધ્યવસાન સમાવેશ પામે છે. આત્માના આનંદમાં એ સમાવેશ પામતા નથી. ભિન્ન છે. **'તેથી, જોકે તેઓ ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે...'** અનાકુળ આનંદ સાથે ભ્રમ ઉપજાવે છે. **'તોપણ, તેઓ આત્માના સ્વભાવો નથી પણ પુદ્ગલના સ્વભાવો છે.'** એનું વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૧૫, રવિવાર તા. ૨૭-૧૧-૧૯૬૬**
**ગાથા-૪૫, ૪૬, પ્રવચન-૧૧૩**

સમયસાર, જીવ-અજીવ અધિકાર. ૪૫ ગાથા છે. શું કહે છે ૪૫ને? પૈંતાલીસ. જુઓ! શું કહે છે? આ જીવ-અજીવ અધિકાર છે. ૪૫ ગાથા, ચાર અને પાંચ. ૪૫ છે ને? ફરીને લઈએ, ટીકા પહેલેથી. ટીકા છે ને? ટીકા. ૪૫ની ટીકા. શું કહે છે? જીવ કોને કહે છે? સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ આત્મા કોને કહે છે? અને કેવો આત્મા જાણવાથી એને સમ્યગ્દર્શન થાય છે? એ વાત અહીંયાં જીવ અધિકારની ચાલે છે.

'**ટીકા :- અધ્યવસાન આદિ સમસ્ત ભાવોને...**' જે રાગ-દ્વેષ અને પુણ્ય-પાપ અને પુણ્ય-પાપની એકત્વબુદ્ધિ માનનારો મિથ્યાત્વભાવ, એ '**સમસ્ત ભાવોને ઉત્પન્ન કરનારું જે આઠે પ્રકારનું જ્ઞાનાવરણ આદિ કર્મ છે તે બધુંય પુદ્‌ગલમય છે...**' પાઠમાં તો એમ બતાવવું છે કે કર્મનું ફળ છે એ બતાવવું છે. પણ અહીં તો ઉત્પત્તિથી વાત લીધી, ભાઈ! સમજાય છે કાંઈ? ગુલાંટ ખાઈને વાત કરી. પાઠમાં છે, પાઠમાં છે કે આ આત્મામાં જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ આદિ જે ભાવ ઉત્પન્ન થાય છે એ કર્મના નિમિત્તે થાય છે. અહીંયાં તો કહ્યું કે ભાવોને ઉત્પન્ન કરનારું આઠે પ્રકારનું જ્ઞાનાવરણ આદિ કર્મ છે. શું (કહે છે)? જરી સૂક્ષ્મ વાત છે. આ આત્મા ચૈતન્યપ્રભુ અનંત આનંદ આદિ ગુણથી ભરપુર ભરેલો છે. એવા આત્મામાં જે પુણ્ય-પાપ આદિનો અધ્યવસાય છે ને? અધ્યવસાય. અધ્યવસાય નામ પુણ્ય-પાપથી હું એક છું એવો અધ્યવસાય અને આદિમાં પુણ્ય-પાપ આદિ બધા ભાવ. એ '**સમસ્ત ભાવોને ઉત્પન્ન કરનારું જે આઠે પ્રકારનું જ્ઞાનાવરણ આદિ કર્મ છે તે બધુંય પુદ્‌ગલમય છે...**' ભગવાન પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્માએ આઠ કર્મને પુદ્‌ગલ કહ્યાં છે. તો પુદ્‌ગલથી ઉત્પન્ન થનારા એ પુણ્ય-પાપ ભાવ યથાર્થમાં આત્મા નથી, એમ કહે છે. વ્યવહારથી છે એમ ૪૬માં કહેશે. પર્યાયમાં વ્યવહારથી છે. વસ્તુના સ્વભાવમાં એ નથી. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે.

આ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. એવો જે પોતાનો ચૈતન્ય સ્વભાવ છે એમાં જે આ પુણ્ય-પાપ, રાગ-દ્વેષ, શુભ-અશુભ રાગ ઉત્પન્ન થાય છે એ આઠે પ્રકારના કર્મથી ઉત્પન્ન થાય છે. કર્મથી ઉત્પન્ન થાય છે એમ કહેવાનું કારણ કે પોતાનો સ્વભાવ નથી, વિભાવ છે. અને વિભાવ વિકાર છે તે પોતાનો સ્વભાવ નથી. એ બતાવવા કહે છે કે એ કર્મથી ઉત્પન્ન થયા છે. છે તો પોતાની પર્યાયમાં પોતાથી, પણ એ પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય નથી અને શુદ્ધ ચૈતન્યસ્વભાવમાંથી ઉત્પન્ન થતાં નથી. તેથી તેને છોડાવવા અજીવ અધિકારમાં એ પુણ્ય-પાપના ભાવ ચૈતન્યભાવ નથી, એ પુદ્‌ગલભાવ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, પુદ્‌ગલથી-અજીવથી ઉત્પન્ન થાય છે, (માટે) તારી દૃષ્ટિ તેના ઉપરથી છોડી દે. તું આત્મા છો, જ્ઞાનાનંદ છો, એવી દૃષ્ટિ કર. એ દૃષ્ટિ કરાવવા પુણ્ય-પાપના ભાવને કર્મજન્ય ઉત્પન્ન થવાથી પુદ્‌ગલ છે એમ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? આવી વાતું.

'**એવું સર્વજ્ઞનું વચન છે.**' જુઓ! છે ને? '**केवलिजिणेहिं भणिया**'. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે આત્મામાં શુદ્ધ ચૈતન્ય આનંદ જ્ઞાન, આનંદથી ભરેલો આત્મા જોયો છે. એમાં જે વર્તમાન દશામાં-એક ક્ષણની દશામાં સ્વભાવના લક્ષ વિના કર્મના લક્ષે ઉત્પન્ન થનારા પુણ્ય ને પાપ, શુભ-અશુભ રાગ બધા પુદ્‌ગલકર્મથી ઉત્પન્ન થયા છે માટે તેને ભગવાન પુદ્‌ગલ કહે છે. સમજાય છે કાંઈ? અહીં જીવનો અધિકાર છે. તો એ જીવમાં એ વિકાર છે તે જીવનું સ્વરૂપ નથી. સ્વરૂપ હોય તો કદી જુદા પડે નહિ અને જુદા ન પડે તો કોઈ દિ' એની મુક્તિ થાય નહિ. તેથી પરમેશ્વર સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞની વાણીમાં એમ આવ્યું કે ભગવાન! તારી દશામાં જે વિકાર ઉત્પન્ન થાય છે-પુણ્ય ને પાપ, શુભ ને અશુભ રાગ, એ બધું ઉત્પન્ન કરનારું કર્મ છે. તારા આત્માનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? એવી દૃષ્ટિ ચૈતન્ય જ્ઞાનાનંદમૂર્તિ છું એવો અનુભવ કરો તો તને સમ્યગ્દર્શન થશે. વિકારી પરિણામ હું છું એવો જો અનુભવ કરો તો આત્માનો અભાવ થઈને મિથ્યાદૃષ્ટિપણું ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત ને એટલે લોકોને એવું પડે છે. પછી કહેશે કે વ્યવહાર છે. ભગવાને વ્યવહાર દેખાડ્યો છે કે પર્યાયમાં વિકાર વ્યવહારથી છે. દેખાડ્યો. અભૂતાર્થ હોવા છતાં, પરમાર્થ ન હોવા છતાં પર્યાયમાં વિકાર છે તે દેખાડ્યો છે. જાણવા લાયક છે, આદરવા લાયક નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાનાનંદથી ભરેલો અતીન્દ્રિય આનંદથી ભરેલો આત્મા પૂરો પરમેશ્વર છે. એ પરમેશ્વર પોતાના સ્વભાવમાંથી પુણ્ય-પાપના, રાગ-દ્વેષના, તીવ્ર-મંદ આદિ વિકારનું ઉત્પન્ન થવું એ સ્વભાવથી થતું નથી. તેથી પર્યાયબુદ્ધિમાં ઉત્પન્ન થાય છે તો એ પુદ્‌ગલના કારણે ઉત્પન્ન થયા છે તો તેને પુદ્‌ગલ કહેવામાં આવ્યા. સમજાય છે કાંઈ?

'**વિપાકની હદે પહોંચેલા...**' શું કહે છે? વિપાક નામ આઠ કર્મ જે માટી ધૂળ છે, જડ છે, અજીવ છે. ભગવાન આત્મા તો અરૂપી ચૈતન્ય છે. એ આઠ કર્મ જે માટી ઝીણી ધૂળ છે તેનો વિપાક-તેનો પાક થાય છે. વિપાકની મર્યાદા. એમાં હદ છે, ગુજરાતીમાં હદ છે ને? '**વિપાકની હદે પહોંચેલા...**' વિપાકની મર્યાદાને પ્રાપ્ત. હદ એટલે વિપાક થયો. કર્મનો, આઠ કર્મનો પાક થયો. '**તે કર્મના ફળપણે જે કહેવામાં આવે છે તે...**' અહીં શાંતિથી (સમજવું). આ વાત તો એવી છે કે અનંત કાળમાં એણે આત્મા શું ચીજ છે તેને જાણી નથી. સાક્ષાત્ ચૈતન્યપ્રભુ સિદ્ધ સ્વરૂપ આત્મા છે પણ તેની દૃષ્ટિ થઈ નથી તો કરાવે છે કે ભગવાન તારી પર્યાયમાં-અવસ્થામાં પુણ્ય ને પાપ, શુભ-અશુભ રાગ છે એ ખરેખર તો કર્મનો પાક છે, હોં! તારા આત્માના આનંદમાંથી એ વિકારનો પાક કઈ રીતે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવે? સમજાય છે કાંઈ? ઝીણું છે. આ વસ્તુ પછી ૪૬માં કહેશે કે ભાઈ! વ્યવહાર દેખાડે નહિ, પુણ્ય-પાપ પર્યાયમાં છે જ નહિ અને જીવની પર્યાય નથી એમ કહો તો તો દોષ આવે, તો એકાંત થઈ જાય. પણ એના સ્વભાવમાં નથી તેથી તેને વ્યવહારથી પર છે એમ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? ઓહો..!

ભગવાન આત્મા '**વિપાકની હદે પહોંચેલા કર્મના ફળપણે જે કહેવામાં આવે છે...**' લ્યો. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદનો પાક કરનારો આત્મા છે. એમાંથી તો આત્માની દૃષ્ટિ થવાથી, આત્માનું જ્ઞાન થવાથી તો આત્મામાંથી અતીન્દ્રિય આનંદનો પાક થાય એવો આત્મા છે. કહો, સમજાય છે કાંઈ? ...દાસભાઈ! ભારે ઝીણું, ભાઈ!

કહે છે, પ્રભુ! તું આત્મા છો ને, ભાઈ! ભગવાન! તું આત્મા છો. આત્મામાં કોઈ દુઃખની દશા ભરી છે? દુઃખ જે પુણ્ય-પાપના ભાવ છે તે દુઃખ છે. એ દુઃખ શું તારી ખાણમાં પડ્યું છે અંદર કે ખાણમાંથી નીકળે? તારી ખાણમાં તો ભગવાન અતીન્દ્રિય આનંદ અને જ્ઞાન પડ્યા છે. આહાહા..! એની તું દૃષ્ટિ કર, એનો અનુભવ કર તો એના પાકમાં તો અતીન્દ્રિય આનંદનું વેદન આવે છે. એનું નામ આત્મા જાણ્યો અને એનું નામ આત્માની પ્રતીત-સમ્યગ્દર્શન થયું.

કહે છે કે ભગવાન આત્મા તારા અનાકુળ આનંદમાં એ પુણ્ય-પાપના ભાવ સમાવેશ નથી પામતા. સમજાય છે કાંઈ? પ્રવીણભાઈ! બહુ ઝીણું, ભાઈ! આ. ઓહોહો..! કહે છે કે '**તે (એટલે કે કર્મફળ) અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ તેનાથી વિલક્ષણ...**' એ કર્મફળ છે, પ્રભુ! તારો આત્મા તો અતીન્દ્રિય આનંદસ્વરૂપને ભગવાને પરમાર્થે આત્મા કહ્યો છે. પરમાર્થે ભૂતાર્થનયથી, સત્યનયથી તો ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાન અને આનંદને ભગવાને આત્મા કહ્યો. એ આત્માની અંતર દૃષ્ટિ કરવાથી તને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ને શાંતિનું વેદન થશે. એ ધર્મ છે. અને આવો આત્માનો સ્વભાવ નહિ જાણવાથી તેની દશામાં પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષ, મંદ ને તીવ્ર સુખ-દુઃખની કલ્પના આદિ, રાગ-દ્વેષ ભાવ (થાય છે), ભગવાન! કહે છે કે એ તો કર્મનો પાક છે, હોં! આહાહા..! એ ચૈતન્યનો પાક નહિ. છે એની પર્યાયમાં-અવસ્થામાં. પણ એ અવસ્થા ચૈતન્યના પાકમાંથી નથી આવી. સમજાય છે કાંઈ?

આ આત્મા એટલે શું ચીજ છે એની એને ખબર નથી અને એ જાણ્યા વિના કદી ધર્મ થતો નથી. તો સર્વજ્ઞ પરમેશ્વર કહે છે કે સર્વજ્ઞનું આવું વચન છે. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, ઇન્દ્રોની સમવસરણમાં ઉપસ્થિતિ, ૧૦૦ ઇન્દ્રની ઉપસ્થિતિમાં ભગવાનની વાણીમાં એમ આવ્યું કે, ભાઈ! પ્રભુ! તું તો આત્મા અનાકુળ આનંદસ્વરૂપ આત્મા છો અને તારી દશામાં જે પુણ્ય-પાપની, રાગ-દ્વેષની, હરખ-શોકની કલ્પના ઉત્પન્ન થાય છે એ આત્માના સ્વભાવનો પાક નહિ, એ કર્મનો પાક છે એમ કહીને છોડાવવા, જીવની દૃષ્ટિ કરાવવા એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહ્યું છે. સમજાય છે કાંઈ? શું કહે છે? જુઓને!

**'વિપાકની હદે પહોંચેલા તે કર્મના ફળપણે જે કહેવામાં આવે છે...'** એ કર્મના પાકની હદ આવી ગઈ તો એનું ફળ (આવ્યું). જેમ જુવાર, બાજરી થાય ને? જુવાર, બાજરી કહે છે? જુવાર, બાજરી વાવે તો પાક થાય, ડુંડા. તો એનો પાકનો કાળ આવી ગયો. પાકનો કાળ. ડુંડા થાય ને? શું કહે છે એને? દાણા.. દાણા. ગટ્ટા. અહીંયાં ડુંડા કહે છે. દાણા પાકે ને? તો એનો પાક ઈ છે. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્માનો પાક તો અતીન્દ્રિય આનંદ છે. પણ આ પુણ્ય-પાપનો પાક એ પુદ્ગલનો પાક છે એમ અહીંયાં કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? બહુ બાપુ!.. તેં તારી ચીજને કોઈ દિ' સાંભળી નથી. આ આત્મા શું છે?

ભગવાને તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શન કહ્યું. તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શન. એમાં આત્મા શું? શરીર, વાણી તો અજીવ છે. કર્મ, આ તો માટી ધૂળ અજીવ છે. પુણ્ય-પાપના ભાવ તો આસ્રવ છે. એ આસ્રવતત્ત્વ છે. અને આત્મા તો જ્ઞાયક ચિદાનંદ આત્મતત્ત્વ છે. તો કહે છે કે એ આત્મતત્ત્વનો પાક એ આસ્રવ નહિ. એ તત્ત્વ જુદું છે. ભગવાન આત્માનું તો અનાકુળ આનંદ તત્ત્વ છે. એવી તારી દૃષ્ટિ કરવાથી તને અંદર આનંદનો અનુભવ થશે. એનું નામ ધર્મ છે. શશીભાઈ! આહાહા..! અને આવા આનંદનો અનુભવ નહિ કરીને પર્યાયમાં કર્મના પાકથી પરલક્ષે ઉત્પન્ન થયેલા એવા શુભ-અશુભ રાગને મારા માનીને જો તું ત્યાં રહીશ તો તને મિથ્યાદૃષ્ટિમાં દુઃખનો-આકુળતાનો અનુભવ થશે. આહાહા..! સમજાય છે કાંઈ? કહો, કાંતિભાઈ! ભારે વાત, ભાઈ!

કહે છે કે, **'અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ...'** ભગવાન આત્મા આનંદની શિલા છે એ તો. અતીન્દ્રિય આનંદની શિલા. જેમ બરફની શિલા હોય છે ને? બરફની. ચાર-પાંચ મણની બરફની શિલા હોય ને? એમ ભગવાન આત્મા શરીરથી, રજકણ આ માંસ, હાડકાથી અંદર ભિન્ન અરૂપી આનંદની શિલા, અતીન્દ્રિય આનંદની શિલા છે. આહાહા..! સમજાય છે કાંઈ? અનાકુળલક્ષણ સુખ નામનો આત્માનો સ્વભાવ છે, એમ કહે છે. **'તેનાથી વિલક્ષણ...'** ભગવાન આત્મા, જેમ બરફની શિલા ઠંડી.. ઠંડી.. ઠંડી.. ચારે બાજુ ઠંડી છે, એમ ભગવાન આત્મા અનાકુળ આનંદની શિલા છે. અતીન્દ્રિય આનંદ. જુઓ! **'અનાકુળલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ...'** એ આત્માનો સ્વભાવ છે. અને આ પુણ્ય-પાપના ભાવ એ અનાકુળતાલક્ષણથી વિલક્ષણ છે. સમજાય છે? ભાઈ! સૂક્ષ્મ વાત છે. વીતરાગ પરમાત્માની વાત દુનિયાથી તદ્દન જુદી છે. સર્વજ્ઞ સિવાય માર્ગ બીજે ક્યાંય હોય નહિ. સમજાય છે કાંઈ?

પરમેશ્વર એક સમયમાં ત્રણ કાળ જેણે જાણ્યા એવા ભગવાન પરમાત્મા પરમેશ્વરની વાણીમાં એમ આવ્યું, પ્રભુ! એમ આત્માને કહે છે. ભગવાન! તારો સ્વભાવ તો અનાકુળ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આનંદ છે ને. આહાહા..! તારો સ્વભાવ તો અંતરમાં, આ હાડકા તો જડ છે, કર્મ જડ છે, વાણી જડ છે, કર્મ જડ છે, આ પુણ્ય-પાપના ભાવ પણ ખરેખર આત્માનો સ્વભાવ નથી. એ અપેક્ષાથી અચેતન કહ્યા. અચેતન કહો કે પુદ્ગલ કહો. પુદ્ગલ એટલે પરમાણુ નહિ, પણ એનામાં ચૈતન્યતા નથી. શુભ-અશુભ રાગમાં ચેતનતા નથી. ભગવાન આત્મા ચૈતન્ય અને આનંદનો રસ છે. એવી જે આત્મા વસ્તુ તેનાથી પુણ્ય-પાપના ભાવ વિલક્ષણ છે, વિપરીત લક્ષણ છે, ઊલટું લક્ષણ છે, વિપરીત ભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

આત્મા.. આ તો હાડકાં જડ અજીવતત્ત્વ પુદ્ગલ માટી છે. આ વાણી પણ માટી ધૂળ ઊડે છે, એ ક્યાં આત્મા છે? આ તો રજકણ છે. અંદર આઠ કર્મ છે એ પણ રજકણ જડ છે. હવે ભગવાન આત્મા અંદર જે છે એ તો અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. '**અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ...**' તેને આત્મા કહે છે. સમજાય છે કાંઈ? એવા આત્માની દૃષ્ટિ કરવાથી આત્મા જણાય છે, આત્મા મનાય છે અને આત્માનો અનુભવ થાય છે. તો એને સમ્યગ્દર્શન અને આત્માનો આનંદ આવે છે. એનું નામ ધર્મ છે. આહાહા..! ભારે! અનાકુળ સુખ નામનો આત્મસ્વભાવ, તેનાથી કર્મના પાકની હદ આવીને જે ભાવ થયા, પુણ્ય-પાપ, શુભ-અશુભ અને હરખ-શોકના વિકલ્પ એ આત્મસ્વભાવથી વિલક્ષણ છે. વિલક્ષણ છે-વિપરીત લક્ષણ છે. ભગવાન આત્મા અનાકુળ આનંદ છે તો પુણ્ય-પાપના ભાવ એનાથી વિપરીત લક્ષણ છે. બરાબર છે? આહાહા..! એને કદી ખ્યાલેય આવ્યો નથી કે હું કોણ છું? અને વિપરીતતા શું છે? આહાહા..!

પ્રભુ! તારામાં તો અતીન્દ્રિય અનાકુળ આનંદ છે ને. એને અમે તો આત્મા કહીએ છીએ, પરમેશ્વર કહે છે. પરમેશ્વર એમ કહે છે, અનાકુળ આનંદ છે તેને અમે આત્મા કહીએ છીએ. અને અનાકુળ આનંદ જે આત્મા છે તેનાથી વિલક્ષણ પુણ્ય-પાપના ભાવ તો ભગવાન! વિપરીત લક્ષણવાળા છે. આ આનંદ છે તો એ દુઃખ છે. જુઓ! '**વિલક્ષણ હોવાથી દુઃખ છે.**' છે એમાં? જુઓ! અક્ષર જુઓ! એમાં પાઠમાં અક્ષર. ચોપડા મેળવે છે ને ઘરના. આ તો ભગવાનના ચોપડા છે. સમજાય છે કાંઈ? છે ને? '**અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ તેનાથી વિલક્ષણ હોવાથી, દુઃખ છે.**' કોણ? માથે કહ્યું ઈ. અધ્યવસાય, રાગ-દ્વેષાદિના પરિણામ દુઃખરૂપ છે. આહાહા..! આ પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ છે. ભગવાન આત્માનો સ્વભાવ અનાકુળ આનંદરૂપ છે. એ અનાકુળ આનંદથી એની વિપરીત દશા છે. ઓહોહો..! માણસને બેસવું (કઠણ પડે). અર..ર..! આ શું? આ તો ક્યાં લઈ જાય છે? આહાહા..! ભગવાન! તેં તારી વાત કદી સાંભળી નથી. સમજાય છે કાંઈ? તમે સાથે છો? એકલા આવ્યા છો? ઠીક. સમજાય છે કાંઈ? શાંતિથી સમજવાની ચીજ છે, ભાઈ! અનંત કાળથી એણે પોતાનો આત્મા કેવો છે એનો કોઈ દિ' પત્તો લીધો નથી. કોઈ દિ' લીધો નહિ. પત્તો લીધો, અશુભભાવ કર્યા, શુભભાવ કર્યા તો તેના ફળસ્વરૂપે સ્વર્ગ-

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નરક મળ્યા. એમાં આત્માનો પત્તો લાગ્યો નહિ.

પાઠમાં ખુબી તો ઈ કહે છે કે શરીર, વાણી, પ્રતિકૂળતા એ દુઃખ નથી. ભાઈ! એમ કહે છે. ન્યાય તો શું કહે છે? આત્મા-પોતાનું સ્વરૂપ તો અનાકુળ લક્ષણ સુખ નામની વસ્તુ છે. એનું નામ આત્મા કહે છે. અને તેનાથી વિલક્ષણ શુભ-અશુભ જે રાગ થયો તે દુઃખ છે. પ્રતિકૂળ વસ્તુ દુઃખ નથી. એકલા કર્મ એ દુઃખ નથી. કર્મનો પાક થઈને એમાં લક્ષ કરીને ઉત્પન્ન થયેલો ભાવ તે દુઃખ છે. આહાહા..! સમજાય છે કાંઈ? કોઈ છરો મારો, ગળું કાપે એ દુઃખ નથી. એ તો જડની અવસ્થા છે. જડની અવસ્થામાં દુઃખ ન થાય, જડની અવસ્થામાં દુઃખ ન હોય. જડની અવસ્થામાં દુઃખ ન હોય અને જડની અવસ્થાથી દુઃખ ન હોય. આહાહા..! દુઃખ તો ભગવાન એને કહે છે, ભગવાન આત્મા અનાકુળ આનંદ નામનો સ્વભાવ, તેનાથી વિલક્ષણ કર્મના પાકની અંદર એકાકાર થઈને રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપના ભાવ થાય તેને ભગવાન દુઃખ કહે છે. આત્માને આનંદ કહે છે. બેની વહેંચણી આમ કરે છે. આહાહા..! પ્રવીણભાઈ! વાતું ભારે, ભાઈ! આહાહા..! કહે છે કે ભાઈ! તારા આનંદની વાતું સર્વજ્ઞની વાણીમાં પૂરી નથી આવી. તારી ચીજ એવી છે પણ તને ખબર નથી. સમ્યગ્દર્શન વિના એ ચીજનો પત્તો લાગતો નથી. સમજાય છે કાંઈ? અને એ જ સમ્યગ્દર્શન એ પ્રથમ ધર્મ છે.

કહે છે કે ભગવાન આત્માનો તો અનાકુળ નામનો સુખ નામનો સ્વભાવ છે ને. તો એ સ્વભાવવાન આનંદરૂપ જ આત્મા છે. તેને આત્મા કહે છે. એ આત્માના આનંદનું લક્ષ નહિ કરવાથી પોતાના અનાકુળ સુખરૂપી સત્તાનો સ્વીકાર નહિ કરવાથી પર ઉપર લક્ષ જવાથી કર્મના પાકરૂપ શુભ-અશુભ રાગ પુણ્ય-પાપનો થયો તે આત્માના આનંદથી વિલક્ષણ-વિ-વિપરીત લક્ષણ, વિપરીત લક્ષણવાળા (ભાવ છે). આત્મા અનાકુળ આનંદસ્વરૂપ છે એમ સમ્યગ્દર્શનમાં ધ્યેય વિષય થવો જોઈએ. એમ નહિ કરતાં અનાકુળ આનંદથી ઉલટો શુભ-અશુભ રાગ અને હરખ-શોકની કલ્પના તને લક્ષમાં આવી તો એ તો આત્માના લક્ષણથી વિલક્ષણ દુઃખરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આનંદ શરીરમાં નથી, કર્મમાં નથી, સ્ત્રી, કુટુંબમાં નથી, પૈસામાં નથી. આ પુણ્ય-પાપના ભાવમાં નથી. આનંદ આત્મામાં છે. અને દુઃખ શરીરમાં નથી, કર્મમાં નથી, પ્રતિકૂળ સંયોગમાં નથી. દુઃખ એ આત્માના અનાકુળ આનંદની દૃષ્ટિ નહિ કરવાથી પર્યાયમાં કર્મના પાક ઉપર લક્ષ કરવાથી જે પુણ્ય-પાપના ભાવ થયા તેને ભગવાન દુઃખ કહે છે. આહાહા..! કહો, હિંમતભાઈ! આહાહા..! અરે..! પ્રભુ! તેં તેરા ગુણના ગ્રામનો સમૂહ કોઈ દિ' જોયો નહિ. ગુણગ્રામ. ગુણગ્રામ એટલે? ગ્રામ કરવું એમ નહિ. ગુણનો ગ્રામ એટલે સમૂહ. પંડિતજી! ગ્રામ કહે છે ને? સમૂહ. ઈન્દ્રિયગ્રામ, આ ગુણગ્રામ. ગુણગાન કરવા એ વાણી નહિ. ગુણગ્રામ. ભગવાન આત્મામાં ગુણનો ગ્રામ-સમૂહ પડ્યો છે. અનંત અનંત ગુણ, અનંત અનંત ગુણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન આત્મામાં છે. એમાં અહીંયાં આનંદગુણથી વાત લીધી છે. જગતને એકદમ જલ્દી સમજાય તેથી (કહે છે), ભાઈ! પ્રભુ! તું તો અનાકુળ આનંદ સ્વભાવના લક્ષણવાળો છે ને. અને આ તારી દશામાં કર્મના લક્ષે, કર્મના પાકથી તારા ચૈતન્યના અનાકુળના પાકથી વિપરીત શુભ-અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ અને કામ, ક્રોધના અશુભ પરિણામ, બેય ભાવ ભગવાન કહે છે કે દુઃખરૂપ છે. આહાહા..! રાડ નાખે માણસ.

અહીં તો બે વાત કરી, ભગવાન! ભાઈ! પ્રભુ! તું તો અનાકુળ આનંદનો રસકંદ છે ને. બાપુ! તને ખબર નથી, ભાઈ! તારા ઘરમાં તો અનાકુળ,... જેવો સિદ્ધ ભગવાનનો આનંદ છે એ પ્રગટ છે, તારી અંદર શક્તિરૂપે પરમાનંદ આનંદ પડ્યો છે તેને અમે આત્મા કહીએ છીએ. સમજાય છે કાંઈ? અને એવા અનાકુળ આનંદથી વિપરીત લક્ષણવાળા.. કોણ? એ અધ્યવસાન આદિ જે પહેલા કહ્યાં હતા ઈ. એ તો દુઃખ છે, એ તો દુઃખ છે. પ્રવીણભાઈ! આ પૈસામાં લક્ષ જાય, દાન દેવામાં શુભરાગ થાય તો તે દુઃખ છે અને રાખવાનો તૃષ્ણાનો અશુભભાવ એ દુઃખ છે. એમ કહે છે.

મુમુક્ષુ :- સ્વભાવથી વિરૂદ્ધ છે.

ઉત્તર :- સ્વભાવથી વિરૂદ્ધ છે.

ભગવાનની વાણી કહે છે કે બાપુ! જગતને સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગ, જ્યાં ઈન્દ્રો મોટા આભના થોભ જેવા સમવસરણમાં બિરાજતા. પરમાત્મા અત્યારે બિરાજે છે. 'સીમંધર' પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. જમીન ઉપર, હોં! મહાવિદેહક્ષેત્ર અહીંયાં સામે છે (ત્યાં) બિરાજે છે. ઈન્દ્રો ત્યાં આવે છે. ઈન્દ્રોની સમક્ષ ભગવાનની વાણી એવી નીકળી. એ વાણી આ 'કુંદકુંદાચાર્ય' કહે છે. એ 'કુંદકુંદાચાર્ય' મહારાજ દિગંબર મુનિ બે હજાર વર્ષ પહેલા સંવત ૪૯માં ભરતમાં હતા. એ ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન પાસે કુંદકુંદાચાર્ય દિગંબર સંત વનમાં ... સમજાય છે કાંઈ? પોન્નુર હિલ. શાસ્ત્ર લખે છે. ભગવાન પાસે ગયા હતા. સાક્ષાત્ સર્વજ્ઞ સમવસરણમી સભામાં. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. સમજાય છે કાંઈ? દિગંબર સંત મુનિ. એક મોરપીંછી કમંડળ. આત્માના આનંદમાં ઝુલનારા. અતીન્દ્રિય આનંદમાં, અતીન્દ્રિય આનંદમાં ઝુલનારા.

એ ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે, અરે.. જીવો! એ વાણીની ટીકા 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર મુનિ ૯૦૦ વર્ષ પહેલા થયા. કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલાં થયા, આ ૯૦૦ વર્ષ પહેલાં થયા. એ દિગંબર સંત આનંદકંદમાં ઝુલનારા, અતીન્દ્રિય આનંદમાં. કહે છે કે અરે..! ભગવાન તો એમ કહે છે કે ભાઈ! આ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ એ આત્માનું લક્ષણ છે. અને તેનાથી વિરૂદ્ધ જે પુણ્ય ને પાપ, શુભ-અશુભ રાગ છે એ તો વિલક્ષણ છે. તેનાથી એ વિપરીત લક્ષણ છે. તારા લક્ષણથી અનાકુળ આનંદના લક્ષણથી એ ઊલટું, ઊલટું-વિપરીત લક્ષણવાળા છે. ભગવાન અનાકુળ આનંદ આત્મા તો વિપરીત લક્ષણવાળું દુઃખ. સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કાંઈ? એ દુઃખની દૃષ્ટિ છોડી દે, એમ કહે છે. અને અનાકુળ આનંદની દૃષ્ટિ કર તો તને આનંદ આવશે અને સમ્યગ્દર્શન થશે. નહિતર થશે નહિ. બરાબર છે? ભાઈ! આહાહા..! ભારે વાત પણ ભાઈ! હો, શુભભાવ વચ્ચે આવે છે. પણ અહીં તો ભગવાન કહે છે કે શુભભાવ છે એ અનાકુળ આનંદથી વિપરીત લક્ષણવાળું દુઃખ છે. તને બેસવું કઠણ છે. ભગવાનની વાણીમાં આવ્યું, આગમમાં રચાયું, ઈન્દ્રોએ સાંભળ્યું, ગણધરે વાણી શાસ્ત્રમાં રચી છે, એ વાણી 'કુંદકુંદાચાર્ય' મહારાજ કહે છે. સમજાય છે કાંઈ? ભાઈ! આહાહા..!

અરે..! તારી જાતથી વિલક્ષણ લક્ષણવાળી પર્યાય દુઃખરૂપ એ તારી ક્યાંથી થઈ? અને એના લક્ષે ને એના વિશ્વાસથી તને સુખ ક્યાંથી થશે? સમજાય છે કાંઈ? બીજી રીતે કહીએ તો સાત તત્ત્વની શ્રદ્ધામાં એકલો આ આસ્રવ છે તેની શ્રદ્ધા કરવાથી તને સુખ કેવી રીતે થશે? આસ્રવથી ભિન્ન આત્મા અનાકુળ આનંદ છે તેની શ્રદ્ધા કરવાથી આસ્રવ દુઃખરૂપ છે એમ તને ભેદજ્ઞાન થઈ જશે. આહાહા..! સમજાય છે કાંઈ? તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનં. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા મોક્ષાઃ તત્ત્વઃ. એને ભગવાન સમ્યગ્દર્શન કહે છે. તો સમ્યગ્દર્શનમાં આસ્રવ પરિણામ છે તેની શ્રદ્ધા કરવી કે ઈ હું છું, હું છું, હું છું તો પેલો આત્મા ક્યાં રહ્યો? સમજાય છે કાંઈ? પુણ્ય-પાપ આસ્રવતત્ત્વ છે એ જ મારું છે એમ તું માને તો એ તો દુઃખરૂપ છે. ઈ આત્મા છે? એની શ્રદ્ધા પણ યથાર્થ ન થઈ. કારણ કે દુઃખ છે તને પોતાનું માન્યું. તો યથાર્થ શ્રદ્ધા એની થઈ નહિ. દુઃખને જ્યારે દુઃખ જાણે અને અનાકુળ આનંદને આનંદ જાણે ત્યારે એને શ્રદ્ધા થઈ કે હું આનંદમય છું, (રાગ) દુઃખ છે. ભેદજ્ઞાન થયું. તો એને જીવ અને આસ્રવની શ્રદ્ધા યથાર્થ થઈ. સમજાય છે કાંઈ? ભારે ઝીણી વાત. ઝીણું નથી, હોં! એની વાત છે પણ એણે કોઈ દિ' દરકાર કરી નહિ. અને બહારમાં ને બહારમાં જીવન ગાળ્યા. ભારે ગાથા.

'**जिणेहिं भणिया**' એમ આવ્યું છે ને? સમજાણું? જિન-જિનેન્દ્ર ભગવાન સર્વજ્ઞદેવ કહે છે. આહાહા..! કહે છે, ભગવાન આત્મા અનાકુળ આનંદનો રસકંદ પ્રભુ, તેનાથી એ કર્મના પાકરૂપ શુભ-અશુભ, પુણ્ય-પાપના ભાવ બેય દુઃખ છે, વિલક્ષણ છે. ચૈતન્યના લક્ષણથી વિલક્ષણ છે. દુઃખ છે. '**તે દુઃખમાં જ આકુળતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે;...**' કેટલી સ્પષ્ટતા કરે છે! એ દુઃખમાં જ. પુણ્ય, પાપ, શુભ, અશુભ, હરખ, શોકની કલ્પના એમાં (સમાવેશ) પામે છે, એમાં સમાપ્ત થાય છે, એમાં રહે છે. આત્માના આનંદમાં નહિ. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા અનાકુળ આનંદમાં એનો સમાવેશ થતો નથી. સુખ-દુઃખ, પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભ રાગનો ભાવ દુઃખરૂપ છે. અને દુઃખરૂપ ભાવ દુઃખમાં જ આકુળતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવો (સમાવેશ પામે છે). આકુળતાલક્ષણવાળા અધ્યવસાય દુઃખમાં સમાવેશ પામે છે, આત્માના આનંદમાં સમાવેશ પામતા નથી. શશીભાઈ! આહાહા..! શું પ્રકાર છે એ સાંભળવો જગતને કઠણ પડે છે. એકાંત છે..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એકાંત છે.. અરે..! એકાંત સાંભળ તો ખરો, સમ્યક્ એકાંત ઈ છે. સમજાય છે કાંઈ? વ્યવહારથી એને કહેશે, જણાવશે. પણ જણાવવાનું કારણ કે રાગ છે તે જીવનો નથી, એમ બતાવવા. રાગ છે તે જીવનો નથી, ભાઈ! રાગ છે તે જીવનો નથી. એકેન્દ્રિય છે તે જીવ નહિ. એમ બતાવવા માટે વાત છે. તારી ચીજ તેનાથી પ્રાપ્ત થાય છે એમ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, કેટલી સ્પષ્ટ વાત કરે છે! ઓહોહો..! ટીકા તે પણ ટીકા! દિગંબર સંત મુનિઓએ તત્ત્વને સ્પષ્ટ કરી નાખ્યું છે. ભાઈ! એ દુઃખ છે ને? એ દુઃખમાં જ અનાકુળ આનંદસ્વરૂપ જે ભગવાન આત્મા એનાથી દુઃખ જે વિલક્ષણ છે એ દુઃખમાં જ અધ્યવસાયનો સમાવેશ થાય છે. પુણ્ય-પાપના ભાવનો સમાવેશ દુઃખમાં થાય છે. પુણ્ય-પાપના ભાવનો સમાવેશ આત્મામાં નથી થતો. આત્મા તો આનંદ છે. આ તો વિલક્ષણ દુઃખ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન અનાકુળ આનંદ સ્વભાવ, એનાથી વિપરીત લક્ષણ જે શુભ-અશુભ રાગ, પુણ્ય-પાપના ભાવ એ તો દુઃખમાં જ, દુઃખમાં જ '**આકુળતાલક્ષણ...**' જુઓ! પેલામાં (કહ્યું) આત્માના સ્વભાવથી વિલક્ષણ, તો એનું લક્ષણ શું? આકુળતાલક્ષણ '**અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે;...**' શુભ અને અશુભ રાગ તો ભગવાન આત્માના અનાકુળ આનંદના લક્ષણથી વિલક્ષણ વિપરીત એવા આકુળતાલક્ષણમાં એ સમાવેશ પામે છે. ભગવાનના આનંદના લક્ષણમાં એ આવતા નથી. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શું થાય? એને ખબર નથી. ચૈતન્યની ખબર નથી. એવા અવળા અર્થ કરે કે જુઓ! આ શુભરાગ,.. પણ અહીં ભગવાન તો કહે છે કે શુભરાગ તો તારા આનંદથી વિલક્ષણ દુઃખમાં સમાય છે. દુઃખમાં સમાય એ આત્માના આનંદની પ્રાપ્તિ કરાવે? આહાહા..! શું થાય? એ વાત અંતરની. પત્તો લીધો નહિ અને બહારથી ને બહારથી (માની લીધું). શાસ્ત્રમાં આવે છે, સર્વજ્ઞ એમ કહે છે, આગમ તો એમ કહે છે. પરમેશ્વર ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં એમ આવ્યું, પ્રભુ! તારું લક્ષણ તો અનાકુળ આનંદ છે ને. તેનાથી વિપરીત પુણ્ય શુભરાગ પણ વિપરીત લક્ષણ છે. વિપરીત લક્ષણ છે એ દુઃખ છે. એ દુઃખમાં, આકુળતાલક્ષણવાળા અધ્યવસાય આદિ દુઃખમાં સમાવેશ થાય છે, આત્મામાં નહિ. આહાહા..! આ વીતરાગી વીતરાગી વાણી. આ વીતરાગી સંતોના કથનો. સમજાય છે કાંઈ?

વ્રત-અવ્રતના બેય પ્રકારના વિકલ્પો આકુળતાલક્ષણવાળા દુઃખમાં સમાવેશ થાય છે, એમ કહે છે. આ વીતરાગમાર્ગ છે, આ કાંઈ રાગમાર્ગ નથી. સમજાય છે કાંઈ? કઠણ લાગે એથી કંઈ માર્ગ ફરી જાય? માર્ગ જે અનાદિ સનાતન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો તે જ માર્ગ છે. ભરતમાં હો, ઐરાવતમાં હો કે મહાવિદેહમાં હો. પંદર કર્મ ભૂમિમાં તો ભગવાનનો માર્ગ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો વીતરાગદષ્ટિથી ઉત્પન્ન થાય છે. આહાહા..!

એ દુઃખ જે છે.. દુઃખ કોને કહ્યું? પુણ્ય-પાપના શુભ-અશુભરાગને દુઃખ કહ્યું. કોઈ પ્રતિકૂળતાને દુઃખ નથી કહ્યું. પ્રતિકૂળ સંયોગ દુઃખ નથી. નારકીમાં પ્રતિકૂળ જે ઠંડી-ગરમીની વેદના છે એ દુઃખ નથી. દુઃખ તો જ્યાં આનંદ છે તેનાથી ઊલટી અવસ્થા છે તેનું નામ દુઃખ છે. તો એની ઊલટી અવસ્થા કંઈ પરમાં નથી રહેતી. દુઃખનું અસ્તિત્વ પણ, દુઃખનું હોવું અને અસ્તિત્વ પણ જ્યાં અનાકુળ આનંદ છે, અનાકુળ આનંદ આત્મસત્તા છે ત્યાં જ તેનાથી વિપરીત કર્મનો પાક, પુણ્ય-પાપના ભાવનું અસ્તિત્વ એ દુઃખ છે. એ દુઃખ નથી આત્મામાં, દુઃખ નથી સંયોગમાં, દુઃખ નથી સંયોગથી, દુઃખ નથી આનંદથી. અંતરના આનંદથી દુઃખ નહિ, દુઃખ નહિ સંયોગથી. વિપરીત લક્ષણવાળા વિકાર ઉત્પન્ન કરે છે ઈ દુઃખ છે. આહાહા..! સમજાય છે કાંઈ? પરથી દુઃખ હોય તો પર તો અજીવ આદિ છે, જીવ નથી તારો. અજીવથી દુઃખ હોય તો અજીવથી આસ્રવ થયો એમ થયું. અને દુઃખ આનંદથી ઉત્પન્ન થાય તો આનંદમાંથી ઉત્પન્ન થતું જ નથી. સમજાય છે કાંઈ? જો પરથી ઉત્પન્ન થાય તો પર અજીવ, કર્મ આદિ પરવસ્તુ અજીવ છે, પર-શરીર, વાણી, મન, એનાથી ઉત્પન્ન થાય તો એ તો અજીવ છે. એમાં આનંદ છે કે એનાથી ઊલટી દશા ઉત્પન્ન થાય?

ભગવાન આત્મા અનાકુળ લક્ષણથી વિલક્ષણ જે દુઃખ છે તેની પર્યાયમાં ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને એ પર્યાયમાં જ '**આકુળતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે;...**' આહાહા..! ગજબ શૈલી છે ને! સમજાય છે? એક કોર જ્ઞાયક ભગવાન, એક કોર દુઃખરૂપ તત્ત્વ, એક કોર સંયોગી તત્ત્વ ભિન્ન. એમ તત્ત્વની ભિન્ન ભિન્નતા કહે છે. સાત તત્ત્વ છે ને? તો અજીવતત્ત્વ અજીવની પર્યાયમાં અજીવતત્ત્વ સમાય છે. અને જ્ઞાયકતત્ત્વ આનંદતત્ત્વનું લક્ષણથી એમાં સમાય છે. વચ્ચે કર્મના લક્ષે ઉત્પન્ન થયેલો વિકાર દુઃખરૂપ તત્ત્વમાં, આસ્રવતત્ત્વમાં સમાય છે. ભાવબંધરૂપમાં સમાય છે. ભાવબંધ તો દુઃખરૂપ છે. ભગવાન અબંધસ્વરૂપી આત્મા છે. અનાકુળ આનંદ લક્ષણ કહો, અબંધ સ્વભાવી વસ્તુ કહો. અબંધસ્વભાવી વસ્તુમાં એ આકુળતાનું લક્ષણ, આકુળતાનો ભાવ સમાવેશ નથી પામતા. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા અનાકુળ આનંદ શાંતરસનો સાગર આત્મા, એને ભગવાન આત્મા કહે છે. એ આત્મામાં આકુળતા જે ઉત્પન્ન (થઈ), જે કર્મના લક્ષે, નિમિત્તે પુણ્ય-પાપનો પાક થયો, શું એનો આત્મામાં સમાવેશ થાય છે? એને આત્મા કહે છે? એમ કહે છે. ના. એ દુઃખમાં સમાવેશ પામે છે. દુઃખમાં જ, '**દુઃખમાં જ...**' એમ શબ્દ છે, જુઓ! સમજાય છે કાંઈ? '**किलाकुलत्वलक्षणा अध्यवसानादिभावाः**'. '**દુઃખમાં જ આકુળતલક્ષણ અધ્યવસાન આદિ ભાવો...**' અધ્યવસાન આદિ આઠ બોલ કીધા ને? આઠ બોલ કહ્યા. અધ્યવસાન, પુણ્ય-પાપ, હરખ-શોક, તીવ્ર-મંદ એવા આઠ બોલ કહ્યા. સર્વ '**ભાવો સમાવેશ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પામે છે; તેથી...**' આ કારણે, આ કારણે '**જોકે તેઓ ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે...**' જુઓ! '**તેથી જોકે...**' યદ્યપિ એટલે જો કે. જો કે કહે છે ને? ચૈતન્ય ભગવાન આત્મા ચૈતન્ય જે જ્ઞાનાનંદ સ્વરૂપની સાથે સંબંધ હોવાનો. કોનો? એ શુભ-અશુભ રાગ જે દુઃખરૂપ છે, જે દુઃખમાં સમાવેશ પામે છે તે આત્મા ચૈતન્યની સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉત્પન્ન કરે છે. '**તેઓ ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે...**' ભાષા એમ છે ને? એ ભ્રમ ઉત્પન્ન કરે છે.

'**તેથી જોકે તેઓ ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉત્પન્ન કરે છે...**' નિશ્ચયથી સંબંધ નથી. ભગવાન અનાકુળ આનંદ ચૈતન્યસ્વરૂપ, એનો સંબંધ એ દુઃખરૂપ ભાવ સાથે એનો સંબંધ છે જ નહિ. સમજાય છે કાંઈ? દુઃખરૂપ ભાવનો ચૈતન્ય આનંદ સ્વભાવમાં અભાવ છે, અભાવ છે. પણ ભ્રમ ઉત્પન્ન કરે છે. અનાકુળલક્ષણથી વિપરીત દુઃખ ઉત્પન્ન થયું તે ચૈતન્યની સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉત્પન્ન કરે છે. જાણે ચૈતન્યનો છે. ચૈતન્યનો આનંદ છે. આનંદની સાથે દુઃખ પણ ચૈતન્યનું છે એવો ભ્રમ ઉત્પન્ન થાય છે, કહે છે. સમજાય છે કાંઈ?

'**ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે તોપણ,...**' ભ્રમ ઉપજાવે છે. ભગવાન આત્મા અનાકુળ આનંદસ્વરૂપ, તેનાથી વિલક્ષણ દુઃખ એમાં અધ્યવસાન આદિ સમાવેશ પામ્યા, તે ચૈતન્યની સાંથે સંબંધ ધરાવતા હોવાનો ભ્રમ ઉત્પન્ન કરે છે. '**તોપણ તેઓ આત્માના સ્વભાવો નથી...**' એ પુણ્ય-પાપના વિકલ્પ, શુભ-અશુભનો રાગ એ આત્મસ્વભાવ નથી '**પણ પુદ્ગલસ્વભાવો છે.**' નાખ એમાં. છોડવાની ચીજ છે તો તારી ચીજ નથી. સમજાય છે કાંઈ? આમ પુદ્ગલસ્વભાવ અને ચૈતન્યસ્વભાવનું અંતર ભેદજ્ઞાન કરવું એનું નામ આત્મા અને અનાત્માની યથાર્થ પ્રતીતિ રૂપ સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! પહેલા સમ્યગ્દર્શનનું ઠેકાણું નથી. સમજાય છે કાંઈ? અને ઉપરથી માંડો. ઈ આપણને ખબર ન પડે. પણ આ શું કહે છે? ખબર ન પડે તો શું જીવ મૂઢ છે? સમજાય છે કાંઈ?

એ કોણ? માથે અધ્યવસાય આદિ આઠ બોલ જે કહ્યા-પુણ્ય-પાપ, રાગ-દ્વેષ, તીવ્ર-મંદ સુખ-દુઃખની કલ્પના એ આત્મસ્વભાવ નથી. ભ્રમ ઉપજાવે છે તોપણ. કેટલી સ્પષ્ટતા કરે છે! '**પણ પુદ્ગલસ્વભાવો છે.**' ભગવાન સ્વભાવ નહિ તો પુદ્ગલસ્વભાવ છે એમ કહ્યું. ચૈતન્યનો અનાકુળ આનંદ સ્વભાવ તે ચૈતન્યસ્વભાવ અને આકુળતાલક્ષણવાળું દુઃખ તે પુદ્ગલસ્વભાવ. બે ભિન્ન ચીજ છે. એ દુઃખ આત્માનું છે એમ માનવું તે મિથ્યાદષ્ટિ છે. એમ કહે છે. અનાકુળ આનંદ સ્વભાવ આત્માનો છે. તેનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે.

**ભાવાર્થ :-** '**કર્મનો ઉદય આવે...**' કર્મનો પાક-ઉદય. '**ત્યારે આ આત્મા દુઃખરૂપ પરિણમે છે...**' જુઓ! દુઃખરૂપ પરિણમે છે. પાઠમાં છે ને ઈ? '**अट्ठविहं प य कम्मं**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**पोग्गलमयं जिणा वेंति**'. ૪૫ છે ને?

**अट्ठविहं प य कम्मं पोग्गलमयं जिणा वेंति।**
**जस्स फलं तं वुच्चदि दुक्खं ति विपच्चमाणस्स।।४५।।**

આહાહા..! 'કુંદકુંદાચાર્ય' દુઃખ અને અનાકુળ આનંદના ભેદજ્ઞાનની પદ્ધતિની રીત કહે છે. કહો, સમજાણું આમાં? '**કર્મનો ઉદય આવે ત્યારે આ આત્મા દુઃખરૂપ પરિણમે છે...**' તો દુઃખરૂપ જ પરણમે છે. '**અને દુઃખરૂપ ભાવ છે તે અધ્યવસાન છે...**' અહીં એક જ શબ્દ મૂક્યો છે પણ આઠેય લેવા. એ દુઃખરૂપ ભાવ છે તે અધ્યવસાન આદિ છે. આઠ બોલ હતાને? એકલું અધ્યવસાય ન લેવું. એ તો અધ્યવસાય પહેલો બોલ હતો ને એટલે નાખ્યું, બાકી આઠેય બોલ લઈ લેવા.

'**તેથી દુઃખરૂપ ભાવમાં (-અધ્યવસાનમાં) ચેતનતાનો ભ્રમ ઊપજે છે.**' એ દુઃખરૂપ ભાવમાં, પુણ્ય-પાપ ભાવમાં ચેતનતાનો ભ્રમ ઉત્પન્ન થાય છે. '**પરમાર્થે દુઃખરૂપ ભાવ ચેતન નથી.**' ખરેખર ભગવાન પરમાર્થ દૃષ્ટિ, ભૂતાર્થ દૃષ્ટિ, સત્યાર્થ દૃષ્ટિથી જુઓ તો એ દુઃખરૂપ ભાવ ચેતન નથી. '**કર્મજન્ય છે તેથી જડ જ છે.**' લ્યો, વળી ઈ નાખ્યું. પુદ્ગલસ્વભાવ જડ છે, અજીવ છે. આહાહા..!

હવે પ્રશ્ન (કરે છે). આટલું બધું થયું ત્યારે હવે પ્રશ્ન કરે છે. અરે..! પણ મહારાજ! શાસ્ત્રમાં તો પુણ્ય-પાપને જીવના કહ્યા છે. અને ક્યાં તમે એકાંત એકાંત આમ કહો છો? '**જો અધ્યવસાનાદિ ભાવો છે તે પુદ્ગલસ્વભાવો છે તો સર્વજ્ઞના આગમમાં તેમને જીવપણે કેમ કહેવામાં આવ્યા છે?**' આહાહા..! રાગ-દ્વેષ, પુણ્ય-પાપ જીવમાં થાય છે, જીવમાં થાય છે અને તમે કહો છો, પુદ્ગલ છે. એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાય છે કાંઈ? મહારાજ! પરમેશ્વરે એમ કહ્યું, તમે કહો છો કે પરમેશ્વરે દુઃખરૂપ ભાવને આત્મા નથી કહ્યો, પુદ્ગલ કહ્યો. વળી એ પરમેશ્વરની વ્યવહારવાણીમાં જ આવ્યું છે, આગમમાં કહ્યું છે કે પુણ્ય-પાપ ભાવ જીવની પર્યાયમાં થાય છે, કંઈ રજકણમાં જડમાં નથી થતા. લ્યો. સમજાય છે કાંઈ? એમ ભગવાને કહ્યું છે ને?

ભાઈ! પર્યાયમાં છે એ વ્યવહાર દેખાડ્યો છે, દેખાડ્યો છે. એ છે એટલું જાણવાલાયક છે. વસ્તુનું સ્વરૂપ આદરવા માટે એ આદરણીય નથી. પણ જાણવાલાયક છે. જાણવાલાયકમાંથી કાઢી નાખે કે એના નથી, એના નથી, એના નથી. પર્યાયમાં પણ એના નથી. તો તો પર્યાયનું અસ્તિત્વ સિદ્ધ નથી થતું. સમજાય છે કાંઈ? જાણવાલાયક છે કે એની પર્યાયમાં છે. જાણવાલાયક છે, આદરવાલાયક નથી. એ વ્યવહાર રાગ છે એમ બતાવીને રાગરહિત તારું ચૈતન્ય છે એમ બતાવવું છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ રાગ છે ને એ વિકૃત છે, હોં! છે, છે, જાણવલાયક છે. વ્યવહાર દેખાડ્યો છે. પણ એ રાગ રહિત તારી ચૈતન્ય દશા બતાવવા રાગ પુદ્ગલ છે એમ વ્યવહારથી કહ્યું છે. વ્યવહાર પરમાર્થને કહેનાર છે. બતાવે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કે એ રાગ છે એ તારો સ્વભાવ નથી. એમ કરીને રાગ વ્યવહારથી બતાવ્યો છે.

**'તો સર્વજ્ઞના આગમમાં તેમને જીવપણે કેમ કહેવામાં આવ્યા છે? તેના ઉત્તરનું ગાથાસૂત્ર કહે છે :-'** એના ઉત્તરમાં ગાથા કહે છે.

**ववहारस्स दरीसणमुवएसो वण्णिदो जिणवरेहिं।**
**जीवा एदे सव्वे अज्झवसाणादओ भावा।।४६।।**

સમજાણું? શું કીધું? ઉપદેશ દીધો છે. વ્યવહાર દેખાડ્યો. વ્યવહારનું જ્ઞાન કરાવ્યું છે, ભાઈ! એની પર્યાયમાં ત્રસ, સ્થાવર જીવના છે એમ બતાવ્યું છે. ત્રસ, સ્થાવર જીવ છે એમ બતાવે છે. પણ એ બતાવીને એ ત્રસ, સ્થાવર રૂપ જીવ નહિ, જીવ જ્ઞાનાનંદ છે એમ બતાવવા વ્યવહાર કહ્યો છે. બિલકુલ નથી, પર્યાયમાં રાગ જ નથી અને વીતરાગી પર્યાય છે (એમ હોય) તો તો એકાંત થઈ જાય. સમજાય છે કાંઈ? અને ત્રસ, સ્થાવરપણાનો પર્યાયમાં સંબંધ નથી, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જ નથી (એમ નથી). સંબંધ છે, જાણવાલાયક છે. આદરવાલાયક નથી. સમજાય છે કાંઈ? તેને માટે ૪૬ ગાથા કહે છે.

**વ્યવહાર એ દર્શાવિયો જિનવર તણા ઉપદેશમાં,**
**આ સર્વ અધ્યવસાન આદિ ભાવ જ્યાં જીવ વર્ણવ્યા. ૪૬.**

જ્યાં જ્યાં ભગવાને એને જીવ કહ્યા એ વ્યવહાર દેખાડ્યો છે. વ્યવહાર જાણવાલાયક છે, વ્યવહાર જાણવાલાયક છે, વ્યવહાર આદરવાલાયક નથી. આદરવાલાયક વ્યવહારથી ભિન્ન જે આત્મા તે આદરવાલાયક છે. તેથી વ્યવહાર દેખાડ્યો છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**કારતક વદ ૧, સોમવાર તા. ૨૮-૧૧-૧૯૬૬**
**ગાથા-૪૬, પ્રવચન-૧૧૪**

જીવ-અજીવઅધિકાર ચાલે છે. ૪૫ ગાથા થઈ ગઈ. હવે પૂછે છે કે **જો અધ્યવસાનાદિ ભાવો છે એટલે કે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ જે વિકલ્પ છે એ પુદ્ગલ સ્વભાવો છે એમ આપે કહ્યું... 'તો સર્વજ્ઞના આગમમાં તેમને જીવપણે કેમ કહેવામાં આવ્યા છે?'** વ્યવહાર કહે છે કે છે, નિશ્ચય કહે છે કે નથી. યાદ રાખજો, આ શ્લોકનો અર્થ. પરમાર્થે આત્મા પુણ્ય-પાપના રાગ આસ્રવથી રહિત છે, શરીરથી રહિત છે, કર્મથી રહિત છે. એવો જે આત્મા તેને નિશ્ચયથી આત્મા કહીએ અને તેની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય. એટલે અહીંયાં શિષ્યનો પ્રશ્ન છે કે ત્યારે આપે તો પુણ્ય-પાપના ભાવ થાય એને તો આપે પુદ્ગલસ્વભાવ કીધા, આત્મસ્વભાવ ન કીધા. અને બીજા આગમમાં,... અધ્યાત્મ શાસ્ત્રમાં તો વીતરાગનું વચન તમે કહ્યું કે સર્વજ્ઞ એમ કહે છે, સર્વજ્ઞનું આગમ એમ કહે છે કે એ પુણ્ય-પાપના ભાવ એ આત્મા નહિ. એમ સર્વજ્ઞનું આગમ કહે છે એમ કહીને આપે એ વાતને સિદ્ધ કરી. તો એ પુણ્ય-પાપના ભાવ અધ્યવસાય આદિ પુદ્ગલ સ્વભાવો છે તો સર્વજ્ઞના આગમમાં... તમે કહ્યું કે સર્વજ્ઞના આગમમાં આમ કહ્યું છે, તો અમે કહીએ છીએ કે બીજા સર્વજ્ઞના આગમમાં તેમને જીવપણે કેમ કહેવામાં આવ્યા? પુણ્ય-પાપના ભાવને, શરીરને આદિ જીવપણે કહેવામાં આવ્યા. એ જીવના શરીર છે, એ જીવનું શરીર છે, ફલાણું આમ છે. જીવના કર્મ છે, જીવનો પર્યાપ્ત છે, જીવનો આ છે એમ કહ્યું છે. તમે કહો છો કે નથી.

મુમુક્ષુ :- બધે ના ના ના.

ઉત્તર :- ત્યારે આમાં ખુબી તો એ છે કે વ્યવહારનય કહે છે કે છે અને નિશ્ચય કહે છે કે નથી. આમ બે નયનો વિરોધ છે. છતાં બેનું કથન કરવું વ્યવહારનું એ ન્યાય સંગત છે. એમ અહીં સિદ્ધ કરશે.

જો આત્મા તો.. અહીં અધિકાર જીવ-અજીવનો છે. તો જીવ તો અખંડ આનંદ બેહદ આનંદ જ્ઞાનસ્વરૂપી પ્રભુ આત્મા છે. એની અંતર દૃષ્ટિ કરવી અને એનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. એથી પુણ્ય-પાપના ભાવને પુદ્ગલના (કહ્યા). આ આત્માના સ્વભાવ નહિ એથી પુદ્ગલના સ્વભાવ કહ્યા. તો બીજા આગમમાં, એ જ સર્વજ્ઞના આગમમાં કહેલાં, તેમને જીવપણે કેમ કહેવામાં આવ્યા? એને જીવપણે કેમ કીધા? એમ શિષ્યનો પ્રશ્ન છે. **'તેના ઉત્તરનું ગાથાસૂત્ર કહે છે :-'**

**ववहारस्स दरीसणमुवएसो वण्णिदो जिणवरेहिं।**
**जीवा एदे सव्वे अज्झवसाणादओ भावा।।४६।।**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં વજન છે આટલું. '**ववहारस्स दरीसण**' એટલું. જુઓ હરિગીત.

**વ્યવહાર એ દર્શાવિયો જિનવર તણા ઉપદેશમાં,**
**આ સર્વ અધ્યવસાન આદિ ભાવ જ્યાં જીવ વર્ણવ્યા. ૪૬.**

'**ટીકા :-**' પહેલો અન્વયાર્થ જુઓ! વ્યવહાર દર્શન શબ્દનું વજન છે, હોં! '**આ સર્વ અધ્યવસાનાદિ ભાવો છે તે જીવ છે એવો...**' અન્વયાર્થ. '**જિનવરોએ જે ઉપદેશ વર્ણવ્યો છે...**' જિનવરોએ પુણ્ય-પાપ આદિને જીવ કહ્યા એવો જે ઉપદેશ કહ્યો છે '**તે વ્યવહારનય દર્શાવ્યો છે.**' વજન અહીં છે. એ વ્યવહારનય દર્શાવ્યો છે, દેખાડ્યો છે. વ્યવહારનયનો વિષય છે એમ દેખાડ્યો છે. જિનવરના ઉપદેશમાં વ્યવહારનયનો ઉપદેશ આ વ્યવહારનય છે એમ દેખાડ્યો છે. રાગ વ્યવહારનય. રાગ છે જીવના, પુણ્ય છે જીવના, શરીર છે જીવનું, સમજ્યાને? કર્મ જીવના. એમ જે કહ્યું છે એ ત્યાં વ્યવહાર દેખાડ્યો છે. દેખાડ્યો છે. એ વાતનો વિસ્તાર કરશે હવે.

'**આ બધાય અધ્યવસાનાદિ ભાવો જીવ છે એવું જે ભગવાન સર્વજ્ઞદેવોએ કહ્યું છે...**' સર્વજ્ઞ પરમેશ્વરે પુણ્ય-પાપના ભાવને જીવ કહ્યો છે '**તે, જોકે વ્યવહારનય અભૂતાર્થ છે...**' આ સિદ્ધ કરે છે. જોકે એ પુણ્ય-પાપ જીવના છે એમ કહેવું એ અભૂતાર્થ છે, સાચું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ફરીને કહીએ. વધારે આવશે ને. આ તો હજી શરૂઆત થાય છે ને હજી તો.

'**વ્યવહારનય અભૂતાર્થ છે.**' એ રાગ-દ્વેષને જીવ કહેવો, શરીરને એકેન્દ્રિય જીવ, બે ઈન્દ્રિય જીવ, ત્રણેન્દ્રિય જીવ, ચોઈન્દ્રિય જીવ, દેહ સંજ્ઞાને જીવ કહેવો એ અપરમાર્થ છે. એ છે તો અભૂતાર્થ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ન સમજ્યા? આ આત્માને આ રાગવાળો કહેવો, દ્વેષવાળો કહેવો, શરીરવાળો કહેવો, એકેન્દ્રિય કહેવો, બે ઈન્દ્રિય કહેવો, બાદર કહેવો, સૂક્ષ્મ કહેવો એ બધું કહેવું એ ખરેખર તો અભૂતાર્થ છે. વ્યવહારનયે કથન કર્યું છે એ ખરેખર તો જૂઠું છે.

મુમુક્ષુ :- જૂઠું છે?

ઉત્તર :- હા.

મુમુક્ષુ :- ભગવાનની ભાષાને જૂઠી?

ઉત્તર :- એ કહે છે. ભાષા હોય છે, વચ્ચે આવે છે એટલે સમજાવે છે. એ દ્વારા આ ઔદારિક જીવનું, વૈક્રિયક જીવને હોય, દેવને ત્રણ શરીર હોય, નારકી, મનુષ્યને આ હોય.. આ હોય.. એમ કહીને એ શરીર એના નથી પણ એ આત્મા છે એમ બતાવવો છે.

મુમુક્ષુ :- ભગવાનની દિવ્યધ્વનિ છે એ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- દિવ્યધ્વનિ એ જડ છે. એ પણ અભૂતાર્થ છે ખરેખર, આ આત્મા માટે તો અભૂતાર્થ છે. એનાથી કાંઈ થાતું નથી. સમજાય છે કાંઈ?

આત્માને રાગવાળો કહેવો, દ્વેષવાળો કહેવો, શરીરવાળો કહેવો, પર્યાપ્તિ કહેવો, ઔદારિક શરીર જીવને છે એમ કહેવું, વૈક્રિયક જીવને છે એમ કહેવું, આ નારકીનો જીવ છે એમ કહેવું, આ મનુષ્યનો જીવ છે એમ કહેવું એ ખરેખર તો અભૂતાર્થ છે. ખરેખર તો જૂઠું છે. તોપણ...

મુમુક્ષુ :- જૂઠું છે એમ કહો છો.

ઉત્તર :- એ અભૂતાર્થ કહો કે જૂઠું કહો. અભૂતાર્થ-અસત્ય, અસત્ય. અ નામ નહિ, ભૂત નામ છતું. સાચું નહિ, એ સાચું નહિ. એનો અર્થ જ એ છે.

મુમુક્ષુ :- અભૂતાર્થ કહો ત્યાં સુધી વાંધો નહિ. જૂઠું કહો છો એ...

ઉત્તર :- આ અમારે પંડિતજી રહ્યા. અભૂતાર્થ કહો કે અસત્યાર્થ કહો એમાં ફેર શું છે? અસત્યાર્થ કહો કે જૂઠું કહો. અસત્યાર્થ-જૂઠું. એ જૂઠું છે. અસત્યાર્થ છે, અભૂતાર્થ છે એનો અર્થ જૂઠું છે.

મુમુક્ષુ :- એનો અર્થ કે જીવને ઈન્દ્રિય જ ન હોય એવું થયું.

ઉત્તર :- ઈન્દ્રિય છે જ નહિ. ખરેખર એકેન્દ્રિય જીવ છે જ નહિ. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય (જીવ છે જ નહિ). આહાહા..!

મુમુક્ષુ :- શરીર પણ નથી અને..

ઉત્તર :- શરીર-ફરીર કેવા? રાગ પણ નથી ને પ્રશ્ન કેવો? રાગ નથી અને રાગવાળો કહેવો એ અસત્યાર્થથી પણ જણાવવો પડે. કારણ કે એને પર્યાયમાં એ દ્વારા જીવને ઓળખાવવો છે. સમજાય છે? કે આ રાગ થાય છે તે જીવમાં એટલે કે જીવમાં રાગ નથી. સમજાણું કાંઈ? એ વાત એવી છે. મનુષ્ય તે જીવ. લ્યો! મનુષ્ય જીવ છે? આ તો શરીર છે. દેહની સંજ્ઞાને જીવનું નામ આપ્યું. આવે છે ને દેહની સંજ્ઞા? નથી આવતું? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. આમાં આમાં હતું. આમાં આવે છે, છેલ્લી ગાથા નહિ? જુઓ ૬૭. **'બાદર, સૂક્ષ્મ, એકેન્દ્રિય,...'** ૬૭ ગાથા ૬૭.

**पज्जत्तापज्जत्ता जे सुहुमा बादरा य जे चेव।**
**देहस्स जीवसण्णा सुत्ते ववहारदो उत्ता।।६७।।**

એ તો શાસ્ત્રએ તો એક એક વાત બહુ સ્પષ્ટ કરી નાખી છે. જુઓ ટીકા. **'બાદર, સૂક્ષ્મ, એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરન્દ્રિય, પંચેન્દ્રિય, પર્યાપ્ત, અપર્યાપ્ત-એ દેહની સંજ્ઞાઓને (નામોને) સૂત્રોમાં જીવસંજ્ઞાપણે કહી છે, તે, પરની પ્રસિદ્ધિને લીધે,...'** એ ખરેખર જીવ છે નહિ. ૬૭ ગાથા. સમજાણું કાંઈ? વાત જ વ્યવહાર જે કહે છે કે છે. નિશ્ચય કહે છે કે નથી.

મુમુક્ષુ :- બેય સાચા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- બેય સાચા શેના થાય? વ્યવહાર તરીકે વ્યવહાર છે એટલો વિષય બરાબર છે પણ એ આત્મા છે એમ નહિ. સમજાણું કાંઈ? જાણવાલાયક છે. કારણ કે એ દ્વારા કહેવાય છે કે જો આ જીવ... આ જીવ... આ જીવ. કીધું ને? બાદર તે જીવ, સૂક્ષ્મ તે જીવ, એકેન્દ્રિય જીવ એ બધી દેહની સંજ્ઞા છે. એ દ્વારા જણાવવો છે જીવ. જીવ, આ જીવ. એકેન્દ્રિય તે જીવ એટલે કે એકેન્દ્રિય જીવ નહિ. જીવ ભિન્ન. કીધું ને ઓલા ઘડાનો દાખલો નથી આપ્યો એમાં? એ ઘડાનો આપ્યો છે ને, જુઓને!

જુઓ! '**ઘીનો ઘડો છે તે માટીમય છે, ઘીમય નથી...**' ઘીનો ઘડો છે. કહેવું છે એ કે ઘીનો ઘડો છે તે માટીમય છે. જુઓ! ભાષા તરત એ લીધી છે. 'ઘીનો ઘડો છે.' ઘીનો ઘડો બસ એટલું. '**છે તે માટીમય છે. ઘી મય નથી એમ (સમજાવનાર વડે) ઘડામાં ઘીના ઘડાનો વ્યવહાર કરવામાં આવે છે,...**' બહુ સ્પષ્ટ કર્યું છે. આચાર્ય 'અમૃતચંદ્રાચાર્યે' ટીકા તો ઘણી સ્પષ્ટ કરી. કહે છે, ભાઈ! ભગવાન સર્વજ્ઞદેવે આત્માને રાગવાળો વ્યવહારનયે દર્શાવ્યો છે. જિનવરના ઉપદેશના વર્ણનમાં, એમ શબ્દ છે, જિનવરના ઉપદેશના વર્ણનમાં એને વ્યવહાર દેખાડ્યો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઉપદેશને વર્ણવ્યો એ ઉપર આપ બહુ વજન દો છો.

ઉત્તર :- એ વજન આમ ગુલાંટ છે. ઉપદેશ વર્ણવ્યો જિનવરે વ્યવહાર દેખાડ્યો છે, એમ કરીને. જુઓ! પાઠ પણ એમ છે ને. જિનવરોએ ઉપદેશ વર્ણવ્યો. પહેલો અર્થ પણ એમ કર્યો છે. એય..! તે વ્યવહારનય દર્શાવ્યો છે. એમ બે કટકા જુદા પાડ્યા છે. '**ववहारस्स दरीसणमुवएसो वण्णिदो जिणवरेहिं**' વ્યવહાર દેખાડ્યો છે. એટલે...

મુમુક્ષુ :- .. ઉપદેશ જ આપે ને.

ઉત્તર :- ઉપદેશ આપે એટલે એને બતાવે છે કે જો આ મનુષ્ય તે આત્મા. એટલે કે એ નહિ, એમ. મનુષ્ય તે આત્મા એટલે કે મનુષ્ય તે આત્મા નહિ. એમ કરીને વ્યવહાર એને ઓલા આત્માને બતાવે છે. જો લક્ષ એનું જાય. અનુસરવા લાયક નથી વ્યવહારનય, પણ આવ્યા વિના રહેતી નથી. એ દ્વારા સમજાવ્યા વિના બીજો ઉપાય નથી. બીજો ઉપાય નથી. એ તો ખાલી ઘડાને જોયો નથી કોઈ દિ'. એટલે એને ઘીના સંબંધે ઘીનો ઘડો. બસ. છે તે માટીમય છે. વ્યવહારથી કીધું તો એ એમ નથી. આ છે. એમ દેહ તે આત્મા, બાદર તે આત્મા, એકેન્દ્રિય તે આત્મા, એકેન્દ્રિય તે આત્મા એટલે કે એકેન્દ્રિય તે આત્મા એટલે એકેન્દ્રિય તે આત્મા નથી પણ આત્મા તે આત્મા છે. એવી વ્યવહારની કથની એવી છે ને શાસ્ત્રમાં. સમજાય છે? તેથી આમાંથી અર્થ કાઢે છે. જુઓ! પણ આ વ્યવહાર અભૂતાર્થ છે. અ-ભૂ. છતો અ (એટલે કે) સાચો નથી. તોપણ વ્યવહારને પણ દર્શાવ્યો છે. વજન અહીં છે. વ્યવહાર દેખાડ્યો છે વિષય. આ દેહથી ઓળખાવવો છે, પર્યાપ્તિથી ઓળખાવવો છે, રાગથી ઓળખાવવો છે. એવું એક કથન છે એને જાણવું જોઈએ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**કારણ કે જેમ મ્લેચ્છભાષા મ્લેચ્છોને વસ્તુસ્વરૂપ જણાવે છે...**' ભાષા, હોં! મ્લેચ્છભાષા. આઠમી ગાથા લીધી. આઠમી ગાથા.

**जह ण वि सक्कमणज्जो अणज्जभासं विणा दु गाहेदुं।**
**तह ववहारेण विणा परमत्थुवदेसणमसक्कं।।८।।**

'**મ્લેચ્છભાષા મ્લેચ્છોને...**' મ્લેચ્છોને '**વસ્તુસ્વરૂપ જણાવે છે...**' જણાવે છે એનો અર્થ કે આદરણીય છે એમ નથી. એ એને જણાવે છે કે જો ભાઈ સ્વસ્તિ. ઓલો સમજે નહિ. એનો અર્થ સમજાવે છે, તારું અવિનાશી કલ્યાણ હો. એનો અર્થ એ. ત્યારે ઓલો સમજે કે એ બરાબર. અહીંયાં મ્લેચ્છોને મ્લેચ્છોને મ્લેચ્છભાષા વસ્તુસ્વરૂપ જણાવે છે. '**તેમ વ્યવહારનય વ્યવહારી જીવોને...**' ભાષા. '**તેમ વ્યવહારનય...**' જેમ મ્લેચ્છભાષા તેમ વ્યવહારનય. '**મ્લેચ્છોને...**' એમ '**વ્યવહારી જીવોને પરમાર્થનો કહેનાર છે...**' એને બતાવે છે કે જો ભાઈ, આ રાગ કરે છે તે જીવ. એટલે કે એ જીવ રાગવાળો તે નહિ.

મુમુક્ષુ :- એનો અર્થ એમ થાય કે રાગ અને જીવ બે જુદા.

ઉત્તર :- જુદા છે.

મુમુક્ષુ :- એ ... અને માનવા બે.

ઉત્તર :- બે. આસ્રવ તે જીવમાં. એ જીવમાં નહિ. વ્યવહાર કહે કે આસ્રવ તે જીવ. નિશ્ચય કહે કે આસ્રવ તે જીવ નહિ. આની હા અને ઓલાની ના. ઓળખાવવા માટે કથન છે. આદરણીય નથી. એટલું ઓળખાવવાનું ન હોય તો દેહ અને આત્માનો નિમિત્ત-નિમિત્ત સંબંધ છે એ પણ ન રહે. એ કહેશે હમણાં. સમજાણું કાંઈ? જેમ શરીરને ચોળી નાખતા કાંઈ ન થાય. તો એને કાંઈ એમ નથી થતું. એને તો જીવને મારું છું એમ થાય છે. જીવને મારું છું એમ થાય છે. એટલે કે જીવને અને દેહને સંબંધ છે ને. એટલો વ્યવહાર છે એમ જીવને મારું છું એમ થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શરીરને મારું એમ નથી થાતું.

ઉત્તર :- શરીરને મારું એમ થાય છે એને? શરીરને મારી નાખું એમ થાય છે? સમજાણું કાંઈ? એટલે વ્યવહાર બોલાવ્યા જાણવામાં આવે છે એને. આ શરીર તે. જુઓ, આ એકેન્દ્રિય જીવને મારું છું. આ માણસના જીવને મારું, આના જીવને મારું, આ મારો વેરી છે ને એ જીવને મારું. .. એ જીવને મારું. એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ઓલો જીવ સમજાવા માટેની વાત.

મ્લેચ્છભાષા મ્લેચ્છોને વસ્તુસ્વરૂપ જણાવે છે તેમ વ્યવહારનય મ્લેચ્છભાષાને સ્થાને અને વ્યવહારી જીવોને મ્લેચ્છોને સ્થાને પરમાર્થનો કહેનાર છે. એને જણાવે છે કે જો ભાઈ! આ રાગ તે જીવ છે. જીવને. તો એ રાગને અનુસરવું નહિ, હોં! નિશ્ચયથી. રાગ તે જીવ નહિ. આ રાગ રાગ જીવનો નહિ. ઓલો રાગ(ને) કહે જીવ. નિશ્ચય કહે રાગ તે જીવ નહિ. જીવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તે આનંદકંદ છે. એ અર્થ એમાંથી કાઢવો. સમજાણું કાંઈ? 'ટોડરમલે' લખ્યું નથી સાતમા અધ્યયનમાં? શરીરાદિથી ઓળખાવ્યો એને. પણ એને માની ન લેવો.

મુમુક્ષુ :- એમ માને તો મિથ્યાત્વ..

ઉત્તર :- મિથ્યાત્વ છે. ઓળખાવ્યો છે એને. છે ને? સાતમા અધ્યયનમાં છે. એ બધી વાત એણે લીધી. ૨૫૬, ૫૭.

મુમુક્ષુ :- ૨૫૬ પાને શરૂ થાય છે અને ૫૭ પાને પૂરું થાય છે.

ઉત્તર :- પૂરું થાય છે. ૨૫૬ .. જુઓ.

'**નિશ્ચયથી તો આત્મા પરદ્રવ્યથી ભિન્ન અને સ્વભાવોથી અભિન્ન સ્વયંસિદ્ધ વસ્તુ છે; તેને જે ન ઓળખતો હોય તેને એમ જ કહ્યા કરીએ તો તે સમજે નહિ ત્યારે તેને સમજાવવા વ્યવહારનયથી શરીરાદિક પરદ્રવ્યોની સાપેક્ષતા વડે નર, નારકી, પૃથ્વીકાયાદિરૂપ જીવના ભેદ કર્યા, એટલે મનુષ્ય જીવ છે, નારકી જીવ છે ઈત્યાદિ પ્રકારસહિત તેને જીવની ઓળખાણ થઈ.**' પણ એમ પાછું કીધું કે એને માની ન લેવો. જીવ પુદ્‌ગલના સંયોગરૂપ છે. ત્યાં નિશ્ચયથી જીવદ્રવ્ય ભિન્ન છે તેને જીવ માનવો. જીવના સંયોગથી શરીરાદિને પણ ઉપચારથી જીવ કહ્યો પણ એ કહેવામાત્ર છે. પરમાર્થે શરીરાદિ કાંઈ જીવ થતા નથી. બહુ આનો જ ખુલાસો કર્યો છે. બહુ ખુલાસો. આમાં 'ટોડરમલે' ઘણા શાસ્ત્રોનું દોહન (મૂક્યું છે). લોકો ઊંધા અર્થમાં લઈ જાય. વ્યવહારનયનો વિષય નથી? જો વિષય ન હોય તો નય જ નથી. નય છે એ વિષયી છે. તો એનો વિષય છે. પણ એ કહે છે એવું વસ્તુનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અન્યથા કહે છે?

ઉત્તર :- અન્યથા કહે છે, બીજી રીતે કહે છે.

જુઓ! '**વ્યવહારનય વ્યવહારી જીવોને પરમાર્થનો કહેનાર છે તેથી, અપરમાર્થભૂત હોવા છતાં પણ,...**' બે વાત લીધી. ઓલામાં લીધું હતું કે વ્યવહારનય અભૂતાર્થ છે તોપણ. વ્યવહારનય દર્શાવ્યો છે. અહીં કહે છે કે એ અપરમાર્થભૂત હોવા છતાં પણ '**ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે...**' અહીં જુઓ વજન છે. એટલે કે જે ગુણસ્થાન ભેદ છે એ ભેદ છે એ વ્યવહારનયનો વિષય છે. ગુણસ્થાન ભેદ, માર્ગણાસ્થાન ભેદ એ બધો વ્યવહારનો (વિષય છે). ધર્મતીર્થ એટલે આ ચોથું છે, આ પાંચમું છે, આ છઠ્ઠું છે એ બધો વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ? ભેદ કરવો એ ધર્મતીર્થની પર્યાય છે. જો વ્યવહારનય ન હોય તો એનો ભેદરૂપ ગુણસ્થાન ચોથું, પાંચમું, છઠ્ઠું એ હોઈ શકે નહિ. માટે ધર્મતીર્થની પ્રવૃત્તિ એટલે એ ધર્મતીર્થની જે પરિણતિ છે એને બતાવે છે વ્યવહારનય કે આ ચોથું છે, આ પાંચમું છે, આ છઠ્ઠું છે, આ રાગ છે, અહીં મંદ રાગ છે, અહીં તીવ્ર રાગ છે. સમજાણું? એનો અર્થ એવો નથી કે વ્યવહારનયથી ધર્મતીર્થની પ્રવૃત્તિ થાય, પરિણતિ શુદ્ધ થાય છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એમ નથી અહીંયાં. એ ધર્મનું તત્ત્વ જે અખંડ અભેદ છે એનો આશ્રય લઈને જે ભેદ ઉત્પન્ન થયો એ ભેદને વ્યવહારનય જણાવે છે કે છે ભેદ.. છે ભેદ. આદરણીય નથી.

મુમુક્ષુ :- .. પ્રવૃત્તિ તો થાય ને.

ઉત્તર :- પ્રવૃત્તિ એટલે? પરિણતિ છે એને જણાવે છે. વ્યવહારનયથી થાય છે એમ નહિ. પરિણતિ ચોથું, પાંચમું, છઠ્ઠું ભૂમિકા એ ઊપજે છે તો દ્રવ્યને આશ્રયે, પણ એ ભેદ છે એને જણાવવું કે આ ચોથું છે, આ પાંચમું છે, આ શ્રાવક છે, આ સાધુ છે એ પર્યાયના ભેદથી જણાવવું એ ધર્મની પ્રવૃત્તિ એનું નામ જ વ્યવહારનય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જણાવવું એનું નામ..

ઉત્તર :- જણાવવું એનું નામ વ્યવહારનય. દેખાડ્યું છે એમ કીધું અહીં, દેખાડ્યો છે. દેખાડ્યો છે કે છે વ્યવહાર. જુઓ! આ ચોથું ગુણસ્થાન કહેવાય. એને આ છ લેશ્યા હોય. આ પાંચમું કહેવાય એને ત્રણ લેશ્યા હોય, છઠ્ઠું કહેવાય એને કષાયની મંદતા અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ હોય, આવો વ્યવહાર બરાબર દેખાડ્યો છે એ જાણવાલાયક છે. જાણવાલાયક છે, આદરવાલાયક નથી. સમજાણું કાંઈ? આમાં જ વાંધા ઉઠે ને, ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે. દર્શાવવો એમ કીધું છે. દેખાડવો. જો વ્યવહારનય ન જ હોય તો ગુણસ્થાન ભેદ ગુણસ્થાન પર્યાય એ પર્યાય જ નથી એમ થયું. પર્યાય નહિ, ગતિ નહિ, રાગ વિકલ્પ ઉઠે છે ને અંદર એ પણ નહિ, પંચ મહાવ્રતના પરિણામ ઉઠે એ પણ નહિ.

મુમુક્ષુ :- કાંઈ નથી. જ્ઞાનના ભેદે ક્યાં...

ઉત્તર :- પાંચ જ્ઞાન ભેદ પાડો અથવા આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત થાય એ ભેદ છે એ વ્યવહાર છે. પ્રાપ્ત થાય તો આત્માને પ્રાપ્ત થાય પણ ઓલા ત્રણ ભેદ કહ્યા એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? એ આઠમી ગાથામાં કહ્યું. દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય એ ભેદ છે. ભેદ છે એ વ્યવહાર છે. વ્યવહાર એટલે એ ભેદ છે એ વ્યવહાર છે. ભેદ ન દેખાડે તો ભેદપણું ઊભું થાય છે એ ક્યાં જાય? સમજાણું? ચોથા ગુણસ્થાનમાં, પાંચમામાં, છઠ્ઠામાં એ આવ્યો છે અને એની પર્યાયમાં ભેદ છે. કેવળજ્ઞાન છે એ પણ સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. અંશ છે માટે. હવે દેખાડવો ન જોઈએ એને? એથી કાંઈ દેખાડ્યો એટલે કેવળજ્ઞાન વ્યવહારનયથી પ્રગટ્યું છે? કેવળજ્ઞાન પર્યાય છે એ વ્યવહાર છે, ત્રિકાળી વસ્તુ નથી. આશ્રય કરવાલાયક નથી.

મુમુક્ષુ :- છે તો ખરું ને પણ?

ઉત્તર :- છે. પણ જેને નય છે એને કેવળજ્ઞાન નથી. એને કેવળજ્ઞાન આવું હોય એમ જણાવે છે. અને એ કેવળજ્ઞાન વ્યવહારનો વિષય છે. જેને કેવળજ્ઞાન છે એને નય નથી. કેવળજ્ઞાનને નય કેવી? એ તો પૂર્ણ થઈ ગયા. પણ નીચલો જીવ જ્યારે કેવળજ્ઞાન પર્યાય છે એ વ્યવહારનયનો વિષય ત્રિકાળના અભેદનો એક ભેદ છે એમ નીચલાવાળાએ જાણવું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જોઈએ. એટલે વ્યવહારનય એને આશ્રય કરવાલાયક નથી. પણ વ્યવહારનય છે ખરો. કહો, સમજાણું આમાં? વાંધા જ આ ઉઠ્યાને. કીધું છે ને? નિશ્ચય અને વ્યવહારનયે જગત ભરમાયો હૈ. 'બનારસીદાસે' કહ્યું. વ્યવહાર અને નિશ્ચયના કથનો છે. નિશ્ચય તે સત્યને કહે છે, વ્યવહાર તે અભૂતાર્થને કહે છે. અને અભૂતાર્થ પણ એ પર્યાય છે. પર્યાય તરીકે ભૂતાર્થ છે પણ આશ્રય તરીકે ભૂતાર્થ નથી, આશ્રય કરવા લાયક નથી. આહાહા..!

મુમુક્ષુ :- તીર્થ પ્રવૃત્તિ કરવા માટે.

ઉત્તર :- પ્રવર્તવા માટે એટલે ધર્મની પ્રવૃત્તિ છે તેને ઓળખાવી છે. ભેદરૂપ ભાવ છે, પ્રવૃત્તિ થાય છે, પર્યાયમાં રાગની મંદતા આદિમાં તેને ઓળખાવ્યું છે કે આ છે. પણ એ આશ્રય કરવાલાયક નથી. એ નિશ્ચય વસ્તુમાં છે નહિ. વ્યવહાર કહે છે કે છે, નિશ્ચય કહે છે કે નથી.

મુમુક્ષુ :- બેય ખોટા?

ઉત્તર :- એક સાચો અને એક છે તે જાણવાલાયક છે. સમજાણું કાંઈ?

આમાં જ વાંધા ઉઠ્યા ને. તીર્થની પ્રવૃત્તિ કરવા માટે. વ્યવહારનયથી તીર્થની પ્રવૃત્તિ થાય છે. સમ્યગ્દર્શન થાય છે તે વ્યવહારનયથી થાય છે? એ તો નિશ્ચયનય જ્ઞાયક સ્વરૂપના આશ્રયે થાય છે. '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય. પણ તે સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, ચારિત્ર થયું એ પોતે વ્યવહાર છે. ભેદ પડ્યા ને. જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં ભેદ પડ્યો એ બધો વ્યવહાર છે. સમજાણું કાંઈ? ભારે કઠણ જગતને.

'**અપરમાર્થભૂત હોવા છતાં પણ,...**' જુઓ! સાચો પરમાર્થ નથી છતાં '**ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે...**' એટલે કે વર્તમાન પર્યાય ચોથાની આ છે ત્યાં ત્રણ કષાયનો રાગ છે, પાંચમે આટલો શુદ્ધ છે, ત્યાં બે કષાયનો રાગ છે, છઠ્ઠે ત્રણ કષાયનો અભાવ છે, એક કષાયનો રાગ છે એ પર્યાય બરાબર બતાવવી છે. એ ધર્મતીર્થની પરિણતિ આવી છે એને બતાવવી છે. ગુણસ્થાન ભેદ બતાવવા એ વ્યવહારનય છે. ગુણસ્થાન ભેદ જ ખરેખર અપરમાર્થભૂત છે. લ્યો! સમજાણું કાંઈ?

'**(વ્યવહારનય) દર્શાવવો ન્યાયસંગત જ છે.**' એમ કીધું છે. આદરવો ન્યાયસંગત એમ નથી કીધું. શશીભાઈ! દર્શાવવો. અહીં પાઠ ઈ છે ને. '**ववहारस्स दरीसण**' દેખાડવો ન્યાયસંગત છે. ન દેખાડે તો એ પર્યાયનો અભાવ થઈ જાય છે, ભેદનો અભાવ થઈ જાય. ભેદ છે. સમજાણું કાંઈ? ૪૬મી બરાબર એવી આવી છે. '**પરંતુ જો વ્યવહાર ન દર્શાવવામાં આવે તો,...**' જુઓ! '**પરમાર્થે (-પરમાર્થનયે) શરીરથી જીવ ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી,...**' ખરેખર તો પરમાર્થથી, શરીરથી જુદો જીવ દેખાડવામાં આવતો હોવાથી '**જેમ ભસ્મને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે...**' ભસ્મ એ અચેતન છે. અચેતનને આમ કરવું એમાં દુઃખ છે એને કાંઈ? અને આના ભાવમાં એમ છે કે હું આ જીવને મારું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છું? એ તો શરીરને મસળું છું એમ છે. પણ આ તો જીવને દુઃખ થાય છે. શરીરને અને જીવને સંબંધ છે ને. એને આમ જીવ સંબંધ લક્ષમાં રાખીને આ જીવને દુઃખ આપું છું એમ ભાવ છે. એ વ્યવહારનયનો વિષય થઈ ગયો.

'**જેમ ભસ્મને મસળી નાખવામાં હિંસાનો અભાવ છે તેમ, ત્રસ સ્થાવર જીવોનું નિઃશંકપણે મર્દન (ઘાત) કરવામાં પણ હિંસાનો અભાવ ઠરશે...**' ત્રસ સ્થાવર જીવો છે, જીવ છે. ત્રસ સ્થાવર ત્રસ સ્થાવર જીવ નથી. પણ ત્રસ સ્થાવરમાં રહેલો જીવ છે. તો એ ત્રસ સ્થાવરના ઓલા જીવને દુઃખ દેવાનો એને ભાવ થાય છે. એમ ત્રસ સ્થાવર શરીરને અને જીવને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. ત્રસ સ્થાવર પોતે જીવ નથી. જીવ તો ત્રસ સ્થાવરમાં રહેલો ઓલો જીવ (છે), પણ એને સંબંધ છે ને નિમિત્ત નૈમિત્તિકનો? એટલો વ્યવહાર છે. તો જીવને મારી નાખું, આ એકેન્દ્રિયને મારું એવો એને ભાવ થાય. તો એનો અર્થ શું થયો? પંચેન્દ્રિય મારવાનો ભાવ થાય. તો ઓલા આત્માને મારું. એટલો શરીર અને જીવને સંબંધ છે. એટલો સંબંધ વ્યવહારનયના લક્ષમાં આવે છે. નહિતર તો ભસ્મને ચોળી નાખું છું. રાખમાં જીવ નથી. ચોળી નાખું. ચોળી શકાય છે કે નહિ એ પ્રશ્ન અત્યારે નથી. પરની ક્રિયા કરી શકાય એ અહીં પ્રશ્ન નથી. પણ ભસ્મમાં જેમ જીવ નથી. એમ એકેન્દ્રિય, ત્રણેન્દ્રિયમાં જીવ નથી એમ નથી. એકેન્દ્રિય જીવ નથી પણ એમાં રહેલો જીવ છે. એને મારી નાખવામાં જેમ હિંસા ભસ્મમાં નથી, એમ એકેન્દ્રિયને મારી નાખવાના પરિણામમાં પણ એને હિંસાનો ભાવ થાય નહિ. હિંસા સિદ્ધ થતી નથી અને ઓલું મરવું નિમિત્ત નૈમિત્તિક સંબંધ સિદ્ધ થતો નથી. '**ત્રસસ્થાવર જીવોનું નિઃશંકપણે મર્દન (ઘાત) કરવામાં પણ હિંસાનો અભાવ ઠરશે...**' એક વાત.

બીજી. '**અને તેથી બંધનો જ અભાવ ઠરશે;...**' કારણ કે વિકારી ભાવ આને મારું એવો જીવનો સંબંધ જ કાંઈ નિમિત્ત ન હોય, વિકાર નથી, ત્યાં જીવ નથી એટલે ભસ્મને ચોળી નાખવા જેવું (થાય). કારણ કે વિકાર નથી તો વિકારથી બંધ થાય એ પણ રહેતું નથી. વિકાર એ વ્યવહાર છે. વ્યવહારથી બંધ થાય એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? એક વાત શરીરની લીધી. એકલો શરીરને .. છે? રાગસહિત છે એવો વ્યવહાર છે. તો રાગરહિત કરવાનો પણ વ્યવહાર છે. મોક્ષ પણ વ્યવહાર છે. મોક્ષનો ઉપાય ત્રિકાળની અપેક્ષાએ વ્યવહાર છે. આહાહા..! મોક્ષનો માર્ગ નિર્વિકલ્પ લિંગ છે ને મોક્ષનો માર્ગ? એ ખરેખર વ્યવહારનયનો વિષય છે. અભેદથી ભેદ પડ્યોને એટલો? એ 'પરમાત્મપ્રકાશ'માં આવી ગયું છે. સમજાય? 'પરમાત્મપ્રકાશ'માં (આવે છે), નિર્વિકલ્પ જે ભાવ આત્માનો. નિર્વિકલ્પ લિંગ. સમ્યગ્દર્શન-જ્ઞાન વીતરાગી પર્યાય આત્માની જે મોક્ષનો માર્ગ એ પણ વ્યવહારનયનો વિષય છે. કેમકે અંશ પડ્યો એ, પર્યાય પડી. છે ખરો પણ ત્રિકાળ નહિ. નિશ્ચય દ્રવ્ય છે તે ત્રિકાળ છે. સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ..

ઉત્તર :- જૂઠાનો અર્થ ત્રિકાળની અપેક્ષાએ જૂઠો. ત્રિકાળ એ નથી. વર્તમાનની અપેક્ષાએ છે. વસ્તુ છે. એ અપેક્ષાએ સાચું છે. એ અપેક્ષાએ સાચું છે. ત્રિકાળીની અપેક્ષાએ જૂઠું છે. ત્રિકાળ એ છે જ નહિ. ત્રિકાળી નથી માટે જૂઠું છે. ત્રિકાળી નથી માટે જૂઠું છે. વર્તમાન અપેક્ષાએ સાચું છે એટલું છે, એટલું સાચું છે.

મુમુક્ષુ :- એકને ને એકને સાચું અને એને ને એને જૂઠું કહેવું?

ઉત્તર :- એને ને એને સાચું અને એને ને એને જૂઠું. ત્યારે નય કહેવાય ને. સમજાણું?

અહીં એ જ કીધું છે, જુઓને! '**રાગી દ્વેષી, મોહી જીવ કર્મથી બંધાય છે...**' એ વ્યવહાર છે. એવું ન હોય, વ્યવહાર જો ન હોય તો '**તેને છોડાવવો-એમ મોક્ષના ઉપાયના ગ્રહણનો અભાવ થશે અને તેથી મોક્ષનો જ અભાવ થશે. (આમ જો વ્યવહારનય ન દર્શાવવામાં આવે તો બંધમોક્ષનો અભાવ ઠરે છે.)**' પર્યાય છે કે નહિ? બંધની પણ વિકારી પર્યાય વ્યવહાર છે. અભાવ થવો એ પણ એક પર્યાય વ્યવહાર છે. વ્યવહાર તરીકે વ્યવહાર છે. સમજાણું કાંઈ? નિશ્ચય તરીકે એ વ્યવહાર નથી. વ્યવહાર તરીકે વ્યવહાર નથી? વ્યવહાર છે એમ કહે, નિશ્ચય કહે નથી એમ કહે. ગુણસ્થાનના ભેદ પાડવા એ વ્યવહાર છે, લ્યો! ગતિ, નારકી ગતિ, મનુષ્ય ગતિ એ બધો વ્યવહાર છે લ્યો! એ ગતિપણાને ઓળખાવીને જીવ ઓળખાવવો છે. એ માટે વ્યવહાર બસ દેખાડ્યો છે. વ્યવહારમાં ઊભા રાખવા, ભેદમાં રાખવા, શરીર સહિતમાં રાખવા, રાગમાં રાખવા રાખ્યો નથી. રાગ છે પણ સ્વરૂપમાં નથી માટે સ્વરૂપનો આશ્રય કરી અને રાગ છૂટે, એ છૂટે એ પણ વ્યવહાર થઈ ગયો. પર્યાય થઈ ગઈને? પર્યાય થઈ ને. છૂટ્યો હતો અને છૂટ્યો એ વ્યવહાર થઈ ગયો.

મુમુક્ષુ :- છૂટે છે જ ક્યાં?

ઉત્તર :- એ છૂટ્યો એટલે નથી થતો એ પણ વ્યવહાર થઈ ગયો ને? રાગ હતો ને ઉત્પન્ન થતો અને હવે ઉત્પન્ન થતો નથી. એ વ્યવહાર થઈ ગયો. અભેદ વસ્તુમાં ઉત્પન્ન થવું પણ નથી અને વ્યય થવું નથી. ઉત્પાદ-વ્યય બે ધ્રુવમાં છે જ નહિ. તેથી 'પરમાત્મપ્રકાશ'માં લીધું કે ઉત્પાદ-વ્યય તે ખરું જીવનું સ્વરૂપ નથી. એમ લીધું છે ૪૩ ગાથા. 'પરમાત્મપ્રકાશ' સમજાણું? છે કે નહિ અહીં? લાવો તો ખરા. આપણે વંચાઈ ગયું છે આખું. આખું 'પરમાત્મપ્રકાશ' ટેપ રેકોર્ડિંગમાં ઉતાર્યું છે. કોઈ બહાર કાઢનાર (નથી), લખનાર બરાબર નથી. ઓલા પાટનીજી કહેતા હતા કે કોઈ લખનાર છે? આ ધીરૂભાઈનું વાંચ્યું ને, તો ધીરૂભાઈ ઉતાવળા, લખે ખરા પણ એને એ જાતનો અભ્યાસ નહિ. એને ભાવ હતો પાટનીજીને. મોહનલાલ પાટની. આ વ્યાખ્યાન લખ્યું તે. આ વ્યાખ્યાનો છે એ લખી લેવા જોઈએ તરત, એમ કહેતા હતા. ધીરૂભાઈ છે કે નહિ? એ ધીરૂભાઈને ગાયન બોલાવ્યું હતું ને તો એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે આ હોશિયાર માણસ છે અને ..

મુમુક્ષુ :- મોહનલાલ પાટની ઘણા વર્ષથી કહે છે.

ઉત્તર :- ઘણા વર્ષથી કહે છે.

૪૩ છે ને ૪૩. '..**ઉત્પાદ-વ્યયકર સહિત હૈ, તો ભી દ્રવ્યાર્થિકનયકર ઉત્પાદવ્યયરહિત હૈ.**' નહિ, એ બીજામાં ૪૩. બીજામાં ૪૩ છે ને પાછું? વધારે ત્યાં છે. '**પર્યાયાર્થિકનયસે ઉત્પાદ વ્યય ધ્રૌવ્યકર સહિત હૈ,...**' ત્રણ ભેદ પડ્યા. '**તો ભી દ્રવ્યાર્થિનયકર ટંકોત્કીર્ણ જ્ઞાન કે અખંડ સ્વભાવસે ધ્રુવ હી હૈ.**' ધ્રુવ હી હૈ. સમજ્યા? લ્યો! ધ્રુવ જ એનું સ્વરૂપ છે એમ કીધું અહીં તો. .. ઉત્પાદ-વ્યય રહિત ટંકોત્કીર્ણ અખંડ સ્વભાવસે ધ્રુવ હી હૈ. એ વસ્તુ છે. ૪૩. '**પર્યાયાર્થિકનયસે ઉત્પાદ વ્યય ધ્રૌવ્યકર સહિત હૈ, તો ભી દ્રવ્યાર્થિનયકર ટંકોત્કીર્ણ જ્ઞાન કે અખંડ સ્વભાવસે ધ્રુવ હી હૈ.**' ઉત્પાદ આદિસે રહિત હૈ એમ લઈ લેવું. સમજાણું?

મુમુક્ષુ :- ઉત્પાદ-વ્યય બેયથી રહિત.

ઉત્તર :- હા. '**द्रव्यार्थिकनयेन नित्यटंकोत्कीर्णज्ञायकैकस्वभावं निजशुद्धात्मद्रव्यं**'.

ભગવાન એકરૂપ ધ્રુવ એ જ નિશ્ચયનો વિષય છે. ઉત્પાદ-વ્યય તો વ્યવહારનયનો વિષય છે. છે ખરો પણ આશ્રય કરવાલાયક નથી એટલે વ્યવહારનય. કારણ કે એનો પર્યાયાર્થિકનય જ વ્યવહાર છે. દ્રવ્યાર્થિકનય નિશ્ચય છે. પર્યાય છે પણ ત્રિકાળની અપેક્ષાએ તેને અભૂતાર્થ કહીને પરમાર્થે સાચું ત્રિકાળી સ્વરૂપ નથી (એમ કહ્યું છે).

'દ્રવ્યસંગ્રહ'માં કહ્યું નથી? જીવનું સ્વરૂપ બંધ ને મોક્ષની પર્યાયવાળું જીવનું સ્વરૂપ નથી. 'દ્રવ્યસંગ્રહ'માં ભાઈ! પાછળ. જેમ માણસ ઊભો છે, કોઈ માણસ. એને સાંકળ બાંધેલી કે છૂટેલી એ કાંઈ એનું માણસનું સ્વરૂપ નથી. એક સમયની સાંકળ બંધાયેલી અને એક સમયની છૂટેલી. આખો માણસ જુદો છે. એમ ભગવાન આત્મા એક સમયની બંધ પર્યાય અને એક સમયની મુક્ત પર્યાય. એક સમયની છે મુક્ત પર્યાય. બંધ પણ એક સમયની છે. ધ્રુવ પુરુષ એકાકાર ભિન્ન છે. જીવનું સ્વરૂપ જ બંધ-મોક્ષની પર્યાય જીવનું સ્વરૂપ જ નથી એમ કીધું. ધ્રુવ ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ. પણ વ્યવહારનયનો વિષય છે ખરો.

વાસ્તવિકપણે જેમ ત્રિકાળ સ્વરૂપ છે એ નિશ્ચય. પર્યાય છે તે વ્યવહાર. આશ્રય કરવાલાયક છે કે કોઈ કાયમની ચીજ છે કે એને આશ્રયે સંવર નિર્જરા થાય-વ્યવહારને આશ્રયે, એ છે નહિ. ઝઘડા, નયના ઝઘડા. જે નય ઝઘડો ટાળવા માટે હતી એમાં ઝઘડો ઊભો કર્યો. પેલા કહે, જુઓ! ધર્મતીર્થ વ્યવહારથી થાય. અરે..! વ્યવહારથી થાય નહિ. થયેલો છે તેને જણાવે છે. થાય છે તો સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ આત્માથી-દ્રવ્યથી, પણ થયેલી અવસ્થા છે એમ વ્યવહારનય દેખાડે છે. વ્યવહારનયને દેખાડે નહિ તો પર્યાય જ ન રહે. ગુણસ્થાન ભેદ જ ન રહે. ... વ્યવહાર છોડી દે તો પર્યાય છે એ સિદ્ધ નહિ થાય. નિશ્ચય છોડી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દે તો તત્ત્વ સિદ્ધ નહિ થાય, તત્ત્વનો આશ્રય નહિ થાય.

મુમુક્ષુ :- એનો અર્થ બીજો કરે છે.

ઉત્તર :- એ બીજો જ કરે છે ને બધાના અર્થ.

મુમુક્ષુ :- આ બે કીધા છે. બેને આશ્રયે ધર્મ થાય.

ઉત્તર :- બેના આશ્રયની વાત પણ કે દિ' હતી ત્યાં? અહીં ક્યાં છે ને ત્યાં ક્યાં છે? વ્યવહાર ન માને તો તીર્થ જ નથી, ભેદ જ નથી, ગુણસ્થાન નથી, સાધુપણું નથી, સમકિતી નથી. એ બધા સાધુપણાની પર્યાય બધો વ્યવહાર છે. સમજાણું કાંઈ? શાંતિથી ભાઈ, આ તો આગ્રહ છોડીને સત્ય વસ્તુ સમજવી હોય એને માટે છે. બાકી 'વાદવિવાદ કરે સો અંધા. સદ્ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' એ વસ્તુ છે એને જાણવાલાયક છે. નહિતર તો વેદાંત થઈ જશે. વ્યવહારનય ન હોય તો વેદાંત થઈ જશે. વ્યવહાર તો એકલો આત્મા-આત્મા કરે છે અને ધ્રુવ એકલી વસ્તુ કહે છે. એમ નથી. વ્યવહારનયનો વિષય ભેદ છે, ગુણભેદ છે, પર્યાય છે, રાગ છે, બંધ છે, બંધરહિત થવાય છે, મુક્તિ છે. વ્યવહારનયે બધુંય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વ્યવહાર છે. ભિન્ન છે, ભિન્ન છે ને? વ્યવહાર છે પણ એ જીવનું ત્રિકાળી સ્વરૂપ ભિન્ન છે. એમ. પર્યાય સહિત છે. પણ ત્રિકાળી સ્વરૂપ તેનાથી ભિન્ન છે. આ તો ભાવબંધથી ભિન્ન, હોં! દ્રવ્યબંધનો તો પ્રશ્ન જ નથી. એ તો અસદ્ભુત વ્યવહારમાં ગયો.

અહીંયાં તો ભાવબંધ અને ભાવમુક્તિ એનાથી ભિન્ન સ્વરૂપ છે એમ કહેવું છે. અહીંયાં સદ્ભુત વ્યવહારનયનો વિષય એ પણ છે. એનાથી ભિન્ન વસ્તુ છે. એ તો અસદ્ભુતમાં ગયું. કર્મનો બંધ અને કર્મની મુક્તિ તો અસદ્ભુત વ્યવહારમાં ગઈ, એ વાત તો છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! અહીંયાં તો ભગવાન આત્મા ભાવબંધ છે એ વ્યવહારનયનો વિષય છે. અને ભાવબંધની મુક્તિ થઈ એ પણ વ્યવહારનયનો વિષય થયો. કર્મનો સંબંધ છે એ તો અસદ્ભૂત વ્યવહાર, એ તો જૂઠો વ્યવહાર. આ તો અંદર છે એમાં ભેદ પડ્યો. એ તો છે જ નહિ. દ્રવ્યકર્મનો સંબંધ બંધ તો આત્મામાં છે જ નહિ. કેમ કે પરદ્રવ્ય છે. એનું મૂકાવું એ પણ આત્મામાં નથી. એ તો પરદ્રવ્યનું છૂટવું એની શક્તિથી થાય. ભાવબંધ અને ભાવમુક્તિ વ્યવહારનયનો વિષય છે. આહાહા..! જો વ્યવહારનયને ન માને તો આ વાત સિદ્ધ થતી નથી. ભાવબંધ અને ભાવમુક્તિ સિદ્ધ થતી નથી. વેદાંત થઈ જાય છે. એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- આપ વ્યવહારને માનતા લાગો છો?

ઉત્તર :- વ્યવહારનય વિષય નથી? આ દેવ-ગુરુ-શાસ્ત્ર એ માનવાનો વિકલ્પ છે એ વ્યવહાર છે. વિષય વ્યવહાર વસ્તુ નથી? એ ધર્મ નથી તેમ એનો આશ્રય કરવા લાયક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી. એવી વાત છે. અને આ ધર્મ હોય એ પર્યાય પણ વ્યવહાર છે. આ મોક્ષનો માર્ગ છે, દ્રવ્યની અપેક્ષાએ મોક્ષનો સાચો માર્ગ પર્યાય તે વ્યવહાર છે. નિશ્ચય મોક્ષમાર્ગ તે વ્યવહાર છે. એ તો રાગની અપેક્ષાએ નિર્વિકલ્પ પર્યાય તે નિશ્ચય. પણ ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ ભેદ પડ્યો માટે (વ્યવહાર). કેવળજ્ઞાન સદ્ભુત વ્યવહારનયનો વિષય પછી એનો મોક્ષનો માર્ગ તો સદ્ભુત વ્યવહારનો વિષય હોય જ. વ્યવહારનો વિષય છે ખરો, આશ્રય કરવા લાયક નથી.

મુમુક્ષુ :- વ્યવહારને આપ માનો છો..

ઉત્તર :- ઓલા કહે કે વ્યવહાર માનો. પણ એ વ્યવહાર નથી તો પછી સિદ્ધ નથી અને સંસારી નથી. વ્યવહાર (છે) પણ એ આશ્રય કરીને એનાથી લાભ થાય એમ છે નહિ. આહાહા..!

'નિયમસાર'માં તો ૪૯મી ગાથામાં તો એમ લીધું. ૫૦. ૫૦ને? ૫૦. આ આત્મામાં... સમજાય છે? એ મોક્ષનો માર્ગ છે ને? એને ત્યાં પરદ્રવ્ય કહી દીધું છે. લ્યો! **'परदव्वं परसहावमिदि हेयं'** ત્રણ બોલ લીધા છે. પણ એ પર છે ખરો. ૫૦ ગાથા 'નિયમસાર'. કેમ કે એકલો મોક્ષમાર્ગ છે ને. એ મોક્ષમાર્ગની પર્યાય તે દ્રવ્યથી ઉત્પન્ન થાય છે. એ દ્રવ્ય તે સ્વદ્રવ્ય, એમ. પછી ઉત્પન્ન થયેલો પર્યાય એ સ્વદ્રવ્ય નહિ. કેમકે ઉત્પન્ન થયેલ પર્યાયમાંથી નવી પર્યાય થતી નથી. જેમ પરદ્રવ્યમાંથી થતી નથી એમ આ મોક્ષમાર્ગની પર્યાયમાંથી નવી થતી નથી. એ અપેક્ષાએ મોક્ષમાર્ગને પણ પરદ્રવ્ય કહી દીધું. પરદ્રવ્ય, પણ છે ખરી પર્યાય. સ્વદ્રવ્ય તો ચૈતન્યમૂર્તિ. મોક્ષમાર્ગનો પર્યાય અને મોક્ષ પર્યાય એ નહિ. કર્મનો સંબંધ અને છૂટવું એ તો અસદ્ભૂતમાં ગયું. એ તો પરદ્રવ્ય. જૂઠાથી કથન હતું. પણ આ એક જૂઠું છે આ ન્યાયે તો. કારણ કે ૧૧મી ગાથામાં કહ્યું ને? વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી બધોય અભૂતાર્થને પ્રદ્યોત કરે છે. બધો અભૂતાર્થ. સદ્ભુતવ્યવહાર પણ જૂઠો કહ્યો છે ત્યાં. ૧૧મી 'સમયસાર'ની. ૧૧મી ગાથા જુઓ! ૧૧. **'व्यवहारनयो हि सर्व एवाभूतार्थत्वादभूतमर्थं प्रद्योयति, शुद्धनय एक एव भूतार्थत्वात् भूतमर्थं प्रद्योतयति।'** તો ઓલો તો જૂઠો છે જ કર્મનો સંબંધ અસદ્ભુત વ્યવહાર, પણ અહીં સદ્ભુતવ્યવહારનય પણ જૂઠો છે, અભુતાર્થ છે એમ કીધો છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ જાણવાની વાતમાં.

મુમુક્ષુ :- .. બધાય જૂઠા?

ઉત્તર :- બધાય ચારેય નય જૂઠા અધ્યાત્મના. વ્યવહારનય સદ્ભુત ઉપચાર અનુપચાર, અસદ્ભુત ઉપચાર અનુપચાર ચારેય જૂઠા છે. એમ અહીં તો કહ્યું એકસાથે. અભેદનો આશ્રય કરવા માટે એકની અપેક્ષાએ બધા જૂઠા કહ્યા છે. પણ વ્યવહાર દર્શાવ્યો નથી અને વ્યવહારનો વિષય નથી એમ નથી. સદ્ભુત વ્યવહારનો વિષય કેવળજ્ઞાન છે. સદ્ભુત વ્યવહારનો વિષય..

મુમુક્ષુ :- નિશ્ચયની અપેક્ષાએ જૂઠો જ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- નિશ્ચયની અપેક્ષાએ જૂઠો છે. ત્રિકાળી વસ્તુ નથી માટે. વેદાંતની પેઠે નથી કે બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા. એક જ સત્ય છે અને બીજી પર્યાય-ફર્યાય છે નહિ. એમ નહિ. સમજાણું કાંઈ? એ અપેક્ષાએ આ વાત કરી છે. ત્યારે કેટલાકને એમ થઈ ગયું આ તો બધું વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે 'કુંદકુંદાચાર્યે'. એમ નથી. સાંભળને! ઓલો નિશ્ચય એકલો સ્થાપ્યો ત્યાં પર્યાયને વ્યવહાર કહ્યો, જૂઠો કહ્યો. એટલે ઓલા વેદાંતી જેવું થાય. એમ નથી એ માટે બતાવે છે અહીંયાં. છે એને જૂઠો કહ્યો. ઓલો તો કહે છે કે છે જ નહિ. પર્યાય-ફર્યાય કેવી? એક જ વસ્તુ અદ્વૈત છે. બિલકુલ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

અહીંયાં તો એક દ્રવ્યકર્મને છૂટવું-બંધાવું તો એની શક્તિનો વિષય રહ્યો. અહીં તો પોતાની શક્તિમાં પણ અભેદમાં ભેદ પાડીને બતાવે છે ને? ગુણસ્થાન ભેદ બતાવ્યા ને? ચોથું, પાંચમું, છઠ્ઠું એ બધા તીર્થ પ્રવૃત્તિના પરિણામ બતાવ્યા એ વ્યવહારનો વિષય છે. જો ન બતાવે તો ગુણસ્થાનભેદ રહેશે જ નહિ. નિશ્ચયનયમાં તો ગુણસ્થાન ભેદનો નિષેધ કર્યો છે. ગુણસ્થાન ભેદ જીવમાં નથી. પણ નથી એ નિશ્ચયથી નથી અને વ્યવહારથી છે. ન હોય તો તીર્થની પ્રવૃત્તિના પરિણામ જ સિદ્ધ નહિ થાય, સાબિત નહિ થાય એમ કહેવું છે. સમજાણું કાંઈ? એય..! વ્યવહારનો વારો આવ્યો છે કે નહિ? ભાઈ! વસ્તુ નથી? આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્ર જ નથી? અને દેવ-ગુરુ-શાસ્ત્રને માનવાનો વિકલ્પ વસ્તુ જ નથી? છે. પણ એ ત્રિકાળ પદાર્થ નથી માટે તેને આશ્રયે ધર્મ થતો નથી. આહાહા..! ભારે વાતું. ચારે કોર વસ્તુ શાસ્ત્રની જુઓ તો ઓહો..! સમજાણું?

જો વ્યવહાર ન દેખાડવામાં આવે તો તો શરીરથી આત્મા તદ્દન ભિન્ન છે. તો તો શરીરને તોળવામાં જેમ કાંઈ નથી એમ શરીર સાથે સંબંધવાળો આત્માને મારી નાખવામાં કાંઈ એના પરિણામ મેલા થાય નહિ અને ઓલાને દુઃખ થાય નહિ. એમ છે નહિ. પરિણામ મેલા થાય છે એ વ્યવહાર છે. અને આને મારું છું એવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ પણ જીવને અને શરીરને સંબંધ છે એ પણ વ્યવહાર જાણવા જેવો છે. આદરવા જેવો નથી. આહાહા..!

૧૨મી ગાથામાં એ કહ્યું ને? જાણેલો પ્રયોજનવાન. એ કાળે, તે તે કાળે એટલો ભેદ પડે છે જીવમાં, ગુણભેદની પર્યાય રાગાદિ, તે તે વ્યવહારને જાણેલો પ્રયોજન છે. આદરેલો એક ભૂતાર્થ. પણ તે તે સમયે જે જે ગુણસ્થાનની ભૂમિકા જેટલી હોય તેને બરાબર જાણવું જોઈએ. આ ચોથું જ છે, આ પાંચમું જ છે, આ છઠ્ઠું છે. એમ ન માની લેવું કે ત્યાં ચોથે-પાંચમે મોક્ષ છે. એટલે તે તે કાળે તે તે ગુણસ્થાનની દશાનો ભેદ વ્યવહારનો જાણેલો પ્રયોજનવાન છે. જાણેલો પ્રયોજનવાન છે. નિશ્ચયના જ્ઞાનમાં વ્યવહારનું જ્ઞાન પ્રમાણ કરવા માટે પ્રયોજનવાન છે. આહાહા..! ગજબ વાત! સમજાય છે કાંઈ? જરી ઝીણું તો છે. મેળ નહિ ને નિશ્ચયની વાત.

વ્યવહાર છે અને નિશ્ચય ના પાડે છે. છે એને ના પાડે કે નથી એને ના પાડે? સસલાના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શીંગડા જગતમાં નથી. સસલા સમજ્યાને? ખરગોશ. એને ના પાડી. આ એવું વ્યવહાર નથી? પર્યાય નથી? અરાગ નથી? ભાવબંધ નથી? અસદ્ભુત વ્યવહારનય કર્મનો પણ આમ સંબંધ નથી? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી? છે એનો નકાર કરે છે. છે, જાણવા જેવો છે. અસદ્ભુત એ કર્મનો સંબંધ. સદ્ભુત વ્યવહારનય ભેદવાળો સંબંધ. એ અભેદની સાથે આ છે. જાણવું જોઈએ. નહિતર આ ભેદ સિદ્ધ થશે નહિ. પર્યાયમાં ભેદપણું સાબિત નહિ થાય. કર્મરહિત જ આત્મા કહેશો તો રાગ-દ્વેષ સહિતપણું સિદ્ધ નહિ થાય. તો રાગ-દ્વેષથી મૂકાવું એ સિદ્ધ થશે નહિ. વ્યવહારનયનો વિષય છે એમ બરાબર એણે જાણવો જોઈએ.

મુમુક્ષુ :- ધર્મની પ્રવૃત્તિ થાય ને એના આશ્રયે?

ઉત્તર :- એ ક્યાં પ્રશ્ન છે? પ્રવૃત્તિ થાય છે દ્રવ્યને આશ્રયે. પણ થયેલી પર્યાયને જો ન માને તો વ્યવહારની પ્રવૃત્તિનો વિષય ન રહેતાં ધર્મ પ્રવૃત્તિ રહેતી નથી. ચોથું, પાંચમું, છઠ્ઠું ગુણસ્થાન ભેદ રહેતો નથી. સમજાણું કાંઈ? દાસ નથી આવ્યા? રજા નહિ હોય. સોમવારની રજા છે. આજે જાત્રા છે ને. દેરાવાસીને ત્યાં બંધ છે કાપડનું. એ કાપડની આખી બજાર બંધ. આજે જાત્રા છે. પૂનમની જાય છે ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ? ... નહિતર કાયમ પૂનમનો જ્યારે જાત્રાનો દિવસ હોય ત્યારે કાપડ બજાર બધું બંધ. અને અહીં તો આમ એક બીજું .. નાનકનું. છોકરાઓને રજા.

શું કીધો અહીં પાઠ? '**ववहारस्स दरीसण**' આટલો શબ્દ છે. '**जिणवरेहिं मुवएसो वण्णिदो**' જિનવરના ઉપદેશમાં વર્ણન આવ્યું છે. તે વ્યવહાર દેખાડ્યો છે. બસ, આ શબ્દો છે આટલા.

મુમુક્ષુ :- વ્યવહારનું જ્ઞાન કરાવ્યું છે.

ઉત્તર :- વાત ઈ. દેખાડ્યું એટલે કે વ્યવહાર છે તેનું જ્ઞાન કરાવ્યું છે. આ સિદ્ધાંત.

મુમુક્ષુ :- એનો આશ્રય નથી હોતો.

ઉત્તર :- આશ્રય-બાશ્રયનો પ્રશ્ન નથી. વ્યવહારનો વિષય છે કે નહિ? દેખાડ્યો છે, બસ. જાણવાલાયક છે, જાણવાલાયક છે. દેખવાલાયક છે, આદરવાલાયક નથી.

મુમુક્ષુ :- એનું જ્ઞાન કરવા લાયક છે.

ઉત્તર :- જાણવાલાયકનું જ્ઞાન કરવા લાયક થયું ને. જાણવાલાયક થયું ને.

ખરેખર તો અભેદનું જ્ઞાન થતાં ભેદનું જ્ઞાન ત્યાં ઉત્પન્ન થાય છે જ્ઞાનમાં. એવો જ્ઞાનનો સ્વભાવ છે. અભેદનું જ્ઞાન થતાં જે પર્યાયમાં જ્ઞાન આવ્યું. પર્યાય આવી છે તેનું જ્ઞાન અભેદમાં ભેદનું જ્ઞાન સાથે ઉત્પન્ન થાય જ છે. સમજાય છે? એવો જ્ઞાનનો જ સ્વભાવ છે. ભેદનું જ્ઞાન એને જુદું કરવું પડે છે એમ નહિ. એ આ અભેદ આમ થયું એનું જ્ઞાન થયું (એમાં) આ તો આ છે એનું જ્ઞાન એમાં જાણે જ છે. તે તે કાળનું જ્ઞાન તેમાં તે

પ્રકારના ભાવને, અધૂરાને, અશુદ્ધતા થોડી છે એને, શુદ્ધતા વધી છે એને, શુદ્ધતાનો અંશ વધે (એને), આ શુદ્ધતા થોડી હતી અને પછી વધ્યો એ બધો વ્યવહારનયનો વિષય છે. ચોથાથી સાતમે આવ્યો એ વ્યવહારનયનો વિષય છે. પર્યાય વધીને. એ વ્યવહારનયનો વિષય છે. એમ ન બતાવે તો તો આત્મા સિદ્ધ જ નહિ થાય એમ કહે છે અહીં તો.

મુમુક્ષુ :- આ તો ગોમ્મટસાર સિદ્ધ..

ઉત્તર :- ગોમ્મટસાર સિદ્ધ જ છે. નથી એમ ક્યાં છે? સમજાણું?

મુમુક્ષુ :- અમે તો એમ માનતા હતા કે ગોમ્મટસાર નથી.

ઉત્તર :- અરે..! પણ શું કરે? જે શૈલીની રીત છે એ રીત એના જ્ઞાનમાં ન આવે તો એને બીજું જણાય એટલે શું થઈ જાય? કાંઈ વ્યવહાર વયો જાય છે? ..દશાવાળાને સિદ્ધની પર્યાય વ્યવહારનયનો વિષય છે. નીચલાને નય છે ને. એને નય ક્યાં છે? કેવળીને નય ક્યાં છે? સિદ્ધને નય ક્યાં છે? પણ આ જીવને પોતાને સાધક છે ને, એ સાધકને નય હોય છે. તો સાધકની અપેક્ષાએ એનું કેવળજ્ઞાન પણ એને પ્રગટેલું નથી પણ પ્રગટે તો એને વ્યવહારનયનો વિષય એમ જાણે. મારે આશ્રય કરવા લાયક નથી. પણ એ છે કે નહિ? પ્રગટ છે એમ નક્કી છે કે નહિ? અને તેથી તો મોક્ષને ઉપાદેય પણ કહ્યો છે એક ન્યાયે. કઈ અપેક્ષાએ? ઉત્પન્ન કરવાની અપેક્ષાએ. ઉત્પન્ન કરવાની અપેક્ષાએ. આમ આદરણીયની અપેક્ષાએ દ્રવ્ય ઉપાદેય છે પણ મોક્ષ ઉત્પન્ન કરવા લાયક છે, રાગ ઉત્પન્ન કરવા લાયક નથી. તેથી તેને મોક્ષને ઉપાદેય કહ્યો. (મોક્ષ) ઉત્પન્ન કરવા લાયક કહ્યો. પણ ઉત્પન્ન થાય કેવી રીતે? દ્રવ્યને આશ્રયે. સમજાણું કાંઈ?

વ્યવહારનયને બરાબર જ્યાં છે તેમ તેને વ્યવહારનય બરાબર જાણવો જોઈએ. વ્યવહારનય ન જાણે તો નિશ્ચય નહિ રહે. ભેદ છે એ અભેદનો છે અંદર. સમજાણું કાંઈ? જાણવો જોઈએ. આ આદરવો જોઈએ. તેથી વ્યવહાર દર્શાવ્યો એટલો શબ્દ મૂક્યો આચાર્યે. ભાષા કેવી રીતે કરી, જુઓ! જિનવરે ઉપદેશ વર્ણવ્યો તે વ્યવહાર દેખાડ્યો છે. એમ શબ્દ છે. જુઓ! અન્વયાર્થમાં. '**જિનવરોએ જે ઉપદેશ વર્ણવ્યો છે તે...**' ક્યો ઉપદેશ? કે રાગાદિ જીવ છે તે, રાગાદિ જીવ છે તે, ઉપદેશ જિનવરોએ વર્ણવ્યો છે તે વ્યવહાર દેખાડ્યો છે. આમ શબ્દાર્થ કરો તો ટૂંકા શબ્દમાં જ એ છે.

અધ્યવસાય છે ને? અધ્યવસાન આદિ ભાવોને જીવ છે એમ જે કહ્યું છે જિનવરના ઉપદેશમાં, તે વ્યવહાર દેખાડ્યો. બસ, આ એનો અર્થ છે. એટલે દેખાડવો એ બરાબર છે, આદરવો એ બરાબર છે નહિ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૨, મંગળવાર તા. ૨૯-૧૧-૧૯૬૬**
**ગાથા-૪૬ થી ૪૯, પ્રવચન-૧૧૫**

જીવ-અજીવ અધિકાર ચાલે છે. ૪૬મી ગાથાનો ભાવાર્થ. અહીં શું કહે છે આમાં? વ્યવહારનય દેખાડ્યો છે. ભગવાનના ઉપદેશમાં વ્યવહારનયનો વિષય અને વ્યવહારનય બે દેખાડ્યા છે. અત્યાર સુધી એમ આવતું કે જીવ નિશ્ચયથી રાગ-દ્વેષ, પુણ્ય-પાપ અને શરીરથી રહિત છે. આત્મા જ્ઞાયકસ્વરૂપ છે. જીવ અધિકાર છે ને? તો જીવ એને કહીએ '**सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं।**' જે નિત્ય જ્ઞાનાનંદ ઉપયોગમય ત્રિકાળ, હોં! ત્રિકાળ. એકલો જ્ઞાનદર્શનના ઉપયોગમય વસ્તુ એને જીવ કહેવામાં આવે છે. નિશ્ચયથી જીવ એ જ છે. સત્ય જીવનું સ્વરૂપ જ એ છે. એમ અત્યાર સુધી કહેવામાં આવ્યું છે. તો કહે છે કે વ્યવહાર શાસ્ત્રમાં કહ્યો છે ને? રાગ-દ્વેષને, પુણ્ય-પાપને શાસ્ત્રમાં જીવના કહ્યા છે અને જીવ કહ્યો છે. તમે અહીં કહો છો કે જીવના નથી. બીજા શાસ્ત્રમાં પણ જીવના કહ્યાં છે. તો એનો શું ખુલાસો છે? ત્યારે આચાર્ય કહે છે કે વ્યવહાર દેખાડ્યો છે ભગવાને. એ કહે છે. દેખાડ્યો છે એનો અર્થ આવે છે ને હવે. જુઓ!

'**ભાવાર્થ :- પરમાર્થનય તો જીવને શરીર તથા રાગદ્વેષમોહથી ભિન્ન કહે છે.**' નિશ્ચયદૃષ્ટિ, ભૂતાર્થદૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિ, નિશ્ચયદૃષ્ટિ, પરમાર્થદૃષ્ટિ. એ તો ભગવાન આત્માને શરીર અને રાગ-દ્વેષ-મોહથી ભિન્ન કહે છે. '**જો તેનો એકાંત કરવામાં આવે તો શરીર તથા રાગદ્વેષમોહ પુદ્‌ગલમય ઠરે...**' શરીર અને જીવને નિમિત્ત નૈમિત્તિક સંબંધ જ ન હોય તો શરીર પુદ્‌ગલમય ઠરે અને આત્મા તો ભિન્ન ઠરે, તો શરીરને મારતાં કાંઈ દુઃખ થાતું નથી શરીરને. શરીરને મારવાનો ભાવ નથી જગતને, જીવને મારવાનો (ભાવ છે). જીવને અને શરીરને નિમિત્ત (નૈમિત્તિક) સંબંધ છે. વ્યવહારે શરીર એક અવસ્થા એકક્ષેત્રાવગાહમાં શરીર અને આત્મા રહે છે તેથી તેને વ્યવહારનયે એક કહેવામાં આવે છે. એકક્ષેત્રાવગાહ રહે છે માટે.

જો સર્વથા એકક્ષેત્રાવગાહી ન હો... સમજાય છે? શરીરને મારવાથી જેમ જીવ મરતો નથી અને હિંસા થતી નથી, એમ જીવને મારવાથી પણ હિંસા થતી નથી. કારણ કે જીવ એ શરીર થયું. શરીર એ પુદ્‌ગલ ઠર્યું. પુદ્‌ગલને મારવાથી કાંઈ હિંસા થતી નથી. એને સંબંધ છે જીવને એકક્ષેત્રાવગાહી. એને મારવાનો ભાવ થાય છે એ વ્યવહાર છે અને એ મરે છે. એને શરીરને જીવને સંબંધ છે એ પણ એક વ્યવહાર છે. એ વ્યવહાર જાણવો જોઈએ, આદરવા જેવો નથી. સમજાણું કાંઈ? ૨૬મી ગાથામાં આવી ગયું ને? કે શરીરને અને જીવને એક કહ્યો છે ને? એકક્ષેત્રાવગાહની અપેક્ષાએ એક કહ્યો છે. પહેલાં આવી ગયું છે ૨૬મી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ગાથામાં. ૨૬મી ગાથામાં આવ્યું.

૨૭, પ્રશ્ન છે. '**જેમ આ લોકમાં સુવર્ણ અને ચાંદીને ગાળી એક કરવાથી એક પિંડનો વ્યવહાર થાય છે તેમ આત્માને અને શરીરને પરસ્પર એક ક્ષેત્રે રહેવાની અવસ્થા હોવાથી એકપણાનો વ્યવહાર છે.**' ૨૭ ગાથા. '**આમ વ્યવહારમાત્રથી જ આત્મા અને શરીરનું એકપણું છે, પરંતુ નિશ્ચયથી એકપણું નથી;...**' લ્યો! બેય વાત કરી. એકક્ષેત્રાવગાહ રહે છે એ અપેક્ષાએ નિમિત્ત નૈમિત્તિક સંબંધની અપેક્ષાએ વ્યવહારને જીવને એક કહેવામાં આવે છે. શરીર અને જીવ. એટલો જો નિમિત્ત નૈમિત્તિક સંબંધ ન હોય તો વ્યવહાર સાબિત થતો નથી. અને એ વ્યવહાર સાબિત ન થાય તો એને બંધ મોક્ષ પણ સાબિત થતો નથી. કારણ કે રાગ-દ્વેષ-મોહ એની પર્યાયમાં છે. દ્રવ્યદૃષ્ટિએ નથી, પરમાર્થદૃષ્ટિએ નથી પણ પર્યાયમાં રાગ-દ્વેષ-બંધ છે અને બંધ છે તો બંધના અભાવરૂપ મુક્તિ પણ છે. તો એ બંધ પણ વ્યવહારનયનો વિષય છે, મુક્તિ પણ વ્યવહારનયનો વિષય છે. જો વ્યવહારનય દેખાડવામાં ન આવે તો બંધ અને મુક્તિ કોઈ સિદ્ધ થતી નથી. તો શરીર અને આત્માને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે એ પણ સાબિત થતો નથી. સમજાણું કાંઈ?

પરમાર્થે શરીર અને રાગ-દ્વેષથી ભિન્ન આત્મા એ તો સત્ય સ્વરૂપ છે. પણ અભુતાર્થનયથી, છે પરમાર્થનયે રહિત આ વ્યવહાર, પણ અભૂતાર્થનયથી, અસત્યાર્થનયથી, અપરમાર્થનયથી એટલે કે વ્યવહારનયથી જીવ અને શરીરને એકક્ષેત્રાવગાહ સંબંધે એક કહેવામાં આવે છે. અને રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના ભાવ એની પર્યાયમાં છે. એમ વ્યવહાર ભગવાને દેખાડ્યો છે. એ ન દેખાડે તો રાગ-દ્વેષ-મોહ એનામાં છે જ નહિ. તો એને રાગ-દ્વેષ ભાવબંધ નથી અને ભાવબંધને ટાળવું એવો મોક્ષ પણ રહેતો નથી. ભાવબંધ એ વ્યવહાર, ભાવબંધનું ટાળવું અને મુક્તિ થવી એ વ્યવહાર. કેમકે પર્યાય છે ને એ. વસ્તુની દૃષ્ટિમાં તો એ મોક્ષ અને બંધ પણ છે નહિ. સમજાણું કાંઈ?

'પરમાત્મપ્રકાશ'માં આવ્યું છે ને. ૬૮મી ગાથામાં આવ્યું છે. '**बंधु ण मोक्खु करेइ**' આત્મા તો બંધ અને મોક્ષ કરતો નથી. નિશ્ચય આત્મા એને કહીએ. ૬૮ ગાથામાં છે. 'પરમાત્મપ્રકાશ'. પણ વ્યવહારે છે. વ્યવહારે છે જાણવાલાયક, હોં! આદરવાલાયક નહિ. એ જાણવાનું જ કાઢી નાખે (તો) બંધ નહિ સિદ્ધ થાય, બંધનો અભાવ નહિ સિદ્ધ થાય, મુક્તિનો ઉપાય નહિ સિદ્ધ થાય, મુક્તિ સાબિત નહિ થાય. સમજાણું કાંઈ? થઈ ગયું ને મુક્તિ અને મુક્તનો ઉપાય. મોક્ષ અને મોક્ષનો ઉપાય કોઈ સિદ્ધ નહિ થાય. બંધ પણ સિદ્ધ નહિ થાય. બંધ પણ વ્યવહારનયનો વિષય છે. મુક્તિનો પર્યાય પ્રગટ્યો એ પણ વ્યવહારનો વિષય. કેમ પ્રગટે એ પ્રશ્ન બીજો. વ્યવહારનયથી મુક્તિ પ્રગટે છે એમ નહિ. પ્રગટે છે દ્રવ્યને આશ્રયે, પરમાર્થ દ્રવ્ય ત્રિકાળને આશ્રયે. પણ પ્રગટેલી પર્યાય છે તેને વ્યવહાર કહેવામાં આવે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. ભેદ પડ્યો એક અંશનો. જો વ્યવહાર ન દેખાડે તો એકલો પરમાર્થ જીવ એમાં બંધ અને મોક્ષ કોઈ સિદ્ધ થતું નથી. નયે વ્યવહાર દેખાડવો ન્યાયસંગત છે, આદરવો ન્યાયસંગત નથી. સમજાણું કાંઈ? મોટા આમાં વાંધા આખા. દેખાડવો. પાઠમાં એ છે કે '**ववहारस्स दरीसण**' દેખાડ્યો છે. જિનવરના ઉપદેશમાં વર્ણન કરતાં. વ્યવહારનય એનો વિષય છે એમ કહ્યું છે પણ એ આદરણીય નથી. જાણવાલાયક છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હેય ક્યારે થાય? વસ્તુ કાંઈક હોય તો હેય થાય ને? બંધ છે. વ્યવહારે બંધ છે. અસદ્‌ભુત વ્યવહારનયે પર્યાયમાં બંધ, અશુદ્ધ નિશ્ચયથી પર્યાયમાં બંધ છે. અશુદ્ધ નિશ્ચય કહો કે નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર કહો. અને કર્મનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ તદ્દ્‌ન આગમની અસદ્‌ભુત વ્યવહારનયે સંબંધ છે. નિમિત્ત સંબંધ છે, હોં! એનાથી અહીં થાય છે એમ નથી. સમજાણું કાંઈ? જો એવો વ્યવહાર રાગ-દ્વેષ અને પુણ્ય-પાપની પર્યાય એના જીવમાં પોતાના અસ્તિત્વમાં છે. એવો પર્યાયનય, વ્યવહારનય, એવો અપરમાર્થનય એને જો ન બતાવે તો બંધ-મોક્ષની કોઈ સિદ્ધિ થતી નથી. પણ એથી વ્યવહારનયથી મુક્તિ થાય છે, વ્યવહારનયને આશ્રયે મુક્ત થાય છે, વ્યવહારને આશ્રયે મોક્ષનો ઉપાય પ્રગટે છે એમ નથી. બેમાં ફેર છે આમાં કથનની પદ્ધતિની શૈલીમાં. આ વ્યવહાર છે એમ એને જણાવ્યો. જો ન હોય તો બંધ અને મોક્ષની પર્યાય સાબિત થતી નથી. એટલી વાત છે. પછી મોક્ષની પર્યાય અને મોક્ષનો માર્ગ કેમ પ્રગટે? એ તો દ્રવ્યને આશ્રયે પ્રગટે છે-પરમાર્થને આશ્રયે. સમજાય છે કાંઈ? ઝીણી વાત ભારે. આ જ ગોટો છે ને અત્યારે.

'**પરમાર્થનય તો જીવને શરીર તથા રાગદ્વેષમોહથી ભિન્ન કહે છે. જો તેનો એકાંત કરવામાં આવે તો શરીર તથા રાગદ્વેષમોહ પુદ્‌ગલમય ઠરે...**' શરીર એ પુદ્‌ગલ એકલું ઠરે. આ જીવનો સંબંધ ઠરે નહિ. રાગ-દ્વેષ, મોહ એકલા પુદ્‌ગલ જડના ઠરે. એની પર્યાયમાં રાગ-દ્વેષ, મોહ સંસાર છે એ સિદ્ધ થતો નથી. વ્યવહારનય ન બતાવે તો સંસાર એની પર્યાયમાં છે એ સાબિત થતો નથી. વેદાંતની પેઠે એકાંત થઈ જશે. સમજાણું કાંઈ? '**અને તો પછી પુદ્‌ગલને ઘાતવાથી હિંસા થતી નથી...**' ઓલા શરીરને. શરીરને જ જીવ કહો, એકલો શરીર જ આત્મા કહો. સમજ્યાને? આત્માથી ભિન્ન કહો તો એકલું શરીરને મારવાથી જેમ હિંસા થતી નથી અને '**અને રાગદ્વેષમોહથી બંધ થતો નથી. આમ, પરમાર્થથી...**' જુઓ! '**આમ પરમાર્થથી જે સંસાર-મોક્ષ બન્નેનો અભાવ કહ્યો છે તે જ એકાંતે ઠરશે.**' પરમાર્થથી તો બંધ અને મોક્ષ આત્મામાં છે જ નહિ. પણ પરમાર્થે નથી પણ પર્યાયમાં નથી એમ એકાંતે ઠરશે તો એ વસ્તુનું સ્વરૂપ એમ છે નહિ.

ફરીને. '**પુદ્‌ગલને ઘાતવાથી હિંસા થતી નથી...**' એમ ઠરશે '**અને રાગદ્વેષમોહથી બંધ થતો નથી.**' એમ ઠરશે. સમજાય છે? '**આમ, પરમાર્થથી...**' તો જીવ ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા સંસાર અને મોક્ષની ઉત્પાદ-વ્યયની પર્યાયથી રહિત છે. સંસારનો પર્યાય વિકારી, મોક્ષમાર્ગનો પર્યાય નિર્મળ અપૂર્ણ અને પૂર્ણ મોક્ષ એ બધો પર્યાય અપરમાર્થ છે, વ્યવહાર છે, વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ? ભારે! પરમાર્થથી સંસાર-મોક્ષ બંનેનો અભાવ કહ્યો છે. જીવમાં સંસાર-મોક્ષ છે નહિ. દ્રવ્યમાં ક્યાં છે? પર્યાયમાં મોક્ષ છે. પર્યાય તો વ્યવહાર છે. ઉત્પાદ-વ્યય પર્યાય એ જ વ્યવહાર છે. ધ્રુવ તો ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ તે પરમાર્થ છે. સમજાણું કાંઈ? 'પરમાત્મપ્રકાશ'માં છે એ ૬૮. ઓલી ૬૮ ગાથા. ઓલું તો ઉત્પાદ-વ્યયનું. ઓલી ૬૮ છે ને.

મુમુક્ષુ :- 'મોક્ષમાર્ગપ્રકાશક'માં લખ્યું છે.

ઉત્તર :- હા, એ લખ્યું છે. '**बंधु ण मोक्खु करेइ।**' એ નાખી છે ને આમાં.

**ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ।**
**जिउ परमत्थेँ जोइया जिणवरु एउँ भणेइ।।६८।।**

'**હે યોગીશ્વર, નિશ્ચયનયકર વિચારા જાવે, તો યહ જીવ ન તો ઉત્પન્ન હોતા હૈ, ન ભરતા હૈ ઔર ન બંધ મોક્ષકો કરતા હૈ, અર્થાત્ શુદ્ધનિશ્ચયનયસે બંધ-મોક્ષસે રહિત હૈ.**' ભગવાન આત્મા શુદ્ધનિશ્ચયથી તો બંધ અને મોક્ષની પર્યાયથી રહિત દ્રવ્ય છે. સમજાય છે? '**ઐસા જિનેન્દ્રદેવ કહતે હૈં.**' છે ને? '**શુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયકર ન બંધકા કર્તા હૈ ઔર ન મોક્ષકા કર્તા હૈ.**' બંધનું કરવું એ પર્યાયનય થઈ. મોક્ષનું થવું એ પર્યાયનય થઈ. નિશ્ચયમાં બંધનો-મોક્ષનો કર્તા નથી. જુઓ! બહુ સરસ છે. સમજ્યા?

'**બંધ ભી વ્યવહારનયકર ઔર મુક્તિ ભી વ્યવહારનયકર હૈ, શુદ્ધનિશ્ચયનયકર ન બંધ હૈ, ન મોક્ષ હૈ, ઔર અશુદ્ધનિશ્ચયનકર બંધ હૈ, ઈસલિયે બંધ કે નાશકા યત્ન ભી અવશ્ય કરના ચાહિયે.**' યત્ન-પુરુષાર્થ છે એ પણ વ્યવહાર છે. એક ગુણની પ્રયત્ન દશા કરવી એ વ્યવહાર ભેદ ભળ્યો. ત્રિકાળ અભેદ છે તે નિશ્ચય છે. સમજાણું કાંઈ? વ્યવહારનય જણાવવો, બતાવવો, દેખાડવો, જાણવો, ન્યાયસંગત છે. જો દેખાડે નહિ, જણાવે નહિ તો વ્યવહાર એકાંત ઠરે તો એકાંત બંધ-મોક્ષ આત્મામાં છે જ નહિ. તો કાં એને મોક્ષનો પર્યાય, મોક્ષનો પુરુષાર્થ, રાગનું ટાળવું એવો જે પર્યાયનો વ્યવહાર બની શકતો નથી. એથી એમ નથી કે વ્યવહારનય છે માટે વ્યવહારનયથી મોક્ષમાર્ગ થાય છે. એમ નથી. આખી વાત (ફરી જાય). થયેલી પર્યાયનો ભેદ જાણવો તેને વ્યવહાર કહે છે. આહાહા..! સમજાણું?

'**પરમાર્થથી જે સંસાર-મોક્ષ બન્નેનો અભાવ કહ્યો છે...**' શુદ્ધ નિશ્ચયના વિષયમાં ભુતાર્થ '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**'. ભૂતાર્થ એકરૂપ સ્વભાવ.. એકરૂપ સ્વભાવ જ્ઞાયકભાવ એ નિશ્ચયનો વિષય, એ જ સમ્યગ્દર્શનનો વિષય. એને આશ્રયે સમ્યક્

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય. પણ સમ્યક્ જે પર્યાય થઈ એ વ્યવહારનયનો વિષય છે. સમજાય છે કાંઈ? એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર દ્રવ્ય ત્રિકાળ ધ્રુવ પરમાર્થને આશ્રયે થાય છે. થઈ છે પરમાર્થને આશ્રયે પણ છે એને જાણવું એ વ્યવહારનયનો વિષય છે. પર્યાય જો ન જ હોય તો મોક્ષ કોનો? બંધ ન હોય તો અભાવ કોનો કરવો? મોક્ષમાર્ગ ન હોય તો પ્રયત્ન કોનો? જરી વાત ઝીણી છે. સમજાણું કાંઈ? પરમાર્થે વસ્તુ તો અભેદ એકરૂપ સત્ય તે ભૂતાર્થ છે. વ્યવહારનયનો વિષય બધો અભૂતાર્થ કહ્યો. ૧૧મી ગાથામાં. બધો. સદ્ભુત, અસદ્ભુત, ઉપચાર, અનુપચાર ચારેય અભુતાર્થ-અસત્યાર્થ. પણ અસત્યાર્થ છે તે નથી એ તો ત્રિકાળની અપેક્ષાએ અસત્યાર્થ કહ્યો. પણ એ વર્તમાન એનો પર્યાય નથી, રાગ-દ્વેષ નથી જ, મોક્ષપર્યાય નથી જ એમ નથી. મોક્ષ-બંધ ભાવ છે. બંધભાવનો અભાવ થઈને મોક્ષમાર્ગ થાય છે. એ બધો વિષય વ્યવહારનયનો દર્શાવ્યો છે. વ્યવહારનયને જાણવું જોઈએ. વ્યવહારનયથી ન જાણે તો નિશ્ચય દૃષ્ટિ પણ સાચી રહેતી નથી. સમજાણું કાંઈ? આરે..! ભારે આવ્યું.

જુઓ! '**પરમાર્થથી જે સંસાર-મોક્ષ બન્નેનો અભાવ કહ્યો છે...**' ભગવાન આત્મા ધ્રુવ સ્વરૂપ પરમાર્થ નિશ્ચનય તો એકરૂપ સ્વભાવનો આશ્રય કરાવે છે. પણ આશ્રય થયો અને જે પર્યાય પ્રગટી, એ પર્યાય છે એ તો ભેદ પડ્યો. ત્રિકાળમાંથી ભેદનો અંશ પડ્યો. અંશ તે વ્યવહારનયનો વિષય છે. પર્યાય પોતે વ્યવહારનયનો.. પર્યાયાર્થિકનય કહો કે વ્યવહારનય કહો બે એક છે. જો પર્યાયાર્થિકનય અને વ્યવહારનય ન બતાવે તો બંધ-મોક્ષ એકાંતે જે પરમાર્થમાં નથી એવો પર્યાયમાં પણ બંધ-મોક્ષ નથી એમ ઠરતાં વસ્તુ સિદ્ધ થશે નહિ. આહાહા..! સમજાણું? એનો અર્થ એવો નથી પાછો કે વ્યવહારનય દેખાડ્યો છે (માટે) વ્યવહારનય આશ્રય કરવા લાયક છે (એમ નથી). એ તો ૧૧મી ગાથામાં (કહ્યું). ૧૨માં તે જ કહ્યું છે ને. ૧૧માં '**भूदत्थमस्सिदो खलु**' ૧૨માં કહ્યું, વ્યવહારનય તે કાળે તે પ્રકારનો રાગાદિ જાણવો પ્રયોજનવાન છે. '**यदात्वे**'-પ્રયોજનવાન છે. એની વાત અહીં સિદ્ધ કરે છે. વ્યવહાર નથી તો ગુણસ્થાન નથી. અથવા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરવો, ભક્તિ કરવી એ બધો વિકલ્પ વ્યવહાર છે. સમજાણું કાંઈ? વ્યવહાર છે ખરો. એ વ્યવહાર આશ્રય કરવા લાયક છે નહિ. આશ્રય કરવા લાયક તો ત્રિકાળ પરમાર્થ એકરૂપ સ્વરૂપ છે તે. સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન થવા સુધી.

મુમુક્ષુ :- જ્ઞાન બેયનું કરવું.

ઉત્તર :- જ્ઞાન બેયનું કરવું. એકને આદરવો અને એકને જાણીને હેયરૂપ જાણવો. જાણવું ખરું એને. ન જાણે તો મૂઢ થઈ જાય, મિથ્યાદૃષ્ટિ. તો વેદાંત થઈ જશે. એમ છે નહિ વસ્તુનું સ્વરૂપ. વસ્તુ એવી નથી. સમજાણું આમાં?

પરમાર્થથી તો ભગવાને ભૂતાર્થને એકને સત્ય કહ્યું, ત્રિકાળ... ત્રિકાળ સત્ય. ત્યારે હવે આ પર્યાય છે એ કાંઈ છે કે નહિ? અસત્યાર્થ ત્રિકાળની અપેક્ષાએ અસત્યાર્થ. પણ વર્તમાનની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અપેક્ષાએ પર્યાય છે કે નહિ? છે તેનું જ્ઞાન કરાવ્યું છે અહીં. એ સત્યાર્થ છે. પર્યાય તરીકે સત્યાર્થ છે. ત્રિકાળ તરીકે અસત્યાર્થ છે.

મુમુક્ષુ :- અનેકાંત છે.

ઉત્તર :- હા, એ અનેકાંત છે. બીજું અનેકાંત (કયુ)? સમજાણું કાંઈ?

વસ્તુ '**भूदत्थमस्सिदो खलु**' મહા સિદ્ધાંત જૈનદર્શનનું રહસ્ય તત્ત્વ. ભગવાન આત્મા એકરૂપ ભૂતાર્થ ત્રિકાળ જ્ઞાયકભાવ એમાં ગુણ અને ગુણીનો ભેદ નહિ. એવો જે પદાર્થ તેને ભગવાને ભૂતાર્થ, પરમાર્થ, યથાર્થ કહ્યો છે, સત્યાર્થ કહ્યો છે. ભૂતાર્થ, પરમાર્થ, યથાર્થ, સત્યાર્થ. પણ એને સત્યાર્થ, ભૂતાર્થ કહ્યો પણ (ત્રિકાળીમાં) પર્યાય નથી એ અપેક્ષાએ પર્યાય અસત્યાર્થ, અભૂતાર્થ કીધી. પણ પર્યાયની અપેક્ષાએ પર્યાય છે તેને પર્યાયનયે ભૂતાર્થ છે, વ્યવહારનયે તે છે. છે એમ જાણવા લાયક છે. ભૂતાર્થનો અર્થ એવો નથી કે છે માટે આશ્રય કરવા લાયક છે, એમ નહિ. છે માટે જાણવાલાયક છે. જાણવા લાયકનો નિષેધ કરી દે તો એકાંત વસ્તુ થઈ જશે. મિથ્યાદૃષ્ટિ થશે. વસ્તુનું સ્વરૂપ એમ છે નહિ. સમજાણું કાંઈ? ભીખાભાઈ!

'**પરંતુ આવું એકાંતરૂપ વસ્તુનું સ્વરૂપ નથી;...**' દેખો! પરમાર્થે તો ભગવાન આત્મા બંધ અને મોક્ષની પર્યાય જે વ્યવહાર એનાથી રહિત છે, વસ્તુ ધ્રુવ. પણ એની પર્યાયમાં છે કે નહિ? પર્યાય છે, ભેદ છે, મોક્ષમાર્ગ છે, રાગ-દ્વેષ છે, મોક્ષ છે. એ બધો પર્યાય તેને કાળે એ વ્યવહારનયનો વિષય છે. તેને જાણવો જોઈએ. સિદ્ધ કરવો, સાબિત કરવો જોઈએ કે વ્યવહારનય છે. વ્યવહારનય સાબિત કરવો એ ન્યાયસંગત છે. આદરણીય કરવો એ ન્યાયસંગત નથી. સમજાણું કાંઈ?

શરીર ને રાગ, શરીર ને જીવ એકક્ષેત્રાવગાહ તરીકે છે એનું જ્ઞાન કરવાલાયક છે. આદરવાલાયક નથી. સમજાય છે કાંઈ? એમ કર્મનું નિમિત્તપણું અને અહીં વિકાર, એ બેનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. એ જાણવાલાયક છે. છે એટલું જાણવાલાયક છે. આદરવાલાયક નથી. તેમ એ નિમિત્ત છે માટે રાગ થાય છે એમ નથી. એ વસ્તુની આ સ્થિતિ છે તેમ તેને નિમિત્ત નૈમિત્તિક સંબંધપણે જાણવું. શરીર અને જીવને એકક્ષેત્રાવગાહપણે છે એમ જાણવું. રાગ-દ્વેષ એની પર્યાયમાં છે તેમ તેને જાણવું. રાગ-દ્વેષ રહિત થઈને મોક્ષમાર્ગની પર્યાય થાય તે વ્યવહારનયનો વિષય છે તે જાણવું, પૂર્ણ મોક્ષ થાય તે પણ ભેદ છે માટે વ્યવહારનયનો વિષય છે તેમ તેને જાણવું. સમજાણું કાંઈ?

'**પરંતુ આવું એકાંતરૂપ વસ્તુનું સ્વરૂપ નથી;...**' આમાં અર્થમાં ફેર કરે બધા. જુઓ, વ્યવહાર છે માટે વ્યવહારથી મુક્તિમાર્ગ થાય છે. નિશ્ચયથી જ મુક્તિ થાય એમ નહિ. એમ નથી. મોક્ષનો માર્ગ તો નિશ્ચયથી જ થાય છે. નિશ્ચય એટલે દ્રવ્ય. ત્રિકાળ ભગવાન જેમાં અનંતી પર્યાયનો પિંડ પડ્યો છે પ્રભુ, તેને આશ્રયે, તેને અવલંબે, તેમાંથી નિર્મળ પર્યાય મુક્તિની, શાંતિની, આનંદની પ્રગટ થાય છે. પણ પ્રગટ થયેલી પર્યાય તે વ્યવહારનયનો

વિષય એને ન સાબિત કરો તો પર્યાય વિનાનું દ્રવ્ય એ પણ સિદ્ધ થશે નહિ. દ્રવ્ય ને પર્યાય બે થઈને આખું દ્રવ્ય છે. વસ્તુ ઊડી જશે. પર્યાયને ઉડાડી દેશો તો વસ્તુ રહેશે નહિ. પર્યાય વિનાનું દ્રવ્ય હોઈ શકે નહિ. '**पर्याय विजत्तं दव्वं दव्व विज्जुतं पर्याय**'. એમ ન હોઈ શકે. પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય. તો પર્યાયને લક્ષમાં, જાણવામાં, દેખવામાં ન લ્યો તો પર્યાય વિનાની વસ્તુ નહિ રહે. એમ કહે છે. અવસ્તુ થઈ જશે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ધ્રુવ ચૈતન્યમૂર્તિ એ પરમાર્થ. એ પરમાર્થનો વિષય. પણ એને એકાંતે જો એમ જ માનો કે એક જ ચીજ છે તો પર્યાયમાં રાગ-દ્વેષ છે એ સાબિત થતું નથી. પર્યાયનો એનો સ્વભાવ છે રાગ-દ્વેષ સંસારનો પર્યાય, સંસાર એની પર્યાયમાં છે, એ વ્યવહારનયનો વિષય સંસાર છે એમ સાબિત કરવું પડશે. દેખવું પડશે, એને જાણવું પડશે. અને સંસારનો અભાવ કરવાનો મોક્ષ પ્રયત્ન પણ છે. એ પ્રયત્ન કરવો એ મોક્ષમાર્ગનો પર્યાય તે વ્યવહાર છે. ભેદ છે ને. વ્યવહારથી લાભ એમ નથી. પણ એ પર્યાય અંશ છે એને વ્યવહાર જાણવો જોઈએ. વ્યવહાર દેખાડ્યો છે ભગવાને કે આ છે. અને પૂર્ણ મોક્ષ થાય એ પણ ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ કેવળજ્ઞાન સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. તો એનો અર્થ થયો કે મોક્ષ પણ સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. ભાઈ! કેવળજ્ઞાન પણ સદ્ભુત વ્યવહારનયનો વિષય છે, નિશ્ચયનો વિષય નથી. જો એને કાઢી નાખો તો કેવળજ્ઞાનની પર્યાય દ્રવ્યમાં છે એમ સિદ્ધ નહિ થાય. અને પર્યાય વિનાનું દ્રવ્ય સિદ્ધ રહેશે નહિ. તો અવસ્તુ થઈ જશે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પરંતુ આવું એકાંતરૂપ વસ્તુનું સ્વરૂપ નથી;...**' એકાંત એટલે? પરમાર્થે દ્રવ્ય સ્વભાવ, ધ્રુવ સ્વભાવમાં બંધ અને મોક્ષ નથી, પર્યાય નથી. એવું જે વસ્તુનું એકાંત કહેવું જે અજ્ઞાનીનું એમ થશે. એમ એકાંત નથી. પરમાર્થે તેમાં બંધ અને મોક્ષ નથી. પણ પર્યાયમાં બંધ અને મોક્ષ છે. એમ સિદ્ધ કરવું પડશે એણે, જોવું પડશે, દેખવું પડશે. વ્યવહારનય છે તો નય વિષયી છે તેનો વિષય છે. વ્યવહારનયનો વિષય છે. એકલો પરમાર્થનયનો વિષય સિદ્ધ કરવા જાય અને વ્યવહારનયનો વિષય (ઉડાડી દે તો) વસ્તુ એવી છે નહિ. સમજાણું કાંઈ? ભારે વાત. આહાહા..!

સર્વજ્ઞની શૈલીની પદ્ધતિ સંતોએ મૂકી છે. વસ્તુ દ્રવ્ય અને પર્યાય બે થઈને આખી વસ્તુ છે. એ તો દ્રવ્ય જે ત્રિકાળ કીધું ઈ તો નિશ્ચયનયનો વિષય કીધો-પરમાર્થનો. પણ સાથે વ્યવહારનયનો વિષય જ ન હોય તો એ પર્યાય વિનાનું દ્રવ્ય જ એકાંતે ઠરે છે. વસ્તુ એવી છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? જાણવાલાયક છે. પહેલા કીધું ને. આવી ગયું. ધર્મી જીવ પોતાના જ્ઞાન સ્વભાવનું ભાન કરી અને જે પોતાની સ્વપરપ્રકાશ જ્ઞાનપર્યાય પ્રગટી, એમાં જે રાગ છે તે જ્ઞાનમાં નિમિત્ત થાય છે અને કર્મનો સંબંધ જેટલો છે નવો, એ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ અહીં જ્ઞાનમાં નિમિત્ત થાય છે, જાણવામાં નિમિત્ત થાય છે. એ જાણવામાં નિમિત્ત થાય એવી વસ્તુ ન હોય તો નિમિત્ત થાય ક્યાંથી? છે. એ વાત આપણે આવી ગઈ વિશેષ કર્તા-કર્મમાં.

ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપનું ભાન થતાં તે જ્ઞાનની પર્યાયમાં સ્વપરપ્રકાશકપણું પોતાથી પ્રગટ્યું છે તે જ્ઞાનીને જે કાંઈ રાગ છે એ જ્ઞાનમાં પ્રકાશમાં, સ્વપરપ્રકાશમાં રાગ નિમિત્ત થાય છે. અને જે બંધ પડે છે નવો એ પણ અહીં જ્ઞાનમાં નિમિત્ત થાય છે. એ પોતે નિમિત્ત થતો નથી. પણ નિમિત્ત થાય એવી ચીજ છે. અજ્ઞાની નવા કર્મ બંધાય છે, એને એ બાંધતો નથી. પણ અજ્ઞાની રાગ-દ્વેષની પર્યાયનો કર્તા થાય છે તેથી તે મિથ્યાદષ્ટિના પરિણામ તે નવા બંધનમાં નિમિત્તપણે કર્તા કહેવામાં આવે છે. ગુલાંટ ખાય છે જ્યારે વાત કે આત્મા જ્ઞાયક સ્વરૂપ છે એમ જ્યાં ભાન પર્યાયમાં થયું, પર્યાયમાં ભાન થાય છે ને, વસ્તુ તો વસ્તુ છે, ભાન તો પર્યાયમાં થાય છે ને, એ પર્યાયમાં ભાન થયું કે જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય એવી શ્રદ્ધા અને જ્ઞાન જ્યાં પ્રગટ્યા ત્યારે સ્વપરપ્રકાશક જ્ઞાન સ્વના આશ્રયથી પ્રગટ્યું. એમાં જે સ્વપરપ્રકાશક જ્ઞાન પ્રગટ્યું તેમાં બાકી રહેલો વ્યવહાર રાગ, કર્મનો સંબંધ એ આ જ્ઞાનમાં નિમિત્ત થાય છે. એ જ્ઞાન એને જાણે છે કે આ વ્યવહાર તરીકે પર છે. છે એટલું. સમજાણું કાંઈ? નથી એમ કહે તો તારા જ્ઞાન ઉપર સ્વપરપ્રકાશમાં એ રાગ અને વસ્તુનું જ્ઞાન થતું ઊભું થાય છે. એને ના પાડવા જાય તો અહીં ના પડશે. ઝીણી વાતું ભારે ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ વસ્તુ એવી છે ને, પંડિતજી! વસ્તુ તો એવી છે. વસ્તુ એવી છે. પંડિતજી કહે છે, મામલો તો નાજુક હતો. વાત એવી છે, ભગવાન! વસ્તુ એવી છે. આત્મા પરમાર્થે તો વસ્તુ જ છે. પણ વ્યવહાર ન હોય તો પર્યાય વિનાનું દ્રવ્ય પણ સિદ્ધ નહિ થાય. અવસ્તુ ઠરશે. વ્યવહારનો વિષય છે, વિષય છે. સમજાય છે કાંઈ? એ માટે આ ૪૬મી ગાથા લીધી છે.

મુમુક્ષુ :- .. માનતા નથી.

ઉત્તર :- ભાઈ! એ વ્યવહાર નથી માનતા તો વ્યવહાર નહિ તો પર્યાય નથી તો દ્રવ્ય પણ નથી તો. અરે..! શું થાય?

મુમુક્ષુ :- નાજુક મામલો છે ને.

ઉત્તર :- પંડિતજીએ બરાબર કહ્યું. પંડિતજી પ્રસન્ન છે. વાત જ એવી છે, પ્રભુ! માર્ગ જ એવો છે એમાં કોઈનો પક્ષપાત ક્યાં છે? વસ્તુ નહિતર તો વેદાંત થઈ જશે. એકલો દ્રવ્ય કૂટસ્થ... કૂટસ્થ... કૂટસ્થ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... પછી પર્યાય... પર્યાય છે નહિ એમાં? કારણ કે જાણનારી તો પર્યાય છે. ધ્રુવને જાણનાર તો પર્યાય છે. ધ્રુવને જાણનાર ધ્રુવ છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શું કીધું? ધ્રુવનો નિર્ણય કરનાર કોણ છે? એ તો પર્યાય નિર્ણય કરનાર છે. ઉત્પાદ નિર્ણય કરે છે. નિર્ણય કરનાર પર્યાય જ ન હોય તો વ્યવહાર ન રહ્યો. વ્યવહાર ન રહ્યો તો એ નિર્ણય કરનારો, ધ્રુવનો નિર્ણય કરનારો રહ્યો નહિ. તો ધ્રુવ પણ રહેશે નહિ, ધ્રુવ પણ નહિ રહે. આહાહા..! ભારે વાત પણ.

**મુમુક્ષુ** :- ...

ઉત્તર :- આધીન ક્યાં છે? આધીનની વાત ક્યાં છે? **નિશ્ચયનયનો આશ્રય** લીધો અને જે પર્યાય પ્રગટી એને જાણવાલાયક છે વ્યવહાર એમ કહ્યું. છે એમ કહ્યું. આશ્રય-ફાશ્રયની વાત ક્યાં છે? બહુ સ્પષ્ટ કર્યું.

બંધ-મોક્ષ પર્યાયમાં છે. કે ધ્રુવમાં છે? બેય પર્યાય છે. મોક્ષ પર્યાય, મોક્ષનો માર્ગ પર્યાય અને નિશ્ચય મોક્ષમાર્ગ પણ પર્યાય છે. વીતરાગી પર્યાય છે તે પર્યાય છે તે પર્યાયનય છે ને પર્યાયનય કહો કે વ્યવહારનય કહો. જો એ વ્યવહારનય નથી તો પર્યાય નથી તો પછી દ્રવ્ય પણ નથી. માટે દ્રવ્યનો આશ્રય કરીને જે પર્યાય પ્રગટી તેને વ્યવહારનયે જાણેલો પ્રયોજનવાન ૧૨ (ગાથામાં) કીધું એ યથાર્થ સિદ્ધ કર્યું છે. '**तदात्वे**' જાણેલો છે ને, પંડિતજી! '**तदात्वे**' શબ્દ છે. જાણેલો પ્રયોજનવાન છે. એ અહીં વિશેષ સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ?

જુઓ! આત્મા પરમાર્થે તો ધ્રુવ છે. પાછો દાખલો પણ આપી દેશે. એક વસ્તુ કાંઈ સમગ્ર રાગમાં વ્યાપતી નથી. એમ કહેશે. પાછું તરત જ કહેશે. ૪૭માં. ૪૭-૪૮માં. પર્યાયમાં પર્યાય તરીકે, ખંડ તરીકે રાગાદિ છે અને તેનો અભાવ થઈને પર્યાયમાં મુક્તિની પર્યાય પ્રગટ થાય, કેવળજ્ઞાન પ્રગટ થાય, કેવળજ્ઞાન અંશ તે સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે. જો વ્યવહારનયનો વિષય ન હોય તો કેવળજ્ઞાન પણ નહિ રહે. પર્યાય નહિ રહે તો પછી દ્રવ્ય પણ નહિ રહે. પણ એનો અર્થ એવો નથી કે પર્યાય છે માટે દ્રવ્યની સિદ્ધિ પર્યાયથી, પર્યાયને આશ્રયે, દ્રવ્યની સિદ્ધિ થાય છે. એટલે કે દ્રવ્યનો આશ્રય લેવાય છે પર્યાયને આશ્રયે એમ નહિ. પર્યાય સીધો દ્રવ્યનો આશ્રય લે છે. એકદમ પર્યાય દ્રવ્યનો આશ્રય લે છે ત્યારે એ પર્યાય પ્રગટેલી તેને વ્યવહારનયનો વિષય કહેવામાં આવે છે. એ વસ્તુ એવી છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. કાંઈ ભગવાને કહ્યું છે માટે એમ નથી. એમ છે એમ કહ્યું છે. આમ છે ભાઈ! તું એમ જ ઉડાડી દે કે પરમાર્થે આત્મા બંધ-મોક્ષ રહિત છે તો એકલો બંધ-મોક્ષ રહિત એકલું રહે. તો પછી બંધ કોને? મોક્ષ કોને અને એનો પ્રયત્ન કોને? રાગ સાબિત જ ન થાય એની પર્યાયમાં વ્યવહારનો વિષય તો રાગ ટાળવો, રાગ છોડવો એ ક્યાં રહ્યું? આહાહા..! વીતરાગના નયનો વિષય ગજબ વાત છે! એ વીતરાગ સિવાય આવું ક્યાંય ત્રણ કાળમાં હોઈ શકે નહિ. વેદાંત-વેદાંત. એકલો આત્મા... એકલો આત્મા.. નિર્વિકલ્પ આત્મા... અનુભવ આત્મા... એકલો ધ્રુવ... ધ્રુવ. એમ પણ ધ્રુવ-ધ્રુવ ક્યાંથી આવ્યો? પર્યાયમાં પર્યાયપણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પર્યાય છે એમ સાબિત કર્યા વિના પર્યાય આશ્રય લેશે કોનો? સમજાય છે કાંઈ? આશ્રય લેનાર તો પર્યાય છે. આશ્રય દેનાર ધ્રુવ છે. એ ધ્રુવ એ પરમાર્થ વસ્તુ છે કે જેમાં પર્યાય નથી. ઉત્પાદ-વ્યય જ નથી.

સંસારનો ઉત્પાદ એ પણ વ્યવહારનો વિષય અથવા મોક્ષનો ઉત્પાદ વ્યવહારનો વિષય, સંસારનો વ્યય, વ્યય એ પણ વ્યવહારનો વિષય. સમજાણું કાંઈ? એ આપણે 'પરમાત્મપ્રકાશ'માં ઘણું આવી ગયું છે. ૬૮ ગાથામાં. **'बंधु ण मोक्खु करेइ।'** આત્મા બંધ-મોક્ષને કરતો જ નથી. દ્રવ્ય સ્વભાવ શું કરે? પણ પર્યાયમાં બંધ-મોક્ષ નથી. ખલાસ થઈ ગઈ. વ્યવહારનયનો વિષય જ રહેતો નથી. સમજાય છે કાંઈ? પરમપારિણામિકભાવ નિશ્ચય છે એમાં તો બંધ-મોક્ષ પણ નથી. એ તો મુક્ત સ્વરૂપ ત્રિકાળ એકરૂપ છે. પરમસ્વભાવ મુક્તસ્વરૂપ ત્રિકાળ એકરૂપ. હવે આ જે મોક્ષ અને બંધની ક્રિયા છે એ તો પર્યાયમાં છે. બંધની ક્રિયા, મોક્ષમાર્ગની ક્રિયા અને મોક્ષની ક્રિયા એ તો પર્યાયમાં છે. જો પર્યાય ન હોય તો દ્રવ્ય ક્યાં રહ્યું? અવસ્તુ ઠરશે. સમજાય છે કાંઈ? આહાહા..! જુઓ!

**'આમ, પરમાર્થથી જે સંસાર-મોક્ષ બંનેનો અભાવ કહ્યો છે તે જ એકાંતે ઠરશે.'** એકાંતે ઠરશે એમ નથી. **'પરંતુ આવું એકાંતરૂપ વસ્તુનું સ્વરૂપ નથી; અવસ્તુનું શ્રદ્ધાન,...'** દેખો! પર્યાય છે તે વ્યવહારનો વિષય છે એવું જો કબુલે નહિ તો વસ્તુ એવી નથી. તો અવસ્તુની શ્રદ્ધા, અવસ્તુનું જ્ઞાન, અવસ્તુનું આચરણ, અવસ્તુરૂપ જ ઠરે છે. એમાં કોઈ વસ્તુ પર્યાય સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ? આહાહા..!

મુનિઓએ કેટલી વાત સરળ કરી દીધી છે ટીકા કરીને. સંતોએ માર્ગ સરળ કરી દીધો. 'અમૃતચંદ્રચાર્ય'ની ટીકા ગજબ વાત! આ ભરતક્ષેત્રમાં આવી ટીકા કોઈએ કરી નથી અને કોઈ છે બીજી નહિ. એવી ટીકા તે માર્ગને આમ સનાતન સત્યને ઊભું રાખ્યું છે. વેદાંતી એકલા આત્માને દેખે એમ પણ નથી. એકલો પર્યાયને એકલો લઈને ધ્રુવનો આશ્રય ન લે તો એ પણ વસ્તુ નથી. સમજાણું કાંઈ? આહા..!

શું કહે છે? એકલો આત્મા, જે આત્મા વસ્તુ છે, ધ્રુવ એ તો બંધ-મોક્ષરહિત છે. પરમાર્થનયના વિષયમાં તો બંધ-મોક્ષ, રાગ-દ્વેષ અને મોક્ષ ઠરતો નથી. પરમાર્થનયનો વિષય તો ધ્રુવ એકને બતાવે છે. પણ તેની સાથે વર્તમાન પર્યાયનો વિષય એવો વ્યવહારનયને ન જ માને, વ્યવહારનય ન જ જાણે, એનો વિષય નથી એમ કહે તો અવસ્તુ ઠરશે. વસ્તુ એવી નથી. અવસ્તુ થતાં અવસ્તુનું શ્રદ્ધાન. કારણ કે પર્યાય નથી ત્યાં અવસ્તુ થઈ. અવસ્તુનું શ્રદ્ધાન, અવસ્તુનું જ્ઞાન, અવસ્તુનું આચરણ એ ત્રણે અવસ્તુરૂપ છે. સમજાણું કાંઈ? પણ પર્યાયવાળું દ્રવ્ય છે, પર્યાય દ્રવ્યનો આશ્રય લે છે. દ્રવ્ય છે તે પરમાર્થ છે. પ્રગટેલી પર્યાય તે વ્યવહારનયનો વિષય છે. બે થઈને પ્રમાણની વસ્તુ છે. બે થઈને પ્રમાણની વસ્તુ છે. આખી વસ્તુ જો આમ સિદ્ધ ન થાય તો તેની શ્રદ્ધા અવસ્તુ ઠરશે. શ્રદ્ધા પર્યાય છે. એટલે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શ્રદ્ધા તો માનતો નથી, પર્યાય તો માનતો નથી. સમજાય છે? અને જ્ઞાન પણ પ્રગટેલું પર્યાય વ્યવહારનો વિષય છે. ચારિત્રનો પર્યાય વ્યવહારનો વિષય છે. પર્યાય છે ને? ભેદ છે ને? ત્રિકાળની અપેક્ષાએ. કેવળજ્ઞાન જ્યાં વ્યવહારનો વિષય છે ત્યાં આ શું? સમજાણું કાંઈ?

અવસ્તુનું શ્રદ્ધાન. પર્યાય વિનાનું દ્રવ્ય (હોય) તો પર્યાયની વસ્તુ રહી જ નહિ. **'અવસ્તુનું શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ અવસ્તુરૂપ જ છે. માટે વ્યવહારનયનો ઉપદેશ ન્યાયપ્રાપ્ત છે.'** આ વાત છે, હોં! વ્યવહાર દર્શાવવો ન્યાયપ્રાપ્ત છે એટલી વાત પાઠમાં લીધી છે. ટીકામાં એમ લીધું, ન્યાય છે ને? ન્યાયસંગત જ છે. દર્શાવવો ન્યાયસંગત છે. પર્યાયને ન જ માને, પર્યાય છે જ નહિ, વ્યવહારનો વિષય છે જ નહિ (એ) અન્યાય છે. ન્યાયસંગત નથી. સમજાણું કાંઈ?

**'માટે વ્યવહારનયનો ઉપદેશ ન્યાયપ્રાપ્ત છે. આ રીતે સ્યાદ્વાદથી બન્ને નયોનો વિરોધ મટાડી...'** દેખો! અપેક્ષાથી પરમાર્થમાં એ નથી, વ્યવહારમાં એ છે, વ્યવહારમાં એ છે, પરમાર્થમાં નથી. એમ **'સ્યાદ્વાદથી બન્ને નયોનો વિરોધ મટાડી શ્રદ્ધાન કરવું તે સમ્યક્ત્વ છે.'** સમજાણું કાંઈ? લ્યો, એ વ્યવહાર આવ્યો. ભાવાર્થ થઈ ગયો.

હવે પૂછે છે કે પણ વ્યવહારને આટલો બધો, એકમાં આટલા બધા ભંગ કેટલા? વળી પાછો કહે કે એકરૂપ આત્મા છે એ કાંઈ વ્યવહારમાં આવ્યો નથી. આખું ધ્રુવ નથી આવ્યું. પર્યાયના ભંગભેદ પડ્યા છે.

**'હવે શિષ્ય પૂછે છે કે આ વ્યવહારનય ક્યા દૃષ્ટાંતથી પ્રવર્ત્યો છે?'** આટલા બધા પર્યાયના ભેદ રાગ, દ્વેષ, પુણ્ય, પાપ પર્યાય આદિ ભાગ ક્યાંથી પ્રવર્ત્યો? **'તેનો ઉત્તર કહે છે :-'**

**राया हु णिग्गदो त्ति य एसो बलसमुदयस्स आदेसो।**
**ववहारेण दु वच्चदि तत्थेक्को णिग्गदो राया।।४७।।**
**एमेव य ववहारो अज्झवसाणादिअण्णभावाणं।**
**जीवो त्ति कदो सुत्ते तत्थेक्को णिच्छिदो जीवो।।४८।।**

આહાહા..! વ્યવહારનો વિષય બતાવ્યો પણ વ્યવહાર કઈ રીતે પ્રવર્ત્યો એનું દૃષ્ટાંત કહે છે.

**નિર્ગમન આ નૃપનું થયું'-નિર્દેશ સૈન્યસમૂહને,**
**વ્યવહારથી કહેવાય એ, પણ ભૂપ એમાં એક છે; ૪૭.**
**ત્યમ સર્વ અધ્યવસાન આદિ અન્યભાવો જીવ છે,**
**-સૂત્રે કર્યો વ્યવહાર, પણ ત્યાં જીવ નિશ્ચય એક છે. ૪૮.**

પર્યાયનયનો વિષય સિદ્ધ કર્યો. એમાંથી તારવવો એકલો જીવ તે નિશ્ચય જીવ છે. ઓલો વ્યવહાર જીવ છે. આહાહા..! આ કેવળજ્ઞાનનો પર્યાય એ વ્યવહારનયનો જીવ છે. જૈનદર્શન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તે કાંઈ વસ્તુ છે! મોક્ષનો એક સમયનો પર્યાય એ વ્યવહારનયનો જીવ છે. નિશ્ચયનયનો જીવ તો ધ્રુવ ત્રિકાળ છે. વાહ રે વાહ! સંતોની પદ્ધતિ, કથનની રીત ટૂંકામાં ગાગરમાં સાગર સમાડી દે છે. એવી વાત ક્યાંય ત્રણ કાળમાં ત્રણ લોકમાં સર્વજ્ઞ અને સંતો દિગંબર મુનિઓ સિવાય હોઈ શકે નહિ. વસ્તુનું સ્વરૂપ એ છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ટીકા :- જેમ આ રાજા પાંચ યોજનના ફેલાવથી નીકળી રહ્યો છે...**' એમ કહે ને. ઓહોહો..! કેટલું લશ્કર રાજાનું! રાજા નીકળ્યો છે તો પાંચ ગાઉમાં નીકળ્યો છે. નીકળી છે સેના. '**આ રાજા પાંચ યોજનના ફેલાવથી નીકળી રહ્યો છે...**' રાજા ફેલાવથી નીકળી રહ્યો છે. ભાષા જુઓ! '**એમ કહેવું તે, એક રાજાનું પાંચ યોજનમાં ફેલાવું અશક્ય હોવાથી,...**' એક રાજાનું પાંચ યોજનમાં-ક્ષેત્રમાં, એક રાજા પાંચ યોજનમાં ફેલાય તે અશક્ય છે. ધ્યાન રાખજો હોં! આત્મામાં ન્યાય આપશે.

'**વ્યવહારી લોકોનો સેનાસમુદાયમાં...**' વ્યવહારી લોકોનો સેનાસમુદાયમાં '**રાજા કહેવારૂપ વ્યવહાર છે;...**' '**વ્યવહારી લોકોનો સેનાસમુદાયમાં...**' ભાષા આમ છે. '**સેનાસમુદાયમાં રાજા કહેવારૂપ વ્યવહાર છે; પરમાર્થથી તો રાજા એક જ છે,...**' રાજા કાંઈ પાંચ યોજનમાં ફેલાણો છે? સેના સમુદાય કાંઈ રાજા નથી. સેના સમુદાય કાંઈ રાજા નથી. આહાહા..! '**(સેના રાજા નથી); તેવી રીતે આ જીવ...**' ધ્યાન રાખજો. '**સમગ્ર રાગગ્રામમાં...**' અહીં તો બસ રાગ ગ્રામ-સમૂહ. ગ્રામ આવ્યું ને પંડિતજી આપણે? ગ્રામ-સમૂહ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ આવ્યું.

'**જીવ સમગ્ર રાગગ્રામમાં (-રાગનાં સ્થાનોમાં)...**' એ ભાષા છે. '**આ જીવ સમગ્ર રાગગ્રામમાં...**' એટલે બધા વિકલ્પની જાતમાં-પ્રકારમાં '**(-રાગનાં સ્થાનોમાં) વ્યાપીને પ્રવર્તી રહ્યો છે એમ કહેવું...**' જોયું! જેમ રાજા સેનામાં પ્રવર્તે છે અને પાંચ યોજનમાં રાજા ફેલાય છે એમ વ્યવહારી લોકોનું સેનામાં રાજાનું કહેવું જે વ્યવહાર છે, તેમ ભગવાન આત્મા એકરૂપ ચૈતન્ય પ્રભુ એ રાગના અનેક પ્રકાર પુણ્ય-પાપ, વિકલ્પ આદિના ભેદો એમાં વ્યાપીને રહ્યો એમ કહેવું '**તે એક જીવનું સમગ્ર રાગગ્રામમાં વ્યાપવું અશક્ય હોવાથી,...**' એક જીવદ્રવ્ય કાંઈ સમગ્ર રાગમાં વ્યાપીને રહેતો નથી. રાજા જેમ સેનામાં આવતો નથી. એમ ભગવાન આત્મા એકરૂપ છે એ કાંઈ રાગના ભંગમાં આવતો નથી. પર્યાયનયના ભંગમાં એકરૂપ કાંઈ આવતું નથી.

આઠ બોલ હતા ને જે અધ્યવસાન આદિ. પુણ્ય, પાપ, હરખ, શોક, કર્તાપણું આદિ. એ બધા વિકલ્પોની જાત સમૂહ તેમાં વ્યાપીને પ્રવર્તી રહ્યો એમ કહેવું તે '**એક જીવનું સમગ્ર રાગગ્રામમાં વ્યાપવું અશક્ય હોવાથી,...**' ભગવાન જ્ઞાયકભાવરૂપે પરમાત્મા પોતે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ રાગના અનેક પ્રકારમાં આવ્યો કહેવું એ વ્યવહાર છે. સમજાણું? '**વ્યવહારી લોકોનો અધ્યવસાનાદિક અન્યભાવોમાં જીવ કહેવારૂપ વ્યવહાર છે;...**' ભાષા દેખો! જેમ ઓલો વ્યવહારી લોકોનો સેના સમુદાયમાં રાજા કહેવો એ વ્યવહાર છે. વ્યવહારી લોકોનો. એમ વ્યવહારી લોકોનો એટલે પર્યાયનું લક્ષ જ્યાં છે, એના ભેદોને જાણે છે એવા '**વ્યવહારી લોકોનો અધ્યવસાનાદિક અન્યભાવોમાં જીવ કહેવારૂપ વ્યવહાર છે;...**' એ પર્યાય છે તે વ્યવહાર છે જાણવું એ. પરમાર્થથી તો જીવ એક જ છે.

ભગવાન આત્મા એ અધ્યવસાન આદિ ભાવથી રહિત એકલો જીવ છે તેને ભગવાને પરમાર્થે જીવ કહ્યો છે. જુઓ! ત્યાં રાગાદિની પર્યાય સ્થાપી. અહીં કાઢી નાખી. વસ્તુમાં છે નહિ. પર્યાયમાં છે એમ એણે જાણવું જોઈએ વ્યવહારે, એમ. સમજાણું કાંઈ? રાજા પાંચ યોજનમાં ફેલાઈને નીકળ્યો એવી સેનામાં રાજા આવ્યો. એમ સેનામાં વ્યવહારી લોકોનું રાજાનું કથન છે. ખરેખર સેનામાં એ રાજા આવ્યો નથી.

એમ ભગવાન આત્મા રાગની અનેક પ્રકારની વિવિધ વિચિત્રતાના વિકલ્પમાં આત્મા આવ્યો એમ કહેવું એ વ્યવહારી લોકોનો પર્યાયનયના વિષયમાં જાણવા માટેનો વિષય છે. વસ્તુ એ છે નહિ. એકરૂપ ચૈતન્ય દ્રવ્ય તે વિકલ્પના અનેક ભેદમાં કોઈ દિ' આવતો નથી. આહાહા..! વ્યવહાર સ્થાપ્યો અને વળી વ્યવહાર સ્વભાવમાં નથી (એમ કહ્યું). આહાહા..! વ્યવહાર સ્થાપ્યો ખરો. જાણવા યોગ્ય રાગાદિ છે. બંધ-મોક્ષના પરિણામ છે, રાગ છે, સંસાર છે. પણ એટલા બધા સંસારની વિચિત્રતાના રાગમાં ભગવાન એકલો વ્યાપી જાય એમ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આઠેય બોલ કીધા ને? અધ્યવસાય, શરીર આદિ આઠેય બોલ લીધા. શરીર અને આત્મા બે ભેગા, આઠ કર્મ ભેગું થઈને આત્મા થવો, એવું બધું (આવ્યું). ભગવાન તો આત્મા એકરૂપ જ્ઞાયક છે.

'**વ્યવહારી લોકોનો અધ્યવસાનાદિક અન્યભાવોમાં...**' અન્યભાવો, દેખો! એ ધ્રુવ સ્વભાવથી અન્ય વિકારી અનેક પ્રકારના ભાવોમાં '**જીવ કહેવારૂપ વ્યવહાર છે; પરમાર્થથી તો જીવ એક જ છે, (અધ્યવસાનાદિક ભાવો જીવ નથી)**.' વળી પહેલા કીધા કે જીવ નથી. પછી કહ્યા કે પર્યાયમાં છે, વળી કહે છે કે નથી. એ વાત નિશ્ચયમાં છે નહિ, વ્યવહારમાં છે એ સમુદાયના અંશમાં એકરૂપ આવ્યો નથી. પણ વ્યવહાર તેને જાણેલો પ્રયોજનવાન છે. આહાહા..! કથનની પદ્ધતિ તે પદ્ધતિ છે ને. વીતરાગ સ્વરૂપ વીતરાગ સ્વરૂપ જેવું છે ચૈતન્યનું એ રીતે સિદ્ધ કરે છે. સમજાણું?

ઓલામાં આવતું નથી? 'સમયસાર'માં આવે છે ને? ૪૨૪ પાને. નહિ? ટીકામાં 'જયસેનાચાર્ય'ની. પરિણામિકભાવમાં તો બંધ-મોક્ષની ક્રિયા પણ નથી. આવે છે ને? '**अयं तु व्यक्तिरूपमोक्षविचारो वर्तते। तथा चोक्तं सिद्धांते-'निष्क्रियः शुद्धपारिणामिकः' निष्क्रिय इति कोऽर्थः? बंधकारणभूता या क्रिया रागादिपरिणतिः, तद्रूपो न भवति।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**मोक्षकारणभूता च क्रिया शुद्धभावनापरिणतिस्तद्रूपश्च न भवति।**' પરિણામિકભાવ જે ત્રિકાળ છે. જુઓ! કેટલું સ્પષ્ટ કર્યું છે! ૩૨૦ ગાથા. '**जहेव दिट्ठी**'

**दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव।**
**जाणइ य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव।।३२०।।**

એમાં 'જયસેનાચાર્યે' કહ્યું છે. શુદ્ધ પારિણામિકભાવ વસ્તુ, એમાં નિષ્ક્રિય શુદ્ધ પરિણામિક છે. '**निष्क्रिय इति कोऽर्थः?**' શુદ્ધ પારિણામિકભાવ નિષ્ક્રિય છે, જે નિશ્ચયનયનો વિષય, સમકિતનો વિષય. પારિણામિકભાવ નિષ્ક્રિય છે. નિષ્ક્રિયનો શો અર્થ છે ? '**बंधकारणभूता या क्रिया रागादिपरिणतिः, तद्रूपो न भवति।**' રાગાદિરૂપ ત્રિકાળી નિષ્ક્રિય પારિણામિકભાવ નથી થતો. '**मोक्षकारणभूता च क्रिया शुद्धभावनापरिणतिस्तद्रूपश्च न भवति।**' એ રૂપે '**न भवति।**' '**ततो न्यायते शुद्धपारिणामिकभावो ध्येयरूपी भवति ध्यानरूपो न भवति।**' ધ્યાન તો પર્યાય છે. શુદ્ધ પારિણામિક ધ્યેયરૂપ ત્રિકાળ ધ્યેય. ધ્યાન તો પર્યાય છે. પર્યાય તો નાશ થશે. સમજાય છે કાંઈ? બહુ સરસ લીધું. બસ, એ જ મૂક્યું છે, જુઓ ભાઈ! '**ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ।**' 'પરમાત્મપ્રકાશ'ની ગાથા જ મૂકી છે અહીં. હમણાં જે વાંચી ૬૮મી ઈ. '**जिउ परमत्थें जोइया जिणवरु एउँ भणेइ**'.

ભગવાન પરમાત્મા જે સમ્યગ્દર્શનનો વિષય પરમ સ્વભાવભાવ એમાં તો બંધ અને મોક્ષની ક્રિયા છે નહિ. કારણ કે દ્રવ્યમાં ક્યાં બંધ-મોક્ષની ક્રિયા છે, ક્રિયા તો પર્યાયમાં છે. પર્યાય છે એ પરમપારિણામિકભાવ નથી. સમજાય છે? ઉદયભાવ બંધ ક્રિયા, બંધ કારણ. ઓલા ક્ષયોપશમ આદિ મોક્ષનું કારણ. પણ એ પર્યાયમાં છે. નિષ્ક્રિય વસ્તુમાં એ પર્યાય નથી. પણ પર્યાયમાં પર્યાય છે તેમ તેણે બરાબર જાણવું જોઈએ. જાણવું જોઈએ માટે અહીં સિદ્ધ કર્યું છે. બસ, એટલું. સમજાણું કાંઈ? ઓહોહો..! ચારે કોરથી શાસ્ત્ર દેખો! વસ્તુની સિદ્ધિ જેમ છે તેમ સિદ્ધ કરી દીધું. એમાં ક્યાંય પૂર્વાપર વિરોધપણું આવે એવું ક્યાંય છે નહિ. વસ્તુ એવી છે ત્યાં વિરોધ ક્યાંથી હોય? કહો, સમજાણું?

ભગવાન આત્મા... રાજા પાંચ યોજનમાં વિસ્તારપણે ફેલાઈને આવી શકતો નથી. સેનામાં રાજા આવે એમ બનતું નથી. એમ ભગવાન આત્મા એક સ્વરૂપ બધા વિકલ્પમાં આવે, એ વિકલ્પરૂપી સેનામાં રાજા આવે એમ નથી. એમ ભગવાન એકરૂપ પ્રભુ એ વિકલ્પના અનેક ભેદોમાં આવે એમ બનતું નથી. પર્યાયમાં છે તે પર્યાયમાં છે. દ્રવ્યમાં છે તે પર્યાયમાં આવતું નથી. દ્રવ્ય છે તે પર્યાયમાં આવતું નથી એમ કહેશે. સમજાણું કાંઈ? જ્યાં સુધી એને પૂર્ણ વીતરાગતા થઈ નથી ત્યાં સુધી એને વ્યવહારનયનો વિષય જાણવાલાયક છે. પૂર્ણ થઈ ગયું પછી તો પ્રમાણજ્ઞાન આખું થઈ ગયું. એને નય રહેતી નથી. નય તો શ્રુતજ્ઞાનીને હોય. તો કહે છે કે આખા રાગ ગ્રામમાં આત્મા વ્યાપે એમ નથી. આત્મા એકરૂપ છે એવી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દૃષ્ટિ અને આમાં વ્યાપેલો નથી આત્મા. છતાં એ પર્યાય છે તેને વ્યવહારનયનો વિષય જીવ ગણીને જાણવાલાયક છે. સમજાણું કાંઈ?

**'હવે શિષ્ય પૂછે છે કે અધ્યવસાનાદિ ભાવો છે તે જીવ નથી તો તે એક, ટંકોત્કીર્ણ,...'** લ્યો! આ પુણ્ય-પાપના વિકલ્પ એ આત્મા નહિ. રાગ-દ્વેષ એ આત્મા નહિ, એ તો આસ્રવતત્ત્વ થયું. તો પછી **'એક, ટંકોત્કીર્ણ...'** એક છે ને. ઓલા તો અનેક પ્રકાર કીધા હતા ને? અનેક પ્રકાર રાગગ્રામ. એ જીવ નહિ. એમાં આખો જીવ આવતો નથી. ધ્રુવસ્વરૂપ પરમાર્થ જીવ નહિ. તો **'પરમાર્થસ્વરૂપ જીવ કેવો છે?'** પાછું એ લાવીને મૂક્યું. રાગ જણાવ્યો, જ્ઞાન કરાવ્યું કે છે. જાણેલો પ્રયોજનવાન છે. જાણવું જોઈએ, વિષય છે એવું બરાબર જાણવું. તે તે પર્યાયને તે પ્રકારે ન જાણે તો તો જ્ઞાન ખોટું ઠર્યું. સમજાણું?

છઠ્ઠા ગુણસ્થાનમાં વ્યવહાર કેવો હોય? કે એની નિર્મળ દશા ત્રણ કષાયના અભાવની હોય અને એને વિકલ્પ આહાર, પાણી આદિ લેવાનો એટલો જ હોય. બસ, એ પ્રકારનો વ્યવહાર એનો હોય. એણે એ પ્રકારના વ્યવહારને જાણવું જોઈએ. સમજાય છે? આગળ જાવ તો અસદ્‌ભુતનયે નગ્ન દશા હોય. અસદ્‌ભુતના સંબંધે. તેને એણે જાણવું જોઈએ. બસ એટલું. સમજાણું કાંઈ? એ વ્યવહારનયના ત્રણ કષાયના અભાવનું મુનિપણું એ વીતરાગ પર્યાય ત્યાં છઠ્ઠે ગુણસ્થાને એ દશા એટલી હોય. એટલી હોય તેને એ વિકલ્પ અમુક મર્યાદાવાળો જ હોય. આહાર-પાણી લેવાનો કે સાંભળવાનો કે એ મર્યાદાવાળો. એવો વ્યવહાર તે કાળે બરાબર એને આવો જ હોય એમ જાણવું જોઈએ. એ સિવાય આડોઅવળો બીજો વ્યવહાર હોય એમ નહિ. સમજાણું કાંઈ? માટે વ્યવહાર તે કાળે જાણેલો પ્રયોજનવાન (છે). તેની હદ પ્રમાણે જે મર્યાદા રાગ અને નિર્મળતાની છે અને બહારના સંબંધના અભાવ અને સંબંધ જેટલો. ગૃહસ્થાશ્રમ હોય તો પંચમ ગુણસ્થાનમાં બે કષાયનો અભાવ છે તો એટલી પરિણતિને બરાબર વ્યવહારનયથી એને જાણવી જોઈએ. એ વ્યવહારનો વિષય છે. રાગ આવ્યો એને એ પ્રકારના, હજી બે છે ને બીજા કષાય? એને પણ જાણવું જોઈએ. અને એને સંબંધ પણ એ પ્રમાણે સ્ત્રી આદિનો સંબંધ હોય છે, ધંધા આદિનો સંબંધ હોય છે ને નિમિત્ત તરીકે? વીતરાગદશા થઈ ત્યારે એને રાગની મંદતા થઈ ગઈ, સ્ત્રી આદિનો સંબંધ કે વસ્ત્રાદિનો સંબંધ નિમિત્તપણે પણ રહ્યો નહિ. એવું એણે જ્ઞાન કરવું જોઈએ બસ, બરાબર. એવું જ્ઞાન બરાબર ન કરે તોપણ દ્રવ્ય વસ્તુની સિદ્ધિને સાબિત કરી શકે નહિ. અને એનો આશ્રય લેવા જાય તો આત્માને લાભ છે નહિ. આહા..!

વસ્તુ અને વસ્તુની પર્યાય, વસ્તુ અને એનો સંસારભાવ, વસ્તુ અને એનો મોક્ષમાર્ગ, વસ્તુ અને એની મોક્ષ પર્યાય બેય સિદ્ધ કરી દીધી. જાણેલી... જાણેલી... જાણવું... જાણવું... જાણવું... વ્યવહાર દેખાડ્યો. જિનવરના ઉપદેશમાં વર્ણવ્યો. જિનવરના ઉપદેશમાં વર્ણવ્યો વ્યવહાર દેખાડ્યો. સમજાય છે કાંઈ? છતાં ભગવાન આત્મા જ્યારે રાગાદિ બધામાં નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ વ્યવહાર દેખાડ્યો પણ વ્યવહારમાં ઓલો નિશ્ચય આત્મા નથી આવતો એમ કહે છે. એવા ભંગભેદમાં નિશ્ચય આત્મા આવતો નથી. પરમાર્થ આત્મા. ત્યારે આપે તો કહ્યું, રાગાદિ આત્મા જીવ જ નહિ. એટલે વ્યવહાર જીવ તે જીવ નથી. આહાહા..! તો નિશ્ચયજીવ **'એક, ટંકોત્કીર્ણ, પરમાર્થસ્વરૂપ જીવ કેવો છે?'** એકરૂપ પરમાર્થ જીવ તેને આપ ભગવાન શું કહો છો? કોને કહો છો? **'તેનું લક્ષણ શું છે? એ પ્રશ્નનો ઉત્તર કહે છે :-'** આવી જિજ્ઞાસા હોય એને આ ગાથા કહેવામાં આવે છે. આવી શૈલી 'અમૃતચંદ્રાચાર્યે' રચી છે. સમજાણું કાંઈ?

ગાથા ઘણી ઊંચી છે અને આ ગાથા મૂળ જૂની છે. 'સમયસાર'માં છે, 'પ્રવચનસાર'માં છે, 'નિયમસાર'માં છે, 'પંચાસ્તિકાય'માં છે, 'ભાવપાહુડ'માં છે, 'ધવલ'માં છે. આ ગાથા. બધું લખી લીધું છે. 'ધવલ' ભાગ-૩, પ્રશ્ન-૨, 'ભાવપાહુડ' ગાથા ૬૪, 'પંચાસ્તિકાય' ગાથા-૧૨૭, 'નિયમસાર' ગાથા-૪૬, 'પ્રવચનસાર' ગાથા-૧૭૨. આ ગાથા એટલા ઠેકાણે આવી છે. એવી ઊંચી જૂની ગાથા છે આ. ખાસ. ધવલમાં પણ આ ગાથા આવી છે. સમજાણું? અને આ ભગવાનના ચારેય શાસ્ત્રમાં. 'પ્રવચનસાર', 'નિયમસાર', 'પંચાસ્તિકાય', 'ભાવપાહુડ'. ભાવપાહુડમાં પણ આવી છે. એવી આ ઊંચી તદ્દન આત્માની.. ભાવપાહુડ ૬૪.

મુમુક્ષુ :- 'ધવલ'માં કેટલામાં પાને?

ઉત્તર :- 'ધવલ' ભાગ ત્રીજાનો પ્રશ્ન બીજો. એમ લખ્યું છે આમાં. તે દિ' લખાવ્યું હતું. બહુ ઊંચી આ ગાથા છે. એકલું પરમાર્થ જીવનું સ્વરૂપ. વ્યવહાર જણાવ્યો. જાણવાલાયક. પણ વસ્તુ સ્વરૂપ જે પરમાર્થ જીવ છે તેની દૃષ્ટિ કરવી એ વસ્તુ છે. એટલે આ ગાથા જરી ઘણી સૂક્ષ્મ રીતે કહે છે.

**अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।४८।।**

**જીવ ચેતનાગુણ, શબ્દ-રસ-રૂપ-ગંધ-વ્યક્તિવિહીન છે,**
**નિર્દિષ્ટ નહિ સંસ્થાન જીવનું, ગ્રહણ લિંગ થકી નહીં. ૪૯.**

એક લિંગ થકી નહીં એના ૧૭૨ ગાથામાં ૨૦ બોલ ઉતાર્યા છે. 'પ્રવચનસાર'માં. અહીં બહુ નથી. સાધારણ છે. અલિંગગ્રહણના ૨૦ બોલ અધ્યાત્મના બહુ સૂક્ષ્મ. એ બધું આખું પુસ્તક બની ગયું છે. નહિ? અલિંગગ્રહણનું પુસ્તક બન્યું છે ને?

મુમુક્ષુ :- પ્રસાદનો અંક બન્યો છે.

ઉત્તર :- હા, પ્રસાદનો અંક બન્યો છે. અમરચંદભાઈએ. અલિંગગ્રહણ ૨૦ બોલનો. એ આ ૪૯ ગાથા આવશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૩, બુધવાર તા. ૩૦-૧૧-૧૯૬૬**
**ગાથા-૪૯, પ્રવચન-૧૧૬**

'સમયસાર' જીવ-અધિકાર. ૪૯ ગાથાનો. ઉપર છે ને પહેલો ઉપોદ્દઘાત? **'હવે શિષ્ય પૂછે છે કે જો અધ્યવસાનાદિ ભાવો છે તે જીવ નથી...'** તો જીવનું વાસ્તવિક સ્વરૂપ શું છે અને જેની પ્રતીત કર્યે સમ્યગ્દર્શન થાય? કેવો જીવ માન્યે, જાણ્યે, અનુભવ્યે, સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર થાય? તો શિષ્યે કહ્યું કે મહારાજ! આત્મામાં પુણ્ય-પાપ અને રાગ-દ્વેષ નથી. એ રાગ-દ્વેષ એ આત્મા નહિ, પુણ્ય-પાપ એ આત્મા નહિ, હરખ-શોકના વિકલ્પો છે ભાવ એ પણ આત્મા નહિ. તો **'એક, ટંકોત્કીર્ણ,...'** એકરૂપ જેનું ચૈતન્યસ્વરૂપ અને પરમાર્થ જીવ, **'તેનું લક્ષણ શું છે?'** પરમાર્થે ભગવાન આત્મા અને તેનું લક્ષણ શું? એમ શિષ્યે પૂછ્યું છે. આ ગાથા બહુ ઊંચી છે. આ ગાથા દરેક શાસ્ત્રમાં આવે છે. 'કુંદકુંદાચાર્ય'ના શાસ્ત્રમાં કહ્યું હતું ને. ભાવપાહુડ આદિમાં.

ગાથા ફરીને.

**अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं।।४९।।**

**જીવ ચેતનાગુણ, શબ્દ-રસ-રૂપ-ગંધ-વ્યક્તિવિહીન છે,**
**નિર્દિષ્ટ નહિ સંસ્થાન જીવનું, ગ્રહણ લિંગ થકી નહીં. ૪૯.**

પદમાં મેળ ન આવ્યો. મૂળ આચાર્ય મહારાજ આમાં જાણ એવો આદેશ કરે છે, ગાથામાં. અમે કહીએ છીએ તેવું આત્માનું સ્વરૂપ છે એને તું જાણ. તો તેને આત્મા જાણ્યો, માન્યો, અનુભવ્યો અને સમ્યક્ દૃષ્ટિ થઈ એમ કહેવાય છે. એમ જાણ એમ કહ્યું છે પાઠમાં. આદેશ કર્યો છે. આવો આત્મા અમે કહીએ એમ તું જાણ.

**'ટીકા :- જે જીવ છે તે...'** જે જીવ છે તે **'ખરેખર પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી...'** પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી **'તેમાં રસગુણ વિદ્યમાન નથી...'** આત્મામાં રસગુણ છે નહિ. પહેલા નકારની વાત કરશે. પછી હકારની કરશે. **'જે જીવ છે તે ખરેખર પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી...'** પહેલા દ્રવ્યથી અન્ય હોવાથી. **'પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી...'** પુદ્‌ગલદ્રવ્યનો જે ગુણ તે આત્મામાં વિદ્યમાન નથી માટે આત્માને અરસ કહેવાય છે. અરસથી ઉપાડ્યું છે પહેલું. સમજાણું કાંઈ? આત્માના આનંદનો રસ એણે કોઈ દિ' ચાખ્યો નથી. એ અતીન્દ્રિય આનંદરસમય આત્મા છે. પરમાર્થે જીવનું સ્વરૂપ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન જ્ઞાયકભાવ સ્વરૂપ છે એનું. એવો એણે સ્વરૂપનો સ્વાદ અનુભવરસ કોઈ દિ' લીધો નથી. અરસથી ઉપાડ્યું છે. આ રસગુણ, પુદ્‌ગલના રજકણોમાં જે રસગુણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે એ પુદ્ગલ રજકણથી અનેરો જીવ હોવાથી એનો ગુણ આત્મામાં રસગુણ છે નહિ.

બીજો. '**પુદ્ગલદ્રવ્યના ગુણોથી પણ ભિન્ન...**' (પહેલામાં) પુદ્ગલદ્રવ્યથી અન્ય હોવાથી એમ કહ્યું હતું. આ પુદ્ગલદ્રવ્યના જે ગુણોથી પણ. એમ. પણ એટલે એક બોલ કીધો. પુદ્ગલદ્રવ્યથી અન્ય અને પુદ્ગલદ્રવ્યના ગુણોથી પણ અન્ય '**ભિન્ન હોવાથી પોતે પણ રસગુણ નથી માટે...**' ભગવાન આત્મા '**અરસ છે.**' કહો, સમજાણું આમાં?

ત્રીજો. '**પરમાર્થે પુદ્ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી...**' આ જીભ છે ને જીભ? એનું આત્માને સ્વામીપણું નથી કે જીભ દ્વારા એ રસને ચાખે. આમ હલાવે એ આત્માનો અધિકાર નથી. દ્રવ્યેન્દ્રિય. '**પરમાર્થે પુદ્ગલદ્રવ્યનું સ્વામીપણું...**' પુદ્ગલ છે એનું સ્વામીપણું જીવને નથી.

મુમુક્ષુ :- પરમાર્થે નથી.

ઉત્તર :- પરમાર્થે નથી એટલે? એ પ્રશ્ન હતો. હમણાં કર્યો હતો ને, કો'કે સવારમાં રસ્તામાં કર્યો હતો. પરમાર્થે નથી એમ કહ્યું છે ને. વ્યવહારે છે. વ્યવહારે છે એટલે નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. એમ છે. હમણાં પ્રશ્ન કર્યો હતો કો'કે નહિ? રસ્તામાં. પરમાર્થે કહ્યું છે.

મુમુક્ષુ :- .. નિશ્ચય અને વ્યવહાર બેય લીધા.

ઉત્તર :- એ નિમિત્તથી નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે એ તો જ્ઞાન કરવા માટે છે. પૃથકતા બતાવે છે. નિમિત્ત નૈમિત્તિકતા પૃથકતા બતાવે છે, એની એકતા બતાવતું નથી. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે આ જીભનો આત્મા સ્વામી નથી કે જે '**તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી...**' આત્મા આ દ્વારા રસ ચાખતો નથી. કારણ કે આનું સ્વામીપણું જીવને નથી. રજકણો આમ ચાલે અને આમ થાય અને રસને ચાખે એવું આત્મામાં છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સિદ્ધ થાય ત્યારની વાત છે ને.

ઉત્તર :- અત્યારની વાત છે. સિદ્ધની ક્યાં વાત છે? આ અત્યારનો પ્રશ્ન અત્યારનો પૂછ્યો છે. આ જીવ રાગ, દ્વેષ અને પુણ્ય-પાપ વિનાનો આપે કહ્યો. તો તે એકરૂપ ટંકોત્કીર્ણ પરમાર્થસ્વરૂપ યથાર્થ વસ્તુ તેનું સ્વરૂપ શું અને તેનું લક્ષણ શું? એમ બે પ્રશ્ન છે. જુઓ! જીવ કેવો છે? તેનું લક્ષણ શું છે? માથે જ છે જુઓ! '**यद्येवं तर्हि किंलक्षणोऽसावेकष्टङ्कोत्कीर्णः परमार्थजीव इति पृष्टः प्राह–**'

ભગવાન આત્મા વીતરાગ પિંડ સ્વરૂપ અને જ્ઞાન ચેતનાથી જણાય તેવો. એમ કહેશે. આ વસ્તુ એનામાં છે નહિ. તો એ દ્વારા આત્મા જણાય નહિ અને એ દ્વારા આત્મા કામ લેતો નથી. સમજાણું? અત્યારની વાત ચાલે છે આ વર્તમાન. '**દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે...**' આ જીવ દ્રવ્યેન્દ્રિય છે. એના '**વડે પણ રસ ચાખતો નથી...**' એના વડે આત્મા રસ ચાખતો નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ... રસ ચાખે છે ને.

ઉત્તર :- ક્યાં ચાખે છે? કોણ ચાખે? આત્મા પોતાના જ્ઞાનમાં જ્ઞાનથી જાણે છે. આત્મા તો જ્ઞાનમાં આ રસ છે એમ જાણે છે. અને તે પણ હજી કહેશે એક રસ પૂરતા જ્ઞાનવાળો એ નથી. કાંઈ રસના જ્ઞાન પૂરતું એ જ્ઞાન નથી. એનું જ્ઞાન તો બધા માટે સામાન્ય છે. સમજાણું કાંઈ?

આત્મા એને કહીએ કે આ જીભ દ્વારા રસ ચાખતો નથી આત્મા. આ તો જડ છે. જડને હલાવી શકે અને જડ દ્વારા રસ જણાય છે? બિલકુલ નહિ. આત્મા અંદર સીધું જ્ઞાન રસને જાણે, તે પણ રસને જાણતા એકલા રસને જાણવા પૂરતો જ આત્મા નથી એમ કહેશે પછી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મામાં પુદ્‌ગલદ્રવ્યથી તે અનેરો હોવાથી પુદ્‌ગલ દ્રવ્યનો રસગુણ એમાં નથી. પુદ્‌ગલ દ્રવ્યના ગુણોથી અન્ય હોવાથી તે પુદ્‌ગલ દ્રવ્યનો રસગુણ એમાં નથી. પુદ્‌ગલ દ્રવ્યનું સ્વામીપણું નહિ હોવાથી દ્રવ્યેન્દ્રિયને કારણે રસને ચાખતો નથી.

મુમુક્ષુ :- .. કારણે ચાખે.

ઉત્તર :- બિલકુલ ચાખતો નથી. વાત જ જૂઠી છે એમ કહે છે. રજકણનો સ્વામી છે? એ તો જ્ઞાન સીધું કરે છે, સીધું જ્ઞાન કરે છે. એ ટાણે રસને જ્ઞેય અને જ્ઞાન પોતે પોતાથી કરે છે. અને તે પોતાથી કરતાં એને એક જ રસનું જ્ઞાનનું સ્વરૂપ છે એમ નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જ્ઞાન હતું જ કે દિ' પરથી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો બીજી વાત છે. એ તો ઈન્દ્રિય અને મનના નિમિત્તથી જ્ઞાન થાય એ અપેક્ષાએ વાત છે. થાય છે પોતાથી પણ એને એ સંબંધથી થયું એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ન્યાય સાચો છે ને, પંડિતજી! છે ને, બધી ખબર છે.

ખરેખર પુદ્‌ગલ દ્રવ્યનું ધણીપતું આત્માને છે? આ જીભનો સ્વામી છે આત્મા? ચાલો નક્કી કરો. કહો, આ જીભનો આત્મા સ્વામી છે? આ તો જડ છે, માટી, ધૂળ છે.

મુમુક્ષુ :- જે કામ કરે તે સ્વામી.

ઉત્તર :- કામ કોણ કરે? એની પર્યાય એનામાં, આત્માની પર્યાય આત્મામાં. કોની પર્યાય કરે? ગોદિકાજી! આ તો રજકણ છે. માટી, અજીવ, પુદ્‌ગલ પરમાણુ માટી ધૂળ છે. આ ધૂળનું તત્ત્વ સ્વતંત્ર છે. એ આત્મા એનો ધણી છે? સ્વામી છે? એનો માલિક છે? જીભનો માલિક આત્મા છે જડનો? આ તો જડ છે. જડનો માલિક હોય તો જડ થઈ જાય. નિર્જરા અધિકારમાં આવે છે. સમજાણું કાંઈ? અજીવનો જો સ્વામી હું થાઉં તો હું અજીવ થઈ જાઉં. પંડિતજી! એ નિર્જરા અધિકારમાં આવે છે. અજીવનો સ્વામી આત્મા નથી. એને ખબર ન મળે. એકમેક જાણે લાગે ને. આ તો માટીના રજકણ છે ધૂળના.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ક્યાંકના હતા તે અહીં આવ્યા છે. એમાં આત્મા ક્યાં છે? આ તો જડ છે. '**દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી માટે અરસ છે.**' (એમ) ત્રીજા બોલે કહેવામાં આવે છે. આહાહા..!

ચોથો. '**પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિકભાવનો પણ તેને અભાવ...**' છે. ભાવેન્દ્રિય લેવી છે ને? ભાવેન્દ્રિય ખંડ ખંડ જે છે. ખંડ ખંડનું ક્ષયોપશમપણું એનામાં ક્યાં છે એ? વસ્તુ ક્યાં છે એનું સ્વરૂપ? એમ કહેવું છે અહીં. આહાહા..! પોતાનો સ્વભાવ, જ્ઞાનસ્વરૂપ સ્વભાવ જ એનો ચૈતન્ય પ્રભુનો છે. એવી સ્વભાવ દૃષ્ટિથી જોઈએ તો ક્ષાયોપશમિકભાવ-ક્ષણ ક્ષણ ઈન્દ્રિયમાં જે રસનું જ્ઞાન થાય છે ખંડ ખંડ ઈન્દ્રિય ક્ષયોપશમ, એ સ્વભાવમાં ક્યાં ખંડ ખંડપણું છે. અખંડ જ્ઞાયકસ્વભાવ છે. અખંડ જ્ઞાયકસ્વભાવ છે તે આત્મા છે. ખંડ ખંડ ઈન્દ્રિય તે આત્મા નહિ. એ ૩૧માં આવી ગયું છે પહેલું. '**जे इंदिये जिणित्ता**'. '**जे इंदिये जिणित्ता**'માં આવી ગયું છે. ખંડ ઈન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને ઈન્દ્રિયના વિષય. ત્રણથી રહિત છે તેને આત્મા કહેવામાં આવે છે. આ તો વિસ્તારથી વાત ચાલવા વર્ણવે છે. પંડિતજી! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાના સ્વભાવથી જોઈએ, જ્ઞાયકભાવથી જોઈએ તો તેને ક્ષયોપશમિકભાવ એક ખંડ ખંડ ઈન્દ્રિય જે જ્ઞાન, આ જડ (ઈન્દ્રિય) તો ક્યાં રહી ગઈ પણ જે જ્ઞાનનો ઉઘાડ છે, રસને જાણવાની યોગ્યતાવાળી ખંડ ઈન્દ્રિય, એનો પણ એને અભાવ છે. '**તે ભાવેન્દ્રિયના આલંબન વડે...**' ઓલું દ્રવ્યેન્દ્રિયનું હતું. અહીં ભાવેન્દ્રિય એટલે ક્ષયોપશમનો જે અંશ, એના '**વડે પણ રસ ચાખતો નથી...**' પર્યાયદૃષ્ટિથી કથન. એ પર્યાયવાળું તેનું સ્વરૂપ નથી. એક પર્યાયથી રસ ચાખે એવો સંબંધ તો વ્યવહારનો છે. પરમાર્થે આત્મામાં એ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! 'સમયસાર'ની આત્માને કહેવાની રીત અનોખી! પણ એમ જ વસ્તુ એમ જ છે ને. આમ ચૈતન્ય વસ્તુ છે વીતરાગી સમરસી પ્રભુ. જ્ઞાયક વસ્તુ એ જ્ઞાનની પ્રધાનતાએ. ચારિત્રની પ્રધાનતાએ સમરસ વસ્તુ, સમરસ વસ્તુ. શ્રદ્ધાની અપેક્ષાએ વિશ્વાસ, શ્રદ્ધા નામના ગુણરૂપ વસ્તુ. પર્યાયની વાત નથી. શ્રદ્ધા ગુણરૂપ વસ્તુ, જ્ઞાન ગુણરૂપ વસ્તુ, સમરસ ચારિત્ર સમરસ સ્વભાવરૂપ એ આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**ભાવેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી...**' એને દ્રવ્ય ન કહેવાય. ભાવેન્દ્રિયથી ચાખે તો અંશ છે. અંશ એનું આખું સ્વરૂપ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અહીં પૂછયું છે કે એક ટંકોત્કીર્ણ પરમાર્થ જીવ કેવો છે? ખંડ ખંડ છે એ જીવનું ખરું સ્વરૂપ નથી. ભાવેન્દ્રિયના અંશરૂપથી રસને જાણે એ અંશરૂપ એ જીવનું ખરું સ્વરૂપ નથી. એ તો વ્યવહારસ્વરૂપ છે. પરમાર્થ સ્વરૂપ નથી. આહાહા..! કહો, સમજાણું? '**ભાવેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી માટે અરસ છે.**' ચાર બોલ થયા.

'**સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ તેનો**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**સ્વભાવ હોવાથી...**' એક જ સંવેદન પરિણામ. શું કહે છે? જેટલા રસરૂપ આદિ પરપદાર્થો છે એનું એકરૂપે જાણવું, એકરૂપે બધાનું. એક એકનું ખંડ ખંડ જાણવું એવું એકનું જાણવું એવો એનો સ્વભાવ નથી. '**સકલ વિષયોના વિશેષો...**' જેટલા છે તેમાં સાધારણ એક જ રૂપ '**એક જ સંવેદનપરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક રસવેદનાપરિણામને પામીને રસ ચાખતો નથી...**' એકલા રસના જ્ઞાનને જ પામીને એકલું રસનું જ્ઞાન નથી. બધું જ્ઞાન એક સાથે છે. સમજાય છે? માટે એ અપેક્ષાએ પણ તેને અરસ કહેવામાં આવે છે.

ફરીને. ફરીને લઈએ છીએ ને. ધીમે ધીમેથી હળવે હળવે. '**સકલ વિષયોના વિશેષોમાં...**' જેટલા વિષયો છે એ બધા વિશેષોમાં '**સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ...**' સાધારણ એટલે એક પ્રકારના બધાના વિશેષોને જાણવું. ખંડ ખંડથી નહિ, એક એકથી નહિ. એક જ રસને જાણવું કે એમ નહિ. બધાને સામાન્યપણે '**સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ...**' છે. જ્ઞાનનું એકરૂપ પરિણામ સામાન્ય છે. સામાન્ય એટલે ધ્રુવની વાત નથી, હોં! આ વિશેષની છે. પણ વિશેષમાં પણ એકના રસનું જ જ્ઞાન નથી એનામાં. એક જ રસનું વેદન નથી. અનેક વિશેષોનું જ્ઞાનરૂપ એકરૂપે સાધારણ પરિણમન છે માટે તે માટે પણ તે રસના જ્ઞાન પૂરતો છે આત્મા, એમ નથી. માટે તે અરસ કહેવામાં આવે છે.

ફરીને. ફરીને લઈએ છીએ. આપણે ક્યાં... આ તો ૧૫મી વાર વંચાય છે. સભામાં ૧૫મી વાર વંચાય છે. ગોદિકાજી! પહેલા વહેલા હતા ત્યારે તો માંડ માંડ સમજતા હતા. હવે તો થઈ ગયા છે ઘણા તૈયાર એટલે પછી લાંબું ન .. પહેલા તો એક એકનો વિસ્તાર ખુબ ચાલતો હતો. શરૂઆતમાં કાંઈ સમજે નહિ પછી એનો બહુ વિસ્તાર કર્યા વિના પકડાય નહિ. હવે તો ૧૫મી વાર વંચાય છે. ૧૪મી વારમાં તો ગોદિકાજી હતા. શરૂ કર્યું ત્યારે, નહિ? આ ૧૫મી વાર વંચાય છે. અને હવે તો ઘણા વખતના માણસો કેટલાક તો તૈયાર થયા છે કે નહિ સાંભળવાને. સમજાણું કાંઈ? આ ચાર બોલ તો સમજાણા કે નહિ બરાબર?

આ આત્મા વસ્તુ એવી છે કે પુદ્‌ગલ દ્રવ્યથી અનેરી હોવાથી પુદ્‌ગલ દ્રવ્યનો રસગુણ પુદ્‌ગલ દ્રવ્યથી અનેરો હોવાથી તેમાં રસગુણ નથી. લ્યો, એક વાત. બહુ સાદી અને સીધી વાત છે. બીજો, પુદ્‌ગલ દ્રવ્યનો ગુણ એવો જે રસ તે પણ ગુણથી અનેરો જીવ હોવાથી તેનામાં પુદ્‌ગલ દ્રવ્યનો ગુણ રસ નથી. પહેલા દ્રવ્યથી જુદું પાડ્યું હતું. અહીં બીજામાં પુદ્‌ગલ દ્રવ્યના ગુણથી જુદો પાડ્યો. ત્રીજામાં પર્યાયથી જુદો પાડે છે હવે ખરેખર તો. કઈ પર્યાય? જડની પર્યાય દ્વારા એ ચાખે છે એમ નથી. આ દ્રવ્યેન્દ્રિય જડ છે. એનો સ્વામી નથી. એના વડે રસને ચાખે એવું એનામાં છે જ નહિ.

મુમુક્ષુ :- સંસારી છે ત્યાં સુધી ચાખે.

ઉત્તર :- અહીં સંસારી તો એ આત્મા એવો નથી. આત્મા એને એવો કહેવાતો નથી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રસેન્દ્રિયના વર્તમાન જ્ઞાનનો અંદર પર્યાય, એને નિમિત્ત તરીકે રસેન્દ્રિય છે પણ એનો સ્વામી નથી માટે તે દ્વારા રસને ચાખતો નથી, એમ. (ખંડ ખંડ) ઈન્દ્રિય દ્વારા એને દ્રવ્યેન્દ્રિયનું નિમિત્ત, નિમિત્ત એ દ્વારા પણ એ નિમિત્તનો સ્વામી નથી. એથી એને રસપણું છે નહિ. તેથી એને અરસ કહેવામાં આવે છે. સમજાણું? આમાં આ બધા ઉતાર્યા છે બોલો. ૧૭૨ ગાથામાં અલિંગગ્રહણના વિસ્તારથી ઉતાર્યા છે. ૨૦. ૨૦ વિસ્તારથી બધા કહેવાઈ ગયા છે. આમાં છ-છ બોલ દરેક ઈન્દ્રિયોમાં અને પર્યાય શબ્દમાં. સમજાણું કાંઈ?

દ્રવ્યેન્દ્રિય દ્વારા ચાખે એવો આત્મા છે? તો તો દ્રવ્યેન્દ્રિયનું નિમિત્તપણું એને સદાય રહે અને સદાય આત્મા એવો હોય. એવો આત્મા છે નહિ. ભાવેન્દ્રિય દ્વારા ચાખે એવો પણ નથી. કારણ કે ભાવેન્દ્રિય ખંડ ખંડ છે. એક અંશ ખંડ છે, એ ખંડ વસ્તુનું સ્વરૂપ નથી અખંડ. અખંડ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિએ પરમાર્થથી જુઓ તો એ ક્ષયોપશમનો ખંડનો એમાં અભાવ છે. માટે ભાવેન્દ્રિય દ્વારા પણ રસને જાણતો નથી. માટે તેને અરસ કહેવામાં આવે છે. આહાહા..! માણસો શાંતિથી, ધીરજથી સમયસારની સ્વાધ્યાય કરતા નથી. સમજ્યા ને? જો આ એકની બરાબર કરે તો બધા ઝઘડા ઉડી જાય એવું છે.

મુમુક્ષુ :- .. આવે કોણ?

ઉત્તર :- આવે કોણ અહીંયાં? સમજાણું કાંઈ? પહેલું તો કહ્યું હતું, પહેલા શરૂઆતમાં આ જ્યારે પંડિતોની સભા થઈ ત્યારે. કૈલાસચંદજી અને દેવકીનંદન,... પંડિતજી! એ વખતે એવો વિચાર આવ્યો હતો. પહેલા આવ્યા હતા ને એ લોકો ૩૨ પંડિત. કઈ સાલ? (સંવત) ૨૦૦૩ની સાલ. અઢાર વર્ષ થયા. એવો વિચાર આવ્યો કે તમે અમારી વાત સાંભળો છ મહિના પંડિતો. તો તમને પગાર આપશું. એવું નક્કી કર્યું હતું હોં! રામજીભાઈએ. કેલાસચંદજીને અને દેવકીનંદને. જે માસિક પગાર તમને ત્યાં મળે છે એ અમે દઈશું. છ મહિના અમારું સાંભળો. પછી અમારી વાત સત્ય લાગે તો તમે પ્રચાર કરો. પણ દેવકીનંદન ત્યારે ગુજરી ગયા કંઈક વ્યાધિ થઈ ગઈ. પછી કૈલાસચંદજી... બ્લેડ પ્રેશરમાં ગુજરી ગયા. નહિતર આમ હોશિયાર થઈ ગયા હતા હોં! પહેલા. એ બે જણા. પહેલા આમાં આવ્યા હતા. ૩૨ પંડિતમાં એ આવ્યા હતા. દેવકીનંદન પછી આવ્યા. પણ વિચાર થયો, બે જણ સાંભળો. અમારી વાત સાંભળો. તમે તમારી જે વાત.. પણ છ મહિના અમારું સાંભળો. છ મહિના સાંભળીને તમને સત્ય આ જ લાગે. આ રીતના પડખાં બધા પ્રકાર સત્ય લાગે તો તમે આ માર્ગ સાચો છે એમ બહાર પાડો. પણ કુદરતે કાંઈ ન ગોઠવ્યું. દેવકીનંદન ગુજરી ગયા.

કાલે આવ્યું છે ને ભાઈ, નહિ? ઓલામાં ન જોયું? ઓલા જૈન સંદેશમાં. કેવા કહેવાય? ધન્યકુમાર. ધન્યકુમારે લખ્યું છે બિચારાએ. ભાઈ! તમે વાત વિચારો. એમ લખ્યું છે, હોં! ધન્યકુમારે. ધન્યકુમાર શેઠ છે ને? કટનીવાળા. 'પુરાતન દિગંબર જૈન બંધુ, શ્રાવકો, વિદ્વાનો અને આદરણીય સાધુજનોંસે મેરી અપીલ હૈ.' અપીલ કરે છે. 'પુરાતન દિગંબર જૈન બંધુઓ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શ્રાવકો, વિદ્વાનો અને આદરણીય સાધુજનોં...' ઘણું લખ્યું છે પહેલું. અહીંની બધી વ્યવસ્થા ખુબ લખી. બે-ત્રણ ચાર ઓલામાં લખી છે. પછી આ લખે છે. મારી અપીલ છે, હોં! 'કે ઈસ આયી હુઈ અકસ્માત પ્રાપ્ત નિધિકો હૃદયસે અપનાવે, ઠુકરાવે નહિ. ઐસા કુછ સમયસે દેખનેમેં જૈન પત્રમેં આયા હૈ. વહી ક્રમ રહા તો દિગંબર જૈનોંકી મહાન ઐતિહાસિક ભૂલ હોગી.' એ ધન્યકુમાર છે. એ આવ્યા હતા ને સાથે.

'જિસે પ્રકારાંતરસે આત્મહત્યા હી કહા જાયેગા.' સાત દિવસ બહુ ચર્ચા થઈ. 'પ્રકારાંતરસે ઐતિહાસિક ભૂલ હોગી અને આત્મહત્યા કહી જાયેગી. આશા હૈ મેરી પ્રાર્થના પર સમાજકા ધ્યાન જાયેગા. સ્વામીજીસે કુછ પ્રશ્નોત્તર ભી કિયે હૈં. ઉનકા સમાધાન ઉનકે દ્વારા હમેં પ્રાપ્ત હુઆ હૈ. વિદ્વાનોં સૈદ્ધાંતિક મતભેદ હોનેસે સંભવતઃ ઉનકા પ્રકાશન ઉચિત ન માના જાય. અતઃ પ્રકાશિત નહીં કર રહે હૈં. યદિ સમાજ કી માંગ હોગી તો કભી લિખુંગા. મૈંને જો કુછ ઈસ લેખમેં લિખા, તટસ્થભાવસે જો દેખા સો લિખા હૈ. સંભવ હૈ ઉસકા કુછ લાભ હો.' અહીં સાત દિવસ સુધી ખુબ ચર્ચા થઈ. વ્યાખ્યાન થયા, બપોરે આવતા હતા ખાનગી. ભાઈ! તમે શાંતિથી બધું સાંભળો. સત્ય આ છે. કોને કહીએ?

સર્વજ્ઞે કહ્યું છે તે જ સત્ય છે. ક્યાંય કિંચિત્‌માત્ર ફેર નથી એવી વસ્તુ છે. જે અહીંથી આવે છે તે. એ અંદરના પ્રવાહમાં સત્ય જ આવે છે બીજું છે નહિ. શું કહીએ? કોને કહેવું? સંપ્રદાય બીજામાંથી આવ્યા, પાછા બાહ્યમાં કોઈ ક્ષુલ્લક કે સાધુપણાની ક્રિયા ન મળે. કોને કહેવું કે આ શું કેમ છે ભાઈ? સમજાય છે કાંઈ? માર્ગ તો આ છે, ભાઈ! અંતરથી આવેલી ચીજ છે. આ કાંઈ બહારની કોઈ ચીજ નથી. આ તો ભૂલા પડ્યા ને આવી ગયા છીએ અહીં. હવે શું કહીએ? સમજાણું કાંઈ? હવે ઈ વાત કોને કહેવી? ક્યાં કહેવી? ભૂલા પડ્યા એટલે રસ્તે જાતા હતા. રસ્તો બીજો થઈ ગયો. નજીક અવતાર અહીં થઈ ગયો. તમારે ભાષા હશે કાંઈક. ભૂલા પડ્યા અને અહીં ચડી આવ્યા, નથી કહેતા? બીજા ગામમાં જવું હતું અને જઈ ચડે છે. જાવું હોય બીજે ગામે અને બીજે ગામે જઈ ચડે. ભાઈ, ભૂલા પડ્યા, અમે અહીં આવી પડ્યા. ભૂલથી આવી ગયા. આહાહા..! એ અમારી કાઠિયાવાડી ભાષા છે. આહાહા..!

'**ભાવેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી...**' એવો ભગવાન તેને અમે આત્મા કહીએ છીએ. આહાહા..! ભાઈ! પર્યાયના અંશ જેટલો આત્મા નથી એમ કહે છે. પર્યાયના અંશ જેટલો ક્ષણ ક્ષણ ઈન્દ્રિય (જેટલો નથી). દ્રવ્યેન્દ્રિયના કારણે તો નહિ, ગુણ દ્રવ્ય નહિ પણ એ ભાવઈન્દ્રિયનો અંશ છે એટલો આત્મા નથી. એ તો પર્યાયનો આત્મા, અંશનો આત્મા. એ દ્રવ્યાર્થિકનયનો પરમાર્થ આત્મા નથી. પરમાર્થ આત્માની દૃષ્ટિ વિના સમ્યગ્દર્શન થતું નથી. એવી વાત છે. સમજાણું કાંઈ?

પાંચમાં બોલમાં શું કહ્યું? કે આત્માનું સાધારણ એવા એક જ સંવેદન પરિણામ છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દરેક વિષયોમાં. ચાહે તો રૂપ હો, ગંધ હો, રસ હો, સ્પર્શ હો, ભગવાન હો, દેવ હો, ગુરુ હો, શાસ્ત્રો હો સામે કોઈપણ જ્ઞેય (હોય), દરેક વિષયોના '**સકલ વિષયોના વિશેષોમાં...**' એના પ્રકારોમાં '**સાધારણ એવા એક જ સંવેદનપરિણામ...**' અહીં તો સંવેદન પણ એક જ પ્રકારનું છે. આ રસનું જ્ઞાન છે અને રૂપનું જ્ઞાન છે, એક એક જ્ઞાન ખંડ ખંડ છે એમ છે નહિ. બધા વિશેષોનું એકરૂપ જ્ઞાન રૂપે પરિણમન એનું થવું એવું સંવેદન પરિણામને કારણે '**તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક રસવેદનાપરિણામને પામીને એક રસના જ્ઞાનને પામીને રસ ચાખતો નથી માટે અરસ છે.**' આહાહા..! કેટલી સ્પષ્ટતા પણ!

'**સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ..**' વેદન હોવાથી પરિણામરૂપ '**તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક રસવેદનાના પરિણામને પામીને રસ ચાખતો નથી માટે અરસ છે.**' 'અમૃતચંદ્રાચાર્યે' તો જગત પાસે આત્મખ્યાતિ (કરી છે). આ આત્મખ્યાતિ છે આનું નામ? પંડિતજી! આ ટીકાકારનું નામ આત્મખ્યાતિ છે. આત્મખ્યાતિ-આત્મ પ્રસિદ્ધિ. ભાઈ! આત્માની પ્રસિદ્ધિ છે. આત્મા આવા દ્વારા પ્રસિદ્ધ નથી પામતો. સમજાય છે કાંઈ? ખંડ ખંડ જ્ઞાન દ્વારા પ્રસિદ્ધ નથી પામતો. એ તો અખંડ જ્ઞાયકમાત્ર આત્મા પરમાર્થે છે એનો અનુભવ અને દૃષ્ટિ કરવાથી આત્માને આત્માનો પત્તો લાગે છે. એમ છે. કહો, પાંચ બોલ થયા એ.

'**સકલ વિષયોના...**' સામે જ્ઞેયો. એના '**વિશેષોમાં...**' જેટલા પ્રકાર તેના. '**સાધારણ એવા...**' અહીં તો એકરૂપ. અહીં એકરૂપ, ઓલા અનેક છે ત્યાં. એક પ્રકારનું જ વેદન છે એના .. વિશેષના એકનું આનું અને એકનું આનું... એકનું આનું. એક સમયમાં પોતાથી જાણવું એવો તેનો સ્વભાવ હોવાથી તેને એકના રસના વેદનના પરિણામને પામતો નથી માટે તે રસથી રહિત અરસ છે. આહા..!

'**(તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે પરંતુ)...**' હવે બીજું. હવે જ્ઞેયજ્ઞાયક નાખે છે, એની ના પાડે છે. '**સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો (-એકરૂપ થવાનો) નિષેધ હોવાથી...**' જ્ઞેયનું જ્ઞાન હોવા છતાં જ્ઞેય સાથે તે તાદાત્મ્ય થતો નથી. આહાહા..! '**સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે પરંતુ સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો...**' જ્ઞેય એટલે જાણવાયોગ્ય પદાર્થ, જ્ઞાયક એટલે જાણનારો. તેનો '**(-એકરૂપ થવાનો) નિષેધ હોવાથી રસના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં...**' રસના જ્ઞાનરૂપે જ્ઞાન હોવા છતાં '**પોતે રસરૂપે...**' એટલે રસરૂપી જ્ઞેયમાં '**પરિણમતો નથી માટે અરસ છે.**' પહેલામાં સામાન્ય સાધારણ બધામાં વેદન છે એમ કરીને અરસપણું બતાવ્યું. અહીં જ્ઞેયનું જ્ઞાન હોવા છતાં, રસનું જ્ઞાન હોવા છતાં રસના જ્ઞેયપણે થતો નથી માટે તે અરસ છે. એમ છઠ્ઠા બોલમાં કહ્યું. સમજાણું કાંઈ?

પાંચમાં અને છઠ્ઠામાં ફેર શું પાડ્યો સમજાણું આમાં? પાંચમામાં જેટલા વિષયના વિશેષો પ્રકારો હતા એમાં વેદન સાધારણ એકરૂપ છે. એકરૂપને કારણે એકલા રસના વેદનરૂપને પામતો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી. માટે તેને અરસ કહેવામાં આવે છે. અહીં કહે છે કે જેનું જ્ઞાન થયું, તે પ્રકારનું અહીં જ્ઞાન થયું પોતામાં પોતાને કારણે, છતાં તે જ્ઞેયરૂપ થતો નથી-રસરૂપે થતો નથી. માટે તેને અરસ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**આમ છ પ્રકારે રસના નિષેધથી તે અરસ છે.**' લ્યો! આપણે તો ઓલામાં બધું નાખ્યું છે. પહેલાંમાં નહોતું નાખ્યું. હવે એમ રૂપનું. એ રૂપમાં ફેર કેટલો આપણે લેવો? કે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ રૂપ દેખતો નથી. દ્રવ્ય-ગુણ એક કોર રાખો. એ તો ઓલાની જેમ લઈ લેવું. હવે '**પરમાર્થે...**' આ રૂપનું આવ્યું. '**પુદ્‌ગલદ્રવ્યનું** આંખનું **સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે...**' આના આલંબન વડે-આ કોડા વડે કરીને રૂપને દેખતો નથી. કારણ કે આનો સ્વામી નથી. આ જડ છે. એના વડે આ રૂપને (દેખતો નથી). આને આમ હલાવે આમ દેખે એમ નથી. કારણ કે આ રજકણો આમ ચાલવા કે આમ ચાલવા એ આત્માના અધિકારની વાત નથી. એનો એ સ્વામી નહિ હોવાથી '**દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે...**' આંખના આલંબન વડે '**રૂપને દેખતો નથી માટે તે અરૂપ છે.**' બાકી તો ઓલાની ભાષા લઈ લેવી. સમજાણું? બાકી તો બધા બોલો લઈ લેવા. જેવા રસના કીધા એવા એના.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કે સ્પર્શના? એ દ્રવ્યેન્દ્રિય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભિન્ન છે. પહેલા ગુણથી ભિન્ન છે. ભિન્ન છે. હવે રસેન્દ્રિયનો સ્વામી નથી માટે તેનાથી પણ એ ભિન્ન છે. એનાથી રસ આવતો નથી માટે ભિન્ન છે. રસેન્દ્રિયનો સ્વામી નથી અથવા પહેલા શું કીધું? રસેન્દ્રિયનો સ્વામી નથી માટે તે રસેન્દ્રિય દ્વારા ચાખતો નથી. બસ, એટલી વાત. રસેન્દ્રિયનો સ્વામી નથી માટે રસેન્દ્રિય દ્વારા ચાખતો નથી માટે તે રસરહિત છે. એમ રૂપનો સ્વામી નથી-આ ચક્ષુનો. ચક્ષુનો સ્વામી નથી. ત્રીજા બોલમાં. પેલા બે તો ઠીક. ત્રીજામાં દરેકમાં આમ લઈ લેવું. એ ઈન્દ્રિયનો સ્વામી નથી માટે તે દ્વારા રૂપ જોવે છે એમ છે નહિ. તે રૂપનું જ્ઞાન પોતાથી પોતાને થાય છે. જુઓ! આંખને આમ દેખાય છે ને? આ જાણે અંદર આમથી દેખે એમ નથી. કાણું નથી કાંઈ આંખમાં. કાણું નથી અંદર. બિલકુલ કાણું નથી, હોં! બિલકુલ આમા ઔદારિક બંધન પાકુ થઈ ગયેલું છે. પણ એ જ્ઞાનનો પર્યાય સીધો આના આલંબન વિના જાણવાનો સ્વભાવ છે. આહાહા..! પણ આલંબનથી એટલે આનો સ્વામી નથી માટે આના આલંબન દ્વારા એ જાણતો નથી. સમજાય છે કાંઈ આમાં? ઔદારિક બંધન છે ને. પંડિતજી પહેલા કહ્યા હતા. પેલા એ બંધન .. એ બંધન આંખનું એવું થઈ ગયું છે કે બિલકુલ છિદ્ર નથી. માણસને એમ લાગે કે આ જાળી હોય ને જાળી? ઝીણી જાળી, ઝીણી બહુ ઝીણી. આમ દેખાય. એમ અહીં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાળી નથી આમાં જરીએ. સમજાણું કાંઈ? ઝીણી જાળી હોય ને બહુ આમ અડી અડીને આમ ઝીણું-ઝીણું દેખાય. એમ આ બહુ અડી અડીને કાંઈક અંદર કાણું હોય તો દેખાય એમ નથી આમાં. બિલકુલ આમ અખંડ લેપ છે. છતાં એ જ્ઞાનનો પર્યાય આના આલંબન વડે જાણતો નથી. એમ કહે છે અહીં. સમજાણું કાંઈ?

માણસ એમ કહે છે, આમ દેખે છે ને. રૂપ હશે ને આંખ છે. એમ છે જ નહિ એને. સ્વતંત્ર જ્ઞાનનો પર્યાય આના આલંબન વિના એનો સ્વામી નથી માટે સીધું જ્ઞાન કરે છે. માટે તેને અરસ અને અરૂપ કહેવામાં આવે છે. આ જીભમાં એવો ભાગ હશે આત્મા જાણે અંદર? આ જીભમાં કાણાં હશે થોડા? આ રસનું જ્ઞાન થાય ને એટલો આત્માને જરી અંદર કાણાં હશે અંદર? કાંઈ કાણું નથી. આખી જીભ ઔદારિક બંધનથી એવી બંધાયેલી છે આ જીભ કે એમાં જરીએ છિદ્ર નહિ.

મુમુક્ષુ :- જાણે છે ને.

ઉત્તર :- જાણે છે સીધું જ્ઞાન. એનો સ્વતંત્ર સ્વભાવ છે. સમજાય છે કાંઈ? એ વાત એવી છે કે...

મુમુક્ષુ :- જીભ ઉપર આવે એટલે જણાય.

ઉત્તર :- બિલકુલ નહિ. એ વખતે તેને જ્ઞાન થવાનો સ્વકાળ છે માટે તેને જાણે છે એ. જીભને લઈને નહિ, રસને લઈને નહિ. એનો જ્ઞાનનો જ એ પ્રકારનો સ્વકાળ છે માટે જાણે છે. આના આલંબનને લઈને નહિ અને આને લઈને નહિ. રસને લઈને નહિ, રૂપને લઈને નહિ. રૂપને લઈને રૂપ નહિ અને રૂપની ઈન્દ્રિયને લઈને રૂપ નહિ-રૂપનું જ્ઞાન નહિ.

મુમુક્ષુ :- પછી એના ક્ષયોપશમ જ્ઞાનને...

ઉત્તર :- એ તો પછી હજી આવશે. આ તો હજી ત્રીજા બોલનું ચાલે છે ને. આહાહા..! પછી વળી ચોથા બોલમાં. એ તો આપણે ઓલામાં આવી ગયું. એમ લઈ લેવું બધે. રૂપનો ક્ષયોપશમ છે અંશનો માટે રૂપ જાણે છે એમ નહિ. કારણ કે એના સ્વભાવની દૃષ્ટિ જોઈએ તો ક્ષયોપશમનો એમાં અભાવ છે. એક અંશનો એમાં ત્રિકાળમાં અભાવ છે માટે પણ તેને અરૂપ કહેવામાં આવે છે. અરસ કીધો એમ અરૂપ લેવો. આહાહા..! એકલી વસ્તુ ભિન્ન અખંડ અભેદ તેને અહીંયાં આત્મા પરમાર્થે કહેવો છે અને એનું લક્ષણ ચેતના કહેશે આગળ. સમજાણું? એમ બધું લઈ લેવું. એક એમાં ફેર છે.

હવે આવ્યો ગંધગુણ. ગંધમાં પણ એ લેવું. આ '**દ્રવ્યન્દ્રિયના આલંબન વડે પણ ગંધ સૂંઘતો નથી...**' અંદર હોં! આ તો ઉપરનું .. છે. આ કાંઈ દ્રવ્યેન્દ્રિય નથી. અંદરમાં ઝીણા રજકણો જે અંદર જે ગંધને જાણવામાં નિમિત્ત છે. અંદરમાં, હોં! સૂક્ષ્મ. આ તો એનું ઉપ.. છે. આ કાંઈ ઓલું નથી. આ કાંઈ નિમિત્ત નથી. એ રજકણો જે છે એનામાં કાણું નથી કે એ ગંધને જાણે. તો ગંધની ઈન્દ્રિય દ્વારા આલંબન વડે ગંધને જાણે એવો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્માનો સ્વભાવ નથી માટે તે ગંધરહિત છે. '**પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ ગંધ સૂંઘતો નથી...**' આના વડે સૂંઘતો નથી. '**માટે અગંધ છે.**' લ્યો! પછી '**પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવોને...**' જાણે છે ને ગંધ. એ પણ એનામાં નથી. એમ બધું લઈ લેવું.

હવે લેવો સ્પર્શ. સ્પર્શનો પણ ત્રીજો બોલ લેવો આપણે તો. દ્રવ્ય-ગુણ તો ઠીક. '**પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ સ્પર્શને સ્પર્શતો નથી...**' આ દ્રવ્યેન્દ્રિય દ્વારા ટાઢું-ઊનું એમ સ્પર્શતો નથી. કારણ કે આ રજકણનો એ સ્વામી નથી. માટે તેનાથી તે સ્પર્શને જાણતો નથી. કહો, આ ટાઢું, ઊનું, ગરમ જણાય તે સ્પર્શેન્દ્રિયના દ્રવ્યના આલંબન વડે જાણતો નથી. કારણ કે આનું સ્વામીપણું નથી. સીધું જ્ઞાન પોતાથી કરે છે. અહીં પણ સ્પર્શમાં ક્યાંય કાણાં નથી, હોં! આહાહા..! આમ તો જાણે પરસેવો આવે એટલે જાણે સૂક્ષ્મ કાણા લાગે. પરસેવો આવે ને પસીના? પસીના. એમાં ઝીણું કાણું એવું નથી કે જેમાં આત્મા આમ કાણા દ્વારા સ્પર્શે. આખું શરીર મોટું ઔદારિક બંધનથી દૃઢ બંધાયેલું છે આખું એકરૂપ. પણ ભગવાન આત્મા પિંડ પડ્યો અંદર તે પોતાથી જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ સમજાવવા કહ્યું છે ને. જાણ. કહ્યું જુઓ! 'કુંદકુંદાચાર્ય' કહે છે, જાણ. ભાઈ! તું જાણ. એમ કહ્યું જુઓ! 'કુંદકુંદાચાર્યે.'

મુમુક્ષુ :- એનો અર્થ કે જાણ્યું નથી.

ઉત્તર :- હા. તેં જાણ્યું નથી. આવું સ્વરૂપ છે. ભાઈ! તેં જાણ્યું નથી. જાણ. આદેશ કરે છે 'કુંદકુંદાચાર્ય'. લ્યો. સમજાણું કાંઈ? મૂળ પાઠમાં આવ્યું કે નહિ? જાણ. જાણ. અત્યાર સુધી તેં આમ જાણ્યું નથી. આ અમે કહીએ છીએ તેવો આત્મા તે રીતે તેં જાણ્યો નથી. ભાષા મૂકી જુઓને! ગાથા બહુ ઊંચી છે, હોં! બધે ઠેકાણે આવે છે આ. બહુ જૂની ગાથા છે. ધવલમાં પણ એ આવે છે. સનાતન દિગંબર માર્ગ છે ને. સનાતન સત્ય. પરંપરાથી માર્ગ ચાલ્યો આવે છે અંદરથી. એમાં ક્યાંય ગડબડ-બડબડ જરીએ થઈ નથી. આ બીજો પંથ નીકળ્યા પછી એમાં ગડબડ થઈ. આ માર્ગ તો સનાતન અનાદિનો ભગવાનના મુખેથી નીકળ્યો છે માર્ગ એવો માર્ગ દિગંબર સંત આચાર્યો સનાતન કહે છે. સમજાણું કાંઈ? એમાં ક્યાંય ગડબડ થઈ નથી. નીકળ્યા જુદા પંથ એમાં ગડબડ થઈ ગઈ. પછી એને મુશ્કેલી પડે. એને કહે કે આ ખોટું છે. તો કહે નહિ. અમારું ખોટું નથી. ઠીક ભાઈ! શું થાય?

ઓલામાં લખ્યું છે ને? એણે લખ્યું છે. આપણે આ 'છ ઢાળા'માં આવ્યું ને? કે ભાઈ, જો દયાના ભાવથી પરિત સંસાર કરે એ વાત જૈન શાસ્ત્રમાં હોઈ શકે નહિ. ત્યારે કહે એ બીજામાં છે. શ્વેતાંબરમાં છે. મેઘકુમારનો જીવ છે એ પૂર્વના હાથીના ભવમાં એક સસલાની દયા પાળીને પરિત સંસાર કર્યો. એ તો હું સંપ્રદાયમાં પણ કહેતો કે આવું હોય નહિ આ. છ કાયની દયા અનંત વાર પાળી, નવમી ગ્રૈવેયક ગયો તો પરિત સંસાર થયો નહિ અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ સસલાના... એક સસલું. સસલું સમજ્યા? ખરગોશ. એની દયા પાળી. એવો પાઠ છે એ લોકોમાં. હાથીનો હતો ને. હાથીએ આમ પગ ઊંચો રાખ્યો. એમાં ઓલું સસલું ગરી ગયું. .. રાખ્યો. એ સંસાર પરિત કર્યો. બાપુ! આ માર્ગ સાચો નહિ. એમ ન હોય. પરના લક્ષના વિકલ્પથી પરિત સંસાર ઘટે એ વસ્તુસ્વરૂપ હોઈ શકે નહિ. એટલે 'છ ઢાળા'માં જરી કહ્યું હતું. પહેલા એ નખાઈ ગયું છે એમાં કે આ પરિત સંસાર પરની દયાથી કહે એ વાત સાચી નથી. સમજ્યાને? ત્યારે આ લોકોને એમ થયું કે એવું જે કહ્યું હોય એ કુશાસ્ત્ર છે. ત્યારે આ લોકો કહે, જુઓ! અમારામાં કહ્યું. એને કુશાસ્ત્ર કહે છે. એમાં ખુલાસો કરવો પડ્યો કે આ તો અન્યના .. આવ્યું. અમે કુશાસ્ત્ર કહીએ છીએ. ભાઈ! આ અપેક્ષાએ બાપુ! જે પરની દયાના ભાવ દ્વારા પરલક્ષી વિકલ્પ દ્વારા સંસારનો અભાવ થાય એમ બને નહિ. કેમકે વસ્તુ રાગરહિત ચૈતન્ય છે એમાં ભવ અને ભવનો ભાવ નથી. એના લક્ષે ભવનો અભાવ થાય. પરલક્ષની ક્રિયાથી ભવનો અભાવ ન થાય. ભાઈ! એ વસ્તુનું સ્વરૂપ એવું છે. એવી ચર્ચા મોટી ચાલી હતી શ્વેતાંબમાં અમારે. ઓલો ગાંધી હતો ને ભાઈ નાનચંદ ગાંધી કોણ? ગોકુળદાસ.

મુમુક્ષુ :- એણે તો છાપામાં પણ આપ્યું હતું ને.

ઉત્તર :- આપ્યું હતું. અમે કહ્યું હતું એટલે કહ્યું હતું કે આ શું તમારે? હાથીના ભવમાં એક સસલાની દયા પાળી ત્યાં પરિત સંસાર (કર્યો), એ ન્યાયથી કાંઈ વાત બેસે છે? આ ભગવાનના શાસ્ત્ર જ નથી. આ વીતરાગની વાણી એવી હોય નહિ, કીધું. અને એક વિપાકના બોલ કહ્યા હતા. વિપાક સૂત્રમાં દસ બોલ આવે છે એ લોકોમાં. મિથ્યાદૃષ્ટિ ગૃહસ્થ છે એ મુનિઓને આહાર આપે છે અને પરિત સંસાર કરે છે. ખોટી વાત છે આ. આહાર આપવાનો વિકલ્પ છે એ તો પરલક્ષી શુભરાગ છે. એનાથી સંસાર ઘટે નહિ. એ વસ્તુની સ્થિતિ નથી. જુઓ, આખું તમારું વિપાક સૂત્ર લખેલું ખોટું પડે છે ન્યાયથી. એય..! ક્યાં ગયા? શાંતિભાઈ! લોકોને ન્યાય કહેતાં આકરું લાગે છે. શું કરીએ? બહુ ચર્ચા ચાલી હતી. પછી એણે પ્રશ્ન પણ પૂછ્યા હતા લોકોને કે શું આ અગિયાર બોલનું સમજવું? પણ કાંઈ જવાબ કોઈએ આપ્યા નહિ. એક ગોકુળદાસ ગાંધી હતો. વાત થઈ હતી અમારે. ન્યાયથી જુઓ. પરની છકાયની દયાના ભાવ (પાળીને) તો અનંત વાર નવમી ગ્રૈવેયકે ગયો. એકત્રીસ સાગર અને ત્યાં પછી સંસાર થયો નહિ. અને એક પંચેન્દ્રિયની દયા પાળવામાં પછી સંસાર ઘટે, કાંઈ ન્યાયથી વિચારવું પડશે કે નહિ? એમ ન ચાલે, કીધું. આ તો વીતરાગમાર્ગ છે. એમ ને એમ આંધળી દોડે માનવું એમ ન હોઈ શકે. પરીક્ષા કરીને માનવું જોઈએ. પછી એણે કહ્યું કે બહુ .. સાધુ .. પણ કોઈએ જવાબ આપ્યા નહિ.

હું તો ત્યારે જરીક બીજી રીતે કહેતો કે ક્ષયોપશમ વીર્યની જાગૃતિ કાંઈક કરી હતી એમણે. એને લઈને થયું. એમ કરીને એવું કહેતા હતા. પછી શું કરે? વાંચવું તો પડે. એ પુસ્તક વાંચતા ને. વીરરસ આવ્યો છે એમ જરી થોડું કહેતા હતા, હોં! તમને ખબર છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ એ વીરરસ પરથી હોઈ શકે નહિ. અંદર સ્વરૂપની સ્ફુરણા વીરરસ આવે એનું નામ પરિત સંસારનો (ભાવ). પરની દયાના છકાયની દયાના ભાવ તો બધા શુભરાગ છે. શુભરાગ પોતે ઉદયભાવ છે. એનાથી સંસારનો નાશ થઈ શકે જ નહિ. સમજાણું કાંઈ? હવે આમ વાત કરે તો ઓલા વાડાને વાંધો આવે, આમ વાત કરે તો આને વાંધો આવે. બધે વાંધે વાંધા. ગોદિકાજી! વાંધા નથી, ભાઈ! એ બધા વાંધા પતેલાની વાતું છે આ. આહાહા..!

કહે છે કે આત્મા,.. સ્પર્શનું લેવું. '**પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ સ્પર્શને સ્પર્શતો નથી...**' આહાહા..! સ્પર્શને આમ ટાઢું-ઊનું આ દ્વારા જાણતો નથી. આ તો પરવસ્તુ છે. પર દ્વારા ક્યાંથી જાણે? પર દ્વારા? આ જડ દ્વારા? જડનો સ્વામી છે? માટે તેને.. સમજાય છે? અસ્પર્શ કહેવામાં આવે છે. એમ... ઓલું ભાવેન્દ્રિયનું લઈ લેવું. ભાવેન્દ્રિયનો ક્ષયોપશમનો અંશ છે ને સ્પર્શનો, એ અંશ છે, ખંડ ખંડ એ સ્વભાવમાં નથી. માટે સ્વભાવની દૃષ્ટિએ ક્ષયોપશમનો એમાં અભાવ છે માટે પણ તેને અસ્પર્શ કહેવામાં આવે છે. બાકી બધું લઈ લેવું.

હવે લઈએ પર્યાય. શબ્દ. હવે એમાં થોડું લઈએ ફરી. જુઓ! પર્યાય છે ને. '**એ રીતે, જીવ ખરેખર પુદ્‌ગલદ્રવ્યથી અન્ય હોવાથી તેમાં શબ્દપર્યાય વિદ્યમાન નથી માટે અશબ્દ છે.**' ભગવાન આત્મામાં, પુદ્‌ગલદ્રવ્યથી અનેરો આત્મા (છે) માટે શબ્દપર્યાય વિદ્યમાન નથી. આત્મામાં શબ્દપર્યાય છે નહિ.

મુમુક્ષુ :- બોલે તો ખરું ને.

ઉત્તર :- બોલે કોણ? શબ્દપર્યાય ક્યાં આત્મામાં છે?

મુમુક્ષુ :- વ્યવહારે તો બોલે ને.

ઉત્તર :- વ્યવહારે બોલે એટલે શું? એ તો ભાષા કાળે નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું છે. તેથી કાંઈ નિમિત્તથી એનો કર્તા છે એમ છે નહિ. ઈ જ વાંધા ઉઠ્યા છે ને આખા. નિમિત્ત અને કર્તા બે મોટો ઉગમણો-આથમણો ફેર. આખી વાત જ જુદી છે. નિમિત્ત તો તે કાળે કોણ ઉપસ્થિત હતું તેનું જ્ઞાન કરાવે છે. અને એ આત્મા ભાષાનો કર્તા (માને) એ તો મૂઢ છે. ભાષાની પર્યાય જડ આત્મામાં છે શબ્દપર્યાય કે શબ્દપર્યાય આત્મા કરે-બોલે? બિલકુલ જૂઠ છે.

મુમુક્ષુ :- .. અસ્તિત્વ છે.

ઉત્તર :- એની હયાતીમાં રજકણો ભર્યા છે એમાં? અરૂપી અનંત ગુણનો પિંડ પ્રભુ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ક્યાંય રજકણો પડ્યા છે કે ભાષાની પર્યાય એ પોતે ઉત્પન્ન કરે? ભગવાન ભાષાને ઉત્પન્ન કરે?

મુમુક્ષુ :- પહેલે સમયે ગ્રહણ કરે, બીજે સમયે..

ઉત્તર :- એ ગ્રહણ કરે એ બધી .. વાતું છે. આમાં ન મળે. વીતરાગમાર્ગમાં એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વાત નથી. એ ત્યાં બોલાણું હતું (સંવત) ૨૦૦૬ની સાલમાં ગયા હતા ને પાલીતાણા. સામા વતી બોલાણું હતું. આ લોકો કહે છે કે શબ્દ-બબ્દ બોલે નહિ. નહિ. પહેલે સમયે કેવળી વચનવર્ગણા ગ્રહણ કરે અને બીજે સમયે બોલે. એવી ત્યાં વાત આવી હતી. આ રામવિજય ત્યાં હતા. ૨૦૦૬ની સાલ. સત્તર વર્ષ થાશે. ભાઈ! ભગવાનને વાણી ગ્રહવી અને મૂકવી હોય નહિ. શું થાય? પણ એ વાત કોઈ પોતાના જાણપણા અને વિદ્વતાના વેગે ચડ્યા અને આ વાતું ન સાંભળવા (મળે). કારણ કે અમે ભણેલા ઘણું ભણેલા. ભાઈ! એમ ભણ્યા રહેવા દો. સત્યનો તોલ કરો, તમે સત્યનો તોલ કરો. વાણી ભગવાન પહેલે સમયે ગ્રહે. એ કઈ રીતે ગ્રહે? અને બીજે સમયે છોડે. આત્મામાં ગ્રહણ-ત્યાગ જ નથી. આત્મામાં પરવસ્તુના ગ્રહણ-ત્યાગશૂન્ય એવો તો ગુણ છે.

આત્માનો એક એવો ગુણ છે... સમજાય છે? ઉપાદાન. આવે છે ને? ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ. પરનો ત્યાગ અને પરનું ગ્રહણ એનાથી શૂન્ય આત્મા છે. ગ્રહે અને મૂકે ક્યાંથી? ગ્રહે અને વળી મૂક્યું? એ તો ત્યાગ ઉપાદાન થઈ ગયું. ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ છે એનામાં. એ વળી તે દિ' ૨૦૦૬ની સાલમાં આવી હતી વાત મોટી. પાલીતાણા. એય..! જયંતિભાઈ! ભાઈ! આ તો વાત ન્યાયથી છે, હોં! કોઈ પક્ષની વાત નથી, વસ્તુ આમ છે. હવે એમાં પછી ઓલા કહે, અમારો પક્ષ એમાં ખોટો પડે છે. ભાઈ! ખોટા .. વસ્તુ છે એમ છે. કોઈએ એમ ગપ્પ માર્યા હોય એટલે કાંઈ સાચી વસ્તુ થઈ જતી હશે? કેવળી પણ પહેલે સમયે વાણી ગ્રહે અને બીજે સમયે બોલે. પણ પરમાણુ ગ્રહે-બોલે એ આત્મામાં નીચે અજ્ઞાનીને નથી તો જ્ઞાની કેવળીને ક્યાંથી આવ્યું વળી? ભાષા બોલે. અહીં પણ કેટલાક કહે છે. ઈચ્છાવાળા બોલે છે તો ઈચ્છાસહિત હોય તો જ વાણી નીકળે. કેવળીને ઈચ્છા વિના વાણી નીકળે પણ અહીં તો ઈચ્છા વિના વાણી નીકળે એમ કહે છે. ઈચ્છા જુદી ચીજ છે, વાણીની પર્યાય થવી જુદી ચીજ છે. ક્યાં આત્મામાં શબ્દ પડ્યો હતો તો વાણી કાઢે આત્મા? ઈચ્છાવાળા પણ શબ્દની પર્યાય કરી શકે એમ છે નહિ. કેમ કે આત્મામાં શબ્દની પર્યાય નથી. નથી ત્યાંથી કાઢે? આહાહા..! સમજાણું?

'**શબ્દપર્યાય વિદ્યમાન નથી...**' આત્મામાં શબ્દની હયાતી જ નથી. શબ્દની અવસ્થા અવસ્થાની હયાતી જ નથી. આ પર્યાય છે ને. '**માટે અશબ્દ છે.**' લ્યો! '**પુદ્‌ગલદ્રવ્યના પર્યાયોથી પણ ભિન્ન...**' ઓલાના ગુણથી ભિન્ન હતું ને. '**પુદ્‌ગલદ્રવ્યના પર્યાયોથી પણ ભિન્ન હોવાથી પોતે પણ શબ્દપર્યાય નથી...**' લ્યો! આત્મા શબ્દપર્યાય નથી. છે એમાં બોલ છે? નવીમાં નહિ હોય. ગુજરાતીમાં નહિ હોય. ગુજરાતીમાં .. જૂની ગુજરાતીમાં નથી. હિન્દીમાં કર્યું? બે બોલ થયા.

ત્રીજો. '**પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું પણ તેને નહિ હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ શબ્દ સાંભળતો નથી...**' આ કાનના અવલંબન વડે શબ્દ સાંભળતો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ નથી. કાનના પરમાણુ તો જુદા છે. આમ કરે તો એની પર્યાય થઈ શકે છે એનાથી? એનો સ્વામી જ નથી. **'દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ શબ્દ સાંભળતો નથી...'** આહાહા..! સીધું જ્ઞાન થાય? એ સીધું જ્ઞાન થાય, સાંભળને! **'દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે...'** આલંબન કહો કે નિમિત્ત વડે. એનો સ્વામી નથી. **'શબ્દ સાંભળતો નથી માટે અશબ્દ છે.'** આહાહા..! એમ પછી **'પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ શબ્દ સાંભળતો નથી...'** લ્યો! એમ બધા બોલો જેવા છે એવા લઈ લેવા.

એમ **'સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક શબ્દવેદના પરિણામને પામીને શબ્દ સાંભળતો નથી માટે અશબ્દ છે.'** એનું જ્ઞાન તો બધાનું એકરૂપ થાય છે. એકસાથે. જુદું જુદું છે, ખંડ ખંડ છે.

મુમુક્ષુ :- આનું જ્ઞાન.. આનું જ્ઞાન...

ઉત્તર :- ના, ભગવાનને જ્ઞાનનું જ્ઞાન થાય છે. પરનું જ્ઞાન એમ નહિ. જ્ઞાનનું જ્ઞાન. નીચે ઈ સાધારણ. અહીં તો આપણે નીચેની વાત છે. પૂર્ણની વાત છે નહિ. નીચેમાં પણ એક જ રસનું જ્ઞાન છે અને એક જ રૂપનું જ્ઞાન એમ નથી. સાધારણ બધાનું જ્ઞાન એકસાથે થાય છે. એ જ્ઞાન આનું જ જ્ઞાન છે અને આનું જ્ઞાન (છે) એવો ખંડ-ભંગ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભગવાનને તો છે. અહીં તો નીચેની વાત છે. નીચે પણ એમ છે. ભગવાન તો કંઈ જાણતા નથી. ભગવાન તો પોતાને જાણે છે. પરને જાણવું કહેવું એ તો વ્યવહાર છે. આખા લોકાલોકને જાણે એમ કહેવું વ્યવહાર છે. પોતાના જ્ઞાનને જાણે છે.

અહીંની વાત લેવી છે ને? આત્માને જાણ એમ પહેલાં બતાવવું છે ને. કેવળીને અહીં નથી કહેવું. તારો આત્મા અહીંયાં પણ **'સકળ વિષયોના વિષયોમાં...'** જ્ઞાન એકસાથે કરવાનો એનો સ્વભાવ છે. માટે એકસાથે કરવાના સ્વભાવમાં એકનું જ જ્ઞાન રૂપે કરે છે ઈ એવો એનો સ્વભાવ નથી, એમ એટલું. અહીં તો નીચેની વાત છે ને. કેવળીની વાત નથી. સાધકની વાત છે. જાણની વાત નથી. આમ તું આત્માને જાણ. પૂર્ણ કેવળજ્ઞાની એની તો વાત જ જુદી આખી. સમજાણું કાંઈ?

**'(તેને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય...)'** શબ્દનું જ્ઞાન થાય પણ શબ્દના જ્ઞેયરૂપે જ્ઞાન થતું નથી. **'સકલ જ્ઞેયજ્ઞાયકના તાદાત્મ્યનો નિષેધ હોવાથી શબ્દના જ્ઞાનરૂપે પરિણમતાં છતાં...'** લ્યો! શબ્દનું જેવું જ્ઞાન છે તેવું જ્ઞાન પોતાથી પરિણતા છતાં **'પણ પોતે શબ્દરૂપે પરિણતો નથી માટે અશબ્દ છે.'** લ્યો. **'આમ છ પ્રકારે શબ્દના નિષેધથી તે અશબ્દ છે.'** લ્યો! એ બોલ લીધો. પાઠમાં સ્પર્શ નથી, નહિ? **'अरसमरुवमगंधं अव्वत्तं'** **'अव्वत्तं'**નો અર્થ ત્યાં સ્પર્શ કર્યો છે અને 'જયસેનાચાર્ય'માં સૂક્ષ્મ કર્યો છે. પણ શબ્દ સ્પર્શ નથી એને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લઈ લીધું. રૂપ, ગંધ, રસ, સ્પર્શ અને શબ્દ. અવ્યક્ત એક બાકી છે. પણ છેલ્લો બોલ પહેલો લે છે હવે. '**णिद्दिट्ठसंठाणं**' છે બોલ છેલ્લો પણ એને પહેલો લઈ લેશે. ટીકામાં પહેલો લેશે. સમજાણું? અલિંગગ્રહણ, ચેતનાગુણ, અવ્યક્ત એ બાકી રાખીને અહીં '**णिद्दिट्ठसंठाणं**' ને પહેલો લેશે. છેલ્લા બોલને અહીંયાં વચમાં લીધો છે ટીકાકારે.

'(**હવે અનિર્દિષ્ટસંસ્થાન...**' કોઈ સંસ્થાન કરી શકાય એવું એનું સ્વરૂપ નથી. '**વિશેષણ સમજાવે છે :-) પુદ્‌ગલદ્રવ્ય વડે રચાયેલું જે શરીર...**' આ શરીર. પુદ્‌ગલદ્રવ્ય વડે રચાયેલું હોં! આત્માથી નહિ, કર્મથી નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. રહ્યું હોય. આ તો આ પુદ્‌ગલદ્રવ્ય છે. આ આના પુદ્‌ગલથી રચાયેલું છે. કર્મના પુદ્‌ગલથી આ રચાયેલું નથી. '**પુદ્‌ગલદ્રવ્ય વડે રચાયેલું જે શરીર તેના સંસ્થાન (આકાર)થી જીવને સંસ્થાનવાળો કહી શકાતો નથી...**' કારણ કે આનો આકાર એને ક્યાં છે? આનો તો રચાયેલો આ આકાર છે આનો. '**પુદ્‌ગલદ્રવ્ય વડે રચાયેલું જે શરીર...**' .. લોકો કહે ને એ 'ઘડનારાને પરખો એ કોણે બનાવ્યો ચરખો?' અન્યમતિમાં આવે છે એક ભજન. અન્યમતિમાં એવું ભજન આવે છે હોં! સાંભળ્યું છે ત્યાં ઘણે ઠેકાણે. ત્યાં ગયા હતા ને. 'એ ઘડનારાને પરખો એ કોણે બનાવ્યો ચરખો?' ચરખો સમજો છો? આ ચરખો. એટલે એમ કહે કે રેંટીયો. પણ કોણ બનાવે? આ તો પુદ્‌ગલથી રચ્યો છે જુઓને આ. ઘડનારો કોઈ ઈશ્વર પણ નથી અને ઘડનારો આત્મા પણ નથી. અહીં તો એમ કહે છે. એ ઓલા ગામમાં નહોતા ગયા? ડોળિયા-ડોળિયા. ડોળિયા નહિ? તમે હતા? ડોળિયા અમે ગયા હતા ત્યાં રાત્રે બોલતા હતા. રસ્તામાં આવ્યું હતું. (સંવત) ૧૯૯૯ની સાલમાં.

મુમુક્ષુ :- એમ કહે કે ભગવાને બનાવ્યા છે.

ઉત્તર :- હા. 'કોણે બનાવ્યો ચરખો અને એના ઘડનારાને પરખો.' કોણ ઘડનારો હોય? અહીં કહે છે, પુદ્‌ગલથી રચાયેલું છે, બાપા! કોઈ ઈશ્વરે રચ્યું નથી અને તારા આત્માએ પણ રચ્યું નથી. આવી વસ્તુ છે.

'**પુદ્‌ગલદ્રવ્ય વડે રચાયેલું જે શરીર...**' એટલે પછી આ કર્મથી નહિ હોં! અત્યારે તો એ નથી લેવું અહીંયાં. આહાહા..! એ રજકણો કર્મ તો નિમિત્ત છે. ઉપાદાન પોતાના રજકણોને જે શરીર રચવાના છે એનાથી શરીર રચાયેલું છે. સમજાણું કાંઈ? આત્માથી નહિ, કર્મથી નહિ અને કોઈ ઈશ્વર-ફિશ્વર નથી. આહાહા...! '**પુદ્‌ગલદ્રવ્ય વડે રચાયેલું જે શરીર તેના સંસ્થાન (આકાર)થી જીવને...**' આનાથી રચાયેલું એવા આકારથી જીવને '**સંસ્થાનવાળો કહી શકાતો નથી માટે જીવ અનિર્દિષ્ટ...**' અનિર્દિષ્ટ. કોઈ નિર્દિષ્ટ કહી શકાય એવો સંસ્થાન એને છે નહિ. હવે બીજો બોલ જરી ઝીણો છે. લેશું...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૪, ગુરુવાર તા. ૧-૧૨-૧૯૬૬**
**ગાથા-૪૯, પ્રવચન-૧૧૭**

સમયસાર, જીવ-અજીવ અધિકાર ચાલે છે. શિષ્યે એમ પૂછ્યું છે કે આ આત્મા રાગાદિ અધ્યવસાનાદિ જે આઠ બોલ કહ્યા એનાથી રહિત છે. તો પરમાર્થ સ્વરૂપ એનું એકરૂપ ટંકોત્કીર્ણ શું છે? અને એનું લક્ષણ શું છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. જેથી આત્મા એ લક્ષણે અને પરમાર્થસ્વરૂપ છે તેથી એના લક્ષમાં આવે. એ લક્ષણે અને તે પરમાર્થસ્વરૂપ જે છે તે લક્ષમાં આવે. એ લક્ષણ શું અને પરમાર્થ સ્વરૂપ શું? સમજાય છે કાંઈ? આત્મા, એમ કહ્યું કે અધ્યવસાન પુણ્ય-પાપ, રાગ-દ્વેષ, હરખ-શોક આદિ આઠ બોલ એનાથી રહિત કહ્યો. પછી છે કેવો ત્યારે પરમાર્થ? એકરૂપ ટંકોત્કીર્ણ પરમાર્થ કેમ છે? અને તેનું લક્ષણ શું છે? કે જે લક્ષણ વડે પરમાર્થ જીવ જણાય. એનો આ ઉત્તર આપીને ગાથા કહી છે. છે ને માથે? પ્રશ્ન એ હતો. **'એક ટંકોત્કીર્ણ પરમાર્થ સ્વરૂપ જીવ કેવો છે? તેનું લક્ષણ શું છે? એ પ્રશ્નનો ઉત્તર કહે છે :-'** જેને આ પરમાર્થ આત્મા જાણવો છે અને એનું લક્ષણ જાણવું છે, એને જણાવે છે. સમજાણું કાંઈ? સંસ્થાન સુધી આવ્યું છે આપણે. એક બોલ આવ્યો છે. છ બોલ. છેલ્લો હતો એનો પહેલો ખુલાસો કર્યો છે. ..

**'પુદ્ગલદ્રવ્ય વડે રચાયેલું જે શરીર...'** આ શરીર પુદ્ગલના રજકણ વડે રચાયેલું છે. **'તેના સંસ્થાન(આકાર)થી જીવને સંસ્થાનવાળો કહી શકાતો નથી...'** જડથી રચાયેલું શરીર, એના આકારે આત્માને સંસ્થાન કહી શકાય નહિ. **'માટે જીવ અનિર્દિષ્ટસંસ્થાન છે.'** સંસ્થાન અનિર્દિષ્ટ છે. સંસ્થાન જીવનું એમ કહી શકાતું નથી. .. એનો આકાર નથી માટે. એક વાત. ... **'પોતાના નિયતસ્વભાવથી...'** પોતાનો તો અસંખ્ય પ્રદેશ નિયત સ્વભાવ છે. **'અનિયત સંસ્થાનવાળા અનંત શરીરોમાં રહે છે...'** શરીર તો નાના મોટા અનેક પ્રકારના અનિયત સંસ્થાન છે શરીરના. એક શરીરમાં પણ અનેક પ્રકારના આકાર ફર્યા કરે છે. નાનું-મોટું થયા કરે છે. એક શરીરમાં બાળ, યુવાન, ...

**'નિયત સ્વભાવથી...'** એ અસંકુચિત વિકાસ શક્તિમાં નિયત સ્વભાવ લીધો છે. ૪૭ શક્તિમાં. ૪૭ શક્તિમાં છે ને. અસંકુચિત વિકાસને નિયતસ્વભાવ. નિયત સ્વભાવ તો અસંખ્ય પ્રદેશે છે. પણ એનો સંસારમાં સંકોચવિકાસ થાય અને સિદ્ધમાં પછી થતો નથી. એમ ત્યાં શક્તિમાં લીધું છે. એમ **'પોતાના નિયત સ્વભાવથી...'** પહેલું કહ્યું ... અસંકોચ વિકાસ નામની શક્તિ છે. એ શબ્દ પડ્યો છે, જુઓ!

**'જે અનાદિ સંસારથી માંડીને સંકોચવિસ્તારથી લક્ષિત છે...'** ૨૪મી શક્તિ છે. **'અને જે ચરમ શરીરના પરિમાણથી કાંઈક ઊણા પરિમાણે અવસ્થિત થાય છે**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**એવું લોકાકાશના માપ જેટલા માપવાળું આત્મ-અવયવપણું જેનું લક્ષણ છે એવી નિયતપ્રદેશત્વશક્તિ.**' એ અસંખ્ય પ્રદેશ તો એના નિયત છે. ... '**(આત્માના લોકપરિમાણ અસંખ્ય પ્રદેશો નિયત જ છે. તે પ્રદેશો સંસાર-અવસ્થામાં સંકોચવિસ્તાર પામે છે અને મોક્ષ-અવસ્થામાં ચરમ શરીર કરતાં કાંઈક ઓછા પરિમાણે સ્થિત રહે છે.)**' કહો, સમજાણું? ૨૪મી શક્તિ છે. નિયતપ્રદેશત્વ.

કહે છે, ભગવાન આત્મા પોતે તો નિયતસ્વભાવ છે. અસંખ્ય પ્રદેશ એનો નિયતસ્વભાવ છે. એનો એકરૂપે આકાર રહે એવો તો સ્વભાવ છે. આ અનિયત સંસ્થાનવાળા અનંત શરીરમાં, એમ. ભિન્ન ભિન્ન. છે તો એકરૂપ સ્વભાવ અસંખ્ય પ્રદેશથી. પણ અનિયત સંસ્થાનવાળા અનંત શરીરોમાં, ભિન્ન ભિન્ન શરીરના આકારોમાં રહે છે. માટે તેને આ સંસ્થાનવાળો કહી શકાતો નથી. અનિર્દિષ્ટસંસ્થાન. અ-નહિ, કહી શકાતો નથી. સમજાણું?

ત્રીજો. '**સંસ્થાન નામકર્મનો વિપાક (ફળ) પુદ્‌ગલોમાં જ કહેવામાં આવે છે...**' પહેલામાં એમ હતું કે એ પુદ્‌ગલ વડે રચાયેલું શરીર, એમ કહ્યું. હવે કર્મની જરીક વાત લીધી. ઓલી સીધી વાત લીધી હતી. ઓલા પુદ્‌ગલોથી રચાય છે એમ લીધું હતું. આમાં સંસ્થાન નામ કર્મનો વિપાક એ લીધું. ઓલામાં કર્મ નહોતું લીધું, ભાઈ! ઓલામાં એની જરૂર નહોતી. સીધું શરીરથી .. '**સંસ્થાન નામકર્મનો વિપાક (ફળ) પુદ્‌ગલોમાં જ કહેવામાં આવે છે...**' આમાં આવે, એમાં કાંઈ આત્મા આવતો નથી. '**(તેથી તેના નિમિત્તથી પણ આકાર નથી)...**' પુદ્‌ગલના કર્મના પાકથી પણ આત્મામાં આકાર નથી. શરીરના રચનાના આકારથી પણ આત્માનો આકાર નથી અને પુદ્‌ગલ કર્મ વિપાકનું ફળ તો પુદ્‌ગલમાં આવે છે. એથી પણ આત્માનો આકાર કહી શકાતો નથી. ત્યારે બેય નાખ્યું. કર્મ નાખ્યું. શરીર .. ત્રણ થયા.

ચોથો. '**જુદાં જુદાં સંસ્થાનરૂપે પરિણમેલી સમસ્ત વસ્તુઓના...**' આ જગતની ચીજો તમામ. તેના '**સ્વરૂપ સાથે જેની સ્વભાવિક સંવેદનશક્તિ સંબંધિત (અર્થાત્ તદાકાર) છે...**' જેવા આકાર છે તેવું અહીં જ્ઞાન થાય છે. જેવો આકાર હોય ને સામે. આ આકાર, આ આકાર એવું અહીં જ્ઞાન થાય પોતાને પોતાથી. '**એવો હોવા છતાં પણ જેને સમસ્ત લોકના મિલાપથી (-સંબંધથી)...**' ઓલામાં તાદાત્મ્ય સંબંધ કીધો હતો પહેલો. બોલમાં નહિ? પહેલા છ બોલમાં. તાદાત્મ્ય સંબંધ નથી. જ્ઞેય જ્ઞાયક .. જાણી શકાય, જ્ઞેયની સાથે તાદાત્મ્ય સંબંધ નથી. અહીં આ રીતે લીધું. જુદાં જુદાં જુઓ આ લાકડા, લાડવા, રોટલી, મકાન આ બધું જુદા જુદાં આકારે...

'**જુદાં જુદાં સંસ્થાનરૂપે પરિણમેલી સમસ્ત વસ્તુઓનાં સ્વરૂપ સાથે જેની સ્વાભાવિક સંવેદનશક્તિ સંબંધિત (અર્થાત્ તદાકાર) છે...**' તદાકાર એટલે એ પ્રકારનું જ્ઞાન બરાબર છે. જેવા આકાર છે તેવું જ્ઞાન છે. '**એવો હોવા છતાં પણ જેને...**' જ્ઞાન...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોં! **'જેને સમસ્ત લોકના મિલાપથી (-સંબંધથી) રહિત નિર્મળ (જ્ઞાનમાત્ર) અનુભૂતિ રહી છે...'** અનેક ભિન્ન ભિન્ન આકારના જ્ઞાનનો અનુભવ થઈ રહ્યો છે. પણ એનો આમાં આકાર આવતો નથી. અને તે આકારમાં તન્મય થતો નથી. પરના આકારમાં નથી થતો. લાડવો ખાય છે તો એ લાડવાનું જ્ઞાન છે બરાબર, પણ લાડવાના આકારમાં જ્ઞાન પેસી જતું નથી. બરાબર હશે? મોટો ઊંટ દેખે લાંબો, લ્યો. આ ડુંગરો દેખે. જ્ઞાન તો એ પ્રકારનું જાણે છે. તે પ્રકારે જેવું છે એવું જ્ઞાન છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... એમ કે .. એમ લોકો કહે છે ને? ... કોણ કરે ચૈતન્યમાં? એ નિમિત્તનું કથન છે. .. એનો તે પ્રકારનો જે આકાર છે તે પ્રકારનું જ્ઞાન થાય છે. એ જ્ઞાનની સાથે સંબંધ છે. પરની સાથે તાદાત્મ્ય થતું નથી. સમજાણું કાંઈ?

એવો **'સમસ્ત લોકના મિલાપથી (-સંબંધથી) રહિત નિર્મળ (જ્ઞાનમાત્ર) અનુભૂતિ થઈ રહી છે...'** નિર્મળ જ્ઞાન થઈ રહ્યું છે. એવા આકારે છે. રોટલી જે આકારે હોય, રોટલો એવા આકારે હોય. ઢોકળા ભિન્ન ભિન્ન આકારના થાય છે ને. ઢોકળાને તમારે હિન્દીમાં શું કહે છે? વાટકામાં નાખે, ઓલામાં નાખે .. નાખે નહિ. ઘણી ઘણી ... એ આકારનું જ્ઞાન થાય અહીંયાં. પોતાથી, હોં! પણ છતાં એને પરના આકાર સાથે કાંઈ સંબંધ નથી. **'લોકના મિલાપથી રહિત નિર્મળ (જ્ઞાનમાત્ર) અનુભૂતિ થઈ રહી છે એવો હોવાથી પોતે અત્યંતપણે સંસ્થાન વિનાનો છે...'** ચાર બોલ લીધા છે. ઓલામાં છ-છ લીધા હતા. સમજાણું કાંઈ?

**'માટે અનિર્દિષ્ટસંસ્થાન છે. આમ ચાર હેતુથી સંસ્થાનનો નિષેધ કહ્યો.'** આત્મામાં સંસ્થાન આ ચાર પ્રકારના નથી. શરીરના આકારનો સંસ્થાન નથી. નિયત સ્વભાવથી તો તે અનિયત શરીરના આકારે હોવા છતાં તેનો આકાર આમાં આવતો નથી. કર્મનો પાક પુદ્‌ગલનો હોવાથી પણ આત્મામાં આકાર આવતો નથી. આકારનું જ્ઞાન હોવા છતાં એ આકારરૂપે તે જ્ઞાન થતું નથી. આકારરૂપે થતું નથી. આકારનું જ્ઞાન પરિણમે. એ આકાર થઈ જાય અંદરમાં તન્મય એમ છે નહિ. આ રીતે ચાર પ્રકારે સંસ્થાનથી રહિત આત્માને કહ્યો.

હવે આ થોડી ઝીણી વાત છે. આ તો સ્થૂળ વાત હતી. પુદ્‌ગલથી જુદો બતાવ્યો. **'(હવે અવ્યક્ત વિશેષણને સિદ્ધ કરે છે :-) છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે...'** છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે **'અને તે વ્યક્ત છે...'** બહાર છે, વ્યક્ત છે. **'તેનાથી જીવ અન્ય છે...'** છ દ્રવ્યસ્વરૂપ લોકથી આ જીવ અનેરો છે. ધર્મદાસ ક્ષુલ્લકે નાખ્યું છે કે આત્મા સપ્તમ હો જાતા હૈ. અહીંથી કાઢ્યું છે એણે. આમ તો સપ્તમ જ છે. એક કોર જ્ઞાયક, એક કોર છ દ્રવ્ય. છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે, જાણવાલાયક આખું છ દ્રવ્ય તે વ્યક્ત તે બાહ્ય છે, પર છે. તેનાથી જીવ અન્ય છે. વ્યક્તથી અન્ય છે માટે તે અવ્યક્ત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. છ દ્રવ્યસ્વરૂપ જ્ઞેય તે વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે. પોપટભાઈ! વાંચ્યું છે? અવ્યક્ત એટલે આ વ્યક્તથી રહિત તે અવ્યક્ત. કીધું ને. વસ્તુ છે તો આ વસ્તુ છે ને બાહ્ય? જ્ઞેય છે ને? જ્ઞેય એટલે વ્યક્ત બહાર. એનાથી અવ્યક્ત, એમ. અવ્યક્ત એટલે ન જાણ્યું એમ નહિ. આ વ્યક્ત એનાથી રહિત માટે અવ્યક્ત.

'ધર્મદાસ ક્ષુલ્લકે' તો સપ્તમ કહ્યું છે, એ આમાંથી કાઢીને. એક કોર ભગવાન રામ અને એક કોર ગામ. એક કોર જ્ઞાયક એકલો અને એક કોર છ દ્રવ્ય. એ છ દ્રવ્ય જે જ્ઞેય છે એને વ્યક્ત કહેવામાં આવે છે, બાહ્ય. એ અપેક્ષાએ એને જ્ઞાયક કહો કે અવ્યક્ત કહો. જ્ઞેયની અપેક્ષાએ જ્ઞાયક અને પર વ્યક્તની અપેક્ષાએ અવ્યક્ત, એમ કહ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ અર્થ આ, આ અર્થ. અવ્યક્ત એટલે ન જણાય એવું નથી. અપ્રગટ છે એમ નથી અહીં. બાહ્ય પ્રગટ છે વ્યક્ત જ્ઞેય એનાથી અનેરો માટે તેને અવ્યક્ત કહેવામાં આવે છે. ...

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, એની પર્યાયમાં છ દ્રવ્ય જણાય. એ છને જ્યારે જ્ઞેય કહીએ અને જ્ઞેયની અપેક્ષાએ તેને વ્યક્ત કહીએ. જ્ઞેય છે તે વ્યક્ત છે બાહ્ય. અને તેથી આને અવ્યક્ત (કહીએ). એ વ્યક્તને જ્ઞેયની અપેક્ષાએ વ્યક્ત કહ્યું. વસ્તુ તો પોતે પ્રગટ છે. બાહ્યની અપેક્ષાએ, વ્યક્તની અપેક્ષાએ એને અવ્યક્ત કહ્યું. છ દ્રવ્યથી ભિન્ન ભગવાન આત્માને જ્ઞાયક કહે છે. છે તો છ દ્રવ્યમાં. પણ છ દ્રવ્યનું એક સમયમાં જ્ઞાન વર્તે છે અને એ છ દ્રવ્ય ભિન્ન છે એ જ્ઞેય છે. ભગવાન જ્ઞાયક તે અવ્યક્ત. વ્યક્ત આને કહીએ તો આને અવ્યક્ત કહીએ. આને જ્ઞેય કહે તો આને જ્ઞાયક કહીએ. એમ બે અર્થ લીધા છે. અહીં તો અવ્યક્ત લેવું છે ને? એટલે જ્ઞેય તે વ્યક્ત છે એમ કહીને તેની અપેક્ષાએ ભિન્ન છે માટે એને અવ્યક્ત કહ્યું. એકલો જ્ઞાયકભાવ પોતાથી છે. આ અત્યારે પણ હોં! એમ કહે છે. કેવળીની અપેક્ષાએ અહીં વાત નથી. આહાહા..!

પોતાના જ્ઞાયકસ્વભાવ તરફનું જ્યાં ભાન થતાં પોતે જે બધા છ દ્રવ્યો પોતાથી અનંતા સિદ્ધો, અનંતા નિગોદો, એ બધાને જ્ઞેય કીધા અને તેને વ્યક્ત કીધા, બાહ્ય કીધા. આ ભગવાન... એ જ્ઞેયને વ્યક્ત કીધો. પ્રગટ એટલે બાહ્ય છે. તેને જાણનારું તેનાથી અવ્યક્ત ભિન્ન છે. એકલું જ્ઞાયક જાણનાર, બધાને સર્વને જાણનાર. એને વ્યક્ત કહ્યો તો આને અવ્યક્ત કહ્યો. બસ એટલી વાત છે. સમજાણું કાંઈ? ઝીણું છે, ભાઈ! 'ધર્મદાસ ક્ષુલ્લકે' તો કહ્યું, સપ્તમ હો જાતા હૈ. ... અહીં તો ઈ કહ્યું, જુઓ! છ દ્રવ્ય સ્વરૂપ જ્ઞેય એનાથી જુદો જાણે. છ દ્રવ્યથી જુદો એમ કીધું ને આમાં? તેથી 'ધર્મદાસે' એમ કાઢ્યું. અધ્યાત્મની દૃષ્ટિએ...

ભગવાન આત્મા વિકલ્પથી માંડીને બધા છ દ્રવ્યો જગતના, હોં! એ છ દ્રવ્ય બધું એકલું આખું જ્ઞેય છે. એને આ જાણનારો એકલો જ્ઞાયક છે. જ્ઞાયક છે અને એ જ્ઞેયને વ્યક્ત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કહ્યું અહીં અવ્યક્તને મેળવવું છે ને? એટલે એ જ્ઞેયને વ્યક્ત એટલે બાહ્ય પ્રગટ કહ્યું. ત્યારે એ અપેક્ષાએ અવ્યક્ત કહ્યું. એની અપેક્ષાએ અવ્યક્ત છે. એટલે અપ્રગટ છે એમ નથી. ઓલા વ્યક્ત છે અને એ અપેક્ષાએ અવ્યક્ત છે. સમજાણું કાંઈ? બે શબ્દ લીધા છે ને, જુઓને!

છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે. ક્યાં આવ્યું આમાં? '**षड्द्रव्यात्मकलोकाज्ज्ञेयाद्व्यक्तादन्यत्वात्**' છે ને સંસ્કૃતમાં શબ્દ? કેટલા બોલ મૂક્યા છે, લ્યો. '**षड्द्रव्यात्मकलोकाज्ज्ञेयाद्व्यक्तादन्यत्वात्**' છે? છે સંસ્કૃત? '**षड्द्रव्यात्मकलोकाज्ज्ञेयाद्व्यक्तादन्यत्वात्**' જ્ઞેય એટલે આ વ્યક્ત. એથી તે '**अन्यत्वात्**'. એથી '**अन्यत्वात्**'. અનેરો માટે એ અપેક્ષાએ અવ્યક્ત કહેવામાં આવે છે. એક કોર આખો જ્ઞાયક અને એક કોર બધું જ્ઞેય. આ જ્યારે વ્યક્ત કહ્યું, ત્યારે આ અવ્યક્ત, બસ એટલું. સમજાણું કાંઈ? એના જ્ઞાનમાં, એક સમયની પર્યાયમાં, હોં! બધું જણાય-જ્ઞેય. એ બધા જ્ઞેય છે. છ દ્રવ્ય... ત્યાં. આમાં આને જુદો પાડવો છે. એવો જે જ્ઞેય એને વ્યક્ત કીધું. '**षड्द्रव्यात्मकलोकाज्ज्ञेयाद्व्यक्तादन्यत्वात्**' એનાથી અન્ય માટે તેને અવ્યક્ત કહ્યું. તદ્દન ભિન્ન નિરાળી ચીજ એવી વસ્તુને અહીંયાં પરની અપેક્ષાએ અવ્યક્ત કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? આહાહા..!

એક કોર આતમરામ અને એક કોર લોકાલોક ગામ. ભગવાન આત્મા એની પર્યાયમાં એવો એને સધાય છે કે લોકાલોક જે જ્ઞેય છે જણાવાયોગ્ય છે તેથી તેને વ્યક્ત કહેવામાં આવે છે, બાહ્ય-વ્યક્ત. એનાથી આ અન્ય છે એવો ભગવાન આત્મા એને જ્ઞાયક તરીકે જ્ઞેય તરીકે કહેતાં જ્ઞાયક, પણ જ્ઞેયને વ્યક્ત તરીકે કીધું એટલે એ અપેક્ષાએ અવ્યક્ત. વ્યક્તની સાથે મેળવવું છે ને. વ્યક્ત શબ્દ છે એટલે આમ મેળવ્યો. નહિતર તો જ્ઞેય બાહ્ય છે, એનાથી જ્ઞાયક ભિન્ન છે. પણ અવ્યક્ત શબ્દ સાથે મેળવીને '**ज्ञेयाद्व्यक्तादन्यत्वात्**'. જ્ઞેય આખો લોક. વ્યક્ત, અન્યત્વ અને અવ્યક્ત. આહાહા..!

જુઓને! 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા. ગજબ કરી છે ને! આવી વ્યાખ્યા... સમજાય છે? આ શૈલીની વાત બીજા.. શાસ્ત્રની અંદર વાત ન મળે. ...ભાઈ! અરીસામાં જોવેને? બધું દેખાયને સામું? બાકી બધું પર. પરની અપેક્ષાએ અન્ય કીધા. પણ આવી જાય છે બધું જ્ઞાન. એ વસ્તુ પર છે અને આ વસ્તુ એનાથી પર છે. જે વસ્તુ પર છે એટલે વ્યક્ત છે એનાથી પર છે એટલે અવ્યક્ત છે. બસ, જાણનાર દેખનાર છે તે પૂરો આખો લોકાલોકનો છે. એમ અહીંયાં સિદ્ધ કરવું છે. અવ્યક્તને મેળવવું છે ને એટલે આમ કહ્યું. સમજાણું કાંઈ?

બીજો બોલ. જુઓ! ભાવકભાવ્ય અહીં આવ્યો. ઘણે ઠેકાણે શબ્દ વાપર્યો છે. '**કષાયોનો સમૂહ...**' જે રાગગ્રામ આદિ કહ્યું હતું ને? પુણ્ય-પાપ વિકલ્પ આદિ બધા વિકારો. જે ભાવકભાવ, ભાવક કર્મ એના ભાવ એ છે. ભાવકભાવ. આત્માનો નહિ. એ '**વ્યક્ત છે...**' જુઓ! વ્યક્ત છે એટલે બાહ્ય છે. સમજાય છે? '**તેનાથી જીવ અન્ય છે...**' કષાયોનો સમૂહ, વિકલ્પના અનેક પ્રકાર, અસંખ્ય પ્રકાર વિકલ્પ અસંખ્ય પ્રકાર શુભાશુભભાવ. એનો

સમૂહ એ વ્યક્ત છે અને બાહ્ય છે. તેનાથી જીવ અન્ય છે માટે તેને અવ્યક્ત કહે છે. સમજાણું કાંઈ? પૂછેલા પ્રશ્નનો જવાબ ચાલે છે.

પૂછેલો પ્રશ્ન એમ છે કે જે અધ્યવસાન આદિ ભાવ રહિત આપે જીવ કહ્યો તો તે પરમાર્થરૂપ એકરૂપ ટંકોત્કીર્ણ જીવ કોણ છે? અને તેનું લક્ષણ શું છે? એમ પૂછયું. આ એનો જવાબ આપે છે. લક્ષણ આપશે પછી ચેતના. ચેતના દ્વારા લક્ષ થાય એવો આત્મા કેવો છે? એ કેવો છે એની વાત ચાલે છે આ. ચેતના લક્ષણ દ્વારા એક જાણીને.. જાણે છે એ પછી કહેશે છેલ્લે. પાઠમાં છે ને? '**अरसमरूवमगंधं अव्वत्तं चेदणा**'.

અહીં જુઓ આ જીવ અધિકાર છે. જીવ અધિકારમાં જીવ કેવો? કેવો? એની વ્યાખ્યા ચાલે છે. જીવ કેવો અને કેવડો? કે જીવ એવો અને એવડો કે જે લોકાલોક પરજ્ઞેય '**ज्ञेयाद्वयक्ताद**' વ્યક્ત કહ્યું, જ્ઞેયને વ્યક્ત કહ્યું. એથી અનેરો માટે અવ્યક્ત છે. એને જીવ કહીએ. સમજાણું કાંઈ? અને કષાયોનો સમૂહ રાગ... શુભઉપયોગ એક કષાય છે. સમજ્યાને? .. કષાય છે. વ્યવહાર રત્નત્રય શુભઉપયોગમય, કહે છે કે કષાયના સમૂહમાં જાય છે. એના સમૂહથી એ સમૂહને જ્યારે વ્યક્ત કહીએ, બાહ્ય કહીએ, .. કહીએ, એનાથી રહિત છે માટે તેને અવ્યક્ત કહીએ. આહા..!

વ્યવહારરત્નત્રયના વિકલ્પથી વ્યક્તથી તે ભિન્ન છે માટે તેને અવ્યક્ત કહેવાય. આહાહા..! ગજબ વાત! વીતરાગ માર્ગનું એ સ્વરૂપ જ આ છે. એકલો વીતરાગી પિંડ પ્રભુ. ચારિત્રગુણ સીધો નથી લીધો. ૪૭ છે. ૪૭ શક્તિ છે ને? ચારિત્ર સીધી વાત નથી લીધી. સુખ લીધું. સુખમાં સમાડી દીધું. ઓલામાં સુખને સમાડ્યું છે ને. સિદ્ધમાં. પંડિતજી! સુખના આઠ ગુણ લીધા ને. ત્યાં સુખ લીધું છે. ચારિત્ર નથી લીધું. એ ચારિત્રને સુખમાં સમાવી દીધું. ચારિત્ર ૪૭ શક્તિમાં જુદું નથી લીધું. ૪૭ ગુણ વર્ણવ્યા છે ને. એમાં નથી લીધું. પણ એમાં એ આવી જાય છે. મારે તો બીજું કહેવું છે, પણ એમાં જે સ્થિત છે ને એ સમભાવ ભાવ અંદર વીતરાગી ભાવ છે. કષાય છે ને? એમ કહ્યું, આ કષાય છે ને, બીજો બોલ. એ કષાયના ચક્રનો સમૂહ છે તેને જ્યારે બાહ્ય વ્યક્ત કહ્યો તો તેનાથી રહિત એકલો વીતરાગી સમરસી ભાવ તેને અવ્યક્ત (કહીએ). આની અપેક્ષાએ અવ્યક્ત કહીને એની અપેક્ષાએ જુદો પાડ્યો છે.

ચારિત્રગુણ સુખ કહો કે વીતરાગી સમરસ શક્તિ કહો. અને સમરસ શક્તિ તે શક્તિ નિત્ય પૂર્ણ છે. આત્મામાં.. એ વસ્તુ આવડી ક્ષેત્ર પ્રમાણ એમ નહિ. એનું માપ ભલે ક્ષેત્ર .. પણ એના ભાવ તો અમાપ છે. આમ જુઓ તો આવડી.. કેટલું જાણે છે? એમ જો પરિણામ બહારથી આત્મામાં .. આટલું જાણે .. ગિરનાર ઉપર હતા ને. આમ જોઈએ તો ૨૫-૨૫, ૩૦-૩૦ ગાઉથી ગામડા દેખાય આવડા આવડા. આ તો એક આટલું સ્થાન જુઓ તો .. આંખ કાંઈ બહાર નથી નીકળતી. .. આમ જોનારો આમ બધું .. ક્ષેત્ર તો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવડું મોટું આમ જાણે છે. જ્ઞાનની પર્યાયમાં. સમજાણું કાંઈ? એવડામાં પણ એવડો ભાવ છે એમ મારે સિદ્ધ કરવું છે, ભાઈ! એવડામાં પણ એવડો ભાવ છે. એવડો ભાવ છે. આ બધાને જાણે એવો ભાવ એટલામાં પડ્યો છે. સમજાણું કાંઈ? દુરબીનથી બહુ આઘું દેખાતું હશે. આમ જુઓ તો ભલે આટલામાંથી જાણે.. આખો આત્મા આમ જાણે છે. આખા આત્માને આમ જાણે. ... ... છેટું છે એ દેખાય છે ને, એમ મારે કહેવું છે. અરે..! ... આટલા ક્ષેત્રમાં આવડું મોટું! એનું ક્ષેત્ર અમાપ જાણ્યું, આનું ક્ષેત્ર નાનું. એટલે ક્ષેત્ર અપેક્ષાએ વાત નથી લેવી. એના ભાવના સામર્થ્યનો ભાવ છે. સમજાય છે કાંઈ? એ વસ્તુના ભાવનું સામર્થ્ય અમાપ છે. ક્ષેત્ર આમ ન લ્યો. પ્રત્યક્ષ દેખાય છે ને. ક્ષેત્ર આટલામાં કેટલું દેખાય છે, કેટલું જાણે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે... અહીં તો બીજું કહેવું છે કે '**કષાયનો સમૂહ જે...**' એનાથી રહિત એકલો સમ પરિપૂર્ણ વીતરાગ રસથી ભરેલો તેને અહીંયાં કષાયને વ્યક્ત કહ્યો તો આને અવ્યક્ત કહ્યો. આ અપેક્ષાએ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા સમરસી પૂર્ણ નિત્ય વીતરાગભાવ. પૂર્ણ નિત્ય, પૂર્ણ વીતરાગભાવ. દ્રવ્ય નિત્ય છે તો એનો સમરસભાવ નિત્ય છે. અને દ્રવ્ય એક છે તો એનો ગુણ પણ એકરૂપ છે. તો વીતરાગ નિત્ય પૂર્ણ સમરસભાવ અપાર .. સમરસભાવ. આટલા ક્ષેત્રમાં. એ કષાયના સમૂહને જ્યારે વ્યક્ત કહીએ, ત્યારે એનાથી રહિતને આ અપેક્ષાએ અવ્યક્ત કહીએ. કેવું તત્ત્વ એ? કે વીતરાગ સમરસથી ભરેલું તત્ત્વ. એને વ્યક્તની અપેક્ષાએ કષાયને વ્યક્ત કહ્યો, આને અવ્યક્ત કહ્યો. સમજાણું કાંઈ? આ તો એને બેસે એવી વાત છે. એ વાત કહે છે, ભાઈ! તું આમ જો. જાણ કીધું છે ને? જાણ કીધું છે ને ભગવાન 'કુંદકુંદાચાર્યે'. જાણ, જાણ. આદેશ કર્યો છે. આ રીતે જાણ. તને બેસશે વાત. ભાઈ! તું આત્મા છો. આ જીવ અધિકાર છે. જીવના સ્વભાવની સ્થિતિની મર્યાદા તેને જીવ કહીએ એ કોણ? જીવ એને કહીએ કે જેને કષાયના સમૂહોના વિકલ્પો જે વ્યક્ત છે જે બાહ્ય છે, એનાથી તે ભિન્ન છે, તે અવ્યક્ત છે તેથી તે સમરસી પરિપૂર્ણ છે. સમરસીભાવથી ભગવાન પરિપૂર્ણ છે. એને આત્મા કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- અકષાયભાવ...

ઉત્તર :- અકષાયભાવ આત્મા. કષાયથી રહિત આ પ્રમાણે એનો સ્વભાવ છે. એને આત્મા કહેવામાં આવે છે. ભલે એની સાથે અનંત ગુણો છે બધા. જ્ઞાન પણ અમાપ છે, વીતરાગપણું અમાપ છે, શાંતિ, આનંદ અમાપ છે. શાંતિ આ વીતરાગતામાં આવી જાય છે, આનંદ અમાપ છે. સ્વચ્છતા, પ્રભુતાની પૂર્ણતા નિત્યતાથી પરિપૂર્ણ ભરેલું તત્ત્વ છે. પણ કષાયોના સમૂહથી, વિકલ્પના સમૂહથી તદ્દન અવ્યક્ત છે. કષાય જ્યારે વ્યક્ત છે, કષાય જ્યારે વ્યક્ત છે... ઓલામાં જ્ઞેયને વ્યક્ત કહ્યું હતું આખું. આમાં એકલા કષાયને વ્યક્ત કરીને પરથી ભિન્ન બતાવે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પહેલામાં છ દ્રવ્ય રૂપી જ્ઞેય વ્યક્તત્વાત અન્યત્વાત એમ કહ્યું. અંદરમાં ભિન્ન-ભિન્ન રીતે સમજાવવું છે ને. વસ્તુ તો જે છે એ એક જ છે. આ છ પ્રકારે બતાવે છે પણ વસ્તુ તો એક જ પ્રકારે છે. પણ આ રીતે પણ તેને અવ્યક્ત કહેવામાં આવે છે, એમ કહેવું છે. સમજાણું કાંઈ? છ દ્રવ્ય સ્વરૂપમાં કષાય તો એમાં આવી ગયા હતા, હોં! છ દ્રવ્યમાં કાંઈ બાકી રહ્યું નહોતું. એકકોર જ્ઞાયક, એકકોર જ્ઞેય વ્યક્ત અને એક કોર આ જ્ઞાયક અવ્યક્ત. પણ અહીંયાં એને વિશેષ સ્પષ્ટ સમજાવવા કષાયનો સમૂહ જે વિકલ્પોની જાત છે એને જ્યારે વ્યક્ત કહીએ, બાહ્ય કહીએ, બાહ્ય કહીએ ત્યારે આ વસ્તુ તેનાથી ભિન્ન કહીએ માટે તેને અવ્યક્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ તારી ખાણમાં સમરસભાવ અનંત અપાર પડ્યો છે એમ કહે છે. એને અમે આત્મા કહીએ છીએ. આહાહા..! એને જીવ કહીએ. કષાય તો આસ્રવતત્ત્વ છે. સમજાણું? કષાય તો આસ્રવતત્ત્વ છે, એ કાંઈ જીવતત્ત્વ નથી. એટલે કષાયને વ્યક્ત કહી, પ્રગટ કહી, બાહ્ય કહી અભ્યંતરમાં એનો પ્રવેશ નથી. કષાયના અસંખ્ય પ્રકારના ભાવથી ભગવાન આત્મા, કષાય વ્યક્ત છે, એથી ભિન્ન છે (માટે) અવ્યક્ત છે, તેમાં કષાયનો પ્રવેશ નથી. એમ એના પ્રવેશમાં સમરસીભાવથી ભરેલો પદાર્થથી પ્રવેશ છે એમાં. આહાહા..! જુઓ! આને જીવ કહીએ. સમજાણું કાંઈ?

જ્યારે પરદ્રવ્યથી ભિન્ન સિદ્ધ કરવો હોય ત્યારે એને વિકારી પર્યાય પણ તે મય છે એમ સિદ્ધ કરે. એ .. આવી ગયું છે. ... કર્તાકર્મમાં જીવ મય સિદ્ધ કરે ને અજ્ઞાની... પરથી ભિન્ન એટલું સિદ્ધ કરવું છે. પણ હવે અહીંયાં જ્યારે દ્રવ્યને ત્રણ પ્રકારે પરથી સિદ્ધ કર્યો છે. પરમ દિ' કહ્યું હતું, પરમ દિ' કહ્યું હતું ને? રાત્રે કહ્યું હતું. જીવદ્રવ્યને ત્રણ પ્રકારે પરથી સિદ્ધ કર્યો. એક પ્રકાર એ કે પરદ્રવ્યથી ભિન્ન પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયવાળો એમ સિદ્ધ કર્યું. બીજી રીતે કષાયના સમૂહથી ભિન્ન. કેમકે કષાય એક સમયનું નિમિત્ત અને કષાયની ઉત્પત્તિ સંસારનો ઉદયભાવ એક સમય જ છે. .. ભલે અસંખ્ય સમય હોય. પણ એ નિમિત્ત અને આ ઉદય .. એક સમય છે. એથી એને કષાય.. અહીં તો કષાયસમૂહથી તેને ભિન્ન બતાવ્યો છે. પણ ત્યાં એમ કહ્યું કે કષાય તે અજીવના છે એમ કહીને એટલે કે જીવસ્વભાવ નથી. એટલે કે અજીવ જે નિમિત્ત છે તેની સાથે એક સમયનો સંબંધ છે. એક સમયનો. એ સંબંધવાળો જે આ ભાવ એ, બેય અન્ય... જીવ સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? જીવદ્રવ્ય એવું નથી એમ. ત્રીજી રીતે દ્રવ્યને એમ કહ્યું છે કે જે સંવર, નિર્જરા... ઓલામાં સંવર-નિર્જરા ન આવ્યું. સંવર નિર્જરા આદિની પર્યાય છે એ પણ એક ન્યાયે પરદ્રવ્ય છે એમ કહ્યું. 'નિયમસાર' ૫૦મી ગાથા. કેમ કે ત્યાં આગળ મોક્ષમાર્ગની પર્યાય ઉત્પન્ન કરવી છે. 'નિયમસાર' છે ને? મોક્ષમાર્ગ છે ને? મોક્ષમાર્ગની પર્યાય જેમાંથી ઉત્પન્ન થઈ હોય અને જેમાંથી વધે એ તો સ્વદ્રવ્ય છે. સંવર-નિર્જરાની પર્યાયથી એ વ્યક્ત નવી પર્યાય આવતી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી તેમ પરદ્રવ્યમાંથી પર્યાય આવતી નથી અને સંવર નિર્જરામાંથી પર્યાય આવતી નથી. માટે એને પણ એક ન્યાયે સંવર નિર્જરાને પરદ્રવ્ય કહી અને એકલા દ્રવ્ય સામાન્યને અમે સ્વદ્રવ્ય કીધું છે. સમજાણું કાંઈ? શું કીધું? ...ભાઈ! હતા કે નહિ પરમ દિ'? નહોતા. .. આ કરે.. સંસાર એમ જ ચાલે છે ને. પૈસાવાળા આટલા પૈસાવાળાને નોકર મળતો નથી લ્યો. નેમિદાસભાઈ છે ને. પતિ-પત્ની બે છે, પૈસા ઘણાં છે, ત્રણ બંગલા છે. પણ કોઈ નોકર આવતો નથી કામ કરવા. પોરબંદર છે ને. ત્યાંનો માણસ અહીં આવે નહિ. અમે ત્યાં નહિ આવીએ. અહીંનો માણસ આખો દિ' કોઈ રહે નહિ. એટલા બધા પૈસા ખર્ચશે ત્યારે આખો દિ' રહે એ વળી જુદી વાત છે. પૈસા ખર્ચે .. મળે, આખો દિ' રહે ... પૈસો શું ન કરે? એય..! નેમિદાસભાઈ! આ રોટલા .. અહીં કહે છે કે આ આત્મામાં કષાય નથી તો .. ક્યાં વાત છે? આહાહા..! સમજાણું કાંઈ? ત્રણ બોલ યાદ રહ્યા કે નહિ? ઓલું બધું યાદ રહે અને આ યાદ રહે. એમ કહેવું છે.

ભગવાન આત્મા એમ પ્રભુ તું જો તો ખરો, નજર તો કર કહે છે. તારી ચીજ તો કષાયના સમૂહથી વ્યક્તપણાના ભાવ એ વ્યક્ત કીધો એને, એનાથી તદ્દન વીતરાગ સમરસે વસ્તુથી શાંતરસથી ભરેલું તત્ત્વ છે. એને અમે જીવ અધિકાર કહીએ. એમાં જીવ છે એમ કહીએ છીએ. એ જીવ છે. ઓલો જીવ નથી. અને તે પરમાર્થ એકરૂપ આત્મા તેને આત્મા કહે છે. એની દૃષ્ટિ કર તેને અનુભવદૃષ્ટિ કહેવામાં આવે છે. કહો, સમજાણું? બે બોલ થયા. ત્રીજો.

મુમુક્ષુ :-

ઉત્તર :- ભાવકભાવ. કર્મનો ભાવ નહિ. અહીં તો ભાવકનો ભાવ બસ. ભાવકનો ભાવ કહ્યો. ભાવ પણ કહ્યો. ભાવક અને ભાવ એ પણ કાલે આવી ગયું. પણ અહીં ભાવકનો ભાવ આ જીવનો ભાવ નહિ. એ ભાવ નહિ. જીવનો ભાવ નહિ. ભાવકનો ભાવ. કર્મ જે ભાવક છે એનો ભાવ. ભાવક ભાવ છે. આત્માનો ભાવ નથી. ભાવકભાવ.. આવી ગયું. ઘણાં પ્રકાર શાસ્ત્રમાં છે. કર્મ ભાવક ત્યારે એની અવસ્થા ભાવ્ય. એમ પણ કહી દીધું. ૩૨માં વળી બીજું કીધું. ૩૨ ગાથામાં. કે ભાવક કર્મ અને એને યોગ્ય થવાની લાયકાત જીવની તે ભાવ્ય. તેને કરતો નથી આમ .. માટે સ્તુતિ કરે છે. એમ ત્યાં એમ લીધું. ૩૨ ગાથામાં. ભિન્ન-ભિન્ન પ્રકારે .. ભાવ્યભાવક ઘણાં પ્રકારે (કહ્યું છે). જ્યાં જે વાત સિદ્ધ કરવી છે ને એ વાત..

અહીંયાં ભાવ સિદ્ધ કરવો છે. આ જીવભાવ. એ જીવભાવ કેવો છે? કે કષાયના સમૂહના ભાવરહિત જીવભાવ. ભાવકભાવ કષાયભાવ એ ભાવકભાવ, છે. એ આત્માનો ભાવ નથી. એટલે ભાવકભાવ તેને વ્યક્ત કહીએ, તેને અન્ય કહીએ, તેને બાહ્ય કહીએ, એનાથી અન્ય કહીએ એવો આત્મા. તેને અવ્યક્ત કહીએ, તેને સમરસીભાવથી પરિપૂર્ણ સ્વભાવભાવ કહીએ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વભાવભાવ છે. ઓલો ભાવકભાવ, આ સ્વભાવભાવ. સમજાય છે કાંઈ? કહો, ભીખાભાઈ! આહાહા..!

એક ફેરી દાખલો નહોતો આપ્યો શંકરાચાર્યનો? એક આવે છે. શંકરાચાર્ય છે ને. પછી .. કોણ? બાજીરાવ પેશવા. શંકરાચાર્ય ઘરે આવેલા. બાજીરાવ પેશવા.. ... ... આહાહા...! આ બાજીરાવ પેશવા આપની અત્યારે પગ ધોઈ સેવા કરે. આપને કેટલો અત્યારે આનંદ હશે. બાજીરાવ પેશવા પૂછે છે. શંકરાચાર્ય કહે, અરે..! બાજીરાવ પેશવા! તારા પગ ધોવાની સેવામાં નહિ, અમને જ્યારે શાસ્ત્રનો અર્થ ગૂઢ લાગે અને અમે શિષ્ય મંડળીમાં વિચારમાં મંથનમાં પડ્યા હોઈએ કે એનો ભાવ યથાર્થ કઈ રીતે નીકળે છે. એનો યથાર્થ ભાવ જ્યારે અમને ખ્યાલમાં આવે અને જે આનંદ આવે, એ તારા આવા પગ ધોવામાં કોણ .. કહે છે. સમજાણું કાંઈ? શાસ્ત્રનો જે કહેવાનો ભાવ છે ને એ .. એમાં વેદાંતમાં તો આડુંઅવળું ઘણું છે ને. કારણ કે યથાર્થ વસ્તુ છે નહિ. આ તો વસ્તુ યથાર્થ છે. એના ભાવોને મેળવવા માટે ગૂઢ વાત .. દેખાય એને. એનો અર્થ શું છે? પોતે વિચારે, શિષ્યોને કહે. કોઈને પણ આનો કંઈ ભાવ આવે તો વિચારજો. એનાથી અંદરથી ઉકેલ આવે ... છે. એ અંદર જે મજા આવે છે એ તારા પગ ધોવામાં મજા દેખાતી નથી. સાંભળને હવે. બાદશાહ હો કે તું. એમ આ વીતરાગના કહેલા ભાવો, એના ખ્યાલમાં આમ છે એ આનંદની વાત કોઈ જુદી જાત છે. એ દુનિયામાં ક્યાંય લેશ ગંધ છે નહિ.

ભગવાન આત્મા કષાયોના સમૂહ જે ભાવકભાવ આમ બાહ્ય તે વ્યક્ત છે. એનાથી ભગવાન અભ્યંતર જુદો, બાહ્યથી જુદો, વ્યક્તથી જુદો એવો જે ભગવાન વીતરાગી સમરસભાવ. ભલે અહીંયાં કષાય સામે આખો જીવ કહ્યો છે ને એટલે વીતરાગી ભાવ નથી લીધો. પણ મૂળ તો કહેવું છે કે આખો વીતરાગ સમરસીભાવ કષાયસમૂહને વ્યક્ત કહ્યો. તો આ ભગવાન જીવ સમરસી સમભાવી, સમભાવી ચૈતન્યસૂર્ય. સમભાવી ચૈતન્યસૂર્ય (છે). આ વિષમભાવ છે. કષાયભાવ વિષમભાવ છે. એ ઝેરભાવ છે. એ વ્યક્ત છે, જે બાહ્ય છે. ભગવાન આત્મા વિષમથી ભિન્ન અન્ય છે. બાહ્યથી ભિન્ન અભ્યંતર છે. વ્યક્તથી ભિન્ન અવ્યક્ત છે. એવો જે વીતરાગી સમરસરૂપ ભાવ એવા જીવને બહારની અપેક્ષાએ અવ્યક્ત કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય' જ્યારે આ ટીકા કરતા હશે... અને અમસ્તુ એમનું હૃદય .. તદ્દન અવ્યક્તના છ બોલો ... રસના છ-છ બોલ ઉતાર્યા, સંસ્થાનના ચાર ઉતાર્યા, આના છ બોલ. ૨૦ અલિંગગ્રહણના છે. 'પ્રવચનસાર'. આહાહા..!

**'કષાયોનો સમૂહ જે ભાવકભાવ...'** આત્માને ભાવ નહિ એમ કહેવું છે. તેને વ્યક્ત કહીએ, બાહ્ય કહીએ. તેનાથી અન્ય માટે અવ્યક્ત કહીએ. એવો આત્મા તેની અંતર દૃષ્ટિ કરી અને જ્ઞાનલક્ષણ દ્વારા આવા આત્માને લક્ષ કરવું એ આત્મા આવો છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા..! અરે..! એણે અનાદિ કાળથી પોતાની સંપદાની રીતના પ્રકાર કેવા છે તે તેણે લક્ષમાં લીધા નથી. બહારમાં અને બહારમાં મથીને મરી ગયો છે. ક્યાંય હાથ ન આવ્યું. સમજાણું? શું હાથ આવે? 'વ્યવહારે લખ દોહ્યલા કાંઈ ન આવે હાથ.' આખો તત્ત્વ છે ભગવાન, એને હાથમાં ન લેતાં વ્યવહારના ઓલામાં કાંઈ હાથ આવે એવું નથી. વ્યવહાર કષાયની મંદતા ને એ બધી મંદતા-બંદતા કષાયના સમૂહમાં જાય છે. કહે છે કે એવો આત્મા નથી કે જેથી એના વડે તને આત્મા જણાય. કારણ કે એમાં એ નથી. સમજાય છે? જ્ઞાનસ્વરૂપ તો ભગવાન આત્મા છે. તેથી જ્ઞાનના લક્ષણે તે જણાય છે. સમજાણું કાંઈ? બે બોલ થયા.

ત્રીજો બોલ. '**ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંર્તભૂત) છે...**' ભગવાન ચિત્સામાન્ય, જ્ઞાનસામાન્ય સ્વભાવ એકરૂપ એમાં ચૈતન્યની સર્વ પર્યાયો-વ્યક્તિઓ અંતર નિમગ્ન છે. અંદર સમૂહમાં સમાઈ ગયેલી પડી છે. વ્યક્તિ કાંઈ બાહ્ય નથી. ચિત્સામાન્યમાં સર્વ વ્યક્તિઓ. ચૈતન્યની સર્વ વ્યક્તિઓ, ચૈતન્યની સર્વ પ્રગટતાઓ, અવસ્થાઓ નિમગ્ન-અંતર સામાન્યમાં બધું નિમગ્ન છે. સમજાણું કાંઈ? '**સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે માટે અવ્યક્ત છે.**' ત્યારે કોઈ કહે કે આ વર્તમાન પર્યાય જે ચૈતન્યની છે એ પણ અંદર નિમગ્ન છે? પણ એ નિમગ્ન જોનાર જે પર્યાય છે એ પર્યાય આમ જોવે છે કે આમાં બધી પર્યાય સામાન્યમાં નિમગ્ન છે એ જોનાર પર્યાય છે. એ પર્યાય અંદર ગરી નથી. આખું જોવું છે કે નહિ? જાણ કીધું ને? તો જાણ તો પર્યાયથી જણાય છે. સમજાણું કાંઈ?

'**ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે...**' એમ જો કહે એકાંત તો તો પ્રગટ જોનાર પર્યાય, અંતર્મગ્નમાં છે એ જોનાર કોણ રહે? એ વર્તમાન જોનાર પર્યાય સિવાય બધી પર્યાયો ચિત્સામાન્યમાં અંદર છે, સમાયેલી છે. સમજાણું કાંઈ? '**ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે...**' બધી પર્યાયો ભૂતની અને ભવિષ્યની જેટલી મતિ-શ્રુતની પર્યાયો થઈ અને ભવિષ્યમાં કેવળજ્ઞાનની થશે એ બધી ચિત્સામાન્યમાં અંદરમાં અંતર નિમગ્ન છે. સમજાણું કાંઈ? પર્યાયો પ્રગટતાઓ જેટલી ચૈતન્યની પ્રગટ અવસ્થાઓ બધી સામાન્યમાં છે. માટે તેને અવ્યક્ત, પ્રગટ પર્યાયની અપેક્ષાએ તેને આખાને અવ્યક્ત કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ભારે વાતું!

ભગવાન આત્મા ચિત્સામાન્ય. કોઈ એમ કહે કે વર્તમાન પર્યાય પણ અંદરમાં નિમગ્ન છે. એમ કહીને સામાન્ય કહ્યું છે. .. એમ નહિ બને. સમજાણું કાંઈ? કારણ કે એક જાણ કહે છે કે ચૈતન્ય લક્ષણે જાણ. તો એ તો પર્યાય પ્રગટ લક્ષણ છે, ભાઈ! પણ બધી પર્યાયો નિમગ્ન છે સામાન્યમાં એટલે વ્યક્તની અપેક્ષાએ અવ્યક્ત કહ્યો છે ને. પ્રગટ પર્યાયો ગઈ મતિ-શ્રુતની, કેવળની અનંતી થશે. એ બધી પર્યાયો ચિત્સામાન્યમાં અંદરમાં નિમગ્ન છે. એવા એક વર્તમાન પર્યાય સિવાય. આખું ચિત્સામાન્યમાં અંતર્નિમગ્ન છે. તેને અમે આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહીએ છીએ. એ જોનારી પર્યાય આમ જોવે છે. પણ છે ચિત્‌માં જોનાર, સામાન્યમાં જોનાર. સમજાણું કાંઈ? પર્યાય આમ જોતાં અભેદ થઈ જાય છે આમ. પણ સામાન્યમાં આવી વર્તમાન પર્યાય એકમેક થઈ નથી ગઈ. વર્તમાન પર્યાય જે છે પ્રગટ એ જો એકમેક સામાન્ય હોય તો પછી વિશેષપણું રહેતું નથી, જોનાર તો રહેતું નથી. જોનાર તો રહેતું નથી. જાણ. આવાને જાણ. તો જાણનાર જે પર્યાય છે એ તો જાણનાર તો પર્યાય છે. આને જાણ. તો એ પર્યાય એમાં ગરી ગઈ તો એનાથી શી રીતે જાણે? સમજાણું કાંઈ? ...સાથે ચર્ચા થઈ હતી.

ભગવાન આત્મા અહીં તો સત્ય પ્રગટની અપેક્ષાએ બધી પ્રગટતાઓ અંદરમાં સમાઈ ગયેલી છે એટલી અપેક્ષાએ તેને સામાન્ય કહીને અવ્યક્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જેટલી પર્યાય... આમાં તો એ નીકળે છે. ભૂતકાળમાં જેટલી પર્યાયો વીતી ગઈ અને જેટલી ભવિષ્યમાં થશે એ બધી પર્યાયો તેના વર્તમાનમાં છે કે નહિ? પ્રગટ તો છે નહિ. તો વર્તમાનમાં એમાં અંતરનિમગ્ન છે. વસ્તુમાં અંતરનિમગ્ન છે. ઓલામાં કાઢ્યું હતું હમણાં એક. આલાપ પદ્ધતિમાં શ્લોક આવે છે ને? આલાપ પદ્ધતિમાં. ... એ શ્લોક 'તત્ત્વાનુશાસન'માં છે. એ એમાં લખી લીધું છે મેં. સમજાણું? 'તત્ત્વાનુશાસન' છે? શું છે આ? 'તત્ત્વાનુશાસન' છે? આલાપ પદ્ધતિમાં આવે છે ને? આલાપ પદ્ધતિમાં શ્લોક આવે છે. .. હમણાં લખી નાખ્યું. આલાપ પદ્ધતિ પૃષ્ઠ-... આ શ્લોક હમણાં બે દિ' પહેલા... પંડિતજી! એ આલાપ પદ્ધતિમાં શ્લોક આવે છે.

**अनादिनिधने द्रव्ये स्वपर्यायाः प्रतिक्षणं।**
**उन्मज्जन्ति निमज्जन्ति जलकल्लोलवज्जले।।११२।।**

એ શબ્દ છે. આલાપ પદ્ધતિમાં છે. આલાપ પદ્ધતિમાં એ આવે છે. નામ નથી આપ્યું. આધાર આપ્યો છે. હમણાં વાંચ્યું ને ત્રણ દિવસ પહેલા. ૧૧૨ ગાથા છે. 'તત્ત્વાનુશાસન'.

**अनादिनिधने द्रव्ये स्वपर्यायाः प्रतिक्षणं।**
**उन्मज्जन्ति निमज्जन्ति जलकल्लोलवज्जले।।११२।।**

એમ જળના કલ્લોકવત સમાઈ જાય છે. આ 'તત્ત્વાનુશાસન'માં ૧૧૨ ગાથા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ શ્લોક આવે છે. નામ આપ્યું નથી. 'તત્ત્વાનુશાસન'નું નામ નથી આપ્યું. એમ છે. મૂળ શ્લોક આમાં નીકળ્યો. .... એ પાનું જ આવ્યું સામે ઉઘડીને. જુઓ! 'તત્ત્વાનુશાસન' ગાથા ૧૧૨. આમાં એટલું કહ્યું, દૃષ્ટાંતપૂર્વક દ્રવ્ય અને તેમાં થનારી પર્યાય .. .. સીધું ખુલ્યું. આમ છે, જુઓ. .. શબ્દ નથી. આહાહા..! દૃષ્ટાંત એટલું કહ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના. ગાથા લીધી ને. પણ .. ઉત્પન્ન એમ શબ્દ નથી લીધો. પંડિતજી!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આમાં ત્રણ દિ' પહેલા આવ્યું. ... દૃષ્ટાંતપૂર્વક દ્રવ્ય ઔર ઉસમેં હોનેવાલી પર્યાય કા કથન. બસ, એટલું. શબ્દ એટલો નાખ્યો છે.

શું આવ્યું આમાં? ચિત્સામાન્યમાં પર્યાયો અંદર સમાય છે. અંતર્મગ્ન છે એ અપેક્ષાએ. સમજાણું? અનાદિનિધન જે પર્યાયો છે.. અને 'બનારસીદાસ'માં પણ એ છે. શું કીધું? 'બનારસીદાસ'માં. નિર્જરા... ... કેટલામું છે ઈ? .. એમ છે ત્યાં. ચેતનાની પર્યાય જેટલી પ્રગટ થઈ અને થશે એ બધી ગુડુપ છે. અંદર સમાઈ ગઈ છે. .. આવે છે ને. ... એનો સમૂહ દ્રવ્ય છે. ભલે નય .. પણ જેટલા પર્યાયો છે એ નયનો વિષય છે ને. .. બધો એનો સમૂહ અંદર છે. બધો સમૂહ પડ્યો છે. એને દ્રવ્ય કહીએ.

ચિત્સામાન્યમાં ભગવાન જ્ઞાનસામાન્ય સ્વભાવમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ એટલે સર્વ ચૈતન્યની પર્યાયો નિમગ્ન નામ અંતર છે માટે તેને અવ્યક્ત કહેવામાં આવે છે. એવો અવ્યક્ત જે આત્મા તે એકરૂપ ટંકોત્કીર્ણ પરમાર્થ આત્મા, તેને જીવ કહેવામાં આવે છે. એવો જીવ દૃષ્ટિમાં લેવો એને સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાણું? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૫, શુક્રવાર તા. ૨-૧૨-૧૯૬૬**
**ગાથા-૪૯, શ્લોક-૩૫, પ્રવચન-૧૧૮**

આ જીવ-અજીવ અધિકાર 'સમયસાર'નો છે. કેવા જીવને જાણ્યે આત્માને સમ્યગ્દર્શન થાય? ... કહેવો કોને? શરીર, કર્મથી રહિત છે આત્મા. સહિત કેવો છે? એનું અસ્તિ સ્વરૂપ (કેવું છે?). એ તો નાસ્તિથી કહ્યું. આત્મામાં શરીર નથી, કર્મ નથી, પુણ્ય-પાપના ભાવ એ વિકલ્પ આસ્રવ છે. એ કાંઈ આત્માના નથી. આત્મા એને ન કહીએ. ત્યારે આત્મા કહીએ કોને કે જેને જાણવાથી આત્મા જાણ્યો કહેવાય, આત્મા અનુભવ્યો કહેવાય, આત્મા શ્રદ્ધામાં લીધો કહેવાય? એ આત્મા કોણ અને કેવો છે? એના પ્રશ્નનો ઉત્તર ચાલે છે. અવ્યક્તના બોલ ચાલે છે. ત્રણ બોલ થયા.

અવ્યક્તના પહેલા (બોલમાં) એમ કહ્યું કે આ છ દ્રવ્ય છે ને? આત્મા સિવાય બીજા છ દ્રવ્ય. આત્મા છ દ્રવ્યમાં છે પણ એક કોર આત્માને જુદો રાખે છે. ભગવાને કેવળજ્ઞાનીએ છ દ્રવ્ય જોયા. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ અને આકાશ. એ છ દ્રવ્ય સર્વ લોક જ્ઞેય છે. એટલે કે વ્યક્ત નામ બાહ્ય છે. તેનાથી જીવ અન્ય છે તેથી તે અવ્યક્ત છે. એ છ દ્રવ્યથી અન્ય જુદો છે. સમજાણું કાંઈ? એક કોર જ્ઞાયક છે, એક કોર એ છ દ્રવ્ય જ્ઞેય છે. તો છ દ્રવ્યના જ્ઞેયથી (ભિન્ન) આત્મા જ્ઞાયક અવ્યક્ત, આ વ્યક્ત. એ જ્ઞેય તો આ અવ્યક્ત જ્ઞાયક. એવું ચૈતન્ય દ્રવ્ય છ દ્રવ્યથી ભિન્ન છે. તેને આત્મા કહીએ તેને અહીંયાં અવ્યક્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**કષાયોનો સમૂહ જે ભાવકભાવ...**' પુણ્ય-પાપના વિકલ્પો જે વિકારભાવ, એ કર્મના સંગે થયેલા વિકારો. એ ભાવક એક સમયનું નિમિત્ત અને એક સમયની વિકૃત અવસ્થા એ જીવના નથી. એનાથી જીવ અન્ય છે. પુણ્ય-પાપના વિકલ્પ, રાગ જે વ્યક્ત, જે બાહ્ય એનાથી આત્મા ભિન્ન છે. એથી તેને અવ્યક્ત કહેવામાં આવે છે. કહો, સમજાય છે આમાં કાંઈ? આવો આત્મા અંતર દૃષ્ટિમાં લે તેને ધર્મ થાય. સમજાણું કાંઈ? હજી પહેલાં સમજતો ન હોય કેવો આત્મા છે એ દૃષ્ટિમાં શી રીતે લે? આત્મા કેવો છે અને કેમ પ્રાપ્ત થાય? એને સમજણ જ નથી, એના વિચારો નથી. એને એ આત્મા કેમ પ્રાપ્ત થાય? અને આત્મ પ્રાપ્ત થયા વિના એને ધર્મ થાય નહિ. સમજાણું કાંઈ?

ત્રીજો. '**ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે...**' નહિતર પર્યાય જે વ્યક્ત છે ને બધી અવસ્થાઓ, એ એના આત્મામાં ચૈતન્ય સ્વરૂપ સામાન્યમાં અંતરમગ્ન છે. તેથી તેને અવ્યક્ત (કહે છે). વ્યક્તિની અપેક્ષાએ તેને અવ્યક્ત કહેવામાં આવે છે એમ કહે છે. પ્રગટ દશાઓ જે છે એ અંતરમાં ચૈતન્ય સામાન્યમાં ભૂત-ભવિષ્યની પર્યાયો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમાવેશ પામે છે. તેથી તેને અવ્યક્ત કહે છે. એવો સામાન્ય ચૈતન્ય સ્વભાવ એને દૃષ્ટિમાં લેવો એનું નામ સમ્યગ્દર્શન છે. કહો, સમજાણું કાંઈ?

'**ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત છે.**' ચોથો બોલ. એની સમયની પર્યાય ક્ષણિક છે પણ એટલો એ નથી. એટલો નથી. એક સમયની પર્યાય વ્યક્ત છે, પ્રગટ છે એટલો એ નથી. એ અપેક્ષાએ પ્રગટ વ્યક્તિને વ્યક્ત કહીએ તો એને અવ્યક્ત કહીએ. સમજાણું કાંઈ? ક્ષણિક પર્યાય એક સમયની છે એટલો માત્ર એ આત્મા નથી. રાગ-દ્વેષ તો નથી, પુણ્ય-પાપ તો નથી, એ તો કાઢી નાખ્યું. એમાં એની નિર્મળ પર્યાયોની ક્ષણિક અવસ્થા છે એટલો એ નથી. સામાન્ય જ્ઞાયકભાવ વ્યક્તિઓની પ્રગટતાથી એટલો નથી માટે તેને અવ્યક્ત કહેવામાં આવે છે. કહો, સમજાણું? પાંચમો બોલ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો બધી પર્યાયો અંતરમાં કીધી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એક પર્યાયની વાત છે અહીં, વર્તમાન. ... પર્યાયો. ઓલી ચિત્સામાન્યમાં બધી અંતર નિમગ્ન છે એ અપેક્ષાએ એને સામાન્ય કહ્યું, અવ્યક્ત કહ્યું. આ તો વ્યક્ત એક સમયની પર્યાય છે એવડો એ નથી. .. કહ્યું. એમાં તો અંતર પ્રગટ ભૂત ભવિષ્યની પર્યાયો અંદર મગ્ન છે માટે અવ્યક્ત છે એમ કહ્યું. અહીં તો પ્રગટ પર્યાય ક્ષણિક એનાથી ભિન્ન છે માટે અવ્યક્ત કહ્યું. દરેક બોલમાં ફેર છે. વસ્તુ તો કહેવી છે એ કહેવી છે, પણ વસ્તુ ભિન્ન રીતે સમજાવે છે. એ તો જ્ઞાયકભાવ કીધો જે છઠ્ઠી (ગાથામાં) ઈ આ છે. એને ભિન્ન-ભિન્ન રીતે કહે છે. મૂળ તો છઠ્ઠી ગાથા(માં કહ્યું) જ્ઞાયક. પ્રમત્ત-અપ્રમત્ત અવસ્થાઓ જેમાં નથી તેવું એકરૂપ જેને કહીએ તેને જ્ઞાયક આત્મા તે સમ્યગ્દર્શનનો વિષય. એને ભિન્ન ભિન્ન રીતે સમજાવે છે. સમજાણું કાંઈ? ઘણાં પડખાંથી એની સિદ્ધિ થવી જોઈએ ને.

અબદ્ધસ્પૃષ્ટ કહ્યો લ્યોને ૧૫માં. આત્મા બદ્ધપૃષ્ટ છે જ નહિ, અબદ્ધસ્પૃષ્ટ છે. સામાન્યથી ધ્રુવ અબદ્ધસ્પૃષ્ટ છે. એને બંધન અને સ્પર્શ કેવું? એવી એની દૃષ્ટિ કરવી, એનું જ્ઞાન કરવું એ પર્યાય છે. પણ વસ્તુ છે દ્રવ્ય તે અબદ્ધ છે. અને જ્ઞાન થયું તેને જિનશાસન કહે છે. કેમ કે વસ્તુ પોતે સામાન્ય ધ્રુવ ધ્રુવ (છે). અહીં સામાન્ય એટલે ધ્રુવ. પ્રમેયરત્નમાળાની સામાન્ય એ અહીં નહી. માટે ઊર્ધ્વતા સામાન્ય અને તિર્યક સામાન્ય ને એ બધા લે ને. એ બીજી વ્યાખ્યા છે. એ બીજી વાત છે. આ બીજી. આ તો સામાન્ય એટલે એકરૂપ ત્રિકાળ વસ્તુ. જેમાં ભેદ નથી ગુણનો એવું જે અબદ્ધ સ્વરૂપ એ વસ્તુ જ અબદ્ધ સ્વરૂપ છે. એની દૃષ્ટિ કરવી એના પરિણામમાં અબદ્ધ પરિણામ થયા. અબદ્ધ પરિણામ થયા એને જૈનશાસન કહે છે. સમજાણું કાંઈ?

પાંચમો. '**વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં...**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પર્યાય અને દ્રવ્ય ભેળાં એક સાથે જ્ઞાનમાં આવે છે. વ્યક્તપણું, પ્રગટપણું અને અપ્રગટપણું '**ભેળાં મિશ્રિતરૂપે તેને...**' જ્ઞાનમાં તો બેય એક સાથે જ ભેગા છે અહીં. છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી. .. સ્પષ્ટ કર્યું છે. સમજાણું? '**તે વ્યક્તપણાને સ્પર્શતો નથી...**' પાઠ તો એટલો છે. '**व्यक्तास्पर्शत्वात्**' '**व्यक्ताव्यक्तविमिश्रप्रतिभासेऽपि व्यक्तास्पर्शत्वात्**' પ્રગટ પર્યાય અને અવ્યક્ત, જ્ઞાનમાં ભેગું એક સાથે ભાસવા છતાં એકલી વ્યક્ત પર્યાયને સ્પર્શતો નથી. એકલી વ્યક્તને સ્પર્શતો નથી માટે. એકલી. બે ભેગું થઈ ગયું ને? બેનું જ્ઞાન હોવા છતાં વ્યક્તપણાને સ્પર્શતો નથી એ અપેક્ષાએ તેને અવ્યક્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એક સાથે પર્યાય અને દ્રવ્ય જ્ઞાનમાં આવવા છતાં એકલો વ્યક્તપણાને પણ અડતો અને સ્પર્શતો નથી એ અપેક્ષાએ તેને વસ્તુને-ધ્રુવને-સામાન્યને-અવ્યક્ત કહેવામાં આવે છે. કહો, સમજાય છે આમાં? હવે આવો ધર્મ. આ આમ હોય તો અવ્યક્ત અને આવું હોય તો વ્યક્ત. હવે શું પણ કરવા દ્યોને ધર્મ. પણ કહે છે કે ધર્મ શેમાં કરવો છે? શેમાં? આત્મામાં. તો આત્મા છે કેવો? ધ્રુવ. સમજાય છે કાંઈ? સામાન્ય, અવ્યક્ત જેને અવ્યક્ત કહી એ વસ્તુ શું? વ્યક્ત એક સમયની પર્યાય અને ત્રિકાળ બે જ્ઞાનમાં જણાવા છતાં એકલો વ્યક્તને અડતો નથી એ અપેક્ષાએ એને અવ્યક્ત કહેવામાં આવે છે. દ્રવ્યને. સમજાણું કાંઈ?

છઠ્ઠો. '**પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં...**' બાહ્ય પર્યાય અને અભ્યંતર દ્રવ્ય એ બધાનું જ્ઞાન પ્રત્યક્ષ થઈ રહ્યું છે. સમજાણું કાંઈ? ભાષા એમ બોલાયને, ભાઈ! કે લોકાલોક પ્રત્યક્ષ થયા. લોકાલોક પ્રત્યક્ષ જણાય છે. તો લોકાલોક પ્રત્યક્ષ જણાય છે એ તો ઉપચાર છે. જ્ઞાન પ્રત્યક્ષ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આ કાલે પ્રશ્ન હતોને તમારો? શું? પ્રત્યક્ષ જણાય છે ને? શું? લાકડા, લોકાલોક. તો લોકોલોક પ્રત્યક્ષ છે? પ્રત્યક્ષપણું જ્ઞાનને લાગુ પડે કે લોકાલોકને? એ તો ઉપચારથી પ્રત્યક્ષ છે. આ પ્રત્યક્ષપણું એ જ યથાર્થ પ્રત્યક્ષપણું છે. સમજાય છે કાંઈ? પાછા એમ બોલેને ભગવાન લોકાલોક પ્રત્યક્ષ જાણે છે. લ્યો! પણ પ્રત્યક્ષ જાણે છે એની વ્યાખ્યા શું? જ્ઞાન પ્રત્યક્ષ છે. જ્ઞાનમાં પર્યાયમાં પ્રત્યક્ષપણું પ્રગટ પૂર્ણ એણે જાણ્યું. આમ લોકાલોક પ્રત્યક્ષ કહેવું એ તો ઉપચાર છે. આહાહા..! આવી વાત. સમજાણું કાંઈ?

'**પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે...**' એક સમય પ્રત્યે પણ ત્યાં ટકતો નથી. એક દ્રવ્ય છે... દ્રવ્ય છે... દ્રવ્ય છે .. પણ એક સમય પ્રત્યે ઉદાસીન છે. એ અપેક્ષાએ તેને અવ્યક્ત કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ રોકાય છે. 'સમયસાર' છે માટે રોકાય છે. નહિતર રોકાતા નથી. એય..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**પોતે પોતાથી...**' છઠ્ઠો બોલ ચાલે છે. '**બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ...**' '**स्फुट**' શબ્દ છે. '**स्फुटमनुभूयमानत्वेऽपि**' એ સ્ફુટ કહો, પ્રત્યક્ષ કહો, વિશદ્ પ્રત્યક્ષ. .. આ વિશદ્ પ્રત્યક્ષ. એ ... પ્રત્યક્ષ. વિશદ્ પ્રત્યક્ષ. શાસ્ત્રકારે તો બહુ શબ્દોની... ટૂંકામાં પણ ઘણું સમાડી દીધું. વિશદ્ પ્રત્યક્ષ. ... પોતાનું જ્ઞાન વિશેષ સ્પષ્ટ છે તે પ્રત્યક્ષ. સમજાણું કાંઈ? આહાહા..! પ્રત્યક્ષ. એ તો કીધું ને પ્રકાશ નામનો એનામાં ગુણ છે. બારમો ગુણ છે ૪૭માં. પ્રકાશ નામનો ગુણ. જે સ્વસંવેદન પ્રત્યક્ષ થાય એવો જ એનો ગુણ છે અને એ ગુણવાળું દ્રવ્ય તેને પ્રત્યક્ષ થાય છે. છતાં વ્યક્તપણા પ્રત્યે ઉદાસીન (છે). ઉદાસીન એટલે વ્યક્તપણા પ્રત્યે રહેતો નથી. એક સમયની પર્યાય પ્રત્યે રહેતો નથી. દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... કાયમ દ્રવ્ય ઉપર એનું પરિણમન ધ્રુવ ઉપર જાય છે. એક સમય પ્રત્યે ઉદાસીન છે. ઉદાસીન .. એને સ્પર્શતો નથી. માટે તેને અવ્યક્ત કહેવામાં આવે છે. ઓહોહો..! 'અમૃતચંદ્રાચાર્ય'ની... એક અવ્યક્ત શબ્દ પડ્યો એમાં આટલી ટીકા કરી, લ્યો.

ભગવાન આત્મા '**પોતે પોતાથી જ...**' એ તો કહ્યું ને? પ્રત્યક્ષ થઈ ગયું ને? '**બાહ્ય-અભ્યંતર...**' પર્યાય અને દ્રવ્ય '**સ્પષ્ટ અનુભવાઈ રહ્યો...**' છે. સમજાણું કાંઈ? '**છતાં પણ વ્યક્તપણા...**' એકલી પર્યાય પ્રત્યે ત્યાં ટકતો નથી, ઉદાસીન છે. ઉદાસીન એટલે એક સમય પ્રત્યે ત્યાં રહેતો નથી. દ્રવ્ય ... છે. .. માટે તેને અવ્યક્ત કહે છે. '**આમ છ હેતુથી અવ્યક્તપણું સિદ્ધ કર્યું.**' સમજાણું? ... એ તો ઉપરથી લખ્યું, નહિ? ઉપરથી. '**प्रद्योतमानत्वाच्चाव्यक्तः**' બસ એટલું.

ભગવાન આત્મા આખા છ દ્રવ્યથી, વ્યક્તથી તે ભગવાન (અવ્યક્ત છે). છ દ્રવ્ય તે જ્ઞેય, તે વ્યક્ત, વ્યક્તત્વાત, જ્ઞેયત્વાત્, અન્યત્વાત્ તેથી તેને અવ્યક્ત ભગવાન આત્માને કહેવામાં આવે છે. એટલે વસ્તુ સામાન્ય એકરૂપ છે તેને વાસ્તવિક જીવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પર્યાય લક્ષ કરે છે. અને કષાયનો સમૂહ જેટલા વિકલ્પો ઉઠે છે એ બધા સમૂહથી-ભાવકભાવથી ભિન્ન છે. માટે તે આત્માને અવ્યક્ત કહેવામાં આવે છે. જ્ઞાન ચિત્સામાન્ય સ્વરૂપ જે છે એમાં ભૂત ભવિષ્ય પર્યાયો બધી અંદર પડી છે. .. અંદર ગયા છે. તેથી તે અપેક્ષાએ તે વસ્તુને વર્તમાન પર્યાયની વ્યક્તતાની અપેક્ષાએ તેને ભૂત ભવિષ્યની (પયર્યાયો) અંતરનિમગ્ન (છે) માટે અવ્યક્ત કહેવામાં આવે છે. એક સમયની વ્યક્ત પર્યાયની અપેક્ષાએ ત્રિકાળને અવ્યક્ત કહેવામાં આવે છે. સમજાણું? અને બે ભેગા ભાસવા છતાં એકને સ્પર્શતો નથી. બેને સ્પર્શે-જાણે છતાં એકને જ સ્પર્શતો નથી એ અપેક્ષાએ તેને અવ્યક્ત કહે છે.

પોતે પોતાથી પ્રત્યક્ષ બાહ્ય અભ્યંતર પ્રત્યક્ષ સ્ફુટ પ્રગટ અનુભવાઈ રહ્યો હોવા છતાં એકલા વ્યક્તપણે રહેતો નથી એ અપેક્ષાએ તેને અવ્યક્ત કહેવામાં આવે છે. અબદ્ધસ્પૃષ્ટ કહો, જ્ઞાયક કહો, સામાન્ય કહો, સમજ્યા? એ બધું સ્વરૂપ ભિન્ન ભિન્ન પ્રકારે સમજાવે છે.

'**जीवो चरित्तदंसणणाणठिदो**' એ પર્યાય થઈ. પણ ઠર્યો શેમાં? જીવમાં. કેવો જીવ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવો. સમજાણું કાંઈ? એને અભ્યાસ નહિ ને કોઈ દિ' અભ્યાસ નહિ. એ જાતનું વાંચન મનન નહિ અને એ જાતનો અંતર અભ્યાસ નહિ. એટલે એને (એમ લાગે કે) આ શું કહે છે? અને આવું ધર્મમાં હશે? ધર્મમાં તો કાંઈક કરવાનું હોય. પણ આ કરવાનું નથી? વસ્તુ છે એના ઉપર નજર કરવી એ કરવાનું નથી? સુખી થવાનો રસ્તો આ છે. સરવાળે નહિ, વર્તમાન. હવે આ કહે છે, સરવાળે સુખી થવાનું. સરવાળે સુખી કોણ થાય? કે વર્તમાન સુખી હોય એ સરવાળે સુખી થાય. વર્તમાન દુઃખી હોય એ સરવાળે સુખનો આંકડો આવતો હશે?

ભગવાન આત્મા એકરૂપ સ્વરૂપ શુદ્ધ ધ્રુવ, એને અહીંયાં અવ્યક્ત તરીકે છ બોલે કહ્યો. એનો અંતરમાં દૃષ્ટિ કરીને અનુભવ કરવો એમાં આનંદ છે, સુખ છે, શાંતિ છે. સ્વતંત્રતા છે. જેમાં પ્રત્યક્ષતા છે, જેમાં પરની આશ્રયતા, પરાધીનતા નથી. સમજાણું કાંઈ? એ સુખી છે. બાકી જગતના પ્રાણી દુઃખી છે. 'સુખીયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા રે.' આવે છે ને? 'સુખીયા જગતમાં સંત.' એ સંતની વ્યાખ્યા આ છે. વસ્તુ શાંત વીતરાગ સમભાવી પ્રભુ એ પોતે સંતસ્વરૂપ છે આત્મા. શાંતસ્વરૂપ છે. એવા વીતરાગ સ્વરૂપને સ્પર્શે તો એને સંત કહેવામાં આવે. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિને પણ મહાત્મા સંત કહેવામાં આવે છે.

અધમ આત્મા જે હતો અનાદિકાળથી પર્યાયમાં, રાગ-દ્વેષ આદિથી સુખી માનતો અને પોતે એવડો માનતો એ અધમ હતો. એ પૂર્ણાનંદ .. આશ્રય કરીને દૃષ્ટિ થઈ, વેદન આનંદનું થયું એમાં આત્મા થયો. જેવો આત્મા છે એવી પર્યાયમાં દશા પ્રગટી તેને આત્મા કહેવાય છે, ભાઈ! આ વસ્તુ એવી છે. આહાહા..! પાંચમે મહાત્મા કહેવાય, છઠ્ઠે મહાત્મા કહેવાય. કેવળી પરમાત્મા પર્યાયમાં, હોં! કેમકે વસ્તુ પોતે પરમાત્મા છે. વસ્તુ પોતે પરમાત્મા છે, મુક્ત જ છે. બંધભાવની કલ્પનાથી એણે માન્યું છે કે હું બંધ છું. વસ્તુ એવી નથી. વસ્તુ તો અવ્યક્ત અબદ્ધસ્વરૂપ છે. એ અબદ્ધ કહો કે એકત્વ નિશ્ચયગત (કહો). એકત્વમાં .. થઈ જવું. વસ્તુ જે સામાન્ય છે તેમાં એકત્વપણે રહેવું એ વસ્તુ છે. પરથી ભિન્ન પડવું એનું નામ સ્વભાવમાં એકત્વ થયો એ સ્વભાવ ત્રિકાળ છે. એકત્વ થયો તે ધર્મ છે. વીતરાગ પર્યાય. એ દશા દ્વારા પરમાત્માને દ્રવ્યને આરાધે અને પૂર્ણ પરમાત્મા થવાનું એનું આરાધન છે. સમજાણું કાંઈ? શું કહ્યું?

ભગવાન અવ્યક્તથી વર્ણન કરીને.. આ આત્મા શું છે? ભાઈ!.. એ પરમાત્માનું આરાધન કર્યું એટલે દર્શન, જ્ઞાન અને શાંતિનો અંશ પ્રગટ્યો. એ પરમાત્મા પોતે આત્મા એનું આરાધન કર્યું. અને તે પર્યાય પાછી પૂર્ણ પરમાત્મા પ્રગટ કરવાનું આરાધન સેવે છે. સમજાણું કાંઈ? આત્મા જ્યાં હજી ખ્યાલ પણ ન આવે આ ચીજ તે શું છે, ભાવમાં એને જ્ઞાન પણ ન આવે. જ્ઞાનમાં એ ભાવ આ છે.. આ છે.. આમ છે એમ ભાસે નહિ એ શી રીતે અંદર પ્રયત્ન કરે? સમજાણું કાંઈ? તેથી કહે છે કે, ભાઈ! આમ છે એથી તે આત્માને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અવ્યક્તપણે...

'**આ પ્રમાણે રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ, સંસ્થાન અને વ્યક્તપણાનો અભાવ હોવા છતાં પણ...**' આ બધાનો અભાવ હોવા છતાં પણ '**સ્વસંવેદનના બળથી...**' દેખો! ભગવાન આત્મા પોતાના જ્ઞાનના વેદનના-અનુભવના બળથી '**પોતે સદા પ્રત્યક્ષ હોવાથી...**' એ જ્ઞાનથી જ્ઞાનને વેદતા-જણાતા, જ્ઞાનથી જ્ઞાનસ્વરૂપને જાણતા-વેદતા-જાણતા-પોતાના વેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ. દેખો! '**પોતે સદા પ્રત્યક્ષ...**' હોં! સમજાણું કાંઈ? '**હોવાથી અનુમાનગોચરપણાના અભાવને લીધે...**' ભાષા જુઓ! અનુમાનગોચર માત્ર એ નથી વસ્તુ. ભલે અનુમાન હોય વ્યવહારે. સમજાય છે? પણ એ તો સદા પ્રત્યક્ષ છે. સમજાણું કાંઈ? બોલ આવે છે ને તમારે? ૨૦માં નથી આવતા બોલ? અનુમેય માત્ર નથી, અનુમાન માત્ર નથી, અનુમાતા માત્ર નથી, અનુમેય માત્ર નથી. ૨૦ બોલમાં આવે છે, અલિંગગ્રહણ. 'પ્રવચનસાર' સમજાણું? છે ને? અલિંગગ્રહણ ૨૦. એ આખું વિસ્તારથી આવી ગયું છે. લિંગ દ્વારા ગ્રહણ થતો નથી તેથી તે અલિંગગ્રહણ છે. ભગવાન! બીજા વડે માત્ર લિંગ દ્વારા ગ્રહણ થતું નથી. આ રીતે આત્મા અનુમેય માત્ર, અનુમેય માત્ર (નથી). સમજાય છે? '**न लिंगादेव परैः ग्रहणं यस्येत्यनुमेयमात्रत्वाभावस्य।**' આહાહા..! બીજાઓ વડે માત્ર અનુમેયમાત્રથી જણાવા યોગ્ય નથી. તેમ, જેને લિંગથી પરનું ગ્રહણ થતું નથી. એટલે કે આત્મા અનુમાતામાત્ર નથી. કેવળ અનુમાતામાત્ર નથી. પ્રત્યક્ષ થાય એવો છે એ. આહાહા..! સમજાણું કાંઈ? એમાં .. છે હજી. પાંચમો અને છઠ્ઠો. ૨૦ બોલમાં પાંચમો અને છઠ્ઠો બોલ છે. પોતે ને પોતે ટીકા કરનાર છે. એ પોતે અહીં... ભગવાન આત્મા જ્ઞાન છે તે આત્મા. જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં આત્મા. એ એકલો અનુમાન કરનાર નથી એમ કહે છે. આહાહા..!

'**સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી...**' પોતે સદા પ્રત્યક્ષ સ્વરૂપ જ છે. એનામાં પ્રકાશ નામનો ગુણ છે તો એ ગુણથી તે પ્રત્યક્ષ થાય એવો જ એનો ગુણ છે. દ્રવ્ય એવું છે. સમજાણું કાંઈ? પ્રકાશ નામનો ગુણ છે. એટલે કે સ્વસંવેદન પ્રત્યક્ષ થાય. દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણે પ્રત્યક્ષ થાય તેવો તેનો ગુણ છે. સમજાણું કાંઈ? એય..! વજુભાઈ! ક્યાંના ક્યાં લઈ ગયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રત્યક્ષ છે પોતા માટે. પરને જાણવાની અપેક્ષાએ છદ્મસ્થને પરોક્ષ છે. ભગવાનને તો એકસાથે બધું છે.

અહીં તો કહે છે કે સ્વસંવેદન પ્રત્યક્ષ હોવાથી તે અનુમાનગોચર માત્રપણું નથી. અનુમાન માત્ર નથી. અનુમાન માત્ર એનો સ્વભાવ નથી. પરને અનુમાનથી જાણે એવો એનો સ્વભાવ નથી અને પોતે અનુમાનમાત્રથી જણાય એટલો સ્વભાવ નથી. એ તો પ્રત્યક્ષ જણાય એવો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એનો સ્વભાવ છે. અનુમાનમાત્ર વ્યવહારનય છે. આ નિશ્ચયનય છે. સમજાણું કાંઈ? એ તો પોતે વિકલ્પના ને મનના સંગ વિનાનો સીધું જ્ઞાનને પ્રત્યક્ષ જાણે એવું જ એનું સ્વરૂપ અને એને જ અહીંયાં આત્મા કહેવામાં આવે છે. હવે અહીં તો હજી ચોથાની વાત માંડી છે. ઓલા કહે કે એવી વાતું તો બધી આઠમે હોય. અરે..! ભગવાન! શું થાય? કોઈ એમ કહે, બારમે આવે. ભાઈ! વસ્તુ તને ખબર નથી.

એક સમ્યગ્દર્શન અને અનુભવ થતાં વસ્તુ મુક્ત છે. મુક્ત થઈ ગયો આત્મા. પર્યાયમાં જરી રહ્યા રાગાદિ એનું તો જ્ઞાન વર્તે છે. કહો, સમજાણું કાંઈ? પછી કહે, આસ્રવ અધિકારમાં આવ્યું ને? ૧૭૧ ગાથા. જ્ઞાન જઘન્યપણે પરિણમે છે ત્યાં હજી જ્ઞાનીને જરી રાગ છે. યથાખ્યાત ચારિત્ર થયા પહેલાં હજી રાગ છે અને તેથી બંધ છે. જ્ઞાની નિરાસ્રવ છે. પણ રાગ છે અને ... છે એથી એને બંધ કહેવામાં આવે છે. ખરેખર તો એ બંધનું જ્ઞાન કરનાર છે. સમજાણું કાંઈ?

કહે છે, '**વ્યક્તપણાના અભાવ હોવા છતાં...**' આ ... '**સ્વસંવેદનના બળથી...**' આ નીચલા ગુણસ્થાનની વાત કરે છે. શિષ્યે પૂછ્યું છે કે આત્મા કેવો (છે)? ક્યા લક્ષણ વડે જણાય? એને કહે છે કે તારા આત્માના બળથી જણાય એવો એ આત્મા છે. સમજાય છે કાંઈ? કેવળીની વાત નથી.

મુમુક્ષુ :- એ તો મુનિ થાય ત્યારે થાય.

ઉત્તર :- અરે..! ચોથાની વાત છે અહીં. આત્મા જાણવાની વાત છે. મુનિ તો પછી સ્થિરતા.. મુનિપણાની વાતું શું કરવી. પરમેશ્વરનો પાડોશી! પરમેશ્વર છે.. જરી ઓલું બાકી છે ને. અનંત આનંદ.. અનંત આનંદ પૂર્ણ અનંત આનંદ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ આવે. પણ છતાં પૂર્ણ નથી એ અપેક્ષાએ .. કહ્યું. બે સરખા છે. અને મુનિઓમાં અને વીતરાગમાં ફેર જાણે તે જડબુદ્ધિ છે. 'નિયમસાર'માં 'પદ્મમલધારીદેવે' બીજે ઠેકાણે કહ્યું કે થોડોક ફેર છે. વ્યવહારથી ભલે, નિશ્ચયથી તો વસ્તુ એવી જ છે આખી. વીતરાગ સ્વરૂપે પ્રગટી. વીતરાગ સ્વરૂપે હતી, વીતરાગભાવે પ્રગટી એ વીતરાગભાવ અને આ વીતરાગભાવમાં થોડો ફેર ભલે હો, .... પર્યાયમાં ફેર ... ઓહોહો..!

એના સ્વરૂપની સ્થિતિની મહત્તા કેવી છે એ એણે જ્ઞાનમાં .. એને કંઈ પણ બીજી મોટપ મગજમાં રહી જાય છે, બીજા પ્રકારની મોટપ હૃદયમાં રહી જાય છે. કાં રાગની, કાં એક સમયની પર્યાયની, કાં સંયોગની ક્યાંક એને મોટપ-અધિકપણે મોટપ રહી જાય છે. મોટપ સમજાય છે? મહિમા-મોટપ. આપણી કાઠિયાવાડી ભાષા છે મોટપ. મોટપ બહુ સેવી હવે મૂકી દેને. એમ નથી કહેતા? એને આત્માની અંદરમાં મોટપ અધિકાઈ આ વસ્તુ મહાન છે એમ અંદર ભાસતું નથી. આમ ક્યાંક.. ક્યાંક... ક્યાંક.. એને અધિકાઈ, વિશેષતા, મોટપ,

મહત્તા, માન, મરતબો બીજામાં લાગે છે. માન, મરતબો અને મોટાઈ. રાગાદિમાં કે અલ્પજ્ઞ પર્યાયમાં વિકાસ થયો એમાં .. આહાહા..! એ ક્યાં વસ્તુ હતી? મોટપ ક્યાં ક્યાં ગઈ? એ તો પાછુ .. જશે. વસ્તુ જે જ્ઞાયકમૂર્તિ અવ્યક્ત આખો ચૈતન્ય પ્રભુ એની અંદરમાં પ્રત્યક્ષ મોટપ પ્રગટ થાય એવો એ આત્મા છે. એને આત્મા કહીએ અને કીધુ છે. પરોક્ષ રહે તે આત્મા નહિ. એય..! વજુભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. .. નહિ.

'**અનુમાનગોચરમાત્રપણાના અભાવને લીધે...**' માત્ર ... પ્રત્યક્ષ છે. સમજાય છે? '**અલિંગગ્રહણ કહેવામાં આવે છે.**' લ્યો, એક જ બોલ નાખ્યો આમાં. ઠીક! અનુમાનનો એક બોલ નાખ્યો. ત્યાં ૨૦ બોલ વર્ણવ્યા છે. ટીકા કરનાર પોતે જ છે 'અમૃતચંદ્રાચાર્ય'. જબ્બર મુનિ છે. ઓહો..હો..! ચાલતા પરમેશ્વર! એક થોડો વિકલ્પ બાકી છે. બાકી તો.. એવું હોય તો કીધું ને 'પ્રવચનસાર'માં. .. અધિકારમાં. ૩૨-૩૩ ગાથા. ૩૩ ગાથા. એ અમારે વિશેષ જ્ઞાન છે અને આ થોડું કહીએ એની સાથે અમારે કાંઈ નહિ. અમે શ્રુતકેવળી છીએ, અમે કૃતકૃત્ય છીએ. છે ને? ૩૩. અમે એમાં કાંઈ વિશેષતા જાણતા નથી. મુનિ છે. ૩૪ છે ને. ૩૪. જુઓ!

કહે છે, '**અનાદિનિધન-નિષ્કારણ-અસાધારણ-સ્વસંવેદ્યમાન ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે તથા ચેતકસ્વભાવ વડે એકપણું હોવાથી જે કેવળ (-એકલો, નિર્ભેળ, શુદ્ધ, અખંડ) છે એવા આત્માને આત્માથી આત્મામાં અનુભવવાને લીધે શ્રુતકેવળી છીએ. (માટે) વિશેષ આકાંક્ષાના ક્ષોભથી બસ થાઓ; સ્વરૂપનિશ્ચળ જ રહીએ છીએ.**' આહાહા..! એ અપેક્ષાએ. ખુલાસો કર્યો છે. '**સ્વરૂપસ્થિરતાની તરતમ્યતારૂપ ભેદ જ મુખ્ય છે, વત્તું-ઓછું (વધારે-ઓછા પદાર્થો) જાણવારૂપ ભેદ અત્યંત ગૌણ છે. માટે ઘણું જાણવાની ઈચ્છારૂપ ક્ષોભ છોડી સ્વરૂપમાં જ નિશ્ચળ રહેવું રહેવું જ યોગ્ય છે. એ જ કેવળજ્ઞાન-પ્રાપ્તિનો ઉપાય છે.**' વિશેષ જાણવું હોય તો એની કાંઈ .. વિશેષ.. અમે તો સ્વરૂપમાં એકાકાર રહેવું એ જ વિશેષ છે. જોયું! ભાષા કેવી છે! '**એવા આત્માને આત્માથી આત્મામાં અનુભવવાને લીધે શ્રુતકેવળી છીએ. (માટે) વિશેષ આકાંક્ષાના...**' વિશેષ ઉઘાડ, જ્ઞાનના વિશેષ ભાવના '**ક્ષોભથી બસ થાઓ;...**' આહાહા..! વિશેષ જાણપણા.. જે રીતે આત્માને પકડ્યો છે એ જ જ્ઞાને કેવળજ્ઞાન લેવાનું છે. એટલે અમારે વિશેષ આકાંક્ષા નથી. કહો, સમજાણું?

'**કેવળીમાં ને શ્રુતકેવળીમાં સ્વરૂપસ્થિરતાની તારતમ્યતારૂપ ભેદ જ મુખ્ય છે, વત્તુઓછું જાણવારૂપ ભેદ અત્યંત ગૌણ છે.**' આહાહા..! શાસ્ત્રના જાણપણા ને એ વિષયની વાતનું શું કામ છે અહીં? કહે છે. ભગવાન આત્મા સ્વસંવેદને જાણ્યો, ખલાસ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થઈ ગયો. **'માટે ઘણું જાણવાની ઈચ્છારૂપ ક્ષોભ છોડી સ્વરૂપમાં જ નિશ્ચળ રહેવું યોગ્ય છે.'** પણ આ કિંમત તો જ્ઞાનીને આવે. અજ્ઞાનીને તો ઓલા બહારની... સમજ્યા ને? જાણપણાના બોલે પર અપેક્ષાના વગેરે વગેરે .. છ દ્રવ્યમાં.. બહુ આવડે અને બહુ યુક્તિ ને બહુ તર્ક ને.. આહાહા..! કહે છે કે એ આકાંક્ષા બસ થાઓ. અમે તો સ્વસંવેદન પ્રત્યક્ષ આત્મા છીએ તેમાં રહેવા માગીએ છીએ. બસ થયું. એનાથી કેવળજ્ઞાન થશે. એમાં કંઈ બીજો વચ્ચે આંતરો વિશેષ નથી. સમજાણું? કેવી શૈલી! ભેદ કાઢી નાખશે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શ્રુતજ્ઞાન છે તે જ્ઞાન છે. આ શ્રુત શબ્દો છે તે જ્ઞાન છે? શબ્દોથી જ્ઞાન થયું છે? દિવ્યધ્વનિથી થયું છે? એ તો ઉપાધિ છે. લટકતી આંગળી જેમ વધારાની હોય એ કાઢી નાખવાની વસ્તુ છે. શબ્દોને કાઢી નાખવાની વસ્તુ (છે), લક્ષ છોડી દેવાનું એમ કહે છે આહાહા..! હજી તો અરે..! ... દિવ્યધ્વનિ ... પણ પોતે દિવ્યધ્વનિ કહે છે કે મારું લક્ષ છોડ. એમ કહે છે. સમજાણું કાંઈ? ઓલા શ્લોકમાં આવ્યું નહિ અનુભૂતિમાં? કે બાર અંગમાં એમ કહ્યું છે કે આત્માની અનુભૂતિ તે વિશેષ છે. આવ્યું ને? બાર અંગની કોઈ અપૂર્વતા નથી. બાર અંગની કોઈ અપૂર્વતા નથી. 'કળશટીકા'માં (શ્લોક-૧૩માં) આવ્યું છે. સમજાણું? બાર અંગની અપૂર્વતા નથી. કેટલામાં આવ્યું? અનુભૂતિ. જ્ઞાનાનુભૂતિ.

**'કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે. તેનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે.'** એ અપૂર્વ નહિ. **'તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે.'** બસ, આત્માનો અનુભવ પ્રત્યક્ષ કરવો એ જ મોક્ષનો માર્ગ. **'તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની કાંઈ અટક (બંધન) નથી.'** આહાહા..! પંડિતજી! વસ્તુ સ્થિતિ એવી છે. શું કરે? ... એની અનુભૂતિ કરવી એ જ વિશેષ છે. બહુ સરસ મૂક્યું, બહુ સરસ! મર્મ મર્મ મૂક્યો છે. હવે એને પણ અત્યારે (ઉડાવે છે). અરે..! પ્રભુ! શું કરે છે? એ 'રાજમલજી' કાષ્ઠપંથી હતા. હવે ભાઈ આ તત્ત્વ છે એને જોને. કાષ્ઠપંથી મિથ્યાદષ્ટિ. પોતાની અધિકતા રાખવા, બીજાની હીણપ બતાવવા આવી રીતે હેઠલું ગોતી લે. પહેલું હોય. આ વસ્તુ કહે છે એ જો ને. વાસ્તવિક તત્ત્વ છે એ. આહાહા..! સમજાણું કાંઈ?

એ અહીં ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે. ભગવાન .. અને વ્યક્તપણાથી ભલે રહિત છે છતાં સ્વસંવેદનના બળથી... જુઓ! રાગના બળથી અને વિકલ્પથી નહિ. **'પોતે સદા પ્રત્યક્ષ હોવાથી...'** પોતે તો સદા પ્રત્યક્ષ જ એનું સ્વરૂપ જ એવું છે. સમજાય છે? **'અનુમાનગોચરમાત્રપણાના અભાવને...'** અનુમાનગમ્ય ... માત્રપણાના અભાવને લીધે **'અલિંગગ્રહણ કહેવામાં આવે છે.'** હવે ઓલો બોલ લીધો. ચેતના છે ને? ચેતનાગુણ લીધો. **'चेदणागुणम'** **'अरसमरूवमगंधं अव्वत्तं'** થઈ ગયું. અનિર્દિષ્ટ થઈ ગયું, અલિંગગ્રહણ થઈ ગયું. હવે ચેતનાગુણ રહ્યો એક. શબ્દમાં ૪૯માં. **'अरस'** નું થઈ ગયું. **'अमरूवमगंधं'**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થઈ ગયું. '**अव्वत्तं**' નું થઈ ગયું. અલિંગગ્રહણ થઈ ગયું. અલિંગગ્રહણનું આટલામાં નાખી દીધું. ટૂંકામાં. એક રહ્યો ચેતનાગુણ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અભાવ. અભાવરૂપ થઈ ગયો. એનો અભાવ, પણ છે ચેતનાગુણ ભાવ. ભાવરૂપ. એ તો અભાવરૂપને .. સદા પ્રત્યક્ષમાં ભાવરૂપ કહ્યું. અહીં વિશેષ કહે છે. ખાસ કરીને એના ગુણ વર્ણવીને કહે છે. બાકી તો ભાવરૂપ સામાન્ય કહી દીધું. સામાન્ય ભાવરૂપ છે એમાં આ બધું અભાવરૂપ છે. એમ ભેગું જ આવી જાય છે સામાન્ય.

હવે '**પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે...**' લ્યો! '**પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે...**' એમ કહે છે. સાક્ષાત્ પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે '**સદાય અંતરંગમાં પ્રકાશમાન છે તેથી (જીવ) ચેતનાગુણવાળો છે.**' ચેતનાગુણ.. ચેતનાગુણ.. એ ચેતનાગુણ લેવો. '**પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે તેથી ચેતનાગુણવાળો છે.**' એ ચેતનાગુણની વ્યાખ્યા. હવે એ ચેતનાગુણ કેવો છે એની વિશેષ વ્યાખ્યા આવશે.

'**જે સમસ્ત વિપ્રતિપત્તિઓનો (જીવને અન્ય પ્રકારે માનવારૂપ ઝઘડાઓનો) નાશ કરનાર છે,...**' ચેતનાગુણ દ્વારા આત્મા જણાય એ સિવાય કોઈ વિકલ્પ અને ફલાણું .. ફલાણું હોય, એ બધી વિપરીત દશાઓનો નાશ કરના ચેતનાગુણ છે. ચેતનાગુણથી ચેતના છે, ચેતન છે એમ જણાતા એનાથી વિપરીત એટલે આ વિકલ્પ ને પુણ્ય ને દયા ને દાન ને વ્રત ને વ્યવહાર ને એનાથી આત્મા જણાય એનો બધો નાશ કરનાર છે. ચેતનાગુણથી વિપ્રતિપત્તિઓનો નાશ કરનાર છે. '**(અન્ય પ્રકારે માનવારૂપ ઝઘડાઓનો) નાશ કરનાર છે,...**' કોણ? ચેતનાગુણ. આહાહા..! ચેતનાગુણ, ચેતના તે વડે આત્મા સદા પ્રકાશ થયો છે. એ ચેતનાગુણ '**સમસ્ત વિપ્રતિપત્તિ...**' અનેરા પ્રકારે માનવું. વિપ્રતિપત્તિ-અનેરા પ્રકારે માનવું. રાગવાળો, વ્યવહારવાળો, વિકલ્પવાળો, ઉદયવાળો, આ વાળો, તે વાળો. રાગની મંદતા હોય તો આમ થાય એ બધી વિપ્રતિપત્તિ માનવાના ઝઘડાનો નાશ કરનાર છે. વિપ્રતિપત્તિ-વિપરીત જ્ઞાન, વિપરીત માન્યતા. સમજાય છે? એનો નાશ કરનાર છે. વિવિધપ્રકાર બસ. વિવિધ પ્રકાર પ્રતિપત્તિ. વિપ્રતિપત્તિ. જ્ઞાન થાય. વિવિધ પ્રકારનું જ્ઞાન થાય. સમજાય છે કાંઈ? ...

'**સમસ્ત વિપ્રતિપત્તિઓનો (જીવને અન્ય પ્રકારે માનવારૂપ ઝઘડાઓનો) નાશ કરનાર છે,...**' એકલો ચેતનાગુણથી જણાય અને ચેતનાગુણવાળો એમ કહેતાં બીજા ગુણવાળો, બીજા વાળો.. બીજા વાળો એનો નાશ કરનાર છે એ. સમજાણું કાંઈ? '**જેણે પોતાનું સર્વસ્વ ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે,...**' ચેતનાગુણવાળો, કેવો છે એ ચેતનાગુણ? કે ચેતનાગુણ એણે સર્વસ્વ ભેદજ્ઞાનીને સોંપી દીધું છે. કારણ કે રાગ વિના એનો અનુભવ થાય એ ભેદજ્ઞાનીને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ખબર પડે છે. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચોથે. શેની વાત ચાલે છે આ? ભેદજ્ઞાની છઠ્ઠે-સાતમે-આઠમાની વાત હશે આ? એ તો ઉત્કૃષ્ટ મુનિ છે ને. વાત મુનિથી કરી છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં આવે છે ને કે આ પંચમગુણસ્થાન ઉપરની વાત લેવી. .. ટીકામાં આવે છે. એ તો મુનિ પોતે છે તો ઉપરથી વાત લીધી, મુખ્યપણે. ગૌણપણે તો અહીંથી છે. ચોથે.. મુખ્યપણે આમ લેવું. ગૌણપણે અહીં ચોથાથી છે. છે ને? એમાં મુખ્યપણું કહેતા ગૌણ થઈ ગયું. એમાં આવે છે. પણ કોણ જાણે એવી વાત છે ને. સમ્યગ્દર્શન અને એનો વિષય એટલો હળવો બનાવી દીધો છે ને. સમ્યગ્દર્શન એટલે થઈ ગયું, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા. બસ, થઈ રહ્યું. વિકલ્પ શુભરાગ. અને થઈ રહ્યું જાવ. હવે એને જ્ઞાન થઈ ગયું. હવે વ્રત લ્યો. વ્રત લ્યો તો ચારિત્ર થઈ જાય. એ શ્રદ્ધા થઈ એ સમ્યગ્દર્શન, .. સમ્યગ્દર્શન એ વ્યવહાર સમ્યગ્દર્શન. વ્યવહાર સમ્યગ્દર્શન સરાગ છે માટે. સરાગ સમ્યગ્દર્શન ક્યાં સુધી હોય? કે દસમા ગુણસ્થાન સુધી હોય. સમ્યગ્દર્શન સરાગ હોય જ નહિ. રાગ તો ચારિત્રદોષ છે અને સમ્યગ્દર્શન શ્રદ્ધાગુણની પર્યાય છે. ભિન્ન છે. એ તો સરાગ .. સમ્યગ્દર્શન તો અરાગી જ પર્યાય છે. સમ્યગ્દર્શન પોતે અરાગી જ પર્યાય છે. સમ્યગ્દર્શન સરાગ કેવું? સમજાણું કાંઈ?

ચોથા ગુણસ્થાનમાં પણ સ્વસંવેદનનું જ્ઞાન અરાગી અને પ્રતીતિ પણ અરાગી છે. સમજ્યાને? અને અનંતાનુબંધીનો અભાવ છે. . સ્થિરતા હોય .. .. સ્થિરતા છે, અરાગી છે, ભાઈ! ત્યાંથી શરૂ થાય છે. એ વીતરાગનો કણ જાગ્યો. વીતરાગપણાનો કણ જાગ્યો. વીતરાગભાવમાંથી વીતરાગપણાનો કણ-અંકુર ફૂટ્યો. સમજાણું કાંઈ? વીતરાગી સ્વભાવ વસ્તુ ત્રિકાળ, એમાં એકાગ્ર થતાં વીતરાગી કણ જાગ્યો, અંકુર જાગ્યો. એ ફાટીને પૂર્ણ ઘન કેવળ થાશે. પૂર્ણ વીતરાગ થશે. સ્થિરતા પૂરી થઈ થશે. સમજાણું કાંઈ?

**'જે સમસ્ત વિપ્રતિપત્તિઓને નાશ કરનાર છે, જેણે પોતાનું સર્વસ્વ ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે,...'** કોને? ચેતનાગુણે. ચેતનાગુણ દ્વારા આત્મા જણાણો એટલે એણે બધું સર્વસ્વ સોંપી દીધું. કે રાગથી નહિ, પુણ્યથી નહિ, નિમિત્તથી નહિ, ભેદથી નહિ. એવું જેણે ચેતનાગુણે **'પોતાનું સર્વસ્વ ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે,...'** ચેતનાગુણ દ્વારા જ એ આત્મા પ્રાપ્ત થાય છે. ભેદજ્ઞાનીને સોંપી દીધું. ક્યા ભેદજ્ઞાનીને? સાતમે? સાતમે, દસમે? ... સર્વસ્વ ત્યાં હશે? સર્વસ્વ સોંપી દીધું હેઠે. એકલો ચેતનાગુણથી જણાય એવો. .. ગુણ છે પણ પર્યાય છે ને? પર્યાયથી આ ચેતનાગુણવાળો આત્મા આખો છે એમ પરથી ભિન્ન પડીને ભેદજ્ઞાનીને બધું સોંપી દીધું છે. એના અનુભવમાં આવે છે કે આ આત્મા તદ્દન .. જણાય એવો છે. રાગથી, બહારથી, નિમિત્તથી, સંયોગથી જણાય એવો નથી. સમજાણું? બે બોલ કહ્યા. એક વિપરીત ઝઘડાનો નાશ કરનાર. નાસ્તિથી વાત કરી. અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પોતે સર્વસ્વ સોંપી દીધું ભેદજ્ઞાનીને એ અસ્તિથી કરી.

**'જે સમસ્ત લોકાલોકને...'** .. બતાવે છે. **'ગ્રાસીભૂત કરી જાણે...'** એ તો જ્ઞાનનો પર્યાય એવડો છે, ચેતનાગુણ એવી તાકાત રાખે છે (કે) **'સમસ્ત લોકાલોકને ગ્રાસી...'** ગ્રાસી એટલે કોળીયો. કોળીયો કરી જાય છે. મોઢું મોટું અને કોળિયો નાનો. કોળિયો સમજો છો ને? કવળ. મોઢા કરતા કોળિયો મોટો હોય? કવળ.. કવળ. **'લોકાલોકને ગ્રાસીભૂત કરી...'** જાય. કોળિયો-કવળ કરી જાય એવો તો જેનો ચેતનાગુણનો સ્વભાવ છે. આહાહા..!

**'જાણે કે અત્યંત તૃપ્તિ વડે ઠરી ગયો હોય...'** સમજાણું? બ્રાહ્મણનો પહેલા આપણે દાખલો આપતાને? બ્રાહ્મણનો.. બ્રાહ્મણ હોય એણે લાડવા ખાતા હોય ને? લાડવા. બે-ત્રણ-ચાર ખાય ત્યાં ચાલી શકે નહિ. એવો દાખલો પહેલા આપતા ને? **'એ જાણે કે અત્યંત તૃપ્તિ વડે ઠરી ગયો હોય તેમ (અર્થાત્ અત્યંત સ્વરૂપ-સૌખ્ય વડે તૃપ્ત તૃપ્ત હોવાને લીધે સ્વરૂપમાંથી બહાર નીકળવાનો અનુદ્યમી હોય તેમ)...'** લ્યો! એ અંદરમાં ઠરે છે તો બહાર નીકળવાનો પુરુષાર્થ નથી એને. કહે છે કે કેવળજ્ઞાન છે તે લોકાલોકને ગ્રાસીભૂત કરી નાખીને અત્યંત તૃપ્ત તૃપ્ત થઈને. **'कवलीकृत्यात्यन्तसौहित्यमन्थरेणेव'** **'सकलमपि लोकालोकं कवलीकृत्यात्यन्तसौहित्यमन्थरेणेव सकलकालमेव'** આમ જાણે ઠરી ગયો, ઠરી ગયો. બહાર નીકળવાની વૃત્તિ નથી. એવી ચીજ છે. પહેલા આપણે .. બ્રાહ્મણનું. મલપતો ચાલે.. એમ છે ને? મંથર શબ્દ પડ્યો છે ને. ઓલો બ્રાહ્મણ હોયને એણે લાડવા ખાધા હોય તો હળવે હળવે (ચાલે). લાડવા ખાધા હોય ને સરખાઈના ચુરમાના બધા. થેપલી કરે છે. થેપલી સમજો છો? ચુરમાની. ભાઈ! આ તો અમે નાની ઉંમરમાં સાંભળેલું. બ્રાહ્મણોને પહેલા ચુરમાના.. પતરાળ હોય ને પતરાવળ. વડના પાન પતરાવળ. પાંદડા. એમાં ચુરમુ નાખે સુકું. અને એમાં ઘીની બરણી... ઓલી શું કહેવાય? બોઘડું. ઘીના બોઘડેથી નાખે. મોટું .. હોય ને .. ઘીનું બોઘડું. પછી એમાં ઘી નાખે અને થેપલી કરે. નીચે પાણી હોય. એ અમારે માણસ બ્રાહ્મણ હતા ને જોડે એ કહેતા અમને, હોં! આપણે જોયું નથી. પહેલા એમ જમાડતા. શેરીમાં જમાડે. શેરીમાં જ્યાં ધૂળ હોય. એ ધૂળમાં નાખે પાણી. પાણી ઉપર પતરાવળી, એ પતરાવળામાં છૂટું ચુરમું અને બોઘડે ઘી. બોઘડું એટલું હોય ને આખું ભરેલું. અને ઠંડુ થઈ જાય એટલે ઘી ઠરી જાય અને થેપલી થઈ જાય. લાડવા વાળેલા ન હોય પણ આમ થેપલી ખાય. એ થેપલી ખાય. થેપલી કહેતા. અમારી જોડે બ્રાહ્મણ હતા. .. ત્યાં બ્રાહ્મણ રહેતા હતા. ગૌરીશંકર. એ બધું કહેતા. અમે જમવા ગયા ત્યાં થેપલીનું જમણ હતું. થેપલીનું. લાડવા તૈયાર કરેલા નહિ. છૂટું ચુરમું અને બોઘડે ઘી. આમ છૂટું નાખે. માગે એટલું આપે, હોં! માગે એટલું આપે. અને પછી ઠરી જાય ઘી એમાં. અને ખાઈને બ્રાહ્મણ... એવું પહેલા દાખલો આપતા. પંડિતજી! મંથર શબ્દ પડ્યો છે ને એટલે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'અત્યંત સ્વરૂપ-સૌખ્ય તૃપ્ત તૃપ્ત હોવાને લીધે સ્વરૂપમાંથી બહાર નીકળવાનો અનુદ્યમી...'** ઓલો બહાર ચાલવાનો અનુદ્યમી છે. એમ આ બહાર નીકળનો અનુદ્યમી. અંતરમાં મસ્ત થઈ ગયો છે. અતીન્દ્રિય પ્રત્યક્ષ આનંદના વેદનમાં મસ્ત થઈ ગયો છે. આહાહા..! એ આનંદની થેપલી ખાય છે. આહા..! પછી એને મૂળા આપે એ લોકો. મૂળા-મૂળા સમજો છો? મૂળી. મૂળા તીખા હોય ને તો એ પચી જાય. .. ઉપર એટલે શું એને ઊલટી ન થાય, .. અને પચી જાય. મૂળા કાંદા. આ મૂળ વસ્તુ આત્મા, એની અંદર... ધૂળમાંય .. મરી જાય....

**'અત્યંત સ્વરૂપ-સૌખ્ય તૃપ્ત તૃપ્ત હોવાને લીધે...'** આનંદ.. આનંદ.. આનંદ... નિર્વિકલ્પ અનુભવમાં પડ્યો. ચોથે ગુણસ્થાને પણ, પાંચમે, છઠ્ઠે આદિ નિર્વિકલ્પ અનુભવમાં પડ્યો. કહે છે બહાર તૃપ્ત તૃપ્ત થવાને લીધે **'સ્વરૂપમાંથી બહાર નીકળવાનો અનુદ્યમી હોય તેમ સર્વ કાળે કિંચિત્માત્ર પણ ચલાયમાન થતો નથી...'** એ રીતે સ્થિર થતાં ચલાયમાન થતો નથી. **'એ રીતે સદાય જરા પણ નહિ ચળતું અન્યદ્રવ્યથી અસાધારણપણું હોવાથી જે (અસાધારણ) સ્વભાવભૂત છે.'** લ્યો. ... ચેતનાગુણ વ્યવસ્થિત પડ્યો છે આખો. એની સ્થિરતા થતાં ત્યાંથી નીકળવું એને ગોઠતું નથી. કિંચિત્માત્ર પણ ચલાયમાન થતો નથી અને એ રીતે સદાય જરાપણ નહિ ચળતું અન્યદ્રવ્યથી અસાધારણપણું હોવાથી. અસાધારણ એટલે સાધારણ નથી. .. તદ્દન ભિન્ન છે. એવો સ્વભાવભૂત ચેતનાગુણ આત્માનો છે. સ્વભાવભૂત સ્વરૂપ સ્વરૂપ, ચેતનાગુણ સ્વરૂપ. ચેતનમાં ચેતનાગુણ સ્વરૂપ. એના અનુભવમાં તૃપ્ત છે. એટલી ટીકા કાઢી. લ્યો હવે વાત તો આટલી છે. ચેતનાગુણ. એની અંદરમાં આટલું કાઢ્યું.

**'આવો ચૈતન્યરૂપ પરમાર્થસ્વરૂપ જીવ છે.'** જુઓ! પૂછ્યું હતું ને? એનો જવાબ. **'આવો ચૈતન્યરૂપ પરમાર્થસ્વરૂપ જીવ છે.'** ઉપોદ્ઘાતમાં પૂછ્યું હતું કે મહારાજ! **'એક, ટંકોત્કીર્ણ, પરમાર્થસ્વરૂપ જીવ કેવો છે? તેનું લક્ષણ શું છે?'** તે આ કહ્યું. **'આવો ચૈતન્યરૂપ પરમાર્થસ્વરૂપ જીવ છે. જેનો પ્રકાશ નિર્મળ છે એવો આ ભગવાન આ લોકમાં એક, ટંકોત્કીર્ણ, ભિન્ન જ્યોતિરૂપ વિરાજમાન છે.'** આહાહા..! કહો, સમજાણું કાંઈ? એને આત્મા કહેવામાં આવે છે. **'આવો ચૈતન્યરૂપ પરમાર્થસ્વરૂપ જીવ છે.'** એનું રૂપ જ આવું ચૈતન્યરૂપ પરમાર્થસ્વરૂપ જીવ દ્રવ્ય (છે). એમ. **'જેનો પ્રકાશ નિર્મળ છે એવો આ ભગવાન આ લોકમાં એક,...'** એક એટલે જુદો, હોં! બધું થઈને વાત નથી. **'ભિન્ન જ્યોતિરૂપ વિરાજમાન છે.'** બધાથી જુદો પાછું કીધુંને? ઓલી બીજી ચીજ. બીજા આત્માઓ..

**'હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહી એવા આત્માના અનુભવની પ્રેરણા કરે છે :-'**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं**
**स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम्।**
**इममुपरि चरन्तं चारु विश्वस्य साक्षात्**
**कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम्।।३५।।**

**શ્લોકાર્થ :- ‘ચિત્શક્તિથી રહિત...’** જુઓ! જેટલા વિકલ્પો આદિ બધા ચિત્શક્તિથી રહિત છે. એમાં ચિત્શક્તિ નથી. પુણ્ય-પાપ, વિકલ્પ, દયા, વ્રત આદિ. એ બધા ચિત્શક્તિ ભગવાન આત્મા છે એનાથી બધા રહિત છે. **‘અન્ય સકળ ભાવોને...’** વિકલ્પો શુભ કે અશુભ કોઈપણ **‘મૂળથી છોડીને...’** ચિત્શક્તિથી રહિત જેમાં ચિત્શક્તિ નથી. વિકલ્પના રાગમાં પુણ્યમાં-દયા-દાનમાં ચિત્શક્તિ નથી. એનાથી રહિત એવો સકળ ભાવોને-બધા ભાવોને **‘મૂળથી છોડીને પ્રગટપણે...’ ‘स्फुटतरम’** છે ને? **‘પ્રગટપણે પોતાના ચિત્શક્તિમાત્ર ભાવનું...’** પ્રગટ કહો, પ્રત્યક્ષ કહો, સ્ફુટ કહો, વિશદ કહો. **‘પ્રગટપણે પોતાના ચિત્શક્તિમાત્ર ભાવનું અવગાહન કરીને,...’** અંદર વ્યાપીને. ચિત્શક્તિમાત્રમાં પોતામાં અંતરમાં વ્યાપીને. દરિયામાં જેમ અવગાહે છે ને ઊંડો? પ્રવેશ કરે છે. એમ પોતાની ચિત્શક્તિમાં પ્રવેશ કરીને

**‘ભવ્ય આત્મા સમસ્ત પદાર્થસમૂહરૂપ લોકના ઉપર...’ ‘चारु’** શબ્દનો અર્થ પડ્યો રહ્યો. **‘चारु’** છે ને અંદર? એનો અર્થ પડ્યો રહ્યો. **‘સુંદર રીતે પ્રવર્તતા એવા આ એક કેવળ અવિનાશી...’** સુખરૂપ **‘चारु’** મનોહર, સુંદર એ શબ્દ પડ્યો રહ્યો. **‘લોકના ઉપર...’** જાણે સુખરૂપ પ્રવર્ત્યો એવા આ એક કેવળ **‘અવિનાશી આત્માનો આત્મામાં જ અભ્યાસ કરો,...’ ‘कलयतु’** આત્માનો આત્મામાં અભ્યાસ કરો. **‘સાક્ષાત્ અનુભવ કરો.’** એવી પ્રેરણા કરી છે. વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૬, શનિવાર તા. ૩-૧૨-૧૯૬૬**
**શ્લોક-૩૫-૩૬, ગાથા-૫૦-૫૫, પ્રવચન-૧૧૯**

જીવ-અજીવ અધિકાર. ૪૯ ગાથાનો કળશ ૩૫મો છે ને? કેવા જીવનો અનુભવ કરવાથી જીવ અનુભવ્યો, જાણ્યો અને માન્યો કહેવાય? કહે છે કે '**ચિત્શક્તિથી રહિત...**' ભગવાન આત્મા તો જ્ઞાનશક્તિ સંપન્ન છે. જ્ઞાન સાથે અનંત ગુણ ભેગા છે પણ પ્રધાનપણે ... લેવું. એકલો જ્ઞાનસ્વભાવ શક્તિ, એનાથી જે રહિત વિકલ્પો આદિ સંયોગ '**અન્ય સકળ ભાવોને મૂળથી છોડીને...**' છોડીને એનો અર્થ કે એનું લક્ષ છોડી દઈને. '**અને પ્રગટપણે પોતાના ચિત્શક્તિમાત્ર ભાવનું...**' વસ્તુ જ્ઞાન સત્તા હોવાવાળો પદાર્થ એના ઉપર દૃષ્ટિ દઈને '**અવગાહન કરીને,...**' એમાં એકાકાર થઈને '**ભવ્ય આત્મા...**' બહુ ટૂંકી વાત કરી છે.

'**સમસ્ત પદાર્થસમૂહરૂપ લોકના ઉપર...**' બધા જગતના વિકલ્પ અને સંસાર આદિ પદાર્થો એનાથી '**લોકના ઉપર સુંદર રીતે પ્રવર્તતા એવા આ એક કેવળ અવિનાશી આત્માનો...**' અથવા સુખરૂપ આનંદરૂપી આત્મા છે એના લોક ઉપર .. છે, એમ. બધાથી જુદો પ્રવર્તે છે. શરીર, વાણી, મન, રાગ, વિકલ્પ આદિ એનાથી જુદો તદ્દન, .. સુખરૂપ એવો આત્મા '**આ એક કેવળ અવિનાશી...**' આ એક કેવળ એકરૂપ અવિનાશી ધ્રુવ સત્ સ્વરૂપ છે એવા આત્માનો... એવા આત્માનો... '**આત્મામાં...**' આત્માની અંદર '**અભ્યાસ કરો,...**' આત્મામાં જ અભ્યાસ કરો. અંતર જ્ઞાનાનંદમાં એકાગ્ર થાવ એ જ આત્માનું કલ્યાણ છે. સમજાણું કાંઈ? બીજી બધી વાતું બહારની છે.

જ્ઞાનમૂર્તિ ભગવાન એને અંતર્મુખ થઈને એનો અનુભવ કરવો એ આખા લોકથી વિશ્વથી જુદો તરતો આત્મા છે-ભિન્ન છે. એનો અભ્યાસ કરે, '**સાક્ષાત્ અનુભવ કરો.**' એમ કે સાક્ષાત્ એટલે પ્રત્યક્ષ વેદન કરો. પ્રથમ મતિ-શ્રુત જ્ઞાનમાં પણ આત્મા સાક્ષાત્ વેદનમાં પ્રત્યક્ષ થાય છે. બહુ ટૂંકામાં કહ્યું. સારમાં સાર એ છે. વિકલ્પ, બોલવું, ચાલવું, ક્રિયા બધી એ વસ્તુમાં (નથી). સમજાણું? એ તો બધાના ઉપરથી જુદો તરતો છે. એકલો આનંદ સુખ, અથવા મનોહર સુખ, સુંદર સ્વરૂપ, શાંત સ્વરૂપ અવિકારી પરમાત્મસ્વરૂપ આત્માનો, એવો આત્મા અવિનાશી એનો આત્મામાં અંતરમાં જ અભ્યાસ કરો. લ્યો, આ ચૌદ પૂર્વનો સારનો સાર આત્માના અનુભવની વાત કરી. એનો અનુભવ કરતાં કરતાં ચારિત્ર સ્થિર થાય એમ કરતાં કેવળજ્ઞાન થાય. આ એક જ વાત છે મોક્ષ માટે, બીજો કોઈ ઉપાય નથી.

લ્યો, અહીં તો એક જ પ્રકાર આવ્યો. મોક્ષમાર્ગ બે ન આવ્યા. આત્માનો આત્મામાં અભ્યાસ અંદર કરવો એ તો નિર્વિકલ્પ થયો. રાગાદિ મોક્ષમાર્ગ કહ્યો એ તો કથનમાત્ર છે, એ કાંઈ મોક્ષમાર્ગ નથી. આત્મા સ્વદ્રવ્ય, તેનો જ્ઞાયક સ્વભાવ, તેમાં એકાગ્ર થઈ નિર્વિકલ્પ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રત્યક્ષ વેદન દ્વારા આત્માને અનુભવવો એ એક જ આત્માની પ્રાપ્તિનો ઉપાય છે. એની ઉપલબ્ધિ સિદ્ધની પર્યાયની પ્રાપ્તિ પણ આ અનુભવની પ્રાપ્તિથી થાય છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- આ આત્મા પરમાર્થે સમસ્ત અન્યભાવોથી રહિત...**' પરમાર્થ એટલે વ્યવહારે ભલે વિકલ્પ આદિમાં વ્યવહારવાળો કહે, પણ વસ્તુ સ્વરૂપ એ નથી. '**સમસ્ત અન્યભાવોથી રહિત ચૈતન્યશક્તિમાત્ર...**' જ્ઞાનસ્વરૂપ માત્ર, સત્તાસ્વરૂપ જ્ઞાનમાત્ર છે. '**તેના અનુભવનો અભ્યાસ કરો એમ ઉપદેશ છે.**' લ્યો! ભગવાન 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

બીજો શ્લોક-૩૬.

**चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम्।**
**अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्गलिका अमी।।३६।।**

ભગવાન 'કુંદકુંદાચાર્ય' બહુ જ ટૂંકામાં કહે છે, ભાઈ! આ '**ચિત્શક્તિથી અન્ય જે ભાવો છે તે બધા પુદ્ગલદ્રવ્યસંબંધી છે...**' એ પૂર્વ સૂચનાનો શ્લોક છે. આગળ કહેશે એનો. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ સત્તા ચૈતન્યશક્તિ. એનાથી વ્યાપ્ત સર્વસ્વ સાર એ બધો આત્માનો સર્વસ્વ-સર્વસ્વ. જ્ઞાનસ્વરૂપ એ આત્માનું સર્વસ્વ સાર છે. એમાં પુણ્ય-પાપના વિકલ્પો આદિ વસ્તુના સ્વરૂપમાં નથી. એવો આ જીવ એકલો જ માત્ર છે. જ્ઞાનસ્વભાવ ચૈતન્યસ્વભાવ ચિત્શક્તિ સત્ત્વ એટલો જ આત્મા છે. બાકી બધા પુદ્ગલના ભાવ છે.

'કુંદકુંદાચાર્ય' પોતે બહુ જ ટૂંકામાં જગતને .. એનું આ ટૂંકું છે. ભગવાન આત્મા, ભાઈ! આત્મા તો આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે. એવો જ્ઞાન સ્વભાવ આનંદમાત્ર તે આત્મા છે. એનો અંતર અનુભવ કરો. એ જ મોક્ષનો માર્ગ છે. આહાહા..! છે? '**ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર છે...**' અર્થ-અર્થ. ભગવાન આત્મા જીવ એને કહીએ. આ જીવ અને અજીવ અધિકાર છે. જીવ એને કહીએ. ભગવાન સર્વજ્ઞદેવે પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વરે અને સંતો દિગંબર 'કુંદકુંદાચાર્ય' આદિ મહામુનિઓએ આત્મા એને કહ્યો અને એમ છે. એ તો '**ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર છે...**' સર્વસ્વ સાર એ ચૈતન્ય સ્વરૂપ, આનંદસ્વરૂપ, જ્ઞાનમૂર્તિ, જ્ઞાયકભાવ તે આત્મા છે. '**એવો આ જીવ એટલો જ માત્ર છે;...**' સમજાણું કાંઈ?

'**આ ચિત્શક્તિથી શૂન્ય...**' જેટલા પુણ્ય-પાપના વિકલ્પ રાગ છે એ ચૈતન્યશક્તિથી શૂન્ય છે. એટલે કે જ્ઞાનમૂર્તિ તેજ, જ્ઞાનના તેજ, જ્ઞાનનું નૂર, જ્ઞાનનો પ્રકાશ એવો જે આત્મા પુણ્ય-પાપના સંકલ્પ-વિકલ્પમાં એ જ્ઞાનના તેજના નૂરનો અભાવ છે. શરીર, વાણી, મન તો આ જડ છે આ માટી. એ તો પ્રત્યક્ષ લોકો પણ એમ કહે કે આ માટી, જડ, અજીવ છે. પણ ભગવાન આત્માના જ્ઞાનસ્વરૂપ સિવાય જેટલા શુભ-અશુભરાગ ઊઠે છે, કહે છે કે એ ચૈતન્ય શક્તિથી શૂન્ય છે. આહાહા..! ચૈતન્ય ભગવાન ચૈતન્યના નૂર એનું પૂર, ચૈતન્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પૂર પ્રભુ આત્મા છે. એ ચૈતન્યના પ્રકાશથી પુણ્ય-પાપના વિકલ્પો રાગ તે ખાલી છે. સમજાણું કાંઈ? જીવ-અજીવ અધિકાર છે ને? એ બધા પુણ્ય-પાપના વિકલ્પો તે ખરેખર જીવસ્વરૂપથી વ્યાપ્ત નથી, ભિન્ન છે. કેમકે ભગવાન આત્મા ચૈતન્યનો પિંડ એવા ચૈતન્યથી શૂન્ય એવા પુણ્ય-પાપના... જે ૧૪૮ પ્રકૃતિ છે એ જે ભાવે બંધાય એ ભાવ બધા ચૈતન્યશક્તિથી શૂન્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન જ્ઞાનમૂર્તિ એવો આત્મા તેને આત્મા સર્વસ્વ કહીએ. એ સિવાય પુણ્ય-પાપ, શરીર, વાણી, મન, કર્મ બધું ચૈતન્યશક્તિથી શૂન્ય જેવા ભાવે છે એ બધા પુદ્ગલ ભિન્ન છે અથવા પુદ્ગલના જ છે. ભગવાન આત્માની ચીજ હોય તો એનાથી જુદી પડે નહિ. અને જુદી પડે તે ભગવાન આત્માની ચીજ હોઈ શકે નહિ. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? આને આત્મા કહીએ. ચૈતન્યસ્વરૂપ ભગવાન ચૈતન્યસ્વરૂપ. એની અંતરમાં દૃષ્ટિ કરીને અનુભવ કરવો. બાકી એનાથી રહિત જેટલા (અન્ય ભાવો છે), જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ ચૈતન્યશક્તિથી શૂન્ય છે. એ બધું આવશે આ છ (ગાથા)માં. સમજાણું કાંઈ? બહુ ટૂંકામાં (કહ્યું છે).

પુદ્ગલજન્ય છે. સમજાણું? છે ને? '**पौद्गलिका अमी**' એ બધા પુદ્ગલસ્વરૂપ છે. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, કહે છે કે, એ ભાવ પુદ્ગલસ્વરૂપ છે. ગજબ વાત છે ને! ચૈતન્યસ્વરૂપ હોય તો એનાથી બંધન કેમ થાય? જેનાથી બંધન થાય એ ભાવ ચૈતન્યની જાતનો સ્વભાવભાવ નથી. આહાહા..! જગતને ગળે ઉતરવું (કઠણ). અનાદિથી એને અભ્યાસ નથી. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ સમવસરણમાં ઈન્દ્રોની હાજરીમાં ભગવાનની વાણીમાં એમ આવ્યું, ભાઈ! તું તો જ્ઞાનની મૂર્તિ આત્મા છો, હોં! એ ચૈતન્યપ્રકાશનો સૂર્ય છો ને પ્રભુ તું. એનાથી જેટલા વિકલ્પો આદિ પર છે, પ્રભુ! એ તો ચૈતન્ય શક્તિના સત્ત્વથી ભિન્ન શૂન્ય છે. એટલે ખરેખર તો એ અજીવભાવ છે. ચૈતન્યભાવ સ્વભાવ નથી. એવા ચૈતન્યભાવની, ભાઈ! તમે દૃષ્ટિ કરીને અનુભવ કરો. તમને શાંતિ મળશે અને એ અનુભવ કરતાં કરતાં કેવળજ્ઞાન થશે. બીજો કોઈ ઉપાય નથી. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જોયો નથી અને ભગવાને બીજો કહ્યો નથી. બીજો જાણ્યો નથી. આહાહા..!

એને પોતાની મહિમા આવતી નથી ને. જાણે કાંઈક કોઈક મને મદદ કરે ને. કાંઈક રાગની મદદ હોય, શરીરની હોય, આની હોય, આની હોય તો હું મારું કાર્ય કરી શકું. એ આડે પરથી નવરો થાતો નથી, સ્વમાં આવવાની એ ફુરસદ લેતો નથી. કહો, પ્રવીણભાઈ! બહારમાં ધૂળધમાહા, પૈસા અને હોળી સળગે ચારેકોર. આ લ્યો અને આ લીધા... આ લીધા. ધૂળમાંય ક્યાંય સુખ નથી અને આત્મા નથી ત્યાં ક્યાંય. આહાહા..!

અહીં તો ભગવાને ટૂંકામાં, બહુ જ ટૂકામાં કહ્યું, હોં! એક ચૈતન્યશક્તિથી વ્યાપ્ત .. પ્રભુ એ જ આત્મા છે. એ સિવાય વિકલ્પો આદિ બધા દયા, દાન, વ્રત પરિણામ એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો ભગવાન ચૈતન્ય શક્તિથી શૂન્ય છે. આહાહા..! ગળે ઉતરવું સહેલું છે, હોં! એની ચીજ છે ને, ભાઈ! એ ક્યાં પારકી હોય તો મેળવવી મુશ્કેલ. પોતાની છે તેને પ્રાપ્ત કરવી એમાં શું મુશ્કેલ? પણ એણે માની લીધેલું છે. કોઈ દિ' અભ્યાસ નથી, કોઈ દિ' એણે પ્રયત્ન કર્યો નથી એટલે એમ લાગે, આ શું કહે છે? ચૈતન્યશક્તિથી વ્યાપ્ત આત્મા, એનાથી શૂન્ય તે ચૈતન્યશક્તિથી રહિત. આહાહા..! એટલી બે વાતું કરી. ભગવાન જ્ઞાનશક્તિથી વ્યાપ્ત અને પુણ્ય-પાપ આદિ વિકલ્પો ચૈતન્યશક્તિથી અવ્યાપ્ત. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે ને અચેતન કહ્યું છે. રાગાદિમાં ચૈતન્યપ્રકાશનું નૂર, પ્રકાશનું કિરણ છે એમાં? સૂર્યના પ્રકાશના કિરણો તો સૂર્યના પ્રકાશ જેવી જાતના હોય. એ કાંઈ કોલસાની .. એ કાંઈ સૂર્યના કિરણ છે? એમ ભગવાન ચૈતન્ય સૂર્ય જેમાં કેવળજ્ઞાનના કિરણ ફૂટે. ભગવાન જેમાં ચૈતન્યના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનના કિરણ ફૂટે એવો એ ભગવાન આત્મા છે. એમાં પુણ્ય-પાપના રાગ ફૂટે એ ચૈતન્યની જાતના છે? સમજાણું કાંઈ?

અરે..! અનંત કાળ થયો અનાદિ રખડતા, પણ એણે પોતાની જાત કેવડી અને કેટલી એનો એણે પ્રયાસ કર્યો નથી. મારામાંથી નીકળી જાય એ ચીજ મારી જાતની નથી, એ તો અજીવ છે, પુદ્ગલ છે. અહીં તો પુદ્ગલના જ પરિણામ કહેશે. '**सव्वे पोग्गलदव्वस्स परिणामा**' ૨૯ બોલ કહેશે વિસ્તારથી.

**'એવા ભાવોનું વ્યાખ્યાન છ ગાથાઓમાં કરે છે :-'**

**जीवस्स णत्थि वण्णो ण वि गंधो ण वि रसो ण वि य फासो।**
**ण वि रूवं ण सरीरं ण वि संठाणं ण संहणणं।।५०।।**
**जीवस्स णत्थि रागो ण वि दोसो णेव विज्जदे मोहो।**
**णो पच्चया ण कम्मं णोकम्मं चावि से णित्थि।।५१।।**
**जीवस्स णत्थि वग्गो ण वग्गणा णेव फड्डया केई।**
**णो अज्झप्पट्ठाणा णेव य अणुभागठाणाणि।।५२।।**
**जीवस्स णत्थि केई जोयट्ठाणा ण बंधठाणा वा।**
**णेव य उदयट्ठाणा ण मग्गणट्ठाणया केई।।५३।।**
**णो ठिदिबंधट्ठाणा जीवस्स ण संकिलेसठाणा वा।**
**णेव विसोहिट्ठाणा णो संजमलद्धिठाणा वा।।५४।।**
**णेव य जीवट्ठाणा ण गुणट्ठाणा य अत्थि जीवस्स।**
**जेण दु एदे सव्वे पोग्गलदव्वस्स परिणामा।।५५।।**

**નથી વર્ણ જીવને, ગંધ નહિ, નહિ સ્પર્શ, રસ જીવને નહીં,**
**નહિ રૂપ કે ન શરીર, નહિ સંસ્થાન, સંહનને નહીં; ૫૦.**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**નથી રાગ જીવને, દ્વેષ નહિ, વળી મોહ જીવને છે નહીં,**
**નહિ પ્રત્યયો, નહિ કર્મ કે નોકર્મ પણ જીવને નહીં; ૫૧.**
**નથી વર્ગ જીવને, વર્ગણા નહિ, સ્પર્ધકો કંઈ છે નહીં,**
**અધ્યાત્મસ્થાન ન જીવને, અનુભાગસ્થાનો પણ છે નહીં; ૫૨.**
**જીવને નથી કંઈ યોગસ્થાનો, બંધસ્થાનો છે નહીં,**
**નહિ ઉદયસ્થાનો જીવને, કો માર્ગણાસ્થાનો નહીં; ૫૩.**
**સ્થિતિબંધસ્થાન ન જીવને, સંક્લેશસ્થાનો પણ નહીં,**
**સ્થાનો વિશુદ્ધિ તણાં ન, સંયમલબ્ધિનાં સ્થાનો નહીં; ૫૪.**
**નથી જીવસ્થાનો જીવને, ગુણસ્થાન પણ જીવને નહીં,**
**પરિણામ પુદ્ગલદ્રવ્યના આ સર્વ હોવાથી નક્કી. ૫૫**

આહાહા..! અમારે નારણભાઈ હતા. ૨૯ બોલનો ઉકરડો કહેતા. ઉકરડો સમજો છો ઉકરડા? કૂડા કા ઢેર. કૂડા કા ઢેર હોતા હૈ ન? કચરા. આ ૨૯ બોલનો ઉકરડો વસ્તુમાં ચૈતન્યમાં નથી. આહાહા..! એની ટીકા.

ભગવાન આત્મા એ તો જ્ઞાનની જ્યોત ચૈતન્યસૂર્ય છે. જેના ચૈતન્યના તેજના ચૈતન્યના નૂરના પ્રકાશસ્વરૂપ ભગવાન આત્મામાં '**કાળો, લીલો, પીળો, રાતો અથવા ધોળો વર્ણ છે તે બધોય જીવને નથી...**' લ્યો! કાળાથી ઉપાડ્યું. એ કાળો રંગ ભગવાન આત્મામાં નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શરીર હતું. શરીરની પર્યાય છે કાળી. આહાહા..! ભગવાન! શરીરની પર્યાય કાળી છે. આત્મા કેવો કાળો? કાળો તો જડના પરમાણુની પર્યાય છે, પુદ્ગલ માટીની પર્યાય છે. ભગવાન તો અરૂપી કાળા રંગ વિનાની ચીજ છે. લીલો રંગ, લીલો હરા. એ આત્મામાં નથી. પીળો નથી. આ દેખાયને કેટલાક. આમ પીળું દેખાય. આ જાણે કે આત્મા છે. પ્રકાશ દેખાયને .. પ્રકાશ એ પરમાણુની પર્યાય છે. અંદર પ્રકાશ દેખાય. આંખમાં .. એક વસ્તુ.. બાપુ! એ તો આનંદઘન ચૈતન્ય ભિન્ન છે. રાતો નથી.

એકને પૂછવામાં આવ્યું કે આ આત્મા કેવો છે? કે પહેલો રાતો અને પછી ધોળો. એમ કીધું. પડિમાધારી. અરે..! ખબર ન મળે. કેમકે રાતા લૂગડા પહેરેને તો અંદર રાતો રંગ દેખાય. પછી બહુ આગળ વધી જાય તો ધોળો દેખાય. અરે..! ભગવાન! આ અન્યમતિઓને કેટલાકને દેખાય ને અંદર .. આ પ્રકાશ અને આ પ્રકાશ. એ તો બધી જડની પર્યાય દેખાય છે, ચૈતન્ય તો અંદર અરૂપી છે, એ તો અનુભવથી ગમ્ય થાય છે. એ તો જ્ઞાનના અનુભવથી જણાય છે. એ કંઈ આવા રંગ-ફંગ દેખાય એ આત્મા છે? સમજાણું? '**રાતો...**' પહેલા એમ કહ્યું હતું. અર્જિકા હતી, હોં! પહેલા કહે રાતો અને પછી થઈ જાય ધોળો. અરે..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ બાપુ! ધોળો-રાતો તો જડની પર્યાય છે. એ તો પરમાણુ માટી આ જડની દશા છે. અંદર દેખાય આ રાતું ને પીળું એ પણ એને જાણનારો રાતો-પીળો નથી. રાતો-પીળો તો જડની દશા છે. સમજાણું? કેટલાકને ચમત્કાર અંદર દેખાય. આત્મા આમ થઈ જાય, ફલાણું થાય, ઢીંકણું થાય. પણ એ તો બધી જડની દશા છે. ચૈતન્ય નહિ. એ તો જ્ઞાનનો પિંડ અને આનંદનો અનુભવ કરે એવો આત્મા છે. એકલું જ્ઞાન નહિ પાછું. જ્ઞાન એકલું નહિ. સાથે આનંદ આવે. અતીન્દ્રિય આનંદની જગતમાં ક્યાંય ગંધ નથી. એવો આનંદ સ્વરૂપ આત્મા તેને આત્મા કહીએ. સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! પૈસા-બૈસામાં નહિ હોય તમારે ત્યાં? ઝપટ મારે છે ને બહુ શેર બજારમાં. આહાહા..! .. પૈસાવાળા સુખી છીએ અમે, લ્યો! ધૂળમાંય સુખી નથી. દુઃખીના દાળિયા છે. સમજાય છે? ભૂકો થઈ જાય દાળિયા એટલે. સમજાણું? દુઃખમાં ભૂકો થઈ જાય ભગવાન આત્મા.

જ્ઞાનના નૂરથી, આનંદના પૂરથી ભરેલું તત્ત્વ છે. વસ્તુ છે ને? વસ્તુ છે ને? ઠંડી જેમ બરફની શિલા હોય એમ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદ ને વીતરાગ સ્વરૂપની શિલા છે. અરૂપી શિલા છે. ભગવાન આત્મા છે અંદર. આહાહા..! એની દૃષ્ટિ કર્યા વિના અને એના ભાન કર્યા વિના જેટલું કાંઈ કરે એમાં કાંઈ આત્માને ધર્મ-બર્મ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

એ રાતો નથી. જુઓ! છેલ્લે લીધો. '**રાતો અથવા ધોળો વર્ણ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી...**' જુઓ! આ સાથે બધા બોલ લેશે. શુભરાગ પણ પુદ્ગલ દ્રવ્યના પરિણામ હોવાથી '**અનુભૂતિથી ભિન્ન છે.**' એમ લેશે. આ એક શબ્દ બધે લાગુ પાડી દેશે. જુઓ! વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પુદ્ગલ દ્રવ્યના પરિણામ. પરિણામમય પાછું. એકલા પરિણામ નહિ. પુદ્ગલ દ્રવ્યના પરિણામમય અભેદ. '**પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી...**' ભગવાન આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ એની અનુભૂતિ કરે એ '**અનુભૂતિથી ભિન્ન છે.**' અનુભૂતિથી ભિન્ન છે. સમજાણું?

'**જે સુરભિ અથવા દુરભિ ગંધ છે તે બધીયે જીવને નથી...**' ગંધ-ગંધ. સુરભિ-સુગંધ, દુરભિ-દુગંધ. એ બધી જડની દશા છે. '**કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.**' સમજાણું? ગંધ. ગંધ ... અંદરથી ગંધ છૂટે. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગંધ છૂટે એ તો જડની પર્યાય છે. શ્વાસોશ્વાસ. એવી સુગંધ હોય કમળ જેવી. પણ એ તો જડની પર્યાય. એ આત્મા ક્યાં હતો? સમજાય છે?

મુમુક્ષુ :- ભગવાનના શ્વાસ...

ઉત્તર :- ભવાનના શ્વાસ કે દિ' હતા? શ્વાસ તો જડના છે. પુદ્ગલની પર્યાય શ્વાસ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. આ શ્વાસ ચાલે છે ને. એ જડ છે. એ આત્મા ક્યાં છે? શ્વાસને જાણનારો એ જીવ છે. શ્વાસ એ જીવ નથી.

નહોતું કહ્યું એકવાર? એ શ્વાસ અહીં ડુંટીથી.. ટાઢ હોય તો ખ્યાલ આવી જાય કે ડુંટી નાભીથી ખસી ગયો છે શ્વાસ. ખ્યાલ આવી જાય એને. .. હેઠે જાતો નથી. નીચે જાતો નથી એમ કહે. નીચે લઈ શકતો નથી એમ નહિ. આહાહા..! હેઠે જાતો નથી. છેલ્લી સ્થિતિ લાગે છે. કીધું ને? અહીં હતા ને? શીવલાલ પટેલ હતા. શરીર લઠ્ઠ જેવું, હોં! ૭૦-૭૨ વર્ષ થયા હશે. ... કરી ગયા. .. મગફળી. શીંગના દાણા કાચા ખાધેલા શેકીને અને કેળા ખાધા. એમાં અહીંના દાળ, ભાત અને રોટલી મીઠી બહુ અહીંના રસોડાની. ખાધું અને ખાધા ભેગું એમ ને એમ ચોસલું થઈ ગયું. શરીર નિરોગી. કાંઈ ન મળે, હોં! .. અહીં બેઠા હતા એક કોર. કેમ શિવલાલભાઈ? છેલ્લી સ્થિતિ. પણ શું છે? બેઠા છો ને. કાંઈ નહિ. .. બેઠા હતા. છેલ્લી સ્થિતિ. કેમ છે? એને ખબર કે શ્વાસ હેઠેથી ઉપર.. ગમે તેમ થયું. કાંઈ લીધું નથી. શ્વાસ હેઠેથી ઉપર.. ખસી ગયો, નીચે અડતો નથી. અંત ક્રિયા, એમ બોલ્યા, હોં! મેં કીધું, કેમ શીવલાલભાઈ? અંત ક્રિયા. પણ શું? કાંઈ નથી ને હજી બેઠા છે નીચે. અહીંથી ખસી ગયો છે. ગમે તે પ્રકાર હોય પણ એ ચોસલું અવરાઈ ગયું છે. નથી દસ્ત થતો, નથી ઊલટી થતી. શ્વાસે છોડી દીધો એનું ઘર. એમ કહે છે ને? અમારે એમ કહે છે, શ્વાસનું ઘર છોડી દીધું. શ્વાસનું ઘર. .. જડ છે. શ્વાસની ક્રિયા જડની છે, આત્માની નહિ. આત્મા કરતો નથી એને. એ તો જડ છે. એ શ્વાસની ક્રિયાએ ઘર છોડી દીધું. બસ, એમ કહ્યું લ્યો. ૩૨ કલાક રહ્યા. વધારે નહિ. કેમ ધર્મચંદજી! સ્થિતિ એવી હોય.. આહાહા..! બેઠા હતા ને. હજી મરવા પહેલા બે ઘડી તો બેઠા હતા અહીં. .. હું અહીં ઊભો હતો. કીધું, આ તો કાઢી નાખો. છેલ્લી સ્થિતિ. બેઠા હતા. .. બેઠા હતા. શું કહેવાય ગંજીફરાક એ કાઢી નાખ્યું. દોરો બાંધ્યો હતો એ કાઢ્યો. .. .. ખલાસ. છેલ્લી સ્થિતિ હતી. ઈંજેક્શન ભાઈએ આપ્યું. .. બાધતા હતા. .. એ જડની અવસ્થા, બાપુ! એ આત્મા નહિ. આત્મા એનું કાંઈ કરી શકે નહિ. ડૉક્ટરનો બાપ આવે તો પણ કરી શકે નહિ અને ઈન્દ્ર આવે તો પણ કરે નહિ. આહાહા..! શ્વાસ નીકળ્યો એટલે જાણે ગયો આત્મા. એમ હશે? શ્વાસ તો જડ છે. આત્મા તો જ્ઞાનાનંદ ચૈતન્યની જ્યોત મહા આત્મશિલા, શાંતિની શિલા છે. એ ભગવાન આત્મામાં સુગંધ-દુર્ગંધ નથી. ભગવાનને .. શ્વાસ સુગંધી હતો. એ ભગવાન કહે છે, ના ના. એનાથી ભગવાનને ઓળખાય નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આવે વ્યવહારની વાતું. નિશ્ચયથી આત્મામાં કાંઈ બહારનું છે નહિ.

એ '**કડવો,...**' રસ-રસ. '**કડવો, કષાયલો,...**' તુરો '**તીખો,...**' હિન્દીમાં તમારે ચરપરાય કહે છે ને? '**ખાટો અથવા મીઠો રસ છે તે બધોય જીવને નથી...**' મીઠો-

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગળ્યો સાકર જેવો એ બધી જડની દશા છે. સમજાણું કાંઈ? એ આત્મામાં છે નહિ. સ્પર્શ, લ્યો. **'ચીકણો, લૂખો, શીત, ઉષ્ણ, ભારે, હલકો, કોમળ અથવા કઠોર સ્પર્શ છે તે બધોય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી** (પોતાની) **અનુભૂતિથી ભિન્ન છે.'** તદ્દન સ્પર્શની આઠેય પ્રકારની પર્યાય .. સમજાણું કાંઈ? સ્પર્શ નામનો ગુણ છે અને આઠ એની પર્યાય છે. એ આત્મામાં નથી. એ આઠેય શરીરમાં લાગું પડે હોં! એક ક્ષણમાં. આઠેય પ્રકાર. ક્યાંક ઊનું હોય, ક્યાંક ઠંડુ હોય, ક્યાંક સુંવાળું હોય.. આઠે ... એ જડની.

**'સ્પર્શાદિસામાન્યપરિણામમાત્ર રૂપ...'** જુઓ! બધું થઈને રૂપ કીધું. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ બધું થઈને રૂપ. **'સ્પર્શાદિસામાન્યપરિણામમાત્ર રૂપ છે તે જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામ...'** છે. ભગવાન આત્મા પોતાના જ્ઞાનનો અનુભવ કરે તે અનુભૂતિથી સ્પર્શ, રસ.. થી તે ભિન્ન છે. **'ઔદારિક,...'** શરીર આત્માને નથી. લ્યો! એ આ ઔદારિક શરીર માટી છે. **'પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી પુદ્‌ગલ છે.'**

મુમુક્ષુ :- એનાથી તો ધર્મ થાય.

ઉત્તર :- ઔદારિક શરીરથી ધર્મ થાય. લ્યો, માણસ એમ કહે છે. અહીં ભગવાન કહે છે કે ઔદારિક શરીર માટીનું છે. માટીથી ધર્મ થાતો હશે? શરીરથી થાય, માણસ એમ કહે છે. શરીર સારું હોય તો એનાથી કામ લેવાય. એકલો આત્મા શું કરે? એકલો આત્મા જ કરે છે, સાંભળને હવે. જડ તો જુદી ચીજ છે. આની સાથે શું સંબંધ છે? શરીરની પર્યાય શરીરમાં શરીરને કારણે થાય છે. આત્માને કારણે એમાં થાય છે કાંઈ? અને એને કારણે આત્મામાં કાંઈ થાય છે? શરીર સારું હોય તો ઔદારિક શરીર. હવે અહીં તો કહે છે કે તારામાં છે જ નહિ ને. તારામાં છે નહિ અને એનાથી તું ધર્મ કરવા માગ એમ બને કે દિ'? કહો, સમજાણું આમાં? એ ઔદારિક શરીર જીવને નથી. એનાથી આત્માને ધર્મ થતો નથી. .. છે ને કેવળજ્ઞાન થાય.

**'વૈક્રિયક,...'** શરીર. .. અવગાહન.. હજાર યોજન. કેવળજ્ઞાન જેને .. થાય છે. .. આવે છે. ઔદારિકનો અર્થ .. ઓદાર છે. અવગાહન આવે. હજાર યોજન મચ્છ. અને ઉદાર નામ જે દશામાં પોતાને અનુભવ કરે તો કેવળજ્ઞાન પ્રાપ્ત થાય .. શાસ્ત્રમાં આવે છે બધાના અર્થ. સમજાણું કાંઈ? આવે છે ને? 'તત્ત્વાર્થ સૂત્ર'માં આવે છે. બધી વાત સમજાવવી હોય તો ઔદારિક શરીર .. આવે કે નહિ? પણ એ ઔદારિક શરીરને લઈને અહીં ... કેવળજ્ઞાન થાતું નથી.

મુમુક્ષુ :- ઔદારિક શરીર વિના કોઈને થયું છે?

ઉત્તર :- હા. શરીર વિના જ થયું છે. શરીર એમાં છે જ નહિ તો એના વિના જ થયું છે. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- એક દાખલો બતાવો.

ઉત્તર :- દાખલો. આત્મા આત્માથી થાય છે એ દાખલો. આત્મા ઔદારિક શરીરથી થાતો નથી. આહાહા..! હવે એને મૂળ એવું લાગે આ બધું જાણે.. આમ જોડે છે ને એટલે જાણે આમ બે એક થઈ ગયા હોય, જાણે એક હોય. તદ્દન અત્યારે જુદે જુદા છે. શરીરની પર્યાયમાં આત્માની પર્યાયનો અભાવ અને આત્માની પર્યાયમાં શરીરની પર્યાયનો અભાવ છે. એકબીજામાં અત્યંત અભાવ વર્તમાન વર્તી રહ્યો છે. પણ એની દૃષ્ટિ આમ પડી છે ને અનાદિથી. જડ... જડ... જડ... જડ... જડ... એનું પર્યાય ઉપર લક્ષ અને પર્યાયનું લાંબુ લક્ષ જાય તો પર ઉપર જાય. એક સમયની પર્યાય ઉપર લક્ષ અને એનું લાંબુ લક્ષ જાય તો આમ જાય. પણ અંતર વસ્તુ ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ છે એની એ દૃષ્ટિ કરતો નથી. માટે કહે છે કે તું ભિન્ન છો, ભાઈ! ઔદારિક શરીર તારું નહિ. એ તો જડની પર્યાય, પુદ્‌લના પરિણામ પુદ્‌ગલમય છે. એ ચૈતન્યના પરિણામ ચૈતન્યમય એ વસ્તુ નથી. ચૈતન્યને મદદ કરે એવું એ સાધન નથી. એમ કહે છે. આહાહા..!

ઔદારિક શરીર... જુઓને! આ મોહનભાઈ બિચારા એક ક્ષણમાં ઓલા થઈ ગયેલા. અહીં બેસતા હતા. પંડિતજીની પાછળ બેસતા હતા. મોટું શરીર લઠ જેવું. ચાલે તો જાણે આમ.. .. .. છેલ્લે જોયું. જડ છે, બાપા! ભગવાન આત્મા તો અરૂપી જ્ઞાનઘન ચૈતન્ય સૂર્ય છે. એની જેને ખબરું નથી. આ શરીરથી માને એ બધા ભ્રમમાં પડ્યા છે. ચાર ગતિમાં રખડવાના છે. આહાહા..! 'રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત.' રેત-રેત ધૂળ ઉડે ને આમ મોટો? શું કહેવાય? વંટોળીયો-વંટોળીયો. વંટોળીયાને શું કહે છે? પંડિતજી! શું કહે છે વંટોળીયાને? વંટોળીયો-જંજાવાત. એમાં એક તણખલુ હોય એ ક્યાંક જાય અને એક તણખલું ક્યાંય ઉડે. ફોતરા હોય ને? છિલકા. એમ 'રજકણ તારા રખડશે જેમ રખડતી રેત.' રેત-રેત. વાલુ.. વાલુ. આ જડની વાલુ છે, બાપુ! એક ટૂકડો ક્યાંય જશે અને એક ટૂકડો ક્યાંય જશે. બળશે તો એટલું પણ નહિ રહે, લ્યો. ચાર મણનું શરીર તો રાખ આટલી થાશે. એમ આ .. ફૂ જાઓ! આહાહા..! બાપુ! એ ઔદારિક શરીર છે. તું નહિ, હોં! કહે છે. તારામાં નથી, તું એ નથી, તને તે સાધન નથી.

તારું સાધન તારામાં હોય. તારું સાધન બહારથી હોય નહિ. .. દાખલા આપે. નિમિત્ત માટે ભારે દાખલા આપે. એની મેળાએ કાંઈ અંકુરો ફૂટે? .. સાધન દયો, પાણી દયો.. આ દયો... આ દયો... અન્ન દેવતા. એમ કહે. અન્ન દેવતાને ઘરે લાવે, ઢીંકણું લાવે, .. બળવા દે નહિ,.. એટલી .. ત્યારે માંડ માંડ ઘઉંનો અંકુર ફૂટે. એટલો પુરુષાર્થ કરે ત્યારે. અરે..! ભગવાન! આહાહા..! જડના એક એક રજકણનો વર્તમાન પર્યાય તેના પોતાને કારણે થઈ રહ્યો (છે) એમાં બીજો કરે શું? ભાઈ! સંયોગી દૃષ્ટિ તને મારી નાખશે. આહાહા..! સંયોગથી આનામાં થાય એમ માનનાર મારામાં પણ સંયોગથી થાય તે સંયોગની દૃષ્ટિ એની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ફરશે નહિ.

મારું કાર્ય શરીરથી થાય, રાગથી થાય એવી જે દૃષ્ટિ છે ને? એ મારી નાખશે તને. અંતર્મુખ નહિ જવા દે. સમજાણું કાંઈ? મારે સાધન એવું, સાધન, બાપુ! તું ચૈતન્ય મૂર્તિ છો ને. કરણ નામનો ગુણ એમાં સાધનગુણ પડ્યો છે અનાદિઅનંત, હોં! કરણ નામનો ગુણ સાધકતમ કરણ અંદર પડ્યું છે ત્રિકાળ. ભાઈ! એ આત્માને તું અંતર જો. ઔદારિક શરીર આદિને સાધન ન માન. એ તારામાં નથી. આહાહા..! એનાથી ખાલી. એનાથી આત્માને લાભ થાય એમ કેમ બને? ઔદારિકથી તો ખાલી છે પોતે. એક જગ્યાએ રહેવા છતાં પોતાના ક્ષેત્રમાં ભાવ ભિન્ન છે, આનો ભાવ ભિન્ન છે. આના ભાવ ભિન્ન છે, ભગવાન આત્માના ભાવ ભિન્ન છે. બહારની મમતા અને મોહ આડે એનો ભગવાન આત્મા ઔદારિકથી ભિન્ન એમ ભાસતું નથી. તેથી કહે છે, ભાઈ! ઔદારિક શરીર તારામાં નથી, હોં!

'**વૈક્રિયિક,...**' નથી. લ્યો! વૈક્રિયિક શરીર મળે તો ભગવાન પાસે જવાય, દેવ થાય, આમ થાય. પણ ભગવાન! એ વૈક્રિયિક શરીર જ આત્માનું નથી ને. સમજાણું કાંઈ? નારકીને વૈક્રિયિક હોય, દેવને વૈક્રિયિક હોય. ભાઈ! વૈક્રિયિક શરીરના રજકણોની પર્યાય પુદ્‌ગલમય પરિણામ છે, એ તો પુદ્‌ગલના પરિણામ છે. એ તને સહાયભૂત કેમ થાય? ભગવાન પાસે જઈશ સમવસરણમાં. ભગવાન ક્યો ભગવાન? ભગવાન તો અહીં બેઠો તારી અંદર. કહો, સમજાણું કાંઈ? આમ તો સમવસરણમાં અનંત વાર ગયો. દેવપણે નથી ગયો? ઈન્દ્રો ગયા ત્યારે એની સાથે ગયેલો. .. આ જાય છે, લાવો આપણે જઈએ, લ્યો! ભગવાન પાસે જઈએ. પણ ભગવાન શું કહે છે? અને ભગવાનનો આત્મા શું છે અને તારો શું છે? એ જાણ્યા વિના ત્યાં કલ્યાણ થયું નહિ. એવો ને એવો પાછો આવ્યો. ચાલો, ઈન્દ્રો જાય છે અને આપણે જઈએ હોં! બધા. શું કહે છે અને શું આશય છે એ સમજતો નથી. વાહ.. વાહ. મોટા પુણ્ય.. ઓહોહો..!

ભગવાન આત્મા.. એમ કહે છે કે એ તો કેવળજ્ઞાન પામ્યા છે. રાગનો અભાવ કરી પોતાના સ્વરૂપના સાધન દ્વારા વીતરાગમૂર્તિ રાગથી નિષ્ક્રિય થયા. .. છે. એમ એ બતાવે છે કે તું આત્મા આવો છો. એને તું અંદર સાધન કર તો તને શાંતિ, સુખ અને સ્વતંત્રતા મળશે. આ સાધન. .. સાધન નથી બહારનું.

'**વૈક્રિયિક, આહારક,...**' શરીર, લ્યો! મુનિને આહારક શરીર થાય છે ને કહે છે. ના. મુનિને થતું નથી. આહારક શરીર જડમાં થાય છે. એમ કહે છે અહીં, જુઓ! આહાહા..! લબ્ધિ-લબ્ધિ. એનાથી આહારક શરીર (મળે). શંકા પડે, પૂતળું નીકળે એ બધું પુદ્‌ગલ છે. આત્મા એને કરતો નથી. આહારક શરીર આત્મા રચતો નથી. આત્મા શું રચે? પુદ્‌ગલને રચે? સમજાણું કાંઈ? આહારક શરીરથી ભિન્ન ભગવાન છે. એને આહારક શરીર નથી. આ તો એ બોલ .. મુનિએ આહારક શરીર કર્યું, ભગવાન પાસે ગયા. ... એટલે ઉત્તર મળ્યો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર મળ્યો એટલે એને અંદરથી સમાધાન થઈ ગયું. .. એ આહારક શરીર સમેટી લીધું. કહે છે કે એ આહારક શરીર જ જડનું છે. એ જડ જ બનાવે. આત્મા એને બનાવતો નથી. આત્માને ક્યાં રજકણ હતા તે રચે. નાની વાત પણ મોટી વાતમાં સલવાઈ ગયો. આવા રજકણો પણ મુનિને થાય છે. લ્યો, એવી લબ્ધિ હોય. આત્માને થાતા હશે કે જડને? એ જડને છે, સાંભળને. આહારાક શરીર આત્મામાં નથી. આત્મા એને કરતો નથી, બનાવતો નથી. એનાથી આત્માને લાભ નથી. એ તો જડના પરિણામ છે. પણ ભગવાન પાસે ગયા સમાધાન થયું ને એને લઈને. ના. એ તો પોતાના પરિણામથી પોતાને સમાધાન થયું. એ તો નિમિત્ત છે. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. જાય ત્યાં સમાધાન થઈ જાય. એથી એને આહારક નામ આપ્યું ને. ઉત્તર મળી જાય. ...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોને? .. સમાધાન થઈ જાય. ભગવાન સમીપ જાય તો .. શ્રુતકેવળી પાસે સમાધાન થઈ જાય. એવી સ્થિતિ છે, બીજું કાંઈ નહિ. આહાહા..! વગર બોલ્યે, વગર પૂછયે સમાધાન થઈ જાય એવી વસ્તુની સ્થિતિ છે.

‘**તૈજસ...**’ શરીર. એ તૈજસ આ કાંતિ દેખાયને જરી શરીરમાં? તૈજસ શરીર તારી ચીજ નથી. એ તો માટીની છે.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- અત્યારે. ક્યારે શું, અત્યારે આ પુદ્ગલ માટી છે ને. આહાહા..! આમ પડ્યું હોય. મૃતક ક્લેવરમાં અમૃત સ્વરૂપ ભગવાન મૂર્છાણો. ૯૭ ગાથામાં આવી ગયું છે. કર્તા કર્મમાં. મૃતક કલેવરમાં અમૃત સ્વરૂપ ભગવાન મૂર્છાણો. મૃતક-અમૃત, મૃતક-અમૃત. ... ત્રણ શબ્દ ‘મ’ના લીધા. મૃતક કલેવર ભગવાન આત્મા નહિ. આ તો શરીર મૃતક કલેવર. અને અમૃતમય ભગવાન મૂર્છાણો. અરે..! ક્યાં તું? આહાહા..! કહો, સમજાણું?

‘**તૈજસ...**’ શરીર. કાંતિ થાય. એ .. નીકળે ને. એ બધું જડથી છે. આત્મા કરતો નથી. પણ .. આવે છે ને? ... તૈજસ શરીરવાળો .. પછી એને બાળી નાખે. એ બાળી નાખે. એ બધી જડની પર્યાય આત્મા કરતો નથી. તૈજસ શરીર જ આત્માને નથી. શું કરે ઈ? ભારે ભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કેમ થાય? થાય કેમ?

‘**કાર્મણ શરીર છે તે બધુંય જીવને નથી...**’ લ્યો, ૧૪૮ પ્રકૃતિનો ખોખો. ખોખા હોય ને? માટીનો. એમાં મૂકે ને બધી ચીજો. એમ કાર્મણ શરીરના ખોખામાં ૧૪૮ પ્રકૃતિ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પડી છે. .. એ ખોખો આખો કોથળો કાર્મણ શરીરનો એ આત્માને નથી, કહે છે. આહાહા..! આઠેય કર્મનો ખોખો. ખોખા સમજો છો? એ પહેલા ખોખા માટીના કરતા. એમાં રોટલા રાખે. પહેલાં માટીના કરતા હોં! માટીના. હવે બધા લાકડાના કરે. પહેલા માટીના કરતા. બારણે બારણે માટીનું સાધારણ હોય. બગડે નહિ. રોટલી-રોટલા બગડે નહિ. ગામડામાં એવું કરતા. તમારે ઓલું.. માટીના એવા કરે. જોયું હતું એક ફેરી, ધ્રાંગધ્રા. મોટા ગૃહસ્થ હતા એ. .. અંદર. . ઉઘાડવા ગયા તો સર્પ. અંદર ગરી ગયેલો સર્પ. ભાગ્યા. એ .. રાખતા. ટાઢી માટી હોય ને રોટલા બગડે નહિ, રોટલી બગડે નહિ. આ તમારા શું કહેવાય? રેફ્રિજરેટર. ઠંડુ થાય એ લ્યોને. .. ઠંડામાં રાખે છે ને? સંચા-સંચા. એમાં મૂકે તો જેવું ઠંડું હોય એ ઠંડું જ રહે. ગરમ હોય તો ગરમ ઓલામાં મૂકે તો. કહે છે કે કાર્મણ શરીરનો એવો આખો ખોખો જ આત્માને નથી. એમાં રોટલા, .. બધા એમાં પડયા રહે. વાસણ-બાસણ થાળી એમાં પડી રહે.

અહીં કાર્મણમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય પ્રકૃતિઓ ને બધું પડ્યું રહે. કાર્મણ શરીર જ આત્માને નથી ને. એ કર્મ જ આત્માને નથી એમ કહે છે. કર્મ છે જડના. એ તો પુદ્‌ગલના પરિણામ છે. આહાહા..! અહીં તો આત્માને નથી. આત્મા તો અરૂપી જ્ઞાનઘન છે. એને કાર્મણ શરીર કેવું? કાર્મણ શરીર તો જડનું છે. પુદ્‌ગલ પરિણામ છે. પુદ્‌ગલના પરિણામ છે. આહાહા..! લખાણ એવું આવે લ્યો, આને આટલા શરીર, આને આટલા શરીર, ઔદારિક, તૈજસ, કાર્મણ મનુષ્યને હોય. ઓલાને વૈક્રિયિક અને કાર્મણ. દેવને આવું, ફલાણાને આવું. બધી વાતું છે નિમિત્તની. નિમિત્ત આવું છે. એ વસ્તુ આત્મામાં ક્યાં છે? એ કાર્મણ શરીર આત્માને નથી. બધું પુદ્‌ગલમય દ્રવ્ય પરિણામ તે જીવનું છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? સમચતુરસ્ર સંસ્થાન. એ હોય તો કેવળજ્ઞાન (થાય). એ કહે છે કે આત્માને નથી. સમચતુરસ્ર સંસ્થાન. આમ આમ ચારિત્ર સરખું હોય. આમ હોય.. આમ હોય.. આમ હોય. એ તો જડની પર્યાય છે. સમચતુષ્ટ. ચારે બાજુ સરખું. એ સંસ્થાન આત્માના નથી. તો એને લઈને કેવળજ્ઞાન થાય એમ છે નહિ. ... ...

'**ન્યગ્રોધપરિમંડળ,...**' આત્માને નથી. વડના જેવું. વડ હોય ને વડ મોટું? એવું સંસ્થાન આત્માને નથી. '**સ્વાતિક,...**' કુબડુ. એને મદદ કરે .. છે ને.. નીચે પાતળું. ઓલામાં નીચે જાડું અને ઉપર પાતળું. એ સ્વાતિક. ઉપર .. હોય ને ઉપર.. નીચે જાડું અને ઉપર પાતળું સ્વાતિક. '**કુબ્જક,...**' કુબડું. કુબડું-કુબડું હોય છે ને? આ કૂંધ નીકળે છે ને. અહીં કોંધ હોય, પાછળ કોંધ હોય. કોંધ સમજ્યા? શું કહે છે તમારે? કોંધ નીકળી જાય. હાડકું મોટું નીકળી જાય. એ જડની પર્યાય છે. આત્મામાં નથી. '**વામન,...**' વામન રૂપ ધારણ કર્યું હતું ને મુનિએ? વિષ્ણુ મુનિએ વામન રૂપ ધારણ. બ્રાહ્મણ. '**હુંડક સંસ્થાન...**' હુંડ-હુંડ. દાળ વાટવાનું થાય છે ને? પથરો. એવું હુંડ. એ દાળ, દાળ. મગની દાળ વાટીને ભજીયા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરે છે કે નહિ? મોટો પથરો હોય ને? હેઠે પછી મગની દાળ ઘસે. હેઠે ગોળ પત્થર એવું હુંડક સંસ્થાન આત્મામાં નથી. '**બધુંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.**'

હવે આવ્યું '**વજ્રર્ષભનારાચ,...**' સંહનન. લ્યો! એના વિના જ મોક્ષ થાય એમ કહે છે. એ આત્મામાં છે નહિ. આહાહા..! ભારે!

મુમુક્ષુ :- નિમિત્ત..

ઉત્તર :- એ તો નિમિત્ત હોય છે એનો ક્યાં પ્રશ્ન છે? એનાથી થાય છે? ભગવાન આત્મા અનુભૂતિથી એ વસ્તુ ભિન્ન છે તો અનુભૂતિથી કેવળજ્ઞાન થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. અર્થ શું? નિમિત્ત છે એટલી વાત છે. નિમિત્ત છે ખરું. એટલે શું? કંઈ એનાથી થયું છે? વજ્રનારાચસંહનન તો ઘણાને (હોય). વજ્રનારાયસંહનન હોય તો સાતમી નરકમાં જાય છે. થઈ રહ્યું. એ તો એના પરિણામ જેવા કર્યા એમાં નિમિત્ત થયું. સાતમી નરકે મત્સ, નહિ? નાનો. તંદુલ મત્સ. એક અંગુલનો અસંખ્યમો ભાગ. એ અંગુલનો અસખ્યમો ભાગ. મત્સ. વજ્રનારાચસંહનન મરીને સાતમી નરકે જાય. સંહનન શું કરે? એના પરિણામ કર્યા તો એ નિમિત્ત થયું. કેવળજ્ઞાનના પરિણામ (થયા તો) એ નિમિત્ત. પરિણામ પોતે કરે એનું નિમિત્ત છે કે એ નિમિત્ત થાય માટે પરિણામ થાય છે? કહો, સમજાણું? મોટો હજાર યોજનનો. માછલું હોય ને એમાં આવે. આમ મોઢું ફાડતો હોય ને... માછલા આમ જાતા હોય ને. આ બધાને જવા દે છે. હું હોય તો ન જવા દઉં. મન છે, મનવાળો છે. મનવાળો. .. અવગાહન નાનું એથી કરીને પરિણામ તો સાતમી નરકના ચડવાના તૈયાર છે. આહાહા..! .. વજ્રનારાસંહનન. .. ... ભિન્ન ભગવાન છે પણ એનું ભાન નથી. એવા ભૂંડા પરિણામ કરે કે આ .. ખાઈ જાય છે, નથી ખાતો ને માછલા બહાર નીકળી જાય છે. એય મોટું હજાર યોજનનું લાંબુ મોટું શરીર મોટું હોઉં. મગરમચ્છનું. .. હું હોઉં તો ન નકળવા દઉં. એવા પરિણામ ભૂંડા કરે કે નરકમાં જાય.

હવે બીજો કહે. એક જણે તર્ક કર્યો. ઘણી જાતના તર્ક આવતા ને અમારે તો. પરિણામથી .. કહે, ના ક્રિયા હોય એની જુદી. કઈ? આમ મોઢું કરે. .. ક્રિયાથી પરિણામ છે? આવા ને આવા. ગટુલાલજી હતા ને એક? એ તો એના પરિણામ એકલા પરિણામથી નરકે ગયો એમ નહિ, જુદી ક્રિયા જોઈએ. પણ આ .. ક્રિયા? એ જરી મોઢું આમ કરે એટલી ક્રિયા હોય તો એવા પરિણામ થાય. સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! એક મારવાડી સાધુ હતા. .. ક્રિયાથી .. ક્રિયા નહિ. જડની ક્રિયા નહિ. જડની ક્રિયાને લઈને નરક પણ નહિ અને જડની ક્રિયાને લઈને ધર્મધ્યાન પણ નહિ. કહે, ના. મત્સ્ય એ જરી મોઢું ઊંચું કરે એ ક્રિયા હોય તો જ નરકમાં જાય. આ તો ઔદારિક શરીર છે. .. એટલી ક્રિયા હોય તો (નરકે જાય).

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પણ એ ક્રિયા તો જડની પર્યાય, ઔદારિકની પર્યાય છે. સમજાય છે? એનો આકાર બહુ નાનો છે ઘણો. એ તો .. નવું? પરિણામ કરવાની તાકાત છે ઊંધી. પોતાની, હોં! ત્યારે એને નિમિત્ત કહેવાય છે. આત્મામાં છે નહિ. વજ્રવૃષભનારાચ સંહનન. વજ્ર, .. .. સમજ્યા ને? ... '**વજ્રનારાચ,...**' લ્યો, એ બીજા નંબરનું છે. એ પણ આત્મામાં નથી. '**નારાચ,...**' એ નથી. '**અર્ધનારાચ,...**' .. બધા ઘણા પ્રકાર છે. '**કીલિકા...**' .. અને '**અસંપ્રાપ્તાસૃપાટિકા...**' .. હાડકા. હાડકા .. ખાલી. '**સંહનન છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય...**' છે.

'**જે પ્રીતિરૂપ રાગ છે તે બધોય જીવને નથી...**' લ્યો હવે આ આવ્યું આકરું. આ તો બધી પુદ્ગલનું. એની સાથે આને નાખી દીધા. '**પ્રીતિરૂપ...**' શુભ કે અશુભ રાગ. સામાન્ય છે ને? સામાન્ય છે. પ્રીતિ.. બેય ભેગા. અત્યારે બેય ભેગા છે. જુદા પછી પાડશે. સંક્લેશ.. જુદા પાડશે. અહીં આત્મામાં.. એમ જો કોઈ કહે કે આ પ્રીતિ શુભ-અશુભરાગ રૂપી પ્રીતિ... પ્રીતિ... પ્રીતિ... સમજાય છે? '**તે બધોય જીવને નથી...**' એ જીવના નથી એ પુદ્ગલના પરિણામ છે. કહો, ધર્મચંદજી! રાગ છે ને. એ રાગ છે એ આત્માનું સ્વરૂપ ક્યાં છે? એ તો આસ્રવતત્ત્વ છે. આસ્રવ હજી જુદું લેશે. બીજું જુદું. એક એક વાતને જુદી પાડશે. .. વિકલ્પ ઉઠે છે રાગનો, ભલે મંદ કે તીવ્ર, અત્યારે સમુચ્ચય વાત છે, તે બધોય રાગ '**તે બધોય જીવને નથી...**' હવે જીવમાં નથી અને એનાથી આત્માને લાભ થાય! સમજાય છે. રાગ તો આત્માના સ્વભાવનો તિરસ્કાર કરનારો છે. આવી ગયું છે પહેલું. ૧૯મી ગાથામાં. તિરસ્કાર કરનારા છે. વિરૂદ્ધ છે. ભગવાન ચૈતન્યનું પુર છે પ્રભુ. રાગ છે તે પુદ્ગલના પરિણામ વિકાર... વિકાર... વિકાર... વિકાર... વિકાર... પ્રીતિ જે થાય પર ઉપર.. કહો, સમજાણું?

પ્રીતિ અનાદિની .. આવે છે ને? 'જે તોડે તે જોડે એક.' 'પ્રીતિ અનાદિની પર થકી તે તોડે તે જોડે એક.' પરની સાથે પ્રીતિ છે તે તોડે તો સ્વભાવની રુચિ થાય. જોડે. નહિતર એ જોડાણ થાય નહિ. કારણ કે પ્રીતિસ્વરૂપ રાગ આત્માને છે જ નહિ. સમજાણું કાંઈ? ભીખાભાઈ! પ્રીતિરૂપ રાગ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રીતિ રાગ એ આત્મામાં નથી એમ કહે છે. આહાહા..! એનો હોય તો જુદો પડે કેમ? સિદ્ધ ભગવાનને છે રાગ? કારણ કે એના નહોતા તો નીકળી ગયા. હોય તે જાય નહિ અને ન હોય તે રહે નહિ.

એ ખરેખર પુદ્ગલ પરિણામ અત્યારે, હોં! અત્યારની વાત ચાલે છે. પ્રીતિરૂપ રાગ તે બધોય જીવને નથી. બધોય એટલે એના પ્રકાર અસંખ્ય છે. સમજાય છે? શુભ-અશુભ રાગની પ્રીતિ છે ને? .. તે બધોય જીવને નથી. દેવ-ગુરુની પ્રીતિ અને બાયડી-છોકરાની પ્રીતિ બધુંય આવે ને એમાં. અશુભરાગ આવે કે નહિ? પ્રીતિ છે ને. સ્ત્રી-કુટુંબમાં પ્રીતિ કે દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રીતિ, બેય રાગ છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ .. એને જ વીતરાગ કહેવાય. આહાહા..! સ્ત્રી, કુટુંબ, પરિવાર પ્રત્યેનો પ્રેમ-રાગ એ પુદ્ગલ પરિણામ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો પ્રીતિનો રાગ શુભ. ઓલો અશુભ. બેય પુદ્ગલ પરિણામ છે. આત્મામાં છે નહિ અને આત્માને લાભદાયક છે નહિ. .. ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ કહે છે એમ 'ભગવાન કુંદકુંદાચાર્ય' જગતને કહે છે અને એમ છે. છે એમ કહે છે. એમ કહે છે કે એમ તું અનુભવ કર તો અનુભૂતિથી ભિન્ન છે. એમ કીધું ને? પોતાના જ્ઞાનાનંદ ચૈતન્ય સૂર્યનો અનુભવ કરતાં એ રાગ ભેળો આવે છે? .. સાથે. માટે પ્રીતિરૂપ રાગ, દેવ-ગુરુનો રાગ, બાયડી-છોકરાનો રાગ બધો પુદ્ગલ પરિણામ, ચૈતન્યની જાત નથી. ભગવાન આત્મામાં નથી. એવા આત્મા જ્ઞાનનો અનુભવ કરવો એને જીવસ્વભાવ અને જીવદ્રવ્ય કહેવામાં આવે છે. એની રુચિ અને દૃષ્ટિ તેને સમ્યગ્દર્શન કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૭, રવિવાર તા. ૪-૧૨-૧૯૬૬**
**ગાથા-૫૦ થી ૫૫, પ્રવચન-૧૨૦**

નયનો બોલ છે, નયનો. જુઓ. અહીંયાં અધિકાર શું છે? કે જીવ જેવો સ્વભાવ છે એવી જો દૃષ્ટિ ન કરે ત્યાં સુધી એને સમ્યગ્દર્શન ન થાય. અને સમ્યગ્દર્શનનો વિષય આત્મા કેવો છે અને એમાં શું નથી અને શું છે? એનું આ વર્ણન છે. શું નથી અને શું છે? નવમો બોલ છે.

‘**જે પ્રીતિરૂપ રાગ છે તે બધોય જીવને નથી...**’ આત્મા તો જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. એમાં જે પ્રીતિરૂપ રાગ ઉઠે છે શુભ કે અશુભ રાગ, એ જીવના સ્વરૂપમાં નથી. સમજાય છે કાંઈ? તેમ રાગ છે તે વિકાર છે. અને આત્માનો સ્વભાવ શુદ્ધ ચિદાનંદ સિદ્ધ સમાન છે. જેવો સિદ્ધનો સ્વભાવ પ્રગટ છે એવો જ આત્માનો સ્વભાવ શુદ્ધ સિદ્ધ સમાન પવિત્ર એવો આત્મા અંતરમાં દૃષ્ટિમાં લીધે એને પ્રથમ અનુભવમાં સમ્યગ્દર્શનરૂપી ધર્મ થાય. કહો, સમજાય છે કાંઈ? વલ્લભદાસભાઈ! પ્રીતિરૂપ રાગ જીવના સ્વભાવમાં નથી. એ વિભાવ વિકાર છે. કર્મ અને શરીર તો માટી જડ છે, એ તો આત્મામાં છે જ નહિ, એ તો ભિન્ન તત્ત્વ છે પણ અંદર શુભરાગ અને અશુભરાગ, પ્રીતિરૂપ પ્રેમ વિકલ્પ જે ઉઠે છે એ વિકૃત ભાવ (છે). અહીંયાં તો ભગવાન એમ કહે છે, એ તો પુદ્ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી ખરેખર એ જીવનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યને એ લાગુ પડતો નથી. એ પહેલામાં છે. જુઓ! પહેલો શબ્દ છે ને એમાં? ‘**પુદ્ગલદ્રવ્યના પરિણામમય...**’ માથે બીજી લીટી છે. ‘**(પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.**’ એ બધે લાગુ પાડવાનું છે.

આત્મા પોતાના શુદ્ધ ચૈતન્યમાં અંતર દૃષ્ટિ કરતાં જે આત્માનું સ્વરૂપ અનુભવમાં આવે એનાથી રાગ ભિન્ન છે. કહો, સમજાણું આમાં? વલ્લભદાસભાઈ! આ શુભ અને અશુભરાગ બેય આત્મામાં નથી એમ કહે છે. બરાબર છે? આ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો રાગ કે સ્ત્રી-કુટુંબ પ્રત્યેનો રાગ બેય પ્રીતિરૂપ રાગ શુભ કે અશુભ, એ આત્મા ચૈતન્યમૂર્તિમાં અંતરમાં નથી. એવી આત્માની અંતર દૃષ્ટિ કરવી એને પ્રથમ સમ્યગ્દર્શન ધર્મ કહે છે. કહો, સમજાણું આમાં?

‘**બધોય જીવનો નથી. કારણ કે...**’ માથે આવી ગયું છે, બીજી લીટી. ‘**પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.**’ આત્મા જ્ઞાનનો અનુભવ કરે, અંતર આત્મા શુદ્ધ એવો અનુભવ કરે એમાં એ રાગથી ભિન્નતાનો અનુભવ થાય છે. રાગ ભિન્ન રહી જાય છે. રાગ અંતરના અનુભવમાં આવતો નથી.

મુમુક્ષુ :- અનુભવમાં શું આવે?

ઉત્તર :- અનુભવમાં આત્મા (આવે છે). શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ એની દૃષ્ટિના અનુભવમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આવે છે. એ અનુભવથી રાગ ભિન્ન છે. માટે એ આત્માનો રાગ છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અનુભૂતિથી ભિન્ન છે. એ તો અનુભૂતિ આમ ગઈને એટલે ભિન્ન થઈ ગયો. દ્રવ્યમાં નથી, માથે કહ્યું ને. દ્રવ્યથી ભિન્ન છે પણ અનુભવ થયો ત્યારે ભિન્ન છે એમ ખ્યાલ આવ્યો ને. એમ કહે છે. શું કીધું? એય..! વજુભાઈ!

દ્રવ્ય નામ ચૈતન્યપ્રભુ સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ, એમાં રાગ નથી એમ કહેવું છે. પણ ક્યારે રાગ નથી એમ એને સિદ્ધ થાય? એમ કહેવું છે. સમજાણું કાંઈ? દ્રવ્યમાં રાગ નથી, દ્રવ્યમાં રાગ નથી એમ નહિ. એ વસ્તુ, દ્રવ્ય-વસ્તુ ચૈતન્યમૂર્તિ એનો અનુભવ કરતાં એ દ્રવ્યને દૃષ્ટિમાં લેતાં, દ્રવ્યમાં રાગ નથી એ અનુભૂતિથી માલુમ પડ્યુ કે આ દ્રવ્યમાં રાગ નથી. સમજાણું કાંઈ? પ્રથમ ધર્મની વાત છે હજી ચોથા ગુણસ્થાનની. સમ્યગ્દર્શન પહેલું. વીતરાગ પરમેશ્વરે કહ્યું તે. આહાહા..!

મુમુક્ષુ :- રાગ વિનાનો...

ઉત્તર :- રાગ વિનાનો જ આત્મા ત્રિકાળ છે. રાગ તો આસ્રવ છે, એ તો વિકાર (છે). નવ તત્ત્વમાં એ તો આસ્રવતત્ત્વ છે. આત્મા જ્ઞાનતત્ત્વ છે. શરીર, કર્મ અજીવતત્ત્વ છે. નવ તત્ત્વ છે કે નહિ? શરીર, કર્મ, વાણી, માટી એ તો બધા અજીવતત્ત્વ છે. અને પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થાય એ આસ્રવતત્ત્વ છે. નવ તત્ત્વ છે કે નહિ? નવની ખબર નથી? જીવ, અજીવ, આસ્રવ, સંવર, બંધ, મોક્ષ આવે છે કે નહિ? તો આ શરીર, વાણી બધા અજીવ તત્ત્વો છે. અંદરમાં શુભધારા ઉઠે છે એ તો આસ્રવતત્ત્વ છે. એ કાંઈ જીવતત્ત્વ નથી. કહો, જયંતિભાઈ! અરેરે..! આ વળી વીતરાગ માર્ગ આવો કેવો હશે? કોઈ દિ' દરકાર જ કરી નથી એણે આત્માની. અનંત કાળથી એમ ને એમ કુટાણો અજ્ઞાનમાં.

કહે છે, ભાઈ! આત્મામાં શુદ્ધ ચિદાનંદ મૂર્તિ(માં) જો રાગ હોય તો રાગરહિત સિદ્ધ કેમ થયા? રાગરહિત સિદ્ધ થયા કેમ? જો રાગ એને હોય તો રાગ રહ્યા કરે એમાં. રાગ વિકૃત અવસ્થા... શુદ્ધ ચૈતન્યની અંતર દૃષ્ટિ કરતા દ્રવ્યમાં નથી. એથી કહે છે કે અનુભૂતિ કાળે એને ભાન થાય છે કે આ દ્રવ્યમાં રાગ નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- એની પહેલા ખબર ન પડે?

ઉત્તર :- ખબર શું પડે? ... કરો પ્રશ્ન.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, રાગ દ્રવ્યમાં નથી એમ .. અંતર અનુભવ થયા વિના ખબર શી રીતે પડી કે રાગ દ્રવ્યમાં નથી? એમ કહેવા માગે છે. સમજાણું કાંઈ? આહાહા..! શુદ્ધનું આવ્યું નહિ છઠ્ઠી ગાથામાં? કે આત્મા શુદ્ધ છે પણ ક્યારે? એને પરદ્રવ્યથી ભિન્ન શ્રદ્ધામાં આવે ત્યારે. એને એ વાત બીજી રીતે લે છે. શશીભાઈ! આત્મા જ્ઞાયક ચૈતન્યમૂર્તિ શુદ્ધ છે. પણ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ શુદ્ધ કોને? ક્યારે? કે પરદ્રવ્યથી કર્મ, શરીરને આમ ભિન્ન પાડતા આત્મા ઉપર દૃષ્ટિ જતાં, એની સેવા એટલે કે એકાગ્ર થતાં ત્યારે તો રાગ પણ એમાં આવ્યો નહિ. ત્યારે એના આત્માને શુદ્ધ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ઓલું જાડું .... સમજાણું કાંઈ?

આત્મા શુદ્ધ સ્વરૂપ છે અંદર. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદનો પિંડ એ આત્મા છે. વસ્તુ છે કે નહિ? પદાર્થ છે કે નહિ? પદાર્થ છે તો એમાં શું સ્વભાવ ભર્યો છે? કે અનંત બેહદ જ્ઞાન, બેહદ આનંદ, બેહદ શ્રદ્ધા, બેહદ શાંતિ એટલે ચારિત્ર, સમરસ વીતરાગ એવો આત્મા એની અનુભૂતિ, અંતર્મુખ થઈને અનુભવ કરતાં એ અનુભૂતિથી રાગ ભિન્ન છે માટે દ્રવ્યમાં રાગ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ભારે માર્ગ, ભાઈ! આ તો. ઘણા એમ કહે, આવો તે વીતરાગ માર્ગ હશે? આ તો એમ ને એમ ચાલ્યા કરે છે.

**'પુદ્ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી...'** આ આત્મા દ્રવ્ય, વસ્તુ એના સન્મુખ જવાથી એ અનુભૂતિથી રાગ ભિન્ન છે માટે આત્મામાં રાગ છે નહિ. પછી જ્ઞાનીને રાગ દેખાય છે એ જ્ઞાનમાં જ્ઞેય છે, પર છે, સ્વરૂપમાં નથી. એનું નામ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. કોઈ દિ' એણે અનંત કાળમાં રઝળતા એ આત્મા શું એનો પત્તો લીધો નથી. મરી ગયો અનંતકાળથી. નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. સમજાણું? જૈન સાધુ થયો, પંચ મહાવ્રત લીધા અનંત વાર. અનંત વાર દીક્ષા લીધી, અનંત વાર આચાર્યપણું પાળ્યું. આવે છે? શેમાં આવે છે? 'શ્રીમદ્'માં.

'શ્રીમદ્'ના પત્રમાં આવે છે. અનંત વાર દીક્ષા લીધી, અનંત વાર આચાર્ય થયો, અનંત વાર શાસ્ત્રને ભણ્યો પણ આત્મા શું છે તેની એણે દૃષ્ટિ કરી નહિ. પત્ર આવે છે, 'શ્રીમદ્'નો એક પત્ર આવે છે. ભગવાન તો કહે છે, નવમી ગ્રૈવેયકે અનંત વાર ગયો. 'મુનિ વ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' અંતિમ ગ્રૈવેયકના ૩૧ સાગરની સ્થિતિએ અનંત વાર રખડતા રખડતા ચાલ્યો ગયો છે. પણ ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે જેને આત્મા કહ્યો એવો આત્મા એણે અંતરમાં દૃષ્ટિમાં એક સમય પણ લીધો નથી. સમજાણું કાંઈ? 'મુનિ વ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' એય..! ભગવાનભાઈ! સાચું હશે આ? અત્યાર સુધી શું કર્યું ત્યારે આ બધું તમે? મોટા ત્યાંના હતા. સામાયિક ને પોષા ને પડિકમણા ને થડ કાઢી નાખ્યો હતો. નહિ? શેમાં પણ? હજી આત્માની ખબર વિના સામાયિક ક્યાંથી આવી? સમજાય છે કાંઈ? આહાહા..! રાગ છે આ તો. સામાયિક એ તો વિકલ્પ રાગ છે. આ સામાયિક તો વિકલ્પ છે.

સામાયિક તો અંતર રાગ અને વિકલ્પથી ભિન્ન એવા આત્માની દૃષ્ટિ અનુભવ થતાં સ્વરૂપમાં ઠરીને શાંતિ અંતર આવે એનું નામ સામાયિક છે. ભગવાનભાઈ! હવે બરાબર થયું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નહિતર તો .. હતું બધું. એ તમારે લઈને આવતા, હોં! .. વેવાઈને લઈને આવતા. હવે ફરી ગયા બહેનને લઈને. દીકરી અહીં રહ્યા કરે ને. .. વાત તો કાંઈક બીજી છે. નહિતર આ તો તમારે લઈને આવતા. આહાહા..!

અરે..! ભાઈ! વીતરાગ માર્ગ બાપુ! તેં સાંભળ્યો નથી. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક પરમેશ્વરે દેખ્યા. એવા અનંત તીર્થંકરો છે, ... થઈ ગયા અને અત્યારે બિરાજે છે. મહાવિદેહ ક્ષેત્રમાં સર્વજ્ઞ પરમેશ્વર બિરાજે છે. એ ભગવાનના મુખમાં દિવ્યધ્વનિમાં એ આવ્યું છે. ભાઈ! તને ખબર નથી, બાપુ તારી. તું એ દયા, દાન, અને વ્રત, ભક્તિના પરિણામ કરે છો ને ભાવ એ તો રાગ શુભ છે, એ પુણ્ય છે, આત્મા નહિ. આહાહા..! પ્રાણભાઈ! આ પ્રાણભાઈ કાલે કહેતા હતા, આઠ અપવાસ કર્યા હતા ને. શું .. કહેતા હતા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કરતા હતા. આઠ અપવાસ હમણાં પજોસણમાં કર્યા. પૈસાવાળા માણસ. ... પ્રાણભાઈ મોટા ગૃહસ્થ બાપા! ૧૫-૨૦ લાખના આસામી. લોકોને જાણે શું હશે? ધૂળેય નથી. લાંઘણું છે બધી.

ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ ઈન્દ્રોની ઉપસ્થિતિમાં, ઈન્દ્રો જે સ્વર્ગના એની ઉપસ્થિતિમાં ભગવાનની વાણી આમ આવી. એ મુનિઓ, સંતો અનુભવીને કહી રહ્યા છે. ભાઈ! એ આત્મા, તને વિકલ્પ જે ઉઠે છે, આ કરું, ન કરું એ બધો રાગ છે. એ રાગથી પ્રભુ તારી ચીજ ભિન્ન છે. એ ભિન્નનું તને ભાન ક્યારે થાય? આત્માના સ્વભાવ સન્મુખની દૃષ્ટિ કરી અને અનુભવ કર ત્યારે તને ખબર પડે કે આ તો દ્રવ્યમાં રાગ છે નહિ. કેમ કે ભેગો રાગ આવ્યો નહિ, સ્થિરતા થઈ. સમજાણું કાંઈ? ચંદુભાઈ! એ બધોય જીવને નથી. ઓલું માથે લઈ લેવું. ટીકાની બીજી લીટી. '**પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી...**' આત્મામાં આવ્યા નહિ માટે તેને પુદ્ગલ દ્રવ્યની અવસ્થા કહીને '**અનુભૂતિથી ભિન્ન છે.**' ભગવાન આત્મા સ્વસન્મુખ થઈને રહે ત્યાં એને ખબર પડે છે કે આ રાગ આત્માનો નથી. તેથી અનુભૂતિથી ભિન્ન કહેવામાં આવે છે. કહો, બરાબર છે આ?

૧૦મો બોલ. '**જે અપ્રીતિરૂપ દ્વેષ છે તે બધોય જીવને નથી...**' દ્વેષ, દ્વેષ. દ્વેષનો અંશ ઉઠે એ આસ્રવ છે. ભગવાન આત્મા પોતાની જ્ઞાન લીલા ચૈતન્યસ્વરૂપ, એની સન્મુખની દૃષ્ટિ કરતાં દ્વેષ એમાં આવતો નથી. કેમકે દ્રવ્યમાં દ્વેષ નથી એટલે અનુભૂતિમાં દ્વેષ આવતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! હજી વાત આવી સાંભળી ન હોય. સાંભળ્યા વિના ધર્મ થઈ ગયો અમારે. મોટા-મોટા.. આમ તકરાર .. ફલાણું, ઢીંકણું .. એય..! જયંતિભાઈ! .. કર્મને લઈને રખડે આત્મા. ચર્ચા ચાલતી હતીને ત્યાં? આવ્યા હતા ને પાલીતાણા? અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! તને ખબર નથી. કર્મ તો જડ માટી ધૂળ છે. એ તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અજીવ. આ શરીર છે, આ ભિન્ન રજકણ છે. એ આત્માને રખડાવે? તું ભૂલ કરે છો તારા સ્વરૂપના ભાન વિનાની એ ભૂલ તને રખડાવે છે. ત્યારે કર્મ તો નિમિત્ત કહેવાય છે.

અહીંયાં કહે છે, સીધી વાત અહીં તો દ્વેષથી લીધી છે, વિકારથી. વિકાર તારામાં થાય એ તારું સ્વરૂપ નથી એમ કહે છે. એ નીકળી જાય એવી ચીજ છે તેથી આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપને પોતાનો સ્વભાવ જે છે એ સમરસી વીતરાગ આત્મા છે. કેમકે ચારિત્રગુણ એમાં પડ્યો છે આત્મામાં. ચારિત્રગુણ એટલે સમરસ વીતરાગ સ્વરૂપ પ્રભુ જ્ઞાનની મૂર્તિ ચિદાનંદ. જેમ શિલા ઠંડી હોય બરફની, બરફની શિલા મોટી હોય એમ આ ભગવાન આત્મા દેહથી ભિન્ન શાંત વીતરાગ શાંત રસની એક શિલા છે. આ અરૂપી છે, પેલી રૂપી છે. કોણ જાણે કેવો હશે આત્મા? સમજાણું કાંઈ?

**'અપ્રીતિરૂપ દ્વેષ છે તે બધોય...'** બધોય એટલે એના ઘણા પ્રકાર છે. દ્વેષના અને રાગના બધોય કીધોને. રાગના પણ અસંખ્ય પ્રકાર છે. શુભના અસંખ્ય પ્રકાર, અશુભના અસંખ્ય પ્રકાર. એ બધા વિકલ્પો ભગવાન ચૈતન્યની દૃષ્ટિ કરતાં એના છે નહિ. કહો, સમજાણું આમાં? પણ દ્વેષ બધોય જીવને નથી. એ વસ્તુમાં નથી. વસ્તુમાં હોય તો વસ્તુથી જુદો પડે નહિ. અને ભગવાન આત્મા પોતાની અનુભૂતિ ચિદાનંદ આત્મા, એનો અનુભવ કરતા એને અંતર અનુસરીને, અનુભવે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય એને અનુસરીને થતી દશામાં દ્વેષનો બિલકુલ અભાવ છે. તેથી તેને અનુભૂતિમાં દ્વેષ જુદો પડી જાય છે. સમજાણું કાંઈ? આમ પહેલો આત્માનો નિર્ણય સમ્યગ્દર્શનમાં કર્યા વિના એને ધર્મની શરૂઆત ત્રણ કાળમાં થતી નથી. પુણ્ય-બુણ્ય બાંધે પછી. ધર્મ નહિ. જન્મ-મરણના અંત એમાં આવવાના નથી. દસ બોલ થયા.

૧૧. **'જે યથાર્થ તત્ત્વની અપ્રતિપત્તિરૂપ (અપ્રાપ્તિરૂપ) મોહ છે તે બધોય જીવને નથી...'** ધ્યાન રાખજો. જુઓ! હવે મિથ્યાત્વ આવ્યું. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યના સ્વભાવથી ભરેલો પ્રભુ છે. એનાથી વિપરીત **'યથાર્થ તત્ત્વની અપ્રતિપત્તિરૂપ (અપ્રાપ્તિરૂપ)...'** રાગ તે હું, શરીર તે હું એવો જે મિથ્યાત્વભાવ. સમજાણું કાંઈ? જે યથાર્થ તત્ત્વ જે ભગવાન અને રાગ જે આસ્રવ છે એવા યથાર્થ તત્ત્વની અપ્રતિપત્તિ-અપ્રાપ્તિ. રાગ તે હું, આત્મા તે રાગમય, શરીરનો હું કર્તા, શરીરનો હું માલિક, શરીર મારામાં છે, કર્મ મારામાં છે, કર્મનો હું માલિક એવા તત્ત્વો ભિન્ન છે એને અયથાર્થ તત્ત્વની અપ્રાપ્તિ થાય છે. આત્મા જ્ઞાયક તત્ત્વ છે, રાગ આસ્રવ છે, શરીર અજીવ છે. એમ એને યથાર્થ તત્ત્વની પ્રાપ્તિ નથી.

**'યથાર્થ તત્ત્વની અપ્રતિપત્તિરૂપ (અપ્રાપ્તિરૂપ) મોહ...'** એટલે મિથ્યાત્વભાવ. મિથ્યાત્વભાવ મિથ્યાત્વ કે જેમાં યથાર્થ તત્ત્વની પ્રાપ્તિ છે નહિ. જ્ઞાયક જ્ઞાયકપણે, રાગ રાગપણે, કર્મ કર્મપણે એવી યથાર્થ તત્ત્વની પ્રાપ્તિનો જેમાં અભાવ (છે) એવો મોહ તે બધોય નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મોહના અસંખ્ય પ્રકાર છે, મિથ્યાત્વના. મિથ્યાત્વના પણ અસંખ્ય પ્રકાર છે. તેથી મોહ તે બધોય જીવને નથી. કહો, ...ભાઈ! આવું આ બધું જૈનમાં આવું હશે? સાંભળ્યું ન હોય જૈનના વાડામાં જન્મ્યા હોય તોય, લ્યો! કેટલા વર્ષ ગાળ્યા? વલ્લભદાસભાઈ! આહાહા..! લાયકાત ન હોય તો ... વાત તો પોતાની વાત છે કે નહિ? આ વસ્તુ, બાપુ! આ તો વીતરાગના ઘર છે, પરમેશ્વરના પેટ છે આ.

પરમેશ્વર સર્વજ્ઞ આ ત્રિલોકનાથ પ્રભુ, એની વાણીમાં આવ્યું કે, બાપુ! આ રાગ જે મિથ્યાત્વ છે ને વિપરીત? વસ્તુ ચૈતન્યમૂર્તિ, રાગ અને આ બે ભિન્ન છે. એવી તત્ત્વની પ્રાપ્તિ નથી. એવી જે યથાર્થ તત્ત્વની અપ્રાપ્તિરૂપ મિથ્યાત્વ એ મિથ્યાત્વભાવ આત્માને નથી. કેમ કે આત્માનો અનુભવ કરતાં મિથ્યાત્વની પ્રાપ્તિના પરિણામ એમાં આવતા નથી. કહો, ચંદુભાઈ! આ ધર્મ તે કઈ જાતનો? ભાઈ! પરમેશ્વર વીતરાગનો માર્ગ આ છે. એ વીતરાગમાર્ગ કહે છે એ તને ખબર નથી. એટલે આમ દયા પાળી ને દાન કર્યા, વ્રત કર્યા ને પૂજા કરી ને ભક્તિ કરી અને થઈ ગયો ધર્મ. એમ નથી, ભાઈ! એ તો શુભરાગ છે. એ રાગ અને એમાં યથાર્થ તત્ત્વની અપ્રાપ્તિ. એટલે રાગને રાગરૂપે ન માન્યો, રાગરહિત આત્માને આત્મારૂપે ન માન્યો. જડને જડરૂપે અને એની ક્રિયા-જડની જડથી ક્રિયા થાય. એને ન માન્યા. એવી અપ્રાપ્તિરૂપ જે મિથ્યાત્વ એ આત્મામાં નથી. સમજાણું કાંઈ? પર્યાયમાં છે. પણ અહીં તો દ્રવ્ય બતાવવું છે ને? પર્યાયદૃષ્ટિમાં મિથ્યાત્વ એનામાં છે. પણ વસ્તુમાં એ નથી. કેમકે વસ્તુમાં હોય તો અનુભવ કરવામાં મિથ્યાત્વ સાથે આવવું જોઈએ. સમજાણું કાંઈ?

પર્યાયમાં સિદ્ધ કરે છે મિથ્યાત્વ, પણ વસ્તુના સ્વભાવમાં નથી. ચૈતન્યમૂર્તિ જે ચૈતન્યમૂર્તિ જ્ઞાયક ભગવાન આત્મા એમાં મિથ્યાત્વભાવ હોય તો અનુભૂતિમાં મિથ્યાત્વ સાથે આવવું જોઈએ. આત્મામાં મિથ્યાત્વ છે નહિ. કહો, સમજાણું? પ્રવિણભાઈ આવ્યા છે કે નહિ? ક્યાં છે? આ તો એણે બહુ વાંચ્યું ને. બહુ વાંચ્યું ને મહેનત બહુ કરી છે એણે. ઘણા પુસ્તકના પાનાં ફેરવ્યા છે. ... આ વીતરાગ માર્ગ સિવાય ક્યાંય તત્ત્વ છે નહિ, સાંભળને. જ્યાં ત્યાં માથા ફોડ્યા હોય. બહુ વાંચ્યું છે એણે હોં! હવે છોડી દીધું, હવે છોડી દીધું. સમજાણું કાંઈ? એય..! શશીભાઈ!

**'યથાર્થ તત્ત્વની અપ્રતિપત્તિરૂપ (અપ્રાપ્તિરૂપ)...'** અપ્રતિપત્તિરૂપ અપ્રાપ્તિરૂપ એટલે યથાર્થ ભાન નથી. એવો જે મિથ્યાત્વભાવ, જ્ઞાયકભાવ, વિકારભાવ, કર્મભાવ એમ જે યથાર્થ તત્ત્વની પ્રાપ્તિ થવી જોઈએ એને ઠેકાણે યથાર્થ તત્ત્વની અપ્રાપ્તિ (છે). રાગને આત્મામાં ભેળવે, આત્માને રાગવાળો માનવો, કર્મથી આત્માને રાગ થાય એમ માનવો, રાગ જડની પર્યાય છે એમ માનવી. યથાર્થ તત્ત્વ જે છે એની અપ્રાપ્તિ, એવો જે મિથ્યાત્વભાવ. ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એની અંતર્મુખ દૃષ્ટિ સમ્યક્ કરતાં અનુભૂતિમાં તે મિથ્યાત્વ પરિણામ આવતા નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માટે તે મિથ્યાત્વ પરિણામથી આત્મા જુદો છે. કહો, સમજાણું આમાં? અસંખ્ય પ્રકાર છે ને એટલે બધું આવી જાય છે. મિથ્યાત્વના અસંખ્ય પ્રકાર છે. એ ૧૧ બોલ થયા.

હવે આસ્રવ. '**મિથ્યાત્વ,...**' ભાવ-વિપરીત માન્યતાનો ભાવ '**અવિરતિ,...**'નો ભાવ, અત્યાગરૂપી કષાયભાવ અંદર. અંદર હોં! અવિરતિ ભાવ, કષાય ભાવ. અવિરતિ એટલે તીવ્ર કષાય છે. આ એનાથી મંદ કષાય '**અને યોગ...**' કંપન. આત્માના પ્રદેશનું કંપન થાય છે. '**જેમનાં લક્ષણ છે એવા જે પ્રત્યયો...**' પ્રત્યયો એટલે આસ્રવો. '**મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ...**' એ આસ્રવ કહેવાય છે. આસ્રવ એટલે નવા બંધનું કારણ. એ આસ્રવભાવ જીવસ્વભાવમાં નથી. જુઓ! શું કહે છે?

મિથ્યાત્વ વિપરીત માન્યતાના અસંખ્ય પ્રકાર, અવિરતિ-અત્યાગ ભાવ. અંદર કષાયભાવ તીવ્ર. અકષાય, મંદ કષાય. અવિરતી પછીના ત્રણ કષાય. અને યોગ-કંપન. એ જેમના લક્ષણ છે એટલે કે જેમનું સ્વરૂપ. '**એવા જે પ્રત્યયો...**' પ્રત્યયો એટલે આસ્રવો. વિકારી ભાવ. એ વિકારી ભાવ '**તે બધાય જીવને નથી...**' તે યોગ જીવને અત્યારે પણ નથી એમ કહે છે. આહાહા..! કાલે બિચારા આવ્યા હતા સ્થાનકવાસી. સાંભળીને અંદર આવ્યા. ખળભળાટ.. આ કર્મ છે કે નહિ? તો કર્મ છે એનો સંવર કરવો કે નહિ? પણ સાંભળ તો ખરો. કર્મ છે એ જડ છે. એને સંવર કરવો છે? લોકોએ એ જ સાંભળ્યું છે ને બિચારાએ વાડામાં. કે કર્મ જડ એનો સંવર. જડ એ તો માટી, ધૂળ છે. એ એને કારણે આવે અને એને કારણે જાય. તારામાં આત્માના સ્વભાવથી વિપરીત માન્યતા છે એનો સંવર કરવો હોય તો સ્વભાવની દૃષ્ટિ થતાં તેનો સંવર થાય. એ વિના સંવર ત્યાં હાથ જોડીને બેસી જાય માટે સંવર થાય એમ છે નહિ. ભગવાનજીભાઈ! આવી વાતું, ભાઈ!

અહીં તો જરી શું કહેવું છે? કે અનુભૂતિથી ચારેય ભિન્ન રહી જાય છે, ભાઈ! ... ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ પરમાત્મસ્વરૂપ, એની અંતર દૃષ્ટિ સમ્યગ્દર્શન કરતાં અને જ્ઞાનને અનુસરીને અનુભવ કરતાં એ ભગવાન આત્મામાં એ મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ નથી તેથી તેના અનુભૂતિથી તે ભિન્ન રહી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? તો કહે, ... ભિન્ન રહી જાય? હવે સાંભળને. યોગ તો તેરમા સુધી (હોય). સાંભળ તો ખરો. એય..! ભગવાનજીભાઈ! શું આ કહે છે? સાચું કહે છે? ત્યાં શું સાંભળતા હતા? આહાહા..!

ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથનું કહેલું સંતો કહે છે અને એમ જ છે. ભાઈ! આત્મા જે છે એ તો જ્ઞાનાનંદની મૂર્તિ સમ્યક્ સ્વરૂપ, સ્થિરસ્વરૂપ, અકષાયસ્વરૂપ, અકંપસ્વરૂપ. આત્મા જે છે એ તો સમ્યક્સ્વભાવ સ્વરૂપ, સિદ્ધ સ્વરૂપ, અકંપસ્વરૂપ. બધું આવી ગયું. એવો આત્મા છે એ છે. એની અનુભૂતિ તેને અનુસરીને થતાં જો તો એમાં મિથ્યાત્વ, અવ્રત, કષાય અને કંપનના યોગનો એમાં અભાવ છે. આહાહા..! કહો, સમજાણું આમાં? એ આ પહેલા સમ્યગ્દર્શનના કાળની વાત છે. હજી તો સમ્યગ્દર્શનની અનુભૂતિ થઈ એમાં કહે છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે જો તો ખરો તું. આત્મામાં નથી પણ તને ક્યારે ખાત્રી થાય? આહાહા..! આત્મામાં નથી, એય..! વજુભાઈ! આમાં નથી એમ ક્યારે? તું એની સામે જો ત્યારે ઓલા વિનાનો રહી જાય ત્યારે તેની ખાત્રી થાય કે આમાં આ છે નહિ. સમજાણું આમાં?

આ વસ્તુને કેમ પ્રાપ્ત કરવી અને કોના રહિત કરવી એની વ્યાખ્યા છે આ બધી. આ જીવ અધિકાર છે ને? જીવ સ્વભાવ, જીવને માનવો ક્યારે કહેવાય? જીવ એટલે આત્માને માન્યો ક્યારે કહેવાય? કે એ જીવ સ્વભાવ પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે, એ અતીન્દ્રિય આનંદમાં ઝુલનારો પ્રભુ આત્મા છે. આહાહા..! એ આત્મા તો અતીન્દ્રિય આનંદ જેવો સિદ્ધને છે પ્રગટ, એ પ્રગટ થયો ક્યાંથી? એ અંતર શક્તિના સ્વભાવમાં અતીન્દ્રિય આનંદ હતો એ પરમાત્માને પ્રગટ થયો. એવો આ આત્મા અત્યારે અતીન્દ્રિય આનંદ અને અનંત જ્ઞાનમય શુદ્ધ પરમાત્મસ્વરૂપ છે. એને અનુસરીને, એને અનુસરીને તું દૃષ્ટિ કર, અનુભવ કર તો તને અનુભવમાં આ દ્રવ્યમાં મિથ્યાત્વ, અવ્રત, કષાય, કંપન નથી એવી તને અનુભૂતિથી ભિન્ન રહેતાં ખાત્રી થાય. સમજાણું કાંઈ? ... થાય, .. થાય, આ બધું માટી છે. ભગવાન એનાથી જુદો છે. આહાહા..! ..એમાં થાય? ... તો જડની પર્યાય છે.

અહીં વધારે તો ખુબી શું કહેવી છે? યોગ પણ જેમાં અનુભૂતિથી ભિન્ન પડી જાય છે એમ કહે છે. શું કીધું? ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ વર્તમાન બિરાજમાન છે. એની સન્મુખની દૃષ્ટિ, અનુભૂતિ કરતાં તેમાં ચાર પ્રકારના આસ્રવ,.. સમજાય છે? પ્રમાદ છે એ ન લીધો, ભેળવી લીધો અંદર. નહિતર મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ આસ્રવ કહ્યા છે. અહીં ચાર લીધા. સમજાણું કાંઈ? કોઈક ઠેકાણે ત્રણ લ્યે છે, કોઈ ઠેકાણે પાંચ લ્યે છે, કોઈ ઠેકાણે ચાર લ્યે અને કોઈ ઠેકાણે બે લ્યે. કષાય અને યોગ. એ બધું સમાઈ જાય. કષાય અને મિથ્યાત્વ બધું સમાઈ જાય. મિથ્યાત્વ, અવ્રત કષાયમાં આવી જાય. એ તો કથનની શૈલી છે. સમજાણું કાંઈ?

કોઈ વખતે પાંચ આસ્રવ લે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. કોઈ વખતે મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ, કોઈ વખતે મિથ્યાત્વ કષાય અને યોગ (લે). તો કષાય અને અવ્રત સમાઈ જાય પછી. કોઈ વખત કષાય અને યોગ. તો કષાયમાં મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ સમાઈ જાય. .. શૈલી છે બધી. શૈલી છે. એકરૂપે લીધું તો પુદ્‌ગલ પરિણામ લીધા આખા. બે રીતે લીધો તો કષાય અને યોગ લીધો. ત્રણ રીતે લીધો તો મિથ્યાત્વ, કષાય અને યોગ લીધો. ચાર રીતે લીધો તો મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ લીધો. પાંચ રીતે લીધો તો મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ લીધો.

ભગવાન આત્મા...! ભાઈ .. ... ભગવાન ચૈતન્ય આનંદની ખાણમાં એ છે? ... સમજાણું કાંઈ? કહે છે કે તારા આત્મા માનવો છે કે નહિ? એ આત્મા જેમ છે તેમ માનવો છે કે નહિ? તો આત્મા જેમ છે એમ માને તો કેવો આત્માને માને ત્યારે? એ આત્મામાં મિથ્યાત્વ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અવ્રત, કષાય, યોગ નથી એવો. ભગવાન! ચૈતન્ય જ્ઞાનની મૂર્તિ, જ્ઞાનસૂર્ય, એમાં મિથ્યાત્વ અવ્રત, કષાય અને યોગ એ જેના લક્ષણ એવા આસ્રવો એટલે વિકારો, જેની અનુભૂતિથી ભિન્ન છે. ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપની અનુભૂતિ કરતાં તેમાં એ ચાર પ્રકારના આસ્રવનો અભાવ છે. સમજાણું? એવા આત્માને અનુભવવો એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. કહો, સમજાણું આમાં?

'**કારણ કે તે આ પ્રત્યયો તે બધાય...**' બધાય એટલે ઘણા પ્રકાર છે ને. મિથ્યાત્વના ઘણા પ્રકાર, અવ્રતના ઘણા પ્રકાર, કષાયના ઘણા પ્રકાર, કંપનના પણ ઘણા પ્રકાર. એ બધું ભગવાન આત્મા તો... લ્યો! યોગ વિનાનો થઈ ગયો અત્યારે? ભગવાન તો અકંપસ્વરૂપ જ છે. આ કંપન તો વિકૃત છે. સમજાણું કાંઈ? વસ્તુ જ્ઞાનમય તેમાં કંપન કેવા? કંપન તો એક સમયની પર્યાયની વિકૃત દશા છે. એ દૃષ્ટિના વિષયમાં એ નહિ. કેમકે દૃષ્ટિનો વિષય આત્મા છે માટે અનુભૂતિમાં પણ એ કંપન આવતું નથી એમ કહે છે. આહાહા..!

'**કારણ કે...**' એમાં લઈ લેવું બધામાં. ... શબ્દ છે ઈ. '**કારણ કે પુદ્ગલ દ્રવ્યના પરિણામય હોવાથી...**' એ બધા. મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ બધાય પુદ્ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી '**અનુભૂતિથી ભિન્ન છે.**' ભગવાન આત્માનો અનુભવ કરવામાં એ આવતા નથી. ભેગા આવતા નથી માટે એ આત્મામાં છે નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ શેની ક્રિયા ચાલે છે? એ દલાલ છે. દલાલ છે ને. વધારે સ્પષ્ટીકરણ કરાવે છે. આત્મા અંતરમાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે તેના સન્મુખ જોવું એ એની ક્રિયા છે. એય..! દેવાનુપ્રિયા! એ દલાલ છે, દલાલ. આમાં ક્રિયા ક્યાં આવી? એમ કહે છે. આત્મા મિથ્યાત્વ રાગાદિ મારામાં છે એવી માન્યતા તે મિથ્યાત્વની ક્રિયા છે. મિથ્યા અભિપ્રાય, કષાય, યોગ, કંપન, રાગ આદિ મારા તત્ત્વમાં છે જીવમાં, એનું નામ મિથ્યાત્વની ક્રિયા છે. એ અધર્મ ક્રિયા છે, એ અધર્મ ક્રિયા સંસારમાં રખડવાનું કારણ છે. અધર્મ ક્રિયા. આત્મા શુદ્ધ ચૈતન્યની મૂર્તિ જેનામાં પરમાનંદ અને નિર્મળાનંદ સ્વરૂપ પડ્યું છે, એવા નિર્મળાનંદ પ્રભુ આત્મામાં સન્મુખ દૃષ્ટિ કરતાં, એના સન્મુખ કરતાં, પરથી વિમુખ થતાં, સ્વભાવ સન્મુખ થતાં, એકાગ્રતાની અનુભૂતિની ક્રિયા થાય એ ધાર્મિક ક્રિયા છે. એ ધાર્મિક ક્રિયામાં મિથ્યાત્વ અને કષાય આવતા નથી, એમ કહે છે. આવતા નથી. આહાહા..! કહો, સમજાણું આમાં? બાર બોલ થયા.

હવે ૧૩. '**જ્ઞાનાવરણીય,...**' કર્મ. આઠ કર્મ છે ને આઠ? એ .. ઉપાડ્યું હતું. તે દિ' (સંવત) ૨૦૦૬ની સાલમાં. આ જયંતિભાઈના મકાનમાં ઉતર્યા હતાને તે દિ'. ઓલા જીવા પ્રતાપ આવ્યા હતા ને તે દિ'. જીવા પ્રતાપ આવ્યા હતા. ઓલા છે ને. બેઠા હતા સામે. આ અમારે પંડિતજી બેઠા છે ત્યાં. એણે પૂછ્યું હતું ત્યાં, તમે પુણ્ય-પાપને માનો છો? અહીં કહે છે કે આઠ કર્મ આત્મામાં નથી. સાંભળ! જડ કર્મ તો જડ છે. જ્ઞાનાવરણીય

પાંચ પ્રકારના. મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યયજ્ઞાનાવરણીય, કેવળજ્ઞાનાવરણીય એ પ્રકૃતિ પરમાણુ જડ છે.

'**દર્શનાવરણીય,...**' નવ પ્રકારની પ્રકૃતિ છે. ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવળદર્શન અને પાંચ નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા.. નવ પ્રકૃતિ દર્શાનવરણીની છે. એ બધું આત્મામાં નથી, એ તો જડ છે. સમજાણું કાંઈ? આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપની અનુભૂતિ કરતાં એમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય ભેગા આવતાં નથી માટે તેનાથી જુદા છે. આહાહા..! સમજાણું કે નહિ? બરાબર છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. કોણે કીધું દબાઈ ગયો છે? એ માને છે ઊંધું, અવળું. અવળો માને છે કે હું જડમાં રોકાઈ ગયો, જડને તાબે (થઈ ગયો). જડને તાબે પોતે થાય છે. જડ એને તાબે કરતું નથી. પોતે તાબે થાય છે. એ તાબે સ્વતંત્ર થાય છે. પોતાના સ્વરૂપના ભાન વિના.

ભગવાન આત્મા અનાકુળ આનંદનો પિંડ, પિંડલો પ્રભુ છે. એકલો જ્ઞાનનો રસ તત્ત્વ છે. આત્મા એટલે સમસ્વભાવી વીતરાગી તત્ત્વ તે આત્મા. એમાં આ જ્ઞાનાવરણી પાંચ, દર્શનાવરણીય નવ પ્રકૃતિ છે. '**વેદનીય,...**'ની બે. શાતા, અશાતા પ્રકૃતિ છે ને? એ આત્મામાં નથી. પણ કહે છે કે ખાત્રી ક્યારે થાય? કે આત્માની અનુભૂતિ કરે ત્યારે ખાત્રી થાય કે શાતા-અશાતા મારામાં-દ્રવ્યમાં નથી. '**વેદનીય, મોહનીય,...**' અઠ્યાવીશ પ્રકૃતિ છે. મોહનીયની અઠ્યાવીશ પ્રકૃતિ છે. ૨૫ ચારિત્ર મોહનીયની, દર્શનમોહનીયની ત્રણ. એમ અઠ્યાવીશ છે. એ અઠ્યાવીશ પ્રકૃતિ જડ રજકણો માટી, ધૂળ ઝીણી છે. આ શરીર સ્થૂળ છે. .. લોગસ્સમાં આવે છે. વિહૂય રયમલા. નથી આવતું? અર્થ પણ ન આવડતા હોય. ભગવાન જાણે કોને ખબર છે. ગોખે જાય, હાંકે જાય. વિહૂઈ રયમલા.

એક વખત કીધું નહોતું? વીશા અને દશાશ્રીમાળીમાં તકરાર થઈ હતી, લીંબડીમાં. સમજ્યાને? દશાશ્રીમાળીની બાઈ (હતી એને) પછી અર્થ ન આવડે. વિસા રોઈ મળ્યા. વિહૂઈ રયમલાને ઠેકાણે વિસા રોઈ મળ્યા. આ શું? લોગસ્સમાં ક્યાંથી આવ્યું આવું? દશા અને વિશાને બે તકરાર. બાયું બિચારી લઈને બેસેને ઓલી? શું કહેવાય? ઘડિયાળ.. બેસે .. લોગસ્સ ... એમ કરતાં કરતાં વિસા રોઈ મર્યા (આવ્યું). વિહૂઈ રયમલાને ઠેકાણે વીસા રોઈ મર્યા (બોલી). આ વિસા રોઈ મર્યા એ લોગ્ગસમાં ક્યાંથી આવ્યું? આ રહ્યું. એય..! જયંતિભાઈ! આવા ને આવા ન સમજે અર્થ અને અમે ધર્મ કરવા બેઠા. ભાન ન મળે શબ્દના અર્થની. ભાવનું તો ક્યાંથી ભાન હોય. કીધું, આ તો વિહૂય રયમલા છે. વિહૂય. વિહૂય હૂય એટલે ધૂળ. .. ટાળ્યા છે. વિશેષે ટાળ્યા છે જેને. રયમલા. રઈ એટલે .. રજ. આઠ કર્મની રજ છે ઝીણી ધૂળ. આ જાડી ધૂળ છે, ઓલી જીણી ધૂળ છે અંદર. વિહૂય રય. ય એટલે ...

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મળા-મળ એટલે પુણ્ય અને પાપનો મેલ. જે ઓલા આસ્રવ પહેલા કહ્યા એ. એ મળ એ પુણ્ય-પાપના વિકારનો મેલ અરૂપી છે અને આ આઠ કર્મ ઝીણી રજ છે. એ ભગવાને વિહૂય રયમલા. એ રજ અને મેલ બધો ટાળ્યો છે અને એકલા પરમાત્મા થયા છે. એમ લોગસ્સમાં આવે છે. કોને ખબર છે આવે છે કે નહિ. જયંતિભાઈ! મોઢે કર્યું હશે કે નહિ? લોગસ્સ તો કર્યું હશે તે દિ'. કોણ જાણે શું હશે? ધંધા આડે સૂઝે નહિ. .. કરે તો અર્થ ન આવડે. કહો, હિંમતભાઈ!

કહે છે કે આ બધી રજકણો છે આઠ કર્મ, ઝીણી ધૂળ. આત્મા અસંખ્ય પ્રદેશી અરૂપી જ્ઞાનઘન (છે). એના ઉપર આઠ પ્રકારના રજકણો ઝીણી ધૂળ છે. એ ધૂળથી રહિત આત્મા છે. જીવની ધૂળ રૂપી છે, મૂર્ત છે, જડ છે, અચેતન છે. ભગવાન ચેતન છે અને અરૂપી છે. સમજાણું કાંઈ? એ મોહનીયની અઠ્યાવીશ પ્રકૃતિ. '**આયુ,...**' ના ચાર પ્રકાર. નરક આયુષ્ય, તિર્યંત આયુષ્ય, મનુષ્ય આયુષ્ય અને દેવ આયુષ્ય. ચાર ગતિ છે ને? ચાર ગતિના ચાર આયુષ્ય કર્મ છે. એ આત્મામાં નથી. એ તો રજકણ છે, ઝીણી ધૂળ છે. આત્મામાં નથી. આત્મા તો એનાથી ભિન્ન છે, તદ્દન અરૂપી છે. અત્યારે હોં! એમ ચાલે છે વાત. શેની વાત ચાલે છે આ? સિદ્ધ ક્યારે થાય? પણ હજી એનાથી ભિન્ન જાણીને અનુભવ ન કરે તો ક્યાંથી સિદ્ધ થાતો હતો? સમજાણું કાંઈ? '**આયુ,...**' ચાર પ્રકારના.

'**નામ,...**' પ્રકૃતિ ૯૩ પ્રકૃતિ છે ભગવાને કહેલી. એક નામ કર્મમાં ૯૩ પ્રકૃતિ છે. ૯૩. આઠેય કર્મની ૧૪૮ પ્રકૃતિ. આઠ કર્મ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય. એની ૧૪૮ પ્રકૃતિ. બધા રજકણ ઝીણી ધૂળ છે. રૂપી, મૂર્ત, અજીવ, જડ છે. એમાં નામ કર્મની પણ ૯૩ પ્રકૃતિ (છે). એમાં તીર્થંકરગોત્રની પ્રકૃતિ પણ નામકર્મની જડ છે. જયંતિભાઈ! પ્રકૃતિ એટલે જડ, રજકણો છે ઝીણા. રજ-ધૂળ છે ઝીણી. એ આત્મામાં નથી. એ તો જડ છે. જડ ચૈતન્યમાં ક્યાંથી આવે?

મુમુક્ષુ :- પ્રકૃતિ બનાવે છે ને તીર્થંકર?

ઉત્તર :- પ્રકૃતિ બનાવે તીર્થંકર? કે આત્મા પોતે પર્યાયમાં કેવળજ્ઞાન પામે? પ્રકૃતિ તો જડ છે. એ કાંઈ આત્મામાં છે નહિ.

અહીં શું કહે છે? એ ગતિ.. એમ આવે છે ને. ત્રસના દસ .. સ્થાવરના દસ કહ્યા. બધા સંહનન અને સંસ્થાનના બોલ આવે છે. ૯૩ પ્રકૃતિ. એક નામકર્મની ૯૩. એ સિવાય સાતની ૫૫. કહો, સમજાણું? આઠ કર્મ, એના પેટા ભેદના ૧૪૮ ભાવ. એમાં એક ૯૩, એક ૫૫. સાતના ૫૫ ભાગ અને એક નામના ૯૩ ભાગ. ગતિ, સ્થાવર, ત્રસ એ બધું એમાં આવે છે. એ બધી પ્રકૃતિઓ જડ છે એ આત્મામાં નથી. રાડ નાખે. કાલે એક બિચારો રાડ નાખી ગયો હતો. રાડ નાખે પણ .. પર્યાયમાં .. પણ વસ્તુમાં છે નહિ. વસ્તુની દૃષ્ટિ કર્યા વિના સમ્યગ્દર્શન થશે નહિ. આહાહા..! રાગ કાંઈ પરમાણુમાં નથી. પર્યાયનું કાર્ય પર્યાયમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકૃત થાય છે. પણ ક્ષણિક અવસ્થા છે. એ સ્વભાવની દૃષ્ટિથી જોતાં એમાં નથી. ભારે આકરી વાત. જગતને સત્યને પહોંચવું... વીતરાગ પરમેશ્વરે કેવળજ્ઞાને કહેલો આત્મા, જોયેલો આત્મા એને પહોંચવું એમાં લોકોને .. આહા..! અત્યારથી કર્મ રહિત? કર્મ રહિત થઈ ગયા?

શ્રેણિકનો દાખલો આપ્યો હતો કાલે. આ શ્રેણિકરાજાને આમ છે કે નહિ? ખબર નથી તમને? શ્રેણિક રાજાને સમકિત છે. નરકમાં પડયા સમકિતી છે. આનંદ વેદે છે. એને જાણે કે એમ .. . એમ કહેવું હતું એને. હવે સાંભળને. કર્મ તો જડ, એને લઈને જાય? પોતાની યોગ્યતાની વિકૃત અવસ્થાને લઈને ત્યાં ગયા છે. એ વિકૃત અવસ્થા પણ દ્રવ્યમાં નથી. એમ સમ્યક્ ક્ષાયિક સમકિતી છે ઈ. શ્રેણિક રાજા અત્યારે નરકમાં ગયા. પહેલું નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું. અને યોગ્યતા એવી હતી. પછી તીર્થંકરગોત્ર બાંધ્યું ભગવાનના સમીપમાં, સમવસરણમાં. હજારો રાણીઓ હતી, મોટો રાજા હતો. હજારો રાજા જેને ચામર ઢાળતા હતા. પણ આયુષ્ય તો તે ભુંડા પરિણામથી બંધાઈ ગયું. પણ ક્ષાયિક સમકિત પામ્યા. તીર્થંકર થવાના છે આવતી ચોવીસીમાં. આ ચોવીસી તો ગઈ. હવે આવતી ચોવીસીમાં ભરતક્ષેત્રમાં પહેલા તીર્થંકર શ્રેણિક રાજા પહેલી નરકમાં ચોર્યાશી હજાર વર્ષના આયુષ્યે છે. ચોર્યાશી હજાર. અઢી હજાર વર્ષ ગયા. સાડી એકાશી હજાર વર્ષ બાકી છે. નરકમાં પડ્યા છે. પણ આત્માનું ભાન છે, ખ્યાલ છે. હું તો શુદ્ધ ચૈતન્ય છું. મારામાં રાગ પણ નથી, કર્મ નથી, મળ નથી, નિર્મળાનંદ છું એવું ભાન છે. એથી ત્યાં નરકમાં પણ એને આનંદ છે, દુઃખ છે એને ગણતા નથી. ત્યાંથી નીકળીને તીર્થંકર થવાના છે. જેવા ભગવાન મહાવીર હતા ઈન્દ્રોના પૂજનીક એવા તીર્થંકર રાણીને કૂંખે. છ મહિના પહેલા ઈન્દ્રો આવીને માતાના પેટ સાફ કરશે. ત્યાંથી જ્યારે નીકળશે ત્યારે. નરકમાંથી હોં!

એ કહે છે કે પણ એ તીર્થંકર પ્રકૃતિ અને નામ કર્મ આત્મામાં છે જ નહિ. હવે છે નહિ એ તને લાભ કરશે? એ રાડ પાડે છે ને. તીર્થંકર ગોત્ર બાંધેને એનાથી પછી તીર્થંકર થવાય. એનાથી થવાતું હશે? એ તો આરોપના કથન છે. એય..! ..ભાઈ! ... થઈ જાય. કહો, સમજાણું? નામ કર્મ આવે છે ને? ત્રસપણું, સ્થાવરપણું, એકેન્દ્રિયપણું, બેઈન્દ્રિયપણું, ત્રણ ઈન્દ્રિયપણું, ચૌઈન્દ્રિયપણું પ્રકૃતિ હોં! બાદરપણું, સૂક્ષ્મપણું... સમજાય છે? એ બધી પ્રકૃતિઓ છે એ જડના રજકણો છે. ભગવાન અરૂપી ચૈતન્ય છે. એની અંતર દૃષ્ટિ કરતાં જુઓ તો એમાં એ છે નહિ. કનુભાઈ! આહાહા..!

**'ગોત્ર,...'** કર્મ. આ ઊંચ-નીચ ગોત્ર કર્મ થાય છે ને? એ ગોત્ર આત્માને ક્યાં હતું? એ તો જડ છે, રજકણ છે ઝીણા. ભગવાન આત્મા પોતાના સ્વભાવ સન્મુખથી જોવે, પોતાના ચૈતન્ય તત્ત્વની દૃષ્ટિથી જોવે તો એમાં આઠેય કર્મનો અભાવ વર્તમાનમાં છે. અનુભૂતિથી ભિન્ન છે. આહાહા..! આ કર્મની બહુ માંડે તમારામાં. વલ્લભદાસભાઈ! ... કર્મ આમ છે અને કર્મ આમ છે. હવે કર્મ છે એ તો જડ છે, એના ઘરે રહ્યા. સાંભળને!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ એમ બતાવે. .. લઈને થાતું હશે? ધૂળમાંય નથી થતું. કલ્પના કરે છે કે હું દુઃખી છું. એ તો તારી કલ્પનાને કારણે દુઃખી છે. પ્રતિકૂળ સંયોગને લઈને દુઃખ છે? એ તો જડ પર છે. કલ્પના (કરે કે), અરે..! હું આવો! એવી કલ્પના .. એને દુઃખ લાગે છે. અને કલ્પનામાં આ પૈસા-બૈસા ધૂળ મળ્યા હોય... મલૂકચંદભાઈ!

મુમુક્ષુ :- એને ક્યાં મળ્યા છે?

ઉત્તર :- છોકરાને મળ્યા છે ને. બે છોકરા પાસે બે-બે કરોડ. જુઓ, આ બેઠા બહાર. એના બાપ આ રહ્યા. બબ્બે કરોડ રૂપિયા. મોટા છોકરા પાસે બે કરોડ, સ્વીટ્ઝરલેન્ડ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો બધું ધૂળમાં. .. એમ કહેતા .. એ કહેતા હતા. ક્યાં પૈસામાં ધૂળમાં સલવાઈ જાય મૂરખ એ પણ કેવડો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ આવશે તમારે .. ચાર દિ' .. તમે કહેતા કે .. આવવાના. બે કરોડ રૂપિયા. આહાહા..! આ રહ્યા. યાદ આવ્યું. એ .. કરતા હતા. નહોતા તમારા ગામમાં? ભુધર. નારણ શેઠ કરોડપતિ. એય..! છોટાભાઈ! ત્યારે ૩૫ હજાર, ૪૦ હજાર હતા. ખબર છે .. પણ ૩૫ હજાર .. લોકો તો કરોડપતિ માને.

મુમુક્ષુ :- કરોડપતિ થઈ ગયા...

ઉત્તર :- .. એ ભુદર કહેતા હતા, ભાઈ! આ છોટાભાઈ પાસે ૪૦ હજાર તે દિ'. તે દિ' તમારે .. છોકરા.. ગામમાં.. એ કહેતા હતા કે ભાઈ છોટાભાઈ તો કરોડપતિ છે. મેં કીધું, આને કરોડની ખબર લાગે છે. ૪૦ હજાર. પાછા ગામડામાં ધીરે ખરાંને. ૨૫-૫૦, ૨૫-૫૦. એવા કરોડ થઈ ગયા પણ ઘણા એમ કહેતો હતો. દુઃખી થવા માટે. દુઃખી થવા માટે થયા, હેરાન થવા માટે. આ આત્મામાં ક્યાં રૂપિયો-બુપિયો ગરી ગયો અંદરમાં. મફતનું માને કે આ મારા. એ મારા માન્યા એના મારા છે મારનારા અંદર. આત્માની શાંતિનું ખૂન કરનાર છે. આહાહા..! .. રાગ હોય તો આત્મા સમકિતી માનતા નથી કે આ મને છે. એ તો ધૂળ પરની છે, બાપુ! એ મારામાં ક્યાં?

સિંહાસન, હીરાના સિંહાસનમાં બેઠો હોય. ચક્રવર્તી હોં! અને શરીરમાં .. પ્રકાશ તેજ આમ જાણે. ઈન્દ્ર જેનો મિત્ર થઈને બેઠો હોય. ચક્રવર્તી શાંતિનાથ, તીર્થંકર, કુંથુંનાથ... ઈન્દ્ર જેના મિત્રો. પણ અંદરમાં .. એ આ નહિ... આ નહિ... આ નહિ.. આ વિકલ્પ ઉઠે છે એ મારો નથી, હું તો ચિદાનંદ શુદ્ધ છું. એવી દૃષ્ટિના અનુભવમાં સમકિત કહેવાય છે. આહાહા..! એને એમ થાય કે આહા..! ઈન્દ્ર જેના મિત્ર, ભાઈ! આહાહા..!

સ્વર્ગમાંથી ઉતરે હોં! પહેલા દેવલોકનો ઈન્દ્ર. સુધર્મ દેવલોક. ૩૨ લાખ વિમાનનો લાડો.

એ પોતે માને છે કે હું આ નહિ. સમકિતી છે ઈન્દ્ર. પહેલા દેવલોકના શક્રેન્દ્ર સુધર્મ દેવલોકના. હું તો આત્મા છું, પ્રભુ! મારામાં તો જ્ઞાન અને આનંદ સમરસ પડ્યો છે. આ રાગ પણ મારો નથી તો ઈન્દ્રાણીઓના મકાન અને મહેલ ૩૨ લાખ મારા નથી હોં ભાઈ! મારું હોય એ મારાથી જુદું ન રહે. જુદું હોય એ મારામાં રહી શકે નહિ. કહો, સમજાણું આમાં? એનાથી સુખી નથી માનતા એ. જેટલો વિકલ્પ ઉઠે છે એ દુઃખરૂપ છે. હું તો આનંદ છું.

એમ સમકિતી ઈન્દ્રપદમાં હોય, ચક્રવર્તી પદમાં હોય. તીર્થંકર લ્યો. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ. ત્રણ તીર્થંકર અને ચક્રવર્તી. તીર્થંકર અને ચક્રવર્તી અને કામદેવ. કામદેવ એટલે છ ખંડમાં રૂપાળું એવું શરીર જેનું સુંદર. એક એક અવયવ સુંદર. શાંતિનાથ, કુંથુનાથ. અને છ ખંડ રાજ. કામદેવ અને તીર્થંકર. ઈન્દ્રો જેની માતાની સેવા કરવા હજી તો આવ્યા પહેલા આવે છે. એને ભાન છે જન્મ્યા ત્યારે કે અમે તો આત્મા આનંદ છીએ. આ ઈન્દ્રો અને આ અમારા મિત્રો એ અમે નહિ, હોં! એમાં અમે નહિ. જેમાં અમે છીએ તે આ નહિ. જ્યાં આ છે ત્યાં અમે નહિ. આહાહા..! વલ્લભદાસભાઈ! ... તો હોય બધી પુણ્યને કારણે મળે પણ એ હું નહિ. એ પુણ્ય અને પુણ્યના ફળ એ હું નહિ. પ્રાણભાઈ! એ પાપ અને પાપના ફળ એ હું નહિ. હું તો મારા ચૈતન્ય સ્વભાવ જ્ઞાનાનંદ પ્રભુ ચૈતન્યસૂર્ય, જેમાં આનંદ પડ્યો છે એની અનુભૂતિથી હું સુખી છું અને બહારના સાધનથી સુખી નથી. એમ માને છે. આહાહા..! કહો, ભગવાનભાઈ! ખામણામાં આવતું ને? નહિ? સર્વાર્થસિદ્ધના દેવ અને આ વિમાન, આટલા .. આમ .. એમાં સુખ માને. ધૂળેય એને લઈને સુખ માનતા હશે? .. જોઈએને. ઠામણામાં આવતું ને? બીજા ઠામણામાં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મોતીના ઝુમ્મર ને એ બધું સાંભળ્યું હોય ને. બહુ કર્યું ઘણા વર્ષ સુધી. મોતીના ઝુમ્મર ને એને .. આમ ભટકાય, એક મોટું ચોસઠ મણનું અને એક મોટું બત્રીસ મણનું એવું આવે છે. હવે ધૂળમાં નથી. એ તો સમકિતી જીવ છે. એ તો મારા અનુભવમાં મને આનંદ છે. સર્વાર્થસિદ્ધના દેવ એમ અનુભવે છે. એ એમાં સુખ માનતો નથી. મારામાં છે નહિ પછી મને શું સુખ ...? આહાહા..! ભારે ભાઈ! દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય અને દૃષ્ટિનો આધાર. સમજાણું?

ભગવાન આત્મા... કહે છે કે ગોત્ર કર્મ જેમાં નથી, હોં! '**અને અંતરાયરૂપ કર્મ...**' આઠમું. દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, વીર્યાંતરાય આવે છે ને? સાત પ્રકૃતિ. એ બધા રજકણ ઝીણી ધૂળ છે. '**તે બધુંય જીવને નથી...**' ક્યારે? ત્રણે કાળે. પણ અનુભવ કર્યો ત્યારે ખબર પડી. સમજાણું કાંઈ? અનુભૂતિ થઈ. જ્ઞાનાનુભૂતિ, ચેતનાનુભૂતિ, .. .. એમ જ્ઞાની પોતાના આત્માને કર્મ રહિત જાણે એનું નામ આત્મા બરાબર જાણ્યો અને માન્યો કહેવાય. એનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૯, મંગળવાર તા. ૬-૧૨-૧૯૬૬**
**ગાથા-૫૦ થી ૫૫, પ્રવચન-૧૨૧**

આ 'સમયસાર' જીવ અધિકાર છે. એમાં ૨૯ બોલ છે. એ આત્માના સ્વભાવમાં નથી. જેને આત્માનું સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય એને કેવો આત્મા પ્રતીતમાં લેવો? એ અભેદ સ્વરૂપ ચિદાનંદ છે એની શ્રદ્ધા કરવાથી, અનુભવ કરવાથી એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે. કેવો આત્મા છે એમ વર્ણવે છે અને નથી... નથી... નથી... વેદાંત એમ નેતિ.. નેતિ.. કરે છે. એ નેતિ જુદી જાતની છે. આ તો વસ્તુ છે. એ તો નથી.. નથી.. કહીને વસ્તુ જ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- સર્વથા.

ઉત્તર :- હા. એ ફેર છે. સમજાણું? આ ૨૯ બોલ છે. ૧૩મો બોલ આવ્યો કે આઠેય કર્મ છે. વસ્તુ નથી એમ નહિ. કર્મ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આઠેય કર્મ છે પણ એ આત્માના વસ્તુમાં નથી. સમજાય છે? ઘણાંને આ વાંચીને એમ થાય કે આ તો વેદાંત જેવું લાગે. નેતિ... નેતિ... નેતિ.. કરે છે. એમ નથી. ભાઈ! આ તો વસ્તુ બીજી છે.

ચૈતન્ય અનંત જ્ઞાન, દર્શન આનંદ સંપન્ન ઉપયોગ સ્વરૂપ ચૈતન્ય છે. એમાં આ નથી એ અપેક્ષાએ નાસ્તિ છે આત્મામાં એની. સમજાય છે? એથી કહે છે કે આઠ કર્મ કર્મમાં છે. પણ વસ્તુ જોતાં એની અનુભૂતિ, એની દૃષ્ટિ કરતાં એ આત્મામાં એ આઠ કર્મ છે જ નહિ. આઠેય કર્મ પુદ્‌ગલના પરિણામ એ અનુભૂતિ એટલે આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ, એનો અંતર દૃષ્ટિ અને અનુભવ કરતા એ આઠેય કર્મ એમાં નથી. સમજાણું કાંઈ? સંબંધ તરીકે માને તો વ્યવહારનયથી છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ. એ અહીંયાં વ્યવહારને અભૂતાર્થ ગણી, ખરો વસ્તુમાં સ્વભાવ એ નથી. ખરેખર તો કર્મના નવા બંધને સંબંધ થવું એ સ્વરૂપમાં નથી. તો જૂના કર્મનો સંબંધ સ્વભાવની દૃષ્ટિએ નથી. સમજાણું કાંઈ? એ તેર બોલનું આવી ગયું છે.

આઠેય કર્મ... ભગવાન આત્મા જેને આત્મા શ્રદ્ધામાં, દૃષ્ટિમાં, જ્ઞાનમાં જ્ઞેય કરીને પ્રતીત કરવી છે એવો જે જ્ઞેય નામ આત્મા એમાં આઠ કર્મનો અભાવ છે. એવી અંતર્મુખમાં સ્વભાવસન્મુખ થઈને દૃષ્ટિ કરવી, એનું નામ સમ્યગ્દર્શન ધર્મની પહેલી દશા છે. સમજાય છે કાંઈ? એણે આત્માને સ્વીકાર્યો અને એણે આત્મા છે તેવો સત્‌નો અનુભવ કર્યો. એ અહીં જીવ અધિકાર, જીવનો અધિકાર જીવ ચૈતન્યમૂર્તિ એમાં આઠ કર્મ નથી. ત્યારે કો'ક કહે, પણ આઠ કર્મ છે ને. અત્યારે બધા એ રાડું બહુ પાડે છે. છે એ વર્તમાન એક સમયનો અહીં સંબંધ પૂરતો છે. વસ્તુની દૃષ્ટિ કરવા માટે દૃષ્ટિના વિષયને લક્ષમાં લેવા એ વસ્તુ દૃષ્ટિનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વિષય નથી. સમજાણું કાંઈ? ભારે!

હવે આવ્યો ૧૪મો બોલ. આત્મામાં આત્મા એને કહીએ કે જે જ્ઞાનાનંદની મૂર્તિ શુદ્ધ છે. એમાં '**જે છ પર્યાપ્તિયોગ્ય...**' નોકર્મ. છ પર્યાપ્તિ છે ને? આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન. '**છ પર્યાપ્તિયોગ્ય...**' પરમાણુઓ એ આત્મામાં નથી. અહીંયાં નથી કહીને આત્મા સિદ્ધ કરે છે. બપોરે નથી કહીને તેનું કર્મ આત્માનું નથી એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? બપોરે એમ આવ્યુંને કે આ અજીવ છે. મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ અજીવ છે. જીવ નહિ. એટલું સિદ્ધ કર્યું. એનો અર્થ ઈ કે જે અજીવ છે તે જીવનું કર્મ-કાર્ય નથી. સમજાણું કાંઈ? એ કર્તા-કર્મ છે. છેલ્લો તો એમ લીધો હતો ને સરવાળો? અજીવ છે આ. ફલાણો જીવ છે.

ભગવાન આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યસ્વરૂપ પરમાનંદની મૂર્તિ, પરમ ચૈતન્યધામ એવી ચીજની અંદર એ મિથ્યાત્વ, અવ્રત, રાગ-દ્વેષ આદિના પરિણામ નથી ત્યાં કહ્યું, અહીં નથી એમ કહે છે. બેમાં ફેર કેટલો? અહીં નથી એમ કરીને આત્મા શુદ્ધ ચૈતન્ય સિદ્ધ કરવો છે. ત્યાં નથી કહીને તે કામ જીવનું નથી. રાગાદિ.. સમજાય છે ને? વિકલ્પાદિ એ જીવનું કાર્ય નથી. એ તો જ્ઞાતા-દ્રષ્ટા છે, એ કાર્ય એનું નથી એમ સિદ્ધ કરે છે. ભારે! સમજાણું કાંઈ?

આહાર. પ્રથમ થાય છે ને? પર્યાપ્તિ બંધાય છે ને? આહાર પર્યાપ્તિ. એ આહાર પર્યાપ્તિને યોગ્ય પરમાણુઓ આત્મામાં છે જ નહિ. અને આહાર પર્યાપ્તિ આત્મા બાંધતો નથી. એ જડની પર્યાય છે. કહે છે ને કે ભાઈ! આહાર પહેલો ગ્રહે, પછી રસ કરીને શરીર થાય, પછી ઇન્દ્રિયો થાય અંદર, જડમાં આકાર થાય. આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ થાય, ભાષા બંધાય પર્યાપ્તિ તરીકે. મન, આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન. કહે છે કે એ છ પ્રકારના પર્યાપ્તિયોગ્ય રજકણો છે એ તો અજીવ છે. એ આત્મામાં નથી અને આત્માનું એ કાર્ય પણ નથી. ભારે વાત! આત્મા આવું ન કરે તો થઈ રહ્યું. આત્મા માનતો નથી એમ કહે છે, લ્યો! નાસ્તિક છે. વાત બરાબર નાસ્તિક છે. આત્માના ભાવમાં આ બધું નથી માટે આત્મા એ અપેક્ષાએ નાસ્તિક છે. પોતાના પૂર્ણાનંદ સ્વભાવથી અસ્તિ છે. આ બધા ખીચડાથી નાસ્તિ છે. કહો, ધર્મચંદજી! એ તો પ્રશ્ન ભાઈ! ક્રાંતિનો કાળ હોય તો એવું પણ આવે. કાલે એ આવ્યું છે. શું કહેવાય એ? પેમ્પ્લેટ આવ્યું છે. પંડિતજી! આ 'કાનજીસ્વામી' પૂરા નાસ્તિક છે. ચીનનો જેવો ધર્મ એવો એનો ધર્મ છે. એમ પેમ્પ્લેટ આવ્યું છે. ચીનનું શું કીધું? કોમ્યુનીસ્ટનો અને આ ધર્મ એક જ છે. જરીએ ફેર નથી. કેમ? કે એ આત્મા કાંઈક કરે શરીરનું એમ તો કહેતા નથી. કાંઈક કરવું તો કાંઈ ન મળે લ્યો, ત્યારે આત્મા ક્યાંથી આવ્યો? આત્મા માનતા નથી.

મુમુક્ષુ :- પુદ્ગલને જ માને.

ઉત્તર :- છ દ્રવ્યમાં એક પુદ્ગલને માનનારા (છે), પાંચ દ્રવ્યને માનતા નથી. દિલ્હીથી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પેમ્પ્લેટ આવ્યું છે. ભાઈ! એ તો એમ જ આવે. ક્રાંતિનો (કાળ છે). આ વસ્તુ એવી છે ને. પરમસત્ય જે આ બહાર આવ્યું એટલે એવો ગોટો ઉઠે જગતમાં. આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! તને ભાઈ! ખબર નથી. એ ચૈતન્ય આનંદકંદ જ્ઞાન ઉપયોગ સ્વરૂપ છે આત્માનું. એમાં રાગ નથી તો રાગનું કાર્ય એનું નથી. આહાહા..! એટલે આ શરીર-બરીરનું કામ કરે તો આત્માની હયાતી માની કહેવાય. નહિતર આત્માની હયાતી.. આત્મા શું વળી? શરીરનું કરે, પરનું કરે, પરની દયા પાળે, હિંસા કરે, જૂઠું બોલે બધું કામ કરે તો આત્મા. અરે..! ભગવાન! શું કરે? અહીં તો કહે છે, સ્વતંત્ર એક એક રજકણનો પર્યાય આત્મા પોતે ત્રણ કાળમાં કરતો નથી. પરમાણુ પોતાના ઉત્પાદથી પર્યાય કરે. આ જુઓ! આ એ કહે છે.

આહારના પરમાણુઓ જે આવે છે એ આત્મા લાવતો નથી. સમજાય છે? અને શરીરપણે જે રચાય છે એ આત્મા રચતો નથી. એ શરીરમાં ઇન્દ્રિયો થાય છે એ આત્મા કરતો નથી. એમાં શ્વાસની ઉત્પત્તિ લેવાની પર્યાપ્તિ બાંધે એ આત્મા બાંધતો નથી. એમ ભાષાને યોગ્ય પરમાણુ બંધાય પર્યાપ્તિ અને મન, એ બધા '**(-પુદ્‌ગલસ્કંધ)રૂપ નોકર્મ...**' તે બધું જીવમાં નથી. પુદ્‌ગલમય પરિણામ હોવાથી ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપની અંતર અનુભૂતિથી જોવે તો એમાં એ છે નહિ. અનુભૂતિથી ભિન્ન છે. બહુ આકરું કામ. જગતના બહારના કામ કરવા, બીજાને સુધારવા, બીજાને મદદ કરવી, બીજાથી મદદ લેવી એ આડે આત્મા ક્યાં છે એની ખબર નથી એને. સમજાણું?

અંદર અંદર ચાલ્યું છે એક. સિદ્ધને પરતંત્ર.. છે ને? પંડિતજી! એમ આવ્યું છે ને? નહિતર અનેકાંત નથી રહેતું એમ લખે છે. વળી મખનલાલજીએ તો બહુ લખ્યું છે. સિદ્ધ તો પરાધીન પરતંત્ર છે. વળી ઓલાએ તો એટલું જ લખ્યું હતું કે પરતંત્ર છે. આણે બે-ચાર-પાંચ બોલ લખ્યા. વિભાવિક શક્તિ સિદ્ધમાં છે પણ પરિણમી શકતા નથી વિભાવપણે એટલા પરતંત્ર અને શરીર પ્રમાણે રહેવું પણ પૂર્વે શરીર હતું એટલો આકાર રહે છે ને ત્યાં? એટલો પરતંત્ર. પૂર્વ નયની અપેક્ષાએ પરતંત્ર.

મુમુક્ષુ :- આ પરિણમે એમાં કાળને આધીન.

ઉત્તર :- હા. કાળને આધીન.

મુમુક્ષુ :- .. આકાશને આધીન.

ઉત્તર :- હા, આકાશને આધીન. બધું આધીન આધીન. પરાધીન છે એ. એની સામે કાલે ભાઈએ પ્રશ્ન લખ્યો છે, ભાઈ! મુન્નાલાલ છે. મુન્નાલાલ પંડિત છે સાગરના, એણે લખ્યું છે કે ભાઈ! તમે આને આવી રીતે પરતંત્ર કરશો (તો) એ વસ્તુ એમ નથી. સ્વતંત્ર પૂર્ણ સ્વતંત્ર સિદ્ધ છે. આવું સ્યાદ્વાદ ન હોય, તમે સ્યાદ્વાદ આમ ઠરાવવા માગો છો. સ્યાદ્વાદ તો વસ્તુનો વસ્તુમાં વસ્તુ હોય એને માટે સ્યાદ્વાદ હોય. આ કેવું પરતંત્ર આવું? એની સામે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવ્યું છે લખાણ. પણ હવે એ લોકોના પંડિતોમાં પણ હજી મેળ નથી. થાય, ક્યાંથી થાય? કહો, સમજાણું?

ઓલા દયાને માટે કહે, ભગવાનનો સ્વભાવ દયાનો છે. ત્યાં સુધી લખે. કાલે દરબારીલાલ કોઠિયાએ બિચારાએ ઠીક લખ્યું છે. દયાના બે પ્રકાર છે. તમે બધે ઠેકાણે નાખો છો. પણ એક વ્યવહારનયની દયા અને એક નિશ્ચયની દયા. વ્યવહારની દયા તો શુભરાગ છે. એ રાગ સ્વભાવ કેવો? ઓલા કહે, દયામાત્ર જીવનો સ્વભાવ છે. વીતરાગને પણ હોય છે. કેટલો ફેર! કેટલો કૂચો બહાર આવ્યો! અરે..! ભગવાન! શું કરે છે? બાપુ!

અહીં તો કહે છે, એ પહેલાં આવી ગયા છે. રાગરૂપી પ્રીતિના પરિણામ તે આસ્રવ છે, તે ભગવાન આત્મામાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? બપોરે આવ્યું હતું મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ. એ કષાયમાં રાગ આવી જાય છે, શુભરાગ. એ દયાનો, પરની દયાનો શુભ વિકલ્પ છે, ભાઈ! એ તો રાગ છે, બાપુ! ચૈતન્યમૂર્તિ આનંદકંદમાં એ નથી. આહાહા..! અરે..! એ ક્યાં સ્વભાવ અને ક્યાં વિપરીત વિભાવ! ભાઈ! તેને અજીવ કહ્યો છે. એને અજીવ કહ્યો, બાપુ! જીવ સ્વભાવમાં એ ન હોય. સમજાય છે કાંઈ? અરે..! દુઃખને અજીવ કહ્યો ને. દુઃખના ભાવ તે અજીવ છે, ભાઈ! સ્વરૂપમાં નથી. આનંદમૂર્તિ, ચૈતન્યમૂર્તિ તેને અનુભવ કરે એનું નામ આત્મા માન્યો અને જાણ્યો કહેવાય. દુઃખદશા વિકૃત અવસ્થા છે. વિકૃત અવસ્થામાં ચેતનની જ્ઞાનદશા ક્યાં છે? માટે તેને દુઃખને પણ અજીવ કહેવામાં આવે છે. આહાહા..! ઈ વેદાંત નથી થતું, હોં! આમાં કોઈને એમ થાય.

મુમુક્ષુ :- વેદાંત બીજા દ્રવ્યને માને છે જ ક્યાં?

ઉત્તર :- વેદાંત આમાં માને છે (ક્યાં)? આ તો બીજી ચીજ છે, બાપુ! એ દુઃખ છે એ વિકૃત ગણીને ચૈતન્યના પ્રકાશના ભાવનો અંશ એમાં નથી આવ્યો એ અપેક્ષાએ એને જડ અને અજીવ કહ્યા છે. આ વાત જ જુદી છે. સર્વજ્ઞના માર્ગની વસ્તુ જ જુદી આખી. ત્રણ કાળમાં ક્યાંય બીજા સાથે મેળ ખાય એવું નથી. આવી વાત આવે ત્યારે કહે, એ તો નિશ્ચય થઈ ગયું, એ તો વેદાંત થઈ ગયું. અરે..! ભગવાન! એમ ન હોય, ભાઈ! વેદાંત કે દિ' બે દ્રવ્ય માને, કે દિ' ગુણ અનંત માને, કે દિ' પર્યાય માને, કે દિ' વિકાર જીવમાં માને? એ સ્વરૂપ છે જ ક્યાં? આ તો છે એનો નકાર છે. સમજાણું કાંઈ? આ છ પર્યાપ્તિ છે બીજે? આ એમ કરીને સિદ્ધ પણ કરતા જાય છે કે આ બધું છે ખરું. આવી વાત ક્યાં છે બીજે? જુઓ! આ જેટલી વાત કરી એ. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ને આઠ કર્મ ને માથે કીધું ને બધું? પ્રીતિ પરિણામ ને મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ ક્યાં છે બીજે ઠેકાણે? એમ આ છ પર્યાપ્તિયોગ્ય બીજે ઠેકાણે ક્યાં છે સર્વજ્ઞ સિવાય? એ આત્મામાં એ રજકણોનો સંબંધ જે ત્યાં થાય, આહારને યોગ્ય, શરીરને યોગ્ય, ઈન્દ્રિયને યોગ્ય, શ્વાસ, ભાષા અને મન છે ખરા, પણ આત્મામાં નથી. આવી સ્થિતિનું વર્ણન વ્યવહારનયનો વિષય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. બ્રહ્મ જેમ છે, બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા, એમ નથી. આકાશકુસુમવત્ નથી. ભાઈ! એનામાં છે. આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન. એ છએ અંદર છે. એના યોગ્ય રજકણની પર્યાય થવાને લાયક છે. ચૈતન્ય વસ્તુમાં એ નથી. એવી દૃષ્ટિ ન કરે ત્યાં સુધી એને આત્માનું ભાન થાય નહિ અને આત્માનો અનુભવ થાય નહિ. સમજાણું કાંઈ?

'**છ પર્યાપ્તિયોગ્ય...**' લ્યો, આત્મા પર્યાપ્તિ બાંધે. ન થયો હોય તો અપર્યાપ્તિ બાંધે એવી ભાષા શાસ્ત્રમાં બહુ આવે. આવે ને બાપુ! નિમિત્ત સંબંધના કથન છે એ. સમજાય છે? એ છે. વ્યવહારનો વિષય નથી એમ નહિ. પણ એ વિષયનો સ્વામી આત્મા નથી. આત્મામાં એ ચીજ નથી. આહાહા..! બહુ લાગે. આ તો જાણે કેવો પંથ કેવો કાઢ્યો એમ (લાગે). પણ એનું સ્પષ્ટીકરણ, છે એનું સ્પષ્ટીકરણ કર્યું છે, ઘરનું કાંઈ નથી. પણ જ્યાં સ્પષ્ટ વાત આવી ત્યાં (ભડક્યા). આત્મા એને કહીએ અને જે આત્માનો માનનાર શુદ્ધ ચૈતન્યમૂર્તિને અનુસરીને અનુભવ કરે એમાં સમ્યગ્દૃષ્ટિને આ છ પર્યાપ્તિ એમાં ભાસતી નથી. છે, છે તે જ્ઞાનમાં જાણવા લાયક છે. આદરવા લાયક છે નહિ. કહો, સમજાય છે કાંઈ?

'**અને ત્રણ શરીર...**' ઔદારિક, વૈક્રિયિક અને આહારક. તૈજસ, કાર્મણ ન લેવું અહીંયાં. '**ત્રણ શરીરયોગ્ય વસ્તુ (-પુદ્ગલસ્કંધ)રૂપ નોકર્મ...**' બેય થઈને નોકર્મ કહ્યા. છ પર્યાપ્તિરૂપ નોકર્મ અને ઓલા કર્મ તો આઠમાં આવી ગયા. આ નોકર્મની વ્યાખ્યા છે. નોકર્મમાં છ પર્યાપ્તિયોગ્ય પુદ્ગલ અને ત્રણ શરીરયોગ્ય વસ્તુ. જુઓ! '**યોગ્ય વસ્તુ (-પુદ્ગલસ્કંધ)રૂપ નોકર્મ...**' વસ્તુરૂપ નોકર્મ. વસ્તુ છે ઈ. સમજાણું કાંઈ? ઔદારિક, વિક્રિયિક અને આહારક. એને યોગ્ય વસ્તુરૂપ નોકર્મ છે '**તે બધુંય જીવને નથી...**' જીવ ચૈતન્યમૂર્તિ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કેવળજ્ઞાનીએ જ્ઞાનાનંદ સ્વરૂપ જોયું છે. ભાઈ! એને તું જો, એને જાણ. એમાં આ છે નહિ એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ બધુંય લઈ લેવું. છ પર્યાપ્તિને યોગ્ય અને ત્રણ શરીરયોગ્ય એવી વસ્તુરૂપ પાછું, હોં! એ બધી વસ્તુ કીધી. બેય-છ પર્યાપ્તિયોગ્ય પણ પરમાણુની વસ્તુ છે.

'**(-પુદ્ગલસ્કંધ)રૂપ નોકર્મ તે બધુંય જીવને નથી કારણ...**' એ પહેલાં આવી ગયું છે. '**પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.**' આત્માના સ્વભાવને અનુસરીને અનુભવ કરતાં એમાં એ હોતાં નથી, એમાં આવતાં નથી. સમજાણું કાંઈ? આ નેતિ નેતિ કરીને નથી નથી કર્યું ને આ ૨૯ બોલ. જુઓ! હજી તો કેટલું આવશે. એ ૨૯ બોલ છે ખરા. નથી એમ નહિ, અસ્તિ છે. સસલાના શિંગડા નથી. ખરગોશ નથી કાંઈ. પણ ચૈતન્યના શુદ્ધ સ્વરૂપમાં એ નથી. એવું ભાન ન કરે તો એને આત્માનું જ્ઞાન થતું નથી. સમજાણું કાંઈ? એ ચૌદમો બોલ કર્યો.

હવે જુઓ! આ વાત ક્યાં છે બીજે? '**જે કર્મના રસની શક્તિઓના (અર્થાત્ અવિભાગ પરિચ્છેદોના) સમૂહરૂપ વર્ગ છે...**' એક એક પરમાણુમાં અનુભાગ થાય છે કર્મનો. એવા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અનુભાગની શક્તિઓનો સમૂહરૂપ વર્ગ છે '**તે બધોય જીવને નથી...**' એક એક પરમાણુમાં અનુભાગ એવા ઘણા રજકણોનો અનુભાગ સરખો હોય એને વર્ગ કહેવામાં આવે છે. આ વર્ગ નથી કહેતા આપણે? એકડિયાનો વર્ગ, પહેલીનો વર્ગ, બીજો વર્ગ, ત્રીજો વર્ગ આપણે કહે છે કાઠિયાવાડમાં. એકડિયો વર્ગ, બીજો વર્ગ આ સાતમી ચોપડીનો વર્ગ. એ એક જાતના સાતમીના ભણનારા, ઓલા છઠ્ઠીના ભણનારા, એમ. એમ એક જાતના રજકણમાં અનુભાગ સરખા હોય એના સમૂહને વર્ગ કહેવામાં આવે છે. તે બધો જીવને નથી. એ પરમાણુઓમાં કર્મના રસની પર્યાય થવાની લાયકાતથી થયેલા છે. વસ્તુ છે. અનુભાગનો રસ છે પરમાણુદીઠ એક એક રજકણમાં. એ બધા રજકણનો સરખો અનુભાગ છે એને અહીંયાં વર્ગ કહે છે. તે બધો જીવમાં નથી. ભગવાન આત્મા તો નિર્લેપ શુદ્ધ ચૈતન્ય આનંદ સ્વરૂપ છે, એ તો જ્ઞાનનો ગોળો છે. ચૈતન્ય સૂર્ય છે. એવા આત્માની શ્રદ્ધા-જ્ઞાન કરવું એનું નામ આત્મા જાણ્યો, માન્યો અને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ પુદ્‌ગલના પરિણામ છે. અનુભૂતિથી ભિન્ન છે. '**જે વર્ગોના સમૂહરૂપ વર્ગણા છે...**' એ વર્ગ છે ને બધા? ઘણા વર્ગ થાય એનો સમૂહ. એ '**વર્ગણા છે તે બધીયે જીવને નથી...**' એકડીયાનો વર્ગ, બેનો વર્ગ, ત્રીજો વર્ગ પછી બધો સમૂહ કરે આખી નિશાળની છોકરાઓનો. એ વર્ગોના સમૂહ પણ આત્મામાં નથી. પછી?

'**મંદતીવ્ર રસવાળા કર્મદળોના વિશિષ્ટ ન્યાસ (-જમાવ)રૂપ...**' એ બધો વર્ગનો સમૂહ આખો. મોટી ઓલી નિશાળ કરી. પછી મોટી શું કહેવાય એ? યુનિવર્સિટી-વિશ્વ વિદ્યાલય. એક પહેલી ચોપડી એના પચાસ છોકરા હોય તો એને પહેલો વર્ગ કહેવાય. બીજી ચોપડીના સો છોકરા હોય તો બીજો વર્ગ કહેવાય. એ વર્ગ કહેવાય એક એક. પછી આખા વર્ગનો સમૂહ તે બધી વર્ગણા આખી નિશાળ અને બધી નિશાળોનો સમૂહ તે મોટી યુનિવર્સિટી આખી. આ રજકણોની પર્યાયની વાત ચાલે છે, હોં! આ તો દાખલો આપ્યો છે. મંદ છે એ ખરું. રજકણોમાં આ દશા છે. એક વર્ગની, એના સમૂહના વર્ગણાની અને એના સમૂહના સ્પર્ધકોની વસ્તુ છે, બીજી ચીજ છે. જડ છે અને તે તે પરમાણુમાં તે અનુભાગ થવાની લાયકાતથી થયેલા છે. પણ તે બધા જીવને નથી. ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ, એનો અંતર અનુભવ કરતાં, સમ્યગ્દર્શનમાં ભાન કરતાં, જ્ઞાનથી આત્માને જ્ઞેય બનાવતા તેનામાં એ ચીજ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

હવે? ૧૮મો બોલ. અધ્યવસાય. મૂળ તો અધ્યવસાય કહેવું છે, હોં! '**સ્વ-પરના એકપણાનો અધ્યાસ હોય ત્યારે...**' સ્વ-પરના એકપણાનો અધ્યાસ. ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્ય અને રાગ ને વિકલ્પ ને શરીર આદિ પર. બેના એકપણાનો અધ્યાસ. અધ્યાસ અધ્યાસ. ટેવ હોય, અધ્યાસ હોય ત્યારે '**(વર્તતાં), વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાપણું...**' ભગવાન વિશુદ્ધ ચૈતન્ય પરિણામ જ્ઞાનાનંદ શુદ્ધ, એના પરિણામથી જુદાપણું '**જેમનું લક્ષણ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**છે એવા જે અધ્યાત્મસ્થાનો...**' અધ્યાત્મસ્થાન એટલે અધ્યવસાય, એમ. અધ્યવસાય.

ભગવાન ચૈતન્ય જ્યોત સ્વરૂપ છે, સ્વપર પ્રકાશની મૂર્તિ આત્મા છે, મહાન પદાર્થ, પદાર્થ તે મહાન પદાર્થ! દુનિયાને પણ આ અસ્તિ દુનિયાની છે જગતની એને અસ્તિનું અસ્તિત્વ જાણનાર આત્મા છે. છ દ્રવ્યનું અસ્તિત્વ, હયાતીની મોજૂદગી જાણનાર જ્ઞાન છે. જડને જડની મોજૂદગીની ખબર છે નહિ. એની બધી મોજૂદગીનું જ્ઞાન જ્ઞાનમાં એને મોજૂદગીનું ભાન છે. એની સત્તા સ્વની મોજૂદગી અને પરની મોજૂદગી બેયને જાણવાના સ્વભાવવાળો ભગવાન આત્મા છે. એથી તે આત્મા મહાન પદાર્થ કહેવામાં આવે છે.

એવા શુદ્ધ ચૈતન્ય સ્વભાવના પરિણામથી જુદા. સ્વ-પરના એકપણાનો અધ્યાસ હોવાથી, હોં! એક છે નહિ ખરેખર. જ્ઞાનાનંદ વસ્તુ તે ચિદાનંદ મૂર્તિ સૂર્ય છે. રાગાદિ ભિન્ન છે પણ એકપણાનો અધ્યાસ એને અનાદિનો છે. સમજાય છે? ટેવાઈ ગયેલો છે, આદત થઈ ગઈ છે. ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ અનાકુળ આનંદનું ધામ પ્રભુ આત્મા છે. એવા આત્મામાં રાગ અને પરને એકત્વનો અભ્યાસ છે એવો જે અધ્યવસાય વિશુદ્ધ ચૈતન્ય પરિણામથી જુદા. '**વિશુદ્ધ ચૈતન્યપરિણામથી જુદાપણું...**' જોયું? '**જેમનું લક્ષણ છે એવા જે અધ્યાત્મસ્થાનો...**' અધ્યાત્મસ્થાનનો અર્થ અહીં અધ્યાસ થાય છે. '**તે બધાંય જીવને નથી...**' સમજાણું કાંઈ?

સર્વવિશુદ્ધિમાં આવે છે ને? અધ્યવસાય જીવમાં નથી. એ અહીં નાખ્યું. સર્વવિશુદ્ધિમાં આવે છે. ... આવે છે. સમજાણું? ભગવાન ચૈતન્ય જ્યોત શુદ્ધ સ્વરૂપ જ્ઞાનનો ચમત્કાર-વીજળી. જ્ઞાનની વીજળીનો જેમ ચમત્કાર, એવો પ્રભુ ચૈતન્યની વીજળીનો ચમત્કાર, જેમાંથી કેવળજ્ઞાન પ્રગટે. એવા ભગવાન આત્માને અને રાગ પુણ્યના પરિણામને, શરીરને એકત્વ માનવું એવો જે એકત્વ અધ્યવસાય એને અહીંયાં અધ્યાત્મસ્થાનની ભાષા કહી છે. એવા અધ્યવસાયો ભગવાન આત્મામાં નથી. એમાં તો સ્વની એકતારૂપ ભાવ છે તે આત્મામાં છે. પરની અને સ્વની એકતારૂપ એવો ભાવ એમાં નથી. અધ્યવસાય છે ખરો, હોં જગતમાં. સ્વરૂપમાં નથી. અને એવા સ્વરૂપની દૃષ્ટિ કર્યા વિના આ અધ્યવસાય આમાં નથી એવી એને પ્રતીત, ભાન થાય (નહિ). એકલી ધારણા કરે કે આ નથી એમ ન ચાલે એમ કહે છે. કારણ કે જે ચીજ જેમ છે તેમ એના જ્ઞાનમાં ન આવે ત્યાં સુધી એની પ્રતીત શી રીતે કરે? પ્રતીત શી રીતે કરે? વસ્તુ જ ખ્યાલમાં નથી અને ભરોસો કરો. શી રીતે ભરોસો કરે? એથી અનુભૂતિથી ભિન્ન.. અનુભૂતિથી ભિન્ન લીધું છે.

ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ પ્રભુ એની અનુભૂતિ કરતાં એમાં આ અધ્યવસાયો છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આબાળગોપાળ ભગવાન બિરાજે છે અંદર. .. અંદરમાં એ નથી. પ્રભુ છે એમાં, ભાઈ! તને ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**એવાં જે અધ્યાત્મસ્થાનો છે તે બધાંય...**' પુદ્‌ગલના પરિણામ છે, લ્યો ઠીક! સમજાણું? એકપણાનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અધ્યવસાય તો જીવની પર્યાય છે પણ એ સ્વરૂપ ચૈતન્યનું નથી. તેથી તેને પુદ્‌ગલના પરિણામ કહીને જીવમાં નથી (એમ કહ્યું). આહાહા..!

આ વાત ધીમેથી, શાંતિથી જોવે તો.. એમ ને એમ ઉપર ઉપરથી ચાલ્યે જાય ને તો ન .. આચાર્ય એકપણ બોલનો શી રીતે ભાવ કહે છે, એ ભાવનો અંદર એને ખ્યાલ આવવો જોઈએ. શી રીતે કહે છે એવો ભાવ ખ્યાલ આવ્યા વિના એમ ને એમ માની લે અને એમના .. એ ટકી નહિ શકે. સમજાણું કાંઈ? આચાર્યે કહ્યું, ભાઈ! હું એકત્વ-વિભક્તને કહીશ, હોં! પણ '**दाएज्ज**' '**जदि दाएज्ज**' ભાઈ! તું પ્રમાણ કરજે. આહાહા..! '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**' મારા વૈભવથી હું કહીશ. '**जदि दाएज्ज**' કહીશ તો આવી ગયું હતું. '**एयत्तविहत्तं दाएह**' એ તો આવી ગયું હતું. ફરીને કહ્યું '**जदि दाएज्ज**' પ્રમાણ, હોં! પ્રમાણ કરજે, ભાઈ! તારા અનુભવથી તું સિદ્ધ કરજે કે આ વાત કહે છે એ એમ જ છે એમ તારા આત્માથી નક્કી કરજે. અમારું નક્કી કરેલું તારામાં નહિ આવી શકે, એમ કહે છે. અમારું નક્કી કરેલું તને કહીએ પણ એથી તારામાં નહિ આવે ઈ. તારામાં તું નક્કી કર ત્યારે આવશે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'સમયસાર' તો ભરતક્ષેત્રનો કેવળજ્ઞાનનો સૂર્ય!! એવું 'સમયસાર' છે. સંતોએ કોઈ એવી ઘડીએ 'સમયસાર' ઘડાઈ ગયું છે ને.. આહાહા..! કેવળજ્ઞાનીના વિરહ ભૂલવી દે એવી ચીજ છે એ. એવી 'સમયસાર'ની રચના જે થઈ ગઈ. શુભ લગ્ને. શુભ લગ્ને 'સમયસાર' લખાઈ ગયું. માણસ નથી કહેતા? કાગળમાં લખે છે ને? એવે કોઈ ચોઘડિયે 'સમયસાર' થઈ ગયું છે. આહાહા..! એની એક એક કડી, એક એક ન્યાય વસ્તુને સત્યને સિદ્ધિ, સિદ્ધિ કરે છે.

બાપુ! તું આત્મા છો ને બાપુ! ભાઈ! એ આત્મા કોઈ ચીજ છે કે નહિ? તો ચીજ છે તેમાં કોઈ ભાવ ભર્યા હશે કે નહિ? ચીજ છે એ કોઈ ભાવ વિના ખાલી હોય? કોઈ વસ્તુ છે તે એના ભાવ વિના ખાલી હોય? તો એનામાં ભાવ છે. ક્યો? બેહદ જ્ઞાન, બેહદ દર્શન, બેહદ આનંદ, બેહદ વીર્ય, બેહદ સ્વચ્છતા, બેહદ પ્રભુતા. એવા અનંત ભાવોનો ભરેલો ભગવાન છે એ. પણ એમાં આ નથી, હોં! આ અધ્યવસાય એનામાં નથી. નથી એટલે એ ખાલી છે એમ નથી. આનાથી ખાલી છે. પણ પોતાના સ્વભાવ પૂર્ણ અનંત ભાવથી ભરેલો અશૂન્ય છે. ભરેલો અશૂન્ય છે. અધ્યવસાયથી શૂન્ય છે. સમજાણું કાંઈ? આહાહા..! કઠણ માણસને લાગે.

જુઓ! આ શરીર ચાલે, વાણી બોલે એ બધું આત્મા વિના થતું હશે? અરે..! ભાઈ! અહીં તો કહે છે કે અંદર રાગ છે એ આત્માનું કાર્ય નથી અને આત્માના હોવામાં નથી. હવે બાપા તારે શું કહેવું છે? એ આત્મા આત્મા એને કહીએ, ભાઈ! આ નથી માટે તું એમ કહે, લ્યો! આ તો આત્મા માનતા નથી. આત્મામાં રાગ થાય? રાગ કરે કોણ? કે આત્મા નહિ. એ આત્માનો નહિ. દેશનું કરવું. બધા જુઓને. કેટલા તીર્થંકરો થયા. જગતને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈક ઉપદેશ આપ્યો ત્યારે લાભ થયો કે નહિ? લ્યો, આ તો કહે, નિમિત્તથી લાભ થાય નહિ. આ લોકો આત્મા તીર્થંકર કોઈને માનતા નથી એમ કહે છે. ભગવાન! એમ રહેવા દે, હોં! નુક્સાન છે બાપા તને ભાઈ! એના નુક્સાનના પરિણામ આકરા છે, બાપા! એ અત્યારે ચાલશે. અંદર નહિ ચાલે. આહાહા..!

અહીંયાં તો કહે છે, ભાઈ! તીર્થંકરનો આત્મા તો આત્મામાં રહ્યો. વાણી વાણીમાં નીકળી. જેને આત્મા છે એવું જ્યાં ભાન થાય છે એને તો સ્વલક્ષ કરે ત્યારે ભાન થાય છે અને પરલક્ષ છોડે ત્યારે થાય છે. હવે તારે શું કહેવું છે? ભાઈ! સમજાણું કાંઈ? નહિ. એ તો માનતા (નથી). એનાથી લાભ ન થાય તો એને માનતા નથી. લાભ થાય તો માન્યું કહેવાય. ભારે! બાપા! આત્મા પણ ઊંધો પડ્યો એ ક્યાં સુધી ચાલ્યો જાય? નિગોદની દશાને આરાધે એટલો ચાલ્યો જાય છે. ઓહોહો..! અને આરાધે તો કેવળને આરાધે એટલો ચાલ્યો જાય સવળો. આહાહા..!

ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનમૂર્તિ પ્રભુ, એના અંતરના આરાધનથી તો કેવળજ્ઞાન થાય. એનો નકાર કરીને, અવળાનું આરાધન એટલે સેવવું, અજ્ઞાનનું સેવન, ભાઈ! એ તને આત્મા નથી એમ થઈ જશે. હું નથી એમ થઈ જશે અને બીજા નહિ માને એવું તારું સત્ય થઈ જશે. એક શરીરમાં અનંતા, હવે કોણ માને એને આત્મા? એક અંગુલના અસંખ્ય ભાગમાં બટાટાનો કટકો લ્યો જરી, અનંતા જીવ. એક શરીર અને અનંતા જીવ એમાં છે. એક કટકીમાં અસંખ્ય ઔદારિક શરીર, એક શરીરમાં અનંતા જીવ. એને તો માન્યતા રહી નહિ કે હું છું, બીજા કબુલ ન કરી શકે આ આત્મા આવો હશે? આવો આત્મા અનંત! ગપ્પ માર્યા છે. બાપા! આત્માને એણે ગપ્પ માર્યા છે ને ઊંધા એટલે બીજો આત્મા કબુલે એવી એની સ્થિતિ જ રહી નથી. આહાહા..!

એક સૂત્રની વ્યાખ્યા કરતા ભાઈ. એ આચારંગની વાત નથી. કોઈને આળ દઈશ નહિ. ભાષા ભૂલી ગયા એ. ... જે આત્માને આળ આપે છે તે પરને આળ આપે છે અને પરને આળ આપે છે તે આત્માને આળ આપે છે. આળ સમજો છો? શું કહે છે? આળ-આળ નથી કહેતા?

મુમુક્ષુ :- આરોપ, જૂઠા આરોપ.

ઉત્તર :- જૂઠા આરોપ. ઓલો જૂઠું ન બોલતો હોય અને કહેવું કે તું જૂઠું બોલ્યો છો. એમ આમાં આળ કહે છે અહીં. આળ નાખવી. જૂઠું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અભ્યાસ ન મળે. આચારાંગ સૂત્રમાં પહેલા સૂત્રમાં આવે છે. જે કોઈ આત્માને આળ આપે છે કે હું આવો નથી, હું આવો નથી, હું રાગવાળો છું, ફલાણાવાળો છું. એ આત્માને આળ આપે છે, એ પરને આળ આપે છે. જે પરવસ્તુ સાચી છે ચૈતન્ય આદિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એનો નકાર કરે છે. પોતાનો પણ નકાર કરે છે. કરતા... કરતા... કરતા... આળ નાખતા નાખતા હેઠો ઉતરી જઈશ. સમજાણું કાંઈ?

કહ્યું હતું. દિવાન હતા ને, ભાઈ! નહિ? .. દિવાન. એય..! નથી આવ્યા? ગયા છે? મુંબઈ ગયા છે. ધ્રોળના દિવાન હતા ઓલા બ્રાહ્મણ.

મુમુક્ષુ :- મૂળશંકરભાઈ.

ઉત્તર :- મૂળશંકરભાઈ. વ્યાખ્યાનમાં આવ્યા. રાજા આવ્યા હતા, બધા આવ્યા હતા. પછી મૂળશંકરભાઈ જરી મશ્કરા. ઘરે પૂજા કરે શંકરની. મને કહે છે, મહારાજ! આ શું માંડી છે? આત્મા છે ક્યાં? નથી ને. એય..! મૂળશંકરભાઈ! રહેવા દો આવું કહેવાનું. અમે સાંભળ્યું છે કે તમે પૂજા કરો છો. એટલે કંઈક કંઈક કંઈક છે એટલી તો તમને માન્યતા છે. આ નકાર કરવા જશો તો વયું જાશે એટલુંયે. રહેવા દો. મેં સાંભળ્યું હતું કે પૂજા કરે છે. પૂજા કરીને આવે. સવારે વ્યાખ્યાનમાં આવ્યા હતા. ત્યારે ચર્ચા કાઢી. આત્મા-આત્મા શું માંડી છે તમે? શું છે? મૂળશંકરભાઈ! કામદાર હતા દરબારના. દિવાન હતા. શું છે? મૂળશંકરભાઈ! સાંભળ્યું છે મેં. પૂજા કરો છો. શું કરવા કરો છો? કાંઈક છે કે નહિ? કાંઈક છે કે નહિ? ત્યારે ને? આ નકાર નકાર કરવા જાશો તો ઉડી જશે બધું. એય..! વજુભાઈ! આમ તો ડાહ્યો માણસ. બોલતો બંધ થઈ ગયો, બોલતો બંધ થઈ ગયો. રહેવા દો, હોં! મશ્કરી ન થાય. આત્મા નથી. તમે આ બધી આત્મા વિના શેની માંડી છે? એમ ન હોય. મશ્કરી ન હોય. ઉડી જશો કો'ક દિ' હોં! આટલી આસ્થા છે ને તોડી હજી? કે શંકર છે ને હું પૂજા કરું અને મારું સારું થાય. એટલું જરી છે (એ પણ) ઉડી જશે. ન દયો આળ. એમ ન કરો. આળ ન નાખો. આત્માને એમ ન કરો. મૌન થઈ ગયા.

એમ આ ભગવાન આત્મા જેવો અનંત ગુણનો પિંડ પ્રભુ છે એવડો હું નથી, આવડો હું નથી, આવડો હું નથી, હું આવો છું એ આળ આપે છે આત્માને. બાપા! એ આત્માની દશા હિણી થઈ જશે. આહાહા..! કહો, વજુભાઈ! ત્યાં કાંઈ પોપાબાઈના રાજ નથી. ન્યાયથી તોળાય છે અંદરમાં. અંદરમાં ન્યાયથી તોળાય, હોં! બહાર કોઈ ન્યાય કરનારો નથી. આહાહા..!

કહે છે કે, ભાઈ! એ તું એવી ચીજ છો પ્રભુ! કે તારામાં પર અને સ્વની એકત્વની બુદ્ધિનો અધ્યવસાય એ તારામાં નથી. સમજાય છે કાંઈ? એવા આત્માને અમે આત્મા કહીએ છીએ. અને તું એવો છો. તું છો. નજર કરીને જો. નજર કરીને નિહાળ. નજર કરીને નિહાળ. અધ્યવસાય તારામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ ૧૮ બોલ થયા.

'**જુદી જુદી પ્રકૃતિઓના...**' જુઓ! કેટલું સિદ્ધ કરતા જાય છે! પ્રકૃતિઓ છે. આ આખું જૈનશાસન વ્યવહારનું એ બધું સિદ્ધ કરતા જાય છે. એમ નહિ કે આ બધું છે. '**जो इंदिये जिणित्ता**' ત્યાં કહ્યું હતું ત્યાં પણ ઇન્દ્રિયો પાંચ છે એ શરીરના અવયવ રૂપ છે એમ સિદ્ધ કરતા ગયા છે. શરીરરૂપે થયેલી જે પાંચ ઇન્દ્રિયો તે ઇન્દ્રિયો જડની (છે),

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તે આત્મામાં નથી. એમ કરીને ઈન્દ્રિયો પાંચ અને આકાર એ બધું સિદ્ધ કરતા જાય છે. ખંડ ખંડ ઈન્દ્રિય સિદ્ધ કરતા જાય છે. એના વિષયો સિદ્ધ કરતા જાય છે. '**जो इंदिये जिणित्ता**' તો ત્રણે સિદ્ધ કર્યું. ખંડ ઈન્દ્રિયની યોગ્યતા, જડ ઈન્દ્રિયની પર્યાયની .. અને વિષયો છે. પણ તેનું લક્ષ છોડીને આત્મા અતીન્દ્રિયની દૃષ્ટિ કરે ત્યારે તે ઈન્દ્રિયને જીતી કહેવાય. ત્યારે તે સમ્યગ્દૃષ્ટિ (થાય). એમ કરીને ઓલી વસ્તુ છે એમ સિદ્ધ કરતા જાય છે. સર્વજ્ઞે વ્યવહારે જે જોયું તે બધું (સિદ્ધ કરતા જાય છે). આ શરીર પાંચ છે એમ કીધું છે ને? પાંચ શરીર છે. ક્યાં છે બીજે ઠેકાણે આવી વાત? આઠ કર્મ છે. બીજે ક્યાં છે એવી વાત? વસ્તુમાં નથી. એના અસ્તિત્વમાં છે. સમજાણું કાંઈ? આહાહા..! જેનો નિષેધ કરતા જાય એ ચીજ છે એમ સાબિત કરતા જાય છે.

મુમુક્ષુ :- એક બાજુથી સિદ્ધ કરે, એક બાજુથી કાઢી નાખે.

ઉત્તર :- આમ વસ્તુ છે કે નહિ? આમાં નથી. પણ એમાં છે કે નહિ? સમજાણું કાંઈ? કોઈ ઉડાવી દે કે ના, ના એ કાંઈ નથી ને એકલો આત્મા (છે). એમ નથી. આહાહા..!

કથન શૈલી પહેલેથી જ એવી ઉપાડી છે. '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण। पोग्गलकम्मपदेसट्ठिदं**' જુઓ! સિદ્ધ કર્યું. પુદ્ગલ છે, કર્મ છે એમાં સ્થિત થાય તે પરસમય. એમ કહીને સિદ્ધ કર્યું છે. એ છે. ભ્રમ નથી. પહેલેથી જ શૈલી ઉપાડી છે એ. જૈનશાસનનો વ્યવહારનો વિષય પણ સિદ્ધ છે, એ વસ્તુમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? બેય છે. બેય છે પણ એક અંદરમાં નથી અને એક બાહ્ય છે. એમ છે. બેય છે તો બેય અંદરમાં છે એમ નથી. સમજાણું કાંઈ?

જુઓ! શું અહીં કહે છે હવે? '**જુદી જુદી પ્રકૃતિઓના રસના પરિણામ જેમનું લક્ષણ...**' જેટલી પ્રકૃતિઓ છે કર્મની એ સિદ્ધ કરે છે. એ '**પ્રકૃતિઓના રસના પરિણામ...**' એના અનુભાગની પર્યાય. છે ને ૧૯મો બોલ? ઓહોહો..! રચના તે પણ સર્વજ્ઞની...! 'કુંદકુંદાચાર્ય'ની રચના...! કર્મગ્રંથ આખો 'ગોમ્મટસાર' સિદ્ધ કરતા જાય છે બધું. '**જુદી જુદી પ્રકૃતિઓના...**' જુઓ! પ્રકૃતિ જુદી જુદી છે. પાછા એક જ કર્મ છે એમ નહિ. કર્મના દરેકની પ્રકૃતિ જુદી છે. જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીનીય નવ, નામની ત્રાણું, મોહનીયની અઠ્યાવીશ હતી.

'**જુદી જુદી પ્રકૃતિઓના રસના પરિણામ...**' એ પ્રકૃતિ એનો સ્વભાવ. પણ એનો રસ અનુભાગ જે છે એના જે પર્યાય '**જેમનું લક્ષણ એવાં છે...**' જેમનું. કોનું? અનુભાગસ્થાનનું. '**અનુભાગસ્થાનો...**' કર્મના રસના અનુભાગસ્થાન કર્મમાં છે. સમજાય છે? જેમનું લક્ષણ છે. છે.. છે.. છે... કરતા જાય છે ને. '**એવા છે જે અનુભાગસ્થાનો તે બધાંય જીવને નથી...**' ભગવાન ચૈતન્યમૂર્તિમાં એ અનુભાગસ્થાન નથી. એ તો અતીન્દ્રિય આનંદના રસવાળો છે. એ કર્મના અનુભાગના રસવાળો નથી. આહાહા..! સમજાણું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'તે બધાંય જીવને નથી...'** ત્યારે કહે, જુઓ! જીવને નથી-સિદ્ધને નથી એમ વળી કહે કેટલાક. સિદ્ધને નથી. અમારાય નથી? ભાઈ! આ તને નથી એમ કહે છે. સાંભળને. સિદ્ધને નથી એ તો થઈ ગયા એકલા સિદ્ધ અવસ્થાએ. અહીં તો કહે છે કે તને વસ્તુમાં નથી. એવો વસ્તુનો નિર્ણય ન કર ત્યાં સુધી તને સમ્યક્ શ્રદ્ધા અને આત્મજ્ઞાન થશે નહિ. અને સાચું શ્રદ્ધા-જ્ઞાન થયા વિના તારી ચારિત્રદશાની રમણતા ક્યાંથી આવશે? જે ચીજ છે એવી તો પ્રતીતમાં અને જ્ઞાનમાં આવી નથી. તો સ્થિર તો ત્યાં થાવું છે. હવે દૃષ્ટિમાં અને જ્ઞાનમાં આ ચીજ આવી નથી. સ્થિર ક્યાં થાવું? ચારિત્ર ક્યાંથી આવશે તને? સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, એ અનુભાગસ્થાનો... છે ને વિપાક અનુભવ. બધો વિપાક કર્મનો આવે એને અનુભવવો પડે. કહે છે, ના. એ તો અજીવની પર્યાય છે. એ જીવને અનુભવાય નહિ. જીવ અનુભવે તો વિકારને. પણ એ વિકાર પણ દ્રવ્ય સ્વભાવમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ વીતરાગ માર્ગને ઓળખવા માટે બાપુ! કાંઈ અંદર.. પ્રાણભાઈ! .. એને ખ્યાલ ન આવે. એમ ને એમ અનંત કાળ ગુમાવ્યો છે. એમ ઓઘે ઓઘે સમજ્યા વિના અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો. તોપણ આ મૂળ વસ્તુ અંદર શું ચીજ છે એનું ભાન નથી કર્યું. આહાહા..! ૧૯ થઈ.

હવે **'કાયવર્ગણા,...'** આ કાયાના સમૂહ, પરમાણુઓ શરીરના **'વચનવર્ગણા...'** સમૂહ. **'અને મનોવર્ગણાનું કંપન જેમનું લક્ષણ છે...'** એનો અર્થ એ છે કે વર્ગણા નિમિત્ત છે અને કંપન જેમાં થાય છે. **'જેમનું લક્ષણ છે એવા જે યોગસ્થાનો...'** અંદર યોગ કંપનના સ્થાન. **'તે બધાંય જીવને નથી...'** આ વર્ગણાનું કંપન્ન એ તો નથી પણ એના નિમિત્તમાં કંપે જીવને યોગભાવ એ પણ જીવમાં નથી. સમજાણું કાંઈ? આમ તો ત્રણનું કંપન લીધું ભાષા. એ તો જડની પર્યાય છે. પણ એ નિમિત્તના કંપનની જોડે એક આત્માનું કંપન પર્યાયમાં થાય યોગનું એ પણ આત્મામાં નથી. સમજાણું કાંઈ? ક્યારે? એ દ્રવ્યમાં અત્યારે નથી. વાત આવી ગઈ છે ને પહેલી? **'મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ જેમનાં લક્ષણ છે એવા જે પ્રત્યયો તે બધાય જીવને નથી...'** વસ્તુમાં ક્યાં છે? એ શરીરની પર્યાયનો ભેદ તો જુદો પડાવે છે. અભેદ દૃષ્ટિ કરાવે છે. અભેદ.. અભેદ.. અભેદ.. વસ્તુ ચિદાનંદ સ્વરૂપ, એની દૃષ્ટિ કરવી એનું નામ **'भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो'** ભૂતાર્થ એવો ભગવાન છતો આત્મા, છતો આત્મા, પૂર્ણ આત્મા પરના વિરહવાળો, પરના અભાવવાળો, પોતાના પૂર્ણ સ્વભાવવાળો એવા આત્માની અંતરમાં શ્રદ્ધા અનુભવથી કરવી એનું નામ આત્માને જાણ્યો-માન્યો કહેવામાં આવે છે. સમજાણું?

**'જેમનું લક્ષણ છે એવાં જે યોગસ્થાનો તે બધાંય જીવને નથી...'** ક્ષયોપશમ ને એવું લીધું છે, આ 'જયસેનાચાર્ય'ની ટીકા. યોગ એટલે ક્ષયોપશમ છે ને **'वीर्यांतराय'**?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એ વાત લીધી છે. આમાં એ લીધું છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં. એવો યોગ એટલે કંપન નથી. '**वीर्यांतराय**' માં લીધું છે ને. '**मनोवचनकायवर्गणावलंबनकर्मादानहेतुभूतात्मप्रदेश-परिस्पंदलक्षणानि योगस्थानानि**' પંડિતજી! એમ લખ્યું. '**वीर्यांतरायक्षयोपशमजनित-मनोवचनकायवर्गणावलंबनकर्मादानहेतुभूत**' પાછું આત્મામાં લેવું છે ને. ઓલું તો આલંબન નિમિત્ત.આત્મામાં લેવું છે ને.

'**वीर्यांतरायक्षयोपशमजनितमनोवचनकायवर्गणावलंबनकर्मादानहेतुभूतात्मप्रदेशपरिस्पंदलक्षणानि**' '**तात्मप्रदेशपरिस्पंदलक्षणानि योगस्थानानि**' સમજાણું કાંઈ? એ બધું છે ખરું, હોં! આવી વસ્તુ વીતરાગ સિવાય બીજે હોય નહિ. આલંબન વચનના, મનના આલંબન છે તે નિમિત્ત છે. અને અહીં કંપન થાય એ. કંપનના પ્રકાર ઘણા પડે છે ને પાછા? એ બધા પ્રકાર જીવદ્રવ્યની દૃષ્ટિએ જોતા જીવમાં છે નહિ. સમજાણું કાંઈ? આખું જૈનશાસન વ્યવહારનો વિષય શું છે એ પણ સિદ્ધ કરે છે (અને) વસ્તુમાં નથી એમ સિદ્ધ કરતા જાય છે. સમજાણું?

હવે આમાં ક્યાં .. એમ માણસ કહે. ઓલા સાથે મેળ ખાય. એક પંડિત કહેતા હતા. એ જ કહેતા હતા ને કે એક ફેરી દેવકીનંદન વાત કરતા હતા. દેવકીનંદન પંડિત છે ને? દેવકીનંદન નહિ? બીજા પંડિત કહેતા હતા. બીજા પંડિત એક કહેતા હતા કે દેવકીનંદન એકવાર એમ કહેતા હતા કે ઘોડા દોડેને ઘોડા? ઘોડા ન દોડે ઘોડા? અશ્વ. તો ઓલો કાનસુરી કો'કનો કાન આમ રહી ગયો.. દોડતા દોડતા એટલો જરી ફેર રહે. એટલો વેદાંતને અને જૈનને જરીક ફેર છે. જરીક ફેર છે. વિશેષ નહિ. એ વાત થઈ હતી. ખબર છે? નામ-બામ નથી રાખતા. સમજાણું? એ દેવકીનંદન આમ કહેતા હતા. એક પંડિત કહેતા હતા. દેવકીનંદન આમ કહેતા હતા કે વેદાંતને અને જૈનને એક કાનસુરી જેટલો (ફેર છે). ઘોડા દોડે ને? ઘોડા દોડો ને? ઘોડા દોડે તો કાનસુરીનો ફેર (એમ) અમારી કાઠિયાવાડીની ભાષા છે. તમારે કાંઈક ભાષા હશે. એય! શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એની ભાષા શું છે? તમારી હિન્દી ભાષા શું છે? અમારે એમ કહે કે ઘોડા દોડે તો કાનસુરીનો ફેર પડે. એવી અમારી કાઠિયાવાડી ભાષા છે. ઘોડા બે દોડે તો કાનસુરીનો ફેર પડે. કાનસુરી એટલે કાન જરીક કો'કના આમ રહી ગયા, કો'કના આમ રહી ગયા. એટલો એમ. કહે છે ને? શું કહે છે?

મુમુક્ષુ :- .. ઉંગલીનો ફેર છે. ટચલી આંગળી.

ઉત્તર :- હિન્દુસ્તાનમાં કહેવત હશે. એમ કે આમાં આટલો ફેર એમ તે દિ' કહેતા હતા. અરે..! ઉગમણો-આથમણો ફેર છે, કીધું. ત્યારે દેવકીનંદન ગુજરી ગયેલા. પણ બીજા પંડિત વાત કરતા હતા. એમ નથી. નથી. ક્યાંય મેળ નથી કીધું આ. સર્વજ્ઞ પરમેશ્વરે જોયેલો-અનુભવેલો આત્મા અને આ કહેલા બધા બોલો એ વસ્તુ છે. એવી બીજે ઠેકાણે હોઈ શકતી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી. અહીં શું ફેર? ઉગમણો-આથમણો ફેર છે, કીધું. ઉગમણો-આથમણો. શું કહેવાય? પૂર્વ-પશ્ચિમ. આહાહા..! તેથી તો આચાર્ય આવા બોલને સ્પષ્ટ કરતા જાય છે. છે, રાગના પર્યાયમાં દેખાય સંબંધ, વસ્તુમાં નથી. વસ્તુમાં નથી. આહાહા..! એ સ્યાદ્વાદ એનું નામ. પછી કહે છે. ૨૦ બોલ થયા ને?

**'જુદી જુદી પ્રકૃતિઓના પરિણામ જેમનું લક્ષણ...'** પ્રકૃતિઓના પરિણામ જેનું લક્ષણ. ઓલા રસના પરિણામ હતું ઓલામાં અને આ કંપનમાં. જુદી જુદી પ્રકૃતિઓ છે આઠ કર્મની એના પરિણામ. પ્રકૃતિના પરિણામ એ જેમનું લક્ષણ **'એવાં જે બંધસ્થાનો...'** બંધના પ્રકાર. તે છે, તે છે. **'બધાંય જીવને નથી...'** એ જીવ ભગવાન ચૈતન્ય જ્યોત અરૂપી આનંદઘન સ્વરૂપ છે એમાં એ નથી. એના સ્વરૂપમાં એ રહ્યા. આના સ્વરૂપમાં એ છે નહિ. નથી એમ ના પાડનારો જોર કર્યા વિના ના પાડી શી રીતે શકે? અસ્તિ એમ માન્યું છે કે આ છે... આ છે... આ છે... આ છે મને. નહિ. મારામાં નથી. મારામાં તો જ્ઞાન અને આનંદ છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવથી ભરેલો ભરપુર આત્મા તેને હું આત્મા માનું છું. આ નહિ. એ તે કેટલા જોરે ના, આ નહિ એમ થાય? સમજાણું કાંઈ? એટલે કહે છે કે અનુભૂતિથી ભિન્ન છે. અનુભવના જોરથી આત્માને જાણ્યો કે આ એમાં છે નહિ. સમજાણું કાંઈ? જુઓ! આ ચોથા ગુણસ્થાનથી વાત કરે છે, હોં! વાત કરે છે એટલે પોતે તો મુનિ છે. પણ ચોથા ગુણસ્થાનની દશામાં આવો આત્મા જણાય અને મનાય છે, એમ કહે છે. છે તો મુનિ પોતે, છઠ્ઠે ગુણસ્થાને બિરાજમાન. વિકલ્પ ઉઠ્યો છે...

**'જુદી જુદી પ્રકૃતિઓના પરિણામ...'** વળી પ્રકૃતિના પરિણામ. વળી જડને પરિણામ હોય? ઓલામાં હમણાં આવ્યું હતું. અનુભાગ રસના પરિણામ. બાપુ! પરિણામ દરેકને હોય. પરિણામ વિનાની કોઈ ચીજ નહિ. પરિણામ એટલે શું? આ નિશાળનું પરિણામ આવે ઈ? અહીં તો સમયે સમયે દરેકમાં ઉત્પાદરૂપી પર્યાય થાય છે. ઉત્પાદરૂપી પર્યાય તેને અહીં પરિણામ કહે છે. પરમાણુને પરિણામ છે, જડને પરિણામ છે, સમજ્યા? સ્કંધમાં પરિણામ છે, કર્મને પરિણામ છે, આ શરીરના પરિણામ કહેવાય આ. આ અવસ્થા છે ને? એ શરીરના પરિણામ કહેવાય. સમજાણું કાંઈ? એ પર્યાયને પરિણામ કહેવામાં આવે છે. કોઈ કહે કે વળી આત્માને પરિણામ હોય. જડને પરિણામ હોય?

મુમુક્ષુ :- નિશાળમાં છોકરા બેસે એને પરિણામ હોય.

ઉત્તર :- એ તો પરિણામ એનો સરવાળો આવે એ. એમ કે પરિણામ શું આવ્યું? પાસ થયા કે નાપાસ? એમ. એને પરિણામ કહે છે. એમ કહે છે ને? એય..! ભરતજી! શું કહે છે તમારે પરિણામ? રિઝલ્ટ. પરિણામ આવ્યું એમ કહે છે એને. એ અહીં નહિ. અહીં તો દરેક દ્રવ્યના વર્તમાન પર્યાય. પરમાણુ એક આને લ્યો તો આ એનો પર્યાય પરિણામ છે એનું આ. આ સ્કંધ છે એટલે વિભાવ પરિણામ. એકલો પરિણામ લ્યો તો એનો પરમાણુનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિણામ (છે) સમયનો. પરિણામી એક સમયની અવસ્થા તેને પરિણામ કહે છે. એ જડમાં પણ પરિણામ હોય છે. પ્રકૃતિને પરિણામ હોય છે. કર્મને પરિણામ (હોય છે). કર્મ એ પોતે જ પરિણામ છે. કર્મરૂપી પર્યાય એ પુદ્ગલનું જ પરિણામ છે-પુદ્ગલની એક અવસ્થા છે. આહાહા..!

**'જુદી જુદી પ્રકૃતિઓના...'** પાછી જુદી જુદી પ્રકૃતિ. એક એક જુદી જુદી. ૧૪૮. **'તેમના પરિણામ જેમનું લક્ષણ છે એવાં જે** (બંધના પ્રકાર) **બંધસ્થાનો તે બધાંય જીવને નથી...'** એને જીવ કહીએ. એમાં છે (નહિ) એને જીવ કહીએ. એ તો જડ છે. ભગવાન આત્મામાં એ છે નહિ. આહાહા..! સ્વસન્મુખની દૃષ્ટિ વિના આમાં છે નહિ એમ નિર્ણય થશે નહિ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? કેમ કે અનુભૂતિથી ભિન્ન છે. ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત સ્વરૂપથી ભરેલો, એની જે અનુભૂતિ, એનો અનુભવ એનાથી આ ચીજ જુદી છે.

હવે ઉદય સ્થાનોની વ્યાખ્યા કરે છે. ઓલા તો બંધસ્થાનોમાં પ્રકાર પડેલાના. હવે **'પોતાનું ફળ ઉત્પન્ન કરવામાં સમર્થ...'** જોયું! પોતાનું ફળ ઉત્પન્ન કરવામાં સમર્થ. બીજાને દેવામાં સમર્થ, એમ નથી ભાષા. ઓલા કહે છે ને કે કર્મનો અનુભાગ-પાક કોને કહીએ? બીજાને ફળ આપે તો અનુભાગ કહીએ. બીજાને શું આપે? એમ નથી. **'પોતાનું ફળ ઉત્પન્ન કરવામાં સમર્થ...'** એમ છે અહીં. એમ કે કર્મનો અનુભાગ ફળ જીવને આપે. જીવને શું આપે? એ તો જડની પર્યાય છે. સમજાણું કાંઈ? પણ... આ તો મોટું જૈનમાં લાકડું સંપ્રદાયમાં. એ કર્મનો પાક આત્માને ભોગવવો પડે. કર્મ તો જડ છે. જડની પર્યાય આત્મા ભોગવે? આત્મા તો અરૂપી છે. અને ભોગવે એ કર્મના જડના લક્ષમાં જઈ અને વિકૃત અવસ્થા કરે તેને ભોગવે અજ્ઞાની. સમજાય છે? કર્મને કોઈ ભોગવે ત્રણ કાળમાં એમ બનતું નથી. ત્યારે કહે, અનુભાગ કહ્યો ને? એ કહે છે અહીંયાં, જુઓને!

**'પોતાનું ફળ ઉત્પન્ન કરવામાં સમર્થ...'** જે પડ્યા હતા સસ્તામાં રજકણો કર્મરૂપે એ પોતાનું ફળ ઉત્પન્ન કરવામાં સમર્થ કર્મ અવસ્થા. જોયું! **'કર્મ-અવસ્થા જેમનું લક્ષણ છે...'** **'પોતાનું ફળ ઉત્પન્ન કરવામાં સમર્થ કર્મ-અવસ્થા...'** એક એક વાત ક્યાંય... **'પોતાનું ફળ ઉત્પન્ન કરવામાં સમર્થ...'** એવી કર્મ દશા. કર્મમાં થતી દશા. રજકણમાં થતી દશા, પાકની અવસ્થા થઈ એ દશા. બંધમાંથી પાકની દશા થઈ એ દશા. જડમાં દશા છે, હોં! કર્મના અનુભાગની દશા છે. એ જેમનું લક્ષણ એવા ઉદયસ્થાન. હવે એને ઉદયસ્થાન કીધા. અહીં તો કહે કે ઓલા કર્મનો ઉદય આવે એટલે આત્માને વિકાર કરવો પડે. એ ઉદય. એમ નહિ. એ વાત ક્યાં છે અહીં? ઉદયસ્થાન તો ત્યાં હોય છે એની જડની દશામાં.

મુમુક્ષુ :- .. સમર્થ ને?

ઉત્તર :- કોનામાં? એ જ કીધું. એના માટે તો ખુલાસો કર્યો. કોને આપે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'પોતાનું ફળ ઉત્પન્ન કરવામાં સમર્થ...'** ભાષા તો જુઓ! એ કર્મ સત્તામાં અનુભાગ શક્તિ સહિત પડ્યા હતા. એ ઉદયમાં આવ્યા. ફળ દેવાને પાકમાં આવ્યા. એ કોની અવસ્થા છે? કર્મની અવસ્થા છે. જીવની નહિ. જીવને આપતો નથી અનુભાગ. **'પોતાનું ફળ ઉત્પન્ન કરવામાં સમર્થ કર્મ-અવસ્થા...'** જુઓ! કર્મ અવસ્થા. એમાં આત્માની અવસ્થા ક્યાં આવી? એવું જે **'લક્ષણ છે એવાં જે ઉદયસ્થાનો તે બધાંય જીવને નથી...'** ભગવાન આત્મા તે ઉદયસ્થાન વિનાનો છે. તને ઉદયસ્થાન નડે છે શું? ઉદય આવ્યો એટલે મારે કરવું પડે. એ વાત જ ખોટી છે કહે છે. તું પરના લક્ષમાં જા છો, તારા અસ્તિત્વને ભૂલે તો ત્યારે વિકાર થાય છે. એ તો કર્મની ઉદય અવસ્થા એનામાં થઈ. આત્મામાં છે નહિ. લ્યો, એ ૨૦ બોલ થયા. ૨૨ થયા. સમજાય છે? એ જીવમાં છે નહિ. એવો ચૈતન્ય સ્વભાવ. આના વિનાનો પરમાનંદ મૂર્તિ એનો અનુભવ કરવો, દૃષ્ટિ કરવી એનું નામ સમ્યક્ છે. પછી એને સ્વરૂપમાં સ્થિરતા થાય એ ચારિત્ર.. વિશેષ કહેશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારતક વદ ૧૦, બુધવાર તા. ૭-૧૨-૧૯૬૬**
**ગાથા -૫૦-૫૫, પ્રવચન-૧૨૨**

'સમયસાર' ચાલે છે. ૨૯ બોલમાં ૨૨ બોલ થયા. ૨૩મો બોલ. અહીંયાં અભેદ ચૈતન્ય સ્વરૂપમાં ભેદરૂપી પર્યાયો વ્યવહારનયનો વિષય છે એ વસ્તુમાં નથી એમ સિદ્ધ કરવું છે. છે ખરા. ચૌદ માર્ગણાઓ પર્યાયભેદે ભેદ છે ખરી ચીજો. એ પણ સિદ્ધ કરે છે. પણ છતાં અભેદ ચૈતન્યની દ્રવ્યદૃષ્ટિ કરતાં અનુભૂતિ એટલે જ્ઞાયકસ્વભાવને અનુસરીને (અનુભવ) કરતાં ભેદ એમાં દેખાતો નથી.

મુમુક્ષુ :- ભેદ એમાં દેખાતો નથી એટલે?

ઉત્તર :- ભેદો આ બધા ગતિ આદિ એમાં છે નહિ. એક સમયનો ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ ચૈત શક્તિ, એકલું ચૈતન્ય સત્ત્વ, સામાન્ય જ્ઞાયકભાવ એવી દૃષ્ટિ કરાવવા અને એવી અભેદમાં એ દૃષ્ટિ હોય છે માટે કહે છે કે એવા અભેદ તત્ત્વની અંદર આવા ગુણસ્થાન આદિના, આ ભેદો માર્ગણાના એ એમાં છે નહિ. પર્યાયદૃષ્ટિએ, વ્યવહારનયે વર્તમાનમાં એના ભેદો છે. એ વાત નથી એમ નહિ. સમજાણું? વસ્તુનો એકરૂપ ચૈતન્ય સ્વભાવ જે ભૂતાર્થ જ્ઞાયકભાવ એમાં આ ભેદો છે નહિ. એ માટે વાત કરે છે.

જુઓ! પહેલી તો '**ગતિ,...**' ગતિ ચાર છે. નરકગતિ, મનુષ્યગતિ, દેવગતિ અને પશુ. ચાર ગતિ અને સામે લ્યો તો અગતિ-સિદ્ધ. એ પાંચેય પર્યાયો સામાન્યજ્ઞાન અભેદ સ્વભાવમાં એ નથી. સમજાણું કાંઈ? જીવ ચૈતન્ય સામાન્ય જ્ઞાયકભાવ એકરૂપ ભૂતાર્થ વસ્તુ. એમાં એ ચાર ગતિ નથી અને ગતિના અભાવરૂપ અગતિ-પર્યાય સિદ્ધની-એ પણ પર્યાય છે (એ પણ નથી). સમજાણું કાંઈ? એવો ચૈતન્ય ભગવાન પરમાનંદ અભેદ સ્વરૂપ એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. નિશ્ચય પરમાર્થે ખરો આત્મા. આ વ્યવહારે પર્યાયનો વ્યવહાર એ આત્મા.

મુમુક્ષુ :- સિદ્ધ ગતિનું ધ્યેય નથી?

ઉત્તર :- સિદ્ધ ગતિનું ધ્યેય નથી. દ્રવ્યનું ધ્યેય છે. ધ્યેયમાં સિદ્ધ ગતિ ન આવે. દ્રવ્ય ધ્યેય છે. સિદ્ધગતિ તો પ્રાપ્ત થાય છે. પણ વસ્તુમાં એ ભેદ નથી. સમજાણું કાંઈ? એક સમયની પર્યાય છે. દ્રવ્ય સામાન્ય ચૈતન્ય ધ્રુવ અભેદ એ પરમાર્થ નયનો જે આત્મા એમાં એ નથી. જેને નય છે એની અપેક્ષાએ વાત ચાલે છે ને? એને તો સિદ્ધ અને સંસારી એ બે પણ વ્યવહારનયનો વિષય ભેદ પડી ગયો. સમજાણું કાંઈ? એકરૂપ સ્વરૂપ એના અંતર વલણમાં એ ભેદો નથી અને એકરૂપ છે એવી દૃષ્ટિના વિષયમાં જીવ કેવો હોય એનું વર્ણન છે.

'**ઇન્દ્રિય,...**' પાંચ ઇન્દ્રિયો અને ઇન્દ્રિય રહિત અણિન્દ્રિય એવી છ પ્રકારની પર્યાયો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જેના દ્રવ્ય અભેદમાં નથી.

મુમુક્ષુ :- ત્યાં ભેદો નથી?

ઉત્તર :- ભેદો નથી. સામાન્ય જ્ઞાયક ચૈતન્ય જે દૃષ્ટિ કરવાનો વિષય છે, પૂર્ણ સ્વરૂપ છે, પૂર્ણઈદં અભેદ એવો જે જીવ સ્વભાવ સામાન્ય એકરૂપ, એમાં પાંચ ઈન્દ્રિયો નથી. આ ઈન્દ્રિયો છે ખરી, હોં! એમ પાછું સિદ્ધ કરે છે. ચાર ગતિ છે, સિદ્ધ ગતિ છે. પર્યાયનયે પાંચેય છે. એ વીતરાગમાર્ગમાં જે છે એ વાત વ્યવહારનો વિષય છે ખરો. અન્યમાં એવું કાંઈ નથી ચાર ગતિ શું અને ફલાણું શું ને સિદ્ધ ગતિ થાય ને આમ થાય ને નિશ્ચય થાય. વસ્તુ છે. પણ એ પર્યાયનયનો, વ્યવહારનયનો વિષય જાણવાલાયક છે. આદરવા લાયકમાં એકરૂપ ચૈતન્ય દ્રવ્ય અભેદ છે તેમાં એ ભેદ છે નહિ. પરમાર્થનયનો જ્ઞાયકભાવ એકરૂપ છે. સમજાણું કાંઈ? જ્ઞાયકભાવમાં તો પ્રમત્ત-અપ્રમત્તના ભેદો કાઢી નાખ્યા. ચૌદ.

'**કાય,...**' પૃથ્વીકાય, અપકાય, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ત્રસ કાય. છ કાયના જીવ પર્યાયદૃષ્ટિમાં એ છ કાય છે અને છ કાય વિના અકાય પણ છે. પર્યાય અકાય પણ છે. આહાહા..! જૈનશાસન વ્યવહારનયનો વિષય જે છે એને પણ સિદ્ધ કરે છે. એ વાત બીજે ન હોય.

મુમુક્ષુ :- અકાય એટલે?

ઉત્તર :- અકાય શું હશે? અકાય શું હશે એ પૂછે છે. સિદ્ધ અકાય છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- છકાય તો સાંભળ્યું હતું, અકાય શું?

ઉત્તર :- અકાય શું છે. છે એમાં. ધવલના ભાગમાં બધા બોલો છે. ધવલના બીજા ભાગમાં. બીજો ભાગ છે ને એમાં આ બધા બોલ છે. ગતિ અને આગતિ, ઈન્દ્રિય અને અણિન્દ્રિય. બધા બોલો છે. બીજો ભાગ છે ને એમાં? કાય અને અકાય. સમજાણું કાંઈ? પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ કાય પર્યાયદૃષ્ટિએ છે. એમ અકાય પર્યાયદૃષ્ટિએ છે. અહીં દ્રવ્યદૃષ્ટિમાં અભેદમાં એનો નિષેધ કર્યો છે. એટલે વ્યવહાર કહે છે કે છે, નિશ્ચય કહે છે, નથી. આનું નામ નય.

મુમુક્ષુ :- કે તું મારામાં નથી.

ઉત્તર :- હું તો એકરૂપ અભેદ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ પરમાનંદ એક સ્વરૂપ છું. અને એક સ્વરૂપની દૃષ્ટિ કરવી એનું નામ જ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એને અંદર વળવું ગોઠતું નથી. એને અભેદ ઉપર આવવું ગોઠતું નથી. ભેદમાં રખડ્યા રખડ-રખડ્યા રખડ (કરે છે). એ માટે આ વાત કરે છે. સમજાણું કાંઈ?

'**કાય,...**' વસ્તુ ભગવાન આત્મામાં કાય કેવી? અને એકેન્દ્રિય આદિ ખરેખર એ જીવસ્વરૂપ જ ક્યાં છે. અને જ્ઞાનસ્વરૂપ તે જીવ છે. એમ 'પ્રવચનસાર'માં આવ્યું નથી. એ કાય જીવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી કહે છે. જ્ઞાનસ્વરૂપ તે જીવ, ચૈતન્ય સ્વરૂપ તે જીવ છે. સમજાણું?

'**યોગ,...**' પંદર યોગ છે. ચાર મન, ચાર વચન અને સાત કાયા. એવા પંદર યોગ છે. કંપન છે, કંપન. એ અભેદ સ્વરૂપ ભગવાન આત્મામાં નથી. પર્યાયમાં છે, હોં પાછું. કંપન આદિ યોગ છે. એની સામે લ્યો તો અયોગ પણ છે ચૌદમાંથી. અયોગ પણ છે. યોગ પણ છે અને અયોગ પણ છે. બેય પર્યાયદૃષ્ટિએ છે. વ્યવહારનયે એ વસ્તુ છે. ભૂતાર્થ છે. ભૂતાર્થ એટલે છે-હયાતીવાળી છે. નથી એમ નહિ. ત્રિકાળની અપેક્ષાએ તેને અભૂતાર્થ કહીને પરમાર્થમાં એ છે નહિ, એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! કહો, સમજાણું? લ્યો! યોગથી ધર્મ થાય? કહો, પંચેન્દ્રિયથી ધર્મ થાય? ઇન્દ્રિયથી ધર્મ થાય? ગતિથી થાય? એમ કહે છે. ના. એમ કહે છે.

મુમુક્ષુ :- પણ પાંચ ઇન્દ્રિય વિના તો ધર્મ..

ઉત્તર :- એ પાંચ ઇન્દ્રિય વિના જ અતીન્દ્રિય આત્માના સ્વભાવથી જ ધર્મ થાય છે, એમ કહે છે.

મુમુક્ષુ :- ચાર ઇન્દ્રિયવાળાને ધર્મ ન થાય.

ઉત્તર :- ન થાય. ન થાય એટલે એની દશામાં ન થાય. પણ થાય કઈ રીતે? ઇન્દ્રિયથી થાય છે? પાંચ ઇન્દ્રિયના લક્ષે ધર્મ થાય છે? ભગવાન જ્ઞાયકસ્વરૂપ અભેદ ચૈતન્ય જીવ સ્વભાવ એને આશ્રયે સમ્યગ્દર્શન અને ધર્મ થાય. ધર્મ છે પર્યાય પણ પર્યાયને આશ્રયે પણ ધર્મ થાતો નથી. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? યોગ અને અયોગ પર્યાયદૃષ્ટિએ બધું છે. સમજાય છે? વેદાંતની જેમ નથી કે બધું બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા. પોતાની અપેક્ષાએ નથી. પણ એની અપેક્ષાએ એ છે. એવી રીતે અહીં તો 'સમયસાર'માં ભગવાન 'કુંદકુંદાચાર્યે' આખું જૈનશાસન નિશ્ચય અને વ્યવહાર સ્વરૂપે શું છે એ બધું સિદ્ધ કરે છે.

'**વેદ,...** ' સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ એ આત્મામાં નથી. પર્યાય વેદનો વિકલ્પ અને અવેદ દશા એ પર્યાય ત્રિકાળ સામાન્ય ધ્રુવમાં નથી. પરમાર્થ નયનો વિષય એકલો આત્મા છે એમાં પર્યાયભેદ નથી. આહાહા..! વેદ અને વેદાતીત, બેયથી અતીત એકલું જ્ઞાયકભાવ સ્વરૂપ, શુદ્ધ ધ્રુવ એના ઉપર વલણ કરતાં યથાર્થ પ્રતીતિ અને ભાન થાય છે. ભેદ ઉપર વલણ કરતાં યથાર્થ પ્રતીતિ થતી નથી. તેથી આ વર્ણન જીવ અધિકારનું કરે છે.

'**કષાય,...**' ક્રોધ, માન, માયા, લોભ અથવા રાગ અને દ્વેષ એ આત્મામાં નથી. પર્યાયમાં છે. પર્યાયમાં ક્રોધ, માન, માયા, લોભ છે અને અકષાય પણ છે. કષાયની સામે અકષાય પર્યાય છે. વસ્તુ દૃષ્ટિએ પરમાર્થનયમાં અભેદમાં એ છે નહિ. ઓહોહો..! કહો, આ બધું...

મુમુક્ષુ :- આખા દ્રવ્યની કદી પ્રાપ્તિ થઈ શકે ખરી?

ઉત્તર :- હા. દૃષ્ટિમાં આખા દ્રવ્યની પ્રાપ્ત થાય છે.

મુમુક્ષુ :- પર્યાય ....

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- પર્યાય પ્રાપ્ત.. પણ દ્રવ્ય આ છે એમ પ્રતીત થાય છે ને. પ્રગટ ન થાય. દ્રવ્ય તો પ્રગટ ક્યાં (થાય છે), એ તો પર્યાય પ્રગટ થાય. એક સમયની પર્યાયમાં આખું આ દ્રવ્ય છે એમ પ્રતીત થાય છે ને. એ આત્મા પ્રાપ્ત થયો એમ કહેવાય. એ જ્ઞાયકભાવ પ્રગટ્યો એમ કહેવાય.

મુમુક્ષુ :- કહેવાય ને? છે નહિ ને?

ઉત્તર :- કહેવાય એટલે એ છે. નહોતો દૃષ્ટિમાં અને પ્રગટ્યો એમ કહેવાય. ૧૧મી ગાથામાં નથી આવ્યું? જ્ઞાયકભાવ તિરોભૂત હતો એ આવિર્ભાવ પામ્યો. એય..! શાસ્ત્રની અપેક્ષા જોવી (જોઈએ ને). જ્ઞાયકભાવ એકરૂપ હતો એ દૃષ્ટિમાં નહોતો. પર્યાય દૃષ્ટિમાં હતી. દૃષ્ટિમાં જ્ઞાયકભાવ આવ્યો તો એ જ્ઞાયકભાવ આવિર્ભાવ પામ્યો એમ કહેવાય. દ્રવ્ય કાંઈ પર્યાયમાં આવી જાય છે? સમજાય છે? ૧૧મી ગાથામાં આવી ગયું છે એ બધું. આવી ગયું ને. બધી સ્પષ્ટ વ્યાખ્યા (થઈ ગઈ છે). આ 'સમયસાર' તો સૂર્ય જગતનો છે. આજ તો બહાર નીકળતા કીધું, 'સમયસાર' એટલે સૂર્ય, 'સમયસાર' એટલે ચંદ્ર, 'સમયસાર' એટલે અદ્વૈત ચક્ષુ. સમજાય છે કાંઈ? દીવાની તો શેની ઉપમા એને (અપાય)? એવી ચીજ આ તે. એ પોતે આ 'સમયસાર' પાછો હોં! આત્મા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વ્યવહાર એટલે આ તો વાણીની અપેક્ષાએ કહેવાય એના શબ્દને. ચૈતન્ય 'સમયસાર' ભગવાન એ મહાસૂર્ય, મહાચંદ્ર, મહા... સમજાય છે? આહાહા..! કેટલી ઉપમા આપી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોની પાસેથી?

મુમુક્ષુ :- 'સમયસાર' હશે બધા પાસે નહિતર .. ઓફિસમાંથી લઈ લેવું. એમ કહે.

ઉત્તર :- અહીં 'સમયસાર' છે અંદર. લે ક્યાં? આહાહા..!

એ ચિંતામણિ એ, કામકુંભ એ, કામધેનુ એ, કલ્પવેલી એ. બધું શું ઘણી ઉપમા આવે છે ને. કામધેનુ, કામકુંભ એમ આવે છે. કલ્પવેલી જે કહો એ બધો આ આત્મા છે. વસ્તુ આત્મા છે મહાકલ્પ. સમજાય છે? અમૃતની નાળિયેરી. નાળિયેરી. અમૃતની નાળિયેરી. એમાંથી અમૃત જ પાકે. 'શ્રીમદ્દે' એમ પત્રમાં લખ્યું છે. અહીં તો અમારે અમૃતની નાળિયેરી આખી છે. સાકરના નાળિયેર કરીને વખાણી માર્યા જગતે.

ભગવાન આત્મા અમૃતની નાળિયેરી છે, બાપુ! પૂર્ણ સ્વરૂપ એમાં આહા..! એ વસ્તુને, વસ્તુ ને એનો સ્વભાવ, એની શક્તિ, એના સત્ત્વની શું (વાત)! અને એ ચૈતન્યમાં આવું ન હોય તો બીજે હોય ક્યાં? જેટલી માહાત્મ્ય અને જેટલી અતિશયતા અને વિશેષતાઓ કહેવામાં આવે એ બધી આત્મામાં છે. આત્મામાં ન હોય તો બીજે ક્યાં હોય? મહા માહાત્મ્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરે આવો, આમ, આમ. તો એ બધું એ જેટલી માહાત્મ્ય, વિશેષતા, અતિશયતા, ચમત્કાર આદિ એ બધું ચૈતન્ય ચમત્કાર છે. પણ અનાદિથી અંશ દૃષ્ટિમાં, અંશ દૃષ્ટિમાં એ વસ્તુ દૃષ્ટિમાં શું છે એની ખબર પડતી નથી. એણે ખબર લીધી નથી કોઈ દિ'. અંતર વળીને આ તે શું છે? એમ ને એમ અનાદિથી બહારના વલણમાં સાધુ થયો બહારનો દિગંબર મુનિ આદિ પણ વલણ એનું અંતર ન રહ્યું. બહાર... બહાર... બહાર... બહાર.. ભગવાન પોતે એક સમયની આડમાં, વિકલ્પની આડમાં આખો પડ્યો છે. કહે છે કે એને કષાય અને અકષાય બેય નથી સામાન્ય વસ્તુમાં. ઓહોહો..! અકષાય પર્યાય છે, કષાય પર્યાય છે. પણ વસ્તુમાં નથી. પરમાર્થ ચૈતન્ય પ્રભુ ભગવાન અભેદ સ્વરૂપમાં એ પર્યાયના ભેદો નથી. સમજાણું કાંઈ?

'**જ્ઞાન,...**' આઠ પ્રકારના જ્ઞાન છે. પાંચ પ્રકારના જ્ઞાન અને ત્રણ પ્રકારના અજ્ઞાન. એ આઠેય દ્રવ્ય સ્વભાવમાં અભેદમાં નથી. આહાહા..! જુઓ! સિદ્ધ પણ કરે છે. કેવળજ્ઞાન દ્રવ્યમાં નથી એમ કહે છે. કેવળજ્ઞાન?

મુમુક્ષુ :- ઉપચાર...

ઉત્તર :- હા, એ તો... શું કરે? કેવળજ્ઞાન ઉપચાર એટલે કે પર્યાયનયે વ્યવહારનયનો વિષય સદ્ભુતનો (છે) એમ ઉપચાર છે. પણ વસ્તુ નથી?

મુમુક્ષુ :- ભેદ જ જાણે છે, અભેદ જાણે નહિ.

ઉત્તર :- લે કેવળજ્ઞાની અભેદ જ જાણે? ભેદ સમય સમયના અવિભાગ પ્રતિચ્છેદને જાણે ભગવાન.

મુમુક્ષુ :- આમાં તો ચોખ્ખું લખ્યું છે.

ઉત્તર :- લખે એટલે શું થયું પણ? પણ શું થાય? કેવળજ્ઞાનનો વિષય, કેવળજ્ઞાન જ આખું શું છે એ વિષય જ આખો ફેરફાર થઈ ગયો. આહાહા..!

કેવળજ્ઞાન તો પોતાના એક સમયની પર્યાયમાં અનંતા સિદ્ધો અને અનંતા નિગોદ અને ત્રણ કાળ ત્રણ લોકના જીવો અને એના એક સમયના એક એક ગુણની એક સમયની પર્યાય અને એના અનંત અવિભાગ પ્રતિચ્છેદ એક સમયના એ પૃથક્ પૃથક્ છે એ ભગવાન જ્ઞાનમાં પૂર્ણ જાણે છે. આહાહા..! એક જણો કહે છે કે એટલા બધા ગાડા ભર્યા હશે? અરે..! ભગવાન! તને ખબર નથી, ભાઈ! જેટલી માહાત્મ્યવાળી ચીજ ઉત્તમમાં ઉત્તમ કહેવાય એ આત્મા ન હોય તો બીજે હોય ક્યાં? અને એનો પર્યાય ધર્મ પૂર્ણ જ્યાં પ્રગટ્યો.. ઓહોહો..! આ તો ત્રણ કાળ ત્રણ લોક છે પણ એથી અનંતગુણો લોક અને બીજું હોય તો એનામાં જાણવાની તાકાત હતી. એનો સ્વભાવ છે એની હદ શું હોઈ શકે? એની મર્યાદા શું અપાય? એને હદ શું કલ્પાય? એવી ચીજ તે એક સમયમાં... સમજાણું?

એક એક ગુણનું (સામર્થ્ય), અનંત ગુણ એક દ્રવ્યમાં એવા અનંતા દ્રવ્યો. એવા એક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

દ્રવ્યમાં અનંતા ગુણો કે લોકાકાશ અને અલોકના પ્રદેશથી અનંતગુણા. એવા અનંતા ગુણો અને એની એક એક સમયની પર્યાય અનંતા ગુણોની. એક એક સમયની પર્યાયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ. એક એક અવિભાગ પ્રતિચ્છેદ પરથી નહિ અને સ્વથી (છે), એવી સપ્તભંગી ઉઠે એક એકમાં. એવા ધર્મથી, સ્વભાવથી ભરેલું તત્ત્વ, એને ભગવાન એક સમયમાં જાણે છે. ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? એમ કહે છે, અભેદ છે ને તો ભેદને ન જાણે એવું આવ્યું છે. કેવળજ્ઞાન છે તે પર્યાય છે. પર્યાય પર્યાયને જાણે? અભેદ છે એ તો અભેદને એક સાથે બધું અભેદ છે એમ જાણે. કહો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રજકણના એક ગુણની એક એક પર્યાયના અનંતા અવિભાગ છેદને એક એકને જાણે, ભાઈ! બાપુ! વિશેષ પર્યાયનો સ્વભાવ, દર્શનનો સામાન્ય છે, જ્ઞાનનો વિશેષ છે. વિશેષના તો જેટલા પ્રકાર પડ્યા છે એ બધાને એક સમયમાં રાગ વિના, અવલંબન વિના એ પરનું અવલંબન છે માટે જાણે (એમ નહિ), એના વિના (જાણે). ભાઈ! એના શું માહાત્મ્ય કહેવા! અહો..! દિવ્યજ્ઞાન! કહ્યું છે ને 'પ્રવચનસાર'માં? દિવ્યજ્ઞાન કોને કહે, બાપુ! આવા જ્ઞાનની અવસ્થા જે પૂરી ન હોય અને પરને ત્રણ કાળ ત્રણ લોકને ઝડપીને ન જાણે અને એ બધા જ્ઞેયો અર્પે નહિ અને આ જોરથી એને ન જાણે તો જ્ઞાન કેવું આ? આહાહા..! વાત એ છે કે એ આત્માનું અને એક એક ગુણની પર્યાયનું કેટલું માહાત્મ્ય છે એને લક્ષમાં વિશ્વાસમાં આવતું નથી, વિશ્વાસમાં આવતું નથી. કેમકે કોઈ દિ' એ જાતનો અભ્યાસ નહિ અને એ જાતના માહાત્મ્ય તરફના વલણનું વીર્ય નહિ. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, પ્રભુ! તારા દ્રવ્યમાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન નથી. ભાષા જુઓ! છે ને? કેટલામો બોલ આવ્યો એ? સાતમો. ચૌદમાં સાતમો બોલ છે એ. એ પુદ્ગલ પરિણામમય એનો ભેદનો આશ્રય વિકલ્પ ઉઠે માટે. એમ કે કેવળજ્ઞાનને પુદ્ગલ પરિણામ લેવા? એમ પૂછે છે. ભેદ છે ને? ભેદનો આશ્રય કરતાં રાગ ઉઠે છે. એ ભેદપણું એ વાસ્તવિક સ્વરૂપ નથી એમ ગણીને તેને પુદ્ગલ પરિણામથી અનુભૂતિથી ભિન્ન કીધા. કેમ કે આત્મા જ્ઞાયકભાવ છે એની અનુભૂતિ કરતા કેવળજ્ઞાનનો ભેદ એમાં દેખાતો નથી. સમજાણું કાંઈ?

વસ્તુ સ્વરૂપ જ્યાં આખું પૂર્ણ છે એમાં આવા કેવળજ્ઞાન ને મતિ ને શ્રુત ને અવધિ ને મનઃપર્યય અને ત્રણ જ્ઞાન, હોં! મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગ. એ આઠ ભેદો એમાં નથી. આહાહા..! ભેદની અપેક્ષાએ તેને પુદ્ગલના પરિણામ કીધા. છે તો એની પર્યાય. પણ ભેદ છે અને એનો આશ્રય કરવા જાય તો વિકલ્પ ઊઠે છે. ઓહોહો..! મોટી જ્ઞાનની તકરારો બધી. કેવળી એમ ન જાણે, પર્યાય પર્યાયને ન જાણે. જુદી જુદીને જાણે? એ તો અભેદ છે. ભગવાન! તે શું કહેવું તારે? સમકિતમાં જ્યાં અભેદની વ્યાખ્યા આમ ગઈ ત્યાં કેવળજ્ઞાન આમ લેવું.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ..

ઉત્તર :- પરસમય ક્યાં છે? એ વાત તો ક્યાંય.. આ તો ભેદ છે એટલે ભેદ અભેદમાં નથી એ અપેક્ષાએ અભેદને ચૈતન્ય કહ્યો ત્યારે આને ચેતન ન કહ્યો એ અપેક્ષાએ. વ્યવહારનયનો એ આત્મા થયો, લ્યો! કેવળજ્ઞાનનો પર્યાય વ્યવહારનયનો આત્મા. સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે. નક્કી કરો. પર્યાય સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે એ વ્યવહારનયનો આત્મા થયો. નિશ્ચય આત્મા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરસમય નહિ. એ વિકાર નહિ. સમજાણું કાંઈ? બાપુ! વીતરાગ માર્ગ તો એવા છે, ભાઈ! આહાહા..!

કેવળજ્ઞાનનો પર્યાય એ સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે. વ્યવહાર થઈ ગયો એ તો વ્યવહાર થઈ ગયો એ તો અભૂતાર્થ થઈ ગયો. કઈ અપેક્ષાએ? ત્રિકાળની અપેક્ષાએ. પોતાની અપેક્ષાએ છે. વ્યવહાર તે અભૂતાર્થ છે. આહાહા..! છે એની અપેક્ષાએ છે. પણ અહીં તો શ્રુતજ્ઞાનીની અપેક્ષાએ વાત લેવી છે ને? સાધકને લેવું છે ને? કેવળજ્ઞાનીને ક્યાં નય છે? પરમાર્થને દેખવું છે, ભેદ છે, નથી એને ક્યાં છે? આ તો જ્ઞાની સાધકજીવને માટે વાત છે. સમજાણું કાંઈ?

કેવળજ્ઞાનીને નય ક્યાં છે? એને નિશ્ચય અને વ્યવહારનય જ ક્યાં છે? એ તો પ્રમાણ આખી વસ્તુ અખંડ થઈ ગઈ. અહીં તો સાધક જીવને માટે જીવદ્રવ્યમાં ભેદ પડે તે જીવદ્રવ્યના સામાન્યમાં નથી. એને સાધન કરવું છે એ સ્વભાવનું એકાકાર થઈને સાધન કરવું છે. પર્યાય ભેદમાં એકાકાર થઈને સાધન થતું નથી. આમ વાત છે. આહાહા..! એની તે લીલા...! એ ચૈતન્ય ભગવાન... કેવળજ્ઞાન કહે છે કે ના. તેરમું ગુણસ્થાન તારું નહિ. ચૌદમું નહિ, એ તો અહીં હમણા બધું કહેશે. આહાહા..! કર્તામાં એટલું ...

'**જ્ઞાન,...**' આઠ પ્રકારના. સમજાય છે? પાંચ પર્યાય જ્ઞાનની અને ત્રણ પર્યાય અજ્ઞાનની. એ આઠેય ભગવાન દ્રવ્ય સ્વભાવમાં છે નહિ. એ આઠપણે વ્યવહારનયે આઠ છે. એ વ્યવહારનયે, હોં! કેવળજ્ઞાન પણ વ્યવહારનયે છે. અંશ છે ને. અંશીનો એક અંશ છે. ઓહોહો..! જૈનમાં રહ્યા પણ જૈનનું વ્યવહાર તત્ત્વ કેવું નિશ્ચય એને પણ સાંભળે નહિ, સમજે નહિ અને અમે ધર્મ કરીએ. આવું ઊંડું હતું જ ક્યાં? એ તો અનાદિનું છે, ભાઈ! એને સાંભળવા મળ્યું નહિ માટે કાંઈ વસ્તુ વઈ જાય છે? સર્વજ્ઞ પરમેશ્વર અનાદિથી અનાદિ કેવળીઓ કહેતા આવે છે. કેવળીઓ છે, ભગવાન બિરાજે છે. આહાહા..! ભરતક્ષેત્રમાં ભગવાનના વિરહ પડ્યા અને એમાં આ બધી તકરાર ઊઠી. વાસ્તવિક પદાર્થ સત્ય વસ્તુ ... એ જ્ઞાનના આઠ ભેદો ભગવાન જ્ઞાયકભાવ પરમાર્થના વિષયમાં એ નથી. એના ઉપર દૃષ્ટિ કરવા જેવી છે અને એમાં ઠરવા જેવું છે. એમ કહે છે. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**સંયમ,...**' સાત પ્રકારના. સંયમ પાંચ છે ને? ચારિત્ર પાંચ. અને અસંયમ ને સંયમાસંયમ. એ પાંચ આવે છે એમાં. સાત-સાત. સાત આવે છે. સમજાય છે? પાંચ સંયમ. સામાયિક, ... અસંયમ, સંયમાસંયમ પર્યાયો છે એ. એ સાત જ્ઞાયકભાવમાં નથી. પરમાર્થનયના અભેદ વિષયમાં એ નથી. જાણવા લાયક છે, આદરવા લાયક તો આ વસ્તુ છે. જ્ઞાયકભાવ એકરૂપ શુદ્ધ છે તે આદરવા લાયક છે. તેને જીવ કહેવામાં આવે છે. તેને પરમાર્થનયે જીવ, નિશ્ચયનયે જીવ કહેવામાં આવે છે કે જેમાં,... જુઓ! સંયમના પ્રકાર ક્યાં છે બીજા આવા? સમજાય છે? જ્ઞાનના પાંચ અને ત્રણ અજ્ઞાન ને બીજે છે? વ્યવહારનો વિષય પણ ભગવાન સિવાય ક્યાંય બીજે છે? સર્વજ્ઞ સિવાય આ વાત બીજે ક્યાં હોય? ત્રણ કાળમાં ક્યાંય ન હોય. પણ ઓલી નિશ્ચયની જ્યાં વાત આવે તો કહે એ વેદાંત જેવું થઈ ગયું, વેદાંત જેવું થઈ ગયું. ભગવાન! તને ખબર નથી. ઓલી ક્રિયાકાંડવાળો જૈન ધર્મ માન્યો છે ને કે આવું કરે ને આવું કરે એ જૈન ધર્મ. એટલે આ જ્ઞાનકાંડની જે ચીજ છે એની એને રુચિ થતી નથી. આવું હોય? આ ખાવું, આ ન ખાવું, પીવું, લેવું, પાપ છોડવું, પુણ્ય કરવું એ કાંઈ વિધિથી કરવી અને અવિધિ ન થાય. એય..! જયંતિભાઈ! તમારે એ બધું ત્યાં. ઉપધાનમાં આમ વિધિ કરવી, આ વિધિ કરવી. પણ શેની વિધિ? એ તો રાગના પરિણામમાં શુભ હોય એનું એમાં પાછું એ બધું સર્વસ્વ. કહે છે, એ આત્મા જ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અપેક્ષાએ છે ને. આની સામેની અપેક્ષાએ વ્યવહારનયનો આશ્રય કરતા વિકલ્પ ઉઠે એ પોતે પુદ્‌ગલ છે એ અપેક્ષાએ પુદ્‌ગલ કહ્યો. કહો, સાત સંયમ નથી આત્મામાં. જડને હશે? હવે એક જણો એમ કહેતો હતો. સાતમી ગાથામાં આવે છે ને. પંડિતજી! સાતમી ગાથા. '**ववहारेणुवदिस्सदि**' 'સમયસાર'ની. '**ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं। ण वि णाणं ण चरित्तं**' એક જણો વાંચીને કહે, લ્યો જ્ઞાનીને જ્ઞાન નહિ, દર્શન નહિ, ચારિત્ર નહિ. ત્યારે અજ્ઞાનીને જડને હશે? અરે..! ભગવાન! ભાઈ! કેમ કહ્યું છે? જ્ઞાની એટલે જ્ઞાનસ્વરૂપ એકકોર દ્રવ્ય. એ દ્રવ્યદૃષ્ટિમાં આવા ત્રણ ભેદ હોય જ નહિ. એમ કહ્યું છે. એમ કહે, લ્યો જ્ઞાનીને (જ્ઞાન નથી). પણ જ્ઞાની એટલે જ્ઞાયક આત્મા. એમ. જ્ઞાયક આત્મા અભેદ એવો જે જ્ઞાની એમાં ત્રણ ભેદ છે નહિ. એમ કહ્યું છે.

**ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं।**
**ण वि णाणं ण चरित्तं दंसणं जाणगो सुद्धो।।७।।**

એ અપેક્ષાએ કહ્યું છે. જ્ઞાનીને આ ત્રણ નહિ ત્યારે જડને હોય? અરે..! ભગવાન! પાછા સાધુ હતો, હોં! મુહપત્તિવાળા. ખબર ન મળે આ શું કહે છે. સાંભળ્યું નહિ. જેના શાસ્ત્ર છે એની એને ખબર નહિ. તો આ બીજાને એને ખબર કરવા જાય તો શી રીતે ખબર પડે? કહો, રતિભાઈ! એવો એ પ્રશ્ન કર્યો હતો, લ્યો. સાતમી ગાથાનો તર્ક કર્યો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લ્યો આ? વળી 'નિયમસાર'નો તર્ક કર્યો ૪૩ ગાથાનો. ક્ષાયિકભાવ એ આત્માને નથી. ક્ષાયિકભાવ તો સિદ્ધને છે. આત્માને નથી આ કેવા લખાણ? હવે સાંભળને! કઈ અપેક્ષાએ વાત છે? દ્રવ્યની અપેક્ષાએ વાત છે. એકરૂપ દ્રવ્યમાં પર્યાયો ક્યાં હતી? પર્યાય તો એક સમયની દશામાં પ્રગટ છે. આખી ચીજ છે એમાં ભેદ ક્યાં હતો? એ વાત છે. એ બતાવવા શુદ્ધભાવ અધિકારમાં ક્ષાયિકભાવ નથી. અહીં કહેશે હમણાં? કહો, સમજાણું?

એ સંયમ યથાખ્યાત ચારિત્ર આત્મામાં નથી એમ કહે છે. સંયમમાં એ આવ્યું ને? પાંચમો બોલ. સામાયિક, છેદોપસ્થાનીય, પરિહાર, સૂક્ષ્મસાંપ્રાય, યથાખ્યાત. એ પાંચ પર્યાય છે, બાપુ! અવસ્થા છે, ભાઈ! એક સમયનો અંશ છે. ત્રિકાળ આખો ભગવાન એકલું સત્ત્વ છે. સત્‌નું સત્ત્વ, સત્ દ્રવ્ય ચૈતન્ય એનું એકલું સત્ત્વ સામાન્ય એમાં આ ભેદ ક્યાં છે. અને એ સત્ત્વની નજર કરવી એનું નામ જ સમ્યગ્દર્શન કહેવાય છે. સમજાણું કાંઈ? ખરો 'સમયસાર' એ છે. નિશ્ચય 'સમયસાર' એ છે એમ કહે છે. અસંયમ પણ નથી, સંયમા સંયમ પણ નથી, યથાખ્યાત ચારિત્ર પણ આત્મામાં નથી. રાડ નાખે. ત્યારે ચારિત્ર પરમાં હશે? કઈ અપેક્ષાએ વાત? દ્રવ્યમાં સામાન્યની અપેક્ષાએ.

'**દર્શન,...**' એની સામે અદર્શન ન હોય. ચક્ષુદર્શન, અવધિદર્શન.. સમજ્યા ને? કેવળજ્ઞાન. બસ એટલું. એની સામે અદર્શન ન હોય જીવમાં કાંઈ. આવી ગયા ચારેય બોલ. ચક્ષુ દર્શન, અચક્ષુ દર્શન, અવધિ, કેવળ દર્શન એમ ચાર સામાન્યમાં નથી. બસ એટલું. દર્શનની સામે અદર્શન ન હોય. અદર્શન હોય તો જડ થઈ જાય. ઓલાની સામે હોય. કષાયની સામે અકષાય, ભેદની સામે અભેદ. આની સામે ન હોય. દર્શન ભેદ ચાર. ભગવાન જ્ઞાયકભાવમાં એ ન હોય. પર્યાયમાં છે, જાણવા લાયક છે. આશ્રય કરવા લાયક ભૂતાર્થ વસ્તુ સામાન્ય જે જીવ સ્વભાવ એકરૂપ પરમાર્થ એમાં એ ચાર દર્શન નથી. લ્યો, કેવળદર્શન નથી એમ કહે છે. આહાહા..! આત્મામાં કેવળદર્શન નથી, કેવળજ્ઞાન નથી, યથાખ્યાત ચારિત્ર નથી. રાડું નાખે ને સમજ્યા વિના.

એકરૂપ વસ્તુ સામાન્ય ધ્રુવના અંદરમાં એ પર્યાયના અંશ ભેદ નથી એવી દૃષ્ટિ. આખું તત્ત્વ પરમાત્મસ્વરૂપ છે. એની દૃષ્ટિ. હવે એને ખબર પણ ન હોય કે પરમાત્મ સ્વરૂપ કોણ હશે? ભગવાન.. ઠરાવ્યો સવારમાં, જુઓને! અંતરયામી. સવારમાં ગવાતું હતું તમારે ત્યાં. અમે નીકળીએને ત્યાં છોકરાઓ (ગાતા હતા). પ્રભુ તું આવો. પણ ક્યાં પ્રભુ કોણ હતો? બીજો કર્તા ભાસ્યો નહિ અને પોતાની મહત્તા ભાસી નહિ એટલે બીજો કોઈ હોય. કોણ બીજો હોય? પણ હોય તો ક્યાંક કોઈ વખતે કોઈને દેખાય કે નહિ? કોને દેખાય? ધૂળેય નથી. ઓલા તો બધા કૃષ્ણ અને રામ એ તો બધા અવતારી જીવો હતા. ઈશ્વર હોય તો.. પણ કોણ જાણે એવી રીતે અનાદિથી પોતાની મહત્તા ભાસી નથી એટલે કોઈપણ બીજી ચીજ મહત્તાવાળી છે, મહામાહાત્મ્યવાળી, મહામાહાત્મ્યવાળી એને ઠરાવી દીધો એ કર્તા. પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તું જ મહા માહાત્મ્યવાળો ભગવાન સાક્ષાત્ છો એની એને ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, દર્શન આવી ગયું.

'**લેશ્યા,...**' લેશ્યા ને અલેશ્યા આવે. કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજો, પદ્મ, શુક્લ અને અલેશી એ છએ પ્રકારની પર્યાયો છે. સાત પ્રકાર. વસ્તુ એકરૂપ સ્વરૂપ ચૈતન્ય બ્રહ્મ ભગવાન, ધ્રુવ સ્વરૂપ. આ તો બધા ઉત્પાદ-વ્યય પર્યાયના વિષયની વાત થઈ. વસ્તુ જે ધ્રુવ સામાન્ય જે મોટો પિંડ અનંત ગુણનો પિંડલો પ્રભુ સામાન્ય, એ પરમાર્થનો વિષય એમાં લેશ્યા નથી. હવે એ લેશ્યાથી ધર્મ થાય એને, કહો. શુક્લ લેશ્યાથી ધર્મ થાય, પદ્મ લેશ્યાથી ધર્મ, શુભયોગથી ધર્મ થાય. શુભયોગથી કહે છે ને ક્ષાયિક સમકિત થાય, લ્યો! અરે.. ભગવાન! શું કરે છે?

ભાઈ! તારા મહત્ત્વના તારા તત્ત્વના એ મોટા સરોવર કુંડ ભર્યો છે મોટો દરિયો, ભાઈ! તારી શક્તિનો સ્વભાવનો સમૂહ એકરૂપ છે. એવો મોટો પદાર્થ એની તને મહિમા નથી આવતી? અને આ મહિમા આને લઈને થાય અને આને લઈને થાય. પણ આ સ્વભાવને લઈને થાય એમ કહે ને. અંદર મૂક દૃષ્ટિ કે એને લઈને તને કેવળજ્ઞાન થાય. સમજાણું કાંઈ? કો'કને પરોપકાર કરીએ પછી આશીર્વાદ આપે. જાવ, તમારું કલ્યાણ થઈ જશે. એમ કલ્યાણ થાતા હશે.

મુમુક્ષુ :- કલ્યાણ એટલે શું પણ?

ઉત્તર :- કલ્યાણ એટલે કાંઈક થાતું હશે, માન્યું હશે કલ્યાણ એટલે. આ સગવડતા હશે. કલ્યાણ તો આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય દશા એનું નામ કલ્યાણ છે. પુણ્ય થાય એ કલ્યાણ ક્યાં હતું.

લેશ્યા નથી. આ ભવ્ય અને અભવ્ય બે ભેદ આત્મામાં નથી. ઠીક! ભેદ છે ને આમ. ભવિ જીવ અને અભવિ જીવ. છે હોં એ બધા. નથી એમ નથી. પર્યાયના ભેદ એકરૂપમાં ભવ્ય-અભવ્યનો ભેદ નથી. આહાહા..! લ્યો, ક્યાં આવ્યું? ભવ્ય અને અભવ્ય તો જીવ છે, એ તો સર્વજ્ઞે જોયેલી ચીજ છે. પણ આ અંતર જ્ઞાયક સ્વરૂપની દૃષ્ટિ કરતાં, આત્માના વાસ્તવિક સ્વરૂપને જોતાં એમાં એ ભેદો નથી. શું કીધું? ભવ્ય, અભવ્ય અને ભવ્યઅભવ્ય રહિત. લ્યો, ત્રણ એમાં લેવા. એમ લેવું. સમજાણું? શું કીધું? ભવ્ય નથી, અભવ્ય નથી, ભવ્યઅભવ્યરહિત .. કહેવું છે. ભવ્યને એમ કહેવાય.

મુમુક્ષુ :- નભવિ, નઅભવિ.

ઉત્તર :- નભવિ નઅભવિ સિદ્ધને કહેવાય છે ને. અભવિ તો નથી પણ ભવિ નથી સિદ્ધ તો. નઅભવિ, નભવિ. ભવિ, અભવિ અને નઅભવિ એ ત્રણેય દ્રવ્યમાં નથી લે એમ કહે છે. દ્રવ્ય. એ ધ્યાનનું ધ્યેય દ્રવ્ય. પરમપારિણામિક ભગવાન આત્મા તે ધ્યેય છે. આવે છે ને, 'સમયસાર'માં બધે આવે છે. 'કળશટીકા'માં ૩૨૦ ગાથા છે. '**दिट्ठी जहेव णाणं**' ૩૨૦ ગાથા. ટીકામાં બહુ સરસ 'જયસેનાચાર્યે' ઘણું લીધું છે. ઘણું લીધું. પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માણસને શાંતિથી પોતાનો આત્મા શું કેમ થાય? કેમ તરે? કેમ ઉતરે? એવી જેને અંદર ગરજ હોય ને તો શાંતિથી જોવે. એમ ને એમ ચાલ્યો જાય છે અનંત કાળ. આહાહા..! જુઓને! ક્યાંય બિચારા ધાર્યા થાય નહિ. મરી જાય. સાધુ આદિ કેટલા જુઓને! એક જણો નહોતો પૂછતો? કે મહારાજ! આ અત્યારના પંચમ આરાના મરણો આમ ટળવળીને મરે એવા સમાધિમરણ હશે? ટળવળે આમ આમ. તરફડીયા મારે. એક શ્રાવકે પૂછ્યું. કારણ કે જેટલા જોયા હોય ક્ષુલ્લકને મરતા. બહુ તૃષા લાગી હોય અને સમાધિ અંદર હોય નહિ. મહારાજ! પંચમકાળનું મરણ આવું હશે? એવો પ્રશ્ન કર્યો. કોઈ કહે મેં એવા તો જોયા ને મરતા આમ શાંત આનંદમાં હોય. આ તો આમ થતા હોય ને આમ થતા હોય ને. સાધુ મરતા જોયા હોય. બાપુ! સમાધિમરણ એવા ન હોય.

ભાઈ! સમાધિ મરણ તો અંતરમાં સ્વરૂપમાં શાંતિનો સાગર ભગવાન છે. એની જેને દૃષ્ટિ થઈ છે. એને તો મૃત્યુ કાળે નિર્વિકલ્પ શાંતિના શેરડા આવે. આનંદનો અનુભવ.. આનંદનો અનુભવ. દુઃખ તો જેની દશામાં નથી. દ્રવ્યમાં તો નથી, દ્રવ્ય-ગુણમાં તો નથી પણ જેની દશામાં દુઃખ નથી. સમજાણું કાંઈ? દુઃખ તો વિકૃત ભાવ (છે). અહીં તો ચૈતન્ય અવિકારી ભગવાનનું શરણ લઈને પડ્યો છે. મહા...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નિર્વિકલ્પ ન હોય, સવિકલ્પ હોય તોપણ શાંતિ હોય છે. નિર્વિકલ્પમાં મરે તો જ સમાધિ એવું કાંઈ નથી. ભલે વિકલ્પ હો. પણ અંદર શાંતિ છે જેટલી સ્થિરતા છે એટલી. એ તો ખ્યાલ હતો મારા અંદરમાં. ન કહ્યું. વળી તમે પૂછ્યું એટલે કીધું. મરતા વખતે નિર્વિકલ્પ હોયને જ મરે એવું કાંઈ નથી. વિકલ્પપણું થઈ જાય કે આ આનંદમાં છું. સમજાય છે? છતાં એ પંડિત મરણ છે. આહાહા..! ત્રણ કષાયનો અભાવ છે, બે કષાયનો અભાવ છે. જે જે ભૂમિકામાં. આનંદમાં છે, આનંદમાં છે. ભલે વિકલ્પ હોય છે. જ્ઞાન પણ હોય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વિકલ્પ ક્યાં મરણ સમાધિ? ઓલો અંદર સ્થિરતા છે ને એ સમાધિ મરણ છે. સમજાણું કાંઈ? શુદ્ધ ઉપયોગ થઈ પણ જાય અને કદાચ શુભ વિકલ્પ પણ રહી જાય. પણ છતાં શાંતિનું વેદન વિશેષ છે. આહાહા..! એ બાપુ! એના ઘર એવા છે કે એ ઘરની વાતું ઘરમાં જાય તો એને ખબર પડે. એવી વાત છે જરી.

કહે છે કે ભવ્ય, અભવ્ય અને ભવ્યઅભવ્ય એ આત્મામાં નથી. લ્યો! એ '**સમ્યક્ત્વ,...**' એના છ પ્રકાર છે. ક્ષાયિક સમકિત, ઉપશમ સમકિત, ક્ષયોપશમ સમકિત, સાસાદન સમકિત મિથ્યાત્વ ને મિશ્ર. છ. એના ભેદો બતાવવા છે ને. ભલે બતાવવું છે સમકિત પણ સામે ભેદ બતાવવો છે. પર્યાયના ભેદ બતાવે ને. છ પ્રકાર છે એ આત્માના જ્ઞાયક એકરૂપ સ્વભાવમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છ પ્રકાર નથી. પર્યાય પર્યાયમાં છે. આહાહા..! અહીં તો કહે કે ક્ષાયિક સમકિત દ્રવ્યમાં નથી. એ તો પર્યાય છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન નથી, યથાખ્યાત ચારિત્ર નથી. આહાહા..! ક્ષાયિક સમકિત એ વ્યવહારનયનો વિષય છે. કેવળજ્ઞાન વ્યવહારનયનો વિષય, યથાખ્યાત વ્યવહારનયનો વિષય, કેવળદર્શન વ્યવહારનયનો વિષય. ઓહોહો..! વિષય નથી એમ નહિ. ત્રિકાળની અપેક્ષાએ તેને અભૂતાર્થ કહીને આશ્રય ભૂતાર્થનો કરાવ્યો છે. પણ અભૂતાર્થ એટલે વસ્તુ જ નથી એમ નહિ. ઘણાં વળી કહે છે કે નહિ વ્યવહારનય? છે કે નહિ વ્યવહાર? માટે એનાથી લાભ છે કે નહિ? આમ મથે, તકરાર કરવા.

વ્યવહારનયનો વિષય છે. જો વ્યવહારનયનો વિષય ન હોય તો તીર્થનો જ નાશ થઈ જાય. ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું, .. એ બધી પર્યાયો છે કે નહિ? પર્યાયો નથી તો વ્યવહારનયનો નાશ-તીર્થનો નાશ થઈ જાય. એ ન હોય તો એટલો અભેદ આત્મા એનો નાશ થાય. અને એને આશ્રયે પર્યાય પ્રગટે એ તો વસ્તુની નિશ્ચયની તો ખબર નથી. સમજાય છે? જૈનશાસન નિશ્ચય અને વ્યવહાર બેયને સિદ્ધ કરે છે. એક આદરણીય છે, એક જાણવાલાયક છે. જાણવાલાયક વિષય છે કે નહિ? કે આકાશના કુસુમ-ફૂલ છે? એમ નથી. આહાહા..! જૈનશાસનની બલિહારી, બાપા! જૈનશાસન એટલે વસ્તુનો સ્વભાવ. સર્વજ્ઞે જોયેલું એવું શાસન. કોઈ વાડો નથી, એ કંઈ સંપ્રદાય નથી આ. અરેરે..! જુઓને! આ વાત અંતરથી સાંભળે અંતરથી સાંભળેને તો એને સમજ્યા વિના રહે નહિ. હું કોણ છું? પણ શું છે? બીજો તપાસવાની મહેનત કરે છે, લ્યો! કેટલી? નામા જોવા હોય તો ચારે કોર (ગોતે). વાણિયાને ચાર આના જો ફર્યા હોય તો કેમ ઘટ્યા? આઠ આનાનું ગ્યાસતેલ બાળે.

મુમુક્ષુ :- .. નથી.

ઉત્તર :- ચાર આના કેમ આમાં ઘટ્યા? .. લઈ ગયા હશે કોણ જાણે. નામું પાક્કું કરે એમાં. કાંઈ ન મળે. એય..! મોહનભાઈ! ભાઈ! તારા પાક્કા નામા તો પ્રભુ પર્યાયમાં આ બધા ભેદો છે, હોં! છતાં વસ્તુમાં નથી એ દૃષ્ટિ કરવી તે પરમાર્થ દૃષ્ટિ છે અને તેને પરમાર્થનો વિષય જીવ કહેવામાં આવે છે. એ સમકિતના છએ પ્રકાર જીવદ્રવ્યમાં નથી.

એમ સંજ્ઞી અસંજ્ઞી. '**સંજ્ઞા...**' શબ્દ પડ્યો છે. પણ સંજ્ઞી અને અસંજ્ઞી લેવું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, એ નહિ. સંજ્ઞી-અસંજ્ઞી લેવું. અહીં સંજ્ઞી અસંજ્ઞી લેવું. આવે છે ને. માર્ગણામાં આવે છે. સંજ્ઞી-અસંજ્ઞી આવે છે. ચાર સંજ્ઞા નથી આવતી. સંજ્ઞી-અસંજ્ઞી. ચૌદ માર્ગણામાં એ બોલ આવે છે. સંજ્ઞી અને અસંજ્ઞી આવે છે. ગોમ્મટસારમાં આવે છે. એ સંજ્ઞી અને અસંજ્ઞીના ભેદો એકરૂપ સ્વરૂપમાં નથી. પર્યાયમાં છે.

'**આહાર...**' અને અનાહાર બેય લેવા. આહારક અને અનાહાર એ પર્યાયના ભેદમાં (છે), વસ્તુમાં નથી. લ્યો! એ '**જેમનાં લક્ષણ છે...**' કેમના? '**એવા જે માર્ગણાસ્થાનો...**'

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ '**જેમના લક્ષણ છે...**' કોણ? આ ચૌદ ભેદો. એ '**જેમનાં લક્ષણ છે એવાં જે માર્ગણાસ્થાનો...**' શોધવાના પ્રકાર. માર્ગણા એટલે ગોતવું. ક્યાં ક્યાં કઈ ગતિમાં કયો જીવ ક્યા દિશાએ છે, એમ. એવા માર્ગણાના સ્થાનો .

મુમુક્ષુ :- જીવને ગોતવાનો ઉપાય.

ઉત્તર :- પર્યાયનયને ગોતવાનો ઉપાય. પર્યાયનયથી. પર્યાયનયે આ જીવ કઈ ગતિમાં, અગતિમાં, લેશ્યામાં, અલેશ્યામાં, ભવ્યમાં, અભવ્યમાં, સમકિતમાં, મિથ્યાત્વમાં એમ. ભાવ માર્ગણા છે, હોં! જુઓ! ભાવમાર્ગણા છે. એ તકરાર ચાલી હતી ને મોટી? સંજુત શબ્દમાં. ઓલા કહે, સંજુત ન જોઈએ. ભાઈ! હોય છે ત્યાં. એ તો ભાવ માર્ગણાની વાત છે. ભાવ સ્ત્રીવેદ હોય? ... દ્રવ્ય સ્ત્રીવેદમાં સંયમ હોતો નથી. એ તો પ્રશ્ન જ નથી. પણ આ લોકોને એવું છે ને પક્ષ થઈ જાય છે ને માણસને. પછી બોલ્યો ને આવું કર્યું, હજારો માણસમાં કહેવાણું એટલે. આ માર્ગણા, ભાવમાર્ગણા છે. સમજાય છે? દ્રવ્યની વાત નથી. ભાવમાર્ગણા છે. શોધે છે પર્યાયમાં જીવ ક્યાં છે? લેશ્યામાં છે? આ ભવ્ય છે? ગતિ ક્યાં છે? સંયમ કેવું છે? એમ ગોતવું પર્યાયમાં એને માર્ગણા કહે છે. એ ભેદો ચૈતન્યમાં, દ્રવ્ય સ્વભાવમાં નથી. કેટલી તકરાર હતી, જુઓને! કેટલા એકબીજા સામે સામા પુસ્તકો લખ્યા, તોય અંતે પાર ન આવ્યું. અંતે સંજુત કાઢી નાખ્યું. હવે એમ કરાય કાંઈ? બાપુ! પોતે આચાર્ય કહે છે કે અમને ભાવમાર્ગણા પ્રત્યક્ષ છે. દ્રવ્ય માર્ગણા પ્રત્યક્ષ નથી. એવો પાઠ છે પહેલા ધવલમાં. એ .. છે ને? .. શબ્દ પડ્યો છે. .. એ શબ્દ એમાં છે. જોયો છે. .. માર્ગણા, ભાવમાર્ગણા .. દ્રવ્ય પ્રત્યક્ષ હોય? સમજ્યાને? વાંચ્યું છે ને. બધું વાંચ્યું હતું. પહેલો ભાગ તો આખો વ્યાખ્યાનમાં વાંચ્યો હતો. ધવલનો પહેલો ભાગ જ્યારે આવ્યોને આખો વ્યાખ્યાનમાં ચાલ્યો. સવારમાં. આચાર્યોની કથની તો અલૌકિક વાત છે! પર્યાયનયનું, વ્યવહારનયનું સ્વરૂપ..

કહે છે કે એ બધાં માર્ગણાસ્થાનો તે બધાંય જીવને નથી. '**કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી (પોતાની) અનુભૂતિથી ભિન્ન છે.**' લ્યો, સરવાળો હવે. આહાહા..! ૨૩ બોલ થયા. ૨૪. '**જુદી જુદી પ્રકૃતિઓનું અમુક મુદત સુધી સાથે રહેવું...**' ભાષા જુઓ! એક તો પ્રકૃતિ ઘણી, પહેલી કર્મની પ્રકૃતિ ઘણી. જુદી જુદી પ્રકૃતિ. અને એનું '**અમુક મુદ્દત સુધી સાથે રહેવું...**' પ્રકૃતિઓનું. કો'કની સ્થિતિ થોડી, કો'કની વધારે બધું હોય છે માટે ફેરફાર છે. સમજ્યા ને?

'**જુદી જુદી પ્રકૃતિઓનું અમુક મુદત સુધી સાથે રહેવું તે જેમનું લક્ષણ છે એવાં જે સ્થિતિબંધસ્થાનો તે બધાંય જીવને નથી...**' મુદત પડે છે કર્મની પ્રકૃતિમાં. કોઈને ચાલીસની, કોઈની સીત્તેરની. એમ આવે છે ને ફેર? કોઈ પંદર ક્રોડાક્રોડીની, કોઈ વીસ ક્રોડાક્રોડીની, કોઈ અઢાર ક્રોડાક્રોડીની. એવી વાત છે. મોટી ઝાઝી. અને કોઈને થોડી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોય. એ ભિન્ન ભિન્ન પ્રકૃતિઓની સ્થિતિ ભિન્ન ભિન્ન જાતની હોય છે. કહો, સમજાણું? એવી સ્થિતિના '**જુદી જુદી પ્રકૃતિઓનું...**' એક તો એ. અને '**અમુક મુદત સુધી સાથે રહેવું...**' એવું જે.. જુઓ! પ્રકૃતિઓનું સાથે રહેવું, હોં! આહાહા..! ઠીક!

'**પ્રકૃતિઓનું અમુક મુદત સુધી સાથે રહેવું...**' એય..! આત્મા સાથે રહેવું એવી તો ભાષા પણ ન લીધી, ભાઈ! ભાષા જુઓને! જઘન્ય સ્થિતિમાં કો'કમાં બાર છે ને અશાતા? બાર મુહૂર્તે બંધાય. ગોત્ર નામ આઠ મુહૂર્તથી બંધાય. અને છેલ્લે અંતર્મુહૂર્તનું બંધાય દસમે. સમજ્યાને? અંતરાય બાંધે તો અંતર્મુહૂર્તનું. ઓલું બાર મુહૂર્તનું, ઓલું આઠ મુહૂર્તનું. પ્રકૃતિઓ ભિન્ન ભિન્ન એક સાથે અમુક મુદત સુધી છે. ઉત્કૃષ્ટ નાની લીધી બધી નીચે ઝાઝી. ઓહોહો..! જૈનશાસનનો વ્યવહાર પણ કેવો છે અને એ ભગવાને જોયું એ બધું સમાડી દીધું. એ સમાડીને કહ્યું છે કે આવા ૨૯ બોલના આટલા પ્રકાર કહ્યા એ જીવદ્રવ્યના અભેદમાં નથી. ભેદના વ્યવહારનયના વિષયમાં એ છે, છે, છે. નથી એમ નહિ. એકદમ ઉડાડી દે કોઈ કે બ્રહ્મ છે અને આ નથી. એમ નહિ. માટે આચાર્યદેવે... હવે આને વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે આચાર્યે? આ બોલ હશે આવા બધા ૨૯ એમાં ક્યાંય? અભેદની વાત કરીને. એકરૂપનો આશ્રય કરે ને ધર્મ થાય. એટલે આવું બધું આવ્યું નહિ. એટલે કહે, વેદાંતના ઢાળામાં ઢાળ્યું. બાપુ!

મુમુક્ષુ :- ... વેદાંતમાં માને છે

ઉત્તર :- પણ આ એકેય વાત કે દિ' હતી વેદાંતમાં? આ છે બધી વાત. નથી નહિ. દ્રવ્યમાં નથી, દૃષ્ટિના વિષયમાં. એમ બતાવવું છે. સમજાણું કાંઈ? શું થાય પણ? જ્ઞાન ઘટ્યા અને ગરજું ઘટી. ગરજું-ગરજું એટલે ગરજ. તત્ત્વને સમજવાની જે વાસ્તવિક સત્યતા શું છે? વાસ્તવિક સત્ય શું છે? મારે કોઈ પક્ષ ન જોઈએ. વાસ્તવિક સત્ય શું છે? કોઈપણ પક્ષકાર બોલતો હોય કે વાડો બોલતો હોય એ નહિ. સત્ય શું છે? એમ શોધે ગરજને એને મળ્યા વિના રહે નહિ. કહે છે..

મુમુક્ષુ :- જૈન ને વેદાંત .. અભેદમાં...

ઉત્તર :- ના ના, વેદાંત ક્યાંય આવ્યો નથી. જરીએ આવ્યો નથી. આવે ક્યાં? ધૂળમાં? આ જે અભેદ છે એમાં એ વેદાંત આવતો નથી અને પર્યાય ભેદમાં પણ ભેદ આવતો નથી. આ તો ભેદ સાપેક્ષ અભેદની વાત કરે છે. સમજાણું કાંઈ? ઓલો તો ભેદ નિરપેક્ષ તદ્દન ભેદ નથી ને એકલો અભેદ છે. તદ્દન જૂઠી વાત. સમજાણું કાંઈ? અભેદમાં ભેદ બિલકુલ નથી. અને અભેદને ભેદની અપેક્ષા પણ નથી. એટલે આ ભેદ હોય તો અભેદની દૃષ્ટિ થાય એમ નથી. પણ ભેદ વસ્તુ નથી? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જરીએ મળતું નથી. એક અંશે કોઈ સાથે મળતું નથી. વેદાંત શું બીજા મત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સાથે એક અંશે પણ મળતું નથી. એય..! રતિભાઈ! વાત તો એવી છે.

મુમુક્ષુ :- થોડોક સમન્વય તો કરો.

ઉત્તર :- જરીએ સમન્વય થાય એવું નથી.

આ તો પૂર્ણાનંદ પ્રભુ પરમાત્માએ જોયેલી આખી વસ્તુ અને તે પણ એના અનુભવમાં, જ્ઞાનમાં આવે એવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વાત .. નથી પણ એ એક જ માને છે. એને અનંત ગુણ અને પર્યાય એ છે ક્યાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થઈ રહ્યું ત્યારે એ આત્મા જ નથી.

મુમુક્ષુ :- એ તો અભેદદષ્ટિએ...

ઉત્તર :- ના, અભેદ દષ્ટિ ખોટી અને એનું અભેદ પણ ખોટું.

અહીં તો અભેદમાં અનંતા ગુણો સમાયેલા છે. પણ અભેદમાં ભેદ દેખાતો નથી અને એને અભેદમાં અનંત ગુણ નથી. ભાઈ! આ તો વાત એવી છે.

મુમુક્ષુ :- એને તો એક બ્રહ્મ છે..

ઉત્તર :- એને બ્રહ્મ છે. (અનંત) આત્મા નથી અને એક દ્રવ્યમાં અનંત ગુણ પણ નથી. પર્યાય તો નથી પણ અનંત ગુણ પણ નથી. છે ક્યાં? એક જ વ્યાપક અદ્વૈત. અવ્યાપક હોય તો કહેનાર કોણ, સમજનાર કોણ? ભૂલ કોણ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ. એકેય અપેક્ષાએ સાચી વાત નથી. આ તો ભાઈ માર્ગ વીતરાગ એવો છે. આહાહા..!

**'જુદી જુદી પ્રકૃતિઓનું અમુક મુદત સુધી સાથે રહેવું...'** જુઓને! ટીકા તે પણ કેવી! **'તે જેમનું લક્ષણ છે...'** એટલા સિદ્ધ કર્યા. જુદી જુદી પ્રકૃતિ સિદ્ધ કરી, જુદી જુદી પ્રકૃતિની જુદી જુદી સ્થિતિ સિદ્ધ કરી છે. અને **'તે જેમનું લક્ષણ છે એવાં જે સ્થિતિબંધસ્થાનો તે બધાંય જીવને નથી...'** એ તો પુદ્‌ગલ પરિણામ છે જ ભલે. સમજાય છે ને?

હવે **'કષાયના વિપાકનું અતિશયપણું જેમનું લક્ષણ છે એવાં જે સંક્લેશસ્થાનો તે બધાંય જીવને નથી...'** અશુભભાવ. એ કષાયના વિપાકનું અતિશયપણું. **'જેમનું લક્ષણ છે એવા સંક્લેશસ્થાનો...'** એ કષાયનું વિપાકપણું અતિશય એ પરિણામ જ એવા છે. **'સંક્લેશસ્થાનો તે બધાં...'** સંક્લેશ એટલે અશુભ. અશુભના અસંખ્ય પ્રકાર. અશુભના અસંખ્ય પ્રકાર છે. દ્રવ્યમાં નથી. સમજાણું કાંઈ? બલિહારી માર્ગની, બાપુ! કહે છે, કષાયના વિપાક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થઈને થયેલો વિશેષતા જેમનું લક્ષણ છે. અતિશય. '**જે સંક્લેશસ્થાનો...**' સ્થાન એટલે ભેદો. સંક્લેશના ઘણા પ્રકાર. તે બધાંય ભગવાન આત્મા, પરમાનંદની મૂર્તિ જ્ઞાયક ભગવાન જે પરમાર્થનયનો અભેદ વિષય, એમાં એ સંક્લેશના સ્થાન બિલકુલ નથી. એ પુદ્‌ગલના પરિણામ છે લ્યો પાછું. હવે એમ લેવું. એ સંક્લેશ અશુભ પણ પુદ્‌ગલના પરિણામ છે. અનુભૂતિથી ભિન્ન છે. સ્વભાવની અનુભૂતિ કરતાં એમાં એનો આશ્રય આવતો નથી. અને જુદા રહી જાય માટે એને આત્મા કહેતા નથી. સમજાણું કાંઈ? ૨૫ બોલ થયા.

'**કષાયના વિપાકનું મંદપણું જેમનું લક્ષણ છે...**' દેખો! આત્માએ પુરુષાર્થ કર્યો અને મંદ થયા એ વાત અહીંયાં લીધી જ નથી. ભાષા જુઓ! '**કષાયના વિપાકનું...**' ફળનું '**મંદપણું જેમનું લક્ષણ છે એવા જે વિશુદ્ધિસ્થાનો...**' એટલે શુભ પરિણામ, શુભ જોગ. શુભ જોગના અસંખ્ય પ્રકાર. શુભ જોગના અસંખ્ય પ્રકાર. લ્યો! એક તીર્થંકરગોત્ર બાંધે એવો એક ભાવ અને એક સાધારણ શાતા બાંધે એવો ભાવ. એવા અસંખ્ય પ્રકારના શુભભાવો છે. એક સાધારણ દયાથી શાતા બંધાય. મહા અનુકંપાની ઉગ્રતા હોય ને શાતા બંધાય. અને એક તીર્થંકરપણાનો .. બંધાય. સમજાણું? એવા શુભના એક આહારક શરીરાદિ બંધાય એવા એવા ઘણા પર્યાપ્ત ત્રસપણું, બાદરપણું આદિના ઘણા પ્રકાર છે. એના એના બાંધવાના પરિણામમાં પણ ઘણી તારતમ્યતા છે. શુભની પણ, હોં! એ બધાં '**કષાયના વિપાકનું મંદપણું જેમનું લક્ષણ છે એવાં જે વિશુદ્ધિ સ્થાનો...**' એ શુભ પરિણામના પ્રકારો '**તે બધાંય જીવને નથી...**' લ્યો, અહીં તો કહે છે, પુદ્‌ગલના પરિણામ (છે). આહાહા..! હવે એ વિશુદ્ધિ સ્થાનથી આત્માને કલ્યાણ થાય. જીવમાં નથી. શુભજોગ, શુભ પરિણામ એ જીવમાં નથી. સંક્લેશ પરિણામ અશુભ કીધા. અહીં તો વિશુદ્ધ લીધા. પછી શુભ લીધા. પહેલા સંક્લેશ બતાવ્યા. જીવદ્રવ્યમાં એ નથી અભેદમાં કેવળજ્ઞાનનો અંશ પણ નથી ત્યાં આ ક્યાં આવ્યા? કહે છે. હવે એને એ વિશુદ્ધ સ્થાનથી તો સમકિત થાય. સમકિત તે દ્રવ્યને આશ્રયે થાય કે શુભયોગને આશ્રયે થાય? શુભયોગ તો દ્રવ્યમાં નથી. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અરે..! શુદ્ધ તો આખો ત્રિકાળ શુદ્ધ જ પડ્યો. દૃષ્ટિમાં લીધો તો પર્યાય શુદ્ધ થઈ ગઈ. ચોથેથી શુદ્ધ થઈ ગઈ. આહાહા..! આખું દ્રવ્ય પૂર્ણાનંદથી ભરેલું અને એની દૃષ્ટિ કરે અને એની શુદ્ધતામાં .. એનો અંશ ન આવે તો એ દૃષ્ટિ જ એને ક્યાં થઈ છે? સમજાણું કાંઈ? આમ વળેલો હતો અને આમ વળ્યો એમાં ફેર વ્યક્તમાં ન પડે તો પછી દૃષ્ટિ થઈ ક્યાં? આહાહા..! આ તો બાપુ! આત્માર્થી જેને હોય એની વાતું છે. સંસારાર્થી તો અનાદિનો છે. એમાં શું છે? હવે તેં શું કર્યું? આહાહા..!

કહે છે એ વિશુદ્ધ કષાય મંદના પ્રકાર છે. સમજાય છે? '**કષાયના વિપાકનું મંદપણું...**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્માનો ત્યાં વિપાક-ફિપાક એમાં નથી કાંઈ. '**એવા જે વિશુદ્ધિસ્થાનો તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી** (પોતાની) **અનુભૂતિથી ભિન્ન છે.**' પોતાના સ્વભાવની અનુભૂતિ થતાં એમાં એ આવતા નથી. ત્યારે એને ખાતરી થાય છે કે આ ભાવ મારામાં નથી. સમજાણું કાંઈ? ૨૬ થયા.

૨૭. '**ચારિત્રમોહના વિપાકની ક્રમશઃ નિવૃત્તિ...**' જોયું! '**ચારિત્રમોહના વિપાકના...**' પાકની. ચારિત્રમોહની ૨૫ પ્રકૃતિ. એની '**ક્રમશઃ નિવૃત્તિ જેમનું લક્ષણ છે...**' ચારિત્રમોહના વિપાકની. અહીં અખંડ પુરુષાર્થ બતાવવો છે ને. એમાં આ ક્યાં પુરુષાર્થથી વળી મંદ પાડ્યું એમ બતાવવું છે. એ તો '**ચારિત્રમોહના વિપાકની ક્રમશઃ નિવૃત્તિ જેમનું લક્ષણ છે એવાં જે સંયમલબ્ધિસ્થાનો...**' લ્યો! એ સંયમ લબ્ધિના પર્યાય સ્થાનો દ્રવ્યમાં નથી. સંયમના ભેદ-પ્રકારો દ્રવ્યમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**એવાં જે સંયમલબ્ધિસ્થાનો તે બધાંય જીવને નથી...**' સંયમલબ્ધિસ્થાન. ગજબ છે ને!

નિર્મળ પર્યાય છે. સંયમલબ્ધિના સ્થાન નિર્મળ પર્યાય છે. હવે કેવળજ્ઞાનને જ્યાં કાઢી નાખ્યું ત્યાં વળી આ ક્યાં? આ છે અને વસ્તુમાં નથી. આ તો પ્રગટ એને સંયમી જીવોને હોય છે. કેવળજ્ઞાન તો સાધકને હોતું નથી. કેવળજ્ઞાન, કેવળદર્શન, યથાખ્યાત હોતા નથી. અને આ તો હોય છે. સંયમલબ્ધિની પર્યાય હોય પણ જીવદ્રવ્યમાં નથી. પરમાર્થનયનો વિષય ભગવાન એમાં એ છે નહિ. એમ અંતરમાં જીવસ્વભાવનો આવો નિર્ણય કરવો એનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**કારતક વદ ૧૧, ગુરુવાર તા. ૮-૧૨-૧૯૬૬**
**ગાથા -૫૦-૫૫, પ્રવચન-૧૨૩**

... એટલે કે આ આત્મા કેવો દૃષ્ટિમાં આવે ત્યારે એને સત્‌નું શરણ મળ્યું કહેવાય અને સત્‌સ્વરૂપ એવો આત્મા કેવો છે એવાની પ્રતીત કર્યે એને ધર્મ થાય, એને દુઃખ દૃષ્ટિ ટળે અને સુખ દૃષ્ટિ થાય. એ વાત ચાલે છે. સમજાણું કાંઈ? ૨૭ બોલ ચાલી ગયા છે.

આ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત જ્ઞાન-દર્શન-આનંદસ્વરૂપ છે આત્મા. એની અંતર દૃષ્ટિથી જોતાં, અનુભૂતિથી ભિન્ન જે કહ્યું છે, ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ પરમ બ્રહ્મ આનંદ શુદ્ધ અભેદ એક સ્વરૂપ આત્મા, એની અનુભૂતિ એટલે અંતર્મુખ દૃષ્ટિ કરતાં એ આત્મા રાગાદિ, પુણ્યાદિ, સંસારના વિકલ્પ આદિ ભેદથી રહિત છે એવી અંતરમાં અનુભૂતિ થવી એ અનુભૂતિથી તે રાગાદિ વિકલ્પો ભિન્ન છે એવું અંતરમાં ભાન થવું તેને આત્માની પ્રાપ્તિ કહે છે, એને અનુભૂતિ કહે છે, એને સમ્યગ્દર્શન કહે છે અને એને સત્‌સ્વરૂપ પ્રાપ્ત થયું એમ કહે છે. એ વિના જ્યાં સુધી શરીર, વાણી, મન, કર્મ અને પુણ્ય-પાપના વિકલ્પો રાગાદિ મારા છે એમ જ્યાં માને છે એને અસત્ય દૃષ્ટિ છે, પાપ દૃષ્ટિ છે, દુઃખ દૃષ્ટિ છે, પરાધીન દૃષ્ટિ છે. એ પરતંત્ર મહા મિથ્યાદૃષ્ટિ એની અનાદિકાળની આ રીતે ચાલી આવે છે. આહાહા..! કહો, રતિભાઈ!

કહે છે, અહીંયાં આવ્યું ૨૭માં. આત્મામાં એક ચારિત્રમોહનું કર્મ નિમિત્ત રૂપે છે એને મંદ થતાં થતાં આત્મામાં સંયમ નામ શાંતિના સ્થાન, સંયમ નામ શાંતિના સ્થાનો પણ ભિન્ન ભિન્ન પડે છે એ પણ વસ્તુના સ્વરૂપમાં નથી. એટલે કે આત્મા પોતાનું પૂર્ણ સ્વરૂપ, શુદ્ધ તરફની દૃષ્ટિ કરતાં, અંતર્મુખ દૃષ્ટિ કરતાં તેનામાં આ રાગની મંદતાથી-કષાય મંદતાથી જે સંયમ, ઈન્દ્રિય દમનથી અથવા છ કાયના હિંસાના અભાવથી અથવા શાંતિના અંશોના પ્રકાર જે ભેદ પડે એ પણ અંતર્મુખ દૃષ્ટિ દેખનારને એમાં આવતા નથી. સમજાણું કાંઈ? વિષય એવો છે કે એણે અનંત કાળમાં, અનંત કાળમાં એણે નજર કરી નથી.

કહે છે કે, એ સંયમલબ્ધિ સ્થાન નથી. આહાહા..! ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ... પૂર્ણ.. પૂર્ણ... અનંત આનંદ આદિથી ભરેલો પદાર્થ છે. ... જોતાં એવા આ ભંગભેદ એના દૃષ્ટિના વિષયમાં દેખાતા નથી અને દૃષ્ટિમાં પણ એ આવતા નથી. સમજાણું કાંઈ? રતિભાઈ! સમજાય છે કે નહિ? સંભળાય છે? સંભળાય છે એમ કીધું મેં. સમજાય નહિ તો. એ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પ્રભુ આત્મા પૂર્ણ... પૂર્ણ... પ્રભુતા અને પરમેશ્વર આદિ અનંત ગુણોનો એ પિંડ પોતે છે આત્મા. એની અંતર દૃષ્ટિએ જોતાં આ બધાં બોલો જે કહેવાય છે એ અંતરદૃષ્ટિએ જોતાં એનામાં એ દેખાતા નથી. સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હવે અહીંયાં પર્યાપ્ત આવ્યું છે. ચૌદ બોલ, જીવના ચૌદ બોલ ભેદરૂપ છે. આ આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા, મન બાંધે છે જ્યારે અંદર બંધાય છે એમાં પૂરા ન બંધાણા હોય એને અપર્યાપ્ત કહે છે, પૂરા બંધાણા હોય એને પર્યાપ્ત કહે છે. એ બધા આત્મ સ્વભાવની દૃષ્ટિએ, અંતર દૃષ્ટિએ જોતાં એમાં એ છે નહિ. પર્યાપ્તપણું તો અહીં છે અહીં બહાર. છ- આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન. એની પૂર્ણ શક્તિ, પૂર્ણ પ્રાપ્તિ છે. પણ એ જડમાં છે. ભગવાન આત્મા અંતર પૂર્ણ આનંદ પ્રભુ, એની અંતર દૃષ્ટિ કરતાં, અનુભૂતિ કરતાં અથવા એ સ્વભાવનો આશ્રય કરીને જોતાં એમાં એ પર્યાપ્તપણું અંદર નજરમાં આવતું નથી. સમજાય છે? વ્યવહારે પર્યાપ્ત છે એમ સિદ્ધ કરતા જાય છે. ચંદુભાઈ!

'**અપર્યાપ્ત...**' જેમ કોઈ પૂર્ણ કામ થાય એને પર્યાપ્ત કહે છે. અપૂર્ણ છે એને અપૂર્ણ કે પૂરું થયું નથી. એમ અંદર છ પ્રકાર આહાર, શરીર (આદિ). માતાના પેટમાં જ્યારે જીવ આવે છે ત્યારે એના છ પ્રકારો ત્યાં થાય છે. પૂર્ણ ન થાય એને અપર્યાપ્ત અને પૂર્ણ થાય એને પર્યાપ્ત (કહે છે). આ શરીરના .... એવી જે અંદરમાં યોગ્યતા એ પણ આત્મામાં નથી. સમજાણું કાંઈ? પર્યાપ્ત-અપર્યાપ્તમાં આ તો નથી પણ એને યોગ્ય જે પર્યાય છે એ પણ અંતરદૃષ્ટિ, એવી દૃષ્ટિએ અંતર્મુખને જોતાં એ આત્મામાં છે નહિ. એવી અંતર દૃષ્ટિ સમ્યક્ સત્ય થાય તેને ધર્મની શરૂઆત થઈ, તે સ્વતંત્ર સુખના પંથે પડ્યો, એની દુઃખ દૃષ્ટિ ટળી, એની સુખ દૃષ્ટિ સત્‌ના સ્વીકારની થઈ. કહો, સમજાય છે કાંઈ?

'**બાદર...**' આ બાદરપણું. શરીરનું છે ને. એની એવી યોગ્યતા હોય છે. આ બાદર. એ પણ આત્માની અંતર દૃષ્ટિએ જોતાં બાદરપણું નથી એનામાં. એમ '**સૂક્ષ્મ...**' જીવો. સૂક્ષ્મ જીવો એકેન્દ્રિય થાય છે. એ અંતર દૃષ્ટિએ જોતા આત્મામાં એ નથી. એ અંતર દૃષ્ટિ અંતરમાં કરવી અને એવો આત્મા અનુભવવો એનું નામ આત્મજ્ઞાન, આત્મદર્શન અને ધર્મ કહેવાય છે. બાકી બધા દુઃખી છે. સમજાણું કાંઈ? એ સુખની દૃષ્ટિ એણે આત્માના પૂર્ણ સ્વરૂપને જોયું, અનુભવ્યું ત્યારે એને સુખ દૃષ્ટિ પ્રગટ થઈ. સુખ દૃષ્ટિ કહો કે સમ્યગ્દૃષ્ટિ કહો કે અનુભૂતિ કહો. એ સુખ દૃષ્ટિમાં આખો ભગવાન પૂર્ણાનંદ પ્રતીતમાં આવે અને દેખવામાં આવે, અનુભવમાં આવે ત્યારે તેને સુખ દૃષ્ટિ થઈ અને સાચો ત્યારે તે થયો. નહિતર એ ખોટો છે. સમજાય છે કાંઈ? એ પછી ભલે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ કરે પૂજા, દાન આદિ, પણ એ પરિણામ વિકલ્પ અને રાગ છે. આત્મામાં એ નથી. અને એનાથી લાભ માનનાર આત્માને વિકારી માને છે તો એની દૃષ્ટિ મિથ્યાત્વ, અસત્ય, જૂઠી, પાપ અને દુઃખદૃષ્ટિ છે. એ દુઃખ દૃષ્ટિ દુઃખના ઊંડા ખાડામાં લઈ જવા માટે છે. કહો, પ્રાણભાઈ! ભારે આકરું. ઓહોહો..! પટેલ! સમજાય છે આમાં? ઝીણી વાત છે. કોઈ દિ' તમારે ત્યાં પૈસામાં આવી ન હોય, ધર્મમાં સાંભળી ન હોય. ધૂળ ધાણી અને વા પાણી. મુસાભાઈના વા પાણી. નથી આવતું? આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અરે..! એની પકડવાની રીત સત્‌ની શું છે એ પણ એણે સાંભળી નથી. સત્ સ્વરૂપ ભગવાન પરમાત્મા પોતે જ સત્‌સ્વરૂપે બિરાજમાન છે. પરમ આત્મ એટલે પરમ સ્વરૂપ પોતાનું છે. એવું જે નિજસ્વરૂપ પૂર્ણાનંદ, એની દૃષ્ટિએ જોતાં આ બધા બાદર અને એકેન્દ્રિય ને બે ઈન્દ્રિય ને ત્રણેન્દ્રિય ને ચતુરિંદ્રિય આ મનવાળું અને મન વિનાનું બધું એનામાં નથી. આહાહા..! કહો, સમજાણું આમાં?

એ '**પંચેદ્રિય જેમના લક્ષણ છે...**' પાંચ ઈન્દ્રિયો. જુઓ! આ પાંચ ઈન્દ્રિયો છે ને આ? કાન, આંખ, નાક, જીભ એ આત્મામાં નથી. એમ ખંડ ખંડ ઈન્દ્રિય જે પાંચ છે એ પણ આત્મામાં નથી. આહાહા..! એ આત્મા એને માન્યો કહેવાય અને એને સ્વીકાર્યો કહેવાય અને એને આસ્તિક કહેવાય, કે જે એક સમયમાં ભગવાન આત્મા એ પાંચ ઈન્દ્રિયોથી પાર જુદો અંદર દૃષ્ટિમાં દેખે. પાંચ ખંડ ખંડ ઈન્દ્રિય ક્ષણે ક્ષણે જાણવાનો જે ભાવ થાય છે ને. આ રૂપ, શબ્દાદિ જાણે છે ને જે જ્ઞાનનો અંશ, એ અંશ પણ ખંડ છે એ પણ આત્માનું ખરું સ્વરૂપ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનીએ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયાં એમાં આત્માને આવી દૃષ્ટિ કરે તેને સાચો જોયો અને એવી દૃષ્ટિ ન કરે તેને ભગવાને ખોટો, અસત્ય અને પાપી જોયો. રતિભાઈ! આરે, આરે..! ભારે વાત! સમજાણું કાંઈ? આ કોઈની સેવા-બેવા કરવાનું આવતું નથી આમાં એમ કહે છે. કો'કની સેવા કરવાનો જે વિકલ્પ છે એ આત્મામાં નથી. પરની સેવા આત્મા કરી શકતો નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એને આ પરની સેવાનો વિકલ્પ ઉઠ્યો છે એ મને લાભદાયક છે એમ માનનાર એને આત્મામાં એ માને છે. આત્મામાં એ માને છે. એ આત્મામાં માનનાર પાપ દૃષ્ટિ, દુઃખ દૃષ્ટિ, અસત્ય દૃષ્ટિ છે. એને સત્યનો આસ્તિક્ય કહેવામાં આવતો નથી. ભારે વાત, ભાઈ! જગતથી ભારે ઊંધી ભાઈ! કહો, પ્રાણભાઈ! આહાહા..!

ભાઈ! તને ખબર નથી, બાપુ! તારી સ્વરૂપ સંપદા,... આ ધૂળની સંપદા નહિ, આ શરીર પણ નહિ, કર્મ પણ નહિ, પુણ્ય-પાપ પણ નહિ, એક સમયનો પ્રગટ અંશ છે એ પણ સ્વરૂપ સંપદા નહિ. આહાહા..! ભાઈ! પ્રભુ! તારી સ્વરૂપ સંપદા એક સમયમાં પરમાત્મા સર્વજ્ઞે પરિપૂર્ણ જોઈ છે. સર્વજ્ઞ પરમેશ્વરે તારા સ્વરૂપની સંપદા પ્રભુ કેવળજ્ઞાનમાં પૂરી છે એમ જોઈ છે. અપૂર્ણ જ્ઞાનાદિનો અંશ વર્તમાન પ્રગટ એ તો વ્યવહાર વિષય જોયો છે. રાગાદિ અને વિકલ્પ જે પુણ્ય, દયા, દાનના એ તો આત્મામાં છે નહિ એમ એમણે જોયું છે. એય..! તને પણ એમ જોવામાં જ્યારે આવે,... અનુભૂતિથી ભિન્ન કહી કહીને એમ કહેવા માગે છે. અને કળશમાં લેશે કળશમાં. કળશ છે ને એ? '**અંતર દૃષ્ટિ વડે જોનારને બધા દેખાતા નથી.**' મૂળ તો એ કહેવું છે અનુભૂતિથી ભિન્ન કહીને. એનો કળશ લેશે ને ભાઈ! પાછળ? '**અંતર દૃષ્ટિ વડે જોનારને દેખાતા નથી.**' એમાં એને નથી. આમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે નથી નથી એમ નહિ. આહાહા..! ભાઈ! તારા રસ્તા,... બાપુ!

અરે..! આ સાંભળવા મળે નહિ બિચારો શું કરે પણ? મરીને એમ ને એમ (ચાલ્યો જાય). ત્યાગી નામ ધરાવે, સાધુ નામ ધરાવે. મરી ગયો કરી કરીને. પણ ભગવાન આત્મા એક સમયમાં પરિપૂર્ણ સ્વરૂપ આખું, એક સમયમાં અભેદ તત્ત્વ છે. અનંત ગુણોનું એકરૂપ તત્ત્વ એ પ્રભુ છે. એની અંતર દૃષ્ટિએ આવું અભેદપણું ભાસે એમાં આવા ભેદો એના અંતર દૃષ્ટિમાં જ્ઞાનીને સમ્યગ્દર્શનમાં કે સમ્યગ્જ્ઞાનમાં ભાસતા નથી. આહાહા..! અને જેના જ્ઞાનમાં એ ભેદ ને રાગ ને પુણ્ય એ મારા ભાસે એને આત્માનો દુશ્મન અને આત્માનો વેરી કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! એણે તો અનંતકાળમાં આત્માને લૂંટ્યો છે. લૂંટી નાખ્યો છે. સમજાણું કાંઈ? ભગવાન આત્માની સંપદા પૂર્ણ છે. એને જોવાની દૃષ્ટિ કર્યા વિના એનામાં જે મારું ભાસે છે એ બધું ભ્રમ અને અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

કહે છે કે એ '**પંચેન્દ્રિય જેમનાં લક્ષણ છે એવા જે જીવ...**'ના ભેદો-પ્રકાર જણાય છે તે પણ બધા જીવ વસ્તુમાં નથી. અનુભૂતિથી ભિન્ન છે. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એની અનુસરીને દૃષ્ટિ કરતાં તેમાં તે ભાસતા નથી. માટે આત્માથી તે ચીજો-જીવસ્થાનના ચૌદ ભેદો-પણ અંતર દૃષ્ટિએ આત્માને જોતાં એમાં દેખાતા નથી માટે જીવમાં એ નથી. ઓહોહો..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જીવના ભેદો-પ્રકારો અભેદ વસ્તુમાં નથી.

જીવના પ્રકારોની દૃષ્ટિ રહે ત્યાં સુધી એની દૃષ્ટિ મિથ્યાત્વ છે, અસત્યનો સ્વીકાર કરનાર છે, દુઃખ દૃષ્ટિ છે અને ઊંડા દુઃખમાં જવા માટે પોષણ કરી રહ્યો છે. શું છે આ? આહાહા..! કહે છે કે એવા બધા જીવમાં નથી. ભાઈ! તને ખબર નથી, બાપુ! શરીર, વાણી, કર્મ ને એ તો આત્મામાં છે જ નહિ. અત્યારે, હોં! પણ અંતરદૃષ્ટિથી આત્માને નિહાળતા, જોતાં, વિચારતાં, અનુભવતાં, વેદતા અત્યારે આત્મામાં એ રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપભાવ નથી. એવા આત્માને અંતરથી દેખવો તેને સમ્યક્ અને સત્ય કહેવામાં આવે છે. આહાહા..! શું કરે? મરી ગયો અનંતકાળથી એમ ને એમ. આ કર્યું ને આ કર્યું. દયાયું કરી, દાન કર્યા, વ્રત પાળ્યાં, તપસ્યા કરી, આ કરી ને બધી હોળી કરી. સાંભળને હવે. એ તો બધા વિકલ્પની જાળું છે. જુગરાજજી! એ વિકલ્પ જે રાગની વાસના પણ ભગવાન આત્માના અંદરમાં નથી. એવી અંતરમાં દૃષ્ટિ કરીને આત્માને આવા ભાવ વિનાનો ભાસવો, ભાળવો એને સમ્યક્ સત્ય અને સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાન કહે છે. એને ધર્મની શરૂઆત ત્યારે થાય છે. ભારે વાતું, ભાઈ! એય..! રતિભાઈ!

ઓહોહો..! ૨૯ બોલ. પાછા ૨૯માં કેટલા પેટા ભેદ! બધું સમાડી દીધું. વ્યવહાર બધો. ભાઈ! વ્યવહારનયના વિષયો તે ભલે હો, પણ તારા સત્યના શરણને માટે આત્મા તેમાં એ નથી. વ્યવહારનયના વિષયો બધા ગુણસ્થાનો રાગાદિ હો, પણ તારે શરણ લેવું છે જેનું,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જેનો આશ્રય કરવો છે, જેનો અનુભવ કરવો (છે) એવો ભગવાન આત્મા એના અંતર દૃષ્ટિના વિષય કરતા એ આત્મામાં આ ચીજ છે નહિ. આવી અંતર દૃષ્ટિ કરવી એનું નામ જ ધર્મની પ્રથમ શરૂઆત કહેવામાં આવે છે. બાકી ધર્મ-બર્મના નામ આપે, પોકાર મૂકે કે ધર્મ કરીએ એ રણમાં પોક છે. સમજાણું કાંઈ? ભારે ધર્મ આવો તો. શું હશે આ? કહો, સમજાણું કાંઈ? એ ૨૮ બોલ થયા. આહાહા..!

હવે ૨૯મો છેલ્લો. કહે છે કે ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનાનંદની મૂર્તિ પરમેશ્વર પદ જ એનું છે, સર્વજ્ઞપદ જ એનું સ્વરૂપ છે. એવા સ્વરૂપથી વિપરીત માન્યતા કે હું રાગવાળો છું, પુણ્યવાળો છું, પુણ્યથી સુખી છું, સાધનથી સુખી છું, રાગ આવ્યો એ મને લાભદાયક છે અને પુણ્યના પરિણામ એ મારા સ્વરૂપને મદદ કરે છે, પાપના પરિણામમાં મને મજા પડે છે એવી જે મિથ્યા પાપદૃષ્ટિ જે છે, એ મિથ્યા પાપદૃષ્ટિ એટલે મિથ્યા નામ અસત્ય દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન પહેલું લેવાય છે, એ અસત્ય દૃષ્ટિનો ભાવ અંતર્મુખ દૃષ્ટિએ જોતાં આત્મામાં એ છે નહિ. આ તે જાણે મોટી વાત ક્યાંની હશે? જાણે ભગવાન પરમેશ્વરની કહેતા હશે? આ પરમેશ્વર થવાની પહેલી વાત છે. રતિભાઈ! ભારે પણ.

ગુમાવ્યા છે ને કાળ એણે. સાધુ થઈને, સાધુ નામ ધરાવીને આ દયા પાળી ને વ્રત કર્યા ને આચાર્ય થયો, આ થયું ને તે થયું, અપવાસ કર્યા અને ઓળી કરાવી ને ઓળી કરાવીને. એ પંડિતજી નહિ સમજે. ઓળી. આંબેલ કરે છે. આંબેલ એટલે કે ઘી-દૂધ ન ખાય. એમ છે શ્વેતાંબરમાં. આપણે પણ આઠમ... એ લોકો શ્વેતાંબરમાં બહુ હોય છે. ઘણાં વર્ષોના વર્ષો કરે. છ ઓળી ને એક અપવાસ. એક અપવાસ એક ઓળી, બે અપવાસ ને એક ઓળી, બે ઓળી ને એક અપવાસ, ત્રણ ઓળીને એક અપવાસ, સો ઓળી ને એક અપવાસ. એમ ચડતા ચડતા. વર્ધમાન તપ કહેવાય એ. મારી નાખ્યા તને, સાંભળને! ચીજ શું છે એની તને ભાન નથી. તારા ઓળામાં વિકલ્પ ઉઠે છે. કદાચ એ રાગનો પુણ્યભાવ છે અને એને તું એમ માને છો કે મેં ધર્મ કર્યો. આત્માનું ખૂન કરે છો. એય..! બહુ આકરી વાત પણ ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

બાપુ! તને ખબર નથી, ભાઈ! તું પરમેશ્વર અંદર આત્મા છે ને? એ વસ્તુ છે કે નહિ કોઈ? અને છે તો એના કોઈ સ્વભાવ, કોઈ સામર્થ્ય, કોઈ શક્તિ, કોઈ સત્‌નું સત્ત્વ, આત્મા સત્ તો એનું કોઈ સત્ત્વ છે કે નહિ? સત્ એનું સત્ત્વ છે કે નહિ? જેમ સાકર છે તો એનું ગળપણું છે, સફેદપણું છે એમ કંઈ આત્મા છે તો એનું કોઈ સત્ત્વ-સત્ત્વ સામર્થ્ય સ્વરૂપ છે કે નહિ કોઈ? તો કહે છે કે ભાઈ! આત્મા છે એનું સત્ત્વ સ્વરૂપ બેહદ જ્ઞાન, બેહદ આનંદ, બેહદ શાંતિ, બેહદ સ્વચ્છતા, બેહદ પ્રભુતા, એવું એનું સત્ત્વ એનું, સામર્થ્ય છે અને એ સામર્થ્ય પૂર્ણ છે. એ પૂર્ણનો ધરનાર ભગવાન આત્મા એકરૂપે પૂર્ણ આત્મા છે. એવા આત્માની અંતર દૃષ્ટિ કરતાં આ મિથ્યાદૃષ્ટિપણું એમાં હોઈ શકતું નથી. એ અસત્યદૃષ્ટિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ત્યાં જોડે આવતી નથી. છૂટી જાય ત્યારે અંતરની દૃષ્ટિ અંતર્મુખમાં થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**સાસાદાન સમ્યગ્દૃષ્ટિ,...**' એક છે બીજા ગુણસ્થાનની દશા. એ પણ આત્માની અંતર દૃષ્ટિએ જોતાં એની દશામાં એ છે નહિ, વસ્તુમાં છે નહિ. એમ '**સમ્યગ્મિથ્યાદૃષ્ટિ,...**' મિશ્ર દૃષ્ટિ થાય છે. પર્યાય છે, હોં! અવસ્થાના ભેદો છે એમ બતાવ્યા. પણ ભગવાન આત્મા વસ્તુએ જે એકરૂપ અભેદ છે તેની દૃષ્ટિ કરતાં તેમાં સમ્યગ્દૃષ્ટિની પર્યાય દેખાતી નથી. એટલે કે એમાં નથી તો કેમ દેખાય? વસ્તુમાં નથી માટે તે અંતરદૃષ્ટિમાં તે દેખાતી નથી. સમજાણું કાંઈ? આરે..! આ કઈ જાતનો ધર્મ? કેટલાક જૈનો .. આ તે આવો આપણે તો કોઈ દિ' આવું સાંભળતા નહોતા. ચોવિહાર કરવો, ફલાણું ખાવું, કંદમૂળ ન ખાવું, ફલાણું કરવું આવું સાંભળીએ છીએ. અપવાસ કરવા, આંબેલ કરવા. એય..! ચંદુભાઈ! નવરંગભાઈ! પાણી ગળવું. આમાં તો ક્યાંય આવતી નથી એ વાત.

મુમુક્ષુ :- શરૂઆત તો ત્યાંથી..

ઉત્તર :- લ્યો, અમારે (કહે છે), શરૂઆત તો ત્યાંથી થાય કે નહિ? ધૂળમાંય થાતી નથી, એમ કહે છે અહીં. આહાહા..! બાપુ! તને ખબર નથી, ભાઈ! સત્સ્વરૂપ પરમાત્મા પોતે સર્વજ્ઞ પરમેશ્વર જે સર્વજ્ઞપણે પ્રગટ થયા, સર્વજ્ઞ પરમેશ્વર જે સર્વજ્ઞપણે કેવળજ્ઞાનપણે પ્રગટ થયા એ ક્યાંથી થયા? એ અંતરના સ્વરૂપમાં આખું પદ જ એવું પડ્યું છે, ભાઈ! તારા ગર્ભમાં પરમાત્મા પડ્યા છે. તારા આત્માના ધ્રુવ પદમાં પરમાત્મા છે. તને ખબર નથી. આહાહા..! આ તે કાંઈ... સમજાણું?

કહે છે કે, એ મિશ્રદૃષ્ટિપણું અંતર દૃષ્ટિએ જોતાં વસ્તુમાં નથી. દૃષ્ટિએ જોતા નથી, હોં! પર્યાયમાં છે તો પર્યાય દૃષ્ટિએ જોવે તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**અસંયત સમ્યગ્દૃષ્ટિ,...**' ચોથું ગુણસ્થાન જે છે અસંયત સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. આત્માનું ભાન થયું શુદ્ધ ચૈતન્ય છું, નિર્મળ આ છું એવું ભાન, પ્રતીત થઈ પણ એ પ્રતીતનો પર્યાય પ્રગટ અંશ છે. એ અંતર્મુખ જોતાં તે પર્યાય તે દ્રવ્યમાં નથી. એય..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? સમજાય છે? નટુભાઈ! ભારે ઝીણું!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કહીએ છીએ ને. હજી કાંઈ જવા નહિ દઈએ.

આત્મા પરિપૂર્ણ શુદ્ધ આનંદકંદ છે, પર્યાયઅંશ જેટલો નહિ, રાગ જેટલો નહિ, એવી જે અંતર દૃષ્ટિ થઈ-સમ્યગ્દર્શન, એ સમ્યગ્દર્શનની પણ પર્યાય છે-અવસ્થા છે. એ અંતરદૃષ્ટિએ આત્મામાં જોતા એ પર્યાય એમાં છે નહિ. અને એ સમ્યગ્દર્શનની પર્યાયનો વિષય સમ્યગ્દર્શન નથી. આરે,આરે...! ફરીને.

મુમુક્ષુ :- ..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- નથી. સમજાણું કાંઈ? બાપુ! આ વાત તો બાપા, અનંતકાળની ભૂખ ભાંગવી હોય એને માટે છે. બાકી તો એમ ને એમ રખડ્યા કર્યો ચોર્યાશીના અવતારમાં. કોઈ વખતે નરકમાં ગયો, કોઈ વખતે ઢોરમાં ગયો અને બહુ પુણ્ય-બુણ્ય કર્યા દયા, દાન, વ્રત ને ભક્તિ ને પૂજા ને. ધૂળમાં સ્વર્ગમાં ગયો. પટક્યો ત્યાંથી પાછો ઢોર અને ત્યાંથી નરક. આહાહા..! એ સત્ વસ્તુના શરણ મળ્યા વિના અને સત્‌ની પ્રાપ્તિ વિના તેના જન્મ-મરણના આરા આવતા નથી. એ સત્ કેવું છે-આત્મા એની અહીં વાત ચાલે છે.

ભગવાન આત્મા એકરૂપ અભેદ સ્વરૂપ છે અંતર્મુખમાં. એની દૃષ્ટિ થઈ. અંતર્મુખમાં અંતર દૃષ્ટિ થઈ તો કહે છે કે અંતરદૃષ્ટિ થઈ એ પર્યાયમાં વિષય તો અભેદ છે. એ અંતર દૃષ્ટિના વિષયમાં તે અંતરદૃષ્ટિનો પર્યાય અંતરમાં નથી. આરે..આરે..! એય..! સમજાય છે કે નહિ? અરે..! આવું તે કેવું તત્ત્વ! એય..! ..જી! આ તો પહેલેથી જ જન્મ્યા હતા જ આમાં. પણ પાછા આઘા વયા ગયા. વળી પાછું કારણ પડ્યું તો પાછા ફર્યા. આ તત્ત્વ... આહાહા..! પ્રભુ! તેં તારી પ્રભુતા કેવડી સત્યથી ભરેલી એની પ્રતીત અનંત કાળમાં તેં કરી નથી. જૈન સાધુ દિગંબર અનંત વાર થયો. નગ્ન હોં! વસ્ત્ર નહિ અને લંગોટી નહિ. માસ માસ ખમણના પારણા, છ છ મહિનાના અપવાસ, હજારો રાણીનો ત્યાગ કરીને સાધુ નામ ધરાવ્યા. મૂઢ પણ આત્મા કોણ છે એને એણે માન્યો નહિ. ત્યારે આત્મા માન્યા વિના આવું કરતા હશે? હવે સાંભળને! આત્મા માન્યા વિના આવું અનંત વાર કર્યું છે. આત્મા કેવડો અને કેમ છે એની દૃષ્ટિ વિના એ બધી રાગની ક્રિયાઓ છે. વ્રતની, ફલાણી ને દયા ને દાનની. એવા અનંત વાર આચાર્ય નામ ધરાવ્યા, સાધુ નામ ધરાવ્યા, શ્રાવક નામ ધરાવ્યા, મુનિ નામ ધરાવ્યા, ઉપાધ્યાય નામ ધરાવ્યા. અનંત વાર થયો પણ એણે આત્મા આવો અખંડાનંદ અભેદ ચિદાનંદ છે એની એણે અંતરદૃષ્ટિ કરી નથી. સમજાણું કાંઈ?

કહે છે કે '**અસંયતસમ્યગ્દૃષ્ટિ,...**' એ જીવના દ્રવ્ય સ્વભાવને અંતર જોતા, અંતર અભેદ જોતાં એમાં આ પર્યાયનો ભેદ અંતર ક્યાં છે? એને તો અહીંયાં પુદ્‌ગલના પરિણામ કહેશે. કેમકે પર્યાયને આશ્રયે વિકલ્પ ઉઠે છે તો પુદ્‌ગલ છે. એનાથી બંધાશે તો પુદ્‌ગલ બંધાશે, એમાં તારી એક્તા ક્યાં થઈ? આહાહા..! સર્વજ્ઞનો પંથ. આવે છે ને 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી, અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.' પણ ખબર ન મળે સર્વજ્ઞ શું કહે છે. અમે પરમેશ્વરને માનનાર. જય ભગવાન. નમો અરિહંતાણં. .. ભગવાન કહે ઈ સાચું. પણ તને ભાન વિના સાચું ક્યાંથી આવ્યું? સમજ્યા કાંઈ? ભગવાનભાઈ! કેટલી વાર એમાં બોલ્યા હશો એવું? .. .. તસ્સ મિચ્છામી દુક્કડમ. એ ઈરિયા એવી આવે છે ભાઈ, પંડિતજી! આપણે ઈરિયા એવી આવે છે. આપણે .. નથી આપણે આવે છે. એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા... .. જીવિયા વહોરવિયા આવે છે પાઠ. સામાયિકના પાઠમાં શ્વેતાંબરમાં બહુ પ્રખ્યાત છે. આપણામાં પ્રખ્યાત નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાઠ છે, આપણે સામાયિકના પાઠમાં પાઠ છે. જીવિયા વહોરવિયા. એવો પાઠ છે. મેં બીજા જીવના જીવતરને ચૂકાવ્યા હોય તો મિચ્છામી દુક્કડમ. પણ મારા જીવતરને મેં જીવતર ચુકાવ્યું છે એનું એને ભાન નથી. આવે છે ને ઈચ્છામી પડિક્મણા. એ તો બહુ કર્યા હશે પહેલા. તમારા બાપ તો બહુ કરતા. કહો, સમજાણું કાંઈ? કહે છે..

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોને કહેવો જીવ? બાપુ! તને ખબર નથી.

ભાઈ! આત્મા એને કહીએ કે અભેદ અનંતગુણનો રાશિ પ્રભુ પૂર્ણ છે. એને અપૂર્ણ માનવો, રાગવાળો માનવો, નિમિત્તના સંગે મને લાભ થાય એમ માનવો, બીજાને હું લાભ કરી દઉં એવો માનવો એ આત્માના જીવતરનો એણે નાશ કર્યો છે, ભાઈ! એનું જીવન એણે મરણ કર્યું છે. આહાહા..! આ તે કેમ ગળે ઉતરે? એમાં અત્યારનો કાળ હા, હો ને હરિફાઈ. સમજાણું કાંઈ? ન્યાલભાઈ! આ શું છે આ? જીવિયા વહોરવિયા ત્યાંથી આ તો નીકળ્યું. તસ્સુતરી કરેણે .. ઠાણેણં જાણેણં.. અપાણં વોસરે. આખો આત્મા ઓસરાવે. આત્મા કહેવો કોને એ ખબર ન મળે. અપ્પાણં વોસરે. એય..! મગનભાઈ! આવે છે કે નહિ? ખબર ન મળે એકેય અર્થની. ખરી વાતને? શિવલાલભાઈ! ખબર હશે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. પણ ધંધો ક્યાં, હવે એના અર્થ .. ઠાણેણં માણેણં. શું એમાં થયું? શું તેં કર્યું એની તને ખબર છે કાંઈ? શરીર આમ થયું. એ તો એને કારણે થયું છે. હવે તને કોઈ વિકલ્પ આવ્યો એ તો રાગ છે. એ કાંઈ આત્મામાં નથી. તેં ક્યાંથી કાયોત્સર્ગ કર્યો?

અહીં તો કહે છે કે કાયોત્સર્ગ તો એને કહીએ છીએ અમે, પરમેશ્વર કહે છે કે કાયા, રાગ, દયા, દાનના ભાવ, પુણ્ય-પાપના ભાવ અને અલ્પજ્ઞપણું એ બધું આત્માના અંતરમાં નથી એવી અંદર દૃષ્ટિ કરીને ઠરવું એને ખરેખર કાયોત્સર્ગ કહે છે. આહાહા..! પર્યાયદૃષ્ટિને છોડવી અને દ્રવ્યદૃષ્ટિ કરવી એનું નામ કાયોત્સર્ગ છે. આરે, આરે..! ભારે વાત! કહો, સમજાય છે કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બરાબર નક્કી થાય એમાં એ.

કાયા શબ્દે શરીર, વાણી, મન, પુણ્ય-પાપના વિકલ્પ. અને અહીં તો એક સમયની અવસ્થાના લક્ષે પણ રાગ થાય માટે પર્યાયબુદ્ધિનો ભાવ નહિ. એકલો જ્ઞાયક અભેદ સ્વરૂપ ચિદાનંદ પ્રભુ, એની અંતર દૃષ્ટિ કરતાં અંદર ઠરે તેને ખરેખર પરનો ત્યાગ થયો, મિથ્યાત્વનો ત્યાગ થયો, અવ્રતનો ત્યાગ થયો. ખરેખર તો તે કાળે તેને મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. એવી એક સમયની વિકારી પર્યાયનો દ્રવ્યમાં અભાવ માટે દૃષ્ટિમાં અભાવ (થયો) માટે એનો ત્યાગ થયો. સમજાણું કાંઈ? રતિભાઈ! ભારે આવું!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**અસંયતસમ્યગ્દષ્ટિ,...**' એ બધા જીવને નથી. કેમ? કે એ પુદ્‌ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી. રાડ નાખે કે નહિ? અનુભૂતિથી ભિન્ન છે. અંતરમાં જોનારને અંતરમાં એ દેખાતા નથી. આહાહા..! એમ '**સંયતાસંયત,...**' પંચમ ગુણસ્થાન કહેવાય છે. સમ્યગ્દર્શન સહિત કાંઈક સ્થિરતા અને કાંઈક અસ્થિરતા એવી જે દશા છે પંચમ ગુણસ્થાનની, એ દશાનો અંશ એનો આશ્રય કરતાં તો રાગ થાય છે. એ દશાનો અંશ અંતર દૃષ્ટિએ અભેદને ભાળતા તેમાં તે અંશ છે નહિ. સમજાણું કાંઈ?

એમ '**પ્રમત્તસંયત,...**' મુનિ. સાચા મુનિ. પ્રમત્તસંયત સાચા મુનિ. આવા ભાનસહિત, અભેદના ભાનસહિત જેને અંતરમાં શાંતિ વિશેષ દશા પ્રગટ થઈ છે પણ જરી પ્રમત્તનો વિકલ્પ રાગ, પંચ મહાવ્રતાદિના પરિણામ એ બધો પ્રમત્ત ભાવ છે. એવી સ્થિતિ છે, એવી ભૂમિકા (છે). જેમ મેડીએ ચડતા જેમ દાદર હોય દાદર? દાદર કહેને? એમ પૂર્ણ દશા પ્રાપ્ત થવામાં આવી ભૂમિકાઓ ચૌદ હોય છે. પણ એ ભૂમિકાઓના અંશો છે એ. એટલે કહે છે કે પ્રમત્તદશા-સાચા મુનિ અંતર અનુભવ દૃષ્ટિ થઈ છે, આનંદનું વેદન છે, પ્રચુર સ્વસંવેદન છે. ભાઈ! પાંચમી ગાથા. પંડિતજી! એ પાંચમી ગાથા છે ને?

**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**
**जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं।।५।।**

એ ત્યાં પાઠમાં છે. પ્રચુર સ્વસંવેદન અમારો વૈભવ છે. મુનિ કહે છે, અમારો પ્રચુર સ્વસંવેદન અમારા જન્મથી અમારો વૈભવ એનાથી હું તને કહીશ. આહાહા..! સમજાણું કાંઈ? મુનિદશામાં પ્રચુર આનંદ હોય છે. મુનિદશા એને કહીએ. અતીન્દ્રિય આનંદની ઉગ્રતા પ્રચુર હોય છે. પણ છે એના ભેદ અંશ છે ઈ. એમાં વળી વિકલ્પ છે પ્રમાદનો. કહે છે, અંતર દૃષ્ટિએ જોતાં અભેદ વસ્તુમાં અને અંતર દૃષ્ટિના વિષયમાં એ છઠ્ઠું ગુણસ્થાન જુદું પડી જાય છે. એમાં આવતું નથી. આ વાતું ભારે, ભાઈ! રતિભાઈ! નવા નવાવાળાને તો શું લાગે કે ગ્રીક લેટીન છે આ? કોઈ દિ' એના ઘરની વાત પણ જાણે ગ્રીક લેટીનમાં શું બોલે છે? ગ્રીક, લેટીન બોલે એ હિન્દુસ્તાની કાંઈ સમજે નહિ. હિન્દુસ્તાની બોલે એં..એં.. ટેં.. ટેં.. ઓલો ગ્રીક, લેટીનવાળો સમજે નહિ. શું આ બોલે છે? આવ્યા હતા ને, ગયા હતા ને, શું છે, આમ છે એવી વાતું કરે. ઓલા કહે શું છે આમાં? .. જેવું બોલે છે કાંઈક. એવું લાગે છે. આવ્યા હતા ને ગયા હતા ને આમ છે ને. ઓલાને કેવી લાગે આ શું બોલે છે? શું છે? ના ના. એમ ન હોય, આમ હોય, આમ હોય. ચંદુભાઈ! એમાં ઓલા વળી ભાષા એવી હોય છે ને ઘણી ઓલી કર્ણાટકી ને. જાણે ચકલી બોલતી હોય એવું બોલે. આપણને એવું લાગે. એમ આ જાણે અજ્ઞાનીને એવું લાગે કે આ તો શું છે પણ આ? બાપુ! આ આત્માના દેશની વાત છે. સમજાય છે? પરદેશની વાત આ નથી.

કહે છે, એ પ્રમત્તસંયત. ભગવાન આત્મા પોતાના ભાસમાં ભાનનું ભાસ (થયું) એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉપરાંત સ્વરૂપની સ્થિરતાની દશાનો અંશ પ્રગટ્યો છે. પણ અંતર દૃષ્ટિએ જોતાં તે અંતર દૃષ્ટિના વિષયમાં એ આવતું નથી. માટે તેને પુદ્ગલ પરિણામ કહીને તેને બાહ્ય કહ્યા, જીવના ભાવ કહ્યા નથી. આહાહા..! સમજાણું આમાં? કહો, રતિભાઈ! આવું તે.. આવી વાત ક્યાંથી કાઢી? આ કાઢી છે ક્યાં? આ તો અનાદિની છે. સમજાણું કાંઈ? આ 'સમયસાર' બે હજાર વર્ષનું છે. મૂળ પાઠ. આ ટીકા હજાર વર્ષની છે અને એવા ભાવ તો અનાદિથી અનંત સર્વજ્ઞો સંતો કહેતા જ આવે છે. ભરત, ઐરાવત અને મહાવિદેહ ક્ષેત્ર. લોકોને ખ્યાલમાં ન આવ્યા અને સાંભળ્યા નહિ એટલે કાંઈ નવા થઈ જાય છે કાંઈ? આવી વાતું હોય? અમે તો બીજું સાંભળ્યું હતું. ૯૯ જાત્રા કરે તો થઈ જાય કલ્યાણ. મરી જા ને. ૯૯ અનંત કરને. એ રાગ છે. ત્યાં ધર્મ-બર્મ નથી. લે. અપવાસ કરીએ તો નિર્જરા થાય, આ રોટલા ન ખાઈએ તો નિર્જરા થાય. કાળ તારો જાય, સાંભળને હવે. તને આત્મા શું ચીજ છે એની દૃષ્ટિનું ભાન નથી. મરી જા ને તું. સૂકાઈ જાને ક્લેશ કરીને. એમ કહે છે. ચંદુભાઈ! આવે છે? નિર્જરામાં આવે છે. ચુરો થઈ જાય શરીરનો મરીને. પણ ભગવાન આત્મા અખંડાનંદ અભેદ દૃષ્ટિના અનુભવ વિના લાભ તને કાંઈ છે નહિ. રતિભાઈ! વાડામાં હોય તો તો વાડા બહાર કરી નાખે, હોં! આવી વાતું. કાઢો બહાર. ઓલા કહે, આવું સંભળાવે તો પછી અમે ભ્રષ્ટ થઈ જશું. આપણા વાડા નહિ રહે. કરો. .. પડ્યા રહે. કોણ આવે છે, સાંભળને હવે. ..ભાઈ! ત્યાં આ શેઠિયા જાય તો શું કરે ત્યાં? ગોટા કેટલાય વાળ્યા હતા પહેલા.

'**અપ્રમત્તસંયત,...**' એક દશા નિર્વિકલ્પ અપ્રમત્ત થાય છે ચારિત્ર સહિતની. આનંદ આનંદનો અનુભવ. છે હજી અબુદ્ધિપૂર્વકનો રાગ પડ્યો હોય અંદર પણ એ દશા છે. એ દશાનો અંશ છે. આખા પૂર્ણ પરમાત્મ દ્રવ્યનો એક અંશ છે. અને અંતર્મુખની દૃષ્ટિએ જોતાં અંતર દૃષ્ટિના વિષયમાં એ અંશ આવતો નથી. માટે તેને જીવના ભાવ ન કહેતા પુદ્ગલના પરિણામ કહેવામાં આવ્યા છે. આહાહા..! નિશ્ચય જીવ વાસ્તવિક નહિ, અભેદ એટલે એના અંશને વ્યવહાર જીવ કહીને એને પુદ્ગલના પરિણામ અપેક્ષાએ કહ્યા. ગજબ શૈલી છે!

'**અપૂર્વકરણ-ઉપશમક તથા ક્ષપક,...**' એક આઠમી ભૂમિકા થાય છે. આઠમી દશા. ગુણસ્થાનની દશા. '**અપૂર્વકરણ-**' ચારિત્રના, હોં! ઓલા સમકિત.. ઉપશમ થાય છે ને ક્ષપક. એ પણ આત્માના ક્ષણિક પરિણામ છે. એનો આશ્રય કરતાં રાગ ઉત્પન્ન થાય છે અને નિશ્ચય તો આશ્રય હોતો જ નથી. આઠમામાં તો એ. એનું તો લક્ષ ત્યાં હોય છે. પણ અંતર દૃષ્ટિના વિષયમાં એ આઠમા ગુણસ્થાનની અંશ દશા એમાં દેખાતી નથી.

એમ '**ઉપશાંતકષાય,...**' અનિવૃત્તિ, બાદર, સંપ્રાય અને ક્ષપક. નવમું. નવમી ભૂમિકા થાય છે એને ઉપશમપણે હોય. જેમ પાણીમાં મેલ દબાઈ ગયેલો હોય એને ઉપશમ કહેવાય અને મેલ નીકળી ગયેલો હોય એને ક્ષપક કહેવાય. એવી એક દશા થાય છે નવમા ગુણસ્થાનની. ઉપશમ અને ક્ષપક. એ પણ આત્માના અંતર દૃષ્ટિએ જોતા એમાં એ છે નહિ. અભેદમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એ ભેદ દેખાતો નથી. એટલે અભેદમાં એ ભેદ છે નહિ. અનુભૂતિથી ભિન્ન છે એનો અર્થ કે અંતરદષ્ટિએ જોતા એ છે નહિ.

**'સૂક્ષ્મસાંપરાય-ઉપશમક તથા ક્ષપક,...'** એ દસમી ભૂમિકા છે. થોડો કષાયનો અંશ રહે છે. ઉપશમ અને ક્ષપક. એ પણ આત્માના અભેદમાં નથી. એમ ઉપશમ કષાય અગિયારમું ગુણસ્થાન, ક્ષીણ કષાય બારમું. એ પણ આત્માના અંતર અભેદ દષ્ટિમાં નથી. **'સયોગકેવળી...'** તેરમું. લ્યો! કેવળજ્ઞાનસહિત સયોગી દશા પણ અંશ છે. સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. રાગ જે અંદર કંપન રહ્યું એ તો વળી અસદ્ભુત વિષય છે. સમજાણું કાંઈ? એ બધા (ભેદ) અભેદ દષ્ટિના અંતર્મુખ જોતાં એ દેખાતા નથી. અંતરદષ્ટિના દેખનારને દેખાતા નથી માટે તે જીવના નથી. સમજાણું કાંઈ?

**'અયોગકેવળી...'** ચૌદમી ભૂમિકા. સિદ્ધ થવા પહેલા જરી પાંચ અક્ષર.. રહે. પણ એ અંશ દશા છે ને. એટલે એ **'જેમનાં લક્ષણ છે એવા જે ગુણસ્થાનો તે બધાંય જીવને નથી...'** તે બધા ભેદ જીવમાં નથી. રાડ નાખે. ગુણસ્થાન જીવમાં નથી ત્યારે જડમાં હશે? ભાઈ! એ તો ભેદ છે, બાપુ! એક સમયની અવસ્થા છે અને અવસ્થા તો વ્યવહારનયનો વિષય છે. વ્યવહારનયનો વિષય એને જાણે. આદરવાના વિષયમાં એ આવતા નથી. એકરૂપ ભગવાન પૂર્ણ પ્રભુ, એની દષ્ટિમાં ન આવે ત્યાં સુધી એની દષ્ટિ સાચી છે નહિ. સત્ય દષ્ટિમાં ભગવાન અભેદ ભાસે છે. સત્ય દષ્ટિમાં આત્મા એકરૂપ ભાસે છે. એમાં આવા ભેદ ભાસતા નથી. માટે તે જીવસ્થાન, ગુણસ્થાન આદિ જીવના પરિણામ નથી-જીવ નથી.

**'તે બધાંય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી...'** એ કેમ પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી. ભાષા તો કેટલી જોરદાર છે! એ પુદ્ગલદ્રવ્યના અભેદ-અભેદ આમ પુદ્ગલમાં નાખી દીધું એને. જીવમાં અભેદમાં પૂર્ણાનંદ, આમ પુદ્ગલમાં નાખી દીધું. **'અનુભૂતિથી ભિન્ન છે.'** અહીં વાત આ છે. આમ ત્રણે કાળે જુદા જુદા. પણ એ જુદા કોને? અનુભૂતિ કરે એને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને ખ્યાલ આવે છે કે આમાં નથી. આમ છે અને નથી કહેવું ક્યારે થાય? એની સામું દષ્ટિ થઈ અને અભેદ અનુભવ થયો ત્યારે. આમ તો છે એના ઉપર દષ્ટિ છે, એને સ્વીકારે છે, લક્ષ એનામાં પડ્યું છે અને કહે ત્રણ કાળમાં આમાં નથી એ ક્યાંથી આવ્યું? એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! 'સમયસાર' તે પરમાત્મા પણ સાક્ષાત્. કેવળજ્ઞાનને ખડું કર્યું છે અહીં! ઓહોહો..!

કોઈપણ વાત એવી છે એની વસ્તુની કે એને પૂર્વની કોઈ ધારણામાં ફેરફાર હોય ને એને આ સાંભળતા તો એવું થાય કે અરર..! આવું તે આ શું? ભારે.. જાણે કંટાળો લાવી દે. જે કંટાળો ઉતારનાર છે. સ્વતંત્રતાના ઢંઢેરા પીટ્યા છે. બાપુ! તારું દ્રવ્ય સ્વતંત્ર છે,

હોં! એને કોઈ પર્યાયના અંશની સહાય નથી, હોં! એવી ચીજ છે તેને અંતર દૃષ્ટિથી જોવી એને આવા ભેદો અંતરમાં દેખાતા નથી. અનુભવમાં એ આવતા નથી માટે તેને પુદ્‌ગલના પરિણામ કહીને જીવના નથી એમ કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ?

તે બધા પુદ્‌ગલદ્રવ્યના પરિણામભાવો તે બધા જીવના નથી. જીવ તો પરમાર્થે ચૈતન્યમાત્ર શક્તિ સ્વરૂપ, આનંદ સ્વરૂપ, ચૈતન્ય સ્વરૂપ. ચૈતન્ય સત્ત્વ-ચૈતન્ય સત્ત્વ જ્ઞાયક સૂર્ય. ભગવાન આત્મા જ્ઞાયકસૂર્ય. આ પરમાણુનો સૂર્ય પર્યાય છે. અરૂપી જ્ઞાયક ચૈતન્ય જ્ઞાનસૂર્ય. એ જ્ઞાનનો સૂર્ય પ્રભુ પૂર્ણાનંદથી બિરાજમાન છે આત્મા. ભગવાન જાણે ક્યાં હશે. નજર નાખ્યા વિના પણ દેખાશે? એમ કહે છે. તેથી તો '**અનુભૂતિથી ભિન્ન...**' અનુભૂતિથી ભિન્ન. આહાહા..!

'**હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**'

**वर्णाद्या वा रागमोहादयो वा**
**भिन्ना भावाः सर्व एवास्य पुंसः**
**तेनैवान्तरस्तत्त्वतः पश्यतोऽमी**
**नो दृष्टाः स्युदृष्टमेकं परं स्यात्।।३७।।**

વાહ! 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા અને એનો પાછો કળશ. મંદિર ઉપર કળશ ચઢાવે છે ને? એમ આ મંદિર ટીકા અને એની માથે કળશ. કહે છે, પ્રભુ! સાંભળ એકવાર હોં, ભાઈ! આ રંગ, ગંધ, રસ, સ્પર્શ જે છે ને એ બધા જડ છે, હોં! તારા નહિ અને તારામાં નહિ. તારા નહિ અને તારામાં નહિ. અને રાગાદિ. આ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ રાગ છે. એ તારા નહિ અને તારામાં નહિ. સમજાણું કાંઈ? એ વ્રત-અવ્રતનો વિકલ્પ ઉઠે, અપવાસ આદિનો વિકલ્પ ઉઠે એ રાગ છે બધો. એ રાગ અને મોહ. પરમાં પોતાનું માનવું એવું મિથ્યાત્વ. એ '**ભાવો કહ્યા. કહ્યા તે બધાય...**' તે બધાય. '**पुंसः**' શબ્દ વાપર્યો છે. '**આ પુરુષથી ભિન્ન છે...**' પુરુષ શબ્દે આત્મા. પુરુષ એટલે આ સ્ત્રી-પુરુષ એમ નહિ અહીંયાં. પુરુષ શબ્દે આત્મા. એ સ્ત્રીનો આત્મા પણ પુરુષ કીધો એને આત્મા કહ્યો. '**पुं**'. દેહ છે એ તો જડ-માટી-ધૂળ છે. સમજાય છે કાંઈ? સ્ત્રીનો દેહ કહેવાય એ તો આ માટી-ધૂળના પુદ્‌ગલના પરમાણુ છે. માટીના છે આ આકાર-બાકાર જડના છે. આ કાંઈ આત્મા નથી. પુરુષના આકાર એ પણ માટીના આકાર છે. માંસ-હાડકાના આકાર છે. થોથું પડ્યું રહ્યું. ચૈતન્ય વયો ગયો. એ તો જડ છે. આ તો માટીનું પૂતળું છે. ભગવાન તો જુદો છે અંદર. એ આત્માને અહીં પુરુષ કહ્યો છે. પુરુષનો આત્મા તે પુરુષ. સ્ત્રીનો એમ નહિ અહીંયાં. '**पुंसः**' શબ્દ વાપર્યો છે ને.

આ ભગવાન આત્મા એવડો અને એવો છે કે જેમાં રંગ, ગંધ, રસ, શરીર નથી. એ તો બાહ્ય રહી ગઈ. અભ્યંતર રાગાદિ ભાવ પર્યાય વિકૃત, તે બધાય આ પુરુષથી ભિન્ન છે. ભગવાન આત્મા અંતરમાં અંતર જોનાર જીવને બાહ્ય આવા રાગાદિ, પુણ્ય-પાપના વિકલ્પ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આદિ, વર્ણ આદિને નહિ જોનારને.. સમજાણું કાંઈ? એ વર્ણાદ્યા અને રાગાદ્યા એ ભાવો છે ખરા, હોં! ભાવ છે, પદાર્થ છે. ભાવ કહો, પદાર્થ કહો. '**તે બધાય આ પુરુષથી (આત્માથી) ભિન્ન છે...**' જુઓ! છે ખરા હોં પાછા. બિલકુલ નથી એમ નહિ.

ઓલા કહે, બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા. એમ નથી. આત્મા એક જ છે અને બીજું બધું કાંઈ નથી. એમ નથી. બધું છે. રાગ છે, પુણ્ય છે, પાપ છે, ભેદ છે, શરીર છે, રંગ છે, બધું છે. ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણ સિદ્ધ સ્વરૂપ પરમાત્મા પોતે જ વસ્તુ છે. પરમ આત્મા એટલે પરમ સ્વરૂપ, પરમ સ્વરૂપ. એવો ભગવાન પરમસ્વરૂપ આત્મા, એનાથી આ બધા ભિન્ન છે, ભાઈ! બે એક નથી. આહાહા..! એ રંગ અને આત્મા એક નથી, એમ રાગ ને આત્મા એક નથી. એમ કહે છે. આ રંગ એટલે વર્ણ અને રાગ એટલે.. જુઓ! રંગ અને રાગ બેય આત્મામાં નથી અને આત્મા એમાં નથી. આત્મામાં એ રંગ અને રાગ નથી. રાગ ને રંગ, રાગ રંગમાં રહ્યા. સમજાણું કાંઈ?

તે બધાય ભાવો પુરુષથી ભિન્ન છે. '**ભિન્ન છે તેથી...**' એમ વાત મૂકી છે, ભાઈ! સમજાણું ભાઈ? '**ભિન્ન છે તેથી...**' આહાહા..! '**અંતરદષ્ટિ વડે જોનારને...**' આ અનુભૂતિથી કીધી હતી એનો અર્થ આ કર્યો. ત્યાં કહ્યું હતું અનુભૂતિથી ભિન્ન કહ્યું હતું બધા બોલમાં. આ શબ્દ ફેરવ્યો જરી. એવી રીતે. '**અંતરદષ્ટિ વડે જોનારને...**' એમ. ભગવાન આત્મા એકરૂપ અંદર પૂર્ણ સ્વરૂપ, એના ભેદો અંતર્મુખથી જોનારને '**એ બધા દેખાતા નથી,...**' અંતર્મુખ દષ્ટિથી તત્ત્વ ભગવાનને દેખતાં તે દેખાતા નથી. સમજાણું કાંઈ? 'પણ વ્યવહારે ધંધે ફસ્યો..' આવે છે ને? વ્યવહાર લૌકિક વાત નહિ. આ તો વ્યવહારના ક્રિયા ને દયા ને દાન ને ભક્તિ ને વ્રત ને પૂજા એ વ્યવહારે ધંધે ફસ્યો એને આ વસ્તુ ક્યાં છે એની શ્રદ્ધાનું ભાન નથી. આહાહા..! એય..! પ્રાણભાઈ! તમારા વ્યવહારની વાત નથી, હોં! બધા વ્યવહાર તમારા.. ફલાણા ને શું કહેવાય તમારી? સટ્ટા ને શેર ને વકીલાત ને લોઢું ને. એ ધંધા તો ક્યાંય રહી ગયા. એ તો પાપભાવ છે. પણ આ દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, શાસ્ત્ર શ્રવણ, મનન એ બધા વિકલ્પો શુભરાગ છે. કહે છે, એ બધા અંતરદષ્ટિએ જોનારને અંતરમાં છે નહિ. આહાહા..! ત્યારે તેને સત્યદષ્ટિ અને સાચો થયો કહેવામાં આવે છે. નહિતર ખોટો છે ઈ. વજુભાઈ!

'**તેથી અંતરદષ્ટિ વડે જોનારને એ બધા દેખાતા નથી,...**' ભાઈ! તું અંતર્મુખ જો, અંતર્મુખ જો. એમાં અભેદમાં એ ભેદ છે નહિ. પર્યાય નથી, રાગ નથી, રંગ નથી કાંઈ નથી. અભેદ સ્વરૂપ છે. '**માત્ર એક સર્વોપરી તત્ત્વ દેખાય છે-**' જુઓ! અંતરદષ્ટિમાં એકલું સર્વોપરી પૂર્ણ સ્વરૂપ જ દષ્ટિમાં આવે છે. અંતરમાં જ્ઞાનમાં જ્ઞેયસ્વરૂપ આત્મા એકલો સર્વોપરી ઉત્કૃષ્ટ, માત્ર એક સર્વ ઉપરી એટલે પરથી તદ્દન ભિન્ન તરતો જુદો તત્ત્વ જ સર્વોપરી- સર્વથી જુદો ઉપર તત્ત્વ જ દેખાય છે. આહાહા..! એ અંતર્મુખની નિર્વિકલ્પ દષ્ટિ કરતા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન સર્વોપરી એક જ તત્ત્વ દેખાય છે. સમજાણું કાંઈ? એને તો આ લાગે એલ.એલ.બી. અને બી.એ. જેવી વાતું, હોં! કો'ક એમ કહેતું હતું. આ તો હજી ધર્મના પહેલા એકડાની વાત છે. અરે..! એણે પણ ધર્મનો એકડો પણ સાંભળ્યો ન હોય. અને ક્યાંક ક્યાંક કલ્પીને બેઠા હોય ધર્મ. અને કલ્પનારા પણ મળ્યા હોય એવા.

બાપુ! ભાઈ! તું પ્રભુ પૂર્ણ છો, ભાઈ! તને ખબર નથી. તારા પૂર્ણ સ્વભાવની દૃષ્ટિએ જોતાં એક જ તત્ત્વ દેખાય. આ ભેદો એમાં ન હોય. એનું નામ નિર્વિકલ્પ અનુભવ અને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન છે. અંતરદૃષ્ટિના વિષયમાં એ દૃષ્ટિ હોય છે. એ દૃષ્ટિના અંતરમાં એ વસ્તુમાં આવા ભેદ દેખાતા નથી. એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! કહો, બાબુભાઈ! ક્યાં આમાં ધંધા આડે આવું કાંઈ સાંભળવા પણ મળે નહિ ત્યાં. આ વેપાર કર્યા આની સાથે, ફલાણા સાથે, ભાગીદાર ને પાંચ લાખ, દસ લાખ ને પચાસ હજાર વધ્યા કે લાખ વધ્યા. એ આંકડા. વધ્યો કે ઘટ્યો એની તને ખબર નથી.

**'કેવળ એક ચૈતન્યભાવસ્વરૂપ...'** જુઓ! વસ્તુ કેવી છે? કેવળ-કેવળ એક ચૈતન્ય. ભાઈ, આમાં કથંચિત્ કરોને. પંડિતજી! ઓલા કહે, કથંચિત્ કરો. કેવળ ચૈતન્યમાત્ર નહિ કેવળ રાગ માત્ર પણ (કહો). આ અનેકાંતની વ્યાખ્યા કરે છે ને. ભાઈ! એમ ન હોય, બાપુ! અહીં તો **'કેવળ એક ચૈતન્યભાવસ્વરૂપ...'** જુઓને, કાલે બહુ આવ્યું છે. સિદ્ધ પરતંત્ર-પરતંત્રનું બહુ આવ્યું છે. રતનચંદે બહુ લખ્યું છે. તો અનેકાંત થાય. ભગવાન! અનેકાંતની વ્યાખ્યા (એમ) નથી, ભાઈ! એમ નથી, બાપુ! જુઓ! આમ સ્વતંત્ર પરિપૂર્ણ ભગવાન સ્વતંત્ર છે, પરતંત્ર નથી. ભાઈ! શું થાય? કોને કોને રાડ ક્યાં પોકાર કરે? ઓલું તો એવું આવ્યું કાલે રતનચંદજીનું. મખનલાલજીનું નહોતું આવ્યું? આમ આધીન છે ને આમ આધીન છે અને આમ આધીન છે. સિદ્ધ પણ કથંચિત્ સ્વતંત્ર, કથંચિત્ પરતંત્ર. આવું અનેકાંત. અહીં પણ કહે. **'કેવળ એક ચૈતન્યભાવસ્વરૂપ અભેદરૂપ આત્મા જ દેખાય છે.'** એમાં કથંચિત્ લગાવ. અભેદ દૃષ્ટિમાં કથંચિત્ ભેદ દેખાય અને કથંચિત્ અભેદ દેખાય એમ હશે? આહાહા..! ભગવાન કેવળ છે. એને આત્મા કહે અને એની આત્માની દૃષ્ટિ કરવી એને ધર્મ કહે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com